આચાર્ય આનંદશંકર ધ્રુવ

સ્મારક ગ્રંથ

[ગુજરાતી વિભાગ]

१२ग
८५

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ४३ ग/४८

पंजिका-संख्या 29628/22.3.2003

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है । कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये ।

आचार्य आनंद शंकर ध्रुव स्मारक ग्रंथ

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ८३.ग/८४
आगत सं० २९६२४
दि० २५-३-२००३
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

स्टॉक प्रमाणीकरण १९८४-१९८५

કૈ. વા. ડૉ. આચાર્ય શ્રી આનંદશંકર બા. ધ્રુવ

જન્મ : ૨૨-૧-૧૮૬૯]

[અવસાન : ૭-૪-૧૯૪૨

આચાર્ય આનંદશંકર ધ્રુવ સ્મારક ગ્રંથ

(ગુજરાતી-હિંદી વિભાગ)

CHECKED 1973
Initial

સંપાદકો :
રસિકલાલ છોટાલાલ પરીખ
રતિલાલ મોહનલાલ ત્રિવેદી
ઉમાશંકર જેઠાલાલ જોષી

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

પ્રકાશક :
જેઠાલાલ જીવણલાલ ગાંધી
આસિ. સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
ભદ્ર, **અમદાવાદ**

આવૃત્તિ ૧ લી
પ્રત : ૧૦૦૦

* *
*

વિ. સં. ૨૦૦૦
ઈ. સ. ૧૯૪૪

કીમત આઠ રૂપિયા

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
પાંચકૂવા દરવાજા બહાર,
અમદાવાદ

પ્રાસ્તાવિક

આચાર્ય આનંદશંકર ધ્રુવ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખપદે હતા તે દરમિયાન તેમનું અવસાન થયું. સોસાયટીની કારોબારી સમિતિએ તેમનું સ્મારક રાખવું અને એક સ્મારક-ગ્રંથ પ્રકટ કરવો એવો ઠરાવ કર્યો. 'બુદ્ધિપ્રકાશ'ના ખાસ અંક તરીકે તે બહાર પાડવા પ્રથમ વિચાર કરેલો, પરંતુ સદ્‌ગતના અનેક મિત્રો સબંધીઓ અને ઓળખીતાઓનો વિચાર કરતાં આ યોજના યોગ્ય ના જણાઇ. ખાસ કરીને પર પ્રાંતના તેમના પરિચયવાળા સજ્જનો ગુજરાતીમાં ન લખતાં અંગ્રેજી લેખો મોકલશે એ શકયતા પણ 'બુદ્ધિપ્રકાશ'ને સાનુકૂળ ન થાય. એ વિચારે જુદો જ ગ્રંથ કાઢવો અને તેને ગુજરાતી અને અંગ્રેજી વિભાગમાં વહેંચી નાંખવો એવો નિર્ણય કર્યો. પ્રથમ વખતે જ નક્કી કરેલું કે આચાર્યશ્રીના લેખનના, અભ્યાસના અને જીવનને લગતા તમામ વિષયો પરના લેખો ઉપરાંત વિદ્‌ત્તાપૂર્ણ લેખો પણ કોઇ તેમના પ્રશંસકો અગર મિત્રો સ્નેહીઓ લખી મોકલે તો તેનો પણ આ ગ્રંથમાં સમાવેશ કરવો. ધ્રુવ સાહેબ પ્રખર સાચા વિદ્વાન અને આજન્મ અભ્યાસી હતા એટલે તેમના સ્મારકમાં આવો અંશ હોય તો ગ્રંથ શોભે એમ અમને સર્વેને લાગેલું. અને સાચે જ ગ્રંથની મહત્તા તેથી વધી છે એ નિર્વિવાદ છે. પરંતુ તે પૈકી આ ગુજરાતી–હિંદી વિભાગના લેખો જોતાં કેટલાક મહત્ત્વના લેખો એ યોજનાથી ઓછા પ્રકાશમાં આવે એવો ભય મને રહે છે. સમિતિએ નિર્ણય કરેલો એટલે તેને વશવર્તી રહેવાનું છતાં આમાં આપેલું 'ચંદનમલયાગિરિ ચોપાઇ' જેવું સળંગ કાવ્ય છૂટું જ છપાવી શકાયું હોત તો ઓછી કીમતમાં સામાન્ય વાંચક વર્ગ તેનો લાભ લઇ શકત એમ મારો નમ્ર મત છે.

જુદે જુદે સ્થળેથી લેખો આવતાં તેમ જ મુદ્રણ અને કાગળની મુશ્કેલીએ ગ્રંથ પ્રકટ થવામાં વધારે વિલંબ થયો. પરિણામે આજે પણ ગુજરાતી–હિંદી લેખો સમાવતો પહેલો ભાગ જ પ્રકટ કરી શકાયો છે, જે માટે લેખોના લખનાર તેમ જ જનતાની ક્ષમા માગવી ઉચિત છે. અંગ્રેજી લેખો સમાવતા બીજા ખંડનું કામ ચાલુ છે. અને બને તેટલું જલદી પતાવવા પ્રયત્નશીલ છીએ.

પુસ્તકમાં લેખોનો ક્રમ પ્રથમ કૈ. વા. આચાર્યશ્રીના જીવનને લગતાં સંસ્મરણો, તે પછી તેમના સિદ્ધાંતને લગતા મતોની સમીક્ષા અને તે પછી અભ્યાસપૂર્ણ સ્વતંત્ર લેખો–આ પછી હિંદીમાં એક અભ્યાસાત્મક અને એક સંસ્મરણાત્મક લેખ અને છેવટે એક હિંદી કવિતા અને બે સં. પ્રશસ્તિ એવા પ્રકારનો રખાયો છે.

આ કાર્યનો આરંભ કર્યા પછી બે વર્ષે પણ આટલે :પહોંચીને સદ્‌ગત પ્રત્યેની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ફરજ અદા કરી એ સંતોષ થાય છે. તે સાથે એ કાર્ય સાથે મારું નામ જોડવાની આ પ્રાસ્તાવિકમાં મને તક મળી છે તેથી હું પોતાને કૃતકૃત્ય માનું છું. સોસાયટીના

મંત્રિ-પદે સ્વર્ગસ્થ સર રમણભાઈ હતા. તેમની તબિયત ૧૯૨૬માં નાદુરસ્ત ચાલવા લાગી તે વર્ષની આખરમાં ડૉ. ધ્રુવ સાહેબ અમદાવાદ આવ્યા હતા. સોસાયટીના કાર્યકર્તાઓને રમણભાઈને એમ કહેતાં સંકોચ થવા લાગ્યો કે આ પદ છોડી દો. રમણભાઇનો મનથી એવો આગ્રહ કે જીવનપર્યન્ત આ સેવા કરવી. શરીરસ્વાસ્થ્યને અભાવે કામ કરવાની ઘણી અગવડ હતી, પરંતુ છોડવાની વાતથી તેમનું દિલ દુખાતું; એટલે આનંદશંકરભાઇએ એમની રીત પ્રમાણે તોડ કાઢ્યો અને સભ્યોને સમજાવ્યા કે આ કામ મને સોંપવું. આ વાત બધાને તે વખતે રુચી હશે કે નહિ તે તો હું જાણતી નથી; પરંતુ સ્વર્ગસ્થના મનને આથી સમાધાન થયું અને બીજા વધારે લાયક મંત્રીની શોધમાં સંસ્થાને જવું પડયું નહિ. સ્વ. રમણભાઈની ઇચ્છાનુકૂલ થવા આજે અઢાર વર્ષથી એ કાર્ય યથાશક્તિ બજાવવા મેં પ્રયત્ન કર્યો છે અને સમિતિના સભ્યોએ પ્રતિવર્ષ મને એ પદે નિયુક્ત કરી મારી કદર કરી છે. એ પદના અધિકારના પ્રતાપે મારી પ્રતિષ્ઠા વધી છે. સાહિત્ય પરિષદ જેવા ગુજરાતી સાહિત્યના મહાન મંડળના પ્રમુખ થવાનું મોટું માન એને અંગે જ મને મળ્યું છે એમ હું ચોક્કસ માનું છું. એટલે મારું અંગત ઋણ દર્શાવવાની આ તક હું લઇ સ્વર્ગસ્થને આ સ્મારકરૂપી અંજલિ અર્પતાં તેઓના આત્માને વંદન કરું છું.

સોસાયટીએ આ ગ્રંથના સંપાદન માટે ખાસ સમિતિ નીમેલી તેના સભ્યો શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ, શ્રી. રતિલાલ મો. ત્રિવેદી અને શ્રી. ઉમાશંકર જોષીનો આ પ્રસંગે ખાસ ઉપકાર માનવો ઘટે. તેમણે એ કાર્ય યથાયોગ્ય પાર ઉતાર્યું છે. સોસાયટીના ક્યુરેટર શ્રી. કેશવરામ શાસ્ત્રીએ અત્યંત કાળજી અને મહેનતથી એને મુદ્રિત કરાવ્યું છે તેની નોંધ લેવી આવશ્યક છે.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् એવો જેમના જીવનનો મુદ્રાલેખ હતો તે ગુરુવર્યનું સ્મારક તો તેમની લેખનકૃતિઓ વડે રહેશે જ; પરંતુ એમના જીવનની અનેક વિવિધ રસિક આકર્ષક જાણવા લાયક વીગતો જુદા જુદા લેખોમાંથી વાચક વર્ગ મેળવીને આ પ્રકાશનની સફળતા સિદ્ધ કરશે એ શુભાશાથી ગુજરાતી જનતા સમક્ષ ગ્રંથ રજૂ કરતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સ્વર્ગસ્થની સાચી કદર કરી છે એમ જણાવવાની રજા લઉં છું.

અમદાવાદ, તાઃ ૨૦-૯-૧૯૪૪ **વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ**

અનુક્રમણિકા

લેખનું નામ	લેખક	પૃષ્ઠ
मान. मालवीयजी और आ. आनंदशंकर ध्रुव	श्री मदनमोहन मालवीयजी	૨
આનંદશંકર અને રવીન્દ્રનાથ	આચાર્ય ક્ષિતમોહન સેન	૩
દા. આનંદશંકરના જીવનનું ધ્યેય	દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી	૫
આનન્દશંકરભાઇ	શ્રી. કનૈયાલાલ મા. મુનશી	૬
આચાર્યશ્રી આનંદશંકરભાઇનાં જીવનનાં થોડાં સ્મરણો	શ્રી. મૂળચંદ આશારામ શાહ	૭
સ્વ. ગુરુ ડૉ. આનંદશંકર ધ્રુવ	માન. શ્રી. ગણેશ વા. માવલંકર	૧૮
આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ	લેડી વિદ્યાબહેન ર. નીલકંઠ	૨૫
આચાર્ય ડૉ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવના જીવનનો પરિચય	રા. સા. જનુભાઇ અચરતલાલ સૈયદ	૩૦
આનંદશંકર બાપુભાઇ ધ્રુવ	શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ	૩૭
આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવનાં સ્મરણો	શેઠ કસ્તૂરભાઇ લાલભાઇ	૪૧
સદ્ગત આનંદશંકરભાઈ	અધ્યા. રામનારાયણ વિ. પાઠક	૪૩
આનંદશંકરભાઇ	શ્રી. ગટુલાલ ગોપીલાલ ધ્રુ	૫૧
કાશીમાં આનંદશંકરભાઇ	ડૉ. કાન્તિલાલ છ. પંડયા	૫૬
ધ્રુ' સાહેબનાં સ્મરણો	પ્રો. અતિસુખશંકર ક. ત્રિવેદી	૬૨
બ્રાહ્મણ–શ્રમણ ધ્રુવજી	પંડિત સુખલાલજી સંઘવી	૭૪
શ્રી આનંદશંકર માહાત્મ્ય	શ્રી. હિંમતલાલ ગ. અંજારિયા	૭૯
ધ્રુવ સાહેબનાં સ્મરણો	શ્રી. રતિલાલ મો. ત્રિવેદી	૮૬
આચાર્યશ્રી આનંદશંકરનું બ્રાહ્મણ જીવન	પ્રો. અનંતરાય મ. રાવળ	૧૦૮
ગુરૂણાં ગુરુઃ (ગુજરાતી લેખ)	પ્રો. ચતુરભાઈ શં. પટેલ	૧૧૬
આચાર્ય આનંદશંકર ધ્રુવ	શ્રી. રામમોહનરાય જ. દેસાઈ	૧૧૯
સદ્ગત આચાર્યશ્રી આનંદશંકર બા. ધ્રુવનાં સ્મરણો	રા. બ. ડાહ્યાભાઈ આ. પટેલ	૧૩૦
આચાર્ય ડૉ. આનંદશંકર બાપુભાઇ ધ્રુવનાં સ્મરણો	ડૉ. જોસેફ બેન્જામિન	૧૩૩
સંસ્મરણો અને વિચારો	શ્રી. રામચંદ્ર નારાયણ પંડયા	૧૩૫

ગુર્જરી આનંદ-વસંત	કવિશ્રી લલિતજી	૧૩૮
સ્વ. આનંદશંકરભાઈ સાથેના પુણ્ય-પ્રસંગો	ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ	૧૪૧
સ્વ. આચાર્ય આનંદશંકર ધ્રુવ	શ્રી. સાકરલાલ અ. દવે	૧૫૦
આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ: એક નમ્ર અંજલિ	શ્રી. પ્રાણલાલ કિ. દેસાઇ	૧૫૨
કલારસિક સ્વ. આચાર્યશ્રી આનંદશંકરભાઇ ધ્રુવ	શ્રી. રવિશંકર મહાશંકર રાવળ	૧૫૫
પૂજ્ય આચાર્યશ્રી ડૉ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ	શ્રી. વિનાયકરાય શિ. ત્રિવેદી	૧૫૯
શ્રી ધ્રુવજીનું પવિત્ર સ્મરણ	પંડિત બેચરદાસ જી. દોશી	૧૬૦
ભાવાઞ્જલિ	શ્રી. ડાહ્યાભાઇ મ. પટેલ	૧૬૨
પૂ. ધ્રુવ સાહેબના જીવનમાંથી કેટલાક વિનોદપ્રસંગો	શ્રી. દેવદત્ત ઇ. ત્રિપાઠી	૧૬૭
ગુરુવર્ય આચાર્યશ્રીને સ્મરણાંજલિ	શ્રી. અવિનાશ ગ. મુનશી	૧૭૦
સ્વ. આચાર્ય ધ્રુવને નિવાપાંજલિ	શ્રી. લીનકરરાય અ. સૈયદ	૧૭૨
એક પ્રેરક પ્રસંગ	શ્રી. મોહિનીચંદ્ર	૧૭૫
મહાઆચાર્ય આનંદશંકર ધ્રુવ	શ્રી. ગૌરીશંકર ગો. જોષી, 'ધૂમકેતુ'	૧૭૭
સૌજન્યશીલ આદર્શ મૂર્તિ	શ્રી. મોહનલાલ હ. પંચોળી	૧૮૨
સ્વ. આનંદશંકરભાઇના સમકાલીનો	ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઇ	૧૮૫
આચાર્યશ્રીનું કલાદર્શન	પ્રો. મનસુખલાલ મ. ઝવેરી	૧૯૨
"મહામુનિનાં મૌનમાધુર્ય"	શ્રી. કુસુમાકર	૨૦૧
આચાર્યશ્રી આનંદશંકરભાઇ: સાહિત્યશૈલી અને આદર્શ	પ્રો. પ્રસન્ન ન. વકીલ	૨૦૯
નિરુક્ત અ. ૨. ખંડ ૧-૪ (અનુવાદ)	પ્રો. ડોલરરાય રં. માંકડ	૨૧૪
હેમચન્દ્રનાં આદેશવિધાનો	પં. બેચરદાસ જી. દોશી	૨૧૯
મદનયુદ્ધ (કાવ્ય) સંપાદન	પં. અંબાલાલ પ્રે. શાહ	૨૩૮
ચંદનમલયાગિરિ ચોપઇ (કાવ્ય) સંપાદન	શ્રી. સારાભાઈ મ. નવાબ	૨૫૬
વેદનું અર્થઘટન	શ્રી. ત્રિભુવનદાસ પુ. લુહાર, "સુંદરમ્"	૨૮૩
ઈશ્વરાવતારના પ્રકાર	અધ્યા. નાગરદાસ કા. બાંભણિયા	૩૦૫
શિલ્પ અને ચિત્રકળામાં ચક્ષુનું સ્વરૂપ અને તેના ભેદો	શ્રી. કનૈયાલાલ ભા. દવે	૩૧૭
રસના સિદ્ધાન્તના વિવરણમાં સાપેક્ષતા	પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી	૩૨૩
કુશાનવંશી કનિષ્ક રાજા એક કે બે ?	ડૉ. ત્રિભુવનદાસ લ. શાહ	૩૨૯
'બ્રહ્મસૂત્રકાર'ના મતે જગત્પ્રતીતિ	પ્રો. જેઠાલાલ ગો. શાહ	૩૩૫

રામાનુજમતદર્શન	શ્રી. "ઊર્મિલ"	૩૪૭
સ્તુતિકાર માતૃચેટ અને તેમનું અધ્યર્દ્ધશતક	પં. સુખલાલજી સંઘવી	૩૫૫
'વેદાંતવાદી' મંડનમિશ્ર	શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રી	૩૭૨
નાગર જ્ઞાતિભૂષણ પંડિત કવિ નાનક	શ્રી. રમણલાલ ચુ. મોદી	૩૮૫
આચાર્યશ્રી આનંદશંકરભાઈની વિદ્યાર્થિ-દશા	શ્રી. વાલજી ગોવિંદજી દેસાઇ	૩૯૦
"હાંરે કોઇ માધવ લ્યો"	ડૉ. મંજુલાલ ર. મજમૂદાર	૩૯૧
આઇનસ્ટાઇનનો સાપેક્ષતાવાદ	શ્રી. અંબાલાલ બા. પુરાણી	૩૯૫
गुजरात से मिले हुए प्रतिहारों तथा राजपूताना से मिले हुए सोलंकियोंके दानपत्र और शिलालेख	म. म. डॉ. गौरीशंकर हि. ओझा	४२५
सम्मानित आचार्य ध्रुवकी झलक	द्विवेदी सांवलजी नागर	४४१
"आचार्य ! आपका यह प्रयाण" (काव्य)	श्री. बलदेवराम दीक्षित	४४५
आचार्यस्मृतिः (काव्य)	श्री. हरिराम म. दीक्षित	४४६
आचार्यस्मरणम् ,,	सत्यांशुमोहन मुखोपाध्याय	४४७

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૯	૬	વગમાં	વર્ગમાં
૨૨	૩	M. A. LL. B.	B. A. LL. B.
૩૨	૨૧	હિન્દ	હિન્દુ
૩૬	૧૭	પુત્રવધુઓ	પુત્રવધૂઓ
૪૬	૧૦	વાઇસ-ચૅન્સેલર	પ્રો. વાઇસ-ચૅન્સેલર
૬૦	૨૫	મામાઓ	મામા
,,	૩૨	સવ	સર્વ
૬૯	૮	Theirg eneral	Their General
૬૪	૧૦	Dhruwa	Dhruva
,,	૧૫	Lojie	Logic
,,	૨૨	—ગુજરાતીનું	સંસ્કૃતનું
૬૫	૨૬	જોખાવેલી	ઝોકાવેલી
૬૭	૨૯	નવને	અગિયારને
૬૯	૧૩	ક્રોરો	ક્રોચે
૯૦	૭	પાંચમા	ચોથા
,,	૧૪	adjetive	adjective
૧૦૫	૮	પિડાતું	પીડાતું
,,	૨૬	Transfution	Transfusion
૧૨૭	૨૫	પડતીતા	પડતીના
૧૩૨	૩	ઊંચ	ઉચ્ચ
૧૬૦	૨	**જીવરામ**	**જીવરાજ**
૧૬૧	૧૩	મવનવોન્મેષ	નવનવોન્મેષ
૧૮૭	૩૦	કીર્ત્તનભજન	કીર્તનભજન
૨૨૦	ટિ. ૫	श्रुयते	श्रूयते
૨૨૫	ટિ. ૨૫	बिहष्फर	बिहष्फङ्
૨૨૯	ટિ. ૭૮	મળતાં	મળતાં તે દ્વારા
૨૭૭	૨૧	मलया	मलया

૨૮૫	૩૩	woudd	would
૨૯૨	૧૬	"એ પણ ચિત્રલીલા છે"	"ચિત્રલીલા છે"
૩૩૭	ટિ. ૬	सहस्रेषा–	सहस्रेणा–
૩૪૦	૨૦	છીપનો	સાપનો
૩૪૩	૧૨	અગળને	આગળને
૩૪૫	૧૩	वाचारा–	वाचार–
૩૬૮	૧૦	शत्रना	शत्रुना
૩૮૫	૧૦	ચતુર્વિ–	ચતુર્વિં–
,,	૨૦	વ્યાપર	વ્યાપાર
૩૮૬	૮	સાથી	સૌથી
૩૮૭	૧૯	સૌ	સો
૩૮૯	૧૭	प्राप्तं	प्राप्ते
,,	૨૦	–नै–	–ने–
૩૯૪	૧૯	સ્ણરણ	સ્મરણ
૩૯૮	છેલ્રી	આ નિક	આધુનિક
૩૯૯	૧૯	કોર્ટે–	કોર્ટ–
૪૦૦	આકૃતિ^{૨}	ओ	ए^{૧}
૪૦૦	ડાયાગ્રામમાં	ओ	ऐ$_{૧}$
૪૦૧	૧૧	झेड^{૧}	झेड^{૨}
૪૦૩	૧૬	अम	एम
૪૦૪	૨	પરાવતન	પરાવર્તન
૪૦૪	૬	આકૃતિ ૫માં	આકૃતિ ૬માં
૪૦૪	૭	આકૃતિ ૫	આકૃતિ ૬
૪૦૮	૨૪	અધિકારી	અવિકારી
૪૧૦	૧૯	સી^{૨}	વી^{૨}
		વી^{૨}	સી^{૨}
૪૧૦	છેલ્રી	ફ્રેઝનેગે	ફ્રેઝનેલ્રે
૪૧૨	૮	(ઇશ્વર)	ઇથર
૪૧૫	છેલ્લી	ઘયાડિળો	ઘડિયાળો
૪૨૦	૧૬	જૂના	જૂદા
,,	છેલ્રી	પ્રમાણે	પ્રમાણ
૪૨૨	૩૧	"કેથોક"	"કેથોડ"

૪૨૬	૬	दान मे	दान में
,,	૭	सभय	समय
૪૨૮	૮	वे	वे
૪૨૯	૮	पहुंचते	पहुंचने
૪૩૫	૧૬	राल्य	राज्य
૪૪૩	૮	ह	है
૪૪૩	૨૧	नये	नपे
૪૪૨	૨૦	भें	में
૪૪૨	૪	कोर्टकी	कोर्टकी
૪૪૪	૩	कटर	कट्टर
૪૪૪	૪	हानके	होनेके
૪૪૪	૬	लि–	लिट्
૪૪૬	श्लो० ३	विमदा	विमदो
,,	श्लो० १२	लोक	लोके
૪૪૭	अंतिम	टेनिग	ट्रेनिंग
૪૪૭	श्लो० ९	विद्यालय:	विद्यालये

„ હાં રે કોઇ માધવ લ્યો "—એ લેખની પૂર્તિ

મીરાંનું એક બીજું પદ હિંદી સ્વરૂપમાં પ્રાપ્ત છે તેમાં ગોપીને જે સંભ્રમ થાય છે તેનું કારણ કોઈ કામણ–ટુમણ ('ટોના') હોવાની કલ્પના કરી છેઃ—

"યા બ્રિજમેં કછુ દેખ્યો રી ટોના—
લે મટકી શિર ચલી ગુજરિયાં
આગે મિલે બાબા નંદજીકે છોના—યા બ્રિજમેં૰
દધિકો નામ બિસરી ગયો પ્યારી,
'લે લેહુ રી કોઉ શ્યામ સલોના'—યા બ્રિજમેં૰
બિંદ્રાબનકી કુંજ ગલિન મેં
આંખ લગાય ગયો મનમો'ના—યા બ્રિજમેં૰
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
સુંદર શ્યામ સુઘર રસ લોના—યા બ્રિજમેં૰"

આચાર્ય આનંદશંકર ધ્રુવ સ્મારક ગ્રંથ

मान. मालवीयजी अने स्व. आनंदशंकर ध्रुव

डाक्टर आनन्दशङ्करजी ध्रुव के साथ मुझे हिन्दू विश्वविद्यालय की सेवा करने में सहयोग अप्रेल १९२० से १३ मार्च १९३६ तक रहा। इसके लिये मैं सदा अपने भाई महात्मा गांधी का कृतज्ञ हूँ, क्यों कि उन्हीं के प्रस्ताव पर डा. आनन्दशंकरजी ध्रुव हिन्दू विश्वविद्यालय की सेवा करने के लिये आये थे।

डा. आनन्दशङ्करजी ध्रुव की सेवा को हिन्दू विश्वविद्यालय कभी भूल नहीं सकता है। मुझको व्यक्तिगत उनसे कितनी सहायता पहुँची यह मैं कह नहीं सकता। उन्होने मेरा भार आधासे अधिक हल्का कर दिया था। यदि उनकी ऐसी सहानुभूति और सहाय न होती तो मैं हिन्दू विश्वविद्यालय के कार्य के साथ देश के और कामों में इतना समय नहीं दे सकता था, इसके लिये मैं डा. आनन्दशंकरजी ध्रुव का बहुत कृतज्ञ हूँ।

म. मो. मालवीय

पुस्तकालय
गुरुकुल कांगड़ी

આનંદશંકર અને રવીન્દ્રનાથ

આચાર્ય ક્ષિતિમોહનસેન

ભારતના પુરાતત્ત્વવિદોમાં શ્રી. આનંદશંકર ધ્રુવનું નામ મહત્તા પામ્યું છે, તેનું સ્મરણ કરાવવા આપણા પ્રયાસોની જરૂર નથી, કારણ કે તેઓ જે આપી ગયા છે તે જ આપમેળે સ્મરણરૂપે આપણા મનમાં સ્ફુરી ઊઠે છે. સૂર્ય સ્વયં જ્યોતિર્માન છે. તેને પ્રદીપના પ્રકાશથી પ્રદર્શિત કરવાની જરૂર નથી.

શ્રી. આનંદશંકરનું નામ હું ઘણા દિવસથી સાંભળતો આવ્યો હતો, પણ તેમને પ્રત્યક્ષ જોવાનો સંજોગ સાંપડયો ન હતો. જ્યારે ઇ. સ. ૧૯૨૦માં ગુરુદેવનું અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના છઠ્ઠા અધિવેશનમાં પ્રમુખઅતિથિ તરીકે નિમંત્રણ થયું હતું ત્યારે મને તેમને પ્રત્યક્ષ જોવાનો સંજોગ પ્રાપ્ત થયો હતો. અમે જ્યારે મુંબઈ જઈ પહોંચ્યા ત્યારે ગુજરાતના સાહિત્યકાર શ્રીયુત નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા તથા અન્યાન્ય સાહિત્યકારોએ અમારો ભવ્ય સત્કાર કર્યો અને ત્યાંથી જ અમો ગુજરાતના અતિથિપણાનો સ્વાદ ચાખવા લાગ્યા. મુંબઈમાં ગુરુદેવ ઘણા જ કામમાં વ્યગ્ર રહેતા. અમદાવાદમાં પણ પ્રથમ તેઓને જરાપણ અવકાશ ન મળ્યો, પણ પછી અવકાશ મળતાં જ્યારે તેઓ શ્રી. આનંદશંકર જોડે એકાન્તમાં વાતો કરતા હતા ત્યારે ત્યાં સુભાગ્યે હું હાજર હતો. આ બંને મહાપુરુષોનું મિલન ગંગા–જમુનાના મિલનસમ પવિત્ર હતું. તે મહાતીર્થના સ્નાનનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

તેઓ બંને ભારતની પ્રાચીન સંસ્કૃતિ ઉપર વાર્તાલાપ કરતા હતા. આ પ્રસંગે શ્રી. આનંદશંકરે કહ્યું: “ભારતીય સંસ્કૃતિ સાદી અને સરળ પ્રતિષ્ઠાભૂમિ ઉપર સ્થપાયેલી છે તે તેની વિશેષતા છે. આ સંસ્કૃતિના સાધક તો બ્રાહ્મણ જ હતા. તેઓનું જીવન ઘણું જ સાદું, સીધું અને સરળ હતું. તેઓ શક્તિશાળી તેમ જ વિત્તશાળી નહોતા, પણ ફક્ત તપસ્વી જ હતા. શક્તિ ક્ષત્રિય માટે હતી, વિત્ત વૈશ્ય માટે અને તપશ્ચર્યા બ્રાહ્મણ માટે. ભારતમાં તપશ્ચર્યાને મહાન સ્થાન દેવામાં આવ્યું છે, જ્યારે શક્તિ, વિત્ત બંને તપશ્ચર્યાથી નીચી પંક્તિમાં આવે છે. આ માટે જ ભારતમાં પહેલું સ્થાન બ્રાહ્મણોનું, બીજું ક્ષત્રિયનું અને પછી વૈશ્યશૂદ્રજનોનું રાખવામાં આવ્યું છે. શૂદ્ર કરતાં યે બ્રાહ્મણ ધની ન હતા, પણ તેમનું ઐશ્વર્ય ફક્ત તપશ્ચર્યામાં જ હતું.

“યુરોપની વ્યવસ્થા અન્ય પ્રકારની છે. તેઓની સંસ્કૃતિ શક્તિ તેમ જ ઐશ્વર્ય ઉપર અવસ્થિત છે. માટે જ અનેક પાસેથી શક્તિ તથા વિત્ત લઈ ન લેવામાં આવે તો તેમની સંસ્કૃતિ મૂળ વગરની થઈ જાય છે. આ માટે જ્યારે યુરોપમાં સંસ્કૃતિ પ્રસરવા લાગી ત્યારે તેઓને દાસ-વ્યવસ્થા (Slave–trade) લેવી પડી જ. આંતરરાષ્ટ્રિય શરમને લઈને તેઓને દાસવ્યવસ્થા છોડવી પડી ત્યારે તેઓને એક નવી યોજના ઘડવી પડી, જે હાલમાં Imperialism (શાહીવાદ)ના નામથી ઓળખાય છે.”

આ વખતે કોઈ એક જણ આવી ચઢયું જેથી વાર્તાલાપ બંધ થયો. પણ પછી ગુરુદેવે મને કહ્યું કે ‘ ટૂંકા વાર્તાલાપમાં હું તેમને સમજી શકયો છું. આ એક માણસ ચિંતનશીલ અને મહાન અંતઃકરણના છે. मूल सत्य पर्यंत एर दृष्टि पौछय—મૂળ સત્ય પર્યંત એમની દૃષ્ટિ પહોંચે છે. ’

આ બંને મહાપુરુષોના વાર્તાલાપમાંથી શ્રી. આનંદશંકરનું વ્યકિતત્વ પ્રકાશિત થાય છે. તે વિશે આ બે શબ્દ બોલી હું પૂર્ણ કરું છું.

દા. આનંદશંકરના જીવનનું ધ્યેય

દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

મારો અને સ્વ. આનંદશંકરભાઈનો સંબંધ લાંબો અને ગાઢ હતો. પોતે જ્યારે જ્યારે મળતા ત્યારે ત્યારે પરચૂરણ વિષયો સંબંધે વાતચીત ઘણી રમૂજથી કરતા. પરંતુ અમુક પ્રશ્નો સંબંધે જે અભિપ્રાય પોતે દર્શાવતા તે બહુ વિચારપૂર્વક અને સંગીન દૃષ્ટિબિંદુના પરિણામરૂપે બાંધેલા એમ તરત ભાસતું. આપણા આચારવિચાર, આપણા તત્ત્વજ્ઞાન, આપણી જૂની અને નવી ધર્મની પ્રણાલિકા સંબંધે એમનું વાંચન ઘણું ઊંડું અને વિસ્તૃત હતું, અને નવા અને જૂનાની બરાબર તુલના કરી તેમાંથી વચલો રસ્તો કાઢવા એઓ સતત પ્રયાસ કરતા.

મહાત્મા ગાંધીજીની ભલામણથી પંડિત માલવીયાજી એમને બનારસ ઉપાડી ગયા. તે વખતે આપણને એમ લાગેલું કે ગુજરાતમાંથી એઓ ખસી ગયા, તેટલું આપણા પ્રાંતને નુકસાન છે. પરંતુ પરિણામે તેમ થયું નથી. ઊલટું તેથી તો આપણા પ્રાંતને લાભ થયો છે. બનારસ યુનિવર્સિટીની વ્યવસ્થા અંગે મેળવેલા અજોડ અનુભવને લીધે જીવનના પાછલા ભાગમાં જે ધ્યેય એમણે પોતાની દૃષ્ટિ સમક્ષ રાખ્યું તે સર્વાંગે ગુજરાતને શ્રેયસ્કર નીવડ્યું. "હું ગુજરાતને માટે કાંઈ કરી જાઉં" એવી પોતાને નિવૃત્ત થયા બાદ નિરંતર ઝંખના રહેતી. ગુજરાતમાં ગુજરાતની પોતાની યુનિવર્સિટી સ્થપાય એ જોવાનો એમને કોડ હતો. તેને માટે તેઓ પ્રયાસ કરતા હતા અને જિંદગીએ એમને યારી આપી હોત તો તે પ્રયાસ બહુ વેગથી ચાલુ રાખત. એ ધ્યેય સફળ કરવા માટે એમણે અમદાવાદમાં બેત્રણ નવી કોલેજો કઢાવી ભૂમિકા તૈયાર કરી. તે કર્યા બાદ તે જ દિશામાં આગળ વધવા માટે મદદરૂપ થઈ પડે તેવા આશયથી પોસ્ટ–ગ્રેજ્યુએટ શિક્ષણના વર્ગો ગુજરાત વર્નાક્યુલર સોસાયટી મારફતે સરકારની ગ્રાંટ મેળવી, યુનિવર્સિટીનો સહકાર લઇ, ખોલાવ્યા, અને તે વર્ગોને પોતાની દેખરેખ નીચે ચલાવી, સરકારની ગ્રાંટ અને યુનિવર્સિટીનો સહકાર ચાલુ રહે એવી સ્થિતિમાં ટૂંક વખતમાં મૂક્યા. ઈશ્વરે એમને વધારે આયુષ આપ્યું હોત તો શિક્ષણના એ ફણગામાંથી યુનિવર્સિટીનું વૃક્ષ ગુજરાતમાં એઓ જરૂર ઉગાડત; પણ ઈશ્વરને કાંઇ બીજું જ ગમ્યું.

પાલણપુર, તા. ૨૪–૧૦–૧૯૪૨

આનન્દશંકરભાઈ

શ્રી. કનૈયાલાલ મા. મુનશી

આનન્દશંકરભાઈનાં વ્યક્તિત્વ ને જીવન તાલબદ્ધ હતાં. સૌમ્યતા અને સંવાદ એ એમને શબ્દે ને ડગલે ઝરતાં હતાં. એમને અકળાયેલા કે અસ્વસ્થ મેં કદી જોયા નથી.

સંયમ, ભાવનામયતા, અને વ્યવહારિતાનું એમનામાં સુંદર સંમિશ્રણ હતું. એ બધું ઊંડી વિદ્વત્તા ને ચિંતનનું પરિણામ હતું. સામા માણસના હૃદયમાં એ તરત પ્રવેશી શકતા, કારણ કે બીજાનું દૃષ્ટિબિંદુ જોવાની ને સમજવાની એમનામાં શક્તિ હતી.

વિદ્વત્તાએ એમને શુષ્ક કર્યા ન હતા. સંયમે એમને અભિમાની બનાવ્યા ન હતા. એ હસી શકતા, હસાવી શકતા. એ ગમે તેની વાતમાં રસ લઈ શકતા. પણ એમની માનવતાના રંગો નિકટ પરિચયમાં આવનારને જ દેખાતા હતા. એમની મૈત્રી એ જીવનનો મોટો લહાવો બની રહેતી.

એમનું વાંચન અગાધ હતું. પણ એનાથીય વધારે એમની રસિકતા હતી. જેમ બીજા હવામાં શ્વાસ લે તેમ એ સાહિત્યનો શ્વાસ લેતા. ભાગવતના એમના ઊંડા ને સતત અભ્યાસથી એમની રસવૃત્તિ પોષાઈ હતી. આર્ય ધર્મના અઠંગ અભ્યાસી હતા. એના સિદ્ધાન્તો વડે અર્વાચીન પ્રશ્નો ઉકેલવા અને અર્વાચીન આચાર તેની કસોટી પર ચઢાવવા એ એમનો હંમેશનો—ઘણી વખત અણજાણ્યો—ક્રમ હતો.

શૈલીકાર તરીકે એ અનન્ય હતા. સુરુચિ, શબ્દપ્રભુત્વ, સુસંબદ્ધતા અને કથનગૌરવ એમના વાક્યે વાક્યે દેખાતાં.

એમને છેલ્લીવાર મળ્યો ત્યારે એમને મેં ગુજરાતના અંતિમ વિદ્વાન બ્રાહ્મણ તરીકે ઓળખાવ્યા હતા. એ કથન દિવસે દિવસે ખરું ઠરતું જાય છે.

આચાર્યશ્રી આનંદશંકરભાઈના જીવનનાં થોડાં સ્મરણો

શ્રી. મૂળચંદ આશારામ શાહ

ભાઈ આનંદશંકરભાઈને ઈશ્વિરે મારા પહેલાં ઝડપી લીધા. તેમના સ્વર્ગવાસનો ખેદ અને અભાવ મન ઉપર રહ્યા કરે છે. તેમના લાંબા પરિચયનાં થોડાંક સ્મરણો લખીને મારા હૈયાનો ભાર હળવો કરવાનો આ પ્રસંગ હું લઉં છું.

સ્વ. આનંદશંકરભાઈ સાથે અંગત પરિચય ધરાવનારી વ્યક્તિઓમાં સૌથી લાંબા પરિચયમાં આવનારાઓમાં હવે હું એકલો જ રહ્યો છું, એમ માનું છું.

તેમનો અને મારો સમાગમ પ્રથમ સને ૧૮૮૪ માં શરૂ થયો. ત્યાંસુધી મારો હાઈસ્કૂલનો અભ્યાસ કાઠિયાવાડમાં થયો હતો. હું અહીં અમદાવાદ આવ્યો અને છઠ્ઠા ધોરણમાં જે ક્લાસમાં આનંદશંકરભાઇ હતા તે જ ક્લાસમાં મને હેડમાસ્તરે દાખલ કર્યો. તે વખત સુધી અમદાવાદથી હું કેવળ અજાણ્યો હતો. ક્લાસમાં થોડા દિવસ ગયા બાદ તરત જ જેમ દૈવનો કોઈ યોગ હોય તેમ મારો અને આનંદશંકરભાઇનો સ્નેહસંબંધ શરૂ થયો, અને ઈશ્વિરકૃપાથી તે જીવનપર્યંત કાયમ રહ્યો. તે વખતે હાઇસ્કૂલ, હાલમાં જ્યાં મિડલ સ્કૂલ બેસે છે તે મકાનમાં, બેસતી હતી. અને તે મકાનમાં પૂરો સમાસ નહિ થવાથી અમારી ક્લાસ હાઈસ્કૂલ નજીકમાં જ ભાડે રાખેલા મકાનમાં બેસતી. અમારા ક્લાસમાસ્તર મિ. કાપડિયા હતા. ક્લાસમાં પહેલો નંબર આનંદશંકરભાઇનો હતો. બીજો સ્વ. કાશીરામભાઈ સેવકરામ દવે, જે ગુજરાત કૉલેજ અને વડોદરા કૉલેજમાં પ્રોફેસર હતા તેમનો, અને ત્રીજો નંબર મારો રહેતો. અમે ત્રણે જણ આવી રીતે એક પ્રકારની હરીફાઈમાં હતા, તેમ છતાં અમો ત્રણે વચ્ચે ઘણો સ્નેહ અને મૈત્રી હતાં.

સને ૧૮૮૫ માં અમો ત્રણે મેટ્રિક ક્લાસમાં દાખલ થયા. તે વખતે ગુજરાત કૉલેજ બી. એ. ક્લાસ સુધી ચાલતી નહોતી. ઘણું કરીને ફર્સ્ટ બી. એ. સુધીની ક્લાસો હતી. ગુજરાત કૉલેજને માટે જુદું મકાન નહોતું. અને તેની જે ક્લાસો ચાલતી હતી તે હાઈસ્કૂલના જ મકાનમાં બેસતી હતી. ગુજરાત કૉલેજના જે પ્રોફેસરો હતા તે મેટ્રિક ક્લાસમાં સૌ સૌના વિપયો શીખવવાને આવતા. આ પ્રથાથી તે વખતના મેટ્રિક ક્લાસને ઘણા સારા પ્રોફેસરોના શિક્ષણનો લાભ મળતો. સને ૧૮૮૫ ની શરૂઆતમાં કૉલેજના પ્રિન્સિપાલ અને હાઈસ્કૂલના હેડમાસ્તર એક મિ. બેસ્ટ કરીને હતા. તે અમો મેટ્રિક ક્લાસમાં દાખલ થયા બાદ થોડા જ માસમાં વિલાયત ગયા. તેમની જગ્યાએ મિ. જમસેદજી અરદેશર દલાલ આવ્યા હતા. ગણિતના પ્રોફેસર મિ. સંજાણા સાહેબ હતા અને સંસ્કૃતના પ્રોફેસર મિ. આબાજી વિષ્ણુ કાથવટે હતા. મેટ્રિક ક્લાસમાં દાખલ થયા પછી તરત જ ભાઈ આનંદશંકરભાઈએ તેમનો સંસ્કૃતનો અભ્યાસ બહુ સારો થાય અને તે બહુ જ વૃદ્ધિ પામે તેને માટે ઘટના કરી. તે વખતે જે પ્રથા હતી તે પ્રમાણે હાઈસ્કૂલમાં સંસ્કૃત

શીખવવાને શાસ્ત્રી આવતા. અમારા વખતમાં મિ. ભાસ્કરરાવ શાસ્ત્રી તરીકે કામ કરતા. તેમની પાસે ‘ સિદ્ધાંતકૌમુદી ’નું શિક્ષણ લેવું આનંદશંકરભાઈએ શરૂ કર્યું. તેથી સ્કૂલ બંધ થયા પછી જ્યારે બીજા છોકરા ઘેર જતા, તે વખતે તે શાસ્ત્રી પાસે બેસતા ને ‘સિદ્ધાંતકૌમુદી’નો અભ્યાસ કરતા.

ભાઈ આનંદશંકરભાઈનો સ્વભાવ મૂળથી જ અભ્યાસ માટે વધારે પડતી ખંત ધરાવનારો હતો. તે ઘણા ઉદ્યોગી હતા અને જરાપણ નકામો વખત ગાળતા નહિ.

ક્લાસનો વખત પૂરો થયા પછી સંસ્કૃતના અભ્યાસ માટે ભાસ્કરરાવ શાસ્ત્રી પાસે બેસતા, તેથી તેમને હરવા ફરવાનો અગર ઘટતા આરામનો વખત રહેતો નહિ.

ઉપર જે કાશીરામભાઈનું નામ લખ્યું છે તેમણે સને ૧૮૮૪માં છઠ્ઠા ધોરણમાંથી મેટ્રિકની પરીક્ષા પસાર કરી તેથી અમારાથી તે છૂટા પડી ગયા હતા. મેટ્રિક ક્લાસમાં આનંદશંકરભાઈએ સંસ્કૃત અભ્યાસ ઘણો કર્યો.

સને ૧૮૮૫માં અમે બેઉ જણે મેટ્રિકની પરીક્ષા આપી. તે વર્ષની પરીક્ષાનો નોંધવા જેવો ઇતિહાસ છે. પરીક્ષા લેવાય છે તે નિયમ મુજબ જે પરીક્ષા લેવાઈ તેના સવાલપત્રો જે તૈયાર થયેલા તે કાંઈ ગફલતથી ફૂટી ગયા, એટલે બહાર પડી ગયાનું જણાયું, તેથી પહેલીવાર લેવાયેલી પરીક્ષા રદ કરી ને ફરી તે પરીક્ષા લેવામાં આવી અને તેમાં અમે બેઉ પાસ થયા.

સને ૧૮૮૫માં જ્યારે અમે મેટ્રિક્યુલેશન ક્લાસમાં સાથે અભ્યાસ કરતા હતા તે વખતે આનંદશંકરભાઈનો સંસ્કૃતનો અભ્યાસ જોતાં તેમના સહાધ્યાયીઓને એવી આશા હતી કે તે વખત સુધીમાં સંસ્કૃતમાં જે પહેલું ઈનામ દક્ષિણીઓને ભાગે જતું હતું તે આ વખતે આપણા ગુજરાતના એક વિદ્યાર્થીને મળશે. તે વખતે સંસ્કૃતના પરીક્ષક મિ. એલ. આર. વૈદ્ય કરીને હતા. તે પોતે એમ. એ. હતા અને સારા વિદ્વાન હતા. તેમણે પહેલીવાર લેવાયેલી મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં જે સંસ્કૃતનો પેપર કાઢ્યો તે અસાધારણ રીતે કઠિન હતો. પહેલીવારની પરીક્ષા રદ થવાથી બીજીવારની પરીક્ષા સારુ તેમણે બીજો પેપર જે કાઢ્યો તે એટલો કઠિન ન હતો. તે પરીક્ષકે આનંદશંકરભાઈના પેપર સંબંધમાં તેમના સ્નેહીને જે કહ્યું હતું તે મને અત્યારે પણ બરાબર યાદ છે અને તે આ સ્થાને કહેવું અયોગ્ય નહિ લાગે. મિ. વૈદ્ય સંસ્કૃતના પેપરો તપાસતા હતા. અને તપાસવાના છેલ્લા ૨૫ પેપરો બાકી રહ્યા ત્યાંસુધી બધા વિદ્યાર્થીઓમાં આનંદશંકરભાઈનો નંબર પહેલો હતો. અને છેલ્લા ૨૫ પેપરમાં બે વિદ્યાર્થીના પેપર એવા નીકળ્યા કે આનંદશંકરભાઇનો નંબર પહેલો આવ્યો નહિ. આ પરિણામથી અમો તેમના મિત્રો નિરાશ થયા હતા. મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં તે આખી યુનિવર્સિટીમાં બીજે નંબરે પાસ થયા હતા. અને ગુજરાતમાં તે વખતે તેમનો નંબર પહેલો હતો. તે વખતે મારી માન્યતા પ્રમાણે આખી યુનિવર્સિટીમાં ઘણું કરીને આસરે ૩૦૦૦ વિદ્યાર્થીઓએ ઉમેદવારી કરી હતી.

અત્રે કહેવાની ખાસ જરૂર નથી કે તે વખતના ચાલતાં સાંસારિક ધોરણો મુજબ અમે બેઉ જણ વિવાહિત હતા અને વિદ્યાર્થી અવસ્થા સાથે તે વ્યવહારનું પણ અમે વહન કરતા હતા.

ઊછરતા યુવાનની ભાવના મુજબ જે આનંદ અને વિનોદ જોઇએ તે પણ અમે કરતા હતા. જ્યારે આ ઉમરે પાછલા જીવન ઉપર નજર નાંખીએ છીએ ત્યારે આનંદિત હૃદયથી અમે જોઈ શકીએ છીએ કે તે જીવનનો પ્રવાહ નીતિ અને ધર્મને અનુસરીને ચાલ્યો હતો. આનંદશંકરભાઈ તે વખતે પણ હમેશાં પ્રાતઃકાળમાં તેમની પૂજા કરતા હતા અને કપાળમાં ત્રિપુંડ્ર અગર ચાંદલો તેમના નિયમ પ્રમાણે હમેશાં તે કરતા. તે વખતના નાગર બ્રાહ્મણ ગૃહસ્થના જૂની રૂઢિથી ચાલ્યા આવતા નિયમોનું પાલન કરતા હતા.

મેટ્રિક્યુલેશનની પરીક્ષા થાય અને તેનું પરિણામ જણાય તેમાં આશરે એક માસ વીત્યો હતો. તે વખતનો લાભ લઈને આનંદશંકરભાઈએ મને શકુન્તલા નાટક વંચાવ્યું. તે ઘણી સારી રીતે મને સમજાવ્યું તથા શીખવ્યું. તે વખતના વાચનના કેટલાક સંસ્કારો અને તેમણે બતાવેલા વિચારો હજુ પણ મારા સ્મરણમાં છે. અને અમે બેઉ એકલા મળતા, ત્યારે કોઈક વખત તેની વાતો યાદ કરતા.

૧૮૮૬ ની સાલની શરૂઆતમાં ગુજરાત કૉલેજને હાઇસ્કૂલથી છૂટી કરવામાં આવી. કૉલેજના પ્રોફેસરોના શિક્ષણનો જે લાભ મેટ્રિકના વિદ્યાર્થીઓને ત્યાંસુધી મળતો તે ત્યારથી બંધ થયો. કૉલેજના તે વખતના પ્રિન્સિપાલ મિ. જમસેદજી અરદેશર દલાલ હતા. તે પોતે મેથેમેટિક્સના ખાસ અભ્યાસી હતા અને શિક્ષક તરીકે તે ઘણી ખ્યાતિ પામ્યા હતા. તે પોતે એમ. એ., એલએલ. બી. હતા, તેમ છતાં કેળવણી તરફ તેમને પક્ષપાત હોઈને તેમણે જ્યુડિશિયલ લાઇનનું જીવન પસંદ નહિ કર્યું અને કેળવણી ખાતામાં રહી તે ઊંચે હોદ્દે પહોંચ્યા હતા. તે પોતે તેમ જ સંસ્કૃતના પ્રોફેસર મિ. કાથવટે સરકારી નોકરીમાંથી વધેલા હતા. અને સરકારી નોકર તરીકે તેમની નોકરી ગુજરાત કૉલેજને ઊછીતી (lent) આપવામાં આવી હતી.

આ સ્થળે ગુજરાત કૉલેજ બોર્ડ વિશે બે શબ્દ લખ્યા વગર રહેવાતું નથી.

ગુજરાત કૉલેજનો વહીવટ સને ૧૮૮૬ થી ગુજરાત કૉલેજ બોર્ડના નામથી ઓળખાતી સંસ્થાના હાથમાં બધી રીતે આવ્યો. તે બોર્ડના તાબામાં એક ફંડ હતું. તે ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપાલિટી દર વરસે રૂ. ૩૦૦૦ આપતી, અને નામદાર સરકાર દર વરસે રૂ. ૧૦૦૦૦ દસ હજાર આપતી. બોર્ડના મેમ્બરમાં કલેક્ટર, ડિસ્ટ્રિક્ટ જજ્જ તથા એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તે સરકારનિયુક્ત મેમ્બરો હતા. એક મેમ્બર મ્યુનિસિપાલિટી તરફથી મોકલવામાં આવતો અને છ અથવા તો સાત મેમ્બરો ફંડ આપનાર ગૃહસ્થો તરફથી ચૂંટાતા હતા. પ્રેસિડેન્ટ કલેક્ટર હતા. આવી રીતના બંધારણવાળા બોર્ડના હાથમાં કૉલેજનો વહીવટ ૧૮૮૬ થી આવ્યો.

ઉપર જણાવ્યા મુજબ સને ૧૮૮૬ ની સાલમાં કૉલેજના પ્રિન્સિપાલ મિ. દલાલ હતા. તેઓ બહુ સારા પ્રોફેસર હતા, ઘણા બાહોશ હતા. સરકારી નોકરીમાં તેમના બુદ્ધિબળથી તે દરજ્જે પહોંચેલા હતા, તેમ છતાં કૉલેજના પ્રિન્સિપાલ તરીકે એક દેશી (Indian) ચાલે નહિ અને ઇંગ્લાંડનો માણસ જોઇએ તે ધોરણનો અમલ થયો. સરકાર દસ હજારની ગ્રાંટ આપતી હતી, તે

એક અંગ્રેજના પગાર માટે પૂરતી હતી. ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી તાજા પાસ થયેલા એક યુવકને સને ૧૮૮૯ ની સાલના અરસામાં કૉલેજના પ્રિન્સિપાલ તરીકે નીમવામાં આવ્યા. આ સ્થળે મારે કહેવું જોઇએ કે જે યુવક પહેલા પ્રિન્સિપાલ તરીકે આવ્યા તે ઘણા બાહોશ નીવડયા હતા અને શિક્ષક તરીકે બધા વિદ્યાર્થીઓને ઘણો સંતોષ આપ્યો હતો. મિ. દલાલને સ્વાભાવિક રીતે ઘણું માઠું લાગ્યું, અને તેઓ પોતે બ્રિટિશ સર્વિસ–નોકરીમાંથી રાજીનામું આપીને નામદાર ગાયકવાડની નોકરીમાં જોડાયા. દેશીઓની નોકરીની કદર કેવા પ્રકારથી અને કયે ધોરણે થતી તેનું આ એક દૃષ્ટાન્ત છે. તે ધોરણ અને દૃષ્ટિબિન્દુમાં અત્યારે અડધા સૈકા પછી પણ કેટલો ફેરફાર થયો છે, તે આ લેખનો વિષય નહિ હોવાથી અત્રે તે સબંધી કાંઈ વધારે લખતો નથી.

સને ૧૮૮૬ માં અમે બેઉ અમદાવાદમાં સાથે અભ્યાસ કરતા હતા. તે સાલમાં આનંદશંકરભાઈ પ્રિવિયસ કલાસમાં સેકંડ કલાસમાં પાસ થયા. અને ત્યારપછી ફર્સ્ટ બી. એ. નો અભ્યાસ કરવાનું ગુજરાત કૉલેજમાં તેમણે ચાલુ રાખ્યું. તે વખતના એલએલ. બી. ના અભ્યાસના ધોરણ પ્રમાણે બી. એ. માં પાસ થયા પહેલાં પણ એલએલ. બી ની ટર્મ રાખી શકાતી હતી. અને તે પ્રમાણે ટર્મ રાખવાની અપેક્ષાથી તે સાલમાં હું મુંબઇ ગયો. જ્યારે હું મુંબઈ ગયો ત્યારે એટલે ૧૮૮૭ ની સાલમાં ફર્સ્ટ બી. એ. કલાસમાં આનંદશંકરભાઈ હતા. તેમને પ્રથમથી જ ગણિતશાસ્ત્ર ઉપર બહુ પ્રેમ ન હતો તેવા કારણથી તે સને ૧૮૮૭ ની સાલમાં ફર્સ્ટ બી. એ.માં નાપાસ થયા. તે વખતના નિયમ મુજબ પહેલા બી. એ. કલાસમાં નાપાસ થયેલો વિદ્યાર્થી પહેલી અને બીજી બી. એ. કલાસના ટર્મ ભરી શકતો. તે પ્રમાણે આનંદશંકરભાઈએ પ્રથમ અને બીજી બી. એ.ની ટર્મ ભરી હતી અને તેમણે બરોબર અભ્યાસ કરી તે બંને પરીક્ષા એક જ વરસમાં એટલે ઘણું કરીને ૧૮૮૮ ની સાલમાં પસાર કરી.

ત્યારપછીના અભ્યાસને માટે તે મુંબઈમાં કાંદાવાડીમાં હનુમાનજીના મંદિરના મેડા ઉપર નિવાસ કરતા હતા. તે વખતે તેમના જૂના વિચારોને અધીન થઈ તેમના પોતાના માટે નાગર રસોયો તેમણે રાખ્યો હતો. નાગરોને માટે નાગર રસોયા જ જોઈએ તેવી પ્રણાલિકામાંથી મુક્ત થવામાં સૂરતે પહેલ કરી છે, પરંતુ અમદાવાદવાસીઓએ તે વખતે તેનું અનુકરણ કર્યું નહોતું. મુંબઇમાં અભ્યાસ કરીને તે સને ૧૮૯૧ ના નવેમ્બર માસમાં એમ. એ. પાસ થયા. અને ૧૮૯૨માં તેમને એમ.એ.ની ડિગ્રી મળી હતી. ત્યારબાદ એલએલ. બી નો અભ્યાસ કરવાને તે મુંબઈમાં રહ્યા હતા.

આનંદશંકરભાઇ એમ. એ. માં પાસ થયા તે પહેલાં અગર તે અરસામાં (કઈ સાલ તે મને બરોબર યાદ નથીઃ) તેમનાં પ્રથમનાં ધર્મપત્નીનો સ્વર્ગવાસ થયો. તેમને તેનો આઘાત સખ્ત લાગ્યો તે હું તેમના અંગત પરિચય ઉપરથી જાણું છું. અને તેમનાં પ્રથમ પત્નીની ખાસ અભિલાષા તેમને એમ.એ. માં પાસ થયેલા જોવાની હતી, તેથી તેને અધીન થઈ તેમણે તેમનો એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખ્યો હતો, નહિ તો મને શક છે કે કદાચ થોડો વખત તેમના અભ્યાસમાં આ સાંસારિક દુઃખથી ખલેલ પહોંચત અને વ્યવહારોપયોગી એલએલ. બી. ની પરીક્ષા પાસ થવા સારુ જ કદાચ પ્રેરાયા હોત.

રા. આનંદશંકરભાઈ એમ. એ. નો અભ્યાસ કરતા હતા ત્યારે કે એમ. એ. માં પાસ થઇને એલએલ. બી. નો અભ્યાસ કરતા હતા તે વખતે, મેં ઉપર જણાવ્યું તે પ્રમાણે, મુંબઈમાં તેમનો નિવાસ હતો. હું તે વખતે એલએલ. બી. નો અભ્યાસ મુંબઈ રહી કરતો હતો. મુંબઈમાં અમારે અરસપરસ હળવા મળવાનું ઘણું થાય તે સ્વાભાવિક છે. અમારા એક બાળસ્નેહી મેટ્રિકમાં પાસ થઈ તરત જ કેળવણી ખાતાની સરકારી નોકરીમાં રહ્યા હતા. તે પોતે Director of Public Instruction Mr. Chatfield ની ઓફિસમાં કામ કરતા હતા. તે અમારા બંનેના સ્નેહી હતા. તે વખતમાં રા. આનંદશંકરભાઈને અને મને એઉને તેમણે લખ્યું કે “ અભ્યાસનો ક્રમ હવે પૂરો કરવાની તમે તૈયારીમાં છો અને તે ક્રમ પૂરો કરી સૌ કોઇ પોતપોતાના પ્રવૃત્તિમય જીવનમાં જોડાઈ જશો અને તે પછીનું જીવન કયા પ્રદેશમાં વ્યતીત થશે અને બધા સાથે મળીને પૂને આવી શકવાનું બને કે કેમ તે કહી શકાય તેમ નથી ” તેથી અમારો અભ્યાસ પૂરો કરીએ તે પહેલા ચોમાસામાં અમને એઉને પૂના આવવા તેમણે સખ્ત આગ્રહ કર્યો. પૂના ચોમાસામાં ઘણું રમ્ય અને આકર્ષક હોય છે, અને ઘાટની scenery બહુ જોવા જેવી હોય છે તે હેતુ અને વિચાર તેમણે ખાસ જણાવ્યો હતો. ચોમાસામાં પૂના, અને મુંબઈથી પૂના જવાનો ઘાટનો રસ્તો ઘણો રમ્ય હોય છે તે સૌને સુવિદિત છે. તે પહેલાં અમે કોઈ પૂના ગયેલા ન હતા. કુદરતનાં દૃશ્યો જોવાનાં મળશે તેમ જ એક જૂના મિત્ર સાથે થોડો વખત રહેવાશે વગેરે વિચારોથી અમે બંનેએ પૂના આવવાનું અમારા મિત્રનું નિમંત્રણ સ્વીકાર્યું. અને રા. આનંદશંકરભાઇ અને હું અને ઘણું કરીને મારી યાદદાસ્ત પ્રમાણે મર્હૂમ રા. રા. મણિલાલ ભગુભાઈ ઝવેરી તથા સ્વર્ગસ્થ નવલશંકરભાઈ પૂના ગયા. રસ્તામાં ઘાટનાં દૃશ્યો અમે નિહાળતા જતા હતા અને સાધારણ જુદાજુદા પ્રકારની વાતો થતી હતી અને યુવાનો જે પ્રલાપો કરે તે કરતા હતા.

આનંદશંકરભાઈ તેમની સાથે “સુદર્શન” નો એક અંક લાવ્યા હતા અને કાઠિયાવાડના એક થિયોસોફિસ્ટ જાગીરદારે તેમનાં પત્નીના સ્વર્ગવાસનો શોક પ્રદર્શિત કરતું એક નાનું કાવ્ય તેમાં છાપ્યું હતું તે આનંદશંકરભાઈ રસથી વાંચતા હતા અને અમને વંચાવતા હતા. તે કવિતાની એક કડી મને હજુ પણ યાદ છે. તે કડી આપવાની જરૂર નથી. આવા પ્રકારની કવિતાના વાચનમાં ઘાટનાં દૃશ્યો નિહાળતા કવિતા શું છે એવી એવી વિનોદની ચર્ચામાં અમો બધા મિત્રો પડ્યા હતા. આનંદશંકરભાઈનો સંસ્કૃતનો અભ્યાસ ઘણા ઊંચા પ્રકારનો હતો, તેથી તેમને કવિતાની જુદીજુદી વ્યાખ્યા મોઢે જ હોય અને કાવ્યનું યથાર્થ સ્વરૂપ કેવું હોય તે તેમના ખ્યાલમાં જ હોય. હું તથા રા. મણિલાલ બી. એ. માં તાજા જ પાસ થયેલા એટલે કવિતાની વ્યાખ્યા જે ‘કાવ્યપ્રકાશ’માં આવતી તે તેમ જ વિશ્વનાથની, અને રસગંગાધરમાં આપેલી તે અમારા સ્મરણમાંથી સરી પડેલી નહિ અને તેથી અમે પણ કોને કાવ્ય કહી શકાય તે વિશે વિનોદરૂપે અમારો ફાળો ચર્ચામાં આપતા હતા. આનંદશંકરભાઈએ છેવટનો નિર્ણય આપ્યો અને તે અમે સર્વેએ સ્વીકારી લીધો. તેમણે કહ્યું કે “ કવિતા-તે વાયુનો વધારો; જ્યારે માણસના મનના વેગમાં વધારો થાય ત્યારે તે કવિતા લખે છે. ”

પૂનામાં આનંદશંકરભાઇની ધર્મચુસ્ત રૂઢિ સંબંધમાં એક બે બનાવ બાબત લખવાનું મને મન થાય છે. જમતાં પહેલાં તે હમેશ નાહતા હતા. મને યાદ છે તે પ્રમાણે અમે અશાડ વદ અમાસના દિવસે પૂના પહોંચ્યા હતા. અને વર્ષાઋતુ હોવાથી રસ્તામાં તેમ જ પૂનામાં વરસાદ હતો. હવામાં શરદી હતી તેથી તે વખતે મેં આનંદશંકરભાઈને કહ્યું: તમે તમારી રૂઢિમાં કાંઈ ફેરફાર કરો અને આવી શરદીમાં ટાઢા પાણીએ નાવાની વાત ન રાખો તો સારું. પણ તેમના વિચારોની દઢતાને લઇને તેમણે મારું આ કહેવું માન્ય કર્યું નહિ અને ટાઢા પાણીએ નાહ્યા અને પરિણામે પૂનાથી અમે પાછા આવ્યા ત્યારે તેમને સખત શરદી થઈ આવી હતી. અને મને જે ભય હતો તે ખરો પડ્યો.

સને ૧૮૯૨ માં હું એલએલ. બી. માં પાસ થયો. તે વરસમાં કે તે પછી મને બરોબર યાદ નથી: ગુજરાત કોલેજના તે વખતના પ્રોફેસર મિ. આબાજી વિષ્ણુ કાથવટે હતા તેમની બદલી પૂને થઇ તેથી ગુજરાત કોલેજમાંથી સરકારી નોકરીવાળાની જગ્યાએ નવા પ્રોફેસરની નિમણૂક કોલેજ બોર્ડ કરવાની હતી. તે વખતે કાથવટે સાહેબે રા. આનંદશંકરભાઈને બોલાવી તેમને સૂચના કરી કે 'તમારું જ્ઞાન અને વિદ્યા તરફનો તમારો પ્રેમ જોતાં, જો ગુજરાત કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે કામ કરવા તમે હા પાડો તો સારું.' આ ઉપરથી મેં અને રા. આનંદશંકરભાઈએ વિચારણા કરી. આનંદશંકરભાઈ એલએલ. બી. નો અભ્યાસ પૂરો કરી સોલિસિટર કે એડવોકેટનો અભ્યાસ કરવા ધારતા હતા. તેમનું બુદ્ધિબળ અને શકિત જોતાં તે લાઇનમાં પણ તે સારી રીતે સફળતા પ્રાપ્ત કરત એમ મારું માનવું છે. પરંતુ વિદ્યાદેવીની ઉપાસના તેમને વધારે પ્રિય હતી. જીવનપ્રવૃત્તિની રૂપરેખા માટે આ પ્રસંગ ઉપસ્થિત થયો હતો. ભવિષ્યનું જીવન કેવા પ્રકારની પ્રવૃત્તિમાં ગાળવું તેનો વિચાર કરીને નિર્ણય કરવાનો પ્રસંગ દૈવે આણ્યો. તેમના સ્વભાવની ભાવનાને વધારે અનુકૂળ સતત વિદ્યાવૃદ્ધિ થાય, અને તે દિશામાં ઉપયોગી થવાય તેવું જીવન વધારે પ્રિય, તે ઉપર અમો બંનેએ વિચાર કરી ગુજરાત કોલેજની પ્રોફેસરની જગ્યાને માટે તેમણે હા કહેવી એવા નિર્ણય ઉપર અમે આવ્યા. આ પ્રસંગ આનંદશંકરભાઇના જીવનક્રમને માટે મોટો હતો અને તે પ્રસંગને લઈને જ આપણે સૌ તેમની જે કારકિર્દી વિદ્યા માટે અને બીજી સેવાઓ માટે જોઈ તે જોવાને ભાગ્યશાળી થયા છીએ. તે પ્રસંગ આવ્યો ના હોત તો કદાચ આનંદશંકરભાઈની જીવનદોરી બીજી કોઇ દિશા તરફ વળી હોત.

ઉપર જણાવ્યા પ્રમાણે રા. આનંદશંકરભાઈનાં પ્રથમ પત્ની સ્વર્ગવાસી થયાં હતાં તે વખતે તેમનાં માતાપિતા હયાત હતાં. આનંદશંકરભાઈ બીજી વખત લગ્ન કરવાની આનાકાની કરતા હતા અને તેમનાં માતાપિતાનાં મનની લાગણી જોતાં આનંદશંકરભાઈ બીજી વખત લગ્ન નહિ કરે તો તેમને આઘાત થશે, આવી સ્થિતિમાં તેમનાં બેઉ વડીલોએ મને બોલાવેલો અને આનંદશંકરભાઈના જૂના મિત્ર તરીકે ઘણી વખત તે સંબંધમાં તેમણે મારી સાથે વાત કરી અને આનંદશંકરભાઈ બીજી વાર લગ્ન કરે તેવો તેમને આગ્રહ તથા દબાણ કરવા મને ભલામણ કરેલી. મારાથી જે કહેવાય તેટલું મેં આ બાબતમાં ભાઈ આનંદશંકરભાઇને કહ્યું હતું. તે પોતે ડાહ્યા

અને સમજુ તેમ જ વ્યવહારકુશળ હતા. તેમનું યૌવન, વડીલોની ભાવના, કૌટુમ્બિક સ્થિતિ વગેરે અનેક ધર્મોનો વિચાર કરી છેવટે ફરીને લગ્ન કરવા માટે તેમણે સંમતિ આપી. અને તેમનાં બીજી વખતનાં લગ્ન ગ્વાલિયરવાળા મુનશીની પુત્રી સાથે થયાં. કઈ સાલમાં તે મને ચોક્કસ યાદ નથી. તેમનાં માતાપિતાને તેથી સંતોષ થયો અને યથોચિત બ્રાહ્મણવિધિ પ્રમાણે લગ્નક્રિયા અથથી ઇતિ સુધીની મેં જોઇ હોય તો તે મારા પરમ સ્નેહી આનંદશંકરભાઈનાં જ આ લગ્નની હતી. ગ્વાલિયરવાળાં તેમનાં બીજાં પત્ની પણ લાંબું આયુષ ભોગવ્યા વિના સ્વર્ગવાસી થયાં તે રા. આનંદશંકરભાઈના જીવનમાં બીજી વખતની ખેદની વાત હતી. તેમ છતાં થોડે અંશે તે ખેદનું નિવારણ થયું હતું, કેમકે તે તેમની પાછળ બે પુત્રરત્નો અને એક પુત્રી મૂકતાં ગયાં હતાં. તે સંબંધમાં વધારે કાંઈ લખવાની જરૂર નથી. બેઉ ભાઈઓ હાલમાં સારી રીતે ઊંચો અભ્યાસ કરીને સારા હોદ્દા ભોગવે છે. અને તેમના પિતાશ્રી આનંદશંકરભાઈની ઉત્તરાવસ્થામાં તેમણે ઘણી સારી સેવા ઉઠાવી તેમને હરેક પ્રકારે સંતોષ આપીને કુટુંબની પ્રતિષ્ઠામાં અભિવૃદ્ધિ કરી છે તે આપણે સૌ જાણીએ છીએ. તેઓ બંને તેમના પિતાને દિલાસાનું સ્થાન હતા.

સાંસારિક બાબતો માટે મેં જે થોડા શબ્દો લખ્યા છે તે પૂરું કરતાં પહેલાં મારે જણાવવું જોઈએ કે આનંદશંકરભાઈ પોતે પણ મને મારા સાંસારિક વ્યવહારમાં સૂચના તથા સલાહ આપતા અને તેમની સલાહના પરિણામને લઈને મારા જીવનપ્રવાહને અસર થઈ છે. સને ૧૮૯૮ ની સાલમાં નામદાર સરકારે એક સબજજજ તરીકે નિમણુક કરીને તે સ્વીકારવા મને પુછાવ્યું. જીવનપ્રવાહ માટે જ્યુડિશિયલ લાઇનમાં જવું કે વકીલાતનો ધંધો કાયમ રાખવો, તે દરેક યુવકને માટે વિકટ પ્રશ્ન હોય છે. તે વખતે રા. આનંદશંકરભાઈનો અભિપ્રાય સરકારી નોકરી નહિ લેવાનો થયો. અને મારું જીવન તે મુજબ અમદાવાદમાં વ્યતીત કરી રહ્યો છું.

સુભાગ્યે એવું બન્યું કે આનંદશંકરભાઈ પ્રોફેસર થયા અને મેં મારી વકીલાત અમદાવાદમાં શરૂ કરી, તેથી અમે બેઉ એક સ્થળે અને એક બીજાના સતત પરિચયમાં રહી શકયા.

ગુજરાત કૉલેજમાં પ્રોફેસર તરીકે તેઓ બહુ બાહોશીથી કામ કરતા અને શિષ્યવર્ગને તથા તેમના ઉપરી વર્ગને તે બહુ પ્રિય થયા. છેવટે Acting Principal થયા. તે કેવા ઊંચા પ્રકારનું શિક્ષણ આપતા તે લખવાનું અહીં મારે માટે યોગ્ય નથી. તેમના શિષ્યો તે લખશે અને જો કદાચ તેઓ કાંઇ ન લખે તોપણ તેમનું નામ તથા કામ ગુજરાતના કેળવણીના ઇતિહાસમાં હમેશાં રહેશે. તેમનું વાચન અને વિદ્યા–ઉપાસના એવા ઊંચા પ્રકારનાં હતાં કે કૉલેજમાં સંસ્કૃત ભાષાના જ માત્ર સંસ્કૃત પ્રોફેસર તરીકે જ તે કામ કરતા એમ ન હતું. તત્ત્વજ્ઞાન તેમ જ અંગ્રેજી સાહિત્ય(Literature)ના પ્રોફેસર તરીકે પણ ઘણી વખત તેમણે કામ કર્યું હતું. અને જે જે વિષયો તેમને સોંપવામાં આવતા તેમાં ઘણું ઊંચા પ્રકારનું કામ કરી તેમના શિષ્યોને સંપૂર્ણ સંતોષ આપતા. તેમનું બહુશ્રુતપણું કેટલું ઉચ્ચ કોટિનું હતું અને તેમની કાર્યશક્તિ કેવી સરસ હતી તે તેમના જુદી જુદી દિશાના કામ ઉપરથી સૌ કોઇ જોઈ શકે છે.

ગુજરાત કૉલેજનો વહીવટ તે વખતે ગુજરાત કૉલેજ બોર્ડ કરતું હતું. સને ૧૮૯૫માં હું મ્યુનિસિપાલિટીનો ચૂંટાયેલો સભ્ય (Elected member) થયો. મારા Municipal Electionમાં તે ઘણો રસ લેતા તે પ્રકરણની તપસીલથી અહીં નકામું લંબાણ થાય. મ્યુનિસિપાલિટી તરફથી કૉલેજ બોર્ડના સભ્ય (Member) તરીકે હું દાખલ થયો. તેથી એક રીતે કૉલેજના વહીવટ યાને મંડળનો હું એક સભ્ય થયો. અને કૉલેજના કામ તથા તેના પ્રોફેસરો સાથે મારો સંપર્ક વધ્યો. તે સંસ્થાના કામકાજ માટે વધારે કંઈ લખવાની જરૂર નથી, પણ બે બાબત લખવી મને ઠીક લાગે છેઃ અને તેમાંની એક તો આનંદશંકરભાઇ તેમના મનમાં ઊંડી લાગણીથી છેવટ સુધી રસપૂર્વક યાદ રાખી રહ્યા હતા અને જુદે જુદે પ્રસંગે તે બનાવની હકીકત વિશે વાત કરતા હતા. સંસ્કૃતના પ્રોફેસરનો હોદ્દો કૉલેજમાં હંમેશાં બીજી ભાષાના પ્રોફેસરોમાં તે વખતે વધારે જવાબદારીવાળો ગણવામાં આવતો અને તે હોદ્દો ધરાવનારને Professor of Oriental Languages તરીકે ઓળખતા. ગુજરાત કૉલેજના સંસ્કૃતના પ્રોફેસરના પગારનો ગ્રેડ મારી યાદદાસ્ત પ્રમાણે રૂ. ૩૦૦ હતો તે ગ્રેડ વધારી રૂ. ૪૦૦ કરવા જોઈએ એવી મારી તેમજ કૉલેજ બોર્ડના બીજા કેટલાક મેમ્બરોની ઇચ્છા હતી, તેથી તે પ્રમાણે સંસ્કૃતના પ્રોફેસરના પગારની ગ્રેડ વધારવાની વાત બોર્ડ આગળ મૂકવામાં આવી. તે વખતે ફ્રેન્ચના પ્રોફેસર હતા, તેમણે પોતે પણ એક Second Language ના પ્રોફેસર છે અને તેથી સંસ્કૃતના પ્રોફેસર કરતાં પોતાની ગ્રેડ ઓછી ન હોવી જોઇએ અને બધી Second Languagesના પ્રોફેસરોના પગાર સરખા હોવા જોઇએ તેવા પ્રકારની હિલચાલ કરી. તે વખતે કૉલેજ બોર્ડમાં એક સારા આબરૂદાર શેઠ હતા, અને તેમની સાથે આ ફ્રેન્ચના પ્રોફેસરને સારો સ્નેહ સંબંધ હતો. તે શેઠને તથા તે ફ્રેન્ચ પ્રોફેસરને મારી સાથે પણ સારો સ્નેહ હતો. તે ફ્રેન્ચ પ્રોફેસર પ્રથમ મને મળ્યા અને તેમની માન્યતા મારી પાસે મૂકી. તેમને મેં જણાવ્યું કે 'સંસ્કૃત અને બીજી ભાષાનું કામ એકસરખું ગણી શકાય નહિ. અને બીજી કૉલેજોમાં બધી Second Languagesના પ્રોફેસરોના પગાર સરખા હોતા નથી, સરકારે પણ તે ભેદ સ્વીકારેલો છે, તે જવાબથી તેમને સ્વાભાવિક રીતે અસંતોષ થયો. મારા તરફથી આ જવાબ તે પ્રોફેસરને મળેલો તે જણાવ્યા વિના તે ભાઇ તેમના સ્નેહી ઉપર જણાવેલા શેઠ મેમ્બરને મળ્યા. તે શેઠે બધુ સાંભળી લાગણીથી તેમને કહ્યું કે તે ખરું છે, પણ તેને અધીન થઈ કોઈપણ અયોગ્ય અગર પક્ષપાતી પગલું ભરવાને હું તૈયાર નથી. તેમણે તેમને જણાવ્યું કે અન્ય સંસ્થાઓમાં તથા Second Languagesના પ્રોફેસરો સંબંધમાં પગારમાં તથા ગ્રેડમાં શા ફેરફાર હોય છે અને શું ધોરણ પ્રચલિત હોય છે તે હું જાણતો નથી. પરંતુ મૂલચંદ તે ધારાધોરણથી વાકેફ છે; માટે તમારે મૂલચંદને વાત કરવી, તેવી સૂચના તે પ્રોફેસરને કરી અને શેઠે પોતે વાપરેલા શબ્દો ઘણા રમૂજી હોવાથી આ સ્થળે તે લખવા મારું મન પ્રેરાય છે. તે ફ્રેન્ચ પ્રોફેસરને તેમણે કહ્યું કે "અટમ સટમ અમને સમજાવવાનું નથી. મૂલચંદને તમારા કહેવાની ખાત્રી કરી આપો. આવી બાબતોમાં હું મૂલચંદના કહેવા ઉપર આધાર રાખું છું અને બોર્ડમાં મૂલચંદનુ કહેવું માન્ય થશે." આ જવાબથી ફ્રેન્ચ પ્રોફેસર નિરાશ થઇ ગયા તે લખવાની

જરૂર નથી. આ પછી આ સવાલ ચર્ચાને માટે બોર્ડ સમક્ષ આવ્યો ત્યારે ઘણો ભાગ શેઠિયાઓ સુધ્ધાંત આનંદશંકરભાઈની ગ્રેડમાં વધારો કરવા તરફ હતા. તે વખતે એક બીજા કેળવાયેલા ગૃહસ્થ બોર્ડના સભ્ય હતા તેમણે એવો વિચાર દર્શાવ્યો કે પ્રોફેસર તરીકે કામ કરવું હોય તો Labour of Love જોઇએ અને પગાર ઉપર લક્ષ રાખવું ન જોઈએ.’ આ વિચાર દર્શાવનાર પોતે વિદ્વાન હતા પણ વિદ્યાની ઉપાસના મૂકી બીજી લાઈનમાં જઇ ઊંચે હોદ્દે પહોંચી સારો પગાર અને તેથી સારા પૈસા પ્રામાણિકપણે તેમણે મેળવ્યા હતા. તેમણે આવો વિચાર બતાવ્યો તેથી હું મારા સ્વભાવ મુજબ સહેજ ઉતાવળો થયો અને બોર્ડને જણાવ્યું કે ‘આ વસ્તુ બોલનારે પોતે તે સિદ્ધાંતનો અમલ કર્યો નથી. આ ઉપરાંત મેં જણાવ્યું કે વિદ્યાની સેવા કરવાની ભાવનાથી જ સારા માણસો અધ્યાપકનું સ્થાન Professorship સ્વીકારે છે, પરંતુ તે ભાવનામાં પણ મહેનતાણાનું ધોરણ એવું હોવું જોઈએ કે દુનિયાના વ્યવહારમાં તેમની જ પંક્તિના બીજા મનુષ્યો જે પેદા કરતા હોય તેનાથી તે ઘણા જ ઊતરતા છે એમ તેમને લાગવું ન જોઇએ.’ તે વખતે મેં મારો પોતાનો જ દાખલો ટાંક્યો હતો અને જણાવ્યું હતું કે ‘ કલાસમાં આનંદશંકરભાઈ હંમેશાં પહેલો નંબર રાખતા અને હું ત્રીજો રહેતો. તે હાલમાં પ્રોફેસરની પદવી ભોગવે છે અને હું વકીલનો ધંધો કરું છું. અને મારા મનમાં કાંઈપણ અભિમાન લાગણી બતાવ્યા વિના કહું છું કે એક ઊતરતો વિદ્યાર્થી એક ચઢિયાતા વિદ્યાર્થી કરતાં આર્થિક પેદાશમાં વધારે છે.’ ટૂંકમાં પ્રોફેસરોની આવક એવી જોઈએ કે તે આબરૂદાર જિંદગી સંતોષકારક રીતે ગાળી શકે. આવી ચર્ચા થયા બાદ આનંદશંકરભાઈની ગ્રેડમાં વધારો કરવાનું નક્કી થયે આ પ્રકરણનો અંત આવ્યો હતો. આ બનાવ તેમને એટલો બધો યાદ હતો કે છેવટના ભાગમાં જ્યારે તે મંદવાડની અસરમાં હતા ત્યારે આનંદશંકરભાઈ કાંપમાં ફરવા આવતા અને તેમના દીકરા પણ તેમની સાથે હતા. ત્યારે અને એક વખત હું જ્યારે તેમને ત્યાં મળ્યો ત્યારે તેમણે મને કહ્યું કે કૉલેજ બોર્ડના પેલા બનાવની વાત ભાઈને કહી બતાવો. એ પ્રમાણે આ બનાવનું સ્મરણ રસપૂર્વક રાખી રહ્યા હતા.

આ પ્રમાણે કેટલોક વખત પસાર થયા પછી છેવટે મારી યાદદાસ્ત પ્રમાણે સને ૧૯૦૯-૧૦માં ગુજરાત કૉલેજ સરકારને સુપરત કરવામાં આવી અને કૉલેજ બોર્ડનો વહીવટ પૂરો થયો. વહીવટ સોંપી દેતી વખતે બોર્ડે ઠરાવ પસાર કરીને એક કરાર સરકાર સાથે કરેલો કે ગુજરાત કૉલેજમાં જે પ્રોફેસરો તે વખતે હતા તેમને સરકારે કાયમ કરવા અને સરકારી નોકરીમાં લઈ લેવા. બીજા કરાર પણ થયા હતા, પરંતુ તેના ઉલ્લેખની આ સ્થળે જરૂર નથી.

ગુજરાત કૉલેજ સરકારને સુપરત થયા બાદ થોડા વખત પછી આનંદશંકરભાઈ મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજના પ્રોફેસર નિમાયા અને મુંબઈ ઈલાકાના મુખ્ય શહેરમાં એક ગુજરાતી વ્યક્તિ સંસ્કૃત વિદ્યામાં કેવા નિષ્ણાત હતા તે જાણવાની મુંબઇની જનતાને તક મળી. પ્રોફેસર તરીકે જ્યારે તે કામ કરતા હતા તે વખતે યુનિવર્સિટીના કામમાં તે કેટલો રસ લેતા તે સૌને સુવિદિત છે. કેળવણીના મહાન પ્રશ્નોના તે અભ્યાસી હતા. જૂનાં ધોરણોમાં કેટલે અંશે ફેરફારની જરૂર છે તેના ઉપર તે સતત લક્ષ રાખતા.

મુંબઈમાં તે કામ કરતા હતા અને જ્યારે તે તેમની ૫૫ વર્ષની વયે રિટાયર થવાના હતા ત્યારે (મને ચોક્કસ યાદ નથી) પૂજ્ય પંડિત મદનમોહન માલવીયાજી તરફથી પૂજ્ય મહાત્મા ગાંધીજીની દરમિયાનગીરીથી આનંદશંકરભાઈને બનારસ યુનિવર્સિટીમાં કામ કરવા જવાનું નિમંત્રણ મળ્યું.

તે વખતની હિંદુ યુનિવર્સિટીની સ્થિતિ જોતાં, એક વિદ્વાન હોવા ઉપરાંત તેમને સારા નિયામકની જરૂર હતી. ત્યાં જુદા જુદા સ્વભાવના અનેક અધિકારીઓને શાંત રાખીને સંપૂર્ણ શાંતિથી કામ લેવાની શક્તિ ધરાવનાર પુરુષની જરૂર હતી, તે શકિત આનંદશંકરભાઈમાં હતી. હું તેમને વિનોદમાં ઘણીવાર કહેતો કે ‘ તમે જો કોઇ દેશી રાજ્યના દીવાન થયા હોત તો તમે બહુ કાર્યકુશળતાથી કામ કરી શકત અને બધાને સંતોષ આપી શકત.’ તેમની આ શકિતની કસોટી હિંદુ યુનિવર્સિટીના કામમાં થઈ તેમાં તેમણે કેવી **સંતોષકારક** રીતે કામ કર્યું અને બધાને **સંતોષ** આપીને યશ મેળવ્યો તે આપણને સુવિદિત છે.

આ પ્રસંગે પણ અમે બંનેએ મળીને વાતચીત કરી અને બનારસ જવું કે નહિ તે બાબતની ચર્ચા કરી. મેં તેમને જણાવ્યું કે સંસ્કૃતનો ઊંડો અભ્યાસ અને તે વિદ્યાનું તમારું જ્ઞાન કાશી જવાથી આખા હિંદુસ્તાનને જાણવા મળશે. અત્યાર સુધી તમારી વિદ્યાનો લાભ માત્ર મુંબઈ ઈલાકાને જ મળતો અને કાશી જવાથી તે લાભ આખું હિંદુસ્તાન લઈ શકશે તેમ જ તમે કેટલા વિદ્વાન છો તે પણ દુનિયા સારી રીતે જાણી શકશે. છેવટે કાશી જવાનું તેમણે સ્વીકાર્યું.

તે કાશી સારો વખત રહ્યા ત્યાં તેમની કારકિર્દી ઘણી યશસ્વી નીવડી. તેમણે ગુજરાતના ગૌરવમાં વધારો કર્યો. પૂરા માન સાથે ત્યાંથી પોતાની વયને લીધે અમદાવાદ આવ્યા. કાશી ક્ષેત્રના તેમનાં કામ માટે તપસીલવાર અન્ય લેખકો લખશે. સ્વર્ગવાસ પહેલાં થોડી મુદતથી તેમણે અમદાવાદ આવી નિવાસ કર્યો. તે આપણે સૌ જાણીએ છીએ. અમદાવાદમાં તેમણે નિવાસ કર્યો ત્યારપછી તેમની શારીરિક શકિત જ્યાંસુધી સારી રહી ત્યાંસુધી અમદાવાદની જુદી જુદી સંસ્થામાં ઘણી સારી સેવા તે કરતા રહ્યા અને તેમના અનુભવનો લાભ આપતા રહ્યા. થોડોક વખત શ્રીભગવદ્ગીતા ઉપર પ્રેમાભાઈ હોલમાં પ્રવચન કરી સામાન્ય જનતાને પણ તેમની વિદ્યાનો લાભ તેમણે આપ્યો હતો. પરંતુ કોઈ દુર્દૈવના યોગથી તે પ્રવચનો તે પૂરા કરી શકયા નહિ.

આનંદશંકરભાઈના વિચારો જુદી જુદી દિશામાં તથા આધુનિક પ્રવૃત્તિઓ સંબંધે કેવા હતા તે સંબંધમાં બીજાઓ લખશે એમ હું માનું છું. તેમના વિચારો સાધારણ રીતે ‘ વસંત ’ માસિકમાં આપણને વાંચવાને મળતા. છેક નાનપણથી તે એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ તરીકે ઊછર્યા હતા. ચુસ્ત બ્રાહ્મણનો ધર્મ પાળતા. બ્રાહ્મણના આચારવિચારોને માન આપતા. તે એક લક્ષ્મીવાન પિતાના એકના એક પુત્ર હતા, તેથી ખૂબ લાડ અને વૈભવમાં તે ઊછર્યા હતા. અમે જ્યારે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારે તેમના પહેરવેશ માટે ઊચામાં ઊંચાં વિલાયતી કપડાંનો ઉપયોગ થતો. ગુજરાત કલબમાંથી જ્યારે ચા મંગાવવામાં આવતી ત્યારે તેમની ચા જર્મન સિલ્વરના પ્યાલામાં આવતી. અને ચીનાઈ પ્યાલાનો તે ઉપયોગ કરતા નહિ. એક વખત તેમના વિચારો ઉપર

જણાવ્યા મુજબના હતા, પરંતુ તેમની વિદ્યાના સંસ્કારોથી તેમનું મન વિભૂષિત થયું. અને તે હંમેશ વિકાસને પાત્ર હતું. નવા સારા વિચારો ગ્રહણ કરવાને તે સદૈવ તૈયાર હતા. અને તેમની બુદ્ધિ અને વિચારો કેટલાં પ્રતિભાવાળાં હતાં તે સૌ કોઈને વિદિત છે. સ્વદેશાભિમાનની તેમની લાગણી પ્રદીપ્ત હતી. આપણે જોઈ શકયા કે અંગ્રેજી ઊંચામાં ઊંચું કાપડ છોડી, મિલનું પણ નહિ વાપરતાં પૂરા શુદ્ધ ખાદીધારી તે થયા હતા અને ધાર્મિક રૂઢિમાં હરિજન સાથે પણ આપણો સંસર્ગ હોવો જોઈએ અને તેમને અસ્પૃશ્ય ગણવા ના જોઇએ તેવા વિચાર ઉપર તે પાછળથી આવ્યા હતા. આ વિષયો મહાન છે અને તે સંબંધમાં પણ બીજાઓ લખશે એમ હું માનું છું, પરંતુ મારા એક જૂના મિત્રની મનોભાવના અને બુદ્ધિબળ કેવાં હતાં તે જણાવવાને માટે આ બે દાખલા આપી થોડા શબ્દો લખ્યા છે.

રાજકીય વિષયમાં પણ તેમના વિચારો, ‘વસંત’માં આવેલા જુદા જુદા લેખોથી જણાઈ આવે છે.

તેમનો સ્વભાવ સુશીલ અને શાંત હતો. જનતાને પ્રિય થઇ પડે તેવા તેમના ગુણો હતા અને કટુવચન કહેતાં તે ક્ષોભ પામતા.

તેઓ છેવટ સુધી તેમનો સેવાધર્મ બજાવતા. તેમનું ઉપયોગીપણું ઘણું હતું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની પ્રવૃત્તિઓને તે બહુ સારી દોરવણી આપતા, તેમ જ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના નેતા તરીકે તે સંસ્થાના વહીવટની કોલેજોને તેમની સલાહ અને દોરવણી બહુ ઉપયોગી હતાં. પ્રભુએ તેમને વધારે આયુષ આપીને અમદાવાદ તથા ગુજરાતને તેમની સેવાનો લાભ આપ્યો હોત તો આપણને સંતોષ રહેત. પરંતુ દૈવાધીન જે ચક્ર છે તેમાં આપણે નિરુપાય છીએ. તેમના સ્વર્ગવાસથી આપણને સર્વને, તથા દેશને અને ખાસ કરીને ગુજરાતને મોટી ખોટ પડી તે ખોટ પુરાય તેવી નથી. ગુજરાતના તે એક મહાન પુત્ર હતા. તેમનું જ્ઞાન વિદ્યા તથા જીવન એક આદર્શરૂપ હતાં. તેમના ગુણોનું તથા કામનું સ્મરણ કરતાં દેશને અભિમાન આવે છે. આ પુરુષની ખોટનું સ્મરણ થતાં હૈયું ભરાઈ આવે છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપો. આપણા ગુજરાતમાં તેવા બીજા પુરુષો પાકો અને તેમની ખોટ તેમના બે સુપુત્રો મટાડશે તેવી પ્રાર્થના કરીને મારી આ યથામતિ નોંધ પૂરી કરું છું.

સ્વ. ગુરુ ડૉ. આનંદશંકર ધ્રુવ

માનનીય શ્રી. ગણેશ વાસુદેવ માવલંકર

ગુજરાતમાં તેમ જ સમગ્ર ભારતવર્ષમાં જૂની સંસ્કૃતિના અભિમાની અને ઉપાસક, સંસ્કૃતજ્ઞ, શિક્ષણશાસ્ત્રવિશારદ એવા જે કોઈ થોડા શ્રેષ્ઠ પુરુષો છે, તેમાં સ્વ. ગુરુવર્ય આનંદશંકરભાઈની આગળ પડતી ગણના થાય છે. મંગળવાર તા. ૭ એપ્રિલ ૧૯૪૨ને રોજ બપોરે ૩–૫૫ વાગ્યે તેઓ દિવંગત થવાથી સરસ્વતી દેવીના હારમાંનું ગૂજરાતનું એક અમૂલ્ય રત્ન ખરી પડયું, ભારતના વિદ્વાન મંડળમાંનો એક દીપક બુઝાઇ ગયો. સ્વ. ગુરુવર્ય આનંદશંકરભાઇનો જન્મ ગૂજરાતમાં થયો એટલું જ, પણ સંસ્કૃતિથી, મનથી, વર્તનથી તેઓ સર્વથા ભારતવર્ષીય જ હતા. સંકુચિત પ્રાંતીયતા અને પ્રાંતભેદનો તેમને કદી પણ સ્પર્શ થયો ન હતો.

ગુરુવર્ય આનંદશંકરભાઇનો અને મારો પ્રથમ પરિચય ૧૯૦૫ની શરૂઆતમાં જ્યારે હું ગૂજરાત કૉલેજમાં પ્રિવિયસ (First Year Arts)ના વર્ગમાં દાખલ થયો ત્યારે થયો. તેઓ સંસ્કૃતના પ્રાધ્યાપક (પ્રોફેસર) હતા. માથા ઉપર વાળ ન રાખતા. સુંદર ઘેરાવવાળી, ગાયની ખરી જેટલી ધારીવાળી મોટી અને લાંબી ચોટલી, કપાળ ઉપર ચંદનનું ટીલું, નિત્યે ધોતિયું અને ખેસ, ગૂજરાતી અમદાવાદી પાઘડી, તેજસ્વી અને પ્રસન્ન મુદ્રામૂર્તિ જોઇને જ આદર ઉદ્ભવે તો પછી પરિચય થયા પછી તો ખરેખર જ પૂજ્યભાવ ઉત્પન્ન થાય એમાં તો લેશમાત્ર પણ શંકા નથી. એમના વિદ્યાર્થી થવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું એનું મને હંમેશાં ગૌરવ રહ્યા કરે છે. અર્થાત્ હું એમની પાસેથી કાંઇ વિશેષ મેળવી શકયો નહિ, તે એ મહાન સાગરનો દોષ નથી, પણ નાનું વાસણ લઇ જનારનો જેવો દોષ તેવો જ મારો હતો. B. A. માટે સંસ્કૃત ઐચ્છિક વિષય ન લેતાં મેં Physics અને Chemistry (પદાર્થવિજ્ઞાન અને રસાયનશાસ્ત્ર) એ વિષયો લીધા, તો પણ તે વખતે B. A.માં સંસ્કૃત—બીજી ભાષા તરીકે—લેવી જ પડતી, તેથી ગુરુવર્ય આનંદશંકરભાઇ સાથે પરિચય દૃઢ થતો ગયો. ગૂજરાત કૉલેજમાં હું કુલ પાંચ વર્ષ સુધી હતો, ૧૯૦૫ની શરૂઆતથી ૧૯૦૯ સુધી ચાર વર્ષ વિદ્યાર્થી અને એક વર્ષ દક્ષિણા–ફેલો. આ પાંચે વર્ષમાં બીજા વિદ્યાર્થીઓના પ્રમાણમાં મારો તેમની સાથે પરિચય કાંઇક વધારે હતો. એક કારણ તો એ કે બીજાઓના પ્રમાણમાં મારું સંસ્કૃતનું જ્ઞાન વધારે સારું અને કૉલેજમાંના "વિવાદ મંડળ", "વિદ્યાર્થી મંડળ", વગેરે ચળવળોમાં હું હોઉં એટલે સને ૧૯૦૮માં તે કૉલેજ સરકારી નહોતી, ત્યારે તેઓ કૉલેજના આચાર્ય (પ્રિન્સિપાલ) હતા.

ગુરુવર્ય આનંદશંકરભાઇ વિદ્યાસાગર હતા. ઉત્તમ ભણાવે. વિદ્યાર્થીઓની સાથે મળતાવડા અને મીઠો સ્વભાવ. આ સાથે તેઓ ઉત્તમ વ્યવહારજ્ઞ પણ હતા. આ બધા સદ્ગુણોને લીધે એમના વિશે પ્રેમ, આદર, પૂજ્યભાવ આવે. પણ મહારાષ્ટ્રિય એટલે મને સંસ્કૃત ઉચ્ચારો વિશે

જે અભિમાન પોતાને માટે થાય, એમાં પણ તેઓ મહારાષ્ટ્રિયોના ગુરુ શોભે એવા હતા તેથી વિશેષ આદર ઉદ્‌ભવે. બી. એ. ના વર્ગમાં "કાવ્યપ્રકાશ" શિખવાડતાં ચિત્રકાવ્યનો દાખલો આપવાનો એટલે "भिद्यादुद्यद्दुदारदर्दुरदरी……" વગેરે શ્લોક આવ્યો. વર્ગમાંના દરેકને ઊભા કરીને "વાંચો" એમ કહેવા લાગ્યા. મારો વારો આવ્યો ત્યારે બોલ્યા, "બેસો, પછી કહું ત્યારે તમે વાંચજો." આખા વર્ગનો પ્રયત્ન પૂર્ણ થયો ત્યારે છેવટે મને કહ્યું, "માવળંકર, તમે આ શ્લોક આખા વગમાં વાંચી બતાવો." હું તે ભૂલ રહિત અને બરાબર બોલ્યો. એમણે બહુ પ્રેમથી મારું કૌતુક કરીને અભિનંદન કર્યું અને "આવા ઉચ્ચાર જોઈએ અને એમ બોલાવો જોઈએ" એમ એમણે વર્ગને કહ્યું. મહારાષ્ટ્રિયોના સંસ્કૃત ઉચ્ચાર તેમને ગમે.

તેમની શુદ્ધ અસ્ખલિત સંસ્કૃત વાણી વિશે મેં સાંભળેલી એક હાસ્યકારક વાત કહું. બી. એ. ના તેઓ સંસ્કૃતના પરીક્ષક હતા. પરીક્ષા મુંબઈમાં હતી. પ્રશ્નપત્રિકામાં થોડીક છાપખાનાની ભૂલો સુધારવા માટે તેઓ પરીક્ષાના મંડપમાં આવ્યા. તેમને જોઈને, તેમનો ગૂજરાતી પોશાક જોઇને, પોતાના ઉચ્ચારો વિશે અભિમાન ધરાવતા મહારાષ્ટ્રિય વિદ્યાર્થીઓ કાંઈક મઝાકમાં સ્મિત કરીને એક બીજા સામે જોવા લાગ્યા. હવે ગૂજરાતી ઉચ્ચારોની મશ્કરી કરવા જેવું સાંભળવા મળશે એવી અપેક્ષા. પણ ગુરુવર્ય આનંદશંકરભાઈએ વાંચવાની શરૂઆત કરી એટલે તરત જ બધા પોતાની જગ્યાએ માથું નીચે નમાવી સાંભળતા જ રહ્યા. ઉચ્ચારોમાં મહારાષ્ટ્રિયો જ શ્રેષ્ઠ એ ભૂલ છે એમ તેઓની સમજમાં આવ્યું અને તેઓ તરત જ ભોંઠા પડી ગયા.

ગુરુવર્ય આનંદશંકરભાઈને બધા ભારતીય વિદ્વાનો વિશે, દેશભક્તો વિશે બહુ આદર હતો. ગમે ત્યારે તેઓ કોઈના દોષ ન કહેતાં માત્ર ગુણ હોય તેટલા જોતા અને ગૌરવ કરતા.

તેમનો જન્મ ઇ. સ. ૧૮૬૯ (સંવત–૧૯૨૫ ના માઘ માસમાં), ૨૨ મી જાન્યુ. સોમવારના થયો હતો. તેઓ જાતે વડનગરા નાગર ગૃહસ્થ હતા. પિતાના એકના એક પુત્ર હતા. તેમના પિતાશ્રી ધર્મનિષ્ઠ અને જૂની પદ્ધતિથી રહેનારા હતા. ગુરુ૰ આનંદશંકરભાઈને આ આનુવંશિક સંસ્કાર મળેલા હતા.

શિક્ષણ નાનપણથી જ ગામડાની નિશાળ પ્રમાણે ગૂજરાતી શાળામાં શરૂ થયું. યુનિવર્સિટીમાં મેટ્રિકની પરીક્ષામાં બીજો નંબર મેળવ્યો. સ્વ. પ્રા. આબાજી વિષ્ણુ કાથવટે અને સ્વ. વે. શા. સં. ભાસ્કરશાસ્ત્રી આ તેમના ગુરુજનોમાંના. સંસ્કૃત અધ્યયન તેમણે જૂની અને નવી બન્ને રીતે કર્યું હતું. એમના પિતાને સંસ્કૃતનો શોખ બહુ અને પોતાનો છોકરો ઉત્તમ સંસ્કૃતજ્ઞ પંડિત થાય માટે એમણે જુદા જુદા પંડિતો પાસે તેમને (ગુરુ૰ આનંદશંકરભાઇને) રાખીને અધ્યયન કરાવ્યું. પ્રા. કાથવટે આધુનિક પદ્ધતિથી ભણાવનારા એમના ગુરુ, ત્યારે વે. શા. સં. ભાસ્કરશાસ્ત્રી, મિથિલાપુરીના સુપ્રસિદ્ધ વિદ્વાન બંધુદ્વય બચ્ચા ઝા અને મૃદુનાથ ઝા વગેરે એમને જૂની પદ્ધતિથી શિખવાડનારા ગુરુ.

બી. એ. ની પરીક્ષા તેઓ ગૂજરાત કૉલેજમાંથી પાસ થયા. આગળ અનુક્રમે એમ. એ.

અને એલએલ. બી. થયા. પ્રા. કાથવટેનું ગૂજરાત કૉલેજમાંથી સ્થળાંતર થવાથી એમની જગ્યાએ ૧૮૯૩ માં ગુરુ૦ આનંદશંકરભાઈની સંસ્કૃતના અધ્યાપક તરીકે નિમણૂક થઈ ત્યારથી લગભગ ૧૯૨૦ સુધી તેઓ ગૂજરાત કૉલેજમાં જ સંસ્કૃતના પ્રાધ્યાપક હતા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં તે જ અરસામાં તેમની બદલી થઈ, પણ તે જ વખતે તેના કરતાં પણ વિશાળ ક્ષેત્રમાં જવાનો તેમનો યોગ હતો. બનારસ હિંદુ યુનિવર્સિટીના જનક ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયને તે યુનિવર્સિટી માટે એક ઉત્તમ શિક્ષણજ્ઞ અને હિંદુ સંસ્કૃતિનો નીવડેલો વિદ્વાન જોઈતો હતો. સ્વર્ગસ્થ ન્યા. મૂ. લલ્લુભાઈ શાહ અને મહાત્મા ગાંધીજી આ બન્નેએ પંડિતજીને ગુરુ૦ આનંદશંકરભાઈનું નામ સૂચવ્યું અને નાનકડા કૉલેજના ક્ષેત્રમાંથી વિશ્વવિદ્યાલયના—હિંદુ વિશ્વવિદ્યાલયના—વિશાળ ક્ષેત્રમાં તેમનું ૧૯૨૦ થી પદાર્પણ થયું. ત્યાં એમણે ઉપકુલગુરુ (Pro-Vice-Chancellor) તરીકે લગભગ ૧૬ વર્ષ સુધી અવિશ્રાંત શ્રમ કરીને સુંદર કાર્ય કર્યું એ હિંદુ વિશ્વવિદ્યાલયના ઇતિહાસમાંથી કદી ભુસાશે નહિ.

ત્યાંથી નિવૃત્ત થઈને સને ૧૯૩૫ માં તેઓ અમદાવાદ આવ્યા. અમદાવાદમાં એક વિશ્વવિદ્યાલય જોઇએ એવી તેમની તીવ્ર ઇચ્છા હતી. આ વિશ્વવિદ્યાલય ફક્ત સિક્કા આપનારું નહિ, પણ સાંસ્કૃતિક પ્રગતિ, પ્રાચ્ય વિદ્યા સંશોધન વગેરે કરવા સારુ કાર્યક્ષમ થાય એવું શિક્ષણ તેમને જોઈતું હતું. હિંદુ વિશ્વવિદ્યાલયનો અનુભવ હતો જ. રાષ્ટ્રિય શિક્ષણનો પણ વિચાર એમણે બહુ કર્યો હતો. અધ્યાપનનું કાર્ય પણ બહુ કર્યું હતું. ગૂજરાતી વિશ્વવિદ્યાલયની રૂપરેખા અને ભાવી ધોરણ આંકવા તેમના પ્રમાણમાં બધી રીતે યોગ્ય એવો બીજો કોઇ પુરુષ નહોતો.

તેમના અવસાનથી ગૂજરાત વિશ્વવિદ્યાલયના કાર્યમાં પડેલી ખોટ નાબૂદ કરવી અશક્ય છે. આ વિશ્વવિદ્યાલય સ્થાપવાની કલ્પના બહુ જૂની છે. ગુરુ૦ આનંદશંકરભાઇના આગમનથી તેને વધારે વેગ મળ્યો હતો. "આવું વિશ્વવિદ્યાલય" સ્થાપવું એ જ તેમની એક રીતે "ઉત્તમ સ્મૃતિ." આ વિચારનું પ્રેરક બળ પણ તેમનું મળશે. અને વિશ્વવિદ્યાલયની કલ્પનાનું મૂર્તિસ્વરૂપ થોડાં જ વર્ષોના કાળમાં આપણને દેખાશે એવી આશા રાખીએ.

અહીં બ્રહ્મચારી વાડી નામની એક સંસ્થા છે. હિંદુ સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, શાસ્ત્રો વગેરેનો પુનરુદ્ધાર, સંસ્કૃત વિદ્યાનું અધ્યયન અધ્યાપન, પુનરુજ્જીવન વગેરે આ સંસ્થાના ઉદ્દેશ છે. બદલાયેલા સંજોગો અનુસાર આ સંસ્થાએ નવા ધોરણથી કાર્ય કરવું જોઇએ માટે ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીને ૧૯૩૦ થી ૧૯૩૫ સુધી કોર્ટમાં જૂના ટ્રસ્ટી સાથે વાદવિવાદ કરીને નવી યોજના મંજૂર કરી લેવી પડી. આ યોજના પ્રમાણે પાંચ જણનું કાર્યવાહી મંડળ કરવાનું હતું. ગુરુવર્ય આનંદશંકરભાઇ બનારસથી નિવૃત્ત થઈને આવવાના હતા એટલે આ મંડળનું અધ્યક્ષપદ તેમના માટે રાખવું એવો વિચાર કરીને કાર્યવાહી મંડળની ચૂંટણી કરી. તેઓ આવે ત્યાંસુધી કામચલાઉ અધ્યક્ષ મારે થવું એવો મિત્રોનો આગ્રહ હતો, તેથી મેં તે સૂચના માન્ય કરી; અને ગુરુવર્ય આવ્યા પછી, મારા અધ્યક્ષપદનું રાજીનામું સ્વીકારવા માટે તેમને વિનંતી કરી. તે મારું સાંભળે જ નહિ અને મને પૂછે પણ નહિ. હું અધ્યક્ષ અને તેઓ કાર્યવાહીના સભ્ય એટલે

२९६२४ ४३ग/४५

મને તો એ વિચિત્ર લાગે અને પેટમાં સળવળે. બ્રહ્મચારી વાડી સમિતિનું મુખ્ય કાર્ય એટલે શૈક્ષણિક કાર્યક્રમ આંકવો, સંસ્કૃત પાઠશાળા વિશે અભ્યાસક્રમ, પંડિત વર્ગની પસંદગી, સાંસ્કૃતિક અને તત્ત્વજ્ઞાનના મુદ્દાઓ વિશે સૂચના વગેરે કાર્ય કરવા સારુ તેમના સિવાય કોણ અધિકારી? પણ ગમે તે થાય, અધ્યક્ષપદ ન જ સ્વીકારે. ઊલટું મને જ અધ્યક્ષ તરીકે રાખવાનો આગ્રહ તેમનો હતો. "આપ ગુરુસ્થાને, વડીલ, આપે અધ્યક્ષપદ સંભાળવું જોઈએ; હુકમ કરવા, અમે બને તેટલું કરીશું જ" એમ મારું કહેવું, પણ એમણે પોતાનો આગ્રહ છોડયો નહિ; ફક્ત સાદા સભ્ય જ રહ્યા. અને કામ માત્ર તેમણે બધું કર્યું. કેટલો શિષ્યપ્રેમ, મનની કેવડી મોટાઈ! ફક્ત કામ સામે નજર. "બ્રહ્મચારી વાડીની સાધન સામગ્રી ગોઠવવા માટે તમે જ હોવા જોઈએ. શૈક્ષણિક અંતર્વ્યવસ્થા હું જોઈશ. બહારની ગોઠવણ તમે કરો," આ તેમનો મુખ્ય મુદ્દો. ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીના તેઓ પ્રમુખ હતા, પણ સાહિત્યિક કામોમાં તેમ જ બીજી બાબતોમાં તેમના હાથ નીચે અથવા તેમની સાથે રહીને કાર્ય કરનારને સંપૂર્ણ છૂટ—એટલું જ નહિ પણ ઊલટું પ્રોત્સાહન. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની બાબતોમાં પણ આ જ પ્રકાર. દિશાસૂચન કરાવવાનું, ચર્ચા કરવાની, પોતાના વિચારો માંડવાના, પણ બધું કરવા માટે હું અમુક અધિકાર ઉપર હોવો જોઈએ એવો આગ્રહ નહિ. ઊલટું "આ બધું તો હું કરીશ જ અને કરવું જ જોઈએ. તેને અમુક અધિકારનું સ્થાન શા માટે જોઈએ" એવો યુક્તિવાદ. આ બધું બીજા કરે તેમ કરવાનું. "न धरीं शस्त्र करीं मी, गोष्ठी सांगेन युक्तिच्या चार" (હું હાથમાં શસ્ત્ર નહિ ધરું અને યુક્તિની ચાર વાતો કહીશ) આ કામનો પ્રકાર! વારુ.

બનારસથી અમદાવાદ આવ્યા પછી તેમણે પોતાનો બધો વખત શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રગતિ માટે કામ કરનારી સંસ્થાઓનો ઉત્કર્ષ સાધવામાં ગાળ્યો. ગૂજરાત વર્નાક્યુલર સોસાયટી, ગૂજરાત સાહિત્ય સભા, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, ઉચ્ચ વિદ્યા વિષયની (Research and Post-Graduate) શાખા વગેરે સંસ્થાઓના તે પ્રમુખ હતા. હું વિદ્યાર્થી હતો ત્યારે તેમના પરિચયનો લાભ મળ્યો હતો અને આ ૬-૭ વર્ષમાં તેમનો નિકટ પરિચય થતાં તેમના હાથ નીચે અને તેમની પ્રેરણાથી ગૂ. વર્નાક્યુલર સોસાયટી, એજ્યુકેશન સોસાયટી વગેરે કાર્યક્ષેત્રોમાં સેવા કરવાનું સુભાગ્ય મને મળ્યું એ એક મોટી ઐશ્વરી જ કૃપા હું સમજું છું.

તેમનો ગૃહસ્થાશ્રમ બહુ જ થોડો ચાલ્યો હતો. સને ૧૮૮૨ માં—૧૪ વર્ષની ઉમરે—તેમનો પ્રથમ વિવાહ થયો. તેમના ઘરના જૂના રીતરિવાજો જોતાં આમાં આશ્ચર્યનું કાંઈ કારણ નથી. તે વખતની લોકપદ્ધતિ પ્રમાણે આ થયું. ૮ વર્ષ પછી તેઓ વિધુર થયા—સને ૧૮૯૧ માં (૨૩ વર્ષની ઉમરે) તેમનો દ્વિતીય વિવાહ થયો. ૧૯૦૩ માં દ્વિતીય પત્ની પણ અવસાન પામ્યાં. ૩૪ વર્ષની ઉમરે વિધુર થયા. આ વિવાહથી તેમને એક કન્યા અને બે પુત્ર એમ ત્રણ બાળકો થયાં હતાં. તેમણે ફરીથી વિવાહ ન કર્યો. ૩૪ વર્ષની ઉમરથી આમરણ વિધુરાવસ્થામાં રહી તેમણે અધ્યયન અધ્યાપનનું જ કાર્ય કર્યું. કેટલા મહાન અને મનોનિગ્રહી! તે વખતે

पुस्तकालय
गुरुकुल कांगड़ी

તેમણે તૃતીય વિવાહ કર્યો હોત તોપણ તે "લોકવિરુદ્ધ" થયું ન હોત. તેમના બન્ને પુત્ર વિદ્વાન અને સદ્‌ગુણી છે. વડીલ પુત્ર પ્રો. ધ્રુભાઈ ઑક્સફર્ડમાં શિક્ષણ લઈને આવ્યા છે, અને હમણાં ગૂજરાત કૉલેજમાં ઇંગ્લિશના પ્રાધ્યાપક છે. બીજા પુત્ર શ્રી. પ્રહ્‌લાદભાઈ M. A., LL. B. છે અને મુંબઈમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી વકીલાત કરનારા તરુણ ગૂજરાતી વકીલો-પૈકી એ એક છે. ન્યાયમૂર્તિ દ્વિવેટિયા ગુરુવર્ય આનંદશંકરભાઈના જમાઈ થાય. આ આખું જ કુટુંબ સંસ્કારી, મળતાવડું, મીઠા સ્વભાવનું અને પિતાને શોભા આપે એવું જ છે.

ગુરુવર્યની સાહિત્યસેવા અપ્રતિમ છે. તેમનો સર્વ લેખનવ્યવસાય ગૂજરાતીમાં જ છે. શુદ્ધ ગૂજરાતી ભાષા અને વિચારોનું ઉત્તમ મંડાણ આ ગુણ તો ખરા જ, પણ ગુરુવર્ય એટલે માત્ર માહિતીનો જ ભંડાર હતા એમ નહિ, પણ માહિતી સાથે સાથે સમર્થ ચિંતક (Thinker) પણ હતા. તેમનું લેખન વિચારપ્રવર્તક હતું. પ્રસિદ્ધ ગૂજરાતી સાહિત્યકાર સ્વ. મણિભાઇ નભુભાઇના 'સુદર્શન' નામના સામયિકમાં પ્રથમ તેઓ લખતા. સ્વ. મણિભાઈના મૃત્યુ પછી થોડાંક વર્ષો તેમણે તે ચલાવ્યું હતું. પછી ૧૯૦૨ માં તેમણે 'વસંત' નામનું માસિક શરૂ કર્યું અને તે ૧૯૩૮—૩૯ સુધી નિયમિત રીતે ચલાવ્યું. આ માસિકે ગૂજરાતી ભાષાની અને સાહિત્યની અપૂર્વ સેવા કરી છે. કલકત્તાના Modern Review માસિક પ્રમાણે આ ચાલતું હતું એમ કહીએ એટલે 'વસંત'ની યોગ્યતાની કલ્પના આવશે.

સને ૧૯૨૦ માં ગૂજરાતી સાહિત્ય પરિષદની બેઠક મળી તેના તેઓ સ્વાગતાધ્યક્ષ હતા. ૧૯૨૮ માં ૯ મી ગૂજરાતી સાહિત્ય પરિષદના તેઓ અધ્યક્ષ હતા. મદ્રાસમાં ભરાયેલી ૪ થી તત્ત્વજ્ઞાન કૉંગ્રેસ (Philosophical Congress) ના તેઓ પ્રમુખ હતા. તે પૂર્વે બનારસમાં ભરાયેલી બીજી કૉંગ્રેસના હિંદી વિભાગના અધ્યક્ષ હતા. હિંદુસ્તાનની બધી યુનિવર્સિટીઓના મંડળના તેઓ ૧૯૩૩ માં પ્રમુખ હતા. આવા પ્રકારના મહત્ત્વના અને વિદ્વત્પરિષદોના અધ્યક્ષત્વનું માન તેમને મળ્યું હતું, તે ઉપરથી તેમનીં વિદ્વત્તા અને વિદ્વાન લોકોમાં માન દરજ્જે કેટલો ઉચ્ચ હતો તેની કલ્પના આવશે.

ગુરુવર્યને જ્ઞાનાર્જન અને વાચનનું જબરદસ્ત વ્યસન હતું. ગમે તે નવી સુંદર ચોપડી તેમણે લીધી ન હોય અને વાંચી ન હોય એવું બને જ નહિ. તેમણે જે કાંઈ ધન પ્રાધ્યાપક તરીકે મેળવ્યું તેનો વિનિયોગ ગ્રંથસંગ્રહ કરવામાં જ થયો. તેમનો ગ્રંથસંગ્રહ અણમૂલો છે. પૈસાથી તેની કીમત કરવી યોગ્ય નથી. આ આખો ગ્રંથસંગ્રહ લોકોપયોગ માટે સાર્વજનિક સંસ્થાઓને આપવો એમ તેમનો વિચાર હતો. તે વિચારને અનુસરીને તેમના સુપુત્રો આ અમૂલ્ય ધન લોકોને અર્પણ કરવાના છે એ કહેવામાં આજે જો હું ખાનગી વાત જાહેર કરું છું એમ કોઈ કહે તોપણ તે ખાનગી જાહેર કરવાને ક્ષમા જ મળશે.[1]

તેમનું લેખન વિશાળ હતું. દળદાર ૯–૧૦ ગ્રંથો થાય એટલું તેમનું લેખન છે. "કાવ્ય-

---

[1] માન્ય. શ્રી. ગ. વા. માવલંકરનો આ લેખ લખાયા પછી તરત જ એ સમગ્ર ગ્રંથસંગ્રહ ગૂજરાત

તત્ત્વવિચાર " અને " સાહિત્યવિચાર " નામે તેમના કેટલાક લેખોનો સંગ્રહ કરીને ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીએ બે ગ્રંથ પ્રસિદ્ધ કરેલા છે. બીજા કેટલાક લેખોનો સંગ્રહ " દિગ્દર્શન" શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થનાર છે.[2] " આપણો ધર્મ "[3] નામથી એકત્રિત કરેલો લેખસંગ્રહ સંપાદન કરીને છાપવાનું કામ જલદી જ પૂરું થવા આવ્યું છે. આ સિવાય રાષ્ટ્રિય શિક્ષણ, અસ્પૃશ્યતા-નિવારણ, સ્વદેશી વગેરે અનેક વિષયો ઉપર 'વસંત'માંથી પ્રસંગોચિત લેખ પ્રસિદ્ધ થયેલા છે. બધા જ ચિંતનીય છે. સર્વત્ર વિચારપ્રવાહ સ્વતંત્ર છે. મહાત્મા ગાંધીજી વિશે અત્યંત પ્રેમ અને આદર હોઈ, જ્યાં જ્યાં મતભેદ થયો ત્યાં ત્યાં તેમણે તે વિનયયુક્ત પણ સંકોચ વગરની ભાષામાં વ્યક્ત કરેલો છે.

ગુરુવર્ય વ્યવહારજ્ઞ હતા અને લોકોમાંના બધાઓનો—તવંગરથી ગરીબ પર્યંત બધાનો—તેમના ઉપર વિશ્વાસ હતો. ૧૯૧૮ માં મિલમાલિકો અને અમદાવાદ મજૂર સંઘ એ બેમાં મતભેદ થતાં મજૂરોએ મોટો સંપ કર્યો. સંપની આગેવાની મહાત્મા ગાંધીજી પાસે હતી. મિલ-માલિકોના આગેવાન શેઠ અંબાલાલ સારાભાઇ—અમદાવાદના પ્રખ્યાત ઉદ્યોગપતિ—હતા. ગુરુવર્ય આનંદશંકરભાઈને પંચ તરીકે ચૂંટવામાં આવ્યા હતા અને બન્ને પક્ષોને માન્ય એવો ન્યાય તેમણે આપ્યો હતો. આ ઉપરથી તેમની વ્યવહારજ્ઞતા, ન્યાયપટુત્વ અને લોકપ્રિયતા સ્પષ્ટ થાય છે.

ગુરુવર્ય જૂની સંસ્કૃતિના અનુભવી, જૂના રીતરિવાજોમાં નાનપણથી મોટા થયેલા, જૂના રીતરિવાજોથી રહેનારા, પણ તે સાથે જ " पुराणमित्येव न साधु सर्वम् " નું ભાન રાખનારા હતા. ઘરમાં રોજ પ્રાતઃસ્નાન કરી, શુદ્ધ અને પવિત્ર બની દેવપૂજા, ભાગવતગ્રંથવાચન વગેરે કરતા. બીજાઓના હાથનું ભોજન વર્જ્ય, પણ આગળ જતાં પ્રવાસના પ્રસંગો આવવાથી કાશી ક્ષેત્રમાં નિવાસ થયો, ત્યારે જમણના કડક નિયમો ઢીલા કર્યા. અર્થાત્ નિયમોના મૂળમાંની શુદ્ધતાયે છોડી નહિ. તે ખાદીભક્ત હતા, અસ્પૃશ્યતાનિવારણને અનુકૂળ હતા. છોકરાને વિદ્યાભ્યાસ માટે વિલાયત મોકલ્યો તે કાંઈ મોટી નોકરી મળે માટે નહિ, એ તો માત્ર વિદ્યાર્જન માટે જ. તેમની વિચારમાળા રહસ્યગ્રાહક અને પ્રાગતિક હતી.

પોતાના ઘરના દેવાલય પાસે, ઇશ્વર સામે દૃષ્ટિ રાખીને દેવની સાંનિધ્યમાં પોતાનું મૃત્યુ આવે એવી ઇચ્છા. તે પ્રમાણે છેવટે એક દિવસ અગાઉથી જ તેમણે સૂચના કરી હતી! મૃત્યુને તે શાંતિથી અને નિર્વિકારપણે ભેટ્યા. મંગળવાર તા. ૭ ને રોજ બપોરે તેઓ મૃત્યુ પામ્યા. રવિવાર તા. ૫ ને રોજ રાત્રે હું તેમને મળ્યો. મને આશિષ આપી. અવાજ ઊંડો જતો

વર્નાક્યુલર સોસાયટીને અર્પણ થઈ ગયો છે, અને આજે ૩૫ મોટાં કબાટોમાં એ સંગ્રહ સુસ્થિત છે, એ ઉપરથી એ સંગ્રહની વિશાળતાનો ખ્યાલ આવી શકશે. —સંપાદકો

[2] ત્રીજો ગ્રંથ " દિગ્દર્શન " એ મથાળે ગયે વર્ષે છપાયો છે અને ચોથો " વિચારમાધુરી " છપાય છે. —સંપાદકો

[3] આ ગ્રંથ પણ ગયે વર્ષે જ છપાઈ ગયો છે. —સંપાદકો

હતો. થોડો વખત થોભીને તેમને વધારે તસ્દી ન પડે માટે "જઉં છું, આવતી કાલે સવારે આવીશ જ", એમ મેં કહ્યું. જરાક સ્મિત વદનથી બોલ્યા, "જરૂર આવો." મેં કહ્યું "સાંજે પણ આવીશ જ", ત્યારે બોલ્યા "સાંજનું ચોક્કસ ન કહેવાય." મૃત્યુ નજીક અને સામે છે એ જોયું છતાં પણ તેમની ભાવનાઓ સ્થિર હતી, મુદ્રા શાંત હતી. "પરમ દિવસે બે વાગ્યે છૂટો થઈશ" એમ અસ્પષ્ટ બોલ્યા. એને બદલે ૩–૫૫ વાગ્યે પ્રાણોત્ક્રમણ થયું. ઘરના દેવાલય પાસે, ઈશ્વરનું સ્મરણ અંતરાત્મામાં કરતા કરતા ! ધન્ય તેમનું જીવન. તેમના સ્મરણથી પણ ધન્યતા લાગે છે.

"**વસંત**"—રજત–મહોત્સવને વખતે મહાત્મા ગાંધીજીએ મોકલેલા સંદેશામાં તેમણે ગુરુવર્ય આનંદશંકરભાઈનું વર્ણન થોડામાં પણ યથાર્થ કર્યું છે. તે આપીને આ સ્મરણાંજલિ તેમને અર્પણ કરું છું.

"આનંદશંકરભાઈ સુધરેલા અને સનાતનીની વચ્ચે એક સુંદર પૂલ છે. તેની ઉપર આવ જા કરીને સહુ એક બીજાની ભેટ કરીએ છીએ. ભારતભૂષણ માલવીજીને આપણે આનંદશંકરભાઈ ને આપ્યા તેના કરતાં વધારે સારી ભેટ ન કરી શકત. પ્રાચીન અને અર્વાચીનનો ઠીક મેળ તેઓ સાધી રહ્યા છે."

---

[૧] મૂળ "समाजपत्रिका-(૧૯૪૨ એપ્રિલ)માં છપાયેલા મૂળ મરાઠી લેખનો તેમના ચિરંજીવી નરહરિએ ગૂજ. અનુવાદ આ કરેલો તે અહીં છપાવવામાં આવ્યો છે. —સંપાદકો

આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ

લેડી વિદ્યાબહેન ર. નીલકંઠ

સ્વ. આનંદશંકરભાઈ અમદાવાદના વડનગરા નાગરજ્ઞાતિના હોઈ બાલપણથી તેઓ અમને સહુને જાણીતા હતા. જોકે તેમનો અંગત પરિચય પ્રથમ બિલકુલ નંહોતો. તેમના પિતાશ્રી પ્રખર ધર્મચુસ્ત છે, એમ અમે જાણતાં હતાં અને એ વાતાવરણમાં સ્વર્ગસ્થ ઓતપ્રોત થયેલા. મારા માતામહ સ્વ. રા. બ. ભોળાનાથ સારાભાઈ (દિવેટીયા)નું કુટુંબ સુધારકમાં લેખાતું એટલે અને બંને કુટુંબો જ્ઞાતિનાં આગેવાન ગણાતાં હોવાથી કંઈક પ્રતિસ્પર્ધાનો ભાવ ઘરમાં કાયમ રહેતો એવી યાદ છે. સ્વ. ભીમરાવ ભોળાનાથ—પ્રોફેસર વીરમિત્ર દિવેટિયાના પિતા તે સ્વ. આનંદશંકરનાં બહેન સાથે પરણેલા. એટલે વીરમિત્ર તેમનાં ભાંડુઓ તેમ જ માતાને લીધે ઘણી વાતો એકબીજાની જાણવામાં આવતી અને તે પર ચર્ચાઓ પણ થતી. સ્વર્ગસ્થની પ્રથમ વીશી સંબંધે આ કથન છે.

સને ૧૯૯૧-૯૨માં એમ. એ.ની પરીક્ષામાં આનંદશંકરભાઈ ઉત્તીર્ણ થયા. અને ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક નિમાયા. ત્યારથી તેમના પ્રત્યેનો પૂજ્યભાવ અને માનની વૃત્તિ અમારા સર્વેની થઈ. ગુજરાત કૉલેજમાં વીસ એકવીસ વર્ષ અને લગભગ તેટલાં જ વર્ષ બનારસ યુનિવર્સિટીમાં આચાર્ય તરીકે તેમણે હજારો વિદ્યાર્થીઓનો સંપર્ક સાધ્યો હશે અને તેમના માનને પાત્ર બન્યા હતા. ગુજરાત કૉલેજમાં સંસ્કૃત તેમની પાસે શીખવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું અને ત્યારથી મારા અભ્યાસમાં એમણે અસાધારણ રસ લેવા માંડ્યો. તેના પુરાવા તરીકે, અમને બી. એ.માં ઐચ્છિક વિષયો—ફિલ્સૂફી શીખવવાનું પોતે માથે લીધું એ છે. સંસ્કૃત અંગ્રેજી સાહિત્ય વગેરેના અધ્યાપન ઉપરાંત ખાસ તૈયારી કરી અમારો અભ્યાસ તેમણે અત્યંત કાળજીપૂર્વક કરાવ્યો એ ઋણ અમે કદી ભૂલીએ તેમ નથી. આજથી ચાલીસ વર્ષની એ વાત છે. ગુજરાત કૉલેજમાં ફિલ્સૂફી ઐચ્છિક વિષય તરીકે શીખવવામાં નહોતી આવતી. દોઢસો વિદ્યાર્થીઓની બનેલી, કમિટીની વ્યવસ્થા નીચે ચાલતી, કૉલેજમાં—માત્ર સાત આઠ પ્રોફેસરોવાળી કૉલેજમાં ફિલ્સૂફી શીખવવાની ગોઠવણ નહોતી. આજે લગભગ આઠસો વિદ્યાર્થીઓ, ઓછામાં ઓછા વીસ પ્રોફેસરો, (આ માહિતી ચોક્કસ નથી) સરકારને લાખો રૂપિયાની સુપરત કરીને સરકારને સોંપેલી એ કૉલેજમાં ફિલ્સૂફી શીખવવા માટે હજી પણ સાધન નથી. ડૉ. આનંદશંકરે જે બોજો ઉઠાવવાનો માથે લીધો તે વર્ગો થોડા વર્ષ પછી બંધ પડ્યા. સંસ્કૃત અને પશ્ચિમની ફિલ્સૂફીની તુલનાત્મક માહિતી જોકે બી. એ.ના અભ્યાસક્રમમાં નહિ હોવા છતાં આચાર્યશ્રીના શિક્ષણમાં અમને કિંચિત્ મળેલી, અને તેમના અંગ્રેજી સાહિત્યના અત્યંત વિશાળ અભ્યાસનો અમે અનુભવ કરેલો. તેમના વિવિધ અભ્યાસનો પરિપાક 'વસંત'દ્વારા ગુજરાતીવાચક જનતાએ મેળવ્યો છે. સને ૧૯૦૨માં 'વસન્ત'

પત્ર પ્રકટ કર્યું, ત્યારથી લેખક તરીકેનું તેમનું જીવન શરૂ થયું. વાતચીતમાં તેઓ કહેતા કે ત્રીસ વર્ષની ઉમર થયા પછી જ લખવાનું શરૂ કરવું જોઈએ; તે પહેલાં પરિપકવ વિચારો ન બની શકે. 'વસન્ત' મારફત સેંકડો પૃષ્ઠો તેમણે પ્રકટ કરેલાં છે. 'સુદર્શન'માં પણ ઘણા લેખો તેમણે લખેલા છે. છતાં ગુજરાતી સાહિત્યને તેમની વિદ્વત્તાના પ્રમાણમાં સળંગ પુસ્તકો થોડાં પ્રાપ્ત થયાં છે. મારી પોતાની માન્યતા એવી છે કે ગુજરાતી ભાષાના વાચન કરતાં અંગ્રેજી ભાષાનું તેમનું વાચન અતિ વિસ્તૃત હતું, અને 'વસંત' માસિકે તેમની પાસેથી લેખો કઢાવ્યા ન હોત તો સ્વયં આટલા જથ્થામાં તેઓ ગુજરાતીમાં લખત કે નહિ તે કહી શકાય નહિ. આ હકીકત બીજા ઘણા લેખકોને પણ લાગુ પડે છે, અને તે સર્વનાં ઉત્તમ લખાણો આવી ફરજદ્વારા મળે છે એ સત્ય છે. દી. બ. કેશવલાલ ધ્રુવ કહેતા કે નવા ગુજરાતી સાહિત્યનો તેમને અલ્પ પરિચય છે અને ચાલુ સમયનાં માસિકો તેઓ જોતા નથી. 'વસંત' માસિકના તંત્રી અને તે પણ તે સમયનું એક પૂરું—કોઈ પણ પક્ષને નહિ રજૂ કરનારું—સર્વ ગુજરાતી લેખકોને પોતાના વિચારો દર્શાવવાની તક આપનારું માસિક, એના તંત્રીને આસપાસના સ્વસાહિત્યનું દુર્લક્ષ કરવાનું બની શકે નહિ. ગુજરાતી સાહિત્ય માટે ગર્વ ને પ્રેમમાં તેઓ કોઈને નમતું આપે તેમ નહોતું. છતાં એમણે લેખનવ્યવસાયનો આરંભ કર્યો ત્યાર પહેલાં અંગ્રેજી ભાષા અને સાહિત્ય સાથેનો સંબંધ એટલો ગાઢ થઈ ગયેલો કે તેમની શૈલી એક જુદા જ પ્રકારની અંગ્રેજી શૈલીના મરોડવાળી બનેલી હતી. વિચારપ્રાકટ્યને કદાપિ આથી વધારે વેગ મળ્યો હશે. વખતના વહેવા સાથે એ શૈલીએ પોતાનું સ્વતંત્ર રૂપ ધારણ કર્યું, અને 'વસન્ત'માં 'હિન્દહિતચિંતક'ની સંજ્ઞાથી લખાતા લેખો લાક્ષણિક અને મનનીય બન્યા.

સને ૧૯૨૦ માં તેમનું પ્રવૃત્તિનું કેન્દ્ર બદલાઈ બનારસ બન્યું. અમદાવાદના મર્યાદિત તથા સરકારી કૉલેજના ગૂંગળાવનારા વાતાવરણ બહાર જવાથી આ સંસ્કારી પુરુષનો અણધાર્યો અને વણકલ્પ્યો વિકાસ થયો એમ હું માનું છું. અમદાવાદને કદાચ નુકશાન થયું હશે—જોકે તે પણ સંશયગ્રસ્ત બીના છે, કેમકે વીસ વર્ષ સતત એક જ ધારું શિક્ષણનું કામ કર્યાં પછી, માણસ કંટાળી જાય તો આશ્ચર્ય પામવા જેવું નથી અને તે પણ જકડાયેલા તંત્રમાં. બનારસમાં સારા હિંદના નિષ્ણાતો સાથે ભળવાનો તેમને પ્રસંગ મળ્યો અને પ્રાચીન તથા અર્વાચીન ભાવનાનું સુયોગ્ય મિશ્રણ સાધતી હિંદની અજોડ સંસ્થાના સમ્માનનીય સંચાલકના હોદ્દા પર જવાથી મનની વિશાળતા, કલ્પનાનું દૂરગામીપણું (Vision) અને દેશના ગૌરવની ભાવના તેમનામાં સચોટપણે આવી ગયાં. દેશપ્રીતિનો જુવાળ પણ ત્યાંથી જ જોરમાં આવ્યો. પંડિત મદનમોહન માલવીયાના તેઓ બહુમાન્ય સહકાર્યકર્તા હતા. મહાત્મા ગાંધીજીએ તેમનું નામ સૂચવીને માલવીયાજીને તેમને બોલાવવાનો આગ્રહ કર્યો. તેથી આનંદશંકરભાઈના જીવનનો આ એક મહત્ત્વનો બનાવ બન્યો, જેથી પરોક્ષે ગુજરાતને પણ લાભ થયો. ત્યાં રહ્યે રહ્યે પણ ગુજરાતનું હિત રાતદિવસ તેમના ચિંતનમાં રહેતું. વેકેશનમાં અમદાવાદ આવી ઘણી ઘણી યોજનાઓ અને વિચારોની આપલે કરતા.

ગુજરાત કૉલેજમાં અમને નીતિશાસ્ત્ર (Ethics)નું શિક્ષણ આપવા માટે ભૂમિકા

તેમણે તૈયાર કરેલી હતી. સને ૧૯૧૩ માં ઇંગ્લાંડથી નીતિશાસ્ત્રવેત્તા, વ્યાવહારિક નીતિ (Practical Ethics) નું દિગ્દર્શન કરાવનાર મિ. એફ. જે. ગુલ્ડ (Gould) અમદાવાદ આવેલા તેમણે એવાં અસામાન્ય, હૃદયસ્પર્શી, વ્યાખ્યાનો આપ્યાં કે આચાર્યશ્રીને તેની પ્રબળ અસર થઈ અને ‘ નીતિશિક્ષણ , નામનો ગ્રંથ તેમણે રચ્યો. આમ મારું પોતાનું અનુમાન છે. ઘણાં વર્ષની ઓળખાણ છતાં મારે તેમની સાથે એટલું બધું અંતર રહેતું કે આવી બાબતો પૂછીને નક્કી કરવાની તક પણ મળેલી નહિ એ સ્વીકારું છું. આ દિશામાં એટલે કે નીતિશિક્ષણમાં કોઈ એ પ્રયત્ન કરેલો નહિ અને સૌ. શારદાબહેન મહેતાએ પ્રાચીન પુરાણોની બાળબોધક વાર્તાઓનો સંગ્રહ પ્રકટ કર્યો ત્યારે તેમના મનને અત્યંત આનંદ થયેલો. નવા વિચારનાં બહેન તરફથી આવો ગ્રંથ પ્રકટ્યો તેથી તેમને આશ્ચર્ય પણ થયું હશે.

સને ૧૯૩૨ ની સાલમાં હિંદુ યુનિવર્સિટી જોવા હું ગયેલી તે વખતે સ્વર્ગસ્થને ઘેર રહેવાનો લાભ મને મળેલો. મારા પ્રત્યે જે મમતા અને સદ્‌ભાવ તેમણે ત્યાં દર્શાવેલાં તેનું સ્મરણ હમેશ રહેશે. લખનૌમાં ભરાયેલી અખિલ હિંદ મહિલા પરિષદ All India Women's Conference ના પ્રમુખપદે મારી નિમણૂક થયેલી એ કાર્ય પતાવી બનારસ યુનિવર્સિટી જોવાની તક મેળવી. કાશીતીર્થ તો મેં ઘણાં વર્ષ પર જોયેલું અને પ્રાચીનતાપ્રિય હિંદુ ધર્મના સુરક્ષક આપણા આચાર્ય તે તીર્થસ્થાનમાં વાસ કરે છે એ માન્યતા સહિત હું ત્યાં ગયેલી, પરંતુ કાશી અને બનારસ યુનિવર્સિટી વચ્ચે તો દસ માઈલનું લગભગ અંતર હશે. વાતાવરણ પણ તદ્દન અકલ્પ્ય, અને આચાર્યશ્રી શિક્ષણસંસ્થાની કોઈ નવીન ગંગાના તટ પર રહેલા જણાયા. યુનિવર્સિટીના વિવિધપ્રાંતીય સ્ટાફ વચ્ચે તેમનું માનનીય સ્થાન જોયું. ગુજરાતનું પ્રતિનિધિત્વ અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓમાં અલ્પ હતું એટલે સ્વભાવિક રીતે મારી તરફના પક્ષપાતને લઈ તેમણે પોતાની પ્રાંતીય બહેનને બહુ મોટા પદ પર દર્શાવી દીધી. એ સર્વનો મેળાવડો કરી મારી અપ્રસ્તુતપ્રશંસા કરી જેને ખરી રીતે ગુજરાતની પ્રશંસા કરવાનો યોગ હું માની લઉં છું. બનારસમાં નહિ જોયેલાં સ્થળો સારનાથ વગેરે જાતે બતાવ્યાં અને યુનિવર્સિટીની બારીકમાં બારીક વિગતોની માહિતી આપી. ચારે તરફ પુસ્તકોના થોડા, ખડકલા અને તે સિવાય બીજા કોઈના પણ સહવાસ વગરના, હિંડોળાખાટે રાતદિવસ અભ્યાસમાં મચ્યા રહેલા એ મારા ગુરુવર્યને મારાં અનેક નમન છે.

અમદાવાદ શહેર વિસ્તાર પામતું ગયું અને એમાં વસ્તીના વધારા સાથે શાળામાં જનાર અને તેમાંથી ઉત્તીર્ણ થઇ કોલેજોમાં જનાર વિદ્યાર્થીઓની સંખ્યા દિવસે દિવસે વધવા લાગી. અહીંના રહેવાસી વિદ્યાર્થીને દુઃખ વેઠી ખરચ કરી બહાર ગામ ઉચ્ચ અભ્યાસ માટે જવાની જરૂર પડવા લાગી. તે સાથે યુવાનોની દેશપ્રીતિની ઉત્કંઠાને દાબી દેતા બનાવો શિક્ષણ સંસ્થાઓમાં બનવા લાગ્યા. ગુજરાતના દીર્ઘદર્શી શહેરીઓએ ગામેગામ ફરી તેમ જ શહેરમાંથી નાણાં ઉઘરાવી ઊભી કરેલી પોતાની શિક્ષણસંસ્થા તેમના હાથમાંથી સરી ગઇ હતી અને શહેરના દાનવીર શહેરીની બાદશાહી સખાવત વડે પુષ્ટ થયેલી સંસ્થામાં વિદ્યાર્થીઓનું માન ભંગ થાય તેવા કિસ્સાઓ બનતા હતા.

આ કારણોને લઈને કેટલાંક ભાઈબહેનોના મનમાં અમદાવાદમાં એક કરતાં વધારે કૉલેજની જરૂરિયાત લાગી. વિદ્યાર્થીઓની સંખ્યા તો દિન પર દિન વધવાની જ હતી. આ સંબંધી વિચાર કરવા મળીને આચાર્યશ્રી આનંદશંકરનો મત પુછાવ્યો. તેમણે મારા પર તારથી જવાબ વાળ્યો કે 'મારી સેવાઓ અમદાવાદ માટે સદા તૈયાર છે.' આ સંસ્થા મૂર્ત સ્વરૂપ પામી નહિ, પરંતુ ત્યાર પછી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સ્થપાઈ જે સંસ્થાના પ્રમુખ તરીકે આનંદશંકરભાઈએ પોતાના જીવનના અંત સુધી અત્યંત મમત્વથી કામ કર્યું એ સુવિદિત છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખનું સ્થાન દી. બ. કેશવલાલ ધ્રુવના અવસાનથી ખાલી પડ્યું, જેના પ્રમુખ તરીકે પણ તેમણે તેમાં living interest એટલે કે જીવંતરસ લઈ તે વડે એ પદને શોભાવ્યું. એ સંસ્થાને સ્થાપન થયાને લગભગ શતાબ્દી વીતવા આવી છે એટલે તેની પ્રગતિનું વલણ સમયાનુસાર નવા પંથે દોરવાનું માન સ્વર્ગસ્થને ઘટે છે. એના ઉત્સાહી અને ખંતીલા ભૂતપૂર્વ આસિસ્ટંટ મંત્રી સ્વ. રા. હીરાલાલ પારેખને એ સંસ્થાના વિકાસ માટે જે જે સ્વપ્નાં હતાં તે તેમણે સ્વર્ગસ્થ આચાર્ય આગળ રજૂ કર્યાં. મુંબાઈ સરકારે દખ્ખણ કૉલેજને અનુસ્નાતક કૉલેજમાં ફેરવી નાંખી તે કાર્ય માટે અલાહેદી ગ્રાન્ટ આપવાનું નક્કી કર્યું. પ્રધાનમંડળના અનુકૂળ સંજોગો આવી મળવાથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને બાર હજારની વાર્ષિક ગ્રાન્ટ સરકાર તરફથી મળવાનું નક્કી થયું. શરૂઆતની સ્થાપના માટે આઠ હજાર રૂપિયાની ખાસ ગ્રાન્ટ મળી. આ સહાયતાને પરિણામે મુંબાઈ યુનિવર્સિટીએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને સંશોધન (Research) અને અનુસ્નાતક (Post-graduate) અભ્યાસનું કેન્દ્ર બનાવવાની પરવાનગી આપી. આ સંસ્થામાં નેવું વર્ષ પછી નવીન પ્રાણસંચાર થવાથી આચાર્યશ્રીને ઘણો સંતોષ થયો, તથાપિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી સ્થપાય એ ભાવના તેમના મનમાં અગ્રસ્થાને હતી. મહારાષ્ટ્રિયો પૂનામાં મહારાષ્ટ્ર યુનિવર્સિટી સ્થાપવા પ્રયત્ન કરી રહ્યા છે તેવા પ્રયાસ આપણે પણ કરવા જોઈએ એમ તેઓ વારંવાર કહેતા, પરંતુ પોતાની લથડી ગયેલી તબિયતને લઈને, જાતે દોડધામ કરી શકાય તેમ નહોતું. બાકી તેમની પ્રતિષ્ઠા એટલી બધી હતી, અમદાવાદના ધનિકોમાંથી ઘણાકને તેમની કાર્યનિષ્ઠા પર એટલી શ્રદ્ધા હતી કે સ્વસ્થ દેહે તેઓનું જીવન લંબાયું હોત તો આ ભાવના જરૂર ટૂંક સમયમાં અમલમાં મૂકવા તેઓ શક્તિમાન થાત.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ગુજરાત યુનિવર્સિટીની પ્રવૃત્તિનું મધ્યબિન્દુ થવા યોગ્ય છે એમ તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી અને એ સંસ્થા પ્રત્યે પોતાનો ખાસ પક્ષપાત હતો તેને લઈને જ તેઓએ પોતાનો કીમતી અને વિવિધ પુસ્તકોથી સમૃદ્ધ એવો પુસ્તકસંગ્રહ એને ભેટ આપ્યો છે, જે એ સંસ્થાની બઢતીમાં જરૂર ઉપયોગી થઈ પડશે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો દરજ્જો વધ્યો, ઉચ્ચ શિક્ષણનો તેમનો પ્રિય વિષય એમાં પ્રવેશ પામ્યો એથી કરીને એ સંસ્થા તરફની એમની મમતા અનેકગણી વધી ગઈ એમ એમની વાતચીત પરથી જણાઈ આવતું. પોતાની માંદગીને બિછાનેથી પણ તેની કાળજી તેઓ સતત કરતા. હરીફરી ના શકાય તો વિદ્યાર્થીઓ તેમ જ અધ્યાપકોને પોતાને ત્યાં બોલાવી યોગ્ય શબ્દોમાં પ્રોત્સાહન આપતા. 'વસંત' માસિક

તો બંધ પડી ગયું હતું. એજ્યુકેશન સોસાયટીનું કામ તેમને ફાળે બનતાં સુધી ઘણું પડવા દેતા નહિ—સિવાય કે ખાસ અધ્યાપનને લગતું, અધ્યાપકોની નિમણૂકો વગેરે—એટલે તેમની રાત દિવસની મમતા અને કાળજીનો વિષય તે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના નવા વર્ગો હતા. તેમાં કેમ કામ ચાલે છે, કેવી વ્યવસ્થાથી એનો ઉત્કર્ષ સાધવો વગેરે સલાહ તેઓ હંમેશ આપતા. તેમના અવસાનના એક દિવસ અગાઉ, તેમનું સ્વાસ્થ્ય બગડયું છે એમ જાણી ખબર કાઢવા ગયેલાં ત્યારે પણ તેઓએ આ વર્ગો સંબધે પૂછપરછ કરી ને અમે જે કાંઈ અભિપ્રાય માગ્યો તે સારી રીતે આપ્યો. પોતાની હાર્દિક આશિષ તેને આપી. પ્રમાણમાં દીર્ઘકાળ હોદ્દે નહિ રહેલા છતાં તેમણે ગુજરાત વર્નાક્યુલર સેસાયટીના ઇતિહાસમાં જે ઉજ્જવલ પ્રકરણ ઉમેર્યું છે અને તેનું સ્થાન ઊંચું કરવામાં પોતાની સેવાદ્વારા ફાળો આપ્યો છે તે ભવિષ્યમાં ગુજરાત પ્રાંતની પ્રગતિમાં નોંધવા લાયક રહેશે.

આચાર્ય ડૉ. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવના જીવનનો પરિચય

રા. સા. જનુભાઇ અચરતલાલ સૈયદ

સ્વ. ડૉ. આચાર્ય આનન્દશંકર બાપુભાઈ ધ્રુવના સ્મારક રૂપે અત્રેની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સદ્ગતના મિત્રો, સ્નેહીઓ, પ્રશંસકો, સંબંધીઓ ૪૦ ને વિજ્ઞાપ્તપત્રો લખી લેખો મંગાવી એક ગ્રંથ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે. મને પણ સૂચના થઇ છે. સદ્ગતનો હું નિકટનો સગો હોવાથી તટસ્થ રહેવાનો મારો વિચાર હતો; પરંતુ કેટલાક મિત્રોની સૂચના થવાથી આ લેખ લખવા પ્રેરાયો છું.

સ્વ. ડૉ. આચાર્ય આનન્દશંકર બાપુભાઈ ધ્રુવનો જન્મ સંવત ૧૯૨૫ ના માઘ માસની શુક્લ પક્ષની નોમ (૨૨–૧–૧૮૬૯) ના દિવસે થયો હતો. તેમના પિતા સ્વ. બાપુભાઈ દયાશંકર વડનગરા નાગર જ્ઞાતિના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતા. કાઠિયાવાડ એજન્સીમાં દફતરદારના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા બાદ વડોદરા સરકારની નોકરીમાં માનવંતા હોદ્દા ઉપર નિમાયા હતા. અંગ્રેજીનું જ્ઞાન નહોતું છતાં પોતાના ઉપરી અધિકારીઓ તેમની કાર્યદક્ષતાથી સંતુષ્ટ હતા, અને "રાવ સાહેબ"નો ઈલ્કાબ બક્ષ્યો હતો. તેમને છ પુત્રીઓ હતી અને સ્વ. ડૉ. આનન્દશંકરભાઈ એકના એક પુત્ર હતા. પિતાનો તેમના પ્રત્યે બહુ પ્રેમ હતો. મુંબઇ પરીક્ષા આપવા જતા ત્યારે તેમની નાની ઉમર અને પિતાના વાત્સલ્યના પરિણામે તેમને એકલા મોકલતા નહિ. પ્રિવિયસની પરીક્ષા વખતે આખું કુટુમ્બ તેમની સાથે મુંબઇ ગયું હતું, કેમકે તેમની પ્રકૃતિ અસ્વસ્થ હતી. મારી માતાનું નાની વયમાં અવસાન થવાથી હું, મારાં બહેન સ્વ. સૌ. રમુબા તથા લઘુ બન્ધુ શ્રીયુત લીનુભાઈ (લીનકરરાય) મોસાળમાં ઊછર્યાં. મોસાળમાં રહેવાનું પ્રાપ્ત થવાથી સ્વર્ગસ્થના જીવનપ્રસંગોની માહિતી હોવાથી આ લેખ લખવા પ્રેરાયો છું.

નાનપણથી સદ્ગતને 'મામા' તરીકે સંબોધેલા માટે આ લેખમાં ક્વચિત્ એ શબ્દનો પ્રયોગ થાય તો વાચકવર્ગ ક્ષમા કરશે.

ગૃહજીવન

પિતાના મોંઘા પુત્ર હોવાથી તેમનું બાલજીવન સુખી હતું. સંસ્કારી અને ધાર્મિક જીવન ગાળનાર પિતાના આ પુત્રનું જીવન નાનપણથી જ પવિત્ર, સંસ્કારી અને ધાર્મિક બન્યું. તે વખતની રૂઢિને અનુસરી તેમનાં ઉપનયન સંસ્કાર તથા લગ્ન નાની ઉમરે કરવામાં આવ્યાં હતાં. પ્રથમ પત્ની (સ્વ. સૌ. અંદુબા)થી એક પુત્રી અને એક પુત્ર સંતાનરૂપે જન્મ્યાં. પુત્ર જન્મ બાદ નાની વયે અવસાન પામ્યો. પુત્રી (સૌ. ચીનુબા) હાલ હયાત છે. બીજી વારનું લગ્ન ગ્વાલિયરના મુનશીજી અત્રેના નાગર ગૃહસ્થ ભગવંતરાવ ગણપતરાવનાં પુત્રી શ્રીમતી અમીરબા સાથે

થયું હતું. આ લગ્નથી સંતતિમાં બે પુત્રો (શ્રીયુત ધ્રુભાઈ ને શ્રીયુત પ્રહ્લાદભાઇ) અને એક પુત્રી (સૌ. જોલી બહેન) છે. સ્વ. સૌ. મામી (સૌ. અમીરબા) અકસ્માત્ ક્ષયવ્યાધિગ્રસ્ત થયાં. મુ. સ્વ. મામાને કૉલેજની નોકરી ચાલતી હતી. દાક્તરી સલાહ હવાફેરની થઈ. આબુ આખું કુટુમ્બ ગયું. પોતે અવારનવાર રજાના દિવસોએ આવી જતા. દર્દ જીવલેણ સ્વરૂપનું જણાયાથી બધાં અમદાવાદ આવ્યાં. પરિણામે સન ૧૯૦૩—સંવત્ ૧૯૫૯ના ભાદરવા વદ ૪ને દિવસે સૌ. અમીરબા (મામી) સ્વર્ગસ્થ થયાં. આ આઘાત તેમને અસહ્ય લાગ્યો. સંસારી જીવન તરફ વિરક્તિ થઈ. માતાની ઇચ્છાનો અસ્વીકાર કરી ૩૫ વર્ષની જુવાન વયે વિધુર સ્થિતિ કાયમની અંગીકાર કરી, અને બ્રહ્મચર્યનું જીવન ગાળ્યું. માતાવિહોણાં નાનાં બાળકોને ઉછેરવાનું કાર્ય સ્વહસ્તક લીધું અને પોતાની માતાની સહાયતાથી સુંદર રીતે બજાવ્યું. પોતાની નોકરી, ખાનગી પ્રવૃત્તિઓ, અને વિદ્યાવિલાસી જીવનમાંથી અવકાશ મેળવી પોતાનાં બાળકોને અંગત કાળજીથી ઉછેર્યાં.

પ્રથમથી જ દેવપૂજા કરનાર, ધાર્મિક જીવનવાળા, સ્વ. મુ. મામાને દ્વિતીય પત્નીનું અવસાન દુઃખદ લાગવાથી પૂજાક્રમમાં વધુ સમય ગાળી ઈશ્વરભક્તિમાં દોરાયા. પ્રતિદિન પ્રાતઃસ્નાન કરી દેવપૂજાથી પરવારી શ્રીમદ્ભાગવત, શ્રીરામાયણ, શ્રીમહાભારત, ઉપનિષદ, વેદ પુસ્તકો, ગીતાજી ઇત્યાદિ પુસ્તકોનું રોજ દેવમંદિરમાં વાચન, અધ્યયન કરતા અને નોટબુકોમાં નોંધ લખતા.

વિદ્યાર્થિજીવન

તેમના સમયની રૂઢિ અનુસાર ગામઠી નિશાળમાં દાખલ થઈ પછીથી ગુજરાતી નિશાળનો અભ્યાસ પરિપૂર્ણ કરી, મિડલ સ્કૂલમાં અંગ્રેજી શિક્ષણનો પ્રારંભ કર્યો. તે વખતના હેડ માસ્તર સૂરતના નાગર સ્વ. રેવાશંકર હતા. હાઈસ્કૂલમાં તેમના એક વર્ગશિક્ષક મિ. ખંભાતા હતા. હાઈસ્કૂલમાં પોતે નિપુણ વિદ્યાર્થી મનાતા. શિક્ષકોનો પ્રેમ સંપાદન કર્યો હતો. આ હકીકત મારા સ્વ. પિતાશ્રી જે તેમના શિક્ષકો પૈકી એક હતા, તેમની વાતચીતથી સાંભળેલી તેમ જ સ્વ૦ના સહાધ્યાયીઓની વાત ઉપરથી વર્ણવી છે. ઇસ્વીસન ૧૮૮૫માં મેટ્રિકની પરીક્ષા માનભેર પસાર કરી. આખી યુનિવર્સિટીમાં બીજે નંબરે ઉત્તીર્ણ થયા હતા. વધુ અભ્યાસ માટે મીરજાપુર રોડ ઉપર તે વખતે આવેલી ગુજરાત કૉલેજમાં દાખલ થયા. કૉલેજની લગભગ બધી પરીક્ષાઓ પહેલે વર્ષે પાસ કરી હતી. માત્ર ફર્સ્ટ બી. એ.માં એક સાલ નિષ્ફળ પરિણામ આવવાથી ઘણા જ દિલગીર થયા. તેમના એક સહાધ્યાયી ઉત્તીર્ણ થયા. આ મિત્રથી છૂટા પડ્યા તે દિલગીરીનું એક વિશેષ કારણ પણ હતું. પ્રિન્સિપાલ સાહેબની ભલામણથી ફર્સ્ટ બી.એ. અને બી. એ.ની પરીક્ષા એક સાથે આપવાની મંજૂરી મળી. બંનેમાં સફળ પરિણામ પ્રાપ્ત કર્યું. સાંભળ્યા પ્રમાણે બી. એ. ઇ. સ. ૧૮૮૯માં પસાર કરી. એમ. એ. ની પરીક્ષા ૧૮૯૨ માં અને એલએલ. બી. ઇ. સ. ૧૮૯૭માં પસાર કરી. વિદ્યાર્થિજીવનમાં સંસ્કૃત એમનો પ્રિય વિષય હતો. હાઇસ્કૂલમાં શ્રીયુત ભાસ્કર શાસ્ત્રી અને કૉલેજમાં પ્રો. કાથવટે, તથા મુંબઈમાં થોડા વખત ડૉ. ભાંડારકર પણ તેમના સંસ્કૃતના વિષયના અધ્યાપકો હતા. બી. એ. ની પરીક્ષા પસાર કર્યા

પછી એમ. એ.માં ઉત્તીર્ણ થયા. એક અણધાર્યા પ્રસંગને પરિણામે નોકરીની શરૂઆત થઇ. તેમનું ધ્યેય વકીલાતનો ધંધો કરવાનું હતું, પરંતુ ગુજરાત કૉલેજના સંસ્કૃતના અધ્યાપક પ્રો. કાથવટે ટૂંક સમયની રજા ઉપર જતા હોવાથી કામચલાઉ અધ્યાપક નીમવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. ગુજરાત કૉલેજનું તંત્ર તે સમયે એક બોર્ડના હસ્તક હતું, જેમાં કલેક્ટર પ્રમુખ ગણાતા અને શહેરના કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થો સભ્ય હતા. અરજીઓ મંગાવવામાં આવી. મુ. મામાનો નોકરી કરવાનો બિલકુલ વિચાર ન હોવાથી અરજી કરી નહોતી. પ્રો. કાથવટેનો તેમના જ્ઞાન અને લાયકાત વિશે ઊંચો અભિપ્રાય હોવાથી સ્વ. મુ. મામાને નીમવા તેમણે ભલામણ કરી. સંદેશો આવ્યો. મને સ્મરણ છે કે એક બે ગૃહસ્થો જે બોર્ડમાં સભ્ય હતા તે સદ્‌ગત મામાના પિતાશ્રીને મળ્યા. પિતાની ઇચ્છા માન્ય રાખી. હંગામી જગ્યા હોવાથી તે સ્વીકારી. આ જગ્યા કાયમની ખાલી પડી. ફરી નિમણૂકનો પ્રશ્ન ઊભો થયો. પોતે નાખુશ હતા. ફરી દબાણનો પ્રયોગ શરૂ થયો, અને મિત્રો તથા સ્નેહીઓ સાથે રાત્રે ત્રીજા માળની અગાશીમાં વાર્તાવિનોદ કરતા હતા તે વખતે કલેક્ટરની ઑફિસના કલાર્ક અમારી જ્ઞાતિના તેમના સમવયસ્ક શ્રી. ચંદુલાલ જીભાઈ મુ. મામાની નિમણૂકની વાત લાવ્યા. હું હાજર હતો અને મેં તે દૃશ્ય જોયું હતું તથા મિત્રોની ચર્ચા સાંભળી હતી. નિષ્પક્ષપાતપણે મારે કહેવું જોઇએ કે પોતે તદ્દન અસ્વીકારની વૃત્તિવાળા હતા, પણ વકીલાતને બદલે નોકરી કરવાનું નિર્માણ થયેલું હોવાથી બોર્ડે બીજા હરીફોની નિમણૂક ન કરતાં સદ્‌ગત મુ. મામાની પસંદગી કરી. કૉલેજના અધ્યાપક તરીકે ઇ. સ. ૧૮૯૫ થી ૧૯૧૯ સુધી રહ્યા. થોડોક સમય પ્રિન્સિપાલ તરીકે પણ નિમાયા હતા. આ નોકરી દરમિયાન સંસ્કૃત ઉપરાંત અંગ્રેજીનો વિષય પણ શીખવતા. ન્યાય અને તત્ત્વજ્ઞાનના વિષયના અધ્યાપકને અભાવે કેટલાક વિદ્યાર્થીઓને અમદાવાદની બહાર જવું ન પડે તે માટે એ વિષયનું શિક્ષણકાર્ય પણ સ્વેચ્છાથી સ્વીકાર્યું, નોકરીમાંથી નિવૃત્ત થતાં અગાઉ તેમની એલ્ફિન્સ્ટન કૉલેજમાં બદલી થઈ ને ત્યાંથી તેમની પસંદગી બનારસ હિન્દુ યુનિવર્સિટીના આચાર્ય તરીકે પંડિત માલવીયાજીએ કરી. નિવૃત્ત થતાં અગાઉના સમય માટેની રજા લઈ બનારસ—કાશી વિદ્યાપીઠની સેવામાં જોડાયા. આ નિમણૂક કેવા સંજોગોમાં થઈ તે હકીકત પણ જાણવા લાયક છે. બનારસ યુનિવર્સિટીનું તંત્ર અવ્યવસ્થિત ચાલતું હતું. કેટલાક આચાર્યો અલ્પ સમય નોકરી કરી રાજીનામું આપતા. પંડિતજીને જણાયું કે પંજાબ, યુ. પી., બંગાળ. મદ્રાસ પૈકી કેટલાકમાંના નિષ્ણાતોને નીમ્યા પણ વસ્તુસ્થિતિમાં ફેર ન પડ્યો. મુંબઈ ઇલાકા તરફ નજર ફેરવી. મહાત્મા ગાંધીજી તથા સ્વ. સર લલ્લુભાઈ સામળદાસને પત્ર લખી યોગ્ય વ્યક્તિનું નામ સૂચવવા વિજ્ઞપ્તિ કરી. બન્નેએ સ્વતંત્ર રીતે સદ્‌ગત મુ. મામાનું નામ સૂચવ્યું. પત્રવ્યવહાર ચાલ્યો અને આચાર્યપદે નિમાયા. આ પદે ઇ. સ. ૧૯૩૭ સુધી રહ્યા. જે સ્થાને બીજા પ્રાન્તોના પ્રતિષ્ઠિત અને યુનિવર્સિટી-પદવીધારીઓ અલ્પ સમય જ ટકી શક્યા તે સ્થાન તેમણે લગભગ ૧૮ વર્ષ ભોગવ્યું, ને અભ્યાસની જુદી જુદી શાખાઓના અધ્યાપકો અને આચાર્યોની પ્રીતિનું પાત્ર બન્યા, એટલું જ નહિ પણ બધાનો આદરભાવ તથા મમતા મેળવી. વિશ્વવિદ્યાલયનું નાવ ખરાબામાં અથડાઈ ભાગી

ન જતાં વિશેષ દૃઢ, ચિરસ્થાયી અને ઇષ્ટ માર્ગે હંકાર્યું. દરેક અધ્યાપક સાથે મિત્રભાવે વર્તતા. થોડા સમય ઉપર પંડિત માલવીયાજીની નિવૃત્તિ અને સર રાધાકૃષ્ણન સર્વપલ્લીની નિમણૂકને અંગે એક સમારંભ યોજાયો હતો, તે વખતે પોતાની નાદુરસ્ત તબિયત છતાં બનારસ જવા નિર્ણય કર્યો. સાથે મારે જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. આઠ કે દસ દિવસ રહ્યા, એમાં મેં શું જોયું? સ્વ. મુ. મામા પ્રત્યે ત્યાં હાજર રહેલા જૂના વિદ્યાર્થીઓ,–ત્યાંના તેમના વખતના જૂના અધ્યાપકો વગેરેનો તેમના તરફ પૂજ્યભાવ, સ્નેહ ઇ૦ વાળી મુલાકાતો પુષ્કળ થતી. પોતે પણ એક સરખી કક્ષાના અધ્યાપક હોય તેમ બધાને મળ્યા. તે વખતે તેમના માનમાં યોજાયેલા કેટલાક સમારંભોમાં auto-graphની પડાપડી એટલી બધી થતી કે સંચાલકો, વિદ્યાર્થીઓ, અને વિદ્યાર્થિનીઓને વધુ પરિશ્રમ ન આપવા વિનંતી થતી.

કાશી વિશ્વવિદ્યાલયની તેમની સેવા, પ્રતિષ્ઠા, કાર્યદક્ષતા, લોકપ્રિયતા એટલી બધી સુવિદિત છે કે મારા જેવી નિકટ સગપણ ધરાવનાર વ્યક્તિના ઉદ્‌ગાર એકપક્ષી મનાય. ત્યાં પોતે પ્રો-વાઈસચેન્સેલર હતા અને તેમની વિદ્વત્તાની કદર રૂપે ડી. લિટ. ની પદવી તેમને એનાયત થઈ હતી.

ઇ. સ. ૧૯૩૭ માં કાશીથી નિવૃત્ત થઈ અમદાવાદ આવ્યા. અમદાવાદમાં પણ વિદ્વત્તાને લીધે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તથા સ્થાનિક એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ નિમાયા. આ બન્ને સંસ્થાને સદ્‌ગતની સલાહ તથા પ્રવૃત્તિથી જે આબાદી પ્રાપ્ત થઈ તે સંચાલકોને વિદિત છે.

તેમનું જ્ઞાન એકદેશીને બદલે સર્વદેશી હતું. માત્ર સંસ્કૃત ભાષા સાહિત્યના જ્ઞાન ઉપરાંત અંગ્રેજી ભાષા સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનું વાચન–અધ્યયન સંગીન હતું. વાચનપદ્ધતિનું ખાસ લક્ષણ એ હતું, કે પોતાને જે વિષયજ્ઞાનનું અધ્યયન અપૂર્ણ જણાય તે પરિપૂર્ણ કરતા. તેમનું સંસ્કૃત જ્ઞાન વિશાળ હતું. છતાં એક વર્ષ મિથિલાના શાસ્ત્રી અમદાવાદ આવેલા ત્યારે તેમને ઉતારે જઈ, સિદ્ધાન્ત કૌમુદી, તર્કશાસ્ત્ર ઇ૦ વિષયો શીખ્યા હતા. ટૂંકામાં સંસ્કૃત ભાષાજ્ઞાન ઊંચા તથા પરિપૂર્ણ સ્વરૂપનું હતું. પ્રો. કાથવટે નિવૃત્ત થયા ત્યારે સંસ્કૃત શ્લોકોથી તેમનાં ગુણગાન કર્યાં હતાં. પંડિત માલવીયાજીએ તેમને નિમણૂક સંબંધી પત્ર લખેલો તેમાં એક સંસ્કૃત શ્લોકથી તેમનાં વખાણ કરી આચાર્યપદવીસ્વીકારની સંમતિ પુછાવી હતી. સદ્‌ગત મામાએ સંસ્કૃત શ્લોક દ્વારા ઉત્તર આપ્યો હતો. પોતાના પિતાના તથા માતાના અવસાનની ક્રિયા બાદ એક બ્રાહ્મણસભા બોલાવી હતી. તેમાં ચર્ચાવિવાદ સંસ્કૃત ભાષામાં થયો હતો. સદ્‌ગત મામા સંસ્કૃતમાં વાત કરી શકતા તેથી પોતે ચર્ચામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત તે અંગ્રેજી ભાષાનાં સાહિત્ય, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન ઇ૦ નાં પુસ્તકો વાંચી જ્ઞાનની વૃદ્ધિની વિશાળતા તથા સંગીનતા ચૂકચા ન હતા. પુસ્તકો જાતે ખરીદતા. તેમનું ખાનગી પુસ્તકાલય જુદી જુદી ભાષાનાં ઉત્તમ તથા ઉપયોગી પુસ્તકોવાળું હતું. કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તેમ જ અન્ય વિષયોના અધ્યાપક તરીકેની તેમની ખ્યાતિ અને વિદ્યાર્થીઓનો આદર તથા પૂજ્યભાવ સુવિદિત છે.

અત્રેની કૉલેજમાં અધ્યાપક હતા ત્યારે સાંજના ગુજરાત ક્લબમાં રોજ જતા. તેમના જૂના સહાધ્યાયી મિત્રો–સ્વ. મણિલાલ ભગુભાઈ, સ્વ. પાટીલ, સ્વ. નવલશંકર, સ્વ. જીવણલાલ વ્રજરાય,

રા. મૂળચંદભાઈ આશારામ વગેરે ભેગા બેસી વાર્તાવિનોદ અને ચર્ચા કરતા, જેમાં યુવક વર્ગ પણ રસ લેતો.

વિશિષ્ટ બાબતો

પોતાના શરૂઆતના વિદ્યાર્થિજીવનમાં એટલે મેટ્રિક્યુલેશન પરીક્ષામાં પાસ થયા ત્યાંસુધીમાં અંગત મિત્રોમાં રા. મૂળચંદભાઈ આશારામ, સ્વ. ડાહ્યાભાઇ શાહપુરનિવાસી અને. સ્વ. ડાહ્યાભાઈ બ્રાહ્મણ સજ્જન જે એમની જ પોળમાં રહેતા હતા તે હતા. ત્યાર બાદ તેમની મૈત્રી પાટણના નાગર ગૃહસ્થ સ્વ. મોતીશંકર ઉદેશંકર ઘોઘારી અને સ્વ. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદીની બંધાઈ હતી, જે આજીવન કાયમ રહી હતી. પોતાનાથી ઉમરે મોટા એવા કેટલાક વિદ્દ્વર્યોમાં સ્વ. મુ. નરસિંહરાવભાઈ અને સ્વ. મુ. ગોવર્ધનરામભાઈ સાથેનો પરિચય અન્તે મૈત્રીરૂપે જ પરિણમ્યો હતો. મુ. નરસિંહરાવ એમનાં પ્રથમ પત્નીના સંબંધે સાઢુ હતા. ઉમરે મોટા હોવાથી નિકટ પરિચય ઘણાં વર્ષો સુધી સામાન્ય સ્વરૂપનો હતો; પરંતુ "સુદર્શન" અને "વસંત"નાં તંત્રિપદ લીધા પછી મુ. નરસિંહરાવભાઈનો પ્રેમ તથા મૈત્રી ગાઢ બન્યાં. સ્વ. પૂજ્ય ગોવર્ધનરામભાઈ સાથે પણ તેવી જ રીતે મૈત્રી ઉદ્દ્ભવી. બન્ને વડીલો તરફ પોતે આદરભાવથી જોતા અને સમ્માનતા. આ ઉપરાંત સ્વ. મણિલાલ નભુભાઈ સાથેનો પરિચય અદ્દ્ભુત પ્રસંગોમાં થયો હતો. પોતે યુનિવર્સિટીની એકાદ પરીક્ષામાં પરીક્ષ્ય હતા, પ્રો. મણિલાલ નભુભાઈ સંસ્કૃતના પરીક્ષક હતા. સ્વ. મુ. મામાના પ્રશ્નપત્રના ઉત્તરો વાંચી અત્યંત તુષ્ટ થઈ તેમની ઓળખાણ કરી. ત્યારથી પરિચયનો આરંભ થયો, પછી "સુદર્શન" માસિકમાં લેખો લખતા. આમ સંબંધ ગાઢ થયો. સ્વ. મણિલાલભાઈના વિશ્વાસપાત્ર સ્નેહી તરીકે તેમના અવસાન સમયે "સુદર્શન"નું તંત્રિપદ સોંપ્યું.

તે પત્ર કેટલોક સમય નિભાવ્યું. પછી સ્વ. મણિલાલના નાનાભાઈ માધવલાલને સોંપી પોતે "વસંત" માસિક શરૂ કર્યું. કોલેજનું તંત્ર સરકારહસ્તક સોંપાતાં સ્વ. સર રમણભાઈને તંત્રી તરીકેનું નામ છાપવા વિનંતી કરી, જે સર રમણભાઈએ ઉદાર દિલથી સ્વીકારી. આ ઉપકાર સ્વ. મામાએ અહર્નિશ સ્મરણમાં રાખ્યો હતો. સ્વ. મણિલાલ નભુભાઈ તથા સ્વ. નરસિંહરાવ વચ્ચે મતભેદો હતા, તેમ છતાં સ્વ. મુ. મામા બન્નેની પ્રીતિનું પાત્ર હતા. સ્વ. ગોવર્ધનરામભાઈ, સ્વ. કેશવલાલ હર્ષદરાય ધ્રુ, સ્વ. મણિશંકર રતનજી, પ્રો. બળવંતરાય ઠાકોર, સ્વ. સર રમણભાઈ, ઇ૦ વિદ્વાનો, ધાર્મિક અને સાહિત્ય ક્ષેત્રમાં જુદા મત ધરાવનારા અને પત્રો કે માસિકોમાં વિદ્વત્તાભરી ચર્ચા કરનાર, છતાં અરસપરસ માન તથા આદરભાવની લાગણી દર્શાવતા. સ્વ. મુ. મામાને ખાસ કરીને સ્વ. નરસિંહરાવ અને સ્વ. કેશવલાલ ધ્રુના સાહિત્ય વિષયને લગતાં અમુક મંતવ્યોમાં ચર્ચા ચાલેલી, છતાં તે સ્વ. મુ. મામાના તરફ સ્નેહભાવથી જ જોતા. આ આપણા વિદ્દ્વર્યોનાં પરસ્પર માન, પ્રેમ અને સ્નેહ.

કોલેજના અધ્યાપકોમાં સ્વ. આચાર્ય ધ્રુવને પ્રો. (સ્વ.) કાશીરામ દવે અને પ્રો. ભૂલાભાઈ

દેસાઈ સાથેનો સંબંધ **મૈત્રી** જેવો જ હતો. પોતાની નોકરીના આરંભનાં વર્ષોમાં સ્વ. દી. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા કૉલેજમાં ફેલો હતા તેમની સાથેનો સંબંધ મિત્રતાવાળો બન્યો હતો.

સ્વ. મુ. મામાની કેટલીક બીજી અંગત જાણવા લાયક બાબતો રજૂ કરવાની રજા લઉં છું.

પોતે પિતાના તથા માતાના વિનયી અને આજ્ઞાંકિત પુત્ર હતા. પિતાના અવસાન સમયે પોતે ઉમરમાં નાના હતા એટલે પિતૃસેવાના ખાસ પ્રસંગો નોંધ્યા નથી; પરંતુ તેમનાં માતુશ્રીની માંદગી લાંબી ચાલી, તેની સારવારમાં પોતાની એકે બહેન તેમ પોતાનાં પત્ની હયાત ન હોવાથી જાતે દેખરેખ રાખવી પડતી. પોતાનો પ્રિય ત્રીજો માળ તજી વચલે માળ બેઠક અને સૂવાની ગોઠવણ કરી. પિતાના અને માતાના અવસાન નિમિત્તે ધાર્મિક ક્રિયાઓ એ બે વ્યક્તિઓને અંગે જે કરી હતી તે સાચા દિલથી કરી હતી.

પોતે વિદ્વાન અને સંસ્કૃતના પ્રબળ જ્ઞાતા તેમ જ દરેક આચારને બુદ્ધિપૂર્વક તપાસીને સ્વીકારનાર, અંધશ્રદ્ધારહિત હતા. છતાં રૂઢિને માન આપી વર્ત્યા. પિતાનું અવસાન માગશર માસમાં થયેલું તે સમયની ટાઢને લીધે નદીસ્નાનમાં શરદી લાગુ પડી અને સખત માંદગીમાં ઝપટાયા. દાક્તરની સલાહથી તેલ, મરચું અને આંબલી ત્યજ્યાં. આ નિયમ જીવનપર્યંત પાળ્યો હતો, જે મુખ્યત્વે મનોબળને લીધે જ થઈ શક્યું.

મર્હૂમના જીવનમાં નજરે પડેલી કે બનેલ કેટલીક હકીકત રજૂ કરવાની રજા લઉં છું.

તેમનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન વિશાળ અને ઊંચા સ્વરૂપનું હતું. મેટ્રિકની પરીક્ષા પસાર કરી ત્યારે પ્રસિદ્ધ થયેલાં બધાં સંસ્કૃત પુસ્તકોનું અધ્યયન કર્યું હતું. પંડિતો સાથે ચર્ચા કે વાતચીત પણ સંસ્કૃત ભાષામાં કરતા. વેદોચ્ચારવાળા મુખપાઠી બ્રાહ્મણોને ખરી જ્ઞાનપદ્ધતિનો ઉપદેશ આપતા. પુસ્તકપ્રેમી જીવન હતું. ફેફસાંની નબળાઈ સુધારવા મળેલી સલાહથી સિતારશિક્ષણ મેળવતા હતા. સંગીત શ્રવણના શોખીન હતા. તેમના સહવાસમાં આવેલી વ્યક્તિઓ તેમના વાર્તાલાપ મધુર સ્વભાવ, વિનોદ ઇત્યાદિથી મુગ્ધ અને સંતુષ્ટ બનતી એમ પણ સાંભળ્યું છે.

સદ્ગત આચાર્ય ડૉ. આનન્દશંકરનું જીવન તથા વિદ્યાર્થિ-અવસ્થા નોકરી દરમિયાન બહુધા પુસ્તકવાચનમાં પસાર થતું. જીવનમાં બે ત્રણ વખત સખત માંદગીમાં સપડાયા હતા, છતાં નિત્યનિયમનું પાલન જાળવતા. પોતાની બહેનો તથા તેમનાં સંતાનોવાળા મોટા કુટુમ્બના એ વડીલ મનાતા. બે ભાણેજ ડૉ. પરમોદરાય ઇશ્વરરાય દ્વિવેટિયા તથા રા. વ્યકંટરાવ ભીમરાવ દ્વિવેટિયા સમવયસ્ક હતા. રા. વ્યંકટરાવ વર્ષ ઉપર સ્વર્ગવાસી થયા અને ડૉ. પરમોદરાય જે સદ્ગત મામાના અંગત દાક્તર હતા તે એક માસં ઉપર સ્વર્ગવાસી થયા. તેમના ભાણેજો પૈકી પ્રો. વીરમિત્ર દ્વિવેટિયા, ભાઇ લીનકરરાય અને હું હયાત છીએ. સદ્ગત મામા તરફ ભાણેજોનો આદરભાવ, તેમના ગુણોનું પરિણામ હતું. નાનપણમાં ઘોડા ઉપર સવારી કરી ફરવા જતા. વિદ્યાર્થી હતા ત્યારે સવારનો અભ્યાસ પરવારી ભોજન સમય અગાઉ, નહાઈ પૂજા પાઠ નિત્ય કરતા. પોતાના પુત્રો તથા પુત્રીઓ અને અન્ય કુટુમ્બીઓ પ્રત્યે સ્નેહભાવથી વાતાવિનોદ કરતા.

તેમણે નોકરી દરમિયાન ખોટી ખુશામત આચરી નથી. તેમના સહવાસમાં આવનાર મિત્રો, સ્નેહીઓ તથા અન્ય વ્યક્તિઓને તેમનામાં જ્ઞાન, વિદ્વત્તા, શાંતિ, વાર્તા વિનોદ ૯૦ ગુણો નજરે પડતા.

પોતાના નિત્યજીવનમાં ખાનગી વાચન તથા મિત્રમેળાપમાંથી સમય કાઢી ક્રિકેટ મેચો જોવાનો ઉલ્લાસ ઘણો હતો. પોતે બનારસ વિદ્યાપીઠમાં એક ‘ સિલ્વર કપ ’ આ નિમિત્તે અર્પ્યો છે એવું સાંભળ્યું છે.

પિતૃભક્તિ, માતૃસેવા, કુટુમ્બવત્સલતા, સૌજન્ય, વ્યવહારદક્ષતા ચૂક્યા નથી. તેમની છેવટની માંદગી ઉપરાંત જીવનમાં બીજી ત્રણ ચિંતાજનક માંદગી પ્રાપ્ત થઈ હતી. પ્રથમ માંદગી પોતાના પૂજ્ય પિતાશ્રીના અવસાન પછી તરત આવેલી જેને પરિણામે તેલ, મરચું, આંબલીનો દાક્તરી સલાહથી ' ત્યાગ થયો અને આ નિયમ જીવનપર્યંત પાળ્યો. બીજી માંદગી ત્રિદોષની મુંબઈમાં તેમના મિત્ર સ્વ. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદીના મુકામે પ્રાપ્ત થયેલી. પોતાના મિત્ર, સગાં, અને સ્વ. મુ. નરસિંહરાવભાઈ તેમ જ નિષ્ણાત દાકતરની મદદથી તેમાંથી બચ્યા. બનારસમાં તેવી જ સ્થિતિમાં સપડાયા હતા. પ્રભુકૃપાથી વ્યાધિમુક્ત થયા. છેવટ પોતાને લકવાનો ઉપદ્રવ થયો. પગના દુખાવે બહુ હરીફરી–જાતે ચાલી–શકતા નહિ. આ માંદગીમાં ડૉ. મોહીલેની સલાહ અને ડૉ. સિન્ધુવિહારી દ્વિવેટિયાની દેખરેખ નીચે ઉપચારો લેતા. પોતાના ભાણેજ જમાઈ ડૉ. મુકુન્દરાય સામળપ્રસાદ ઉપર શ્રદ્ધા હોવાથી જ્યારે તબિયત પૂછવા આવતા ત્યારે હકીકત કહી માવજત કરાવતા. આ છેલ્લી માંદગી લાંબી ચાલી. અસ્વસ્થતા પ્રાપ્ત થઈ. આ બધો સમય તેમની સારવાર તેમના પુત્રો, પુત્રીઓ, પુત્રવધુઓ અને અન્ય નિકટનાં સગાંઓએ કરી હતી. પુત્રવધૂઓની શુશ્રૂષા બદલ પોતે અનેક વખત સંતોષસૂચક ઉદ્‌ગારો કાઢતા. તેમની આવી પ્રકૃતિમાં પોતાના ભાણેજ લીનકરરાય જે ઘણો સમય હાજર રહેતા તેમની પાસે ગીતાજી કે ભાગવતનું વાચન કરાવતા. પ્રસંગોપાત્ત કીર્તન પણ તંબૂરાવાળાને બોલાવી સાંભળતા. વ્યાધિનું સ્વરૂપ બગડવાથી માત્ર ત્રણ ચાર દિવસના જ્વરને પરિણામે તા. ૭–૪–’૪૨ ને રોજ સાંઝે ૪ વાગ્યે સગાં, કુટુંબીઓ, સ્નેહીઓની હાજરીમાં સ્વર્ગવાસી થયા. માંદગીની સ્થિતિમાં વખતોવખત શેઠ અંબાલાલ સારાભાઈ, સૌ. સરલાદેવી બહેન, શેઠ કસ્તૂરભાઈ લાલભાઇ, શ્રીમતી લીલાવતી બહેન લાલભાઈ, શ્રીમતી મનોરમા બહેન, અન્ય કુટુમ્બીઓ તથા સર ગિરજાપ્રસાદ અને તેમનાં કુટુમ્બીઓ વગેરે અંગત સંબંધે હકીકત જોવા આવતાં. શ્રીમતી લીલાવતી બહેન અને શ્રીમતી મનોરમા બહેન સદ્‌ગત પ્રત્યે પૂજ્યભાવની લાગણીથી છેવટના દિવસોએ પણ તેમની સમીપ રહી સારવાર માવજત ચૂક્યાં નથી. છેવટની માંદગીમાં અસ્વસ્થ તબિયત છતાં સંબંધીઓની મુલાકાત તથા સ્નેહીઓ અને સંસ્થાસંચાલકો સાથે વાતચીત કે પ્રશ્નો પરત્વે અભિપ્રાય આપ્યા છે. તેમના સ્વર્ગવાસથી સાહિત્ય, કેળવણી વગેરે જે સંસ્થાઓના અધ્યક્ષ હતા તેને ખોટ જ પડી છે. તેમના પુત્રો, પુત્રીઓ અને અન્ય કુટુમ્બીઓને તેમની સલાહ તથા ઉપદેશની પણ ખોટ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પો.

આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ

સ્વ. આનંદશંકરને માટે ગુજરાતીમાં કાંઈ લખાય તો ગુજરાતી વિદ્વાનોમાં તેમનું શું સ્થાન એ વિશે જરૂર કાંઈ વિવેચન થવાનું. તેમના લગભગ તોંતેર વર્ષ જેટલા આયુષમાં તેમણે બેતાળીસ વર્ષ સુધી "સુદર્શન" અને "વસંત" એ માસિકોના તંત્રી તરીકે સતત કામ કર્યું છે, અને તે સમયમાં કેવળ કવિતા કે સાહિત્ય, નવલકથા કે નાટકની દૃષ્ટિથી નહિ પણ સમગ્ર દેશની સંસ્કૃતિ અને ઉન્નતિની દૃષ્ટિથી તેમણે ગુજરાતી વાઙ્મયની અવિરત સેવા બજાવી છે. તેમની મહત્તા કેવળ સાહિત્યકાર (સાક્ષર!)ની દૃષ્ટિએ જોનાર તેમને અન્યાય કરે છે; કારણ કે ગુજરાતી વાઙ્મયની સેવા ઉપરાંત તેમણે વિચારસંસ્કૃતિની સર્વદેશીય અને સમગ્ર દૃષ્ટિ હંમેશ પોતાની સમક્ષ રાખી છે. કેટલાએક સાહિત્યકારો પોતાના વિષયની બહાર ચંચુપાત કરવાને અશક્ય નીવડ્યા છે અને કેટલાકો તો શુદ્ધ સાહિત્યની સંકુચિત દૃષ્ટિમાં જ સર્વસ્વ માનતા શીખ્યા છે. ગુજરાતી સાહિત્યનું વાસ્તવિક સ્વરૂપ સમજનાર, અને શુદ્ધ સાહિત્ય ઉપરાંત તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને સંશોધનની યોગ્ય કીમત સમજનાર અને કદર કરનાર તેઓ પ્રથમ વિદ્વાન હતા. "વસન્ત" માસિકના તંત્રી તરીકે, કૉલેજમાં સંસ્કૃત અને તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે, કૉલેજના પ્રિન્સિપાલ તરીકે, અને બનારસ યુનિવર્સિટીના પ્રો-વાઇસચેન્સેલર તરીકે તેમનામાં વિહંગદૃષ્ટિ, હૃદયની વિશાળતા, અને કાર્યક્ષમ દૃષ્ટિ સુદૃઢ પ્રાપ્ત થઈ હતી, એટલું યાદ રાખીએ તો જ તેમના જીવનની મહત્તા સમજી શકાય એમ છે.

આનંદશંકરભાઈની ખ્યાતિ ગુજરાત બહાર પ્રસરેલી હોવા છતાં તેમનામાં ગુજરાતીપણું અને ગુજરાતી માટેનો તેમનો પ્રેમ ઓતપ્રોત હતાં; તેથી જ તેમનું નામ લેતાં તેમની સૌમ્ય મુખાકૃતિ તરત જ યાદ આવે છે. એમનો પહેરવેશ તો એમના માનસિક સંસ્કાર અને વૃત્તિના સ્મારક રૂપ ચિરસ્મરણીય રહેશે. ભવ્ય કપાળમાં આર્યસંસ્કૃતિના ભૂષણરૂપ મોટો ગોળ ચાંલ્લો, ગુજરાતી સંસ્કૃતિના પ્રતીક રૂપ એમની પાઘડી, અને હિંદુધર્મનો વાવટો ફરકાવતું એમનું ધોતિયું અને ખાદીનો કોટ એ કેવળ ગુજરાતમાં નહિ પણ આખા હિંદમાં તેમને એક શ્રેષ્ઠ વિદ્વાન તરીકે ઓળખાવતાં. હાલમાં જો કે પાઘડીની કીમત ખાદીધારીઓમાં તેમ જ બીજા વિદ્વાનોમાં ઓછી થઈ છે, છતાં આનંદશંકરભાઈએ તે પહેરવેશ છેવટ સુધી ચાલુ રાખ્યો હતો. અને એ આનંદશંકરભાઈના માનસનું એક અંગ વ્યક્ત કરે છે. તે ઉપરાંત એમનાં ઘણાં ખરાં પ્રસિદ્ધ ફોટો-ચિત્રોમાં યુનિવર્સિટીનો ઝભ્ભો જોવામાં આવે છે તે પણ તેમની યુનિવર્સિટીની તરફનો અનહદ પ્રેમ દર્શાવે છે. સરકારી નોકરીમાં હોવા છતાં નવાયુગની ખાદીની નવી પ્રણાલિકાને પણ તેમણે ઘણાં વર્ષથી ઝીલી હતી એ એમની દેશભક્તિ અને એમના પ્રગતિપૂજક માનસનું

ભાન કરાવે છે. વળી આહારમાં બીજી રીતે રૂઢિચુસ્ત હોવા છતાં નવાયુગના ચાહનો શોખ એમને એટલો હતો કે રેસ્ટોરાંકાર કે ડાઇનિંગરૂમની ચાહને વર્જ્ય ગણતા નહિ. તેવી રીતે પોતાને સનાતન હિંદુ ગણાવતાં છતાં હરિજન–પ્રવૃત્તિ તરફ એમની સહાનુભૂતિ ઓછી નહોતી. ગુજરાતી સાહિત્યમાં પણ જૂના સાહિત્યના પૂજક હોવા છતાં નવાયુગના સાહિત્ય અને વિચારમાળાને પૂરતો ન્યાય આપતા અને કોઈ કોઈ જગ્યાએ તેને અપનાવતા પણ ખરા જ. આનંદશંકરભાઈએ દરેક રીતે પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય સાધ્યો હતો. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો આનંદશંકરભાઈ સુધરેલા અને સનાતની, અને પૂર્વ અને પશ્ચિમની વચ્ચે એક સુંદર પૂલરૂપ હતા. હિંદમાં ઉદ્યોગ અને હુન્નર વિકાસમાં નવી દૃષ્ટિ ધરાવનારાઓમાં, તેમ જ નવા જૂનાનો સુયોગ સાધનારાઓમાં આનંદશંકરભાઈ ગુજરાતના અગ્રગણ્યમાંના એક હતા. વિજ્ઞાનને પણ પોતે પ્રોત્સાહન આપ્યું હતું અને સાહિત્ય પરિષદમાં પણ એને યોગ્ય સ્થાન મળે એવી ઇચ્છા અને આગ્રહ ધરાવતા. આમ તેમણે ગુજરાતની સંસ્કૃતિને સમસ્ત એકલી પ્રેરણા આપી નથી પણ તેને પોષી પણ છે.

સ્વર્ગસ્થ આનંદશંકરભાઈના માનસને સમજવા તેમના જીવનની ટૂંકી રૂપરેખા જાણવી જોઈએ. એમનો જન્મ ઇ. સ. ૧૮૬૯ માં થયો હતો. તે સમયે ૧૮૫૭ ના બળવા પછી તરતની શાન્તિ સ્થપાઇ હતી. એમના પિતાશ્રી રાવ સાહેબ બાપુભાઇ ધ્રુવે કાઠિયાવાડ એજન્સીના દફતરદારનો માનવંતો હોદ્દો ભોગવી નિવૃત્ત થયા પછી વડોદરા રેસીડન્સીમાં વડોદરા રાજ્યના વકીલ તરીકે કામ કર્યું હતું, એટલે આનંદશંકરભાઇનું કુટુંબ નવી રાજ્યપદ્ધતિ અને અંગ્રેજી સંસ્કારથી તદ્દન અજાણ નહોતું. વડનગરા ગૃહસ્થ જ્ઞાતિમાં જન્મ્યા હોવાથી ધર્મનિષ્ઠ અને ધર્મચુસ્ત હતા. ભોળાનાથ સારાભાઇ જેવા સુધારકો અને તેના કુટુમ્બના સંપર્કમાં આવ્યા હોવા છતાં એઓ એમનાથી ઘણી રીતે અલિપ્ત રહેલા. આ ગર્ભશ્રીમંત અને ગર્ભસંસ્કારી પુરુષ, બાળપણથી લાડમાં ઊછરેલા હોવા છતાં અભ્યાસને માટે શ્રમ લેવાને તત્પર રહેતા. ૧૮૯૨માં એમ. એ. થઈ ૨૪ વર્ષની ઉમરે ગુજરાત કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક નિમાયા. ઇ. સ. ૧૮૯૭માં એલ. એલ. બી. થયા પણ અધ્યાપકનું કામ છોડયું નહિ. અને સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી અને તત્ત્વજ્ઞાન પણ તેઓ સિદ્ધ હસ્તે શીખવતા. એમની સમજશક્તિ અને પ્રામાણિકતામાં વિશ્વાસ હોવાને લીધે તેઓ ૧૯૧૯માં અમદાવાદના મિલમાલેકો અને મિલકામદારની વચ્ચે પંચ નિમાયા હતા. ૧૯૧૯માં આઇ. ઇ. એસ.માં એલ્ફિન્સ્ટન કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમની બદલી થઈ. થોડા સમયમાં ભારતભૂષણ મદનમોહન માલવીયાની માગણીથી બનારસ હિંદુ યુનિવર્સિટીના સંસ્કૃતના અધ્યાપક અને પ્રો–વૉઇસચાન્સેલરના સ્થાને નિયત થયા. ત્યાં તેમની આંતરપ્રાંતીય પ્રતિષ્ઠા વધી અને ૧૯૨૧માં અખિલ હિંદ તત્ત્વજ્ઞાન પરિષદના વિભાગી પ્રમુખ થયા અને ૧૯૨૬માં સકલ પરિષદના પ્રમુખ નિમાયા. બનારસમાં તેમણે ૧૯૧૯થી ૧૯૩૫ સુધીના સત્તર વર્ષના ગાળામાં એકનિષ્ઠાથી જે કામ કર્યું તેની યાદગીરીમાં પંડિત મદનમોહન માલવીયાએ તેમના અવસાન વખતે કહ્યું હતું કે:—" Hindu University will cherish memory with gratitude. " સર રાધાકૃષ્ણે તાર કરેલો કે—" The Country has lost a great scholar and educationist and our University a distinguished pro-vice-chancellor who left his mark on many sides of our academic life ". આનંદશંકરભાઈ મધુર વક્તા હોવાથી યુનિવર્સિટીના કઠિન પ્રશ્નોમાં નિર્ણય આપતાં ઢીલ કરતા એવું તેમના વિશે કહેવાય છે; પરંતુ એ અભિપ્રાય નિષ્પક્ષપાતી ન ગણાય, એ ઉપરના બે તારો ઉપરથી સ્પષ્ટ જણાય છે. બનારસથી અમદાવાદ આવ્યા પછી એમણે ત્રણ શુભ કાર્યો આદર્યાં: એક બ્રહ્મચારીની વાડીના ટ્રસ્ટી તરીકે ત્યાંની સંસ્કૃત પાઠશાળાના અભ્યાસક્રમમાં અને વ્યવસ્થામાં સુધારા કરીને સંસ્કૃત વૈજ્ઞાનિક અભ્યાસને નવું જીવન આપ્યું; ગુજરાત કેળવણી મંડળ સજીવન કરીને અમદાવાદમાં નવી આર્ટ્સ કૉલેજ અને કૉમર્સ કૉલેજની સ્થાપના કરવામાં પોતાના અનુભવ અને કાર્યશક્તિનો લાભ આપ્યો; ૧૯૩૬ થી ૧૯૪૨ સુધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખ હતા અને પ્રમુખ તરીકે સોસાયટીના અંગે સંશોધન વિભાગ સ્થાપિત કરીને સરકાર પાસેથી સારી ગ્રાંટ પ્રાપ્ત કરીને ગુજરાતમાં સંશોધનને ખરું ઉત્તેજન આપ્યું. તેમની અનેકદેશીય સેવા અને વિદ્વત્તાની કદર તેમના જીવનમાં જ ઘણી રીતે થયેલી એ સંતોષની વાત છે. ઇ. સ. ૧૯૨૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા હતા. સકળ હિંદ યુનિવર્સિટીઓના બૉર્ડના સભ્ય તરીકે ઘણાં વર્ષો સુધી રહેલા અને ૧૯૩૩માં તેના પ્રમુખ નિમાયેલા. ૧૯૩૭માં બનારસ હિંદુ યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની માનનીય ડિગ્રી આપેલી. તેવું માન સદ્‌ગત ભગવાનલાલ ઇંદ્રજી સિવાય બીજા કોઈ ગુજરાતી વિદ્વાનને મળેલું જાણવામાં આવ્યું નથી. નિવૃત્ત થયા છતાં એમની પ્રવૃત્તિ ચાલુ જ હતી. ૧૯૩૬ થી ૧૯૩૯ સુધી ગુજરાત સંશોધન સોસાયટીના ઉપપ્રમુખ હતા.

આનંદશંકરભાઈએ ગુજરાતી સાહિત્યની સેવા "વસંત"ના તંત્રી તેમ જ "સુદર્શન"ના સહતંત્રી તરીકે કરી હતી. વિદ્યાર્થિ–અવસ્થામાંથી ઉત્તીર્ણ થતાં તરત જ તેમણે 'સુદર્શન'માં પોતે લેખો આપીને તેમ જ ભાષાન્તરો કરીને સ્વ. મણિલાલ નભુભાઈને મદદ કરી હતી. 'વસંત'નું કાર્ય "વસન્ત રજતમહોત્સવ સ્મારક ગ્રંથ"માં અનેક લેખકોએ સારી રીતે વર્ણવેલું છે, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે કૉલેજના અધ્યાપકોને સાધારણ રીતે વધારે કીર્તિ અને ધન પ્રાપ્ત કરવાની ઉત્કંઠા હોય છે: યુનિવર્સિટીના પરીક્ષક, સેનેટના સભ્ય વગેરે સ્થાન પ્રાપ્ત કરવાની હરીફાઇમાં શુદ્ધ જ્ઞાન અને વિદ્યાની ભક્તિ ઘણા ભૂલી જાય છે. એવા સમયમાં આનંદશંકરભાઈએ આટલા લાંબા કાળ સુધી, કેવળ નિઃસ્વાર્થ બુદ્ધિથી જ નહિ પણ દર વર્ષે રૂપિયા પાંચસો સુધી ગાંઠનો ખર્ચ કરીને પણ, 'વસંત' માસિક નભાવ્યું. વળી જે યુગમાં ગુજરાતી ગ્રેજ્યુએટોને સ્વભાષામાં લખવાની પણ સૂગ આવતી, તે સમયમાં લેખકોને ઉત્તેજન આપીને કેવળ સાહિત્ય કે વિવેચન ઉપરાંત રાજકીય પ્રશ્નો, વૈજ્ઞાનિક વિષયો, આર્થિક અને ધાર્મિક વિષયો ઉપર સંખ્યાબંધ લેખો દર માસે પ્રકટ કરતા. 'વસન્ત'ના રંગના પૂંઠાવાળા માસિકના છેલ્લે પાને આપેલા અંગ્રેજી પુસ્તકોનાં અવતરણ દ્વારા એમના સ્વાધ્યાય અને જ્ઞાનરસનો લાભ વાચકોને મળતો. 'વસન્ત'ના અગ્ર પૃષ્ઠે લાંબા મુદ્રાલેખમાંથી "स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् એ વાક્યે ઘણા વાચકોને પ્રેરણા આપી છે અને હજુ પણ ગોવર્ધનરામના 'સાક્ષર જીવન'નું મને ભાન

કરાવે છે આનંદશંકરભાઈના ગુજરાતી સાહિત્યમાં સ્થાન વિશે ઘણું લખાયું અને લખાશે. પરંતુ એમને વિશે એટલું તો બધા કબૂલ કરશે કે તેમણે ‘વસન્ત’ મારફત કરેલી ગુજરાતની સેવા અપ્રતિમ અને અનુપમ છે.

ગુજરાતી વિદ્વાનોમાં કોઈને પણ શુદ્ધ સાહિત્ય ઉપરાંત બીજા વિષયો ઉપર સતત મમતા હોય તો તે આનંદશંકરભાઈ હતા. સંસ્કૃત સાહિત્યના અભ્યાસી અને શિક્ષક તરીકે તેમ જ અંગ્રેજી સાહિત્ય અને પાશ્ચાત્ય તેમ જ પૌરસ્ત્ય ન્યાયશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના અધ્યાપક અને પરીક્ષક તરીકે તેમણે ખ્યાતિ મેળવેલી. આ વિશાળ અને અનેકદેશીય જ્ઞાનને લીધે તેમના લેખોમાં જે ઉચ્ચ સાહિત્યદૃષ્ટિ જોવામાં આવતી તે ભાગ્યે જ બીજા સાહિત્યકારોમાં જોવામાં આવે છે. વિજ્ઞાન અને સંશોધન જેવા શુષ્ક લાગતા વિષયો ઉપર તેમણે મમતા રાખીને તે વિષયોના અભ્યાસ માટે જે આગ્રહ બતાવ્યો છે તે તેમની લાક્ષણિક માનસિક વૃત્તિનું પરિણામ છે.

આનંદશંકરભાઈ વિદ્વાન સાહિત્યકાર હોવાથી તેમને “સાક્ષર” શબ્દ ગમતો નહિ: એમનામાં સંકુચિત દૃષ્ટિ, દ્વેષભાવના તેમ જ લડાયકવૃત્તિ ન હતી. એમનામાં ગોવર્ધનરામની ભાષા-સમૃદ્ધિ કે પ્રતિભા ન હોય, કેશવ હર્ષદ ધ્રુવની પંડિતાઈ કે નાટ્યશક્તિ ન હોય, નરસિંહરાવની મધુર આકર્ષકતા ન હોય, નાનાલાલની કાવ્યશક્તિ ન હોય, કે રમણભાઈ નીલકંઠની રસિક મૃદુતા ન હોય તે છતાં, એમનામાં વિશાળદૃષ્ટિ, લાક્ષણિક વિચારશ્રેણી, વિશ્વપ્રેમની ભાવના, મર્માળુ હાસ્યવૃત્તિ, શૈલીની વિવિધતા, અને ગૂઢ વિચારશક્તિ હતાં. એને લીધે તેમનું સ્થાન ચિરસ્થાયી અને હિમાલયના જેટલું ઊંચું રહેશે.

એમણે વધારે પુસ્તકો લખ્યાં નથી છતાં જે લખ્યાં છે તે વિદ્વત્તાપૂર્ણ, મનનીય અને ઉચ્ચ કોટિનાં છે. મુંબઈ સરકારી સંસ્કૃત સિરીઝમાં **स्याद्वादमंजरी**, ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં **न्यायप्रवेश**, તેમનું **श्रीभाष्य** એ સમર્થ પુસ્તકો એમની સંસ્કૃત ભાષા, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના વિષયમાં મેળવેલા જ્ઞાનના કીર્તિસ્તંભ રૂપ છે. “આપણો ધર્મ”ની ત્રણ આવૃત્તિ અને “હિંદુ ધર્મની બાળપોથી” ‘ધર્મવર્ણન’ અને ‘નીતિશિક્ષણ’ એ દરેક તેમની અદ્‌ભુત શક્તિનું ભાન કરાવે છે. “વસન્ત”માં આવતા કવિતા અને સાહિત્ય ઉપરના લેખો નવા રૂપમાં પ્રકટ કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી કૃતકૃત્ય થઈ છે. હજુ તેમનાં જૂનાં અપ્રાપ્ય પુસ્તકો અને લેખો ફરીથી છપાવવાનું કામ પણ સોસાયટી ઉપાડશે, એવી આશા રાખી શકાય. ગુજરાતના વિદ્વાનો આનંદશંકરભાઈની સાર્વત્રિક વિદ્વત્તાનું અને તેમની સેવાભાવી, સદ્‌ભાવી, સૌમ્યવૃત્તિનું પાલન કરે તો સદ્‌ગતના આત્માને આનંદ થશે એ નિઃશંક છે.

આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવનાં સંસ્મરણ

શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ

છેલ્લાં પચાસ વર્ષમાં ગુજરાત પર સંસ્કારની જે છાપ પડી છે, તેમાંનો ઓછોવત્તો યશ આચાર્યશ્રી આનંદશંકરભાઈ ધ્રુવને ફાળે જાય છે. પ્રખર અભ્યાસી અને અનન્ય ચિંતક (ફિલ્સૂફ) તરીકે તેમણે પોતાનું જીવન ગુજાર્યું અને તપસ્વી જેવી જિંદગી ગાળવા છતાં પણ સમાજને ઉપયોગી એવાં ઘણાં કાર્યો એમણે કર્યાં છે, જેની જનતાને પૂરેપૂરી યાદ કદાચ નહિ પણ હોય.

મારી સાથેના તેમના પરિચયની ટૂંકી રૂપરેખા જો આપું તોપણ તેમની નિર્લેપ સેવાભાવી પ્રવૃત્તિઓનો ખ્યાલ આવી શકે તેમ છે. ગુજરાત કૉલેજના અધ્યાપકપદે તેઓ હતા ત્યારે મારા સ્વ. પિતાશ્રી લાલભાઈ દલપતભાઈ તે કૉલેજની વ્યવસ્થાપક સમિતિના સભ્ય હતા. પરસ્પરના પરિચયે કૌટુંબિક રૂપ પકડ્યું, અને તેમની સાથેનો અમારા કુટુંબનો પરિચય મને વારસારૂપે મળ્યો, અને તેમના સંસર્ગનો લાભ અમારા કુટુંબને તેઓ જીવ્યા ત્યાંસુધી મળતો રહ્યો.

સને ૧૯૨૧માં મારાં બહેન તથા ભત્રીજાભત્રીજીને તેમની પ્રેરણા નીચે બનારસ અભ્યાસ અર્થે મોકલ્યાં, ત્યારે તેમણે તેઓની તરફ જે વાત્સલ્યભાવ બતાવ્યો તેથી તેઓ અમારા કુટુંબના મુરબ્બી તરીકે ગણાયા.

આ પહેલાં પણ પૂજ્ય ધ્રુવસાહેબ સાથે મારે ઔદ્યોગિક કારણો નિમિત્તે સંસર્ગમાં આવવું પડ્યું. સને ૧૯૧૭ના પ્લેગના રોગચાળા પછી જે પગારનો વધારો કારીગરોને આપવો પડ્યો તે ચાલુ રાખવો કે નહિ એ બાબત પર મહાત્મા ગાંધીજી અને મિલમાલિકો વચ્ચે સને ૧૯૧૮-માં મતભેદ પડ્યો. મહાત્મા ગાંધીજી ઉપવાસ ઉપર ગયા અને અમદાવાદના મિલમાલિકોએ લવાદની પદ્ધતિનો સ્વીકાર કર્યો, ત્યારે પહેલવહેલા પંચ તરીકે તેમની બંને પક્ષ તરફથી નિમણૂક થઈ. મિલમાલિકો વીસ ટકા વધારો આપવા માંગતા હતા અને ગાંધીજીની માગણી પાંત્રીસ ટકાની હતી. તેમનો ચુકાદો તદ્દન સરળ હતો. પહેલે દિવસે વીસ ટકા, બીજે દિવસે પાંત્રીસ ટકા અને ત્રીજા દિવસથી સાડીસત્તાવીસ ટકા પ્રમાણે વધારો આપવો. આ પ્રમાણેનો બંને પક્ષને સંતોષતો તેમનો ચુકાદો માન્ય રાખવામાં આવ્યો અને અમદાવાદની ઔદ્યોગિક શાંતિના પાયારૂપ લવાદની પદ્ધતિના પાયા તેમને હસ્તે નંખાયા. આજ સુધીની અમદાવાદની ઔદ્યોગિક શાંતિ તે પદ્ધતિને ઋણી છે.

ત્યારપછી ઘણી વખતે મિલમાલિકો અને મજૂરમહાજન વચ્ચેના મતભેદોમાં તેઓએ પંચ યા સરપંચ તરીકે કામ કર્યું. સને ૧૯૨૩માં મિલમાલિકોએ પગાર ઘટાડવાનો સવાલ પંચ પાસે લઈ જવાની માગણી કરી, અને મજૂર મહાજને તે સ્વીકારી નહિ. મિલમાલિકોએ પગારનો ઘટાડો જાહેર કર્યો, અને મજૂરો હડતાલ પર ગયા. આ હડતાલ નવ અઠવાડિયાં સુધી ચાલી

અને આનંદશંકરભાઈના વચ્ચે પડવાથી તેમના પ્રયાસે તે પ્રશ્નનો પણ નિકાલ આવ્યો. આવી રીતે તેમણે અમદાવાદની આર્થિક પ્રવૃત્તિઓમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

તવત્ત્જ્ઞાન, ઉદ્યોગ વગેરે પ્રવૃત્તિઓમાં રસ લેવા છતાં તેમની સતત ભાવના એ જ હતી કે, અમદાવાદ ગુજરાતભરની કેળવણીનું કેન્દ્રસ્થાન બને અને ગુજરાતની અલગ યુનિવર્સિટી સ્થપાઈ ગુજરાતભરમાં કેળવણીનો પ્રચાર વધુ પ્રમાણમાં થાય. બનારસ:હિંદુ યુનિવર્સિટીના પ્રો. વાઇસચાન્સેલર પદેથી નિવૃત્ત થયા પછી તેમણે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખપદની જવાબદારી માથે લીધી, અને પોતાની નિવૃત્તિનો આખોયે સમય સોસાયટીને અર્પ્યો. સોસાયટીની આજે જે બે કૉલેજો ચાલુ છે, તેની વ્યવસ્થા તથા તેના અધ્યાપકોની ચૂંટણી કરવામાં પણ તેમણે અથાગ જહેમત ઉઠાવી. તેમની નિષ્પક્ષપાત પસંદગીને અંગે ઉચ્ચશ્રેણીના અધ્યાપકો તે બે કૉલેજોને મળ્યા છે, તેનો ખ્યાલ તેમાં શિક્ષણ લેતા યુવાનો જ્યારે વ્યવહારમાં ઊતરશે ત્યારે જ આવશે.

આ ઉપરાંત તેમના જીવનની બીજી આકાંક્ષા એ હતી કે, ગુજરાતમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ કેળવણીનો વિકાસ થાય. તે અંગેની તેમની પ્રવૃત્તિઓ તેઓએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી મારફતે આદરી અને આજે તેનાં પણ સુંદર પરિણામો ઊતરી રહ્યાં છે.

જાજરમાન દેહ, ભવ્ય મનોબળ, તપસ્વી જેવું જીવન અને તત્ત્વજ્ઞાનના અનેરા સમીક્ષક એવા આનંદશંકરભાઈની સેવાનો લાભ અમદાવાદ તથા ગુજરાતને વધારે મળ્યો હોત, તો તે તેમને માટે વધારે યશોદાયી થાત, એટલું જ નહિ પરંતુ અમદાવાદ અને ગુજરાતના વિકાસ માટે, વધુ ઉપયોગી નીવડત. તેમનાં જ્ઞાન, તેમની પવિત્ર જીવનશક્તિ અને તેમના સમાજના સ્થાનને અંગે વિચાર કરતાં એમ લાગે છે કે આજના જમાનામાં શિષ્યો માટે આચાર્યદેવો ભવ એ વાક્ય કોઈ પરત્વે યોગ્ય ઠરે એમ હોય તો તે આચાર્યશ્રી આનન્દશંકરભાઈ માટે જ.

સદ્‌ગત આનંદશંકરભાઈ

અધ્યા. રામનારાયણ વિશ્વનાથ પાઠક

સદ્‌ગત આનંદશંકરભાઈ બનારસ હતા તે દરમિયાન જ્યારે જ્યારે અહીં આવતા ત્યારે ત્યારે હું તેમને મળવા જતો. કોઈવાર કંઈ પ્રસંગ હોય તો મને એ બોલાવતા. તે પછી બનારસથી નિવૃત્ત થઈ અહીં આવ્યા ત્યારે તો વારંવાર મળવા જતો. છતાં અત્યારે એમ લાગે છે કે તેમનો જોઈએ તેવો લાભ ન લેવાયો; તેમને જોઈએ તેટલી વાર મળવા ન જવાયું; તેમને જાણવા હતા તેવા જાણી ન શકાયા; એમની અંતિમ શ્રદ્ધાઓ શી શી હતી તે સમજી ન શકાયું.

તેમ છતાં તેમના પરિચયમાં આવતો ગયો, તેમતેમ તેમના સ્વભાવનું વધારે સારું દર્શન થતું ગયું. તેમાં કેટલુંક સમજાતાં તો મને તત્કાલ આશ્ચર્ય થયેલું. એવું એવું કેટલુંક અહીં કહેવા—નોંધવા પ્રયત્ન કરીશ.

ગુજરાત વિદ્યાપીઠમાં થોડો સમય કામ કર્યા પછી મને એકવાર ગુજરાત સાહિત્ય સભા તરફથી એક વ્યાખ્યાન આપવા નિમન્ત્રણ મળ્યું. મેં તે વખતે ‘કાવ્યમાં વર્ણનું મહત્ત્વ’ એ મારો લેખ વાંચ્યો. ઘણે ભાગે અમદાવાદમાં જાહેરમાં સાહિત્યના વિષય ઉપર બોલવાનો એ મારો પહેલો પ્રસંગ. આનંદશંકરભાઈ પ્રમુખપદે હતા. આખું વ્યાખ્યાન થઈ રહ્યા પછી તેમણે ઘણા જ મમત્વથી એ વ્યાખ્યાન ‘વસંત’ માટે માગ્યું. મેં જણાવ્યું કે એ એક બીજા માસિકમાં આપવાનું નક્કી થઈ ગયું છે. ખરું તો એ ‘પ્રસ્થાન’માં જ આપવાનું નક્કી કરેલું, પણ ‘પ્રસ્થાન’ માસિકનો હું તંત્રી છું એવું સૂચવતાં મને ક્ષોભ થયો. હું કયા માસિકમાં આપવાનો છું તે તેમણે પૂછ્યું પણ નહિ. મને કહે: “એ છપાય એટલે બસ. ગુજરાતનાં બધાં માસિકોને હું મારાં જ ગણું છું.” હું એમની સામે જ જોઈ રહ્યો. તેમાં જરા પણ ખોટો શિષ્ટાચાર કે બહારનો વિવેક નહોતો.

‘પ્રસ્થાન’ને થોડાં વરસ થઈ ગયાં હશે. કેવી રીતે વાત ઉપસ્થિત થઈ તે યાદ નથી. તે બહુ પ્રસ્તુત પણ નથી. ‘પ્રસ્થાન’ના પ્રકાશક શ્રી. મિસ્ત્રીએ મને કહ્યું કે ‘પ્રસ્થાન’ને ‘વસંત’ સાથે જોડી દેવાનું શક્ય છે, અને મારે એ માટે તેમને મળવા જવું. હું મળવા ગયો. બન્ને માસિકો જોડવાની વાત નીકળી. ‘પ્રસ્થાન’નું તંત્ર એક મંડળને અધીન હતું. મેં કહ્યું, આપ તેના પ્રમુખ થાઓ. તેમણે તરત સ્પષ્ટ કર્યું કે તેઓ એ રીતે તંત્ર કોઈને સોંપવા તૈયાર નહોતા. મને તેમણે જણાવ્યું કે, ‘વસંતે’ હજી ઘણું કરવાનું બાકી છે. જે ખરું કામ તેણે કરવાનું છે તે તો હજી શરૂ પણ નથી થયું. ‘વસંત’ તેમના આદર્શ પ્રમાણે ન ચાલી શક્યું તેનો તેમને ગમે તેટલો અસંતોષ હશે, પણ તે પ્રમાણે કરવાનો ઉત્સાહ અને આગ્રહ તેમનો ઠેઠ સુધી એવો ને એવો રહેતો. એ એમનું એક ગંભીર જીવનકાર્ય હતું. અને છતાં વ્યક્તિસ્વાતંત્ર્યની અને પોતાના કામ માટે કોઈને વધારેપડતો આગ્રહ ન કરવાની એમની ભાવના એવી ઉદાર કે હું ‘પ્રસ્થાન’માં

લખતો હતો તેથી કોઈ દિવસ મને ‘વસન્ત’માં લખવાનું તેમણે કહ્યું નથી.

એમના સંસર્ગમાં આવેલાને, તેમના ભોજનવ્યવહારમાં, બ્રાહ્મણાચારનું કે ચુસ્ત વડનગરા નાગર–આચારનું પાલન જોઈ આશ્ચર્ય થયું હશે. તેમણે તેમના ચિરંજીવી ધ્રુવભાઈને વિલાયત અભ્યાસ માટે મોકલ્યા. અને વિલાયત જઈ આવેલા સાથેના વ્યવહારમાં તેમણે કદી કશો ભેદ કર્યો નથી. છતાં તેમણે કદી જાહેર ખાણા કે મિજલસમાં અજીઠું ગણાય તેવું કશુંય બીજાને અડીને ખાધું નથી. મિજલસની શરૂઆતમાં બની શકે તો કાજુ કે દ્રાક્ષ કે એવો કોઈ સૂકો મેવો હાથમાં લઈ ટેબલથી જરા દૂર જઈ જરા જરા ચણતાં ચણતાં તેઓ બધા સાથે વાર્તાવિનોદ જ કર્યા કરતા. ઘેર પરંપરાથી જે શોળો પળાતો આવ્યો હતો તે જ તેઓ પાળતા. રાત્રે નાહી શકાય એવી તબિયત ન હોય કે સગવડ ન હોય તો દૂધની દશમી જ જમતા. બીજી તરફ તેમના લેખો જોતાં સ્પષ્ટ જણાય છે કે તેઓ વર્ણભેદને હિંદુધર્મનું રહસ્ય માનતા નહોતા. વર્ણને એક પ્રાચીનકાલની સમાજવ્યવસ્થા માનતા. મને ઘણીવાર વિચાર થતો કે તો પછી તેઓ આવો આચાર આટલી ચુસ્ત રીતે કેમ પાળે છે. એ હું એમને કદી પૂછી શકયો નથી. પણ હું માનું છું, એ એક એમને મન સ્વચ્છતા કે શૌચનો આચાર હશે. સ્વચ્છતા અને શૌચ–શુદ્ધિનો યોગ એમના જેવો મેં બહુ વિરલ વ્યક્તિઓમાં જોયો છે. એને એ બ્રાહ્મણોની—આર્યોની વિશેષતા અને એમના તરફનો મળેલો વારસો ગણતા. અને અડવા આભડવા તરફ તિરસ્કારથી જોનારને પણ એમની સ્વચ્છતા અને શુચિ જોઇ એકવાર તો આદર થાય એમ હું માનું છું. હમેશાં સવારમાં વહેલા ઊઠી નાહવું, પૂજાપાઠ કરવો, અને વહેલાં સવારમાં પરવારી સ્વચ્છ થઈ બહાર આવી કામ પર ચઢવું, એમાં ભલે ધાર્મિકતા ન હોય પણ, એ ઓછું સુંદર છે?—સુઘડ છે? અને સુંદરતા, સુઘડતામાં ધાર્મિકતા પણ નથી રહી? તેમનાં કપડાંમાં કદી ડાઘ પણ ન હોય. તેમના નખમાં કદી મેલ ન હોય. કયાંઈથી કોઈ પણ જાતની જરા પણ દુર્ગન્ધ આવતી ન હોય. કશી ટાપટીપ નહિ, પણ પૂરી સ્વચ્છતા, પૂરી શુચિતા.

આ સવારમાં નાહીને પૂજાપાઠ કરવાની ટેવ તેમને એટલી સ્વાભાવિક થઈ ગયેલી કે, સામાન્ય માણસ જેમ પોતાની માંદગીના દિવસો લાંઘણથી કે પથારીવશ રહ્યાના કે ટેંપરેચર રહ્યાના દિવસોથી ગણે, તેમ તેઓ સ્નાન ન કરી શકયાના દિવસથી અને ભાગવતના પડેલા પાઠથી ગણતા. “એ માંદગીમાં મેં આટલે દિવસે સ્નાન કર્યું,” અથવા “એ માંદગી દરમિયાન ભાગવતના મારા આટલા અધ્યાય પડયા.”—એ રીતે. તેઓ સ્નાન કરીને હમેશાં ભાગવતનો એક અધ્યાય વાંચતા, અને માંદગી દરમિયાન ચઢેલા અધ્યાયો પછી વધારે વાંચીને પૂરા કરી નાંખતા.

આપણે એમને બુદ્ધિપ્રધાન માનતા—એ ખરું પણ હતું, છતાં ભાગવત જેવો ભક્તિપ્રધાન ગ્રન્થ તેમણે નિત્યપાઠ માટે પસંદ કરેલો. તેમને ભાગવત ઉપર ઘણી જ શ્રદ્ધા હતી. આપણી રાજકીય પરિસ્થિતિમાં આવેલા એક અત્યન્ત નિરાશાના અને નિષ્ક્રિયતાના પલટા દરમિયાન તેમણે માલવીયજીને કહેલું, “ચાલો આપણે નિવૃત્ત થઈને ભાગવત વાંચવા બેસી જઈએ” કે એ મતલબનું.

એમને તુલસીકૃત રામાયણ ઉપર પણ એવો જ ભાવ હતો.

કુલસંસ્કારો વિશે વિચાર કરતાં એક વાત યાદ આવે છે. તેમને માંસાહારીઓ પ્રત્યે કશો દ્વેષ નહોતો, પણ તેમને માંસાહારની અત્યન્ત સૂગ, ઘૃણા, જુગુપ્સા હતી. ડૉ. બાલકૃષ્ણ પાઠકે એકવાર મને કહેલું કે લીવર એક્સ્ટ્રૅક્ટ લેવાની ભલામણ કરતાં તેમણે તે લેવાની ના પાડેલી. તેઓ બનારસ રહેતા તે દરમિયાન બનેલી એક વાત મને શ્રીમતી મનોરમાબહેને કેટલાંક વરસો પહેલાં કરેલી યાદ છે. મનોરમાબહેન અને ધ્રુવસાહેબ ફરીને પાછાં આવતાં હતાં, ત્યાં ધ્રુવસાહેબે યુનિવર્સિટીના કેટલાક બંગાળી છોકરાઓને માછલાં પકડતા જોયા. ધ્રુવસાહેબના ગુસ્સાનો પાર ન રહ્યો અને તેઓ એકદમ છત્રી લઈ મારવા દોડ્યા. મારે તો શું, પણ છત્રી ઉગામી પછવાડે દોડ્યા અને છોકરાઓને ખૂબ ધમકાવ્યા. આ વાત એમણે પુષ્કળ હસતાં હસતાં કરેલી. એ એમની જીવહિંસા તરફની ઘૃણા બતાવે છે.

એકવાર સર ચીનુભાઈને ત્યાંના ખાનગી મેળાવડામાં તેમણે પોતાનાં અંગત મંતવ્યો કહેલાં તેમાં જણાવેલું કે નાગરોમાં ગુજરાત પ્રાંત બહાર કન્યાઓને ન આપવાના રિવાજમાં એક ડહાપણ એ હતું કે ગુજરાત બહારના નાગરોની રહેણીકરણી (આ ખાદ્યાખાદ્ય વિષયની તેમ જ બીજી) એવી કે આપણી કન્યા દુઃખી થાય. મેં તે વખતે જરા જક્કીપણાથી પૂછેલું: “પણ આ નાતજાતના ભેદો આપણી રાષ્ટ્રીયતાની ભાવનામાં નડતરરૂપ છે એમ માનો છો કે નહિ?” તેમણે હા કહેલી.*

નિરામિષાહારને તેઓ મનુષ્યજાતિનું પ્રગતિનું એક ચિહ્ન માનતા. અત્યારે નિરામિષાહારના પક્ષવાદીઓ, નિરામિષાહારથી પણ શરીરસ્વાસ્થ્ય અને બળ આમિષાહાર જેટલાં જ મેળવી શકાય છે, કે એકંદર નિરામિષાહાર આમિષાહાર કરતાં વધારે પથ્ય છે એ ભૂમિકા ઉપર લડે છે, ત્યારે આનંદશંકરભાઈનું એ સંબંધી કહેવું એવું છે કે શરીરબળ એ એક જ આચારનિર્ણયનું દૃષ્ટિબિન્દુ ન હોઈ શકે, અધ્યાત્મદૃષ્ટિએ વધારે સારું શું છે તે વિચારી નક્કી કરવું જોઈએ. અને હિન્દુધર્મે કેળવેલી નિરામિષાહારની ટેવ તે ધર્મે મેળવેલો માનવપશુ ઉપરનો વિજય છે. આ બાબતમાં જૈનધર્મે હિન્દુઓની પ્રગતિમાં આપેલ ફાળાને તેઓ અભિમાનપૂર્વક સ્વીકારતા.

આ ખાનગી મેળાવડામાં થયેલી વાતચીતમાંની બીજી પણ એક બે બાબત મને યાદ રહી ગઈ છે. તેમણે તે વખતે કહેલું કે હિંદના રાજ્યપ્રકરણમાં હું હજી સર ફિરોઝશાહ મહેતાનો અનુયાયી. તેમની આખી વાતચીત યાદ નથી. પણ આ વાક્યનો અર્થ એ હતો કે હિંદને સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં ખુદ અંગ્રેજો તરફથી જેટલો ફાયદો થવાનો છે તેટલો કોઈ બીજાથી નથી થવાનો. એનો અર્થ એવો પણ નહિ કે એ લોકો કંઈક પરોપકારદૃષ્ટિથી આપણને આપી દેવાના છે. પણ એમના લોહીમાં જ એટલું પ્રજાસ્વાતંત્ર્ય ભરેલું છે કે એમના દાખલ કરેલા રાજ્યતંત્રમાં એ જાણ્યે અજાણ્યે આવી જ જાય. એટલા માટે ઇંડિયા ઑફિસ ત્યાં ઇંગ્લંડમાં જ રહે અને હિંદના નિવાસથી કલુષિત નહિ થયેલો

---

* માંસાહારની સૂગ એ જમાનામાં બ્રાહ્મણ કુલાચારથી ઊછરેલા આખા જ વર્ગમાં એટલી હતી. કવિશ્રી નાનાલાલને પણ એવી સૂગ એટલી જ છે એ જાણું છું.

અંગ્રેજ રાજદ્વારી પુરુષ તેનો ઉપરી અધિકારી હોય તેમાં જ આપણને વધારે ફાયદો છે. આ તેમની માન્યતા ઘણાં વરસ રહેલી. પણ છેલ્લાં પાંચસાત વરસમાં તેમને અંગ્રેજો ઉપરથી આ આસ્થા ઊઠી ગયેલી. એ પ્રજા પણ પોતાના સ્વાર્થની બાબતમાં સત્યાસત્ય કે ન્યાયાન્યાય જરા પણ જોવા થોભે એવી નથી એની એમને ખાતરી થઈ ગયેલી. તેનું એક મોટું કારણ તો છેલ્લાં કેટલાંક વરસના અંગ્રેજી પ્રજાના આપણા દેશ ઉપરના અને જુદીજુદી વ્યક્તિઓ ઉપરના અન્યાયો અને જુલ્મો ખરા જ. એમનો મિત્રવર્ગ મોટો હતો, તેમને ઘણા ઊંચી સ્થિતિ કે અમલની જગ્યા ભોગવતા પુરુષો સાથે સંબંધ હતો તેમ જ આપણા સમાજના સામાન્ય અને તેની નીચેનાં થરોમાં શું ચાલી રહ્યું છે તે જાણી શકે એવા માણસો સાથે તેમને સંસર્ગ હતો. તેમાં તેમણે પેપરોમાં આવે છે તેથી ઘણું વિશેષ સરકારનાં કામો સંબંધી જાણ્યું હશે. કદાચ બનારસ યુનિવર્સિટીના વાઈસ-ચૅન્સેલર તરીકે અને પંડિત માલવીયજીના સંસર્ગથી તેમણે કંઈ વિશેષ જાણ્યું હશે; પણ તે કહી શકાતું નથી. પણ અંગ્રેજ પ્રજાની ભલાઈ ઉપરથી એમને વિશ્વાસ ઊઠી ગયો હતો, એ હું સ્પષ્ટ જોઈ શક્યો હતો.

તેમ છતાં અહીં મારે નોંધવું જોઈએ કે એ પ્રજાને માટે અને તેની કેટલીક શક્તિઓ માટે તેમને ઘણું માન હતું. એ તેમની શક્તિઓ તેમની પાસેથી જ આવી શકે એમ પણ તેઓ માનતા હતા. એક વાર કંઈક વાતને પ્રસંગે મને કહે, ‘ અંગ્રેજોને આપણે માટે ક્યાંથી માન હોય? આપણા લોકો એશઆરામી અને વિષયી છે તેમને માટે અંગ્રેજો જેવી austere (કઠિન જીવનપ્રિય કે તપઃશીલ) પ્રજાને ક્યાંથી માન હોય?’*

એ જ પ્રમાણે એમને ઇંગ્લંડની યુનિવર્સિટીઓ માટે પણ ઘણું માન હતું. એ યુનિવર્સિટીઓને તે આદર્શ માનતા. આપણી યુનિવર્સિટીઓ એવી ઘડાવી જોઈએ. એમ કરવા માટે ત્યાં જઈ આવેલા પ્રોફેસરોને આપણે આપણી કૉલેજોમાં રાખવા જોઈએ. અને તેમ છતાં ઘણા ઉપર ત્યાંની યુનિવર્સિટીના સંસ્કારો પણ ઉપરછલ્લા જ હોય છે અને તેથી તેમને ચારપાંચ વરસે ફરી ઇંગ્લંડ મોકલવા જોઈએ. “ ચારેક વરસે ફરી એનેમલ ચઢાવવા તેમને ઇંગ્લંડ મોકલવા જોઇએ,” તેમણે એક વાર કહેલું.

અંગ્રેજ પ્રજા માટેનો આ જ આદર ક્રિકેટની રમત માટે પણ મેં તેમનામાં જોયો છે. રમત તો એ જ સાચી, કૉલેજોમાં એ જ જોઈએ. એનો King of Games (રમતનો રાજા) તરીકેનો ઉલ્લેખ મેં તેમને મોંએ સાંભળ્યો છે. નાનપણમાં તેઓ ક્રિકેટ રમેલા કે નહિ તે હું જાણતો નથી. પણ આ રમતોનો તેમને ઘણો જ રસ હતો. સામાન્ય રીતે એમના જેવા વિદ્યાવ્યાસંગીમાં તે એટલો હશે એમ કોઈ માને નહિ. અમદાવાદમાં સારી મૅચ હોય તો જોવા ગયા વિના રહે નહિ. અને મુંબઈમાં મોટી મૅચો ચાલતી હોય ત્યારે તેનાં બયાનો અથથી ઇતિ રેડિયો ઉપર પણ સાંભળે. પણ અહીં મારે કહેવું જોઇએ કે એમના જમાનાના ઘણાઓમાં, બીજી બધી

---

* ઇંગ્લંડ જઈ આવેલા બીજા વિચારશીલ ગુજરાતીઓ પાસેથી પણ મેં આ તુલના અને આ ટીકા સાંભળી છે.

રીતે સાદી દેશી રીતે રહેનારાઓમાં પણ, ક્રિકેટનો આટલો રસ મેં જોયેલો છે.

સર ચીનુભાઇને ત્યાંની બેઠકમાં તેમણે એક બીજી વાત પણ કહેલી, તે તેમને વિશે જાણવા જેવી છે. તેમણે કહેલું કે એ પોતે વિદ્યાર્થી હતા ત્યારે વિદ્યાર્થીઓમાં એક એવી માન્યતા ચાલતી હતી કે પરીક્ષામાં નિબંધ સારો લખી શકાય એટલા માટે બધાં વિજ્ઞાનો ઉપર તેનાં મૂળ-તત્ત્વોનાં પુસ્તકો વાંચી જવાં જોઈએ. અલબત એ માન્યતા ખોટી હતી પણ અમે એને લીધે બધાં વિજ્ઞાનો વિશે વાંચતા અને તેથી વિજ્ઞાનો માટેનો ખરો રસ મારામાં હમેશને માટે ઉત્પન્ન થયો, અને રહ્યો. અને આ મેં તેમના જીવનમાં પણ જોયું છે. માંદગી દરમિયાન પણ પોતાને શો રોગ થયો છે, કેમ થયો છે, અને તેની સારવાર કયા સિદ્ધાન્ત ઉપર ચાલે છે તે સમજવાનો એ હમેશાં પ્રયત્ન કરતા. મને કહેતા કે, ઊંટવૈદાથી સારાં થવું તેના કરતાં શાસ્ત્રીય રીતે રોગ અસાધ્ય છે એમ સમજીને મૃત્યુને ભેટવું એ વધારે સારું છે. મને પણ કંઈક શરીરની પ્રક્રિયાઓ સમજવાનું કૌતુક છે, એટલે એમની સાથે આવી વાતો પણ હું કરતો. અને આવી વાતોમાં પણ કોઈ દવાનું નવું નામ આવે તો એ દવાના નામના લાટિન શબ્દનો અમુક અર્થ થાય એમ કહી ચર્ચા કરતા.

દુનિયાની વાતોમાં એમને રસ જ નહોતો એમ તો ન કહી શકાય. ઊલટું દુનિયાના જે વ્યવહારમાં આપણે રહેતા હોઈએ તેના બનાવો આપણે જાણવા જોઈએ એમ તેઓ માનતા, અને અનેક પ્રકારના માણસો તેમને મળવા આવે તેથી વ્યવહારની આંટીઘૂંટી, લોકો વિશેની માહિતી વગેરે પણ તેઓ જાણતા. સાહિત્ય પરિષદમાં પોતે ન ગયા હોય તો જઈ આવેલા માણસોથી ઝીણામાં ઝીણી વિગત પણ જાણી લેતા. પુસ્તકો ઘણાં વાંચતા પણ તેમનું જ્ઞાન કેવળ પુસ્તકિયા જ હતું એમ ન કહી શકાય. માણસોની ઊજળી તેમ જ કાળી બાજૂ પણ જાણતા. હલકા સમાજમાં તેમને બહુ હરવાફરવાનું ન થતું, પણ તે સમાજને વાસ્તવિક રૂપે ઓળખતા. એ સમાજ તો ભોળો છે કે નિષ્પાપ જ છે, એવા કોઈ અતિવ્યાપ્તિવાળા અભિપ્રાયો એ ધરાવતા નહોતા. એમની સ્થિતિ એવી હતી કે મોટામાં મોટા માણસ વિશે પણ બધી માહિતી એમને મળી રહે. પણ એ સઘળું છતાં મનુષ્યસ્વભાવ વિશેનો એમનો ખ્યાલ એટલો વિશાલ હતો અને વ્યવહારનો અનુભવ અને ડહાપણ પણ એવું હતું કે કોઇ પણ બાબતના એકતરફી ખ્યાલથી તેઓ ઘસડાઈ ન જાય. એટલું જ નહિ પણ કોઇને વિશે અભિપ્રાય બાંધવામાં પણ કદી અન્યાય ન કરી બેસે. માણસની મોટાઈ તેઓ સ્વીકારતા, તે સાથે માણસ ગમે તેમ તોય પંચમહાભૂતનો બનેલો છે, તેની શક્તિ—ધીરજ મર્યાદિત છે, તેનામાં નિર્બળતા પણ હોય, એ દૃષ્ટિએ માણસની નિર્બળતા સમજીને તેના તરફ ઉદાર દૃષ્ટિ રાખતા. એક વાર પ્રો. દાવરે કોઈ પયગંબર વિશે બોલતાં તેની અમુક નિર્બળતાઓનો ઉલ્લેખ કરેલો, ત્યારે પ્રમુખ તરીકે તેમણે કહેલું—અને તેમના શબ્દોમાં માત્ર બૌદ્ધિક ઉદારતા નહિ પણ સાચા દિલની પ્રતીતિનો રણકાર મેં સાંભળેલો—કે, આપણે ગમે તેવી આદર્શની વાતો કરીએ પણ આપણું જ હૃદય તપાસી જુઓને, કેટલી નિર્બળતાઓ તેમાં ભરેલી છે! અને એમના વિશેની એક બાબતે મને બહુ જ અસર

કરેલી છે. શાસ્ત્રો અને વિદ્યાથી પ્રાપ્ત કરેલાં સત્યોને તેઓ વ્યવહારજગતનાં પણ એટલાં જ વિશ્વસનીય સત્યો માનતા. શાસ્ત્ર અને વ્યવહાર તેમનામાં અલગ રહેતાં નહિ. અંગ્રેજ સરકારનો પ્રપંચ વગેરે તેઓ સ્વીકારતા અને છતાં કહેતા કે હિટલર વધારે દુષ્ટ છે એટલે અંતે હિટલર ફતેહમંદ નથી જ થવાનો. ઈશ્વરનો ઇનકાર કરવા છતાં પણ બોલશેવિકો જ અત્યારે ધર્મના ખરા અર્થમાં માનવજાતિ તરફ વધારે ધાર્મિક વર્તનવાળા છે એમ એમણે કહેલું. અને તે સાથે સમાજનું બોલશેવિક યોજના પ્રમાણે સંપૂર્ણ ઘડતર થાય તોપણ આ ત્રિગુણાત્મક પ્રકૃતિનું સ્વરૂપ બદલાવાનું નહિ, પ્રકૃતિ ત્રિગુણાત્મક છે ત્યાંસુધી કલહો તેમાં રહેવાના જ. પ્રકૃતિના આ સ્વરૂપને લીધે જ, તેઓ કહેતા કે, ગમે તેવા ઉન્નત સિદ્ધાન્તને તમે વ્યવહારમાં ઉતારો તો વ્યવહારમાં ઉતારવાને લીધે જ એની ઉન્નતિ ત્યાં જ નષ્ટ થવાની.

સામાન્ય માણસની મર્યાદા તેઓ તરત પારખી જતા. તેમની આંખ ઘણી ચપળ હતી. ત્રણચાર માણસો બેઠા હોય, બધાની સાથે વાત ચાલતી હોય તેમાં વાત કરનાર માણસ તેમનો એકાદ શબ્દ ન સમજી શકે તો તે તેઓ તત્ક્ષણ સમજી જતા, અને સામો માણસ પોતાના અજ્ઞાનના ભાનથી શરમાય કે ઝંખવાય નહિ એ રીતે બીજો શબ્દ વાપરી તેને સમજાવી લેતા. એક કુશળ અધ્યાપકનું આ લક્ષણ છે; પણ આખા વ્યવહારમાં તેઓ આ કુશળતા બતાવતા.

સામાન્ય માણસની મર્યાદા--નબળાઈઓ જાણવા છતાં, વર્તનમાં તેઓ સામાન્ય માણસ સાથે પણ બહુ જ વિવેકથી વર્તતા. ગમે તેવો મોભાગ્રબુદ્ધિનો માણસ આવી ચઢ્યો હોય તો તેની સાથે પણ સામાન્ય વિવેકથી વર્તતા. જોકે મેં એ પણ જોયેલું છે કે ઘણીવાર આવો માણસ જોઈએ તે કરતાં તેમનો વધારે વખત લઈ લે કે નકામી વાતોથી હેરાન કરે તો તેમને તેનો થાક–કંટાળો લાગતો, જે પાછળથી તેઓ વ્યક્ત પણ કરતા—ઘણીવાર જરા મશ્કરીમાં.

આવી જ રીતે સભાનું કામ ચલાવતાં પણ કદી કોઈ સભ્ય ગમે તેમ બોલ્યે જતો હોય તોપણ તેઓ તેને અટકાવતા નહિ, સાંભળતા. આપણે કાયર થઈ જઈએ એટલી ધીરજથી તેઓ સાંભળતા, અને જરા પણ મિજાજ ગુમાવ્યા વિના તેને સમજાવવા પ્રયત્ન કરતા. કાયદેસર જે વિધિ નક્કી થઈ હોય તે પ્રમાણે કરવાની તેઓ બહુ જ કાળજી રાખતા. તેમનો અભિપ્રાય બધા સ્વીકારવાના છે એમ ખાતરી હોય તોપણ રીતસર ઠરાવ મૂકીને જ કામ કરતા. સભામાં પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે દર્શાવતા, પણ બહુમતી વિરુદ્ધ હોય તો સમજાવવાનો એક સામાન્ય પ્રયત્ન કરી પછી તેનો આગ્રહ ન રાખતા. એટલું જ નહિ બહુમતી માગે તેવો તેને સહકાર પણ ખુલ્લા દિલે આપતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એ નામમાં અંગ્રેજી શબ્દો છે તે કાઢી નાંખવા માટે ઠરાવ પેશ થયો. કેટલાકે વર્નાક્યુલર શબ્દમાં પરાધીનતાની ગંધ છે એવો વાંધો ઉઠાવ્યો, તો પ્રમાણભૂત શબ્દકોશોથી તેનો જવાબ આપ્યો, અને પોતાને એ રૂઢ નામ ફેરવવાનાં કશાં કારણો જણાતાં નથી એમ સ્પષ્ટ કહ્યું, છતાં આખા પક્ષના આગ્રહ આગળ તેમણે પોતાનો આગ્રહ છોડી દીધો અને સામા પક્ષે નવાં ગુજરાતી શબ્દોવાળાં નામો માગ્યાં તો તેવાં પોતે સૂચવી આપ્યાં. *

---

* કાયદાના અમુક વાંધાને લીધે પછી આ બાબતમાં કાંઈ થઈ શક્યું નહોતું.

આ પ્રમાણે બધું કાયદેસર રીતે કરવામાં બીજી પણ વૃત્તિઓ કામ કરતી, જે પણ કેટલેક અંશે એમના સ્વભાવની ખાસિયત ગણાય. તેમાં સામાન્ય માણસના હકનો આદર છે તે સાથે નકામા વ્યક્તિવ્યક્તિ વચ્ચેના ઘર્ષણ અને ક્લેશથી દૂર રહેવાની વૃત્તિ પણ છે. કોઈ માણસ સાથે લડવું ઝગડવું પડે તે તેમને પસંદ ન પડે, તેની તેમને સૂગ, કંટાળો! તેમને એવા પ્રસંગો નહિ જ આવ્યા હોય એમ કહીએ તો ચાલે. સમગ્ર જીવન તેઓ એની સંભાળ રાખીને ચાલ્યા છે. કવિશ્રી નાનાલાલની પ્રથમ જયંતી વખતે તેમણે આનંદશંકરભાઈ ઉપર કેટલાક આક્ષેપો કરેલા. તેનો તેમણે જવાબ પણ આપેલો છે. તેમને એનું દુઃખ લાગેલું અને તે આપણે તેમના જવાબમાં પણ જોઇ શકીએ છીએ. એ પ્રસંગે તેમણે મને કહેલું—પોતા વિશે એ શબ્દોમાં બોલતાં સંકોચ પામતાં પામતાં કહેલું કે, આ એક પ્રસંગ સિવાય એમનું જીવન ‘અજાતશત્રુ’નું હતું. ઠેઠ સુધી અજાતશત્રુ રહેવું એ એમના જીવનનો એક આદર્શ ખરો.

જીવનમાં આવી જ સંભાળ તેઓ પ્રતિષ્ઠાની પણ રાખતા એમ પણ કહેવું જોઈએ. આનો અર્થ ખોટી રીતે થવાનો સંભવ છે માટે કહું છું કે આ પ્રતિષ્ઠા, કીર્તિ અને સંપત્તિનું સાધન છે એ તરીકે નહિ, પણ નિષ્કલંક યશ એક પુરુષાર્થ છે, આર્યોએ બહુ માનેલી ચીજ છે, અને માણસે ઐહિક ભૂતિનો પણ પ્રમાદ ન કરવો જોઇએ એવી દૃષ્ટિથી, એમ હું સમજું છું. એમની રીતભાત, વર્તન બધું આ દૃષ્ટિએ અનવદ્ય. આ પ્રતિષ્ઠામાં સાહિત્યપ્રતિષ્ઠાનો પણ સમાવેશ થાય છે. એમના વિશે કોઈ જગ્યાએ ગેરસમજૂતી થઈ હોય તો તે અવિલંબે સુધારે, ખુલાસો કરે, અને કોઈએ ખોટું વિધાન કરેલું હોય તો આગ્રહપૂર્વક સુધરાવે. એ બાબતમાં કદી દુર્લક્ષ, બેપરવાઈ કે આળસ કરે નહિ.

એમના જીવનમાં બીજી કોઈ પણ વસ્તુ કરતાં વિદ્યા માટે એમને સૌથી વિશેષ ઉત્સાહ હતો. જીવનમાં રસ હોવા છતાં, બીજી કોઈ બાબતમાં તેમને એટલો ઉત્સાહ નહોતો. સામાન્ય વાતચીત કરતાં કંઈ પણ વિદ્યાની, વિજ્ઞાનની, સાહિત્યની વાત આવે તો તેમના મોં પર તરત તેજ દેખાતું, નવો ઉલ્લાસ દેખાતો, વાતમાં નવો જ રસ જણાતો. એમને વિશે ઘણા એવી ટીકા કરે છે કે આટલી વિદ્વત્તા છતાં તેમણે ગુજરાતને કાંઈ આપ્યું નહિ. આ ટીકામાં અલબત કડવાશ કે તીખાશ હોતી નથી એ હું સ્વીકારું છું. ઊંડેઊંડે તેમાં, તેમની વિદ્વત્તાને માટેનું માન પણ રહેલું છે. અને છતાં લાંબા આયુષમાં નિયમિત કામ કરીને એમણે કેટલું આપ્યું છે તે હવે તેમના સંગ્રહ બહાર પડતા જાય છે તેમ તેમ જણાતું જાય છે. અને છતાં આમાં તથ્ય પણ છે. એ તથ્યને માટે કંઈક આપણી પરિસ્થિતિ જવાબદાર છે. પણ એ તથ્યનો એમણે જે ખુલાસો કરેલો તે તેમનો સ્વભાવ સમજવામાં બહુ મહત્ત્વનો છે. બનારસ યુનિવર્સિટીએ તેમને ડી. લિટ.ની ડિગ્રી આપી તે માટેના ખારમાં ભરાયેલા એક માનના મેળાવડામાં તેમણે કહેલું કે હું એક રીતે સ્વાર્થી છું. મારા પોતાના જ્ઞાનને માટે હું વાંચું છું, અને એ પ્રવૃત્તિને ભોગે લોકો માટે લખવાનું મને મન નથી થતું. હું માનું છું, તેમનું આ તદ્દન સાચું કથન છે. સાચું એટલે? પોતે વિશેષ ન લખી શકયા તેનું સાચું કારણ આમાંથી મળે છે. અલબત એવા કારણ માટે આપણે એમને સ્વાર્થી

ન કહી શકીએ. પોતાના જીવનના ધ્યેયની સાધના કરવી એ સ્વાર્થ નથી. દરેક માણસ પોતાના ધ્યેયને રસ્તે જ ચાલી શકે. આપણે એમની પાસેથી વધારે સાહિત્ય ઇચ્છતા હોઈએ એ જુદી વાત છે, પણ દરેક માણસ, દરેક લેખક, પોતાના ધ્યેયને છોડી બીજે ન જ જઈ શકે, ધ્યેય તરફ બેવફા થઈને કશું ન કરી શકે! અને એમના જીવનનું પ્રધાન ધ્યેય વિદ્યોપાર્જન હતું. અને તેના તરફ તેમણે એકસરખી નિષ્ઠા રાખી છે, અને તેમાં વિરલ સિદ્ધિ પણ મેળવી છે—એવી સિદ્ધિ, જેને માટે ગુજરાત અભિમાન લઈ શકે.

આનંદશંકરભાઈ

(કેટલાંક અંગત સંસ્મરણો)

શ્રી. ગટુલાલ ગોપીલાલ ધ્રુ

ધોળો લાંબો કોટ, ધોળી રેશમી કોરનું ઝીણું, ઉજળું બંગાળી ધોતિયું, મોટી પહોળી દીવાલની 'પ્લશ'ની ટોપી, કપાળમાં મોટો ગોળ ચાંલ્લો, આંખે સોનાની ફ્રેમનાં ચશ્માં અને પગે દક્ષિણી જોડા—આનન્દશંકરભાઈનું આ મને સૌથી પ્રથમ સ્મરણ. તે વખતે એ તરતના એમ. એ.માં પાસ થયેલા.

આનન્દશંકર સંસ્કૃતમાં બહુ વિદ્વાન છે, જૂના સાંપ્રદાયિક આચારવિચાર બહુ ચુસ્તપણે પાળનારા છે, શ્રીમન્ત પિતાના એકના એક પુત્ર છે અને અમદાવાદની નાગરની જ્ઞાતિમાં એમના જેટલું કોઈ ભણેલું નથી, એવું મેં એમને માટે તે વખતે સાંભળેલું.

આ સ્મરણ મને જરા ઝાંખું છે. મારી ઉમર તે વખતે બહુ નાની હતી. પરન્તુ ત્યાર પછી પ્રોફેસર આનન્દશંકર ધ્રુવ તરીકે હું એમને ઓળખતો થયો. ટોપીને બદલે મોટી લાલચકટ પાઘડી, ઝીણી ધોળી રેશમી કોરનો અક્કડ અસ્ત્રીબંધ ખેસ અને દોરીવાળાં શૂઝ તથા લાંબાં મોજાં—એટલો તે વખતે ફેરફાર થયેલો. અમારા ઘરની સાથેના જ ડેલામાં એમની ઘોડાગાડી બંધાય. ત્યાં દરરોજ આકાશેઠના કૂવાની પોળેથી બહાર આવી ગાડીમાં આનન્દશંકરભાઈ બેસે, ગાડીવાળો સોનાજી ડેલામાં હોય તો ધીમેથી બૂમ પાડેઃ "સોનાજી, ચાલજો." પાછળ એક માણસ ચોપડીઓનો મોટો થોકડો લઈ આવે તે ચોપડીઓ ગાડીમાં ખડકાય અને ગાડી ચાલવાની સાથે એ ચોપડી વાંચવા માંડે. આ દૃશ્ય મને બહુ સ્પષ્ટ યાદ છે.

એ વખતે હું હાઈસ્કૂલમાં ભણતો હતો. હાઈસ્કૂલના અમારા હેડમાસ્તર મિ. એદલજી તલાટીએ એવી ગોઠવણ રાખેલી કે મેટ્રિકની પ્રિલિમિનરીની પરીક્ષા ગુજરાત કૉલેજના પ્રોફેસરો પાસે લેવડાવે. આનન્દશંકરે મને સંસ્કૃતમાં નાપાસ કર્યો (હું નાપાસ થયો—સોમાંથી માત્ર વીસ જ માર્ક મળ્યા) એટલે એમને માટેની માનવૃત્તિમાં વિક્ષેપ પડ્યો. મને એમ જ લાગ્યું કે પોતે સંસ્કૃતમાં વિદ્વાન છે એટલે એ ધોરણે અમારી પાસે પણ બહુ જ્ઞાનની એ આશા રાખતા હશે. વળી એવા પ્રોફેસર પાસે કૉલેજમાં શીખવાનું અને તેમણે મારા સંસ્કૃત જ્ઞાન (?)ની તો કસોટી કરેલી એટલે કૉલેજમાં શી સ્થિતિ થશે એવો પણ વિચાર આવેલો.

આથી, કૉલેજમાં હું દાખલ થયો ત્યારે આનન્દશંકરભાઈ માટે અમુક પૂર્વગ્રહ સાથે ગયેલો.

પરન્તુ થોડા જ વખતમાં મારી મનોદશા બદલાઈ ગઈ. અમારે તે વર્ષે 'શાકુન્તલ' શીખવાનું હતું. સંસ્કૃત વ્યાકરણ મારું કાચું હતું, પરન્તુ કૉલેજના સંસ્કૃત અભ્યાસમાં સંસ્કૃત વ્યાકરણના

જ્ઞાનનો ઝાઝો ખપ પડતો નથી એટલે એ મારો ભય અને ચિન્તા ઘણે અંશે ઓછાં થયાં. આનન્દશંકરભાઈ પાસે સંસ્કૃતનાં ત્રણચાર નાટકો હું શીખ્યો છું, પણ 'શાકુન્તલ' એમણે શીખવ્યું એની તોલે બીજું કોઈ ન આવે. 'શાકુન્તલ' એમનું પોતાનું પ્રિય નાટક હતું, એટલે સંસ્કૃત નાટ્યસાહિત્યની એ ઉત્તમ કૃતિ અતિ ઉત્તમ રીતે શીખવાનો અમને લાભ મળ્યો. કવિની ઉદાત્ત ભાવના ઉપરાન્ત સંસ્કૃત કાવ્યની રસિકતાની કદર કરવાનું એમના 'શાકુન્તલ'ના શિક્ષણે અમને શીખવ્યું.

'रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्' ઇત્યાદિ પાંચમા અંકનો બીજો શ્લોક શીખવતાં

तच्चेतसा स्मरति नूनमबोधपूर्वं
भावस्थिराणि जननान्तरसौहृदानि ।

એ છેલ્લી બે પંક્તિઓનો ભાવાર્થ એમણે જે ઝીણવટથી સમજાવ્યો, 'जननान्तरसौहृदानि' અને 'भावस्थिराणि' એ શબ્દોનો ભાવાર્થ જે રીતે સમજાવ્યો તે હજુ આજ પિસ્તાળીસ વર્ષે પણ મને સ્પષ્ટ યાદ છે. વર્ષો પછી રવીન્દ્રનાથના 'પ્રાચીન સાહિત્ય'નું સદ્‌ગત મહાદેવ દેસાઈનું ભાષાન્તર મેં વાંચ્યું ત્યારે 'શાકુન્તલ'ની મધ્યવર્તી ભાવના અને પ્રાચીન સંસ્કૃત સાહિત્યની આધ્યાત્મિક દૃષ્ટિ વિશેનું વિવેચન વાંચતાં મને આનન્દશંકરભાઈએ શીખવેલા 'શાકુન્તલ'નું સ્મરણ થયું. ટાગોરે દર્શાવી છે એ જ દૃષ્ટિએ એમણે 'શાકુન્તલ' અમારી સમીપ રજૂ કર્યું હતું.

સંસ્કૃતના ઉત્તમ અધ્યાપક ઉપરાન્ત અંગ્રેજી કવિતાના અતિ કુશળ પ્રોફેસર તરીકે આનન્દશંકરભાઈનું મને સ્મરણ થાય છે. ઇન્ટરમીડિયેટમાં અમારે ટેનિસનનાં Selections શીખવાનાં હતાં. તે વખતે ગુજરાત કૉલેજમાં દરેક વિષયના સંખ્યાબંધ પ્રોફેસરો રાખી દરેકને અઠવાડિયામાં માત્ર છ કલાકનું શિક્ષણકાર્ય કરવાનું આવે એવી ખર્ચાળ વ્યવસ્થા નહતી. આનન્દશંકરભાઈ સંસ્કૃતના અધ્યાપક હોવા છતાં ટેનિસનનો તેમનો ઊંડો અભ્યાસ હોવાથી, અને અંગ્રેજી કાવ્યસાહિત્ય તેમનો પ્રિય વિષય હોવાથી એ પુસ્તક શીખવવાનું પણ તેમણે માથે લીધું. વિલસન કૉલેજમાં ડૉ. સ્કૉટ પાસે 'ગોલ્ડન ટ્રેઝરી' હું શીખ્યો છું. તેમના સિવાય બીજા કોઈ પ્રોફેસરે અંગ્રેજી કાવ્યનું શિક્ષણ, આનન્દશંકરભાઈએ ટેનિસન અમને શીખવ્યો તેના જેવું આપેલું મને યાદ નથી. અંગ્રેજી કાવ્યપુસ્તકો ગુજરાત કૉલેજ તેમ જ વિલસન તથા એલ્ફિન્સ્ટનમાં હું અંગ્રેજ પ્રોફેસરો પાસે શીખ્યો છું. એટલે આ મારો અભિપ્રાય અનુભવથી બંધાયેલો છે. ઘણાં વર્ષો પછી સદ્‌ગત દયારામ ગિદુમલ સાથે ટેનિસનનું 'In-memorium' વાંચવાનો મને પ્રસંગ મળેલો ત્યારે એમના વિવરણ વખતે આનન્દશંકરભાઈના સૂક્ષ્મ વિવરણનું મને સ્મરણ થતું હતું.

ગુજરાત કૉલેજમાં તે વખતે ફિલોસૉફીના કોઈ અધ્યાપક હતા નહિ. (અત્યારે પણ કોઈ હોય એવું મારી જાણમાં નથી, કદાચ હશે તોપણ એ વિષય શીખવાતો તો નથી જ.) વિદ્યાબહેન ઇન્ટરમાં પાસ થયાં; પછી એમણે ઐચ્છિક વિષય લૉજિક અને મૉરલ ફિલોસૉફી લેવો એવો રમણભાઈ-

નો આગ્રહ હતો. પણ એ વિષય શીખવે કોણ? આનન્દશંકરભાઈએ એ કામ માથે લીધું. પ્રાચીન સંસ્કૃત દર્શનો અને તત્ત્વજ્ઞાનના ગ્રન્થો ઉપરાન્ત પશ્ચિમનાં તત્ત્વમીમાંસાનાં પુસ્તકોનો આનન્દશંકરભાઈનો ઊંડો અભ્યાસ હતો, એટલે આ વિષયને એ સંપૂર્ણ ન્યાય આપી શક્યા. વિદ્યાબહેન સીનિયર વર્ષમાં હતાં તે વખતે હું જુનીયર બી.એ.માં આવ્યો અને મેં પણ એ વિષય લેવાનો નિશ્ચય કર્યો. ત્યાર પછી હું એલ્ફિન્સ્ટનમાં ગયો અને ત્યાં બહુ નિષ્ણાત ગણાતા એ પ્રોફેસરો પાસે મારે એ વિષય શીખવાનું આવ્યું. પરન્તુ માર્ટીનોની 'એથિક્સ' તથા કૅન્ટ હું, અહીં ગુજરાત કૉલેજમાં શીખ્યો તેવું બીજે ક્યાંય શીખવાતું મને ન મળ્યું. કૅન્ટનું અમારે તો એક નાનું પુસ્તક શીખવાનું હતું, પરન્તુ આનન્દશંકરભાઈએ 'ક્રિટિક ઑફ પ્યોર રિઝન' વિશે ખૂબ ઝીણવટથી અને કૅન્ટના સિદ્ધાન્તો વિશે બહુ જ વિસ્તારથી શીખવેલું. સંસ્કૃત મીમાંસાના એમના વિશાળ અભ્યાસને લીધે એ તુલનાત્મક દૃષ્ટિથી શીખવી શકતા.

અધ્યાપક આનંદશંકરભાઈનાં અનેક સંસ્મરણો આજ પ્રત્યક્ષ થાય છે. ચારેક વર્ષ ઉપર પ્રેમાભાઈ હૉલમાં ભગવદ્‌ગીતા ઉપરનાં એમનાં વ્યાખ્યાનો સાંભળતાં એમની પાસે કૉલેજમાં ગાળેલાં અત્યન્ત સુખદ વર્ષોનું સ્મરણ થતું હતું. અમારો ફિલોસૉફીનો વર્ગ માત્ર દસેક વિદ્યાર્થીનો એટલે એમના બહુ નિકટ પરિચયમાં અમે બધા આવતા. કેવા ઉત્સાહથી, કેટલા સ્નેહભાવથી, જ્ઞાનપિપાસા જાગ્રત કરવાની કેટલી ધગશથી અને વિષયના કેટલા ઊંડા અને વિશાળ અભ્યાસને અંતે અમને આનંદશંકરભાઈ પાસે શિક્ષણ મળતું તેનો વિચાર કરું છું ત્યારે આજના કૉલેજના વિદ્યાર્થીની કેવળ દયા આવે છે. આજે એ સ્થિતિ અનેક કારણોને લીધે સર્વથા અશક્ય છે.

ગુજરાત કૉલેજના મારા અનુભવ ઉપરથી, તેમ જ આનંદશંકરભાઈના અનેક પ્રસંગના નિકટ પરિચયથી મને એમને માટે અત્યંત માનવૃત્તિ ઉત્પન્ન થઈ હતી. હું મુંબઈ અભ્યાસ માટે ગયો ત્યારે સ્વ. લલ્લુભાઈ સામળદાસને ત્યાં રહેતો હતો. ત્યાં વીરુભાઈ (પ્રો. વીરમિત્ર દિવેટિયા) પણ રહેતા હતા. અમારી બન્નેની વચ્ચે અનેક વખતે રમૂજી વાદવિવાદ થતો. હું વીરુભાઈને કહું કે તમારા મામા (આનંદશંકરભાઈ) વધારે વિદ્વાન અને એ મને કહે કે તમારા મામા (નરસિંહરાવ) વધારે વિદ્વાન. નરસિંહરાવ, એમના કાકા થાય. આમ અમે પરસ્પર એકબીજાના મામાની વિદ્વત્તાની સરખામણી કરતા અને લલ્લુભાઇ અમારી તકરારનો નિવેડો લાવતા. એ પ્રસંગો મને બહુ સ્પષ્ટ સાંભરે છે.

આનંદશંકરભાઈ માટે એવી સામાન્ય માન્યતા છે કે, તે કદી પણ, પોતાનો અભિપ્રાય કોઇ બાબતમાં સ્પષ્ટ રીતે જણાવતા નહિ. કૉલેજમાં અભ્યાસ કરતો ત્યારે મને પણ એમ લાગતું હતું. અત્યારે મને લાગે છે કે જાહેર વ્યાખ્યાનોમાં, લેખોમાં, તંત્રિસ્થાનેથી, ચર્ચાઓમાં અને પુસ્તકોમાં પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દરેકે જણાવવો જ જોઇએ. પરન્તુ શિક્ષકે અગર અધ્યાપકે તો દરેક પ્રશ્નની બધી બાજૂ સ્પષ્ટ રીતે નિષ્પક્ષપાતવૃત્તિથી અને રાગદ્વેષ વિના વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવામાં જ પોતાના કર્તવ્યની સમાપ્તિ માનવી જોઈએ. તેણે પોતાનો અંગત અભિપ્રાય વિદ્યાર્થી સમક્ષ રજૂ ન કરવો જોઈએ. શિક્ષકના અભિપ્રાયને મોટા ભાગના વિદ્યાર્થીઓ વેદવાક્યસમાન ગણે

છે એટલે પોતાનો અંગત અભિપ્રાય શિક્ષક રજૂ કરે તો વિદ્યાર્થી વગર વિચારે તે ગ્રહણ કરી લે છે. વિદ્યાર્થીની વિચારશક્તિને આ રીતે કુંઠિત કરવાનો કોઈ શિક્ષકને અધિકાર નથી. એટલે આનંદશંકરભાઈ કૉલેજમાં પોતાનો અંગત અભિપ્રાય રજૂ કરતા નહોતા એ પદ્ધતિ મને સર્વથા વાજબી લાગે છે.

જીવનના અનેક પ્રસંગોએ આનન્દશંકરભાઈ સાથે મારો નિકટ સંબંધ વધતો ગયો. અહીં માત્ર બેચાર સંસ્મરણો જ નોંધું છું. સને ૧૯૧૨માં મારા એક નજીકના પિત્રાઇના મૃત્યુપ્રસંગે મેં જ્ઞાતિના રિવાજ મુજબ મૂછ ન ઉતરાવી તેથી અમદાવાદની વડનગરા નાગર ગૃહસ્થની ‘ ઉચ્ચ સંસ્કારી ’ જ્ઞાતિએ મને ન્યાતબહાર મૂકવાનો ઠરાવ કર્યો. મને તે વખતે મુંબાઈમાં સેકંડરી ટીચર્સ કૉલેજમાં કેળવણીખાતા તરફથી અભ્યાસ કરવા મોકલવામાં આવ્યો હતો. મારાં માતપિતાએ જ્યારે મને મુંબાઇમાં અહીંની ન્યાતના ઠરાવ વિશે લખ્યું, ત્યારે મેં જ્ઞાતિબહાર રહેવાની મારી સંપૂર્ણ તૈયારી વિશે એમને જણાવ્યું. એ અરસામાં આનન્દશંકરભાઈ મુંબાઈ આવવાના હતા, તેમને મને સમજાવવાનું કાર્ય મારાં માતપિતાએ સોંપ્યું. આનન્દશંકરભાઈ સદ્‌ગત ઉત્તમલાલ ત્રિવેદીને બંગલે સાંતાક્રૂઝમાં ઊતરેલા. હું રહેતો હતો તે જગ્યા ઉત્તમલાલના બંગલાની નજીકમાં જ હતી. આનન્દશંકરભાઈએ મને બોલાવ્યો અને ઘણી દલીલો કરી. છેવટે તેમણે કહ્યું, “આટલી નજીવી બાબત માટે જ્ઞાતિનો સંબંધ તોડવો એ ઠીક લાગે છે? કોઈ મહત્ત્વનું કાર્ય કરવા માટે જ્ઞાતિત્યાગ કરવો પડે તો વાજબી ગણાય.” મેં જવાબ આપ્યો, “ આટલી નજીવી બાબત માટે જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવામાં આવે એ વાજબી છે? સંસ્કારમાં સૌથી ઉત્તમ પોતાને માનતી અને શ્રેષ્ઠ ગણાતી જ્ઞાતિ આટલી નજીવી બાબતને આટલું મોટું મહત્ત્વ આપે એથી બીજી જ્ઞાતિઓ આ જ્ઞાતિ માટે શું ધારે? આપના જેવા વિદ્વાન અને જ્ઞાતિના પ્રતિષ્ઠિત આગેવાન હોવા છતાં આવી ક્ષુલ્લક બાબત માટે પોતાનામાંથી કોઈ વ્યક્તિનો બહિષ્કાર કરનાર જ્ઞાતિ બીજી જ્ઞાતિઓની નજરે હાસ્યાસ્પદ નથી બનતી ?” આનંદશંકરભાઈએ કાંઈ જવાબ ન વાળ્યો. પરન્તુ ત્યારપછી કેટલેક વર્ષે પ્રાયશ્ચિત્ત કરી ફરી જ્ઞાતિમાં મને દાખલ કરવાની વાટાઘાટ ચાલતી હતી, ત્યારે આનન્દશંકરભાઈએ મને ઘણી જ મદદ કરેલી અને મારા સિદ્ધાન્ત વિરુદ્ધ પ્રાયશ્ચિત્ત ન કરવાની સ્પષ્ટ સલાહ આપેલી. આનંદશંકરભાઈએ તે વખતે મને જે રીતે મારા સિદ્ધાન્તોને અનુસરવામાં પરોક્ષ રીતે સહાયતા કરેલી તેનું આજ આભારપૂર્વક હું સ્મરણ કરું છું.

ત્યારપછી, આજથી ચારેક વર્ષ ઉપર, એમની જ્ઞાતિમાં જ્ઞાતિભોજન પ્રસંગે એકબે જણને ત્યાં બીજી જ્ઞાતિનાં સ્ત્રીપુરુષો એક પંક્તિએ જમવા બેઠેલાં અને જ્ઞાતિનાં યુવકયુવતિઓ જ્ઞાતિના નિયમોનો ઉઘાડી રીતે ભંગ કરતાં જણાયાં, ત્યારે આનન્દશંકરભાઈએ મને કહેલું: “ ઉત્તમલાલને ત્યાં આપણે વાત થઇ હતી તે યાદ છે? તમારું કહેવું હવે મને સાચું લાગે છે. તમે તો છૂટી ગયા-આજ પચીસ વર્ષથી છૂટયા છો. મને હવે આ જ્ઞાતિના માણસોની રીતભાત જોતાં, એમની જ્ઞાતિનો કહેવડાવતાં ઘણો સંકોચ થાય છે.”

આનન્દશંકરભાઈ મારી સાથે બહુ જ નિખાલસતાથી અનેક વિષયોની અને અનેક જાહેર

વ્યક્તિઓની ચર્ચા કરતા. એમના છેક નિકટના સંબંધીઓ કરતાં પણ મારી સાથે એમનો આ રીતનો સંબંધ વિશેષ ગાઢો હતો. સમાજસુધારાના અને ધર્મના અનેક પ્રશ્નો બાબત અમારો મોટો મતભેદ હતો. પરન્તુ એમણે મારી સાથેની ચર્ચામાં કદી પણ ગુરુ-શિષ્યનો સંબંધ રાખ્યો નહતો. મારા કરતાં ઉમરે ઘણા મોટા હોવા છતાં એ સમાનવયના મિત્રો જેવી રીતે ચર્ચા કરે તેવી ઉદાર અને નિખાલસ વૃત્તિથી એ ચર્ચા કરતા.

એમના અવસાનને આગલે વર્ષે અમદાવાદ પ્રાર્થના સમાજના ઉત્સવપ્રસંગે મેં એમને વ્યાખ્યાન આપવાની વિનન્તી કરી. એમણે બહુ સદ્ભાવપૂર્વક જણાવ્યું, "સમય બહુ ટૂંકો છે, એટલે આ વર્ષે તો હું નહિ આપી શકું પણ આવતે વર્ષે જરૂર આપીશ, તમે જરા પણ એમ ન ધારશો કે પ્રાર્થના સમાજમાં વ્યાખ્યાન આપવામાં મને કોઈ પ્રકારનો વાંધો છે" એમ એમણે જણાવ્યું. બીજે વર્ષે તો એમનું અવસાન થયું, એટલે પ્રાર્થના સમાજને એમના વ્યાખ્યાનનો લાભ ન મળી શકયો.

પ્રાર્થના સમાજનો ધર્મ અને ઉપાસનાપદ્ધતિ બાબત એમનો મતભેદ હતો, પરન્તુ એના ધર્મસિદ્ધાન્તો, ધર્મપ્રવૃત્તિ અને ધર્મપરાયણ અનેક આગેવાનો માટે એમને બહુ માનવૃત્તિ હતી, એ હું સારી રીતે જાણું છું. ઘણાં વર્ષો ઉપર વડનગરા નાગર ગૃહસ્થ ઍસોસિયેશન સમક્ષ એમણે હિંદના ધર્મસંપ્રદાય—કે એવા કોઈ વિષય ઉપર બહુ જ વિદ્વત્તાપૂર્ણ અને મનનીય વ્યાખ્યાન આપ્યું હતું, ત્યારે બાબુ કેશવચન્દ્ર સેનના 'Oriental Christ' નામના સુપ્રસિદ્ધ પુસ્તકમાંથી જે ઉતારા વાંચ્યા હતા અને કેશવચન્દ્ર સેનની ઊંડી આધ્યાત્મિકતા માટે પ્રશંસાના જે ઉદ્ગાર કાઢ્યા હતા તે ઉપરથી એમની એ ધર્મ પ્રત્યેની ઉદાર વૃત્તિ સ્પષ્ટ જણાતી હતી.

એમના છેલ્લા મંદવાડ વખતે, એમના અવસાનના થોડા જ દિવસ અગાઉ, હું એમને મળવા ગયેલો. બીજી અનેક વાતો કર્યા પછી એમણે મને પૂછ્યું, "પ્રાર્થના સમાજ કેમ ચાલે છે?" મેં કહ્યું, "માત્ર હયાત છે, ચાલતી બિલકુલ નથી," એમણે કહ્યું: "હયાત રાખજો—બનતા પ્રયત્ને એને જીવતી રાખજો. એનું ભવિષ્ય મને ઊજળું લાગે છે. અત્યારે જે બધાં ધર્મવિમુખ થઈ ગયાં છે તે, અગર તેમની પછીના જમાના ધર્મપ્રત્યે ફરી પાછાં જરૂર વળવાનાં છેઃ તે વખતે આપણાં મંદિરો અને દેવસ્થાનો એમને નહિ રુચે, એમાં એમની શ્રદ્ધા નહિ રહી શકે—એ વખતે પ્રાર્થના સમાજ જેવી સંસ્થા હયાત હશે તો એ બધાંને અવલમ્બનનું સ્થાન થશે."

આનન્દશંકરભાઈ સાથે વાર્તાલાપ કરવાનો આ મારો છેલ્લો પ્રસંગ હતો, અને એમના વાર્તાલાપના આ છેલ્લા શબ્દો હતા!

કાશીમાં આનન્દશંકરભાઈ

ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યા

કાશીના હિન્દુ વિશ્વવિદ્યાલય—'બિનારસ હિન્દુ યુનિવર્સિટી'ની સાથે ગુજરાતીઓનો કેટલો ગાઢો સંબન્ધ છે તે અત્યારે ઘણા ગુજરાતીઓના જાણવામાં નહિ હોય. હમેશાં એમાં ગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા સારી હોય છે (ગુજરાતી મંડળ પણ છે); અધ્યાપકવર્ગમાં અંગ્રેજીના અધ્યાપકોમાં બે ગુજરાતીઓ છે, આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ ગુજરાતી[૧] છે, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ગુજરાતી[૨] છે, અને મુખ્ય મંડળોમાં ય એકબે ગુજરાતી હોય છે.[૩] 'Mining and Metallurgy' કૉલેજના શરૂથી વડા ગુજરાતી હતા,[૪] જે ઘણાં વર્ષો પછીથી ગયે વર્ષ મુંબાઈ પાછા ફર્યા છે. અને સંસ્કૃત, ફિલસૂફી, 'Oriental' studies વગેરેના મુખ્ય આચાર્ય, સેન્ટ્રલ હિન્દુ કૉલેજના પ્રિન્સિપાલ તથા સત્તરેક વર્ષ લગી યુનિવર્સિટીના પ્રો-વાઇસ-ચેન્સેલર તરીકે, પંડિત માલવીયજીથી જ બીજે નંબરે, એવા આપણા આનન્દશંકરભાઇ તો આ સંસ્થાના એક પ્રાણરૂપ હતા. આ ઉપરાંત દ્રવ્ય વગેરેનાં દાન પણ ગુજરાતી શેઠિયાઓએ તથા રાજવીઓએ કરેલ છે તે નાનાંસૂનાં નથી. શ્રીમન્ત સયાજીરાવ ઘણા વખત લગી ચેન્સેલર રહ્યા. આમ હિન્દુ વિશ્વવિદ્યાલયની સ્થાપના, એનો વહીવટ, એની સફળતા તથા એની પ્રતિષ્ઠામાં ગુજરાતીઓએ સારો હિસ્સો આપ્યો છે.

એના જન્મમાં બીજા એક મહાગુજરાતીનો બહુ ભારે હાથ હતો. ખરું કહીએ તો તે સમયે એમનું નામ પંડિત મદનમોહન માલવીયજીની સાથે જ મુકાતું. તેઓ અલ્લાહાબાદના વિશનગરા (ગુજરાતી) નાગર પંડિત સર સુન્દરલાલ હતા. હિન્દુ યુનિવર્સિટિની સ્થાપના પછી તરત જ એમનું અકાળે ને ઓચિંતું અવસાન થયું એ આ યુનિવર્સિટીને માથે પડેલી આફતોમાં સૌથી પહેલી, ને કેટલીક રીતે, મોટામાં મોટી હતી. આ એપ્રિલ માસના આરંભમાં પંડિત માલવીયજીનાં દર્શને હું ગયો હતો, ત્યારે એમણે પણ સુન્દરલાલજીને ગદ્‌ગદ કંઠે સંભાર્યા હતા.

હકીકત એ છે કે આ અનુપમ ને અપૂર્વ સંસ્થા ઉપાડી લેવાનું મુખ્ય કામ આ જુગલ-જોડીએ જ કર્યું હતું. બન્ને ઘણે અંશે એકબીજાના પૂરક હતા ને તેઓનો યોગ સોના ને સુગન્ધના યોગથીય વધુ સરસ હતો : જો આ સંયોગ ને સહકાર પચીસ વર્ષ પણ ચાલ્યો હોત, તો ઘણો સંભવ છે કે હિન્દુ યુનિવર્સિટીને જે જે મુસિબતો ખમવી પડી છે તેમાંથી તે બચી ગઈ હોત અને તેની પ્રગતિ તથા પ્રતિષ્ઠા ઘણી જ વધુ થઈ હોત.

આ બન્ને જણા અસલ તો સંયુક્ત પ્રાન્તના નહિ જ : માલવીયજી માળવી બ્રાહ્મણ,

---

૧. ડૉ. પાઠક, ૨. ગંગાપ્રસાદ મહેતા. ૩. સ્વ. રાયબહાદુર બળદેવરાય દવે તથા રાયબહાદુર કનૈયાલાલ દવે. ૪. પ્રો. નાગરદાસ પુ. ગાંધી.

સુન્દરલાલજી વિશનગરા—'વિશલનગરા' ગુજરાતી નાગર બ્રાહ્મણ. પણ બન્ને સંયુક્ત પ્રાંતમાં ઘર કરીને સ્થાયી વસેલા. બન્ને બ્રાહ્મણો, બન્ને હિન્દુધર્મના ભક્તો, બન્ને (કદાચિત્ જુદીજુદી રીતે) આ હિન્દુ યુનિવર્સિટીના આદર્શમાં ખૂબ માનનારા અને બન્ને કમર કસીને આ હિન્દની નવી તથા અનોખી સંસ્થાને સફળ કરવાને તૈયાર થયેલા.

આદર્શની—ઉદ્દેશ્યની આમ એકતા હતી, ને પરસ્પર મૈત્રી તથા વિશ્વાસ હતો; છતાં બન્નેની 'personalities' તદ્દન જુદી, અને બન્નેની સેવા પણ તદ્દન જુદા જ પ્રકારની ધારી શકાય એમ હતું. બન્ને એક બીજાના પૂરક, એક બીજાના નિયંત્રક, એક બીજાના ગુણોને તથા સેવાને દિપાવનાર હતા.

શરીરે તેમ જ અન્ય ગુણથી આ જોડી પહેલી નજરે અન્યોન્યથી તદ્દન જુદી—લગભગ વિરોધક લાગે. શામળા, કદાવર, કસરતી ને પહેલવાની સુન્દરલાલજીની આગળ ગૌર, સુકુમાર એકવડી કાઠીના, મધુર આકૃતિવાળા માલવીયજી તદ્દન જુદા જ પ્રકારના લાગે. બળ, કાર્યદક્ષતા, વ્યાવહારિક કુનેહ ને સિદ્ધિ આ થોડાબોલા નાગરમાં સ્પષ્ટ હતાં; ત્યારે માલવીયજી પુરાણા ઋષિના નવા અવતાર સમા, દૂરદૂરના આદર્શ માટે અખૂટ ઉત્સાહ, ધગશ ને લાગની શક્તિવાળા, મધુર વકતૃતાથી લોકમાં નવી પ્રેરણા ને નવો પ્રાણ સંચારવાની શક્તિવાળા હતા. સુન્દરલાલજીનું વક્તૃત્વ અદાલતોમાં, ધારાસભામાં, યુનિવર્સિટીમાં ને સમિતિઓમાં પૂરો પ્રભાવ પાડતું. માલવીયજી તે વખતે કૉંગ્રેસની તથા બીજાં સંમેલનોની જનતાની પ્રચંડ મેદનીમાં પોતાની જીભના રૂપેરી મધુર રણકારથી હજારોનાં ચિત્તને મોહમાં નાખી દેતા, હજારો હૈયાંને હલમલાવી નાંખતા, અને દેશભક્તિ, ધર્મ, શ્રદ્ધા વગેરેની અલૌકિક છોળો ઉડાડતા. એવું બીજું હિન્દી વકતૃત્વ તે સમયે દેશમાં ન હતું : હજી પણ થયું નથી.

સુન્દરલાલજી અલ્લાહાબાદની હાઇકોર્ટના વકીલમંડળ(Bar)ના અગ્રેસર ને તે સમયે હાઇકોર્ટના એક ન્યાયાધીશ હતા. વકીલાતમાં પુષ્કળ ધન, યશ ને પ્રતિષ્ઠા મેળવ્યા ઉપરાંત ધારાસભામાં એમનું ઘણું વજન હતું : અલ્લાહાબાદ યુનિવર્સિટીના એ ત્રીજી વાર વાઇસ-ચૅન્સેલર નિમાયા ને હિન્દુ યુનિવર્સિટીના પહેલા વાઇસ-ચૅન્સેલર તરીકે સરકારના ને શિક્ષિતવર્ગના પૂરા વિશ્વાસને પાત્ર હતા. હિન્દુ યુનિવર્સિટીના જેવા તદ્દન નવા ને ગંજાવર મોટા પ્રયોગનું સુકાન આ નાગરના હાથમાં તદ્દન સલામત હતું. ખરે, હિન્દભરમાં આવા કામને માટે એમના જોટાનો—એમનાથી ચઢિયાતો—બીજો એક જ માણસ હતો—ન્યાયમૂર્તિ સર આશુતોષ મુખરજી, કલકત્તા યુનિવર્સિટીના વાઇસ-ચૅન્સેલર, હિન્દના યુનિવર્સિટી-શિક્ષણના એક અજોડ અગ્રણી.

માલવીયજી ધંધે વકીલ, છતાં આગ્રા-અલ્લાહાબાદના મહાન નેતા પંડિત અયોધ્યાનાથ કુંઝરુની પ્રેરણાથી કૉંગ્રેસમાં જોડાયેલા. નવાં દર્શન કરવાની, એ દર્શનને માટે આમવર્ગમાં અપ્રતિમ ઉત્સાહ તથા સમર્પણ પ્રકટાવવાની, તથા નવાં સર્જન કરવાની અસાધારણ શક્તિ એમનામાં હતી. હિન્દનો આ મોટામાં મોટો કેળવણીનો પ્રયોગ શરૂ કરવાનું એમને જોમ હતું. કરોડ કરોડ રૂપિયા પોતાના જાતબળથી ભેગા કરવાની હોંશ ને શક્તિ હતી.

ખરે, માલવીયજી ને સુન્દરલાલજી એક રીતે બ્રહ્મા–વિષ્ણુ સમા ગણી શકાય. પણ સુન્દરલાલજીનું આયુષ તૂટયું : ને એમની જગ્યા પૂરવાના કેટલાક નિષ્ફળ પ્રયત્ન પછી માલવીયજીને એકલે હાથે કામ કરવાની ને કામ ચલાવવાની જરૂર પડી. તેમાં એમને પૂરેપૂરી સફળતા ન મળી હોય તો એમાં એમનો દોષ શો ? બે ભિન્ન પ્રકૃતિ તથા બે તદ્દન જુદા જ પ્રકારની વ્યક્તિઓનું કામ એક જ વ્યક્તિ બરોબર કેવી રીતે કરી શકે ? ખરું જોતાં તો એમની હિંમત, ખંત, શ્રદ્ધા ને શક્તિને ધન્ય છે કે એમણે એને પોતાનું સર્વસમર્પણ કરીને પણ યુનિવર્સિટીને જિવાડીને ખીલવી.

એમની સફળતામાં બીજા એક ગુજરાતી, તદ્દન જુદા પ્રકારના ગુજરાતી, આનન્દશંકરભાઇનો ઘણો હાથ હતો. પણ સુન્દરલાલજીના દેહાન્ત ને આનન્દશંકરભાઇની નિમણૂકની વચ્ચેના વચગાળામાં ઘણી ગડબડ થઈ ગઈ હતી.

હિન્દુ યુનિવર્સિટીના વહીવટમાં મુસ્કેલીઓ તથા મતભેદો, દ્રવ્યની ખોટ, અવ્યવસ્થા તથા હાનિ, અધ્યાપકોમાં અસંતોષ, પક્ષાપક્ષી, ઝગડાઓ, વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાની અગવડો--વગેરે ખૂબ ઝડપથી વધી ગયાં. ફી ઓછી હોવાથી, તથા કાંઇક ભક્તિભાવથી ઉશ્કેરાઈ વધુ ને વધુ વિદ્યાર્થીઓ ઊભરાવા લાગ્યા : વ્યવસ્થા, સગવડ, શિક્ષણ વગેરે તેઓને માટે પૂરતાં રહ્યાં નહિ. તેવામાં પ્રખ્યાત ગણિતશાસ્ત્રી ડૉ. ગણેશપ્રસાદની નિમણૂક પ્રિન્સિપાલ તરીકે કરવામાં આવી.

સંયુક્ત પ્રાન્તના આ કાયસ્થ પ્રોફેસર ગણિતમાં ખરેખર વિદ્વાન હતા. દૂબળી, ઠીંગણી, શામળી અને કાંઇક કદરૂપી કાયામાં અનહદ કાર્યશક્તિ હતી : કુટુમ્બમાં લગભગ કોઈ ન હોવાથી પોતાનો પૂરો વખત એમણે યુનિવર્સિટીને આપવા માંડ્યો, અને ગણિતની ગૂંચો ઉકેલનારું મગજ હવે શિક્ષણ, વહીવટ, શિસ્તપાલન, ટાઇમ–ટેબલો, વગેરેની ગૂંચોમાં રોકાયું.

એમની એક મોટામાં મોટી ફતેહ આજે વીસરાઈ ગઇ છે. ‘ ગોકુળ નાનું ને ભગત ઝાઝાં ’ના જેવી હિન્દુ યુનિવર્સિટીની હાલત તે વખતે હતી. એ મુસ્કેલીનો સચોટ ફડચો એમણે એકદમ કરી નાંખ્યો. હિંમતથી આખી કૉલેજનું કામ બે ફેરામાં—બે ‘ shifts ’માં કરી નાંખ્યું. કૉલેજનાં જે મકાનો ચોવીસ કલાકમાંથી છ કલાક જ વપરાતાં, તેઓને હવે બાર કલાક વપરાતાં કરી દીધાં. અર્ધા છોકરાઓ સવારથી બપોર લગી, બીજા અર્ધા બપોરથી સાંઝ લગી ભણે. કેટલાક અધ્યાપકો સવાર સાંઝ બે વાર આવે; બીજાઓ બપોરે—એમ બેવડા શિક્ષકો નીમવાની તથા બેવડાં મકાનો બાંધવાની જરૂર એકતડાકે ટાળી દીધી. ગણિતના શિક્ષકો ટાઇમ–ટેબલ બનાવવામાં હમેશ એક્કા હોય છે; ગણેશપ્રસાદે એવું ટાઇમ–ટેબલ રચ્યું કે આ મહાભારત મુસ્કેલી રમતમાં નીકળી ગઈ. એનાં એ જ મકાનો, તથા લગભગ એટલો જ શિક્ષકવર્ગ હવે બમણા વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપી શકયાં. થોડા વધુ અધ્યાપકો, થોડા વધુ પટાવાળા ને કારકુનો જરૂર આવ્યા : પણ બેવડાં મકાનનું ખર્ચ બચ્યું, બેવડી ફી મળી, અને ઊંડો અસંતોષ જતો રહ્યો. કહેવાતું હતું કે પ્રાતઃકાળથી સાયંકાળ લગી એ પોતે આ બધી વ્યવસ્થાની દેખરેખ રાખતા.

આશ્ચર્ય તથા ઊંડા ખેદની વાત છે કે શિક્ષણમાં આ હિંમતભર્યા પ્રયોગનું કોઈએ અનુકરણ કર્યું નથી, ને કાશીમાં ય તે થોડા વખત પછી બંધ પડ્યો. આ બેવડી કે ત્રેવડી 'shifts'-નો ક્રમ હવે તો માત્ર મિલોમાં, ખાણોમાં, (આજને પ્રસંગે) બીજાં કારખાનાંઓમાં અને સિનેમાઓમાં જ સચવાઈ રહ્યો છે!

ડૉ. ગણેશપ્રસાદના ઘણા ગુણોની ભેગો એક અવગુણ હતો ને તે નાનો ન હતો. હસ્તિપદન્યાયની અનુસાર એ અવગુણે એમનું ઘણું સારું કામ ડુબાવ્યું. સન ૧૯૨૮ પછી તે મરણપર્યન્ત આગ્રા યુનિવર્સિટીમાં ય એમણે ઘણો રસ લીધો હતો ને ઘણી સેવા અર્પી હતી. તેવામાં મારે એમનો ઘણો પરિચય થઇ ગયો. એમનામાં જાણે કે કુદરતી જ હોય તેમ ખટપટિયાપણું, પક્ષાપક્ષી, લડાઈઝગડો કરવાની ને વેર લેવાની વૃત્તિ ખૂબ રૂઢ થયાં હતાં. એમનાં તરકટોથી હસવુંય આવે, નવાઈ પણ લાગે, રીસ પણ ચઢે. કાશીમાં સત્તા હાથમાં આવતાં જ આ વૃત્તિઓ નિરંકુશ થઈ : પરિણામે અધ્યાપકમંડળમાં ફાટફૂટ વધી, તડો બંધાયાં; કાયસ્થો, બંગાળીઓ, એમ કંઈ કંઈ પક્ષો થયા. ગણેશપ્રસાદની વાણી ને વર્તન કદી કદી માઝા મૂકી દેતાં. રોજ કંઈ ને કંઇ કિસ્સાઓ થતા. એકબે વાર તો એમના અનુચિત વ્યવહારથી ક્રોધે ભરાયેલા બીજા અધ્યાપકની લાઠીથી બચી જવા એ જીવ લઇને નાઠેલા. શિક્ષકો, શિષ્યો, શિક્ષણ—એ સૌ જાણે સ્થાનભ્રષ્ટ થયાં. વાતાવરણ જ બદલાઇ ગયું. વિશ્વવિદ્યાલયને બદલે મ્યુનિસિપાલિટી હોય, બજાર હોય એવી કદી કદી સ્થિતિ થઇ જતી. માલવીયજીમાં બળ કે કળ ન હતાં કે આને અટકાવી શકે.

આગ્રા લગી પણ આની ખરીખોટી ઘણી વાતો આવ્યા કરતી. આ હાલતમાં ગાંધીજીની ભલામણથી માલવીયજીએ આનન્દશંકરભાઇને ત્યાં બોલાવી લીધા. સન ૧૯૨૦નો આરંભ હતો.

આનન્દશંકરભાઈ ખાનદાન નાગર તરીકે, સંસ્કૃતના લોકપ્રિય અધ્યાપક તરીકે, 'વસન્ત'-ના તંત્રી તરીકે તથા એક સમર્થ 'સાક્ષર', લેખક તરીકે મશહૂર હતા. પણ એમની ખ્યાતિ ગુજરાત-મુંબાઇની બહુ બહાર ગઈ ન હતી. એમનો વિષય સંસ્કૃત ને એમનું જીવન સરળ, સંસ્કારી ને ધાર્મિક; તે બધું માલવીયજીને તથા હિન્દુ યુનિવર્સિટીને અનુકૂળ હતું. પણ કાશીમાં જે ગંજાવર વહીવટી કામ એમને માથે આવ્યું તે માટે સુન્દરલાલજીના જેવો અનુભવ એમને ન હતો. લગભગ અજાણ્યા તરીકે જ એમણે કાશી વિશ્વવિદ્યાલયના ઊંચા પદ ઉપર પ્રવેશ કર્યો: મુંબાઈની બહારની કૉલેજો, યુનિવર્સિટીઓ વગેરેનો એમને પરિચય નહિ, અને આટલી બધી કૉલેજો—Arts, Sience, Engineering, Mining & Metallurgy, Oriental Studies, અને પાછળથી આયુર્વેદ વગેરે અનેક વિષયોની કૉલેજો એકત્ર થઈ હોય તેવું સ્થળ તે વખતે અન્યત્ર ન હતું. ને તે સર્વના વહીવટના તથા વિકાસના પ્રશ્નો એકદમ હાથમાં ધરવાના હતા. હિન્દી બોલી, હિન્દી સાહિત્ય, આ તરફની રીતભાતો વગેરેનો પરિચય પણ એમને કરવાનો બાકી હતો. બધી રીતે કામ વિકટ હતું, ને ડૉ. ગણેશપ્રસાદના વહીવટે એને અનેક રીતે વધુ મુશ્કેલ બનાવી મૂક્યું હતું.

એ કાશીમાં ગયા પછી થોડા જ માસમાં (૧૯૨૦ ના માર્ચમાં) મારે કાશી જવાનો પ્રસંગ

તથા કાશીમાં એમનાં પહેલીવારનાં દર્શન કરવાનો તથા એમને મળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

પણ એ ટૂંકા વખતમાં જ એમની સુજનતાની અસર ચારે તરફ થઈ ગયેલી માલૂમ પડી. ગણેશપ્રસાદ કલકત્તે વિદાય થયા, અને યુનિવર્સિટીના વાતાવરણમાં શાન્તિ, સ્વસ્થતા, ઉત્સાહ વગેરે સ્પષ્ટ જણાયાં. પક્ષાપક્ષી ને તકરારો મન્દ પડી ગઈ હતી—દુર્ભાગ્યે થોડીઘણી હજી લગી ચાલુ છે. છતાં આનન્દશંકરભાઈની નિષ્પક્ષ ને ન્યાયી વૃત્તિ, સૌનું કામ કરી આપવાની તત્પરતા, સૌનું સમજી લેવાની ઇચ્છા તથા શક્તિ, સમાધાન કરવાની ખૂબી તથા મીઠાશ—એ સૌની જાદૂઈ અસર સ્પષ્ટ હતી. અંગ્રેજી કહેવત છે તે મુજબ સાગરનાં ઊછળતાં, તોફાની અને ખદ્બદતાં જળની ઉપર તેલની વૃષ્ટિ થઇ ચૂકી હતી. અને બીજી તરફથી એમના જ્ઞાનની તથા રસની વિશાળતા, વિવિધતા તથા ગભીરતા વડે તથા ઉચ્ચ સંસ્કારિતાના પ્રસાદથી ત્યાંનો ખરેખરો સંસ્કારી ને વિદ્વાન એવો વર્ગ હરખાયો. ધીમેધીમે એમણે ઘણાંનાં મન હરી લીધાં અને હિન્દુ વિશ્વવિદ્યાલયની અંદર સંસ્કારનું—Culture નું—એક મોટું ને જીવતું કેન્દ્ર રચાઇ ગયું. યુનિવર્સિટીને ઉચિત એવું માનસ પોષણ પામ્યું અને આખી સંસ્થાની પ્રગતિ ને પ્રતિષ્ઠા સ્પષ્ટ રીતે વૃદ્ધિ પામી.

નાના મોટા કોઈ પણ અધ્યાપક કે કોઈ પણ વિદ્યાર્થી બેધડક એમની પાસે જાય અને પોતાની વાત કહી શકે. યુનિવર્સિટીના અધ્યાપકોની કલબમાં તો એમની રોજ સાંઝની મુલાકાતો તથા વાર્તાલાપ હજી ય ઘણાઓ રસથી સંભારે છે. રાજ્ય, અર્થ, ફિલસૂફી, ભાષા, ઇતિહાસ, શિક્ષણ, વિજ્ઞાન, હવાપાણી—વગેરેની ગોષ્ઠીમાં એમના જ્ઞાન ઉપરાંત રમૂજીપણું, આનન્દીપણું ને માર્મિક ટીકાઓ ઘણાને ત્યાં આકર્ષતાં તથા રોકી રાખતાં.

હું ૧૯૨૪ માં આગ્રે પાછો ફર્યો ત્યારથી તે આનન્દશંકરભાઇ નિવૃત્ત થયા ત્યાં લગીના ગાળામાં દરવર્ષ એક કે બે કે ત્રણવાર મારે કાશી જવાના પ્રસંગ આવતા. અને એમની personality ની આ ખાસ અસર દરેક વખતે બહુ સ્પષ્ટતાથી જોઈ શકતો. આજે હવે જ્યારે કાશી જાઉં છું, ત્યારે એક ઘણી મોટી શૂન્યતા ત્યાં અનુભવું છું અને ત્યાંના કેટલાક અધ્યાપકો પણ એ જ વાતની સાક્ષી પૂરે છે. આનન્દશંકરભાઇનું સ્થાન ખાલી જ છે. મારા અંગત જીવનમાં તો એમની સાથે ગાળેલા કલાકોના કલાકો, એમની મીઠી મમતા, એમની મોહક વાતચીત વગેરે મારા જીવનમાં મોટામાં મોટા સાંસ્કારિક આનન્દો તથા અનુભવોમાં ઊંચું ને અવિસ્મરણીય સ્થાન લે છે. સર્વ રીતે મારા ગુરુ એવા એ, મારા મામાઓ ને પિતાશ્રીના (જેમને માટે એમને ઘણો આદર ને સ્નેહ હતો તેઓના) ગયા પછી મારે એ એક જ ગુરુજન રહ્યા હતા. છતાં સર્વ રીતે એ મિત્ર થઈ વર્ત્યા એ એમના ચારિત્ર્યનું એક ખાસ મોહક લક્ષણ હતું.

એક વાત છેલ્લીછેલ્લી ઉમેરવી જોઇએ. હિન્દુ યુનિવર્સિટીને માટે એમણે શું શું કર્યું તેની તો કાંઈક ઝાંખી જ ઉપર કરાવી છે; તેની વિગતમાં ઊતરવાનું આ સ્થળ નથી. પણ હિન્દુ યુનિવર્સિટીએ પણ એમને માટે ઘણું કર્યું. એમના આવા મોટા ગુણો, એમની દક્ષતા ને એમની વિદ્વત્તા વગેરેને આટલું મોટું ક્ષેત્ર તે વિના મળ્યું જ ન હોત. કાશીમાં રહીને હિન્દના લગભગ સવ પ્રાન્તોનું એમને ઓળખાણ થયું. વિદ્યાર્થી તથા અધ્યાપકોના ગણની ઉપરાંત હિન્દના લગ-

ભગ સર્વ મહત્ત્વના જનો અહીં મુલાકાત કરવા આવી જતા. તે ઉપરાંત હિન્દની બહારના પણ અનેક મુસાફરો આવતા ને આનન્દશંકરભાઈનો એ સૌની સાથે મેળાપ થતો. અખિલ ભારતની ફિલસૂફીની કૉંગ્રેસના એ પ્રમુખ થયા, ને ઇન્ટર યુનિવર્સિટી બોર્ડના લાંબા કાળ લગી સભ્ય રહ્યા—એ સંસ્થાઓ દ્વારા પણ એમનાં ઓળખાણો, સબન્ધો ને સંપર્કો વિશાળ ને ઉચ્ચ બન્યાં. ગુજરાતી પ્રોફેસરોમાં આવું ઊંચું સ્થાન ને આટલા બધા સંબન્ધો બીજું કોઇ પામી શક્યું નથી.

ગુજરાતભરમાં એમનું સ્થાન લઈ શકે એવું આજ કોઇ નથી. અમદાવાદ પાછા ફર્યા પછી એમનું આરોગ્ય ને એમનું આયુષ વધુ રહ્યાં હોત તો કેવું સારું થયું હોત—એમ એમના જાણકાર સૌને થયું જ હશે. એમણે ગુજરાતમાં ઘણાં કામો કરવાનાં ધાર્યા હતાં–તેમાંથી થોડાંક જ થયાં. પણ “કાન્તિલાલ, મને તેનો લગારે ય શોક નથી. જેના હાથથી એ કામ કરાવવાનાં હશે તેના હાથથી તે કામ થશે જ—” એ એમનું લાક્ષણિક દર્શન. એમનાં છેલ્લાં વચનોમાંનાં આ થોડાંક છે. કાશીમાં તેમ જ અમદાવાદમાં મારાથી બનતો તેટલો સમય હું એમની સોબતને અર્પણ કરતો. વારંવાર થતું કે એમની પાસે જ બેસી એમનાં સ્મરણો, વિચારો, ટીકાઓ વગેરે સર્વ એમની ઇચ્છાનુસાર કાગળની ઉપર ઉતારું—વારંવાર મન ઇચ્છતું કે તેટલો નિરવધિ સમય મને મળે અને એમને એટલી શક્તિ કાયમ રહે!

મારી કાશી–અમદાવાદની મુલાકાતોમાં જ નહિ પણ આખા જીવનમાં એક વધુ પ્રકારની શૂન્યતા આવી છે—જે સાધારણ રીતે બને છે તેમ હવે સંસ્મરણોથી જ ભરાશે.

ધ્રુ'સાહેબનાં સંસ્મરણો

પ્રો. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

ટાપટીપિયા પણ ગંભીરતાવિહોણા આચાર્યના કરતાં ગંભીર પણ ટાપટીપવિહોણા આચાર્યને હું બેલાશક વધારે પસંદ કરું.

× × ×

ટૂંકા પણ ન લખાય તેવા અઘરા પ્રશ્નપત્રોના કરતાં લખી શકાય તેવા પણ લાંબા પ્રશ્નપત્રો ધ્રુ'સાહેબ વધુ પસંદ કરતા.

× × ×

શોરબકોર કરીને પણ દલીલ વિના સ્વપક્ષનું સમર્થન કરવું તેના કરતાં દલીલ સાથે પણ શોરબકોર વિના સ્વપક્ષનું સમર્થન કરવું ધ્રુ'સાહેબને વધારે પસંદ પડતું.

× × ×

માધુર્યનો નાશ કરીને નિયમનું પાલન કરવા કરતાં માધુર્યનું પાલન કરવા ખાતર નિયમનો નાશ કરવો ધ્રુ'સાહેબ વધારે પસંદ કરતા.

× × ×

નિષ્પ્રયોજન સંમતિ આપવા કરતાં સપ્રયોજન અસંમતિ આપવી ધ્રુ'સાહેબ વધારે પસંદ કરતા.

× × ×

ધ્રુ'સાહેબને ખોતાં અમદાવાદે કેટલું બધું ખોયું છે તેનું અમદાવાદને ભાન નથી.

× × ×

એ મહાન વિભૂતિના પરમ પુરુષને આ સ્મરણકુસુમોથી મારી છેવટની હાર્દિક અંજલિ આપું છું.

દશ્ય પહેલું

કૉલેજના ઓટલા ઉપર: ૧૯૦૧ના જાન્યુઆરીની ૩જી તારીખ નજર સમક્ષ ખડી થાય છે. તે દિને હું ગુજરાત કૉલેજના પ્રિવિયસ કલાસમાં દાખલ થવા માટે કૉલેજને પગથિયે પહેલી જ વાર પગ મૂકતો હતો. મેં ત્રણ વ્યક્તિઓને ઓટલા પર જોઈ. એક વ્યક્તિ હતી એક સૂરતી સહેલાણી પ્રોફેસરની, એક હતી એક ઇરાનના સહેલાણી પ્રોફેસરની, ને એક હતી સાદા પોશાકમાં પણ દેખાવથી જ ગંભીરતાની છાપ પાડનાર પ્રોફેસરની. ઓટલા પર ત્રણે મિત્રો ગપ્પાં મારતા હતા. ત્રણેને જોતાં વારને જ મારી નજર ત્રીજી વ્યક્તિ પર ઠરી ગઈ. એ વ્યક્તિ પ્રોફેસર આનંદશંકર ધ્રુવ. એમનો સાદો પણ મર્યાદાવાળો દેશી પોશાક, એમનો લખલખતો ચહેરો, એમનો મોટો ચાંલ્લો, એમની અમદાવાદી પાઘડી, એમનો સરળ રૂઆબ એ બધું પ્રથમ દર્શને એમને

માટે માન ઉપજાવવાને માટે પૂરતા કરતાં પણ વધારે હતું, ને એમના શિક્ષણનો સુંદર સ્વાદ ચાખ્યા પહેલાં જ મને એમને માટે પ્રથમ દર્શને કોઈ અગમ્ય રીતે અપૂર્વ માનની લાગણી ઉત્પન્ન થઈ ગઈ હતી.

દૃશ્ય બીજું

ભાવવાહી શિક્ષણ: શિક્ષણ શરૂ થયું. ધ્રુ'સાહેબે સંસ્કૃત લેવા માંડ્યું. એ વિષયમાં હું સાધારણ વિદ્યાર્થીઓના કરતાં ઘણું વધારે સારી રીતે ધ્યાન આપી શકતો. કારણ શાળામાં મને સંસ્કૃતનું શિક્ષણ ઘણું સુંદર રીતે પ્રાપ્ત થયું હતું. અમારે 'विक्रमोर्वशीय' ને 'रघुवंश' ૧ થી ૫ સર્ગ શીખવાનાં હતાં. ધ્રુ'સાહેબ વાચન જ એટલી રસિક રીતે કરતા કે તે સાંભળતાં વારને જ પુસ્તકનું હાર્દ અત્યન્ત આનંદથી સમજી શકાતું. વચમાં વચમાં વ્યાકરણનું સ્પષ્ટીકરણ તેઓ એવી સરળ રીતે કરતા કે તેની છાપ દૃઢતાથી મન પર બેસી જતી.

શિક્ષણ પછી પરીક્ષણ. સત્રાન્ત પરીક્ષા આવી. એ વિશે અનુભવ થયો કે એમનો પ્રશ્નપત્ર ખૂબ લાંબો નીકળેલો. ગમે તેટલી ઉતાવળ કરતાં છતાં અમુક ભાગ તો મૂકી જ દેવો પડેલો. અને આવું જ તે વર્ષની યુનિવર્સિટીની પરીક્ષામાં અમને માલૂમ પડેલું. યુનિવર્સિટીની પરીક્ષામાં પણ તેમની ખ્યાતિ ઘણા લાંબા પેપર કાઢનાર તરીકે થયેલી. મારે કાને કંઈક એવું આવેલું કે તેઓ એમ માનતા કે પેપર ટૂંકો ને અઘરો કાઢ્યો હોય તો ઉમેદવારો લખી ન શકે ને નપાસ થાય. જ્યારે તે લાંબો—સાધારણ સહેલો પણ ખૂબ લાંબો કાઢ્યો હોય, તો જોકે ઉમેદવારો વધારે માર્ક ન મેળવી શકે, છતાં થોડું થોડું લખીને પાસ તો જરૂર થઈ જ શકે. આ ખરેખર તેમનું મન્તવ્ય હશે કે કેમ તે તો શી ખબર? પણ મને કંઈક આવો ખ્યાલ ઉત્પન્ન થયો હતો ખરો. વિદ્યાર્થીઓને પાસ કરવાની બાબતમાં તેઓ ઉદાર, પણ વધુ સારા માર્ક આપવાની બાબતમાં અનુદાર.

દૃશ્ય ત્રીજું

તર્કશાસ્ત્રની અભિરુચિનું રસાસંચન: તે વખતે ઈંટરના વર્ગને તેઓ સંસ્કૃત ઉપરાંત થોડુંક અંગ્રેજી પણ શીખવતા. તેમનું અંગ્રેજી કાવ્યોનું વાચન પણ સંસ્કૃત કાવ્યોના વાચન જેટલું જ રસિક. ધ્રુ'સાહેબની બહુશ્રુતતા વિશે તે વર્ષે મારા મન પર સુંદર છાપ પડી. સંસ્કૃતના તે વખતના અભ્યાસક્રમ મુજબ અમારે 'तर्कसंग्रह' શીખવાનો હતો. તે તો તેમણે એટલી ઝીણવટથી ને એટલી રસ પડે તેવી રીતે શીખવ્યો કે, તે પુસ્તકની સરખામણીમાં અમને Fowler's 'Deductive Logic' તો બાળપોથી જેવું લાગ્યું. તે પુસ્તકનું શિક્ષણ અમને તે વખતના ગુજરાત કૉલેજના સાયન્સના પ્રોફેસર આપતા હતા. તેમનું સાયન્સનું જ્ઞાન જેટલું ઉપલકિયું હતું તેટલું બલકે તેથી ઘણું વધારે રીતે Fowler's 'Logic'નું તેમનું જ્ઞાન ઉપલકિયું હતું. આશ્ચર્ય જેવું નહોતું કે તેઓ Fowler's 'Logic' શીખવે તેમાં અમને જરા પણ રસ પડતો નહોતો. હું તો લૉજિકના કલાકમાં તે સમયે નવી બંધાતી અમદાવાદ–ધોળકા

રેલવે લાઈનના રસ્તા પર ફરવા નીકળી પડતો. માત્ર હું જ નહિ પણ અમે ચારપાંચ ગોઠિયાઓ એ વિષયમાં રખડવા નીકળી પડતા. આવું બેચાર દિવસ હોય તો નભે, પણ રોજનું રોજ કંઇ નભે! લૉજિકના પ્રોફેસર મારા પિતાને સારી રીતે ઓળખતા હતા ને મને તેઓ ‘મારા મિત્રના પુત્ર’ તરીકે જ વર્ગમાં જોતા. તેથી એક દિવસે તેમણે મને પોતાના ઓરડામાં બોલાવ્યો ને જરા કરડી રીતે કહેવા લાગ્યા, ‘Your passing the Previous Examination in the second class is no guarantee that you will even pass in the Inter Examination. Logic is a difficult subject, you should know, and you should be regular in class attendance.” જેવો કરડાકીમાં આ ઉપદેશ મળ્યો તેવોજ તરત ઉત્તર મેં આપ્યો, ‘Sir, I shall ask my difficulties if any to Professor Dhruwa’ ધડાક દઈને આ ઉત્તર મેં આપી તો દીધો, પણ તે વખતે મને એટલું પણ ભાન ન રહ્યું કે આ તો તેમનું અપમાન થયું. તેઓ તો રાતાપીળા થઇ ગયા ને હું ભોંયમાં સમાઇ જાઉં એવું મને તેમનો ચહેરો જોતાં થયું. મેં તેમનો ઓરડો છોડ્યો અને મને લાગ્યું કે મેં તે દિવસે તેમનો ગુનો કર્યો છે, ને પછીથી રસ ન પડે તોપણ શાન્તિથી તેમના વર્ગમાં હું નિયમિત હાજરી આપવા માંડ્યો. તે તો જાણે ઠીક, પણ ધ્રુ’સાહેબ શીખવતા હતા ‘तर्कसंग्रह’ ને મને તેમને વગર શીખવ્યે આવડતું હતું Fowler’s Lojic. મને તે સમયથી લૉજિકમાં રસસિંચન થયું તે થયું, અને એ વિષયના વર્ગોને રસ પડે તેવી રીતે શીખવવાની મારામાં પાછળથી જે કંઈ શક્તિ ઉત્પન્ન થઈ તેનું માન મારા હૃદયમાં હું તો પોતે ધ્રુ’સાહેબને જ આપું છું.

દૃશ્ય ચોથું

અસાધારણ કર્તવ્યબુદ્ધિ: ઈંટર પાસ થયા પછી વિદ્યાર્થીઓને ઐચ્છિક વિષયની પસંદગી કરવાની હોય છે. ગણિત, સંસ્કૃત, અંગ્રેજી કે અન્ય કોઈ વિષય વિશે હું વિચાર કરતો હતો. ગણિતનો મને શોખ હતો ને તેમાં મારું પ્રાવીણ્ય ઉત્તમ હતું, છતાં સાહિત્યનો મને વધુ શોખ હતો ને તેથી મેં અંગ્રેજી–ગુજરાતીનું દ્વન્દ્વ પસંદ કર્યું. તે વિષયનાં પુસ્તકો પણ લીધાં. પણ બેચાર દિનમાં જ પાછી મનોવૃત્તિ બદલાઈ ગઈ. મને થયું કે કંઈક ચિંતનાત્મક વિષય લીધો હોય તો વધારે સારું. તે વિષયને માટે ગુજરાત કૉલેજમાં ખાસ પ્રોફેસર નહોતો. છતાં મારે તો **વિષય** પસંદ કરવો હતો, ક્યાં **પ્રોફેસર** પસંદ કરવાનો હતો? ને મેં તત્ત્વજ્ઞાનનો વિષય પસંદ કર્યો. તે વિષયનો પ્રોફેસર કૉલેજમાં હતો નહિ, તેથી ત્યાં તે વખતે એવી ગોઠવણ કરવામાં આવી કે અર્ધું પ્રિ. હર્સ્ટ શીખવે ને અર્ધું પ્રો. ધ્રુવ. હર્સ્ટને કંઈ પણ આવડતું જ નહિ; ન આવડે સાહિત્ય કે ન આવડે અન્ય વિષય, અને તે ઉપરાંત રીતભાતમાં અસભ્યતાનો તેમણે ઇજારો લીધો હતો. એટલે તે વખતે એલિસબ્રિજ પર સ્થળે સ્થળે લખાતું: ‘હર્સ્ટ ઇઝ વર્સ્ટ.’ આવી રીતે જાણીતા થયેલા હર્સ્ટની સાથે Mill’s ‘Logic’ શીખવાનું અમારે પાને પડ્યું. તેમને તે આવડતું નહોતું ને તેઓ તો માત્ર વાચન જ કરતા, એટલે અમે ચારપાંચ વિદ્યાર્થીઓ પ્રો. પી. એ. વાડિયાને બંગલે ઊપડતા ને તેઓ ખાનગી રીતે તે પુસ્તક પર અમને સુંદર નોટ્સ

આપતા. કૅંટના તત્ત્વજ્ઞાન પર પ્રો. ધ્રુવ અમને શિક્ષણ આપતા. તેમણે આધુનિક તત્ત્વજ્ઞાનના ઇતિહાસથી આરંભ કર્યો ને ધીમેધીમે અમને વિષયપ્રવેશ રસિકતાથી થવા માંડ્યો. અંધકારમાંથી અમે પ્રકાશમાં આવવા મંડ્યા. અમને વધુ ને વધુ રસ પડવા મંડ્યો. તે વખતના મારા સહાધ્યાયીઓમાં સ્વ. રણજિતરામ વાવાભાઇ પણ હતા. અમે બે અઠવાડિયામાં બેત્રણવાર ઘેર મળતા ને ધ્રુ'સાહેબ શીખવતા તે વિશે વાટાઘાટ કરતા. તેને લીધે અમારો માનસવિકાસ વધારે ને વધારે થઇ શક્યો. તે સંજોગમાં ધ્રુ'સાહેબનાં પત્ની ઘણાં માંદાં પડવાને કારણે રજા લઇને તેમને આબુ જવાનું થયું. એટલે અમારે મોટી આફત આવી પડી. છતાં તેમણે આબુથી પોતાનાં શિક્ષણટિપ્પણો તેમના મિત્ર ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદીને મોકલી આપ્યાં, અને તે ટિપ્પણો ઉત્તમલાલભાઇ વર્ગમાં આવીને અમને ઉતરાવી જતા. કેવી અજબ કર્તવ્યબુદ્ધિ! ધ્રુ'સાહેબની આ કર્તવ્યબુદ્ધિમાં તેમનો અનહદ વિદ્યાર્થિપ્રેમ વ્યકત થતો હતો, અને તેનાથી તે વખતે અમારા બધાનાં મન પર તેમને વિશે સુંદર છાપ પડેલી, જેથી અમારામાં તેમના પ્રતિ પૂજ્યવૃત્તિ ઉત્પન્ન થયેલી.

દૃશ્ય પાંચમું

વચટમાર્ગગ્રાહિત્વ: સૂરતમાં કોંગ્રેસનું સત્ર હતું તેનો પ્રસંગ નજર આગળ આવે છે. મારા પિતાશ્રીની નોકરીને પ્રસંગે અમદાવાદ, નડિયાદ, ભરૂચ વગેરે સ્થળોએ અનેક મિત્રો ને ઓળખાણો થયેલાં, તેથી કોંગ્રેસની બેઠક વખતે અમારા સૂરતના મકાનમાં મોટી મંડળી ઊતરી હતી. તેમાં બે વિભાગ જામ્યા હતા: એકમાં ધ્રુ'સાહેબ તથા ઉત્તમલાલ કેશવલાલની મંડળી ને બીજામાં ચંદ્રશંકર પંડ્યા તથા અંબાલાલ જાની, રમણીયરામ ત્રિપાઠી વગેરેની મંડળી. સાંઝ પડે એટલે બધા ઘેર આવે ત્યારે ગરમાગરમ ચર્ચાઓ ચાલે. તેવી ચર્ચાઓ માટે તે પ્રસંગ પણ આબાદ હતો. ચંદ્રશંકર પંડ્યા ધ્રુ'સાહેબ કરતાં ઉંમરે ઘણા નાના, છતાં ચર્ચા વખતે ગાંજ્યા જાય તેવા નહોતા. તે તો જે દૃષ્ટિબિન્દુ રજૂ કરે તે વિશે ઠોકીને જ બોલે. તેમનું દૃષ્ટિબિન્દુ એટલે તિલકપક્ષનું દૃષ્ટિબિન્દુ. ધ્રુ'સાહેબ એટલે તો મૂર્તિમન્ત સ્યાદ્વાદ: તેઓ તો વચટમાર્ગ જ ગ્રહણ કરવાના. મને બરાબર યાદ છે કે ચંદ્રશંકરને ઠંડા પાડવા ધ્રુ'સાહેબ સબળ પ્રયત્ન કરતા, ને તિલકપક્ષ તેમ જ ફિરોઝશાહપક્ષ બંને પક્ષમાં થોડું થોડું સત્ય છે એમ મીઠાશથી સાબિત કરવા તેઓ પ્રયત્ન કરતા. બેઠકની બપોરે ગરમીને કારણે મંડપ આગળ ફળ વેચાતાં હતાં તેમાંથી ધ્રુ'સાહેબે ઉત્તમલાલભાઈની સોબતમાં મીઠી લીલી દરાખ બશેરેક જોખાવેલી: તેને પરિણામે તેમને એકદમ જ શરદી થઇ આવેલી ને તેમનો ઘાંટો બેસી ગયેલો. તેમની તબિયત નાજુક હતી જ તેથી આ તદ્દન સ્વાભાવિક હતું, ને આ હકીકત તેમણે પોતે જ સૌને વિદિત કરેલી. ટકોર કરતાં ચંદ્રશંકર પંડ્યા ચર્ચા વખતે બોલતા જતા કે દરાખને કારણે ધ્રુ'સાહેબને શરદી થઇ છે, માટે ચર્ચા હવે નહિ કરે. ધ્રુ'સાહેબ મીઠી ટકોર કરતા: "વાંધો નથી. મારે તો સાંભળવું વધારે છે, બોલવાનું તો તમારું કામ છે; હું તો નહિ જેવું જ બોલું છું ને?" અને ખરેખર થતું પણ તેમ જ. પાઅર્ધો કલાક ચંદ્રશંકર એમની લાક્ષણિક દઢાગ્રહિતાથી લંબાણથી લમણાઝીક કરતા

તેનો ધ્રુ'સાહેબ સંદિગ્ધ એવો એકાક્ષરી મીઠો જવાબ આપી દેતા. ચંદ્રશંકર એકદમ ઠંડા પડતા અને મારા મન પર અસર થતી Shouting is not arguing : શોરબકોર કંઇ દલીલ નથી. આ પ્રમાણે ત્રણેક દિવસ ચાલ્યું ને તેમાંથી ધ્રુ'સાહેબની માધુર્યમયી ખંડનશક્તિ ને પાંડિત્યભરી સ્યાદ્વાદવૃત્તિ વિશે મને સાક્ષાત્ અનુભવ થયો. ધ્રુ'સાહેબની દિનચર્યા જોવાનું પણ ઠીકઠીક પ્રાપ્ત થયેલું. તેઓ સવારે વહેલા નાહીને કલાકેક પૂજામાં પરોવાય. પછી જમીને સભાગૃહમાં જાય અને સાંજે ચંદ્રશંકર–અંબાલાલ જે રંગ જમાવે તેમાં વયનું ને જ્ઞાનનું અત્યંત અંતર ન ગણકારતાં મિત્રની પેઠે વાતમાં જોડાય. ધ્રુ'સાહેબ કેવા ધર્મનિષ્ઠ, કેવા સાદા, કેવા મીઠા, ને કેવા થોડાબોલા ને છચોક અભિપ્રાયને વિશે કેવા નારાજ, તે સર્વ બાબતનું મને પ્રત્યક્ષ અનુભવથી ભાન થયું. સૂરતના પ્રસંગ પછી મને ધ્રુ'સાહેબ પ્રતિ જે કંઇ સંકોચ હતો તે પૂરેપૂરો દૂર થયો.

દૃશ્ય છઠ્ઠું

ભિન્નમતસહિષ્ણુતા:—'વસન્ત' માસિકે ગુજરાતની સાહિત્યક્ષુધાને સંતોષવા અજબ શરૂઆત કરી હતી. તેના આરંભના સમયમાં મેં મારી યુનિવર્સિટી કેળવણી સમાપ્ત કરી હતી. હું જ્યારે વિદ્યાર્થી હતો ત્યારે લેખક થવાની મને લેશ પણ ઇચ્છા નહોતી. પરંતુ લખવાની પ્રવૃત્તિમાં હું ત્રણ પ્રોત્સાહનોથી ધકેલાયો હતો. તેમાંનાં બે પ્રોત્સાહનના પ્રસંગો મને ધ્રુ'સાહેબ તરફથી પ્રાપ્ત થયા હતા. તે હું અહીં વર્ણવું છું. એક સવારે મારા ઉપર ગુ. વ. સોસાયટીનો પત્ર આવ્યો કે મને 'Education in Japan' એ નામનું પુસ્તક ભાષાન્તર માટે સોંપવામાં આવ્યું છે. મને તે કામ માટે રૂ. ૨૦૦ નું ઓનરેરિયમ મળવાનું હતું. મેં તો તે કામ માટે અરજી પણ કરી નહોતી. ને આ પુસ્તક શું હશે તેનું મને ભાન પણ નહોતું. મને આશ્ચર્ય ઉત્પન્ન થયું કે આ કામ મને સોંપાયું કેવી રીતે! પણ મને પાછળથી ખબર પડી કે ધ્રુ'સાહેબે એ કામને માટે મારી પસંદગી કરાવી હતી. મને સોંપાયેલું કામ આ પ્રમાણે ગુરુની શિષ્ય પ્રતિ પ્રથમ પ્રેમપ્રસાદી હતી. એ ભાષાન્તર મારો પ્રથમ પ્રયાસ હતો. તે પ્રયાસથી મને લેખનમાં રસ ઉત્પન્ન થયો : અને મને તેમાંથી અસાધારણ લાભ મળ્યો. બીજું પ્રોત્સાહન મને 'વસન્ત'માં લેખો મોકલવાની ગુરુશ્રીની સૂચનાઓથી મળ્યું હતું. એક પણ પ્રસંગ એવો નહિ આવ્યો હોય કે જ્યારે જેવો ફાવ્યો તેવો લેખ મેં મોકલ્યો હોય છતાં તે 'વસન્ત'માં ન સ્વીકારાયો હોય. 'વસન્ત'માં લેખ છપાય એ તે વખતે ગૌરવ ગણાતું ને ઘણા લેખોનો અસ્વીકાર થતો તે પણ સાધારણ અનુભવની બાબત હતી. છતાં મને એવો એક પણ અંગત અનુભવ થયો નહોતો. મને એક ખાસ પ્રસંગ યાદ આવે છે. એક લેખમાં મેં ધ્રુ'સાહેબના અંગત ગાઢ મિત્ર સાક્ષરશ્રી નરસિંહરાવ પર જબરો વાક્પ્રહાર કર્યો હતો, છતાં તે લેખ પણ તેમણે જરા પણ અણગમો દર્શાવ્યા વિના સ્વીકાર્યો હતો. એ મારા લેખે તે વખતે માસિકોમાં રસ લેતી સાક્ષરજનતા માત્રનું ઠીકઠીક ધ્યાન ખેંચ્યું હતું. મેં તેમાં નરસિંહરાવ પર Ipse dixitismનો, એટલે કે હું કહું છું તે જ સાચું એવા પ્રકારની અહંતાનો, આક્ષેપ મૂક્યો હતો. Ipse dixitism એ લેટિન શબ્દો જ એવા ભારે ને અસરકારક હતા કે તે લેખે ઘણા મોટા વર્ગને ચકિત પણ કર્યો હતો. નરસિંહરાવનું

Ipse dixitism ખૂબ ચર્ચાયું, છતાં ધ્રુ'સાહેબના મનમાં મારી સખ્ત ટીકાથી જરા પણ ક્ષોભ થયો નહોતો. 'વસન્ત' પ્રતિ મારો પ્રેમ વધુ ને વધુ વધતો ગયો, ને તેમાં છપાવવા માટે લેખો ને કાવ્યો લખવાનો મને નાદ લાગ્યો. મારો સાહિત્યનો ને લેખનનો શોખ ત્યારથી સતત ચાલુ થયો.

દૃશ્ય સાતમું

આર્ય વિનીતતા: અમદાવાદમાં આશરે દશ વર્ષ હું પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના મકાનમાં રહ્યો હતો. તે દરમિયાન બેસતા વર્ષના દિવસના આનંદદાયક પ્રસંગો મને હમેશ યાદ આવે છે. અમદાવાદના લોકો બહુ મળતાવડા ને સ્નેહાળ હોય છે, અને તેથી બેસતા વર્ષની સવારે મારા પિતાશ્રીને નૂતનવર્ષાભિનંદનાર્થે મળવા ઘણું બહોળું મંડળ આવતું, બલ્કે તેની પડાપડી થતી એમ કહું તો જરા પણ અતિશયોક્તિ નથી. દર વર્ષે, અપવાદ વિના, સૌથી પહેલું, સવારમાં વંદન થતું તે આચાર્ય ધ્રુ'સાહેબનું જ થતું. અભિનંદન આપતાં ધ્રુ'સાહેબ વંદન કરતા તે આર્ય વિનીતતાથી પ્રાચીન ઢબે કરતા અને તેવી રીતે તેઓ પોતાની ગુરુભક્તિ શુભ સવારે પ્રદર્શિત કરતા. આ દૃશ્યથી મહત્તા સાથે નમ્રતા કેવી સુંદર રીતે સંલગ્ન હોય છે તેની ને ધ્રુ'સાહેબની આર્ય વિનીતતાની ઊંડી છાપ મારા મન પર હમેશ માટે રહી ગઈ છે. પ્રતિવર્ષ લગભગ પહો ફાટતાં જ, પોતાના અમદાવાદી શગરામમાં સ્વચ્છ સફેદ પોષાકમાં, મોટા આકર્ષક ચાંલ્લા સાથે ભસ્મવિભૂષિત મુખકમલથી આચાર્યશ્રી અભિનંદનવંદન કરતા તે દૃશ્યથી विद्या विनयेन शोभते, તેનું મને મારા જીવનમાં ગુપ્ત પણ અત્યંત આબાદ શિક્ષણ મળતું હતું. મારા પિતાશ્રી ધ્રુ'સાહેબના હાઈસ્કૂલમાં શિક્ષક હતા ને તે પણ મને ખબર છે તે પ્રમાણે બહુ જ થોડા સમય માટે. તેમને ધ્રુ'સાહેબ હમેશ 'માસ્તરસાહેબ' એ શબ્દોથી સંબોધતા.

દૃશ્ય આઠમું

સૂક્ષ્મ નિરીક્ષણ: ૧૯૧૪ માં મારા પિતાશ્રી નોકરીમાંથી નિવૃત્ત થયા. તેમણે પોતાની નોકરીમાં ઘણાં વર્ષ અમદાવાદમાં ગાળ્યાં હતાં, ને તે જમાનો એવો હતો કે તે વખતની શિષ્ટ જનતામાં ભાગ્યે એવો કોઈ હશે કે જે મારા પિતાનો શિષ્ય નહિ હોય. મારા પિતાશ્રીની લોકપ્રિયતાનું એક કારણ તેમની દૃઢ કર્તવ્યબુદ્ધિ હતું. તેમને નિવૃત્તિસમયે માન આપવાના એક મેળાવડામાં ધ્રુ'સાહેબે પ્રશંસા આપતાં જે રીતે શરૂઆત કરી હતી તે હજી મને યાદ છે. ધ્રુ'સાહેબ રોજ અમારા બંગલા આગળ થઈને પોતાના શગરામમાં ગુજરાત કૉલેજ જતા. તેઓ હમેશ એકાદ પુસ્તક વાંચતા ને તેમાં મશગૂલ નજર સાથે જ ગાડીમાં જોવામાં આવતા: સારાંશ, તેમની નજર આઘીપાછી થતી મેં કોઈ પણ દિવસ જોઈ નહોતી. છતાં તેઓ સૂક્ષ્મ નિરીક્ષણ આબાદ કરી શકતા. તેમણે રોજ જલદીથી છતાં સૂક્ષ્મતાથી જોયું હશે તેવું જ મેળાવડામાં કહ્યું: "નોકરીને છેલ્લે દિવસે રોજની માફક બરાબર નવને ટકોરે માસ્તરસાહેબને મેં પગથિયાં ઊતરી કૉલેજમાં જતા જોયા તે દૃશ્યથી તેમની કર્તવ્યબુદ્ધિને વિશે મને અનહદ માન ઉત્પન્ન થયું છે. સાધારણ રીતે નોકરીને છેલ્લે દિવસે માણસને આરામ લેવાનું મન થાય, પણ માસ્તરસાહેબને

રોજ મુજબ મિનિટેમિનિટ વખતસર જતા જોઈ તેમની કર્તવ્યબુદ્ધિ કેટલી અસાધારણ રીતની ઉત્કટ છે તેનો મને સુંદર ખ્યાલ આવેલો.” આ શબ્દોમાં ધ્રુ'સાહેબે પ્રશંસાના ઉદ્ગારો કાઢેલા ને આ શબ્દો સાંભળીને મને ધ્રુ'સાહેબની ઝીણવટવાળી નિરીક્ષણશક્તિનો ખ્યાલ આવેલો. હું તો હમેશ એમને નીચા મોં સાથે ને ચોપડીમાં આંખ રાખી ગાડીમાં પસાર થતા જોતો, છતાં તેઓ અગત્યની બાબતનું પણ કેવું આબાદ નિરીક્ષણ કરી શકતા તેનો મને તેમના ઉપલા કથનથી અનુભવ થયો. ધ્રુ'સાહેબનું આ નિરીક્ષણ એટલું બધું લાક્ષણિક હતું કે સૂરતમાં મારા પિતાશ્રીના સ્વર્ગવાસ પછી તેમનું તૈલચિત્ર નગીનચંદ હૉલમાં અનાવરણિત થયું ત્યારે ન્યાયમૂર્તિ સર લલ્લુભાઈ આશારામ શાહે એ જ ઉપલા શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

દૃશ્ય નવમું

આગગાડીના ડબ્બામાં: ૧૯૨૮ ના ડિસેંબરમાં ઇંડિયન ફિલોસૉફિકલ કૉંગ્રેસની ચોથી બેઠક મદ્રાસ મુકામે મળવાની હતી. મારે તેમાં મુંબઈ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે જવાનું હતું. મુંબઇથી જે ગાડીમાં ધ્રુ'સાહેબ જાય તે જ ગાડીમાં મારે મદ્રાસ જવું એવો મારો વિચાર હતો, કારણ કે મારી પ્રથમ ગોઠવણ એવી હતી કે તેઓ જ્યાં ઊતરે ત્યાં જ મારે પણ ઊતરવું, જેથી મને અજાણ્યા સ્થળમાં કોઈ રીતની અડચણ ન પડે. પરંતુ પાછળથી મારાં માતુશ્રી વગેરે અમે ઘરનાં સાત જણે જવાનું નક્કી કર્યું, એટલે અમે અમારી જુદી ગોઠવણ કરી લીધી. છતાં ધ્રુ'સાહેબ જે દિવસે ને જે ગાડીમાં મુંબઈથી ઊપડ્યા તે જ દિવસે ને તે જ ગાડીમાં અમે મદ્રાસ જવા ઊપડ્યાં. અમારું તો એક આખા ડબ્બા પૂરતું મંડળ હતું, એટલે અમે ઘરમાં જ હોઈએ એમ અમને લાગતું. પણ હું વખતોવખત ધ્રુ'સાહેબના ડબ્બામાં જાઆવ કરતો. કેટલીક વાર હું બેત્રણ કલાક તેઓ સામટાં ગપ્પાં લહેરથી મારતા તે સાંભળતો. ચા જોડે લેવાનો તેમના તરફથી આગ્રહ થતો તે મુજબ ગાડીમાં તેમની સાથે ત્રણચાર વાર ચાહ પણ જોડે લીધેલી. એ પોતે જૂના આચાર પાળવાવાળા ને હું પોતે પણ તેવા આચારવાળો, એટલે અમને ફાવટ આવતી. વડોદરામાં ધ્રુ'સાહેબને કામને પ્રસંગે બેત્રણ વાર આવવાનું થયેલું, ને પોતે શુદ્ધ આચાર પાળવાવાળા, એટલે જોકે તેઓ ઊતરતા સર મનુભાઈ સાહેબને બંગલે છતાં જમવાનું મારે ત્યાં રાખતા. વડોદરામાં પાર્ટીઓને પ્રસંગે ટેબલ પરથી ફ્રૂટ સિવાય તેઓ બીજી વસ્તુને અડકતા નહિ. મદ્રાસ જતાં પોતે પોતાનો નાગર રસોઇયો જોડે રાખેલો. છતાં અમે જ્યારે જ્યારે ગાડીમાં ચા જોડે પીધી ત્યારે પોતે રેસ્ટોરાંમાંથી ચા મંગાવતા. તેઓ કહેતા કે મુંબઈથી વારંવાર કાશી જવું પડે છે એટલે ચાની બાબતમાં તો મારે છૂટ લેવી પડે છે. મને તો તેનો વાંધો હતો જ નહિ: પરિવર્તિત થતા જમાનામાં હું ધીમેધીમે પરિવર્તિત થતો જતો જ હતો. અનેક નાનીમોટી બાબતોને વિશે વાતો કરવાની મને તે પ્રવાસમાં ઘણી મઝા પડી હતી. છેવટે મદ્રાસ સેંટ્રલ સ્ટેશને અમે પહોંચ્યા. તે વખતે ત્યાં એમનો ભવ્ય સત્કાર થયો હતો. અમે મુંબઇના આટલા, એ બતાવવા ખાતર એમણે મને ને અમારી સાથેના મંડળને ત્યાં ઓળખાવ્યાં હતાં. અને મને યાદ છે તે પ્રમાણે એમની સાથે જ ગાડીમાથી ઊતર્યાં કે તરત અમારા સમસ્ત મંડળની નાની છબી પડાઈ

હતી, તેમાં સાથે હોવાનો મને લાભ મળ્યો હતો. પછી તો એ એમને ઉતારે ગયા ને અમે અમારે મુકામે ગયા. અમે તો મદ્રાસ જોવાની ને મદ્રાસમાં હરવાફરવાની ગડમથલમાં પડ્યાં. હું તો માત્ર ધ્રુ'સાહેબના ભાષણને સાંભળવા પૂરતો જ સભામાં હાજર રહ્યો હતો. એ ભાષણ પાંડિત્યનો ભંડાર હતું. એમાં પ્રમુખ તરીકે એમણે આધુનિક પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના પ્રવાહોની રૂપરેખાઓનું દિગ્દર્શન કરાવ્યું હતું. પ્રમુખ તરીકેનું કર્તવ્ય તેઓ એવું માનતા કે પોતાના જમાનાના અગ્રણી તત્ત્વચિંતકોની સમીક્ષા કરવી. “Ordinarily, a president would be expected to review generally, without entering into minute details, the activities of the year in his subject, and to indicate theirg eneral tendency and significance so as to keep his comrades wide awake to the problems of the day.” (Presidential Speech–Madras.) પ્રમુખના કર્ત્તવ્યની આ વ્યાખ્યા સર્વમાન્ય થાય એમ હું નથી માનતો, પરંતુ આ પ્રમાણેના પોતાના મન્તવ્ય પ્રમાણે ધ્રુ'સાહેબે મદ્રાસમાં અભ્યાસથી ભરપૂર સમીક્ષા રજૂ કરી હતી. તેમાં એલેક્ઝાન્ડર, રસેલ, બર્ગસેન, આઈન્સ્ટીન, ક્રોરો, બાલ્ફર, હોલ્ડેન, શિલર વગેરેના વિચારપ્રવાહોનું પૃથક્કરણ કર્યું હતું. કોંગ્રેસ પૂરી થતાં પહેલાં, ત્રીજે જ દિવસે હું ને અમારું મંડળ રામેશ્વર ઊપડી ગયાં અને ધ્રુ'સાહેબથી છૂટાં પડ્યાં. પણ તે વખતે થયેલા સહપ્રયાણનાં સુંદર મધુરાં સ્મરણો તાજાં રહી ગયાં છે.

દૃશ્ય દશમું

ધ્રુ'સાહેબનું માધુર્યઃ સ્મૃતિપટ પર ૧૯૩૩ની અખિલ હિન્દ પ્રાચ્ય પરિષદ આવે છે. તેની સાતમી બેઠક વડોદરામાં ભરાઈ હતી. તે વખતે તત્ત્વજ્ઞાન ને ધર્મવિભાગના પ્રમુખ તરીકે પ્રોફેસર રાનડે નિમાયા હતા. હું તે વિભાગનો મન્ત્રી નિમાયો હતો. પરન્તુ રાનડે ગેરહાજર હતા. તેથી ધ્રુ'સાહેબને તે વિભાગનું પ્રમુખપદ સ્વીકારવાને ખાસ વિનંતી કરવામાં આવી હતી ને તે પદ તેમણે સ્વીકાર્યું હતું. આ વખતે તેમણે જે ભાષણ આપ્યું તેનો મને જુદો જ અનુભવ થયો. તેમણે પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ મોંએ જ આપ્યું ને તે ભાષણ ભગવદ્‌ગીતાના તત્ત્વજ્ઞાનનું સુંદર દોહન હતું. ભક્તિનાં જુદાંજુદાં સ્વરૂપોના ક્રમિક વિકાસનું તેમણે વિવેચન કર્યું ને ગીતાનો બોધ આકર્ષક રીતે સમજાવ્યો. તેમના તે પ્રસંગના ભાષણથી મારા મન પર એવો ખ્યાલ રહી ગયો છે કે તેઓ માનતા કે ગીતામાં ભક્તિયોગ પ્રાધાન્ય ધરાવે છે ને ગીતાવાચનને પરિણામે આપણે નિષ્કામ ઈશ્વરભક્તિને સેવવી જોઈએ. એ ભાષણ છપાવાયું હોત તો તે અત્યંત ઉપયોગી નીવડત. શ્રોતૃમંડળ એ ભાષણથી મુગ્ધ બનેલું. તે બેઠકના બે બનાવો નોંધવા જેવા લાગે છે. પેપરો વાંચનાર લેખકોમાંની એક વ્યક્તિનો પેપર એટલો બધો લાંબો હતો કે તેથી કોઈને પણ કંટાળો આવે. ખરું જોતાં તે પેપર એટલો સાધારણ કોટિનો હતો કે પરિષદમાં તેને સ્થાન જ અપાવું જોઈતું નહોતું. પ્રત્યેક પેપરના લેખકને ધ્રુ'સાહેબે લેખવાચન માટે દશ મિનિટનો વખત આપ્યો હતો. ઉક્ત લેખને વાંચતાં લેખકને બારતેર મિનિટ થઈ ગઈ તોપણ લેખક અટકવા ઇચ્છતા નહોતા. ધ્રુ'સાહેબની આંગળી ઘંટડી પર હતી. તેઓ તે આંગળી હમણાં દાબશે,

હમણાં દાબશે એમ અમને પ્રત્યેક ક્ષણે લાગતું હતું. કારણ આંગળી ઘંટડી પર હતી એટલું જ નહિ પણ તે પર બરાબર વળેલી ને વળેલી ચાલુ હતી; સારાંશ દાબું, દાબું થતી હતી, છતાં તે ન દબાઈ તે ન જ દબાઈ. બારની પંદર, પંદરની સત્તર, સત્તરની વીસ મિનિટ થઈ, છતાં પેલી વળેલી આંગળી હજુ વળેલી ને વળેલી ચોંટી રહી, પણ તે પર નિર્ણાયક દબાણ ન મુકાયું તે ન જ મુકાયું. આ કેવું અજબ સૌજન્ય! ધ્રુ'સાહેબ એટલે માધુર્ય, સાક્ષાત મૂર્તિમંત માધુર્ય. જરા પણ કડવાશ ન થવા દેવી એવી વૃત્તિ તેમની રગેરગમાં વહેતી હતી. મારા પરમ મિત્ર પ્રોફેસર ગોવિન્દલાલ ભટ્ટ મારા ગુપ્ત માનસનું પૃથક્કરણ કરતાં મને કહે છે તે મુજબ યત્કિંચિત્ માધુર્ય હું શીખ્યો છું તેમાં જરૂર પ્રો. ધ્રુવના માધુર્યની અસર હશે જ. બીજો બનાવ નોંધવા જેવો છે. ધ્રુ'સાહેબ સુંદરતાથી પોતાનું ભાષણ આપ્યા જતા હતા. તે વખતે મહારાજાસાહેબ શ્રીમંત સયાજીરાવ મહારાજ પરિષદમાં આવ્યા હતા ને એકમાંથી બીજા વિભાગમાં જતા હતા. તે વખતે અમને બધાને લાગેલું કે શ્રીમંત અમારા વિભાગમાં આવશે જ. છતાં તે શક્યતાથી ધ્રુ'સાહેબના મન પર વધારે ઉત્સાહ દર્શાવવાની કે ક્ષોભ પામવાની સહેજ પણ અસર થઈ નહોતી. તેઓ એક ખરા તત્ત્વયોગીની માફક પોતાનો વાક્પ્રવાહ સુમધુર રીતે વહેવડાવ્યા જતા હતા. કોણ ને કેટલા સાંભળે છે તેની તેમને પરવા નહોતી, તેમને તો તેમની વિચારસરણીની જ પરવા હતી ને તેમાં જ તેઓ મગ્ન હતા.

દૃશ્ય અગિયારમું

અંગત પ્રેમ: ૧૯૩૬નું વર્ષ સ્મરણપટ પર તરી આવે છે. તે વર્ષમાં ગુજરાતી સાહિત્ય સંમેલનનું ૧૨મું સત્ર મહાત્મા ગાંધીજીના પ્રમુખપદ નીચે અમદાવાદમાં ભરાયું હતું. તે સત્રમાં ધર્મ–તત્ત્વજ્ઞાનના વિભાગનો પ્રમુખ હું હતો. ગાંધીજીનું ભાષણ થઈ ગયું, પછી વૈભાગિક પ્રમુખોનાં ભાષણો સમગ્ર સભા સમક્ષ ગોઠવાયાં હતાં. ગાંધીજી ભાષણ આપીને ચાલ્યા ગયા હતા, ને તેમને સ્થાને ધ્રુ'સાહેબ પછી બેઠા હતા. તેમણે વિભાગના પ્રમુખોને દરેકને પોતપોતાના ભાષણ માટે અર્ધો કલાક આપવા જાહેર કર્યું હતું. તે મુજબ અમલ કર્યા વિના તેમને છૂટકો નહોતો, કારણ કે કેટલાક વૈભાગિક પ્રમુખોનાં ભાષણ ત્રણત્રણ કલાક ચાલે તેટલાં લાંબાં લખાયાં હતાં. એટલે અર્ધો કલાક થાય કે વ્યક્તિ તરફ જરા પણ નજર કર્યા સિવાય તરત ધ્રુ'સાહેબની ઘંટડી વાગે જ. મારું ભાષણ આવ્યું. જોકે હું વૈભાગિક પ્રમુખ હતો, છતાં ધ્રુ'સાહેબનો તો શિષ્ય જ હતો, એટલે તેમને જરા પણ નારાજ કરવા કે તસ્દી આપવા હું રાજી નહોતો. મારું ભાષણ ૩૦ થી ૩૧ મિનિટ પહોંચે તેટલું જ હતું, છતાં તેમની ઘંટડીનો ભય મને વાંચવાની શરૂઆત કરતાં પહેલાં જ ઉત્પન્ન થવા માંડ્યો હતો. પોતે મારી મૂંઝવણ સમજી ગયા તે કારણથી હો, યા મારું છાપેલું ભાષણ નાનું જણાતું જ હતું તે કારણથી હો, પણ હું ઊભો થયો તે પહેલાં જ મને ધીમેથી પોતે કહી દીધું, “ગમનભાઈ! પૂરું કરજો, હો!” મને હિંમત આવી, ને તેમના આ પ્રેમથી મળેલા પ્રોત્સાહનને પરિણામે મારું આખું ભાષણ હું ૨૮ કે ૨૯ મિનિટમાં નિરાંતે વાંચી ગયો, જેથી તેમને પોતાને તેમજ સમગ્ર સભાને અત્યન્ત આનંદ પ્રાપ્ત થયો હતો તે હું જોઈ શક્યો હતો.

એ સંમેલનને અંગે ધ્રુ'સાહેબના મનમાં એક ઉત્કટ ઇચ્છા ઉદ્‌ભવી હતી. તેઓ કહેતા કે તમે બધા મદદ કરો તો આપણે એક એવું મંડળ ઊભું કરીએ કે જે સંસ્કૃત ને ગુજરાતીમાં સંશોધનનું કામ ઉપાડી લઈ શકે ને જેવું કામ પૂનામાં થાય છે તેવું અમદાવાદમાં પણ થઈ શકે. મેં કહ્યું, 'તેવું જ શા માટે તેથી ચઢિયાતું કામ આપણે કરી શકીએ, પણ આપે નેતૃત્વ લેવું જોઈએ અને અમદાવાદમાં રહેનારા આપના શિષ્યોએ સક્રિય સાથ આપવો જોઈએ. હું તો બોલાવશો ત્યારે કામ કરવા તૈયાર છું.' આ વાત પછી આગળ ન ચાલી તે ન જ ચાલી.

દૃશ્ય બારમું

ધાંધલનો કંટાળો: એક જમાનો એવો હતો કે પંડિતો જેને આપણે સક્રિય પ્રવૃત્તિઓ ગણીએ છીએ તેને ધાંધલિયા પ્રવૃત્તિઓ ગણતા ને તેથી દૂર રહેતા. મારા પિતાશ્રીને ધાંધલિયા પ્રવૃત્તિઓ લેશ પણ રુચતી નહિ, અને તે મુજબ જ ધ્રુ'સાહેબને પણ તે રુચતી નહિ. મારી યુનિવર્સિટીની ચૂંટણીઓ વિશેની પ્રવૃત્તિઓમાં હું પ્રથમ દાખલ થયો, ત્યારે જોકે પ્રેમવશાત્ મારા પિતાશ્રીએ મને અસાધારણ મદદ કરેલી છતાં તેમને મારી પ્રવૃત્તિ બિલકુલ પસંદ પડેલી નહિ. તેવું જ મેં ધ્રુ'સાહેબને વિશે જોયેલું. જ્યારે જ્યારે મારે ચૂંટણીમાં ઊભા રહેવાનો પ્રસંગ આવે, ત્યારે ત્યારે મને ધ્રુ'સાહેબનો મત અવશ્ય મળતો જ: તેનો એક પણ અપવાદ થયો નથી કે મત વિશે કોઈ પણ પ્રસંગે મારે આગ્રહથી તેમને લખવું પડ્યું નથી. મારું નામ જ ઉમેદવાર તરીકે જાહેર હોય કે ધ્રુ'સાહેબનો મત મારે માટે નોંધાઈ જ મુકાતો. એટલું જ નહિ, પણ પોતે કાશીથી અમદાવાદ પાછા ફર્યા પછી એક વખત મારે તેમની સબળ મદદ લેવાની જરૂર પડી હતી. તે મદદ પોતાના નિયમની બહાર જઈને પણ પોતે મારે માટે લખાય તેને પત્રો કે ચિઠ્ઠીઓ લખીને આપી હતી. તે માત્ર મારા પર તેમને અસાધારણ પ્રેમ હતો તેને લીધે જ બનવા પામ્યું હતું. એક મેળાપ વખતે યુનિવર્સિટીની ચૂંટણીઓની ઝપાઝપી ને ગૂંચવણો ને ખટપટોનો મેં તેમને આબેહૂબ ચિતાર આપ્યો હતો. તે વખતે તેઓએ પોતાનું હૃદય મને સ્પષ્ટ જણાવી દીધું હતું કે, "ગમનભાઈ! હવે જવા દોને! આ ધમાલો ક્યાંસુધી?" તે તો હું પણ સમજતો, પરંતુ આ તો દૃષ્ટિફેરનો પ્રશ્ન હતો: ચાહે તો અમુક સૂત્ર આપણે હાથમાં લઈએ, કે ચાહે તો આપણું સૂત્ર બીજાઓ હાથમાં લે—એ પ્રશ્ન હતો. સુરાજ્ય કે સ્વરાજ્ય, તેના જેવી એ બાબત હતી. ધ્રુ'સાહેબનો જમાનો જુદો હતો; પછીના જમાના જુદા આવ્યા. એમના અંગત અણગમાને સમજ્યા છતાં ન ગણકારતાં મેં મારી પ્રવૃત્તિ ચાલુ રાખી, અને ધ્રુ'સાહેબે મને આપવાની મદદ પણ ચાલુ રાખી. મને કાર્યસિદ્ધિ પ્રાપ્ત થઈ તેથી તેમને પણ આનંદ થયો.

દૃશ્ય તેરમું

સપ્રયોજન હા-ના: ૧૯૪૧ની સાલ યાદ આવે છે. મેં 'આત્મવિનોદ' ધ્રુ'સાહેબને અર્પિત કરવા ઇચ્છા કરી. અને ત્યાંસુધી મારા દરેક પુસ્તકને કોઈ માનપાત્ર કે કોઈ પ્રેમપાત્ર વ્યક્તિને સમર્પિત કરવાનો મેં નિયમ રાખ્યો છે, કારણ તેથી મને અત્યંત આનંદ પ્રાપ્ત થાય છે.

ને મારા પ્રયત્નમાં અમુક જાતનું ઉચ્ચીકરણ પ્રાપ્ત થતું મને માલૂમ પડે છે. હું ધારત તો ધ્રુ'સાહેબને 'આત્મવિનોદ' પૂછ્યા વિના કે રજા વિના સમર્પિત કરત, કારણ કે તેમ કરવા માટે પરવાનગીની જરૂર ગણાતી નથી. છતાં ધ્રુ'સાહેબની સંમતિ હોય તો જ મારે તેમને મારું પુસ્તક સમર્પિત કરવું એમ મેં મારા મનથી નક્કી કર્યું. મેં તેમને પત્ર લખ્યો. ઉત્તર આવ્યો: "મારા તરફથી તમને પુસ્તક **સમર્પણ** કરવાના વિષયમાં શો જવાબ લખવો એ વિશે મેં બેત્રણ દિવસ વિચાર માટે લીધા. છેવટે નિર્ણય કર્યો કે તમારી ઇચ્છા મુજબ ખુશીથી કરો." મને આ ઉત્તરથી અત્યંત હર્ષ થયો. સાધારણ વિદ્વાનો તરત હા પાડી દે તેવી બાબતમાં પોતે વિચાર માટે બેત્રણ દિવસ કેમ લીધા ? તે વિચાર મને પણ આવ્યો. તેનું સમાધાન એ જ છે કે પ્રયોજન વગર કંઇ જ કરવું નહિ, એ મહાપુરુષોનું લક્ષણ છે. મેં વિનંતી કરી માટે મને માત્ર ખુશ કરવા ખાતર સંમતિ આપવી તેવી વૃત્તિ તો પ્રાકૃત જનની વૃત્તિ થઈ; તેવી વૃત્તિથી નહિ, પણ હું જે વિનંતી કરું છું તે પાછળ સમીચીનતા છે તેની ખાતરી કરવા પૂરતો પોતે સમય લીધો ને તેવી ખાતરી થઈ ત્યારે જ ઉત્તર હા કે ના, શો આપવો તેનો પોતે નિર્ણય કર્યો. તેમને પ્રશંસાની પરવા નહોતી, તેમને ખુશામત ગમતી નહોતી, તેમને સમર્પણોની ઇચ્છા નહોતી; જો લેશ પણ તેમ હોત તો તેમના જેવા **ગુરૂણાં ગુરુઃ**ને હજારેક પુસ્તક જરૂર સમર્પિત થઈ ચૂક્યાં હોત. મને ખબર છે ત્યાંસુધી મારા સિવાય અન્ય કોઈ એમના શિષ્યમંડળમાંના એમના જાણીતા શિષ્યનું એક પણ પુસ્તક એમને સમર્પિત થયું નથી. એમણે જલદીથી સંમતિઓ આપી હોત તો તેવાં સમર્પણોની ગણતરી ન રહેત. પણ તેમ થયું મારી જાણમાં નથી, અને તેથી જ મારા પુસ્તકનું **સમર્પણ** એમણે સ્વીકાર્યું તે મને ગર્વનું કારણ બન્યું.

દૃશ્ય ચૌદમું

છેલ્લું દર્શન: ઉપર્યુક્ત પત્ર તા. ૨૯-૩-૪૧ નો લખેલો હતો. તે વખતે ધ્રુ'સાહેબનું આરોગ્ય શિથિલ તો ખરું જ, છતાં પત્ર પોતાના જ હસ્તાક્ષરમાં હતો ને સાધારણ લાંબો પણ હતો. ત્યારબાદ તેમનો મંદવાડ વધારે ને વધારે થતો ગયો. હું તે વિશે મારા મિત્રો પ્રો. ધ્રુ'ભાઇ ને શ્રી લીનુભાઈ મારફતે વખતોવખત વાકેફ રહેતો. પોતે અમદાવાદમાં ને હું વડોદરામાં એટલે ઘણા પાસે, તેથી મારે તેમને મળતા રહેવું જોઈએ એવી તીવ્ર ઇચ્છા તેમણે મને અનેકવાર વિદિત કરેલી. મને થયું કે મારે તેમને મળવું જ જોઇએ; કદાચ પોતે ગત થાય તો ન મળ્યાનો અસંતોષ મારા મનમાં રહી જાય. આવા વિચાર મને આવ્યા કરતા. તેમના અવસાનના એકાદ માસ અગાઉ તેમની પાસે ભાઇ લીનુભાઈ મુંબઈમાં હતા તે સમયે મને પોતે ખાસ સંભારેલો. ભાઇ લીનુભાઈએ મને સૂચન કર્યું કે મારે "મામા"ને મળવું જ જોઈએ. હું તેમને મુંબઈને નિવાસસ્થાને તેમને મળ્યો. પોતે પથારીવશ હતા, છતાં પથારીમાં દોઢેક કલાક બેઠા બેઠા મારી સાથે યુનિવર્સિટીની ને કોલેજોની વાતો પોતે કરી ને મેં કરી તે પોતે રસ લઈને સાંભળી. મેં બેત્રણ વાર ઊઠવા પ્રયત્ન કર્યો, છતાં પોતે વાતમાં મગ્ન રહ્યા ને મને ફરી ફરી બેસાડ્યો. મેં પણ યુનિવર્સિટીની વર્તમાન સ્થિતિની નાનીમોટી અનેક વાતો પેટ ભરીને કરી, ને એ મહાપુરુષનું સ્નેહાળ ને જિજ્ઞાસુ

મુખ તે વખતે જોયું તે જ છેવટનું જોયું. મારો તેમની સાથે તે છેવટનો મેળાપ હતો. તે મેળાપથી તેમને ને મને અત્યંત સંતોષ થયો.

આ પ્રમાણેનાં મારાં કેટલાંક સંસ્મરણો એ મહાન પુરુષને અંજલિરૂપે અત્રે રજૂ કરું છું. એમના જતાં ગુજરાતે એક માધુર્યમૂર્તિ મહાપંડિતને હમેશને માટે ખોયો છે. ધ્રુ'સાહેબને ખોતાં અમદાવાદે કેટલું બધું ખોયું છે તેનું અમદાવાદને ભાન નથી. તે તો ગયા, ને બીજાં સો વર્ષમાં પણ બીજી કોઇ તેમના જેવી વિભૂતિ અમદાવાદને પ્રાપ્ત થશે કે કેમ તે મારા મનમાં બહુ શંકાનો વિષય છે. તેઓ જાતે એક જીવતીજાગતી સંસ્થાતુલ્ય હતા, અને મને દિલગીરી એ છે કે તેમના અવસાન બાદ તેમના નામમાં કોઈ પણ એક સંસ્થા તેમના નામ સાથે જોડાયેલી અસ્તિત્વમાં આણવા અમદાવાદે કશું કર્યું નથી. ભાંડારકર જતાં પૂનાએ ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ સ્થાપ્યું ને એ મહાન પંડિતના પાંડિત્યની પ્રણાલિકા જીવતી રાખી, પણ ધ્રુ'સાહેબ જતાં સાધનસંપત્તિ અખૂટ હોવા છતાં તેમની જન્મભૂમિએ તેમના નામમાં કશું મહાન કર્યું નથી. તેઓ દેશભરમાં વિખ્યાત હતા, અને જે કોઇ ઇતર પ્રાન્તોમાં ફર્યો છે તે જાણે છે કે તેમના તરફ દેશના મહાપંડિતોને અસાધારણ પૂજ્યબુદ્ધિ હતી. એ મહાન વિભૂતિના પરમ પુરુષને આ સ્મરણકુસુમોથી મારી છેવટની હાર્દિક અંજલિ આપું છું.

બ્રાહ્મણ-શ્રમણ ધ્રુવજી

પં. સુખલાલજી સંઘવી

ગૂજરાતમાં ધ્રુવ ઘણા છે અને હતા, પણ ધ્રુવજી તો એક જ. જેમ ગાંધી ઘણા પણ ગાંધીજી એક. માલવીય ઘણા પણ માલવીયજી એક મદનમોહન. તેમ ધ્રુવજી કહેતાં જ આનંદશંકરભાઇનો બોધ સૌને થઇ જાય. આ ‘ જી ’પદનું મહત્ત્વ ધ્રુવસાહેબના જીવનમાં જ જોવા મળે છે, તે અહીં બતાવવાનો ઉદ્દેશ છે,

ધ્રુવજી જન્મે બ્રાહ્મણ અને તેમાંય મુત્સદ્દી નાગર એટલે વિદ્યાવૃત્તિ, ડહાપણ અને ભાષાસૌષ્ઠવ પરંપરાગત હોય એ તો સામાન્ય તત્ત્વ થયું. પણ એમણે એ તત્ત્વનો બીજાઓએ નહિ સાધેલ એવો અસાધારણ વિકાસ સાધ્યો હતો. શ્રમણદીક્ષા લે તેનામાં કર્મકાંડી અહિંસાવૃત્તિ ઊતરવા મંડે છે અને પરંપરાગત તપોવ્રતો પણ સહેજે હોય છે. પણ ધ્રુવજીની અહિંસાવૃત્તિ અને તપોવૃત્તિ જુદા પ્રકારની હતી : તે અંદરથી ઊગેલી અને બ્રાહ્મણદર્શનથી પરિમાર્જિત થયેલી હતી, જેને લીધે તેમનું વ્યક્તિત્વ ઘડાયું.

લગભગ ત્રીસ વર્ષ પહેલાં અધ્યયન કરી પહેલવહેલો હું કાશીથી ગૂજરાતમાં ગયો ત્યારે ‘વસંત’માંના થોડાંક ધ્રુવજીનાં લખાણો જોયાં અને એમના તરફ ખેંચાયો. ક્રમે ક્રમે એમનાં ‘નીતિશિક્ષણ’, ‘હિન્દુ ધર્મની બાળપોથી,’ ‘ધર્મવર્ણન’, ‘આપણો ધર્મ”, ‘હિન્દુ વેદધર્મ” આદિ પુસ્તકો જોયાં. અને તેમની મારા ઉપર એવી ઊંડી અસર થઈ, જે અદ્યાપિ કાયમ છે, કે પછી તો મને કોઈ પણ ધાર્મિક પાઠ્યક્રમ બાબત પૂછે ત્યારે હું ધ્રુવજીનાં એ પુસ્તકો સર્વ પ્રથમ સૂચવું છું, જોકે ઘણા સાંપ્રદાયિક જૈનો મારી સંપ્રદાય બહારનાં પુસ્તકોની આવી સૂચનાથી નવાઈ પામતા. પણ મારો તો જાણે એ વ્યવસાય જ થઈ પડેલો. તે એટલે લગી કે ગૂજરાત બહારના પ્રાંતોમાં પણ હું ધ્રુવજીનાં પુસ્તકોની સૂચના કરવાનું ચૂકતો નહિ. બીજી બાજૂ તે વખતે કોઈ છાપામાં ધ્રુવજી વિશે એમ લખાયેલું વાંચ્યાનું યાદ છે કે ‘ ધ્રુવજી બેશક અઠંગ અભ્યાસી અને ઢગલાબંધ વિવિધ વિષયોનાં પુસ્તકોનું સતત અવલોકન કરનાર છે તેમ જ સુયોગ્ય અધ્યાપક છે, પણ તે એટલા બધા મિલનસાર નથી. એમનામાં નાગરસુલભ અતડાપણું અને વૈયક્તિક મુલાકાતમાં કાંઈક રૂખાપણું છે. ’ ઇત્યાદિ. આવી મતલબના એ લખાણે હું એમ માનતો થયો કે ત્યારે તો ધ્રુવજીને મળવા ઘેર ન જવું. આ માન્યતાથી પ્રેરાઇ હું તે વખતે અમદાવાદમાં જતો આવતો અને રહેતો છતાં ધ્રુવજીને મળેલો નહિ. એમને વિશે એવો પૂર્વગ્રહ બંધાયા છતાં એમની વિદ્વત્તા પ્રત્યે તો ઉત્તરોત્તર મારો આદર વધ્યે જ જતો હતો, અને સાથે સાથે તેમનાં લખાણોના વાચનનો પ્રચાર પણ કર્યે જતો હતો.

દરમિયાન ૧૯૨૦—૨૧ આસપાસ ફરી હું કાશીમાં આવ્યો, અને મારા ઉતારા પાસે જ

આવેલ દિગંબર જૈન વિદ્યાલયમાં પ્રમુખસ્થાનેથી ધ્રુવજીનું ભાષણ થઇ રહ્યું છે એ જાણુતાં જ તે સાંભળવા ગયો. ધ્રુવજી અહિંસા અને તપના મહત્ત્વ વિશે તેમની વિકસિત વિચારસરણીમાં પણ ગૂજરાતી ટોન—લય—વાળી હિન્દીમાં બોલ્યે જતા હતા, અને પ્રસંગે 'ઉત્તરાધ્યયન' તેમ જ 'આચારાંગસૂત્ર'નો આધાર લેતા. તેમની મધુર વાણી અને સ્પષ્ટ વિચારસરણીથી હું વધારે આકર્ષાયો. સભા પૂરી થતાં જ તેમને હું મળ્યો. અને સાદર નમસ્કાર કરી મેં કહ્યું કે 'હું આજ લગી આપનો પરોક્ષ શિષ્ય હતો. હવે પ્રત્યક્ષ શિષ્ય બનીશ.' તેમણે સ્મિત સાથે કહ્યું, 'તમે ગૂજરાતી છો ? અને બંગલે જરૂર આવજો.' એ 'જરૂર' શબ્દે મારામાં બંધાયેલ તેમના વિશેના પૂર્વગ્રહને બહુ શિથિલ કરી નાખ્યો. જ્યારે હું તેમને બંગલે ગયો ત્યારે તેઓ એટલી સહૃદયતાથી મળ્યા અને વાત કરી કે પેલા પૂર્વગ્રહનો રહ્યોસહ્યો અંશ પણ મારા મનમાંથી તદ્દન વિલીન થઈ ગયો. તેમણે અહિંસા વિશેની ચર્ચામાં તે વખતે મને કહ્યું કે 'ગાંધીજી દેશમાં અહિંસાના પાયા ઉપર સરકાર સાથે બાથ ભીડવાનો વિચાર કરે છે, પણ શું દેશમાં પ્રજાની અહિંસાવૃત્તિ એટલા બધા પ્રમાણમાં કેળવાઈ છે કે જેથી તે ગાંધીજીને પૂરો સાથ આપે ?' તેમણે જ એ પ્રશ્નના જવાબમાં કહ્યું કે 'હજી તો દેશને વધારે તાલીમ આપવાની જરૂર છે, હજી શિક્ષણ નજીવું છે,' ઇત્યાદિ.

હું જ્ઞાનયોગી ધ્રુવજીના કથનનો ધ્વનિ એમ સમજ્યો હતો કે દેશવ્યાપી સક્રિય હિલચાલ કર્યા પહેલાં આધારભૂત સિદ્ધાંતની બાબતમાં સમગ્ર દેશને તરેહતરેહથી શિક્ષણ આપવું જોઇએ. અને દેશને એ સિદ્ધાંત વિશે પ્રતીતિ થઈ છે એમ ખાતરી થાય ત્યારબાદ જ તેવી હિલચાલ પાયાદાર નીવડે. જ્યારે કર્મયોગી ગાંધીજીની નેમ તે વખતે અને આજ પણ એ રીતે સમજું છું કે આ દેશને તો હજારો વર્ષ થયાં અહિંસાની તાલીમ એક અથવા બીજી રીતે મળતી જ આવી છે. દેશની મનોભૂમિકા અને બીજી પરિસ્થિતિ એવી છે કે દેશવ્યાપી સક્રિય પગલું ભરવા સાથે જ એની ખરી તાલીમ શરૂ થાય છે. એટલે એક બાજૂ પ્રત્યક્ષ ક્રિયા દ્વારા અને બીજી બાજૂ તેની સમજૂતી દ્વારા જ આખા દેશમાં અહિંસા વિશેની જાગરિત શ્રદ્ધા અને અપેક્ષિત અહિંસા સમજૂતી ઉત્પન્ન કરી શકાય—પહેલું શાબ્દિક શિક્ષણ અને પછી ક્રિયા એ ક્રમ આખા દેશ માટે વ્યવહારુ નથી. હું તો એમને સાદર સાંભળવા જ ગયો હતો. અમારા વિશેષ પરિચયના આ શ્રીગણેશ થયા.

હું અમદાવાદ ગૂજરાત પુરાતત્ત્વમંદિરમાં 'સન્માતતર્ક'નું સંપાદન કરતો. એનો પહેલો ભાગ ધ્રુવજીને મળ્યો ત્યારબાદ તેઓ જ્યારે અમદાવાદ આવે ત્યારે મોટે ભાગે પુરાતત્ત્વમંદિરમાં આવે અને મળે. હું સંશોધન વિશે એમને પૂછ્યા પણ કરતો. એક વાર અનેક પ્રતો ફેલાવી હું મારા ખંડમાં કામ કરી રહ્યો હતો અને અણધાર્યા જ ધ્રુવજી પધાર્યા અને ચટાઈ ઉપર બેસી ગયા. થતું કામ જોઈ રહ્યા હતા. દરમિયાન એક અધ્યાપક ત્યાં આવી ચઢ્યા. વાતચીત શરૂ થતાં જ એ આવનાર અધ્યાપકે નિખાલસ દિલે પણ રોષપૂર્વક ધ્રુવજીને તીખુંતમતમતું સંભળાવ્યું. હું તો મૂંઝવણમાં પડ્યો. એક તરફ આવા દિવ્ય અતિથિ અને બીજી બાજૂ સહવાસી અધ્યાપક. એ અધ્યાપક તો ચાલ્યા ગયા, પણ પાછળથી મેં જોયું કે ધ્રુવજી એ કડવો ઘૂંટડો

એટલી કુનેહથી પી ગયા અને પચાવી ગયા કે તેની અસર જ તેમની પાછળની વાતચીતમાં મેં ન જોઇ. મને લાગ્યું કે ધ્રુવજીમાં અહિંસાવૃત્તિ સ્થિરપદ છે. ક્યારેક ગૂજરાતના એક જાણીતા કવિએ યદ્વાતદ્વા કહેલું કે લખેલું તેનો જવાબ આપતાં તેમણે પોતાની વ્યંગવાણીમાં એવી મતલબનું લખેલું યાદ છે કે 'ધમ્મપદ'નું નિત્ય પરિશીલન કરવાથી પણ એમણે કહેલા શબ્દો ભુલાય તેવા નથી. આવા કાંઈક ઉપક્રમ સાથે જે જવાબ તેમણે લખેલો છે તે એમની માનસિક અહિંસાનો સ્પષ્ટ પુરાવો છે. ૧૯૩૫ માં કાશીમાં જ તેમની સાથે મારે અમુક મુદ્દા નિમિત્તે પત્રવ્યવહાર કરવો પડ્યો. તેમાં ક્યારેક હું તેમના ઉપર પ્રો-વાઇસ-ચેન્સેલર તરીકે લખતો અને ક્યારેક વ્યક્તિગતરૂપે. એ પત્રવ્યવહારમાં મેં બહુ જ નમ્રભાવે પણ તદ્દન સ્પષ્ટ રીતે યુનિવર્સિટીના વ્યવહાર વિશે ટીકા કરતાં તેમને લખેલું કે 'આપ જેવા પણ અમુક બાબતો નભાવ્યે જાઓ છો.' તેમણે તે જ ક્ષણે જવાબ લખી પટાવાળા સાથે મારા ઉપર મોકલાવી દીધો. એમાં એમણે લખેલું કે આ બાબત હવે હું ઉદાસીન છું. પ્રસંગે અમે બન્ને જ્યારે મળ્યા ત્યારે એમણે મને કહ્યું કે 'તમારા પત્રમાં કાંઇક રોષની છાંટ મને લાગી.' મેં કહ્યું, 'જરાય નહિ. આપ એ જ પત્રમાં મારું એ લખેલ યાદ કરો કે જો આપ ગૂજરાત જવાના અને ગૂજરાત વાસ્તે કાંઇક કરવાના છો તો આદેશ મળતાં હું આપને શિષ્યભાવે અનુસરીશ અને કાશીનો મોહ છોડીશ.' તેઓ એકદમ ખીલી ઊઠ્યા. સારાંશ એ છે કે તેઓ પોતાના તરફથી કોઈને શત્રુ બનવાનું નિમિત્ત પૂરું ન પાડવા પૂરતા અજાતશત્રુ હતા. એ જ રીતે એમણે અહિંસાવૃત્તિ વિકસાવી હતી.

આ કથનની પુષ્ટિ માટે એક પ્રસંગ નોંધપાત્ર છે. થોડાં વર્ષ અગાઉ દક્ષિણમાં ક્યાંક યજ્ઞ થયેલ તેમાં બકરાંઓનો શાસ્ત્રીય વધ પણ થયેલો. આ વિશેની ચર્ચામાં એઓશ્રીએ મને સંબોધી કહ્યું કે 'હવે તો અમારે બૌદ્ધ યા જૈન થવું કે શું?' ધ્રુવજી વૈદિક અને તેમાંય સનાતની હતા. તેમનું વેદ–વેદાંત વિશેનું જ્ઞાન અગાધ હતું. તેમની શ્રદ્ધા પણ વ્યાપક અર્થમાં વેદાંતગામિની જ હતી. પરંતુ ધ્રુવજી તેમ છતાં સ્પષ્ટપણે ઐતિહાસિક બળોને જાણતા. તેઓ સમજતા કે બૌદ્ધ, જૈન આદિ અહિંસક પ્રબલ હિલચાલોને પરિણામે જૂના હિંસાપ્રધાન વૈદિક કર્મકાણ્ડની ભૂમિકા નામશેષ થઈ છે અને એને સ્થાને વ્યવહારમાં અહિંસક વૈદિક ધર્મનું રૂપાન્તર થયું છે, જે કાલ અને માનવજાતિના વિકાસને અનુરૂપ છે. હવે આવી સિદ્ધ થયેલ અહિંસાની ભૂમિકામાંથી વૈદિક કર્મકાંડીઓ પ્રાચીનતાને મોહે પાછી પાની કરી હિંસા તરફ વળે, તો જેઓ માનસિક અહિંસાની ભૂમિકાવાળા પરંપરાથી વૈદિક ધર્માવલંબીઓ છે તેમણે શું કરવું? શું બુદ્ધિગમ્ય અહિંસાની ભૂમિકાને છોડી તેમણે કાળજૂના હિંસાપ્રધાન કર્મકાંડ તરફ વળવું, કે કુલધર્મનો મોહ છોડી અહિંસા-પ્રચારક સુધારક પંથોમાં ભળી જવું? હું ધ્રુવજીના સંક્ષિપ્ત કથનનો એ પ્રમાણે અર્થ સમજેલો. જો મારી સમજ ઠીક હોય તો ધ્રુવજીની અહિંસાવૃત્તિની સમજ અને શ્રદ્ધાના વિકાસ વિશે વધારે ભાગ્યે જ કહેવાનું રહે છે.

તેમની તપોનિષ્ઠા પણ જુદી જ હતી. મેં તેમને એકવાર પૂછ્યું કે, 'આપ કાશી છોડી જવાના છો એમ સંભળાય છે.' તેમણે કહ્યું, 'પ્રભુઇચ્છા હશે તેમ બનશે.' મેં કહ્યું, 'આપ

ગૂજરાતમાં કાંઈક મહત્ત્વનું કામ તો કરવાના જ.' તેમણે કહ્યું, 'હું હજી લગી કાંઈ ગૂજરાત માટે કરી શક્યો નથી એનું દુઃખ તો છે જ. પણ કાંઈ શરૂ કરવું તે પહેલાં મારે ગાંધીજીના આશીર્વાદ જોઈએ. હું તપસ્વીના આશીર્વાદમાં માનનાર છું.' ઇત્યાદિ. ક્યાં જન્મે નાગર બ્રાહ્મણ અને શિક્ષણે તથા કાર્યે નવા રંગથી રંગાયેલ અને ક્યાં આવી તપસ્વીના આશીર્વાદની બુદ્ધિશુદ્ધ શ્રદ્ધા! અહિંસા અને તપની બુદ્ધિશુદ્ધ ભૂમિકામાંથી જ તેમનામાં સમન્વયવૃત્તિ કે જૈન પરિભાષામાં અનેકાંતવૃત્તિનો ઉદય થયેલો. તેમનાં ગમે તે વિષયનાં લખાણો કે ગમે તે વિષય પરત્વેનાં ભાષણો જુઓ તો તરત સમજાશે કે એમણે પોતાના વિચારમાં પોતાની જ ઢબે અનેકાંત ઘટાવેલો હતો, જેમ ગાંધીજીએ પોતાના વિચાર અને કાર્યમાં પોતાની ઢબે ઘટાવેલો છે.

ધ્રુવજીએ કુલપરંપરાગત વિદ્યાસંસ્કારને કેટલા વિશાળ પ્રમાણમાં અને કેટલી વિશદ રીતે વિકસાવ્યો હતો એ તેમના પરિચયમાં આવનાર અને તેમનું સાહિત્ય વાંચનાર સૌ જાણે છે. પણ તેમની સંસ્કારશુદ્ધિ અને ભાષાસૌષ્ઠવ વિશે કાંઈક લખવું આવશ્યક છે. ખાસ કરી જેઓ નવાં વહેણોમાં વગર વિચાર્યે ઘસડાઈ જાય છે, તેમને વાસ્તે તો લખવું સવિશેષ પ્રાપ્ત થાય છે. ધ્રુવજી કૉલેજમાં ભણ્યા, કૉલેજમાં અને યુનિવર્સિટીમાં ઊંચા હોદ્દાઓ ઉપર રહ્યા. માત્ર અંગ્રેજ જ નહિ પણ ગવર્નર અને વાયસરૉય જેવા ઊંચા અધિકારીઓને પણ મળવાના એમને અનેક પ્રસંગ આવ્યા. દેશદેશના વિદ્વાનો પણ મળતા જ. કોટ–પાટલૂન અને ટોપીના આનખશીખ દેશી–પરદેશી વાતાવરણમાં તેઓ આજન્મ રહ્યા છતાં હું નથી ધારતો કે કોઈએ તેમને પોતાનો નક્કી કરેલ ગૂજરાતી વેશ બદલી બીજા વેશમાં સજ્જ થયેલ જોયા હોય. જેમ પોષાકનું તેમનું પોતાનું જ લાક્ષણિક સૌષ્ઠવ હતું, તેમ તેમનો ખાનપાન અને પૂજાવિધિનો પણ એક ખાસ સંસ્કાર હતો. આ સંસ્કારો બીજા બ્રાહ્મણોની પેઠે એમણે અંધપણે પોષ્યા ન હતા. કેમકે પોતાનાથી જુદી રીતે વર્તનારને તેઓ કદી પતિત કે ઊતરતી કોટીના માનતા નહિ. ભાષાસૌષ્ઠવ વિશે તો એટલું જ કહેવું બસ થશે કે તેઓ જ્યારે વાતચીત કરતા હોય કે ભાષણ આપતા હોય ત્યારે અનુભવ એવો થાય કે જાણે કાનમાં અમૃતસેચન થઈ રહ્યું છે. ગૂજરાતી ભાષાસૌષ્ઠવનો સંસ્કાર તો એમનામાં એટલી હદ સુધી વિકસેલો હતો કે ક્યારેક ગાંધીજીએ પણ કહેલું કે હવે ધ્રુવજીનું મધુર—પ્રસન્ન ગૂજરાતી ભાષણ તમે સાંભળો. ધ્રુવજીની વાત કરવાની અને જવાબ આપવાની એક ખાસ ઢબ હતી. તે બોલે ત્યારે તેમાં બહુશ્રુતત્વ છલકાતું હોય. કડવામાં કડવો જવાબ પણ તે એવી અન્યોક્તિ અને મધુર ભાષામાં આપે કે સાંભળનારને રોષનો પ્રસંગ જ ન આવે.

જ્યારે તેમણે હિન્દુ યુનિવર્સિટીમાંથી વિદાય લીધી ત્યારે પાંડતો કે પ્રોફેસરો, વિદ્યાર્થીઓ કર્મચારીઓ એ બધાને એવો અનુભવ થયો કે હવે આવો માણસ યુનિવર્સિટીમાં મળવો સુલભ નથી. મોટા હોદ્દેદારને ત્યાં ગમે તે માણસ સરલતાથી જઈ શકતો નથી, પણ ધ્રુવજી વિશે એમ ન હતું. જ્યારે જાઓ ત્યારે એમની બેઠક મુક્તદ્વાર. કોઈ પટાવાળો રોકે જ નહિ. જનાર સાધારણ વિદ્યાર્થી હોય, પંડિત હોય કે પ્રોફેસર હોય. મારા કાશી આવ્યા પછી તેઓ લગભગ પાંચેક વર્ષ અહીં રહ્યા. યુનિવર્સિટીમાં અનેક કૉલેજો, અનેક નાની મોટી સંસ્થાઓ અને અનેક વિદ્યાર્થી

મંડળો, જાતીય મંડળો અને સાંપ્રદાયિક મંડળો. જ્યારે જુઓ ત્યારે મીટિંગોનો પ્રવાહ ચાલતો જ હોય અને હમેશાં પ્રોફેસરોની ક્લબમાં તો કાંઈક ને કાંઈક હોય જ. પણ એક દિવસમાં થતી અનેક મીટિંગોમાં પણ ધ્રુવજી તો હોય જ અને તે મોટે ભાગે પ્રમુખસ્થાને જ હોય. તેમને અનેક વિષયોમાં પ્રસંગાનુરૂપ બોલવાનું પણ હોય. પરંતુ મેં કદી જોયું કે સાંભળ્યું નથી કે ધ્રુવજી કાંઈ અપ્રસ્તુત બોલ્યા હોય અગર વધારેપડતું બોલી નાખવાના આ યુગના અભખરાને વશ થયા હોય. આ બ્રાહ્મણસુલભ વિદ્યાવૃત્તિ અને શ્રમણસુલભ વિકસિત સંયમવૃત્તિ એ જ ધ્રુવજીની વિશેષતા છે અને તેથી જ તેઓ ‘જી’ પદે પહોંચ્યાં.

છેલ્લે તેમની મિલનસારવૃત્તિ વિશે થોડુંક લખી દઉં, કારણ એની વિરુદ્ધ મારે મિથ્યા પૂર્વગ્રહ બંધાયો હતો. જ્યારે તેઓ અમદાવાદ આવે ત્યારે પોતાના બધા જ પરિચિતોને મળે અને કોઈ ન મળ્યું હોય તો યથાસંભવ તેમને ત્યાં પહોંચે. તેઓ ઘણી વાર મારે ત્યાં બ્રહ્મક્ષત્રિય સોસાયટીમાં અચાનક આવી ચઢે. એકવાર મેં કહ્યું, ‘આપ શા માટે પધાર્યા? હું આવવાનો જ હતો.’ તેમણે કહ્યું, ‘અહીં એક મારા પરિચિત મિત્રનાં વિધવા છે. તેમને તો મળવું જ હતું. તો પછી તમને શા માટે તકલીફ આપું?’ મારા કાશી આવ્યા પછી તો મેં એવું જોયેલું કે જ્યારે પણ રજામાં અમદાવાદ હોઇએ ત્યારે તેઓશ્રી ઘેર ડોકિયું કરી જ જાય. હું ૧૯૩૮ માં ઓપરેશનમાંથી ઊઠી અમદાવાદ આવ્યો અને કાંઈક સ્વસ્થ થયે ધ્રુવજીને બંગલે જવા નીકળ્યો. રસ્તામાં મને જોઈ કહ્યું કે ‘તમે ક્યાં જાઓ છો? હું જ તમને મળવા આવવાનો હતો.’ મેં કહ્યું, ‘હવે આપણે અહીં જ મળી લીધું. એટલે તકલીફ ન લેશો.’ તેમણે કહ્યું, ‘ના, હું તો મારા સંકલ્પ પ્રમાણે બીજી વાર તમારે ઘેર જ આવવાનો. રસ્તા ઉપર મળ્યા એ તો તમે મળવા આવ્યા, કાંઈ હું થોડો આવ્યો છું?” ઇત્યાદિ. છેવટે બીજે દિવસે તેઓ ઘેર આવ્યા અને યુનિવર્સિટી વિશે તથા અમદાવાદની સંસ્થાઓ વિશે મુક્ત મને ખૂબ જ વાત કરી. મેં કહ્યું, ‘આપનો સમય અમદાવાદમાં સારી રીતે જતો હશે.’ તેમણે કહ્યું ‘બધા જ મિત્રો સહૃદય મળ્યા છે. હું મારે કરવું જોઇએ તેટલું કરી શકતો નથી એ જ મને દુઃખ છે. પણ બૌદ્ધિક વાતાવરણ ઠીકઠીક જામેલું હોવાથી મને સંતોષ છે.’ ધ્રુવજીના મિલનસારપણાનું આવું માધુર્ય અનુભવવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

શ્રી આનંદશંકરમાહાત્મ્ય

શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારિયા

શ્રી. આનંદશંકરની મહત્તા ગુજરાતીઓની જાણબહાર તો નથી, જોકે તે મહત્તાની ઇયત્તા સમજનારા થોડા હશે.

શ્રી. આનંદશંકર જન્મથી જ મહાન હતા. રાજમાન્ય અધિકારીના પુત્ર હતા. સાંસારિક સુખસંપત્તિના વૈભવભર્યાં તેજમાં વિહરવા નાનપણથી જ ભાગ્યશાળી બન્યા હતા. અનુકૂળતાઓને લીધે કેટલાક કુમારો ઘણી વાર વિપથગામી બની જાય છે, બાપદાદાની બુદ્ધિ અને ધનની કમાણીને વેડફી નાખે છે, વિભૂતિના તેજમાં અંજાઈ આંધળા થાય છે. શ્રી. આનંદશંકર જેવા સદ્‌ભાગી જ સારા સંજોગોમાં વિકાસ અને ઉન્નતિ મેળવી શકે છે.

શરીરની સંપત્તિ બહુ સારી ન કહેવાય. નાનપણથી જ અવારનવાર સળેખમ—શરદી—જેવું રહ્યા કરતું; છતાં બુદ્ધિની સંપત્તિને વધારવામાં શરીર નડતરરૂપ નહોતું થયું.

ઘણાક જુવાનિયાઓ પોતાની બુદ્ધિની સૂક્ષ્મતા પર વિશ્વાસ રાખી, અભ્યાસનો શ્રમ લેવામાં શિથિલ રહે છે. બુદ્ધિની જન્મપ્રાપ્ત શક્તિ અભ્યાસથી વૃદ્ધિ પામે છે, ચિન્તનથી સૂક્ષ્મતા પામે છે, નિદિધ્યાસથી પવિત્રતા પામે છે, યોગ્ય શ્રમ લેવાથી તીક્ષ્ણતા અને તીવ્રતા પામે છે. આવશ્યક શ્રમ ન ક્ષેવાથી કેટલાક બુદ્ધિશાળી જુવાન બુદ્ધિનો પૂરેપૂરો લાભ લઈ શકતા નથી, દઈ પણ શકતા નથી. શ્રી. આનંદશંકરે. જન્મપ્રાપ્ત બુદ્ધિને કસવા અને વિકસાવવા ખૂબ ધ્યાન રાખ્યું હતું. આખી જિંદગી જ્ઞાનપ્રાપ્તિ માટે અને અભ્યાસશીલતા માટે જે ઉદ્દામ આગ્રહ સેવ્યો હતો, તેથી તેમના મનોબળ અને નિશ્ચયબળની આપણે કદર કરી શકીએ છીએ.

શ્રી. આનંદશંકર નાનપણથી જ સાધનમાં મહાન હતા, બુદ્ધિમાં મહાન હતા, મનોબળ અને નિશ્ચયબળમાં મહાન હતા. તે તેમની મહત્તા વર્ષો સાથે વધતી જ ગઈ. પહેલાં બુદ્ધિમાન વિદ્યાર્થી, પછી જ્ઞાનલોભી અનવરત અભ્યાસી, પછી શક્તિશાલી વિદ્વત્તાપૂર્ણ અધ્યાપક અને છેવટ કાર્યદક્ષ પ્રતિષ્ઠાપૂજ્ય કુલપતિઃ આમ મહત્તાની શ્રેણી પર ઉત્તરોત્તર મક્કમતાથી ચઢતાં આયુષ પણ ઠીક ભોગવી, શ્રી. આનંદશંકર મહાન ગુજરાતી અને મહાસાક્ષર તરીકે ઊંચું માહાત્મ્ય પ્રકટ કરી ગયા છે.

જુદા જુદા મહાપુરુષોના અમર કીર્તિદેહમાં પણ પ્રકારફેરને લીધે પ્રકાશફેર હોય છે જ. રાજ્યસત્તા કે પરાક્રમશીલતાને લીધે મહાન બનેલા નરવીરોનું માહાત્મ્ય પ્રજાનો મોટો ભાગ સમજે છે અને પૂજે છે. પરંતુ જ્ઞાનસત્તાથી જે માહાત્મ્ય મળે છે તેના કરતાં તો રાજ્યસત્તાનું માહાત્મ્ય ગમે તેટલું વિપુલ અને સર્વજ્ઞાત હોવા છતાં, નીચી કોટિનું જ ગણાય છે. અલેક્ઝાન્ડર અને વિક્રમના કરતાં પણ શેક્સ્પિયર અને વ્યાસ વધારે લોકપ્રિય અને વધારે લોકોપકારક ગણાય છે,

એ નિર્વિવાદ છે. જ્ઞાનસત્તાવાળા મહાપુરુષો અક્ષરસેવાથી જે કીર્તિ મેળવે છે, જે માહાત્મ્ય મેળવે છે, તે લોકપ્રિય અને લોકોપકારક હોય છે, એટલું જ નહિ પણ ચિરંજીવી અને કોઈ કોઈનું તો અમર રહે છે.

શ્રી. આનંદશંકરના અક્ષરદેહનું માહાત્મ્ય એટલું મોટું છે કે તેનું વર્ણન, વર્ણન કરનારની શક્તિની અલ્પતાથી જ મર્યાદા પામે.

'શ્રીભાષ્ય'નું ગુજરાતીમાં ભાષાંતર એ તો આનંદશંકરભાઈનું નાનું કામ. 'શ્રીભાષ્ય' જેવા ગ્રંથના તત્ત્વજ્ઞાનને ગુજરાતીમાં ઉતારવા માટે ઊંચી શક્તિ અને ઊંચી બુદ્ધિ જોઇએ. તેવું કામ સાધારણ માણસ માટે તો મોટો વિજય ગણાય. પણ આનંદશંકર જેવા મહાપ્રતાપી જ્ઞાનમૂર્તિને માટે તો તે કામ નાનું જ કહેવાય. આનંદશંકર માત્ર બીજાના વિચારોને ગુજરાતીમાં ઉતારે એ તો મામૂલી જ કામ ગણાય. જોકે ભાષાંતરકારમાં મૂળ લેખકના ગુણોની છાપ બરાબર પડે તો જ ભાષાંતર ખરું ભાષાંતર બને. શ્રીરામાનુજાચાર્યના સર્વ ગુણોનું સ્પષ્ટ પ્રતિબિંબ ઝીલવા માટે બુદ્ધિની નિર્મળતા અને ગ્રહણશક્તિની ઉચ્ચતા વિશિષ્ટ પ્રકારનાં જ જોઈએ—આવી યોગ્યતા શ્રી. આનંદશંકરભાઈમાં ઉત્તમ જાતની હતી એટલે જ ભાષાંતર સફળ અને સુંદર થયું છે. તે કામ ખૂબ યશસ્વી હોવા છતાં આનંદશંકરભાઈનાં બીજાં કામોની સરખામણીમાં તો સાધારણ જ ગણાય.

'વેદધર્મ', 'ધર્મવર્ણન', 'હિન્દુધર્મની બાળપોથી' આ પુસ્તકોમાં જ્ઞાનની અને લેખનકૌશલની જે ઉચ્ચતા પ્રકટ થાય છે તે આનંદશંકરની શક્તિની ઊંચી કોટિ બતાવી આપે છે.

પચાસ સાઠ વર્ષ પહેલાં તો 'ધર્મ તો જાણે ખાવું' એવો ખોટો ખ્યાલ ગુજરાતમાં ખૂબ પ્રસર્યો હતો. ખાસ કરી શહેરોમાં એટલે કે શહેરી અને નવી ભણેલી પ્રજામાં ધર્મ માટે વિરોધ અને તિરસ્કાર માલૂમ પડતાં હતાં. ધર્મના બહારના બગડેલા સ્વરૂપની પાછળ, અને મિથ્યા આડંબરના જાળાની અંદર, ધર્મનું જે કાંઈ ખરું રહસ્ય વસી રહ્યું હતું તેને નહિ સમજનારા તો ધર્મને શાપરૂપ જ માનતા હતા. આમ થવાનું મુખ્ય કારણ તો એ હતું કે ધર્મના સાચા સ્વરૂપનું જ્ઞાન કે ભાન કોઇને હતું જ નહિ. ધર્મના વિકૃત સ્વરૂપ પાછળ કાંઈક સત્ત્વ કે સત્ય છે કે કેમ એ જોવા તપાસવા જેટલો પણ તે વખતના ઉતાવળિયા લોકોને સમય નહોતો.

તેવા લોકોને યોગ્ય રીતે સમજાવવામાં આવે તો ધર્મની ભાવના ફરી જાગ્રત કરી શકાય, અને વિનાશ પામેલી ધાર્મિક બુદ્ધિ ફરી સન્માર્ગગામી બનાવી શકાય એવું વિચારનારા હળવે હળવે નીકળવા લાગ્યા. તેવા વિચારકોમાં આનંદશંકરનું સ્થાન ઘણું ઊંચું છે.

ગોવર્ધનરામે અને મણિલાલ નભુભાઇએ એ કામ કરેલું છે—ગોવર્ધનરામે એક રીતે, મણિલાલે બીજી રીતે. મણિલાલની રીતને શ્રી. આનંદશંકરે સરસ પલટો આપી, ખૂબ સમર્થ બનાવી છે. આપણાં ધર્મપુસ્તકોમાં શી શી બાબતો કેવી કેવી રીતે કહેવામાં આવી છે એ વિશે પ્રજાસમસ્તને માહિતી આપવી એ પહેલી જ જરૂરિયાત હતી. ખરી માહિતી મળે, એટલે સમજદાર પ્રજાવર્ગ પોતાની મેળે વિચાર કરવા પ્રેરાય. 'વેદધર્મ' અને 'ધર્મવર્ણન'થી પ્રજાના

વિચારક વર્ગ પાસે પુષ્કળ માહિતી રજૂ કરી, 'ધર્મવર્ણન'માં તો હિન્દમાંના બધા જ ધર્મોની ટૂંક માહિતી આપી શ્રી. આનંદશકરે પ્રજાના સમસ્ત સમુદાયને ઉપકારવશ બનાવ્યો.

'હિન્દુધર્મની બાળપોથી' આ બે પુસ્તકોથી પણ આગળ વધી, હિન્દુધર્મનાં રહસ્યને સમાજ પાસે સરળતાથી રજૂ કરી, હિન્દુધર્મની અને હિન્દુ પ્રજાની સેવા કરવામાં બહુ જ યશસ્વી બને છે.

'નીતિશિક્ષણ' ઉપદેશપૂર્ણ માગદર્શક ગ્રંથ છે. જીવનને ઉચ્ચગામી બનાવી, સાર્થક કરવા માટે એ નાના સરખા ગ્રંથમાં અમૂલ્ય સત્ત્વ છે. તેમાં જીવનને નીરોગી અને નિર્મળ બનાવવા માટે એટલાં જીવંત અને જોરદાર બીજો છે કે તે બીજોને યોગ્ય પુષ્ટિ મળે તો જીવનવૃક્ષ વિશાળ અને ફળદ્રૂપ બન્યા વગર રહે જ નહિ.

આટલા જ ગ્રન્થો આનંદશંકરભાઈનું માહાત્મ્ય પુરવાર કરવા માટે પૂરતા છે. આ ઉપરાંત પણ શ્રી. આનંદશંકરે અનેકવિધ અતિ મૂલ્યવાન લેખો લખી, ભાષણો આપી, ગુજરાતી જનતાને જ્ઞાનનું લહાણુ એવા ઔદાર્યથી આપ્યું છે કે તેવું ઔદાર્ય દાખવનારાનું માહાત્મ્ય સ્વીકાર્યાં વગર રહે જ નહિ.

આ જાતના લખાણનો લગભગ સઘળો ભાગ 'વસંત' માસિકમાં છપાયો છે. જ્યાંસુધી 'વસન્ત'ના અંકોમાં જ તે છપાયેલો પડ્યો હતો ત્યાંસુધી શ્રી. આનંદશંકરની શક્તિ અને તેમની સેવા 'વસન્ત'ના વાચકો જ જાણતા હતા. સંવત્ ૧૯૭૨ માં 'આપણો ધર્મ' એ નામથી કેટલાક લેખો ગ્રંથાકારે સંગૃહીત થયા ત્યારે જ શ્રી. આનંદશંકરની જ્ઞાનસમૃદ્ધિ અને કલ્પનાપૂનિત કાવ્યમુદ્રાંકિત લેખોમાં જ્ઞાનને નિબંધરૂપે ઉતારવાની મહાન કુશળતા ગુજરાતમાં જાણવામાં આવી. તે ગ્રંથમાં કરેલી જ્ઞાનચર્ચા, તેમાં અપાયેલી તત્ત્વજ્ઞાનની માહિતી, તેમાંના કવિત્વભર્યા સાહિત્યગૌરવવાળા નિબંધો અને આપણા ધર્મ માટે આપવામાં આવેલી સરળ અને ઉત્કૃષ્ટ સમજૂતી એ બધાથી તે ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં અપૂર્વ માન અને મહત્તાને પાત્ર બન્યો છે.

હિન્દુ તત્ત્વજ્ઞાનને યુરોપીય વિદ્વાનો સ્વીકારતા જ નથી. તેમના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આજ સુધી હિન્દુ તત્ત્વજ્ઞાનને કશું સ્થાન આપવામાં આવ્યું નથી. આપણે હિન્દીઓ એવા તો પરમતમુગ્ધ છીએ કે આપણી યુનિવર્સિટીઓમાં પણ તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમમાં હિન્દુ તત્ત્વજ્ઞાન માટે આકર્ષણ જ નથી. આ ઉદાસીનતા ટાળવા શ્રી. આનંદશંકરે હિન્દુ તત્ત્વજ્ઞાનનાં મૂળતત્ત્વો સમજાવી, ગુજરાતને અને હિન્દને બતાવી આપ્યું કે હિન્દનું તત્ત્વજ્ઞાન યુરોપીય તત્ત્વજ્ઞાનથી જરાય ઊતરતી કોટિનું નથી. યુરોપીય તત્ત્વજ્ઞાનની ગુજરાતીમાં માહિતી આપનાર શ્રી. આનંદશંકર પહેલા જ છે. સંક્ષેપમાં સાર આપનારા શ્રી. આનંદશંકરના લેખો પ્રાથમિક માહિતી માટે ખૂબ ઉપયોગી છે. 'આપણો ધર્મ' એ તો એવું પુસ્તક છે કે જે ગુજરાતમાં જ નહિ, સકલ હિન્દમાં વર્ષો સુધી માર્ગદર્શક અને તત્ત્વજ્ઞાપક બની રહેશે.

સાહિત્યનાં લખાણોમાં સારાં ગણાતાં લખાણો પણ સર્વકાલ માટે ઉપયોગી ભાગ્યે જ

હોય છે—ઘણાં તો તત્કાલ માટે જ કામનાં હોય છે. પોતાના સમયમાં ખૂબ પ્રિયતા મેળવી હોય, અને સમયના પ્રવાહને અસર કરનારાં નીવડ્યાં હોય તેવાં લખાણ બધાં સનાતન ઉપયોગિતાવાળાં નથી હોતાં. આવાં દશકાજીવી લખાણો ખૂબ ઉચ્ચ કોટિનાં હોય તોપણ સદાકાળ તો ટકી શકતાં નથી. સાહિત્યમાં સદાકાળ જીવંત રહે તેવી અમર કૃતિઓ પ્રમાણમાં જૂજ હોય છે, તેવા લેખકો જૂજ હોય છે, તેવા લેખકો ગણ્યાગાંઠ્યા જ હોય છે. ગુજરાતીમાં અમર ગણીએ, અથવા તો શતકજીવી ગણીએ તેવું સાહિત્ય પ્રમાણમાં થોડું જ છે. નરસિંહ, અખો કે મીરાં, દયારામ કે પ્રીતમ જેવા કોઈ કોઇ લેખકની કોઈ કોઇ કૃતિ અમર સાહિત્ય તરીકે ગણાવી શકાય તેવી છે. પ્રેમાનંદે પુષ્કળ લખાણ કર્યું છે અને તેમાંનું ઘણું લોકપ્રિય પણ ગણાય છે. પરંતુ તેનું સાહિત્ય તત્કાળજીવી જ હતું. આજે કાવ્યાનંદ મેળવવા માટે પ્રેમાનંદને વાંચનારા બહુ થોડા જ હશે. ખાસ આગ્રહ રાખી કેટલાકને જીવંત રાખવા પ્રયત્ન થાય છે, પણ જો ખરું સત્ત્વ ન હોય તો પ્રયત્નોનો ટેકો દૂર થતા લખાણ વિસારે પડે છે. ગુજરાતીમાં જૂના લેખકોમાંથી જેમ થોડા જ અમર કૃતિઓ આપી ગયા છે, તેમ વર્તમાન સમયમાં પણ અમર ગ્રંથોના લખનારા જૂજ જ છે. 'સરસ્વતીચંદ્ર,' 'સાક્ષરજીવન,' 'સિદ્ધાંતસાર' અને નાનાલાલની કેટલીક કાવ્યકૃતિઓથી આપણા અમર સાહિત્યની ગણના અટકી જાય છે. તેવા સમયમાં શ્રી. આનંદશંકરનો 'આપણો ધર્મ' બહુ આવકારલાયક થઇ પડે છે. તે ગ્રંથમાં જે માહિતી છે, તેમાં જે નિબંધો છે, જે સાહિત્યનોંધ છે, તે બધું અમુક સમયે જ નવું લાગે કે ઉપયોગી ગણાય તેવું નથી. સમગ્ર લખાણ સદાકાળ નવું ને નવું જ લાગ્યા કરશે, હમેશાં જ તેની ઉપયોગિતા જણાયા કરશે. આપણા સાહિત્યના અમર ગ્રંથોમાં તેનું સ્થાન સિદ્ધ છે.

તે ગ્રંથના અભ્યાસ માટે શ્રમ લેવો પડે તેવો અને શિષ્યમાનસને તેમાં રસ લેતું કરવા અધ્યાપકને પૂર્વ તૈયારીની જરૂર પડે તેવો છે; સાધારણ અધ્યાપક તો તેવા કઠણ ગ્રંથને શીખવવા હિંમત પણ કરે નહિ. પણ દુર્બોધ્ય અને કઠણ હોવા માટે તેવા ગ્રંથને અભ્યાસક્રમમાં રાખવામાં ન આવે, તો તો અભ્યાસના મૂળ હેતુઓ જ ભુલાય છે એમ કહેવું પડે. નવા અને નહિ સમજાતા વિષયને સારી રીતે સમજાવવો એ અધ્યાપકની ફરજ કહેવાય; વિદ્યાર્થીઓની બુદ્ધિને કસોટીએ ચઢાવે એવા ગ્રંથો:તો અભ્યાસ માટે ખાસ જરૂરના ગણવા જોઇએ. તેને બદલે જો અધ્યાપકો જ આવા ગ્રંથને અભ્યાસક્રમમાં રાખવા આનાકાની બતાવે તો તો ઊંચા સાહિત્યનો લાભ જ મળી ન શકે. શ્રી. આનંદશંકરની કૃતિઓ હાઇસ્કૂલ અને કોલેજના અભ્યાસક્રમમાં લાગલાગટ ચાલુ જ રહેવી જોઈએ એટલું ધ્યાન વિદ્યાપીઠોના નિયામક અને કાર્યકર્તાઓએ રાખવું ઘટે છે.

શ્રી. આનંદશંકરભાઈના બીજા કેટલાક લેખોનો સંગ્રહ પણ થયો છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 'કાવ્યતત્ત્વવિચાર' 'સાહિત્યવિચાર' અને 'દિગ્દર્શન' એ ત્રણ સંગ્રહો છપાવ્યા છે; સદાકાળ ઉપયોગી ગણાય એવા ઘણાખરા લેખો હવે ગ્રંથસ્થ થઈ ગયા એમ કહેવાય. કેટલાક તત્કાલોપયોગી લેખો પણ બહુ મહત્ત્વના છે, પણ તે તો હજી 'વસન્ત'ની ફાઈલોમાં જ રહ્યા છે. 'વસંત'ની

તંત્રીની નોંધોમાં વિવિધ વિષયોનાં મૂળતત્ત્વોનું તલસ્પર્શી અન્વેષણું સૂક્ષ્મતાથી અને તજ્જ્ઞના કૌશલથી કરવામાં આવતું; રાષ્ટ્રિય વિચારોમાં આનંદશંકરના સ્વભાવમાં જ વસી રહેલ સમતોલ- પણું અને દીર્ઘદૃષ્ટિ પ્રચંડ તેજથી પ્રકાશી રહ્યાં છે; સામયિક નોંધોમાં માનવો અને સંતવ્યોની પરીક્ષા અને સમાલોચના કરવામાં શ્રી. આનંદશંકરનું નિષ્પક્ષપાતપણું, બંને પક્ષના ગુણાવગુણોની રહસ્યદૃષ્ટિભરી સમીક્ષા કરવાની ઉત્તમ શકિત, પ્રાપ્ત પ્રસંગો પરથી પર્યેષણાનાં ઊંચાં શિખરો પર વિહાર કરવાની નૈસર્ગિક પ્રતિભા, વગેરે ગુણો એવા તો સુંદર સ્વરૂપે શબ્દમય બન્યા છે કે તે જાતનું લખાણ આપણા સાહિત્યમાં હજી સુધી અદ્વિતીય જ રહ્યું છે. તે બધા લેખોને સંપૂર્ણ રીતે સમજવા માટે બહુ મોટી નોંધો અને ખુલાસાઓની કદાચ જરૂર જણાય. તાત્કાલિક વાતા– વરણમાં જે વિચારો સહેલાઈથી સમજાય, તે વાતાવરણ બદલાતાં દુર્બોધ્ય બને અને વાચકોનો રસ મોળો પડી જાય. આ વસ્તુસ્થિતિ ખરી હોવા છતાં, એમ તો કહેવાનું મન થાય છે કે આનંદ- શંકરભાઈની રસભરી અને ચટકભરી નોંધો ગ્રંથસ્થ થાય તો ઘણું સારું.

આનંદશંકરભાઈનાં પુસ્તકો અને લખાણોની સાથે તેમની ભાષા, તેમનો સ્વભાવ, તેમનું સમગ્ર જીવન બહુ સરસ સુમેળ સાધી રહેલ છે અને તેથી લેખક અને ચિંતક તરીકેનું તેમનું માહાત્મ્ય કાંઈક અનેરા ઓજસથી પ્રકાશી રહે છે.

તેમની ભાષા કાંઈક અઘરી, એટલે કે સાદી ગુજરાતી ભાષા જ જાણવાવાળાને પરિચિત ન હોય એવા શબ્દોવાળી, પણ સીધી, અને અર્થની સ્પષ્ટ વ્યક્તિ માટે મહાન શક્તિ ધરાવનારી છે. સંસ્કૃતપ્રચુર લાગે ખરી, પણ એક વાર સમજાયા પછી તો એમ જ લાગે કે શબ્દોનો પ્રયોગ યથાયોગ્ય જ નહિ, પણ અનિવાર્ય જ છે. એક શબ્દમાં એટલો બધો મર્મ ભર્યો હોય છે કે તેને બદલે બીજા અનેક શબ્દોથી પણ અર્થનિષ્પત્તિ શિથિલ જ રહે. ગોવર્ધનરામ, નરસિંહરાવ અને બીજા લેખકો ભાષાને સંસ્કારપૂનિત અને અર્થવાહક બનાવવા માટે સંસ્કૃત શબ્દોનો ઉપયોગ કરે છે, તેનાથી આનંદશંકરભાઇએ કદાચ સંસ્કૃત શબ્દો વધારે વાપર્યા હશે—ખાસ કરી નોંધોમાં સંક્ષિપ્તતા અને સામર્થ્ય લાવવા તેવા શબ્દો વધારે વપરાયા છે; છતાં આનંદશંકરભાઈનાં લખાણ વાંચતાં, તે લખાણ સંસ્કૃતમય હોય એવું લાગતું નથી. સંસ્કૃત શબ્દો ગુજરાતી તળપદા શબ્દો જેટલા જ જરૂરના અને યથાસ્થાને હોય છે, અને તેથી ભાષાનું સ્વરૂપ એવું બંધાઇ ગયું છે કે ગુજરાતી ભાષાના ઘડનારાઓમાં આનંદશંકરભાઇને બહુ ઊંચું સ્થાન અપાશે; તે સ્થાન સારી પેઠે ઊંચું હશે એટલું નહિ, પણ કદાચ ગોવર્ધનરામ અને ગાંધીજીના જેવા પ્રથમ પંક્તિના આપણા સાક્ષરોની સાથે ગણવામાં આવશે. ‘સરસ્વતીચંદ્ર’ની, ‘સાક્ષરજીવન’ની, ‘કાદમ્બરી’ની, ‘સિદ્ધાંતસાર’ની, નાનાલાલનાં કાવ્યોની, અને નરસિંહરાવ તથા ગાંધીજીના લેખની ભાષા સાથે આનંદશંકરની ભાષા સરખાવી તે બધાં લખાણોના મુકાબલાની અને સમગ્ર અસરની દૃષ્ટિથી અભ્યાસ કરનારને આનંદશંકરભાઈની ભાષાનું વ્યક્તિત્વ એકદમ ધ્યાનમાં આવશે. આનંદશંકરમાં ગોવર્ધનરામ જેવી કવિત્વભરી બાણ-શૈલી નથી, નાનાલાલ તથા ‘ કાદમ્બરી ’ જેવું શબ્દબાહુલ્ય અને સંસ્કૃતપ્રાચુર્ય નથી, નરસિંહરાવ જેવી ઝીણવટભરી પંડિતાઈ કે ગુણદોષદર્શનમાં તન્મયતાજન્ય તીક્ષ્ણતા નથી, ગાંધીજી જેવી

ગંગાપ્રવાહની શીતળતા અને નિર્મળતા નથી, છતાં શ્રી. આનંદશંકરની ભાષામાં કવિત્વ છે, કલ્પના છે, પંડિતાઈ છે, તીક્ષ્ણતા વગરની તીવ્રતા છે, પ્રતિભા છે, પ્રસાદ છે, પ્રકાશ છે.

આનંદશંકરભાઈનો સ્વભાવ પણ તેમના જીવનમાહાત્મ્યને અનુરૂપ જ હતો. રાગદ્વેષના ઉગ્રતાભયી ઉમળકાથી તેઓ ભાગ્યે જ સંક્ષુબ્ધ થયા હશે. મૌન, ગાંભીર્ય, સાલસપણું અને શાંતિ એ તેમના સ્વભાવના કાયમના જ ગુણો છે એમ બહારના જણને ખાતરી થાય એવો તેમનો એકમાર્ગી, લક્ષ્યસાધક અને નિતાન્તપ્રસન્ન સ્વભાવ હતો. સ્વભાવમાં કોઇ પણ જાતની ઉગ્રતા પેસવા દીધી જ નહોતી એટલું જ નહિં, પણ મતાગ્રહને પણ તેમના સ્વભાવમાં સ્થાન નહોતું. પરસ્પરવિરુદ્ધ મતોમાં પોતાને સારું લાગે તે સ્વીકારનારા અને સમજાવનારા હતા, અને તેથી મધ્યમાર્ગી તરીકે તેમની ગણના થતી હતી. છતાં, પોતે કરેલા અમુક નિશ્ચયોને દૃઢતાથી વળગી રહેનારા હતા. તેવા નિશ્ચયોમાંથી વિચલનનો પ્રસંગ આવે, તો યુધિષ્ઠિરના જેવી नरो वा कुंजरो वा વાળી નીતિનો આશ્રય લેતા. આવું હોવાથી મનોબળ, મતબળ અને નિશ્ચયબળમાં તેઓ જોઈએ તેટલા મહાન નહોતા એવો એક અભિપ્રાય બંધાયો હતો. પરંતુ સમાજમાં અમુક ઉત્કૃષ્ટ સ્થાન પામેલા મહાપુરુષો, પોતાના નિશ્ચયને વળગી રહેવામાં કોઈ વાર શિથિલતા બતાવે, તો તે શિથિલતા બાહ્યાચાર પૂરતી જ હોય છે. સંજોગોની સામે થવાની જરૂર ન લાગે, કે સ્વભાવગત નિર્બળતાને ખંખેરવા જેવી હિંમત ન હોય, તેથી કોઈ વાર આચરણમાં અણઘટતી નરમાશ આવી જાય છે. અલબત્ત, તેવા શિથિલ આચરણનાં ફળ તો ભોગવવાં જ પડે છે. યુધિષ્ઠિરનો રથ પૃથ્વીથી અધ્ધર રહેતો તે અશ્વત્થામાપ્રસંગ પછી પૃથ્વીને અડતો થયો એમ કહેવાય છે. આવાં ફળ એક કે બીજે રૂપે ભોગવ્યા વિના છૂટકો નથી. પણ તેથી ચારિત્ર્યના માહાત્મ્યને કાયમનું કલંક લાગી શકતું જ નથી. આનંદશંકરભાઇના સ્વભાવની સમતોલવૃત્તિ, તેમના સ્વભાવની નિર્મળ પ્રસન્નતા, તેમના સ્વભાવનું સાલસપણું, અને સ્વભાવની એકંદર ઉચ્ચતા તેમના માહાત્મ્યને વધારે શોભાવે છે એ નિર્વિવાદ છે.

શ્રી. આનંદશંકર જીવનની શરૂઆતથી જ મહાન હતા. સંસ્કારી અને સંપત્તિવાન ઘરમાં જન્મ, શૈશવ અને કૌમાર્ય સારામાં સારી રીતે ગાળવાની સરળતા, બુદ્ધિબળથી યશસ્વી નીવડેલું યૌવન, ઊંચી લાયકાતને લીધે અધ્યાપકની માનવંત પદવી, અને છેવટે કાર્યદક્ષતાની કસોટી કરે તેવી કુલપતિ તરીકેની સેવાઃ આમ આખું જ જીવન ભાગ્યશાળી અને મહત્તાપૂર્ણ સ્થિતિમાં ગાળી, અનેક પ્રકારની જાહેર સેવાઓ બજાવી, ગુજરાતના મહાન નરોમાં અગ્રગણ્ય બની, ઠીક પુખ્ત ઉમ્મર ભોગવી બ્રહ્મત્વમાં લીન થવાનું વિરલ સદ્‌ભાગ્ય આનંદશંકરભાઇને મળેલું હતું. તેમને જીવનમાં દુઃખનો કે પ્રતિકૂળતાનો અનુભવ જ નહોતો થયો એમ તો નહોતું. સહધર્મચારિણીનો સહવાસ લાંબો વખત ભોગવી શક્યા નહોતા. જીવનના પાછલા ભાગમાં એકલવાયાપણાનો કપરો અનુભવ મળેલો હતો; છતાં જ્ઞાનદૃષ્ટિથી દિલાસો મેળવી, જીવનની પ્રવૃત્તિઓને અનેક દિશામાં વહેતી કરી, પોતાના સમયનો અને પોતાની શક્તિનો લાભ ગુજરાતને અને અમુક અંશે હિન્દને પણ પૂરેપૂરો આપવામાં તેમણે જીવનને સફળ રીતે હોમી દીધું હતું. સત્પ્રવૃત્તિઓમાં અનવરત લગની, સ્વચ્છ

અને સુતીવ્ર બુદ્ધિ, તીક્ષ્ણ વ્યવહારદૃષ્ટિ અને નિતાન્તપ્રસન્ન શાંતિઃ આવા ગુણો આનંદશંકરભાઇના માહાત્મ્યને સિદ્ધ કરે છે.

આનંદશંકરભાઈની સાહિત્યસેવા અને દેશસેવા બીજા સમકાલીન સેવકોના જેવી ચમકારા મારતી કે ગર્જના ગજવતી નહોતી. તેમના સમયના બીજા લેખકો અને કાર્યકરોમાંના કોઈ લોકપ્રિયતામાં બહુ આગળ પડતા હશે; જુવાનવર્ગને રંગ ચઢાવવામાં વધારે સફળ થયા હશે; તાત્કાલિક પરાક્રમોના યશ મેળવવામાં વધારે પ્રતિષ્ઠિત ગણાયા હશે. પરંતુ શ્રી. આનંદશંકરની સનાતન અને વ્યાપક સેવાઓની સરખામણીમાં કાર્યકરો અને સેવકોની કીર્તિ માત્ર ક્ષણિક અને ક્ષુલ્લક જ નીવડશે. સાહિત્યપ્રવૃત્તિથી અને જીવનપ્રણાલીથી, સામાજિક સ્થિતિની ઉચ્ચતાનો, તત્ત્વચિંતનની શ્રેષ્ઠતાનો, આર્ય આર્ષદૃષ્ટિનો અને આર્ય સંસારશુદ્ધિનો જે પરિચય શ્રી. આનંદશંકરની સેવાદ્વારા મળ્યો છે, તે એકલા ગુજરાતને જ નહિ, પણ આખા આર્યખંડને માન અને અભિમાન અપાવનારો છે. આનંદશંકરભાઈનાં પુસ્તકોમાંનો જ્ઞાનપ્રવાહ સદાસર્વદા અસ્ખલિત અને અપ્રતિબદ્ધ વહેતો રહેશે; સંગીન અભ્યાસ અને સંગીન ચિંતનથી તે પુસ્તકોદ્વારા જે તેજ પ્રસરી રહ્યું છે તે યાવચ્ચંદ્રદિવાકરૌ સ્થિર પ્રકાશથી ઝળહળ્યા કરશે; આવા આપણા શ્રી. આનંદશંકરનું માહાત્મ્ય ગુજરાતમાં જેમ જેમ વધારે સમજાતું જશે તેમ તેમ ગુજરાતીઓના ભવિષ્યની સુધારણા વધારે સરળ બનતી જશે, ગુજરાતીઓનું ભાગ્ય વધારે સરળતાથી ઊઘડતું જશે.

ધ્રુવસાહેબનાં સંસ્મરણો

શ્રી. રતિલાલ મોહનલાલ ત્રિવેદી

આચાર્યશ્રી આનન્દશંકરભાઈનું મારું સહુથી પહેલું સ્મરણ આજથી પાંત્રીસ–છત્રીસ વર્ષ ઉપરનું છે. ધ્રાંગધ્રામાં હું અંગ્રેજી પાંચમા ધોરણમાં ભણતો હતો તે વારે મારા બાળસ્નેહી ભાઈશ્રી શ્રીપતરાવ બળવંતરાવ જુન્નરકરે એમના મોટાભાઈ શ્રીયુત પરશુરામભાઈ પાસેથી સાંભળેલી ધ્રુવસાહેબની સ્તુતિ અમને સહાધ્યાયી મિત્રોને એકવાર કહી સંભળાવી. શ્રીયુત પરશુરામ જુન્નરકર ધ્રુવસાહેબના તે સમયના એક બુદ્ધિમાન વિદ્યાર્થી હતા અને ગૂજરાત કૉલેજમાંથી બીજા વર્ગમાં બી. એ. થઇ એલએલ. બી.ની પરીક્ષા પસાર કરી ધ્રાંગધ્રામાં સરન્યાયાધીશના પદ ઉપર નિમાયા હતા. મારા મિત્ર ભાઈ શ્રીપતરાવે કહેલી પ્રશંસામાં ધ્રુવસાહેબની વિદ્વત્તા, સંસ્કારિતા, ઉત્તમ અધ્યાપન અને દામ્પત્યસ્નેહ ઉભરાતાં હતાં. સ્તુતિકાર ભાઈ શ્રીપતરાવની વાત કહેવાની શૈલી (હાલ એઓ કરાંચીમાં એન્જીનિયરિંગ કૉલેજના પ્રિન્સિપાલ છે) એટલી સુકુમાર વયે પણ એવી હૃદયંગમ હતી અને શબ્દો એટલા શ્રુતિમનોહર હતા કે આજ આટલાં વર્ષે પણ ધ્રુવસાહેબ પ્રત્યે મારી ભક્તિનું બીજ બની રહેલો એ પ્રસંગ મને તેજ કાલ અને તેજ સ્થાન સાથે એવો ને એવો તાજો યાદ આવે છે. પરશુરામભાઈનાં સાંભળેલાં વચનો મારા અન્તરના ઊંડાણમાં કોતરાઈ ગયાં અને એ મહાન શિક્ષાગુરુ પાસે શીખવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરવાની ભાવના કાંઈક અસ્પષ્ટ રૂપે તે વયે મારામાં જાગ્રત થઈ.

એક બીજો પ્રસંગ અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હું હતો ત્યારે બન્યો. ધ્રાંગધ્રાની સર અજિતસિંહજી હાઈસ્કૂલના છઠ્ઠા ધોરણના અમે કેટલાક વિદ્યાર્થીઓએ કાંઈક દેશપ્રેમને અધીન થઈ ને અને કાંઈક સુવાચન વધારવાના હેતુથી ૧૯૧૦–૧૧ ની સાલમાં ‘ભારતપુત્રોદય’ નામનું એક નાનું પુસ્તકાલય સ્થાપ્યું અને છ માસનું ત્રણ આના પોસ્ટેજ ભરી ‘વસન્ત’ પત્રના ગ્રાહક બન્યા ! ધ્રુવસાહેબ પ્રત્યે સ્થાપિત થયેલાં માન અને પ્રેમને લીધે અંગ્રેજી પાંચમા ધોરણમાંથી જ મેં ‘વસન્ત’ પત્રનું નિયમિત વાચન રાજ્યના પુસ્તકાલયમાં કરવા માંડ્યું હતું અને એમાંનાં કેટલાંક કાવ્યો અને લેખો થોડાક સહૃદય મિત્રો પાસે વાંચવાનો પણ આરંભ કર્યો હતો. ધ્રુવસાહેબના લેખો સમજાય કે ન સમજાય પણ વંચાતા અને ‘વસન્ત’માંનાં કાવ્યો જાણે કંઠે કરવાનું પણ લીધું હોય તેમ પ્રત્યેક અંકમાં પ્રસિદ્ધ થતાં કાવ્યોની પંક્તિઓ મુખે ચઢી જતી. કવિ ખબરદારની ‘ગંભીર સાગર ઊછળતો ધ્રૂજવે ધરા ગર્જન કરી, ને ઘોષ તેનો ગગનમાં ઘુમાવતો ખૂબ ધૂન ભરી’ વગેરે પંક્તિઓથી શરૂ થતું કાવ્ય કોણ જાણે અર્થથી પણ અધિક વિનાશ્રમે મને યાદ રહ્યું હતું અને ધ્રાંગધ્રાના નવા તળાવમાં ચોમાસામાં ભરતી આવે ત્યારે સમુદ્રની કલ્પના કરી મિત્રો સમક્ષ કોઈ કોઈ વાર ગવાતું પણ ખરું.

અમારા વિદ્યાર્થીઓના લઘુ પુસ્તકાલયને માન આપીને ધ્રુવસાહેબે ‘વસન્ત’ લવાજમ વિના મોકલ્યું એટલું જ નહિ પરંતુ અમે છ માસનું પોસ્ટેજ ભર્યું હતું તોપણ નવ માસ પર્યંત ‘વસન્ત’ મોકલવાનું એમણે ચાલુ રાખ્યું. આ પ્રસંગથી ધ્રુવસાહેબ પ્રતિ મારાં માન અને પ્રેમ દ્વિગુણિત બન્યાં.

મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી ગૂજરાત કૉલેજમાં અભ્યાસ કરવા જતાં માર્ગમાં વઢવાણ કેમ્પના સ્ટેશન ઉપર મારા પિતાશ્રી દ્વારા મને સ્વર્ગસ્થ શિવલાલ પાનાચંદ શાહ આઇ. સી. એસ.ની ઓળખાણ થઈ. શ્રીયુત શિવલાલ શાહ અને શ્રીયુત વાલજી દેસાઈ અમારા અભ્યાસકાળમાં વિદ્યાર્થીઓના પરમ આદર્શ હતા. એ તેજસ્વી તારાઓને નેત્ર સમક્ષ ઝગઝગતા રાખી અમે વિદ્યાર્થીઓ આગળ વધતા હતા. શ્રીયુત શિવલાલે મને કહ્યું, “ગૂજરાત કૉલેજમાં જાઓ છો તે બહુ સારું કરો છો. ત્યાં ધ્રુવસાહેબ છે. એમનો પૂરેપૂરો લાભ લેજો. એમના જેવા ગુરુ મળવા દુર્લભ છે. એઓ અઘરામાં અઘરા વિચારોને સુન્દર અને સમતોલ વાણીમાં ઉતારી શકે છે. ધ્રુવસાહેબ કોઈક વાર જ્યારે બોલતાં અટકે ત્યારે એમ ન માનવું કે એમને શબ્દ જડતો નથી, પરંતુ સંપૂર્ણ રીતે યોગ્ય શબ્દ યોજવા માટે જ પોતે જાણી જોઈને અટકે છે, અને તમને અવશ્ય જણાશે કે એમ સહેજ અટકીને શોધી કાઢેલા શબ્દ કરતાં ભાગ્યે જ વધારે સારો શબ્દ કોઈને જડી શકે.”

શિવલાલના આ સંકીર્તનને અન્તરના ઊંડાણમાં રાખી હું ગૂજરાત કૉલેજમાં દાખલ થયો.

* * *

કૉલેજના પ્રવેશદ્વાર પાસે નિસરણી પાછળના મધ્યખંડમાં ‘પ્રિવિયસ’ ક્લાસ તે વખતે બેસતો. પહેલો સમય સંસ્કૃતનો હતો. પહેલે દિવસે આશરે અઢીસો વિદ્યાર્થીઓ બેઠા હતા. સવા અગિયારનો ઘંટ વાગતાં જ ધ્રુવસાહેબે ધીર ગમ્ભીર ગતિએ વર્ગમાં પ્રવેશ કર્યો અને વિદ્યાર્થિગણ વિદ્યુતની પેઠે એ ગુરુવર્યને આદર આપવા ઊભો થયો. પુસ્તક ધારણ કરેલો હાથ વારંવાર ઊંચો કરી પ્રણામ સ્વીકારતા ધ્રુવસાહેબ પ્લેટફોર્મ ઉપર ચઢ્યા, ટેબલ આગળ પડેલી ખુરશીમાં પરમ સ્વસ્થતાથી બેઠા અને વિદ્યાર્થિવૃન્દ ઉપર મન્દ મન્દ સ્મિત ફેલાવતાં એક સર્વસંગ્રાહક દૃષ્ટિ એમણે નાંખી. એ મંગલ વ્યાપક દૃષ્ટિ નાંખતાં સાથે જ ‘Gentlemen, I congratulate you on your passing the Matriculation Examination’ એમ સર્વને અભિનન્દન આપી વર્ગનું કાર્ય શરૂ કર્યું. કાલિદાસનું ‘વિક્રમોર્વશીયમ્’ અને અશ્વઘોષનું ‘બુદ્ધચરિતમ્’ એ વર્ષે સંસ્કૃતમાં અમારે શીખવાનાં હતાં. કાલિદાસનો પરિચય આપતા પહેલાં ધ્રુવસાહેબે અમને નવા આવનાર વિદ્યાર્થીઓને કહ્યું, “સદ્‌ગૃહસ્થો ! તમે ‘પંચતન્ત્ર’માંની પ્રાણીઓની વાર્તાઓ શીખીને અહિયાં આવો છો. પરંતુ હવે તમારે આપણા દેશના મહાકવિ કાલિદાસનું મનોહર નાટક શીખવાનું છે. પ્રાણિજીવન કરતાં મનુષ્યજીવન કેવું ચઢિયાતું છે અને મનુષ્યજીવનની સુન્દરતા અને મધુરતા કેવી રમણીય છે એ જ્ઞાન કાલિદાસનાં નાટકોમાંથી—તમારા ‘विक्रमोर्वशीयम्’ નાટકમાંથી—તમને મળશે.” આમ કહી કાલિદાસનો પરિચય આપવો એમણે શરૂ કર્યો અને સાથે સાથે

અમારી નવા આગન્તુકોની કસોટી પણ આરંભી. ‘ अस्ति कश्चिद् वाग्विशेषः ’ એ સામાન્ય ઉક્તિ ટાંકી અમારામાંથી કોને કોને अस्ति, कश्चित्, અને વાગ્‌થી શરૂ થતા કાલિદાસના શ્લોકો યાદ છે એમ પોતે પ્રશ્નો પૂછવા માંડ્યા. અમારામાંથી કોઈ કોઈ વિદ્યાર્થીઓએ ‘ કુમારસંભવ ’, ‘ મેઘદૂત ’ અને ‘ રઘુવંશ ’ના પ્રથમ શ્લોકો અણિશુદ્ધ લલકાર્યા અને ધ્રુવસાહેબના ભવ્ય વદન ઉપર સુન્દર સ્મિત દેખાયું !

‘ विक्रमोर्वशीयम् ’ નાટકના પહેલા શ્લોકનો આરંભ કરતાં ‘ वेदान्तेषु यमाहुरेकपुरुषं व्याप्य स्थितं रोदसी ’ ઇત્યાદિ પંક્તિઓ શાન્ત સ્વસ્થ અને સમતોલ વાણીમાં ધ્રુવસાહેબે ઉચ્ચારી અને કાલિદાસ —કાલિનો દાસ—નામધારી કવિ, ‘ निःश्रेयस ’ માટે—પરમ કલ્યાણ—માટે એક અને અદ્વિતીય એવા મંગલકારી શિવની સ્તુતિ કેમ કરે છે એ પ્રશ્ન ઉપસ્થિત કરી અમારામાં કુતૂહલ જગાડી, અમને પોતે સૂચક વાણીમાં સમજૂતી આપી. આ ઉપરાંત ‘ नाटक ’ શું, ‘ त्रोटक ’ શું, ઇત્યાદિની સમજણ પણ ‘ સાહિત્યદર્પણ ’નું સ્મરણ કરી અમને પચી શકે તેટલા પ્રમાણમાં એ જ સમયમાં આપી.

અધ્યાપક તરીકે ધ્રુવસાહેબની ઉત્તમતામાં એમના અનેક વિષયોના ઊંડા અને વિશાળ અભ્યાસ ઉપરાંત એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ પણ એક પ્રધાન કારણ હતું. આ વ્યક્તિત્વ પુષ્પની ચોપાસ સુવાસ ફેલાય તેમ સ્વાભાવિક રીતે વિસ્તરતું હતું અને જિજ્ઞાસુઓને મધુર સૌરભથી ચિત્તની પ્રસન્નતા અને સૌમ્યત્વ આપતું હતું. કોઈ પણ શબ્દનો, વાક્યનો કે વિષયનો રહસ્યાર્થ કે એનું સ્પષ્ટીકરણ ધ્રુવસાહેબ પ્રકટ કરતા હોય તે વારે એમની તેજસ્વી મુખાકૃતિ, એમનાં તત્ત્વભેદી નેત્રોની ચમક, એમનો આત્મવિશ્વાસથી ઉભરાતો અભિનય, અંગ્રેજી ભાષા ઉપર એમની સંપૂર્ણ પ્રભુતા, એમની વિશુદ્ધ વાગ્ધારા, એમનું અભિનવ અર્થદર્શન ઇત્યાદિ એમના વ્યક્તિત્વના ખાસ અંશો શ્રોતાઓને બુદ્ધિનો નિશ્ચય કરાવવામાં બહુ ઉપકારક થતા. ધ્રુવસાહેબના વ્યક્તિત્વમાં પ્રદીપ્ત સૂર્યનો જાજ્વલ્યમાન પ્રકાશ અને શીતલ ચન્દ્રનું મધુર તેજ—ઉભય—નો વિરલ સમન્વય થયો હતો. સત્ય અને પ્રેમ-- Truth and Love—ને જીવનમાં સમન્વિત કરનાર ધ્રુવસાહેબ અપ્રતિમ હતા.

ધ્રુવસાહેબનું અર્થદર્શન કેટલું મૌલિક અને ઊંડું હતું એનાં અનેક સ્મરણો ઉતારી શકાય તેમ છે. ‘ વિક્રમોર્વશીયમ્ ’ નાટકમાં ‘ ऊरूद्भवा नरसखस्य मुनेः सुरस्त्री ’ એ ઉક્તિ પોતે સમજાવતા હોય કે ‘ મેઘદૂત ’માંના ‘ गोपवेषस्य विष्णोः ’એ વચન ઉપર પ્રકાશ નાંખતા હોય, પરંતુ એમનો વસ્તુમાત્રમાં અન્તઃપ્રવેશ કેટલો મર્મગામી હતો એ સંભારતાં એ સદ્‌ગુરુના ચરણ સમીપ વારંવાર મસ્તક નમે છે. ઉર્વશી એ સૌન્દર્યની ભાવના હતી અને એ સાક્ષાત્ નારાયણના ઊરુસ્થલમાંથી જન્મી હતી એમ કહીને ધ્રુવસાહેબે ‘ નર ’ અને ‘ નરસખા ’ નારાયણ એ બંને શબ્દોના અર્થો અમને પ્રિવિયસના વર્ગના વિદ્યાર્થીઓને સમજાવ્યા. જે ગન્તવ્યસ્થાને લઈ જાય તે નર અને નરોનો સમૂહ તે નાર, અને એ સમૂહનું અયન નામ ગન્તવ્યસ્થાન તે નારાયણ—પરમાત્મા. આમ બંને શબ્દોનું અર્થસ્ફોટન કરી સુન્દરતાની ભાવના પરમાત્મામાંથી પ્રકટ થઈ છે, એ પરમાત્માની લીલા છે અને આ જગતમાં સ્ત્રીરૂપે વિલસે છે, ઇત્યાદિ સૂચક વચનો

કહ્યાં. પરંતુ ધ્રુવસાહેબમાં આદર્શ અધ્યાપકના અસંખ્ય ગુણો હતા. કૉલેજના પ્રથમ વર્ગના વિદ્યાર્થીઓને એઓ પરમ સંયમપૂર્વક અમુક હકીકત જ કહેતા, પરંતુ ઉપલા વર્ગના વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર અધિક કહેતા.

બી. એ.ના વિદ્યાર્થીઓને ' गोपवेषस्य विष्णोः ' એ ' મેઘદૂત ' ના શ્લોકનું ચરણ સમજાવતાં ગ્રિવિયસના વર્ગમાં નર અને નારાયણના—અર્જુન અને કૃષ્ણના—સંબંધનો ઇતિહાસ જે અનુક્ત—' અણકહેલ ' રાખ્યો હતો, તે છેક ઋગ્વેદસંહિતાથી માંડી મહાભારત સુધી પોતે વિસ્તારથી કહી સંભળવ્યો. ' ગોપવિષ્ણુ 'નું ઋગ્વેદના વિષ્ણુસૂક્તમાં જે વર્ણન કર્યું છે તે સર્વવ્યાપક પરમાત્મા વિષ્ણુનું વર્ણન છે. એ વર્ણન કરતાં ઋષિ કહે છે :

' त्रीणी पदा विचक्रमे विष्णुर्गोपा अदाभ्यः ।
अतो धर्माणि धारयन् इन्द्रस्य युज्यः सखा ॥ '

વિષ્ણુ ' અદાભ્ય ગોપ ' અર્થાત્ કોઈથી દબાય નહિ તેવો ગોપ છે, ધર્મનો ધારક છે અને ઇન્દ્રનો સખા છે. વળી આ ' ગોપવિષ્ણુ ' સાથે મોટાં શીંગડાંવાળી ગાયો—ઇન્દ્રિયો—પણ જોડવામાં આવી છે.—

' यत्र गावो भूरिशृंगा अयासः '

' ગોપવિષ્ણુ 'નું આ વર્ણન પુરાણના ' ગોપકૃષ્ણ 'ના વર્ણન સાથે મળે છે. વળી, વિષ્ણુને એના આધિભૌતિક સ્વરૂપમાં આકાશના સૂર્યરૂપે વેદના ઋષિઓએ જણાવ્યો છે. આકાશ નીલ છે, એટલે કૃષ્ણ પણ શરીરે શ્યામસુન્દર (नीलवपुः) છે. સૂર્યનાં કિરણો ચારે દિશાઓમાં ફેલાય છે અને પીત છે, એટલે કૃષ્ણ પણ ' चतुर्भुज ' અને ' पीताम्बर ' અર્થાત્ ચાર ભુજાઓવાળા પીતામ્બર ધારણ કરનાર છે.

નારાયણ એ નરનો સખા છે—કૃષ્ણ એ અર્જુનનો સખા છે—એ પ્રતિપાદન કરવા માટે ઋગ્વેદનાં સૂક્તોમાં વિષ્ણુ અને ઇન્દ્રનો સખાભાવ ((इन्द्रस्य युज्यः सखा) અર્થાત્ વિષ્ણુરૂપી પરમાત્મા અને જીવરૂપી ઇન્દ્રનું સખ્ય, ઉપનિષદમાં ' द्वा सुपर्णा सयुजा सखाया ' આદિ વેદાન્તની વાણીમાં જીવાત્મા અને પરમાત્માનો સુપ્રસિદ્ધ થયેલો ' સખાભાવ ', અને આગળ ચાલતાં મહાભારતમાં ' नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ' એ મંગલાચરણમાં નિર્દિષ્ટ થયેલો ' નર ' અને ' નારાયણ 'નો એ જ સખાભાવ ઊતરેલો છે. મહાભારતમાંની શ્રીકૃષ્ણ અને અર્જુનની કથામાં પણ પરમાત્મા અને જીવાત્માના અનુસંધાનની ઋગ્વેદમાંથી ઊતરી આવેલી એ જ સખાભાવની કથા છે, એમ બી. એ.ના વિદ્યાર્થીઓને તાત્પર્ય સમજાવ્યું.

ધ્રુવસાહેબની રસિકતા સર્વથા સંયમની મર્યાદામાં મૂર્તિમન્ત થતી. કાલિદાસ જેમ ધ્વનિ અને સંક્ષેપ—suggestion and brevity—નો મહાન સ્વામી છે, તેમ ધ્રુવસાહેબનું પણ આ બંને ગુણો ઉપર સંપૂર્ણ સ્વામિત્વ હતું. રાજા પુરૂરવાનું ચિત્રલેખાના સંગાથમાં મન્દ સુમન્દ ડગલે પાસે આવતી શરમાળ ઉર્વશીનું મનોહર કલ્પનાદર્શન ધ્રુવસાહેબના ' आनीयेत पदात्पदं चतुरया

सख्या ममोपान्तिकम् 'ના કુશલ ઉચ્ચારણ માત્રથી અમારાં નેત્ર સમક્ષ ખડું થઈ શકતું અને એ સમર્થ વિદ્યાગુરુનાં એકએ વાક્યો દ્વારા જ એ રમ્ય દર્શન અંતરમાં કોતરાઈ જતું.

ધ્રુવસાહેબની રસવૃત્તિ ઉન્નત અને વિશુદ્ધ પ્રકારની હતી એનાં અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે. કાલિદાસ જેવામાં અપુષ્ટાર્થ–વિશેષણનો દોષ હોય કે પુનરુક્તિદોષ હોય અથવા ક્યાંક વિસ્મરણદોષ હોય તે ધ્રુવસાહેબની નજરબહાર રહી શકતા નહિ. દોષદર્શન કરે ત્યારે પણ ધ્રુવસાહેબનો નિસર્ગરમણીય વિનય આગળ તરી આવ્યા વિના રહે નહિ. 'વિક્રમોર્વશીયમ્' નાટકના પાંચમા અંકમાં બેત્રણ સ્થળે ધ્રુવસાહેબે અમને કાલિદાસના દોષો દેખાડ્યા. નીચે ઉતારેલો શ્લોક પોતે પ્રથમ વાંચ્યોઃ—

हृतोष्ठरागैर्नयनोदबिन्दुभिर्निमग्ननाभेर्निपतद्भिरंकितम् ।

આ પંક્તિમાં '**निमग्ननाभेः**'—જેની નાભિ ઊંડી છે તેની—એમાં '**निमग्न**' વિશેષણ અનાવશ્યક છે એમ દોષ દર્શાવતા ધ્રુવસાહેબે નીચે પ્રમાણે કહેલા શબ્દો યાદ આવે છેઃ—

'Gentlemen, it is ungenerous on the part of a critic to find fault in such a beautiful verse of Kalidas. But a critic is after all a critic . The adjeitive 'निमग्न' is superfluous and does not at all add to the meaning.' આગળ ચાલતાં 'रथाङ्गनामन् रथाङ्गश्रोणि,' ઇત્યાદિમાં ધ્રુવસાહેબે ટીકા કરી કે 'The repetition is made generally for the sake of alliteration.' અર્થાત્ પ્રાસને માટે કવિએ પુનરુકિત કરી છે. વળી 'गुरुशापसंमूढहृदया'—ગુરુના શાપથી સંમૂઢ બનેલા હૃદયવાળી ઉર્વશી એ વિશેષણ પાછળથી કાલિદાસ સરતચૂકથી ભૂલી જાય છે,' ઇત્યાદિ વચનો સંયમપૂર્વક કહેતા.

ડૉ. રામકૃષ્ણ ભાંડારકર વિશે ધ્રુવસાહેબને સંપૂર્ણ માન હતું. હિન્દુસ્તાનના સર્વ વિદ્વાનોને એક પલ્લામાં મૂકીએ અને ડૉ. ભાંડારકરને બીજા પલ્લામાં મૂકીએ, તો ડૉ. ભાંડારકરવાળું પલ્લું નમે એમ પોતે અમને કહેતા. તથાપિ જ્યાં જ્યાં એમની સાથે પણ પોતાનો મતભેદ સ્પષ્ટ હોય, ત્યાં ત્યાં પોતે પરમ વિનય અને સંયમપૂર્વક પરંતુ પૂર્ણ સામર્થ્યથી પોતાનું મંતવ્ય પ્રકટ કરતા. એવો એક પ્રસંગ અત્રે નોંધું છું. ભાગવતની સમીક્ષા કરતાં 'ભકિતધર્મનો આરંભ ગૌતમ બુદ્ધના સમયની લગભગમાં થયો છે' એ ડૉ. ભાંડારકરની માન્યતા મને યોગ્ય જણાતી નથી' એમ પોતે સ્પષ્ટતાથી કહ્યું હતું. ધ્રુવસાહેબના અભિપ્રાય પ્રમાણે "ભક્તિ એ હૃદયની ઊર્મિ છે. અને ધર્મ એ મનુષ્યના સમગ્ર આત્માનો અર્થાત્ બુદ્ધિ, હૃદય અને કૃતિ ત્રણેનો વ્યાપાર છે. એટલે કોઈ પણ ધમ કોઈ પણ કાળે ભક્તિરહિત હોય એ સંભવતું નથી. ઋગ્વેદસંહિતામાં દેવોની સ્તુતિ એ ભક્તિ જ છે. અલબત્ત, ભક્તિ જે ઋગ્વેદસંહિતાથી ચાલતી આવતી હતી તેની વ્યવસ્થા નારદ, શાંડિલ્ય આદિ મુનિઓએ કરી."

પરંતુ જ્યાં જ્યાં નીતિ અને સંયમની શિથિલતા જણાય ત્યાં ત્યાં નિઃસંકોચપણે અને પરમ દૃઢતાથી ધ્રુવસાહેબ ટીકા કરતા. અશ્વઘોષના 'બુદ્ધચરિત'માં સિદ્ધાર્થનું દર્શન કરવા બારીઓમાં

ખીચોખીચ ઊભેલી નગરનારીઓનું વર્ણન ઓગણીસ શ્લોકમાં કવિ કરે છે અને એ વર્ણનમાં સ્ત્રીઓનાં વદન ઉપર કવિ વધારેપડતી દૃષ્ટિ ઠરાવે છે એટલે જ્યારે છેલ્લો શ્લોક

‘ मुखानि रेजुः प्रमदोत्तमानां बद्धाः कलापा इव पङ्कजानाम्। ’

આવે છે, ત્યારે સમય (Period) પૂરો થાય છે અને ધ્રુવસાહેબ એ વર્ણનથી કાંઈક કંટાળીને યુવાન વિદ્યાર્થીઓને સંભળાવે છેઃ—

“ Perhaps the Poet’s eyes are fixed upon those windows ’ કવિની આંખ પેલી બારીઓ ઉપર ચોંટેલી છે. આટલા ટૂંકા વચનની શ્રોતાઓ ઉપર જાદુઈ અસર થતી.

ભવભૂતિના ‘ માલતીમાધવ ’ના પાંચમા અંકનો કેટલોક ભાગ અશ્લીલ વર્ણનથી ભરેલો છે. એ વર્ણન વિશે વિદ્યાર્થીઓને સુગ ચઢે એટલા માટે ધ્રુવસાહેબે સખ્ત શબ્દો વાપર્યાઃ—

“ Gentlemen, tell me when we approach those downright slang and obscene things wherefrom we have to stop ”

‘ મેઘદૂત ’ શીખવતા અને એનાં સૌન્દર્યસ્થાનો ઉપર વિદ્યાર્થીઓની નજર ખેંચવા છતાં એના કથાપુરુષ (hero)ની મર્યાદા વિશે કે કવિની સામાન્ય ઉક્તિઓમાં રહેલા અપવાદ વિશે પોતે પૂરી સ્પષ્ટતા કરતા. ‘ મેઘદૂત ’ ના બીજા શ્લોકની પહેલી લીટી—‘ तस्मिन्नद्रौ कतिचिदबलाविप्रयुक्तः स कामी ’ વાંચતાંજ ધ્રુવસાહેબે વિદ્યાર્થીઓને સાવચેતી આપી, ‘ Notice that the यक्ष is a कामी– a lover and this line sums up the character of the यक्ष. યક્ષનું સ્વરૂપ સમજવામાં એ અબલાથી વિખૂટો પડેલો કામી છે એ ધ્યાનમાં રાખો. વળી,

‘ आशाबन्धः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानाम्
सद्यः पाति प्रणयिहृदयं विप्रयोगे रुणद्धि ।’

ઇત્યાદિ પંક્તિઓમાં આપણા યુવાનોનો સંસાર ધ્યાનમાં રાખીને ધ્રુવસાહેબે અમને સહેજ સંભળાવ્યુંઃ

“ Gentlemen, notice the word प्रायशः which means ‘ generally ’ and not ‘ always ’ ”—અર્થાત્ સ્ત્રીઓનું કુસુમ જેવું કોમળ હૃદય આશારૂપી બંધથી ઘણી વાર વિયોગમાં ટકી રહે છે.

ધ્રુવસાહેબ કાંઈક વિશેષ વિવેચન કરશે એ અમારામાંથી કેટલાકની આશા અસિદ્ધ જ રહી!

* * *

બી. એ. ના ઓનર્સ કોર્સમાં ભગવદ્‌ગીતા, રામાનુજભાષ્ય અને મનુસ્મૃતિ અમે ધ્રુવસાહેબ પાસે શીખ્યા એ અમારું પરમ સદ્‌ભાગ્ય અમે સમજીએ છીએ.

સાત ટીકાવાળી ગૂજરાતી પ્રેસની ગીતા ધ્રુવસાહેબે અમને લેવરાવી હતી. આરંભમાં જ પોતે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યોઃ

'ગીતા' એટલે 'ગાયેલી' એમ સ્ત્રીલિંગ કેમ ? દરેક અધ્યાયને અંતે भगवद्गीतासूपनिषत्सु' એમ આવે છે એ એમ બતાવે છે કે 'ગીતા' એ 'उपनिषद्' શબ્દ જે સંસ્કૃતમાં નારીજાતિમાં વપરાય છે તેનું વિશેષણ છે, તેથી 'ગીતા' એમ સ્ત્રીલિંગ પ્રયોગ થયો છે. ગીતા એ ઉપનિષદના તત્ત્વવિચારોનું દોહન છે અર્થાત્ સર્વ ઉપનિષદોનો એકત્ર કરેલો સાર છે.

આ સત્ય અમારાં ચિત્તમાં ઠરાવ્યા પછી એક બીજો પ્રશ્ન એ પૂછ્યો કે 'ગીતા'ને 'યોગશાસ્ત્ર' કેમ કહેલ છે ? 'યોગ' એટલે જીવાત્માનું પરમાત્મા સાથે જોડાણ (યુજ્=જોડવું). જે જ્ઞાન જીવાત્માને પરમાત્મા સાથે જોડે તે જ્ઞાનયોગ. જે કર્મ જીવાત્માને પરમાત્મા સાથે જોડે તે કર્મયોગ. જે ભક્તિ જીવાત્માને પરમાત્મા સાથે જોડે તે ભક્તિયોગ. આ અર્થમાં 'ગીતા' 'યોગશાસ્ત્ર' છે એમ ગીતાનો પરમ ઉપદેશ અમને ચિત્તમાં સ્થિર કરવા જણાવ્યું.

ધ્રુવસાહેબના ગીતાના અધ્યાપનમાંથી અમે રસના અનેક ઘૂંટડા પીધા છે. બીજા અધ્યાયમાં 'આત્માના અમૃતત્વ'નો સિદ્ધાન્ત અમારામાં બુદ્ધિનો નિશ્ચય થાય તે માટે પરમ વિશદતાથી અમને સમજાવ્યો.

પ્રથમ તો 'The Doctrine of Immortality is the foundation of Ethics' અર્થાત્ અમૃતત્વનો સિદ્ધાન્ત એ નીતિશાસ્ત્રનો પાયો છે એમ સૂત્ર ઉપસ્થિત કર્યું.

આ પ્રશ્નના ઉત્તરમાં કઠોપનિષદ, Sidjwick's Methods of Ethics, અને પ્લેટો અને કૅન્ટના વિચારોનો ધ્રુવસાહેબે અમારી સમક્ષ છૂટથી ઉપયોગ કર્યો. પ્રથમ 'શ્રેય' અને 'પ્રેય'નો અર્થાત્ 'કર્તવ્ય' અને 'સુખ'નો ભેદ અમારે સમજવો જોઈએ. અલબત્ત, ઇન્દ્રિયોનું સુખ—creature comforts—તે સુખ નહિ. મિલ કહે છે તેમ સૉક્રેટિસ અને ડુક્કરના સુખના ખ્યાલ વચ્ચે વિવાદનો પણ પ્રશ્ન રહેતો નથી. નચિકેતા હાથી, ઘોડા, નૃત્ય, ગીત, રાજ્ય, સ્ત્રી, આદિ પદાર્થોથી લોભાતો નથી, કારણ કે તે આત્માની નિત્યતાના સાક્ષાત્કારમાં બાધક છે. પરન્તુ અહીં એક સૂક્ષ્મ વિવેક કરવાનો રહે છે. કર્તવ્ય અને સુખ બહુ વિરુદ્ધ છે એ સામાન્ય સમજણ છે. સુખ નિર્દિષ્ટ વસ્તુ નહિ પરંતુ આનુષંગિક હોય તો તે ભોગવો. જગતના કલ્યાણની સાથે આપણું કલ્યાણ થાય તો તે થવા દેવું અને પરિણામે સુખ મળે તો તે ભોગવવું. હંમેશાં સુખ અને કર્તવ્ય સાથે ન જોડાય એવું આ જગતનું સ્વરૂપ નથી. કર્તવ્યના પરિણામરૂપે મનુષ્ય સુખ ભોગવતો હોય માટે એ દુષ્ટ છે એમ માનવું એ ખોટો સંન્યાસ છે. પ્રભુની સૃષ્ટિમાં જો અંધેરીનગરી ન હોય તો સુખ અને કર્તવ્ય મળવાં જોઇએ—કદાચ આ જન્મે નહિ તો જન્માન્તરે પણ. કૅન્ટ કહે છે તેમ "Virtue and happiness are sure to be reconciled if not in this life, in the life hereafter" આ નૈતિક શ્રદ્ધા (moral faith) જ આત્માની નિત્યતાનો ખુલાસો કરે છે. કૅન્ટ Moral Argument યાને નૈતિક દલીલથી પ્રતિપાદન કરે છે કે જો આત્મા નિત્ય ન હોય તો સમસ્ત નીતિશાસ્ત્ર નિરર્થક છે. આત્માની નિત્યતાને લઈને જ નીતિ શક્ય બને છે. વળી સૉક્રેટિસે ઉચ્ચારેલું સિજિવકનું અવતરણ પણ અમને કહી સંભળાવ્યું: "If the Rulers of the universe do not prefer a just man to the unjust, it is better to die than to live."

આટલાથી આત્માની નિત્યતા અમારા ચિત્તમાં ન ઠરે તો ધ્રુવસાહેબે સહેજ રૂપાન્તર કરીને અમને સમજણ પાડી. જેમ વિજ્ઞાન જે પ્રત્યક્ષનો વિષય છે તેમાં પણ કાર્યકારણનો સિદ્ધાન્ત અગાઉથી સ્વીકારીને આગળ ચાલવું પડે છે, તેમ ધર્મ જે પરોક્ષનો વિષય છે તેમાં અમુક સિદ્ધાન્ત આગળથી સ્વીકારીને ચાલવું પડે તો આશ્ચર્ય નથી. ગણિતમાં તમે 'ક્ષ' નામનો કોઈ અજ્ઞાત પદાર્થ સ્વીકારો છો જ. પ્લેગ અને કેન્સરનાં સર્વ કારણો વૈજ્ઞાનિકો શોધી શક્યા નથી, તથાપિ પ્રત્યેક કાર્યને કારણ હોય છે અને સમાન કારણ સમાન કાર્યને ઉત્પન્ન કરે છે એ પોતાના નિયમમાં વિજ્ઞાનશાસ્ત્રીની શ્રદ્ધા અચલ છે. આ જ રીતે આ જીવનમાં સુખ અને કર્તવ્ય કદાપિ સાથે ન જોડાય તો જન્માન્તરે પણ સાથે જોડાવાનાં જ એ પ્રકારની આત્માની નિત્યતાની ધાર્મિક આત્માની શ્રદ્ધા અચલ છે.

જીવન, મૃત્યુ અને અમૃતત્વના આ રસિક પ્રશ્નના નિરૂપણમાં ધ્રુવસાહેબની વાણીમાં મેં ઋષિની વાણીનો ઉદ્‌ઘોષ સાંભળ્યો હતો. જે વિષયનું સત્ત્વ એમના આત્માના અંશ પ્રત્યંશમાં વ્યાપી રહ્યું હતું, તેનું સ્વરૂપદર્શન પરમ સામર્થ્યથી એમણે અમને કરાવ્યું. સમસ્ત પ્રશ્નનું સમાપન કરતા શ્રદ્ધા અને વૃકતૃત્વનો કોઇ વિરલ સમન્વય કરીને ધ્રુવસાહેબે સંકેલ્યું:—

"Philosophy is the meditation on Death according to Plato and this exactly corresponds with the story of Nachiketas who learnt. from यम the secret of Immortality. Gentlemen, remember that death is not annihilation. It is merely a change. There is no absolute destruction. The Bhagavad Gita preaches a two-fold immortality, viz., the inmortality of Transmigration and the Metaphysical Immortality. According to the former the आत्मा is immortal as persisting through an endless cycle of births and deaths, and according to the latter the आत्मा is beyond the infinite cycle of births and deaths. He is the Metaphysical background of all change and is Himself changeless."

* * *

ગૂજરાત કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં ધ્રુવસાહેબ આનંદપૂર્વક ઘણો ભાગ લેતા. કોલેજની 'ડિબેટિંગ સોસાયટી'માં પોતે અનેકવાર પ્રમુખ થતા. ઘણાખરા ગંભીર વિષયોમાં તો ધ્રુવસાહેબને જ પ્રમુખસ્થાન અપાતું. એકવાર એમણે માર્મિક વાણીમાં કાંઇક આમ કહ્યું, "I don't know why my name is particularly associated with life, death and immortality. Please give me the opportunity of presiding when other interesting subjects are discussed"— મારું નામ જીવન, મૃત્યુ અને

અમૃતત્વ સાથે કેમ જોડાયું છે તે હું જાણતો નથી. કૃપા કરીને બીજા રસિક વિષયો ચર્ચાતા હોય ત્યારે મને પ્રમુખસ્થાન આપો.”

કૉલેજની ‘સોશ્યલ ગૅધરિંગ’માં પણ ધ્રુવસાહેબ ઉત્સાહપૂર્વક ભાગ લેતા. એને અંગે ‘કૉન્સર્ટ’ ભજવવો હોય ત્યારે “જે ન હોય તે થવામાં જીવનની કલા રહેલી છે” એમ ઉત્તેજનના શબ્દો કહીને વિદ્યાર્થીઓને સ્ત્રીપાત્રોના પાઠ લેવા પોતે સમજાવતા અને સફળ થતા. નાટકશાળામાં ‘રિહર્સલ’ વખતે પણ ધ્રુવસાહેબ હાજર રહેતા અને પ્રસંગોપાત્ત સૂચનાઓ પણ કરતા.

કૉલેજની ‘ક્રિકેટ’ ટીમના ધ્રુવસાહેબ કેટલોક સમય મંત્રી હતા. કૉલેજ ગ્રાઉન્ડ ઉપર ‘ક્રિકેટ મેચ’ રમાતો હોય તેમાં ધ્રુવસાહેબની હાજરી હોય જ. એકવાર એક સદ્‌ગૃહસ્થ ધ્રુવસાહેબ સાથે ‘તત્ત્વજ્ઞાન’ની ચર્ચા કરવા પરગામથી આવેલા, પરંતુ તે દિવસે ‘ક્રિકેટ મૅચ’ હોવાથી ધ્રુવસાહેબે એમને સંભળાવ્યું, “હું ક્રિકેટનો રસ જતો કરી તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવા બિલકુલ ઇચ્છતો નથી.” આમ ધ્રુવસાહેબને જીવનમાં અનેક ક્ષેત્રોમાં અપાર રસ હતો.

* * *

ધ્રુવસાહેબનો હાસ્યરસ ઉજ્જ્વલ, મધુર અને માર્મિક હતો. અમારા કૉલેજના દિવસો દરમિયાન ‘ગૂજરાત સોશ્યલ કૉન્ફરન્સ’ની બેઠક પ્રેમાભાઈ હૉલમાં શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાના પ્રમુખપદે ભરાઈ હતી. સભામાં લાજ કાઢવાનો રિવાજ કાઢી નાંખવા વિશે ઠરાવ પસાર કરવામાં આવ્યો. ધ્રુવસાહેબે વિરામના સમયમાં પ્રમુખને કહ્યું, “નરસિંહરાવ, થોડીક પણ લાજ નહિ ?—किंचिदञ्चलसंवृतम्—?” નરસિંહરાવ ખડખડાટ હસી પડ્યા.

એક વાર રામાનુજનું ‘શ્રીભાષ્ય’ સમજાવતાં પૅરેગ્રાફને અંતે ‘इति उपशाम्यतु भवान्’ એ વચન આવ્યું. એટલે અમારામાંથી એક જણથી કાંઈક ઊંચે સાદે બોલાઈ ગયું ‘હવે ઠંડા પડો.’ ધ્રુવસાહેબે બિલકુલ આંખનો ખૂણો લાલ કર્યાં વગર હસીને શબ્દો પાછા વાળ્યા, “ઠંડા પડો’ એમ જ મેં ભાષાન્તર કર્યું છે.” ધ્રુવસાહેબે ‘શ્રીભાષ્ય’નું એ વિભાગમાં ગૂજરાતીમાં ભાષાન્તર કર્યું છે.

એક સવારમાં ‘પરિમલ સોસાયટી’માં ધ્રુવસાહેબને ત્યાં હું બહારની પરસાળમાં એમની પાસે બેસીને વાત કરતો હતો ત્યાં બહારના રસ્તા ઉપર કોઈ ખેડૂત સ્ત્રીપુરુષ તકરાર કરતાં એક બીજાની પાછળ ચાલી આગળ જતાં હતાં. ધ્રુવસાહેબે એકાએક વાત બંધ રખાવી મને કહ્યું, “મિ. ત્રિવેદી, આ એકબીજા સામસામા તો થતાં નથી ને ?” મેં હસતાં હસતાં કહ્યું, “ના, જી.” “ત્યારે તો હરકત નહિ,” એમ કહી પોતે પણ સ્મિત કર્યું.

આજથી સાડાત્રણેક વર્ષ ઉપર નાદુરસ્ત તબિયત છતાં મારા ખાસ આગ્રહથી ધ્રુવસાહેબ મારી શાળામાં પધાર્યા. મારું શિક્ષકમંડળ અને હું એમનું સ્વાગત કરતા હતા. પોતે મોટરમાંથી નીચે ઊતરીને શાળાની અંદરના ભાગમાં જ્યારે આવતા હતા, ત્યારે એમના જમણા હાથને મેં

સહેજ ટેકો આપ્યો હતો અને ડાબા હાથને ભાઈ મધુસૂદન મોદીએ ટેકો આપ્યો હતો. ધ્રુવસાહેબે મંદ મંદ સ્મિત કરી મજાક કરી, ‘આ લોકો (સામે ટેબલની આસપાસ બેઠેલા કેટલાક શિક્ષકભાઇઓ) એમ ધારશે કે તમે કોઈ કેદીને બે હાથે પકડીને લાવ્યા છો.” અમે લગભગ હાથ છોડી દીધા અને ખડખડ હસી પડ્યા.

એકવાર સરદારજી શ્રી. ગુરુમુખસિંહજી અને હું ધ્રુવસાહેબના ખાટલા પાસે બેઠા હતા, ત્યારે બનારસની અને બીજી અનેક વાતો કરતાં સરદારજીએ ધ્રુવસાહેબની સંમોહક (bewitching) આંખો વિશે વાત કાઢી. ધ્રુવસાહેબે કહ્યું કે, “સદ્‌ગત પ્રિન્સિપલ ગિદવાણીએ મારી આંખો ‘bewitching’ છે એમ મને કહ્યું ત્યાર પછી તો મેં દર્પણમાં પણ જોયું! પણ મને તો એમાંનું કાંઇ જ માલૂમ પડ્યું નહિ.” એમ કહી અમને હસાવ્યા.

* * *

અમારા અભ્યાસકાળ દરમિયાન અમને આચાર્યશ્રી આનન્દશંકરભાઈનો અને મહાત્મા ગાંધીનો એમ બેવડો લાભ મળ્યો હતો. ૧૯૧૫ અને ૧૬ ની સાલમાં ગાંધીજી શ્રીયુત જીવણલાલ બેરિસ્ટરના કોચરબના બંગલામાં જ્યારે આશ્રમ સ્થાપી રહેતા હતા, ત્યારે અમે કેટલાક વિદ્યાર્થીઓ ગાંધીજી પાસે વારંવાર જતા અને ઘણા પ્રશ્નો એમને પૂછતા. ખાસ કરીને અહિંસાના વિષયમાં અમે ધ્રુવસાહેબનું દૃષ્ટિબિંદુ ગાંધીજી પાસે રજૂ કરતા અને ગાંધીજીના સિદ્ધાન્ત ધ્રુવસાહેબને સંભળાવતા. એક પ્રસંગે ‘ભગવદ્‌ગીતા’નું પુનરાવર્તન ધ્રુવસાહેબે આરંભ્યું કે તુરત જ મેં વર્ગમાં પ્રશ્ન પૂછ્યો “Sir, how can killing be a duty ?” અર્થાત્ “હિંસા ધર્મ કેમ થાય ?” ધ્રુવસાહેબે જે વિગતવાર ઉત્તર આપ્યો તે અદ્યાપિ હૃદયમાં અને મગજમાં ગુંજે છે અને નીચે પ્રમાણે શબ્દોમાં ગોઠવાય છે:

“આપણા પ્રાચીન શાસ્ત્રકારોએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એવા જનસમાજના ચાર વર્ણો પાડ્યા છે, જે એના વિશાળ અર્થમાં સમગ્ર જગતના સર્વદેશના અને સર્વકાળના જનસમાજને લાગુ પડે છે. આ ચારે વર્ણો સ્વાભાવિક નિયમને અનુસરીને જ જનસમાજમાં ઉત્પન્ન થાય છે અને એમાંનો પ્રત્યેક વર્ણ અખિલ જનમંડલના હિત માટે જરૂરનો છે. તદનુસાર પ્રજાના રક્ષણ માટે ક્ષત્રિયને યુદ્ધ આવશ્યક અને ધર્મ્ય બને છે અને તેથી યુદ્ધની હિંસા પણ અનિવાર્ય બને છે. ધર્મ્યયુદ્ધ કરતાં વધારે કલ્યાણકારી વસ્તુ ક્ષત્રિય માટે બીજી કશી જ નથી એવો ઉપદેશ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આપ્યો છે. પરંતુ ધર્મયુદ્ધનો અધિકારી અર્જુન પણ કેવી ઉમદા વૃત્તિઓવાળો છે તે જુઓ! એને વિજયની આકાંક્ષા નથી, એને રાજ્ય જોઈતું નથી, એને સુખની પણ દરકાર નથી. અરે! એને આપણી પૃથ્વીનું તો શું પણ ત્રણે લોકનું રાજ્ય મળે, તોપણ એ ગુરુજનો અને વડીલો સામે યુદ્ધ કરવા તૈયાર નથી. લોહીથી ખરડેલા ભોગ ભોગવવા કરતાં તો ભીખ માગીને ખાવું એને વધારે સારું લાગે છે. ગીતાના ઉપદેશનો અધિકારી યુધિષ્ઠિર જેવો દેવ (angel) નથી કે દુઃશાસનના રુધિરનું પાન કરતો ક્ષણવાર નરપશુ (brute) અને એવો ભીમ પણ નથી; પરંતુ સાચો નર—સાચો મનનશીલ મનુષ્ય—અર્જુન જ પ્રભુના ઉપદેશનો અધિકારી છે.

વળી સ્મરણમાં રાખો કે શ્રીકૃષ્ણે પાંડવો તરફથી માત્ર પાંચ ગામડાં માગ્યાં તથાપિ દુર્યોધને સમાધાન ન કર્યું અને સોઇની અણી જેટલી પૃથ્વી આપવાની પણ ના કહી. ત્યારે જ યુદ્ધ અનિવાર્ય બન્યું. આવે પ્રસંગે જો સાચો ક્ષત્રિય બ્રાહ્મણધર્મની અહિંસા સ્વીકારે અને પ્રજાનું રક્ષણ ન કરે તો એ અધર્મનું આચરણ કરે છે. એવા ક્ષત્રિયની અહિંસા એ ગુણ નથી પણ દોષ છે.

વળી એ પણ સ્મરણમાં રાખો કે પ્રત્યેક એકાન્તિક આદર્શ (every single ideal) લાભને બદલે જનસમાજને હાનિકારક છે. જો પ્રજા એકસૂરે ચઢી જાય અર્થાત્ સમાજના બધા જ મનુષ્યો વૈશ્યો—વેપારીઓ બને અથવા બધા જ લડવૈયા ક્ષત્રિયો બને તો જનસમાજને પરમ હાનિ થાય. વળી, મને ખાસ ઉદ્દેશીને કહ્યું: ‘ Take your splendid ideal of spiritualism ’—તમારી દેદીપ્યમાન આધ્યાત્મિક ભાવના જ લો. કોઈ એક જનસમાજમાં સર્વે અહિંસાવાદી બ્રાહ્મણો બને તો જનમંડલનું અસ્તિત્વ અપાર જોખમમાં આવી પડે. જુઓ ! જર્મનીમાં (એ વખતે ૧૯૧૪-૧૮ નું યુદ્ધ ચાલતું હતું.) એના અધ્યાપકો—એના બ્રાહ્મણો—પણ એકસૂરે ચઢી ગયા છે. આજે ચારે વર્ણો ત્યાં યુદ્ધમાં ઝઝૂમે છે ! ’

* * *

અવસાન પહેલાં એક વર્ષ ઉપર પૂર્વોક્ત પ્રશ્ન સાથે નિકટ રીતે સંકળાયેલો એવો બીજો પ્રશ્ન મેં ધ્રુવસાહેબને પૂછ્યો: “ પરમ જીવન—Ultimate state of Existence—ની અવસ્થામાં પણ વિરોધની સ્થિતિ તો ખરી જ ને ? ”

ધ્રુવસાહેબે ઉત્તર આપ્યો: “ વિરોધની સ્થિતિ એ જ Rock-bottom truth.”

ત્યાર પછી જે વાતચીત ચાલી તેનો સંગૃહીત સ્મૃતિસાર નીચે પ્રમાણે છે :

સત્ત્વગુણ એ રજોગુણ અને તમોગુણ કરતાં બેશક ચઢિયાતો છે. પરંતુ નિર્ગુણની અવસ્થા અર્થાત્ ગુણાતીતની સ્થિતિ સર્વથી ચઢિયાતી છે. અહિંસા એ સત્ત્વગુણની અવસ્થા છે. પરંતુ એ પણ એક extremeની—એક છેડાની—જ અવસ્થા છે.

પાંડવોએ દુર્યોધન પાસે પાંચ ગામડાં માગ્યાં. એટલે સુધી આત્મત્યાગ કરી સમાધાન કરવા પ્રયત્ન કર્યો. છેવટની આટલી નાની હદ બાંધી, પરંતુ એ હદથી તેઓ આગળ જઈ શક્યા નહિ. આત્મત્યાગની પણ સીમા હોય છે. એ સીમાનું ઉલ્લંઘન મનુષ્ય કરી શકતો નથી. કહો કે એ થઇ શકતું નથી એટલે યુદ્ધ આવે છે. આવું યુદ્ધ આવશ્યક અને ધર્મ્ય બને છે.

વિરોધોના સમન્વયની અવસ્થા એ પરમ અવસ્થા. એ જ ઊંચામાં ઊંચી સ્થિતિ. સસલું, વરુ, બકરું અને વાઘ: એ પ્રકૃતિની સ્થિતિ; પરંતુ એ સર્વ એકસાથે રહી શકે એવી સ્થિતિ ઉત્પન્ન કરવી એમાં કલા રહેલી છે. આ ઊંચી સ્થિતિ ઉત્પન્ન કરવા માટે કેટલીક વાર હિંસા અનિવાર્ય બને છે. અમુક હદ પછી અહિંસા એ ગુણ બની શકતી નથી, એ સ્મરણમાં રાખવા જેવું છે.

પ્રકૃતિની અવસ્થામાં કલહ—struggle for existence—છે; નીતિની અવસ્થામાં સત્ત્વગુણનું પ્રાધાન્ય છે; પરંતુ ગુણાતીત અવસ્થામાં બંને વિરોધો ખરા પરંતુ ડંખ વગરની સ્થિતિ.

એમાં બંને વિરોધોની પરસ્પર ઉપકારક સ્થિતિ છે. આ દ્વન્દ્વાતીત અવસ્થા એ જ ' નિર્વૈરની સ્થિતિ, ' જેમાં જગતના વિરોધો કાયમ રહે અર્થાત્ ઈશ્વરસૃષ્ટિ કાયમ રહે પરંતુ જીવસૃષ્ટિને વિરોધ ન રહે. આ જ અર્થમાં ' अहं ब्रह्मास्मि ', ' तत्त्वमसि ', सर्वं खल्विदं ब्रह्म ' ઇત્યાદિ વેદાન્તવાક્યોમાં વર્ણવેલા પરમ જીવનનો જીવને સાક્ષાત્કાર થાય છે.

* * *

ધ્રુવસાહેબ પરમાત્માની વિશાળતાને સર્વત્ર અનુભવનાર પરમ બ્રાહ્મણ હતા. એમનામાં ઇન્દ્રિયજય અને મનોજય ઉપરાંત અપાર આત્મતૃપ્તિ હતી. 'आत्मतृप्तस्य का स्पृहा ' એ વચન એમના મુખમાંથી ક્વચિત્ પણ પરમ દૃઢતાપૂર્વક નીકળી જતું. કોઈકવાર એ વિશે વિવેચન પણ કરતા: " મોહનાં પડ ઉપરનાં છે. એની પાછળ જે આત્માનું બળ છે તે જ સાચું છે. આપણી નાની નાની ઇચ્છાઓને દિવ્ય પ્રેમ—Divine Love—રૂપી મહેચ્છામાં સમાવવાની છે. આત્મતૃપ્તિ એ મહાન કામ છે, જેમાં સર્વ નાના કામ સમાપ્ત થાય છે. એ મહા પ્રેમમાં સર્વ નાના પ્રેમ સમાઈ જાય છે. આત્માને સહુ કરતાં ઊંચા સ્થાને મૂકવાનો છે." આ જ ' Transvaluation of all values ' યાને મૂલ્યપરિવર્તન.

ધ્રુવસાહેબના આત્માની વિશાળતાનાં અનેક ઉદાહરણો મારી સ્મૃતિમાં કોતરાયેલાં છે. મારા કૉલેજના દિવસોથી માંડીને એમના કૈલાસવાસ સુધીના અનેક પ્રસંગોનાં સ્મરણો ઉભરાઈ આવે છે. માત્ર થોડાં જ સ્મરણો ટાંકીશ:

આજથી ઘણાં વર્ષ પહેલાં ધ્રાંગધ્રાના મારા એક ગરીબ અને લગભગ અભણ મિત્રને ધ્રુવસાહેબને મળવાનું બહુ મન હતું. એ મિત્રને વેદાન્તનો બહુ શોખ હતો. એઓ આકાશેઠની કૂવાની પોળમાં ધ્રુવસાહેબને મળવા ગયા. ઘણું કરીને ધ્રુવભાઈ બહુ માંદા હતા. મંદવાડની પથારી પાસેથી ઊઠીને એ મિત્રની જિજ્ઞાસા તૃપ્ત કરવા ધ્રુવસાહેબે લગભગ પોતાનો અમૂલ્ય પોણો કલાક આપ્યો. એ મિત્ર જ્યારે ધ્રાંગધ્રા પાછા આવી મને મળ્યા ત્યારે અપાર સંતોષથી મને ધ્રુવસાહેબ સાથે થયેલી વાતચીત એમણે કહી. " નિત્ય શું અને અનિત્ય શું એનો વિવેક કરવામાં એટલે કે ' સાધનચતુષ્ટય 'માંનું પહેલું જ સાધન સિદ્ધ કરવામાં આપણું આ જીવન પૂરતું નથી; બીજાં ત્રણ સાધનોની તો વાત જ ક્યાં ?" એ ધ્રુવસાહેબના કહેવાનો સાર મને એમણે કહી સંભળાવ્યો.

એક બીજા મિત્રને પણ ધ્રુવસાહેબને મળવાની આકાંક્ષા હતી. એઓ ' ઇન્ટરમિજિયેટ આર્ટ્સ' સુધી પહોંચેલા હતા અને જિજ્ઞાસુ અને સાહસિક હતા.

ગોલ્ડ્સ્મિથની પેઠે પગે ચાલીને જગતની મુસાફરી કરવાની એમને તીવ્ર અભિલાષા હતી. એ ન બને તો હિન્દુસ્તાનની પગપાળા મુસાફરી કરવી. અને એ પણ ન બને તો રેલ્વેગાડીમાં બેસીને પણ આપણા દેશનાં સુપ્રસિદ્ધ યાત્રા અને વિદ્યાનાં ધામો જોવાં. એ અનુસાર એ મારી પાસે સને ૧૯૧૯ની સાલમાં સિદ્ધપુર આવ્યા, અને ધ્રુવસાહેબ ઉપર ભલામણપત્ર માટે માંગણી કરી. " ધ્રુવસાહેબ ઉપર ભલામણ હોય જ નહિ; તમે એમની પાસે જશો એટલે તમે

એમને ઓળખશો," આમ મેં એમને કહ્યું. અને એ બનારસ ગયા. મારા મિત્ર જ્યારે હિન્દુ યુનિવર્સિટીમાં ધ્રુવસાહેબની ઑફિસમાં ગયા, ત્યારે ધ્રુવસાહેબે એમને આદરપૂર્વક પોતાની પાસે બેસાડ્યા અને થોડુંક લખાણ કરતા હતા તે પૂરું થયે વાતચીત કરીશ એમ પોતે જણાવ્યું. દરમિયાન બે ક્રિશ્ચિયન ક્લાર્ક ઊંચે સાદે બોલતા તકરાર કરતા ઑફિસમાં ધસી આવ્યા. એમાંનો એક ક્રોધથી લગભગ ગાંડા જેવો બનીને ધ્રુવસાહેબ સામે ઊભો રહ્યો અને બોલ્યો, "Sir, this man (બીજો ક્લાર્ક) is harassing me like anything."

ધ્રુવસાહેબે ઊંચું કે સામું જોયા વગર જ કાંઈક ઉદાસીનતાથી કહ્યું, "Forgive him." પેલા ક્લાર્કે ટકોર કરી, "Sir, I have forgiven him seven times." તત્કાલ ધ્રુવસાહેબે એ ક્લાર્ક સામે દૃષ્ટિ ઠરાવી અને ગંભીર અને અસરકારક વાણીમાં કહ્યું, "But I say unto you, seven times seven." આ ચુકાદો સાંભળીને બંને ક્રિશ્ચયન ક્લાર્ક ઠરી ગયા અને ધ્રુવસાહેબને નમન કરી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

મારા મિત્રે પણ ધ્રુવસાહેબની રજા માગી. ધ્રુવસાહેબે કહ્યું, 'જરા થોભો, હું હમણાં જ પૂરું કરું છું.' પરંતુ મારા મિત્રે પરમ ઉપકારકવૃત્તિથી ઉત્તર વાળ્યો, "સાહેબ, આ થોડીક ક્ષણોમાં મેં જે જોયું અને સાંભળ્યું તેનું હું મનન કરું તોપણ મારું જીવન સાર્થક થાય તેમ છે. આપની આટલી કૃપા થઈ એ મારે મન બહુ છે. હું આપનો ઋણી છું." આટલું કહી મારા મિત્રે પ્રણામ કરી વિદાય લીધી.

બનારસથી નિવૃત્ત થઈને અત્રે આવ્યા બાદ કેવા સંજોગોમાં બનારસ છોડવાનો પોતે તત્કાલ નિર્ણય કર્યો એ હકીકત મને એમણે જણાવી હતી. બનારસ છોડ્યા પહેલાં છેલ્લાં કેટલાંક વર્ષો થયા પંડિત માલવીયજીને ત્યાંથી છૂટા કરવા માટે ધ્રુવસાહેબ વારંવાર વિનંતી કરતા પરંતુ પોતે નિવૃત્ત થયા પછી ધ્રુવસાહેબ યુનિવર્સિટી છોડે એમ પંડિતજી ઉત્તર વાળતા. છેવટે ચાલુ વર્ષ કરતા વધુ ન રહેવું એવા નિર્ણય ઉપર ધ્રુવસાહેબ મનથી આવ્યા હતા. દરમિયાન એક અણધાર્યો બનાવ બન્યો. ધ્રુવસાહેબે 'ત્રિરંગી વાવટા' વિશે બનારસ શહેરમાં હિંદીમાં એક ભાષણ આપ્યું. રિપોર્ટરે સમજવામાં ભૂલ કરી અને ધ્રુવસાહેબ બોલ્યા હતા તેના કરતાં જુદા રિપોર્ટની સરકારને જાણ કરી. પરિણામે બનારસ યુનિવર્સિટીની ગ્રાન્ટ અટકી, અને ધ્રુવસાહેબના ભાષણ વિશે જે ગેરસમજૂતી થઈ હતી તે વિશે પંડિતજી ઉપર ચેન્સેલરનો પત્ર આવ્યો. પંડિતજીએ ધ્રુવસાહેબને વાત કરી. ધ્રુવસાહેબે એ પ્રસંગને વધાવી લીધો અને પંડિતજીને કહ્યું, "કોઈ પણ એક મનુષ્ય યુનિવર્સિટી કરતાં વધારે અગત્ય ધરાવી શકે નહિ. ઘણા વખત થયા હું અહીંથી નિવૃત્ત થવા ઉત્સુક છું. યુનિવર્સિટી છોડવાનો મારે માટે આ શુભ અવસર આવ્યો છે, એમ હું માનું છું." આ વચન સાંભળીને પંડિતજીનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા માંડી. ગદ્ગદ કંઠે પંડિતજી બોલ્યા, "ધ્રુવજી, મારા ગયા પહેલાં તમે ન જાઓ. છેવટે આપણે બંને સાથે છોડશું." પરંતુ ધ્રુવસાહેબ આ પ્રસંગે તો કૃતનિશ્ચય થયા હતા. પંડિતજીના દુઃખથી પોતે દુઃખી થયા પણ બનારસ છોડ્યું. બનારસ છોડતી વખતે સમગ્ર યુનિવર્સિટીએ ધ્રુવસાહેબ પ્રત્યે જે અપાર

પ્રેમ વ્યક્ત કર્યો તે વિશે આ સંગ્રહમાં અન્ય સદ્દગૃહસ્થોએ વિસ્તારથી વર્ણન કર્યું છે.

ધ્રુવસાહેબે ધાર્યું હોત તો બનેલી ગેરસમજણ પોતે દૂર કરી શકત. પરંતુ ધ્રુવસાહેબનાં જીવનનાં મૂલ્યો જુદાં હતાં. પોતાનું વક્તવ્ય સરકારને કે કોઈને પણ સમજાવવાની એમને લેશ પણ અપેક્ષા જણાઈ નહિ. તેમજ યુનિવર્સિટીમાં પોતાના સ્થાનને એક ક્ષણ પણ વિશેષ વળગી રહેવાની એમને બિલકુલ ઇચ્છા નહોતી.

આવા બીજા પ્રસંગો પણ ધ્રુવસાહેબના જીવનમાં આવ્યા હતા અને તે સર્વમાં એમણે અદ્‌ભુત આત્મમાન સાચવ્યું હતું.

* * *

બનારસની એક બીજી હકીકત જે ધ્રુવસાહેબે મને કહી હતી તેનું પણ નિરૂપણ અત્રે કરું છું. સર રાધાકૃષ્ણન્‌ને વાઇસચૅન્સેલરના પદે નિયુક્ત કરવા યુનિવર્સિટી કાઉન્સિલમાં એકમત નહોતો. ધ્રુવસાહેબ છેલ્લીવાર બનારસ ગયા ત્યારે એ ચર્ચા ચાલતી હતી. એ ચર્ચામાં ધ્રુવસાહેબે ભાગ લીધો અને રાધાકૃષ્ણન્‌ના સત્ય ગુણો કાઉન્સિલના સર્વસભ્યોને ખાતરી કરાવે તેવી વાણીમાં વર્ણવ્યા. ધ્રુવસાહેબે છેવટે કહ્યું, “રાધાકૃષ્ણન્ આપણા દેશનું પરમ ભૂષણ છે અને પરદેશમાં આપણી સંસ્કૃતિના એક ‘outpost’—છે. એવા પુરુષને નીમીને આપણે પોતાની જાતને જ માન આપીએ છીએ.” કાઉન્સિલે સર રાધાકૃષ્ણન્‌ની નિમણૂક સર્વાનુમતે કરી.

* * *

ધ્રુવસાહેબનાં જીવનનાં છેલ્લાં છસાત વર્ષમાં હું એમના વધારે નિકટ સંબન્ધમાં આવ્યો હતો એમ કહું તો અત્યુક્તિ નથી. એ સમય દરમિયાન પોતાના જીવનની તેમ જ અન્ય વિષયોની અનેક બીનાઓ એમણે મને જણાવી છે. કેટલીક વાર હું એમની પાસે બેત્રણ કલાક બેસતો અને કોઈ કોઈ વાર સાથે ફરવા પણ જતો. આ સર્વકાલ દરમિયાન હું અનેક પ્રશ્નો પૂછતો અને એમની પાસેથી અનેક સમાધાનો સાંભળતો. એમની કૃપાને લીધે જ આ સર્વ બની શકતું.

એકવાર ધ્રુવસાહેબે મને કહ્યું, “ત્રિવેદી, મને પ્રભુએ સર્વ વાતે સુખી રાખ્યો છે—માત્ર એક અપવાદ (પત્નીની હયાતી) સિવાય—પરંતુ એ પ્રસંગથી હું મારી ધાર્મિક વૃત્તિને આગળ પાડી શક્યો.” પત્નીના પરલોકવાસ પછી ધ્રુવસાહેબે ધર્મગ્રન્થોનું પરિશીલન બહુ વધારી દીધું હતું એ હકીકત હું જાણતો હતો એટલે એ અપવાદ અને એ ધાર્મિકવૃત્તિનો વિકાસ ઇત્યાદિ હું સમજ્યો હતો. “અલબત્ત, મારા જીવનમાં worries યાને ચિંતાઓ નહોતી એમ નહિ, પરંતુ મારામાં peace of mind—ચિત્તની શાન્તિ ખરી એટલે એ સર્વ હું સારી રીતે સહન કરી શક્યો. કેટલાક કહે છે કે મેં બહુ વાંચ્યું અને જ્ઞાન મેળવ્યું. પરંતુ એમાં ખાસ આશ્ચર્ય જેવું કાંઈ જ નથી. હું સાધનસંપન્ન રહ્યો એટલે મેં મારાં સ્વાસ્થ્ય અને આરામના સમયનો વાચનમાં ઉપયોગ કર્યો. હા, ઉપયોગ કર્યો એટલો ગુણ કહેવાય. બાકી તો ઘણાયને ભારે જિજ્ઞાસા હોય છે, પરંતુ સાધનના અભાવે બની શકતું નથી.” એકે બીજા પ્રસંગે મને ધ્રુવસાહેબે કહ્યું, “મારાં માતુશ્રીની

ઇચ્છા મારે એકવાર ફરી લગ્ન કરવાં એવી ખરી. એક વખત ગોવર્ધનભાઇ (ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી) મારે ત્યાં હતા ત્યારે માતુશ્રીએ એ વાત કાઢી. પરંતુ ગોવર્ધનભાઈ સમજુ હોવાથી એમણે મારી પાસે એ વાત બિલકુલ કરી નહિ; પણ માતુશ્રીને એક બીજી વાત કહી સંભળાવી. ગોવર્ધનભાઇએ કહ્યું, "એક વિધુર મને લગ્ન કરવું કે નહિ તે સંબન્ધી સલાહ પૂછવા આવ્યા. મેં તુરત જ એવી સલાહ આપી કે એમણે રસ્તામાં લગ્ન નક્કી કરીને પછી જ ઘેર જવું. પરંતુ ભાઈ (ધ્રુવસાહેબ) જેવાને આપણાથી કેમ કાંઈ કહેવાય?"

થોડાંક વર્ષ પહેલાં કાંગડી ગુરુકુળના આચાર્ય રામદેવજીનું ભાષણ અત્રેના લલ્લુભાઈ કરસનદાસ હોલમાં હતું. ધ્રુવસાહેબ પ્રમુખ હતા. હું પણ ધ્રુવસાહેબના ઘેરથી એમની સાથે થયો. હોલમાં પ્રવેશ કર્યાં પહેલાં ધ્રુવસાહેબે મને ગેલેરીમાંથી ચોકના છેડે એક નાની જગ્યા બતાવી અને કહ્યું, "પ્રથમ ત્યાં પતરાંની ઓરડીઓ હતી. હું કૉલેજમાં હતો ત્યારે એક પ્રસિદ્ધ ન્યાયાચાર્ય અત્રે આવ્યા હતા. એમની પાસે બેસીને દિવસના સાતઆઠ કલાક ઉનાળાના પ્રખર તાપમાં પણ મહિનાઓ સુધી મેં ન્યાયનું અધ્યયન કર્યું છે. હિંદુસ્તાનમાં મારું 'અસાધારણ સ્થાન'—unique position–છે તેનો યશ આવા ગુરુઓને છે. જ્ઞાન માટે મેં આવી તપશ્ચર્યા કરી છે." ભાષણ સમાપ્ત થયા પછી હોલમાંથી ઘેર પાછા વળતાં ધ્રુવસાહેબે મને પૂછ્યું, "પેલાં એક બહેને પોતાના ભાષણમાં 'ढोर गमार शूद्र अरु नारी ए सब ताडनके अधिकारी' એ તુલસીદાસજીની ઉક્તિ ટાંકી અને સ્ત્રીજાતિની દયા ખાધી તે વિશે તમને કેમ લાગ્યું?" મેં કહ્યું, "ગાંધીજીએ તો એ ઉક્તિને ક્ષેપક ગણી છે." ધ્રુવસાહેબે તુરત જ ઉત્તર વાળ્યો, "મારી સમઝણ જુદી છે. આપણા મધ્યકાલીન સમાજમાં સ્ત્રીજાતિમાં ઘોર અજ્ઞાન પ્રવર્તતું હતું. આપણી અજ્ઞાન સ્ત્રીઓ બાવા-જતિઓ પાસે જ્ઞાન મેળવવાની હોંશ રાખતી. પરંતુ આ બાવા–સાધુઓએ એમના સમર્થ ગુરુઓના ઉપદેશને અનુસરીને સ્ત્રીનો સંસર્ગ સેવ્યો નહિ અને ઉપદેશ અર્થે પોતાના આવાસમાં સ્ત્રીઓ પ્રવેશ કરે તોપણ ઉદ્ધત તિરસ્કારપૂર્વક એ તેમને કાઢી મૂકતા. બાવાઓના આવા આકરા વલણથી આપણો સંસાર મલિનતામાંથી ઊગરી ગયો છે. આ બાવા–સાધુઓએ સ્ત્રીઓનાં રૂપગુણની ખુશામત ન કરી એ આપણા સમાજને એમની નાનીસૂની સેવા નથી. આપણે આપણા પહેલાંના થોડાક સૈકાઓનો ઇતિહાસ બરાબર જાણવો જોઇએ અને સમજવો જોઈએ."

ધ્રુવસાહેબનું હૃદય બહુ જ કુટુમ્બવત્સલ હતું. આજથી દશેક વર્ષ ઉપર એમણે એકવાર મને વાતમાં કહ્યું, "મારા પિતાશ્રીની ઉમર જોતાં મારે પણ દશેક વર્ષ જીવવાનું છે એમ સામાન્ય રીતે કહી શકાય. એ સમયમાં મારા ચિરંજીવીઓ સાથે મારે રહેવું છે. એમને મેં પાલણામાંથી ઉછેર્યાં છે. પંડિત માલવીયજીને પણ મને ત્યાંથી છૂટો કરવાનું મેં જણાવ્યું છે. હવે તો હું અને મારો પ્રભુ અને પુત્રોનો સહવાસ. માણસે સાઠ વર્ષે નિવૃત્ત થઈ જવું જોઇએ. એમ કરવાનો એને અધિકાર પણ પ્રાપ્ત થાય છે." એક પ્રસંગે મારી શાળાનું છાપેલું મૅગેઝન મેં ધ્રુવસાહેબના હાથમાં મૂક્યું અને એમણે ધીમે ધીમે પાનાં ફેરવવા માંડ્યાં. એટલામાં 'બહેન ગઈ' એવા શીર્ષક નીચે એક વિદ્યાર્થીના લેખ ઉપર પોતે નજર ઠરાવી. એ લેખ વાંચ્યા પછી મને કહ્યું,

"હું અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ભણતો હતો ત્યારે જતુભાઈની બા—મારી બહેન—પણ ગઈ! એનો અંતકાળ હતો એ વખતે હું પૂજા કરતો હતો. તે ઉમરના મારા જ્ઞાન પ્રમાણે મનમાં કેટલીક વહેમી માન્યતાઓ ખરી. એટલે હું એમ માનતો હતો કે મારી પૂજા પૂરી થયા પહેલાં મારી બહેન જશે નહિ. પરંતુ મારા પિતાશ્રી બહેનની આખર અવસ્થા આવી પહોંચી છે એમ સમજી ગયા અને એને દેવઘર પાસે નીચે ઉતારવાની પોતે તજવીજ કરવા માંડી. અવસાન પહેલાં થોડાક વખતે એના બંને પુત્રોને—જતુભાઈ અને લીતુભાઇને—એ મને ભળાવતી ગઈ."

કુટુમ્બવાત્સલ્યનો એક અધિક પ્રસંગ મને કહેલો સ્મરણમાં આવે છે. પિતાશ્રીના અવસાન પછી ધ્રુવસાહેબ તુરત જ માંદા પડ્યા. એમના મામા અમૃતરાય મેઢ બહુ ડાહ્યા પુરુષ હતા. એમણે સ્નાન અને શ્રાદ્ધ વગેરેના રિવાજને બહુ મહત્ત્વ ન આપતાં ધ્રુવસાહેબની તબિયત સચવાય તે તરફ પૂરતું લક્ષ આપ્યું. પરિણામે પિતાશ્રીની શ્રાદ્ધાદિ ઉત્તરક્રિયા જતુભાઈએ કરી. "આ રીતે જતુભાઈને મારા ભાણેજ ઉપરાંત મારા નાનાભાઈ તરીકે પણ હું ગણું છું," એમ પોતે મને કહ્યું.

* * *

ધ્રુવસાહેબની સ્વદેશભક્તિ નક્કર હતી. હિન્દહિતચિન્તન એમના જીવનનો પ્રધાન વ્યવસાય હતો અને 'વસન્ત'માંના 'હિન્દહિતચિન્તક'ની સહીથી અને પોતાની સહીથી લખેલા અનેક લેખો એમની ઉજ્જવલ સ્વદેશપ્રીતિનાં જ્વલંત ઉદાહરણો છે. અવસાન પહેલાંનાં છેલ્લાં બે વર્ષમાં પણ માંદગીને બિછાને સૂતા સૂતા દેશહિતના અનેક પ્રશ્નો શક્તિ ક્ષીણ થતી હતી તથાપિ પોતે ચર્ચતા અને રસપૂર્વક સાંભળતા. વર્તમાન યુદ્ધ સંબન્ધી પણ વારંવાર અવલોકન કરતા અને આપણા દેશ ઉપર એની શી અસર થશે એની ચિન્તા વ્યકત કરતા. તા. ૬–૧૧–૪૦ ના રોજ મુંબાઇથી મારા ઉપર લખેલા એક પત્રમાં પોતે લખે છે કે "વર્તમાન યુદ્ધનો પ્રધાન સૂર સૂક્ષ્મતાથી સાંભળવા જેટલી આપણી શ્રવણેન્દ્રિય કેળવાઈ નથી? . . . મને હજી હિન્દુસ્તાનની ચિન્તા રહે છે."

આ વિચારના અનુસંધાનમાં પોતે આવા અર્થનું કહેતા કે આ આખું સુધરેલું જગત યુદ્ધરૂપી સળગતા જ્વાળામુખીઓના વિનાશક મુખોમાં સપડાયું છે! એ ફાટેલા પહાડોની જ્વાળાઓ ફેલાતી ફેલાતી હિન્દુસ્તાનની સીમા સુધી પહોંચી ગઈ છે અને આપણે ઊભા છીએ તે ભૂમિની આસપાસ પણ એ ફરી વળે તો જરા પણ આશ્ચર્ય નથી. એકવાર મેં પ્રશ્ન કર્યો, "કદાચ હિન્દુસ્તાન આ યુદ્ધરૂપી દાવાનળમાંથી બચી જાય તો હિંદુસ્તાનને ખાતર બીજું યુદ્ધ ભવિષ્યમાં લઢાય એમ આપને લાગે છે?" ધ્રુવસાહેબે ઉત્તરમાં કહ્યું, "એમ થાય તો સહેજે નવાઈ પામવા જેવું નહિ." હિન્દુસ્તાનની ચિન્તા ધ્રુવસાહેબને જીવનના છેલ્લા દિવસો સુધી હતી.

* * *

ગાંધીજી પ્રત્યે ધ્રુવસાહેબનો અપાર પ્રેમ એમની વાતચીતમાં વારંવાર જણાઇ આવતો. પોતે બનારસથી નિવૃત્ત થઈને અમદાવાદ આવ્યા ત્યારપછી ગાંધીજીએ હરિજનપ્રવૃત્તિમાં સક્રિય ભાગ

લેવા ધ્રુવસાહેબને પત્રદ્વારા જણાવ્યું. એ પત્રમાં ધ્રુવસાહેબે જીવનમાં અનેક સિદ્ધિઓ મેળવી છે એનો ઉલ્લેખ હતો. અને હરિજનોને ઉપદેશ આપવાનું કાર્ય ધ્રુવસાહેબ કરે તો 'મારું એ કાર્ય સફળ થઈ જાય' એમ ગાંધીજીએ લખ્યું હતું. આ પત્રનો સાર ધ્રુવસાહેબે મને કહી સંભળાવ્યો, અને પોતે ગાંધીજીને જે ઉત્તર લખ્યો તેનો સાર પણ મને કહ્યો. એ ઉત્તરમાં આ પ્રમાણે હતું: "આપ મને ઓળખો છો તેના કરતાં હું મારી જાતને વધારે જાણું છું. હું તો માત્ર લેખક છું; વક્તા નથી. એ કાર્યને માટે પંડિત માલવીયજી જેવાની યોગ્યતા ગણાય, મારા જેવાની નહિ." ગાંધીજી પ્રત્યે સંપૂર્ણ માન અને પ્રેમ છતાં ધ્રુવસાહેબનું આત્મભાન એટલું સબળ હતું, કે હૃદયથી બુદ્ધિ માને તો જ કોઈ પણ કાર્ય પોતે હાથ ઉપર લેતા. કીર્તિની તો એમણે જીવનમાં કદાપિ દરકાર કરી નહોતી.

પોતાના જીવનનાં છેલ્લાં પચ્ચીસ વર્ષ દરમિયાન ગાંધીજીની પ્રત્યેક પ્રવૃત્તિ સાથે ધ્રુવસાહેબે પરમ સહાનુભૂતિ રાખવા પ્રયત્ન કરેલ છે. ગાંધીજીની 'હરિજનપ્રવૃત્તિ' સાથે ધ્રુવસાહેબે જે પરમ સદ્ભાવ દર્શાવ્યો છે, તેનાં ઉદાહરણોમાં 'શાસ્ત્રાર્થ' ઉપર 'વસન્ત' અને 'Young India'માં પ્રસિદ્ધ થયેલો એમનો લેખ અને પૂનામાં ગાંધીજીની ઇચ્છાથી શાસ્ત્રીઓની સભામાં થોડોક ફેરફાર કરીને સંસ્કૃતમાં વાંચેલો અને પાછળથી પ્રસિદ્ધ કરેલો 'શાસ્ત્રાર્થ' ઉપર નિબંધ એ આગળ તરી આવે છે. પોતે ઘણીવાર કહેતા કે "કામ, ક્રોધ, લોભ વગેરે ખરા ઢેઢ છે અને સ્પર્શ કરવા યોગ્ય નથી; કોઈ વ્યક્તિવિશેષ કદાપિ અસ્પૃશ્ય હોઈ શકે જ નહિ."

પોતાના પાછળના મંદવાડમાં અહીં આવે ત્યારે આચાર્ય કૃપાલાણીજી દ્વારા કે સ્વ૦ મહાદેવભાઈ દ્વારા કે ક્વચિત્ પોતે ગાંધીજીને પોતાની તબિયતના સમાચાર મોકલતા અને ગાંધીજી પણ પ્રસંગોપાત્ત પૂછપરછ કરાવતા. જીવનનાં છેલ્લાં બે વર્ષ દરમિયાન ગાંધીજીના એક પ્રિય વૈદ્ય વલ્લભરામ સાથે મારે પરિચય થયો અને હું એમને ધ્રુવસાહેબ પાસે તેડી લાવ્યો. વૈદ્ય વલ્લભરામે પોતાની દવા લેવા ધ્રુવસાહેબને વિનંતી કરી. ધ્રુવસાહેબને કોઈ પણ વસ્તુનો ઘૂંટડો ઉતારવો એ સહેલું નહોતું. પરંતુ ગાંધીજી પ્રત્યેના પરમ પ્રેમને વશ થઇને ધ્રુવસાહેબે કહ્યું, "ગાંધીજી મારા છે અને આ (મારા તરફ આંગળી કરીને) પણ મારા છે. દવા સંબંધી બધું આને (મને) કહેજો. હું ખુશીથી દવા લઈશ." વૈદ્ય પણ ગાંધીજીને ધ્રુવસાહેબની તબિયત વિશે જણાવતા રહેતા અને ગાંધીજી પણ એમની સંભાળ લેવા વિશે વૈદ્યને કોઈ કોઈવાર સંદેશો મોકલતા. હું જ્યારે મળવા જતો ત્યારે પોતે કહેતા, "હું દવા નિયમિત રીતે લઉં છું." "I would die a martyr for science' એમ વિજ્ઞાન પ્રત્યે વલણ હોવા છતાં ગાંધીજી પ્રતિ પ્રેમને લીધે વૈદ્યની દવા પણ કેટલોક વખત પોતે લીધી. એમના જેવા મહા બુદ્ધિમાન પુરુષ પ્રેમને આમ અધીન થતા.

* * *

આપણા યુવાનોમાં આપણા દેશની સંસ્કૃતિનું જ્ઞાન વિસ્તારવાની ધ્રુવસાહેબની એક પરમ અભિલાષા હતી. એને માટે ઇતિહાસના જ્ઞાનની અપેક્ષા ઉપર પોતે વારંવાર ભાર મૂકતા.

'Transition Periods in History' વિશે એક ગ્રંથ રચવાની ધ્રુવસાહેબની ઇચ્છા હતી. કોઈવાર મને કહેતા, "હર્ષ પછીનો આપણો ઇતિહાસ સમજવા જેવો છે. સાતમા સૈકાથી અગિયારમા સૈકા સુધીના આપણા દેશના ઇતિહાસનું અન્વેષણ ઊંડાણથી કરવાની જરૂર છે. એ સમય—જેમાં શંકરાચાર્ય અને ભાગવતકાર શુકદેવના ગ્રન્થો પ્રકાશમાં આવ્યા—તે આપણો 'આત સંસ્કૃતિ'—'Over civilization'નો ઇતિહાસ છે. જેમ અસંસ્કૃતિ કે ઓછી સંસ્કૃતિ હાનિકારક છે, તેમ જ અતિસંસ્કૃતિનું પણ સમજવું. વળી તેરમા–ચૌદમા શતકથી ભાષાયુગ અથવા સાધુસન્તોની વાણીના યુગનું જે મંડાણ થયું અને જેને સ્વર્ગસ્થ મહર્ષિ રાનડે 'Eruptions' કહે છે તે 'Eruptions' તો ખરા પરંતુ એ પૃથ્વીના પડમાં—એના ગર્ભમાં—બની રહ્યા હતા. એનો ગર્ભકાલ નવમાથી બારમા શતક સુધીનો છે." વર્તમાન સમયમાં ઇતિહાસના અભ્યાસની ખાસ જરૂર છે એમ એઓ ભારપૂર્વક કહેતા.

* * *

જીવનના અંતિમ વર્ષમાં એક પ્રભાતકાલે હું ધ્રુવસાહેબને મળવા ગયો. એમણે એકાએક મને પ્રશ્ન પૂછ્યો, "કેમ ભાઇ, વસન્તોત્સવ ઊજવશું?' પ્રશ્નનું સ્વરૂપ હું કળી શક્યો નહિ, એટલે પોતે સ્પષ્ટીકરણ કર્યું, "તમે તો જાણો છો કે આકા શેઠના કૂવાની પોળના મકાનના ત્રીજા માળના ખંડમાં જે પુસ્તકો પડેલાં છે, તેમાંથી જ જીવનની વસન્ત અનુભવતા હું શીખ્યો છું. મારા જીવનનું ઘડતર એ ખંડમાં થયું છે. એ મારું પરમ પ્રિય સ્થાન છે. એમાં રહેલાં સર્વ પુસ્તકોને એક વાર એકસાથે ગોઠવીને એમનું સમગ્ર દર્શન કરીને પ્રણામ કરવાનો મને મનોરથ છે. એક સર્વસંગ્રાહક દર્શન કર્યા પછી નીચે એક નાના પાટિયા ઉપર હું આટલું જ લખીશઃ These have made me. આ જ મારા જીવનનો વસન્તોત્સવ."

આ મહાપુરુષની જ્ઞાન પ્રત્યે આવી ઉત્કૃષ્ટ ભક્તિથી મારાં નેત્ર ભીનાં થયાં.

* * *

છેવટના વર્ષમાં ધ્રુવસાહેબ 'વિચારમાધુર્ય' ઉપર જ નભતા એમ કહીએ તો ચાલે. મને કહેતા, "I can enjoy my own thoughts. પ્રભુની કૃપા છે કે મારા વિચારો મને આનંદ આપે છે." વિશેષે કરીને જીવનમાં મધુર સ્મરણો પોતે વારંવાર સંભારતા. કોઈ વાર મારી સમક્ષ પોતાના યૌવનકાળમાં પત્ની સાથે મુંબઈથી નીકળી રાત્રે બે વાગે સૂરત ઊતરતા તેનું સ્મરણ કરતા કે મણિલાલ, ઉત્તમલાલ, ગોવર્ધનરામ, નરસિંહરાવ, ભૂલાભાઈ, કાશીરામભાઈ વગેરે સદ્ગત કે વિદ્યમાન મિત્રો સાથેના મધુર પ્રસંગો સંભારતા અથવા બનારસ યુનિવર્સિટીના કેટલાંક પ્રિય સ્મરણો કહેતા. પોતાનાં બાલ્યકાળનાં અને અભ્યાસકાળનાં સુન્દર સ્મરણો પણ પ્રસંગોપાત્ત મને એમણે કહ્યાં છે. ભાસ્કર શાસ્ત્રી, ખંભાતા માસ્તર અને પ્રો. કાથવટેની સ્તુતિ ધ્રુવસાહેબ કેટલીકવાર કરતા. ડૉ. ભાંડારકર સાથેના કેટલાંક પ્રસંગો પણ જણાવતા. એકવાર ધ્રુવભાઈ અને પ્રહ્લાદભાઈ નાના હતા ત્યારે બંનેને ડૉ. ભાંડારકરને પગે લગાડવા પોતે મુંબઈમાં સાથે લઈ ગયા અને 'ધ્રુવ' અને 'પ્રહ્લાદ' એ નામો સાંભળીને ડૉ. ભાંડારકર બહુ જ રાજી થયા

ઇત્યાદિ વાતો પણ પોતે કહેતા. પંડિત માલવીયજી અને ગાંધીજી સાથેના કેટલાક પ્રસંગો પોતે પરમ પ્રેમથી નિવેદન કરતા. બનારસ યુનિવર્સિટીમાં પ્રસિદ્ધ વક્તાઓનાં ભાષણોની અને એને અંતે પોતે આભારદર્શન વખતે જે એ શબ્દો કહેતા તે વિશે પણ મને વાતો કરતા. અનેક પ્રસંગોમાંથી એકનું સ્મરણ ટાંકું છું. "એક વાર પંડિત જવાહરલાલનાં માતુશ્રી સ્વરૂપરાણી નહેરુએ યુનિવર્સિટીમાં ભાષણ આપ્યું. જવાહરલાલ પાસેથી જે ગોળી પસાર થઈ અને જવાહરલાલ બચી ગયા એ પ્રસંગનું વર્ણન કરતાં માતાનું હૃદય પુત્ર માટે પરમ પ્રેમથી નીતરતું હતું. 'મારા જવાહરને પ્રભુએ બચાવ્યો.' ઇત્યાદિ વચનો વડે પ્રેમની મધુરતા શી ચીજ છે એનું અદ્‌ભુત ભાન શ્રીમતી સ્વરૂપરાણીએ શ્રોતાજનોને કરાવ્યું.—આ પ્રમાણે ધ્રુવસાહેબે બહુ લાગણીપૂર્વક પ્રસંગ વર્ણવ્યો.

ગૂજરાત કૉલેજના પણ ઘણા પ્રસંગો પોતે સંભારતા. ગૂજરાત કૉલેજનાં સત્તાવીશ વર્ષો અને બનારસનાં સત્તર વર્ષો—જેને પોતે પોતાની 'કેળવણીનો કાળ' કહેતા—એ એમાંથી કયો સમય વધારે સારો છે એ પોતે પસંદ કરી શકતા નહિ. ભવભૂતિ 'ઉત્તરરામચરિત'માં જે સાધુતાનું સ્વરૂપ આલેખે છે, તે પ્રમાણે તો જેનું જીવન આદિથી તે અંત સુધી એકરસ છે, એને જીવનનો કયો ભાગ વધારે સારો અને કયો ઓછો સારો એ પ્રશ્ન જ રહેતો નથી; એને તો સમસ્ત જીવન એ નિત્ય વસન્ત છે. "સમગ્ર જીવન ફરી જીવવાનું આવે તો હું ઘણી જ ખુશીથી મારું જીવન ફરી જીવું," એમ પોતે કેટલીકવાર ઉલ્લાસથી કહેતા.

ધ્રુવસાહેબે 'ઉત્તરરામચરિત'માંનું રામચન્દ્રજીનું જીવન પોતાના અંતરમાં અમૃતાક્ષરે કોતરી રાખ્યું હોય એમ જરા સૂક્ષ્મતાથી જોતાં જણાતું હતું. જેમ 'ચિત્રદર્શન'માં એક પણ કટુ સ્મરણ રામને ગમતું નથી; બધી મધુર સ્મૃતિઓ જ ગમે છે, તેમ ધ્રુવસાહેબને જીવનનાં મધુર સ્મરણો જ યાદ કરવા ગમતાં.

ભવભૂતિના દામ્પત્યસ્નેહના 'અદ્વૈત'નું ધ્રુવસાહેબ 'अद्वैतं सुखदुःखयोरनुगतं" વગેરે પંક્તિઓ કોઈ કોઈવાર ઉચ્ચારી કહેતા કે "કોણ જાણે ભવભૂતિ કેવો કદ્રૂપો બ્રાહ્મણ હશે પરંતુ એના આત્માનું સૌન્દર્ય ખરેખર અદ્‌ભુત હતું. વૃદ્ધાવસ્થામાં પણ 'Sublime' અને 'Beautiful' બંને હયાત હોય એવા ધન્ય આત્માઓ ધારે તો જીવનનું અપાર માધુર્ય અનુભવી શકે છે."

* * *

મૃત્યુને પણ જાણે કોઈ નિત્યકાર્ય હોય—routine હોય—તેમ પોતે ગણતા. એક વાર મને પૂછ્યું, "મુંબઈમાં અવસાન થાય તે સારું કે અમદાવાદમાં? મુંબઈમાં દાક્તરોની સગવડ વધારે ખરી. ખાસ કરીને ડૉ. યોધ તો મારી તબિયતને બહુ સારી રીતે જાણે છે. પરંતુ અમદાવાદમાં દાક્તરો ખરા અને સગાંસ્નેહીઓ પણ ખરાં. વળી આ જન્મસ્થાન પણ ખરું, અને જીવનનું વાતાવરણ પણ અહીં જ." એક બીજા પ્રસંગે જન્મભૂમિ અમદાવાદ વિશે પોતે કહ્યું, "૧૯૨૪ની સાલમાં હું બનારસમાં બહુ માંદો પડ્યો. તે વખતે શરીર પડી જશે એમ ઘણાંને લાગતું હતું. પંડિતજીને પણ એમ જણાતું હતું. મેં મને અમદાવાદ લઈ જવા આગ્રહ કર્યો." પંડિતજીએ કહ્યું,

‘ ધ્રુવજી, આ ગંગાનો કાંઠો છે.’’ ધ્રુવસાહેબે ઉત્તર વાળ્યો, “ પણ ત્યાં તો (અમદાવાદમાં) દધીચિ ઋષિનો આરો છે.’’ પ્રભુકૃપાએ ધ્રુવસાહેબની તબિયત તે વખતે સુધરી ગઈ. અમદાવાદ પ્રત્યે ધ્રુવસાહેબને પરમ પ્રેમ હતો. એનું એક બીજું સ્મરણ પણ ટપકાવું છું. મદ્રાસમાં ચોથી તત્ત્વજ્ઞ પરિષદનું ભાષણ પૂરું થયું એટલે સર શિવસ્વામી આયરે તુરત જ ધ્રુવસાહેબને પૂછ્યું, “ મિ. ધ્રુવ, તમે ખરેખર અમદાવાદના જ છો ?’’ ધ્રુવસાહેબે જવાબ આપ્યો, “ હું અમદાવાદનો નિવાસી છું, અને મારી ઘણી પેઢીઓ પણ અમદાવાદમાં જ થયેલી છે.’’

* * *

ધ્રુવસાહેબનું શરીર અત્યંત જર્જરિત થતું હતું. તેવામાં એક સાંઝે ફરીને પાછા વળતાં મેં કહ્યું, “ આપે શરીર પાસેથી બહુ કામ લીધું છે. તાવથી શરીર પિડાતું હોય તેવી અવસ્થામાં પણ આપ કેટલીકવાર પુસ્તકો પણ વાંચતા, અને મળવા આવનાર સાથે વાતો પણ કરતા. આખું જીવન આપે વિચારમાં જ વ્યતીત કર્યું છે.’’ ધ્રુવસાહેબે ઉત્તરમાં કહ્યું, “ એ વાત ખરી. મેં શરીર પાસેથી બહુ કામ લીધું છે. પરંતુ જીવન વિચાર (Thought) નહિ તો બીજું શું છે ? અલબત્ત, મારું શરીર જોતજોતામાં આટલું જીર્ણ થઈ ગયું એ મને પણ એક puzzle—કોયડો —તો છે !’’ એમ કહીને પોતાની રીત પ્રમાણે વાત છોડી દીધી.

* * *

અવસાન પહેલાં એકાદ માસ ઉપર પણ મૌલિક પ્રશ્નોની સમજણમાં ધ્રુવસાહેબની બુદ્ધિનું સામર્થ્ય પ્રથમ જેવું જ જણાતું હતું. એ વખતે ધ્રુવસાહેબ સાથે થયેલી એક વાતચીત પ્રશ્નોત્તરના રૂપમાં રજૂ કરું છું:—

પ્રશ્ન:—લોકો Emotional life—લાગણીનું જીવન—વિશેષ ગાળે છે. આપણામાંના કેટલાક ઉત્તમ પુરુષો પણ બુદ્ધિ કરતાં લાગણીને આગળ પાડે છે. આપણા દેશના ઉત્તમ ત્યાગવીરો પણ લાગણીના ઉછાળામાં ઘણો ત્યાગ કરી બેસે છે. અને પાછળથી દિલગીર બને છે. લાગણીને આગળ પાડીને જ સિદ્ધિ થઈ શકે ? બીજી કોઈ રીતે નહિ ?

ઉત્તર:—બુદ્ધિના જીવન સાથે લાગણીના ઉછાળાથી જ—Emoional pullથી જ,—જીવનમાં કાંઈક સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. બુદ્ધિના જીવનથી—Rational lifeથી—એવી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી.

પ્રશ્ન:—એકંદર કયું જીવન સારું ?

ઉત્તર:—એકંદર બુદ્ધિનું જીવન એ જ ઉત્તમ જીવન.

પ્રશ્ન:—આધ્યાત્મિક જીવનમાં બુદ્ધિ અને લાગણીનો સમન્વય “ Transfution ’’—હોય છે તે કેવું ?

ઉત્તર—એ મારે મન શંકા છે. હજી એનું સમાધાન મને થયું નથી. એ મારો કોયડો છે. એ સ્થિતિનો હું સાક્ષાત્કાર કરી શકતો નથી.

પ્રશ્ન—ક્રાઈસ્ટનો છેલ્લો આત્મત્યાગ—ક્રૂસારોહણ—એ લાગણીનું કાર્ય કે બુદ્ધિ અને લાગણીના ‘ transfusion ’નું પરિણામ ?

ઉત્તર—ક્રાઈસ્ટના જીવનનું એ અંતિમ કાર્ય જે કહેવા એ રહ્યા નહિ એ વિશે આપણે શું કહીએ ? આપણે તો એ વિશે અંધારામાં જ રહ્યા. આપણે તો અંધારામાં જ મરવાનું રહ્યું.

એક બીજો ટૂંકો સંવાદ પણ ટપકાવું છું :—

પ્રશ્ન—રામરાજ્ય કે પ્લેટોના આદર્શ રાજ્યમાં પણ વહેમો તો રહે જ છે. એ ક્યારે જાય ?

ઉત્તર—જ્યાંસુધી ભ્રાન્તિ—error—રહેશે, ત્યાંસુધી એ રહેવાના જ, અને તેથી જ સુવર્ણયુગો પણ થોડો સમય રહે છે અને વળી જગત પાછું ભ્રાન્તિમાં પડી જાય છે.

* * *

મૃત્યુ પહેલાં લગભગ વીસ દિવસ ઉપર એક સવારે હું ધ્રુવસાહેબને ત્યાં ગયો. પોતે બહાર ફળિયામાં ખુરશી ઉપર આરામથી બેઠા હતા. ભાગવત વિશે વાત નીકળી. “ભાગવતનાં મેં અનેક પારાયણો કર્યાં છે, અને ભગવદ્‌ગીતા કરતાં પણ એ ભક્તિનો—નિરતિશય પ્રેમનો—ગ્રન્થ મને વધારે ગમે છે. એ પારાયણની સંખ્યા પણ મેં ક્યાંક નોંધી છે. પ્રપત્તિયોગ એ જ પરમ યોગ છે.” આમ કહેતાં કહેતાં જાણે મને છેલ્લો સંદેશો આપતાં હોય તેમ પૂછ્યું, “દત્તાત્રેય અવધૂતે કેટલા ગુરુઓ કર્યા ?” મેં કહ્યું, “ચોવીસ.” પોતે પૂછ્યું, “એટલા બધા કેમ ?” મેં ઉત્તર વાળ્યો, “એક કરતાં અનેક ગુરુઓના ઉપદેશનો લાભ મળે તે માટે.” પોતે કહ્યું, “ત્યારે આ જગત અપૂર્ણ છે. એક ગુરુના ઉપદેશથી જ્ઞાન સુસ્થિર થતું નથી અને તેમાં વધારો પણ થતો નથી. તેથી જગત સાહિત્યમાંથી અનેક દૃષ્ટાન્તો દ્વારા પ્રત્યક્ષ પ્રભુને કરવો જોઈએ.”

એ મહાન ગુરુવર્યનું આ છેલ્લું વચનામૃત હતું.

છેલ્લા આઠદશ દિવસ ઉપર મૃત્યુની સમીપ પોતે જઈ રહ્યા છે એ વાતની પોતાને ખાતરી થઈ હતી. અન્નમાંથી સ્વાદ ચાલ્યો ગયો. ચા ઉપર પણ અરુચિ થઈ. બને ત્યાંસુધી એ દિવસોમાં પણ સાંઝે ભદ્રકાળી સુધી મોટરમાં ફરવા જવાનું ચાલુ રાખ્યું. માત્ર છેલ્લા ચારેક દિવસ ફરવા જવાનો ક્રમ બંધ થયો. એકાદ અઠવાડિયા થયા અનશનવ્રત શરૂ કર્યું. છેલ્લા ત્રણ દિવસ થયાં વ્યાધિ વધવા માંડી. એ દિવસોમાં મૃત્યુના પોતે દ્રષ્ટા રહ્યા. તા. ૫–૪–૪૨ની રાત્રે સાડા આઠ વાગ્યે હું એમના ખાટલા નજીક ઘડીક બેઠો. મને ઇશારો કરીને નજીક આવવા કહ્યું. હું નજીક ગયો. મંદ સ્વરે પોતે કહ્યું, ‘બને તો સવારે આવજો.’ મારે માટે આ છેલ્લા શબ્દો હતા. બીજે દિવસે સાંઝે મારી સાથે આવેલા વૈદ્યને પોતે હાથ હલાવી આશીર્વાદ આપ્યા. રાત્રે સર્વ કુટુમ્બીજનોને આશિષો આપી. તા. ૭મી એપ્રિલે સવારમાં એક પછી એક ઇન્દ્રિયોનું કાર્ય બંધ થવા માંડ્યું. જમણી આંખનું દર્શન જતું હતું ત્યારે જમણા હાથને મહામુસિબતે હલાવીને પોતાના મોટા પુત્ર ધ્રુવભાઈને એ ઇન્દ્રિયનું કાર્ય બંધ થાય છે તેમ સમજણ પાડી. ‘દેવઘર પાસે મને હવે લઈ જાઓ,’ એ એમના અંતિમ શબ્દો હતા. અવસાન પહેલાં થોડાક કલાક ઉપર હાથમાં ગોઠવેલી બે માળાઓ પણ પોતે યન્ત્રવત્ ઝડપથી ફેરવી કાઢી.

પરમાત્માના અનુસંધાનમાં જ એ પરમભાગવતે મૃત્યુની ‘ અત્યન્ત વિસ્મૃતિ ’માં પ્રવેશ કર્યો.

ચૈત્ર વદ સાતમ ને મંગળવારે બપોર નમતાં ૪–૫ મિનિટે જીવન અને મૃત્યુ બંનેમાં મહાન પૂજ્ય આનંદશંકરભાઈએ દેહ છોડચો !

જે દધીચિ ઋષિનો આરો એમને ગંગાના કિનારા કરતાં પણ અધિક પ્રિય હતો, ત્યાં જ એમના મૃતદેહને અગ્નિસાત્ કરવામાં આવ્યો. આ નગરમાં અને સમસ્ત હિન્દમાં સત્યધર્મની સેવામાં સમસ્ત જીવન સમર્પણ કરનાર આવા દધીચિ જેવા પવિત્ર પુરુષ કયારે થશે અને એમનું અધૂરું રહેલું કાર્ય કયારે આગળ ચલાવશે ? કયારે ? को अद्धा वेद ?

આચાર્યશ્રી આનંદશંકરનું બ્રાહ્મણજીવન

પ્રો. અનંતરાય મ. રાવળ

> ज्ञानी त्वात्मैव मे मतम् ।
> —गीता

રા. મુનશીએ સ્વ. આચાર્ય આનંદશંકરને અંજલિ આપતાં તેમને ‘અર્વાચીન યુગના છેલ્લા બ્રાહ્મણ’ કહ્યા છે. તેમાં ‘બ્રાહ્મણ’ શબ્દનો મુનશીને ઉદ્દિષ્ટ અર્થ બ્રાહ્મણશ્રેષ્ઠ ઋષિવરોએ પ્રવર્તાવેલ આર્ય સંસ્કૃતિ અને સંસ્કાર જે કંઈ સૂચવે તેનું પોતાના જીવન અને લેખનમાં મૂર્ત ઉદાહરણ પૂરું પાડનાર એવો હશે. અહીં હું ‘બ્રાહ્મણજીવન’ શબ્દ વાપરવા ઇચ્છું છું જેને ગોવર્ધનરામે ‘સાક્ષરજીવન’ કહ્યું છે તે અર્થમાં. ગોવર્ધનરામે એ નામના પોતાના જ્ઞાનગરવા બૃહન્નિબંધમાં ‘સાક્ષરજીવન’ને બદલે ‘બ્રાહ્મણજીવન’ કે ‘ઋષિજીવન’ શબ્દનો પ્રયોગ કર્યો હોત[1] તો તે આપણે ત્યાંની તે શબ્દના અર્થસંસ્કારની પ્રણાલિકા જોડે સારી રીતે સંગત થાત. ‘સાક્ષર’ શબ્દથી તો અંગ્રેજી શબ્દ man of lettersનો જ સંસ્કારબોધ થાય છે. ગોવર્ધનરામે બોધેલા આદર્શને માટે બ્રાહ્મણ શબ્દ જ વધુ અર્થવંતો છે. જ્ઞાનીઓ, તત્ત્વદ્રષ્ટાઓ, સ્મૃતિકારો, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, ઇતિહાસકારો, વિદ્વાન અધ્યાપકો એ સૌ સર્વ પ્રજાના બ્રાહ્મણો કે ઋષિઓ જ ગણાય. આ અર્થમાં આચાર્યશ્રી આનંદશંકરના જીવનકાર્યને તપાસતાં મુનશીમાન્ય બ્રાહ્મણી વિશિષ્ટતાઓનો પણ સમાવેશ તેમાં થઈ જશે એ સ્પષ્ટ છે.

ભારત અને ગ્રીસના પુરાણા ઋષિજીવનના આદર્શથી પ્રેરાઈને, પણ વધુ તો પોતે લીધેલા વાનપ્રસ્થ્યની પ્રેરક ભાવના સમજાવવાને ઇરાદે, ગોવર્ધનરામે પ્રતિપાદેલ સાક્ષરજીવનના આદર્શને દૃષ્ટાન્તથી સમજવો હોય તો તેમાં બે વ્યક્તિઓ કામ આવશે, એક ગોવર્ધનરામ પોતે, અને ત્યાર પછી બીજા આનંદશંકર. ગોવર્ધનરામ માને છે તેમ, આત્મકલ્યાણ સાથે લોકકલ્યાણ સાધવાના અભિલાષીઓ અન્નપૂર્ણાના પ્રસાદથી સવેળા તૃપ્ત થઈ, પછી કાં બને શારદાના વાહન મયૂર, કાં બને તેની વીણાના ગાનમાં લયલીન ભક્ત.[2] જીવનના કુરુક્ષેત્રજંગમાં કામનાં તો ક્રિયા અને જ્ઞાન બેઉ વાનાં છે. ‘...અર્જુનનું યુદ્ધ અને કૃષ્ણનું અશસ્ત્ર સારથિત્વ ઉભયના યોગથી જ લોકકલ્યાણ સાધ્ય છે.’[3] આનંદશંકરે ‘સરસ્વતીદેવીના પવિત્ર રમણીય ભારને ઊંચકી’ પોતાની અધ્યાપકીય તેમ જ ‘વસંત’કીય પ્રવૃત્તિ દ્વારા થોડું મયૂરકૃત્ય કર્યું છે એની ના નહિ, પણ એકંદરે તો તેઓ વીણાધારિણીના ગાનલીન ભક્ત જ વધુ છે. એમની સરસ્વતીની ઉપાસના માટે તો કશા સર્ટિફિ-

---

[1] ગોવર્ધનરામ પોતે આ જાણે છે જ: જુઓ, “પ્રાચીન બ્રાહ્મણો સાક્ષરજીવન ગાળતા એટલું જ નહીં, પણ તેમનો મોટો અથવા ન્હાનો ભાગ દેશકાળ પ્રમાણે લક્ષણદ્રષ્ટાઓનો અને લક્ષ્યદ્રષ્ટાઓનો હતો...”
(‘સાક્ષરજીવન,’ પૃ. ૧૪૮)

[2] ‘સાક્ષરજીવન,’ પૃ. ૪૧   [3] ‘સાક્ષરજીવન,’ પૃ. ૪૦

કેટની એમને જરૂર જ નથી. એમનાં લખાણોનો સમગ્ર જથ્થો જેઓ તપાસશે, 'વસંત' માસિકના પાછલા પૂંઠા પર દર અંકે જે વિવિધ મનનીય ઉતારાઓ એ આપતા તે જેઓ જોશે, અને તેમના અવસાન બાદ તેમના સુપુત્રોએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને બક્ષિસ તરીકે આપેલ એમના ગ્રંથભંડારની જે કોઈ ઊડતી ય મુલાકાત લેશે, તેમને સ્વર્ગસ્થનાં વિદ્યાપ્રીતિ અને વિશાળ વાચનનો તત્કાળ ખ્યાલ આવી જશે. સાચા અર્થમાં એ આપણા એક બહુપાઠી (well–read) પંડિત, અને બહારના પ્રાન્તો આગળ ગુજરાતને ગૌરવ લેવા જેવા વિદ્વાન તરીકે વિનાસંકોચ ધરી શકીએ તેવા વિદ્વાન હતા. એમની એ વિદ્યાપ્રીતિ સાંકડા પટમાં જ સીમિત નહોતી બની. સંસ્કૃતના અધ્યાપકને સંસ્કૃત સાહિત્ય અને હિંદુ તત્ત્વદર્શનનું પ્રશંસનીય જ્ઞાન હોય જ, હોવું જ જોઈએ, એટલે એની બહુ નવાઈ ન ગણાય. નવાઈ તો ત્યાં છે કે એ પુરાણા સાહિત્ય ને તત્ત્વજ્ઞાનની જૂની દુનિયામાં પુરાઈ ન રહેતાં આ સંસ્કૃતના અધ્યાપકે ગુજરાતી ને અંગ્રેજી સાહિત્ય, પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યતંત્રશાસ્ત્ર આદિ વિવિધ વિષયોના વિકસતા જ્ઞાનરાશિને ય પોતાનો કરવાની ઉત્સાહી વૃત્તિ સેવી. એને લીધે જ વિકાસશીલ યુગબળોની સાથે રહી કેળવણી, નીતિ, ધર્મ, સમાજ, રાજકારણ આદિ પ્રશ્નોમાં જીવન્ત રસ લેનાર અને નવાં વલણોને જૂની દૃષ્ટિથી અને જૂનવાણીને નવીથી અજવાળી સંસ્કારનાર સમન્વયદર્શી વિચારક પણ એ બની શક્યા.

શારદાની વીણાના ગાનની શ્રુતિ માટે, અન્નપૂર્ણાથી તૃપ્ત રહી ઇતર પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થવાનું જે ગોવર્ધનરામ આવશ્યક માને છે તે સ્વ. આનંદશંકરને કરવું પડયું નથી. એમનો અધ્યાપક તરીકેનો જીવનવ્યવસાય જ એવો કે તેમાં રહ્યે રહ્યે તે આવી જ્ઞાનોપાસના કરી શકે તેમ હતું. વળી ગોવર્ધનરામની સાક્ષરજીવનની ભાવના એકલી આત્માર્થી જ્ઞાનોપાસના આગળ અટકતી નથી. એનું પૂર્ણવિરામ તો આવે છે આત્મકલ્યાણ સાથે જ કે તે દ્વારા સાધવાના લોકકલ્યાણની પછી. એવા લોકકલ્યાણ માટે એવું સાક્ષર–બ્રાહ્મણ–જીવન જીવનારના દૃષ્ટ વિષયનું પ્રતિફલન ગોવર્ધનરામ ખાસ આવશ્યક માને છે. 'એ પ્રતિફલન ગ્રન્થદ્વારા તેમ જિહ્વાદ્વારા કરવામાં આવે છે.'[૪] આવું જિહ્વામુખી પ્રતિફલન સ્વ. આનંદશંકરને માટે તેમના આ અધ્યાપકીય જીવને શક્ય બનાવ્યું હતું. લેખિની દ્વારા પણ તેમના જ્ઞાત–દૃષ્ટ વિષયનું પ્રતિફલન અને વિતરણ તેમને હાથે 'સુદર્શન' અને 'વસંત' મારફત થયું છે. એમાંના ધર્મ–તત્ત્વજ્ઞાન–નીતિ સંબંધી લેખોના સંગ્રહ 'આપણો ધર્મ' અને સાહિત્ય, કેળવણી આદિ વિષયો પરનાં લખાણોના ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રકટ કરેલા સંગ્રહો 'કાવ્યતત્ત્વવિચાર' અને 'સાહિત્યવિચાર'માં હવે પ્રકટનાર સમાજ–રાજકારણ વિયયક લખાણો ને નોંધોના 'દિગ્દર્શન' નામી સંગ્રહને ઉમેરીએ, અને તે સાથે 'હિંદુ ધર્મની બાળપોથી', 'નીતિશિક્ષણ' ને 'હિંદુ વેદધર્મ' જેવાં એમનાં વડોદરા રાજ્યે પ્રકટ કરેલાં પુસ્તકોનો ખ્યાલ રાખીએ, તો તેમણે પ્રતિફલિત કરેલા પોતાના દૃષ્ટ વિષયોનું પ્રમાણ આપણને સમજાઈ જશે.

પણ એટલું પ્રતિફલન અપૂરતું છે એવો અસંતોષ ગુજરાતને રહી ગયો છે. એ, સ્વ.

---

[૪] 'સાક્ષરજીવન', પૃ. ૧૪૭–૪૮

આનંદશંકર પાસે તેમણે આપ્યું તેથી ઘણું વધુ અપેક્ષવા જેટલું જ્ઞાનધન હતું એમ સૂચવી, એકપક્ષે તેમના પ્રત્યેનો તેથી ઊપજતો આદરભાવ સૂચવે છે. બીજે પક્ષે એ હકીકત એ મુદ્દા તરફ પણ આંગળી ચીંધે છે કે મણિલાલે જે ને જેટલું ચાલીસ વર્ષની અને ગોવર્ધનરામે બાવન વર્ષની આયુષ્યાવધિમાં આપ્યું તેટલું ૭૪ વર્ષના આયુષમાં આનંદશંકરથી અપાયું નથી. આનું શું કારણ હશે? બાહ્યાભ્યંતર શુચિ રહેવાને પ્રયત્નશીલ અને વ્યવહારમાં દક્ષ એવા આ નાગર પંડિતને વાચનમનનથી રળેલી જ્ઞાનમૂડીના વિતરણની પ્રવૃત્તિ પરત્વે સાવ ઉદાસીન અને સર્વારંભપરિત્યાગીની કોટિમાં તો નથી બેસાડી શકાતા. કારણ, મણિલાલના અવસાન બાદ કર્તવ્યબુદ્ધિપૂર્વક 'સુદર્શન'નું સંપાદન તેમણે હાથ ધર્યાનું, તેમ જ ત્યારપછી ગોવર્ધનરામમાન્ય 'સાક્ષર'ના જેવી જ અંતસ્થ વાસના કે ભાવનાથી 'વસંત'નું સંચાલન વર્ષો સુધી તેમણે કર્યાનું આપણે ભૂલી શકતા નથી. પણ જીવનના મધ્યાહ્નનો એ ઉત્સાહ તેમનાથી પાછળથી દાખવાયો નથી. વાંચવાની મજા જેટલી ફાવે તેટલી લખવાની કડાકૂટ ન ગમે એવી વૃત્તિ હોય, કે વૃત્તિ તો હતી પણ શ્રમ કરી કે ખમી ન શકે એવી શક્તિ (energy) હીણી એમની તબિયત બનતી ગઈ હોય, કે પછી વૃત્તિ ને શક્તિ બંને હતાં પણ બનારસ હિંદુ યુનિવર્સિટીના કારભારમાં રોકાયેલા રહેવાથી જોઈતો અવકાશ ને નિરાંત એમને મળી શક્યાં નહિ—આ ત્રણમાંથી કોઈ એક યા વધુ કારણે કે પછી બીજા કોઈ કારણે, પણ પરિણામ એ આવ્યું છે કે આચાર્યશ્રીથી પાછળનાં વર્ષોમાં પોતાના જ્ઞાનનો ને વાચનનો લાભ અક્ષરરૂપે ગુજરાતને આપી શકાયો નથી. સ્થૂળ પરિણામને જ જોતો માનુષી લોભ તો એમ ઇચ્છાવે છે કે જે ભાવનાથી ગોવર્ધનરામે માત્ર બેંતાળીસમે વર્ષે પોતાની જામેલી વકીલાત છોડી દઈ નિવૃત્તિ લીધી તે જ ભાવનાથી પ્રેરાઈ સ્વ. આનંદશંકરે કંઈ નહિ તો સાઠમે વર્ષેય નિવૃત્તિ લીધી હોત! તો તેઓ ઘણાને દેખાયા છે તેવા પોતાપૂરતા જ્ઞાનાનંદમાં જ (અને તે રીતે આત્મકલ્યાણમાં જ) રત લાગવાને બદલે લોકકલ્યાણાર્થ જ્ઞાનવિતરણનો બ્રાહ્મણધર્મ વિપુલ પ્રમાણમાં બજાવી શક્યા હોત, અને ગુજરાતને થયેલી થોડી હાનિ* ઓછી થાત. પણ નિમિત્તમાત્ર એવાં માનવીઓમાંથી કોના દ્વારા ઈશ્વરી શક્તિ કેટલું કરાવવા માગે છે તે આપણે શું જાણીએ? તેથીજ કદાચ તેણે સ્વ. આનંશંકરમાં ગોવર્ધનરામ ને મણિલાલની આકાંક્ષાઓ અને પોતાની લોકકલ્યાણકારી ભાવનાને કર્તવ્યમાં આચરવાની મિશનરીના જેવી ધગશને ઉત્કટ માત્રામાં મૂક્યાં નહિ હોય અથવા, કોને ખબર આનંદશંકરની જીવનકલા, (Art of life) અને વૃત્તિને જ એક જીવતા ગ્રંથ તરીકે રજૂ કરવાનો એ પરમ શક્તિનો સંકેત નહિ હોય?

આ તો તેમના પ્રતિફલનની સ્થૂલ જથ્થાદૃષ્ટિએ વાત થઈ. બાકી જે કંઇ તેમણે લખ્યું છે ને જે રીતે તેઓ બોલ્યાવ્યવહર્યાં છે તેમાં તેમણે પાળ્યું તો છે ગોવર્ધનરામોક્ત સાક્ષર-

---

* તેમના દૃષ્ટિવિષય તેમના શરીરની સાથે નાશ પામે તો સંસારને હાનિ થાય, માટે જ તે વિષયના લોકોપકારક સંગ્રહને માટે તેનું પ્રતિફલન આવશ્યક છે. અને તેથી જ આ પ્રતિફલન કરવાનો આ દ્રષ્ટાઓનો અધિકાર છે. [સાક્ષર જીવન, પૃ. ૧૪૮]

જીવન જ. 'સાક્ષરજીવનનું વ્યાવર્તક લક્ષણ તો એની તટસ્થતા,'દૃષ્ટિ અને તૃપ્તિ છે.'[૫] અને સ્વ. આનંદશંકરે જાહેર રીતે નિવૃત્તિ લીધા વિના ય, સંસારમાં સરસા રહીને ય, સાધેલી અલિપ્તતાને બળે આ શરત પૂરી પાળી છે. દેશી તથા પરદેશી જ્ઞાનગંગાના પ્રવાહોના તેમ જ દેશમાંના વિચાર, વાતાવરણ અને પ્રવૃત્તિના પ્રવાહોના તેઓ તટસ્થ દ્રષ્ટા અને આલોચક હતા અને તેવા રહ્યા હતા પણ છેક સુધી. 'તટસ્થ સાક્ષીને અનિવાર્ય' એવી 'ગુણાનુરાગિણી દૃષ્ટિ'[૬] પણ તેમને થોડીક તો સ્વભાવસહજ હતી ને બાકી તેમની આ તટસ્થ સાક્ષિતાએ કેળવી આપી હતી. કોઈપણ પ્રશ્નની ચર્ચા કરતાં, કોઈ વ્યક્તિ અને તેના જીવનકાર્ય સંબંધમાં વાત કરતાં, અથવા કોઈ ગ્રંથને અવલોકતાં, એમની દૃષ્ટિ પ્રથમ એના ગુણભાગ તરફ વળતી દેખાય છે તે આ કારણે. નરસિંહરાવ, નાનાલાલ, મુનશી, રમણલાલ આદિ માટે એમણે જે કંઈ કહ્યું છે તે આ સંબંધમાં યાદ આવવું જોઈએ. એઓ તો સત્ય, સુંદર ને શિવના ઉપાસક. જ્યાંથી તેમને એમાંનું કંઈક મળે ત્યાંથી એનો પ્રસન્ન ચિત્તે સ્વીકાર કૃતજ્ઞભાવે એ કરવાના જ. આનો અર્થ એવો નથી કે ઊણપો, ન્યૂનતાઓ કે દોષો તરફ એ બેધ્યાન રહે છે. વસ્તુનો તલસ્પર્શ કરી આવનારી તેમની ઊંડી ને તત્ત્વદર્શી નજરથી દોષપક્ષ અદીઠ રહી શકતો નથી, અને તેની તરફ ધ્યાન દોર્યા વિના તેઓ રહેતા નથી.

પણ આ બધું તેઓ કરે છે સ્વસ્થ અને સૌમ્ય વૃત્તિથી. ગુણ જોઈને તાળીઓ પાડવા અને દોષ જણાયા કે હથોડો લઈ તેના પર પ્રહાર કરવા મંડી પડવાનું તેમની પ્રકૃતિમાં જ નથી. કારણ, એ પ્રવાહના પાણીથી અણભીંજાયેલા તટસ્થ સાક્ષી જ રહે છે, અને તેથી પ્રવાહપતિતોના રાગદ્વેષને એ પોતાના કરતા નથી. પ્રવાહપતિતોને પોતાનાં ગુણલક્ષણો ખૂબ મોટાં લાગે ને સ્વદોષ તો દેખાય પણ નહિ, પણ તટ પર ઊભેલો દ્રષ્ટા તો એની શુભ અને અશુભ, સારી અને નબળી બંને બાજૂને સ્પષ્ટ રીતે જોઈ શકે અને તેમને ઉચિત સ્થાને તેમને મૂકી તેનું સ્વસ્થ મૂલ્યાંકન કરી શકે છે. એને કશા ય અંગત ગ્રહો ને રાગદ્વેષ ન હોવાથી તેની પ્રશંસામાં ભાટાઈ કે દોષદર્શનમાં તીખાશ ને કટુતા આવતાં નથી. દૃષ્ટિ અને વિચારણાની શાસ્ત્રીય બિનંગતતા (objectivity), માનવી પૂર્ણ ગુણી કે નિર્ભેળ દોષી નથી હોઈ શકતો એ જ્ઞાનવાળી માનવતાભરી સમજ, અને હૃદયમાં રમી રહેલી સત્યની ભાવનાનો ઊંચો આદર્શ, આચાર્ય આનંદશંકરના આ વલણને પ્રેરે છે. આને અંગે ઉદારતા એમનો સહજ ગુણ બની જાય છે.

આથી એ દરેક દૃષ્ટિ પ્રત્યે સહાનુભૂતિ બતાવી શકે છે અને તે તે ભૂમિકાએ ઊભા રહી તે દૃષ્ટિકોણથી જોઈ શકે છે. આમ કરતાં તેઓ સ્યાદ્વાદી પણ કેટલેક અંશે બની ગયા છે. એકવાર કોઈ જૈન સભામાં વ્યાખ્યાન આપતાં તેમણે કહેલું પણ ખરું કે હું જેટલો બ્રાહ્મણ છું, તેટલો જૈન પણ છું, અને તે આ દૃષ્ટિએ. મનુષ્ય ને તેનાં મન, બુદ્ધિ, દૃષ્ટિ, ક્રિયાશક્તિ અમુક હદ સુધી જ પહોંચી શકતાં હોઈ અપૂર્ણ છે. તેથી સંપૂર્ણ કે સમ્યગ્ સત્ય, કોઈને એકલાને એક સાથે મળી શકે નહિ. દરેક જણ જે સંસ્કારની, બુદ્ધિની, ભૂમિકાએ ઊભો હોય છે ત્યાંથી તે દૃષ્ટિકોણથી તે સત્યને જુએ છે. સત્યનું અમુક પાસું જ, તેને દેખાય છે; સમ્યગ્દર્શન નહિ પણ અપાંગદર્શન જ તેને થાય છે;

---

[૫] 'સાક્ષરજીવન', પૃ. ૫૯ [૬] 'સાક્ષરજીવન', પૃ. ૬૦

અને તેટલું તેને દેખાય તેટલા પૂરતું સાચું હોય છે. બીજી જ દિશામાંથી બીજા દષ્ટિકોણથી સત્યને જોનારનું દર્શન પણ એટલું જ સાચું હોઇ શકે છે. આમ જાણનાર ને સર્વ દષ્ટિકોણથી થતું સત્યનાં વિવિધ પાસાનું દર્શન સમગ્રતાએ જોઇ શકાય તેવી ઉન્નત ભૂમિકાએ ઊભનાર, બે કે વધુ પક્ષોમાંથી કોઇ એકને જ સત્ય કહી અન્યને જૂઠો કે જૂઠા કઇ રીતે કહી શકે વારુ? આવા સ્યાદ્વાદી આનંદશંકર બંનેમાં સત્યાંશ જોવાને લીધે એમાંથી કોઇ એક પક્ષ કે દષ્ટિ વિશે અનાગ્રહી દેખાયા, તો એ અનાગ્રહીપણાને લીધે એમનું વલણ સમાધાનપ્રિય સ્વીકારનું જ માની લઇ તેમના પર દહીંદૂધિયાવેડાનો આક્ષેપ કેટલાકે મશ્કરીમાં ને કેટલાકે ગંભીરતાથી મૂક્યો છે. પરન્તુ, સત્યનો એકાદ અંશ પોતાના દષ્ટિકોણથી હાથ લાગ્યો ન લાગ્યો ત્યાં તો 'મેં બધું સત્ય જાણી લીધું છેઃ આ એ સત્યઃ આ જ સત્ય છેઃ એને જ ભજો ને અનુસરોઃ એ જ એક તરણોપાય છે' એમ જકપૂર્વક ને 'જ'કારપૂર્વક એકપાર્શ્વ (one dimensional)ને તેથી ઊન કે અર્ધ સત્યને ઉદ્ઘોષતાં દોડી જવા મંડનારી આધુનિક ચંચળ રજોગુણી મનોદશાને મુકાબલે આ સાત્વિક સ્વસ્થ અનાગ્રહીપણું આખરે સત્યોપલબ્ધિ માટે અનેકગણું વધુ ચઢિયાતું છે એમાં શક નથી.

પણ વાત એમના આ અનાગ્રહીપણા આગળ અટકી જતી નથી. આ દૂધ છે, આ દહીં છે, ને ઘી તો બીજું જ છે એ તેઓ નથી જાણતા એમ નથી. ખરું સત્ય તો અખંડદર્શનમાં રહેલું છે એ તેમની ખાસ પ્રતીતિ છે. એથી જ તો નરસિંહરાવના જોડણીવિષયક ચર્ચાલેખમાં એમને ખંડદર્શન લાગ્યું હતું. અખંડદર્શનમાં સત્યની અનેકરૂપતાનો સ્વીકાર હોય; પોતાના અંગત ગ્રહને અભીષ્ટ એવા તેના કોઈ એક રૂપનું જ અતિગૌરવ કરી બીજાં તરફ આંખ મીંચવાની ને મગજનાં દ્વાર બંધ કરી દેવાની સંકુચિત અભિમાનજન્ય હઠીલાઈને ત્યાં અવકાશ નથી. રુચિવૈચિત્ર્ય અને અધિકારભેદને ધર્મભાવના અને તત્ત્વદર્શનમાં જગ્યા કરી આપનારી તથા તેના પ્રત્યે સમભાવી ઉદારતા શીખવતી ભારતીય આર્ય દૃષ્ટિ દ્રષ્ટવ્ય તો માને છે અખંડ–સમગ્ર સત્ય–દર્શનને, અને ખરું જ્ઞાન તો ગણે છે 'अविभक्तं विभक्तेषु'[૭] અને 'विनश्यत्स्वविनश्यंतं'[૮] ના જ્ઞાનને જ. એ આર્ષદૃષ્ટિ આચાર્ય આનંદશંકર પણ કેળવવા મથ્યા છે. એ રીતે તેઓએ ગોવર્ધનરામના 'સાક્ષર'નો અને મુનશીકથિત બ્રાહ્મણનો ધર્મ બરાબર બજાવ્યો ગણાય.

એવા 'સાક્ષર' કે બ્રાહ્મણ તરીકે આનંદશંકર ગોવર્ધનરામે બતાવેલા પ્રકારોમાંથી કયા પ્રકારના કહેવાય? અખંડદર્શનના અસંપ્રજ્ઞાત અભિલાષથી પ્રેરાઈ વિચારવિષયની આસપાસ પ્રદક્ષિણા ફરી વળી परितः एषणं કરી, પર્વતટોચે ઊભા રહી નીચેની વસ્તુ જોનાર જેમ દિગ્વિસ્તારમાં તેનું સ્થાન નક્કી કરે તેમ જ્ઞાનની ઊંચી ભૂમિકાએ ઊભા રહી અખિલ જ્ઞાન–સત્ય–વિસ્તારમાં તેનું ઉચિત સ્થાન નક્કી કરી, અત્રત્ય તેમ જ પાશ્ચાત્ય વિચારકો તે સબંધમાં શું કહે છે તે તપાસી જોઈ, પછી પોતાની આંતર પ્રતીતિનો અભિપ્રાય ઉચ્ચારવો એવો મનોવ્યાપાર તેઓ કેટલીક વાર દેખાડે છે. તે પરથી તેમ જ ઐતિહાસિક અને તુલનાત્મક એ બંને પદ્ધતિઓને ઓછાવધતા પ્રમાણમાં તેઓ

---

૭. ભગવદ્ગીતા, અ. ૧૮, શ્લો. ૨૦;   ૮. ગીતા, અ. ૧૩, શ્લો. ૨૮.

કામે લગાડે છે તે પરથી તેમનામાં પર્યેષકદ્રષ્ટાનાં લક્ષણો[૯] સારા પ્રમાણમાં દષ્ટિગોચર થાય છે એમ કહેવાશે. આવો પર્યેષકદ્રષ્ટા ‘આ ચારે (શુકદષ્ટિ, બાલદષ્ટિ, લક્ષણદષ્ટિ અને લક્ષ્યદષ્ટિ) જાતની દષ્ટિઓથી અથવા તેમાંની ગમે તે એક અથવા અનેક દષ્ટિઓથી જુવે છે’[૧૦]. આચાર્ય આનંદશંકર પોતાના પર્યેષણમાં લક્ષણદષ્ટિ અને લક્ષ્યદષ્ટિનો સારો વિનિયોગ કરતા જણાય છે. લક્ષણદષ્ટિનો અક્ષરપ્રવાહના અંતર્ગૂઢ સત્ત્વની અપૂર્વતાની બોધક દષ્ટિ એવો પરિચય આપી, ગોવર્ધનરામે એનાં દષ્ટાન્તો તરીકે આપણી સંસ્કૃત ભાષામાં લખનાર ભાષ્યકારો, વાર્ત્તિકકારો અને ટીકાકારોને અને પરદેશમાં શેક્સ્પીયરના ગ્રંથો ઉપર થયેલા સ્લેજલ અને જર્વાઈનસ જેવા વાર્ત્તિકકારોને ગણાવ્યા છે,[૧૧] અને આગળ જતાં કહ્યું છે કે ‘આજ પણ આપણાં શાસ્ત્રોને આધારે પ્રાચીન વસ્તુ ઉપર દષ્ટિ નાખનાર અને દષ્ટિ કરાવનાર લેખકો લક્ષણદ્રષ્ટાઓના જ ધર્મ માથે લે છે.’[૧૨] આ હિસાબે સ્વ. આનંદશંકરને, તેમણે ‘આપણો ધર્મ’માંનાં ઘણાં લખાણોમાં હિંદુ ધર્મ, નીતિ અને તત્ત્વદર્શનના વાર્તિકકાર તરીકે જ કામ કર્યું છે તેથી, લક્ષણદ્રષ્ટાના વર્ગમાં મૂકી શકાશે. એવા લક્ષણદ્રષ્ટા તરીકે તેમણે પોતાના બે પુરોગામી લક્ષણદ્રષ્ટાઓ મણિલાલ અને ગોવર્ધનરામનાં કાર્યની પોતાની રીતે પૂર્તિ કરી છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના પહેલવારકા પ્રકાશથી અંજાઈ આપણા પ્રાચીન હિંદુ ધર્મ, તત્ત્વજ્ઞાન ને સંસ્કૃતિ તરફ પૂંઠ ફેરવનાર નર્મદ એના આયુષના શેષ ભાગમાં તેના તરફ વળ્યો તો ખરો, પણ તેની લક્ષણદષ્ટિ પુરી ખીલેલી નહિ અને બહુ ઊંડી પણ નહિ, તેથી તેનું પુરસ્કરણ કરતાં તેણે ભાર મૂકયો તેનાં બાહ્ય આચારલક્ષણો પર જ.[૧૩] પ્રાચીન હિંદુ ધર્મ, તત્ત્વજ્ઞાન ને સંસ્કૃતિનું રહસ્ય અને ગૌરવ ઊંડી લક્ષણદષ્ટિથી ઉત્સાહભેર સમજાવવાનું કાર્ય તો કર્યું મણિલાલે. તેમણે ધર્મરૂપ માનેલું એ કાર્ય બજાવતાં નવી સંસ્કૃતિને ય થોડી આવકારી હતી. તે વલણને ગોવર્ધનરામ નવીજૂનીના સમન્વયના ઇષ્ટ આદર્શ સુધી લઈ ગયા (ઊંચી લક્ષણદષ્ટિ અને લક્ષ્યદષ્ટિ બતાવીને). આનંદશંકર બે ભિન્ન તત્ત્વોના સમન્વયની નહિ પણ વિભક્તોમાં અવિભક્ત તત્ત્વની વાત કરી એ રીતે લક્ષ્યદ્રષ્ટા પણ બની સંક્રાન્તિકાળના સંઘટ્ટનોત્તર સમન્વયની ત્રીજી ભૂમિકામાં ગોઠવાઈ જાય છે, અને કયારેક પ્રચારક ને વકીલ જેવા લાગતા જતા મણિલાલ ને ગોવર્ધનરામના કરતાં પોતાની પ્રકૃતિ સહેજ જુદી—વિવેકી પર્યેષક કે ન્યાયાધીશનીના જેવી—હોવાની છાપ પાડે છે. ધર્મચિંતન ઉપરાંત સાહિત્ય, સમાજ, કેળવણી, રાજકારણ આદિની વિચારણામાં પણ સ્વર્ગસ્થે જેમ સારા લક્ષણદ્રષ્ટાનું સત્ત્વ દેખાડયું છે તેમ એવી ઊંચી

---

૯. ‘...જોતાં જોતાં અથવા જોઈને દશ્ય વસ્તુની ચારે પાસે—પરિતઃ ફરી વળી એ વસ્તુનું. તત્ત્વ પામવા एषण કરે છે, અને તે પર્યેષણ કરી તે વસ્તુનું તત્ત્વ જોનાર પર્યેષકદષ્ટિ—philosophical eye-થી એ તત્ત્વને પામે છે. નિબન્ધો-શાસ્ત્રની ઉત્સર્ગ પૂર્વેની અવસ્થાના ગ્રંથો, વિચાર, વિવેચન ઇત્યાદિ પર્યેષક લેખન આ દષ્ટિના પરિણામ હોય છે.’ [સાક્ષરજીવન, પૃ. ૯૮] ૧૦. એજન, પૃ. ૯૮. ૧૧. એજન, પૃ. ૧૪૯–૫૦ ૧૨. એજન પૃ. ૧૭૩ ૧૩. એક અપવાદ સિવાય. પૂર્વની અને પશ્ચિમની સંસ્કૃતિઓનાં અનુક્રમે આધ્યાત્મિકતાને અર્થે નિવૃત્તિ અને સ્થૂલ ભોગસુખ ઐશ્વર્યને તાકતી પ્રવૃત્તિ એવાં સ્વભાવલક્ષણો તારવી બતાવી તે બે વચ્ચેનો દષ્ટિભેદ ને લક્ષણભેદ (જેની તેને થયેલી પ્રતીતિ જ આખા ‘ધર્મવિચાર’માં બોલી રહી છે.) તેણે ‘ધર્મવિચાર’માં સમજાવ્યો છે ત્યાં થોડું ઊંડું જોનારી લક્ષણદષ્ટિ તેણે બતાવી છે

લક્ષ્યસંસ્કારક દૃષ્ટિ બતાવી છે કે તેનું પારિશીલન અનેક 'લક્ષણદ્રષ્ટાઓને જાગૃત અને સજીવ' કરે તેવું નીવડશે.

મતમતાંતરોથી ઊર્ધ્વ રહેવાપણું, આવું તાટસ્થ્ય અને સ્થિરમતિત્વ એ આચાર્ય આનંદશંકરનો પ્રકૃતિગુણ છે; પોતે કોઈથી કે કશાથી મુગ્ધ બની જતા કે અંજાઈ જતા નથી અને પોતાને સ્વતંત્ર એવું દૃષ્ટિબિંદુ છે એવું દેખાડવા મથતા કોઈ પંડિતંમન્યનો દંભ—pose—નથી. 'હું આમ કહું છું, હું બીજાથી જુદો પડું છું' એવાં હુંકારગંધી વાક્યો એમના લખાણમાં ઓછાં જ મળવાનાં. પોતાની પર નહિ પણ મૂળ વક્તવ્ય પર જ એમનો ભાર હોય છે. વક્તવ્ય જાતે બરાબર તર્કપુષ્ટ ને અનુભવપુષ્ટ સત્ય છે કે નહિ તે બતાવવાનો જ એમનો આશય હોય છે. એમની દૃષ્ટિ વિશાળતા પર ફરી વળનારી અને ઊંડી છે અને તર્ક તેમ જ હૃદયપ્રતીતિ બંને એકમેકને પાડવા નહિ પણ પુષ્ટ કરવા તેને સાથ આપતાં જણાય છે. કોઈ ધીર, આસ્તિક, તત્ત્વદર્શી, અનુભવી, સમજુની નિર્મળ પ્રતીતિવાળી વાણી આપણે સાંભળી રહ્યા હોઈએ એવો અનુભવ તેમનાં લખાણ વાંચતાં આપણને થાય છે.

વ્યક્તિત્વની આ સાત્વિકતા એમના પ્રતિપાદનમાં પણ પૂરેપૂરી ઊતરી છે. પ્રશાન્ત, સરળ, પ્રસન્ન ને સાત્વિક એવી તેમની ભાષાને દારૂ ભરેલી ફૂલખરણી જોડે નહિ પણ સૌમ્યપ્રકાશ ઘૃતદીપ જોડે જ સરખાવાય. રજોગુણી આવેશ, અતિશયોક્તિ ને વાક્ચાપલ્ય, ઉગ્રતા, કટુતા કે તીખાશ એમાં નહિ જડે. આચાર્યશ્રી ઊનોક્તિ (under–statement) કરશે પણ અત્યુક્તિ (over–statement) નહિ જ કરે. ભાષાનો ભાષાને ખાતર વિલાસ એમની પ્રકૃતિને રુચે તેમ નથી. કપડાં નહિ પણ કપડાં જેને ઢાંકે છે તેના પર વધુ નજર હોવાથી, ભાષાને વિચારવ્યક્તિના સાધન તરીકે જ તેઓ ઉપયોગી માને છે. આથી નિરર્થક વાણીખેલ સત્યશોધક અને તત્ત્વદર્શીને કદી કરવા ગમ્યા નથી. એમનું ધ્યાન તો વિચારને કહેવા પર વધુ હોય છે તેથી અર્થં **वाचोऽनुधावति** જેવું એમના સંબંધમાં તો થયું છે. આમ શૈલીનો ઠાઠ કેળવવા તેમણે પ્રયત્ન કર્યો નથી, પણ એ જ કારણથી એમને હાથે કેટલુંક અકૃત્રિમ સૌંદર્યવાળું, અર્થગરવું છતાં સરળપ્રસન્ન એવું ગદ્ય લખાયું છે, જેની નોંધ સાહિત્યના ઇતિહાસકારે અવશ્ય કરવી પડવાની.

આવી રીતે વૃત્તિમાં, વિચારણામાં અને પ્રતિપાદનમાં આદર્શ બ્રાહ્મણનાં સુલક્ષણો વ્યક્ત કરતા આનંદશંકર ધ્રુવને 'આચાર્ય' એ પદ કેવું બંધબેસતું થઈ જાય છે! પ્રોફેસર આનંદશંકરને થોડા વખતના ગુજરાત કૉલેજના અને પછી લાંબા સમય સુધીના બનારસ હિંદુ યુનિવર્સિટી કૉલેજના પ્રિન્સિપાલપદે 'આચાર્ય' (=પ્રિન્સિપાલ) બનાવ્યા એ તો બાહ્ય અકસ્માત. પણ એ વિના પણ, જોકે આચાર્યપદ ક્યારે ય એમણે કાંક્ષ્યું નથી છતાં, ખાસ કરીને વેશવાણીવર્તન જેવા બાહ્ય આચારે, **ज्ञानयोगव्यवस्थिति** વાળી હૃદયવૃત્તિએ, અધ્યયન ને અધ્યાપનના વ્યવસાયે, અને 'સુદર્શન,' તથા વસંત'માં ધર્મ, સમાજ, રાજકારણ, કેળવણી, સાહિત્ય આદિ વિષયો પર લખતા રહીને બજાવેલા ગુજરાતી સમાજના સાંસ્કારિક નેતૃત્વે તેમને 'આચાર્ય' પદના અધિકારી તો અવશ્ય બનાવ્યા છે. 'મોડર્ન રિવ્યૂ'માં સ્વ. રામાનંદ ચેટરજીની નોંધો વાચકો જે રસથી

વાંચતા તેવા જ રસથી ગુજરાતના અનેક સંસ્કારપિપાસુઓ ‘વસંત’માં સૌપ્રથમ આનંદશંકરભાઈની પ્રાસંગિક નોંધો જ વાંચી જતા. એ રીતે આનંદશંકર ગુજરાતના શિક્ષક કે આચાર્ય સાચી રીતે બન્યા હતા. એટલે હવે તો ‘આચાર્ય’ શબ્દને તેમના નામ આગળ મુકાયેલો જોવાનું ને ઉચ્ચારાતો સાંભળવાનું સાવ સ્વાભાવિક લાગવું જોઈએ. ચિત્તરંજન દાસને ‘દેશબંધુ,’ સી. એફ. એન્ડ્રુઝને ‘દીનબંધુ,’ પંડિત મદનમોહન માલવીયને ‘ભારતભૂષણ,’ બાલ ગંગાધર ટિળકને ‘લોકમાન્ય,’ ગાંધીજીને ‘મહાત્મા’ અને રા. વલ્લભભાઈ પટેલને ‘સરદાર’ એવાં નામ આપનાર જનતાની અંતરસૂઝ કે સહજવૃત્તિ બહુ સાચી હોય છે. સ્વ. આનંદશંકરના નામ સાથે ‘આચાર્ય’ પદ જોડાયેલું રાખવાનું કદાચ સંસ્કારી જનતાની સહજવૃત્તિને હાથે જ થઈ જશે એમ લાગે છે.

આવા આચાર્ય આનંદશંકરે એકંદર સરવાળે ગુજરાતના સંસ્કારવાંછુઓની અપેક્ષાઓને ધરવે એટલું ન આપ્યું કે તેમનાથી ન આપી શકાયું એને ગ્લાનિનો વિષય ગણનારા ભલે ગણે. ‘...તટસ્થ અંતર્દૃષ્ટિમય જીવનમાં લક્ષણદૃષ્ટિ અને લક્ષ્યદૃષ્ટિ પર્યન્ત જ સંસિદ્ધિ મળે, તોપણ તે પ્રવૃત્તિમય જીવન કરતાં આત્મકલ્યાણ તેમ લોકકલ્યાણ ઘણું ઘણું વધારે સાધે છે, એટલું તો સિદ્ધ છે.’[૧૪] ખરી રીતે તો જેટલું તેમણે લખ્યું છે તેમાં જણાતી એ ઉદાર, સ્વસ્થ, નિર્મળ, તત્ત્વગામી દૃષ્ટિને અને જેમાંથી એ આવી એ તેમના બ્રાહ્મણજીવનને જ તેમનું કીમતી પ્રદાન કે સંદેશ ગણવાનો છે. ‘દરેક પ્રશ્નને બે બાજૂ હોય છે’ કહેતા વિક્ટોરિયાયુગના ઉદારનીતિ લિબરલનાં જેવાં એમનાં વૃત્તિવલણોને બાલિશ તુચ્છકારે અત્યારે હસી કાઢવાં સહેલાં છે. પણ સાહિત્ય, રાજકારણ આદિ જીવનનાં અનેક ક્ષેત્રોમાં અહમહમિકા અને તેની સંતતિ રાગદ્વેષ, કટુતા, ઝનૂન, પક્ષપાત આદિને બેકાબૂ મહાલતાં કોઇથી અટકાવાય નહિ એવા આ સમયમાં તો એ જ દૃષ્ટિ ને વૃત્તિ આપણને સત્યદર્શન કરાવશે ને તારી શકશે. આ વૃત્તિ જાતે ઍકપાર્શ્વી વિચાર કે ભાવના જેટલી ઝનૂનપૂર્વક કર્તવ્યમાં દોડી જાય કે કર્તવ્યની હાકલ (Call to action) કરે એમ ભલે ન બને, પણ પ્રવાહપતિત કર્તવ્યરત માનવીઓને કે જમાનાને તેઓ જોઈ ન શકે એવા પ્રવાહના વળાંકો ને જોખમી વમળોનું ભાન કરાવી તેમની ગતિને સાચી દિશામાં પ્રેરી તો જરૂર શકે. જીવનના કુરુક્ષેત્રને જીતવા ધનુર્ધર પાર્થો એકલા બસ નહિ થાય, તેમને દોરવણી આપનાર અશસ્ત્ર સારથિ કૃષ્ણો પણ જોઈશે જ. આપણા હવે પ્રવૃત્તિપ્રવાહમાં પડેલા ગુજરાતને આચાર્ય આનંદશંકર જેવા પ્રવાહના તટસ્થ સાક્ષી દ્રષ્ટાઓ અને વિચારકોની મોટી સંખ્યામાં જરૂર છે. આચાર્યશ્રીનાં દૃષ્ટિ, જ્ઞાન, ભાવના આદિનો લાભ તેમના વિદ્યાર્થીઓને અને તેમના સહવાસ કે સંપર્કમાં આવેલી અનેક વ્યક્તિઓને મળ્યો હશે જ, પણ હવે તો એમના અક્ષરદેહ પાસેથી જ આપણે એ મેળવવો રહ્યો છે. એમની દાષ્ટને ને વૃત્તિને આપણે આપણી કરીએ તો देवो भूत्वा देवं यजेत् એ સૂચના આપણે પાળી ગણાશે, તેમ તેમનું યોગ્ય શ્રાદ્ધ પણ સાર્યું ગણાશે. એમનું ક્ષર શરીર ભલે પંચમહાભૂતોમાં વિલીન થઇ ગયું, પણ અક્ષરદેહે તો પોતાની સદા અનુકરણીય એવી ઉચ્ચ સાત્વિક દૃષ્ટિ ને વૃત્તિનો પ્રેરણાસંદેશ એ આપતા જ રહેવાના છે. એથી આપણે ખુશીથી કહી શકીશું, ‘આચાર્ય આનંદશંકર અવસાન પામ્યા છેઃ (તો ય) આચાર્ય આનંદશંકર ઘણું જીવો!’

---

[૧૪] ‘સાંક્ષરજીવન’નો પ્રવેશક પૃ. ૬૭

ગુરૂણાં ગુરુઃ

પ્રો. ચતુરભાઈ શં. પટેલ

શરીરિણી સાક્ષરતા સનાતન,
સંસ્કારિતા મૂર્તિમતી પુરાતન;
અપૂર્વ પ્રાચ્યપ્રતીચી-સમન્વય,
સાહિત્યતત્ત્વદ્વય એક આશ્રય.

આચાર્યશ્રી આનન્દશંકરભાઈ વિશે ઊંડો વિચાર કરતાં ઉપરની પંક્તિઓની યથાર્થતા પ્રતીત થાય છે. ખરે જ એઓ વિદ્વત્તા અને ધાર્મિકતાની મૂર્તિસમા હતા. જૂનું અને નવું ઉભય એમના આચાર અને વિચારમાં પ્રતિબિમ્બિત થતું. પૂર્વ અને પશ્ચિમનાં સત્તત્ત્વોનું સમ્યગ્ અવલોકન કરી બેઉને એમણે એકસરખાં અપનાવ્યાં હતાં. સાહિત્ય અને ફિલસૂફીનો એ રસિક વિદ્વાનમાં સુભગ સુમેળ સધાયો હતો.

પ્રથમ દર્શને જ એમના પ્રભાવશાળી વ્યક્તિત્વની છાપ સૌ કોઈના મન ઉપર સચોટ પડતી. એમની પ્રસન્નગંભીર મુખમુદ્રા, નિર્મલતાભર્યાં સાત્ત્વિક નયનો, ભરાવદાર મૂછ અને કુંકુમચંદ્રકવિરાજિત ભાલ એમના માટે પ્રેમ અને પૂજ્ય ભાવ ઉત્પન્ન કરતાં. અને લાંબી શિખાના વાળ છૂટા રાખી બેઠા હોય ત્યારે તો જાણે કોઈ પુરાણા ઋષિવરનું મંગલ દર્શન થતું! એમની વાણી પણ સત્ત્વશુદ્ધ, સંસ્કારી અને ગૌરવભરી હતી, અને મહાનદના ધીરગંભીર સ્રોતસમો એનો ઘેરો છતાં મધુર સૂર શ્રોતૃગણનાં હૃદયને સભર ભરતો.

સને ૧૯૧૯–૨૦માં હું અમદાવાદની ગુજરાત કૉલેજમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સનો અભ્યાસ કરતો હતો, ત્યારે તેઓ ત્યાં સંસ્કૃતના પ્રોફેસર હતા. તેઓ ફર્સ્ટ ઇયરમાં સંસ્કૃત શીખવતા ન હતા, એટલે એમના શિક્ષણનો પ્રત્યક્ષ લાભ મને મળી શક્યો નહિ. પરંતુ કૉલેજમાં એમના પ્રભાવની છાપ અપૂર્વ પડતી. એમની વિદ્વત્તાની ફોરમ અજબ ફોરતી. અને સૂટ-સજ્જિત પ્રાધ્યાપક વર્ગ વચ્ચે ધોતિયું પહેરનાર આ પ્રાચ્ય પંડિતની આચારશુદ્ધિ નિરાળી તરી આવતી. તેઓ વાઇસ-પ્રિન્સિપાલના ઉન્નત પદે હતા, અને પ્રિન્સિપાલ તરીકે પણ એમણે કેટલોક સમય કામ કર્યું હતું. એટલે પ્રાધ્યાપક તરીકેના પ્રભાવ ભેગાં અધિકારનાં ઓજસ્ ભળ્યાં હતાં, અને એઓ સર્વ કોઈના એક સરખા પૂજનીય–સમ્માનનીય બન્યા હતા.

એમના પ્રત્યક્ષ શિક્ષણના સદ્ભાગ્યથી વંચિત વિદ્યાર્થીઓને પણ એમને સાંભળવાનો લાભ અનેકવાર મળતો, અને ચશ્માની દાંડી ઉપર હાથ રાખી જ્યારે તેઓ એકધારી જાદૂભરી વાગ્ધારા વહાવતા ત્યારે વિદ્યાર્થિવર્ગ વિસ્મયચકિત અને મંત્રમુગ્ધ બનતો, અને ‘ ગુરૂણાં ગુરુઃ ’ તરીકે એમને અભિવંદતો.

અને સાચે જ તેઓ ગુરુઓના ગુરુ હતા—સર્વશ્રેષ્ઠ વિદ્યાગુરુ માત્ર નહિ, પણ અનેક વિદ્યાગુરુઓનાય ગુરુ હતા. કૉલેજના કેટલાય પ્રોફેસરો એમના હાથ નીચે ભણ્યા હતા. મેથેમેટિક્સના પરમ નિષ્ણાત અને પ્રખ્યાત પ્રોફેસર જે. સી. સ્વામિનારાયણ પણ એમના શિષ્ય હતા! એ ગણિતશાસ્ત્રીએ લખેલા સંસ્કૃત નાટકમાં ગુરુવર્યનું વિદ્યાપ્રદાન પ્રકટ પરખાય છે, અને એના ભાવભર્યા અર્પણશ્લોકોમાં શિષ્યની ગુરુભક્તિ નિતાન્ત નિરખાય છે. આવા પ્રોફેસરોનાય પ્રોફેસર માટે 'ગુરૂણાં ગુરુઃ' નું બિરુદ જ બરાબર ગણાય.

મહાત્મા ગાંધીજીને એમના માટે અપાર માન અને મમત્વ હતું, અને એમની સાથેના ઊંડા સ્નેહસંબંધને પોતે 'આશકમાશૂકના સંબંધ'રૂપે ઓળખાવતા. ભારતભૂષણ માલવીયજીને પોતાની બનારસ હિન્દુ યુનિવર્સિટી માટે એક સમર્થ વિદ્વાનની જરૂર જણાતાં મહાત્માજીએ એમનું નામ સૂચવ્યું હતું, અને ત્યાં એમણે પ્રિન્સિપાલ અને પ્રો-વાઈસ-ચાન્સેલર તરીકે યશસ્વી કાર્ય કરી ગુજરાતના ગૌરવને ભારતભરમાં દિપાવ્યું હતું.

અમદાવાદ છોડી એઓ વારાણસી જવાના હતા એ વ્યતિકરે વિદ્યાર્થીઓને સ્વાભાવિક રીતે જ શોકવ્યાકુલ બનાવી મૂક્યા હતા. વસમી વિદાયના એ હૃદયસ્પર્શી પ્રસંગે રચાયલું મારું "વિદાયનાં વંદન" કાવ્ય, જે ગુજરાત કૉલેજ મેગેઝીનના માર્ચ ૧૯૨૦ના અંકમાં છપાયું હતું તે, અહીં ઉતારી આ લઘુ લેખ પૂરો કરું છું.

વિદાયનાં વંદન

(મિશ્ર હરિગીત)

૧

ક્યમ ખિન્નતા છાઈ સદા આનંદમય આ સ્થાનમાં?
ક્યમ શાન્તતા, ગંભીરતા, ઉરવ્યગ્રતા પથરાઈ હ્યાં?
ક્યમ આજ હૃદયો ગદ્‌ગદિત સૌ થઈ ગયાં?
ક્યમ આજ વચનો કંઠમાં રૂંધાઈ રહ્યાં?
આનન્દી શિષ્યસમિતિ આજે કેમ અશ્રુ સારતી?
પ્રિય–પૂજ્ય ગુરુવરની પ્રતિમા આંખથી આઘી જતી.

૨

સહુ ધન્ય દર્શનલ્હાવ આજ વિદાય પહેલાં લીજીએ;
ગુરુવર્ય કેરા પુણ્ય પાદે વંદનો સહુ કીજીએ.
ગુર્જરભૂષણ વિદ્વદ્વિભૂષણ હે ગુરો!
કર્તવ્યપર સદ્ધર્મધર નરવીર ઓ!
ગુરુઋણમાં અમ હૃદય કેરા અમિત ઉમળકા ભરી,
સ્વીકારશો ગુરુવર! અમારાં વંદનોની અંજલિ.

૩

વિભુવર ! વિનવીએ વ્હાલથી : ગુરુને નિરંતર રક્ષજો;
નવશક્તિ—નવચેતન સભર ભરી, દીર્ઘઆયુ બક્ષજો.
કીર્તિ પરિમલ ચોદિશે પ્રસરાવજો;
ગરવો વિજયધ્વજ સર્વદા લહરાવજો.
ગુરુદેવ ! દૂર પડયા છતાં પણ બોધ અમને આપજો;
અમ દીનનાં વંદન વિદાય તણાં હૃદયમાં સ્થાપજો.

આચાર્ય આનન્દશંકર ધ્રુવ

એમના જીવન અને વિચાર વિશે કાંઈક

શ્રી. રામમોહનરાય જસવંતરાય દેસાઈ

वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकरणम् ॥

૧

આચાર્ય આનન્દશંકર ગૂજરાતી ભાષાસાહિત્ય અને સમાજમાં, જૂના અને નવા જમાનાની સન્ધિમૂર્તિ સમાન હતા. એમનો આત્મવિકાસ ધીમેધીમે, છતાં સમર્થ યુગનેતા ગૂજરાતીઓના પ્રસંગમાં થયો હતો; એમના યૌવનકાળમાં સાક્ષરશ્રી મણિલાલ નભુભાઈની, ધાર્મિક–મધ્યાવસ્થામાં સાક્ષર શ્રીનરસિંહરાવ દિવેટિયાની, સાહિત્યવિષયક અને પ્રૌઢાવસ્થામાં મહાત્માશ્રી મોહનદાસ ગાંધીની રાષ્ટ્રભાવમય અસરો જ્વલન્ત દેખાતી હતી. પરન્તુ આનો અર્થ એમ નહિ કે તેઓ એ બારીઓમાંથી જ પ્રકાશ પીતા. દાખલા તરીકે, નરસિંહરાવ અને ગાંધીજી સાથે એમનો કેટલોક મતભેદ (અથવા એમના પોતાના શબ્દોમાં કહીએ તો ‘ દષ્ટિભેદ ’) દેખીતો હતો. એમનું અહોરાત્ર વિશાળ વાંચન અને ઊંડું ચિન્તન તથા એમની કુદરતી સારગ્રાહી પ્રકૃતિ, એમને એક જ વ્યક્તિની અથવા અમુક જ વિચારશ્રેણિની અન્ધ ભક્તિમાંથી મુક્ત રાખતાં. ઉપરાન્ત, એમને એક વિશેષ લાભ પણ મળ્યો હતો, જેની ઉત્તમ શિક્ષાગુરુ અથવા પ્રામાણિક પત્રકારનાં અતિ કઠિન કર્ત્તવ્યમાં વિપુલ પ્રાપ્તિ છે. આ બંને વ્યવસાયો એમણે પ્રથમથી જ સ્વીકાર્યાં હતાં; અને તેને અંગે એમને જુદાંજુદાં દષ્ટિબિન્દુઓ વિચારવાં, ચર્ચવાં પડતાં, જે એમના જેવી અસામાન્ય બુદ્ધિ–જ્ઞાન–પ્રતિભાશાળી વ્યક્તિને જરૂર ફળદાયી નીવડે. વળી સમાધાન અને સમન્વયના ગુણો તો એમના પોતાના જ હતા; એટલે सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति । એવા મન્તવ્યને લઈને સઘળાં જલાશયોમાંથી વિશિષ્ટ તત્ત્વ મેળવવું, અપનાવવું તથા તેમાંથી નિર્મળ અમૃત આપવું, એ એમનો સ્વાભાવિક ગુણ થઈ પડયો હતો, જે એમના લેખોને અજબ જ્યોતિ અર્પી રહ્યો છે.

આમ નવા અને જૂના સાક્ષરત્વ વચ્ચે,—નવા અને જૂના દેશનેતાઓ વચ્ચે તેઓ સંયોગીભૂમિ સમાન હતા. ઉપરાન્ત જૂના જમાનાની વિદ્વત્તા અને નવાના શાસ્ત્રિપદને પણ તેઓ સુન્દર રીતે દિપાવતા હતા. આપણા ભાષાસાહિત્યની પ્રખર સાક્ષરતાના યુગના અધિષ્ઠાતા મણિલાલ ગોવર્ધનરામ તથા નરસિંહરાવ કેશવલાલ ધ્રુવની પંક્તિમાં, એમની કોટીના જ આનન્દશંકર લગભગ છેલ્લા વિદ્વાન હતા. અત્યારની સાક્ષરતામાં વિશાળતા હશે, પણ એટલું ઊંડાણ તો નથી: આજ ઘણું વાંચન–લેખન હશે, પણ એ જમાના જેટલું જ્ઞાનનું પાચન અને સંદોહન તો નથી જ.

આનન્દશંકરે ગાંધીજીના મિત્રવર્ગમાં હોવા છતાં, પોતાના સામાજિક—રાજકીય વિચાર-વર્તનમાં બહુ ફેર થવા દીધો ન હતો. તેઓ સર ફિરોજશાહ મહેતા અને દી. બ. અંબાલાલ સાકરલાલ, શ્રી. રાનડે અને શ્રી. ગોખલેના જ અભિપ્રાયોને અનુસરતા ગૂજરાતી આગેવાનોમાં પણ લગભગ છેલ્લા જ હતા. આમ જોઈ શકાશે કે ચાલુ સમયપ્રવાહમાં ભળ્યા (અથવા તેની સાથે જરૂર પૂરતા સહમત રહ્યા) છતાં, આચાર્યશ્રીએ પોતાનું આત્મત્વ બહુધા માનવન્ત રીતે જાળવી રાખ્યું હતું, અને ગૂજરાત સમસ્તમાં ભિન્નભિન્ન માનસવાળા, અને કદીકદી પરસ્પર વિરોધી મતાગ્રહીઓ ઉપર પણ એમણે નેતૃત્વ પ્રાપ્ત કર્યું હતું. એ એમની શક્તિ જેવીતેવી નહોતી.

૨

આનન્દશંકરના પિતાજી લક્ષ્મીવાન અને રાજ્યમાન પામેલ પ્રસિદ્ધ અધિકારી હતા; અને પોતે સાત બહેનો વચ્ચે એક જ ભાઈ હતા. આમ ગર્ભશ્રીમન્ત છતાં, વિદ્યાવ્યાસંગ એમને મૂળથી હતો, અને ગ્રન્થાલય અથવા વિદ્યાર્થિસમૂહ વચ્ચે એમના જીવનનો મોટો ભાગ વ્યતીત થયો, તોપણ એમનો કુટુમ્બસ્નેહ પણ ગાઢ હતો. એમણે પિતાજીને 'આપણો ધર્મ' એ પુસ્તકની નિવાપાંજલિ આપી છે; અને એમનાં માતુશ્રી તરફના એમના પૂજ્યભાવનો તો એમના પ્રસંગમાં આવનાર સહુને અનુભવ થતો. આ સિવાય, એમનાં સન્તાનો, બહેનો, ભાણેજો, સહુ સ્વજન તરફની એમની લાગણી અને વત્સલતા ઊંડી, આદર્શરૂપ હતી. એમની નાની પુત્રીને જોતાંની સાથે એમની આંખોમાં સ્નેહ ઉભરાતો આ લેખકે પણ જોયો છે.*

એમનું સંસારસુખ બે લગ્ને પણ ભર યુવાવસ્થામાં નષ્ટ થતાં, ફરીવાર લગ્નનો વિરોધ એમણે દૃઢતાથી કર્યો; અને પ્રભુએ આપેલ કુળરત્નોથી સન્તોષ માન્યો હતો. ઈશ્વરકૃપાથી એ બધાંને સુખી, ઉત્કર્ષપન્થે મૂકીને તેઓએ જે શાન્તિમાં પરલોક પ્રયાણ કર્યું, તે પણ સંસારને એવી સદ્ગુણી, સચ્ચારિત્ર્યવાન, સદ્ધર્મી જિન્દગીના બોધપાઠરૂપ છે.

આનન્દશંકર મૂળથી ધર્મિષ્ઠ હતા. પ્રથમ તેઓ કૌટુમ્બિક દેવોની પૂજા અને બ્રાહ્મણના આહ્નિકમાં માનતા; પાછળથી એ રૂઢિચુસ્ત વૃત્તિ બદલાઈ હશે, એમ જણાય છે. તથાપિ એ પરમ ધાર્મિક તો છેવટ સુધી રહ્યા હતા. એ પોતાને પાછળથી 'બ્રાહ્મ' જણાવતા, જો કે બ્રાહ્મ-સમાજી કે પ્રાર્થનાસમાજવાદી તેઓ નહોતા. વળી, પ્રાતઃસ્નાન કરીને કેટલોક સમય પોતાના ઘરના દેવાલય (દેરાસર) માં ગાળવાનો બાલ્યકાળનો રિવાજ (ગમે તો સાત્વિક વાતાવરણ મેળવવાને પણ) એમણે લગભગ ચાલુ રાખ્યો હતો. અને અવસાન સમયે પણ પોતાને દેવાલય સમક્ષ લઇ જવાનો આગ્રહ કરી ત્યાં દેવનાં દર્શન કર્યાં હતાં. હિન્દુશાસ્ત્રોમાં અન્તકાળના આવા

---

* સદ્ગત આચાર્યશ્રીનો અંગત પરિચય મને બહુ ન હતો; અને તેટલો પણ પાછળથી કૌટુમ્બિક કારણોને લઈને થવા પામ્યો હતો. એમના કેટલાક અભિપ્રાયોના સમ્બન્ધમાં, મારો એમની સાથે મતભેદ (અથવા 'દૃષ્ટિભેદ ?) પણ હતો, જેનો સહેજ નિર્દેશ આ લેખમાં થયો છે. છતાં, હું એમને એક આગેવાન હિન્દી, મહાન ગૂજરાતી અને સાક્ષર અને મોટામાં મોટા નાગર તરીકે માન આપતો આવ્યો છું. ર. જ.

ભાવને વાજબી રીતે ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે; અને તપોબલી આત્માને જ એવી વૃત્તિ થાય છે, એમ પણ દર્શાવાયેલું છે. **मरणे या मतिः सा गतिः ।**

આચાર્ય આનન્દશંકરના કુટુમ્બસ્નેહનો આગળ ઉલ્લેખ થયો છે. એમના કુટુમ્બમાં કોઈની પણ પ્રકૃતિ અસ્વસ્થ થાય, તે વખતે એમને ગમે તેટલું બીજું રોકાણ હોય છતાં એ માંદાની પથારી આગળથી ભાગ્યે આઘા ખસે! એટલું એમનું હૃદય મૃદુ અને વાત્સલ્યમય હતું. એક બીજો મહાગુણ એમનામાં આતિથ્યની ઉચ્ચ ભાવનાનો હતો. ગમેતેવા ભારે વ્યવસાયમાં પણ અને એમનું શિક્ષાગુરુનું તથા પત્રકારનું, એ બંને કામને લઈને એમને સતત ઉદ્યોગશીલ રહેવાની ફરજ પડ્યા જેવું થતું, છતાં કોઈ, ગમેતેવી વ્યક્તિ, નાની કે મોટી એમને મળવાને આવે તો પોતાનું સઘળું રોકાણ દૂર કરીને પણ તેઓ એની સાથે મીઠાશથી, હસતે વદને વાત કરતા.

ઉપરાન્ત એમના જેવા તત્ત્વજ્ઞાન અને ઉચ્ચ વાઙ્મયના અભ્યાસીને પ્રાકૃત વિષયોમાં ભાગ્યે જ બહુ રસ હોય, એ સંભવિત છે, તથાપિ કોઈ વાર્તા કહેનારની વાતો સાંભળવાની ફરજ પડે, તો તેમાં પણ તેઓ પોતાનો સમય કીમતી હોય તેનો દુર્વ્યય થાય છે, એવું કદીય જાણવા દેતા નહિ. એથી ઊલટું સામો મનુષ્ય પ્રસન્ન થઈને જાય, એમ વર્તતા. આને પરિણામે એમને કેટલોક અકલ્પિત લાભ પણ ન થતો એમ નહિ. જુદાંજુદાં વૃત્તિવિચારનાં ભિન્નભિન્ન સ્થિતિનાં, મનુષ્યોનો પ્રસંગ આ રીતે એમને મળતો, જેમાંથી એમના જેવા સારગ્રાહી વિદ્વાનને ઘણું જાણવાનું પણ મળતું હોવું જોઈએ.

એમની આવક સારી હતી; છતાં દ્રવ્યવ્યય તો એમને હાથે છૂટથી થતો. ઘણી સંસ્થાઓ, ઉઘરાણાંઓ, સહુની માગણીનો પણ એમને સ્વીકાર કરવો પડતો. પરન્તુ, વાસ્તવિક રીતે, એમની આર્થિક વૃત્તિમાં લઘુતા હતી જ નહિ, એમ પણ કહી શકાય. અમદાવાદના સ્વજ્ઞાતિમંડળને પોતાના રાજમાર્ગ ઉપર આવેલા ડહેલાની મેડી વર્ષો સુધી, એમણે વિના ભાડે વાપરવા આપી હતી. અને એક વખત એ મકાનને આગ લાગતાં તેનો કેટલોક ભાગ ફરીથી કરાવવો પડ્યો, તો તેમ કરીને પણ તે ઉક્ત સંસ્થાને જ પાછી સોંપી—સલાહકારોનો વિરોધી અભિપ્રાય, અને એ મંડળનું અસ્તિત્વ ભાગ્યે જ વર્ષમાં બેચાર વખત મળતી સભાઓમાં નિહાળાતું છતાં એમનું પોતાનું એક રહેવાનું મકાન પણ એમના કારકુનનું કુટુમ્બ વર્ષોથી વિના ભાડે વાપરતું આવ્યું છે. ‘વસન્ત’ માસિકનું ખર્ચ એ પત્રની બહુ લોકપ્રિયતાના સમયમાં પણ ભાગ્યે જ તેનાં લવાજમમાંથી વળી રહેતું!

આનન્દશંકરે હિન્દુ યુનિવર્સિટીના પ્રધાનાચાર્ય તરીકે કાશીવાસ કર્યો, તથાપિ એમનો સામાન્ય પહેરવેશ તથા દેખાવ બદલાયો નહોતો. ભવ્ય કપાળ ઉપર કુંકુમનો ચાંલ્લો, માથે ગૂજરાતી પાઘડી અને સામાન્ય કોટ તથા ધોતિયું, એ રૂપે જ એ પ્રસિદ્ધ હતા. એક ફેરફાર પાછળથી થયો હતો; બૂટ મોજાંને બદલે એમણે ચંપલ પહેરવા માંડયાં હતાં.

એમનું ઉલ્લાસ—પ્રસાદપૂર્ણ વદન, સ્મિતભરી મિઠી વાણી, સૌજન્યમય વર્તન અને ભાવ-

ભર્યાં નયન, એ સહુ અસામાન્ય હતું. અને તેની સાથે કાંઈક ડોલનમય પદ્ધતિ, એય બહુ આકર્ષક બનતી. આ સિવાય બને ત્યાંસુધી અવિરોધે ધૈર્યથી, દૃઢતાથી કામ લેવાની એમની શક્તિ પણ એમની લોકપ્રિયતામાં જરૂર વધારો કરતી. આમ અજાતશત્રુ હોઈ, પ્રકૃતિથી તેમ જ પરિસ્થિતિથી નિજ આત્મત્વના બળે જ એમણે ધીમેધીમે સમાજમાં પોતાનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

૩

નરસિંહરાવ, ગાંધીજી અને માલવીયજી જેવા અગ્ર સાક્ષર, રાષ્ટ્રનાયકના એ મિત્ર હતા. આ સિવાય સર લલ્લુભાઈ શાહ, પ્રો. કાશીરામ દવે, સર રમણભાઈ, સા. શ્રી ઉત્તમલાલ, દી. બ. નર્મદાશંકર, દી. બ. કૃષ્ણલાલ ઝવેરી, શ્રી. ભૂલાભાઈ દેસાઈ અને શ્રી. કનૈયાલાલ મુનશી, આદિ અનેક વિદ્વાનો તથા લોકનેતાઓનું પણ એમને મળવાનું થતું. ઉપરાન્ત, શહેરના શ્રીમન્તો તથા શાહ વ્યાપારીઓની સાથે એમનો સંબન્ધ ગાઢ થયો હતો. આમ નિસર્ગમિત્ર સરસ્વતી અને લક્ષ્મીના ઉપાસકોના સંમેલનનું કેન્દ્ર એમનું ગૃહ બનતું. તે પણ એમનાં સૌજન્ય, સદ્ભાવિતા તથા અન્ય વિવિધ આકર્ષક ગુણોનું જ પરિણામ હતું.

એવા ગુણોને લઈ ને, મહાત્મા ગાંધીનો પૂર્ણભાવ પણ તેઓ પ્રાપ્ત કરી શકયા હતા, એમ દીસે છે; કારણ કે એમ હોઈ ને જ એમના જેવા માત્ર એક પ્રોફેસરને (તે સમયે આચાર્યશ્રીની અસાધારણ વિદ્વત્તા અથવા પત્રકારતાની બહુ પ્રસિદ્ધિ ન હતી) અમદાવાદના મિલમાલિકો તથા મજૂરોની વચ્ચેની તકરાર જેવા વિકટ સવાલની લવાદી સોંપવામાં આવી હતી. આમાં તેઓ ઘણેભાગે બંને પક્ષોને સન્તોષ આપી શકયા હતા. આ પછી ઘણે વર્ષે, એક બીજું એથીય અધિક વિષમકાર્ય ગાંધીજીએ એમને સોંપ્યું હતું. તે અવર્ણોની અસ્પૃશ્યતાને અંગે સનાતની શાસ્ત્રીઓની સાથે હિન્દુ ધર્મશાસ્ત્રોની ચર્ચાનું હતું. આવી ચર્ચાઓ બહુધા નિષ્ફળ જાય છે, તેમ આનું પણ થયું હતું, કારણ કે બંને પક્ષ પોતપોતાને અનુકૂળ પ્રમાણો રજૂ કરે; અને ખૂબી એ છે કે એ મન્તવ્ય વિશેષતઃ આચારધર્મ હોઈ, શાસ્ત્રગ્રન્થો, જે જુદાજુદા કાળમાં રચાયેલા હોવા જોઈએ તેમાં બંને મતને સમર્થન કરતાં વચનો પ્રાપ્ત કરી શકાય, એ દેખીતું છે!

તથાપિ ગાંધીજીના એવા એમના પ્રત્યેના સ્નેહ અને વિશ્વાસને લઇને, એમણે ભારતભૂષણ માલવીયજીને કોઈ સુયોગ્ય વિદ્વાન્ અને પ્રધાનાચાર્યની કાશીની હિન્દુ યુનિવર્સિટી માટે જરૂર હતી, તે કાર્ય માટે સદ્ગત આનન્દશંકરની ભલામણ કરી.

આચાર્યશ્રીના યૌવનપ્રારમ્ભનો એક રસભર્યો પ્રસંગ જ્ઞાત છે. એમના પિતાશ્રી કાઠિયાવાડમાં દફતરદારને મોટે પદે અને પાછળથી વડોદરામાં ગાયકવાડ મહારાજાના મન્ત્રિમંડળમાં હતા, જ્યાંથી તેઓ વાનપ્રસ્થ થયા હતા. આનન્દશંકર ગ્રેજ્યુએટ થયા પછી ગૂજરાત કૉલેજની દક્ષિણા ફેલોશિપ એમને મળી હતી. એવામાં એમના પિતાજીના સ્નેહી એક મોટા રાજ્યના દીવાન સાહેબે એમની કોઈ સારી જગ્યા પર નિમણૂક કરવાનું જણાવ્યું. આચાર્યશ્રીએ બહુ ઉપકાર સાથે તે સૂચનાનો અસ્વીકાર કર્યો. કારણ તરીકે એમ જણાવ્યું કે પોતાને કૉલેજના પ્રોફેસરનું કામ પ્રિય

હતું. દીવાન સાહેબે ટીકા કરી કે “ પિતા મોટા અમલદાર હતા, મુત્સદ્દી હતા, એમને પગલે જ ચાલવાનું નાગરને શોભે. મહેતાજી થવામાં શી મોટાઈ છે ? ”

પરન્તુ એ મુત્સદ્દી પિતાના પુત્રે, પોતાને વારસામાં મળેલો એ ગુણ પણ ગુમાવ્યો નહોતો. એમનામાં સુજનતા ઉપરાન્ત અસાધારણ કુનેહ અથવા મુત્સદ્દીપણું ન હોત, તો જેમ અમદાવાદના વર્ગવિગ્રહની લવાદીમાં પ્રતિષ્ઠાભેર સફળતા મેળવી, તેમ હિન્દુ યુનિવર્સિટીનાં પરસ્પર વિરોધી તત્ત્વોનું સમાધાન જાળવીને, શરૂઆતની મુશ્કેલીઓ ઉપર એમણે પ્રશંસનીય વિજય મેળવ્યો હતો; અને માલવીયજીને બીજી પ્રવૃત્તિઓ માટે સ્વતન્ત્ર રાખ્યા, તેમ પણ ભાગ્યે જ બનત.

૪

હવે, આચાર્યશ્રીની કાંઈક ન્યૂનતાઓ હોય, તે તરફ પણ દૃષ્ટિ કરીશું. આવા પ્રસંગના લેખમાં તેને બહુ સ્થાન ન ઘટે; પરન્તુ એ પૂર્ણ રીતે Human હતા, એમનામાં માનવભાવ પુષ્કળ હતો, અર્થાત્ એમનુંયે નિજ સિદ્ધાન્તપથથી સ્ખલન થયું જ ન હતું, એમ નહિ, એ જોવું પણ આવશ્યક છે. આવાં સ્ખલન મનુષ્ય માત્રને સ્વાભાવિક છે, એ સત્યનું આ સમ્બન્ધમાં વિસ્મરણ કરવાનું નથી.

આનન્દશંકરમાં લાગણીની ઉષ્ણતા બહુ હતી; જેને લઈને તેઓ કદી ‘ અત્યુત્સાહી ’ પણ થઈ જતા ! પરિણામ એ આવતું કે તેવે વખતે ન્યાય્યપથથી ખસીને તેઓ સ્નેહપન્થે વિચરતા દેખાતા.

દાખલા તરીકે—‘ વસન્ત ’ માં એમણે ગાંધીજીની ‘ અસહકાર ’ ની ચળવળ પ્રસંગે, અસહકાર વિરુદ્ધ એક સચોટ નોંધ લખી હતી, જે મહત્ત્વની હોઇ બીજાં કેટલાંક પત્રોએ પણ પ્રકટ કરી. એમના આવા સકારણ વિરોધથી ગાંધીજીને ખૂબ માઠું લાગ્યું જણાયું. તે ઉપરથી, પછીના અંકમાં આચાર્યશ્રીએ જે રીતે પોતાનો અભિપ્રાય બદલ્યો અથવા વિરોધ નિર્બળ કરી નાંખ્યો, તેથી એમના ઘણા ગુણપૂજકોનેય સાશ્ચર્ય ખેદ થયો હતો !

આવા એમના વર્તનનો એક બચાવ, ઘણાં વર્ષો પૂર્વે, એમણે નરસિંહરાવની સાથે ‘ યુધિષ્ઠિર અસત્ય કેમ બોલ્યા ? ’ એ ચર્ચાને અંગે કરી દીધો હતો. નરસિંહરાવ જ્યારે Law (ન્યાય) ઉપર ભાર મૂકતા હતા, ત્યારે આનન્દશંકરે Love (સ્નેહ) ની નજરે આવા પગલાને આપદ્ધર્મરૂપ દર્શાવ્યું હતું.* પણ આ સિવાય, જ્યારે ગાંધીજીની માત્ર ચળવળ પૂરતી દાંડીકૂચના પ્રસંગને એમણે શ્રીબુદ્ધ ભગવાનના ‘ મહાભિનિષ્ક્રમણ ’ સાથે સરખાવી દીધો, ત્યારે તો એમ જ લાગ્યું હતું કે એમનો ઉષ્ણ સ્નેહભાવ તુલનાવૃત્તિને ગળી તો નહિ ગયો હોય?

છતાં આગળ જણાવ્યું તેમ લાગણીની અતિશયતા મૃદૂનિ કુસુમાદપિ જેવાં કોમળ હૃદયોને

---

* આ ચર્ચા રસભરી છે, જે ‘ આપણો ધર્મ ’ માં વિસ્તારથી આપી છે. જો કે એવી પરિસ્થિતિમાં, ગાંધીજીએ પોતે શ્રીમદ્ રાજચન્દ્રના લેખસંગ્રહની પ્રસ્તાવનામાં પણ સહેજ અતિશયોક્તિ દોષ સ્વીકારવા ના પાડી હતી. રા. જ.

અસામાન્ય સંયોગોની આંધીમાં પૂર્ણ આન્દોલિત કરી દે છે, તેનાં આવાં દૃષ્ટાન્ત સમાન છે. બાકી નરસિંહરાવ અને મુનશી જેવા મિત્રોની સાથે તેમ જ ગાંધીજીની સાથેનો પણ પોતાનો મતભેદ એમણે વખતોવખત દૃઢતાથી, સ્પષ્ટતાથી દર્શાવ્યો છે. આવા બેત્રણ પ્રસંગો તરફ પણ આપણે અહીં દૃષ્ટિ નાંખીશું. ‘ ગૂજરાતના નાથ ’ ના ઉપોદ્ઘાતમાં મીનળદેવીનું દૂષિત જીવનચિત્ર આલેખવામાં એ નવલકથાના લેખકની ગંભીર ક્ષતિનો લૂલો બચાવ નરસિંહરાવે કર્યો હતો. આને માત્ર ‘ અત્યુત્સાહી વકીલાત ’ કહી જે સુન્દર દલીલથી આનન્દશંકરે ઉડાવી દીધો છે, તે તથા કનૈયાલાલે હિન્દુઓની શિવપૂજાને Phallic worship નો દોષ આપ્યો હતો, જે પાશ્ચાત્ય વિદ્વાનોની વિચારશ્રેણિનું માત્ર અનુસરણ હોઈ, તે ભ્રાન્તિ આચાર્યશ્રીએ કેવી સચોટ રીતે નિર્મૂળ કરી છે, એ ‘ વસન્ત ’ ની ફાઈલોમાં, એમનાં વિપુલ જ્ઞાન અને બુદ્ધિપ્રસાદનાં ઉજ્જ્વલ દૃષ્ટાન્તોરૂપ આપણને પ્રતીત થયા વિના રહેશે નહિ. ખાદી અને મિલનું કાપડ, એ સમ્બન્ધમાં એમનો ગાંધીજીની સાથેનો મતભેદ આગળ દર્શાવાયો છે.

૫

આનન્દશંકરનું ગદ્ય સરલતા સુન્દરતા તથા સુરસ માધુર્યનો નમૂનો છે. સ્વ. સાક્ષરો ચન્દ્રશંકર પંડ્યા, અમૃતલાલ પઢિયાર અને ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈના લેખો પણ એ પ્રકારના છે. તથાપિ આચાર્યશ્રીનું જે વિરલ આત્મત્વ એમનાં લખાણોમાં આવે છે, જે અર્થગમ્ભીર, ભાવવાહી, વિચારવૈવિધ્ય તેમાં નિહાળાય છે, સચોટ અને ઊંડી પર્યેષણા નજરે પડે છે, ઉલ્લાસ, આદર્શ, સહૃદયતા અને આશાવાદનું મનોહર સંમેલન દેખાય છે, તીવ્ર લોકવેદનાની ઉગ્ર માનવ-હૃદયની ચિન્તાઓનું પ્રતિબિમ્બ, એવું કેટલુંક દૃષ્ટિગોચર થાય છે, પત્રકારનું એક દ્રષ્ટા તરીકેનું કર્તવ્ય કેટલી અચળ નજરે સુશિષ્ટ વાણીમાં વિરલ સિદ્ધાન્તવાદિતાની શકિતથી મૂર્ત થાય છે, તથા આર્ય અને વિદેશી, સર્વ પ્રકારનાં વાઙ્મય, વિવિધ પ્રવૃત્તિઓનું સમાલોચન, ભિન્ન-ભિન્ન વિચારશ્રેણિઓનો સમન્વય, આ સર્વની રસભરી પ્રસાદી તેમાં પ્રાપ્ત થાય છે, તે એને જરૂર અનુપમ, આકર્ષક, ઉપદેશક, ચિરંજીવ બનાવે છે. એમના ગદ્યને માટે प्रसन्नगम्भीरपदा सरस्वती કહેવામાં આવ્યું છે તે સાર્થ જ છે.

‘ વસન્ત ’ માસિક પ્રકટ કરવાનો ઉદ્દેશ જે હતો, “ સમયનું યોગ્ય પ્રતિબિમ્બ ઝીલવું અને જે તે વિચાર, પ્રશ્ન અને સંસ્થાને તેના સત્ય સ્વરૂપમાં જોવાં, વિચારવાં અને ચર્ચવાં,— અને તેમાં પણ ધર્મને એમના મધ્યસ્થાને રાખવો, ”—તે જ સામાન્ય રીતે એમના લેખોનું કેન્દ્ર-વર્તી ધ્યેય હતું. “ Truth and Love ” (સત્ય અને સ્નેહ) જે આચાર્યશ્રીનું જીવનસૂત્ર હતું, તેનું દર્શન પણ એમનાં લખાણોમાં થાય, એ સ્વાભાવિક છે.

“ વસન્ત ”ને કવિઓએ ‘ ઉદાર સમય ’ કહ્યો છે, કારણ કે વસન્ત એટલે નવજીવન અને જીવન એટલે ઉદારતા, વિશાળતા. ” આ અર્થમાં આનન્દશંકરે ‘ વસન્ત ’ પત્રની કલ્પના કરી. આ પહેલાં ગૂજરાતમાં, મહાકવિશ્રી નાનાલાલના સિવાય બીજા કોઈનેય વસન્તમહિમાનો ખ્યાલ હોય, એમ ઓછું જ દેખાતું હતું. કવિવીર નર્મદે તો વસન્તને બદલે વર્ષા ઋતુનું ગૌરવ ઋતુરાજ

રૂપે સ્વીકારી પણ લીધું હતું ! વૈષ્ણવ મન્દિરોમાં વસન્તના ઉત્સવો,—તેનાં સંગાન (બહુધા વ્રજ ભાષામાં,) ઘણા કાળથી ચાલુ જ હતાં, પરન્તુ ત્યાં વિશેષતઃ ભક્તદૃષ્ટિ, એટલે એની ખાસ અસર ન તો જનતા ઉપર હતી,—ન તો સાહિત્યઉપાસકો ઉપર !

'વસન્તે' એના સંકુચિત ક્ષેત્રમાં (એનો પ્રચાર બહુ નહોતો) મોટી સેવા કરી છે, એમાં શક નથી. એણે ઘણા ગ્રેજ્યુએટોને લખતા કરી, ગૂજરાતી સાહિત્યમાં રસ લેતા કર્યા અને કેટલાક મહત્ત્વના દેશહિતના પ્રશ્નોની વારંવાર--જુદીજુદી દૃષ્ટિથી ચર્ચા કરીને વિદ્વાનોની દૃષ્ટિએ આણ્યા. યુરોપ--અમેરિકામાં પણ સાહિત્ય કે ફિલસૂફીનાં પત્રોનો વિસ્તૃત પ્રચાર હોતો નથી. તથાપિ એવાં પત્રો વિદ્યાસંપન્ન વર્ગોમાં વંચાય છે અને દેશના વિચારકોના અભિપ્રાયો વ્યક્ત કરતાં હોઈ, ધીમે ધીમે તેની આમવર્ગ ઉપર જરૂર અસર થાય છે. એ કામ 'વસન્તે' સુન્દર રીતે કર્યું. આ સિવાય એના પૂંઠા ઉપર દર માસે નિયમિત રીતે આવતો અંગ્રેજી ફકરો તથા તન્ત્રીની માહિતીપૂર્ણ, દલીલો ભરેલી જુદા જુદા વિષયોની--પ્રસંગોની નોંધો, એ બંને આ પત્રના વિશિષ્ટ વિભાગ હતા. સામાન્ય રીતે, આર્થિક વિષય તો આચાર્યશ્રીના અભ્યાસનો પ્રિય વિભાગ ભાગ્યે જ ગણાય. છતાં, બને તેટલાં એ વિષયનાં લખાણો પણ લખી લખાવીને દેશની, શ્રમજીવીઓની, ગરીબાઈ તરફ ધ્યાન ખેંચવાને એમણે બનતું કર્યું. વળી, જેમ 'સમાલોચક'માં ગોવર્ધનરામના મહત્ત્વના લેખો આવ્યા છે અને 'મોડર્ન રિવ્યૂ'માં રવીન્દ્રનાથ ઠાકુરનાં સંસ્કારી લખાણો પ્રકટ થયે જતાં હતાં, તેમ જ નરસિંહરાવની ઘણાં વર્ષોની સાહિત્યપ્રવૃત્તિનો ખજાનો તથા ઉત્તમલાલના વિચારશીલ રાજકીય લેખોનો સંગ્રહ 'વસન્ત'ની ફાઈલોમાં છે.

૬

આનન્દશંકરના તન્ત્રિત્વનો પ્રારંભ, 'સુદર્શન'થી થયો. મણિલાલ નભુભાઈના અવસાન પછી 'સુદર્શન' એમણે બારેક વર્ષ ચલાવ્યું. આ દરમિયાનમાં એમને 'વસન્ત' જેવા માસિક પત્રની આવશ્યકતા સમજાતાં, તે પણ એમણે શરૂ કરી દીધું. આ પત્રની એમને એટલી તો કાળજી અને ચિન્તા હતી કે કેટલોક વખત એ સર રમણભાઈના નામથી પ્રકટ થતું હતું, તથાપિ એની તન્ત્રીની નોંધો વગેરે સઘળું કાર્ય તેઓ પોતે જ કરતા. એમના સતત ઉદ્યોગશીલ જીવનનો આગળ ઉલ્લેખ થયો છે. એક વખત એમને સખ્ત તાવ હતો, છતાં રાતમાં એ પત્રને માટે બે ત્રણ નોંધો લખી નાંખી હતી.*

(अ)

આચાર્યશ્રીએ લખાણમાં ધીમે ધીમે પોતાની જ શૈલિ ખિલાવી હતી. જ્યાં સૂત્રાત્મક વચનથી કામ સરતું દીસે, ત્યાં તેઓ બહુ અસરકારક રીતે તેમ કરી શકતા. આવા જૂજ દાખલા જોઈએ :

---

* થોડા મહિના આ લેખકને તેનું પ્રકાશન આદિ કાર્ય સંભાળી લેવું પડયું હતું (નહિ તો કદાચ એ વખતે જ એ પત્ર બંધ થઈ જાત !) તે સમયનો આ લેખકનો જાહેર અનુભવ ઉપર જણાવ્યો છે. ૨. જ.

“ દુનિયાંનાં સઘળાં અનિષ્ટો દૂર કરવાનો બળવો એ જ એક માર્ગ છે, એમ કહેવામાં બુદ્ધિને શ્રમ નથી; પણ એટલાથી જ બુદ્ધિને સન્તોષ નથી.”

“ ખેદ એ છે કે...રાજ્યપ્રકરણી પ્રશ્નનો અભ્યાસ અને જ્ઞાન બલ્કે જિજ્ઞાસા ચાલ્યાં ગયાં છે અને માત્ર મન્ત્રમહિમા એને સ્થાને બેઠો છે.”

“ ઘોડા ઉપર ઘોડેસ્વાર નહિં હોય તો લગામ આમ ગોઠવ્યે શું થવાનું હતું ? રાષ્ટ્રનું ચૈતન્ય ‘ પોલિંગ બૂથ ’માં નહિં આવે; ત્યાં તો એ ફક્ત પ્રકટ થશે.”

“ નાદિરશાહે છાવણીમાં જેમ આખો જન્મારો ગાળ્યો હતો તેમ શું આ નવો યુગ પણ ‘ પોલિંગ બૂથ ’ અને ‘ કાઉન્સિલ ચેમ્બર ’માં જ જીવનક્ષપણ કરશે ?”

“ લોકમત, વિદ્વન્મત, તાજાવિચાર, પક્વવિચાર, એ સર્વને એકત્ર કરી, એમાંથી સાહિત્ય-વિકાસની દિશાઓ શોધી કાઢવી, અને પથિકોને બતાવવી એ (સાહિત્ય) પરિષદ્‌નો એક મુખ્ય હેતુ અને ઉચ્ચ અધિકાર છે.”

“ મનુષ્યના હૃદયમાં કેવા કેવા રાક્ષસો—‘ રક્તબીજો ’—ભર્યા છે, એની એને પોતાને પણ ખબર હોતી નથી. એની સાથે યુદ્ધ કરવાને માટે પરમાત્માના સાહાય્યની બહુ અપેક્ષા છે.”

“ ભગવન્નામોચ્ચાર અખિલ અજ્ઞાન અને પાપ અને નિર્બળતાને હરી, વિશ્વમાં ઊંચે રવે સંભળાતું પરમાત્માનું ગાન—ઉદ્‌ગીથ (ओम्) આત્મામાં પૂરે છે.”

(आ)

આનન્દશંકરનાં લખાણોમાંથી અહીં થોડા ઉતારા એમની દેશદાઝ અને ધાર્મિક ભાવના બતાવવા આપ્યા છે. એમનું સાહિત્યકાર અને કેળવણીકાર તરીકેનું કાર્ય સુપ્રસિદ્ધ છે, તેથી તેના ઉતારા જરૂરી ધાર્યા નથી. આ સિવાય, એમનાં લખાણો (ખાસ કરીને ‘ આપણો ધર્મ ’માંનાં કેટલાંક)માં આપણને કવિની લેખની તથા કવિની દૃષ્ટિનું પણ સુન્દર દર્શન થાય છે. અર્થાત્ એમના હૃદયમાં કવિતાનું વહેણ પણ સજીવ હતું, એમ સમજાયા વિના રહેતું નથી. દાખલા તરીકે, મહાકવિ કીટ્સના એક કાવ્યમાંથી એમણે જે રહસ્યપૂર્ણ ઉરભાવનું દોહન કરી, કવિત્વપૂર્ણ વાણીમાં તેનું આલેખન કર્યું છે, તેવાં એમનાં લખાણો વાચકોને બહુ પ્રિય હોવાનો સંભવ છે; આ લેખકનો એ જાતિઅનુભવ પણ છે.

“ અમે મહાત્માજી પાસે માગીએ છીએ કે ખાદી અને મિલનું કાપડ બંનેને એ હાથમાં લે. અને બંનેનો સમન્વય કરી દેશને દારિદ્ર્યમાં તણાતો અટકાવે. ખંડકાર્ય એ ગાંધીજી જેવા સેનાધિપતિને માટે નથી. એ કાર્ય તે તે અંગના નાયકોને સોંપી પોતે સર્વનું અખંડાકાર તન્ત્ર ચલાવે, એમ દેશ ઇચ્છે છે. ખાદી અને મિલનો વિરોધ પણ એ જ રીતે અટકાવાશે, અને બંનેનાં એકત્રિત બળનો વિરોધ પણ દેશને ત્યારે જ મળશે...(ખાદીપ્રચારની ખાસ જરૂર સ્વીકારતાં પણ—) દીવા ઓલવી નાંખવાથી કે કૂકડાં બોલવાથી સવાર થતું નથી. ગાંધીજી જેમ ગામડાં તરફ દૃષ્ટિ નાંખે છે તેમ બીજી તરફ મુંબઈના બંદર ઉપર દૃષ્ટિ નાંખે એમ અમે એમને વિનંતી

કરીએ છીએ. જેમ ગરીબ પ્રત્યે અનુકંપાની દૃષ્ટિ મોટી છે, તેમ સમગ્ર દેશહિતની દૃષ્ટિ પણ થોડા મહત્ત્વની નથી."

"આ રેંટિયો એ તમારો તંતુયજ્ઞ છે, યજ્ઞ જેટલી પવિત્ર બુદ્ધિથી કાંતવાનું અને વણવાનું કામ કરો, પણ એ સાથે એ યજ્ઞની ક્રિયામાંથી જ્ઞાન પણ પામો. રૂમાંથી સૂતરનો તાંતણો ખેંચો તે જ રીતે તમારા મગજમાંથી બુદ્ધિનો તાંતણો પણ ખેંચો. એ જેમ ઝીણો અને લાંબો તેમ સુન્દર. બેશક એ તૂટી જાય એમાં શોભા નહિં. એ તો નિર્બળતાનું ચિહ્ન. પણ જાડી બુદ્ધિ કે જાડા સૂતરમાં ખાસ વખાણવા જેવું નથી. બુદ્ધિ અને સૂતર જેમ ઝીણાં તેમ જ સારું.

"પણ બુદ્ધિના ઝીણા ને લાંબા તાર કાઢ્યા પછી એ તારને આત્મામાં વણવાનું કામ બાકી રહે છે. એ કામ વણાટના જેવું જ કઠણ છે. પણ વણાટ જેટલું જ આવશ્યક છે. સૂતરનાં ગૂછળાંમાંથી પટ ન વણાય ત્યાંસુધી એ ગૂંછળાં શા કામનાં? આપણા વિદ્યાર્થીઓ ઉપર એક ખરોખોટો આક્ષેપ છે કે તેઓ જે જ્ઞાન સંપાદન કરે છે, તે પરીક્ષાપત્રમાં લખી જવા માટે જ હોય છે. એ જ્ઞાન......એમના અંતર્માં ઊતરી એમના જીવનનો પ્રકાશ બનતું નથી...જે જે જ્ઞાન મેળવો તેને તમારો સિદ્ધાન્ત બનાવી દો...પુસ્તકની વિદ્યા તે પુસ્તકની જ રહેવા દેશો નહિં, એને તમારા આત્મપટમાં વણજો."

"......ગૃહજીવનની શાન્તિ અને મીઠાશ બતાવનાર કોઈ કવિતા નહિં જોઈએ? સિંહ હસ્તિકુમ્ભ વિદારતો શોભે છે, પણ સિંહિકા પાસે કોમળ બનતો થોડો શોભતો નથી, તેથી રાષ્ટ્રના વિશાળ હકમાં ગૃહજીવનનો હક ડૂબી ન જાય, તેની સંભાળ રાખવાની છે. એ સંભાળ કોઈપણ તરેહની દલીલોથી કે કાયદાઓથી રાખી શકાવાની નથી. એને માટે કવિપ્રતિભામાંથી ઉદ્ભવેલાં ગૃહજીવનનાં મધુરાં ચિત્રો જ જોઈશે જે આપણા હૃદયને આકર્ષશે, અને આપણા જીવનમાં નિઃશબ્દ ઉન્નતિ પ્રેરશે. એમ કહેવાય છે કે પ્રાચીન ગ્રીસમાં મહાન દેવ વા મનુષ્યની મૂર્તિ ઘરમાં રાખવામાં આવતી, એટલા હેતુથી કે એનું દર્શન કરતી ગૃહિણી તત્સદૃશ પુત્ર ઉત્પન્ન કરે; અને અરબ સ્ત્રીઓ પોતાના ઓરડામાં મૃગલાં પાળતી, એટલા માટે કે એનું ચિન્તન કરતી પોતે મૃગનયનાં છોકરાંને જન્મ આપે; આવો ભાવનાનો મહિમા મનાયો છે."

"આપણા ધર્મ અને તત્ત્વજ્ઞાનના મન્દિર તરફ નજર કરો, એ મન્દિર ઘણું પ્રાચીન છે. પણ એ પ્રાચીનતાને લીધે......આપણા......ચઢતી પડતીતા સમયોમાં આપણે એ વિશાળ મન્દિરને જોઈએ તેવું સાફસૂફ રાખી શક્યા નથી. તેને લીધે—એમાં અજ્ઞાનનાં પુષ્કળ જાળાં બાઝ્યાં છે, ખૂણેખૂણે ચામાચીડીઆંએ વાસ કર્યો છે, ભવ્ય અને સુન્દર ચિત્રો સેંકડો વર્ષની ધૂળથી અને જ્યાં ત્યાં ફરેલા અણસમજુ કડીઆના કૂચડાથી ઢંકાઇ ગયાં છે, અને કેટલેક ઠેકાણે દિવ્ય મનુષ્યાકૃતિ બાળકોએ કાઢેલા કોયલાના લીટાથી વાનર જેવી બની ગઇ છે. એના કેટલાક ભાગમાં સૂર્યનું એક કિરણ પણ પડતું નથી, અને કોઈક પૂજારીએ પ્રજ્વાળેલા ઝાંખા બળતા દીવા પણ ઘણાખરા હોલાઈ ગયા છે. આવા વિશાળ અને અદ્ભુત મન્દિરનો જીર્ણોદ્ધાર કરવાનું કોઈપણ એક વ્યક્તિમાં સામર્થ્ય નથી. બલ્કે, એ મન્દિરમાં સર્વત્ર ફરી વળી એવું યથાસ્થિત જ્ઞાન મેળવે

એટલી પણ કોઈની શક્તિ નથી. એ પ્રાચીન દેવાલયનો ઉદ્ધાર કરવામાં, અને એની દિવાલો ધોઈને ફરી સાફ કરવામાં, કાંઈ નહિ તો એકાદ બે જાળાં ખંખેરી કાઢવામાં, કે અંધારામાં જરા બત્તી ફેરવવામાં, ભાગ લેવો એ દરેક સનાતન હિન્દુધર્મીની ફરજ છે.”

“અમને તો લાગે છે કે—મૂર્તિપૂજા એ ખરી ધાર્મિકતાનો ઉદ્‌ગાર છે, પરતત્ત્વને પ્રત્યક્ષ કરી જોવા, સેવવા, અને આલિંગવાનો યત્ન છે. જૂના યાહુદીધર્મના વખતમાં અને તે પહેલાં ઘણો વખત, બૅબિલોનિયા વગેરે દેશોમાં ધાર્મિકવૃત્તિ બહુ નિકૃષ્ટ દશામાં ઊતરી પડી હતી અને તે વખતે મૂર્તિપૂજાએ બહુ બહુ અયોગ્ય સ્વરૂપો ધારણ કર્યાં હતાં; એ કારણથી કેટલાક જૂના યાહુદીઓ અને ક્રાઇસ્ટ વગેરે નવીન યાહુદીઓએ મૂર્ત્તિપૂજા ઉપર પ્રહાર કર્યો. પણ એટલા ઉપરથી, મૂર્ત્તિપૂજાની ઐતિહાસિક સદોષતાને ત્રૈકાલિક સદોષતારૂપે માની લઈ, અને પરમેશ્વર સચરાચર વ્યાપી રહેલો છે—જગત્‌થી પર (Transcendent) છે તેમ જગત્‌માં (Immanent) છે—એ વાત ભૂલી જઈ, ઉપર સ્વર્ગમાં બેઠેલો છે તેથી મૂર્તિથી ભિન્ન છે, એમ ભ્રાન્તિમાં પડી, ક્રિશ્ચિયનો અને મુસલમાનોનું અનુકરણ કરી, આપણા આર્વાચીન સુધારકો મૂર્ત્તિપૂજાનું ખંડન કરવા જાય છે મોટી ભૂલ છે.”

“હિન્દુ ધર્મનું રહસ્ય જાણવું હોય તો હિન્દુઓના જીવનમાં જીવો અને એ જીવન પરદેશી વિદ્યાથી રૂપાન્તર પામી ગયેલા કે શહેરના એશઆરામથી વિકાર પામેલા હિન્દુજીવનમાં નહિં જણાય—તે માટે તમારે અભણ અને ગરીબ લોકોનાં ઝૂંપડાંમાં જઈ ત્યાંનું જીવન જોવું જોઇશે—અને એ પણ બહારનાં પડ ઉતારીને અંદર દૃષ્ટિ નાંખવાથી જ જણાશે. આ દૃષ્ટિબિન્દુ પૂર્વે સૂઝયું ન હોય તેમને મારી વિનંતી છે કે તે ઉપર સ્થિર ચિત્તે મનન કરવું અને મને ખાતરી છે કે કીટ્સ આગળ ચેપમનના ‘હોમર’ જેવા—હિન્દુ ધર્મની એક નવી જ પોથી એમની નજર આગળ ઉઘડેલી દેખાશે.”

“રે પ્રભો!—જેના રસને વેદ ‘सोम’ ‘इन्दु’ નામે સ્તવે છે—તારી દૃષ્ટિ અન્તરમાં પડતાં, આ જન્મના અનેક સાંસારિક અનુભવો અને લાલસાઓથી ખવાઈ ગયેલા, અરે! અસંખ્ય જન્મોની માયાજાળથી છવાએલા જર્જરિત, આત્માઓનાં હૃદયો પણ ઊછળે છે. રે પ્રભો! તારો દિવ્ય સમાગમ થતાં, અત્યંત શુષ્ક અને જીર્ણ થઈ ગએલી આત્મવૃક્ષની શુભવૃત્તિરૂપી ડાળીઓ પણ પુનઃ ધીમે ધીમે પવિત્ર ધ્વનિ ઉચ્ચારે છે. મૃતવસ્તુઓમાં—ખરો ચિત્પદાર્થ ખોઈ બેઠેલા જીવોમાં—પણ તારો શ્વેત શુભ્ર સત્ત્વગુણમય પ્રકાશ અને પ્રેમમય ચુંબન અલૌકિક ચૈતન્ય પ્રેરે છેઃ આ ઇન્દ્રિયરૂપી ગાયો, તારા પ્રેમની ચન્દ્રિકામાં વીંટાએલી, ઊંઘમાં પણ—આ સંસારનિદ્રામાં પણ દિવ્યક્ષેત્રોનાં સ્વપ્નાં અનુભવે છે. અસંખ્ય મહાત્માઓરૂપી ગિરિવરો તારા દૃષ્ટિપાતથી પવિત્ર થવા મોટી મોટી આકાંક્ષાભર્યા ઊભા રહે છે. અને તે છતાં, એક અલ્પમાં અલ્પ માનસગુહા, તારા આનન્દથી સીંચાવા જોગ એક ન્હાનામાં ન્હાની જગા, પણ તારી પ્રેમચન્દ્રિકા પામ્યા વિના રહી જતી નથી. આ શરીર રૂપી માળામાં રહી, પ્રવૃત્તિનિવૃત્તિરૂપ પાંખો ફફડાવતું આ જીવાત્મારૂપી પક્ષી પણ એની શાંત દૃષ્ટિ વડે તારા મુખનું અવલોકન કરી શકે છે, અને

એકાદ પવિત્ર ગ્રન્થરૂપી લતાપત્રોના આશ્રય નીચે રહીને તારી ઝાંખી લઇ શકે છે. ભક્તિરૂપી મોતીની છીપમાં ન્હાની આ બિચારી શાંત થઈ પડી રહેલી મનરૂપી માછલી પણ તારી શાંતિ પામે છે.''

[કીટ્સના એક કાવ્યનો ભાવાનુવાદ]

આચાર્ય આનન્દશંકર હિન્દુ યુનિવર્સિટીની સત્તરેક વર્ષ સેવા કરી, ત્યાંની ડિ. લિટ્ ની માન ભરેલી ઉપાધિ લઈ વાનપ્રસ્થ થયા. પરન્તુ અમદાવાદમાં આવતાની સાથે એમને માટે પાછી શહેરની સઘળી સત્પ્રવૃત્તિ રાહ જોતી જ હોય, એમ તે સર્વનાં સુકાન એમને હસ્તે સોંપાયાં. અને અવસાન સુધી પોતે કર્ત્તવ્યની એ ધુરા ધારણ કરી રહ્યા હતા. એમની એક જ મહેચ્છા હતી જે એમની જિન્દગીમાં પૂર્ણ ન થઇ શકી અને તે ગૂજરાતની યુનિવર્સિટી સ્થાપવાની. શ્રદ્ધા છે કે એ એમની મહેચ્છા પણ પૂર્ણ થતાં હવે બહુ સમય નહિ વીતે.

આચાર્યશ્રીને ઘણાં સન્માનપત્રો, ઘણાં સ્તુતિવચનો, ઘણા પ્રશંસાપત્રો અપાયેલ છે. તેમાંના એકમાંથી એક ફકરો, જેમાં એમના જીવનકાર્યનો સુન્દર સમન્વય થયેલો દીસે છે, તે અન્તમાં આપીશું:

"પ્રજાના અભ્યુદયનાં પ્રધાન સાધનો, કેળવણી, સાહિત્ય, પત્રકારત્વ, વ્યાખ્યાનો તથા સમાજહિતચિન્તન, એ સર્વમાં આપનું અનુપમસ્થાન; આપના હૃદયબુદ્ધિના મહાગુણો જેવા કે સમન્વય, સમાધાન, સદ્ભાવ અને સહકારની પ્રબલ વૃત્તિઓ; તેમ જ આપનો ઉદાત્ત ઉરભાવ, આદર્શ ચારિત્ર્ય, વિશાલ વાચન, મર્મભેદી પર્યેષણા, વિરલ તુલનાશકિત અને રસદૃષ્ટિ, આર્યસંસ્કૃતિનો, ધર્મનો પરમ સ્નેહ, અને ઉદ્યોગપૂર્ણ, કર્ત્તવ્યશીલ, કાર્યદક્ષ, સંયમી જીવન; તથા વર્ણભેદ,—વર્ગભેદ,—ધર્મભેદથી પર આપનું રાષ્ટ્રપ્રેમી માનસ; એ સહુય આપને ઉત્તમ નાગરિક, ઉત્તમ સદ્ગૃહસ્થ, ઉત્તમ સાક્ષર તથા ઉત્તમ શિક્ષાગુરુ (—અનેકાનેક શિષ્યપરંપરાના તો આપ **ગુરૂણાં ગુરુઃ** છો જ—) સિદ્ધ કરે છે; અને આપની સર્વપ્રિય ઓજસ્વી કારકિર્દી આપને સ્વાભાવિક રીતે સર્વત્ર નેતૃત્વ અર્પે છે."*

---

* અમદાવાદની વડનગરા નાગર ગૃહસ્થ એસોશિયેશનની અભિનન્દનપત્રિકામાંથી

સદ્‌ગત આચાર્યશ્રી આનંદશંકરભાઈ બા૦ ધ્રુવનાં સંસ્મરણો

રા. બ. ડાહ્યાભાઈ આ. પટેલ

ઈ. સ. ૧૯૦૦ થી ૧૯૦૩ સુધી હું ગુજરાત કૉલેજમાં વિદ્યાર્થી તરીકે હતો. તે વખતે મારી બીજી ભાષા (Second Language) સંસ્કૃત હોવાથી અને સદ્‌ગત આચાર્યશ્રી સંસ્કૃતના અધ્યાપક (Professor) હોવાથી મને તેમના શિક્ષણનો લાભ મળેલો. વળી બી. એ.માં ઐચ્છિક વિષય (Optional Subject) તરીકે Literature એટલે ઇંગ્લિશ અને સંસ્કૃત પસંદ કરેલ હોવાથી—તેમની પાસેથી હું કઠોપનિષદ, મુંડકોપનિષદ તથા બાદરાયણનાં બ્રહ્મસૂત્રોનો ઘણો જ થોડો ભાગ શ્રી શાંકરભાષ્ય સાથે તેમ જ ઋગ્વેદનો થોડો ભાગ તેમની પાસેથી શીખવાને હું ભાગ્યશાળી થયો હતો. પણ મારે કબૂલ કરવું જોઈએ કે તે વખતની મારી આર્થિક સ્થિતિ એવી હતી કે આ બધા વિષયો પરીક્ષા પાસ કરવા પૂરતા મેં વાંચેલા—એટલે કે તે વિષયોને પૂરા સમજવાને બીજાં જે પુસ્તકો વાંચવાની જરૂર પડે તે વાંચવાનો મને બિલકુલ વખત મળતો નહિ. અને મુખ્ય નેમ વરસ બગડે નહિ અને પહેલે વર્ષે પરીક્ષા પાસ કરી જલદી જીવનનિર્વાહનાં સાધન મળે એ તરફ હતી—તેથી આ ઊંડા રહસ્યવાળા ગ્રંથોમાં જે મહાન સત્ય અને આખી દુનિયાના ધાર્મિક ગ્રંથોમાં જે તત્ત્વજ્ઞાન મળતું નથી અને જે મેળવવા માટે જર્મન પ્રોફેસર મૅક્ષમૂલર જેવા વિદ્વાનોએ સંસ્કૃત જેવી ભાષા શીખીને અથાગ શ્રમ ઉઠાવ્યો છે તે પૂર્ણ રીતે હું મેળવી શકેલો નહિ—છતાં તે વખતે મારા મગજ ઉપર આપણી આર્ય સંસ્કૃતિ વિશે જે શુભ સંસ્કારો સદ્‌ગત આચાર્યશ્રીએ પાડેલા તે છેક ભુસાયા નહિ. અને પાશ્ચમની કેવળ વૈજ્ઞાનિક અને એક રીતે કહીએ તો નિરીશ્વરવાદી કેળવણીના વાવાઝોડામાંથી જો હું થોડેઘણે અંશે બચ્યો હોઉં તો તે સ્વર્ગસ્થશ્રી આનંદશંકરભાઇના બોધનો પ્રતાપ એમ હું માનું છું.

બી. એ. પાસ થયા પછી શું કરવું ? એ પ્રશ્ન હાલ જેમ દરેક ડિગ્રી મેળવનારને મૂંઝવે છે તેમ તે વખતે અને આજથી લગભગ ૪૦ વર્ષ પર પણ મને મૂંઝવવા લાગ્યો. માબાપ નાની ઉમરમાં જ એટલે ૫–૬ વર્ષની વયમાં જ ગુમાવેલાં હોવાથી અને નિર્વાહ માટે મોટાભાઈના ટૂંકા પગાર ઉપર આધાર હોવાથી કૉલેજમાં આગળ અભ્યાસ થાય તેમ નહોતું-વિલાયત જઈ I. C. S. માટે ખંતપૂર્વક મહેનત કરવાની મહત્ત્વાકાંક્ષા પણ ઉદ્‌ભવેલી અને તેનો કોર્સ વગેરે પણ મંગાવેલો. પરંતુ આર્થિક મદદના અભાવે મનની વાત મનમાં જ રહી. તે વખતે શ્રીયુત આચાર્યશ્રી આનંદશંકરભાઈ પાસે હું તથા મારા મોટાભાઈ “ હવે શું કરવું ? ” તે બાબત તેમની સલાહ લેવા ગયેલા. ત્યારે તેમણે મને જે કહેલું તે હજી પણ મારા કાનમાં ગુંજ્યા કરે છે:

“ તમે એક નાના ગામના તલાટી થાઓ કે પછી વડોદરા રાજ્યના દીવાન થાઓ, પણ તે વખતે તમારું વર્તન કેવું હશે અને તમારા સ્વાધ્યાય અને નિર્દેશ માટે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા રાખતા

હશો કે બીજું એવું કંઈ નકામું પુસ્તક રાખતા હશો કે કંઇ નહિ રાખતા હો—તેના ઉપરથી તમારી કેળવણીની કીમત અંકાશે”—આ વાક્યોમાં કેટલો ગુહ્યાર્થ રહ્યો છે તે વાંચનાર સમજી શકશે. એટલે કે માણસની કેળવણીની પરીક્ષા તેના વેતન કે પદવી ઉપરથી નથી કરવાની પણ તેના ચારિત્ર્ય ઉપરથી તેમ જ તેની ધર્મભાવના ઉપરથી થાય છે.

તે પછી રેવન્યૂ ખાતામાં હું નોકરીમાં જોડાયો—અને રેવન્યુ ખાતાનો જેને અનુભવ છે તેઓ જાણે છે કે તે ખાતામાં જેઓ ખંતથી અને પ્રામાણિકપણાથી કામ કરે છે તેમને એટલું બધું કામ પહોંચે છે કે બીજા અભ્યાસ માટે તેમને બિલકુલ ફુરસદ મળે નહિ. કેટલાક નસીબદાર થોડા પ્રયત્ને પણ ફાવી જાય છે એ વાત ખરી છે. પણ આવા કેસો અપવાદરૂપ હોય છે. ઈ. સ. ૧૯૨૩—૨૪ માં હું ખેડાના કલેક્ટરનો ચિટનીસ હતો, તે વખતે વેદાન્તનો વિષય તાજો કરવાની ફરી ઊર્મિ થઈ આવી અને એક નવા થયેલા ગ્રેજ્યુએટ સાથે દરરોજ રાત્રે કલાક કલાક વેદાન્તસૂત્ર ઉપરનું શાંકરભાષ્ય વાંચવા માંડેલું—પરંતુ એક મહિનામાં જ બીજું વધારે કામ આવવાથી તે વાંચવાનું બંધ કરવું પડેલું.

ઈ. સ. ૧૯૩૭માં હું નોકરીમાંથી છૂટા થવાની રજા લેઈને અમદાવાદ આવ્યો ત્યારે આચાર્યશ્રી આનંદશંકરભાઇની મને ફરી મુલાકાતનો લાભ લગભગ ૩૪ વર્ષે મળ્યો. તે વખતે તેમને સહેજ યાદ દેવડાવતાં તેમણે મને તુરત ઓળખ્યો અને મારા સહાધ્યાયી બીજા બેત્રણ વિદ્યાર્થીઓ વિશે મને તેમણે ખબર પૂછી. આ ઉપરથી તેમની સ્મરણશક્તિ કેવી સારી અને તેજ હતી તે જણાઇ આવે છે.

ઉચ્ચ કેળવણી અને ઉચ્ચ અભ્યાસ માટે સ્વર્ગસ્થ આચાર્યશ્રીને કેટલી લાગણી હતી તે તે વખતના તેમના મારી સાથેના ટૂંકા વાર્તાલાપ ઉપરથી મને જણાયું. સરકારી નોકરીના શુષ્ક ક્ષેત્રમાં ઘણો વખત કામ કરવાથી અને ગ્રેજ્યુએટ થયેલા ઘણા યુવાનો ટૂંકા પગારની નોકરીઓ માટે ફાંફાં મારતા મારી પાસે આવતા હોવાથી તથા કેટલાક તો વગર પગારની ઉમેદવારી કરતા જોવાથી મારા મનમાં ઘણા વખતથી એમ થયા કરતું હતું કે આપણી કેળવણીની પદ્ધતિ ઘણી જ ખામીભરેલી છે અને તે સુધારવાની ઘણી અગત્ય છે. ગામડાના ખેડૂતના છોકરાઓને અંગ્રેજી ભણાવી મૅટ્રિક કરવાથી શહેરી જીવનનો તેમને અભ્યાસ પડવાથી તેઓ ગામડામાં જઈ રહી પોતાનો અસલ ધંધો કરવા નાલાયક બને છે, અને બધા મૅટ્રિકોને રોકી શકાય એટલી સરકારી કે ખાનગી નોકરી મળતી નથી—અને તેથી अतो भ्रष्टस्ततो भ्रष्टः જેવી દયાજનક સ્થિતિ તેમની થાય છે. તેથી મેં કહ્યું કે ગામડાના છોકરાઓને ખપ જેટલું અંગ્રેજી જ્ઞાન ગામમાં જ આપવું અને અપવાદરૂપ છોકરા જે ઘણા બુદ્ધિમાન હોય અગર ઘણી સારી આર્થિક સ્થિતિના હોય તેઓ જ આગળ અંગ્રેજીનો અભ્યાસ કરવા શહેરમાં આવે.

કૉલેજનો અભ્યાસ તો ઘણા જ થોડાને આપવો, જેથી “ Educated unemployed ”-ની સંખ્યા વધવા પામે નહિ, અને વકીલોની સંખ્યા વધતાં કજિયા તથા કૉર્ટોનું કામ જે વધ્યું છે તે કમી થાય અને ગામડાની ખેતી મજૂરો તથા ખેતી કરનાર સારા ખેડૂતોના

અભાવે નિર્જીવ થતી જાય છે તેનામાં કંઈક જીવ આવે. આ મારો અભિપ્રાય આચાર્યશ્રીને પસંદ પડ્યો નહિ અને તેમણે મને ચોખ્ખું સંભળાવી દીધું કે તે બરાબર નથી. “ દરેકે દરેક વિદ્યાર્થીને ઊંચ કેળવણીનો લાભ મળવો જ જોઈએ. એટલે દરેકને બી. એ. સુધી તો જવાની સવડ આપવી જ જોઈએ. અને તેની આગળ જેની લાયકાત અને સાધન હોય તે જાય.—” તે સાંભળી હું ચૂપ રહ્યો અને આચાર્યશ્રીના વિચારો વિશે વધારે વિચાર કરવા લાગ્યો.

રિટાયર થઈને આવ્યા પછી હું તુરત જ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં આજીવન સભ્ય તરીકે જોડાયો તથા વ્યવસ્થાપક મંડળના સભ્ય તરીકે પણ ચૂંટાયો - અને તેથી સદ્દગત આચાર્યશ્રીના થોડા થોડા સહવાસમાં આવતો ગયો, તેમ તેમ તેમને માટેની મારી માનની લાગણીમાં વધારો થતો ગયો. ગુ૦ વ૦ સો૦ ના પ્રમુખ તરીકે સોસાયટીના વધતા જતા હિસાબ વગેરે બરાબર તદ્દન શુદ્ધ રીતે રાખવામાં આવે તે બાબત તેઓશ્રી ઘણી જ કાળજી રાખતા અને તેમના તે પ્રયાસના પરિણામે જ “ હિસાબ અને બંધારણ ઉપસમિતિ ” પ્રથમ હયાતીમાં આવી.

ઉચ્ચ અભ્યાસ તથા સંશોધન વિભાગ માટે, તેમ જ સરકારી non--recurring રૂ. ૮૦૦૦) ની અને વાર્ષિક recurring રૂ. ૧૨૦૦૦) ની ગ્રાન્ટ માટે તેમણે લીધેલા પરિશ્રમ માટે સકળ ગુજરાત સારી રીતે માહિતગાર છે. “ ગુજરાત યુનિવર્સિટી ” જલદી સ્થાપવા માટે તેઓશ્રીને ઘણી ધગશ હતી અને તે ધગશ અધૂરી રહી ગઈ છે—અને તેમનું તે સ્વપ્ન ફળીભૂત કરાવવાનો બોજો હવે તેમની પાછળ રહેલા તેમના અનુયાયીઓ તથા પ્રશંસકો અને ગુજરાતના ધન અને વિદ્યાથી સંપન્ન આગેવાનોને માથે આવી પડે છે. અને તેઓને તે બરાબર ઉપાડી લેવાનું સામર્થ્ય પરમકૃપાળુ પરમાત્મા આપે તેવી નમ્ર પ્રાર્થના છે.

આચાર્ય ડૉ. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવનાં સંસ્મરણો

ડૉ. જોસેફ બેન્જામિન

સદ્‌ગત ડૉ. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવનો જન્મ અત્રેની વડનગરા નાગર ગૃહસ્થ જ્ઞાતિમાં સંભાવિત કુટુમ્બમાં થયો હતો. તેમના પિતાશ્રી કાઠિયાવાડમાં દફતરદારના ઉચ્ચ હોદ્દા પર હતા. પોતે એમ. એ. અને એલએલ. બી. ની પરીક્ષાઓ પસાર કર્યા પછી ગુજરાત કૉલેજમાં અધ્યાપક નિમાયા હતા. સને ૧૮૯૩માં તેઓ જ્યારે રાયપુર આકાશેઠ કૂવાની પોળમાં રહેતા હતા ત્યારે મારું દવાખાનું સ્વ. શેઠ વીરચંદ દીપચંદ, સી. આઇ. ઈ. ના રૂપા સૂરચંદની પોળ બહારના ડહેલામાં હતું. તે સમયે તેમના કુટુમ્બીજનોના ઔષધોપચાર માટે મને બોલાવવામાં આવતો હોવાથી હું તેમના સમાગમમાં આવવાનો લાભ મેળવી શકયો. બાદ મારે તેમને ઘેર ઘણી વખત જવાના પ્રસંગો મળવાથી તેમની વિદ્વત્તા, સૌજન્ય અને માયાળુ સ્વભાવની મારા ઉપર છાપ પડી. ગુજરાત કૉલેજમાં તેઓ સંસ્કૃત શીખવતા, એટલું જ નહિ પરંતુ તેની સાથે અંગ્રેજી અને અન્ય વિષયો પણ શીખવતા. તેમણે તેમના વિદ્યાર્થીઓની પ્રીતિ સંપૂર્ણ રીતે સંપાદન કરી હતી. તેથી વિદ્યાર્થિવર્ગ તેમને તેમના ખરા ગુરુ તરીકે માનતો હતો.

સને ૧૮૯૫માં મેં જ્યારે અમદાવાદ મ્યુનિસિપાલિટીની ખાડિયા વૉર્ડ નં. ૨ ની સામાન્ય ત્રિવાર્ષિક ચૂંટણી વખતે સભાસદ થવા માટેની ઉમેદવારી કરી ત્યારે મારા માટે તેમણે જ દરખાસ્ત કરી હતી, અને સ્વ. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી જેઓ તેવામાં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના વાઇસ–પ્રિન્સિપાલ હતા તેમણે ટેકો આપ્યો હતો.

સને ૧૯૦૧માં મેં ગુજરાત કૉલેજમાં “અમદાવાદનું આરોગ્ય” એ વિષય પર ભાષણ આપ્યું હતું તે આચાર્યશ્રી આનન્દશંકરભાઇના પ્રયાસથી ગોઠવાયું હતું.

પોતે મદ્યનિષેધના ચુસ્ત હિમાયતી હોવાથી સને ૧૯૦૦માં તેઓ અમદાવાદ મદ્યનિષેધક મંડળના સભાસદ તરીકે જોડાયા હતા; અને છેવટ સુધી સભાસદ તરીકે ચાલુ રહ્યા હતા. તેઓ આ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે સને ૧૯૦૨માં ચૂંટાયા ત્યારથી તે આખર સુધી તે પદે રહ્યા હતા. આ મંડળનો સુવર્ણ મહોત્સવ સને ૧૯૩૮માં ઉજવાયો. તે પ્રસંગે એક જાહેરસભા બોલાવવાની હતી. સદરહુ સભાનું પ્રમુખસ્થાન ડૉ. એમ. ડી. ડી. ગિલ્ડર, એમ. ડી. (લંડન), જે તે સમયે મુંબઈ સરકારના તંદુરસ્તી અને દારૂખાતાના પ્રધાન હતા તેઓને લેવા વિનંતી કરવી એવી ડૉ. આનન્દશંકરભાઈએ સૂચના કરેલી. તે સૂચનાનુસાર ડૉ. ગિલ્ડર સાહેબને સભાપતિનું સ્થાન લેવા વિનંતી કરેલી, જે તેઓએ સ્વીકારી. તેથી જ તે જાહેરસભા ફત્તેહમંદ નીવડી, જેનો યશ આનન્દશંકરભાઈને ઘટે છે.

સર્વધર્મપરિષદ સને ૧૯૩૬માં અત્રે હંસરાજ પ્રાગજી હૉલમાં ભરાઇ હતી, તે પ્રસંગે

અધ્યક્ષપદેથી આનન્દશંકરભાઈએ જે મનનીય ભાષણ આપ્યું તે તેમના બધા ધર્મોના ઊંડા અભ્યાસની પ્રતીતિ કરાવતું હતું.

ગુજરાત કૉલેજમાંથી નિવૃત્તિ લીધા બાદ મહાત્મા ગાંધીજીની ભલામણ ઉપરથી પંડિત મદનમોહન માલવીયજીએ આનન્દશંકરભાઈની બનારસ કૉલેજના મુખ્ય અધ્યાપક તરીકે પસંદગી કરી. ત્યાં તેમની કારકિર્દી બહુ જ યશસ્વી નીવડી. તેથી તેમને બનારસ યુનિવાસિટીના પ્રો-વાઈસ-ચાન્સેલર (Pro-Vice-Chancellor) નીમવામાં આવ્યા હતા. તેઓ જ્યારે બનારસથી પોતાના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા ત્યારે બનારસ યુનિવર્સિટીએ તેમને ડૉકટર ઑફ લિટરેચર (D. Litt) ની પદવીથી નવાજ્યા. બનારસથી અહીં આવ્યા પછી તેઓશ્રીએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના કામકાજમાં સક્રિય ભાગ લેવા માંડ્યો. આ સોસાયટીના કારોબારી સમિતિના સભ્ય તરીકે અગાઉ અને પાછળથી દી. બ. કેશવલાલ ધ્રુવના અવસાન બાદ પ્રમુખ તરીકે તેમણે સોસાયટીની જે સેવા બજાવી છે તે માટે સોસાયટી તેમની અત્યંત ઋણી છે. તેમના જ પ્રયાસથી આ સોસાયટીમાં ઉચ્ચ અભ્યાસ તથા સંશોધન વિભાગ ઉઘાડવામાં આવ્યો; અને સરકાર તરફથી આ કાર્ય માટે સોસાયટી મદદ મેળવી શકી તે પણ તેમની જહેમતને લઈને જ.

ગુજરાતમાં જુદી યુનિવર્સિટી સ્થપાય એવી તેમની તીવ્ર ઇચ્છા હતી, પરંતુ તે ઇચ્છા બર આવે તે પહેલાં તેમનું અવસાન થયું અને તેમની હયાતીમાં તે તેમની ઇચ્છા પરિપૂર્ણ ન થઈ શકી. તેમના અવસાનથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને જે ભારે ખોટ પડી છે, તે પૂરી શકાય તેમ નથી. તેઓ સનાતન હિંદુ ધર્મના ચુસ્ત હિમાયતી હતા તોપણ સમાજમાં જે કાંઈ યોગ્ય સુધારા યા તેના પ્રયત્નો થાય તેનો તેઓ વિરોધ કરતા નહિ. તેમને સારાં સારાં પુસ્તકો રાખવાનો શોખ હતો અને તેમનું વાચન વિશાળ હતું. એથી જ તેઓ પોતાનું એક સ્વતંત્ર સુંદર મોટું પુસ્તકાલય બનાવવા ભાગ્યશાળી થયા હતા. દરેક વિષયને લગતાં લગભગ પચાસ હજારની કીમત કરતાં વધુ પુસ્તકોનો તેમનો સમગ્ર સંગ્રહ તેમના લાયક સુપુત્રોએ આનન્દશંકરભાઇની ઇચ્છા મુજબ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને બક્ષિસ આપ્યો છે, એ ખરેખર ગૌરવ લેવા જેવું છે.

આનન્દશંકરભાઇ એક મહાન સાક્ષર હતા અને ‘ વસંત ’ માસિકદ્વારા જે કીમતી સાહિત્યસેવા તેમણે કરી છે તેથી સમસ્ત ગુજરાત તેમનું ઋણી છે. તેમણે પોતાનું સમગ્રજીવન વિદ્યાવૃદ્ધિ અર્થે ગાળ્યું હતું. જો પોતે ચાહત તો વકીલાતના ધંધામાં પડી નામના કરત, એટલું જ નહિ પણ હાઈકોર્ટના ન્યાયાસનની ગાદી પણ મેળવી શકયા હોત. પણ તેઓએ સરસ્વતીના ઉપાસક તરીકે જ રહીને જે સેવા બજાવી છે તે અનુપમ છે. અન્ય શિક્ષિત વર્ગને આ તેમનો દાખલો અનુકરણ કરવા યોગ્ય છે.

જોકે આ ફાની દુનિયા ત્યજી તેઓ ચાલ્યા ગયા છે, તોપણ તેમનો સાહિત્યસૌરભનો વારસો અમર છે. પરમેશ્વર તેમના આત્માને અવિચળ શાન્તિ આપો. તથાસ્તુ.

સંસ્મરણો અને વિચારો

શ્રી. રામચંદ્ર નારાયણ પંડયા

પૂ. આચાર્યશ્રી આનન્દશંકર ધ્રુવના અવસાનથી ગૂજરાતને જ નહિ પણ સમસ્ત ભારતવર્ષને એક પૂરી ન શકાય તેવી ખોટ પડી છે. અને આમ કહેવાને મારી પાસે એક વિશિષ્ટ કારણ છે એ આગળ જતાં સ્પષ્ટ થશે. આચાર્યશ્રીની સાથેનો મારો પરિચય આમ તો નહિવત્ ગણાય તેવો છે. એકાદ બે વખત એમની સાથે વાત કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. અને એમનાં થોડાંક વ્યાખ્યાનો સાંભળવા મળેલાં. એ વિના અંગત પરિચય બીજો નથી. પણ એક બીજી રીતે આચાર્યશ્રીના અંતેવાસી થવાનું મને પ્રાપ્ત થયેલું. તેને માટે મારા અધ્યાપક પૂજ્ય પાઠકસાહેબનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. એમનાં ધર્મવિષયક લખાણોનો સંગ્રહ “ **આપણો ધર્મ** ” એ નામથી પ્રસિદ્ધ થયેલો છે. તેની ત્રીજી આવૃત્તિ છપાવાની હતી. અને શ્રી. પાઠકસાહેબ એનું સંપાદનકાર્ય કરવાના હતા. એનાં પ્રૂફ એમની સાથે રહીને જોવાનું કાર્ય એમણે મને સોંપ્યું હતું. તેને પરિણામે એ લખાણો વાંચવાનો લાભ મને મળ્યો, એટલું જ નહિ પણ ‘ વસંત ’ માંથી બીજાં લખાણો ખોળી કાઢવા અને સરખાવવાને અંગે એમનાં બીજાં લખાણો પણ જોવા મળ્યાં. ઉપરાંત આચાર્યશ્રીના સાહિત્યવિષયક લેખો ‘ સાહિત્યવિચાર ’ અને ‘ કાવ્યતત્ત્વવિચાર ’ રૂપે છપાયા છે તે વાંચવાનો પ્રસંગ પણ મને પ્રાપ્ત થયેલો.

આ બધું તો ખરું જ, પણ એમનો અંગત પરિચય થોડોક જ, છતાં ખૂબ અગત્યનો નીવડયો છે. બેત્રણ વખત માત્ર જિજ્ઞાસાવશ થઇને જ એમને રહેઠાણે હું ગયેલો અને ત્યારે થયેલી વાતચીત એમના જ શબ્દોમાં મારા સ્મરણમાં છે તે પ્રમાણે અહીં રજૂ કરું છું.

“ આપની પાસેથી હજી તો અમને ઘણી આશા છે. ”

“ એ તો જાણે ઠીક. હું તો આ વિશ્વની યોજનામાં જે બની શકયું તે કરી છૂટયો છું. વ્યક્તિને એ રીતે મહત્ત્વ આપવાની જરૂર નથી. ”

“ આપ હજી પણ કાંઇક વધુ ન આપી શકો ? ”

“ ના, એવી મારી સ્થિતિ નથી રહી. બાકી, મારા મનમાં તો હજી ઘણુંઘણું પડયું છે. એ દૃષ્ટિએ મારે તો વેદથી શરૂ કરી બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ વગેરેનાં વિધાનોનો સમન્વય કરી બતાવવો હતો. એ વસ્તુઓ અત્યારે પણ મારા મન આગળ તાજી છે. અને એ દરેકમાંથી, જેમજેમ આગળ જતા જઈએ તેમ તેમ કયા કયા પ્રશ્નો ઊઠે અને એનું શું સમાધાન રજૂ કરી શકાય એ બધું મારા મનમાં તદ્દન સ્પષ્ટ છે. પણ મારી શારીરિક અશક્તિ મને તે પ્રમાણે કરવા દે તેમ નથી. ”

“પણ આપની રજા હોય તો હું કે મારા જેવો કોઈ લખનાર તો આપને જરૂર મળી આવે. આપ કહો તે પ્રમાણે એ આપના વિચારોને નોંધી લે અને પછી એને છપાવી શકાય.”

“એ વાત ખરી. અને એમ તો ઘણા મારી પાસેથી લખવા તૈયાર છે. પણ હવે મારી શક્તિ એટલી ક્ષીણ થઈ છે કે મગજને ક્રમબદ્ધ વિચારો રજૂ કરવાનો શ્રમ આપી શકાય તેમ નથી. વળી તમે જુઓ છો કે તમે આવ્યા તે વખતે હું જેટલું ઉતાવળે બોલી શકતો હતો, તેટલું અત્યારે નથી બોલી શકતો. મારા અવાજમાં ફરક સ્પષ્ટ જણાય તેવો છે.”

“તો પછી અમારે તો એમ જ માનવું કે એ બધું બહાર નહિ જ આવે?”

“અત્યારે તો એમ જણાય છે. મારી તબિયત ફરીથી એ બધું કરવા જેટલી સુધરે તો જુદી વાત. નહિ તો મને એનો શોક પણ નથી. અને એ કામ આગળ ચલાવનાર કોઈ નીકળી આવે એમ પણ બને.”

“અત્યારે દેશમાં જે ચાલી રહ્યું છે તેને આપ કેટલું મહત્ત્વ આપો છો?” મેં વાતની દિશા બદલી.

“એની પણ આપણને જરૂર તો છે જ. અને મહાત્માજી વગેરેનું કામ ખરેખર એ દિશામાં મહાન છે. પણ ખરું તો આપણે એમ માનવું જોઈએ કે આ પ્રશ્નો તો તાત્કાલિક મહત્ત્વના છે, હમેશને માટે આનું મહત્ત્વ આટલું નહિ રહે. સર્વકાલીન મહત્ત્વ તો પ્લેટો અને પશ્ચિમના બીજા ફિલ્સૂફો અને આપણા આચાર્યોના ઉપદેશની સરખામણી કરવી, તેમાંથી પરસ્પર કેટલો વિનિમય શક્ય છે તે જોવું અને તે બહાર લાવીને મૂકવું એવું છે. આમ કહીને હું મહાત્માજીના કામને ઉતારી પાડવા તો બિલકુલ માગતો નથી. એનું જ અત્યારે તો વધારેમાં વધારે મહત્ત્વ છે. મારે કહેવું છે તે તો માત્ર એ જ કે આ નજીકના કાર્યની ભભકમાં અંજાઈને પેલા કાર્યને ભૂલી ન જઈએ.”

આ પછી મેં એમનો સમય લીધો માટે ક્ષમા માગી રજા લીધી. એટલે એમણે કહ્યું: “ના, ના. એવું ન માનતા. મને તો કોઇ આવે છે ત્યારે ઊલટું વધારે ગમે છે. અને તમે આવ્યા તેથી બહુ આનંદ થયો. ફરીને પણ જ્યારે સમય હોય ત્યારે આવશો.”

મારા જેવા અદના માણસ માટે પણ જે આટલો ભાવ રાખી શકે તેની મહત્તા સમજી શકાય એવી છે. આવા માણસો ઘણા ઓછા જોવામાં આવે છે. વિરલ વ્યક્તિઓ આ પ્રકારનો વિવેક રાખી શકે છે. એવી વિભૂતિ પાસેથી હવે નવું મળવાનો સંભવ ઓછો છે એમ જણાતાં મને દુ:ખ તો થયું જ. એમના પ્રત્યેનું મારું આકર્ષણ પહેલેથી જ હતું, અને તેમાં કારણભૂત તો મહાત્માજીના જન્મદિનની ઉજવણી બનેલી.

શેઠ લાલભાઇ દલપતભાઈ આર્ટ્સ કોલેજમાં એ પ્રસંગે આચાર્યશ્રીને પ્રમુખસ્થાને દક્ષિણામૂર્તિવાળા શ્રી. નાનાભાઈ ભટ્ટે મહાત્માજીની સાથે રહેલા તે વખતનાં સંસ્મરણો કહ્યાં અને એમની વિચારસરણીની મહત્તા સમજાવી. ત્યારપછી એમણે એમની ધીરગંભીર અને અર્થ-

પ્રચુર વાણીમાં મહાત્માજીને અંજલિ આપી, તે વખતનો એમનો સંસ્કારી અને પ્રભાવશાળી, ધીરો અવાજ મને હજીયે બરાબર યાદ છે.

આચાર્યશ્રીએ ‘ આપણો ધર્મ ’ માં સરળ, વિશદ, અને અર્થપ્રચુર ભાષામાં હિંદુધર્મના તત્ત્વનું જે નિરૂપણ કર્યું છે તે હરકોઈને આશ્ચર્યમુગ્ધ કરી નાખે તેવું છે. અને આટલા ગહન વિષયને જે સરળતાથી અને ઐતિહાસિક દૃષ્ટિથી, સમતુલાપૂર્વક એમણે વિવિધ રીતે રજૂ કર્યો છે, આપણાં પુરાણોના symbolsને જે રીતે એમણે સમજાવ્યાં છે તે નવાઈ પમાડે તેવાં છે. એ પુસ્તકનું વારંવાર અધ્યયન કરીએ તો જ એમાંથી આપણને પૂરતો લાભ મળવાનો સંભવ છે. એવા વિદ્દ્જનોના સમાગમે જ માણસને નવી દૃષ્ટિ મળે છે. એમની સર્વગ્રાહી નજરથી નાની બાબતો પણ અછતી રહેતી નથી અને મોટી બાબતો પણ યોગ્ય મહત્ત્વ પામે છે જ. એમની ચર્ચા કરવાની પદ્ધતિ પણ એવી છે કે એમાં આપણને ક્યાંયે કડવાશ નહિ મળે. સત્ય અને પ્રિય વાત કહેવાની અપૂર્વ સિદ્ધિ એમની પાસે હતી. ભાગ્યે જ એમને કોઈની સાથે કજિયો થયો હશે. અને એમનો પ્રતાપ તે સત્તાના કોઈ રૂઆબને લીધે નહોતો, પણ જ્ઞાનગૌરવ, શાંતિ, ધીરજ, અને નમ્રતાને લીધે હતો. એમના પુસ્તકમાં આ વાત સ્થળે સ્થળે સ્પષ્ટ થાય છે.

નવી દૃષ્ટિથી ‘ આપણા ધર્મ ’ને જોતાં એમાં જ્યાં જ્યાં સામાજિક કે એવા ફેરફારો કરવાની જરૂર હોય ત્યાં તેમણે એ કરવાની જરૂર સ્વીકારી છે, એટલું જ નહિ પણ એનો પક્ષ પણ કર્યો જ છે. અસ્પૃશ્યતાવિષયક લેખોમાં આ વાત સ્પષ્ટ થઇ છે. જ્ઞાન, કર્મ અને ભક્તિનો પણ એમણે સુંદર સમન્વય કરી બતાવ્યો છે; એમાં વિરોધ નથી એ વાત ખૂબ સ્પષ્ટ કરી છે.

આ ઉપરાંત એમણે અનેક રીતે દેશની જે સેવા બજાવી છે, હિન્દી તત્ત્વજ્ઞાનને જે નવીન રીતે રજૂ કર્યું છે, એની વિશિષ્ટતા અને પશ્ચિમની ફિલસૂફી સાથેનું સામ્ય જે સમર્થ લેખો અને વ્યાખ્યાનો દ્વારા બતાવી આપ્યાં છે, તે ચિરકાળ સુધી સ્મરણીય અને આદર્શરૂપ રહેશે. એમને હજારો વંદન હો !

ગુર્જરી આનન્દ-વસંત

કવિશ્રી લલિતજી

: ૧ :

સર્વકાળમાં, ગુર્જર સુરાષ્ટ્રની જીવનસમૃદ્ધિમાંયે, માનવવિભૂતિ, જગતશૃંગારની કલગીરૂપ છેઃ એ મર્મદૃષ્ટિએ, વર્તમાનકાલના નવયુગ દ્રષ્ટાઓમાંના એકઃ તે રસતત્ત્વજ્ઞ આચાર્યશ્રી આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ હતા. આર્યસંસ્કૃતિના તે ધ્રુવતારક હતા. તેમની સત્કીર્તિ ગંગાતટે બનારસ હિન્દુ વિદ્યાપીઠે હજી ઝળકે છે. તત્ત્વજ્ઞાનની હિન્દી પરિષદના પ્રમુખપદનું તેમનું પ્રવચન જગતભરમાં સદૈવ ગર્જતું રહેશે.

છતાં ગુજરાતના તો, તે “આનન્દ-વસંત”રૂપ, સદાય હસમુખા, એક, જનતાજનાર્દનના પરિચારક ને સમાધાની મધ્યસ્થ હતા. સર્વકલ્યાણકર વિશ્વવિભૂતિઓ, સાબરમતીનાં જીવન-જળને, સચેત ને સતેજ રાખે છેઃ તેમ આચાર્યશ્રી ધ્રુવમહાશયની સદ્‌ગૃહસ્થતા, આપણને સદૈવ સમર્થન અર્પ્યા કરશે.

એમના ચરિત્રની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી, મને તો, એક જ સન્માર્ગદર્શક નીવડી છે. ને તે તેમની પ્રભુપરાયણ પ્રેમભક્તિ. ‘આપણો ધર્મ’ નામના તેમના એક જ અને અદ્વિતીય ગ્રંથમાં તેમનાં હરિકીર્તન જેવાં—પ્રવચનો છે. તેની મિતાક્ષરો મને અપૂર્વ માનવઐશ્વર્યનું સતત ભાન જગાડે છે.

તેમને પ્રથમ તો હું સને ૧૮૯૯ માં મળેલો. તે પહેલાં મારાં ‘હરિણી-કાવ્યો,’ મારા સ્વર્ગસ્થ સન્મિત્ર રતિલાલ મગનલાલ અંતાણી, ગોંડળથી લઇ જઈ તેમને અર્પતા. ત્યારે ‘સુદર્શન’માં તેઓ છાપતા. પછી તો ‘વસંત’માં વારંવાર મારાં ગીતકાવ્યો તેઓ પ્રસિદ્ધ કરતા. પ્રથમ સત્સમાગમ પ્રસંગે, લાઠીના સ્વ. રાજવીર કવિશ્રી કલાપીરાજ અને તેમનાં સ્નેહરાજ્ઞી શોભનાબા સાથે, માથેરાન મુંબઇ થઇ, નડિયાદમાં, મારા સાહિત્યગુરુદેવ ગો. મા. ત્રિ.નાં પ્રથમ દર્શને, હું પાવન થયેલો; ત્યારે જ મેં ધ્રુવદેવ મહર્ષિને કાંઇક ઓળખી લીધા હતા. તેમને સંગીત કીર્તનકાર પ્રાચીન કવિજનો જેવા, આજના કોઈક કવિની અપેક્ષા હતી. તેથી, મને પ્રેમાનન્દ અને દયારામ તથા નરસિંહમીરાંને પુણ્ય પગલે, સરસ્વતીચંદ્રની કલ્યાણગ્રામની પરિચર્યા કરવાનાં પ્રોત્સાહન તેઓ આપતા. સને ૧૯૧૨ની વડોદરાને વડલેની ચોથી ગુજ૦ સા૦ પ૦ માં—મેં પ્રથમ મંજીરા સાથેનું મારું સંગીતકીર્તન તેમના શુભાશીર્વાદે શરૂ કરેલું, ત્યારે તેમણે મને સૂચવેલું કે, ભક્તકવિ અનંતપ્રસાદભાઈ નરસિંહ મહેતાને પગલે કીર્તન કરતા, તેમ તેમણે મને આપેલ મંજીરાને, મારે યોગ્ય રીતે શોભાવવાં જોઈએ. ને એ જ રીતે વડોદરાને વડલે, સ્વર્ગીય

મોતીભાઈ અમીન સાહેબના માર્ગદર્શને, મેં ગુજરાત કાઠિયાવાડભરમાં ત્યાંના શ્રીમંત મહારાજાસાહેબનો લોકજાગૃતિનો સંદેશ, સૌને ઝિલાવ્યો હતો. ત્યાંથી હું મુંબઇ ગયો ને સને ૧૯૨૦ થી ૧૯૩૭ સુધી સ્વદેશકીર્તન મેં ધરેલાં. ત્યાંથી સને ૧૯૩૮માં લાઠીના સ્વરાજહંસાલયે વિમુક્તિનાં મોતી હજી આજે યે, ઝિલાવી શકું છું. તે સર્વ પ્રભાવ, પ્રાણપૂજ્ય આનન્દશંકરભાઇ, મહાત્મા ગાંધીજી અને મહર્ષિ દયાનન્દ સમાન ગુર્જર સંતવીરોના પ્રોત્સાહને હું ઝીલીને કૃતકૃત્ય થાઉં છું.

મહર્ષિ આનન્દશંકરભાઈનાં અપૂર્વ મંગલદર્શન તો મને કાશીમાં થયેલાં. ત્યાંનું તેમનું સત્કાર્ય મેં પ્રત્યક્ષ જોયું હતું. પ્રભુપ્રિય માલવીયજીને મહાત્મા ગાંધીજીએ ગુર્જરી કૌસ્તુભરત્નની ભેટ ધરી હતીઃ તે જ ધ્રુવમહાશય !

અમદાવાદમાં તેમનાં જૂનાં ને નવાં મકાનોએ અનેકવાર તેમનાં દર્શને હું જતો ત્યારે નડિયાદની ગુજ૦ સા૦ ૫૦ ના વ્યાખ્યાનમાં તેમણે દર્શાવેલું તેમ મદૂલીના તર્જની નિર્દેશની વિશિષ્ટ વાતો મને તે સમજાવતા.

ગુજરાતના લોકહૃદયે પ્રભુની પ્રેમભક્તિ સદૈવ ગુંજે છે. મુંબઈના ડૉ. થૂથીએ ગુજરાતની વૈષ્ણવતાના પોતાના ગ્રંથમાં સમર્થ રીતે તે વાત દર્શાવી છેઃ તેમ, દ્વારિકેશ શ્રીકૃષ્ણે ગિરિનારાયણગીતા ગજાવીને ગુર્જરી પ્રજાને ખાસ પડકાર કર્યો છે. તેના પડછંદ મહર્ષિ ધ્રુવમહાશયે ‘ વસંત ’ની અનેકવિધ મિતાક્ષરીમાં અજબ જગાડયા છે.

એમર્સન સૂચવે છે તેવા Plato-પ્લેટો સમાન તે આપણા સમયના Representative Superman હતા.

છતાં એ પ્રભુના પ્રેમભક્ત છેવટ સુધી રહેલા તે વાત તેમના અવસાનની પુણ્ય પળે સિદ્ધ થઈ છે. પ્રભુ તેમના પુણ્યાત્માને અનંત આનન્દશાંતિ અર્પે એ જ પ્રાર્થના છે.

: ૨ :

મહર્ષિ આનન્દશંકરભાઈને ધ્રુવ શાંતિ

૧

સદ્‌ગુણૈશ્વર્યની લીલા, આત્મ-સૌંદર્યની કલા,
 ચરિત્ર-સૌષ્ઠવે પ્રેરે : એ મૃત્યુંજય વીર હો !

૨

આનન્દશંકર મહર્ષિ વિરામ પામ્યા :
 ગાંધીજીના ય કરુણાર્દ્ર હતા વિસામા :
તત્ત્વજ્ઞ, ગુર્જર સુરાષ્ટ્રતણા, સુદ્રષ્ટા—
 હિન્દે ય, જીવન-વસંતની વેણુ વાતા !

૩

આર્યસંસ્કૃતિની પીઠે, ચૈતન્યૈશ્વર્યથી ભર્યા—
 સર્વકાલીન માનવ્યે, સંત સંસિદ્ધિ માણતા !

૪

જન્મ્યા, સાભ્રમતી તટે : વ્રત, તપ્યા, પ્રેમાંજને પુણ્યને,
સોહ્યા, જાહ્નવીને તટે, ગુરુપદે આચાર્ય સંજીવને,
સંયોગે નવયુગને જ, દીનને, ઉદ્ધાર, વાત્સલ્યથી,
સ્ફાતા, દેશ, સુનિત્ય યૌવનપથે પ્રજ્ઞાન–આનન્દથી !

૫

વાનપ્રસ્થે, વિધુરત્વે, સંસારે, વ્યવહારને,
ધ્રુવજી ! જય–સંન્યાસે, વિદેહે શાંતિ પામજો !

: × :

મહર્ષિ આનંદશંકર ધ્રુવને કંઠે

૧

પૃથ્વી–પુરાણ, જગ–જાહ્નવી ધીરનીરે—
કાશી, ઝૂલે, સ્મિત ભરેલ સુરમ્ય તીરે—
ને ત્યાં સુહાય શુચિ શારદ–પીઠ હિન્દુ—
આનન્દના સુર, પુજાય, વસંત–ઇન્દુ !

૨

ચૈતન્યનો પરમ મર્મ પિછાણનારા—
સૌન્દર્ય–સર્જનતણો . રસ ઝીલનારા—
ને તત્ત્વ તૈજસ, જગે ઝળકાવનારા--
આનન્દશંકર, મહર્ષિ મ્હલાવનારા !

૩

શ્રીકૃષ્ણની અભય–યોગની એક ગીતા—
યોગે, સુગુર્જર સુરાષ્ટ્રતણે, પ્રણીતા :
ગંગાજીને શરણ, ગુર્જર તત્ત્વવેત્તા !
આનન્દ–યોગ રચજો, ભવનો : પ્રણેતા !

૪

સંસારની પ્રણય—સુન્દરતાની દેવી—
સૃષ્ટિ સમી ઉરભરી તમને મળેલી :
ને એ સખી–શરણ, તારણ હારિણીને,
આનન્દશાંતિ પ્રભુનાં ફલ, ઝીલિયાં, તેં !

૫

ત્યારે ‘ સુદર્શન ’ ‘ વસંત ’ની પુણ્યલક્ષ્મી—
છાઈ રહેલ અમને ય ઉજાળનારી !
સોઽહમ્ સુણી, સઁત ઉરે ધર્યું મેંય, **સોઽહમ્**
અદ્વૈતને અનુભવ્યું, પ્રણયે સદાનું !

સ્વ. આનંદશંકરભાઈ સાથેના પુણ્યપ્રસંગો

ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

સ્વ. હરિલાલ દેસાઈભાઈ વકીલના પિતા દેસાઈભાઈ વકીલને ત્યાં એક હંસસ્વરૂપ નામના સંન્યાસી આવ્યા હતા. તે સનાતનધર્મ ઉપર છટાદાર ભાષણો આપતા અને સેંકડો લોકોને આકર્ષી શકયા હતા.

પરન્તુ એમનું દૃષ્ટિબિન્દુ પ્રગતિમાન ન હતું. જડ થઈ ગયેલા સામાજિક અને ધાર્મિક રીતરિવાજોના પણ એ બચાવ કરતા, અને સ્વામી દયાનંદ સરસ્વતી તથા આર્યસમાજ ઉપર ખૂબ પ્રહારો કરતા હતા. તે બુદ્ધિસ્વાતંત્ર્યની મશ્કરી કરતા. પશ્ચિમના નવા વિચારોમાનું સારું હોય તે પણ આપણી સંસ્કૃતિમાં મેળવવા એ ઇચ્છતા ન હતા.

તેમ છતાં, આટલે સુધી તો પ્રામાણિક મતભેદ પણ હોઈ શકે. પરન્તુ લોકસમૂહમાં પોતાની વધતી જતી લોકપ્રિયતા જોઇને સ્વામીજીએ યોગના વર્ગો કાઢવાની, સાધના પ્રાણાયામ વગેરે શીખવવાની અને એનાં પાઠ્યપુસ્તકો વેચવાની તથા અનાહત નાદ સંભળાય તે માટે કાનમાં ખોસવાના લાકડાના દાટા પણ ચાર ચાર આને વેચવાની દરખાસ્તો એક પછી એક કરી.

લોક તો ગાંડું બન્યું હતું. સોંઘી ટિકીટે સ્વર્ગે જવાની તક લઈ લેવા બધા ચારેપગે ઉત્સુક થઈ ગયા હતા !

આ ભાષણોમાં પ્રો. આનંદશંકરભાઈનો પરોક્ષ લાભ મેં પહેલવહેલો અનાયાસે લીધો. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના લોકપ્રિય પ્રિન્સિપાલ સ્વ. માધવલાલ હરિલાલ દેસાઈ અને એ પોતે મારી પાછલી જ લાઈનમાં બેઠા હતા. લોકોની અંધશ્રદ્ધા અને સ્વામીજીની વેદ અને યોગને નામે રળી ખાવાની દાનત વિશે એમણે ટીકા કરી. હું સમજી ગયો અને યોગના કે પ્રાણાયામના કલાસમાં એ જ ટીકાઓ સાંભળીને હું ના જોડાયો. પાછળથી જોડાયા હતા તે પસ્તાયા અને મારું અને મારા મિત્રોનું બુદ્ધિબળ વખણાઈ ગયું તે પ્રતાપ આનંદશંકરભાઇની સવેળા સાંભળેલી વાતચીતનો હતો.

આ વાતને ૪૦ વર્ષ થયાં હશે. એ દિવસથી મારો ગુરુભાવ સ્વ. આનંદશંકરભાઇ પ્રત્યે બંધાયો તે દિનપ્રતિદિન વધ્યે જ ગયો છે.

આ દરમ્યાન 'સુદર્શન'ના એમના લેખો હું વાંચતો હતો અને પછી તો 'વસંત' નીકળ્યું તે તો અમારું આદર્શ શિક્ષક થઈ પડ્યું.

ભવ્ય, પ્રતાપી, તેજસ્વી, જ્ઞાની, ભક્ત, સાહિત્યકાર, બહુશ્રુત, રસિક એમ જુદાંજુદાં વિશેષણો હું એમને લગાડ્યા કરતો હતો.

બીજો પ્રસંગ સોશિયલ અને લિટરરી એસોશિયેશને, એક વ્યાખ્યાનમાળા યોજી હતી ત્યારે બનેલો.

સ્વ. પ્રો. કાશીરામ દવેનું 'સહજાનંદ સ્વામી' ઉપર ભાષણ હતું. એક દિવસમાં એ પૂરું નહિ થયેલું તે બે ભાગમાં બે દિવસે કરવું પડેલું. એમાં પ્રમુખ આનંદશંકરભાઇ હતા. કાશીરામે સહજાનંદના જીવનના અનેક પ્રસંગો વર્ણવતાં 'આચાર્યજી જ્યાંજ્યાં જતા, ત્યાં કંકુની ઢગલીઓ થઈ જતી" એવું કહ્યું, અને બધે હસાહસ થઇ રહેલી. સ્વ. રમણભાઇ, નરસિંહરાવ ભોળાનાથ, કૃષ્ણરાવ ભોળાનાથ વગેરે સુધારકો એ સભામાં હાજર હતા.

સ્વ. રમણભાઇએ તો એવા ચમત્કારો કાશીરામ જેવા પદવીધારી વિદ્વાન માની શકે છે તે માટે આશ્ચર્ય પ્રદર્શિત કર્યું અને કહ્યું કે કોળી જેવી નિર્દય કોમ—જે કોળાં વધેરે એમ માણસને વધેરી નાખતી તેવી કોમને સ્વામિનારાયણે સુધારીને અહિંસક બનાવી દીધી, એ જ મોટામાં મોટો ચમત્કાર માનવો જોઇએ; બીજા ચમત્કારો માનવા લાયક નથી.

અમારા હેડમાસ્તર ગુપ્તેએ બીજે દિવસે એ ભાષણ સંબંધમાં અમને મેટ્રિક ક્લાસમાં કહેલું કે, "હું તો કાલે સાઠ વર્ષની કોઈ ડોશીનું ભાષણ સાંભળતો હોઉં એવું લાગેલું."

આનંદશંકરભાઈ પ્રમુખસ્થાનેથી શું બોલે છે તે જાણવા બધા તલપાપડ થઈ રહેલા. પણ એમણે રમણભાઈના જ વિચારોને ટેકો આપેલો, અને સનાતની હોવા છતાં પોતે અંધશ્રદ્ધાથી પર છે એવી સાબિતી આપેલી.

રામાનુજાચાર્યના ભાષ્યનું એમણે ગુજરાતી કર્યું. તેમાં વિશિષ્ટાદ્વૈત માર્ગની સમજૂત આપી છે. તે ઉપરથી શાંકરમતાનુયાયીઓ એમના પર ગુસ્સે થયેલા, અને 'ગાયકવાડે પૈસા આપ્યા તેથી રામાનુજાચાર્યના વેદાંતની વકીલાત કરી' એવો આરોપ પણ એમના પર મૂકવામાં આવેલો.

પરન્તુ એ વાત ખોટી હતી. એક જ સત્યને જુદીજુદી દૃષ્ટિથી કેવી રીતે મહાન પુરુષો સમજાવી ગયા છે એ ભાવથી એમણે એ ભાષ્યનું વફાદારીપૂર્વક ભાષાંતર કર્યું છે.

શાંકરજયન્તીના એક પ્રસંગે દી. બ. અંબાલાલના પ્રમુખપદ નીચે એમણે બહુ જ વિદ્વત્તાપૂર્ણ ભાષણ આપ્યું હતું. ત્યાં પણ હું હાજર હતો. એ ભાષણમાં માયાવાદ એમણે બહુ જ સરળ રીતે સમજાવ્યો હતો. માયાને એમણે ઇશ્વરની શક્તિના અર્થમાં સમજાવી અને જાદૂ કે છેતરપિંડીનો અર્થ ખોટો છે એમ સિદ્ધ કર્યું. 'જગત્ મિથ્યા' નો અર્થ એમણે આપણી આંખે દેખાય છે તેના કરતાં વિજ્ઞાનની દૃષ્ટિએ વસ્તુમાત્રમાં અણુપરમાણુનાં ભ્રમણ જ કેવા ભાસ ઉત્પન્ન કરે છે તે સમજાવ્યું હતું, અને સિદ્ધ કર્યું હતું કે જગતના પદાર્થમાત્ર શક્તિની વધતી ઓછી ગતિનાં જ પરિણામ છે. વળી એમણે કહેલું કે ઝાડને આપણે જોઈએ છીએ ને વનસ્પતિશાસ્ત્રી પણ જુએ છે, પરન્તુ બન્નેની દૃષ્ટિમાં કેવો ફેર છે! અવિદ્યાથી એટલે અજ્ઞાનથી આપણને જગત દેખાય છે તેના કરતાં જ્ઞાનદૃષ્ટિએ જુદું જ છે. એક જ તત્ત્વે બહુ રૂપ લીધાં છે, એમ સમજાવી એમણે અઘરામાં અઘરું ગણાતું અદ્વૈત સરળ કરીને સમજાવી દીધું હતું. સૌથી

મોટામાં મોટો બોધ મને એમનાં લખાણોમાંથી બીજો જે એક મળ્યો છે તેને માટે તો હું એમનો જીવનભર ઋણી રહીશ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ સમજાવીને એમણે એ બધા એકીવખતે જ પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં આપણે લાગી જવું જોઇએ એમ શિખામણ દીધી હતી. "જુવાનીમાં તો પૈસો અને કામનાઓની પાછળ જ મંડ્યા રહો. ધર્મ અને મોક્ષનો વિચાર ઘરડા થઈશું ત્યારે કરીશું," એવી પ્રચલિત માન્યતા કેવી ભૂલભરેલી છે એ સમજાવી એમણે વિદ્યાર્થીઅવસ્થાથી અને ગૃહસ્થાશ્રમની સાથે સાથે જ ચારે પુરુષાર્થ મેળવતા રહેવા આગ્રહ કર્યો હતો. અને મોક્ષનો અર્થ સ્વતંત્રતા કરીને એમણે ધર્મ અને મોક્ષને ભેગાં ગણવા સમજૂત આપી હતી.

મને જણાવતાં અભિમાન થાય છે કે સ્વ. ગુરુજીની બીજી શિખામણો મારાથી બરાબર પળાઈ હોય કે નહિ, પરન્તુ આ ત્રણે પુરુષાર્થ તો નાનપણથી જ જોડેજોડે સાધવા મેં પ્રયત્ન કર્યો છે. એ કેટલા મેળવાયા એ તો હું કહી શકતો નથી, પણ અનુભવથી મને એમની શિખામણ તો સાચી લાગી છે. અપૂર્ણતા છે તે મારી છે.

કૉલેજમાં તો હું નહિ જઈ શકેલો. ગરીબાઈની એક બીજી કૉલેજનો લાભ મને મળેલો. પરન્તુ એમની કૉલેજના સારામાં સારા શિષ્યોએ જે લાભ લીધો હશે તેના કરતાં જરાયે ઓછો નહિ એવો આ પુરુષાર્થપ્રાપ્તિ માટેની યોજનાને અનુસરવાનો લાભ તો મેં લીધો છે, એમ જણાવતાં આજે મને કંઈક સંતોષ થાય છે.

મહાત્માજીના અમદાવાદ આવ્યા પછી, મજૂર મહાજન કાઢતાં પહેલાં, જ્યારે મિલમાલિકો અને મજૂરો વચ્ચે વાંધો પતાવવાનો વખત આવ્યો, ત્યારે મહાત્માજીએ આનંદશંકરભાઇને લવાદ નિમાવવા વિનંતી કરી હતી. એ વાત થતી હતી ત્યારે હું એ જ ઓરડીમાં હતો. આનંદશંકરભાઈ 'ના' કહેતા હતા. મેં વચ્ચે પડીને કહ્યું કે, "ગાંધીજી આપને આ કામ કેમ સોંપે છે તે આપ સમજ્યા ?"

આનંદશંકર: "કેમ સોંપે છે ?"

"આપ આખું જીવન પુસ્તકોમાં પરોવાયેલા રહ્યા છો. મહાત્માજી ઇચ્છે છે કે આપ સંસાર પ્રત્યક્ષ જુઓ. એમણે આપને બરાબર કહ્યું કે નિર્ણય આપતાં પહેલાં મજૂરોના વાસ, એમની ચાલીઓ, એમનાં ઘરની અંદરનું રાચરચીલું, અનાજ, ધન, દોલત બધું જોજો; ગરીબાઈ આપે નજરોનજર ભાગ્યે જ જોઈ હશે !"

આનંદશંકર: "ના, ના; છપ્પનિયા દુષ્કાળ વખતે હું ડૉ. જોસફ બેન્જામિન જોડે ગરીબોને રોટલા વહેંચવા પણ જતો હતો ત્યારે ગયેલો છું અને ગરીબાઈ તો મેં પ્રત્યક્ષ જોઈ હતી."

મહાત્માજી: "આપ લવાદ થાઓ એનું બીજું પણ કારણ છે. શેઠિયાઓને આપના પર વિશ્વાસ છે. અને મને તો આપની ન્યાયબુદ્ધિ પર વિશ્વાસ છે જ."

પછી પોતે લવાદ થયા—મહાત્માજીએ અપવાસ ભાગ્યા અને બન્ને પક્ષની જીત થઇ એમ

જાહેર કર્યું, કારણ કે આવા ઝઘડાનો નિકાલ અરસપરસના લવાદ નીમીને કરવો એ સિદ્ધાંત શેઠિયાઓએ સ્વીકાર્યો હતો.

પછી મજૂરોને **સરઘસ** કાઢવું હતું. એમાં શેઠિયાઓની ગાડીઓ જોઈએ. તે લેવા પણ મહાત્માજીએ આનંદશંકરભાઈને જ મોકલ્યા. એ ગયા ને શેઠિયાઓએ ગાડીઓ આપી, એટલું જ નહિ પણ મહાત્માજીની બીજી સૂચના અનુસાર મીઠાઈ પણ વહેંચવા ‘ હા ’ પાડી. તે દિવસે અમદાવાદ શહેરના તમામ કંદોઈઓની ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ કલાસ મીઠાઈઓ દુકાનોમાં હતી એટલી વેચાઈ ગઈ અને વહેંચવાના કામ પર મહાત્માજીના જ અનુયાયીઓ ગોઠવાઈ ગયા. એમાં મારા મિત્ર હરિપ્રસાદ પીતાંબરદાસ મહેતા પણ હતા. મહેતા કહે: “ મારા હાથમાં લાકડશી આવેલા, તે તો મજૂરો મોંમાં પણ ઘાલે નહિ. કકડા કરીને ઉછાળે ને બોલે, દેખો શેઠિયા કી ઉદારતા—રૂપિયાના આઠ શેર! લક્કડસી લાડુ ખાય ગા વહ પસ્તાયેગા, નહી ખાય ગા વહ ભી પસ્તાયેગા.”

મેં ગાંધીજીને કહ્યું: “ સાહેબ! શેઠિયાઓની રીસ તો હજી પૂરી ઊતરી નથી, અને ગાડીઓ ભલી આપી ? ”

ગાંધીજી : “ કેમ ના આપે ? આપણે પૈસો ખર્ચવો જોઈતો હતો ત્યાં પાઉંડ ખર્ચી નાખ્યો ને! (એટલે કે ગમે તેવા બેપિયાને બદલે આનંદશંકરભાઇ જેવાને ગાડીઓ લેવા મોકલ્યા ને ?)”

પછી તો આનંદશંકરભાઈએ નિર્ણય આપ્યો. ને તે પછી સમાધાન થયું અને તે પછી મજૂર મહાજન સ્થપાયું અને એની કીર્તિ અને ધારાધોરણ અત્યારે જગત્પ્રસિદ્ધ છે:

તે દિવસથી ગાંધીજી અને આનંદશંકરભાઈ ગાઢ પરિચયમાં આવ્યા અને ગાંધીજી કહેવા લાગ્યા કે “ અમે તો આશકમાશૂક છીએ.” એમાં આશક કોણ અને માશૂક કોણ એ જેને જે ગણવા હોય તેને તે ગણવાની છૂટ હતી.

ખેડા સત્યાગ્રહ પછી ગાંધીજી અંગ્રેજ સરકારને મદદની સૈન્ય ભરતી કરવા ઊપડેલા. જે ગામડાં એમનાં સત્કારસરઘસ કાઢતાં ને પાણી માગે ત્યાં દૂધ લાવી આપતાં, તે જ ગામડે ગામડે એમને ધર્મશાળામાં ઊતરવું પડવા લાગ્યું. ત્યાં સરદાર વલ્લભભાઈ રોટલા ટીપે ને બન્ને ખાતા. સરદાર વલ્લભભાઈ પાકશાસ્ત્રમાં તો એવા પ્રવીણ કે એ રોટલાથી ગાંધીજીને મરડો થયો ને મરડો મટયા પછી તાવ આવવા લાગ્યો!

શેઠ અંબાલાલભાઈએ હાલ મિરજાપરના જે બંગલામાં ઇન્કમટૅકસ ઑફિસ બેસે છે ત્યાં ગાંધીજીને ઉતારો આપ્યો ને સારવાર માટે શહેરની વચ્ચે રાખ્યા, કારણ સત્યાગ્રહ આશ્રમ સાબરમતી ખસેડવામાં આવ્યો હતો, અને લોકોને ત્યાંસુધી જવું મુશ્કેલ પડે એમ હતું.

હું દરરોજ સાંજે ગાંધીજીને જોવા જતો, અને થોડીવારે આનંદશંકરભાઈ આવતા.

તેવામાં ‘ હિન્દુધર્મની બાળપોથી ’ બહાર પડી હતી. હું બહુ જ રસથી એ વાંચી ગયો. ગાંધીજીને મેં એની વાત કરી, અને કહ્યું : “ સનાતન હિન્દુધર્મ ગ્રંથમાળા વગેરે કરતાં પણ આનંદશંકરભાઈની આ પોથી બહુ જ સરસ છે. આપને હમણાં ફુરસદ છે ને આપ વાંચી

જાઓ તો હું કાલે લાવું."

ગાંધીજીએ હા કહી અને હું બીજે દિવસે લઈ ગયો.

ત્રીજે દિવસે રોજની માફક હું અને આનંદશંકરભાઈ ગાંધીજી પાસે ભેગા થઇ ગયા હતા ને ગાંધીજીએ વાત ચલાવી.

ગાંધીજી: "આનંદશંકરભાઈ! હું આપની બાળપોથી વાંચી ગયો. એ તો બાળ શું વૃદ્ધપોથી છે!"

આનંદશંકરઃ "તો, તો એના કરતાં મારી વિશેષ નાલેશી શી હોઈ શકે?"

બધા હસ્યા.

ગાંધીજીના કહેવાની મતલબ એ હતી કે બાળકોને શું પણ મારા જેવા વૃદ્ધોને પણ આપની હિન્દુધર્મની બાળપોથીમાંથી શીખવાનું મળે એમ છે. આનંદશંકરભાઇના જવાબનો મર્મ એ હતો કે બાળકો સમજી શકશે એ ઢબે મેં લખ્યું છે. પણ એને બદલે વૃદ્ધો જ સમજી શકે એવું થઇ ગયું હોય તો તો નાલેશી!

બન્ને એક બીજાને સમજ્યા તો હતા, પણ બન્નેએ અંતર-સ્પર્શી વિનોદ કર્યો!

પણ એ જ ચોપડી પરથી ગાંધીજીએ આનંદશંકરભાઈની વિદ્વત્તાનું માપ કાઢી લીધું હતું, અને માલવીયજીએ જ્યારે બનારસ વિદ્યાપીઠને માટે એક લાયક ગૃહસ્થની ગાંધીજી પાસે માગણી કરી ત્યારે ગાંધીજીએ બનારસને આનંદશંકરભાઈની ભેટ ધરી હતી.

કંઈ પગાર બાબત લંબાણ વાટાઘાટ ચાલતી હતી ત્યારે ગાંધીજીએ કહી દીધેલું કે: "Pay his price—એમની જે કીમત થાય તે આપી દ્યો."

બનારસની આનંદશંકરભાઇની યશસ્વી કારકીર્દી જાણીતી છે. માત્ર ત્યાંના 'જહાલ' વિદ્યાર્થીઓને એ બહુ 'મવાલ' માલૂમ પડતા અને એ વિશે અનેક ફરિયાદો મેં સાંભળી છે. ભેગાભેગું હું એટલું કહી દઉં કે extremist & moderate નાં 'જહાલ' અને 'મવાલ' એ ભાષાંતર દક્ષિણીઓએ કરેલાં છે. આનંદશંકરભાઈએ તો એ ભાષાંતર કરવામાં પણ પોતાની આંતરિક સુજનતા અને વિવેક દર્શાવતા જે શબ્દો 'વસંત'માં પહેલવહેલા વાપરેલા તે 'ઉદ્દામ' અને 'વિનીત' હતા.

સામાજિક, ધાર્મિક કે રાજકીય વિચારકોમાં પણ ઉદ્દામ અને વિનીતો પ્રત્યે એ એકસરખો ન્યાય કરી શકતા અને સત્ય ઘણી વખત બન્નેની વચમાં રહેલું હોય છે એમ બુદ્ધિપૂર્વક સમજાવતા.

એક સંસારસુધારા પરિષદ અત્રે મળવાની હતી. મિશન હાઇસ્કૂલની દક્ષિણ દિશાએ, સરદાર વલ્લભભાઈ રોડ પર, હાલ મૅજિસ્ટ્રેટની કોર્ટ છે એ બંગલો નરસિંહરાવભાઇનો હતો. પરિષદના પ્રમુખ નરસિંહરાવભાઇ હતા, એટલે પ્રાથમિક તૈયારીઓ માટે જે સભા મળી તે ત્યાં મળી હતી.

'સલૂણી સંધ્યા' હતી. એ સ્થળ હાલ તો બહુ જ કોલાહલવાળું થઈ ગયું છે, પણ તે વખતે એટલે આજથી ૨૪–૨૫ વર્ષ પર, ત્યાં તો ગામની ભાગોળ જેવું એકાંત લાગતું હતું.

આનંદશંકરભાઇ નિસાસો નાખીને બોલ્યા કેઃ "રાનડે ગયા!" અમારામાંનો એક ઉદ્દામ બોલ્યો કે "The world goes on–દુનિયા તો આગળને આગળ ચાલ્યે જાય છે."

આનંદશંકર : "I doubt whether it goes on (મને શંકા છે કે દુનિયા આગળ ચાલે છે!"—

ઉદ્દામ ભાઈ ગમ ખાઈ ગયા. પણ એમણે પાછળથી મને કહ્યું કેઃ "એ તો રાજા મરી ગયા ત્યારે 'વસંત'માં નવાં રાજારાણીની છબીઓ આપી હતી. બન્ને છબીઓ સામે રાખીને એમણે પોતે એમની પ્રશસ્તિનો લેખ લખેલો" તે વાંચવા ભલામણ કરી હતી. રાણી મેરી નીચે એમણે લખ્યું હતું કે Aweful beauty of self–sacrifce! આત્મભોગનું અદ્‌ભુત સૌન્દર્ય—(એ સૌન્દર્ય તો પોતે રાજા જોડે પરણ્યાં હતાં એટલું જ હતું — રાજાના ભાઈ જોડે પોતાનો વિવાહ થયેલો. તે શાહજાદો લગ્ન પહેલાં મરી ગયેલો. તે વિશે સ્વ. નરસિંહરાવભાઈએ પણ 'પ્રિન્સ વિક્ટર અને પ્રિન્સેસ મેરી' નામનું કાવ્ય લખ્યું છે. હવે અદ્‌ભુત સૌન્દર્ય તો એ પ્રેમનો કહેવાતો ભોગ આપી દિયેરવટું કરેલું તે જ હતો!)

પરન્તુ તે વખતની પ્રસરેલી અંધ રાજભક્તિ અને ખુશામતથી આનંદશંકરભાઇ જેવા પણ નહિ રહી શકેલા, તેથી ઉપર મુજબ લખી બેઠેલા એમ અમને કેટલાકોને લાગતું.

પેલા ભાઈ કહે : "આનન્દશંકરભાઈની 'રાનડે ગયા' એ ઉક્તિમાં પણ ખુશામત જ રહેલી હતી." અને તેથી એ કહે : "હું તો કહેવા જ જતો હતો કે," આ વળી 'ઑફુલ બ્યુટી ઑફ સેલ્ફ-સેક્રિફાઇસ' જેવું બીજું શું બોલ્યા?" પણ એ કહેઃ 'મેં જવા દીધા. રાનડેને માટે આટલું બોલવાથી નરસિંહરાવભાઇ વગેરેને સારું લાગે એ શંકા પણ અમને તે વખતે હતી. પરન્તુ આગળ ઉપર અમે સમજ્યા કે એ બધું અમારું માનવું ખોટું હતું.

પરન્તુ રાનડેની પદ્ધતિનો સંસાર અને ધર્મસુધારો આનંદશંકરભાઈ ચાહતા. માત્ર બધું જ પશ્ચિમનું અનુકરણ કરવા જેવું છે એમ એ માનતા નહિ. ધર્મ પણ પ્રવાહી અને સજીવન હોવો જોઈએ એમ એ કહેતા. આથી પ્રાચીનપ્રેમીઓ એમના કહેવા પ્રમાણે એમને પોતાના નહોતા માનતા, અને સુધારકો પણ પોતાના ન માનતા. ત્યારે આનંદશંકરભાઇ કહેતા કેઃ "અમારે જવું ક્યાં?"

એક વખત ગૂજરાત કલબમાંથી આનંદશંકરભાઇની એક વાત મારા મિત્ર પ્રાણલાલ કિરપારામ દેસાઇ લાવ્યા. એ કહેઃ "આપણા દેશની પ્રગતિ જરૂર થશે–એમ, જાઓ, હવે હું છાતી ઠોકીને કહું છું."

મેં કહ્યું : "શાથી?"

એ કહેઃ "આજે તો આનંદશંકરભાઈએ બૂટ પહેરીને તીકડી ખાધી."

રસોડાધર્મ અને અભોટિયા આચાર બહુ જ ચુસ્ત રીતે પાળનાર આનંદશંકરભાઇની ટેવ પર અમને એટલો તિરસ્કાર હતો !

નાગપુર કૉન્ગ્રેસ માટે અમે જતા હતા. રસ્તામાં અમલનેર જંકશન પર ત્યાંના ગૂજરાતીઓએ સુંદર રસોઈ આખી ગૂજરાતની સ્પેશિયલ માટે કરેલી. ત્યાં આનંદશંકરભાઇ તો શાના જ જમે? પણ એમનું જોઈને કેટલાક બીજા વડનગરાઓ પણ જેઓ એકલા હોય ત્યારે ગમે ત્યાં અને ગમે તે ઝાપટતા તે પણ બિચારા ભૂખ્યા રહ્યા હતા.

એક દિવસ અમે ચર્ચા કરતા હતા કે "કોઈ લેખ માસિકમાં છપાય તો લેખકે તંત્રીનો ઉપકાર માનવાનો કે તંત્રીએ લેખકનો ?" ચર્ચા બહુ તીવ્ર બની ગઈ હતી. અમારા મિત્ર સાકરલાલ દવે આનંદશંકરભાઇના ભાણેજ લીનુભાઈને કહી ચૂકયા કે: "જાઓ લીનુભાઈ! મામાને કહેજો કે આજથી તમારે મારો લેખ 'વસંત'માં છાપવો હોય તો છાપજો અને ન છાપવો હોય તો ન છાપજો. પણ હું તો એમ માનું છું કે એ લેખ માટે આપે મારો ઉપકાર માનવાનો. મારે તમારો નહિ."

લીનુભાઈને પણ ખોટું લાગેલું અને ઉશ્કેરાટ ઘણો થઈ ગયેલો. બીજે દિવસે દવે પોતે જ આનંદશંકરભાઇની ક્ષમા માગવા ગયા, અને પોતાને માટે આનંદશંકરભાઈએ એ ચર્ચા પરથી કંઈ અભિપ્રાય ના બાંધવો એવી યાચના કરી.

આનંદશંકરભાઈએ ઠંડે પેટે કહ્યું કે, "તમે બિલકુલ ચિન્તા કરશો નહિ. લીનુભાઈએ મને તમારી ચર્ચાની વાત તો કરી હતી. મને એમાં બહુ રસ પડ્યો હતો. પણ માણસો ડાયેલૉજિકલ મૂડમાં હોય એટલે વાદવિવાદે ચઢ્યા હોય ત્યારે જે કંઇ એ બોલી નાંખે તે ઉપરથી હું એમના સ્વભાવની પરીક્ષા કરી બેસું એવો નથી."

એ વાત દવેએ જ અમને પછી કહી, અને અને મેં પણ તે દિવસથી ગાંઠ વાળી કે કોઇ પણ માણસના સ્વભાવની પરીક્ષા એ જ્યારે એના સ્વાભાવિક વલણમાં હોય ત્યારે જ કરવી; વાદવિવાદે ચઢ્યો હોય કે ગુસ્સાના આવેશમાં હોય ત્યારે ના કરવી! અને એટલી શાન્તિ શીખવાથી કેટલા બધા કલહ અને કેટલા બધા ક્રોધમાંથી હું બચી ગયો છું એ પ્રસંગો ગણતાં પાર આવે એમ નથી !

પણ એવી ચર્ચાઓ તો આનંદશંકરભાઇના લેખોની એમના વિચારો અને આચારની અમે ઘણીય કરતા હતા. ઘણે પ્રસંગે લીનુભાઈ, એમના મોટા ભાઈ જનુભાઈ, કે કોઈ વાર ધ્રુવભાઇ અને પ્રહ્‌લાદભાઈની હાજરીમાં બહુ સખ્ત ટીકાઓ થતી.

આનંદશંકરભાઇ એવી વ્યક્તિ હતા. એમનું વાતાવરણમાં એટલું બધું દબાણ રહેતું અને એમનાં સાહિત્ય વિષયક, તત્ત્વજ્ઞાનનાં કે ધર્મ કે સામાજિક—રાજકીય વિચારોથી અમારા નાના મંડળમાં એટલો બધો ખળભળાટ થઈ જતો !

અમે માનતા કે અમારી ચર્ચાઓ એમના કાને જશે જ. પણ પાછળથી એક પ્રસંગે એમણે પોતે જ મને જાહેરમાં જણાવેલું કે, "તમારી ટપાલ જ કાણી હતી." એમના કાન સુધી અમારા

સખ્તપણે ઉચ્ચારાયેલા વિરોધી અભિપ્રાયો પહોંચ્યા જ નહોતા! પણ એ બધું તો એમણે હસી જ કાઢેલું.

એટલી બધી ઉદારતા અને નાનાં પ્રત્યેની વત્સલતા હતી!

ગૂજરાતનું જાહેરજીવન, સાહિત્ય પરિષદ અને સાહિત્યસભા પ્રવૃત્તિને અંગે છેલ્લાં બાવીસ વરસોમાં હું અનેક વાર એમના સંબંધમાં આવ્યો છું અને છેલ્લે છેલ્લે ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીનાં કામ અંગે.

વધારે પરિચયથી એમના તરફનો ભક્તિભાવ વધ્યે જ ગયો છે.

અમદાવાદ મ્યુનિસિપાલિટીના અનેક જાહેર સમારંભોમાં પણ પોતે જ્યારે અહીં હોય ત્યારે આવતા હતા. છેવટે જ્યારે મ્યુનિસિપાલિટી પૂરેપૂરી પ્રજાકીય થઇ ત્યારે તો મારા અનુભવો વિશે એમણે મને વિગતવાર સવાલો પૂછેલા—

શહેરસફાઈ, હરિજનસેવા, કેળવણી, વ્યાયામવિદ્યાલય, સંગ્રહસ્થાન, આરોગ્યપત્રિકા, મેદાનો, રમતગમતનાં સ્થાનો, સહકારી મંડળીઓદ્વારા પ્રસરતું નવું અમદાવાદ, પોળોમાં પથ્થર અને સડકો પર આસ્ફાલ્ટ તથા ફૂટપાથો ઇત્યાદિ તમામ સુધારાવધારાની વાતો એમણે મારી પાસેથી જાણી લઈ ને જરૂરી સૂચનાઓ પણ કરી હતી.

આખરે બીજા સભ્યો કંઈ ને કંઈ પક્ષપાત પોતપોતાનાં કામોને અંગે કરે છે, ત્યારે મેં સ્વ. કેશવલાલ ધ્રુવ જ્યાં રહેતા હતા તે ગોટીની શેરી અને આનંદશંકરભાઈ રહેતા હતા તે આકાશેઠના કૂવાની પોળ એ બેમાં સામાન્ય ક્રમમાં થાત તેના કરતાં જરા વહેલા પથ્થરો જડાવરાવ્યા અને ડામર ઢળાવેલા. હું ધારતો હતો કે બન્ને ગુરુઓ પાસેથી આ બાબત કંઇક મ્યુનિસિપાલિટીના મારા કામને અંગે સારાં સર્ટિફિકેટ મેળવી શકીશ. પણ બન્નેમાંથી એકેયે મોઢામોઢ તો એ વિશે કંઈ કહેલું યાદ નથી, પણ બન્નેની મારા મ્યુનિસિપલ કામ અંગેની પ્રસન્નતા અનુભવી છે ખરી.

છેવટે ગૂ. વ. સો.ના એક મિત્રમેળાપ વખતે એમણે મારી ઓળખાણ કરાવતાં એક મહેમાનને કહેલું: "વાચન, લેખન, સાહિત્યસેવા, રાજકાજ, નગરસેવા વગેરેમાં આ ભાઈ રસ ધરાવે છે, એટલું જ નહિ પણ નિષ્કામ ભાવે અને જ્ઞાનપૂર્વક જે જે કામ એને કરવાનાં આવે છે તે તે કરે છે. ગાંધીજીના અનન્ય ભક્ત છે અને સરકારના મહેમાન પણ થઈ આવ્યા છે."

બીજી એક સભામાં એમણે મારી ઓળખાણ કરાવતાં કહેલું કે, "આધુનિક સાહિત્યનો એનો અભ્યાસ અપૂર્વ છે." કૉમર્સ કૉલેજની ગાંધી જયંતી પ્રસંગે મારી વક્તૃત્વશક્તિ અને હાસ્યરસની પ્રશંસા કરી હતી.

આ બધું જણાવવામાં મારી આત્મશ્લાઘાનો દોષ આવે છે તે માટે હું વાચકોની ક્ષમા માગું છું. પરન્તુ જે વત્સલતાના ગુણ વિશે મેં આગળ ઉલ્લેખ કર્યો છે; તે ઉમર વધવાની સાથે એમના-

માં કેવો વધ્યો હતો તે જણાવવા ખાતર ઉપરના પ્રસંગો લખવા પડ્યા છે. એમણે કહ્યા એ ગુણો મારામાં આવે એમ હું ઇચ્છું છું ખરો, પરન્તુ હજી તો એ બધામાં સૂંઠને ગાંગડે ગાંધી થઇ પડ્યો હોઉં એવું જ મારે વિશે રહેલું છે.

પિતાને પોતાના પુત્ર વિશે પક્ષપાત હોય છે એવો જ પક્ષપાત સ્વ. આનંદશંકરભાઇને મારે માટે થવા માંડ્યો હતો. પણ એટલામાં તો એ ચાલી ગયા! ઉમર એમની પાકી તો થઇ હતી, પરન્તુ પુત્રોને પિતા વગર જેવી નિરાધારતા હમેશાં લાગે છે, તેવી અમને એમના શિષ્યોને પણ લાગ્યાં કરે છે.

ગૂજરાતને કોઈ સુકાઇ ગયેલી સરસ્વતીનો દેશ કહે, ત્યારે હું આનંદશંકરભાઈ તરફ આંગળી કરતો હતો. જ્યારે મેં એમને વિદ્યામાં પોતે બૃહસ્પતિ જેવા છે એમ એક પ્રસંગે કહેલું, ત્યારે એમણે નિરભિમાનથી સાચે જ વાંધો લીધેલો. પણ હું ત્યારે પણ માનતો અને હજી માનું છું કે પોતે વિદ્યામાં બીજા બૃહસ્પતિ જ હતા.

સ્વ. આચાર્ય આનન્દશંકર ધ્રુવ

શ્રી. સાકરલાલ અમૃતલાલ દવે

સ્વ. આનંદશંકરભાઈને મુંબઈ યુનિવર્સિટીના સંસ્કૃતના પરીક્ષક તરીકે મેં પહેલવહેલા ઓળખ્યા. એ વાતને આજે સાડત્રીશ વર્ષ થઇ ગયાં. પછી તો અમદાવાદમાં આકાશેઠના કૂવાની પોળમાં મારે પાંચ વર્ષ રહેવાનું થયું, અને તે દરમિયાન આનન્દશંકરભાઇનો પરિચય સાધવાનો મને સુયોગ મળ્યો.

આનન્દશંકરભાઈનું ઘર એટલે સરસ્વતીનું સુવાસિત મંદિર. ખુલ્લા ઘોડાઓ ઉપર વિવિધ વિષયનાં સેંકડો પુસ્તકો અને તેમની વચ્ચે યોગારૂઢ થયેલા કેવલાભ્યાસી આનન્દશંકરભાઈ બેઠેલા હોય. જ્યારે જાઉં ત્યારે કાં તો કોઈ ગ્રંથ હાથમાં હોય, અથવા તો કોઇ કૂટ પ્રશ્નનું ચિન્તન ચાલતું હોય. એમની સાથે ચર્ચા કરતાં એમના હૃદયના અનેક ગુણ ખાસ તરી આવતા, ખાસ કરીને ઉદારતા. પ્રતિપક્ષીને પણ રખેને અન્યાય ન થાય એ એમની ખાસ ચિન્તા.

એમના પ્રિય માસિક ‘વસન્ત’ના સંચાલનને અંગે અનેક ચર્ચાઓ થઇ હતી. તેઓ નિખાલસપણે એમ માનતા ને કહેતા કે “વસન્ત” ની જરૂરયાત પૂરી થઇ હશે તો એ એની મેળે જ બંધ પડશે. એટલી જ નિખાલસતાથી તેમણે ‘વસન્ત’માં ધર્મ અને સાહિત્ય વિશે પોતાના અભિપ્રાયો દર્શાવ્યા હતા. સ્વ. કેશવલાલભાઇના ‘વિક્રમોર્વશીય’ના ભાષાન્તર વિશે ‘વસન્ત’માં વીસેક પાનાં ભરીને લાંબી ને વિસ્તૃત ચર્ચા કરી હતી, ભાષાન્તરકારને ખોટું લાગશે તેની જરા પણ ફિકર કર્યા વિના. તેઓ મોટે ભાગે ચિન્તક હતા. દરેક પ્રશ્નની બધી બાજૂઓ તપાસવી ને સર્વદેશીય વિચાર રજૂ કરવો એવો એમનો મત હતો.

અમદાવાદની ગુજરાત કલબમાં તેઓ દરરોજ સાંજે નિયમિત આવતા ને પોતાના સમવયસ્ક મિત્રોની સાથે અનેક વિષયો પર વાર્તાલાપ કરતા. સ્વ. ગોવિન્દરાવ પાટીલ, સ્વ. શિવાભાઇ પટેલ, સ્વ. મણિલાલ ઝવેરી, શ્રીયુત ભાસ્કરરાવ મેઢ વગેરે એમની મંડળીમાં હોય. એક વખત પોતે એકલા પડ્યા ત્યારે વિનોદમાં કહે: “બીડી પીતાં પણ શીખ્યા નહિ, નહિ તો વખત સહેજે પસાર કરી શકાત!’ મેં કહ્યું: ‘હજી ક્યાં મોડું થઇ ગયું છે?’ તેઓ ખડખડાટ હસી પડ્યા, અને બોલ્યા: ‘આપણને બ્રાહ્મણોને તે એ શોભે?’

ખરેખર એમના મુખારવિન્દ ઉપર એક પ્રકારનું બ્રહ્મવર્ચસ્વ હતું, અને એમનો સહેજ પણ પરિચય એમને માટે બહુમાન ઉપજાવતો એ અનુભવીઓ જાણે છે.

મારા લાંબા પરિચયમાં મેં સ્વ. આનન્દશંકરભાઇને કદી ગુસ્સે થયેલા જોયા નહોતા. ક્રોધરિપુને એમણે પ્રયત્નપૂર્વક વશ કર્યો હતો એમ મારું માનવું છે. ક્રોધનું સ્થાન એમણે વ્યંગ્યાર્થ અથવા કટાક્ષ અથવા વિનોદને આપ્યું હતું. કૉલેજના અધ્યાપક તરીકે એમણે વિદ્યાર્થીઓનો

આદર અને પ્રેમ સંપાદન કરેલા તેનું મુખ્ય કારણ તેમની વિદ્વત્તા ઉપરાંત તેમનો ક્રોધાભાવ હતો. વર્ગમાં મોડા આવનાર વિદ્યાર્થીને કટુ વચન સંભળાવી ઠપકો દેવાને બદલે "Gentleman, you are too early for the next period," એ એમનું કટાક્ષવચન બહુ જાણીતું હતું. મનુષ્યસ્વભાવમાં રહેલા ઈશ્વરી અંશ પર એમને અખૂટ શ્રદ્ધા હતી, અને માનવી દિલની નિર્બળતાઓ પ્રત્યે તેઓ ઉદારભાવે જોઈ શકતા હતા. એક વાર કોલેજને દાદરે ચઢતી એક વિદ્યાર્થિનીને એકલી જોઈ તેની પ્રત્યે અપમાનજનક શૃંગારચેષ્ટા કરનાર યુવકને પાછળથી જોઈ જનાર ધ્રુવસાહેબ જ કહી શકે, કે "Gentleman, are you satisfied ?" અને છતાં આ શબ્દો ધ્રુવસાહેબ જેવા સુપ્રતિષ્ઠિત પ્રોફેસરના મુખમાંથી નીકળતાં જ ધરતીમાતા માગ દે તો સમાઈ જાઉં એવી વૃત્તિ એ યુવકે અવશ્ય અનુભવી હશે. બીજા કોઈ પ્રોફેસર આવા નિર્લજ્જ વિદ્યાર્થીને પ્રિન્સિપલ પાસે ખડો કરાવે, તેવા સંજોગમાં સ્વ. આનંદશંકરભાઈએ લાક્ષણિક ધ્વન્યાત્મક રીતે તેને લજ્જિત કર્યો, અને કદાચ સદાને માટે સુધારી દીધો. આ એમની ખાસિયત એમના ઊંડા તત્ત્વદર્શનની સાક્ષી પૂરે છે.

કેટલાંક વર્ષ ઉપર શ્રીમદ્ભગવદ્ગીતાના દરેક અધ્યાયમાંથી એકેક મધ્યવર્તી શ્લોક પસંદ કરી તે ઉપર તેમણે બહુ સુન્દર વિવરણ કર્યું હતું. તેમણે પૌરસ્ત્યવિદ્યાનો જેટલો અભ્યાસ કર્યો હતો તેટલો જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો પણ કર્યો હતો, એ એમનાં બહુશ્રુત વિવરણોમાંથી ફલિત થતું હતું.

કાશી હિન્દુ વિદ્યાપીઠમાં જઈ આનન્દશંકરભાઈએ ગુજરાત અને ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું એ નિર્વિવાદ છે. ગાઢ વિદ્વત્તા, સાચો સમભાવ અને વ્યવહારુ કુનેહથી તેમણે ત્યાંના કંઈ કંઈ કૂટ પ્રશ્નો ઉકેલ્યા હતા અને ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીય સમેત સર્વ કોઈને સંતોષ આપ્યો હતો, એ સહુના જાણ્યામાં છે.

ગુજરાતની અનેક વિભૂતિઓમાં સ્વ. આનન્દશંકરભાઈ ઊંચે આસને વિરાજતા હતા એમ ભાવી ઇતિહાસકાર જરૂર કહેશે.

આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ: એક નમ્ર અંજલિ

શ્રી. પ્રાણલાલ કિરપારામ દેસાઈ

સદ્ગત શ્રી આનંદશંકર ધ્રુવ એક પ્રખર વિદ્વાન, એક અગ્રગણ્ય કેળવણીકાર, એક સંસ્કારી સદ્ગૃહસ્થ અને એક પવિત્ર બ્રાહ્મણ હતા. ગુજરાત એમને માટે સકારણ ગર્વ લઈ શકે એમ છે. તેમની અગાધ વિદ્વત્તા, તેમની સંસ્કારિતા, તેમનું સૌજન્ય, તેમનું ઉચ્ચ કોટિનું અંગત ચારિત્ર્ય તેમ તેમની વાણીનું માધુર્ય એ બધાથી આપણે તેમનાં સમકાલીન સ્ત્રીપુરુષો એટલા બધાં પરિચિત છીએ કે તે સંબંધી વિવેચન કરવાની મને કાંઈ પણ જરૂર જણાતી નથી. વળી કાશીના હિન્દુ વિશ્વવિદ્યાલયના ઉપ–કુલપતિ તરીકે એ સંસ્થાની તેમણે જે અનુપમ સેવા બજાવી છે, તેમ એ સંસ્થાનાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતાં વિવિધ પ્રકૃતિઓના અને વિવિધ અભિપ્રાયો ધરાવનારાઓનો સુંદર સમન્વય કરી તેમણે જે કાર્યદક્ષતા બતાવી છે, એ સંસ્થાના તોફાનમાં ઝોલાં ખાતા નાવને ઠેકાણે પાડી તેમ પ્રસંગ આવ્યો ત્યારે એ સંસ્થાના હિતને જ ખાતર પોતાનું સ્વમાન જાળવી એ સંસ્થામાંથી તેમણે વિદાયગીરી લઈ ગુજરાતના નામને તેમણે જે ઉજ્જ્વળ કર્યું છે, તેનાથી પણ ગુજરાત સારી પેઠે વાકેફ છે. એટલે તે સંબંધી પણ વધુ વિવેચન કરવાની જરૂર મને જણાતી નથી. નૂતન ગુજરાતની તેમણે જે ખાસ અમૂલ્ય સેવા બજાવી છે તે ઉપર જ હું આ લેખમાં કાંઈક જણાવવા માગું છું.

સદ્ગત આનંદશંકરભાઈના સંબંધમાં બોલતાં મહાત્મા ગાંધીજીએ એક વખત કહ્યું હતું કે, "આનંદશંકરભાઈ તો સુધારકો અને સનાતનીઓ વચ્ચે એક પૂલ સમાન છે." હું તો એથી પણ આગળ વધીને કહું છું કે તેઓ આપણી પ્રાચીન આર્ય સંસ્કૃતિના પૂજક તેમ એક રીતે સંરક્ષક પણ હતા. આનંદશંકરભાઈને આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિનું એક સુંદર પ્રતીક કહી શકીએ તેમ છે. યુરોપિયન પ્રજાઓ સાથે સંપર્કમાં આવ્યાથી તેમ પાશ્ચાત્ય કેળવણીથી આપણા દેશને અનેક લાભો થયા છે એ વાત ખરી છે; પરંતુ એ સંપર્કથી તેમ એ કેળવણીથી આપણને નુકસાન પણ ઓછું થયું નથી. અંગ્રેજ રાજદ્વારી મુત્સદ્દીઓએ આપણા દેશના રાજકારણમાં ધાર્મિક અને કોમી તત્ત્વો દાખલ કરી, આપણા દેશમાં Divide and Rule—ભાગલા પાડી અમલ ચલાવવાની રાજનીતિ દાખલ કરી, આપણામાં કોમ કોમ વચ્ચે, નાતો નાતો વચ્ચે જે વૈમનસ્ય ઉત્પન્ન કર્યું છે, તે અંગ્રેજ મુત્સદ્દીઓની આપણા દેશની મોટામાં મોટી કુસેવા છે. પાશ્ચાત્ય પ્રજાના સંપર્કથી તેમ પાશ્ચાત્ય કેળવણીથી બીજું નુકસાન આપણને એ થયું છે કે આપણી શારીરિક તથા નૈતિક અધોગતિ થઈ છે. આપણે તદ્દન નિર્માલ્ય, શૌર્યહીન, બાયલા, બીકણ, વિલાસી, સ્વાર્થી, દંભી અને ચારિત્ર્યહીન થઈ ગયા છીએ. એ સંપર્ક અને એ કેળવણીથી ત્રીજું નુકસાન આપણને એ થયું છે કે આપણે પોતે આપણે જ હાથે આપણા પોતાના શુદ્ધ અને પવિત્ર આચારવિચારો, રીતરિવાજો અને રહેણી કરણી તેમ આપણી પ્રાચીન પવિત્ર

આર્ય સંસ્કૃતિનો નાશ કરી પાશ્ચાત્ય સંસ્કૃતિ, પાશ્ચાત્ય રીતરિવાજો તથા પાશ્ચાત્ય રહેણીકરણીના ખોટા મોહમાં ફસાઈ પડ્યા છીએ.

અત્યારે તો એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે કે આપણામાંથી જો કોઈ આપણી પ્રાચીન આર્ય સંસ્કૃતિની કે પ્રાચીન રીતરિવાજોની કે પ્રાચીન આચારવિચારોની પ્રશંસા કરે અને તે સંસ્કૃતિના શુદ્ધ અને પવિત્ર આચારવિચારોનું પાલન કરે તો રસ્તે ચાલનાર ત્રણ ટકાનો માણસ પણ એને ભદ્રંભદ્રનું ઉપનામ આપી એની ઠેકડી કરવાની હિંમત ધરી શકે છે. આચાર્યશ્રી આનંદશંકરભાઈ અહીંની ગુજરાત કૉલેજમાં પ્રોફેસર હતા તે વખતે તેમના જેવા એક સંસ્કારી સદ્ગૃહસ્થની પણ આવી ઠેકડી થતી અનેક વાર મારા સાંભળવામાં આવી છે. પરંતુ આવી જાતની ઠેકડીની બિલકુલ દરકાર કર્યા વગર, તેમ જાહેર સમારંભોમાં અનેક જાતની અગવડો વેઠીને પણ, તેઓ આપણા શુદ્ધ અને પવિત્ર પ્રાચીન આચારવિચારોને વળગી રહેતા હતા. અંગ્રેજી સાહિત્ય તેમ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને ખ્રિસ્તી ધર્મનો જેટલો ઊંડો અભ્યાસ સદ્ગત આનંદશંકરભાઈનો હતો, તેટલો ગુજરાતમાં બીજા કોઈનો ભાગ્યે જ હશે. ઘણી બાબતોમાં તેઓ પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રશંસક હોવા છતાં તેમણે કદી પણ એક શુદ્ધ અને પવિત્ર બ્રાહ્મણની રહેણીકરણી તથા આચારવિચારોનો ત્યાગ કર્યો નહોતો. બૂટમોજાં સાથે ખુરશી ઉપર બેસી જમવાની વાનીઓ ટેબલ ઉપર મૂકી ચમચા કાંટા અને છરી વતે જમવામાં તેમણે કદી આનંદ માન્યો નથી. બધા સાથે એક જ પંગતે જમવા બેસી ભ્રાતૃભાવ વધારવાની તેમણે કદી ઇચ્છા કરી નથી. બ્રાહ્મણોને અભક્ષ્ય ખોરાકને તેમણે કદી હાથ સરખો પણ અડાડ્યો નથી. ધોતિયું તથા પાઘડીનો ત્યાગ કરી તેમણે કદી પાટલૂન, હૅટ કે નેકટાઈ—કૉલર પહેર્યાં નથી. જે સમયે અંગ્રેજી પહેરવેશ તથા અંગ્રેજી રહેણીકરણીને માનપ્રતિષ્ઠા મળતાં હતાં તેવે સમયે પણ સદ્ગત આનંદશંકરભાઈ આપણા પ્રાચીન પહેરવેશ, પ્રાચીન રહેણીકરણી તથા પ્રાચીન આચારવિચારોને દઢતાથી વળગી રહેલા હતા.

સદ્ગત આનંદશંકરભાઈમાં તરી આવતો બીજો ખાસ ગુણ સહિષ્ણુતા હતો. બંને પક્ષોના લાભમાં ઘણું કહી શકાય એમ છે એમ તેઓ ઘણી વાર કહેતા. આથી કરીને તેઓ અનિશ્ચિત પ્રકૃતિના છે, દૂધ અને દહીં બંનેમાં પગ રાખે છે, એમ કહી ઘણા તેમની ઠેકડી કરતા હતા, તે મેં સાંભળ્યું છે. પ્રજાના તેમ વ્યક્તિના જીવનમાં ઘણીવાર એવા પ્રસંગો આવે છે કે જ્યારે તાત્કાલિક એક તરફનો ચોક્કસ નિર્ણય કરી લેવો અને તે નિર્ણયનો એકદમ અમલ કરી દેવો એ ખાસ આવશ્યક બને છે, તે હું કબુલ કરવા તૈયાર છું. આનંદશંકરભાઈમાં કદાચ એ ગુણ નહિ હોય અને એટલે અંશે એમના ચારિત્ર્યબળમાં ખામી હશે એ પણ કબૂલ કરવા હું તૈયાર છું. પણ આનંદશંકરભાઇની સહિષ્ણુતાની પાછળ એક પ્રકારની મનની ઉદારતા હતી. પ્રતિસ્પર્ધીઓના સારા ગુણો પણ તેઓ જોઈ શકતા અને તેમનું દૃષ્ટિબિંદુ પણ તેઓ સમજી શકતા અને તેની યોગ્ય કદર પણ કરી જાણતા હતા. સામા પક્ષમાં જો સત્યના અંશો હોય તો પ્રામાણિકપણે તેનો સ્વીકાર કરવો એવી અદ્વિતીય ઉદારતા તથા સહિષ્ણુતા તેમનામાં હતાં. અત્યારે ઘણાં સહિષ્ણુતા અને સમભાવની ડાહી અને દાંભિક વાતો કરે છે, પણ આનંદશંકરભાઈની માફક

ઘણાં થોડાં પોતાના પ્રત્યક્ષ જીવનમાં ઉદારતા અને સહિષ્ણુતા ઉતારી શકે છે; એટલું જ નહિ પણ ઘણાંઓ તો જ્યારે તેમની પાસે લીંબુઉછાળ સમય માટે સત્તા આવે છે, ત્યારે એ સત્તાનો દુરુપયોગ કરી તેઓ અસહિષ્ણુતા ધારણ કરે છે અને પોતાની વિરુદ્ધ અભિપ્રાયો ધરાવનારાઓને કચડી નાખવાની નીતિ ગ્રહણ કરે છે અને વિરોધીઓ પાસેથી જોરજુલમથી કે કાયદા કરી કે સત્તાના દોરે હુકમો બહાર પાડી તેમની પ્રામાણિક ધાર્મિક માન્યતાઓ તથા તેમના આચાર-વિચાર વિરુદ્ધ કાર્ય કરાવવાનો પણ પ્રયત્ન કરતાં અચકાતાં નથી. આવી જાતની અક્ષમ્ય અસહિષ્ણુતા, ધર્માંધતા અને અનુદારતા આપણા પ્રજાજીવનમાં અત્યારે સામાન્ય બની ગઈ છે. આવા ધર્માંધ અને અસહિષ્ણુ લોકોને સદ્ગત આનંદશંકરભાઇના જીવનમાંથી ઘણું શીખવાનું છે.

શ્રીયુત કનૈયાલાલ મુનશી સદ્ગત આનંદશંકરભાઈ માટે કહે છે કે, ગુજરાતના સંસ્કારી, વિદ્વાન અને પવિત્ર બ્રાહ્મણોમાં તેઓ છેલ્લા હતા. શ્રીયુત કનૈયાલાલ મુનશીના આવા નિરાશાજનક ઉદ્ગારો સાથે હું સહમત થઈ શકું એમ નથી. જે ગુર્જર ભૂમિએ ભૂતકાળમાં મંડનમિશ્ર, વ્યાસ પ્રેમાનંદ અને સ્વામી દયાનંદ સરસ્વતી જેવા વિદ્વાન, સંસ્કારી અને પવિત્ર બ્રાહ્મણો ઉત્પન્ન કર્યાં છે, તે ગુર્જર ભૂમિ ભવિષ્યમાં પણ એવા જ સંસ્કારી વિદ્વાન અને પવિત્ર બ્રાહ્મણો ઉત્પન્ન કરશે જ, એવી મારી દઢ શ્રદ્ધા છે. **બહુરત્ના વસુંધરા.**

સદ્ગત આનંદશંકરભાઈના સમાગમમાં આવવાનો મને લાભ મળ્યો છે. તેમની સાથે સામાજિક, ધાર્મિક, રાજકીય તેમ સાહિત્ય અને કેળવણીને લગતા વિષયો ઉપર મેં ઘણી વાર ચર્ચા કરી છે અને તેમની અગાધ વિદ્વત્તા તથા તેમના સૌજન્યની સુવાસનો લાભ મેં લીધો છે. તેથી આ પ્રસંગે મારા તરફથી આ નમ્ર અંજલિ તેમને અર્પું છું.

કલારસિક સ્વ. આચાર્યશ્રી આનંદશંકરભાઈ ધ્રુવ

શ્રી. રવિશંકર મહાશંકર રાવળ

૧૯૨૦ માં અમદાવાદની ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓશ્રી સ્વાગત પ્રમુખ હતા. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને તે પ્રસંગ નિમિત્તે ખાસ આમંત્રણ મ. ગાંધીજી મારફત મોકલવામાં આવ્યું હતું અને તેમણે સ્વીકાર્યું હતું. પરિષદની સાથે ગુજરાતની કલાકારીગરીનું પણ પ્રદર્શન કરેલું હતું. તેની યોજનાનો કારભાર મને સોંપાયો હતો. કવિવર ટાગોર સ્ટેશને ઊતર્યા ત્યારે માણસોની અપાર ગરદીમાંથી મારા સ્વ. મિત્ર છોટુભાઇ પરીખે (ગુજરાત ફોટો આર્ટગેલેરીવાળાએ) તેમની એક સુંદર છબી લીધી અને તાબડતોબ તેનું મોટું રંગીન એન્લાર્જમેંટ કરી બીજે દિવસે પ્રદર્શન નવ વાગ્યે સ્વ. શેઠ પુરુષોત્તમ વિશ્રામને હાથે ખુલ્લું મુકાવાનું હતું, તે પહેલાં ત્યાં હાજર કરી દીધું. એ જમાનામાં હાથના કે ખીસાના સ્નેપશોટ કેમેરાનું સ્વપ્નું પણ નહોતું. ઘોડી પર ચઢાવેલ પ્લેટકેમેરાથી આટલી ઝડપે એ ચિત્ર તૈયાર કરવું એ એક કૃતિકુશળતાનું દૃષ્ટાંત બન્યું. પ્રદર્શનની સન્મુખ હાર ઉપર જ અમે ચિત્ર ગોઠવી દીધું. ગુરુદેવની છેલ્લી અને ગઈ કાલની જ આવી સુંદર મોટી છબીએ દરેક જણને આકર્ષ્યા. ચિત્રકારે તેની ઉપર કંઈ જ કીમત મૂકી નહોતી, માત્ર માગણી પ્રમાણે (an offer) એટલું લખ્યું હતું.

ગુરુદેવ સાથે જ આચાર્યશ્રી પ્રદર્શન જોવા આવ્યા અને છબી જોઇ ગુરુદેવે પ્રસન્ન સ્મિત કર્યું. આચાર્યશ્રીએ 'ઓફર'નું લેબલ વાંચી મને તુરત બોલાવ્યો કે આ માણસ છેવટ ક્યાં સુધીની માગણી સુધી વેચવા ધારે છે. કલાકાર નજીકમાં જ હતા. તેણે તુરત ખુલાસો કર્યો કે છેવટ રૂ. ૧૧૫ સુધી તેની કીમત થશે. ધ્રુવસાહેબે મને કહી દીધું કે 'ઓફરનું લેબલ કાઢી નાખો, હું તે ચિત્ર રાખી લઉં છું.' એમના આ ત્વરિત નિર્ણયમાં હું તેમની ચકોર ઉદાત્ત વિચારણાનું દર્શન પામ્યો. એક તો ટાગોર જેવા પુરુષની છબી પર 'ઓફર'નું લેબલ ઝાઝો વખત ટકી રહે એમાં શોભા નથી. અમદાવાદના ઘણા ધનાઢ્યો ત્યાંથી પસાર થયા હતા. તેમના મોટરના ગલીચાની કીમત ચિત્ર કરતાં વધારે હશે, પરંતુ તેમણે ટાગોરની છબીને બહુ સમ્માનનીય ગણવાની કલ્પના પણ કરી નહિ તે આ સરસ્વતીપૂજકને જરા દુઃખપ્રદ પણ થયું હશે. એમને ય કંઈક પાઠ આપવાનો તેમનો હેતુ હશે. આવાં પ્રદર્શનો થાય ત્યારે કલાકારિગરીને માત્ર ઉત્તેજન આપવાના હેતુથી જ યુરોપ અમેરિકામાં શ્રીમંત પ્રેક્ષકો કંઇ ને કંઈ રકમ ખર્ચી પોતાની ખાનદાની સાર્થક થઇ માને છે.

* * *

તેઓશ્રી બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર થયા ત્યારે બનારસના અસલ ખાનદાનમાંના રામકૃષ્ણદાસજીએ ભારત કલાપરિષદની સ્થાપના કરી અને તેના પ્રમુખ તરીકે અવનીન્દ્ર-

નાથનું નામ મૂકી ઉપપ્રમુખના હોદ્દે આચાર્યશ્રી આનંદશંકરભાઈની વરણી કરી. તેઓ વિદ્યા કળા પ્રાચીનતા અને અદ્યતન યુરોપી સંસ્કારોના સમર્થ મીમાંસક હતા એમાં શંકા નથી. એમના વિચારોમાં અને વાણીમાં જે સુડોળ સુઘડતા અને બંધારણ જણાય છે તે તેમનામાં વિકસેલા કલાતત્ત્વને આભારી છે.

ભારત કલાપરિષદના તેઓ ઉપપ્રમુખ થયા તેથી કલાપ્રદર્શન અને કલાચર્ચાના અનેક પ્રયોગોમાં તેમને મોવડી થવું પડતું. એટલે એવી પ્રવૃત્તિઓ ગુજરાતનાં પણ થાય એવી તેમને સ્વાભાવિક પ્રેરણા થઈ. એક વૅકેશનમાં અમદાવાદ આવ્યા, ત્યારે તેમણે મને ખાસ તેડાવ્યો. તે વખતે મને બહુ આશ્ચર્ય થયું હતું. પણ તેમણે જે વીગતથી અને હોંશથી ‘વસંત’માં કળાનું એક નિયમિત અંગ શરૂ કરવાની તેમની ઇચ્છા બતાવી, ત્યારે મારી ખાતરી થઇ કે સાચા વિદ્વાનો માત્ર અક્ષરોના જ પૂજકો નથી હોતા પણ સૌમ્ય, સુંદર ભાવનાઓનાં મૂર્તિસ્વરૂપોના પણ ચાહકો છે. એમની યોજનામાં મુશ્કેલી માત્ર એ હતી કે પોતે સમીપ રહેવાના નહોતા, અને તેમની ચીવટ એ હતી કે એક પણ કૃતિ કે કલાપ્રસંગ એવો ન હોવો જોઈએ કે જે તેમના આદર્શમાં ઊતરતું લાગે. મેં પોતે તેમાં બધી સેવા આપવા તત્પરતા બતાવી હતી. પણ રંગીન બ્લૉકની છપાઈના મોટા ખર્ચીનો પ્રશ્ન આવ્યો, ત્યારે ‘વસંત’નું ગજું તે ખમી ન શકે એ કારણે એ યોજના ફળીભૂત ન થઇ. એ બની શક્યું હોત તો એવા સમર્થ ચિંતક વિદ્વાનના કલાના આદર્શો અને સંસ્કારનો લાભ ગુજરાતને અમૂલ્ય થઇ પડત.

* * *

ત્યારપછી ‘વસંત’ રજતમહોત્સવ પ્રસંગે તેમના અભ્યાસગૃહની છબીઓ લેવા હું ગયો હતો ત્યારે પણ તેમના પરિચયની વિશેષ તક મળી. ટેબલ પરની છબી લેતાં ચાનો પ્યાલો મેં જરા આઘો ખસેડ્યો, ત્યારે કહે, ‘એ પણ મારા નિત્ય વ્યવસાયનું સ્વરૂપ છે તે ભલે ને રહે.’

* * *

પછી તો મને લાગ્યું કે હું તેમના નિત્ય પરિચયમાં ન છતાં તેઓશ્રી ગુજરાતની કલાપ્રવૃત્તિઓ પર બહુ બારીક નજર રાખ્યા કરતા અને કોઇ વિરલ ક્ષણે મળતાં એક બે વાક્યોથી મને પ્રોત્સાહન આપતા તેમની પ્રસન્નતા દર્શાવતા. કુલપતિ ડૉ. જે. ય. કઝીન્સ તેમના અમેરિકાના પ્રવાસેથી આવ્યા પછી અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે તેમને શ્રી ભારત કલામંડળ તરફથી સન્માન પણ આપવાનું ઠરાવ્યું તે વખતે પ્રમુખ તરીકે પ્રસિદ્ધ અને યોગ્ય પુરુષની જરૂર હતી, પરંતુ તેઓ એ વખતે બિમાર હતા; કોઇપણ સભામાં જતા ન હતા. પણ એ પ્રસંગ એમના વગર ઊણો જ લાગે, એટલે હું જ તેમની પાસે સભાપતિનું પદ લેવાની વિનંતી કરવા ગયો. મને બહુ ભીતિ હતી કે મારા જેવા અદના માણસની તેમના પર અસર થશે કે નહિ; પણ તેમણે પૂર્ણ સરળતાથી કહ્યું: ‘હું બીજે ક્યાંય પણ જતો નથી. પરંતુ તમે જ આવ્યા છો તો પ્રો. કઝીન્સ જેવા વિશ્વવિખ્યાત પુરુષનો સત્કાર કરવામાં હું જરા તકલીફ વેઠી લઇશ. પણ હું બહુ બોલી શકું એમ લાગતું નથી.’ મને તો તેમની હાજરીથી જ કૃતાર્થતા લાગી. પ્રેમાભાઈ હૉલમાં

એ સભા બહુ જ સરસ બની હતી. પ્રો. કઝીન્સ પણ એ સભાના કાર્યથી બહુ પ્રસન્ન થયા હતા. છેવટે આચાર્યશ્રીએ તેમની નિત્યની નિખાલસતાથી મને જણાવ્યું કે “ માનપત્ર જેણે લખ્યું હોય તેણે બહુ સારી અને ઉચિત ભાષા વાપરી છે.”

* * *

૧૯૩૬ માં ગુજરાતી સાહિત્યપરિષદ્ અમદાવાદમાં થઇ ત્યારે પણ કલાપ્રદર્શનની યોજના મારે શિર આવી હતી. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવા બહારની વ્યક્તિઓ મેળવવા મુંબઈ વડોદરા વગેરે સ્થળે મેં વિનંતીઓ અને પ્રયત્નો કરી જોયા પણ કોઈ આવી શક્યું નહિ; ત્યારે આગલી જ સાંજે આચાર્યશ્રીને શરણે જઇ બધી હકીકત અને મુશ્કેલી સમજાવી, ત્યારે હસીને કહ્યું કે, ‘ઘરનો ઓરસિયો કંઇ ચંદન ઘસવાની ના પાડશે?’ અને બીજે દિવસે પ્રદર્શનના ઉદ્‌ઘાટનમાં તેમની હાજરીએ યથોચિત પૂર્ણતા કરી આપી.

* * *

કલાપ્રચારના મારા પ્રયત્નોમાં એક પ્રસંગ મુંબઈમાં પોલાન્ડના કોન્સલ મો. બાનાસિન્સ્કીને ઘેર રચાયો. એ ભલા અને નિખાલસ યુરોપિયન રાજદ્વારીએ તે માટે જ ઘણો ખર્ચ કરી બધી કોન્સલેટને પોતાને ઘેર નિમંત્રી મારી પાસે ગુજરાતની આજની કલાપ્રવૃત્તિ ઉપર પ્રવચન કરાવ્યું. તે વખતે મુંબઈ ‘ટાઇમ્સ’ના યુરોપિયન પ્રતિનિધિઓ પણ હાજર હતા. બીજે દિવસે ‘ઈવનિંગ-ન્યૂઝ’ના કોલમમાં ચિત્ર સાથે અમદાવાદમાંથી કલાના સૂર એવું કંઈ હેડિંગ બાંધી તેમણે તે પ્રસંગને પ્રકાશન આપ્યું. તેની અસર ઘણા ઉપર થઈ હતી. પણ ફરીવાર આચાર્યશ્રી એક સભામાંથી છૂટતાં મને જોઈ સામા આવ્યા અને મને અભિનંદન આપ્યું ને કહ્યું: “ એ વાંચી હું બહુ રાજી થયો છું.” એમના આશીર્વાદે મને ધન્યતા અર્પી.—

* * *

મુંબઈમાં એલ્ફિન્સ્ટન કોલેજના ગુજરાતી વિદ્યાર્થીઓને સ્વ. નરસિંહરાવભાઈની મોટી છબી મૂકવી હતી. તેમણે તે માટે ગુજરાતી કલાકારને જ કામ સોંપવા સંકલ્પ કરી પ્રો. ભટ મારફત એ કામ મને સોંપ્યું. એ ચિત્રનું ઉદ્‌ઘાટન શ્રી આનંદશંકરભાઈને હાથે થઇ ગયું. ત્યાં બધાને એ પસંદ પડ્યું હતું છતાંય આચાર્યશ્રી મને અમદાવાદમાં મળ્યા ત્યારે રૂબરૂ ફરીવાર કહ્યું કે એ છબી ખરેખર life-like થઇ છે—

સાહિત્યચર્ચા, સમાજચર્ચા, કે કલામર્યાદામાં તેમની હાજરી હોય ત્યારે તેમની પાસેથી બધાયના કરતાં કોઈ જુદો જ વિચાર કે દૃષ્ટિબિંદુ મળતું. અમદાવાદ હંસરાજ હોલમાં એક વાર કલાનાં સર્વ અંગો પર ચર્ચા કરવા જુદા જુદા વક્તાઓએ સ્વીકાર્યું અને શ્રી. આનંદશંકરભાઈ પ્રમુખસ્થાને હતા. દરેક કલાનું સ્વરૂપ આવું હોવું જોઈએ. તેના પતન કે ઉન્નતિનાં કારણો વર્ણવ્યાં, લોકોના આઘાત પ્રત્યાઘાતો પર વિચારો થયા. પણ છેવટે આચાર્યશ્રીએ ઉપસંહાર કરતાં જણાવ્યું કે કલાની ચર્ચા કરતાં દરેક જણે કલાકારનું પોતાનું દૃષ્ટિબિંદુ જ પકડી રાખ્યું હતું. પણ કોઈએ તેના ઉપભોક્તાની બાજુ રજૂ કરી નથી. કલા કેવી રીતે સમજવી, અનુભવવી તેનું જ્ઞાન જો

નહિ ઉત્પન્ન થાય તો કલાકારોની કૃતિઓ તેમની દૃષ્ટિ કે શ્રુતિને આનંદ આપી અટકશે. તેને ગ્રહણ કરનારો રસિક વર્ગ તેથી વંચિત રહેશે; માટે મને તો કોઈ એ સમજાવો કે કલાકાર ન થઈ શકાય, પણ કલાનો આસ્વાદ અને રસ શી રીતે ભોગવી શકાય. આપણને એવી સંસ્થાઓ અને મંડળોની જરૂર છે કે જે કલાનો રસ વહાવે અને અનેકને તેઓ આનંદ આપી કલાની કૃતાર્થતા સાથે—એ લોકો ભલે કલાકર્મ ન જાણે, કલાચર્ચા ભલે થોડા કરે, પણ કલાના સામીપ્યમાં મસ્તી અને ડોલન પામે ત્યારે જ કલાકૃતિની સફળતા છે.—

પ્રેમાભાઈ હોલમાં ઇરાની કલાકાર કાચાદોરિયાંએ કરેલાં પ્રાચીન હિંદી ભીંતચિત્રોનું પ્રદર્શન થયું ત્યારે તેઓ દાદર ચઢવાને પણ અશક્ત હતા, છતાં તેમને માટે ખાસ કરી વેલીડોળી જેવી ખુરશીમાં બેસી એ બધું પ્રદર્શન ઝીણવટથી જોયું અને તેની ફોટોગ્રાફિક નકલો સંસ્થા માટે લેવાની સૂચના કરી. પ્રાચીન સંસ્કૃતિના શુદ્ધ અને સાચા નમૂનાઓ જાણી તેનો અભ્યાસ કરવાનાં પ્રાયોગિક સૂચનો કર્યાં હતાં. વળી તે જ વખતે એક સવાલ કર્યો કે, યુરોપે તેના નારી-સૌંદર્યનું આદર્શ વીનસમાં જોયું છે. મને આપણા ભારત વર્ષના વીનસ બતાવો. એટલે કે તેમણે ભારતી શિલ્પમાંથી એવું સર્વોચ્ચ શિલ્પ તક્ષણ શોધી આપવા દરખાસ્ત મૂકી. આમ અનેક પ્રસંગોએ તેમના મનમાંથી નીકળી આવતાં વચનો વિચારો પરથી પ્રતીતિ થતી કે તેઓ કલાના ઊંડા મર્મજ્ઞ અને તત્ત્વચિંતક હતા. એમનો લાભ ગુજરાત જોઇએ તેટલો ન પામી શક્યું એ જ દુર્ભાગ્ય-કથા છે,

પૂજ્ય આચાર્યશ્રી ડૉ. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ

શ્રી. વિનાયકરાય શિવપ્રસાદ ત્રિવેદી

अन्या जगद्धितमयी मनसः प्रवृत्ति-
रन्यैव कापि रचना वचनावलीनाम् ।
लोकोत्तरा च कृतिराकृतिरार्तहृद्या
विद्यावतां सकलमेव गिरां दवीयः ॥

સદ્‌ગત પૂ. આચાર્યશ્રી ડૉ. આનન્દશંકરભાઇના અનેકદેશીય જીવનકાર્યનું સંપૂર્ણ મૂલ્યાંકન સંક્ષેપમાં કરવું કઠિન છે. પ્રોફેસર, પ્રિન્સિપાલ, પ્રો-વાઇસ-ચેન્સેલર, અભ્યાસક, સાહિત્યકાર, વિવેચક, તત્ત્વચિન્તક, જાહેરસેવક, સદ્‌ગૃહસ્થ, બ્રહ્મર્ષિ એમ અનેકવિધ દૃષ્ટિબિંદુથી આચાર્યશ્રીનું પ્રેરણાદાયી જીવનકાર્ય જોઈ શકાય. હું તો મારા પૂજ્ય ગુરુ અને આચાર્ય તરીકે યત્કિંચિત્ પરિચયની અંજલિ વિનમ્રતાએ અર્પણ કરી કૃતકૃત્ય થઈશ. ૧૯૦૪ની સાલમાં ગૂજરાત કૉલેજમાં પ્રિવિયસ કલાસમાં મને તેમનો સંસ્કૃતના અધ્યાપક તરીકેનો પ્રેરક પરિચય પહેલા જ લેક્ચરમાં થયો. કવિ કુલગુરુ કાલિદાસના ‘ અભિજ્ઞાનશાકુંતલ ’ ની નાન્દીના પ્રથમ શ્લોકનું તેઓશ્રીનું વાચન એટલું સુંદર અને સુમધુર હતું કે મને સંસ્કૃત ભાષા એ ખરેખર ગીર્વાણભારતી છે તેનો આહ્‌લાદક અનુભવ થયો અને ઉચ્ચ વિદ્યાના મોહક અને પ્રેરક સ્વર્ગમાં હું છું એમ મને લાગ્યું. મારી આજીવન સંસ્કૃત-ભક્તિની પુણ્ય પ્રેરણા આપનાર પૂજ્ય આનન્દશંકરભાઈએ ઇંટરમાં ‘ ઉત્તરરામચરિત ’ અને ન્યાય, બી. એ. માં વેદાંત અને અલંકારશાસ્ત્ર, અને કોઈ કોઇવાર અંગ્રેજી સાહિત્ય એમ વિવિધ વિષયો અને ભાષાઓમાં પોતાના બહુશ્રુતપણાનો, તલસ્પર્શી અભ્યાસનો અને અધ્યાયનનૈપુણ્યનો અનેક શિષ્યોને દુર્લભ લાભ આપ્યો હતો. મારા પ્રત્યે તેઓશ્રીનું ખાસ મમત્વ હતું. બી. એ. માં પુસ્તકાલયનો ખૂબ લાભ લેવાય તેવી ખાસ સગવડ મને તેઓશ્રીએ કરી આપેલી અને અનેકવાર પોતાનાં અંગત પુસ્તકો પણ મને આપવાનો અનુગ્રહ કરેલો. પ્રણિપાત અને પરિપ્રશ્ન માટે વિનાસંકોચે હું તેમની પાસે જઇ શકતો. ૧૯૦૮માં તેઓશ્રી પ્રિન્સિપાલ થયા અને વ્યવસ્થાશક્તિ, કાર્યદક્ષતા અને કુનેહથી તે દરજ્જો તેમણે ગૌરવાંકિત કર્યો. અધ્યાપન ઉપરાંત ક્રિકેટ, સ્નેહસમારંભ વગેરેમાં તેઓશ્રી ઊંડો રસ લેતા. મોહક અધ્યાપનશૈલી, બહુશ્રુતતા, તલસ્પર્શી અભ્યાસ, અને સુંદર વ્યક્તિત્વથી સદ્‌ગત આચાર્યશ્રી આનન્દશંકરભાઇ અધ્યાપક તરીકે ચિરસ્મરણીય રહેશે.

શ્રીધ્રુવજીનું પવિત્ર સ્મરણ

પંડિત બેચરદાસ જીવરાજ દોશી

प्राच्या-ऽऽधुनिकशास्त्रेष्व-धीती गम्भीरगम्भीरम् ।
गुर्जरजननीरत्नं भारतख्यातकीर्तिमान् ॥
आर्षदृष्टिर्ज्ञानमूर्तिरपूर्वप्रतिभापतिः ।
‘बापु’भक्तो युगद्रष्टा सर्वधर्मसमन्वयी ॥
यथार्थं ब्राह्मणो धीमान् श्रीमान्-आनन्दशंकरः ॥
तस्य श्राद्धाय भक्त्याऽहं यते तत्स्नेहभाजनम् ॥

શ્રી ધ્રુવજીનું અંગત સંસ્મરણ--

આશરે ત્રીશ—પાંત્રીશ વર્ષ પહેલાંની જ એક વાત છે: આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીએ કાશીમાં સ્થાપેલી અમારી શ્રી યશોવિજય જૈન પાઠશાળા વિશે અમદાવાદના જૈનોમાં એક ભારે ગેરસમજ ફેલાયલી: ‘ બનારસની પાઠશાળામાં આપણા વાણિયાના છોકરાઓ ભણતા નથી, એઓ તો ત્યાં ખાઈ—પીને લહેર કરે છે. વાણિયો તે સંસ્કૃત—પ્રાકૃત ભણતો હશે ? ’ ઉક્ત ગેરસમજ એટલી બધી દૃઢ થયેલી કે તેને મોળી પાડવા બનારસ જૈન પાઠશાળાના વિદ્યાર્થી તરીકે અમારે અમદાવાદમાં હાથીખાનામાં એક સભા ભરી ભાષણ કરવાનું હતું, તે સભા માટે અમે પ્રથમ તો જૈન આગેવાનોને વિનંતી કરી; પરંતુ ઉક્ત ગેરસમજને કારણે એ વખતના આગેવાનોમાં કોઈએ પણ અમારી વિનંતી ન સ્વીકારી. છેવટે આચાર્યશ્રી આનંદશંકરભાઈએ અમારી વિનંતી સાંભળી અને અમારી આપત્તિ સમજી પ્રમુખ થવાનું કબૂલ્યું; તે વખતથી આચાર્યશ્રીને ઓળખતો થયો. પછી અમદાવાદમાં સદ્‌ગત શેઠ પૂંજાભાઈ હીરાચંદની ઉદાર સહાયતાથી ચાલતી ‘શ્રી જિનાગમ—પ્રકાશન સભા’ની પ્રવૃત્તિમાં જોડાયો અને જૈન આગમોનાં ભાષાંતરો કરવાના કામ માટે અમદાવાદમાં રહેવા આવ્યો તે વખતે મારું કામ બતાવવા અને તે વિશે આચાર્યશ્રીની સલાહસૂચના મેળવવા સભાના મંત્રી સદ્‌ગત રા. મનસુખલાલ રવજીભાઈ મહેતા, મને શ્રી ધ્રુવજીની પાસે લઇ ગયા, મને તેમનું પ્રોત્સાહન મળ્યું. આ રીતે તેમનો અધિક નિકટતાથી વળી થોડો પરિચય થયો. પૂનામાં જ્યારે પ્રથમ પ્રાચ્ય—વિદ્યાપરિષદ (ઓરિયેન્ટલ કોન્ફરન્સ) થઈ ત્યારે તેમાં ‘ કા નામ અદ્ધમાગહી ? ’ (અર્ધમાગધી શું છે ?) એ વિશે મારે એક નિબંધ વાંચવાનો હતો. પ્રમુખ સદ્‌ગત આચાર્ય વૂલ્નર હતા અને શ્રોતાઓમાં મુખ્યતઃ રા. પટવર્ધન, રા. નરસિંહરાવભાઈ, આચાર્યશ્રી અને મુનિ જિનવિજયજી હતા એમ મને યાદ છે. મારો નિબંધ

અર્ધમાગધીમાં જ લખેલો, હવે મને લાગે છે કે એ મારી વેદિયા પંડિતાઈ હતી, તેમ છતાં તે તરફ ઔદાર્ય બતાવી આચાર્યશ્રીએ મને હિન્દીમાં બોલવાની સૂચના આપી મારી મૂંઝવણ ટાળી અને એ વખતના તેમના 'વસંત'માં એ નિબંધ વિશે રા. નરસિંહરાવભાઈએ લખેલી નોંધ છાપી મારા જેવા ઊગતા છાત્રને વિશેષ ઉત્તેજન આપેલું. પછી તો ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયાથી અમદાવાદમાં જ સ્થિર વાસ થતાં એમની અગાધ વિદ્વત્તાનાં—તેઓશ્રી જ્યારે અમદાવાદમાં હોય ત્યારે દર્શન અનેકવાર થયેલાં. સંશોધન સંપાદનનો એમને વિશેષ રસ. એવા જ કોઈ કાર્ય માટે એક વાર એમને પોળને ઘેર ગયેલો, પોતે પુસ્તકાલયવાળા ખંડમાં હિંડોળે બેઠેલા, ઋષિશી મુદ્રા, મારું કામ પૂરું થતાં ઊઠ્યો કે તુરત જ પોતે સંપાદિત કરેલું 'ન્યાયપ્રવેશનું' પુસ્તક પોતાના હસ્તાક્ષરથી અંકિત કરીને આપી, હું લઘુ પ્રતિ પણ એમણે અમીરસભરી દૃષ્ટિ વ્યક્ત કરી. છેક છેલ્લે છેલ્લે, જે કૉલેજના એ સર્વસ્વ હતા તેમાં દાખલ થયો ત્યારથી તો એમની સાથે સાહિત્ય-વાર્તાઓમાં પણ અનેકવાર મળી વિશેષ તૃપ્તિ અનુભવી. એમના પાછા થવાથી હમણાં તો ગુજરાત ગુરુ વગરનું અને ખરા બ્રાહ્મણ વગરનું છે એમ મને તો ભાસે છે.

એ ઋષિ જેવી દૃષ્ટિ, સર્વદેશીય અગાધ પાંડિત્ય, વિદ્યાનું તેજ, મવનવોન્મેષશાલિ પ્રતિભા, અભિનવ સમતા, યુગનું દર્શન એ બધું એમને જ વરેલું હતું. પૂ૦ ગાંધીજી તરફનો એમનો અર્જુન જેવો પ્રેમ, સદાકાળ એક જ પ્રકારની સાદગીવાળી વેશભૂષા અને ભાલમાં પ્રતિભાપુંજસમું તિલક એવા શ્રીમાન્ ધ્રુવજી આંખ પાસેથી ખસતા જ નથી.

ભાવાઞ્જલિ

શ્રી. ડાહ્યાભાઈ મ. પટેલ

લગભગ ૪૦ વર્ષ ઉપરની એ વાત. સદ્ગત વૈદ્યરાજ જટાશંકર લીલાધરના પ્રતાપે હું મૃત્યુગ્રાસથી મુક્ત તો થયો હતો, પરંતુ જીવન પ્રત્યે મારામાં ઉપરામ વૃત્તિએ ઘર કર્યું હતું; મારા જીવનને નિરાશા ઘેરતી હતી અને હું અભિયુક્ત અનુકૂળ પ્રવૃત્તિશીલ થાઉં તે માટે વૈદ્યરાજે મને ગુજરાત કલબમાં એક વખત શ્રી. આનન્દશંકરભાઇ પાસે રજૂ કર્યો. શ્રી. આનન્દશંકરભાઈએ મને તેમની છાયા તળે લીધો. તેમણે મને ‘ વસન્ત ’ સંચાલનના કાર્યમાં પલોટવા માંડયો.

લેખન–વાંચન પ્રત્યે મારી અભિરુચિ તો હતી જ, પરંતુ હું તેના ખાસ સંસ્કાર પામેલો નહોતો. શ્રી. આનન્દશંકરભાઈ કે જેમને અમે વડીલ તરીકે ‘ ભાઈ ’ જ કહેતા, તેમની પાસેથી હું યથોચિત સંસ્કાર મેળવતો ગયો, તેથી તેમની સાથે જે સમાગમ આ રીતે મારો સંધાયો તે જાણે આચાર્ય–શિષ્યનો એક વિશિષ્ટ સમાગમ જ હતો. શ્રી. લીનુભાઈ તો તેમના મામાના ખાસ કૃપાપાત્ર શિષ્ય હતા જ.

શ્રી. આનન્દશંકરભાઈએ મારી પાસે કેટલાંયે લખાણો તેમના શ્રીમુખે લખાવેલાં. તેમાં મને ખાસ યાદગાર થઈ પડે તેવાં લખાણો રામાનુજ ભાષ્ય જેવા વિદ્વત્તાપ્રચુર ગ્રંથનો ગુજરાતી વિવરણસહિત અનુવાદ (થોડો ભાગ) અને ગુજરાતી વાચનમાળાના કેટલાક પાઠો હતા. તે સિવાય કોઈ કોઇ ગ્રંથોમાંથી અવતરણો કરવાનાં હોય અને કેટલીક વખત ‘ વસન્ત ’ માટેના લેખો ફરીથી લખી કાઢવાના હોય.

મરાઠી ભાષાનો મેં થોડોઘણો પરિચય કરેલો. શ્રી. આનન્દશંકરભાઇ પણ ‘ केसरी ’ ના ગ્રાહક હતા અને તેમને ‘ केसरी’નાં લખાણો પ્રત્યે આદર પણ હતો. ‘ केसरी ’ માંનાં કોઈ કોઈ લેખ–વિચારનોંધ આદિનો ઉપયોગ તેઓ કવચિત જ કરતા, છતાં રાજકીય ચર્ચા અંગે—તેમાંયે ખાસ કરીને આર્થિક રાજકારણની અને બજેટ વખતની નોંધો માટે ‘ વસંત ’ તેનો ઠીક ઉપયોગ કરતું. હું પણ કોઈ કોઈ વખત ‘ મરાઠી ’ ભાષામાંથી અનુવાદ કરતો. મને કોઇ મરાઠી પુસ્તક પ્રથમ વાંચવા મળ્યું હોય અને જેનો મેં કાંઇક અનુવાદ કર્યો હોય તો તે શ્રી. આનન્દશંકરભાઇએ મને વાંચવા આપેલ ‘ हिंदू धर्म आणि सुधारणा ’ નું શ્રી. શિવરામ મહાદેવ ગોલે-રચિત હતું. શ્રી. આનન્દશંકરભાઈનો આ પુસ્તક પ્રત્યે આદર જોયો અને જેમજેમ તેમનો વિચારપરિચય હું પામતો ગયો તે ઉપરથી મેં જાણ્યું કે શ્રી. આનન્દશંકરભાઇ નવીન વિચારદૃષ્ટિ ધરાવતા હોવા છતાં કટ્ટર સુધારક નહોતા; જુનવાણી કહેવાતી કેટલીક શિષ્ટ સંસ્કારવાળી વિચાર–પ્રણાલિકાને તેઓ આચારથી વળગી રહેલા હતા.

તેમની સાથેનો મારો ‘ વસન્ત ’ પરત્વે આવો સતત સમાગમ ત્રણચાર વર્ષ રહ્યો. તે

દરમ્યાન તેમણે મને તેમના એક બાળક જેવો ગણીને મારા શરીરની ખૂબ કાળજી રાખેલી, અને મને ક્વીનાઈનની ગોળીઓ ખવરાવ્યા કરેલી તે મારા માટે જીવનભરની એક મીઠીમધુરી યાદ તો છે જ; પરંતુ તેમના સત્સમાગમથી સાહિત્યમાં હું ઠીકઠીક રસ ધરાવતો થયો અને લેખનવ્યવસાય પ્રત્યે જે કાંઈ અભિરુચિ મારા જીવનને આનન્દપ્રદ બની રહી તે શ્રી. આનન્દશંકરભાઈનો જ પ્રતાપ છે; એટલે જ્યારે જ્યારે હું લેખ-પ્રવૃત્તિમાં પરોવાઉં ત્યારે જાણે હું તેમના ચરણે બેસી તેમની આચાર્ય તરીકેની છાયામાં જ હોઉં એ ભાવના અત્રે પણ મને તેમના પ્રત્યે ભાવાંજલિ અર્પવા પ્રેરે એ સ્વાભાવિક છે.

એ ભાવાંજલિ અર્પતાં મારા હૃદય વિશે તેમનું જે ચિત્ર આલેખાયું છે તે ચિત્રની અમુક રેખાઓનું આછેરું દર્શન અત્રે કરી કરાવી લેવાનો મોહ ટાળ્યો ટળતો નથી.

શ્રી. આનન્દશંકરભાઈમાં યેનકેન સમન્વય સાધવાની અનુપમ કળા હતી. ગુણ-દોષ બન્નેનું મિલન ગુણ-દોષથી જે પર સનાતન તત્ત્વ છે તેની સાથે એવું તો હૃદયંગમ બનાવી દેતા કે જાણે તેમાંથી ગુણ-દોષ બન્નેનો લય થઈ જતાં કોઈ નવીન આવિષ્કરણની સૃષ્ટિ સર્જાઈ હોય. તેઓ શબ્દે શબ્દના રહસ્યના ઉકેલ અર્થે અનેરી નવીન કૌતુકમય દૃષ્ટિ આપણને અર્પતા. પૂર્વ-પશ્ચિમ, કે ઉત્તર-દક્ષિણ વા શૂકલ-કૃષ્ણ એવા અરસપરસ વિરોધી માર્ગો હોય તોપણ તેનુંયે સમીકરણ તેઓ કરી દેતા. તથાપિ ખૂબી એ હતી કે જે પુરાતન આર્ય સંસ્કૃતિના ધાર્મિક આચાર-વિચારની ધરતી ઉપર તેઓ ઊછર્યા હતા તે ધરતીને તેઓ કદી ત્યાગતા નહિ. જે કાંઇ મિલન, જે કાંઈ નવીન આવિષ્કરણ, જે કાંઇ નૂતન અર્થનિષ્પત્તિ, જે કાંઈ સમીકરણ, સમન્વય તે બધું તેમની વારસામાં મળેલી ધાર્મિક આર્યોત્કર્ષ સાધતી સંસ્કૃતિની ધરતી ઉપર જ. તેથી સુધારકો કેટલીક વખત તેમના ઉપર ખિજાતા. તે જ પ્રમાણે સનાતની કહેવાતો વર્ગ પણ તેમના નવીન વિચારો માટે ખિજાતો, છંછેડાતો. પરંતુ શ્રી. આનન્દશંકરભાઇ સૌમ્યમૂર્તિ જ હતા. શ્રી. આનન્દશંકરભાઈમાં કટુતાને જરાય અવકાશ નહોતો મળતો. એ તેમનું પરમ ભૂષણ હતું. તેનાથી તેઓ સદા વિભૂષિત બની સર્વની તેઓ પ્રિયદર્શનીય મૂર્તિ બની રહેતા.

આવા કેટલાક પ્રસંગો મેં જાતે નિરખેલા છે. સદ્ગત સાક્ષર શ્રીયુત નરસિંહરાવભાઈનો સમાગમ શ્રી. આનન્દશંકરભાઈએ જ મને કરાવી આપેલો. અવારનવાર મારે શ્રી. નરસિંહરાવભાઇ પાસે જવાનું થતું. તેમની પાસેથીયે 'સાહિત્ય' રસની પ્રસાદી મેળવવા હું ભાગ્યશાળી થતો. તેમની અને શ્રી. આનન્દશંકરભાઇની વચ્ચે કેટલીક વખતે મતાગ્રહી ચર્ચાઓ—જોડણી તથા સામાજિક સુધારાના પ્રશ્નો પરત્વે થતી. તેવા પ્રસંગોમાં કોઈ કોઈ વખત શ્રી. નરસિંહરાવભાઇ અને તેમનાં પત્ની શ્રીમતી પ્રમિલાબહેન પણ શ્રી. આનન્દશંકરભાઇ પ્રત્યે ખીજેલાં, પરંતુ સૌમ્યમૂર્તિ શ્રી. આનન્દશંકરભાઇના શુદ્ધ, ઉદાત્ત, ભવ્ય અને ઉદાર હૃદયની તેઓ એટલી જ કદર કરતાં. હૃદયમાં તેઓ શ્રી. આનન્દશંકરભાઈ પ્રત્યે પરમ આદર ધરાવતાં, તે એટલે સુધી કે જો કાંઇપણ સુધારા કે પોતાના મત—અભિપ્રાયો સ્વીકારાવવા ને પ્રચારિત કરવા કરાવવા હોય તો શ્રી. આનન્દશંકરભાઈનો સહકાર ઇચ્છનીય રહેતો. તે જ પ્રમાણે સનાતનીઓમાં અગ્રગણ્ય સાક્ષર

શ્રી. નગીનદાસ સંઘવી પણ કેટલીક વખત ઠીક ખીજ શ્રી. આનન્દશંકરભાઈ ઉપર કાઢતા. તથાપિ શ્રી. આનન્દશંકરભાઈ એક સનાતની ધાર્મિક પુરુષ છે એવો પરમ આદર રાખી તેમના વિશે અભિમાન ધરાવી સુધારાવાળાઓની સામે લડવામાં શ્રી. આનન્દશંકરભાઇની ધાર્મિક વૃત્તિને એક ઢાલરૂપે પ્રસંગોપાત્ત તેઓ વાપરી લેતા.

શ્રી. આનન્દશંકરભાઇની આવી મધ્યસ્થ વિચારસરણી સ્પષ્ટ વિધાયક માર્ગ નથી દર્શાવતી એવો કેટલાકોનો અભિપ્રાય હતો. પરંતુ શ્રી. આનન્દશંકરભાઇની દૃષ્ટિ હંમેશાં તાત્ત્વિક જ રહેતી. તેથી તેઓ અમુક જ સર્વથા સદૈવ સત્ય એવો અતિઆગ્રહ નહોતા રાખતા. તેમનાં વિવેચન-વિવરણ મોટા ભાગે તુલનાત્મક અને રહસ્યસ્ફોટક બની રહેતાં. તથાપિ કોઇકોઈ વખત પોતાના અમુક મત માટે તેઓ બરાબર કમર કસીને ચર્ચામાં ઊતરતા. તેવી ચર્ચાઓથી તેઓ કંટાળતા નહોતા, બલ્કે જાણે વધાવી લેતા હતા. પરંતુ તેમની ચર્ચાઓ હમેશાં મૃદુ વિવેકપૂર્ણ શિષ્ટ સભ્ય અને સુસંસ્કૃત જ બની રહેતી. તેમાં તીખાશ ઉગ્રતા કે કટુતા ન હોય. તેથી વિદ્વાનોના—સાક્ષરોના—કલહની અને साक्षराः विपरीताः राक्षसाः भवन्तिના વિપરીત રાક્ષસપદની શ્યામતા તેમને જરાયે સ્પર્શી નહોતી. તેઓ એ રીતે સાહિત્યજગતમાં શુભ્રધવલ મંગલકારી મૂર્તિ હતા.

તેમનું લખાણ તેમનો અભિપ્રાય પૂરો વ્યક્ત કરે છે કે નહિ તેની કાળજી તેમને તેમનો લેખ પ્રકાશિત થતાં સુધી ખૂબ રહેતી. ત્યાંસુધી કોઇક વખત તેમનાં લખાણોનાં પાનાં વારંવાર સુધારા-વધારાથી અને છેકાદિથી ખરડાયેલાં થઈ જતાં. તેથી તે વખતના યુનિયન મુદ્રણાલયના મુદ્રણકાર્યાધિકારી ભાઇ હઠીસિંહ આવાં લખાણો જોતાં કંટાળતા અને સંશોધન વખતે યે શુદ્ધિવૃદ્ધિ છેવટ પર્યંત થતી રહેતી તેથી ‘વસન્ત’ના અંક નિયમિત સમયે પ્રકટ થવામાં વિલંબ થતો. કોઇક વખત યંત્ર ઉપર ચઢેલો લેખ જો પાછો મંગાવી લઇને તેમાં ઘટતી શુદ્ધિવૃદ્ધિ કરવાની તક મળી શકે તેમ હોય તો તેને સાવધાન તક ગણી તેવી તકનો અભિષ્ટ ઉપયોગ તેઓ કરી લેતા. કેટલીક વખત છપાયા પછી અશુદ્ધિદોષ માલૂમ પડે તો શુદ્ધિપત્ર છપાવી તેનાથી અશુદ્ધિને દાબી દેતા. તાત્પર્ય એ જ કે તેમનો અભિપ્રાય સંપૂર્ણ અર્થમાં સંપૂર્ણ વ્યક્ત થવો જોઇએ તેની અતિશય ચીવટ તેમનામાં હતી. અને તેઓ કવિ નહોતા, છતાં કાવ્યો દ્વારા ક્ષણેક્ષણે નવીન અર્થ અને નવીન દૃષ્ટિ જેમ કવિ આપ્યા કરે અને પોતે ગગનવિહારી બની રહે તેમ તેઓ પણ પ્રસંગોપાત્ત ક્ષણપૂર્વે વ્યક્ત કરેલા વિચારને કોઇ વખત નવીન વળણ આપવાનો તરંગ સેવી નવી જ સૃષ્ટિનો વિહાર ખડો કરી દેતા. પરંતુ તેની પાછળ સાવધાનતા એ જ કે જે તાત્ત્વિક સત્ય છે તેનો પરિચય સંપૂર્ણ થવો જોઈએ.

તેમનામાં સંપૂર્ણ રાષ્ટ્રીય વૃત્તિ હતી. પરંતુ તેનું તેઓ પ્રદર્શન કરતા નહોતા; તેમ જ તેઓ ઉગ્ર, જહાલ નહોતા. સ્વદેશીનો ખૂબ આગ્રહ રાખતા. રાજકીય વિચારોમાં યે તેઓ તત્ત્વચિંતક તરીકે જ તરી આવતા. એક તત્ત્વચિંતકના વિચારો આપણાં માનસોમાં જે ઊથલપાથલ કરે તેવી ઊથલપાથલ તેમના વિચારોએ કરેલી ખરી, પરંતુ તેઓની શાંત અને મધ્યસ્થ વૃત્તિના પરિણામે કોઇપણ સ્થાયી વિચાર-ક્રાન્તિ તેઓ ઉપજાવી શક્યા છે એમ તો ન જ કહેવાય. તેમની પાસેથી

પ્રેરણા એ જ કે જીવનભર મૃત્યુપર્યંત વિદ્યાના ઉપાસક રહેવું. તેઓ પોતે તેવા વિદ્યાવ્યાસંગી હતા અને અનેકને તેવા તેમણે બનાવ્યા. તેઓએ પ્રાચીન–અર્વાચીનનો મેળ સાંધ્યો અને તેવો મેળ સાંધવાની દૃષ્ટિ અર્પી.

તેઓ વિધુર બન્યા પછી તેમની અહોરાત્રની જીવનસહચરી પુસ્તકોરૂપે પ્રકાશિત થયેલી વિદ્યા જ હતી. તેમનો જે ખંડ દીવાને–ખાસ કહો કે દીવાને–આમ કહો તે પુસ્તકોનો જ ખંડ હતો. તેમની બગલમાં, તેમના મસ્તકે, તેમની શય્યા ઉપર, હિંચોળાખાટ ઉપર, આસન ઉપર, જ્યાં જુઓ ત્યાં વિદ્યાસ્વરૂપી પુસ્તકોનું આક્રમણ હોય જ. લખવા માટે ખુરશીટેબલ રાખવા જેટલી જગ્યા ઉપર પણ પુસ્તકોએ આક્રમણ કરી દીધું હોય. તેમનો શય્યાખંડ પણ તે જ, તેમનું દીવાનખાનું પણ તે જ.

ભાલે સુવાસિત ચંદનમિશ્ર કુંકુમનો ચાંદલો, કર્ણે સુવર્ણબુટી, સ્કંધપ્રદેશે શિખાગુચ્છના વિખરાયેલા વાળની લટો, પ્રભા પ્રસરાવતા ભવ્ય મુખમાં ઓષ્ઠોએ દાબેલી લેખની અને નોંધ–અવતરણાર્થે પુસ્તકાલયમાંના ઉપયુક્ત પુસ્તકને શોધવાના એકતાનમાં ગુલતાન એવા સ્વરૂપવાળા સંસ્કારમૂર્તિ આનન્દશંકરભાઇ અત્યારે યે જાણે જીવંત વિદ્યાઉપાસક બિરાજમાન જ છે.

તેમના ઠાકોરસેવાના નિજમંદિરમાં અત્યારે યે પણ જાણે તેઓ સ્નાનાદિ નિત્યકર્મથી પરવારી Meditations ચિંતનાર્થે ભાગવત ઉપનિષદાદિ ગ્રંથોનું પઠન કરી તેના ઉપર લાલ વાદળી પેન્સિલથી વિવરણનોંધ આદિ ટપકાવી રહ્યા છે.

શ્રી. આનંદશંકરભાઈનું ભક્ત હૃદય હતું, પરંતુ બુદ્ધિથી તે દબાતું હતું. તેમની અનેક તર્કન્યાયપુરઃસરની દલીલોથી તેવા દબાણમાંથી તેઓ છૂટવા માગતા હતા. પરંતુ प्रकृति यान्ति भूतानि निग्रहः किं करिष्यति ? એનો ખ્યાલ મને તેમના આ હૃદય અને બુદ્ધિના વિગ્રહ ઉપરથી આવતો. ઠાકોર મંદિરમાં શુભ પ્રાતઃકાળે તેઓ હમેશાં તેનો નિર્ણય કરવા ચિંતનશીલ રહેતા. ત્યાં તેઓ ખાસ કરીને ભકિતપ્રતિપાદક ગ્રંથોનું મનન કરતા, અને તર્કન્યાયની દલીલોથી સર્વ કાંઈ–કર્મ, ભક્તિ, જ્ઞાન એ ત્રણે–નો સમન્વય કરી સંતોષ મેળવતા.

સ્વામિનારાયણ સંપ્રદાયના સહજાનંદ સ્વામીનાં વચનામૃતોના ગ્રંથને અને શ્રીમદ્ રાજચંદ્રને યે જ્યારે ઠાકોરસેવા વખતે મેં તેમને આદર સહિત પઠન કરતા પેખ્યા ત્યારે હું તેમના પ્રત્યે આશ્ચર્યમુગ્ધ થઈ નયન ઢાળીને અંતરમાં તેમની પ્રશંસા કરતો ઊભો રહેતો હતો તે પ્રસંગ અત્યારે યે તેમના ભક્તહૃદયની યાદ તાજી કરે છે.

રાજનગર–અમદાવાદમાં તે વખતે જેમને ગુજરાતના રામકૃષ્ણ પરમહંસ કહી શકીએ તેવા પરમહંસ મહારાજશ્રી ‘સરયૂદાસજી’ની કથામાં પણ તેઓ પ્રસંગોપાત્ત પધારેલા. મહારાજશ્રીની અજબ શાંતિએ તેમને મનોમુગ્ધ કરેલા. તે વખતના એક સંન્યાસી શ્રી. સ્વરૂપતીર્થજી જેઓ સરયૂદાસજી મહારાજ પાસે શિષ્યભાવે આવતા જતા અને જેઓ એક સુશિક્ષિત સ્નાતક હતા તેમની આગળ શ્રી. આનન્દશંકરભાઈ મુક્ત કંઠે બોલી ઊઠ્યા હતા કે “આવી ‘શાંતિ’ આત્મા

સાથે તલ્લીન બનાવી દે છે. અજબ ‘શાંતિ’ મહારાજે પ્રાપ્ત કરી છે.” ભક્તહૃદય હોવાના કારણે તેઓ આવા સાધુ, સંત, મહાત્માઓનો સંગ સાધતા અને તેવા ભક્તહૃદયને લીધે જ તેઓને મહાત્મા ગાંધીજીએ પોતાના પ્રત્યે ખેંચ્યા હતા.

તેઓ તત્ત્વચિંતનમાં વિકસ્યા, તત્ત્વચિંતક બન્યા અને તત્ત્વચિંતન કરતાં કરતાં જ આપણાથી અદૃશ્ય થયા છે, પણ તત્ત્વચિંતન તેમને છોડે તેમ નથી, તેમણે તત્ત્વચિંતનને છોડ્યું નથી, બન્ને અનાદિ અનંત બની રહ્યાં છે.

આ એક ભાવાલેખન; અને એ જ તેમના પ્રત્યે મારી એક ભાવાંજલિ.

પૂ. ધ્રુવસાહેબના જીવનમાંથી કેટલાક વિનોદ પ્રસંગો

શ્રી. દેવદત્ત ઇચ્છાશંકર ત્રિપાઠી

પૂજ્ય આચાર્યશ્રી આનન્દશંકરભાઈ વિશે લખતાં આજે પણ હાથ ભારે લાગે છે અને લેખની થંભી જાય છે. તેમનો અમારા કુટુંબ સાથેનો એક વડીલ તરીકેનો સંબંધ આજે પણ યાદ આવે છે. તેમને ત્યાં મારા પિતાશ્રીએ યુવાવસ્થાથી તે મરણ પર્યંત ‘વસન્ત’ના વ્યવસ્થાપક અને મુનીમ તરીકે કામ કરેલું તેને લઇને અમે તેમના નિકટના સમાગમમાં વારે ઘડીએ આવેલા.

ધ્રુવસાહેબ સંસ્કૃતના અસાધારણ વિદ્વાન, તત્ત્વચિંતક, સાક્ષર વગેરે અનેક હતા તે સંબંધમાં આ પુસ્તકમાં જુદા જુદા લેખકોએ લેખ લખ્યા છે, પરન્તુ મને તેમની સાથે હું જે કાંઈ પ્રસંગોમાં પરિચયમાં આવેલો તેમાં તેમની અસાધારણ રમૂજ કરવાની બુદ્ધિ બહુ જ મર્મગ્રાહી લાગવાથી અને મારું બાલમાનસ તેનાથી તે વખતે બહુ જ આકર્ષાતું એટલે પૂજ્યશ્રીને જે રમૂજી પ્રસંગો તેમના જીવનમાંથી મારી યાદદાસ્તમાં રહ્યા છે તે અત્રે ટાંકી હું સ્મરણાંજલિ અર્પું છું.

એક વખત એવું બન્યું કે ધ્રુવસાહેબ બનારસથી અમદાવાદ આવતા હશે, તે વખતે તેમનો રસોઇયો આચારજ (તેઓ નાગર રસોઇયો જ રાખતા) તેમના સેકન્ડ ક્લાસના ડબ્બામાં તેનો થોડોઘણો સામાન ધ્રુવસાહેબના સામાન સાથે મૂકી, બીજા ડબ્બામાં બેઠેલો. આ બાબતની ધ્રુવસાહેબને ખબર હતી પણ આ રસોઈયાએ બે ત્રણ વખત આવી વસ્તુ કરેલી તેથી આ વખતે તો તેને કાંઇ શિખામણ મળે એ હેતુથી તેમણે ટિકીટ ચેકરને બોલાવ્યો અને કહ્યું કે આ સામાન કોઈ માણસ ભૂલી ગયો તો નથી ! તેથી ટિકીટ–ચેકરે તે બધો સામાન પોર્ટરને બોલાવી સ્ટેશન પર મુકાવરાવ્યો. થોડીવાર થઇ એટલે પેલા રસોઇયાને કોઈ વસ્તુની જરૂર પડી, એટલે તે લેવા માટે આવ્યો ત્યારે તેણે એકે વસ્તુ જોઈ નહિ, તેથી તેણે ધ્રુવસાહેબને પૂછ્યું, ત્યારે ધ્રુવસાહેબે કહ્યું કે ટિકીટ–ચેકર કેટલીક વસ્તુઓ અહિયાંથી લઈ ગયો છે; તમારો સામાન હોય તો તમે ત્યાં જઇને લઈ આવો. આચારજ તો બિચારો હાંફળોફાંફળો ટિકીટ–ચેકર પાસે ગયો અને કહે કે સાહેબ, મારો સામાન છે. ત્યારે ટિકીટ–ચેકરે તે માટે સાબિતી આપવા જણાવ્યું. ત્યારે આચારજે ટ્રંક તેમની જનોઈએ બાંધેલી કૂંચીથી ઉઘાડી સાબિતી આપી. ત્યારે ટિકીટ–ચેકરે ધ્રુવસાહેબને પૂછી તેને સામાન આપ્યો. તે પછી આવી રીતે સામાન મૂકવાનું તે ભૂલી ગયો.

ધ્રુવસાહેબ અમદાવાદથી જ્યારે બહારગામ જવાના હોય ત્યારે પ્લેટફોર્મ ઉપર જે રમૂજી વાતો કરે તે તો જાણે આપણે સાંભળ્યા જ કરીએ. એવા સુંદર માર્મિક મુદ્દાઓની તેઓ ચર્ચા કરે કે આપણને આનંદ આનંદ જ થાય.

બીજો એક પ્રસંગ એવો બનેલો કે ધ્રુવસાહેબે મારા પિતાશ્રીને બનારસ અથાણું મોકલી આપવાનું લખેલું. તે વખતે થરમોસ તાજો જ નીકળેલો અને તેને માટે મારા પિતાશ્રીએ બહુ

વાત સાંભળેલી તેથી તેમણે એક મોટો સારો થરમોસ બજારમાંથી આણી અથાણું ભરી બનારસ પાર્સલ કર્યું; એવી આશાથી કે કટાઈ જાય નહિ. બનારસ થરમોસ પહોંચતાં પહોંચતાં તો લોચો થઈ ગયો અને અથાણામાં કાચના કકડાની કરચો ભરાઈ ગઇ. ધ્રુવસાહેબે જરાપણ ખોટું ન લગાડતાં પત્ર લખ્યો કે તમારો અથાણાવાળો થરમોસ અમને પહોંચી ગયો છે અને જ્યારે હું અથાણું ખાઉં છું ત્યારે તમને સંભારું છું. પંદરેક દિવસ પછી પત્ર આવ્યો કે થરમોસ લાડવો થઈ ગયો હતો. પણ તે પણ રમૂજમાં જ. તે માટે કાંઈપણ કડવા શબ્દો તેમણે વાપરેલા નહિ. આવી એક સાધારણ વસ્તુમાં પણ તેઓ આનંદ લેતા અને જ્યારે કાંઈ મંગાવવું હોય ત્યારે પત્ર લખે ત્યારે લખે કે થરમોસમાં ન મોકલશો! એમ આશ્ચર્યવિરામનું ચિહ્ન કરી સહુને આનંદ કરાવે.

ત્રીજો પ્રસંગ તેઓશ્રીએ એક વખત એવો કહેલો કે તેમની બાલ્યાવસ્થામાં તેમના ઘરમાં એક ઘરડો નોકર હતો તે ઘણા વર્ષોનો જૂનો અને ઘરમાં મળી ગયેલો હતો, તેથી જેમ બને તેમ ઓછું કામ કરવા માટે યુક્તિઓ કરે. એક વખત એવું થયું કે જાણે બહેરો થયો હોય તેવો તેણે ડોળ કર્યો અને કોઈનું સાંભળે અને કોઈનું ન સાંભળે એમ ચાલવા દે. આવું કેટલોક વખત ચાલ્યું અને તેમાં તે માણસ ખળપણું કરે છે એવું એમને ચોક્કસ લાગવા માંડ્યું ત્યારે તેમણે એક યુક્તિ રચી. તેમાં એવું કર્યું કે જયારે તેને બોલાવવો હોય ત્યારે બૂમ ના પાડવી પણ ઝીણી કાંકરી મારવી. આ પ્રમાણે કર્યું તેથી પેલો નોકર ગભરાયો અને તેની ધાક ઉઘડી ગઈ છે એટલે હવે બધું સાંભળે છે એમ જણાવી દીધું.

ધ્રુવસાહેબ માથે ઉત્તમ પ્રકારનું તેલ નાખતા હતા. બનારસમાં એવું થયું કે એમનો નોકર આ તેલની શીશીમાંથી ચોરીને ધુપેલ માથામાં નાંખે, આની ખબર ધ્રુવસાહેબને પડી ગઈ. તેમણે આ માણસને કેમ સુધારવો તેની તરકીબ યોજી. બજારમાંથી દવા મંગાવી ધૂપેલની શીશીમાં મેળવી જ્યાં ધૂપેલની શીશી રહેતી હતી ત્યાં મૂકી દીધી. બીજે દિવસે નોકરે શીશી ઉઘાડી તેમાંથી ધૂપેલ લઇ માથે નાંખ્યું અને થોડો વખત થયો ત્યાં તો તેના માથામાંથી વાળ ખરવા લાગ્યા, તેથી તે તો ખૂબ ગભરાયો અને દોડતો દોડતો હજામને ત્યાં જઇ વાળ કઢાવી આવ્યો. બધે તો શોધાશોધ ચાલી કે ક્યાં ગયો છે, ક્યાં ગયો છે. એટલામાં તો તે માથું મૂંડાવેલું અને આવ્યો. ધ્રુવસાહેબે મંદ હાસ્ય કર્યું પણ પછી જાણે દિલગીર થયા હોય તેમ નોકરને પૂછવા લાગ્યા કે કોણ તારું સગું મરી ગયું છે કે તેં માથું મૂંડાવ્યું. ત્યારે તેણે કહ્યું કે ના ના, સાહેબ મારા માથામાં ખોડો થયો હતો તેથી માથું મૂંડાવ્યું છે. પણ નોકરને ખબર પડી ગઇ કે ધ્રુવસાહેબે તેને આબાદ પકડ્યો છે. એટલે તે ધૂપેલ નાંખવાનું સમૂળગો ભૂલી ગયો.

ધ્રુવસાહેબ તેમનો કોઇ માણસ મોડો આવે તો તેને ઠપકો આપે નહિ પણ તેને એમ પૂછે કે જુઓને ઘડિયાળમાં શો ટાઇમ થયો છે, એટલે પેલા ભાઈને ઘડિયાળમાં જોવું પડે અને ટાઇમ કહેવો પડે, એટલે શરમ આવે અને તેને જરૂરથી લાગે જ કે ધ્રુવસાહેબે રમૂજમાં ટકોર કરી છે, એટલે ટાઇમસર આવવાનું જ રાખે.

આવા આવા અનેક રમૂજી અને બુદ્ધિચાતુર્યના પ્રસંગો ધ્રુવસાહેબના જીવનમાંથી મળે છે અને આજે પણ ધ્રુવસાહેની છબી સામે જોઉં છું ત્યારે તેઓ ગુજરાતની સંસ્કૃતિ, વિદ્વત્તા અને સૌજન્યના પ્રતીક હોય તેવું લાગે છે. શ્રી અને સરસ્વતી બન્નેનો તેમને સુયોગ હતો. તેમનું જીવન એક આદર્શ જીવન હતું. વેર, કપટ, વગેરે અવગુણોથી તો તે પર હતા, અને સદા ઉચ્ચતર આદર્શો જ પોતાના જીવનમાં ઉતારતા હતા. અને પોતાના જીવનને તેમણે એક આદર્શ જીવન બનાવ્યું હતું, તે સૌ કોઈ જે તેમના નિકટ પરિચયમાં આવેલા તે સારી રીતે જાણે છે. તેઓએ વનવાસ સેવી ઋષિજીવન ગાળ્યું નહોતું પણ ઘરમાં રહી આદર્શ ઋષિનું જ જીવન ગાળ્યું હતું. સવારના પહોરમાં ચાર વાગ્યે વહેલા ઊઠે. અબોટિયું પહેરી સંધ્યા, પાઠ, પૂજા કરે. નાગર રસોઇયા વગર બીજા કોઈની રસોઇ ના જમે. ચારે તરફ પુસ્તકોના ઢગલામાં તેઓ બેઠેલા હોય અને અખંડ સરસ્વતીનું પુરશ્ચરણ ચાલતું જ હોય એટલે કે વાંચતા જ હોય. નાગર કોમ તેની વિદ્વત્તા અને ગૃહસ્થાઈ માટે પ્રખ્યાત છે તેનું પ્રતીક જ પોતે ન હોય એવું જ્યારે જ્યારે આપણે તેમને જોઇએ ત્યારે લાગે.

ગુરુવર્ય આચાર્યશ્રીને સ્મરણાંજલિ

શ્રી. અવિનાશ ગજાનન મુનશી

સંધ્યાના રંગ જ્યારે આકાશે પથરાયા હતા, ત્યારે હું મારા મિત્ર સાથે એક દિવસ ઘર તરફ આવતો હતો. સામેથી એક 'ટૂરિંગ કાર,' બહુ ત્વરિત નહિ એવી ગતિએ અમારા તરફ આવી રહી હતી. મેં એ ઓળખી. એ આચાર્યશ્રી આનન્દશંકરભાઈની હતી. એ આવી. મેં નમસ્કાર કર્યાં. એમણે એમના સ્વભાવ મુજબ સસ્મિત વદને ઝીલ્યા; ને 'કાર' પસાર થઈ ગઈ. મારા મિત્રે પૂછ્યું, "કોણ ડૉ. ધ્રુવસાહેબ હતા?" મેં કહ્યું: "હા."

એમની પાસે જતાં સંકોચ નહોતો અનુભવાતો, હૃદય નહોતું થરથરતું. એમની ભવ્યતા અજબ હતી. એમનો ઘેરો, સંયમભર્યો નાદ સહુને મોહિત કરે એવો. એમની ધીરગંભીર આંખો વ્યક્તિને અંદરથી અને બહારથી માપવા તત્પર રહેતી—એમની : સંસ્કારિતા, સંયમશીલતા અને ઉદધિશા જ્ઞાનભંડારના પ્રતીકસમી.

એમની સમાધાન કરવાની શક્તિ અદ્ભુત હતી. તુલનાશક્તિ અપ્રતિમ હતી. સર્વને પ્રિય કહેવાની ટેવ એ એમની ખાસ વિશિષ્ટતા હતી. એમની વિનોદશક્તિ અસરકારક હતી.

એક પ્રસંગ સાંભરે છે. કોઇ સ્નેહી રાતના એમને ત્યાં ગયા હતા. અંદરથી મધ્યખંડમાં પ્રવેશતાં, તેઓશ્રીનો પગ સહેજ લંઘાયો, એમણે કમ્મરે હાથ મૂક્યો. સ્નેહીએ પૂછ્યું, "કેમ આમ? શું કાંઈ દુખે છે?"

"હા ભાઈ, આજે તો હું જરા દાદરેથી પડી ગયો."

"એમ! શાથી?"

"ભાઈ," એમની વિનોદશક્તિ પ્રકટી, "ઘરડે ઘડપણ શોખ કરવા જઈએ પછી આવું જ થાય ને? તાજી જ આણેલી 'સ્લિપર' પહેરીને જૂને દાદરેથી ઊતરવા માંડ્યું તે 'સ્લિપરે' એનો ભાવ ભજવ્યો, ને 'slip' થઈ ગયા. નવી 'સ્લિપર' અને જૂનો પુરાણો દાદરો, જેમ 'નેગેટિવ' અને 'પોઝિટિવ' મળે, એમ મળતાં જ આ દશા થઈ." બેઉ હસ્યા.

આજે તો એઓ આપણી પાસે નથી. એમનાં જીવનનાં વર્ષો સ્વપ્નવત્ સરી ગયાં છે. આજે તો આપણે ઘડીભર શાંત ચિત્તે બેસીએ, નયનોને ઘડીભર નીચાં ઢાળીએ, જીવનની જ્વાળાઓને ઘડી માટે ઠારીએ, અને એમનું સ્મરણ કરીએ, એમની ઝાંખી કરીએ, મનસા એમને પ્રણામ કરીએ.

એમણે તો એમનું કર્તવ્ય બજાવ્યું. પણ આપણે શું કરી શકીએ? એમને સંભારીએ? એમનાં વખાણ કરીએ? કોઈ કવિતા કરીએ? એમના જેવું જીવન જીવવા મથીએ? એમણે જે લખ્યું છે તેનો અભ્યાસ કરીએ? અને બીજાને કરાવીએ? શું કરીએ?

તો આચાર્યશ્રીના સ્મરણાર્થે એક કાર્યક્રમ નક્કી કરવો જોઈએ. એઓશ્રી તો ગુરુ હતા. વિદ્યાર્થીઓને પ્રિય અને એમને વિદ્યાર્થી પ્રિય. ગુરુપૂર્ણિમાને દિવસે એ મહાતપસ્વી સમા ગુરુની પૂજા વિદ્યાર્થિવર્ગ કરે. એટલે કે એમની જ્ઞાનપરબે જેઓ જેઓ જળ પી પી કૃતાર્થ થયાં હોય, તેઓ સર્વ તેમની એક દિવસની કમાણી ફંડમાં આપે. એ ફંડમાંથી નિરક્ષરવર્ગ, ગરીબવર્ગ અક્ષર શીખે, અભ્યાસ કરે, અને વર્ષેવર્ષે કોઈ એક દિવસે, પૂજ્ય ગુરુજીને સ્મરી, સાહિત્યના એ મીઠા ઉદધિના વારિમાંથી અંજલિ ભરી લે.

સ્વ. આચાર્ય ધ્રુવને નિવાપાંજલિ

શ્રી. લીનકરરાય અચરતલાલ સૈયદ

(ब्रह्मप्राप्तो विरजोऽभूद् विमृत्युरन्योऽप्येवं यो विदघ्यात्ममेव ॥
(कठोपनिषद् २-३-१८)

× ×

करोति कर्म क्रियते च जन्तुः
केनाप्यसौ चोदित आनिपातात ।
न तत्र विद्वान् प्रकृतौ स्थितोऽपि
निवृत्ततृष्णः स्वसुखानुभूत्या ॥
(श्रीमद् भागवत ११-२८-३०)

+ +

Peace, Peace ! he is not dead he doth not sleep,
He hath awakened from the dream of life."
(Shelley)

× × ×

" A death-less face
+ + + +
Death our dies."
(Swinburne)

જીવન પરજીવન બે એક અખંડ પ્રવાહ છે રે લોલ;
રૂપ બદલતું જીવન તે પર—જીવનમાં વસે રે લોલ."
(નરસિંહરાવ)

+ + +

મારાથી મારા એ સદ્ગત માતુલનું વય આશરે પંદરેક વર્ષ વધારે મોટું હોવાથી, એમના શાળા અને પાઠશાળાના અભ્યાસના અંતિમ સમયનું જ મને પ્રથમ જ્ઞાન થયું હતું. મારા વૃદ્ધ માતામહ આખા કુટુંબને અમને સહુને લઈને પ્રયાગ, મથુરા, કાશી, વગેરે સ્થળે તીર્થયાત્રા કરવા ગયેલા ત્યારથી મારા પૂજ્ય માતામહનું ધાર્મિક દેહસ્વરૂપ મને યાદ રહ્યું છે. કાશીમાં શ્રીવિશ્વનાથનાં દર્શન—પૂજન સમયે એમના હાથ પરની કોણી પરનું નક્કર સુવર્ણનું આભુષણ—કડું કોઈએ ચોરી—કાઢી લીધું—અને તે બનાવે મારી સ્મૃતિમાં બે સંસ્કારો પાડ્યાનું આજે હું યાદ કરું છું: એક એમની ધર્મકાર્યમાં મનની એકાગ્રતાનો સ્વભાવ—અર્થાત્ સાચા મનનો—સાચી શ્રદ્ધાનો—ધર્માચાર અને બીજું એમના મનની શાંતિ—ગંભીરતા— અવિહ્વળતા.

આ કથનના સમર્થનરૂપે હું અહીં શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ઇ. સ. ૧૯૪૧ના નવેમ્બર માસમાં અમે જ્યારે સદ્ગતની અંતિમ માંદગીના સમયે મુંબઈમાં દવા–ઉપચાર-અર્થે એ ત્રણ માસ રહી આવ્યા હતા, ત્યારે એક દિવસે શ્રી. મુનશી એમના પુત્રને લઈ ને સદ્ગત મામાની તબિયતના સમાચાર જાણવા માટે એમના નિવાસગૃહે — શ્રી. પ્રહ્લાદભાઈ ધ્રુવ (એડવોકેટ)ના નિવાસગૃહે—ગામદેવીમાં આવ્યા હતા ત્યારે શ્રી. મુનશીએ વાતચીતમાં એમના પુત્રને સદ્ગત આચાર્યશ્રીનાં “ Last of the typical (ideal) Brahmins of Gujarat ” (આપણા ગુજરાતના આદર્શ બ્રાહ્મણવર્ગમાં અદૃશ્ય થતી વ્યક્તિઓ પૈકી છેલ્લી વ્યક્તિનાં) દર્શન કરાવવા પોતાના પુત્રને સાથે લઈ આવ્યાનું પ્રયોજન ભારપૂર્વક જણાવ્યું હતું. શ્રી. મુનશીએ એ વ્યક્તિ, એ સ્વરૂપનું છેલ્લાં ૨૫ વર્ષ પર્યન્ત અવલોકન કર્યું હતું, તેનો મારો અનુભવ સદ્ગતના છેલ્લાં ૫૦–૫૫ વર્ષનો હોઇ મને શ્રી. મુનશીના કથનમાં સંપૂર્ણ સત્યનું જ તે વખતે તે વાક્યનું શ્રવણ કરીને થયું હતું, એટલું જ નહિ પણ શ્રી. મુનશીએ એમને માટે ૨૫ વર્ષમાં ક્વચિત્ ક્વચિત્ સમયે અને સ્થળે જોયા હશે અને તેમ છતાં પૂર્વોક્ત સ્વરૂપ આલેખ્યું પરંતુ; મેં સદ્ગતના જીવનના આરંભનાં ૪૦ વર્ષોનો અને અંતનાં ૫–૭ વર્ષનો સમય એમના સહવાસમાં—નિકટ પરિચર્યામાં—વ્યતીત કરેલો હોવાથી મને એ સ્વરૂપમાં એક પ્રકારની અખંડતા રહી ગયાનો ખ્યાલ થયો. મનુષ્યના દીર્ઘાયુષી જીવનમાં તેને નાના પ્રકારના આચાર વિચાર ધરાવતા મનુષ્યોનો સંપર્ક થાય છે—નાના પ્રકારની પરિસ્થિતિમાં તે મુકાય છે—જ્ઞાન-પ્રાપ્તિમાં વૈવિધ્ય જણાય છે—વગેરે વગેરે જેને સંક્ષેપમાં ‘ કાલસ્વરૂપ ’—‘ કાળનો મહિમા ’—‘ The Mighty Force of Time ’ કહીએ છીએ—તેના અદ્ભુત પ્રભાવ નીચે તેનું જીવન નિર્ગમન થાય છે—તેમાં તે તે સંજોગોના બળવશાત્ તેના જીવનમાં પરિવર્તન પણ બહુધા અવશ્ય થયેલું દૃષ્ટિગોચર થાય છે. સદ્ગત આચાર્યશ્રી પણ મનુષ્ય હતા—દીર્ઘાયુષી જીવનમાં જીવનનું સદ્ભાગ્ય પામ્યા હતા તેમ છતાં તેમનામાં પૂર્વોક્ત નિયમનો અપવાદ મેં જોયો હતો. એક પ્રકારની અદ્ભુત વિશિષ્ટતા મેં તેમનામાં નીરખી હતી. એમની આ પ્રકારની ધર્મભાવના અને તેમાં ઓતપ્રોત થઇ રહેલી એકરૂપતા મેં એમના આખા જીવનમાં નિહાળી હતી અને જેમ એક કુદરતી નિયમ છે કે આખા જીવનમાં સેવેલી ભાવના જીવનના અંતિમ સમયે દૃશ્યમાન થયા વિના રહેતી નથી તેવું જ એમનું એ સ્વરૂપ હું એમના જીવનના અંતને દિવસે એમની સમીપ હતો ત્યારે મેં નીરખ્યું હતું. દાખલા તરીકે, પોતાના દેહના અવસાનનો સમય ઘણો જ સમીપ આવ્યો છે એવી પ્રતીતિ એમની થઈ હતી ત્યારે તે બોલ્યા હતા કે “ હવે મને દેવ-મંદિરમાં (અર્થાત્ દેવસમક્ષ) લઈ જાઓ. ” વળી અંતના બે દિવસ પહેલાં હાથનાં આગળાં જાણે માળાના મણકા ફેરવતા હોય તેમ ફરતાં જણાયાં હતાં, અને તે પૂર્વે ૮–૧૦ માસ ઉપર જ્યારે માંદગીનું રૂપ બહુ ચિન્તાજનક નહોતું ને ચિત્તનું સ્વાસ્થ્ય પણ ઠીક હતું ત્યારે તે કહેતા હતા કે “ હું કદાચ ભાનમુક્ત થાઉં એવી દેહની સ્થિતિ બને ત્યારે કોઈ અભક્ષ્યનું ભક્ષણ કે અપેય પદાર્થનું પાન કરાવીને મને ભ્રષ્ટ કરશો નહિ.—એમ હું સહુ માવજત કરનાર સગાંને ખાસ આગ્રહપૂર્વક વિનંતી કરું છું. ” અર્થાત્ જે ધાર્મિક આચારવિચારનું તેમણે તેમના આખા

જીવન દરમિયાન પાલન કર્યું હતું, તેનો ભંગ—તેમની અભાન અવસ્થામાં અન્યના હાથે પણ થઇ ન જાય એવી ખાસ ઇચ્છા એમણે પ્રદર્શિત કરી હતી. ધર્મનાં પુસ્તકોનો પાઠ અને માળાનો જપ સંધ્યા વગેરે એમણે આખા જીવન પર્યન્ત કર્યાં હતાં અને છેલ્લા વર્ષમાં એટલું પણ કરવા માટે એમનામાં શક્તિ રહી નથી એમ એમને જણાયું તે દિવસથી તેમણે મને દરરોજ શ્રી મ. ભ. ગીતાનો એક એક અધ્યાય, અને શ્રી. મ. ભાગવતમાંથી અને તુલસીકૃત રામાયણમાંથી થોડું થોડું વાંચી સંભળાવવાની આજ્ઞા કરી હતી. અને તે નિયમ તેમના અવસાનના આઠેક પૂર્વના દિવસ સુધી પાળવામાં આવ્યો હતો. અંતના પૂર્વે દોઢેક વર્ષ ઉપર તેઓ ડાકોર શ્રી રણરાયજીનાં દર્શન કરવા મહાપરિશ્રમની પરવા કર્યા વિના કુટુંબજનને સાથે લઈને ગયા હતા અને દ્વારકા જવાનો વિચાર કરેલો તે સંજોગોની પ્રતિકૂળતાથી અમલમાં મૂકી શકયા નહતા. બનારસમાં ૧૫-૧૭ વર્ષ વિશ્વવિદ્યાલયના અતિ જવાબદારીવાળા પદે રહ્યા હતા ત્યાં પણ તેમનો ધાર્મિક આચાર વિચારનો નિયમ તેમણે આગ્રહપૂર્વક પાળ્યો હતો. તેમનો કપાલ-લલાટ પર કુંકુમનો ચાંલ્લો જીવનના આરંભનાં વર્ષોથી અંતના દિવસો સુધી સર્વદા જણાયો હતો.

એમના જીવનમાં વિશિષ્ટતાનાં ઉભય લક્ષણ મનાશે એક ધર્મભાવના અને બીજું વિદ્વત્તા. એમાં કેટલાક સજ્જન વિદ્વત્તાને મુખ્ય લક્ષણ માનતા હશે, અને હું એ ધર્મભાવનાને મુખ્ય લક્ષણ માનું છું, અને ઉભયને સમભૂમિકાવાળાં લક્ષણ માનવાનો પણ સ્વીકાર કરું છું.

ધર્મભાવના સદ્ગતના આન્તરજીવનમાં મેં નિકટ સહવાસથી જ અનુભવી હતી. હવે હું એમના અન્ય ગુણોનું સ્થળ અને સમયના સંકોચને લઈને સંક્ષેપમાં જ વર્ણન કરીશ.

દયા અને દાન, એ બે ગુણોને ધર્મના પાયા માનવામાં આવ્યા છે એમ આપણા ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે. સદ્ગત આચાર્યશ્રીમાં એ બે ગુણોનું ગૂઢ સેવન મેં નજરે જોયું હતું અને પોતે અનુભવ્યું હતું. એમનાં અંતનાં વર્ષોમાં એ જ્યારે પોતાની કારમાં સવારમાં તેમ જ સાંજે બહાર ફરવા જતા હતા ત્યારે ઘણું ખરું મને એ પોતાની સાથે લઈ જતા હતા, જ્યારે માર્ગમાં કાર થોભતી ત્યારે ભિખારીઓનાં જૂથ કાર પાસે ખડાં થતાં ત્યારે તેમનું હૃદય દયાર્દ્ર થતું મેં અનુભવ્યું હતું અને છૂટથી પર્સમાં જે કંઈ સિક્કા નજરે પડતા તેનું દાન વિના સંકોચથી કરી દેતા. આ ઉપરાંત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં કોઈ નિરાશ્રિત તેમની પાસે જઈને યાચના કરતો તો તેને પુસ્તક માટે યા અભ્યાસાર્થે ફીનું દાન પણ તે કરતા હતા એ મેં નજરે જોયું હતું અને જાણ્યું હતું. દાનમાં કીર્તિની એષણા સેવતા નહિ, તેથી ગૂઢતા જાળવી રહ્યા હતા. તેમની દાનવૃત્તિનો બીજો દાખલો એ હતો કે કોઈ વેદપાઠી બ્રાહ્મણ તેમની પાસે જતો ત્યારે તેને તેના વેદના મન્ત્રોનો પાઠ—સ્વરની શુદ્ધતાપૂર્વક—કરેલો જાણીને અક્ષત કે અન્નની પાલી અને દક્ષિણાનું દાન આપી વિદાય કરતા.

એક પ્રેરક પ્રસંગ

શ્રી. મોહિનીચંદ્ર

શાળામાં પ્રથમ દિવસે પાટી ઉપર ધૂળ નાખી પહેલો પાઠ શીખવા આવનાર વિદ્યાર્થી જેમ શિક્ષકની સોટીથી ભડકે અને ચમકે, તેમ હું પણ વગર સોટીએ ભડકતો ચમકતો, છતાં મારી જાતને ધૃષ્ટતાપૂર્વક છતો કરતો તેમના સામીપ્યમાં સરકયે જતો હતો. ટપ દઈને શેતરંજી પર બેસી ગયો. એ વિરાટ પુરુષની વેધકદૃષ્ટિ મારા ભણી વંકાઈ.

‘ કયાંથી આવ્યા છો ? ’ જાણે આષાઢી મેઘ ગર્જ્યો. પ્રજ્ઞાચક્ષુ પુરુષની મહત્તમ મેધાનો નક્કર રણકાર તેમાં પરખાતો હતો.

‘ રાયપુર પખાલીની પોળમાંથી આવું છું. મારે આપને મારી કવિતાઓ બતાવવી છે. ’ મેં મારું વકતવ્ય માંડ પૂરું કર્યું.

‘ કવિતા લેતા આવ્યા છો ? ’ અવાજમાં આ વખતે સૌજન્યની મીઠાશ પણ ભળી હતી.

‘ હા, જી. ’

‘ તમે શું કરો છો ? ’ એ યુગપુરુષના નેત્રદ્વંદ્વમાંથી ઊંડે ઊંડે નાનેરા પ્રત્યેની હમદર્દીનાં તેજઃકિરણો પ્રસરતાં નિહાળ્યાં.

“ નવજીવન ’માં હતો. ત્યાંથી છૂટો થયો છું. ગુજરાત વર્નાકયુલર સોસાયટીવાળા મણિભાઈ- (છબારામ ભટ્ટ)એ મુંબઇ—‘ગુજરાતી’ના તંત્રી શ્રી. મણિલાલ ઇચ્છારામ દેસાઇ ઉપર લખી આપેલ ભલામણપત્ર લઇને આવતે અઠવાડિયે મારા ભાગ્યનો પાસો નાખવા હું મુંબઈ જવાનો છું. ’

‘ વારુ, કવિતા જુદી લખી લાવ્યા છો ? મને આપી જાઓ. ’

‘ ના જી, આ સંગ્રહમાં છે. ’ અને મેં કવિતા બતાવી; તેમણે વાંચી.

‘ કવિતા સારી છે. ‘ વસંત’માં છાપીશ, મને આપી જજો. ’ હું તો આવ્યો હતો માર્ગદર્શન અર્થે, ત્યાં મળી ગયું સ્થાન. અચંબો પામ્યો.

‘ એ મારી નોટબૂકમાં છે. ’

‘ નકલ કરીને ગમે ત્યારે ઇચ્છાશંકરને આપી જજો. ’

‘ આપનો ઉપકાર માનું છું. ’

આ એક મુલાકાતમાંથી આનંદશંકરભાઈના ત્રણ ગુણવિશેષો નિષ્પન્ન થાય છે. આનંદશંકરભાઈ ફળફૂલથી લચી રહેલા વૃક્ષની જેમ અમાપ વિદ્યાભારથી વિનમ્ર બની રહ્યા હતા, નાના માણસને પણ અપનાવી લેવાની મહાનુભાવ સાગરવૃત્તિવાળા તેઓ હતા, તથા ગમે તેવા દુર્બલ

જંતુને પણ ગેબની જેમ સ્વસ્થ અને અખંડ આશ્રય આપવામાં તેઓ ઋજુ હતા. ગુજરાતી વાઙ્મયના નવવિધાયકોએ આવા, આપણામાંના ઉત્તુંગ શિખર જેવા સાહિત્યસમ્રાટોના આ ગુણત્રયવિશેષમાંથી ઘણું ગ્રહણ કરવા જેવું છે.

પૂજ્ય આનંદશંકરભાઈ જૂની પેઢીના, ભારતની સંસ્કૃતિના અદ્યતન યુગાવતાર હતા. ગુર્જરીના પૃથ્વીઆરૂઢ થયેલા ગણુતર સાહિત્યસ્વામીઓમાં આનંદશંકરભાઈનું સ્થાન મોખરે છે. ગુર્જરીને જગતગોરંભતી લાધેલી લોચનજોડમાંની પ્રથમમાં વિશ્વવિભૂતિ ગાંધીજી બિરાજમાન છે, બીજીમાં આનંદશંકરભાઈ મૂર્તિમંત હતા. આજે તો કાળના મહોદધિમાં આ કીકી લુપ્ત છે. એ વલોપાત કરવાનો કે લખવાનો આ નાજુક કલમને તો અધિકાર પણ નથી.

આ એક નાચીઝ છતાં મારે માટેના પ્રેરક પ્રસંગમાંથી આનંદશંકરભાઈનો જે સદ્‌ગુણસંભાર મને સાંપડ્યો તે દર્શાવી અજોડ સાહિત્યશિરોમણિ નરપુંગવ સમક્ષ મારું અત્યંત લાઘવ પ્રસ્ફુટ કરવાનો આ મારો નમ્ર પ્રયાસ માત્ર છે.

મહા–આચાર્ય

આનંદશંકર ધ્રુવ

[એમની જીવનશૈલી ઉપર એક દૃષ્ટિ]

શ્રી. ગૌરીશંકર ગો. જોષી, 'ધૂમકેતુ'

કોલેજજીવનમાં અમદાવાદનું નામ એક દૂરના અદ્‌ભુત સ્થાન સમું લાગતું તે વખતે જે બે ચાર વ્યક્તિઓનું કાલ્પનિક આકર્ષણ રહ્યા કરતું તેમાં એક નામ મહા–આચાર્ય આનંદશંકર ધ્રુવનું પણ હતું. કોલેજજીવનના સહજ આકર્ષક વાતાવરણ સિવાય પણ એક વિશેષ કારણ એમાં રહેલું હતું. જીવનઘડતરનાં કેટલાંક પુસ્તકોમાં મહા–આચાર્યનું એકે પુસ્તક તો ન હતું, કારણ કે એમનું એકે પુસ્તક એવી રીતે હજી પ્રકટ નહિ થયેલું. પરંતુ કેવળ હાથલાથોરનાં [હવે તો આ હાથલોથોર નાશ પામ્યો છે] લાલઘૂમ ડોડવાં જોતાં જોતાં, જોજન જોજન વિસ્તારના, પોલંડનાં પેલાં બીડ વિશે બહુ વર્ણન આવે છે, એવાં બેવ ને ઝિંઝોટી ને રાંપડાનાં ને ધોળિયાનાં બીડમાં થઈને દર અઠવાડિયે એકબે વખત પાસેના કસબામાં જવા માટે નીકળવું પડતું, ત્યારે એવા દૂરના એકાંત ગામડામાં એક માસિક આવતું તે પ્રિય મિત્રની જેમ સાથે રહેતું. ખાખરાનો ક્યાંક છાંયો આવે કે કોઈક જગ્યાએ ખજૂરી ઊગી હોય ત્યાં બેસીને એમાંથી નમતી સંધ્યાએ દરેકે દરેક લીટીનો ને દરેકે દરેક અક્ષરનો રાંકના ગોળની પેઠે વારંવાર આસ્વાદ લેવાતો. કાંઈક સમજાતું હશે, ઘણું નહિ સમજાતું હોય, કેટલુંક ખોટું સમજાતું હશે–પરંતુ જ્યાં આવળનાં ફૂલ એ શ્રેષ્ઠ ઉદ્યાનપુષ્પ હતાં, પીંજારા, વાઘરી, કોળી, ખાંટ ને ભરવાડનો પડોશ એ જ્યાં સંસ્કારક્ષેત્ર માટે હતાં, જ્યાં એક પોસ્ટકાર્ડનો એક ગરબડિયો અક્ષર ઉકેલતાં મહા 'વેદવાન'ની ઉપાધિ ગામના એક છેડાથી બીજા છેડા સુધી પંદર જ મિનિટમાં ફેલાઈ જતી, જ્યાં સાત ગુજરાતીના જ્ઞાન ઉપર ત્રણ ત્રણ નાના શિક્ષકોની નાની મંડળી નદીના વેકરામાં બેસીને ગોવર્ધનરામથી માંડીને કલાપી સુધીના સર્વે સાક્ષરોની સમાલોચના કરતી, ત્યાં આ માસિક એક જીવંત પ્રકાશ જેવું બની રહેતું. એ માસિક તે 'વસંત.' 'વસંત'માં લેખ છપાય–જીવનની એ મહત્ત્વકાંક્ષા આવા એક નાનકડા ગામડાની ભાગોળે કોઈક દિવસ ઉદ્‌ભવેલી. એમાંથી આચાર્ય આનંદશંકરનું નામ પણ સ્મરણમાં રહેલું. કોલેજજીવનમાં આવતાં એ આકર્ષણ વધ્યું હતું. પરંતુ જૂનાગઢ ને ગિરનારની છાયા—એઓની મોહિનીએ કોઈ દિવસ અમદાવાદ આવી શકાયું નહિ. આચાર્ય આનંદશંકર ધ્રુવનો એ રીતે કોલેજજીવનમાં લેશ પણ પરિચય મળી શક્યો નહિ. પરંતુ કોલેજજીવન દરમ્યાન 'વસંત'માં 'કેટલાક પત્રો' મોકલવા શરૂ કર્યા. પહેલો પત્ર મોકલ્યોઃ ધડકતે હૃદયે, અવિશ્વાસથી, અપ્રકટ જ રહેશે એવા ભયથી–અને એક દિવસ બે ત્રણ માસ પછી, જગ્યા કાંઈક ફાજલ પડી હશે એટલે, વ્યવસ્થાપક ઇચ્છાશંકર હરજીવન ત્રિપાઠીનો એકદમ ઉકેલી ન શકાય તેવો પત્ર મળ્યો—અને એ

પત્ર કૉલેજના મિત્રોને વંચાવતાં બીજે જ દિવસે સૌને લાગ્યું કે આ માણસને લખતાં આવડે છે! પછીથી એ પત્રો માટે નિયમિત માગણી આવતી. 'વસંત'નું વર્ષો સુધી એકાંતમાં કરેલું પરિશીલન છેવટે ફળ્યું.

આચાર્ય આનંદશંકરની સાથે સીધા સંસર્ગમાં આવેલા ત્રણેક પ્રસંગો અત્યારે યાદ આવે છે. એ વખતે ઘણું કરીને પોતે હજી આકાશેઠ કૂવાની પોળના મકાને રહેતા. 'તણખા'નું પુસ્તક આપવા ગયેલો: 'સમાલોચના અવશ્ય આવશે, પણ ન આવે તો એને મારી ઉપેક્ષાવૃત્તિ ન ગણતા!' આ એમના શબ્દો હતા. 'વસંત' માટે વારંવાર નવલિકાની માગણી તો એમની રહેતી જ. પાછળના સમયમાં પણ પોતે 'કેટલાક પત્રો' જેવા નાના નિબંધો માટે હમેશાં આતુરતા બતાવી હતી. એ એક નવાઈની વાત હતી કે 'કેટલાક પત્રો' એમની સ્મૃતિમાં સારા લખાણ તરીકે હમેશને માટે રહી ગયા હતા—ને જ્યારે જ્યારે મળતો ત્યારે ત્યારે એવી જાતના પત્રો વિશે વાત કરતા. આ પત્રો હજી અપ્રકટ છે, પણ હમણાં પાછા મેં હાથ ઉપર લીધા છે ને હવે પછીના કામમાં એની નોંધ કરી છે.

એક વખત આચાર્ય આનંદશંકર ધ્રુવ સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ પાસે નીકળેલા એ વખતે એ પ્રેસ પાનકોર નાકે સિવિલ હૉસ્પિટલ પાસે હતું. એમની મોટર ત્યાં ઊભી રહી. અંદર શંકરદત્ત શાસ્ત્રી વ્યવસ્થાપક હતા તેને બોલાવ્યા. 'વસંત' માટેના એક લેખના પ્રૂફમાં 'સરસ્વતીચંદ્ર'નો શબ્દ બરાબર નહિ છપાયેલો એ વિશે કહ્યું: પછી બોલ્યા: 'સરસ્તીચંદ્રની જોડણી પણ બરાબર ન સમજી શકે એવા કૉમ્પોઝિટર કેમ રાખો છો?' હું ત્યાં બેઠો હતો. આ વસ્તુએ તે જ વખતે મને આચાર્યની મહત્તા અને મર્યાદા બન્નેનો ખ્યાલ આપ્યો. સાહિત્યભક્તિ—ખાસ કરીને તો જ્ઞાનપ્રાપ્તિ—એમાં એમણે એટલી તલ્લીનતા સેવી હતી કે ન્યૂટને જેમ મોટી બિલાડી માટે મોટું ને નાની બિલાડીને માટે નાનું કાણું રાખ્યું હતું ને સમર્થ ગણિતશાસ્ત્રી મોટું કાણું નાના કાણાનો હેતુ સાચવશે એ વ્યવહારુ સત્ય ભૂલી ગયો હતો, તેના જેવું જ કાંઈક આ સમર્થ વિદ્વાન વિશે થયું. 'કમ્પોઝિટર' કોઈ દિવસ પોતે શું 'કમ્પોઝ' કરે છે એમાં ભાગ્યે જ રસ ધરાવતા હોય છે. એમને તો 'મેટર' સાથે કામ હોય છે. એમની દૃષ્ટિ નહિ–આંગળી કામ કરતી હોય છે. વર્ષો સુધી 'વસંત' માસિક ચલાવવા છતાં, આચાર્ય આનંદશંકર એને પોતાની પ્રિય વસ્તુ ગણતા છતાં, એનાથી એ અલિપ્ત પણ રહી શક્યા હતા, એનું આ એક ઉદાહરણ છે. અને એ એમના જીવનનું દ્યોતક પણ છે.

એક બીજો પ્રસંગ એમની ચારુ જીવનશૈલી દર્શાવે તેવો છે. અત્યંત વિનમ્ર છતાં એ પોતાનો વિરોધ જ્યારે દર્શાવતા ત્યારે એમાં ન સમજી શકાય એવો ગહન કટાક્ષ—કટાક્ષ તો એને ન કહેવાય, પણ મર્મ કહી શકાય—રહેતો, આ મર્મનો આ જાતનો પ્રકાર એ કદાચ સ્વર્ગસ્થની અનોખી શૈલી હતી. અને છતાં એમાં લેશ પણ કટુતા, ગ્રામ્યતા, ઉપાલંભ કે ક્રૂર વિનોદ ન રહેતાં. એમાં તત્ત્વજ્ઞાનીનું ઊર્મિવિહોણું નર્મમર્મ હતું. એક વખત મેં ટિબેટ વિશે કાંઈ વાંચેલું તેમાંથી વર્ષો સુધી એકાંતજીવન ગાળતા કોઈ સાધુની વાત એમની પાસે રજૂ કરી. એની અનેક અદ્ભુત શક્તિઓમાંથી એક—ગમે તેવા અંધારામાં પણ દેખી શકવાની અજબ શક્તિ–એ વિશે વાત થયેલી.

યોગને પોતે સંપૂર્ણ સત્ય જોનાર તરીકે ગણતા નહિ. કોઈ સિદ્ધિ કે કોઈ ઉપાસના વિશે એમનામાં, શ્રદ્ધા કરતાં શંકા વધારે રહેતાં. એટલે વાત પૂરી થયા પછી સામાન્ય વાત કરતા હોય તેમ એમણે પોતાનો હિમાલયનો અનુભવ કહેવા માંડ્યો. એમાં એમણે કહેલું એક વાક્ય આખી વસ્તુસ્થિતિનું સમગ્ર દર્શન કરાવતું હતું: 'ટેવ એવો પદાર્થ છે કે જે ઘણી વખત ઘણું ન સમજાય એવું કરી શકે છે. જ્ઞાન જુદી જ વસ્તુ છે.'

સાહિત્યકાર તરીકે આચાર્ય આનંદશંકર પાસે એક એવી શૈલી હતી કે જે શૈલી ગોવર્ધનરામ તેમ જ મણિલાલ બન્નેના સમન્વયમાંથી જન્મી હતી–અને છતાં પોતાનો જ અનોખો પ્રકાર પ્રકટ કરતા. જ્યારે પોતાના પ્રિય વિષયમાં એ રસમાણ થતા, ત્યારે એનો રણકો કદી પણ ન ભૂલી શકાય એવા મધુર પ્રવચનકારનો હતો. આપણે ત્યાં આવી પ્રવચનશૈલી. મણિલાલ, ગોવર્ધનરામ, કિશોરલાલ મશરૂવાળા, અને કાકા કાલેલકરમાં મળી આવે છે. એક જ વિષય ઉપર કે લગભગ સમાન કહેવાય એવા કોઈ વિષય ઉપર આ ચારેનાં લખાણો સરખાવવાનો કોઈ યોગ આવે તો એક રસિક અભ્યાસનો એ વિષય બની રહે એટલી વિવિધતા એમાંથી મળે. મણિલાલ વિશે કહેવાય કે એ પોતાના પૂર્વપક્ષીને ત્યાં હાજર રાખે છે, એને હરાવે છે, હંફાવે છે, પોતાના વિજયમાં પોતે રાચે છે, પોતાનો સિદ્ધાંત સ્થાપે છે, ને એ સત્ય હોવાની એ ઘોષણા કરે છે. ગોવર્ધનરામ સામા પક્ષની દલીલો લે છે, પોતાનો રદિયો આપે છે, પોતાના પક્ષો હાજર રાખે છે–ને પોતે કોઈ દિવસ હાજર રહેતા નથી. એ સત્યને શોધવા મથે છે, સિદ્ધાંત સ્થાપતા નથી—ને નથી સ્થાપ્યો એમ કહેતા પણ નથી. એ જીવનનો નિચોડ આપે છે, છતાં ઘોષણા કરતા નથી. આ બન્નેની સરખામણીમાં આચાર્ય આનંદશંકર પાસે જે છે તે અત્યંત મધુર પ્રસન્ન શૈલીમાં કહેવાયેલું છે. તલસ્પર્શી છતાં એ પૂર્વપક્ષ સ્થાપીને આગળ વધતા નથી. હિમાદ્રિ જેટલી ઊંચાઈએ જવા છતાં એ પૃથ્વીનો સંસર્ગ ગુમાવતા નથી. અને પ્રતીતિકર બનવા છતાં–એ કોઈ વસ્તુનું સમર્થન કરતા નથી. સત્યનું એમનું અન્વેષણ જલમાં ડૂબકી મારીને મોતીની છીપો લાવનાર જેવું છે. એમાં મોતી છે જ–એ વિશે તો શંકા નથી; થોડાં કે વધુ એ જ સવાલ રહે છે.

આચાર્ય આનંદશંકરનો એક લેખ એક વિદ્યાર્થીને સમજાવવાનો પ્રસંગ આવ્યો હતો. ઘણું કરીને ત્યાર પછી તરત જ એક બીજો નિબંધ પણ હતો. બન્ને પ્રકારો નિબંધના જ હતા. અને છતાં એક નિબંધ વાંચ્યા પછી બીજો વાંચતાં એટલો બધો તફાવત લાગ્યો કે આચાર્યની પ્રવચનશૈલીની મધુરતા એ એમના અત્યંત વિશાળ વાચનમાંથી પ્રાપ્ત થતી સહજ શક્તિ છે ને પ્રયત્નથી મેળવેલી શક્તિ નથી, એની પ્રતીતિ થઈ. કેટલાકનું વાચન વિશાળ હોય છે પણ એમનું નિરૂપણ કઢંગું હોય છે. કેટલાકની પાસે જ્ઞાનની અશક્તિ ઢાંકવા માટે લાંબું પિષ્ટપેષણ હોય છે. કેટલાકની પાસે અછતને છત તરીકે ખપાવવાની કુનેહ હોય છે, તો કેટલાકની પાસે જે ખરેખર હોય છે, તેને એટલી બધી વખત 'આ જુઓ, છે હો, મારી પાસે છે; તમે કહેતા'તા ને નથી?' એવી જાહેરખબરી પદ્ધતિથી, ગ્રામ્યતાભરેલી રીતે રજૂ કરવાની કઢંગી શૈલી હોય છે કે, એમનું અરધું આકર્ષણ એમાં જ માર્યું જાય છે! આચાર્ય ધ્રુવ પાસે સાચ્ચો નગદ સોનાનો સિક્કો

હતો, એટલે એમનો રણકો હમેશાં મધુરતાભર્યો હતો. ગુજરાત પાસે ખરા અર્થમાં 'આચાર્ય' એવા માણસો બહુ થોડા જ હોય છે. એમાં સ્વ. આનંદશંકર એક અદ્ભુત પુરુષ હતા. એમની પાસે જ્ઞાન હતું, અને એ જ્ઞાન મૂકવાની બહુ જ વિરલ એવી માધુર્યભરેલી પ્રસન્ન ગંભીર શૈલી હતી. આ એમની શૈલી અભ્યાસનો એક ખાસ વિષય થઈ શકે તેટલી મહત્તાભરેલી છે. બહુ જ થોડા શબ્દોમાં કેટલી સુંદરતાથી એમણે પોતાના વિચારો પ્રકટ કરવાની શક્તિ કેળવી છે એ ત્રણચાર ઉદાહરણોથી પણ દેખાઈ આવશે:

> 'આત્માને આપણે વ્યવહારનું ખાલી ખોખું માની શકતા નથી, તેથી રાજકીય, આર્થિક કે સામાજિક સુધારણાનો બહિષ્કાર કરી શકીશું નહિ. માત્ર એ સર્વને કેન્દ્રસ્થાને—અગ્રસ્થાને નહિ પણ કેન્દ્રસ્થાને—અધ્યાત્મવિચારને મૂકીશું.'

> 'આપણા ઘઉં અને રૂના ભાવ અહીંની પેદાશથી નક્કી થતા નથી; અન્ય દેશોના પાક ઉપર એનો આધાર રહે છે; તે જ રીતે અત્યારે આપણે ધર્મ સંબંધી વિચારોમાં પણ અહીંનાં જ શાસ્ત્રોનાં વચનો ટાંકીને બેસી રહ્યે ચાલે તેમ નથી.'

> 'શંકરાચાર્યના સિદ્ધાન્તને પાશ્ચાત્ય કેળવણી પામેલો વિદ્વાન ગહનતાની પરિસીમા સમજે છે અને રસ્તે જતો ભિખારી પણ એના એકતારામાં એને ગાય છે એ એની ખૂબી છે.'

એથી વધારે સુંદર એક ઉદાહરણ.

ગાંધીજીનો પશ્ચિમ તરફનો વિરોધ અને કવિવર ટાગોરને એમાંથી જે ગ્રહણ કરવા યોગ્ય હોય તે ગ્રહણ કરવાનો આગ્રહ—એ બન્ને વચ્ચે શ્રી. આનંદશંકર ધ્રુવે મૂકેલા આ શબ્દો એમના જીવનનો ખરો ખ્યાલ આપી દે તેવા છે:

> 'પૂર્વે કાંઇક પશ્ચિમને આપવાનું હોય, પશ્ચિમે પૂર્વને આપવાનું હોય. આ કહેવું દેખીતું ઠીક છે. પણ વસ્તુતઃ સત્યના કકડા કરીને પરમેશ્વરે જગત ઉપર ફેંક્યા નથી. અર્ધું સત્ય જાણે પૂર્વમાં પ્રકટ કર્યું હોય અને અર્ધું પશ્ચિમમાં, અને પછી મનુષ્યજાતિને એ બે અરધિયાં એકઠાં કરવાનું સોંપ્યું હોય એમ નથી. દરેકમાં સત્યનું પૂર્ણ પ્રાકટ્ય જ હોય છે; હોવું જ જોઈએ. કારણ કે જ્યાં મનુષ્યત્વ ત્યાં સત્ય, અને મનુષ્યત્વ સર્વત્ર એમ સત્ય પણ સર્વત્ર. પણ ઐતિહાસિક સંજોગોને લીધે સત્યના જુદાજુદા અંશો પૃથ્વીના જુદા જુદા ભાગમાં પ્રાધાન્ય કે ગૌણતા પામે છે–એટલે એક બીજા દેશને એક બીજાની અપેક્ષા રહે છે તે એટલી જ કે ગૌણ અંશને યથોચિત પ્રાધાન્ય અપાવવું. આપણા પ્રાચીન સમયમાં વ્યવહારની ગૌણતા નહોતી. પણ ઐતિહાસિક કારણે આપણું વ્યાવહારિક જીવન ગૌણસ્થાને મુકાઈ ગયું છે તો એને યોગ્ય પદ આપણે પુનઃ પ્રાપ્ત કરાવવું. અને પશ્ચિમના દેશો વ્યવહારમાં ડૂબી પરમાર્થ ભૂલી ગયા છે તો તેઓએ એમના પૂર્વજોનું જાણીતું પરમાર્થ જીવન ફરી સેવવું.' . . . 'વિવેકી સજ્જનો આહારમાત્રમાં વિષાંશ ને અમૃતાંશ રહેલા છે એમ સમજી એમાંથી વિષાંશ દૂર કરશે. સમગ્ર આહારને ફેંકી દેશે નહિ. પણ અવિવેકી આહારીને વિષાંશનું સ્મરણ આપવાની જરૂર છે.'

હરેક વાદો સમજ્યા વિના અહીં લાવવા મથતા બિનઅનુભવી કેવળ ઉત્સાહી કાર્યકરોને આમાંથી કેટલું બધું મળી શકે તેમ છે!

એક વસ્તુનો સમગ્ર રીતે ને સઘળા દૃષ્ટિકોણથી વિચાર કર્યા વિના ને વિચાર કર્યા પછી પણ એનો આપણા સમાજજીવન સાથે સમન્વય સાધ્યા વિના સ્વીકાર ન કરવો—એ આચાર્યશ્રીની મોટામાં મોટી સંસ્કૃતિરક્ષક વૃત્તિનો સિદ્ધાંત હતો. આજે—અથવા કોઈ પણ સમયે—એનો તત્ત્વાર્થ તો થોડેઘણે અંશે પણ ગ્રહણ કર્યા વિના છૂટકો જ નથી. કદાચ એમના જીવનનો એ મોટામાં મોટો વિજય હતો કે એમણે વૈજ્ઞાનિક વેગથી ધસી આવતી વસ્તુઓનો તિરસ્કાર કર્યો નથી કે બાલોચિત ઉત્સાહથી એને ભેટવા દોડવાની ખોટી ઉતાવળ બતાવી નથી. એમાંથી કાલક્રમે પ્રજાજીવનને અનુરૂપ એવું નવું સ્વરૂપ પ્રકટશે—એ એમની આંતરિક અખંડ શ્રદ્ધા હતી. અને હરેક વ્યક્તિની એ જ શ્રદ્ધા રહેવી જોઈએ.

સૌજન્યશીલ આદર્શમૂર્તિ

શ્રી. મોહનલાલ હ. પંચોળી

જીવનમાં કોઈ ધન્ય પળે જ પ્રેરણા પાનાર વ્યક્તિનો સમાગમ થાય છે. એવાં પ્રેરણાપાનથી આપણા દૃષ્ટિબિંદુમાં વૈવિધ્ય અને ચોકસાઈ આવે છે; આપણો માનસિક અને આધ્યાત્મિક ઉદ્ધાર થાય છે; સામાજિક અને રાજકીય દૃષ્ટિએ જીવવાના માર્ગોની સૂઝ પડે છે; જીવન એકધારું અને ઇપ્સિત ધ્યેયને પામવાની વૃત્તિવાળું થાય છે.

જ્યારે મેં વિદ્યાર્થિઅવસ્થાનો ત્યાગ કરી ધંધાદારી જીવનનો આરંભ કર્યો, ત્યારે સને ૧૯૦૭માં મારા એક ધંધાદારી ભાવનાશીલ મિત્રે સલાહ આપી કે, “ જો ધંધામાં પણ પ્રથમ દરજ્જો સાચવી રાખવો હોય, તો સતત અભ્યાસી રહેવા ઉપરાંત, ‘ વસન્ત ’ના ગ્રાહક બની એમાં આવતાં દિગ્દર્શનો, વિવેચનો, ચર્ચાઓ, અને બીજા પ્રાસ્તાવિક લેખોનો પાકો અભ્યાસ કરતા રહેવાથી જિંદગીની આખરે આપણી સાથના બીજાઓની સાથે તુલનાત્મક રીતે જોતાં આપણા વિકાસમાં અદ્‌ભુત પરિવર્તન થયેલું જણાશે. ” આ સલાહ—વિચારોની કીમત એ વખતે કાંઈ જ સમજાઈ નહોતી, પણ શાળા અને ટ્રેનિંગ કોલેજના શિક્ષણમાં રહેલી ન્યૂનતાઓ ‘વસન્ત’ના વાચનથી પરિપૂર્ણ થઈ હતી, એમ તો આજે પણ સંપૂર્ણ રીતે સમજાય છે.

૧

શ્રી. આચાર્યશ્રીનો પ્રથમ સમાગમ ‘વસન્ત’ના ગ્રાહક નિમિત્તે થયો. જોકે એ માસિક મૂળથી જ બરાબર નિયમિત સમયે બહાર પડતું નહોતું; છતાં પણ જ્યારે બહાર પડતું ત્યારે તેમાં પ્રસિદ્ધ થયેલી વસ્તુથી આપણને તૃપ્તિ થતી, અને વિલંબનો વિલાપ આપોઆપ શમી જતો. એમાં પ્રસિદ્ધ થતાં દિગ્દર્શનો અને લેખોની ખાતર એ પત્ર એક વખત કાગને ડોળે ઘણી આતુરતાપૂર્વક રાહ જોવરાવતું હતું.

ઉગ્ર વાતાવરણમાં પણ એ પત્રના દિગ્દર્શનમાં દર્શાવેલા વિચારો, સિદ્ધાંત સૌમ્ય સ્વરૂપના ગણાતા હતા. વિનીત અને ઉદ્દામ નામકરણની વિધિ, એ પ્રત્યેકનું લક્ષણ બાંધવાની તર્કપદ્ધતિ સંબંધે તંત્રી તરીકેના એમના વિચારો ઘણી જ સમતુલા સાચવીને કહેવામાં આવતા હતા. એથી જ એ પત્ર સર્વેને — બંને પક્ષોનું આકર્ષણ કરી રહેલ હતું. આ સર્વે એમની સૌજન્યશીલ સમાધાનવૃત્તિનું પરિણામ રજૂ કરતાં હતાં, એમ કહેવું જોઈએ.

કોઈ પણ સરકારી કમિશનો સંબંધે કે અભૂતપૂર્વ પ્રસંગોની ચર્ચા સંબંધે એમનું સૌજન્ય દીપી નીકળ્યા વિના રહેતું નહિ —:Decentralization Commission–કેન્દ્રાપગામી સમિતિની ચર્ચા કરવાની હોય, કે રૂપું સસ્તું થાય ત્યારે ઝાઝા રૂપિયા પાડી ચલણમાં ફુગાવો કરવામાં આવે, તેને લીધે પરિણામે મોંઘવારી થાય, એ સર્વની એ સમયની ચર્ચા આપણને પ્રજા સમસ્ત-

નાં સામાન્ય હિતનું રાજકારણ અને અર્થવ્યવસ્થાનાં વ્યવહાર અને આચારનાં પરિણામોથી શાંત ચિત્તે વાકેફ કરીને, પોતાની ફરજ અદા કરતાં જોતી વખતે એમનાં સૌજન્યનો સારો ખ્યાલ આવ્યા વિના રહેતો નહિ.

‘વસન્ત’ એ યુવાનો અને પ્રૌઢોને તાલિમ આપનાર શાળા જેવું હતું. એ શાળાના આચાર્ય સૌમ્ય અને સૌજન્યશીલ હતા. દૂર દૂરના પ્રદેશોમાં વસનારને અદ્યતન અને ઉન્નત વિચારોથી તેઓશ્રી પોષણ આપી રહ્યા હતા. મહાત્માજી ગુજરાતમાં આવતાં પહેલાના સમયમાં ગુજરાતની પ્રજાને સૌજન્યશીલ ઘડવાની એમની પ્રવૃત્તિ હતી. એથી જ એઓશ્રીની એ પ્રેરણાને પીનાર આજે પણ જિંદગીના એ સમયની જીવનપથમાં એક મહાન સ્મૃતિચિહ્ન તરીકે ગણતરી કર્યા વિના રહી શકે તેમ નથી.

૨

સને ૧૯૧૯માં અમદાવાદમાં વસવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારપછી જુદીજુદી સભાઓમાં એમની વાણીનો તેમ જ વિચારોનો પ્રત્યક્ષ પ્રસંગ પ્રાપ્ત થવા લાગ્યો. તે પ્રત્યેક પ્રસંગે એમના સૌજન્યશીલ વ્યક્તિત્વનો અનુભવ થવા લાગ્યો. જોકે એ અરસામાં જ એઓશ્રીએ બનારસ વિદ્યાપીઠમાં સ્થાન પ્રાપ્ત કરવાથી ગુજરાતને લગભગ છોડયો હતો. છતાં ઉનાળાની લાંબી રજા દરમિયાન એમનો લાભ અવારનવાર મળ્યા જ કરતો હતો. એ અરસામાં ‘અસ્પૃશ્યતાનિવારણ’ સંબંધી પોતાના વિચારો અને નિર્ણયો રજૂ કરતો એક લેખ એ સમયપૂરતો ખૂબ જ પ્રેરક અને બોધક નીવડયો હતો એમ કહ્યા વિના રહી શકાતું નથી.

સને ૧૯૨૫ માં ગુ. વ. સો.ના નિયમો પહેલી વખત નવેસરથી પસાર થતા હતા, તે સમયે એમણે દર્શાવેલા સૌજન્યનો પરિચય એ મારા જીવનમાં એઓશ્રી સાથેના સંબંધનો સૌથી પહેલો પ્રસંગ હતો. એ સમયે રૂ. ૩૦) સુધીના પગારના શિક્ષકોના સભ્યપદની ફીના સંબંધમાં એવી વિગતો રજૂ કરવામાં આવી કે, “આ સગવડનો લાભ કોઈ લેતું નથી. મોટા પ્રમાણમાં લેવાતો નથી.” માટે આ વર્ગ દૂર કરવો. એ પ્રસંગે એ રાહતથી મળતી સગવડનું રક્ષણ કરનાર હોય, છતાં એવા વિચારો રજૂ કરનારને જો કોઇ પીઢ અને માતબર સભ્યનું અનુમોદન ન હોય, તો એ કાયદાકાનૂન કરનાર પોતાનો હેતુ સરળતાથી સાધી શકે તેમ હતું, એવું એઓશ્રીને સમજાયું ત્યારે એઓશ્રીએ મારો એ વ્યવસ્થા સાચવી રાખવાના પક્ષનો બચાવ કર્યો. જરૂર, એ રીતે એમણે એવા વર્ગના સર્વ શિક્ષકસમૂહ ઉપર ઉપકાર કર્યો છે. એ પ્રસંગ આજે પણ મારી નજર સમક્ષ એવો ને એવો જ તાજો છે. એઓ તો માત્ર પોતાની ન્યાયપ્રિય અને નિષ્પક્ષપાત મનોવૃત્તિને અધીન રહીને જ પોતાનો વિચારો રજૂ કરતા હતા, છતાં સામાન્ય અને સાર્વજનિક હિતના પ્રશ્નોમાં કેટલી કાળજી એઓ ધરાવતા હતા તેનો એ પ્રસંગે અનુભવ થયો. એથી જ એમનો સૌજન્યશીલ સ્વભાવ પ્રકટ સ્વરૂપે જોવાની તક મળી ગઈ.

એઓશ્રી મોટાં શહેરોથી દૂર દૂર વસનારા અને પૂરતી સાધનસંપત્તિ વિનાના વર્ગોની મુશ્કેલીઓ સમજવા પૂરતા નીચે ઊતરી શકતા હતા. એમની એ દયાળુ મનોવૃત્તિએ એમને આવા

પ્રસંગોમાં ઉદારતાથી જોવાની ટેવ પાડી હતી. એ બિના ‘वसन्त’ ના લવાજમનો નિર્ણય કરવાના સમયથી એમના જીવનના અંત સુધી જોવામાં આવતી હતી. એ પણ એમના સૌજન્યશીલ સ્વભાવનું પ્રતીક ગણી શકાય.

૩

એઓશ્રી ગુ. વ. સો.ના પ્રમુખપદ ઉપર આવ્યા પછી પ્રથમના કરતાં પણ વધારે ને વધારે નજીક હોઈએ, એવી રીતે પ્રસંગો પ્રાપ્ત થતા ગયા, ત્યારે પણ એમની સ્વાભાવિક જૂની પ્રણાલીએ જ એઓશ્રીના નિર્ણયો જાહેર થતા જોવામાં આવ્યા હતા. જેમ સામાન્ય જનતામાં સત્તાની પ્રાપ્તિ અને સત્તાની અપ્રાપ્તિના સમયના આચરણમાં મહાન અંતર જોવામાં આવે છે, એવું એમનામાં જોવામાં આવતું નહોતું. એ એકધારા જીવનનું રહસ્ય તેમની સૌજન્યશીલ વૃત્તિ હતી. પોતાને અનુકૂળ ન હોય એવા વિચારોની રજૂઆત પ્રસંગે એમનું ન્યાયપ્રિય અને નિષ્પક્ષપાત વલણ, તેમ જ નિષ્પ્રપંચ રહેણીકરણી એ એમના ચિત્તના ઔદાર્યનો નમૂનો હતો. એ રીતે એમણે કુલપ્રાપ્ત સૌજન્યશીલ મનોવૃત્તિ કયારેય પણ છોડી નહોતી, એ જ મને તો વિસ્મયજનક લાગે છે—લાગતું હતું.

બહુમતવાદી તંત્રમાં પોતાનાં વ્યક્તિગત મંતવ્યોને સિદ્ધ કરવાના પ્રયત્નો કરવાને બદલે સમસ્તનું વધારેમાં વધારે હિત શેમાં સમાયેલું છે, તેને તટસ્થવૃત્તિથી જોવું, જાણવું, પછી પોતાના વ્યક્તિગત મંતવ્યને સમસ્તના હિતને અનુરૂપ બનાવવું, એ એમની કાર્યપ્રણાલી હતી. કોઈ પણ બાબતમાં આગ્રહી—ખેંચતાણ વિનાના હતા. એ જ એમની મહત્તા દર્શાવનાર તત્ત્વ છે. જ્યારે રાજકારણમાં આથી ઊલટું જ પ્રવર્તી રહેલું છે. પ્રધાન વ્યક્તિ કે વ્યક્તિઓના મંતવ્યને જ બધા પક્ષવાદીઓએ અપનાવવું જોઇએ, અને એ પ્રમાણે થતા નિર્ણયોને અધીન રહેવું જોઈએ. આવી કાર્યપ્રણાલીમાંથી અનિવાર્ય ક્લેશો, કલહો, અંગત વૈરવૃત્તિનું સ્થાન એ બહુમતવાદી તંત્રમાં આવી પડે છે. ત્યારે આચાર્યશ્રીના પ્રમુખ તરીકેના કાર્યમાં એથી ઊલટું જ થઈ રહ્યું હતું. એઓ વિરોધીઓનો વિરોધ સમજણ અને પતાવટથી દૂર કરી શકતા, એથી એ વિરોધી ઉગ્ર વાતવરણમાંથી શાંતિ ઊભી કરી શકતા. આ સિદ્ધિની પ્રાપ્તિમાં એમના સૌજન્યશીલ સ્વભાવનો સૌથી મોટો હિસ્સો છે.

આ રીતે એમને સૌજન્યશીલ આદર્શમૂર્તિ સ્વરૂપે આજે પણ હું એઓશ્રીને નીરખી રહ્યો છું. એ જાતના ચારિત્ર્યબલનો એઓશ્રી આપણને એક ઊંચામાં ઊંચો વારસો આપી ગયા છે. એમાંથી જેટલું આપણા જીવનમાં આચરી શકીએ તેટલું જ આપણું છે, અને એ એમણે પાયેલી પ્રેરણામાંથી મળેલું છે. એઓશ્રીનું એ ઋણ અદા કરવાનો આ એક નમ્ર પ્રયત્ન છે.

સ્વ. આનંદશંકરભાઇના સમકાલીનો

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

જે સંસ્કાર, ઉચ્ચ કેળવણી, સંસ્કૃત અંગ્રેજી પુસ્તકભંડાર, આચાર્યપદ અને અનુપમ સંજોગો આનન્દશંકરભાઈને સદ્ભાગ્યે મળ્યાં તેવાં બધાના નસીબમાં હોતાં નથી.

ત્યારે શું બીજાં બધાંને ભગવાન વિસારી દે છે? ના, ના. તત્ત્વબોધ, ધાર્મિક જીવન અને અનુભવજ્ઞાન જેવી અમૂલ્ય વસ્તુઓ તો આપણાં પૂર્વજોનાં પુણ્યે, જેને જેને જિજ્ઞાસા થાય તેને તેને માટે આર્યાવર્ત્તમાં ચોગરદમ હજી વેરાયેલી પડી છે!

કેટલાક મજૂરો, ગુમાસ્તા, વેપારીઓ, ખેડૂત અને અભણ ગામડિયા અમદાવાદ અને એની આસપાસના ભાગોમાં થઈ ગયા. એ બધા આનન્દશંકરભાઈની જ ઉમરના હતા. કર્મ, જ્ઞાન અને ભક્તિના લહાવા એમણે પણ લીધા હતા. ભજન, કીર્તનમાંથી ઝરતો હરિરસ એમણે પીધો હતો અને બીજાં સેંકડો અને હજારો સ્ત્રીપુરુષોને પાયો હતો.

'તત્ત્વસાક્ષાત્કારિણી સમાજ' એક હતી. એમાં એક પુરષોત્તમ સત્સંગી હતો તે સરસપુરમાં રહેતો. ભક્તરાજ મોતીલાલ સંઘવી હતા. તે એ સમાજના ઉત્પાદક, સંચાલક તથા વિધાયક હતા. એકતારો, મૃદંગ, તાલ અને કરતાલ સાથે મહિનામાં ચાર વાર એમની ભજનમંડળી રાતના બબ્બે વાગતાં સુધી અને કોઈ વાર વહાણા સુધી ગંભીર મીઠાં ગીતોનો અખંડ આનંદ લૂંટતી હતી.

મોતીભાઈએ સમસ્ત મંડળને "તત્ત્વજ્ઞાનની ઊંચી શ્રેણીના સંસ્કારોથી સંસ્કૃત કરી પવિત્ર આદર્શોની પ્રેરણા કરી હતી." સરસપુરના સ્વ. પટેલ આશારામ સોમનાથ જેમના ચિ. ભાઈ જીવણલાલ હમણાં જ બરતરફ થયેલી મ્યુનિસિપાલિટીના લોકનિયુક્ત સભાસદ હતા તેમણે એક 'પરમાનંદપ્રકાશપદમાલા' સં. ૧૯૮૮ માં પ્રસિદ્ધ કરી છે. એના આભારદર્શનમાં પોતે લખે છે કે, "આ પુસ્તક છપાવવાનો હેતુ સદ્ગત શ્રીમાન ભક્તરાજ મોતીલાલ સંઘવીના અને મંડળના બીજા હરિજનોનાં વચનામૃતપદોનો જિજ્ઞાસુજનોના લાભાર્થે પ્રસાર કરવાનો છે. તેમ જ બીજા મહાત્મા પુરુષોનાં વચનામૃતપદો અમારા હરિજનમંડળમાં ઘણા વખતથી ગવાતાં તેની પ્રસાદીરૂપે છપાવી પ્રસિદ્ધ કરવાની સેવા કરી છે. કારણ ઘણા હરિજનોની પુસ્તકો ખરીદવાની શક્તિ હોતી નથી. કેટલાંક પુસ્તકો મળતાં નથી અને ઘણાં હજી સુધી છપાયેલાં નથી. **આમાં પરમાર્થ પ્રેમ સિવાય એક પાઈ પણ ઉપાર્જન કરવાની ઇચ્છા નથી** . . . . જે ભક્ત હરિજનોએ પુસ્તક છપાવવાની પ્રેરણા કરી, પદોના સંગ્રહમાં મદદ કરી, છપાવવામાં મદદ કરી તેમને હું ભૂલી શકું નહિ. શ્રીમાન મોતીલાલ સંઘવી, બહેચરભાઈ દેવજીભાઈ, ઇશ્વરદાસ કૃષ્ણદાસ વગેરેએ આ પદોનો જુદીજુદી જગ્યાએથી સંગ્રહ કરેલો છે.

મેસાણાની પૂર્વ દિશાએ બાસણગામનિવાસી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીશ્રી ૧૦૮ કાશીગિરિજી મહારાજ જેમના ઘણા શિષ્યો હાલ પણ અમદાવાદ, સરસપુર, તથા ગોમતીપુર વગેરે જગ્યાએ અસ્તિત્વ ધરાવે છે તેઓશ્રીના બોધામૃતનો પૂર્ણ અનુભવ લઈ આ પદોનો વિચારપૂર્વક સંગ્રહ કરેલો છે. અનેકવાર એમાંથી ઉપદેશ થયેલા છે.”

એની પ્રસ્તાવનાના લેખક, સ્વ. મૂળશંકર હરિશંકર ભટ્ટ હું છેલ્લીવારની જેલમાં હતો ને દેવલોક પામ્યા. ગોમતીપુર વૉર્ડમાંથી દરેક ચૂંટણી વખતે પોતે મને મત આપવામાં બહુ જ મદદ કરતા. છેલ્લી ચૂંટણી વખતે એ માંદગીથી અશક્ત હતા, છતાં ગાડીમાં બેસીને મત આપવા આવ્યા. ગાડીમાંથી ઊતરીને પોલિંગ સ્ટેશનની અંદર આવી શકે એવી એમની સ્થિતિ નહોતી. હું પોલિંગ ઑફિસરને બહાર બોલાવી ગયો અને ગાડીમાંથી ઊતરવા ના દીધા. પરન્તુ પોતે બરાબર મતપત્રમાં ગાડીમાં બેઠે બેઠે મત આપ્યો ત્યારે સંતોષ પામ્યા હતા. પહેલી વાર જેલમાં ગયો ત્યારે એમની પાસે મેં એકતારાની માગણી કરી હતી. મેં કહ્યું, “મૂળશંકરભાઈ! આપણે ટેલિફોન લેવો તો પરવડે એમ નથી, કારણ કે ધંધા જેલના લીધા છે. પણ ભગવાનની સાથે ટેલિફોન જોડી આપો. એકતારો હોય, તો શાન્ત રાત્રિમાં આપણો ટેલિફોન જોડાઇ જાય છે!” હું છૂટીને આવ્યો તેને બીજે જ દિવસે મૂળશંકર એક સુન્દર એકતારો લઈને આવ્યા. મેં કહ્યું, “કીમત આપવા દો.” એ કહે, “સાહેબ! આ તો મારા તરફની યાદગીરી છે. આપ દેશ માટે આટઆટલું કષ્ટ વેઠી આવ્યા તેમને અમે બીજું શું આપીએ? વળી હું કીમત લઉં, તો એ લેતાં હાથ લાજે એવું છે. આખા એકતારાની કીમત રૂ. ૧–૯–૦ થઇ છે! એ લઉં તેના કરતાં આપ મને એકતારો વગાડતાં સંભારો એટલું બસ છે.” પછી તો દવાખાનામાં જ એમણે એ એકતારો વગાડી બતાવ્યો ને મેં શીખી લીધો. તે દિવસથી જ્યારે ધૂન ચઢે છે, ત્યારે હું એ એકતારો બજાવું છું ને પ્રીતમનગરના ખાનદાનોમાં, રેડિયા ને દિલરૂબાઓની વચમાં, ‘મને ચાકર રાખોજી’ ગાઇને શાન્ત રાત્રિઓના એકાન્તમાં ગણગણાટ કરી મૂકું છું.

મૂળશંકર ‘પરમાનંદપ્રકાશ’ની પ્રસ્તાવનામાં લખે છે કે, “આ ભજનો નિરતિશય સુખનો અનુભવ કરાવનાર છે ને વિચારદ્વારા ધ્યેય વસ્તુની પ્રાપ્તિ કરાવી શકે છે.

જેમ નાવ ઊંચનીચનો ભેદ રાખ્યા વિના સમુદ્ર પાર કરે છે, તેમ સંસારરૂપી સમુદ્રથી પાર કરાવનાર આ પદોના કર્ત્તા મહાત્મા પુરુષો જહાજરૂપ છે.

શ્રુતિસ્મૃતિના અર્થરૂપ, સાદી અને પ્રાકૃત ભાષામાં, નિરક્ષર મનુષ્યો પણ સ્મૃતિપટ પર યાદ રાખી શકે એવાં રસિક પદો આમાં છે. એનો વિચારપૂર્વક અનુભવ કરવાથી દરેક મનુષ્ય અખંડ આનંદનો અપરિમિત લાભ સહેલાઈથી લઈ શકશે. × × ×

આમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ત્રણે પ્રકારના અધિકારીઓને યોગ્ય, રોચક તથા ભયાનક વાણીમાં કીર્ત્તનો છે. એનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી મનુષ્ય સહેલાઈથી કર્ત્તવ્યપરાયણ થઈ, પુરુષાર્થચતુષ્ટય સંપાદન કરી કૃતકૃત્ય થઈ શકશે.”

આ હરિજનોએ (મહાત્મા ગાંધીના હરિજન નામ પહેલાંના અર્થમાં) પણ લોકમાન્યની માફક પુસ્તક ઉઘાડતાં જ સિંહનું ચિત્ર મૂકીને પુસ્તકની શરૂઆત કરી છે.

तावद्गर्जंति शास्त्राणि जंबुका विपिने यथा ।
न गर्जति महाशक्तिर्यावद् वेदांतकेसरी ॥

એ મોટા અક્ષરમાં લખ્યું છે.

પછી ભજનો શરૂ થાય છે. એમાં કબીર, તુલસીદાસ, અખો, સૂરદાસ, તેજસિંગ, નરસૈયો, મીરાં, દયારામ, નિત્યાનંદ, બ્રહ્માનંદ, પ્રીતમ, રણછોડ, દલપતરામ, ધીરો, મીઠો, છોટમ, રવિદાસ વગેરે પ્રસિદ્ધ કવિઓમાંથી ચૂંટેલાં છે; એમાં જતુબા અને પ્રાગા નામની સ્ત્રી કવિઓ છે. મોરાદ અને દીનદરવેશ નામના મુસલમાન ભક્તો છે. નવીનોમાંથી નરસિંહાચાર્ય અને ઉપેન્દ્રજીનાં પણ બેચાર લીધાં છે અને પછી 'તત્ત્વસાક્ષાત્કારિણી સમાજ'ના હરિજનોનાં પોતાનાં તથા મિત્રોનાં છે. એમાં કેટલાંક જૂનાં અપ્રસિદ્ધ નામો પણ જણાય છે.

એમાંના મુખ્ય કાશીગિરિ, મૂળદાસ, મોતીલાલ કે મોતીદાસ, આશારામ, કેવળપુરી, કૃષ્ણજી, બૂટો, નરસિંહ ભારથી, રેવા, વનમાળી, લખમોજી, અદારામ, માનદાસ, મૂળશંકર, સમરથ કે સિમરથ, ધર્મદાસ, નારણદાસ, બાવો રામૈયો, મનોહર, મીરમાન, પિયારીરામા, રંગીન, અચલરામ, સિપ્રથરામ, પ્રવીન, અનવર વગેરે છે.

બધાંમાં કંઈ ઉચ્ચપ્રતિની કવિતા, કે સાહિત્ય નથી. વારંવાર એકની એક વાત કંટાળો ઉત્પન્ન થાય ત્યાંસુધી જાણે કહેવાતી લાગે છે. પરન્તુ આ કીર્તનકારો કે ભજનિકોને મન એમાં શબ્દાર્થ કે ભાવાર્થ કરતાં ઘણું વિશેષ રહેલું હોય એમ લાગે છે.

શાન્ત અંધારી રાત્રિઓમાં, તારાજડિત આકાશ નીચે, એકતારાની ધૂનમાં શબ્દેશબ્દ એમને સજીવ લાગે છે. સેંકડો પ્રસંગે સેંકડો જાતનાં શ્રદ્ધાળુ, ભક્તહૃદયો પર આ મિઠાં ભજનોની જાતજાતની અસરો થાય છે. સંગીત એ પાંચમો વેદ છે. અંતરના તાળાં એનાથી ઊઘડી જાય છે. કોઈ કોઈવાર તો એના અર્થનીયે એમને પડી નથી. હંસલો એના નાદથી જ ગર્જી ઊઠે છે. સદ્ગુરુનો દેશ નજર સમક્ષ આવીને ઊભો રહે છે !

"હંસા ચાલોને સદ્ગુરુજીના દેશમાં જી !
ત્યાં તો વિના રે બાદલ ચમકે વીજળી જી,
ત્યાં તો પંખીડા કરે છે કલ્લોલ રે—હંસા..."

સદ્ભાગ્યે એ આખી મંડળીમાંથી ગોમતીપુરના મણિભાઈ રામજી હયાત છે. એ કહે છેઃ "મને મહાત્માજીનું રાજકારણ વેદાંત જેવું જ લાગે છે. ગીતાની નિષ્કામ પ્રવૃત્તિ એમના માર્ગમાં ભરી છે. અમારી મંડળીમાં પહેલાં તો પ્રસંગોપાત્ત લાડવા ઊડતા. અને જ્યાં ભજન હોય ત્યાં પ્રસાદ વગેરેને નામે ખર્ચ પણ ખૂબ થતું. અમે એ બધું મર્યાદિત કર્યું. કીર્ત્તનભજન તો છેક સોંઘું જોઈએ એમ જ અમે ગોઠવણ કરી. અને અમે મુખ્યત્વે મજૂર લોક. આખી રાત

ને રાત કીર્તનો કરીને પહેલાં તો થાકી જતા ને બીજે દિવસે કામ પર જવાનું તે શરીરને ઘસારા પડતા. પછી અમે નિયમ કર્યો કે ૧૨–૧ વાગે ભજન પૂરાં કરી દેવાં. અમારા ગુરુ કંઈ જ્ઞાની ન હતા, અનુભવી હતા તેથી એ ઝાઝી ચર્ચા કે વાદવિવાદમાં પડતા નહિ. અમારી મંડળીમાં જરૂર પડે ત્યારે શંકાસમાધાન અને વાદવિવાદ તો હું કરતો.”

“પણ તમારામાં ભણેલા કેટલા?” મેં પૂછ્યું.

મણિભાઇ કહેઃ “તમે પૂછો છો એવો ભણેલો તો કોઇ નહિ, પણ આત્મા તો સૌનો ભણેલો જ છે. આ ફક્ત પડદા ખસેડવાના છે. તે અમારાં ભજન ને કીર્તન ને એકતારાથી ધીમેધીમે ખસતાં હતાં.”

“બીજા કોઈ ગુરુ પાસે જતા?” મેં પૂછ્યું.

“હાજી,” મણિભાઇએ કહ્યું; “વેદાંત તો ખારો દરિયો છે. જ્ઞાન પુસ્તકોમાં છે તે તો ડહોળાયેલું છે. પણ જેમ મેઘ એ ખારાં ને ડહોળાયેલાં પાણી વાદળમાં ખેંચીને વર્ષાદરૂપે મીઠાં કરી આપે છે તેમ સદ્‌ગુરુઓ એ જ્ઞાનને મીઠાં ને પિવાય એવાં કરી આપે છે. દરિયાપુરમાં વેરાગીની ધર્મશાળા છે. જ્યાં હાલમાં ટાવર બંધાયો છે, ત્યાં એક પ્રજ્ઞાચક્ષુ મહારાજ હતા. એમની પાસે હું બહુ વાર જતો હતો. એ જન્મઅંધ હતા, પણ ગીતા, ભાગવત, પંચદશી વગેરે ગ્રંથો એમને મોઢે હતા. વ્યાકરણ, સાહિત્ય વગેરે તો એ કોલેજના વિદ્યાર્થીઓને પણ શીખવતા. બપોરે કોઇ વિધવાઓ, આધેડ ઉમરના અને પેન્શનરો આવતા તેમને જુદાજુદા ગ્રંથના જેવા કે યોગવાસિષ્ઠના પાઠ આપતા.

જમાલપુર કાચની મસ્જિદ પાસે એક શિવાનંદ રહેતા. એમની પાસે હું ‘વૃત્તિપ્રભાકર’નો ગ્રંથ શીખ્યો છું. માધવલાલ રણછોડલાલ છોટાલાલને આશ્રયે એક ઉદાસી સંપ્રદાયના બાળકરામ આવતા, એ પણ બહુ જ્ઞાની હતા. એમની પાસે બેસીને પણ મેં અનેક પ્રકારની જ્ઞાનચર્ચાઓ કરી છે.

હિન્દીમાં એક ભૂલા બાવાજીની છંદાવલી છે. તે અમારા જેવા સંસ્કૃતના અજ્ઞાનીઓને તો શંકરાચાર્યના વેદાંતની ગરજ સારતી હતી.

અમે બધા પરમ સંતોષી હતા. આશારામને કોઈ દિવસ મેં ક્રોધ કરતો જોયો નથી. પણ અમારી ટોળીમાં સર્વશ્રેષ્ઠ તો મોતીભાઇ.”

આ મણિભાઇ રામજીને કૉન્ગ્રેસે ચૂંટેલી મ્યુનિસિપાલિટીમાં ગોમતીપુર ગામ તરફથી સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા હતા. એમણે કોઈ દિવસ કીર્તિની કે માનની દરકાર કરી નથી. સત્તાનો એમને બિલકુલ લોભ ન હતો. એમનાં સ્ત્રી સત્યાગ્રહની એક લડતમાં જેલમાં જતાં હતાં, ત્યારે ગાયકવાડની હવેલીએ પોતે એમને વિદાય કરવા આવેલા. એમને ઘેર એક ભેંશ હતી. તે દંડમાં કોઈ લઈ ના જાય માટે પોલિસવાન ઊપડી ત્યારે ડોશી ઘાંટો પાડીને કહેતાં હતાં કે “જાગતા રહેજો.” ગોમતીપુરમાં પક્ષાપક્ષી, સ્વાર્થની અથડાઅથડી વગેરે છે. પરન્તુ મણિલાલ

રામજી એ બધાથી પર છે અને સાચી સેવાના પ્રસંગે કે જોખમદારીનાં કામ હોય ત્યારે એ સૌથી મોખરે રહે છે. કારણ કે મહાત્માજીની રાજદ્વારી પ્રવૃત્તિ તો બિલકુલ ધાર્મિક જ છે અને નિવૃત્તિપ્રધાન વેદાંતીને પણ એમાં ભળતાં વાંધો નથી એમ એમની ખાતરી થઇ છે.

હવે જે ભજનોએ એમને અમૃત પાયાં તેમાંના જૂજ નમૂના જોઈએ:—

મને મળિયા શ્રી ગુરુજી કૃપાળ, અલખ લક્ષ આપિયો,
જેણે દરસાવી દીનદયાળ, અમર કરી થાપિયો.

+ + + +

જપ તપ જોગ ઉપાસતાં રે, આત્મા તો ન જણાય,
છોટમ નિજ જાગ્રત વિના રે સૌ સ્વપ્ન સમાન ગણાય.

+ +

જેને ઊગ્યો છે અનુભવઅર્ક એવા કોઈ અનુભવી,
તમરૂપી સમ્યા છે વિતર્ક, કથન શું કથે કવિ.

+ +

ગોળી કોરીને ગરબો કર્યો તેને બહુ તે બારાં થાય જી,
તેની મધ્યે દીપક એક છે, પણ દ્વારે દ્વારે દેખાય.

+ +

અલખ લેહો લાગી રે, જાગીને જોયું આ ઘટમાં,
ત્યારે ભ્રમણા સર્વે ભાગી રે, સોહાગી ભેટ્યા ઊલટમાં.

+ +

પંચરંગી બંગલો રે, શોભા તો તેની સરસ બની,
તેમાં તો બિરાજે રે, આપે મારો અલખ ધણી.

+ +

પૂનમિયા તેને કહીએ રે, પૂરણ નેમ જેણે રાખ્યો,
હરિ સાથે પ્રીતિ રે, અદ્વૈત પ્યાલો તેણે ચાખ્યો.

+ +

સંસારરૂપી સ્વપ્નું રે, ગુરુજી મારાં વિષ તો વાળે;
બિગાડ કાઢી નાંખે રે, સોનીડો જેમ સોનું ગાળે.

+ +

થડકું છાંડ સબ ડાળે રે લાગ્યા, એસા લોક અભાગી હો,
સુવત સુવત સારી રેન ગુમાઇ, ભોર ભયે નવ જાગે હો.

+ +

સાસરિયાનું સુખ તે સખી! હું શું કહું?
પરણી હોય તે જાણે પિયાનાં સુખ જો.
સુરતીને સ્વરૂપે રે સ્વામીજીને ઓળખ્યા,
અંતરમુખ થાતાં રે અનુભવ જાગિયા—
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં,
એરે ચાંદલિયાની શીતળવરણી છાંય જો.
ઓહં ને સોહંને દોરે સાંધિયો,
હવે મટી રે મારે ઘોર અંધારી રાત જો.

+ +

ઝગમગ ઝગમગ જ્યોત જલત હૈ, વરસત નિરમળ નૂરા રે જી,
બ્રહ્મજ્ઞાન કોઈ ભેદુડા રે ઝીલે, આ તો દેશ અમારા બહુ દૂરા રે જી—
અમર પિયાલા મેરે સદ્‌ગુરુ પાયા, સો મગન ભયા રે મન દીવાના,
વૃત્તિઓ તારી વશ નથી રહેતી તો કયા ધરતા બગકા ધ્યાના?
પંડિત હોકર પોથી વાંચે કયા વાંચે પુસ્તક પાનાં?
પાણીરે પથરા પાખંડ પૂજે કયા કથતા બ્રહ્મકા જ્ઞાના?

+ +

અમૃત પીતાં આતમ જાગ્યા, દેવચક્ષુ થઈ જ્ઞાનઘેલી;
ગાજવીજ ઘોર ગર્જના ગગનમાં અમૃતની વરસે હેલી.

+ +

ઓહં સોહં લગન લગકે, જન જાણીએ જગા,
દરવેશ દીન દરશન કરી ખુશ રહેત હૈ સદા.

+ +

ચિત ચતુર સુજાણ તરવેણી તીરથ રે તારા મનમાં,
મહીં મંજન કરો, મનના મળ ધોવાશે શુદ્ધ ચૈતન્યમાં.
ત્યાં ગંગા ને જમુના વહે છે એ સ્વર મધે સરસ્વતી વહે છે,
એનો ભેદ જ વિરલા જન લે છે — ચિત —

+ +

તુંમ સબકા સરદાર હૈ, ફિર ગુલામ કૈસે હો રહા,
ભૂલ કર અપને કો પ્યારે, પેટ ખાતિર હો રહા.
તું સબકા સિરતાજ હે, મહારાજ સબ સંસારકા,
ચૈતન્યરૂપ વિસરાયકે ઇન્દ્રિયોકે વશ કયું હો રહા?

+ +

દાન કરનેકા મઝા, દુનિયાં મેં જીસકા આ ગયા,
જો કુછ હાથ લગા, ધન માલકો લૂંટા ગયા.
છપેન ક્રોડ લૂંટા દિયા, ઈકદમ મેહેતા નરસિંહને,
ફક્ત એક માલા રખી, હરિકે ભજનમેં લગ ગયા.
તિલોકચન્દ શાહુકારને દાન કા લૂંટા મઝા,
નિરઅભિમાન સેવા કરી સંતો કો સર્વ ખીલા ગયા.

+ +

મુજ કો કયા ઢૂંઢે બન બનમેં, મૈ તો ખેલ રહા હરફનમે ?
જીસને જાના બ્રહ્મ કો તનમેં, વો અલમસ્ત રહે નિત મનમેં.

+ +

ચેત તો ચેતાવું તુને રે પામર પ્રાણી,
તારા હાથમાં છે બાજી, કરી લે પ્રભુને રાજી,
તારી મૂડી કર તાજી રે— પામર.

ખોળામાંથી ધન ખોયું ધૂળથી કપાળ ધોતું,
જાણપણું તારું જોયું રે— પામર.

માખીઓએ મધ કીધું, નવ ખાધું નવ દીધું,
લૂંટનારે લૂંટી લીધું રે— પામર.

ઉપર મુજબ તેજસ્વી જોરદાર વાણીનો ૩૭૦ પાનાંનો આ ગ્રંથ છે. આનંદશંકરભાઇએ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને સંતવાણીને સનાતન હિન્દુધર્મના મૂળમાં ગણ્યાં છે. ઉપર કહેલા એમના સમકાલીનો માત્ર સંતવાણીને આધારે તરી ગયા.

આચાર્યશ્રીનું કલાદર્શન

પ્રો. મનસુખલાલ મ. ઝવેરી

“ **ભાઈ મુનશીએ** આપેલા સુન્દર વ્યાખ્યાનમાં પ્રેમાનંદના ગુણદોષ એમણે દર્શાવ્યા છે. ગુણદર્શન સાથે હું સંમત છું; પરંતુ દોષદર્શન સાથે હું સંમત નથી. હિન્દુસ્તાનની Instinct—ભાવના—જૂનું સંઘરવાની જ હોય છે. સમયને અનુસરવાની પ્રવૃત્તિ હોય, ફેરફાર કરવામાં આવે, પણ જૂની ભાવના જળવાઈ રહેઃ એમાં જ આપણી સંસ્કૃતિની સફળતા...”

તા. ૩૧–૧૦–૨૬ ના રોજ વડોદરા સાહિત્ય સભાએ પ્રેમાનંદ જયન્તી ઊજવી હતી. એ વખતે મુખ્ય વક્તા શ્રી. કનૈયાલાલ મુનશીના ‘ ભટ્ટ પ્રેમાનંદ ’ એ વિષય પરના વ્યાખ્યાન પછી, પ્રમુખસ્થાનેથી આચાર્યશ્રી આનંદશંકરભાઈએ પ્રાસંગિક વકતવ્યના પ્રારંભમાં ઉપર્યુકત શબ્દો કહ્યા હતા.[1]

એ શબ્દો, અને તેમાં પણ સવિશેષ તો “ગુણદર્શન સાથે હું સંમત છું; પરંતુ દોષદર્શન સાથે હું સંમત નથી ” એ શબ્દો, ધ્યાનપાત્ર છે, કારણ કે એ શબ્દોમાં આચાર્યશ્રીની સમસ્ત વાઙ્મયતપશ્ચર્યાનો અર્ક સમાયો છે. ગુણોનો નિઃશેષ સ્વીકાર અને દોષોનો આત્યન્તિક પરિહાર એ આચાર્યશ્રીની સાહિત્યભાવનાનું વિશિષ્ટ લક્ષણ છે. અને એ લક્ષણથી જ એમનું આખું કલાદર્શન અંકિત થયું છે.

આચાર્યશ્રીની દષ્ટિએ કલાકાર—અને તેમાં પણ કવિ જ એમને સવિશેષ અભિપ્રેત છે—માત્ર “ An idle singer of an empty day ” જ નથી.[2] પરંતુ ‘ ક્રાન્તદર્શી, ’ ‘ મનીષી, ’ ‘ પરિભૂ ’ અને ‘ સ્વયંભૂ ’ છે.[3] એ ‘ ઊજળા અક્ષરનું ’ દર્શન કરે છે અને ‘ નેત્રપુટ વડે એનું પાન ’ કરે છે. વૈજ્ઞાનિક, ઇતિહાસવેત્તા અને તત્ત્વવેત્તા ‘ એ ઉજ્જવલ અક્ષર ’નું દર્શન નથી કરતા એમ નથી. તેમને સહુને પોતપોતાના ‘ અક્ષરો ’ તો છે જ. પણ, આચાર્યશ્રીના શબ્દોમાં કહીએ તો, “ સૌથી પરમ અક્ષર તો ક્રાન્તદર્શી કવિનું છેઃ ‘ અક્ષર ’ એટલે ‘ બ્રહ્મ ’ અને ‘ બ્રહ્મ ’ એટલે નિત્ય શબ્દ, વિદ્યા, શ્રુતિ—જેના ‘ ઊંડા ભણકાર ’ આ ‘ ઊંડી રજની ’માં નિત્ય વાગ્યાં કરે છે અને કર્ણ હોય તે સાંભળે છે. એ જ પ્લેટોનું ‘ World of Ideas, ’ વૈષ્ણવો જેને ‘ અક્ષરધામ ’ કહે છે. ”[4]

કવિનું એ ‘ અક્ષર ’ આ જગતની અંદર જ છે એમ નથી, તેમ જ તેની પાર જ છે એમ પણ નથી. “ Ideas યાને અક્ષર તે આ જગતમાં, તેમ જ આ જગતની પાર છે. ”[5] પ્લેટોના

---

[1] ‘ સાહિત્કાર ’ ત્રૈમાસિક, પ્રેમાનંદ અંક, ફેબ્રુઆરી ૧૯૩૮, પૃ. ૬૭.

[2] ‘કાવ્યતત્ત્વવિચાર’, પૃ. ૧૧૩.

[3] એજન, પૃ. ૧૧૩

[4] એજન, પૃ. ૯૭–૯૮.

[5] એજન, પૃ. ૯૯.

World of Ideasના સિદ્ધાન્તને સ્વીકારીને આચાર્યશ્રી માને છે કે આ પરિદૃશ્યમાન જગત્ વાસ્તવિક બિમ્બ નથી, પણ એમાં “ અમુક અલૌકિક બિમ્બોનાં માત્ર પ્રતિબિમ્બો જ આપણને ભાસે છે.”[૬] આ પ્રતિબિમ્બો ‘ વ્યક્તિ વ્યક્તિના ઉપાધિયુક્ત, અનિત્ય અને સ્થૂલ છે ’ એ ખરું; પણ એમનાં મૂળ બિમ્બો ‘ સામાન્યરૂપ, નિત્ય અને અલૌકિક ’ છે. કવિની સૃષ્ટિ એવાં બિમ્બોની બનેલી છે, પ્રતિબિમ્બોની નહિ; એટલે “ કવિનું કાલ્પનિક જગત્ મિથ્યા નથી, પણ સત્ય છે, કહેવાતા સત્ય જગત્ કરતાં પણ એ વિશેષ સત્ય છે.”[૭] કવિનું કાર્ય એ સત્ય જગતનું દર્શન કરાવવાનું, એ પ્રતિબિમ્બોમાં પ્રત્યક્ષ થતાં બિમ્બોને સંગ્રહવાનું અને આલેખવાનું છે.

કાન્ટના તત્ત્વજ્ઞાનને અનુસરીને શિલરે બતાવ્યું છે તે પ્રમાણે, કવિએ તે કાર્ય જડ પ્રકૃતિના પંઝામાં પડેલા ’ ‘ ઇન્દ્રિયાદિસંઘાતરૂપ ’ પરતંત્ર મનુષ્ય તરીકે નહિ, ‘ કાર્યાકાર્યરૂપ નીતિની આજ્ઞાને અધીન ’ ‘ નૈતિક બુદ્ધિધારી ચેતનરૂપે ’ પણ નહિ, પરંતુ એ બેથી અતિરિક્ત ત્રીજા સ્વરૂપે—લીલામય (Play) સ્વરૂપે—કરવાનું છે. આચાર્યશ્રી કહે છે તે પ્રમાણે એ લીલામય સ્વરૂપમાં “ મનુષ્ય સ્વતંત્ર છે. એમાં સત્ય અને નીતિની લોઢાની કે સોનાની સાંકળો એને બાંધતી નથી.”[૮] અને તેથી જ કલામાં “ જ્ઞાન અને નીતિનાં જે બહાર અને અંતર્નાં દબાણ—આંખની અંધારીઓ અને હૃદયના ઓથાર—આવે છે ’ તેને અવકાશ નથી.

પરંતુ, કલાને આમ જરૂરિયાત અને નીતિથી છૂટી પાડવાનો અને એને મનુષ્યના લીલામય સ્વરૂપનો આવિષ્કાર માનવાનો અર્થ એ નથી કે કલા પર કશી જ જવાબદારી નથી. ઊલટું, કલા સાથે તો બહુ મોટી જવાબદારી જોડાયેલી છે. એટલે જ આચાર્યશ્રી શિલરની આ Play Theoryને મળતી આવતી, અને છતાં તેનાથી ઊંચી કક્ષાની, કવિવર રવીન્દ્રનાથની ‘ उच्छिष्ट ’ Theoryને સ્વીકારે છે. કવિવર માને છે કે “ જીવનની જરૂરિયાત પૂરી પાડતાં જે વધેલું उच्छिष्ट —એ કલા.”[૯] આચાર્યશ્રી, અલબત્ત, उच्छिष्टનો અર્થ જે કંઈ વધે તે સઘળું જ એવો નહિ, પણ ‘ उत्+शिष्ट—ઊંચું શિષ્ટ ’ એવો કરે છે. અને એ રીતે કલાને ‘ યજ્ઞનું હુતશેષ ’ ગણે છે.[૧૦]

કલા, આમ, ‘ યજ્ઞનું હુતશેષ ’ હોવાથી આચાર્યશ્રી તેને બહુ જ ગંભીર પૂજ્યબુદ્ધિથી નિહાળે છે. એ કવિતાને નથી કેવળ ચિત્તક્ષોભનું કે માત્ર હૃદયોદ્‌ગારનું પરિણામ ગણતા કે નથી એને માત્ર रमणीयार्थप्रतिपादकः शब्दः તરીકે ઓળખતા. એમની વ્યાખ્યા પ્રમાણે, “ કવિતા એટલે અલૌકિક જ્ઞાન અને આનન્દદાયી શબ્દાર્થરૂપે આત્માનો આવિર્ભાવ ”[૧૧] છે. ‘ विन्देम देवतां वाचममृतामात्मनः कलाम् ’ એ, એમની દૃષ્ટિએ, ‘ કાવ્યરૂપે મનુષ્યઆત્મામાંથી વિલસતી વાણીનું ’ સૌથી ‘ વધારે પવિત્રતાસૂચક અને યથાર્થ સ્વરૂપ દર્શાવતું વર્ણન ’ છે.[૧૨] કવિતા ‘ આત્માની કલા ’ હોવાથી એમાં આત્માના સર્વ ગુણો—ચૈતન્ય, વ્યક્તિગત અને સમષ્ટિગત

---

[૬] ‘ કાવ્યતત્ત્વવિચાર ’ પૃ. ૧.

[૭] એજન, પૃ. ૩૭.

[૮] એજન, પૃ. ૧૧૩.

[૯] એજન, પૃ. ૧૧૨.

[૧૦] એજન, પૃ. ૧૧૨–૧૧૩.

[૧૧] એજન, પૃ. ૨૮૩

[૧૨] એજન, પૃ. ૧

વ્યાપન, અનેકતામાં એકતા અને એકતામાં અનેકતા, આ બધા ગુણો—હોવા જોઈએ. તેમ જ આત્માની માફક એ પણ “ મનુષ્યનાં બુદ્ધિ (Intellectual), હૃદય (Emotional), કૃતિ (Moral) અને અન્તરાત્મા એટલે કે ધાર્મિકતા (Religious–Spiritual) ની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઇએ.[૧૩] એ ધાર્મિકતા ઉઘાડી પ્રતીત થવી જોઈએ એવુ નથી. “ કવિતાના સામાન્ય સ્વરૂપમાં જે ધાર્મિકતાની અપેક્ષા છે તે વિશ્વની પાર રહેલા તત્ત્વનું સૂચન, માત્ર કલા અને કવિતાદ્વારા ચાતુરીથી દર્શન, કરાવવામાં રહી છે. ”[૧૪]

કવિતામાં ‘ બુદ્ધિ, હૃદય, કૃતિ અને પરતત્ત્વાનુસંધાન ’ની અપેક્ષા છે એ ખરું; પણ એનો અર્થ એ નથી કે ‘ જે કાવ્યમાં દરેકનો છાંટો છાંટો આવ્યો હોય એ એક અંશે ખામીભરેલા કાવ્ય કરતાં હંમેશાં ચઢિયાતું જ. ઘણી વાર એમ બને છે કે એકાદ અંશ એવો સારો હોય કે જેને લીધે અમુક કાવ્ય સર્વ અંશના સમાન લવવાળા કાવ્ય કરતાં સરસ થઈ જાય.”[૧૫] અન્યત્ર પણ આચાર્યશ્રી આ જ હકીકત જુદા શબ્દોમાં કહે છે : “ જગત્ના પરમ કોટિના મહાકવિઓ સૌન્દર્ય સાથે આત્માની બીજી ભાવનાઓને પણ લક્ષ્યમાં રાખે છે. આ રીતે સર્વ ભાવનાઓને સંતૃપ્ત કરતો કવિ તે ઉત્તમ કવિ......પણ સર્વ ભાવનાઓને થોડી થોડી તૃપ્ત કરતો કવિ, તે એકએ ભાવનાઓને પૂર્ણ રીતે સંતૃપ્ત કરતા કવિ કરતાં ઊંચો ન લેખી શકાય. ”[૧૬]

સૌન્દર્યની અને આત્માની બીજી ભાવનાઓને પરિપૂર્ણ રીતે સંતૃપ્ત કરીને કવિ ‘અક્ષર’નું દર્શન કરે છે અને કરાવે છે. ‘ તત્ત્વજ્ઞાનની યથાર્થતાની દૃષ્ટિએ ’, ‘ એ Ideas યાને અક્ષર તે આ જગત્માં, તેમ જ આ જગત્ની પાર ’ હોવાથી આચાર્યશ્રી માને છે કે “ કવિ આ જગત્ને અવગણી માત્ર ભાવનાના પ્રદેશમાં જ રમ્યાં કરે, અથવા તો ભાવનાના જગત્ પ્રત્યે અંધ રહી આ જગત્નાં જ યાંત્રિક ચિત્રો યાને ફોટોગ્રાફ લીધાં કરે તો એ કવિ અધૂરો.........પ્રથમ પંક્તિના મહાન કવિઓ તો તે જ છે કે જેઓ આ ક્ષરમાં અને ક્ષરની પાર એમ ઉભયરૂપે અક્ષરનું દર્શન કરે છે અને કરાવે છે.”[૧૭] આમ, આચાર્યશ્રી કેવળ ભાવનાવાદનો અને કેવળ વાસ્તવવાદનો પ્રતિષેધ કરે છે.

પણ આ ‘ ક્ષર ’ એટલે શું ? “ આ પરિદૃશ્યમાન વાસ્તવિક મનાતું જગત્ ? કે કવિનું ઊપજાવેલું કાલ્પનિક જગત્ ?......મહાકવિએ આ પરિદૃશ્યમાન બાહ્ય અને અન્તર્જગત્ના પદાર્થો છે તેવા ને તેવા—યથાવસ્થિત—રાખવાના કે કલ્પના દ્વારા કલ્પિત જગત્ ઊભું કરવાનો એને અધિકાર ખરો ? ”[૧૮] બીજા શબ્દોમાં કહીએ તો, કવિએ આ વાસ્તવિક મનાતા જગતની દૃષ્ટિએ યથાર્થ હોય એવું જ ચિત્રણ કરવાનું છે ? કે પોતાની કલ્પના દ્વારા જગતની લીલાનું સર્જન કરવાનું છે? ઇટાલિયન તત્ત્વવેત્તા ક્રોચેના મતનો સ્વીકાર કરીને આચાર્યશ્રી કહે છે કે

---

[૧૩] ‘ કાવ્યતત્ત્વવિચાર ’ પૃ. ૫

[૧૪] એજન, પૃ. ૮

[૧૫] એજન, પૃ. ૮

[૧૬] એજન, પૃ. ૫૬.

[૧૭] એજન, પૃ. ૯૯

[૧૮] એજન, પૃ. ૧૦૬

એ ક્ષર બાહ્ય જગત નથી, પણ આન્તરભાવ છે. અને એ આન્તરભાવના પ્રાકટ્યમાં જ સૌન્દર્ય રહેલું છે. પણ, એ ભાવપ્રાકટ્યમાં જે અનુભવ સમાતો હોય તે યથાર્થ જ હોય એવું જે તાત્પર્ય ક્રોચેના મતમાંથી ફલિત થાય છે તેની સાથે એ સંમત થતા નથી. કલામાં યથાર્થતા હોવી જોઈએ ખરી; પણ એ યથાર્થતા સામાન્ય લોકદૃષ્ટિની નહિ, પણ સૌન્દર્યની યથાર્થતા હોવી જોઈએ. કલાનો ધર્મ સત્યનું સંરક્ષણ કરવાનો છે એ ખરું; પણ "Logician વા Naturalistનું સત્ય તે જ કલાકારનું સત્ય નથી."[૧૯] સર મનુભાઈના શબ્દોમાં આચાર્યશ્રી કહે છે કે, "સત્ય સદા સાપેક્ષ છે. દિવ્ય ચક્ષુથી જોતાં નિરાળી જ સૃષ્ટિ સત્ય લાગશે. માયાનાં ચશ્માં કાઢી નાખી જડ સૃષ્ટિની જવનિકા પાછળ સંતાયેલી દિવ્ય સૃષ્ટિની ઝાંખી કરો; ચર્મપટલથી આચ્છાદિત કાનની શ્રવણશકિતને તીવ્ર કરી 'દિવ્ય સુન્દરીઓ'ના 'ગરબા'નાં તાન સાંભળવાની શકિત ખીલવો. એ શક્તિ ખીલવીશું ત્યારે ઘણા અવાસ્તવિકતાના દોષો......સુન્દરતાના સત્યમાં પલટી જશે."[૨૦] આચાર્યશ્રી, આમ, કલામાં Possibility—શક્યતા—ના તત્ત્વનો નહિ,--પણ Probability—સંભવિતતા—ના તત્ત્વનો સ્વીકાર કરે છે.

આન્તરભાવ રૂપી 'ક્ષર'માંથી અક્ષરનું સંકલન કવિ પોતાની કઈ શકિતને બળે કરે છે? અક્ષરને કેવળ તાર્કિક બુદ્ધિવ્યાપારને બળે તારવી શકાય તેમ નથી, કારણ કે બુદ્ધિવ્યાપારથી તો માત્ર સામાન્ય લક્ષણોનું જ સંકલન કરી શકાય. અને એવાં લક્ષણોથી ઘડાયેલી મૂર્તિ, પ્રો. સન્તયાનના શબ્દોમાં આચાર્યશ્રી કહે છે તે પ્રમાણે, 'average' અથવા બહુ બહુ તો 'type' બને. કવિએ તારવેલું અક્ષર—અથવા સૌન્દર્ય—આવું 'average' કે 'type' અથવા વ્યકિત—Particulars—માંથી તારવેલો, એરિસ્ટોટલ કહે છે તેવો 'જાતિરૂપ'—Universal—પદાર્થ નથી. પરંતુ "ક્ષરમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરતો મૂર્તિમંત થતો પદાર્થ છે."[૨૧] એ વિશિષ્ટ પદાર્થ તારવવા માટે કવિને પ્રથમ અને અનિવાર્ય જરૂર પ્રતિભાની છે. આચાર્યશ્રીના શબ્દોમાં કહીએ તો, "જેટલે અંશે અક્ષર ક્ષરમાં રહેલું છે તેટલે અંશે કવિને જગતના અનુભવની અને અવલોકનની જરૂર છે. પણ એ અક્ષર તે બુદ્ધિવ્યાપારથી તારવી કાઢેલો પદાર્થ નથી, તેથી અનુભવની નોંધપોથી કે અવલોકનનું સૂક્ષ્મદર્શક યંત્ર, પ્રતિભાને અભાવે, એને ખરો કવિ બનાવી શકતું નથી. કવિની ક્રાન્તદૃષ્ટિ તેમ જ તત્ત્વદૃષ્ટિ અનુભવથી પોષાય છે, અનુભવથી સમર્થ બને છે. પણ એના પોતામાં પ્રતિભાનું (આપણા નૈયાયિકો આને "જ્ઞાનલક્ષણ અલૌકિક ઇન્દ્રિયાર્થસંનિકર્ષ" માને છે.) તેજ તો મૂળ હોવું જ જોઈએ."[૨૨]

આમ, અક્ષર તે કવિની પ્રતિભાએ, અનુભવ અને અવલોકનની મદદથી, તારવી કાઢેલો વિશિષ્ટ પદાર્થ છે એ ખરું, પરંતુ વિશિષ્ટ એટલે "નિઃસામાન્ય સ્વલક્ષણ–વ્યક્તિવિશેષ"[૨૩] નહિ. આચાર્યશ્રી બતાવે છે તે પ્રમાણે "પ્રોફેસર સન્તયાનના આ વૈશિષ્ટ્યવાદના સિદ્ધાન્તને

---

૧૯. 'કાવ્યતત્ત્વવિચાર' પૃ. ૧૪૬

૨૦. એજન, પૃ. ૧૦૮–૧૦૯.

૨૧. એજન, પૃ. ૧૦૧.

૨૨. એજન, પૃ. ૧૦૩.

૨૩. એજન, પૃ. ૧૦૪.

નિઃસામાન્યના સિદ્ધાન્ત જેવો ગણીને તાણી જવાનો નથી. સામાન્ય તત્ત્વ જ કવિ અને સહૃદય વાચકના હૃદય વચ્ચે એકતા સાધવાનું તત્ત્વ છે, અને કાવ્યના ઉપભોગમાંથી એને વારી શકાય એમ નથી. તેમ કાવ્યની ઉત્પત્તિમાં પણ સામાન્ય વિરહિત પદાર્થ પ્રતિભાગોચર થાય એમ બનતું નથી, એટલે સામાન્યનું તત્ત્વ કવિની પ્રતિભામાં અને કૃતિમાં આવવાનું જ.''[૨૪] આ રીતે પ્રોફેસર સન્તયાનના વૈશિષ્ટ્યવાદના કેવળ ગુણાંશને જ ગ્રહીને, આચાર્યશ્રી આપણા સંસ્કૃત કાવ્ય-મીમાંસકોએ પ્રતિપાદિત કરેલા ‘સાધારણીકૃત ભાવ’ના તત્ત્વને સ્વીકારે છે, કારણ કે એ તત્ત્વને લીધે જ, આચાર્યશ્રીએ પ્રતિબોધેલાં ત્રણે પ્રકારનાં વ્યાપનો[૨૫] શક્ય બને છે.

આ રીતે, આપણે જોઈ ગયા તે પ્રમાણે, કવિતા ‘આત્માની કલા’ અથવા ‘યજ્ઞનું હુતશેષ’ છે. એનું કાર્ય આન્તરભાવરૂપી ક્ષરમાં અને ક્ષરની પાર રહેલા અક્ષરનું દર્શન કરવાનું અને કરાવવાનું છે. એ કાર્ય કેવળ ભાવનાવાદમાં કે કેવળ વાસ્તવવાદમાં ઢળી જઈને થઈ શકે નહિ. કવિએ પોતાના સર્જનમાં જે મર્યાદા સ્વીકારવાની છે તે ‘જગત્‌ની વાસ્તવિકતા’ની નહિ, પણ ‘સૌન્દર્યની વાસ્તવિકતા’ની છે. તેથી કવિતાએ પુરસ્કાર કરવાનો છે સંભવિતતાના તત્ત્વનો, શક્યતાના તત્ત્વનો નહિ,[૨૬] કારણ કે “કલા સુન્દરતા સિવાય બીજી યથાર્થતા સમઝતી નથી.”[૨૭]

અને કલા એક માત્ર સુન્દરતાની યથાર્થતાને સમઝતી હોવાથી, “કવિહૃદયને બ્રહ્માંડના પદાર્થમાત્રનો ઉપભોગ છે. પણ સકલ બ્રહ્માંડની લક્ષ્મીનો એને જરા પણ ઉપયોગ નથી. કવિ-હૃદય હીરામાણેકની ખાણોની લક્ષ્મીને ઓળખતું નથી, પ્રાતઃકાળનાં ખીલેલાં કમળ ઉપર એ લક્ષ્મીનો વાસ જુવે છે. સૌન્દર્ય ઉપભોગાર્થે (for joy) છે, ઉપયોગાર્થે (for utility) નથી, એ સિદ્ધાન્ત રસશાસ્ત્રીનો Magna Charta યાને સ્વતંત્રતાની સનંદ છે.''[૨૮] તેથી જ આચાર્યશ્રી કહે છે કે, “સાહિત્ય માત્ર આનંદલક્ષી છે. એક (Classical) ‘સંસ્કારી સંયમ’દ્વારા આનંદ શોધે છે; બીજું (Romantic) ‘જીવનના ઉલ્લાસ’દ્વારા શોધે છે.''[૨૯] અને કાવ્યનો એ આનન્દ તો વૈચિત્ર્યથી ભરપૂર જીવનના સ્વરૂપાવલોકનમાંથી જ આવે છે.''[૩૦] તેથી જ આચાર્યશ્રી સ્પષ્ટ રીતે કહે છે કે, “કાવ્ય ઉપદેશપર્યવસાયી હોતું નથી એમ જો કે નહિ, પણ ઉપદેશ એ એનો પ્રધાન અને સાક્ષાત્ ઉદ્દિષ્ટ હેતુ હોતો નથી, હોવો ન જોઇએ. જેમાંથી જીવનના સ્વરૂપના પ્રયોજન સંબંધે કાંઇ જ ઉપદેશ પ્રાપ્ત ન થાય, અને માત્ર જીવનનું ચિત્ર જ આલેખાયેલું હોય એવું કાવ્ય જગત્‌ના મહાન મહાકાવ્યની શ્રેણિમાં આવી શકતું નથી—તથાપિ એ કાવ્ય ગણાવાને તો યોગ્ય રહે છે જ. એથી ઊલટું, જે કાવ્ય સાક્ષાત્ વા પ્રધાનપણે ઉપદેશ જ કરે છે અને જીવનના સ્વરૂપનું આલેખન કરતું નથી તે કાવ્ય તો કાવ્યના નામને જ પ્રાપ્ત નથી.''[૩૧]

---

[૨૪] ‘કાવ્યતત્ત્વવિચાર’, પૃ. ૧૦૪–૭૦૫.
[૨૫] એજન, પૃ.૯.
[૨૬] આ જ હકીકતનું સ્પષ્ટીકરણ પૃ. ૧૩૯–૧૪૦ પર પણ કરવામાં આવ્યું છે.
[૨૭] એજન, પૃ. ૧૦૮.
[૨૮] એજન, પૃ. ૧૧૦.
[૨૯] એજન, પૃ. ૪૬
[૩૦] એજન, પૃ. ૧૫૦.
[૩૧] એજન, પૃ. ૧૪૯–૫૦.

જીવનના સ્વરૂપનું આલેખન કરવું અને એ દ્વારા સહૃદયોને આનન્દ આપવો તે, આમ, કાવ્યનો અનિવાર્ય ધર્મ ઠરે છે. પરંતુ તે આનન્દ કયો? પ્લેટો માને છે કે કાવ્ય વિષયવાસનાને ઉત્તેજે છે. અને "ઍરિસ્ટોટલ એનો એક નિર્બળ ઉત્તર એ આપે છે કે વસ્તુતઃ એ વિષયવાસનાને માનસિક અનુભવમાં સંતોષીને ખાલી કરે છે!"[32] આમ, આ બન્ને તત્ત્વજ્ઞો, જુદી-જુદી રીતે પણ, કાવ્યાનન્દને વિષયાનન્દથી અભિન્ન ગણે છે. આચાર્યશ્રી આ બન્નેથી જુદા પડીને કહે છે કે, "વિષયાનન્દથી કાવ્યાનન્દ ભિન્ન છે અને તેથી પ્લેટોનો હેતુ સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ છે. કાવ્ય વિષયવાસનાને ઉત્તેજે છે એ બાહ્ય કે આન્તર એકે રૂપમાં ખરું નથી. વસ્તુતઃ કવિની કૃતિ વિષયવાસનાને દેહાન્તર કરાવી સ્વર્લોકમાં લઈ જાય છે અને ત્યાં રસમન્દાકિનીના પવિત્ર જળમાં ન્હવરાવે છે."[33] કાવ્યના આ આનન્દનું, ત્યારે, સ્વરૂપ શું? આચાર્યશ્રીના શબ્દોમાં કહીએ તો, "બ્રહ્માનન્દને કેટલાક નેતિ નેતિનો આનંદ માને છે તેમ કાવ્યાનન્દને કેટલાક વિષયથી મુક્તિનો આનન્દ કહી અટકે છે, તો કેટલાક એમાં કલાના સૌન્દર્યનો અપરોક્ષ અનુભવ કરે છે. વસ્તુતઃ એક જ અનુભવનાં બે પાસાં છે, ભાવ–અભાવાત્મક બે સ્વરૂપો છે. શૉપનહાવર કહે છે કે કલા એટલે મુક્તિ : એમાં જગતને સમઝવાની બુદ્ધિની માથાકૂટ હોતી નથી—વર્ડ્ઝવર્થના શબ્દોમાં 'the weary weight of all this unintelligible world' આ જગત્‌ના કોયડાનો ભાર એને દબાવતો નથી—તેમ નિત્ય બળતી અને બાળતી તૃષ્ણાની ઝાળ પણ હોતી નથી. એ બંનેથી, બુદ્ધિથી અને તૃષ્ણાથી કલાનો પ્રદેશ મુક્ત છે. એટલે કલામાં સત્યાસત્યનાં તર્કશાસ્ત્રને કે વિષયની લાલસાને અવકાશ રહેતો નથી."[34]

એ આનન્દ અથવા રસ સૌન્દર્યમાંથી જન્મે છે. ક્રોચે "સૌન્દર્ય વસ્તુગત નથી, પણ ભાવગત છે" એમ માને છે.[35] પણ આચાર્યશ્રી ક્રોચેના આ સિદ્ધાન્તથી જુદા પડીને માને છે કે, "રસ (Subjective) વાચકના હૃદયમાં રહેલો છે તેમ એ વસ્તુગત (Objective) પણ છે; અર્થાત્ એ સર્વથા કાલ્પનિક હોઈ વાચકના હૃદયની અપેક્ષા કરે છે એમ નથી; કિન્તુ વસ્તુગત હોઈને પણ એ સર્વને સર્વ કાળે અને સર્વ સ્થળે પ્રતીત થાય એમ હોતું નથી."[36] એટલા માટે જ આચાર્યશ્રી રસને સાપેક્ષ માને છે. જુદીજુદી મનઃસ્થિતિમાં, જુદેજુદે સમયે, સ્થળે અને પ્રસંગે આપણે જુદાંજુદાં કાવ્યોમાં રસ લઈ શકીએ છીએ તે હકીકતની સાથે આચાર્યશ્રીનો આ સિદ્ધાન્ત સંગત છે.

આ રસ અથવા સૌન્દર્યજન્ય આનંદ કાવ્યનો પ્રાણ છે એ ખરું; કેવળ એ જ તત્ત્વને લીધે કલાકૃતિ કાવ્ય નામને પાત્ર બને છે એ પણ ખરું, પરંતુ આચાર્યશ્રી માત્ર એને જ કાવ્યમાં પરમ અને ચરમ ઉદ્દિષ્ટ તત્ત્વ ગણતા નથી.

આચાર્યશ્રીની દૃષ્ટિએ કલાનો પરમ ઉદ્દેશ તો ક્ષરમાં અને ક્ષરની પાર અક્ષરનું દર્શન કરાવવાનો છે. એમના શબ્દોમાં કહીએ તો, "જગતનાં મહાન કાવ્યો તો તે જ ગણાયાં છે કે

---

[32] 'કાવ્યતત્ત્વવિચાર' પૃ. ૧૦૯.
[33] એજન, પૃ. ૧૦૯.
[34] એજન, પૃ. ૧૧૯–૧૪.
[35] એજન, પૃ. ૧૦૭.
[36] એજન, પૃ. ૪૦.

જેણે મનુષ્યનો જીવનપંથ ઉજાળ્યો છે, એની સંસ્કૃતિને ઉન્નત ભાવનાથી પોષી છે, દીપાવી છે, એક પગલું એને આગળ ભરાવ્યું છે.”[૩૭] અને તેથી જ આચાર્યશ્રી કહે છે કે, “અમે તો …… મમ્મટના રૂપકમાં[૩૮] કહીશું કે એ ખરી કાન્તા જ નથી કે જેની વાણીમાં રસ અને ઉપદેશ એકરૂપ થઈને વહેતાં ન હોય……ધર્મ, નીતિ, સત્ય એ આત્માની ઉદાત્તતા સાધનારાં તત્ત્વ છે, અને રસને ક્ષુદ્ર આનંદ યાને રસાભાસ થઈ જતો અટકાવનારાં બળ છે.”[૩૯] કાવ્યમાં અલબત્ત, આનન્દ અને ઉપદેશ અખંડાકાર થઇ રહેવાં જોઇએ અને એ એનું સાંધણ ન દેખાવું જોઇએ.”[૪૦]

કવિતાને--કલાને—આચાર્યશ્રી, આમ મહિમાવતી, અને ઉચ્ચ માને છે. “કાવ્ય જેટલે અંશે જગતનું બલ્કે જગતની પાર રહેલા અક્ષરનું અનુકરણ કે સૂચન કરે અને આભાસદ્વારા પણ એનું દર્શન કરાવે તેટલો એનો મહિમા અને ઐહિકતાના મલિન કુંડમાં કીડાઓની માફક ખદબદતી મનુષ્યહૃદયની સ્થૂલ વૃત્તિઓને દેહાન્તર કરાવી રસલોકની સ્વર્ગંગામાં--રસમન્દાકિનીમાં—સ્નાન કરાવે એટલી એની ઉચ્ચતા.”[૪૧]

કવિતાના આ મહિમાભર્યાં અને ઉચ્ચ સ્થાનને લીધે જ આચાર્યશ્રી એને ‘વાગ્દેવી’-રૂપ માને છે.[૪૨] અને તેથી જ એ રાષ્ટ્રભાવનાની કે બીજી કોઇ પણ ભાવનાની દાસી થવાને બંધાયેલી નથી એમ એ કહે છે.[૪૩] એમના શબ્દોમાં કહીએ તો, “સાહિત્યમાંથી ધર્મ, ગૃહ, રાજ્ય, સમાજ આદિ અનેક મનુષ્યસંસ્થાઓ પ્રકાશ પામી શકે, પણ સાહિત્ય તે પૂર્વોક્ત સંસ્થાઓ પર લખાયેલો નિબંધ નથી. વર્તમાન સમયના મહાપ્રશ્નો ચર્ચતાં નાટકો અને નવલકથાઓ પણ એ મહાપ્રશ્નો ઉપર પ્રકાશનાં કિરણો નાખી શકે. એ નાંખવાં એ કાર્ય સાહિત્ય વાજબી રીતે કરી શકે, પણ એ કિરણો મુખ્યત્વે સનાતન તેજનાં હોવાં જોઈએ—જગત્‌નું પ્રથમ પંક્તિનું સાહિત્ય એ સનાતન તેજ છે.”[૪૪]

આચાર્યશ્રીની માન્યતા પ્રમાણે, આમ, વાગ્દેવી બીજી કોઇ પણ ભાવનાનું ‘પરિવારપદ’ સ્વીકારતી નથી, સ્વીકારી શકે નહિ. ઉપરાંત એ મહાપ્રશ્નો ઉપર પ્રકાશનાં જે કિરણો નાંખે[૪૫] તે કિરણો પણ મુખ્યત્વે સનાતન તેજનાં હોવાં જોઈએ. ‘મુખ્યત્વે’ શબ્દ મહત્ત્વનો છે, કારણ કે કવિ પણ અન્તે તો સામાજિક મનુષ્ય હોવાથી, સમકાલીન પરિસ્થિતિની અસર એના પર પડ્યા વિના રહે નહિ. અને તેથી એની કલામાં ‘સમકાલીન તેજનાં’ કિરણો પણ સ્વાભાવિક રીતે જ હોય; પરંતુ ‘સમકાલીન તેજમાં’ જ અંજાઈ જઈને કવિએ સનાતન દ્યુતિ વીસરવી ન જોઇએ એમ આચાર્યશ્રી માને છે.

---

[૩૭] ‘કાવ્યતત્ત્વવિચાર’ પૃ. ૧૧૪.

[૩૮] कान्तासंमिततयोपदेशयुजे ।

[૩૯] ‘કાવ્યતત્ત્વવિચાર’, પૃ, ૪૪–૪૫.

[૪૦] એજન, પૃ. ૫૨.

[૪૧] એજન, પૃ. ૯૮.

[૪૨] એજન, પૃ ૧૦.

[૪૩] એજન, પૃ ૭૧–૭૪.

[૪૪] એજન, પૃ. ૧૨૧.

[૪૫] આચાર્યશ્રી માને છે કે કલાનું કામ મહાપ્રશ્નો પર માત્ર પ્રકાશનાં કિરણો જ નાંખવાનું છે, એ પ્રશ્નોનું નિરાકરણ કરવાનું નહિ. જુઓ એજન, પૃ. ૧૫૦.

આચાર્યશ્રીનું આત્મકલારૂપ વાગ્દેવીનું આ દર્શન જેટલું મંગલ છે, તેટલું મનોહર છે, અને જેટલું મૌલિક છે તેટલું વિશિષ્ટ છે. એ દર્શનમાં પ્લેટો અને એરિસ્ટોટલ, કાન્ટ અને શિલર, ક્રોચે અને શૉપનહાવર, પ્રો. એલેક્ઝાંડર, પ્રો. સન્તયાન અને એડીથ સિટવેલ જેવા પ્રાચીન અને અર્વાચીન પાશ્ચાત્ય તત્ત્વજ્ઞો અને કલામીમાંસકોથી શરૂ કરીને ભામહ અને મમ્મટ, ભગવદ્ગીતાકાર અને ભવભૂતિ, જગન્નાથ અને રવીન્દ્રનાથ ટાગોર, સર મનુભાઈ, મહાત્મા ગાંધી અને બાબુ રાજેન્દ્રપ્રસાદ સુધીના પ્રાચીન અને અર્વાચીન પૌરસ્ત્ય કલામીમાંસકો અને વ્યક્તિવિશેષોનાં ગ્રન્થો, ચર્ચાઓ, સિદ્ધાન્તો અને દર્શનોમાંથી ગુણોનો એમણે નિઃશેષ સ્વીકાર કર્યો છે અને દોષોનો અત્યંત પરિહાર કર્યો છે.

પ્લેટોના World of Ideas ના સિદ્ધાન્તને આચાર્યશ્રી સ્વીકારે છે; પણ એની ‘કલાનું તત્ત્વ ભ્રાન્તિ છે’ અને ‘કાવ્ય હૃદયની આવેશભરી વૃત્તિઓ (Passions)ને જ્ઞાન (Reason) થી નિયમવી જોઈએ તેને બદલે ઉત્તેજે છે, ઉછાળે છે,’ એ માન્યતાઓને એ સ્વીકારતા નથી. એરિસ્ટોટલના અનુકરણવાદને, એ ભાવપ્રાકટ્યવાદ છે એટલા પૂરતો, એ સ્વીકારે છે; પણ એના સામાન્યવાદનો સ્વીકાર કરતા નથી. ક્રોચેના ભાવપ્રાકટ્યવાદનો, સૌન્દર્યનું ગ્રહણ કરવા માટે તાર્કિક બુદ્ધિનો વ્યાપાર આવશ્યક નથી એટલા અર્થમાં, એ સ્વીકાર કરે છે, પણ એ ભાવપ્રાકટ્યવાદમાંથી ફલિત થતા યથાર્થવાદને એ સર્વશઃ સ્વીકારી લેતા નથી. એટલું જ નહિ ક્રોચેનું સૌન્દર્ય ભાવગત છે એ સિદ્ધાન્ત સાથે પણ એ સંમત થતા નથી. કલાનો ઉદ્ગમ મનુષ્યના લીલામય સ્વરૂપમાંથી થાય છે એટલા પૂરતી, શિલરની Play Theory એમને માન્ય છે; પણ લીલામય સ્વરૂપમાંથી કલાનો આવિષ્કાર થતો હોવાથી, એના પર કશી જવાબદારી રહેતી નથી એવું તાત્પર્ય નીકળતાં કલાની જે સ્વરૂપહાનિ થાય તે એમને રુચતી નથી. એટલે જ એ કવિવર રવીન્દ્રનાથના ઉચ્છિષ્ટના સિદ્ધાન્તને સ્વીકારે છે; પણ એમાં એ પણ ઉચ્છિષ્ટ એટલે જે કંઇ શેષ રહે તે બધું જ એવો અર્થ ન કરતાં ‘ઊંચું+શિષ્ટ’ એવો અર્થ તારવે છે. શોપનહાવરનો ‘કલા એટલે મુક્તિ’—વિગલિતવેદ્યાન્તર રસસમાધિ એ સિદ્ધાન્ત એમને મંજૂર છે; પણ કવિનું કર્તવ્ય સહૃદયને માત્ર રસસમાધિમાં લીન બનાવી દેવાનું જ નથી, તેને પરજગતનાં બિમ્બોનું—અક્ષરનું—દર્શન કરાવવાનું છે એમ આચાર્યશ્રી માનતા હોવાથી એ સાયણાચાર્યની કવિઃ-ક્રાન્તદર્શી એ વ્યાખ્યાને સ્વીકારે છે. પ્રો. સન્તયાનનો વૈશિષ્ટ્યવાદ એમને માન્ય છે; પણ એ વૈશિષ્ટ્ય એટલે નિઃસામાન્યત્વ નહિ જ એવું એમનું સ્પષ્ટ મંતવ્ય છે.

પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય, પ્રાચીન અને અર્વાચીન તત્ત્વજ્ઞો, કલામીમાંસકો અને ચિન્તકોનાં આ ગુણલક્ષણો આચાર્યશ્રીના કલાદર્શનમાં સંકલિત થયાં છે; એનો અર્થ એ નથી કે આચાર્યશ્રીના દર્શનમાં એમનું પોતાનું સ્વતંત્ર એવું કંઇ જ નથી. પરસ્પરવિરોધી મન્તવ્યો, સિદ્ધાન્તો અને વાદોની જટિલ ભૂલભુલામણીમાંથી માર્ગ કાઢીને આચાર્યશ્રીએ આ જાતનું સળંગસૂત્ર અને સુશ્લિષ્ટ દર્શન રજૂ કર્યું છે તેમ જ કલાપ્રશ્નોને તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રની કસોટીએ કસીને એમણે સત્ત્વ તારવ્યું છે તે જ એમની મૌલિકતાનો વિજય છે. એમના દર્શનમાં આ બધા ગુણાંશોનો સમાવેશ થાય છે એ ખરું; પણ એ દર્શન આ ગુણાંશોને જ આભારી છે એમ નથી. ‘કાવ્યતત્ત્વ-

વિચાર' માં સંગૃહીત થયેલો જૂનામાં જૂનો લેખ 'કવિતા' સને ૧૯૦૨ માં લખાયેલો છે; અને એમાં વાગ્દેવીના આ પરમ મહિમાનું દર્શન કરવામાં આવ્યું છે. ત્યાર બાદ ઉત્તરોત્તર વાચન, મનન, નિદિધ્યાસન વધતાં જતાં આ દર્શનમાં જ ઝીણવટભરી રંગલહરીઓ ઉમેરાતી ગઈ છે; અને એ રીતે સમગ્ર દર્શન સુરેખ અને સ્પષ્ટતર થતું ચાલ્યું છે. એટલે આ બધા ગુણાંશોએ આચાર્યશ્રીના દર્શનને પુષ્ટિ આપી છે, અથવા આ બધા ગુણાંશોમાંથી આચાર્યશ્રીના દર્શને પુષ્ટિ મેળવી છે એમ કહીએ તો તે વધારે યોગ્ય ગણાશે.

ગુણોના આ નિઃશેષ સ્વીકારની વૃત્તિમાંથી જ, આચાર્યશ્રીના દર્શનમાં પળે પળે પ્રત્યક્ષ થતી ગુણસમન્વયની અને સમતા–'અન્તનો પરિહાર અને મધ્યનું ગ્રહણ'[૪૬]–ની ભાવનાનો ખુલાસો મળી રહે છે. શબ્દ અને અર્થ,[૪૭] ભાવનાવાદ અને વાસ્તવવાદ,[૪૮] ક્લાસિકલ અને રોમૅન્ટિક[૪૯] : આ બધાં દ્વંદ્વોમાં આચાર્યશ્રી સમતાના સિદ્ધાન્તને જ સ્વીકારે છે. એનું ઉદાહરણ નીચેનું નાનું સરખું અવતરણ બહુ સારી રીતે પૂરું પાડે છે:

(ક્લાસિકલ અને રોમૅન્ટિક) "આ બે શૈલીમાં વધારે સારી કઈ? ઉત્તરઃ— જે સમતાના સિદ્ધાન્ત ઉપર Classical શૈલી રચાઈ છે એ જ સમતાના સિદ્ધાન્તને જરા ઊંચે લઈ જાઓ અને Classical અને Romantic શૈલીને પોતાને જ એ લગાડો. ત્યાં આ પ્રશ્નનો ઉત્તર મળશે. અર્થાત્ સંસ્કૃતિનો સંયમ અને જીવનનો ઉલ્લાસ બંનેની જેમાં સમતા તે કાવ્ય ઉત્તમ."[૫૦]

સમતાના આ સિદ્ધાન્તની સ્થિર દ્યુતિથી સમુજ્જ્વલ એવું આચાર્યશ્રીનું કલાદર્શન, ગૂજરાત અત્યારે જેમાં રંક બનતું જાય છે એવી એકનિષ્ઠ અભ્યાસરતિનું અને મનનપૂત વાઙ્મયતપશ્ચર્યાનું, દૃષ્ટિની વિશાળતાનું અને વિચારસરણીની સ્પષ્ટતાનું મૂલ્યવાન પ્રતીક છે અને આપણને મળેલો મહામૂલો વારસો છે.

---

[૪૬] 'કાવ્યતત્ત્વવિચાર', પૃ. ૨૬.

[૪૭] એજન, પૃ. ૪૮–૪૯.

[૪૮] એજન, પૃ. ૧૪૬–૧૪૮.

[૪૯] એજન, પૃ. ૩૫–૩૬, ૪૯.

[૫૦] એજન, પૃ. ૪૯–૫૦.

“ મહામુનિનાં મૌનમાધુર્ય ”*

શ્રી. ‘ કુસુમાકર ’

गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु चिछन्नसंशयाः ।

ત્યારે આચાર્યશ્રી ધ્રુવ ગયા ?

આચાર્યશ્રી જતાં ધ્રુવ-પ્રહ્લાદની ગૃહમંડળીએ શિરછત્ર પિતા ગુમાવ્યા, ગુજરાતના—ભારતના અનેક ધ્રુવ-પ્રહ્લાદોએ ભાવનાગુરુ ગુમાવ્યા, પરિમલ સોસાયટીએ જીવનખુશબો ગુમાવી, આકાશેઠની કૂવા પોળે મીઠાં મધ જીવનનાં જળ ગુમાવ્યાં, નાગરી ન્યાતે નાગરરત્ન ગુમાવ્યું, ગુજરાત કૉલેજે પ્રખર બહુશ્રુત વિદ્યાવ્યાસંગી પુરાણ-પ્રોફેસર ગુમાવ્યા, અમદાવાદે નામાંકિત નાગરિક ગુમાવ્યો, વારાણસીએ વેદાન્તાલંકાર કુલપતિ ગુમાવ્યા, માલવીયજીએ ગાંધીજીપ્રેષિત ગુજરાતની મોંઘી ભેટ ગુમાવી, ખુદ ‘ આશક ’ ગાંધીજીએ જેની વિદ્યાલક્ષ્મી ઉપર પોતે મુગ્ધવિમુગ્ધ થયા હતા તે મહાશયા મુદિતાશયા મોહની ‘ માશૂક ’ ગુમાવી, ગુજરાતે ગુજરાત યુનિવર્સિટીની મંગલ ઝંખના સેવતો સુપુત્ર ગુમાવ્યો, મુંબઈ શારદાપીઠે એક પારંગત ‘ ડૉક્ટર ’ ગુમાવ્યો, સાહિત્યપરિષદે એક અજોડ પ્રમુખ ગુમાવ્યો, શ્રી. સર્વપલ્લી રાધાકૃષ્ણ જેવા દેશી વિદેશી બહુશ્રુત જનોએ સમાનશીલ સખા ગુમાવ્યો, ફિલોસૉફિક કૉન્ફરન્સે ‘ ગુજરાતના હેગલ ’ સમા પ્રમુખ ગુમાવ્યા, ઉપનિષદ, ગીતા આદિ ધર્મગ્રન્થોએ નિત્યપાઠી ગુમાવ્યો, શ્રી. અરવિંદે એમને સમજી શકે એવો વિરલરસિક વાચક ગુમાવ્યો, લોકમાન્ય તિલકે પોતાની ગીતા ઉપર ભાષ્ય રચી શકે તેવો વિદ્વાન ભાષ્યકાર ગુમાવ્યો, બ્રહ્મસૂત્રકારે શ્રીભાષ્યનું રસપાન કરાવનાર પંડિતવિશારદ ગુમાવ્યો, શ્રી રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ અને સ્વામી રામતીર્થે પોતાની ધર્મપેઢીનો ‘ આપણો ધર્મ ’ સમજી સમજાવી શકે એવો આલોકનો વહેવારિયો આડતિયો ગુમાવ્યો, નીતિદેવીએ ગુજરાતનાં કુમળાં સુકુમાર બાળકો સમજી શકે એવો નીતિશિક્ષણનો આચાર્ય ગુમાવ્યો—અને મારા જેવા અટૂલ કાષ્ઠમુનિએ તો સાહિત્યજીવનનું સર્વસ્વ ગુમાવ્યું. કારણ એમના જતાં મારી લેખનીએ તો એનો સૌભાગ્યકાળ ગુમાવ્યો ! પેલી કરુણ પંક્તિઓનું ગુંજન સહજ થઈ જાય છે:

> “ તૂટ્યો મારો તંબૂરાનો તાર રે...
> ભજન અધૂરું રહ્યું ભગવાનનું...”

* * *

આનંદશંકરભાઈના ક્ષરદેહનું અવસાન સ્વાભાવિક રીતે એમના સમાન સખા ગોવર્ધનભાઈ, રમણભાઈ, નરસિંહરાવભાઈ, કેશવલાલભાઈનાં સંસ્મરણો ખડાં કરે છે. આયુષના છેલ્લા ત્રણચાર

---

* ટૂંકાવીને સંપાદન કરનાર : શ્રી. ઇશ્વરપ્રસાદ જોષીપુરા

દાયકાઓમાં આનંદશંકરભાઇએ આ સહુ જીવનસખાઓ એક પછી એક ગુમાવ્યા. જીવનની ઓસરતી સન્ધ્યામાં, એક પછી એક સંસારયાત્રા સંકેલી લેતા સાક્ષરબંધુઓને જોઇ આનંદશંકરભાઈના હૃદયને જે કારુણ્યમય દુઃખ અને દર્દભરી લાગણી થતી એ તે તે સાક્ષરોને તેમણે આપેલ નિવાપાંજલિઓમાં જોઈ શકાય તેમ છે. એ સહુ સાક્ષરોના ગયા પછી આનંદશંકરભાઈના જીવનમાં એક અણપુરાય તેવી ખોટ સાલતી હતી. એ ખટક મેં એમની બાલક સરખી નિખાલસ આંખના રસાર્દ્ર કારુણ્યમાં વાંચી હતી. એ ખટક વાંચતાં મેં એકવાર કહેલું:

"ગોવર્ધનરામ ગયા, રમણભાઈ ગયા, નરસિંહરાવ ગયા, કેશવલાલભાઇ ગયા! અત્યારે અમારા જેવા એ યુગના બાળકને તો તમે જ 'વાતના વિસામા' રૂપ રહેલ છો."

ઉત્તરમાં આનંદશંકરભાઇના મુખમાંથી માત્ર ત્રણ શબ્દોનું જ મધુર ગદ્યકાવ્ય સરેલું:

"હુવે મને જવા દો."

અને સાચેસાચ આનંદશંકરભાઇ ગયા!

* * *

આચાર્યશ્રી મારે મન રણવગડાના છાંયા સમાન હતા; દુખિયાના આધારરૂપ હતા. મારી અનેક ફરિયાદો અને લોહીઉકાળાઓ એ કલાકો સુધી શાન્ત ચિત્તે સાંભળતા. મારું સાક્ષરપુરાણ એમને પ્રેમલ ત્રાસ આપતું. એકવાર વિરૂપ થતી જતી આજની વાસ્તવવાદી કવિતા ઉપર મેં પુણ્યપ્રકોપ વર્ષાવ્યો ત્યારે એમણે એટલું જ કહેલું કે

"એ પણ ચિત્રલીલા છે."

* * *

મારી પ્રકૃતિ ઊર્મિશીલ, ઊર્મિપ્રધાન; એવી પ્રકૃતિવાળાને સંસારનો એકાદ કાંટોય વાગતાં તે શૂળ જેવો લાગે. મારા જીવનમાંના નીચલા થરમાં જ્યારે જીગરના જ્વાળામુખી બળતા ત્યારે વારાણસીથી તા. ૧૧-૪-'૨૯ ના એક પત્રમાં આચાર્યશ્રી લખે છે:—

"તમને એક વાત લખું? ઉપનિષદ્; એમર્સન વગેરેનું વાચન અને તજ્જન્ય 'Robust thinking'નો પ્રસંગ હોવા છતાં હૃદય દુઃખી કેમ રહે છે? Roman Historyના અભ્યાસ ઉપર ચડો તો? એના ચિન્તનથી લાભ ન થાય? હું એક શુષ્ક વિષય બતાવું છું તે એક ઔષધરૂપે જ—

શુભેચ્છક આનંદશંકરના આશીર્વાદ."

આવડા નાના પત્રમાં મારે માટે કેટલી માયા, કેટલી કરુણા ભરી છે!

* * *

આનંદશંકરભાઈને હું પ્રથમ મળ્યો ૧૯૨૭માં. સ્વ. ચંદ્રશંકર પંડ્યાને ત્યાં એક નાનું સરખું સ્નેહસંમેલન ગોઠવાયું હતું. આ અરસામાં બેત્રણ વર્ષથી હું 'વસંત'માં લખતો થયો

હતો અને કંઇક અંશે ‘ વસન્ત’કારનો લાડકવાયો પણ હતો. એટલે મેં તો લાડકવાયાનાં લક્ષણ મુજબ પ્રગલ્ભ મર્મપ્રહારથી બધાના દેખતાં આચાર્યશ્રીને ઊધડા લઈ લીધાઃ

“ સ્વ. ગોવર્ધનરામે પંદર વર્ષના તપથી હૃદયનો નિચોડ ગુજરાતને ‘સરસ્વતીચંદ્ર’રૂપે આપ્યો. આપ પણ એના જેવા જ સમર્થ તપોધન છો. આપની ભારતીને આપ ચિદાકાશના તારકાંકિત ઘુમ્મટ તળેના વસન્તમંડપના રસદોલે માત્ર એકાન્ત હિન્દોલે આનંદ ભોગવતી કાં રાખો? અરેરે ! આપનો દેહવિલય થતાં આપના જ્ઞાનનો પણ ધુમાડો થઈ જશે ! શ્રી. આનંદશંકરનો અક્ષરદેહ હિમાલય સરખો ઊર્ધ્વ છે. મારે તો તેને ગ્રન્થસ્થ સ્વરૂપે હિમાલય સમો મૂર્તિમન્ત જોવો છે. આપનાં જ્ઞાનામૃતનો તો હું તરસ્યો છું. મારા જેવા અનેક આપની સરતી આત્મલક્ષ્મીના પ્રસાદેચ્છુને માત્ર ‘ ડિગો ’ જ બતાવશો શું ? ગુજરાતને જ્ઞાનભૂખ્યું, જ્ઞાનતરસ્યું, આમ ‘ ટેન્ટેલાઇઝ ’ કરીને, લલચાવી લલચાવીને અકળાવ્યા જ કરશો ?”

મારા આ પ્રેમાળ નર્મમર્મયુક્ત વચનનો ઉત્તર આચાર્યશ્રીએ એમની લાક્ષણિક વાણીમાં આપ્યોઃ

“ I live for myself.”

આ ઉત્તર કોઈ અવધૂતનો, અદ્‌ભુતનો જ હોય !

આ સમયે આચાર્યશ્રીના જ્ઞાનથી, પ્રતિભાદર્શનથી, દુર્વિદગ્ધતાથી મુગ્ધ થઈ મેં એક કવિતા લખી હતી, એ અહીં “ ડૉ. આનંદશંકર ધ્રુવને અર્ઘ્ય ”રૂપે રજૂ કરું છું.

“—ડૉ. આનંદશંકર ધ્રુવને અર્ઘ્ય—”

: અનુષ્ટુપ્ :

અતિ મોડું—છતાં થોડું—રોકાયે નવ ગુંજન,
વાસન્તી—કોકિલાનું શું સાંભરે તત્ત્વકૂજન. ૧

: વસંતતિલકા :

વાસન્તીૅ શું ઉરપ્રભા ઉરલક્ષ્મીૅ મ્હોરે
પ્હેરાવીૅ દિવ્ય કીકીૅ શું કંઇ દૂત દોરે !
સૌન્દર્યનાં સુભગ દર્શન કૈંક થાય
ને લ્હેરખાં દગ વિશે નવસ્વપ્ન ખાય !
ઊણી વસન્ત પ્રભુનું પડ્યું સુપ્રભાત
ઊગ્યા શું ઇન્દ્રધનુના નવરંગ સાત
કે પૂર્ણિમા નવલ ઢોળતીૅ ચંદ્રિકા શું
સૌન્દર્ય જ્ઞાનકિરણે નવલ—પ્રભા શું ?

: સ્રગ્ધરા :

વાસન્તી જે ફુવારા ફરફર લહરે ઉરઉદ્યાન મારે,
સૌન્દર્યોની સુધાની ઉર સરિત વહે—તાતનાં તેજ ધારે;
કલ્યાણી કો'ક ગંગા વિચિ વિચિ નવલા પાય પ્રજ્ઞાકટોરા,
વ્હાણાં તેનાં ધરું કૈં જનપદ ચરણે મૂક એ સ્વપ્ન મોરાં.

: અનુષ્ટુપ્ :

મૂક એ ઉરની ઊર્મિ આપની શું સુણાય છે ?
ગુર્જરી આમ્રવાડીમાં વસન્તશ્રી શું ગાય છે ?

* * *

આ કાવ્યનો કેટલોક ભાગ 'ગુજરાતી' સાપ્તાહિકના એક દીપોત્સવી અંકમાં તેમ જ 'બુદ્ધિપ્રકાશ'માં છપાયો છે.

: વસંતતિલકા :

આત્મામહીં રસવિચિ અહ ! શી ભરી છે,
લક્ષ્મી તણાં કમળની સુરભિ વરી છે.
શું પ્રાણ પદ્મ મધુ મ્હેક પરાગ ભીની,
આંખો ઋષિજન સમી સુહતી અમીની.
ઊંડી મીઠી હૃદય કૌમુદીમાં રમાડો,
અમૃત જ્ઞાનરસભાજનમાં જમાડો.
ઊર્જિત આ ઉપકૃતિ થકી શું ઢળે છે,
શિષ્યો તણું ઉર પદામ્બુજમાં પળે છે.
જ્ઞાનોદધિ ધ્રુવવતો રસનો નિધિ છે,
દુષ્પ્રાપ્ય મૌક્તિક દીસે અધરી વિધિ છે.
મિથ્યા કંઇક ભ્રમજાળ મહીં જ ગૂંચ્યાં,
મૌક્તિકભોગી હૃદયો ઉપકંઠ ઊભાં !
ગુહા ભરી હૃદયની કંઈ ગુહ્ય ગુંજ,
છાની કંઇ પરભૃતા ટહુકે નિકુંજ.
તર્કો અતિ રસતણા કંઇ પુષ્પપુંજ,
પામ્યા ? હજી ન ચખવ્યા ? ઋષિ, જ્ઞાનગુંજ.
ચારુ લસે લલિત ચંદ્રક શો લલાટે,
પ્યાસી ઊભાં કંઈ ગુરુજન ! જ્ઞાનઘાટે.

સંસ્કૃતિની ઋષિ ! વહે શું સરિત્ યમુના,
ત્યાં સૂત્ર નૂતન અને ઋષિ ! કાળજૂનાં.
હા ! શીખવો અમર આર્ય તણી ઋચાઓ,
એ આર્ય જીવનતણી વિજયધ્વજાઓ.
પાશ્ચાત્ય સંસ્કૃતિ તણાં વહતાં શું વારિ,
પૌરસ્ત્ય ત્યાં લઇ ઊભા ઋષિ જ્ઞાનઝારી.
ગીર્વાણુ કૈં મધુર આ ગુણવત્ત ગિરા,
એ રત્નમંજૂષ તણા કંઇ રાશિ હીરા.
ગોપ્તા ! છુપાવી ઝરવી અમ ધર્મગાથા,
જ્યોત્સ્ના સમી ધવલ એ સુખ સૌમ્ય શાતા.

* * *

ગ્રીવા મહીં ઉર લહેરની પુષ્પમાળા,
ગૂંથેલ કૈં પુનિત પુષ્પ લઈ રસાળાં.
ઉચ્છૃંખલા યુવકની ઉર ભક્તિ અર્પે,
એકાદ અશ્રુસહ પ્રભો ! ફૂલમાળ લ્યો એ.
નામાક્ષરો પુનિત તે મનુ યાજ્ઞવલ્ક્ય,
આર્યો તણા શુચિ સ્મૃતિશ્રુતિકાર સત્ય.
એવા પ્રભો ! નવયુગે ટહુકાર તો છો,
સંસ્કારની સુરભિ ગુર્જરીમાં ભરો છો.

* * *

વાચસ્પતિ વરદ બિરુદ ધન્ય પામ્યા,
ને ગુર્જરી બની શકે ઋષિ ! લબ્ધકામા.
વારાણસી નગરી ભેટતી ગુર્જરીને,
જ્ઞાનપ્રભા ! વિચિ મળે રસનિર્ઝરીને.

* * *

: અનુષ્ટુપ્ :

માનાપમાન શું તુંને ઋષિ ! જ્ઞાનાવધૂત છે,
મનઃપૂત "મનસ્વી"ને તું તો હા, દૃષ્ટિપૂત છે.
મળે છે આપને માન મળે તે ગુજરાતને,
ગુજરાત ઝીલે જ્યોતિ ! ગુજરાતી ! જો પ્રભાતને.

* * *

હમણાં આચાર્યશ્રીના બે ગ્રન્થો ‘સાહિત્યવિચાર’ અને ‘કાવ્યતત્ત્વવિચાર’ સળંગ સમગ્ર સ્વરૂપે વાચ્યા. આ વાંચનની સંસ્કારમુદ્રા કાવ્યરૂપે પડી તે સાભાર ઝીલી લઉં છું:

આંખમાં સ્વપ્ન શું આંજ્યાં પાંખે ફૂટે વસન્તને,
આત્મપ્રસાદના જ્યોતિ દીપે છે દેહ સન્તને.
વાણી તો ભારતી વીણા સ્મિતો તો વેદની ઋચા,
જ્ઞાનશૃંગે, શુભ્ર સ્વપ્ને, વિહારો આપના ઊંચા.
વિભૂતિ વિભુની જે જે શ્રીમદૂર્જિત દિવ્ય છે,
આત્મલક્ષ્મી વરી તે સૌ આપને ચારુ ભવ્ય છે.
આપ્તિ આત્મા તણી લાધી આપની આર્ષ દૃષ્ટિને,
જ્ઞાનની ફોરમે ફોરે આપની ચારુ સૃષ્ટિને.

* * *

પાશ્ચાત્ય પૂર્વના જ્ઞાનદ્યુતિ શુભ્ર સમન્વય,
આપને જીવને દીઠા લેખને મુદિતાશય.

* * *

યાત્રા છે આપના ગ્રન્થો, આપ તો તીર્થરૂપ છો,
તેજના અંચળા ઓઢ્યા, આપ તો જ્ઞાનરૂપ છો.

* * *

આચાર્યશ્રી આનંદશંકરની જીવનફિલસૂફી શું? એ પ્રશ્ન સહજ રીતે થાય તેવો છે. આચાર્યશ્રીના જીવનમાં એક પ્રકારની વિશિષ્ટ ફિલસૂફી ઓતપ્રોત હતી. એ મેં સગી આંખે જોયું છે. આચાર્યશ્રીના પરિમલ સોસાયટીના ભવન ઉપર એક પાટિયું છે, તે પાટિયા પરના બે શબ્દો આચાર્યશ્રીના જીવનઆદર્શ સમજવામાં હું કૂંચીરૂપ ગણું છું. એ શબ્દો ‘વસન્ત’ અને ‘Hermitage.’ આ સુભગ સમન્વયમાં આચાર્યશ્રીનું જીવનભોક્તા, જીવનપૂજક–Life worshipper–તરીકે દર્શન થાય છે. જીવનભોક્તા જીવનને અનાદિ સત્ય તરીકે સ્વીકારે છે. એ જીવનના એક પાસાનો નહિ પણ સમગ્ર જીવનનો ઉપાસક છે; જ્ઞાન, ભક્તિ કર્મ એ ત્રિવેણીગંગાના અમૃતમાં આત્માને ખંખેળે છે. અંગ્રેજ તત્ત્વજ્ઞ, (ઘણું કરીને Huxley) ના શબ્દો અને ભાવના આનંદશંકરનો જીવનજ્યોતિ જોતાં યાદ આવી જાય છે:

“ A life–worshipper does not try to murder that part of life which Bertrand Russel calls the life of instincts. He does not select one single being from his colony of souls, call it his true self and try to murder all the other selves. Each self, he perceives has as good a right to exist as all the others. The world is not an illusion, but a reality. It is the playground of the ‘ Eternal ’ !”

* * * *

આચાર્યશ્રી પૂર્વ અને પશ્ચિમની ફિલસૂફીના આરૂઢ અભ્યાસક હતા. પ્લેટો, હ્યુમ, હેગલ, કેન્ટ વગેરે પાશ્ચાત્ય તત્ત્વચિન્તકોની ફિલસૂફીનું ગુહ્યદર્શી ગવેષણ અને અમૃતદર્શી અન્વેષણ એ જ આચાર્યશ્રીની જ્ઞાનક્રીડા હતી. આમ તો આત્મક્રીડ, આત્મરત આચાર્યશ્રી જ્ઞાનપિપાસુ હતા. પશ્ચિમના તત્ત્વજ્ઞાનના રસાભ્યાસ સાથે સાંખ્ય શાંકર ફિલસૂફી ને વેદાન્તનો વિરલ સમન્વય સધાતો. આચાર્યશ્રીની આર્ષદૃષ્ટિમાં પુરાણી નવલી તાઝગી આ વિશાળ ક્રીડનપ્રદેશને આભારી હતી. न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते। એ આચાર્યશ્રીનું પ્રિય ગીતાવચન. જ્ઞાનઘન આચાર્યશ્રીના નેત્રમાં રમી રહેતી સ્મિતલક્ષ્મી ચિત્તના ચિન્તન કરતાંયે ચિત્તપ્રસાદની વધારે દ્યોતક લાગતી.

આચાર્યશ્રી પોતે મહાત્માનું સ્વરૂપ આપતાં ભક્તની મંજુલ વાણીનું સ્મરણ કરે છે :

“ નવનીત સરખું હૃદય કોમળ કહ્યું ન જાયે હેત,
આંખ માંહે અમૃત ભરિયું હરિભક્તિ કેરું ક્ષેત્ર. ”

આ ચારુ વાણીથી જેનું હૃદય ગદ્‌ગદિત થાય, જેની આત્માની પાંખડી થનગન નાચે, જેની કલ્પનામાં સુંવાળી ગલીપચી થાય, એવું માનસ શ્રી. વિષ્ણુપ્રસાદ કહે છે તેમ બુદ્ધિપ્રધાન હતું એમ કેમ કહી શકાય ?

આચાર્યશ્રી આનંદશંકરમાં મેં નીરખ્યા પુરાણા કોઈ યાજ્ઞવલ્કય, વસિષ્ટ, મનુ; આચાર્યશ્રીમાં મેં નીરખ્યા કૈલાસનાં ઉન્નત જ્ઞાનશૃંગનાં વૈરાગ્ય, શુચિતા, શિવતા, મંગલ કલ્યાણભાવના; આચાર્યશ્રીમાં મેં નીરખ્યાં સનાતન આનંદજ્યોતિ; પુરાતન છતાં નિત્યનવલી આનંદપ્રભા; આચાર્યશ્રીના જીવનને જોયું જાણ્યું ન હોત તો ઉપનિષદોની જીવનભાવના મને ક્યાંથી સમજાત ?

આચાર્યશ્રીને કેન્ટ હેગલના વિશિષ્ટ અર્થમાં ફિલસૂફ કહેવા હોય તો કહો, ન કહેવા હોય તો ના કહો. ગોવર્ધનરામ પછી આટલી જ્ઞાનતપશ્ચર્યાનો પ્રાદુર્ભાવ ગુજરાતમાં થયો જ નથી. બેકને જેમ કહ્યું હતું “ I take all knowlege for my province, તેમ આચાર્યશ્રીએ પણ જ્ઞાનસમસ્તના સમ્રાટ થવા આશા રાખી હતી.

આચાર્યશ્રીની આનંદલહરી ભૂલી ભુલાય તેમ નથી. આચાર્યશ્રીના કરુણ મધુર નેત્રમાં જે વિદ્યાશ્રી નિર્ઝરતી હતી તે વીસરી વિસરાય તેમ નથી. આચાર્યશ્રી સાથેનો અરધોએક કલાક મને તો એમર્સન સાથેના અરધા કલાક જેવો લાગતો. सत्यम् शिवम् सुन्दरम्‌ના ત્રિવેણી પ્રવાહમાં નાહતો નાહતો હું ઘેર ફરતો. એમની સાથે એકાદ કલાક ગાળ્યા પછી મારા મગજમાં જ્ઞાનમસ્તીની ખુમારી રહ્યા કરતી. આખું સ્થૂળ જગત ભરભર ભુક્કો થતું લાગતું. વસન્ત–હર્મ્ય નજર સમક્ષ તરવરતાં શાંકરવેદાન્તનું સૂત્ર જીવનમાં ફલિતાર્થ થતું લાગતું:

‘ ब्रह्म सत्यं जगन् मिथ्या । ’

એ આચાર્યશ્રી ખરેખર ગયા !

કાલિદાસ કહે છેઃ—

मरणं प्रकृतिः शरीरिणाम् विकृतिर्जीवितमुच्यते बुधैः ।

વર્ડ્ઝવર્થ કહે છેઃ—

Our birth is but a sleep and forgetting,
The soul that rises with us, our life's star,
Hath had elsewhere it's setting
And cometh from afar.

આચાર્યશ્રી આનંદશંકરભાઈ ગયા ! ગગનના ગુંબજો ગાજે છે કે ગુજરાતનો પંડિતયુગ આજથી આથમ્યો !

આચાર્યશ્રી આનંદશંકરભાઈ : સાહિત્યશૈલી અને આદર્શ

પ્રો. પ્રસન્ન ન. વકીલ

ગુજરાતની પંડિત પેઢીના સ્વ. આચાર્યશ્રી આનંદશંકરભાઈ એક મુખ્ય પ્રતિનિધિ હતા. પાંડિત્ય અને સાચી રસિકતાનો સુયોગ કોઈ પણ એક વ્યક્તિમાં સંપૂર્ણ રીતે થયો હોય તો તે સ્વ. આનંદશંકરભાઈમાં.

આ મહાન વિચારકની પ્રતિભા ધર્મ, તત્ત્વજ્ઞાન અને સાહિત્યના ત્રિવેણીસંગમમાં વિલસતી. એમના લેખોમાં, ચર્ચાઓમાં, ભાષણોમાં અને પ્રાસંગિક નોંધોમાં જગત અને જીવનની આલોચના આમાંના પ્રત્યેક દૃષ્ટિબિંદુથી થતી. સૌ વિષયને એમની સૂક્ષ્મ વિશાળ, ઐતિહાસિક દૃષ્ટિની સરાણે ચઢવું પડતું. આવી બહુવિધ પ્રતિભાનો સમગ્ર વિચાર એક લઘુલેખમાં કરવો અશક્ય, તેથી એમાંથી માત્ર મનમાનતા વિષયને જ સ્પર્શી અત્ર સંતોષ માન્યો છે.

સ્વર્ગસ્થની સાહિત્યસેવા મુખ્યત્વે એમનાં પ્રાસંગિક વિવેચનો જે આરંભકાળમાં ‘સુદર્શન’માં અને પછી ‘વસંત’માં પ્રકટ થતા અને હાલમાં જેમનો સમાવેશ ‘કાવ્યતત્ત્વવિચાર’, ‘સાહિત્યવિચાર’ અને ‘દિગ્દર્શન’ નામના સંગ્રહોમાં કરવામાં આવ્યો છે તે છે. આ વિવેચનોને પ્રાસંગિક કહેવાનું કારણ એ કે એમાંનાં કેટલાંક કોઈ પુસ્તકના અવલોકનરૂપે તો કોઈ તત્કાલીન ચર્ચામાંથી એકાદ મુદ્દો ઉપાડી લઈને વા પોતાના કે અન્યના વ્યાખ્યાનમાંથી મનનીય કોઈ અંશ લઈને તેના ઉપર લખેલા લેખો છે. વળી કોઇકવાર કોઇ વિવેચન યા કાવ્યના પુસ્તકમાંથી આધાર લઇ લેખક પોતાની ચર્ચા ચલાવે છે. એકંદરે એમની વિવેચનપદ્ધતિ આપણા પ્રાચીન ભાષ્યકારોને મળતી આવે છે. એકાદ અવતરણ લઈ તેમાંના વિચારનો પ્રત્યેક અંકોડો છૂટો કરતા જવું અને ક્રમેક્રમે તેમાંથી નિષ્પન્ન થતી સ્વયંસ્ફુરિત વિચારણા નોંધતા જવું એ પદ્ધતિ એમને વિશેષ પ્રિય જણાય છે. આનો અર્થ એવો કરવાનો નથી કે એ કોઈનું વિચારબીજ લઇને જ આગળ ચાલી શકે છે અને એમની પાસે સ્વતંત્ર કશું કહેવાનું નથી. એ અવતરણને તો માત્ર એ પોતાની ચર્ચાના પ્રારંભબિંદુ તરીકે જ સ્વીકારે છે, અને એમાંથી ઉદ્ભવતું સમગ્ર ચિંતન અત્યંત મૌલિક હોય છે. અરે, એ અવતરણનો અર્થસ્ફોટ પણ એમણે નવીન જ કર્યો હોય છે. એનાં ઉદાહરણો આ બંને સંગ્રહોમાં અસંખ્ય અને એટલાં તો પ્રત્યક્ષ છે કે તેનું અત્ર ટાંચણ કરવાની કોઈ આવશ્યકતા નથી. ‘કાવ્યતત્ત્વવિચાર’નો પ્રથમ જ લેખ ઉપરઉપરથી જોનારને પણ ઉપલા વિધાનની પ્રતીતિ થશે. એમાં **विन्देम देवतां वाचममृतामात्मनः कलाम्** એ મહાકવિ ભવભૂતિનું સ્તુતિવાક્ય લઈ જે રસિક વિદ્વત્તાભર્યું ભાષ્ય એમણે રચ્યું છે, તે અવશ્ય આનંદાશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવું સુંદર છે. વળી એ વિવેચનની ઐતિહાસિક અગત્ય પણ કેટલી બધી છે! સને ૧૯૦૨-માં એ લેખ પ્રકટ થયો ત્યારે ગુજરાતી સાહિત્યવિવેચનમાં આત્મલક્ષી કવિતા અને એના જનક

તરીકે ચિત્તક્ષોભવાદનું બહુ ગૌરવભર્યું સ્થાન સ્વ. રમણભાઇ વગેરેએ સ્થાપેલું, તે સમયમાં, કવિતા એ માત્ર હૃદયની નહિ પરંતુ સમગ્ર આત્માની કલા છે અને તેથી માત્ર ઊર્મિથી નહિ પણ ઊર્મિ, બુદ્ધિ અને કલ્પનાનાં ઉડ્ડયનોના એકાકારમાંથી સાચું કાવ્ય ઉદ્‌ભવે છે એ મહાસત્ય આપણા આ વિદ્વાન વિવેચકે માત્ર આ લેખમાં જ નહિ પરંતુ વારંવાર, જ્યારે જ્યારે પ્રસંગ પડ્યો ત્યારે ત્યારે એકસરખા આગ્રહથી ઉચ્ચારેલું છે. કવિતામાં હૃદય જેટલાં જ બુદ્ધિ અને કલ્પનાને ગૌરવસ્થાને સ્થાપવાનું માન મુખ્યત્વે આપણે ત્યાં પ્રો. બળવંતરાય ઠાકોરને વિચારપ્રધાન કવિતાના સતત ચિંતન અને કવનને પરિણામે અપાય છે, પણ કદાચ એ સત્યને પ્રથમ ઉચ્ચારનાર તરીકેનું માન આનંદશંકરભાઈને ઘટે છે.

મોટા ભાગના લેખો ‘ વસંત ’માં લખાયેલા હોવા છતાં એમાં સામયિકની સસ્તી યુયુત્સા નથી. કૃત્રિમ આવેશ કે વાગાડમ્બરને એમાં સ્થાન જ નથી. અને એમાં કશું આશ્ચર્યજનક નથી. ‘ વસંત ’નો ઉદ્દેશ ગુજરાતીમાં યુનિવર્સિટીની ગરજ સારવાનો હતો. આવા ગૌરવશાળી ઉદ્દેશવાળું પત્ર, અસામાન્ય પત્ર જગતનાં દૂષણોથી અલિપ્ત રહે એમાં શું આશ્ચર્ય ? વિષયના સ્વાભાવિક ગૌરવમાં એમની અર્થઘન શૈલીનું ગૌરવ ભળી લેખનને સાંગોપાંગ ગૌરવાન્વિત કરે છે. પ્રત્યેક લેખનું નિર્માણ તત્ત્વજ્ઞાનની ઉચ્ચ અને સ્વસ્થ મનોભૂમિકા પર છે અને ઇતિહાસની સામગ્રીથી તેનું વારંવાર સમર્થન કરેલું છે.

ચિત્તને આહ્લાદ ઉપજાવે એવી પ્રસન્નગંભીર પદાવલિમાં રચાતું એમનું ગદ્ય પાંડિત્યદર્શી કે અતિ સંસ્કૃત નથી. એમનાં લેખનનો ઝોક બેશક સંસ્કૃત પ્રત્યે છે અને એમ હોવાનું મુખ્ય કારણ એમના લેખોનું વિચારગૌરવ છે. એમ હોવાથી એમની પસંદગી સંસ્કૃત શબ્દો ઉપર ઊતરે એ કુદરતી છે. વળી સંસ્કૃતસાહિત્યમાંથી તેમ જ શાસ્ત્રોમાંથી એઓ અવતરણો પણ વારંવાર મૂકે છે. આ અવતરણો ઉપરાંત અંગ્રેજી વિવેચનગ્રંથોમાંથી લીધેલાં વિસ્તૃત અવતરણો કેટલીકવાર લેખને ભરી દે છે ત્યારે લેખમાં બહુશ્રુતતાનું વાતાવરણ જામે છે. વિશ્વસાહિત્યના કરેલા વિશાળ પરિશીલનમાંથી એમને સ્વાભાવિક યોગ્ય ઉદાહરણો મળી આવે છે. અને એ લાભ બહુ ઉદારતાથી એઓ આપણને આપે છે. છતાં એમના લેખોમાં યદ્વાતદ્વા મિથ્યા પાંડિત્યદર્શનનો આભાસમાત્ર પણ ક્યાંય થતો નથી. પાંડિત્ય અને સંસ્કૃતમયતા પર એમની ઔચિત્યબુદ્ધિ અંકુશ મૂકી જાણે છે. જ્યારે જરૂર જણાય ત્યારે આ જ લેખક ઘરગથુ શબ્દો અને વાક્યરચનાઓનો પણ ઉપયોગ કરે છે. ગમે તેવી સંસ્કૃતમયતામાં પણ એમની વાક્યરચના તો સરળ અને સહજ સમજાય એવી હોય છે. એમાં કોઈ પણ પ્રકારની જટિલતા કે જરૂરથી વધુ દીર્ઘતા હોતી નથી. ગદ્યમાં અલંકારોની પણ જ્યાં જરૂર જણાઇ ત્યાં એમણે છૂટથી અલંકારો આવવા દીધા છે. ત્રીજી સાહિત્ય પરિષદ વિશેનો એમનો લેખ જુઓ. એમાં સાહિત્યહૈયે વસતા ચૈતન્યને વૃક્ષના ઉછેરની ઉપમા રુચિપૂર્વક આપી એને દૃષ્ટાંતમૂલક કરીને ત્રણેક પાનાં સુધી મનોહર ચર્ચા એમણે કરી છે. તોપણ આવા અલંકારો જ્યાંત્યાં પ્રવેશ મેળવવાના અધિકારી નથી. યોગ્ય સ્થળે વિવેકપૂર્વક જ લેખક એનો ઉપયોગ કરે છે.

એમના વિવેચનસાહિત્યનો મહત્ત્વનો એક ગુણ તે સમન્વય છે. સમન્વયની વૃત્તિ એમના સ્વભાવમાં જ હતી. આ સમન્વય એટલે કેટલાક મશ્કરીમાં કહે છે તેમ દૂધ અને દહીં બંનેમાં પગ રાખવાની કે બાંધછોડની જ માત્ર વૃત્તિ નહિ. જીવનમાં એકમેકથી અત્યંત વેગળા, પરસ્પર-વિરોધી અંશોમાં સમાન તત્ત્વ ખોળી કાઢી યા તો બંનેને જીવનમાં આવશ્યક ઉભય અંગો સમજપૂર્વક દર્શાવી આપનારી શક્તિને જ સમન્વયની વૃત્તિ કહી શકાય. એ શક્તિ હોવી કે મેળવવી એ રમત વાત નથી. આપણા વિવિધ વાડાબદ્ધ સાહિત્યજગતમાં એમના જેવા સમન્વયવાદી વિદ્વાન વિવેચકોની અછત છે. સમન્વયની શક્તિ કેવું મહત્ત્વનું કાર્ય કરી શકે છે તે સમજવા એક જ ઉદાહરણ બસ છે. આપણે ત્યાં કલાસિકલ અને રોમૅન્ટિક સાહિત્યની ચર્ચાઓ ખૂબ વર્ષો સુધી ચાલી અને એ માંડ સૂતેલું ભૂત આજે પણ પાછું કોઈ છંછેડે તો નવાઈ નહિ! શ્રી. મુનશીએ રોમૅન્ટિક સાહિત્ય એ જ ઉત્તમ અને જીવનથી ભરપૂર એવા પૂર્વગ્રહથી આપણા પ્રાચીન સાહિત્યને ઉતારી પાડ્યું. કેટલાક વિવેચકો આપણા લેખકો ને કવિઓમાંથી કયો કલાસિકલ અને કયો રોમૅન્ટિક કહેવાય તે નિર્ણય કરવા બેઠા. અને એકના એક લેખકને એકે કલાસિકલ અને બીજાએ રોમૅન્ટિક કહ્યો! આની પાછી તકરાર ચાલી. શ્રી. રામનારાયણ પાઠકે એમની લાક્ષણિક ઢબે કહ્યું કે ભાઈઓ! આ પારકી પીડા આપણે શી વહોરવી? એ પશ્ચિમના વિવેચકોને તો હજી નક્કી કરવા દો કે શું કલાસિકલ અને શું રોમૅન્ટિક કહેવાય? શ્રી. વિશ્વનાથ ભટ્ટે કહ્યું કે ના, ના, કલાસિકલ અને રોમૅન્ટિક એ કંઈ વિલાયતી તત્ત્વો નથી. અને એમ માની એમનો બહિષ્કાર પણ કરવાનો નથી. એ તો માનવમાત્રમાં વસેલી વૃત્તિ છે. શ્રી. મુનશીને પણ એમણે સચોટ રદિયો આપ્યો. વળી એ શબ્દોના ગુજરાતી નામકરણનું પણ લાંબું પીંજણ ચાલ્યું. એ ઊહાપોહ અને શોરબકોરની વચ્ચે અત્યંત શાંતિ અને ગૌરવપૂર્વક પ્રવેશી આનંદશંકરભાઈએ કહ્યું કે, " ઉત્તમ કવિતા એ જ છે કે જેમાં શબ્દ ને અર્થના સંશ્લેષની પેઠે સંયમ (classical) અને ઉલ્લાસનો (Romantic) નો પણ સંગમ થયો હોય." * આ રીતે આખી ચર્ચા એમણે સંકેલી લીધી, એટલું જ નહિ પણ સાહિત્યમાં એક અતિ મહત્ત્વનો આદર્શ લગભગ સૂત્રાત્મક શબ્દોમાં રજૂ કર્યો.

કલાસિકલ અને રોમૅન્ટિકની ચર્ચા સમેટી લેવામાં જેમ એમણે અગત્યનો ભાગ લીધો, તેમ એનાથી ઊલટે પક્ષે કેટલીકવાર સાહિત્યમાં એમના વિચારોમાંથી નવીન ચર્ચાઓ પણ સ્ફુરી છે. નરસિંહ મહેતાના સમયનો પ્રશ્ન એમણે પ્રથમ દાખલા દલીલસહિત ચર્ચ્યો અને પછી એ ચર્ચાપ્રવાહ ચાલ્યો તે ચાલ્યો.

કવિતા આદિ શુદ્ધ સાહિત્યથી જેમ કવિઓ કેટલીકવાર નવાં ધોરણો અને નવી રુચિ ઉત્પન્ન કરે છે, તેમ સામે પક્ષે વિવેચન પણ નવાં ધોરણો અને નવી રુચિ ઘડવા શક્તિમાન થાય છે. લાંબા સમય સુધી અમુક આદર્શને લક્ષ્ય કરી સાહિત્યમાં વિવેચનપ્રવૃત્તિ ચલાવનાર વિદ્વાન નિઃશંક સાહિત્યમાં નવાં ધ્યેયો અને નવા વિચારો પોષે છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો આનંદ-

---

* જુઓ 'કાવ્યતત્ત્વવિચાર', પૃ. ૫૭

શંકરભાઈએ અમુક પુસ્તકો કે લેખકોના ગુણદોષની પરીક્ષા કરી તેમાં એમની સાહિત્યસેવા સમાપ્ત થઇ નથી; અથવા સ્વ. કેશવલાલભાઈ જેવા સંસ્કૃતના વિદ્વાને કરેલાં સંસ્કૃત નાટકોનાં ભાષાન્તરોની મહત્તા સાથે મર્યાદા દર્શાવી તેમાં જ, કે એક સુંદર ગદ્યશૈલી ઘડી આપી તેમાં પર્યાપ્ત થતી નથી. પરંતુ સાહિત્યના પ્રવાહને અમુક દિશામાં વાળ્યો છે, તેમાં જરૂર પડી ત્યારે સ્થિર કર્યો છે અને હરહમેશ સાચો પથ સાહિત્યના એક તત્ત્વજ્ઞની શ્રદ્ધાથી દર્શાવી આપ્યો, તેમાં તે છે.

કવિતાને આત્માની કલા તરીકે સ્થાપી એમણે જ. હૃદયના વિકારોમાં જ કવિતાનું ઊગમસ્થાન જોનારને ‘મહાભારત’ અને ‘ઇલિયડ’ જેવાં ઉદાત્ત મહાકાવ્યોને ઉત્તમ કહેતાં મૂંઝવણ થતી, કારણ કે તેમાં ઊર્મિ જ સર્વથા મૂલગામી વૃત્તિ જણાતી નથી. આખરે તેમને એમ કહેવું પડયું કે કલ્પના કે બુદ્ધિની પણ અમુક ઉત્કટ અવસ્થા એ ઊર્મિ જ છે! બુદ્ધિનું સ્થાન તો અધમ કાવ્યમાં જ હોય એવું કંઈક મનાતું અને હીનચાતુરી એટલે બુદ્ધિ એવો જાણ્યે અજાણ્યે અર્થ થતો. કવિતાને આત્માની કલા માનવાથી ઉપરના અપવાદોમાંથી ઊગરી જવાય છે, એટલું જ નહિ પરંતુ કલા માટે એક ઉત્તમ આદર્શ પ્રાપ્ત થાય છે. કલા અને નીતિના સૂક્ષ્મ સંબંધ પ્રત્યે પણ એક નવીન જ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

કવિ ક્રાન્તદર્શી છે અને પોતાના કલ્પનાચક્ષુથી એ જે સૃષ્ટિ નિહાળે છે એ જ વાસ્તવિક છે અને આપણે જોઈએ છીએ તે જગત ખોટું છે, એ સિદ્ધાન્ત એમણે તત્ત્વજ્ઞાનના આદર્શવાદને લક્ષમાં રાખી વર્ષો સુધી એકસરખા ઉત્સાહથી પ્રતિપાદિત કર્યો અને પ્લેટોને ઍરિસ્ટૉટલે આપેલા ઉત્તર કરતાં પણ પોતે અમુક અંશમાં વધુ સમર્થ ઉત્તર આપ્યો છે. એમના જીવનના ઉત્તર ભાગમાં વાસ્તવવાદી સાહિત્ય પ્રત્યે વાચક તેમ જ લેખકગણોનો પક્ષપાત વધતો જોઈ ઉપરનો સિદ્ધાન્ત એ ફરીફરી ઉચ્ચારતા થાકતા નહિ.

આ ઉપરાંત ક્લાસિકલ અને રોમૅન્ટિક સાહિત્ય વિશે એમણે રજૂ કરેલો સાચો મધ્યમ માર્ગ અને અન્ય અનેક નાનાંમોટાં પ્રસંગોપાત્ત ઉચ્ચારેલાં સાહિત્યસૂત્રો, આપણા સાહિત્યમાં એક અત્યંત સંસ્કારી કોમળ છતાં સ્વસ્થ સાહિત્યરુચિ ઘડી ગયાં છે.

ઉત્સાહપૂર્વક મૂલ્ય-
સાહિત્ય પરિષદો તેમ જ અન્ય સંમેલનો વિશે એમણે જે વખતોવખત
વાન સૂચનો કરેલાં એ ઘણાં મહત્ત્વનાં છે. સાહિત્ય પરિષદનું નાવ જે વારંવાર બંધારણના
ખડક પર ઠોકરાઇ પડે છે તે બંધારણને તેઓ યોગ્ય રીતે જ એક ગૌણ પ્રશ્ન લેખતા હતા,
અને પરિષદના કર્તવ્યની સીમારેખા દોરી તે પ્રત્યે જ એના સૂત્રધારોનું લક્ષ એ ખેંચતા. કેળ-
વણી અને સાહિત્યના સંબંધની પણ એમણે ચર્ચા કરી છે. ગુજરાતનાં છેલ્લાં ૬૦ વર્ષનો
કેળવણીનો ઇતિહાસ કોઇએ લખવો જોઈએ એવી ઇચ્છા એમણે પ્રસંગે પ્રસંગે વ્યક્ત કરી
છે. ઉચ્ચ શિક્ષણ માટે કેળવણીનું શિક્ષાવાહન અંગ્રેજી રાખવું, માતૃભાષા નહિ એવો એમનો
આગ્રહ હતો. એ માન્યતા એમની પાછળથી ફેરવાઈ. દૃષ્ટિબિંદુના આ પરિવર્તનનો ઇતિહાસ
પણ રસિક હોવો જોઇએ. આ વિચારણાઓથી પણ વિશેષ મહત્ત્વની એમની વિચારણાઓ તે

ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના વિશેની છે. એમાં પણ, એક પક્ષે, પ્રાચીન આશ્રમો અને બીજે પક્ષે પશ્ચિમની મધ્યકાલીન અને આધુનિક વિદ્યાપીઠોના આદર્શના સમન્વયમાં જ ગુજરાત યુનિવર્સિટીનું પોતાનું પ્રિય સ્વપ્ન સાક્ષાત્ કરવાની એમની અભિલાષા હતી.

એમનાં વિવેચનનો જોઈએ તેટલો લાભ, છેલ્લી વીશીના અને વિશેષે છેલ્લા દાયકાના સાહિત્યને મળ્યો નહિ, એ એક ખેદજનક પરિસ્થિતિ ગણાય. એ સમય દરમિયાન ઘડાયેલાં અને વધુ પ્રિય બનેલાં સાહિત્યસ્વરૂપો વિશે એમના અભિપ્રાયો કે માર્ગદર્શન ઓછા જ પ્રમાણમાં મળી શક્યાં. એનું મુખ્ય કારણ એમની દિનપ્રતિદિન શિથિલ થતી જતી પ્રકૃતિ અને તે કારણે 'વસંત'ના પ્રકાશનમાં પણ વધુ ને વધુ અનિયમિતતા આવી ગઈ તે હતું. ટૂંકી વાર્તાની કલા વિશે, તેના ભવિષ્ય વિશે એમણે અછડતી જ ચર્ચા કરી છે. કરુણપ્રશસ્તિ સિવાય અન્ય અર્વાચીન કાવ્યસ્વરૂપો વિશે પણ એમણે ખાસ કાંઇ કહ્યું નથી. કાવ્યમાં છંદના પ્રયોગો, ગેયાગેયતાનો પ્રશ્ન આદિની છણાવટ એમને હાથે થઈ શકી નહિ. એ રીતે અર્વાચીન સાહિત્યજીવનના દિવસે દિવસે વધુ અગત્યના બનતા જતા પ્રશ્નો વિશે એમની વિદ્વત્તાનો લાભ ગુજરાતને મળ્યો નહિ તે સાચે જ શોચનીય પરિસ્થિતિ છે.

સાહિત્ય, શિક્ષણ, તત્ત્વજ્ઞાન, સામાજિક અને રાજકીય પરિસ્થિતિ, ઇતિહાસનું તત્ત્વચિંતન ઇત્યાદિ વિષયોમાં હરહંમેશ, કંઇ ને કંઈ અવનવીન અને મૌલિક ચિંતન કરનારી આ સર્વતોમુખી પ્રતિભાએ ગુજરાતી સાહિત્ય અને જીવનની કરેલી સેવા વિશે કેટલાકને અસંતોષ રહે છે તે વાજબી છે? ચાળીસ વર્ષના લાંબા પટમાં કરેલી સાહિત્યપ્રવૃત્તિ પ્રમાણમાં આપણને અલ્પ લાગે એ ખરું, પણ એનું ખરું મૂલ્ય તો એણે કરેલી ઊંડી અસરથી માપવાનું છે. એ દૃષ્ટિએ જોતાં એમની પ્રતિભાને વંધ્ય લેખનારે તો એમને અન્યાય જ કર્યો છે એમ કહ્યા વગર છૂટકો નથી.

અત્યંત તર્કબદ્ધ અને અર્થઘન વાક્યાવલિ એના સ્વાભાવિક ક્રમમાં જ આવે, છતાં યંત્રવત્ બને નહિ, સજીવ અને ચેતનવંત રહે, તોપણ એ ચેતન કૃત્રિમ તનમનાટ કે થનગનાટમાં પરિણમે નહિ, પણ સ્વસ્થ અને ઉદાત્ત ચિત્તના પરિપાકરૂપ—એવી આ લખાવટ એક બેનમૂન ગદ્યશૈલી ઘડી આપે છે. ગગનવિહારી નહિ છતાં પૃથ્વીની છેક સપાટીએ પણ રહેનારી નહિ, અસ્ખલિત વહી જાય તોપણ ધોધમાર પડે નહિ, પરંતુ શાન્ત, સ્વચ્છ નદી ચાલી જાય એવી સ્વ. કાન્તની કવિતાશી સુમધુર અને પ્રાસાદિક આ શૈલી છે. નરસિંહરાવના અતિદીર્ઘતા અને વિષયાન્તરના દોષથી મુક્ત, મિતાક્ષરી, પ્રો. ઠાકોર જેવી વિગતપ્રચૂર નહિ પણ મીઠી મીઠી વ્યંજનાથી આનંદ પમાડનારી, શુચિતા અને પાવિત્ર્ય, શાન્તિ અને ગાંભીર્યનું અખંડ ભાન કરાવનારી એ શૈલીના જનકને વંદન હો !

નિરુક્ત

[અધ્યાય બીજો, ખંડ એકથી ચાર : વ્યુત્પત્તિશાસ્ત્રને લગતાં]

પ્રો. ડોલરરાય ર. માંકડ

ખંડ પહેલો

હવે વ્યુત્પત્તિ. તેમાં જેનાં સ્વર અને વ્યાકરણવિષયક રૂપો પૂર્ણ હોય અને જે ઘણા જ જુદા તરી આવે તેવા વિકારવાળા હોય તે (શબ્દો)ની વ્યુત્પત્તિ સામાન્ય રીતે કરવી.[૧] પણ અપૂર્ણ અર્થ હોય અને જુદો તરી આવે તેવો વિકાર ન હોય તો બીજા કર્મનાં સામ્યથી તેના સામાન્ય અર્થની પરીક્ષા કરવી.[૨] (કર્મનું) સામ્ય પણ ન હોય તો અક્ષરના સામ્યથી વ્યુત્પત્તિ કરવી, પણ ન કરવી એમ તો નહિ જ.[૩] વળી વ્યાકરણવિષયક રૂપને બહુ વળગવું નહિ. એ રૂપો અપવાદથી ભરપૂર હોય છે.[૪] અર્થને અનુરૂપ વિભક્તિઓ સમજાવવી.[૫]

---

૧. આ પહેલા ખંડમાં યાસ્ક વ્યુત્પત્તિશાસ્ત્રના કેટલાક સામાન્ય નિયમો અને ઉત્સર્ગો આપે છે. કેટલાક શબ્દો એવા હોય છે, જેના મૂળ ધાતુ વિશે આપણને શંકા જ ન રહે, કેમકે એનું વ્યાકરણવિષયક રૂપ પૂર્ણ હોય, એટલે કે મૂળ ધાતુમાંથી એનું અત્યારનું રૂપ કેમ થયું છે તેનાં બધાં સ્થિત્યન્તરોની આપણને જાણ હોય અને તેથી કરીને જેની વ્યુત્પત્તિ આપણને શંકારહિત સ્પષ્ટ થઈ જતી હોય. આવા શબ્દોના વ્યુત્પત્તિ વિશે તો મુશ્કેલી રહે જ નહિ. એનો મૂળ ધાતુ સ્પષ્ટ રીતે સમજાય તે જ હોય.

૨. પણ કેટલાક શબ્દોમાં એના મૂળ ધાતુ વિશે શંકા રહે તેવું હોય, કેમકે એનુ રૂપ જ આપણને પૂરું સમજાતું ન હોય. આવા શબ્દોમાં એના જ અર્થના બીજા શબ્દના સામ્યથી વ્યુત્પત્તિ કરવી. જેમકે આચાર્યને યાસ્ક आ+चिમાંથી પણ વ્યુત્પન્ન કરે છે. એમાં આચાર્યનું રૂપ બરાબર ન સમજાયું તેથી એના જેવો શબ્દ લઈને आचिनोत्यर्थानित्याचार्यः એમ એની વ્યુત્પત્તિ આપી છે. આ ઉત્સર્ગ આપણે જેને analogy કહીએ છીએ તે છે.

૩. જ્યાં અર્થસામ્ય પણ ન હોય ત્યાં શું કરવું ? યાસ્ક કહે છે કે એવા વિષયમાં માત્ર વર્ણસામ્યથી પણ વ્યુત્પત્તિ કરી બતાવવી, પણ સાવ ન કરવી એમ ન કરવું. આ વર્ણસામ્યનો ઉત્સર્ગ ઘણો જ જોખમભરેલો અને અશાસ્ત્રીય બની જવાનો સંભવ છે.

૪. આ ખંડના છેલ્લા ભાગ ઉપરથી સમજાશે કે યાસ્કના વખતમાં જ વૈદિક ભાષાનાં કેટલાંયે રૂપો અપવાદરૂપ ગણાવા લાગ્યાં હતાં અને એનું મૂળ ભુલાઈ ગયું હતું. અને તુલનાત્મક ભાષાશાસ્ત્રની જાણ એ વખતે નહોતી તેથી યાસ્ક આવા શબ્દોમાં વ્યાકરણના રૂપને વળગવાની ના પાડે છે. અલબત્ત આમાં શાસ્ત્રીય દૃષ્ટિએ અચોક્કસતા જ છે.

૫. કર્તા, કર્મ વગેરેના અર્થ મુજબ વિભક્તિઓ સમજાવવી.

प्रत्तम्, अवत्तम्, વગેરેમાં ધાતુનો પહેલો ભાગ જ રહે છે.[૬] વળી अस्‌માં વિકારક પહેલાં આદિલોપ થાય છે, स्तः सन्ति વગેરે.[૭] વળી અન્તલોપ થાય છે, गत्वा, गतम् વગેરે.[૮] વળી ઉપાન્ત્યલોપ થાય છે, जग्मतुः, जग्मुः વગેરે.[૯] વળી ઉપાન્ત્યનો વિકાર થાય છે, राजा, दण्डी વગેરે.[૧૦] વળી એક વર્ણનો લોપ થાય છે, तत्त्वा यामि.[૧૧] વળી એ વર્ણોનો લોપ થાય છે, तृचः[૧૨] વળી ધાતુના આદિભાગમાં વિપર્યય થાય છે, ज्योतिः, घन, बिन्दु, वाटय વગેરે.[૧૩] વળી આદિ અને અન્ત્યનો વ્યત્યય થાય છે, स्तोक, रज्जु, सिकता, तर्कु.[૧૪] વળી (ધાતુના) અન્ત્યભાગમાં ફેર થાય છે, ओघः, मेघ, नाध, गाध, वधू, मधु, વગેરે.[૧૫] (જુઓ આગળ) વળી વર્ણનો વધારો થાય છે, आस्थत्,

---

૬. હવે કેટલાક ઉચ્ચારશાસ્ત્રાત્મક ઉત્સર્ગો (Phonetic laws) આપે છે.

प्र+दत्तम् નું प्रत्तम् અને अव+दत्तम् નું अवत्तम् થઈ જાય છે તેમાં ધાતુનો પહેલો ભાગ જ રહે છે એમ યાસ્ક કહે છે. આ બન્ને દૃષ્ટાન્તોમાં ધાતુ दा છે. તેના ક. ભૂ. કૃ.નાં રૂપ दत्तम्—માંથી 'द्' ઊડી ગયો છે, એટલે કે પ્રથમાક્ષર ઊડી ગયો છે. પણ યાસ્ક તો ધાતુનો પહેલો ભાગ જ રહે છે એમ કહે છે. તેથી આપણે આ બન્ને દૃષ્ટાન્તોમાં સોપસર્ગ ધાતુ प्रदा કે अवदा જ ગણવો જોઈએ. તો જ એમ કહી શકાય કે ધાતુનો પ્રથમ ભાગ प्र અને अव રહ્યા છે.

૭. स्तः, सन्ति વગેરેમાં મૂળ ધાતુ अस्‌નો આદિ વર્ણ अ લોપાયો છે.

૮. गत्वा, गतम् વગેરેમાં મૂળ ધાતુ गम्‌ના અન્ત્યના म् નો લોપ થયો છે.

૯. जग्मतुः, जग्मुः વગેરેમાં મૂળ ધાતુ गम्‌ના ઉપાન્ત્ય વર્ણ अ નો લોપ થયો છે. આ ઉત્સર્ગ જેને ablaut કહે છે તેને લગતો છે.

૧૦. राजा, दण्डी વગેરેમાં મૂળ શબ્દ राजन् અને दण्डिन्‌ના ઉપાન્ત્ય સ્વર अ અને इ નો અનુક્રમે आ અને ई થયો છે, એટલે ઉપાન્ત્યનો વિકાર થયો છે. અલબત્ત આમાં ઉપરના ત્રીજા ઉત્સર્ગ મુજબ અન્ત્ય લોપ પણ થયો જ છે

૧૧. तत् त्वा यामि માં यामि ને याचामिનું અપૂર્ણ રૂપ ગણાય છે. તેથી એમાં चाનો લોપ થયો ગણવો.

૧૨. तृचःમાં મૂળ त्रि+ऋक्‌માંથી त्रिના र् અને इ બન્નેનો લોપ થયો છે. આમ: त्+ऋक्=तृचः

૧૩ ज्योतिः વગેરેમાં ધાતુના આદિભાગમાં વર્ણવિપર્યય થાય છે તે આમ:

द्युत्=द्+युत्=ज्+युत्=ज्युत्=ज्योत् (द् નો ज्)   हन्=घन्=घन (ह् નો घ्)
भिन्द्=बिन्द्=बिन्दु (भ् નો ब्)   भाट्=वाट्=वाटय (भ् નો व्)

૧૪. स्तोक વગેરે શબ્દોમાં આદિ અને અન્ત્ય વર્ણનો વ્યત્યય થાય છે.

श्चुत्=श्+च्+उ+त् માં આદિ श् અને અન્ત્ય च् ની ફેરબદલી નથી થઈ, પણ આદિ श् નો स् થયો છે અને અન્ત્ય त् નું च्‌ની સાથે સ્થાનાન્તર થયું છે. रज्जुને सृज्‌માંથી વ્યુત્પન્ન કરે છે. सृज्=रस्ज्=जर् એમ ગણીએ તો એમ કહી શકાય કે जर् ધાતુમાં ज् અને र्‌નો વ્યત્યય થયો છે. सिकताને कस् ધાતુમાંથી વ્યુત્પન્ન કરે છે, कस्=सक्=सिक् વગેરે. આમાં कस् માં स् અને क्‌નો વ્યત્યય થયો ગણાય. तर्कुને कृत्‌માંથી વ્યુત્પન્ન કરે છે. कृत्=कर्त्=तर्क्=तर्कु. આમાં कर्त्‌માં क् અને त्‌નો વ્યત્યય થયો ગણાય. આ ઉત્સર્ગ જેને આપણે વર્ણવ્યત્યય (metathesis) કહીએ છીએ તે છે. પણ ઉપરની વ્યુત્પત્તિઓમાં શાસ્ત્રીયતા બધે ય જળવાઈ નથી.

૧૫. ओघ વગેરેમાં ધાતુના અન્ત્ય ભાગમાં જ ફેરફાર થાય છે.

द्वार, मज्जा.[૧૬] વળી જ્યારે ધાતુમાં સ્વરની લગોલગ અન્તઃસ્થ આવે ત્યારે તે બે શબ્દોનું મૂળ થાય છે. તેમાં જો સિદ્ધ રૂપ એક અંગમાંથી ન સાબિત થતું હોય તો બીજું અંગ તપાસવું. તેમાં પણ કેટલાંક તો કોઈક વખતે જ વપરાય છે, જેમકે ऊति, मृदु, पृथु, पृषतः, कुणारुम् વગેરે.[૧૭]

વળી લૌકિક ધાતુમાંથી વૈદિક નામો સધાય છે, જેમકે दमूनाः, क्षेत्रसाधाः તેમ જ વૈદિક (ધાતુમાંથી) લૌકિક (નામો સધાય છે,) જેમકે उष्णम्, घृतम्.[૧૮]

વળી કેટલાક મૂળ રૂપ વાપરે છે, તો કેટલાક વિકૃત રૂપ વાપરે છે. ધા.शिव् જવું કંબોજોમાં જ વપરાય છે. કમ્બોજ, કમ્બલથી આનન્દ માનનાર કે કમનીય ચીજથી આનન્દ માનનાર; કમ્બલ કમનીય હોય છે. આનું વિકૃત રૂપ शव આર્યોમાં વપરાય છે. ધા.दा કાપવું પૂર્વના લોકોમાં,

---

ओघ=ધા.वह्માંથી છે. તેમાં અન્ત્ય ह्નો घ् થયો છે. मेघ=ધા.मिह्માંથી છે તેમાં અન્ત્ય ह्નો घ् થયો છે. नाघ=ધા.नाथ्માંથી છે. તેમાં અન્ત્ય थ् નો घ् થાય છે. गाघ=ધા.गाह्માંથી છે. તેમાં અન્ત્ય ह् નો घ् થાય છે. वघू=ધા.वह्માંથી છે. તેમાં અન્ત્ય ह्નો घ् થયો છે. मघु=ધા.मद्માંથી ગણાય છે. તેમાં અન્ત્ય द् નો घ् થયો છે.

૧૬. आस्थत् વગેરેમાં એક વર્ણનો વધારો થાય છે.
आस्यत्ને अस्માંથી વ્યુત્પન્ન કરીને તેમાં य्નો વધારો થયો છે એમ મનાય છે. द्वार ને ધા.वृમાંથી વ્યુત્પન્ન કરીને તેમાં द्નો વધારો થયો છે એમ મનાય છે. मज्जा ને ધા.मज्ज्માંથી વ્યુત્પન્ન કરીને એમાં अનો વધારો થયો છે એમ મનાય. આ ઉત્સર્ગને anaptyxis કહી શકાય.

૧૭. સ્વરની લગોલગ અન્તઃસ્થ જેમાં હોય તેવા ધાતુમાંથી બે શબ્દો નિષ્પન્ન થાય છે. તેનાં ऊति વગેરે દૃષ્ટાન્તો છે.

ધા.अव्માં સ્વર अ અને અન્તઃસ્થ व् લગોલગ છે. તેમાંથી ऊति અને अवन એમ બે શબ્દો વ્યુત્પન્ન થાય છે. ધા.म्रद् માં र्+अ છે. તેમાંથી मृदु અને मार्दव વગેરે થાય છે. ધા.प्रथ्માં र्+अ છે. તેમાંથી पृथु, प्रथन વગેરે થાય છે. ધા.प्रुष् માં र्+उ છે તેમાંથી पृषतः, पृश्नि વગેરે થાય છે. ધા.क्वण् માં व्+अ છે. તેમાંથી कुणारुम्, क्वणन વગેરે થાય છે.

૧૮. અહીં યાસ્ક વૈદિક ભાષા એટલે તે વખતની સાહિત્યકીય ભાષા અને લૌકિક ભાષા એટલે બોલાતી ભાષાની વાત કરે છે. એના વખતમાં કેટલાક શબ્દો એવા હતા જેના ધાતુઓ લૌકિક બોલીમાં જ વપરાતા પણ એના ઉપરથી નિષ્પન્ન થતાં નામો વૈદિક ભાષામાં જ વપરાતાં, એટલે કે લૌકિક બોલીમાં એ નામો ન વપરાતાં અને વૈદિક ભાષામાં એ ધાતુઓ વપરાતા. આવાં નામોને વ્યુત્પન્ન કરવામાં લૌકિક ધાતુઓનો જ આશ્રય લેવો પડતો. તેવી જ રીતે કેટલાક ધાતુઓ વૈદિક ભાષામાં જ વપરાતા અને એમાંથી નિષ્પન્ન થયેલાં નામો જ માત્ર (તે તે ધાતુઓ નહિ) બોલીમાં વપરાતાં. આવાં નામોની વ્યુત્પત્તિ કરવામાં વૈદિક ધાતુઓનો જ આશ્રય લેવો પડતો. આ બતાવે છે કે યાસ્કના વખતમાં બોલાતી ભાષા (પ્રાકૃત) અને વૈદિક ભાષા વચ્ચે સારી પેઠે તફાવત પડવા માંડ્યો હતો. दमूनाः (ઘર) ધા.दम् ઉપરથી ગણાય છે. क्षेत्रसाधाःમાં ધા.साध् છે. આ ધા.दम् અને ધા.साध्ને યાસ્ક લૌકિક ગણે છે. उष्ण ધા.उष् ઉપરથી અને घृतम् ધા.घृ ઉપરથી છે. તે બન્નેને યાસ્ક વૈદિક ધાતુઓ ગણે છે.

दात्रम् પશ્ચિમના લોકોમાં વપરાય છે.[૧૯] આમ એકલા શબ્દો વ્યુત્પન્ન કરવા.

પણ તદ્ધિત રૂપમાં અને એક કે અનેક અવયવવાળા સમાસમાં ક્રમવાર એક પછી એક જુદા કરીને (શબ્દો) વ્યુત્પન્ન કરવા. दण्ड्यः पुरुषः દંડને લાયક છે કે દંડથી સધાય છે. दण्ड ધા.दा ધારણ કરવું ઉપરથી. अक्रूरो ददते मणिम् (અક્રૂર મણિ ધારણ કરે છે.) એમ વપરાય છે. દમન ઉપરથી (દમન કરે છે માટે) दण्ड એમ ઔપમન્યવ.[૨૦] दण्डमस्याकर्षत ('તેનો દંડ કરો' અથવા તેનો દંડ ખેંચી લે છે કે તેનું અપમાન કરે છે.') તે નિન્દાવાચક છે. कक्ष्या એટલે ઘોડાનું દોરડું. કાખતી આસપાસ જાય છે. कक्ष (શબ્દ) ધા.गाह्+क्ष પ્રત્યય ઉપરથી કે ધા.ख्या ઉપરથી નિરર્થક દ્વિરુક્તિ થઈને. તેમાં જોવા જેવું શું છે? અથવા ધા.कष् ઉપરથી. આના સામ્ય ઉપરથી મનુષ્યની કાખ અને તે કાખના સામ્ય ઉપરથી અશ્વની.[૨૧]

ખંડ ત્રીજો

રાજાનો પુરુષ તે રાજપુરુષ. राजा ધા.राज् ઉપરથી. પુરુષ એટલે पुरिषाद (પુરમાં=શરીરમાં બેસનાર) અથવા पुरिशय (પુરમાં સૂનાર) અથવા ધા.पॄ ઉપરથી. અંદરનો ભાગ પૂરે છે—અંતરાત્મા સમ્બન્ધી.[૨૨]

"આ બધું જગત તે અંતરાત્માથી પુરાયું છે, જેનાથી પર કે અપર કંઈ નથી, જેનાથી નાનું કે મોટું કંઈ નથી અને જે વૃક્ષનીપેઠે આકાશમાં સ્થિર ઊભે છે." આ પણ વૈદિક મંત્ર છે.

---

[૧૯] અહીં યાસ્ક પ્રાન્તીય બોલીની વાત કરે છે. જેવો સમ્બન્ધ ઉપરના ટિપ્પણમાં વૈદિક ભાષા અને સામાન્ય લૌકિક બોલી વચ્ચે બતાવ્યો તેવો જ સમ્બન્ધ જુદીજુદી પ્રાન્તીય બોલીઓ વચ્ચે પણ હતો. યાસ્કે આપેલાં દૃષ્ટાન્તો સ્પષ્ટ જ છે. આનો અર્થ એટલો જ કે આપણે જે પ્રાન્તીય પ્રાકૃતોની (માગધી, શૌરસેની વગેરેની) વાતો કરીએ છીએ, તે ત્યારે પણ સ્પષ્ટ થવા માંડી હતી.

વચમાં પ્રસંગાનુસાર કમ્બોજની વ્યુત્પત્તિ આપી છે. कम्+बोज (भोज) એમ ગણીને કમ્બલ ભોગવનાર તે કમ્ભોજ કમ્બોજ, એમ એક, અને કમનીય ચીજ ભોગવનાર તે કમ્ભોજ, કમ્બોજ એમ બીજી વ્યુત્પતિ એ શબ્દની આપી છે.

[૨૦] दण्ड्य તદ્ધિત રૂપ છે. તેની બે વ્યુત્પત્તિ આપી છે. ધા.दा ધારણ કરવું ઉપરથી એક, અને બીજી ઔપમન્યવના મત મુજબ ધા.दम् દમન કરવું ઉપરથી. ધા.दा ધારણ કરવુંના અર્થમાં વપરાય છે તેના દૃષ્ટાન્ત તરીકે अक्रूरो ददते मणिम्નો દૃષ્ટાન્ત આપ્યો છે.

[૨૧] અહીં कक्ष्याની વ્યુત્પત્તિ માટે ત્રણ ધાતુઓ આપ્યા છે: (૧) ધા.गाह्+क्ष પ્રત્યય, (૨) ધા.ख्या જેવું ઉપરથી દ્વિરુક્તિ=reduplication થઇને, खख्या—कख्या—कक्ष्या, (૩) ધા.कष् ઉપરથી. કક્ષ્યાનો મૂળ અર્થ 'ઘોડાનું દોરડું". પણ એ દોરડું કાખમાં થઈને બંધાય છે, તેથી લક્ષણાથી કક્ષ્યાનો કાખ થયો, એમ યાસ્કનો મત છે.

[૨૨] पुरुषની વ્યુત્પત્તિ માટે ત્રણ ધાતુ આપ્યા છે. पुरि+ધા.सद्; पुरि+शी(शय्) અને ધા.पॄ પૂરવું. આ બધાના મૂળમાં મનુષ્યના શરીરમાં કોઈક અંતરાત્મા બિરાજે છે એવી માન્યતા રહી છે. એ માન્યતાના ટેકામાં એક વૈદિક મંત્ર પણ યાસ્કે ઉપર ઉલ્લેખ્યો છે.

विश्वकद्राकर्षः (ધિક્કારપાત્ર કૂતરાંની પેઠે ખેંચે છે તે). वि અને चकद्र. चकद्र કૂતરાની ગતિ માટે વપરાય છે. द्राति એટલે ગતિ. कद्राति એટલે ધિક્કારપાત્ર ગતિ. चकद्राति તે कद्राति ઉપરથી નિરર્થક દ્વિરુક્તિ થઈને. તે તેમાં છે તે विश्वकद्र.[૨૩]

कल्याणवर्णरूपः કલ્યાણ વર્ણ જેવું જેનું રૂપ છે તે. कल्याण ઇચ્છવાલાયક હોય છે. वर्ण ધા.वृ ઉપરથી. रूप ધા.रूच् ઉપરથી.

આવી રીતે તદ્ધિત રૂપો અને સમાસોની વ્યુત્પત્તિ આપવી.

સમ્બન્ધરહિત (જુદા પડેલા) શબ્દો ન સમજાવવા—વ્યાકરણથી અનભિજ્ઞને, છાત્રાલયમાં ન રહેતો હોય તેવા શિષ્યને, આ (વ્યુત્પત્તિશાસ્ત્ર) સમજવાને અશક્ત હોય તેને. કારણ અજ્ઞાની હંમેશાં જ્ઞાનીની અદેખાઈ કરે છે. છાત્રાલયમાં રહેતાને સમજાવવા અથવા જે સમજવાને સમર્થ હોય તેને અથવા બુદ્ધિશાળીને અથવા ઉદ્યમીને.[૨૪]

ખંડ ચોથો

"ખરેખર વિદ્યા બ્રાહ્મણ પાસે ગઈ. 'મને રક્ષ, હું તારો ભંડાર છું. અદેખાઈવાળા પાસે, નીચ હૃદયવાળા પાસે, નિરુદ્યમી પાસે મને પ્રકાશજે નહિ. તો હું બળવાન થઈશ.

સુખી કરીને તથા અમૃત આપીને જે સત્ય વડે કર્ણને વીંધે છે તેને માતા અને પિતાની પેઠે માન આપવું તથા તેના તરફ દ્વેષભાવ ન રાખવો.

જે ભણેલા શિષ્યો ગુરુને મનથી, વચનથી અને કર્મથી માન આપતા નથી, તેને ગુરુ ભોજન નથી આપતા તેમ જ વિદ્યા પણ તેને પ્રસાદ નથી આપતી.

જે પવિત્ર અપ્રમત્ત વિદ્વાન અને બ્રહ્મચર્યનું પાલન કરવાવાળો હોય, (વળી) જે તારા પ્રતિ દ્વેષભાવી ન હોય તેની આગળ જ, હે બ્રહ્મન્, સંઘરવા માટે તું મને પ્રકાશ.'"

---

[૨૩] द्राति એટલે ગતિ. कद्राति એટલે ખરાબ ગતિ, કુત્સિત ગતિ. कद्रातिની નિરર્થક દ્વિરુક્તિ (redundant reduplication) થતાં ककद्राति–चकद्राति એમ થાય. એમાં विस् ભળતાં विश्वकद्र થયું. આમ દરેક અવયવ છૂટો પાડીને યાસ્કે વ્યુત્પત્તિ કરી બતાવી છે,

[૨૪] અનધિકારીને આમ છૂટા શબ્દો સમજાવતાં અનર્થ થવાનો સમ્ભવ છે, માટે અધિકારીને જ વ્યુત્પત્તિશાસ્ત્રના નિયમો સમજાવવા. આ વાત ઉપર યાસ્ક બહુ ભાર મૂકે છે. અને એના ટેકામાં ચોથા ખંડમાં આપેલા ચાર મંત્રો ઉલ્લેખે છે. આ એક શાસ્ત્ર છે અને અનધિકારીના હાથમાં આવી પડતાં એનો દુરુપયોગ થવાનો સંભવ છે.

હેમચન્દ્રનાં આદેશવિધાનો

પં. બેચરદાસ જીવરાજ દોશી

આ લઘુપ્રબંધમાં આચાર્ય હેમચન્દ્રનાં આદેશવિધાનો વિશે શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ વિચાર કરવાનો છે. આ૦ હેમચંદ્રે વ્યાકરણશાસ્ત્ર બાબત ગુજરાતને સ્વતંત્ર કરવા અને તે વિશેની ગુજરાતની પ્રતિષ્ઠા વધારવા સાંગોપાંગ [૧]'**સિદ્ધહેમશબ્દાનુશાસન**' નામનું એક સરળ, સુગમ અને ભાષાનો બોધ શીઘ્ર પમાડે તેવું વ્યાકરણ રચેલું છે, તેના ઉપર [૨]નાની, મોટી અને બૃહત્તર એવી ત્રણ ટીકાઓ પણ તેઓ પોતે લખી ગયા છે. તેમાં બધા મળીને આઠ અધ્યાય છે. સાત અધ્યાયો કેવળ સંસ્કૃત ભાષાની વ્યુત્પત્તિ વિશે લખાયા છે અને આઠમા અધ્યાયમાં પ્રાચીન તથા અર્વાચીન પ્રાકૃતભાષા ઉપરાંત શૌરસેની, માગધી, પૈશાચી અને અપભ્રંશ ભાષાની ઘટના સમઝાવેલી છે. એ આઠમા અધ્યાયના ચોથા પાદમાં ૪૪૮ સૂત્રો છે, તેમાં ૨૫૯ સૂત્રો ક્રિયાપદોની સમઝણ માટે મૂકેલાં છે. એમાં વધારે સૂત્રો ધાતુઓના આદેશ બતાવનારાં છે. એ જ અધ્યાયના બીજા પાદમાં પણ થોડાંક સૂત્રો નામોના આદેશોના વિધાન માટે આપેલાં છે. વળી, સંસ્કૃતના સાત અધ્યાયોમાં પણ અનેક સૂત્રો [૩]નામોના તથા [૪]ધાતુઓના આદેશોની સમઝણ આપનારાં છે; પરંતુ અહીં

---

[૧] આ વ્યાકરણના સમગ્ર પરિચય માટે જુઓ: 'ગુજરાતનું પ્રધાન વ્યાકરણ' એ નામનો મારો નિબંધ—'પુરાતત્ત્વ' વર્ષ ૪, અંક ૧—૨, પૃ૦ ૬૧થી.

[૨] નાની ટીકાનું નામ 'સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ' છે. તેને સૌથી પ્રથમ 'બનારસ યશોવિજયજી જૈન પાઠશાલા' તરફથી પ્રકટ કરવામાં આવેલી. મોટી ટીકાનું નામ 'સિદ્ધહેમ' અથવા 'સિદ્ધહેમશબ્દાનુશાસન બૃહદ્વૃત્તિ' છે. તેનું પરિમાણ લઘુવૃત્તિ કરતાં બમણું છે—અઢાર હજાર શ્લોક છે અને બૃહત્તરવૃત્તિનું નામ 'ન્યાસ' છે. તેનું પ્રમાણ ૮૪,૦૦૦ શ્લોક છે. ખેદ છે કે આ 'ન્યાસ' હમણાં પૂરો મળતો નથી. બૃહદ્વૃત્તિ છપાયેલી છે ખરી, પણ તે ઘણી જ અશુદ્ધ છપાયેલી છે.

[૩] 'कु' नो 'कत्' आदेश जुओ ३ । २ । १३० ।
'कु' नो 'का' ,, ,, ३ । २ । १३४ ।
'सह' नो 'स' ,, ,, ३ । २ । १४३ ।
'इदम्' नो 'ईत्' ,, ,, ३ । २ । १५३ ।
'किम्' नो 'कीत्' ,, ,, ३ । २ । १५३ ।
'विश्रवस्' नो 'रावण' ,, ,, ६ । १ । ६५ ।
'ऊर्ध्व' नो 'उप' ,, ,, ७ । २ । ११४ ।
ઇત્યાદિ અનેકાનેક સૂત્રો આદેશવિધાયક છે.

[૪] 'घ्रा' नो 'जिघ्र' आदेश जुओ ४ । २ । १०८ ।

એ વિશે વિચાર કરવાનો નથી. અહીં તો કેવળ આઠમા અધ્યાયના બીજા પાદ તથા ચોથા પાદમાં આવેલાં નામોના તથા ધાતુઓના આદેશો વિશે ચર્ચા કરવાની છે.

ઉક્ત ચર્ચા કરતાં પહેલાં આદેશવિધાનની પદ્ધતિ અને આદેશના સ્વરૂપ વિશે થોડી વીગત આપવાની છેઃ

ભાષ્યકાર મુનિશ્રી પતંજલિએ પોતાના ભાષ્યના [5]આરંભમાં "अथ शब्दानुशासनम्" એવું વચન નોંધેલું છે. તેનું વિવરણ કરતાં તેઓ જણાવે છે કે, "શબ્દોનો આરોવારો નથી તો પછી તેમનું અનુશાસન કેમ કરીને કરી શકાય? એકેએક શબ્દને નોંધી સાથે તે દરેકનો અર્થ નોંધી બતાવવો અને એ રીતે શબ્દોનું અનુશાસન સમઝાવી શકાય; પરંતુ આ ઉપાય શક્ય નથી. શબ્દો અનંત છે એથી તે એકેએક શબ્દની નોંધ કરવી જ શક્ય નથી તો પછી અર્થ સાથેની એવી નોંધની તો શી સ્થિતિ?"

ત્યારે શબ્દોનું અનુશાસન કેમ કરીને થશે? આ પ્રશ્નના ઉકેલ માટે ભારતવર્ષના પ્રાચીન વ્યુત્પત્તિવિશારદ વૈયાકરણોએ તે નિરવધિક શબ્દસમૂહને સંક્ષેપમાં સમઝાવવાની અને તેના અર્થોને પણ સુગમ રીતે સમઝવાની એક સરસ કૂંચી શોધી કાઢી છે અને તે આપણી પાસે 'ધાતુસંગ્રહ'ને નામે વિદ્યમાન છે. આપણા તે મહર્ષિઓએ એ પારવગરના શબ્દસાગરનું ગંભીર રીતે અવગાહન કર્યું, એકેએક શબ્દની અક્ષરઘટના તથા અર્થો પોતાના ચિત્તમાં અવધારી લીધા અને પછી અન્વય તથા વ્યતિરેકની પદ્ધતિ દ્વારા તે દરેક શબ્દોનાં મૂળો શોધી કાઢ્યાં. એ મૂળોનું જ નામ ધાતુસંગ્રહ વા ધાતુપાઠ. આવા મૂળરૂપ સંગૃહીત ધાતુઓ આશરે [6]બે હજારથી વધારે છે. કરોડો શબ્દોની

'अज्' नो 'वी' ,, ,, ४ । ४ । २ ।
'अस्' नो 'भू' ,, ,, ४ । ४ । १ ।
'चक्ष्' नो 'क्शा'
तथा 'ख्या' ,, ,, ४ । ४ । ३ ।
'सृ' नो 'धाव्' ,, ,, ४ । २ । १०७ ।

ઇત્યાદિ અનેકાનેક સૂત્રો ધાત્વાદેશવિધાયક છે.

પાણિનીયના વ્યાકરણમાં પણ આવાં જ આદેશવિધાયક સૂત્રો છે.

[5] जुओ महाभाष्यनो प्रारंभ--

"अनभ्युपायः एषः शब्दानां प्रतिपदपाठः । एवं हि श्रूयते--बृहस्पतिश्च प्रवक्ता, इन्द्रश्च अध्येता, दिव्यं वर्षसहस्रम्--अध्ययनकालः, न चान्तं जगाम ।"

[6] આખો ધાતુસંગ્રહ દસ ભાગમાં સંગૃહીત છે. તે દરેક ભાગનું નામ અને તેમાં સંગૃહીત ધાતુની સંખ્યા આ પ્રમાણે છેઃ

१ भ्वादिगण अथवा भूवादिगण	१०५८	धातुसंख्या
२ अदादिगण	७१	,,

અક્ષરઘટના તથા અર્થસંબંધ લક્ષ્યગત કરી અને તેમનું પરસ્પર તોલન કરી તેનાં મૂળો શોધવાં એ અસાધારણ પ્રતિભાનું કામ છે. જે અન્વય-વ્યતિરેક પદ્ધતિનો આશ્રય લઈ એ મૂળો શોધાયાં છે, તે પદ્ધતિ ખાસ સમજવા જેવી છે.

करण, कृति, कर्म, कार्य, कर्तव्य, करणीय, कृत्य, कृत, कर्ता, कारक અને करिष्णु વગેરે શબ્દોમાં કોઈ ને કોઈ પ્રકારે સર્વત્ર ‘ કરવું ’ એ ક્રિયાનો ભાવ અનુગત છે. અહીં આપણે એ નક્કી કરવું છે કે એ બધા શબ્દોમાં જે ‘ કરવું ’ ક્રિયાનો ભાવ વ્યાપ્ત છે, તે, એ શબ્દોના કયા ભાગમાં રહેલો છે–શું આખા શબ્દમાં એ ભાવ છે કે શબ્દના અમુક અંશમાં છે? कर्+अन, कृ+ति, कृ+य, कृ+तव्य, कृ+अनीय, कृ+त्य, कृ+त, कृ+ता, कृ+अक, कृ+इष्णु. એ બધા શબ્દોનું આવું પૃથક્કરણ સ્વીકારી અને એમ કલ્પીએ કે ‘ કરવું ’ ભાવ ‘ कृ ’ પછી આવેલા ‘ अन ’ ‘ ति ’ ‘ य ’ વગેરે અંશોનો છે; તો જ્યાં જ્યાં એ ‘ ति ’ ‘ अन ’ ‘ य ’ વગેરે અંશો લાગેલા દેખાય ત્યાં બધે એ ભાવ હોવો જોઈએ અને એ અંશો જ્યાં ન દેખાય ત્યાં એ ભાવ ન હોવો જોઈએ. જે એનું સાહચર્ય હોય તે [૭]‘અન્વય’ કહેવાય અને એક વિના બીજું સંભવી ન શકે તે [૮]‘ વ્યતિરેક’ કહેવાય. ‘ જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં બધે આગ હોવી જ જોઈએ ’ એ ધૂમની સાથે અગ્નિનો અન્વય કહેવાય અને ‘ જ્યાં આગ નથી ત્યાં ધૂમ નથી જ ’ એ, એ બે વચ્ચેનો ‘વ્યતિરેક’ કહેવાય. આ શબ્દોમાં પણ એ દૃષ્ટિએ જોતાં જ્યાં જ્યાં ‘ति’ ‘अन’ અને ‘य’ વગેરેનો આપણે કલ્પેલો ‘કરવું’ ભાવ હોય, તો તે જ્યાં જ્યાં ‘ति’, ‘अन’ અને ‘य’ વગેરે અંશો હોય ત્યાં બધે તેમનો ભાવ પણ અન્વિત હોવો જોઈએ. એ રીતે વાચ્ય-વાચકનો અન્વય તપાસતાં એમ સ્પષ્ટ

---

३ ह्वादि के जुहोत्यादिगण (अदादि–अंतर्गत)	१४	,,
४ दिवादिगण	१४२	,,
५ स्वादिगण	२९	,,
६ तुदादिगण	१५८	,,
७ रुधादिगण	२६	,
८ तनादिगण	९	,,
९ क्र्यादिगण	६०	,,
१० चुरादिगण	४१३	,,

આ ઉપરાંત कण्ड्वादिगण વગેરે બીજા પણ ગણો છે. તેમ જ કેટલાક ધાતુઓ ‘ સૌત્ર ’ધાતુઓ પણ છે.

[૭] “ साधनधर्मानुवादेन साध्यधर्मस्य विधानम्––अन्वयः ”

—(प्रमाणमीमांसा, पृ० ५८ पं० २० ।)

[૮] “ साध्यधर्मव्यावृत्त्यनुवादेन साधनधर्मव्यावृत्तिविधानम्–व्यतिरेकः ”

—(प्रमाणमीमांसा, पृ० ५८ पं० २१ ।)

માલૂમ પડે છે કે स्फूर्ति, स्फुरण, भूति, भवन, चिति, चयन, भणिति, भणन, वान्ति, वमन, मृति, भरण વગેરે શબ્દોમાં 'ति' 'अन' એ બધા અંશો વિદ્યમાન છે છતાં તેમાંથી કેવળ 'કરવું' ભાવ નીકળતો નથી તેથી એમ જાણી શકાય છે કે 'કરવું' ભાવનો 'અન્વય' તે 'ति' વગેરે અંશો સાથે નથી. એથી ઊલટું જ્યાં 'ति' વગેરે અંશો નથી ત્યાં અર્થાત્ 'कृ', 'कर्' વગેરે અંશોમાં 'કરવા' ના ભાવનો અન્વય છે અને જ્યાં 'कृ' 'कर्' વગેરે અંશો નથી ત્યાં એટલે 'ति' વગેરે અંશોમાં 'કરવું' ભાવ નથી. એ રીતે 'કરવા' ના ભાવનો અન્વય અને વ્યતિરેક 'कृ' કે 'कर्' અંશ સાથે છે, નહિ કે 'ति' વગેરે અંશો સાથે. આ રીતે અન્વય-વ્યતિરેક દ્વારા ક્રિયાવાહક પદનો નિર્ણય કર્યા પછી તે પ્રતિભાભરેલા વૈયાકરણોએ એ બધા 'करण' વગેરે શબ્દોનું મૂળ શોધવા ધાતુસંગ્રહ તરફ દૃષ્ટિ કરી, તો એ સંગ્રહમાં 'કરવા' અર્થનો વાહક એક 'कृ' ધાતુ છે એની આ 'करण' વગેરેના 'कर्' વા 'कृ' અંશની અક્ષરશઃ તેમ અર્થશઃ સમાનતા જણાઈ, એથી એમણે પોતાના અનુશાસનમાં 'करण' વગેરે ઉક્ત બધા શબ્દોના મૂળ રૂપ 'कृ' ધાતુ કલ્પ્યો અને તે પછીના अन, ति. य, વગેરે અંશોને પ્રત્યય રૂપે સમજાવ્યા અને 'કરવા' ભાવના વિશેષક કહ્યા. જેમકે 'कर्ता' નો 'कर्' 'કરવું'ને દર્શાવે છે અને 'ता' અંશ એ ક્રિયાના કર્તાનો સૂચક છે અર્થાત્ 'कर्ता' એટલે 'કરનારો'. એ જ રીતે कार्य, कर्तव्य, करणीय અને कृत्य એ બધાનો અર્થ 'કરવા લાયક-કરવા જેવું' છે. આ રીતે કોઈ પણ શબ્દનું મૂળ શોધ્યા પછી એ શબ્દને લાયક પ્રત્યયની યોજના કરવી અને શબ્દને બંધ બેસે એ પ્રમાણે મૂળમાં થોડો થોડો ફેરફાર કરવો. જેમકે; 'करण' વગેરે શબ્દોમાં 'कृ' નો 'कर्' કરવો, 'कार्य'માં 'कृ'નો 'कार्' કરવો અને 'कृति' વગેરે શબ્દોમાં 'कृ' ને જ કાયમ રાખવો. આ પદ્ધતિમાંથી જ મૂળમાં અનેક જાતના ફેરફારોનો ઉદ્ભવ જન્મ્યો છે અને જે આદેશો વિશે આપણે અહીં ચર્ચા કરવાની તેમનું પ્રભવસ્થાન પણ ઉક્ત પદ્ધતિ જ છે અને આ આખી પદ્ધતિનું જ નામ 'શબ્દાનુશાસન' છે. આ પદ્ધતિના આશ્રયથી જ શબ્દના અપાર સાગરનો પણ પાર પામી શકાય એમ છે. માટે જ ભાષ્યકારે 'अथ शब्दानुशासनम्' કહીને વ્યાકરણ રચવાની પ્રતિજ્ઞા કરી છે અને એને પૂરી રીતે પાળી પણ બતાવી છે.

શબ્દોનાં મૂળો શોધાયા પછી તેમાં જે જાતના ફેરફારો કરવાના હોય છે તેમનું વર્ગીકરણ કરતાં શ્રીયાસ્કમુનિ પોતાના નિરુક્તમાં એ ફેરફારોને આ પ્રમાણે જણાવે છેઃ

[૯]આદિલોપ, મધ્યલોપ, અંતલોપ, આદિવિકાર, મધ્યવિકાર, અંતવિકાર, વર્ણલોપ, દ્વિવર્ણલોપ (બે વર્ણોનો લોપ), આદિવિપર્યય, આદિ અને અંતનો વિપર્યય (વિપર્યય એટલે વ્યત્યય—અક્ષરનું ઊલટપલટ થવું, એકને બદલે બીજું થઈ જવું), વર્ણોપજન (વર્ણનો ઉપજન—વધારો) આ ઉપરાંત આગમ અને આદેશ એ બે ફેરફારોને પણ આમાં ભેળવી લેવાના છે. આગમ એટલે કોઈ શબ્દના ગમે તે ભાગમાં કોઈ આગન્તુક અક્ષર આવીને બેસી જાય, યાસ્ક જેને 'વર્ણોપજન'

---

[९] "एवम् अयम् आदि–मध्य–अन्तलोपः आदि–मध्य–अन्त–विकारः वर्णलोपः द्विवर्णलोपः आदिविपर्ययः आदि–अन्त–विपर्ययः वर्णोपजनः छन्दसि भाषायां च द्रष्टव्यः। दृष्ट्वा च यथासंभवम्—अनुविधेयः" (निरुक्त, द्वितीय खंड, पृ० १२९, पं० २–४ राजवाडे संपादित)

કહે છે તેમાં આગમનો સમાવેશ થઈ શકે. વૈયાકરણો કહે છે કે 'આગમ' મિત્ર જેવો છે (मित्रवद् आगमः) એથી તે મૂળમાં કશો વિકાર ન ઉપજાવતાં મૂળના કોઈ ભાગ પાસે આવીને મિત્રની પેઠે બેસી રહે છે. 'આગમ'ના આવવાથી મૂળના ધ્વનિમાં થોડો તફાવત પડે છે એ જ એની પ્રભુતા છે, ત્યારે આદેશ તો મૂળમાં આમૂલચૂલ ફેરફાર કરી નાખે છે અને એમ છે માટે જ વૈયાકરણો 'આદેશ'ને શત્રુ જેવો ગણાવે છે (शत्रुवद् आदेशः). 'આદિમધ્યાંતવિકાર' કહો, 'વિપર્યય' કહો કે આદેશ કહો—એ બધા પર્યાય જેવા છે. [૧૦]યાસ્ક કહે છે કે કોઈ પણ શબ્દની નિષ્પત્તિ માટે તેનું અક્ષરશઃ અને અર્થશઃ સમાન મૂળ શોધાયા પછી તેમાં જે સંસ્કાર એટલે સ્વરસંસ્કાર વા વ્યંજનસંસ્કાર કરવાના હોય તે પણ મૂળના સ્વર વા વ્યંજનની સમાનતાને લક્ષ્યમાં રાખીને જ કરવા. યાસ્કના કહેવા પ્રમાણે વ્યુત્પત્તિના ક્ષેત્રમાં અક્ષરસામ્ય અને અર્થસામ્ય બન્ને અતિ આવશ્યક છે અને એમાંય અર્થસામ્યની આવશ્યકતા તો વધારે છે.

વૈયાકરણો પોતાનું ચાલતાં સુધી શબ્દમાત્રમાં તેના મૂળને જાળવી રાખવાની વિશેષ કાળજી કરે છે અને જ્યારે ન જ ચાલે ત્યારે જ તેમાં થોડો થોડો વિપરિણામ સૂચવે છે; પરંતુ જ્યારે થોડો ફેરફાર પણ શબ્દસાધક ન નીવડે ત્યારે તેઓ મૂળમાં સમૂળગો ફેરફાર કરવાનું વિધાન કરે છે, તેમ છતાંય સાધ્ય શબ્દ અને તેના મૂળના અર્થગત સામ્યનો વિચ્છેદ તો થવા જ નથી દેતા. 'સમૂળગો ફેરફાર' અને 'આદેશ' એ બન્ને એક જ વસ્તુ છે. જ્યારે શબ્દના મૂળનો પત્તો જ ન લાગે, ત્યારે તેઓ [૧૧]અર્થદૃષ્ટિને પ્રધાનસ્થાન આપીને એવા આદેશોનું વિધાન કરે છે. આ પદ્ધતિ કાંઈ આજકાલની નથી; પરંતુ પાણિનિમુનિએ[૧૨] પણ તે પદ્ધતિનો આશ્રય લઈ અનેક શબ્દોની સાધના કરી બતાવી છે; તેથી એમ જણાય છે કે આદેશો કરવાની પદ્ધતિ પાણિનિથી પણ પ્રાચીન છે.

પાણિનિમુનિને માર્ગે ચાલીને આ૦ હેમચંદ્રે પણ પોતાના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના વ્યાકરણમાં એવા અનેક આદેશોનું વિધાન કરેલું છે. પ્રાકૃત વ્યાકરણમાં વિહિત કરેલા એવા આદેશો બે પ્રકારના છેઃ કેટલાક આદેશો એવા છે કે જેઓમાં મૂળ સ્થાનીનો અક્ષરગત અને અર્થગત વારસો જળવાઈ રહેલો છે અને કેટલાક આદેશોમાં મૂળ સ્થાનીનો કેવળ અર્થગત વારસો જ ટકેલો છે, તેમાં અક્ષરગત વારસાનો ગંધ સરખો પણ નથી. વૈયાકરણો આદેશોને સ્થાનીના શત્રુ તરીકે જણાવે છે છતાં તેઓ જ કહે છે કે આદેશોને[૧૩] સ્થાનીના સમાન માનવાના છે એટલે જે જે વિધાનો સ્થાનીને લાગુ પડતાં હોય તે બધાં આદેશોને પણ લાગુ પાડવાનાં છે. એક બાજૂ વૈયાકરણો

---

[१०] "अथ निर्वचनम् तद् येषु पदेषु स्वर-संस्कारौ समर्थौ प्रादेशिकेन गुणेन अन्वितौ स्यातां तानि निर्ब्रूयात्। अथ अनन्विते अर्थे अप्रादेशिके विकारे अर्थनित्यः परीक्षेत ॥ "
—(निरुक्त, द्वितीय अध्याय, प्रथमपाद, पृ० १२०, उक्त आवृत्ति)

[११] जुओ टिप्पण ३ तथा ४ ।

[१२] ,, ,, ३ तथा ४ ।

[१३] "स्थानी इव—अवर्णविधौ"—७ । ४ । १०९

આદેશને શત્રવત્ કહે છે અને બીજી બાજૂ આદેશને સ્થાની સમાન માનવાની વાત કરે છે, એ મારી દૃષ્ટિએ વદતોવ્યાઘાત જેવું છે. હું તો કહું છું કે જેમ પિતાનો વારસો મેળવનાર યા તેને સાચવી રાખનાર પુત્ર પિતાનો શત્રુ નથી, પરંતુ તેનો ખરો વારસદાર છે, તેમ આદેશ સ્થાનીનો અક્ષરગત કે અર્થગત વા બંને પ્રકારનો વારસો સાચવી રાખનાર છે, માટે જ તે શત્રુવત્ નથી.

આ૦ હેમચંદ્રે પ્રાકૃતવ્યાકરણમાં પ્રધાનપણે અક્ષરપરિવર્તનોનાં વિધાન કરી પ્રાકૃત શબ્દોની સાધના દર્શાવેલી છે. કેટલાક આદેશો એમણે એવા કરી બતાવ્યા છે કે જેઓને એ અક્ષરપરિવર્તનોના ધોરણે જ સાધી શકાય એમ છે. ખરી રીત તો એ છે કે જે શબ્દોની સાધના માટે બીજો કોઈ ઉપાય શક્ય નથી, તેવા જ શબ્દોની સાધના આદેશોદ્વારા થઈ શકે. બીજો ઉપાય હોય છતાં આદેશોનો માર્ગ લેવો એમાં વિશેષ ગૌરવ છે અને શબ્દાનુશાસનની પદ્ધતિગત ખામી પણ છે, છતાં પાણિનિ વગેરે પ્રાચીન બધા વૈયાકરણો એ સદોષ માર્ગને અનુસર્યા છે, તો પછી હેમચંદ્ર પણ ‘ महाजनो येन गतः स पन्थाः ’ ન્યાયને અનુસરે એ સહજ છે.

આ નીચે પ્રારંભમાં હેમચંદ્રે બતાવેલા કેટલાક એવા આદેશોનો નિર્દેશ કરવાનો છે જેમની સાધના અક્ષરપરિવર્તન દ્વારા જ થઈ શકે એમ છે. આ જાતનાં નામરૂપો કે ધાતુરૂપોમાં સ્થાનીનો અક્ષરગત અને અર્થગત એમ બંને પ્રકારનો વારસો ઊતરેલો છે.

નામરૂપો—

‘ स्तोक ’ને બદલે પ્રાકૃતમાં [૧૪]थोक्क, थोव અને थेव શબ્દોને આદેશરૂપે સૂચવેલા છે. હેમચંદ્રના વર્ણપરિવર્તનના નિયમોદ્વારા જ ‘ स्तोक ’ ઉપરથી એ ત્રણે રૂપો નીપજી જાય છેઃ ‘ स्त ’નો थ અને ‘ क ’નો દ્વિર્ભાવ થતાં ‘ थोक्क ’; ‘ स्त ’નો थ અને ‘ क ’નો લોપ થતાં ‘ थोअ ’; પછી પૂર્વવર્તી ઓકારના પ્રભાવને લીધે ‘ थोअ ’ ના ‘ अ ’નો ‘ व ’ ધ્વનિ અને સ્વરપરિવર્તનના ધોરણે ‘ थो ’નો ‘ थे ’ ધ્વનિ થતાં ‘ थोव ’ અને ‘ थेव ’ એ બંને પદો સધાઈ જાય છે.

એ જ પ્રકારે ‘ दुहिता ’નો धूआ.[૧૫] ‘ दु ’ની પછીના ‘ हि ’નો ‘ ह् ’ ‘ द् ’ સાથે ભળી અને ‘ इ ’નો અપ્રયોગ થતાં તથા ‘ दु ’ ગત ‘ उ ’ દીર્ઘ થતાં ‘ दुहि ’ દ્વારા ‘ धू ’ અંગ આવી જાય છે. પછી ‘ त ’નો લોપ થતાં ‘ धूआ ’.

[૧૬]बहिणी=भगिनी. व्+ह्+अ. ग्+इ. न्+ई. આમ ‘ भगिनी ’ શબ્દના સ્વરો તથા વ્યંજનોનું પૃથક્કરણ છે. આમાં ‘ ग ’નો અપ્રયોગ થયો, ‘ व्+ह्+अ ’ આમાંનો ‘ अ,’ ‘ ह् ’ પૂર્વે આવી ‘ ब् ’માં મળી જતાં ‘ ब ’ અને ‘ गि ’ નો ‘ ’ इ ‘ ह् ’ માં ભળી જતાં हि. આ રીતે ‘ बहिनी ’ તૈયાર થયા પછી ‘ न् ’ નો ‘ ण् ’ થતાં बहिंणी.

[૧૭]रुक्ख=वृक्ष. આમાં આદ્ય ‘ व ’નો અપ્રયોગ થયો, પછી ‘ क्ष ’નો क्ख થતાં रुक्ख.

---

૧૪. “ स्तोकस्य थोक्क--थोव—थेवाः ” । ८ । २ । १२५ । आदेशविधायकसूत्र.

૧૫. १३ दुहितृ—भगिन्योः धूआ—बहिण्यौ । ८ । २ । १२६ । ,,

૧૭. वृक्ष—क्षिप्तयोः रुक्ख-छूढौ । ८ । २ । १२७ । ,,

[૧૮]विलया=वनिता=व्+अ. न्+इ. त्+आ. અહીં ‘ नवनीत ’ના ‘ लोणी ’ની પેઠે ‘ न् ’નો ‘ ल ’ થતાં અને ‘ व् ’ના ‘ अ ’ તથા ‘ न् ’ના ‘ इ ’નો વ્યત્યય થતાં विलता. પછી ‘ त् ’નો અપ્રયોગ થતાં विलया.

[૧૯]इत्थी=स्त्री. આમાં સંયુક્તાક્ષર ‘ स्त्र ’ બોલતાં વિશેષ આકરું ન લાગે માટે તેની આદિમાં ‘ इ ’ મૂકવામાં આવ્યો છે. પછી ‘ र ’નો લોપ થયો અને ‘ स्त ’નો ‘ थ ’ થતાં इत्थी.

[૨૦]दिहि=धृति. આમાં द्+ह्+ऋ. त्+इ. ‘ ध ’માં द् અને ह् ભળેલા છે, તે જુદા થઈ ગયા અને ‘ द् ’માં ‘ ऋ ’નો ‘ इ ’ થઈને ‘ दि ’ બન્યો પછી ‘ ति ’ના ‘ त् ’નો અપ્રયોગ થતાં શેષ રહેલ ‘ इ ’ સાથે ‘ ह् ’ ભળી જતાં दिहि.

[૨૧]मंजर, वंजर=मार्जार. વિહિત પરિવર્તન-નિયમોદ્વારા ‘ मजर ’ થયું અને પછી ‘ वक्र ’ના ‘ वंक ’ પેઠે અનુસ્વારનો આગમ થતાં ‘ मंजर ’ અને ‘ म ’નો ‘ व ’ થતાં वंजर.

[૨૨]वेरुलिय=वैडूर्य. આમાં પણ ‘ ऐ ’નો ‘ ए ’. ‘ डू ’નો ‘ डु ’ અને ‘ लु ’ થઈ ‘ रु ’ થયો, પછી ‘ र्य ’માં ‘ इ ’નો વધારો થતાં ‘ रिय ’ અને ‘ र् ’નો ‘ ल् ’ થતાં लिय. वेरुलिय.

[૨૩]पुरिम=पूर्व. ‘ पू ’નો ‘ पु ’, ‘ र्व ’માં ‘ इ ’ વધતાં ‘ रिव ’ અને ‘ व ’ નો ‘ म ’ થતાં पुरिम.

એ જ પ્રમાણે ‘ त्रस्त ’[૨૪]નું तट्ठ. ‘ वृहस्पति ’[૨૫]નું भयस्सइ કે भयप्फइ. ‘ गृह ’[૨૬]નું घर. ‘ दंष्ट्र ’[૨૭]નું दाढा. ‘ पदातिकनुं ’[૨૮] पाइक्क વગેરે રૂપો તે તે વર્ણપરિવર્તનના નિયમોદ્વારા

---

१८. वनितायाः विलया । ६ । २ । १२८ । „
१९. स्त्रिया इत्थी । ८ । २ । १३० । „
२०. धृतेः दिहिः । ८ । २ । १३१ । „
२१. मार्जारस्य मञ्जर-वञ्जरौ । ८ । २ । १३२ । „
२२. वैडूर्यस्य वेरुलिअं । ८ । २ । १३३ । „
२३. पूर्वस्य पुरिमः । ८ । २ । १३५ । „
२४. त्रस्तस्य हित्थ-तट्ठौ । ८ । २ । १३६ । „
२५. वृहस्पतौ वहो भयः । ८ । २ । १३७ । „
જનતાની હિંદી ભાષામાં ‘ બૃહસ્પતિ ’ માટે ‘ બીફે ’ શબ્દ છે તે, પ્રસ્તુત ‘ बिहप्फर ’નું જ સંક્ષિપ્ત ઉચ્ચારણ છે.
२६. गृहस्य घरः अपतौ । ८ । २ । १४४ । „
२७. दंष्ट्रायाः दाढा । ८ । २ । १३९ । „
२८. ८ । २ । १३८ । „
અહીં ચૌદમા ટિપ્પણથી માંડીને ૨૮મા ટિપ્પણ સુધીનાં બધાં સૂત્રો આદેશવિધાયક છે. એ બધા આદેશોને વર્ણપરિવર્તનના નિયમો દ્વારા ઉપર સાધી બતાવ્યા છે એથી એ સૂત્રોની રચનાની સફળતા નથી જણાતી.

સહેજે સહેજે નીપજી શકે છે. છતાં એ બધાં રૂપો માટે આ૦ હેમચંદ્રે આદેશવિધાયક સૂત્રો રચ્યાં છે; અને એમ કરી વ્યાકરણની રચનાને દીર્ઘકાય બનાવી છે.

ક્રિયારૂપો—(પહેલું પદ આદેશરૂપ છે અને બીજું પદ 'સ્થાની' રૂપ છે.)

[२९]जव=याप. [३०]ज्ञा=ध्या. [३१]दह=दधा. [३२]पिज्ज=पीय. [३३]निम्माण=निर्माण. [३४]निम्मव =निर्माप. [३५]नासव=नाशय. [३६]सिह=स्पृह. [३७]पट्ठव=प्रस्थाप. [३८]किण=क्रीणा. [३९]हो=भू. [४०]हव=भव. हुव=भुव. [४१]के=क्री. [४२]कुण=कृण. [४३]बीह=भी. [४४]अल्लि=आ+ली. [४५]धु=धू. [४६]आइग्घ=आजिघ्र. [४७]उद्धुमा=उत्+ध्मा. [४८]गा=गा. [४९]जाण=जाना. [५०]पहुप=प्र+भुव.

[५१]भर
भल
सुमर
विम्हर=वि+स्मर } =स्मर. ('वि' એટલે વિવિધ વા વિશેષ)
[५२]वीसर
विम्हर } =वि+स्मर. [५३]णीहर=निस्+सृ–सर्.

धात्वादेशविधायक सूत्रो—

२९. यापेः जवः । ८ । ४ । ४० ।
३०. ध्या—गोः झा—गौ । ८ । ४ । ६ ।
३१. श्रदो धो दहः । ८ । ४ । ९ ।
३२. पिबः पिज्ज— ८ । ४ । १० !
३३-३४. निर्—मो निम्माणनिम्मवौ । ८ । ४ । १९ ।
३५. नशेः × नासव—× । ८ । ४ । ३१ ।
३६. स्पृहः सिहः । ८ । ४ । ३४ ।
३७. प्रस्थापः पट्ठव—× । ८ । ४ । ३७ ।
३८-४१. क्रियः किणः वेस्तु के च । ८ । ४ । ५२ ।
३९-४०. भुवेः हो—हुव—हवाः । ८ । ४ । ६० ।
४२. कृगेः कुणः । ८ । ४ । ६५ ।
४३. भियो भा—बीहौ । ८ । ४ । ५३ ।
४४. आ+लीङः अल्ली । ८ । ४ । ५४ ।
४५. धूगेः धुवः । ८ । ४ । ५९ ।
४६. आघ्रेः आइग्घः । ८ । ४ । १३ ।
४७. उदो ध्मो धुमा । ८ । ४ । ८ ।
४८. जुओ टिप्पण ३०
४९. ज्ञो जाण—। ८ । ४ । ७ ।
५०. प्रभौ हुप्पो वा । ८ । ४ । ६३ ।
५१. स्मरेः × भर—भल—×विम्हर—सुमर—× । ८ । ४ । ७४
५२. विस्मुः × विम्हर—वीसराः । ८ । ४ । ७५ ।
५३. निस्+सरेः णीहर—× । ८ । ४ । ७९ ।

[૫૪]जग्ग=जागृ. [૫૫]आअड्ड=व्यापृत. [૫૬]सलहृ=श्लाघ. [૫૭]पुच्छ=पृच्छ. [૫૮]जुंज } =युञ्ज.
जुज्ज } =युज्य.

[૫૯]गढ=घट. [૬૦]घुल } =घूर्ण. [૬૧]गंठ=ग्रंथ. [૬૨]मल } =मृद. [૬૩]थिप्प=तृप्य. [૬૪]खिर } =क्षर.
घोल }
मढ }
मड्ड }
झर }

[૬૫]पज्झर } =प्र+क्षर. [૬૬]उत्थल्ल=उत्स्थल. [૬૭]फरिस } =स्पृश. [૬૮]गमेस=गवेष. [૬૯]तच्छ=तक्ष.
पच्चड }
फंस } =स्पर्श.
फास }

[૭૦]ह्लस=ह्रंस. [૭૧]पल्हत्थ } =पर्यस्त.
पल्लट्ट }

---

૫૪. जाग्रेः जग्गः । ८ । ४ । ८० ।

૫૫. व्याप्रेः आअड्डः । ८ । ४ । ८१ ।

‘ व्यापृत ’ દ્વારા ‘ वावड ’ પદ તો નીપજે જ છે અને આ ‘ वावड ’ ઉપરથી ‘ आअड्ड ’ ક્રિયાપદ ઊપજે છે. ‘ व्यापृत ’ શબ્દ (वि+आ+पृ) ‘वि’ અને ‘आ’ ઉપસર્ગ સાથેના ‘पृ’ ધાતુ ઊપરથી આવેલો છે.

૫૬. श्लाघः सलहः । ८ । ४ । ८८ ।

૫૭. प्रच्छः पुच्छः । ८ । ४ । ९७ ।

૫૮. युजो जुञ्ज—जुज्ज—× । ८ । ४ । १०९ ।

૫૯. घटेः गढः । ८ । ४ । ११२ ।

૬૦. घूर्णः घुल—घोल× । ८ । ४ । ११७ ।

૬૧. ग्रन्थः गण्ठः । ८ । ४ । १२० ।

૬૨. मृदः मल—मढ—×××मड्ड—× । ८ । ४ । १२६ ।

૬૩. तृपः थिप्पः ८ । ४ । १३८ ।

૬૪—૬૫. क्षरः खिर—झर—पज्झर—पच्चड—× । ८ । ४ । १७३ ।

૬૬. उच्छल—उत्थल्लः । ८ । ४ । १७४ ।

૬૭. स्पृशः फास—फंस—फरिस—× । ८ । ४ । १८२ ।

૬૮. गवेषेः×—×—×गमेस—× । ८ । ४ । १८९ ।

૬૯. तक्षेः तच्छ—× । ८ । ४ । १९४ ।

૭૦. ह्रंसेः ह्लस—× । ८ । ४ । १९७ ।

૭૧. पर्यसः×—पल्लट्ट—पल्हत्थाः । ८ । ४ । २०० ।

‘ पर्यस्त ’ શબ્દદ્વારા ‘ पल्लत्थ ’ અને ‘ पल्लट्ट ’ શબ્દો બને છે જ. જુઓ ૮-૨-૪૭ તથા ૬૮ । અને એ ‘ पल्लत्थ ’ દ્વારા ‘ पल्हत्थ ’ તથા ‘ पल्लट्ट ’ દ્વારા ‘ पल्लट्ट ’ ક્રિયાપદ પણ આપોઆપ આવે છે તેથી એ માટે સૂત્રની રચના જરૂરી નથી.

[૭૨]भिस=भास. [૭૩]घिस्=ग्रास. [૭૪]वाह=अव+गाह (अव+गाह –ओगाह=ओआह–ओवाह)

ઉક્ત ક્રિયારૂપોમાં આદ્ય, આદેશરૂપ છે અને પછીનું સંસ્કૃત રૂપ સ્થાનિરૂપ છે. આ બધા આદેશો સ્થાનીના વર્ણપરિવર્તન દ્વારા જ સુગમ રીતે સાધ્ય છે. છતાં તે માટે આ૦ હેમચંદ્રે પૃથક્ પૃથક્ અનેક સૂત્રો રચ્યાં છે; અને તે દ્વારા વ્યાકરણનું સૂત્રશરીર વિશેષ વધી ગયું છે. આમ વ્યર્થસૂત્રાતિરેક, ભણનારને યાદ રાખવાનો ક્લેશ, પુનરુક્તિ, અને ગૌરવ એવા અનેક દૂષણોનું નિવારણ થઈ શકતું નથી.

આ નીચે એવા આદેશો બતાવવાના છે, જેમનાં મૂળ આ૦ હેમચંદ્રને જડયાં નથી અને મૂળ ન જડવાથી ‘ घट ’ શબ્દની સાધના માટે જેમ ‘ कुम्भ ’નો ‘ घट ’ આદેશ સમઝવો એવું વિધાન થાય તેમ કેવળ અર્થસામ્યને લક્ષ્યમાં રાખી અક્ષરસામ્ય રતીભાર ન હોય છતાં એવા અક્ષરસામ્ય વગરનાને સ્થાની કલ્પ્યા છે અને એવા જ આદેશો સૂચવ્યા છે. એવા એ આદેશોનાં અક્ષરસામ્ય અને અર્થસામ્ય બન્નેવાળાં ખાસ મૂળો વિશેષ ચિંતન કરતાં જડયાં છે. એ જડેલાં મૂળો વિહિત વર્ણપરિવર્તનના નિયમો દ્વારા આપોઆપ ક્રિયાપદો રૂપે સધાઈ જાય છે, એટલે આ આદેશો પણ કરવાનો પ્રયાસ નિષ્ફળ છે. જડેલાં મૂળોવાળાં એ ધાતુરૂપો આ પ્રમાણે છેઃ

‘ લાજવું ’ અર્થમાં પ્રાકૃતમાં ‘ जीह ’ ધાતુ છે, તેમાંથી ‘ जीहेइ ’ વગેરે ક્રિયાપદો નીપજે છે. હેમચંદ્ર કહે છે કે સં૦ [૭૫]‘ लस्ज–लज्ज ’ ધાતુનો ‘ जीह ’ આદેશ સમઝવો. આ સ્થળે ‘ जीह ’

---

૭૨. भासेः भिसः । ८ । ४ । २०३ ।

૭૩. ग्रसेः घिसः । ८ । ४ । २०४ ।

૭૪. अवाद् गाहेः वाहः । ८ । ४ । २०५ ।

અહીં ૨૯ મા ટિપ્પણથી ૭૪ મા ટિપ્પણ સુધીનાં બધાં સૂત્રો તે તે ધાતુના તે તે આદેશોનું વિધાન કરે છે.

ઉપર આદેશોની સામે = આવું નિશાન કરીને જે જે સંસ્કૃત શબ્દો બતાવ્યા છે, તેમના દ્વારા જ વર્ણવિકારના હેમચંદ્રે કહેલા નિયમો દ્વારા તે તે બધા આદેશો આપોઆપ ઊપજી જાય છેઃ જેમકે સં૦ ‘ याप ’ ના આદ્ય ‘ य ’ નો ‘ ज ’ અને ‘ प ’નો ‘ व ’ થતાં ‘ जाव ’ રૂપ થાય, તે દ્વારા ‘ जव ’ આદેશ આવે. ‘ य ’ ના ‘ज ’ અને ‘ प ’ ના ‘ व ’ માટે જુઓ ‘ आदेः यो जः ’ । ८ । १ । २४५ તથા ‘ पो वः ’ । ८ । १ । २३१ । એ જ પ્રમાણે ઉક્ત બધા આદેશો તે તે વર્ણપરિવર્તનના નિયમથી સાધી શકાય છે માટે તે સારુ આદેશવિધાનનાં જે અનેક સૂત્રો રચવામાં આવ્યાં છે તે બધાં બિનજરૂરી છે.

૭૫. लस्जेः जीहः । ८ । ४ । १०३ ।

‘ जिह्री ’ અને ‘ जीह ’ એ બે વચ્ચે વિશેષ સંગતતા છે ત્યારે ‘ लस्ज’ અને ‘जीह’ વચ્ચે અક્ષરસંગતતા મુદ્દલ નથી; કેવળ અર્થસાંગત્ય છે. તેથી ‘ जिह्रीદ્વારા ’ ‘जीह’ ને ઉપજાવવો અધિક સંગત છે, નહિ કે ‘ लस्ज ’ દ્વારા.

અને 'लज्ज'માં કેવળ અર્થસામ્ય છે, લેશ પણ અક્ષરસામ્ય નથી. જ્યાં અક્ષરસામ્ય અને અર્થસામ્ય બન્ને હયાત હોય, ત્યાં સ્થાની અને આદેશનો સંબંધ ઘટી શકે છે. જ્યાં તે બંને ન હોય ત્યાં સ્થાની અને આદેશનો સંબંધ અઘટિત છે છતાં [૭૬]પૂર્વપરંપરા પ્રમાણે આ અને આવે બીજે અનેક સ્થળે હેમચંદ્રે એવો અસંગત સ્થાની–આદેશનો સંબંધ કલ્પેલો છે. વસ્તુતઃ સંસ્કૃત 'ह्री'[૭૭] ધાતુ ત્રીજાગણનો છે. તેનું રૂપ 'जिह्रेति' થાય છે. 'जिह्रेति' રૂપમાંના 'जिह्र' અંગ સાથે પ્રાકૃત 'जीह'નું અક્ષરસામ્ય અને અર્થસામ્ય બરાબર છે. એથી પ્રાકૃત 'जीह' ધાતુનું ઉપપાદન સં. 'जिह्र' અંગદ્વારા જ સુઘટિત છે નહિ કે 'लस्ज' ધાતુદ્વારા.

એ જ રીતે—

'વલોવવું' અર્થનો પ્રા૦ विलोड અને विरोल ધાતુને સં૦ [૭૮]विलोड (वि+लोड) ધાતુ દ્વારા સાધવાને બદલે હેમચંદ્ર 'मंथ'ના 'विलोड' અને 'विरोल' એવા બે આદેશોનું વિધાન કરે છે. 'मंथ' ધાતુ કયા પ્રકારના ઉચ્ચારણને બળે 'विलोड' વા विरोल એવું પરિવર્તન ધારણ કરે ?

'બે કટકા કરવા–કાપવું' અર્થનો दुहाव સં૦ [૭૯]'द्विधा' સાથે સંબંધ રાખે છે તેને બદલે આ૦ હેમચંદ્ર એ 'दुहाव'નો સંબંધ સં૦ 'छिद' સાથે બતાવે છે.

---

[૭૬] पाणिनि 'अंतिक'નો 'नेद' આદેશ બતાવે છે.
જુઓ ५ । ३ । ६३ । पाणिनिअष्टाध्यायी । આ અને આવાં બીજાં અનેક સૂત્રો ઉક્ત અષ્ટાધ્યાયીમાં આદેશવિધાયક રૂપે ઉપલબ્ધ છે. અહીં 'અન્તિક' અને 'નેદ' વચ્ચે કેવળ અર્થસાંગત્ય છે, કિન્તુ અક્ષરસાંગત્ય લેશ પણ નથી. તેમ છતાં આ બન્ને વચ્ચે પાણિનિ સ્થાની–આદેશસંબંધ કલ્પે છે. ખરી રીતે તો प्रा० निअड (सं० निकट) સાથે 'नेद'નું અક્ષરસાંગત્ય અને અર્થસાંગત્ય બન્ને છે તેથી 'अन्तिक' કરતાં 'नेद'ની પાસે 'निअड' છે માટે 'निअड' દ્વારા 'नेद'ની ઘટના વિશેષ ઉચિત કહેવાય.

[૭૭] "ह्रीक् लज्जायाम्"—(धातुपारायण, गण त्रीजो, धातुअंक ४, पृ० १६३).

[૭૮] 'મથવું—વલોવવું' અર્થમાં પ્રાકૃતમાં 'विल्लोड' અને 'विरोल' એમ બે ધાતુઓ છે. હેમચંદ્ર કહે છે કે 'मन्थ' માંથી 'विलोड' અને 'विरोल' બન્નેને ઉપજાવવા. ખરી રીતે સં૦ लोड ધાતુ અને 'वि' ઉપસર્ગ સાથે મળતાં 'विलोड' તથા 'विरोल' એ બન્ને અંગો સહજભાવે ઊપજી શકે છે અને 'मन्थ'માંથી તો એ અંગો કોઈ કાળે આવી શકે એવો સંભવ પણ નથી. 'વલોવવું' અર્થમાં 'विलोडन' શબ્દ વિશેષ સુપ્રતીત છે.

[૭૯] 'द्विधा'નું પ્રાકૃત પદ 'दुहा.' તેનો નામ ધાતુ 'दुःख' ઉપરથી दुःखाप—'दुहाव' ની પેઠે 'द्विधाप—दुहाव' ઊતરી શકે છે અને તેનો અર્થ 'બે પ્રકારે કરવું—બે કટકા કરવા' છે.
"दोहाइज्जइ व णहं"—(सेतुबंध ५ आश्वास, गा० ३५) "नभो द्विधायते इव—द्विखण्डायते इव—× × × खण्डद्वयमिव लक्ष्यते इत्यर्थ;"—सेतुबंधटीका.

એ જ પ્રમાણે—

લેખક	હેમચંદ્ર
पक्खोड=प्रक्षोद[૮૦]	पक्खोड=शद[૮૧]
जिम=जिम[૮૨]	जिम जेम =भुज[૮૩]
जेम=जेम	
निआर=नि+भाल[૮૪]	निआर=कृ[૮૫] ('निआर' એટલે કાણી આંખ કરીને જોવું)

---

[૮૦] અહીં ઉપર બે કૉલમમાં ધાત્વાદેશો અને તેના મૂળસ્થાની બતાવેલા છે. પ્રથમ કૉલમમાં 'લેખક'ના મથાળા નીચે અને બીજા કૉલમમાં 'હેમચંદ્ર'ના મથાળા નીચે, એ રીતે એ ધાત્વાદેશો મૂકેલા છે. 'લેખક'ના મથાળા નીચે જે આદેશો અને તેનાં મૂળો જણાવેલાં છે તે બન્ને વચ્ચે અક્ષરસંગતિ તથા અર્થસંગતિ એ બન્ને છે તે આપોઆપ જણાય છે અને બીજા કૉલમમાં જે એ બન્ને વાનાં બતાવેલાં છે તેમાં અક્ષરસંગતિ લેશ પણ નથી માત્ર અર્થસંગતિ છે એ પણ ચોખ્ખું જણાય એમ છે. 'प्र' સાથેના 'क्षोद'—'प्रक्षोद'–માં વર્ણવિકારના નિયમો દ્વારા 'र'નો લોપ, 'क्ष' નો 'क्ख' તથા 'द' નો 'ड' થતાં 'पक्खोड' અંગ સહેજે આવે છે, ત્યારે હેમચંદ્રના કહેવા પ્રમાણે 'शद' દ્વારા 'पक्खोड' આવવાનો સંભવ જ નથી.

[૮૧] આ આદેશો માટે અહીં શ્રી હેમચંદ્રનાં સૂત્રો અક્ષરશઃ આપું તો ઘણું લાંબું થાય તેમ છે, માટે તેમ ન કરતાં કેવળ અંકો આપું છું. । ૮ । ૪ । ૧૩૦ ।

[૮૨] સંસ્કૃત ધાતુસંગ્રહમાં "चमू छमू जमू झमू जिमू अदने—" (ધાતુપારાયણ પ્રથમગણ, ધાત્વંક ૩૮૦. ૩૮૪, પૃ૦ ૪૭)
એ રીતે 'जिम' ધાતુ જ છે માટે 'भुज' દ્વારા ' 'जिम કે 'जेम'ની ઉત્પત્તિ કલ્પવી અસંગત છે.

[૮૩] । ૮ । ૪૦ । ૧૧૦ ।

[૮૪] 'काणेक्षितकरण' અર્થમાં 'नि+भाल' ધાતુ પ્રતીત છે તેથી તે દ્વારા निभाल—निहाल—निआर—એ રીતે 'निआर' અંગની ઉત્પત્તિ ઉચિત છે. ભાષામાં 'નિહાળવું' કે 'ન્યાળવું' બોલ જાણીતો છે.

[૮૫] હેમચંદ્ર 'कृ' દ્વારા 'निआर'ને બતાવે છેઃ
। ૮ । ૪ । ૬૬ । એ, અર્થદૃષ્ટિએ તેમ જ વર્ણદૃષ્ટિએ બન્ને રીતે સર્વથા અસંગત છે.

तर=तर[86]
तीर=तीर
पार=पार
बुक्क=बुक्क[88]
सोल्ल=शूल्य[90]
वुड्ड=वुड्ड કે व्रुड[92]
णिवुड्ड=नि+व्रुंड
आउड्ड=आव्रुड
अण्ह=अश्ना[94]

तर=शक[87]
तीर=शक
पार=शक
बुक्क=गर्ज[89]
सोल्ल=पच्[91]
वुड्ड=मस्ज[93]
णिवुड्ड=मस्ज
आउड्ड=मस्ज
अण्ह=भुज[95]

---

૮૬. 'શકવું' અર્થમાં સંસ્કૃતનો 'तर' ધાતુ સુપ્રતીત છે. તેમ જ એ જ અર્થમાં સં૦ 'तीर' અને 'पार' ધાતુઓ પણ જાણીતા છે:
"पार, तीरण् कर्मसमाप्तौ"—(धातुपारायण, दशम गण धात्वंक ३३३—३३४, पृ०२७८)

૮૭. । ૮ । ૪ । ૮૬ ।

૮૮. 'भाषण' अर्थनो सं. 'बुक्क' ધાતુ જ છે:
'बुक्क भाषणे'—(घातुपा० प्रथमगण, धात्वंक ५४, पृ० १६)

૮૯. । ૮ । ૪ । ૯૮ ।

૯૦. જે માંસ લોઢાના શળા ઉપર ચડાવીને રંધાય તેને 'शूल्य' કહે છે. शूलया संस्कृतं—शूल्यम्', આ 'शूल्य'નું પ્રાકૃત ઉચ્ચારણ 'सुल्ल' અને તે દ્વારા આ 'सोल्ल' અંગ આવે છે.

૯૧. । ૮ । ૪ । ૯૦ ।

૯૨. 'સંવરણ—ઢંકાવું' અર્થમાં 'व्रुड' ધાતુ સુપ્રતીત છે:
"व्रुडत् उत्सर्गे च, चकारात् संवरणे"
(ધાતુપા૦, છઠ્ઠો ગણ, ધાત્વંક ૧૩૭, પૃ૦ ૨૨૨)
"स्फुड चुड व्रुड संवरणे"—(માધવીયધાતુવૃત્તિ, છઠ્ઠો ગણ, ધાત્વંક ૧૦૯—૧૧૧ પૃ૦ ૩૩૫)

૯૩. ૮–૪–૧૦૧

૯૪. સં૦ 'अश्नाति'—'અશન કરે છે—ખાય છે' ક્રિયાપદ સુપ્રતીત છે. તેના 'अश्ना' અંગદ્વારા 'अण्ह' રૂપ બરાબર આવી શકે છે. 'श्न'નું 'ण्ह' પરિવર્તન પ્રાકૃતમાં પ્રચલિત છે.

૯૫. ૮–૪–૧૧૦

गलत्थ=गलहस्त[૯૬]	गलत्थ=क्षिप[૯૭]
लोट्ट=लुट्य[૯૮]	लोट्ट=स्वप[૯૯]
आयंब=आ+कम्प[૧૦૦]	आयंव=वेप[૧૦૧]
वडवड=वदवद[૧૦૨]	वडवड=वि+लप[૧૦૩]
संधुक्क=संधुक्ष[૧૦૪]	संधुक्क=प्र+दीप[૧૦૫]
तेअव=तेजय[૧૦૬]	तेअव=प्र+दीप[૧૦૭]
णिसुढ=नि+सोढ[૧૦૮]	णिसुढ=नम[૧૦૯]

---

૯૬. 'ગળામાં હાથ નાખીને કાઢી મૂકવું—ગડથોલવું-ગડથોલું દેવું' અર્થ માટે 'गलहस्त' પદ સુપ્રતીત છે. તે દ્વારા 'गलहत्थ—'गलत्थ' એ રીતે 'गलत्थ' અંગ બરાબર આવે છે.

"सरवेअगलत्थल्लिअ—" (સેતુબંધ આશ્વાસ ૫, ગા૦ ૪૩) "शरवेगेण गलहस्तितम् —प्रेरितम्"—(સેતુબંધટીકા) 'गलहस्तित' પ્રયોગ નૈષધીય મહાકાવ્યમાં (સર્ગ ૬, શ્લો૦ ૨૫) પણ વપરાયેલો છે.

૯૭. ૮-૪-૧૪૩

૯૮. 'આળોટવું—સૂવું' અર્થમાં 'लुट्य' ધાતુ ચોથા ગણનો છે: "लुट्य् विलोटने" --(ધાતુપા૦, ધાત્વંક ૩૪, પૃ૦ ૧૭૫)

૯૯. ૮-૪-૧૪૬

૧૦૦. 'आ' સાથેના 'कम्प'—'आकम्प' દ્વારા 'आकम्प—आयंप—आयंब' એમ 'आयंब' અંગ આવી શકે છે.

૧૦૧ ૮-૪-૧૪૭-

૧૦૨. 'वद' ધાતુનો દ્વિર્ભાવ થયા પછી 'वदवद' થાય અને તે દ્વારા 'वडवड—वडवड'

૧૦૩. ૮-૪-૧૪૭

૧૦૪. સં૦ ધાતુસંગ્રહમાં "धुक्षि धिक्षि संदीपन—क्लेशन—जीवनेषु"—(ધાતુપા૦, ધાત્વંક ૮૭૬—૮૭૭ પૃ૦ ૧૦૫) એ રીતે 'धुक्ष' ધાતુ છે. 'सं' સાથે 'संधुक्ष' અને એ દ્વારા संधुक्क.

૧૦૫-૧૦૭. ૮-૪-૧૫૨.

૧૦૬. 'तेजस्' શબ્દ દ્વારા નામધાતુ થઈને 'तेअव' ક્રિયાપદ આવે છે.

૧૦૮. 'निर्' સાથે 'सह' નો 'ભારથી નમી જવું' અર્થ થાય છે. 'निस्सहानि अङ्गानि' એ જોતાં 'निर्' સાથે 'सह'નું ભૂતકૃદંત 'सोढ' ભળતાં 'निस्सोढ' થાય અને એ દ્વારા 'णिसुढ' અંગ આવે.

૧૦૯. ૮-૪-૧૫૮.

छुंद=क्षुद[૧૧૦]	छुंद=आ+क्रम[૧૧૧]
चक्कम=चंकम[૧૧૨]	चक्कम=भ्रम[૧૧૩]
अइ=इ[૧૧૪]	अइ=गम[૧૧૯]
अइच्छ=आ+ऋच्छ[૧૧૫]	अइच्छ=गम
अणुवज्ज=अनु+व्रज[૧૧૬]	अणुवज्ज=गम
णीइ=नय[૧૧૭]	णीइ=गम
पदअ+पद[૧૧૮]	पदअ=गम
पलोट्ट=प्र+लोट	पलोट्ट=प्रति+आ+गम[૧૨૦]
परिसाम=परि+शाम्य[૧૨૧]	परिसाम=शम[૧૨૨]
खेड्ड= { खेल[૧૨૩] क्रीड	खेड्ड=रम[૧૨૪]
पेच्छ=प्रेक्ष (प्र+ईक्ष)[૧૨૫]	पेच्छ=दृश[૧૨૬]

૧૧૦, ' क्षुद् ' ના આદ્ય ' क्ष 'નો ' छ ' થાય અને તે ઉપર અનુસ્વાર આવે, એટલે ' क्षुद ' દ્વારા ' छुंद ' થાય. ' क्ष 'નો ' छ ' થવો પ્રાકૃતમાં પ્રચલિત છે.

૧૧૧. ૮–૪–૧૬૦.

૧૧૨. ' क्रम ' ધાતુનું દ્વિરુચ્ચારણ (દ્વિર્ભાવ) થતાં ' चङ्क्रम ' અંગ થાય અને તે ઉપરથી પ્રા૦ ' चक्कम, ' આ જોતાં ' भ्रम ' સાથે ' चक्कम 'નો સંબંધ ન જ ઘટી શકે.

૧૧૩. ૮–૪–૧૬૧.

૧૧૪. 'ગતિ' અર્થવાળા સં૦ ' इ ' ધાતુદ્વારા ' अइ ' અંગની નિષ્પત્તિ છે. ' इ ' પ્રથમ ગણનો ધાતુ છે. જેનું ' अयति ' રૂપ થાય છેઃ— (ધાતુપા૦, ધાત્વંક ૧૨ પૃ૦ ૯)

૧૧૫. ' ગતિ ' અર્થવાળા સં૦ ' ऋच्छ ' અને ' आ ' ઉપસર્ગ સાથે મળતાં ' आ+ऋच्छ ' ' ऋ ' નો ' इ ' થયા પછી અને ' आ ' નો ' अ ' થયા પછી ' अइच्छ. '

૧૧૬. अनु+व्रज=अनुव्रज=પ્રા૦ अणुवज्ज.

૧૧૭. ' ગતિ ' અર્થવાળા ' नी ' – ' नय ' ધાતુદ્વારા ' ' णीइ '

૧૧૮. ' ગતિ ' અર્થવાળા ' पद ' ધાતુદ્વારા ' पदअ. '

૧૧૯–૧૨૦. ૮–૪–૧૬૨ તથા ૮–૪–૧૬૬

૧૨૧. ' परि+शाम्य ' દ્વારા ' परिसाम ' આવે છે.

૧૨૨. ૮–૯–૧૬૭

૧૨૩. ' खेल ' ધાતુ કે ' क्रीड ' ધાતુદ્વારા ' खेड्ड ' અંગ આવે.

૧૨૪. ૮–૪–૧૬૮

૧૨૫. ' प्र+ईक्ष—प्रेक्ष ' દ્વારા ' पेच्छ ' થાય છે. એ જ રીતે ' अव+ईक्ष '—' अवेक्ष ' ઉપરથી 'अवअक्ख ' ' अवक्ख ' અને ' अवयच्छ ' એ ત્રણે અંગો આવે છે. ' दृश ' સાથે તો એ અંગોનો કશો જ સંબંધ નથી.

૧૨૬–૧૨૭. ૮–૪–૧૮૧

अवअक्ख
अवक्ख } =अवेक्ष (अव+ईक्ष)
अवयच्छ
पुलोअ=प्र+लोक[૧૨૮]

पुलअ= ”
रि=री[૧૩૦]

भुक्क=बुक्क[૧૩૨]

अहिलंख
अहिलंघ } =अभि+लष[૧૩૪]
सिह=स्पृह[૧૩૬]
गुंज=गुञ्ज[૧૩૮]
डर=दर[૧૪૦]
पलोट्ट=प्र+लुट्य[૧૪૨]
पुलआअ=पुलकाय[૧૪૪]

अवअक्ख
अवक्ख } =दृश[૧૨૭]
अवयच्छ
पुलोअ=दृश[૧૨૯]

पुलअ=दृश
रि=प्र+विश[૧૩૧]

बुक्क=भष[૧૩૩]

अहिलंख
अहिलंघ } =काङ्क्ष[૧૩૫]
सिह=काङ्क्ष[૧૩૭]
गुंज=हस[૧૩૯]
डर=त्रस[૧૪૧]
पलोट्ट=परि+अस–पर्यस[૧૪૩]
पुलआअ=उत्+लस–उल्लस[૧૪૫]

---

૧૨૮. સં૦ ‘ प्रलोकते’ ના ‘ प्रलोक ’ અંગ સાથે ‘ पुलोअ ’ અને ‘ पुलअ ’ અંગોનો સંબંધ છે.

૧૨૯. ૮–૪–૧૮૧

૧૩૦' ‘ ગતિ ’ અર્થવાળા ‘ री ’ ધાતુ સાથે પ્રસ્તુત ‘ रि ’ અંગનો સુમેળ છે.

૧૩૧. ૮–૪–૧૮૩

૧૩૨. ‘ बुक्क भषणे ’ — ‘ ભસવા ’ અર્થના ‘ बुक्क ’ ધાતુ સાથે ‘ भुक्क ’નો સંબંધ છે.

૧૩૩. ૮–૪–૧૮૬

૧૩૪. ‘ अभि+लष — अभिलष ’ના ‘ भ ’ નો ‘ ह ’ થાય, ‘ ष ’ નો ‘ ख ’ અને ‘ घ ’ ઉચ્ચાર થાય અને ‘ ल ’નું ઉચ્ચારણ સાનુસ્વાર થાય.

૧૩૫. ૮–૪–૧૯૨

૧૩૬. ‘ स्पृह ’ ના ‘ प ’નો લોપ અને ‘ ऋ ’નો ‘ इ ’ થતાં ‘ सिह ’ થાય.

૧૩૭. ૮–૪–૧૯૨

૧૩૮. ‘ अव्यक्त शब्द ’ અર્થવાળા ‘ गुञ्ज ’ ધાતુ ઉપરથી ‘ गुंज ’ આવે.

૧૩૯. ૮–૪–૧૯૬

૧૪૦. ‘ भय ’ અર્થવાળા ‘ दृ ’ ધાતુનું ‘ दरति ’ રૂપ થાય છે. તેના ‘ दर ’ અંગ દ્વારા ‘ डर ’ આવે.

૧૪૧. ૮–૪–૧૯૮

૧૪૨. प्रलुट्य – पलुट्ट – पलोट्ट

૧૪૩. ૮–૪–૨૦૦

૧૪૪. ‘ पुलकायते ’ના ‘ पुलकाय ’ અંગ દ્વારા ‘ पुलआअ ’ આવે.

૧૪૫. ૮–૪–૨૦૨

वलग्ग=वि+लग्न[૧૪૬]	वलग्ग=आ+रुह्—आरुह्[૧૪૭]
हर=हर[૧૪૮]	हर=गृह्[૧૪૯]
अहिऊल=अभिज्वल[૧૫૦]	अहिऊल=दह्[૧૫૧]
परिआल=परि+चार[૧૫૨]	परिआल=वेष्ट्[૧૫૩]
ओग्गाल=उद्गार[૧૫૪]	ओग्गाल= } रोमन्थ[૧૫૫]
वग्गोल=व्युद्गार	वग्गोल= }
पणाम=प्र+नाम–प्रणाम[૧૫૬]	पणाम=अर्प्[૧૫૭]
आसंघ=आ+शंक[૧૫૮]	आसंघ=संभाव[૧૫૯]
उल्लाल=उत्+लल–उल्लल[૧૬૦]	उल्लास=उत्+नम–उन्नम[૧૬૧]
उप्पेल=उत्+प्र+ईर–उत्प्रेर[૧૬૨]	उप्पेल=उन्नम
पलाव=पलाय–(परा+अय)[૧૬૩]	पलाव=नश[૧૬૪]

---

૧૪૬. विलग्न—विलग्ग—વળગવું—ચડવું.

૧૪૭. ૮–૪–૨૦૬

૧૪૮. ‘ हर ’ એટલે ‘ લઈ લેવું.’

૧૪૯. ૮–૪–૨૦૯

૧૫૦. ‘ ज्वल ’ ના ‘ व ’નો ‘ ऊ ’ થતાં ‘ जूल ’ અને ‘ अभि+जूल ’ દ્વારા ‘ अहिऊल ’

૧૫૧. ૮–૪–૨૦૮

૧૫૨. ‘ परिचारयंति ’ એટલે ‘ વીંટાઈ રહે છે.’
ન્યાયસૂત્રમાં ‘ परिचरण ’ શબ્દ ‘ વીંટવા ’ અર્થમાં આવેલો છે. ન્યાયસૂ૦, ૪–૨–૫૦

૧૫૩. ૮–૪–૫૧

૧૫૪. ‘ उद्गार ’ દ્વારા ‘ ओग्गाल ’ એને ‘ व्युद्गार ’ દ્વારા ‘ वग्गोल અંગ આવેલાં છે.
ओग्गाल—ઓગાળવું—બળદ ઓગાળે છે.
वग्गोल—વાગોળવું—બળદ વાગોળે છે.

૧૫૫. ૮–૪–૪૩

૧૫૬. प्रणामयति—આપે છે, હાજર કરે છે.

૧૫૭. ૮–૪–૩૯

૧૫૮. ‘ आ+शंक ’ના ‘ क ’નો ‘ घ ’ અને ‘ शं ’નો ‘ सं ’ થતાં ‘ आसंघ ’

૧૫૯. ૮–૪–૩૫

૧૬૦. उल्ललति—ઊછળે છે.

૧૬૧. ૮–૪–૩૬

૧૬૨. उत्प्रेरयति—उप्पेरेइ— उप्पेलेइ

૧૬૩. સં૦ ‘ पलायते ’ દ્વારા ‘ पलाव ’ અંગ આવે છે.

૧૬૪. ૮–૪–૩૧

आहोड=आ+खोड[૧૬૫]	आहोड=तड[૧૬૬]
विहोड=वि+खोड	विहोड=तड
ढक्क=स्थग[૧૬૭]	ढक्क=छद[૧૬૮]
वा=वा[૧૬૯]	वा=म्ला[૧૭૦]
पव्वाय=प्र+वा	पव्वाय=म्ला
अब्भुत्त=अवभृथ[૧૭૧]	अब्भुत्त=स्ना[૧૭૨]
मुण=मन[૧૭૩]	मुण=ज्ञा[૧૭૪]
झुण=घृणा[૧૭૫]	झुण=जुगुप्स[૧૭૬]
चव=वच[૧૭૭]	चव=कथ[૧૭૮]
जंप=जल्प[૧૮૦]	जंप=कथ[૧૭૯]

---

૧૬૫. ‘प्रतीघात’ અર્થમાં ‘खोड’ ધાતુ છે, તેના ‘ख’ નો ‘ह’ થતાં ‘आहोड’ અને ‘विहोड’ અંગો આવે છે.

૧૬૬. ૮–૪–૨૭

૧૬૭. ‘स्थग’ ધાતુ ‘संवरण’ અર્થમાં છે.

૧૬૮. ૮–૪–૨૧

૧૬૯. ‘સુકાવું—મ્લાન થવું’ અર્થમાં ‘वै’ ધાતુ છે. ‘वायति’ એ તેનું રૂપ છે. ‘प्र’ સાથે ‘प्रवायति’.

૧૭૦. ૮–૪–૧૮

૧૭૧. ‘अवभृथ’ શબ્દ ‘स्नान’નો દ્યોતક છે. તેની સાથે સ્નાનાર્થક ‘अब्भुत्त’ નો સંબંધ જોડી શકાય એમ છે.

૧૭૨. ૮–૪–૧૪

૧૭૩. સં૦ ‘मन’ અને આ ‘मुण’ બન્ને સરખાં છે.

૧૭૪. ૮–૪–૭

૧૭૫. ‘घृणा’ના ‘घ’ નો ‘झ’ અને ‘ऋ’નો ‘उ’ થયા પછી ‘झुण’ અંગ આવે.

૧૭૬. ૮–૪–૪

૧૭૭. ‘वच’ નો વ્યત્યય થતાં ‘चव’ અંગ આવે.

૧૭૮–૧૭૯. ૮–૪–૨

૧૮૦. जल्प—जप्प—जंप

ઉપરનાં ટિપ્પણોમાં મેં ઘણે સ્થળે ‘ધાતુપારાયણ’નો આધાર ફક્ત લાંબું થવાના હેતુથી છોડી દીધો છે.

અહીં ઉપર જે આદેશો હેમચંદ્રની કલ્પના પ્રમાણે બતાવેલા છે, તે બધાનાં મૂળો પ્રથમ કૉલમમાં જે મને સૂઝ્યાં છે તે બધાં નોંધી બતાવ્યાં છે. જણાવેલાં મૂળોમાં થોડોઘણો વર્ણવિકાર થતાં તે બધાં આદેશો આપોઆપ નીપજી જાય છે અને જે વર્ણવિકાર કરવાનો છે તે પણ શ્રી. હેમચંદ્રે બતાવેલા લોપ વા બીજા વર્ણવિધાનના નિયમોને અનુસરીને કરવાનો છે. એ જોતાં ‘ कथ ’માંથી ‘ जंप ’ ઉપજાવવા જેવી માત્ર અર્થસામ્યવાળી પ્રક્રિયા ઉપયુક્ત જણાતી નથી અને વિદ્યાર્થીને પણ ‘ कथ ’માંથી ‘ जंप ’ની ઘટના તદ્દન અજાણી અને ચમત્કારભરી લાગે તેવી છે. વળી, એ માટે અનેક સૂત્રો નવાં બનાવવાં પડ્યાં છે તેથી સૂત્રાત્મક ગ્રંથમાં વિશેષ ગૌરવ કરવો પડ્યો છે. [૧૮૧]‘ ગૌરવ ’ને વૈયાકરણો દૂષણરૂપ સમજે છે. વળી શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ પણ એ આદેશો અઘટમાન છે. આ ઉપરાંત બીજા પણ ઘણા આદેશો છે, જેનાં મૂળો વિશે મને જ્યારે પ્રામાણિક રીતે જાણ થશે ત્યારે જણાવવાનું બાકી રાખું છું.

‘ कथ ’ અને ‘ जंप ’ ‘ स्ना ’ અને ‘ अब्भुत्त ’ ‘ हस ’ અને ‘ गुंज ’ વગેરે એ બધાં પર્યાયસૂચક પદો છે અને એ અર્થમાં જ એમણે (હેમચંદ્રે) ‘ આદેશ ’ શબ્દ યોજ્યો છે — આ રીતે હેમચંદ્રનો આશય સમઝીએ તો તેમના કથનની સંગતિ થઈ શકે એમ છે.

આવા આદેશો એકલા હેમચંદ્રે કર્યા છે એમ નથી, એ તો પ્રાચીન પરંપરા જ છે અને પાણિનિ વગેરેએ પણ આદેશોની પદ્ધતિને અપનાવેલી છે. પરંતુ જેમ જેમ શબ્દવિજ્ઞાન વધતું ચાલે છે તેમ તેમ તુલનાદૃષ્ટિએ ખરાં મૂળો જડતાં એ આદેશપદ્ધતિ અનાશ્રયણીય થતી આવે છે.

ખરી રીતે બધા આદેશોનાં મૂળો શોધવાં એ ઘણું કઠણ કામ છે. માટે જ વૈયાકરણોએ ખરું કહ્યું છે:

“ इन्द्रादयोऽपि यस्यान्तं न ययुः शब्दवारिधेः । ”

તેમ છતાં શબ્દબ્રહ્મના ઉપાસકો આ વિશે પોતાનો ફાળો યથાશક્તિ નોંધાવે એ ઇષ્ટ જ છે અને એ જ ન્યાયે અહીં યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને આ પ્રયત્નને સદ્ગત **વિદ્યાવારિધિ શ્રી આનંદશંકરભાઇના** શ્રાદ્ધ નિમિત્તે એક અંજલિરૂપે સવિનય સાદર સમર્પું છું.

---

[૧૮૧] વ્યાકરણકારોએ પોતાનાં સૂત્રોની રચના વિશેષ અર્થવાહી અને અલ્પશબ્દી કરેલી છે. તેમાં ક્યાંય એક કાનો, માત્રા કે અક્ષરને વધારવાનું આવે તે ‘ ગૌરવ ’ કહેવાય. એક કાનો માત્રા કે અક્ષરને ઓછાં કરવાના પ્રસંગને વૈયાકરણો ઉત્સવરૂપ સમઝે છે : “ मात्रालाघवमपि उत्सवाय मन्यन्ते वैयाकरणाः । ”

મદનયુદ્ધ

પં. અંબાલાલ પ્રેમચંદ શાહ

જૈનોએ સાંસ્કૃતિક ભાવનામાં દરેક વિષયમાં ઇતરો સાથે સરસાઈ કરવાનો પ્રયત્ન સેવેલો; એટલું જ નહિ પણ કેટલાક વિષયો તો તેની બુદ્ધિની મૌલિક ઊપજ છે; એ તેના વિવિધ અને વિશાળ સાહિત્ય, શિલ્પસ્થાપત્ય અને ચિત્રકળાના નમૂનાઓથી જાણી શકાય છે. તે જ રીતે સામાજિક કે રાષ્ટ્રીય વાતાવરણમાં પોતાનું ધાર્મિક પ્રતિનિધિત્વ અને લાગવગ રાખ્યાનો પ્રયત્ન પણ ઇતિહાસનાં મૂક સાધનોમાં જ્યારથી વૈજ્ઞાનિક યુગે વાણીસંચાર કરાવ્યો ત્યારથી થયેલો અવલોકી શકાય છે. આમ હોવા છતાં મધ્યકાળમાં બૌદ્ધોના વિશ્વવિદ્યાલય જેવું જૈનોનું એકે વિદ્યાલય હોવાનું ક્યાંયથી જાણી શકાતું નથી. ઊલટું જૈન સાધુઓને બૌદ્ધદર્શનનું જ્ઞાન મેળવવા એ વિદ્યાપીઠોનો આશ્રય લેવો પડતો હતો.[1] એનું કારણ એ જ છે કે વિચારશીલ જૈનશ્રમણોએ સમય જતાં જાણ્યેઅજાણ્યે તેમાં આચારશૈથિલ્ય પેસી જાય એ ભયથી તે પ્રવૃત્તિ તરફ દુર્લક્ષ કર્યું હોય તેમ લાગે છે. છતાં પુર, નગર કે ગામડે ગ્રંથભંડારો સ્થાપવાની પ્રવૃત્તિ બૌદ્ધોની એ પ્રવૃત્તિની સરસાઈમાં મૂકી શકાય; એમ મને લાગે છે. અસ્તુ ગમે તે હો, પણ બૌદ્ધોની એ પ્રવૃત્તિ રાજ્યાશ્રિત હોવાથી નામશેષ બની ત્યારે વણિક્બુદ્ધિ અગમદૃષ્ટિ જૈનશ્રમણોએ જ્યાંત્યાં ગ્રંથભંડારો સ્થાપવાની પ્રવૃત્તિ લોકાશ્રિત–સંઘાશ્રિત કરી દીર્ઘજીવી બનાવેલી જોઈ શકાય છે.

એ જૈન ગ્રંથભંડારોના ઉદરમાંનાં વિપુલ અને વિવિધવર્ણી સાહિત્યરત્નો જેમજેમ હસ્તગત થતાં જાય છે, તેમતેમ કોઈ પણ વિષયના ગ્રંથોના પરિમાણની મર્યાદા આંકવી મુશ્કેલ બનતી જાય છે. આજ સુધી ભાષાસાહિત્યમાં 'वसन्तविलास' એક અદ્વિતીય કૃતિ ગણાતી. વસ્તુસંકલનામાં ભલે તે ચડિયાતી હોય, પણ એ કાવ્ય એના વિષયની છેલ્લી કૃતિ નથી જ; એ શ્રી. સારાભાઈ નવાબને મળી આવેલી 'पंच सहेली वार्ता, મારી પાસેની શ્રી દામોદર નામના જૈન કવિની 'रसमोहशृंगार' નામની કૃતિ અને પ્રસ્તુત 'मदनयुद्ध' નામનાં નાનકડાં કાવ્યોથી જાણી શકાય છે.

આ કાવ્યમાં મદન અને રતિનો સંવાદ છે. પ્રસ્તુત કાવ્યના હસ્તલિખિત ગુટકામાં આ કાવ્યના મથાળે मदनसंवाद એવું નામ આપ્યું છે. પણ આ કાવ્યની ૯મી કડીમાં मदनयुद्ध સ્પષ્ટ રીતે ઉલ્લેખ્યું છે. બંને નામો સાપેક્ષ રીતે કાવ્યાર્થને ઉપયુક્ત છે, છતાં કાવ્યમાં ઉલ્લેખાયેલું જ નામ રાખવાનું મેં પસંદ કર્યું છે.

આ કાવ્ય જૈન મુનિવર શ્રીહેમકવિએ સં. ૧૭૭૬ના ભાદરવા સુદ ૫ના રોજ બુરહાનપુરમાં રાજસ્થાની ભાષામાં રચ્યું. જૈનાચાર્ય નર્બુદાચાર્યે પોતાનું 'कोकशास्त्र' અને જૈન કવિ દામોદરનું ઉપર્યુક્ત 'रसमोहशृंगार' પણ બુરહાનપુરમાં જ રચાયાના સ્પષ્ટ ઉલ્લેખો તે તે કાવ્યોમાં

---

[1] 'प्रभावकचरित्र'માંના हरिभद्रसूरिचरितમાં હંસ અને પરમહંસના ઉલ્લેખો. શ્લોક ૬૦ પછી.

છે. આથી બુરહાનપુરની તે સમયની સામાજિક અને ધાર્મિક સ્થિતિનું અનુમાન સહેજે કરી શકાય તેમ છે. કવિ વિધિપક્ષ (અંચલ) ગચ્છીય પ્રસિદ્ધ આચાર્ય શ્રીકલ્યાણસાગરસૂરિના શિષ્ય હતા. વિ. સં. ૧૬૭૧માં આગ્રાનિવાસી કુંરપાલ અને સોનપાલ નામના બે ભાઈઓએ આગ્રામાં શ્રીશ્રેયાંસનાથ પ્રભુનું મંદિર બંધાવ્યું તેની પ્રતિષ્ઠા આ જ કલ્યાણસાગરસૂરિએ કરાવી હતી.[૨] તેમના કેટલાક શિષ્યોએ કેટલાક ગ્રંથોની પ્રતિલિપિઓ કરાવ્યાના ઉલ્લેખો તે તે ગ્રંથની પ્રાંત-પુષ્પિકાઓમાં આપેલા છે.[૩] તેઓ શ્રી ધર્મમૂર્તિસૂરિના શિષ્ય હતા એવો ઉલ્લેખ તે પ્રશસ્તિ અને આ કાવ્યના પ્રાંતભાગના કલશમાં છે. આ કવિની બીજી કૃતિઓ જાણમાં આવી નથી. સંભવ છે કે 'मेदपाटदेशाधिपतिप्रशस्तिवर्णन' નામની કૃતિના કર્તા આ હેમ કવિથી જુદા નહિ હોય.[૪]

આ કાવ્યમાં "જૈનાચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિને મહાવ્રતોમાંથી ચલાયમાન કરવા જતા કામદેવને રોકવા માટે રતિ અનેક રીતે વીનવે છે, પણ પત્નીનું કથન ન માનતાં કામદેવ રતિ સાથે પોતાની શસ્ત્રાદિક સામગ્રીપૂર્વક એ સંયમશીલ આચાર્યને વ્રતભંગ કરવા પ્રયાણ કરે છે. પણ કામદેવ એ વિજયી તપસ્વીની સાત્ત્વિક ગુણપ્રભા આગળ હતવીર્ય બની પરાજિત થાય છે." આ વસ્તુસંકલના કુમારસંભવ મહાકાવ્યના પ્રાથમિક વર્ણનની પ્રતિચ્છાયા જેવું છે. તેમાં પણ શંભુને વ્રતભંગ કરવા કામદેવ પોતાની બધી તૈયારી સાથે જાય છે અને શંભુ તેને ભસ્મસાત્ કરે છે. પણ કવિ તેનો અંત શંભુ-પાર્વતીનું મિલન કરાવી સંગળસ્નેહની જ્યોતિ પ્રકટાવીને આપે છે. જ્યારે આ કાવ્યનો અંત એક દૃઢવ્રતી સંયમશીલ શ્રમણ આગળ કામદેવનું કાંઈ જ ચાલતું નથી અને હતવીર્ય બને છે–એ દ્વારા કરે છે. શંભુ પોતાની તમોગુણી શક્તિનો ઉપયોગ કરે છે, જ્યારે આચાર્ય સંયમદુર્ગસમા સાત્ત્વિકગુણો દ્વારા જ મોહરાજને અટકાવે છે. એક વેરનો બદલો લે છે જ્યારે બીજા ઇન્દ્રિયવિજયી બની સામાને લજ્જાશીલ બનાવે છે. અહીં જ અહિંસાની પરમોચ્ચભાવના મૂર્તરૂપ લે, છે. આ વસ્તુ જ જૈન ઉપદેશની કે ચરિતકથાની લાક્ષણિક વસ્તુ છે. સામાન્ય રીતે આવાં વર્ણનો જૈન કથા સાહિત્યમાં ભર્યાં પડ્યાં છે. અહીં કામદેવ અને રતિનું સૂચન છે જ્યારે અન્યત્ર દેવો પોતાના દિવ્યરૂપોથી ઉપસર્ગો કરી નિષ્ફળ બને ત્યારે તેમના ગુણપૂજક બની જાય છે. એ જ રીતે અહીં પણ ભોગ-વિલાસનાં અનેક સાધનો ઉપસ્થિત હોવા છતાં શીલધની સંયમી પોતાની દશામાં મસ્ત રહે છે.

આ કાવ્ય એક રીતે ભક્તિપ્રધાન સ્તોત્ર જ છે. પ્રતિભા-કવિત્વ પણ ઊંચા પ્રકારનું નથી જ, છંદ-આલેખન શિથિલ છે; છતાં ભાષાસાહિત્યમાં કવિએ મદનના સ્વરૂપ કરતાં રતિનું શાસ્ત્રીય પદ્ધતિનું સ્ત્રીસુલભ રૂપાલેખન કર્યું છે તે સંસ્કૃત કાવ્યોથી ઊતરતું નથી. સંસ્કૃત કાવ્યોમાં સ્ત્રીના રૂપનું વર્ણન અને તેને લગતી કવિપ્રસિદ્ધિઓ 'अलंकारशेखर' આદિ ગ્રંથોમાં આલેખાઈ છે

---

૨. 'जैन साहित्यसंशोधक' ખંડ ૨, અંક ૧, પૃ. ૨૫.

૩. 'प्रशस्तिसंग्रह' પૃ. ૧૭૩, ૧૮૭, ૧૮૮, ૧૯૫, ૨૦૯, ૨૬૬.

૪. 'बुद्धिप्रकाश' વર્ષ ૮૯, અંક ૨ માં મારો એ નામનો લેખ.

તે આ કાવ્યવર્ણનની તુલનામાં ઉપયોગી થાય એ હેતુથી ટૂંકમાં આલેખવી અપ્રસ્તુત નહિ ગણાય.

[૨]

સ્ત્રીશરીરની ઉપમા ચંદ્રકળા, વિદ્યુલ્લતા, શિરીષમાલા, કમલરજ્જુ, સુવર્ણલતા, દીપશિખા અને યમનકયષ્ટિની સાથે આપવામાં આવે છે. તેનો વર્ણ શ્વેત કે ગૌર વર્ણવાય છે. સ્ત્રીમાં સૌન્દર્ય, મૃદુતા, કૃશતા, અતિકોમલતા, કાંતિ, ઉજ્જવલતા, ચાપલ્ય તથા સુકુમારતા વગેરે ગુણો વર્ણનીય છે. કવિઓ સ્ત્રીને સત્ત્વગુણ પ્રધાન કે તમોગુણ પ્રધાન (વિલાસિની) વર્ણવે છે. સાધારણ રીતે સ્ત્રીશરીરના રંગની ઉપમા ગોરોચના, સુવર્ણ, વિદ્યુત, હરિદ્રા (હળદળ), વરાટક (કોડી), ચંપા, કેતકીપુષ્પ (કેવડો) સાથે અપાય છે.

મુખમંડળ—મુખની ઉપમા ચંદ્રમા, કમળ કે દર્પણ સાથે અપાય છે. મુખમંડળમાં સાધારણ રીતે કેશ, લલાટ, કપોલ, મુખ, નાસિકા, નેત્ર, અધર, ઓઠ, દાંત, વાણી અને કંઠ આટલાં વર્ણનીય છે.

કેશમાં દીર્ઘતા, કુટિલતા, મૃદુતા, નિબિડતા અને નીલિમા વગેરે ગુણો વર્ણવવા જોઇએ. અને તેની ઉપમા અંધકાર, શૈવાલ, મેઘ, મોરપીંછાં, ભ્રમરપંક્તિ, ચામર, યમુનાતરંગ, નીલમણિ, નીલકમળ, આકાશ, ધૂપનો ધુમાડો વગેરે સાથે દેવાય છે.

લલાટની ઉપમા અષ્ટમીનો ચંદ્ર અથવા સુવર્ણપટ્ટિકા સાથે દેવાય છે. લલાટનો ગુણ સ્વચ્છતા છે, તેથી તેની ચંદ્ર સાથે ઉપમા અપાય છે.

નેત્રમાં સ્નિગ્ધતા, વિશાળતા, ચપળતા, કટાક્ષોની દીર્ઘતા, નીલતા, પ્રાન્તભાગની લાલિમા, શ્વેતતા વગેરે ગુણો વર્ણનીય છે. નેત્રનું સાદૃશ્ય મૃગ, મૃગનેત્ર, કમલ, કમલપત્ર, માછલી, ખંજન, ચકોર વગેરે સાથે હોય છે. નેત્રનો રંગ શ્વેત, રક્ત અને કૃષ્ણ વર્ણવાય છે.

બંને ભવાં વાંકાં અને બહુ જાડાં કે બહુ મળેલાં હોવાં ન જોઇએ. તેની ઉપમા વલ્લી, ધનુષ, કામધનુષ, તરંગ, ભૃંગાવલી અને પાંદડાં સાથે દેવાય છે. ક્યાંય ક્યાંય સાપ અને તરવાર પણ ભવાંનાં ઉપમાન બને છે.

નાકનાં બંને પુટ સરખાં હોવાં જોઇએ. તેને માટે તલના ફૂલની ઉપમા અપાય છે. પાટલીપુષ્પનું પણ ઉપમાન દેવાય છે. નિઃશ્વાસ સુગંધી હોવો જોઇએ.

અધરોમાં અત્યંત માધુર્ય, સ્ફીતતા અને લાલિમા—આ ત્રણ ગુણો વર્ણનીય છે. આની ઉપમા પરવાળાં, બિંબફળ, બંધુકપુષ્પ, પલ્લવ તથા મિષ્ટ પદાર્થો સાથે અપાય છે.

દાંતોમાં શ્વેતતા, પેઢાંઓમાં લાલિમા અને અત્યંત દીપ્તિ વર્ણનીય ગુણો છે. તેથી તેની ઉપમા મોતી, માણેક, નારંગી, દાડમ, કુંદકળીઓ અને તારાઓ સાથે અપાય છે.

વાણીના માધુર્ય અને સ્પષ્ટતા એ ગુણો છે. તેને માટે હંસાવલી, પોપટ, કિન્નર, વેણુ, વીણા, કોકિલા, અને મિષ્ટ ચીજો ઉપમાન બને છે.

કંઠ અને ગળા માટે શંખ અને કપોત—કબૂતર—ઉપમાન છે.

કંઠથી કટિપ્રદેશ સુધીમાં ભુજા, હાથ, આંગળીઓ, નખ, વક્ષઃસ્થલ, નાભિ, ત્રિવલી, રોમાલી, અને કેડ વિશેષરૂપે વર્ણનીય છે.

ભુજમાં મૃદુતા અને સમતા, હાથમાં મૃદુતા, શીતલતા અને લાલાશ વર્ણનીય છે. ભુજાનું ઉપમાન કમલલતા, મૃણાલનાલ, અને વિદ્યુદ્વલ્લી, તેમ જ હાથ માટે પદ્મ, પલ્લવ અને પરવાળાંની ઉપમા પ્રસિદ્ધ છે. નખ માટે ચંદ્રકલા, ડોલરની કળીઓ અથવા પલ્લવ પણ ઉપમાનરૂપે યોજાય છે.

સ્ત્રીનું વક્ષઃસ્થલ કવિઓનું રુચિકર વર્ણનીય અંગ છે. સ્તનમાં અગ્રભાગની શ્યામતા, ઊંચાઈ, વિસ્તાર, દઢતા, પાંડુતા અને નાભિગામિતા આદિ ગુણો વર્ણવે છે. આ ગુણો માટે કવિઓમાં સોપારી, કમલ, કમલકોરક, બીલી, તાડ, ગુચ્છ, હાથીનું કુંભસ્થળ, પહાડ, ઘડો, શિવ, ચક્ર, સૌવીર, જંબીર, બીજપુર, સંપુટ વગેરે ઉપમાન રૂઢ છે. સ્ત્રીઓની નાભિ દક્ષિણાવર્ત પ્રશસ્ત મનાય છે, તેથી તેના માટે રસાતલ, આવર્ત, હ્રદ, કૂવો, નદ વગેરેનાં ઉપમાન દેવાય છે. નાભિ ઉપરની રુવાંટીઓમાં મૃદુતા, શ્યામતા, સૂક્ષ્મતા અને નાભિગામિતા આદિ ગુણો વર્ણનીય છે. નાભિ નીચેના ભાગને વલી કહે છે. ત્રણ વલીઓ સૌભાગ્યનું લક્ષણ છે. કટિની કૃશતા પ્રશસ્ત મનાય છે. તેની ઉપમા સોઇનો અગ્રભાગ, શૂન્ય, અણુ, વેદી, સિંહકટિ તથા મુષ્ટિગ્રાહ્યતા વડે અપાય છે.

કટિના અધોભાગમાં જઘન, નિતંબ, ઊરુ, ચરણ, અંગૂઠો, નખ, નૂપુરધ્વનિ, ગમન વગેરે વિષયો વર્ણનીય છે.

જંઘામાં કાંતિ, વૃત્તાનુપૂર્વતા, નાતિદીર્ઘતા, અત્યંત મંદતા, અને શીતલતા આદિ ગુણો વર્ણનીય છે. સામુદ્રિક નિયમાનુસાર જે કુમારીનાં ચરણો સ્નિગ્ધ, ઉન્નત, આગળથી પાતળાં, અને લાલ નખવાળાં હોય, સમ, ઉપચિત, સુંદર અને ગુપ્ત ગુલ્ફવાળાં હોય, આંગળીઓ પંક્તિબદ્ધ તથા ચરણતલ કમલની કાંતિવાળાં હોય તેની સાથે વિવાહ કરનારને રાજ્યપ્રાપ્તિ થાય છે. જે કન્યાની જાંઘો રોમરહિત અને શિરાહીન હોય, બંને જાનુ સરખા હોય, ઘૂંટણોની સંધિઓ ખાડા-ટેકરાવાળી ન હોય, ઊરુ સરખા હોય, નિતંબ, લલાટ અને ઊરુ કાચબાની પીઠ માફક વચ્ચેથી ઊંચા અને બંને બાજૂ ઢાળવાળા હોય, મણિબંધ ગૂઢ તથા નિતંબ વિસ્તીર્ણ તથા માંસલ હોય, તે કન્યા લક્ષ્મીવાળી હોય છે. આવા ગુણો લક્ષ્યમાં રાખીને જ કવિઓ જઘનની ઉપમા એટ, નિતંબની ઉપમા પીઠ, પથ્થર, પૃથ્વી, પહાડ, ચક્ર વગેરે સાથે, ઊરુની ઉપમા હાથીની સૂંઢ, કેળનો થાંભલો, અને કરભ સાથે, ચરણોની ઉપમા પાંદડું, કમળ, સ્થલપદ્મ, અને પરવાળાં સાથે અને અંગૂઠાના નખની ઉપમા પરવાળાં સાથે દે છે. ગતિની મંદતા, એ ગુણ છે, તેથી તેની ઉપમા હાથી અને હંસગતિ સાથે અપાય છે. નૂપુરધ્વનિની ઉપમા સારસ, હંસ વગેરેના શબ્દો સાથે દેવાય છે.

[૩]

અહીં કામદેવ અને રતિનો પુરાતત્ત્વની દૃષ્ટિએ વિચાર કરવો જરૂરી છે.

સંસ્કૃત કોશોમાં મકરધ્વજ કે મકરકેતન કામદેવનો પર્યાય છે, જ્યારે મકરવાહન વરુણનો.[૫] 'अग्निपुराण' (અધ્યાય ૫૧) માં જણાવેલ મકરવાહનને જ 'विष्णुधर्मोत्तर' (૩–૫૨) માં મકરકેતન કહેવામાં આવ્યા છે. આ જ ગ્રંથમાં (૩–૫૮) માં કામદેવ અને રતિને ક્રમશઃ વરુણ અને ગૌરીના અવતાર જણાવ્યા છે. આથી વિદ્વાનોનું અનુમાન છે કે કામદેવ અને વરુણ એક જ દેવતા છે અથવા એક જ દેવતાનાં બે સ્વરૂપ છે.[૬] વરુણનું મકરવાહન તો પ્રાચીન મૂર્તિઓ અને ચિત્રોમાં અંકિત છે. બાદામી, મૈસૂર અને ભુવનેશ્વરના લિંગરાજ મંદિરની અનેક મૂર્તિઓ એનું પ્રમાણ છે.' મકરકેતન અને ઝષકેતન એકાર્થવાચી છે, તેથી આનંદસ્વામી 'शतपथब्राह्मण'નો શીંગડાવાળો ઝષ અને મકર એક જ વસ્તુ હોવાનું કહે છે. આવા પ્રકારના ઉત્કીર્ણ મકરો પણ મળે છે. વેસનગરમાં શુંગકાલીન (તૃતીય શતાબ્દી ઈ. સ. પૂ.) એક ત્રણ ફૂટ ઊંચો મકરધ્વજ સ્તંભ મળી આવેલો ગ્વાલિયર મ્યુઝિયમમાં છે.[૮] બાદામીમાં રતિ સાથે મકરવાહન અને મકરકેતન સૂચવતી કામદેવની મૂર્તિઓ મળી આવી છે.[૯]

જૈનોના 'उत्तराध्ययन' આદિ આગમ ગ્રંથોમાં કામદેવને યક્ષાધિપ તરીકે વર્ણવેલ છે તેજ રીતે બૌદ્ધ સાહિત્યમાં મારયક્ષ કામદેવનું જ રૂપ છે.

---

[૫] "कन्दर्पो दर्पकोऽनङ्गो मीनाङ्को **मकरध्वजः**"–वैजयन्तीकोश, स्वर्गकांड, श्लो. २७
"अम्बुवासोऽम्बुकान्तारः पाशी **मकरवाहनः**"–वैं० को०, स्व. कां, १ श्लो ४५.

[६] 'बुद्धचरित' १३–२

[૭] Yaksa, II, P. 25

[૮] Cunningham A. S., Reports, P. 42-43 & Plate XIV.

[૯] R. D. Banerji Bas. Reliefs of Badami, Mem. A. S. I., 25, 1928, P. 34

मदनयुद्ध

[दोहरा]

अलख अमूरत अपर पर, आदिनाथ अरिहंत,
हेम सुकवी वंदितचरण, बुध दाता सुमरंत ॥ १ ॥

[छप्पय]

प्रथम सुमर जगईस दीस वीस्वे वरदाई,
[1]तपन सुजस जिह गनो भगत अरिवंद मुकलाई,
मोह फिटत संसार सार तिह नाम गनीजें,
धावत पावत ऋद्ध सीद्ध नवनीद्ध भणीजें,
श्री आदिनाथ अनंद गुरु भनें हेम सुमरत भव[2] अघहरण,
जिननाइक लाइक सकल जग सोरत्थ रत्थ प्रभु तुय सरण ॥ २ ॥
कल कपोल गजमुंखहीं पर, गुंजत भमर अनंत,
राजित चंद लिलाट पर, [3]गवरिनंद एक दंत ॥ ३ ॥
स्वस्तिश्री सुभग दरि वदन जेह [4]दुरित एक रद,
गुंजत भमर कपोल लोल अमोल वसन नद,
करुणा दंत महंत सुमरंत जास जस,
नाद वाद विद्यात छंद रस रसिक सरस रस,
[5]त्रय नेंन हेम परसत सुमत कुमतिहरण आनंदकरण,
नरपति सुरपति असुरपति सो गणपति पती रत्थ हो सरण ॥ ४ ॥

[दोहरा]

सेत वसन सोहित सदा, राजित वाहन सेत ।
चंद सेत लिलाट पर, सेत हास संत हेत ॥ ५ ॥
सेत माल उर सोभती, बेंठी ध्यान जुं सेत ।
नेपुर सेत घमकसुं, हेम सुकवी वर देत ॥ ३ ॥

---

१. सूर्य. २. भवरूप पापने हरनार. ३. गणपति. ४. पाप. ५. शंभु.

सेत खीरोदक पेहेरने, सेत फूलकी माल ।
सेत अंग सोभित सकल, वाहन सेत मराल[6] ॥ ७ ॥
सोइ सारद समरूं सदा, बरनन श्री गच्छराज ।
वानी दोऊ बरनीजें, समरें होइ सुभ काज ॥ ८ ॥
सतरहमें छीडोत्तरे (१७७६), पूर बूरान में तेह ।
भादो सुदि पंचमी दीनें, कीयो मदनयुद्ध एह ॥ ९ ॥
मदन महाभड[7] जित जेणे, दूर कीओ विषवाद ।
बाद कबही भाषें नही, धरें ध्यान जिन आदि ॥ १० ॥
विधिपक्ष गच्छ सिर मुगट मणी, श्रीकल्याणसागर सूर ।
मयन कोंन विध विध जेर[9] कीय, कहूं तास जस पूर ॥ ११ ॥

[अथ कामवरनन विजें छंद]

भूपन फूलनके धर अंग सिंघासन फूलनकी अति सोहें,
छत्र विराजित फूलनको सिर, आयुद्ध फूलनको कर कोहें,
वाहु लता रती कंठ समर्पित देखी सुरासुरको मन मोहें,
दूत मरुत[10] कह्यो तव आंन[11] न मानत सूर कल्यानजू तोहें ॥१२॥

[दोहरा]

[12]मीन केत श्रवननि परि भनक जु ऐसी आंन ।
ने [13]मकरी तों यह करें मानें न तोरी आंण ॥ १३ ॥
तव कोपन धडहड भयो में जेर कीयो त्रैलोक ।
तपसी चूके संभूसे सोउ मेरी चोक ॥ १४ ॥
अचर फटक ठाढ भयो सुन रति कहू एक तोहें ।
साज सकल आभरन चलो [14]सूर न मांनत मोहें ॥ १५ ॥
रती कहें सुन प्रीतम चतुर संग ले चलो न मोहें ।
मार संभू बचाईयो अज हूं [15]लज नही तोहें ॥ १६ ॥

---

[6] हंस. [7] महासुभट. [8] मदन. [9] पराजित. [10] पवन.
[11] आज्ञा [12] माछली. [13] मघरी. [14] सूरिवर. [15] लाज.

संभू नचायो मेहिं सुन तेंसें याहि नचाउं ।
हाथ जोर ठाढो करुं तो कुसुमायुध नामुं[१६] ॥ १७ ॥
वचन न मेटूं नाथको सजु अबही शृंगार ।
पीछें वीनती जे करुं सो सूंनिंओ निरधार ॥ १८ ॥

कामवाक्यं—[कवित्त]

मेरे [१७]रिपु संभु सो देव देवन पती
मित्र जडमत [१८]ससी अंगकरणं,
जानउ मराउं रतिराज मेरो सही,
सुभट बहू रंग जगपुहू पवरणं
सेन[१९] [२०]अबलनको लेके जगमें फिरूं,
चाप[२१] कर कुसुम सर कुसुमधरणं,
मै हूं त्रैलोक जन देहबिन वस कर्यो,
हे म कवि जगत मोहि चर्णसरणं ॥ १९ ॥

रतिवाक्यं—[दोहरा]

मान न कर प्रीतम निपूण मान हीं सिद्ध म लेष ।
बोहोत मान थें जगतमें रावणकी गत देष ॥ २० ॥
कहा सीखावत मोहि कुं रे रति त्रीयासु जान ।
जे में डंडे जगतमें ताको सून ही वपान ॥ २१ ॥

[सवैया]

नंदषेण सो मूनीं चूकायो एक छिनकमें,
आद्रहीं कुमारकुं करी विपतिके तीमें,
अरनक भुल पर्यो त्रियाहूंके विसवास,
वीकलचीरी विकल भई मत जे तीमें,
अैंद्र पर्यो गौतमकी घरनींके फांस जेसें,
महासेता देष रिष मर गयो रे तीमें,

---

[१६]. नाम. [१७]. शत्रु. [१८]. चंद्र. [१९]. सेन्य. [२०]. स्त्रीओनुं. [२१]. बाण.

कुवजाके संग गिरिधर [२२]जुंडो रत हें,
ओर काहा नाम कहूं करी कथाके तीमें ॥ २१ ॥

रतिवाक्यं—[दोहरा]

सुण प्रीतम जे तें कही सो में मानी सत ।
थूलभद्र नें खंड कीयो तबही गयो बल कित ॥ २३ ॥

[छंद—भुजंगप्रयात]

प्रभूं मानीइं मति सुनो एक मेरें,
कहूं नेक सुद बुदसुं चित हेरें,
कहो सिंघ आगें मृगी केंसें जीतें,
कहो जूध केसें वने हाथ रीतें ॥ २४ ॥
कहु [२३]सूरकी जोति दीपक न कीजें,
कहु मत्त गजराजसुं कर्ण छीजें,
जिहां धून ही नीशांन कीत वल गाजें,
तिहां डमरुके शब्द केते बिराजें ॥ २५ ॥
लगे चोट पंख राजकी[२४] पौन[२५] जेती,
तजे भूमिका उरगकी[२६] जाति जेती,
सजें मोर वर्षा समें वानी गाजें,
तजी साख चंदनका [२७]व्याल भाजें ॥ २६ ॥
जहां [२८]पाढसे पातिक जाइ उडकें,
तिहां तुझसे मूढ रहें जुंगडकें,
खरी सीख तुह्मसुं कहुं कंत ग्यानी,
लहो जे सदा वुध परपंच मानी ॥ २७ ॥
सजे सूर कल्यांनकी सेन जोरा,
लगे तास नहीं [२९]वांन मनमथ तोरा,

---

२२. साथे. २३. सूर्य. २४, गरूड. २५. पवन. २६. सर्प, २७. सर्प. २८. पहाड.
२९. बाण.

तजे मान ते [30]पाई लागो [31]सयाने,
सदा भोग ल्यो मोहिसुं सुख माने ॥ २८ ॥

कामवाक्यं [अडिल्ल छंद]

सुंदरी मान वचन कहूं एक में तोही,
स्वर्ग मृत्यु पाताल धरा सबमें मोही,
हुं काहुं न करुं प्रणांम कुसमसर कर धरें,
आज सकल नर त्रीया मोहें [32]पाइन परें ॥ २९ ॥

रतिवाक्यं [दोहरा]

बेर[33] बेर कहीइं कहा जो नही मानत वेंन,
चलो पिय संग हुं चलुं मोहि सदा सुख देंन ॥ ३० ॥
नव सत भूषन साजकें चली चपल जेह रीत।
नख सिख लगी बरनन करुं धरी जीयसुं प्रीत ॥ ३१ ॥
कंत वचन मानी त्रिया पहेलें [34]मज्जन कीन।
जब अंगुठा कर लीयो देषें जगत अधीन ॥ ३२ ॥
अलक[35] [36]नीचोरत कर ग्रहें टपटप चोतत बार।
अमी[37] पीवत मुखचंद तें, झरें नाग निरधार ॥ ३३ ॥

[छंदराज]

धरंति पाओ जुगलं सोहंति देह विमलं।
सरूप नख सोहीइं न ऊपमा [38]जुंटो हीइं ॥ ३४ ॥
कौंल[39] पत्रपे लसंत ओस बूंदसे लसंत।
वीछीआ विराजें ज्यों [40]मधूप पीत बेठें त्यों ॥ ३५ ॥
जाव करंग देखीइं [41]राजीव पत्र लेखीइं।
कीधों जुं राग पीअको रह्यो हें लाग हीयको ॥ ३६ ॥

---

३०. पगे. ३१. शाणा. ३२. पगे. ३३. वारंवार. ३४. स्नान. ३५. अंबोडो.
३६. नीचोवतां. ३७. अमृत. ३८. जोटो. ३९. कमल. ४०. भ्रमर. ४१. कमला.

कनक्क जेहरी [४२]जसी करंति कामकुंभ सी।
जरा[४३] व जरे भूषनं हरंति मार दूषनं ॥ ३७ ॥
सखी जु पीय सें नक्री हरंति जीत बेन की।
राखंति [४४]भौं न में नकी सकल्ल सुष दे नकी ॥ ३८ ॥

[दोहरा]

जंघ सोभ वरनन करुं सुनो चीत्त दे मीत्त।
हे म सुकवि सोभा सुनो तेंसी कही कवीत्त ॥ ३९ ॥

[छंद भुजंगप्रयात]

किधों [४५]रंभकी खंभ विपरीत कीजें,
किधुं नागकी सुंढ सोभा जुं लीजें,
किधुं लाहकी गीर्द गादी बिराजें,
किधो नितंबको सोभ अधकी जुं छाजें ॥ ४० ॥
खरी छीन कटी देष भ्रम सोहीं लागे,
छतीहें किधुं नाहि तनमें न जागें,
किधुं कुंभ मंगलीकके काम थापे,
कीओ गेह निअ नेहको आय आवे ॥ ४१ ॥
किधुं स्याम रोमावली सोहें इंसो,
जरी कुंभसुं शृंखला लोह तेंसी,
किधुं अगरवा तीनको धूम लेपो,
करें काम भूपत्त आगें विसेखो ॥ ४२ ॥
किधों बांह दोउ कोंलको नाल कीनी,
भई पोयनी[४७] देष सो छीद्र झीनी,
किधों जडितमणी स्यांम अंगूठी जांनो,
मधुप[४८] सोहिइं कवल[४९] परलीन मांनो. ॥ ४३ ॥

---

[४२]. जेवी. [४३]. जरकसी. [४४]. भृकुटि. [४५]. केळ. [४६]. कथलदंड. [४७]. पोयणी. [४८]. भमरो. [४९]. कमल.

किधों हाथके पल पर मेंदी दीजे,
किधों कवल पर बीर[५०] बोटी धरीजें,
किधों पोहचीआ बांधें गजराज सोहें,
किधों साख[५१] चंदनकी व्याल मोहें ॥ ४४ ॥
किधुं रेखता ग्रीव बाधा धरंती,
किधु सोभते दच्छ कंबू करंती,
किधों पिय मन क्रम बच बस्य कीने,
रेखा ताहकी तीन किरतार दीनें ॥ ४५ ॥
सोहें चिबूकको[५२] बिंदु सोमल सोभागी,
मानु छीट सिंगार रसकी जु लागी,
किधू राहको दंत चूब्यो चंदमांहि,
किधो बाल ही मधुपकों ले उछांहि ॥ ४६ ॥
किधों बिंबसे अधर पल्लव राजें,
रहें मलीन ह्वें रंग परवाल ताजें,
किधुं सीपसु तरंग गुजाको लीनो,
लई अरुणता ओठ द्रिग स्याम भीनो ॥ ४७ ॥

चमक दसनकी[५३] दामनी सेती दीपें,
किधों दोहरी लर जु मोतीकी जीपें,
करी कीरकी[५४] चंच सोनासी कायों,
लगें फूल तिल सोभ सोभा बनी त्यों ॥ ४८ ॥

तीलक भाल मृगमद कोकीन जानी,
मानु चेहेंन नीसराजको लखें ग्यांनी,
सोहें ढालसे गाल दोऊ रसाला,
सोहें दंत करवाल प्रीतमकी वाला. ॥ ४९ ॥
खरे कर्ण दोउ तरनकी सोभ सोभें,

---

[५०] गुलाल. [५१] शाखा. [५२] हडपची. [५३] दांत. [५४] पोपट.

मानु चंद सुरज हें दोउ लोभे,
कहु नेंनकी चंचली सोभ आगें,
मानु मेंनकें बान कामीकुं लागें. ॥ ५० ॥
किधुं दूत प्रीतमके मनहीं केरे,
किधों चंद मुख मध्य खंजरीट हेरें,
किधों प्रेमहीके रथे मृग राजें,
किधों भ्रमर अद्भूत कोई विराजें ॥ ५१ ॥
किधों बान विध रूप कोउ समारे,
रहें मार[५५] छिन एकमें होइं न्यारें,
लगें आरके पार ह्वें जाइं छीनमें,
न जानें परें दुख वाढे जु तनमें. ॥ ५२ ॥
छुटे केस मज्जन[५६] समें इसें देखों,
चली मेरथें जमुनकी धार लेखो,
किधों मीन चोआ मधे चोर जानो,
किधो भागो अंधकार चल्यो उदे भानो[५७] ॥ ५३ ॥

[दोहरा]

सकल अंग सोभित भाई देखी कामसु जान ।
उछाह चित जुधको अबहीं मनाउं आन ॥ ५४ ॥
सबहूंनें मिल वीनती करी सुनो अनंगराजान ।
सुभ मूरत सुभ घरी[५८] असुं कीजें रनको प्रयांन ॥ ५५ ॥
संध्या समे मूरत लीओ, भई सबद रण[५९] तूर ।
कायर कंपे थरहरें, रोमंचित भए सूर ॥ ५६ ॥

अथ संध्यावर्णनं—[छंद–भुजंगी]

कहूं अरुणता रंग दसो दसा पेखी,
मानो दीन रतीराज तंबू विसेखी,

---

५५. कामदेव. ५६. स्नान. ५७. सूर्य. ५८. घडी. ५९. रणशींगुं.

कहू वच्छ पर चूग चूगी चरीय बोलें,
कहूं धेन[६०] नीज वच्छ पर आनी डोलें ॥ ५७ ॥
कहू धूल धूसर भरी दिशि बिराजें,
कहुं छांहि परछांह अधकीजुं छाजें,
कहु व्रछ पत्र नीर ही पलक जोरी,
कहु मीली अगुन ग्यांनकी सषी न टोरी ॥ ५८ ॥
कहु सोहती एक [६१]वासीकसेजा,
सोई धरती हें मीलनकुं कंत हेजा,[६२]
कहुं सार [६३]अभिसारिका करें शृंगारं,
चलें लचक कटी छीन कुचके[६४] जु भारं ॥ ५९ ॥
सजे स्याम भूषन सवें अंगमत्ती,
चित्ते जान प्रिय वासकु प्रेम रत्ती,
कहुं वीर हणी हाथ मंडें अकेली,
विना नीर ज्यों हो रही [६५]नागवेली ॥ ६० ॥
कहू दीपकी जोत घरघर हीं दीपें,
रही माननी एक रतीरूप जीपें,
कहुं अगर के धूम धुमंत साजे,
मानो रक्त राजी अली श्रेण[६६] राजे ॥ ६१ ॥
कहु सेजकू कवल ले अली सवारे,
कहू तुच्छ सारंगमें नेह धारें,
कहू दूतिका बोल बोले अटारे,
धरे चित्तमें ताहि कु छीनमें पारे ॥ ६२ ॥
कहू द्वार ढाढी करें नेंन सेनी,
मिलि नायका नगरकी [६७]पीकवेंनी,

---

[६०] गाय. [६१] अष्ट नायकामांनो प्रथम भेद. [६२] जलदी. [६३] अष्ट नायकानो छेल्लो भेद. [६४] स्तन. [६५] नागरवेल. [६६] भमरानी पंक्ति. [६७] मोरना जेवां नेणवाली.

सखी कोउ [६८]पारापति केल[६९] केहें,
समें जान शृंगार को च्छार देहें ॥ ६३ ॥
कहू [७०]छेल ओच्छाह चीत गेह कीनो,
भयौ मद कामी महारस भीनो,
कहूं जीय उतकंठ धरे नायका ज्यों,
मिलें आज घनदांमनी पीअसुं त्यों ॥ ६४ ॥
कहूं नीसराज नीज पंखे पसारें,
करण भक्ष झुबेग चंचू समारें,
कहू वन [७१]मृगराज गाजंत डोलें,
परे त्रास दश हू दिशा पसूअ बोलें ॥ ६५ ॥
मिली जुगल अनें चकवाकी विछोहा,
मिल पुरष निज त्रीअ ज्यों [७२]चमकलोहा,
भइ जोहन प्राचो दिशा प्रगट जानी,
तवे अरज वेगी करी अरज आनी ॥ ६६ ॥
उदें [७३]मयंक भयो जवें जव हीं काम निशान,
गिरी विरहनी धरनी परि मारी विषके बान,
स्वामी पहेंलें भेजीइं एक वार तिहां दूत,
आन न मानें तेरी जो तो कीजें मन सूत ॥ ६७ ॥
अेंसो निपुण जो कोन हें जे पोहोचें तांहां जाइं,
पोंन[७४] पठायो वेग दें सव सोभा पाइं ॥ ६८ ॥
मिलयाचलनें वेग दे त्रिगुन पढायो जाम ।
फिर आयो ताही समें मुझ तें होइ न काम ॥ ६९ ॥
सुनी कोपानल हवे चल्यो सजके सेन समथ ।
आन मनाउं [७५]छिनकमें महामानी मनमथ ॥ ७० ॥
समो पाय ठाढो भयो लीयो हकार गजराज ।

---

[६८] कबूतर. [६९] क्रीडा. [७०] रंगीलो. [७१] सिंह [७२] लोहचुंबक. [७३] चंद्र. [७४] पवन. [७५] तरत.

चढकें चल्यो जु वेग दें ले सब अपनो साज ॥७१॥
सकल साज सोभित भई उठ दोउ अतिजोर।
सूर कल्यान जु बस करन दीयो निसान नीठोर ॥७२॥

[छंद नाराच]

धनुष बंक [७६]बल्लरी पनच [७७]अलिक्को करी।
सघन व्रच्छराज ही गयंद अंग साज ही ॥ ७३ ॥
[७८]राजीव राग उच्छले चोहोधा जोर ते डले।
झरे पटारस झरं सुघंटी कोकिला सुरं ॥ ७४ ॥
जोर मोर को सवद्द व्रद्ध घंट केकीनाद।
बंक वंश हर्हें रहे हें दंतो दंतीमें कहे हें ॥ ७५ ॥
कुसभ गंज सोहीइं चोहोधा चोर मोहीइं।
धजा सुरंभ किजइँ सो देखी चीत रीझइँ ॥ ७६ ॥
[८०]गयंद ऐसो पखरी चल्यो जो आप संचरी,
चोहोधा फोज कुं धरी कुसुम बान ले करी ॥ ७७ ॥
सचीव चंद साथ ले वसंत कु [८१]सेनानी के।
पपीह[८२] अरज बेगी हें झली घडाल नेगी हें ॥७८॥
सुसेन ऊकलोल ए मुनी जु देष डोल हे।
त्रिया जुं रती मानि हें [८३]अनंग जो प्रयानि हें ॥७९॥

[दोहरा]

देख्यो में न जो दूर तें तब चिंते गच्छराज।
मान भंग याको करउ अब में सज हूं साज ॥८०॥

(छंद—पद्धडी]

गच्छराज चिंतें एक कीय विचार,
महाव्रत पंच हें वर हीं सार,

---

[७६] वेलडी. [७७] भमरा. [७८] कमल. [७९] मोर, [८०] हाथी. [८१] सेनापति. [८२] बपैयो. [८३] कामदेव.

संनाह सील अति अंग जोर,
तिहां [८४]खडग खमा कर ग्रही कठोर ॥ ८१ ॥
जिन आन [८५]छत्तिसी रही धरंत,
वहु चलें संग सेना महंत,
सम दम सारथी संजोग कीअ,
लहें धजा धर्मकी ध्यांन लीय ॥ ८२ ॥
सींगार सकल समकित रूप,
गुघरूअ घमके ग्यांन रूप,
संवरस्यु चीत गेंवर सुजाग,
तिहां भावसु बजत निसान ॥ ८३ ॥
पहेंले सो मोह उंबराव साज,
सो गयो छिनकमें प्रथम भाजि,
जाहां ताहां होय हुकार कार,
ताहां सब्द होइं सही सार सार ॥ ८४ ॥
रण सुभट वीर ऊपर धसंत,
एक हील हील कर कर कें हसंत,
झण खिंख खिंख कहें वेंन सोइ,
कहीं घनन घनन घननंति सोइ ॥ ८५ ॥
यों कर हीं जुद्ध बहु विद्ध विसेख,
सुन अंत ही हार पाई सुलेख,
जब रहे दोउ जन अनी आंन,
तब ही सुनो रति मेरी वांन ॥ ८६ ॥
अब में जुहार पाई अनेक तूं कहें,
वचन सो करुं नेकमे कंत प्रथम वर जोहें,
तोहें [८६]फूनी तें नही मांनी वात मोहें ॥ ८७ ॥

---

८४. तरवार. ८५. छत्रीश गुण. ८६. जराये.

[दोहरा]

सुन अनंग तोसुं कहूं मान जूं मेरी बात ।
अब जाय के पायनि परो बन आइ एह बात ॥८८॥
ओर उपाव को कीजीइं ज्यों यह माने मोहें ।
चूप रहो अजहुं लज्जा नही [८७]काहा कहूं पीय तोहें ॥८९॥
एक हारिको अधिक दुख कहें बेंन जु मेंन ।
दाधें[८८] उपर [८९]लोंन को खरो लगावत अेंन ॥ ९० ॥
मांनि वचन पायनी पर्यो कुसुमायुध कर जोर ।
सूरि कल्यान सुजस हुओ वाजें हें दुंदभि घोर ॥९१॥
चीत देकें जे नर सुने एहो मदन की होर[९०] ।
हेम सुकवी सो नर सदा सुख पावे सब ठोर ॥ ९२ ॥

[छप्पय]

कलस

गोरी मेन को मान जेर छीनमें जिन कीनो,
दुंदभी देव वजाय जगत जाको जस चीह्नो,
श्री धर्ममूरत सूर सीस गच्छपती बिराजें,
विधिपख्य गच्छ शृंगार नाम तें [९१]दुक्रीत भाजें,
सागर सूर कल्यान सिख[९२] कहे हेम सुकवी जु सरस।
भई सीद्ध नवनिधि जु ज्यों लोहो[९३] पारस परस[९४] ॥ ९३ ॥

॥ इति मदनयुद्ध संपूर्ण ॥

---

८७. शुं. ८८. दाज्या. ८९. मीठुं. ९०. युद्ध. ९१, पाप. ९२. शिखामण. ९३. लोढ़. १४. स्पर्श.

ચંદનમલયાગિરિ ચોપાઈ

શ્રી. સારાભાઈ મણિલાલ નવાબ

ચંદનમલયાગિરિની લોકવાર્તાનું મૂળ શોધી કાઢવું ઘણું જ મુશ્કેલ છે. પરંતુ મારા સંશોધનમાં આ લોકવાર્તાને મળતી જ એક વાર્તા વિ. સં. ૧૧૩૯માં ગુજરાતના કપડવંજ (કર્પટવાણિજ્ય)માં રચાયેલા પ્રાકૃત 'મહાવીરચરિત્ર'ના ચોથા પ્રસ્તાવમાં જોવામાં આવી છે. આ પ્રાકૃત ચરિત્રમાં ચંદન રાજાને બદલે નરસિંહ રાજા તથા મલયાગિરિને બદલે શીલવતીનું નામ ચરિત્રકારે આપ્યું છે. આ ચરિત્રકારે આ વાર્તા પોતે ઉપજાવી કાઢી છે કે તેમનાથી પૂર્વે થઈ ગયેલા કોઈ ગ્રંથકારમાંથી અવતરણરૂપે લીધેલી છે, તે કહેવું મુશ્કેલ છે. 'શ્રી મહાવીરચરિત્ર' પ્રાકૃત ભાષામાં ઇ. સ. ૧૯૨૯માં સૂરતના શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રતાકારે છપાવવામાં આવેલ છે, અને તેનું અક્ષરશઃ ગુજરાતી ભાષાંતર ઇ. સ. ૧૯૩૮માં ભાવનગરની શ્રી આત્માનંદ જૈન સભા નામની જૈન ગ્રંથ પ્રકાશક સભાએ પ્રસિદ્ધ કરેલું છે.

આ લોકવાર્તા ગુજરાતી પ્રજાને પરિચિત કરાવવાનો મુખ્ય યશ કવિ સામળભટને ફાળે જાય છે. ગુજરાતી ભાષાભાષીઓથી નીચેનો દૂહો જરાયે અપરિચિત નથીઃ

કહાં ચંદનમલયાગિરિ, કહાં સાયર કહાં નીર;
જિમજિમ પડે વિપત્તડી, તિમતિમ સહે શરીર.

કવિ સામળભટે રચેલી ચંદનમલયાગિરિની લોકવાર્તા તો અત્યાર અગાઉ પ્રસિદ્ધ થઈ ચૂકેલી જ છે અને આ લેખનો આશય તેની ચર્ચા કરવાનો નથી, પરંતુ કવિ સામળભટના પુરોગામી ભદ્રસેન નામના એક જૈન મુનિએ વિ. સં. ૧૬૭૫ આસપાસમાં રચેલી પ્રાચીન ગુજરાતી (રાજસ્થાની મિશ્ર) ભાષાની સંવત ૧૭૫૮માં લખાયેલી મુગલ સમયનાં ચિત્રોવાળી મારા સંગ્રહની ૧૨ પાનાંની હસ્તપ્રતનો ગુજરાતી ચિત્રસંપ્રદાયમાં રસ ધરાવનાર કલાપ્રેમીઓની જાણ માટે તથા પ્રાચીન ગુજરાતી ભાષાના અભ્યાસીઓ માટે પરિચય કરાવવાનો આ લેખનો મુખ્ય ઉદ્દેશ છે.

આ વાર્તા એટલી બધી રોમાંચક છે કે ગુજરાતી રંગભૂમિ પર પણ તેનું અવતરણ કરવામાં આવે તોપણ તેમાં સફળતા મળે તેમ છે, એમ મારું માનવું છે. વળી આ વાર્તા કોઈ પણ સંપ્રદાયની સાંપ્રદાયિક વાર્તા નથી, પરંતુ લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગયેલી છે.

મારા સંગ્રહની આ હસ્તપ્રતનાં ૧૨ પાનાંઓ પૈકી ૬ પાનાંઓ પર મુગલ સમયનાં ૬ ચિત્રો છે. પ્રતનાં ચિત્રોની ચિત્રકળા ઊંચા પ્રકારની છે, પાત્રાલેખન તથા રંગોની જમાવટ પણ કોઈ કુશળ કારીગરની પીંછીનું આ કામ હોય તેમ જણાવે છે. પ્રતના દરેક પાનાની લંબાઈ ૧૦ ઇંચ છે, જ્યારે પહોળાઈ ૪॥ ઇંચ છે. ચિત્રકારે ચિત્ર ચીતરવા માટે સુંવાળા કાશ્મીરી કાગળને

પસંદગી આપેલી છે, દરેકે દરેક પાનાને ચારે બાજૂ ફરતી સુંદર વેલ છે અને વધારે નવાઈની વાત તો એ છે કે આ પ્રતના સુંદર હસ્તાક્ષરો કીર્તિવિજયાજી નામની એક જૈન સાધ્વીના છે (જુઓ ચિત્ર નં. ૧૦). હસ્તપ્રતનાં ચિત્રોની પૃષ્ઠભૂમિ લાલ, લીલા તથા મટોડી રંગની છે, અને લાલ, લીલા, પીળા, વાદળી, સફેદ, કાળા, બદામી, જાંબૂડિયા, ગુલાબી તથા પોપટી રંગનો અને કેટલાક દાખલાઓમાં સોનાની શાહીનો પણ ચિત્રકારે ઉપયોગ કરેલો છે.

મુગલ ચિત્રકળા*

બાબર અને તેની પછીના મોગલ શહેનશાહોના સમયમાં જે કળા ઊછરી અને વિકસી તે મુગલકળાને નામે ઓળખાય છે.

મુગલકળાના ઉદયની સાથે જ ગુજરાતની જૈનાશ્રિત કળા, કળાના વિશિષ્ટ રૂપે પોતાનું સ્થાન ગુમાવી બેઠી. જોકે તે સમયના પણ કેટલાક નમૂનાઓ તો મળી આવે છે; પરંતુ તે ગણ્યાગાંઠ્યા જ.

શહેનશાહ અકબરે ચિત્રકળા પાછળ ખૂબ ખર્ચ રાખ્યો હતો. દેશવિદેશના હિંદુ અને મુસલમાન કળાકારોને તેના તરફથી માન, શિરપાવ કે ઇનામ મળ્યાં જ કરતાં અને કળાના ઉસ્તાદોને મનસબદાર અથવા અમીર–ઉમરાવો જેવા ગણવામાં આવતા. અકબરશાહના અંત સમયે તેના દરબારમાં એકસો ઉપરાંત નામીચા ચિત્રકારો હતા, જેમાંના કેટલાકને તો ઉમરાવની પદવીઓ મળી હતી.

પણ મુગલ ચિત્રકળાને પૂરા રંગમાં ખીલવવાનું માન તો બાદશાહ જહાંગીરને જ ઘટે છે. ચિત્રકળા તેની લાડીલી મોજ હતી, અને તેને સર્વાંગે વિકસિત કરવામાં તેણે પૂરી ઉદારતા વાપરી છે. તે શાહી ચિતારાઓની કુશળતા પર હમેશાં ગુમાન રાખતો. એ તો એ જમાનાનો ખરેખરો રસભોગી જીવ હતો. કળાના મળી આવે તેટલા ઉત્તમ નમૂના તે સંઘરતો, કારીગરીની બારીકી તે સમજતો અને તેની સાચી કદર કરી શકતો. કોઈ પણ કીમતે કળાની ઉત્તમ ચીજ હાથ કરવા તે આગ્રહ રાખતો અને તે માટે તે ભારેમાં ભારે કીમત આપતો.

શહેનશાહ જહાંગીરના દરબારી ચિત્રકારો પૈકી ઉસ્તાદ સાલિવાહન નામના એક ચિત્રકારની જૈનધર્મના પ્રસંગોની બે સુંદર કૃતિઓ મળી આવી છે, જેમાંની એક કૃતિ (જૈનાચાર્ય શ્રી વિજયસેનસૂરિ ઉપર આગ્રાના જૈનસંઘે સંવત્ ૧૬૬૩ના કાર્તિક સુદિ બીજ ને સોમવારના રોજ મોકલાવેલા વિજ્ઞપ્તિપત્ર) માં ઉપાધ્યાય શ્રી વિવેકહર્ષગણિએ સંવત્ ૧૬૬૬ની સાલમાં આગ્રામાં ચાતુર્માસ કર્યું અને રાજા રામદાસાદિદ્વારા જહાંગીર બાદશાહને મળીને પોતાની વિદ્વત્તા તથા શાંત વૃત્તિથી તેને સંતુષ્ટ કરી તેની પાસેથી તે સાલમાં તેના રાજ્યમાં પર્યુષણાના દિવસોમાં જીવહિંસા થવા ન પામે તેવું ફરમાન બહાર પડાવ્યું તેનું આલેખન છે.

આ ચિત્રપટમાં આલેખેલી આકૃતિઓ બહુ સ્પષ્ટ અને તાદૃશ છે. દરેક મુખ્ય આકૃતિ

---

* 'જૈન ચિત્રકલ્પદ્રુમ ., પૃષ્ઠ ૫૮ થી ૬૦

ઉપર તેનું નામ કાળી શાહીથી લખેલું છે. આ ચિત્રની મહત્તા એટલા ઉપરથી જ સમજાશે કે તે ખુદ બાદશાહી ચિત્રકાર સાલિવાહનની પીંછીથી આલેખાયેલું છે. એ બાબતનો એ પત્રમાં જ આ પ્રમાણે ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 'ઉસ્તાદ સાલિવાહન બાદશાહી ચિત્રકાર છે. તેણે તે વખતે જોયો તેવો જ આમાં ભાવ રાખ્યો છે.' આ ઉપરથી, આ સચિત્ર પત્રની ઐતિહાસિક મહત્તા કેટલી વિશેષ છે તે દરેક વિદ્વાન સમજી શકે તેમ છે.

આ ચિત્રપટ સ્વર્ગસ્થ મુનિમહારાજ શ્રી હંસવિજયજીના વડોદરાના જ્ઞાનમંદિરનો છે, અને તેના ઉપરથી પુરાતત્ત્વવિદ શ્રીયુત જિનવિજયજીએ ઈ. સ. ૧૯૨૨ માં 'જૈન સાહિત્ય સંશોધક' વર્ષ ૧ના પૃષ્ઠ ૨૧૨ થી ૨૧૭ પર 'વિજયસેનસૂરિને આગ્રાના સંઘે મોકલેલો સચિત્ર સાંવત્સરિક પત્ર' એ નામનો લેખ લખીને આ ઐતિહાસિક ચિત્રપટની ઓળખાણ કલારસિક જનતાને સૌથી પ્રથમ કરાવી હતી, જેનો મુખ્ય આધાર લઈને સુપ્રસિદ્ધ ગુજરાતી કળાવિવેચક શ્રીયુત એન. સી. મહેતાએ પોતાના 'The Studies in Indian Painting' નામના પુસ્તકમાં ચિત્રો સાથે પાન ૬૯ થી ૭૩ મા સાતમું પ્રકરણ 'A Painted Epistle by Ustad Salivahana' નામનું ઈ. સ. ૧૯૨૬ માં લખ્યું હતું; છેલ્લે ઇ. સ. ૧૯૪૨ માં વડોદરા રાજ્યના પુરાતન સંશોધન ખાતા તરફથી આ ચિત્રપટનાં ત્રિરંગી ચિત્રો 'Ancient Vijnaptipatras' નામના પુસ્તકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં, અને હાલમાં આ ચિત્રપટ સાહિત્યરસિક પૂજ્ય શ્રી પુણ્યવિજયજી પાસે છે.

ધન્ના સાલિભદ્ર રાસ

ઉપર્યુક્ત ઉસ્તાદ સાલિવાહનની પીંછીથી જ સંવત્ ૧૬૮૧ માં લખાયેલ જૈનમુનિ મતિસારવિરચિત 'ધન્ના સાલિભદ્ર રાસ'નાં ૩૯ ચિત્રો પૈકીનાં ચાર ચિત્રો મેં મારા તરફથી ઈ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ કરેલ ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકલાના પ્રતિનિધિ સમા 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માં પ્રસિદ્ધ કર્યાં છે. આ રાસ કલકત્તાનિવાસી સાહિત્યપ્રેમી બાબુ બહાદુરસિંહજી સિંઘીના સંગ્રહમાં છે. આ પોથીનાં ચિત્રોમાં મોગલ સમયના લોકજીવનનો સુંદર ચિતાર ઉસ્તાદ સાલિવાહને રજૂ કરેલ છે.

આ બંને કૃતિઓ ઉપરાંત એક અજ્ઞાત ચિત્રકારની બાદશાહ જહાંગીરના સમય લગભગની 'સંગ્રહણીસૂત્ર'ની પ્રતમાંથી દસ ચિત્રો તથા 'આકાશપુરુષ'નું કપડાં પરનું એક ચિત્ર મેં 'જૈન ચિત્રકલ્પદ્રુમ' માં પ્રસિદ્ધ કરેલાં છે.

બાદશાહ જહાંગીરની પછી ગાદીએ આવનાર અને ચિત્રકળા અને સ્થાપત્યકળાને પોતાના પિતાની માફક જ ઉત્તેજન આપનાર શાહજહાં બાદશાહના સમયમાં કોઈ અજ્ઞાત ચિત્રકારની કલમથી આલેખાયેલી 'કલ્યાણમંદિર' સ્તોત્રની હાથપોથીની ચારે બાજૂ ફરતાં સુશોભનો મેં મારા તરફથી ઈ. સ. ૧૯૩૮માં છપાવેલા 'મહાપ્રાભાવિક નવસ્મરણ' નામના ગ્રંથમાં નવ ચિત્રપ્લેટોમાં પ્રસિદ્ધ કરેલાં છે.



ચિત્ર નં. ૧



ચિત્ર નં. ૨



ચિત્ર નં. ૪



ચિત્ર નં. ૫

આ લેખની સાથે રજૂ કરવામાં આવેલાં ચિત્રો શાહજહાં બાદશાહની પછી ગાદીએ આવનાર ઔરંગઝેબ બાદશાહના સમયનાં છે. આ વખતે મોગલ ચિત્રકળા શાહી દરબારમાંથી લગભગ વિદાય થઈ ગઈ હતી અને શાહી ચિત્રકારોને રાજપૂત રાજાઓ તથા તે સમયના ધનાઢ્ય કલાપ્રેમીઓનો આશ્રય લેવો પડ્યો હતો. શાહી ચિત્રકારોની પરંપરાના કોઈ અજ્ઞાત ચિત્રકારના હાથથી આલેખાયેલાં આ ચિત્રો પણ એકદમ માલ વગરનાં તો નથી જ! પહેલાંની જમાવટ જો કે આ ચિત્રોમાં નથી જણાતી પરંતુ ચિત્રોની રંગવહેંચણી તો હૂબહૂ મળતી છે. ચિત્રોમાં લાલ, લીલો, પીળો, વાદળી, સફેદ, કાળો, બદામી, જાંબલી, ગુલાબી, પોપટી તથા કેટલાક દાખલાઓમાં સોનેરી રંગનો પણ ચિત્રકારે ઉપયોગ કરેલો છે.

વાર્તાનો ટૂંક સાર

કુસુમપુર નામના શહેરમાં ચંદન નામનો ન્યાયપરાયણ રાજા રાજ્ય કરતો હતો. આ ચંદન રાજાને મલયાગિરિ નામની શીલવતી રાણી હતી. આ દંપતીને સાયર અને નીર નામના બે પુત્રો હતા. એક વખતે ચંદન રાજા રાજમહેલમાં સૂતેલો હતો, તે વખતે તેની સન્મુખ તેની કુલદેવતા પ્રકટ થઈ, અને બોલવા લાગી કે 'અરે ચંદન! તું જાગે છે કે ઊંઘે છે?' (જુઓ ચિત્ર નં. ૧). કુલદેવીનું વચન સાંભળતાં જ ચંદન બોલ્યો કે, 'હે માતાજી! હું જાગું છું, ઊંઘતો નથી. માતાજી! આજ્ઞા ફરમાવો, શા કામે પધાર્યા છો?'

કુલદેવતા બોલી કેઃ

'ચંદન તુમ્હ જીઉ કષ્ટ હઇ, દુઇ સુત તીયા સમેત;
સાવધાન તુમ્હ કરણકૂં, હૂં આઇ હય હેત.'

આ પ્રમાણે સાંભળતાં જ રાજા ગભરાયો અને ચિંતા કરવા લાગ્યો અને દેવીના પગમાં પડીને વિનંતી કરવા લાગ્યો કે, 'હે માતાજી! હું આ કષ્ટમાંથી કેવી રીતે છૂટું તેનો ઉપાય બતાવો.' કુલદેવતા બોલી કે, 'જો તું રાજઋદ્ધિ છોડીને જંગલમાં ચાલ્યો જઇશ તો કષ્ટમાંથી મુક્ત થઇશ.'

દેવીનાં આ પ્રમાણેનાં વચન સાંભળીને રાજાએ પોતાની સ્ત્રીને આ વાત જણાવી અને સૂતેલા બે બાળકોને જગાડીને બંને જણાએ એકેક બાળકને ખભા ઉપર બેસાડી દીધું ને રાજપાટ છોડીને જંગલમાં ચાલી નીકળ્યાં (જુઓ ચિત્ર નંબર ૨). અંધારી રાત્રિ હોવાથી બાળકો બહુ ડરતાં હતાં અને રસ્તો પણ ખૂટતો ન હતો, ચાલતાં ચાલતાં થાક લાગી જવાથી એક ઝાડની નીચે પૃથ્વીરૂપી બિછાના ઉપર ચારે જણાં નિદ્રાવશ થઇ ગયાં (જુઓ ચિત્ર નંબર ૩). સવાર પડ્યું ને પંખીઓના મધુર મધુર કોલાહલથી ચારે જણાં જાગી ગયાં ને ફરતાં ફરતાં કનકપુર નામના શહેરમાં કુશલક્ષેમ આવી પહોંચ્યાં.

એક મહાદેવના મંદિરના પૂજારી તરીકે ચંદન રાજાને નોકરી મળી ગઇ, મલયાગિરિ પણ તે જ મંદિરમાં વાસણ માંજવાની નોકરી કરવા લાગી, અને બે બાળકો લોકોની ગાયો ચરાવવા

લાગ્યા (જુઓ ચિત્ર નંબર ૪). એક વખતે એક સોદાગર વ્યાપાર માટે કનકપુરમાં આવી ચડ્યો (જુઓ ચિત્ર નંબર ૫). ચંદનની રજા લઈને મલયાગિરિ પૈસા કમાવવા માટે જંગલમાંથી સૂકાં લાકડાં ભેગાં કરીકરીને તેની ભારી બાંધીને બજારમાં વેચવા લાગી. મલયાગિરિના મધુર કંઠનો અવાજ સાંભળતાં જ સોદાગરે પોતાના માણસોને તેને બોલાવવા મોકલ્યા. સોદાગરના માણસો મલયાગિરિને બોલાવીને સોદાગર પાસે લઈ ગયા (જુઓ ચિત્ર નંબર ૨૬).

મલયાગિરિનું સુંદર રૂપ જોતાં જ સોદાગર મોહ પામ્યો અને મલયાગિરિને કહેવા લાગ્યો કેઃ 'તું આટલી બધી સ્વરૂપવાન હોવા છતાં, આવો કઠિયારણનો વેશ તને શોભતો નથી. તું કોણ જાતની છે અને તારું નામ શું છે?'

મલયાગિરિએ જવાબ આપતાં જણાવ્યું કેઃ 'મારું નામ દુખિયન છે, અને હું કઠિયારણ છું. તમને કનકપુરમાં આજે આવેલા જાણીને લાકડાં વેચવા માટે આવી છું.' આ સાંભળીને સોદાગર મસ્કરી કરવા લાગ્યો કે તુરત જ મલયાગિરિ બોલી કેઃ 'શેઠસાહેબ! અમે બહુ ગરીબ માણસો છીએ અને હું લાકડાં વેચીને મારા કુટુંબનું ભરણપોષણ કરું છું, તેથી મહેરબાની કરીને બીજી વાતો કર્યા વિના મારા પૈસા અપાવી દો.' આ સાંભળીને સોદાગરે લાકડાંની ભારીના પૈસા આપ્યા અને બોલ્યો કેઃ—'તારે જ્યાંસુધી અમારો પડાવ આ શહેરમાં રહે ત્યાંસુધી દરરોજ લાકડાં અહીં આપી જવાં અને પૈસા લઇ જવા.'

ભોળી મલયાગિરિ પણ હંમેશાં લાકડા લાવવા લાગી અને પૈસા લઇ જવા લાગી. પ્રપંચી સોદાગરે કનકપુર શહેર છોડતી વખતે લાકડાં વેચવા આવેલી મલયાગિરિને વહેલમાં નાખીને વહેલ ઉપાડી મૂકી. મલયાગિરિ ચંદનના નામનું રટણ કરતી તેનું નામ દઈ દઈને પોકારો કરવા લાગી. કેટલાક દિવસ વીતી ગયા પછી ચંદનની પાછળ વિયોગથી ઝૂરતી મલયાગિરિ બેઠી હતી, ત્યાં સોદાગર આવીને મલયાગિરિ પાસે પ્રેમની માગણી કરવા લાગ્યો. મલયાગિરિએ સોદાગરને જવાબ આપ્યો કેઃ 'હે ભાઈ! હું પ્રાણ તજી દઈશ, પરંતુ મારા પ્રાણનાથ ચંદન સિવાય બીજા કોઈની સાથે સ્નેહ કરીશ નહિ; છતાં જો તું બળાત્કાર કરીશ તો હું આપઘાત કરી પ્રાણત્યાગ કરીશ.'

આ બાજૂ મલયાગિરિને આવતાં વાર થઇ એટલે ચંદન પોતાના સાયર અને નીર નામના બંને પુત્રોને પોતાના બે ખભા પર બેસાડી મલયાગિરિની શોધ કરવા માટે કનકપુર શહેર છોડી ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં ચંદન એક જંગલમાં આવી પહોંચ્યો. જંગલમાં જતાં જતાં રસ્તામાં એક નદી આવી તે ઊતરવા માટે પહેલાં નીરને લઈને સામે કાંઠે મૂકી આવ્યો. પછી સાયરને લેવા માટે જેવો પાછો આવે છે, તેવામાં એકદમ નદીમાં પૂર આવ્યું અને ચંદન તણાઈ ગયો. અહીં કવિ કહે છે કેઃ—

'કહાં ચંદન—મલયાગિરી, કહાં સાયર કહાં નીર;
જાજા પડે અવત્થડી, સા સા સહે સરીર.'



ચિત્ર નં. ૬



ચિત્ર નં. ૭



ચિત્ર નં. ૮



ચિત્ર નં. ૧૦

દૈવયોગે ચંદનના હાથમાં એક પાટિયું આવી ગયું. તે પાટિયાને પકડીને તે નદી ઊતરીને આનંદપુર નામના શહેર પાસે આવી પહોંચ્યો. આનંદપુર શહેરમાં મુસાફર તરીકે ઊતર્યો. ચંદનને પોતાના ઘર તરફ આવતો જોઇને જ એક યુવાન સ્ત્રીએ તેને સન્માન આપ્યું અને બોલી કે: ‘આવો પધારો! આ આપનું જ ઘર છે.’ એમ કહીને તે પાણીની ઝારી ભરી લાવી અને દાતણ કરવા માટે આપ્યું (જુઓ ચિત્ર નંબર ૭). પછી ઘૂંઘટો તાણીને પ્રેમની નજરે નીરખતી તે સ્ત્રીએ ચંદનને પૂછ્યું કે: ‘આપ ક્યાંથી આવો છો? શા કામ માટે આવ્યા છો? અને ક્યાં જવાના છો?’ ચંદને જવાબ આપ્યો કે: ‘હું વિયોગી છું, જોગી અથવા ભોગી નથી.’ ચંદનનાં આ પ્રમાણેનાં વચન સાંભળીને તે સ્ત્રી મોહ પામી અને ચંદનને વિકારી દૃષ્ટિએ જોવા લાગી. ચંદન આ સ્ત્રીનું ચરિત્ર સમજી ગયો અને રાતના ગૂપચૂપ પરમાત્માનું નામ દઈને તે ઘર છોડીને ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં સવાર થયું ત્યારે ચંદન ચંપકપુર નામના શહેરની નજીક આવી પહોંચ્યો. રસ્તામાં ચંદનને સારાં શુકનો થવા લાગ્યાં; અને થાકયોપાકયો સરોવરના કિનારા ઉપર સૂઈ ગયો.

ચંદન સરોવરને કાંઠે સૂતો હતો, તે જ વખતે ચંપકપુરનો રાજા અપુત્ર મરણ પામવાથી મંત્રીઓએ પાંચ દિવ્યો પ્રકટ કર્યાં. આ પાંચે દિવ્યો ફરતાં ફરતાં ચંદન જે વખતે સરોવરને કાંઠે સૂઈ રહ્યો હતો તે જ વખતે સ્થિર લગ્નમાં ત્યાં આવીને ઊભાં રહ્યાં. હાથીએ ગર્જારવ કર્યો, ઘોડાએ હણહણાટ કર્યો, હાથણીએ ચંદનના મસ્તકે કલશાભિષેક કર્યો, બાલિકાઓ ચમર વીંઝવા લાગી અને ચંદનના મસ્તક પર છત્ર ધરવામાં આવ્યું. આ બધી ક્રિયાઓ થતાં જ ચંદન જાગી ગયો અને સમજી ગયો કે હવે સારું પુણ્ય જાગ્રત થયું છે. હાથી ઉપર બેસીને પુરજનોથી વધાવાતા ચંદન રાજાએ ચંપકપુરમાં પ્રવેશ કર્યો (જુઓ ચિત્ર નંબર ૮). ચંપકપુર શહેરમાં ચંદન રાજાના નામની આણ વર્તી.

ચંદન રાજા ન્યાયપૂર્વક કનકપુરનું રાજ્ય કરવા લાગ્યો, પરંતુ પોતાની પ્રાણવલ્લભા મલયાગિરિ અને સાયર તથા નીર નામના બંને પુત્રોના વિયોગથી દુઃખે કરીને કાલનિર્ગમન કરવા લાગ્યો.

આ બાજૂ જંગલમાં નદીના બંને કિનારે રહેલા સાયર અને નીર પોતાનાં માતાપિતાના વિયોગથી રુદન કરતા હતા, તેવામાં એક સોદાગરના જોવામાં આ બંને સુકુમાર બાળકો આવ્યા. સાર્થવાહ આ બંને ભાઇઓને પોતાનાં જ સંતાન પ્રમાણે રાખવા લાગ્યો. અનુક્રમે બંને ભાઇઓ યૌવનઅવસ્થા પામ્યા અને સુભટને યોગ્ય હથિયારો ધારણ કરવા લાગ્યા. એક દિવસે બંને ભાઈઓએ સાર્થવાહની પાસે પોતાની જાતે જ કમાણી કરીને ગુજરાન ચલાવવા માટેની માગણી કરીને રજા માગી. બંને ભાઈઓ ચાલતાં ચાલતાં દૈવયોગે જ્યાં પોતાનો પિતા ચંદન રાજા રાજ્ય કરે છે તે જ કનકપુરમાં આવી પહોંચ્યા અને કોટવાળની નોકરી કરવા લાગ્યા. મલયાગિરિને વહેલમાં નાખીને ઉઠાવી જનાર સોદાગર પણ દૈવયોગે કનકપુર શહેરમાં મલયાગિરિ સહિત આવી પહોંચ્યો.

સોદાગરે જુદાજુદા પ્રદેશની વિવિધ જાતની ભેટો આપીને ચંદન રાજાને પ્રસન્ન કર્યો, અને પોતાના સાર્થની ચોકી કરવા માટે ચોકીદારોની માગણી કરી. ચંદન રાજાએ કોટવાળને બોલાવી ચોકીદારો આપવાનો હુકમ ફરમાવ્યો. કોટવાળે સાયર અને નીર ભાઇઓને તથા બીજા ચોકીદારોને સાર્થની ચોકી કરવા મોકલ્યા. રાત્રિને સમયે અજવાળી રાત હોવાથી ચોકીદારો જાગતા હતા, તેવામાં સાયર અને નીરના સાથીદારો કહેવા લાગ્યા કે, ‘ હે સુભટશ્રેષ્ઠ! કોઈક સરસ વાત કહો.’ સાયર અને નીરે પોતાની વીતકકથા બધા સાથીદારો સાંભળી શકે તેવા અવાજથી, પોતાનો પિતા નદીમાં તણાઈ ગયો અને પોતાની માતા લાકડાં વેચવા ગઈ ત્યાંસુધીની, વાર્તા કહેવા માંડી. રાત્રિના આ બંને ભાઇઓના અવાજથી પાસેના તંબૂમાં જ સૂઇ રહેલી મલયાગિરિ જાગી ગઇ, અને આ બંને ચોકીદારો પોતાના પુત્રો જ છે તેમ જાણતાં જ હર્ષથી તંબૂની બહાર આવી, ને પોતાના દુઃખની વાત છાતીફાટ રુદન કરતી બંને પુત્રોને કહેવા લાગી (જુઓ ચિત્ર નંબર ૯). આ વાત સાંભળતાં જ બંને પુત્રોએ મલયાગિરિને કહ્યું કે, ‘ માતાજી! આપ સૂઇ જાઓ. હજુ રાત બાકી છે. સવારમાં આપણે રાજા પાસે જઈને ન્યાય કરાવીશું.’

જોતજોતામાં આ માતા–પુત્રની વાત આખા સાર્થમાં ફેલાઈ ગઈ અને તે વાત સોદાગરને કાને પડી. સવારના પહોરમાં પોતાની સાથે મલયાગિરિને લઇને રાજમહેલમાં સોદાગર પહોંચી ગયો અને વિનંતી કરી કહેવા લાગ્યો કે, ‘ હે રાજન્! આ સ્ત્રી કોણ છે તે હું જાણતો નથી, અને તે જંગલમાંથી મળી આવી છે.’ મલયાગિરિને જોતાં જ ચંદન રાજાનાં જમણાં અંગો ફરકવા લાગ્યાં અને મલયાગિરિને ઓળખી. એટલામાં સાયર અને નીર પણ પોતાની માતાને સોદાગર પાસેથી છોડાવવાની વિનંતી કરતા આવી પહોંચ્યા. રાજાએ પોતાના બંને પુત્રોને પણ ઓળખ્યા. દૈવસંયોગે પાછાં ચારે જણાં ભેગાં થયાં (જુઓ ચિત્ર નંબર ૧૦). અનુક્રમે પોતાનું કુસુમપુરનું રાજ્ય પણ ચંદન રાજાએ પાછું મેળવ્યું.

ચિત્રવિવરણ

ચિત્ર નં. ૧. ચંદન રાજા મહેલમાં શયનખંડમાં બિછાના ઉપર સૂતો છે. રાજાની આંખો બંધ છે, જે તેની નિદ્રાવસ્થા સૂચવે છે, તેની આગળ બે હાથ લાંબા કરીને બોલતી એવી કુલદેવતા સ્ત્રી ચિત્રકારે રજૂ કરીને પ્રસંગાનુરૂપ ચિત્ર ચીતરીને પોતાની ચિત્રકલાની સિદ્ધહસ્તતા પુરવાર કરી આપી છે. બિછાનાની ડિઝાઇન મોગલ સમયના કાપડનો એક નમૂનો છે. ઉપરની ભીંતના એક ગોખલામાં દીપપાત્રમાં એક દીપક બળતો બતાવીને રાત્રિના સમયની ચિત્રકારે રજૂઆત કરેલી છે.

ચિત્ર નં. ૨. ઉપરના ચિત્રના અનુસંધાનમાં જમણા ખભા પર એક બાળક લઇને ચંદનરાજા તથા પોતાના જમણા હાથ પર એક બાળક બેસાડીને રાણી મલયાગિરિ અંધારી રાત્રિમાં મુસાફરી કરતાં ચિત્રકારે બતાવેલાં છે. ચંદનરાજાની કમર પર એક હથિયાર છે અને ડાબી બાજૂની કમર પર તલવાર ખોસેલી છે, જે તે સમયના રાજપૂતોનો પહેરવેશ તથા શસ્ત્રસામગ્રીનો એક નમૂનો છે. આ ચિત્રમાં અંધારી રાત્રિનો સમય બતાવવા ચિત્રકારે આકાશમાં ઊગેલા ઝીણા-



ચિત્ર નં. ૯



ચિત્ર નં. ૩

ઝીણા તારાઓનું દિગ્દર્શન કરાવ્યું છે. ખભા પરનો કુમાર તે વખતના રાજકુમારોના પહેરવેશનો નમૂનો પૂરો પાડે છે અને મલયાગિરિના હાથ પરનો કુમાર તે વખતના (મોગલ સમયના) રાજકુમારો હિંદુત્વની દ્યોતક ચોટલી રાખતા હતા તેનો પુરાવો આપે છે. ખરેખર! ચિત્રકારની પ્રસંગો બતાવવાની કળા કોઇ અજબ પ્રકારની છે.

ચિત્ર નં. ૩. ચિત્ર નં. ૨ના અનુસંધાનમાં રાજા ચંદન, રાણી મલયાગિરિ તથા સાયર અને નીર બંને રાજપુત્રો મળીને, ચારે જણા કોઈ પણ જાતના બિછાના વગર એક ઝાડની નીચે નિદ્રાધીન થઇ ગયેલાં છે. ચિત્રકારે ચારે જણની જુદીજુદી અવસ્થા બતાવીને પ્રસંગને અનુરૂપ ન્યાય આપ્યો છે. આકાશમાં ઝીણા ઝીણા તારલાઓ બતાવીને રાત્રિનો સમય બતાવ્યો છે. આ ચિત્ર મારફતે આખી કથા તાદૃશ થતી હોવાથી મૂળ રંગમાં છપાવેલ છે.

ચિત્ર નં. ૪. કનકપુર શહેરમાં ચારે જણાં આવેલાં છે અને તકિયાને અઢેલીને બેઠેલા સોદાગરની સામે ચારે જણાં ઊભેલાં છે. ચંદન રાજા પોતાનો જમણો હાથ લાંબો કરીને સોદાગરની સાથે કાંઇક વાતચીત કરતો હોય તેમ લાગે છે, અને સોદાગર પણ પોતાના બંને હાથ લાંબા કરીને તેની સાથે વાતચીત કરતો બેઠેલો છે. બંનેની વાતચીત વિસ્મય ચિત્તે મલયાગિરિ રાણી તથા સાયર અને નીર રાજપુત્રો સાંભળતા હોય તેમ સ્પષ્ટ લાગે છે.

ચિત્ર નં. ૫. કનકપુર શહેરમાં જ ચારે જણાં કર્મસંયોગે જુદીજુદી નોકરી કરતાં ચિત્રમાં રજૂ કરેલાં છે. ઉપરના ભાગમાં ડાબા હાથ તરફ મલયાગિરિ રાણી પોતાના બંને હાથમાં પૂજનનો થાળ પકડીને માંજતી હોય તેમ ઊભી રહેલી છે, કારણ કે તેણે મહાદેવના મંદિરની પૂજાનાં વાસણ માંજવાનું કામ સ્વીકાર્યું હતું. ઉપરના જ ભાગમાં જમણા હાથ તરફ શિવલિંગની પૂજા કરતો હોય તેવી રીતે ચંદનને ચિત્રકારે રજૂ કરેલો છે, કારણ કે તેણે મહાદેવના મંદિરના પૂજારી તરીકેની નોકરીનો સ્વીકાર કર્યો હતો.

ચિત્રના અનુસંધાનમાં નીચે સાયર અને નીર બંને ભાઇઓ ગાયો હાંકતા હોય તેમ રજૂ કરવામાં આવેલા છે, કારણ કે ગામની ગાયો ચરાવીને ઉદરનિર્વાહ કરવાનું કાર્ય તેઓએ સ્વીકાર્યું હતું. આ ચિત્રની દરેકે દરેક ગાયનાં જુદાંજુદાં સ્વરૂપોનું જે દિગ્દર્શન ચિત્રકારે રજૂ કરેલું છે, તે તેની કારીગરીની સિદ્ધહસ્તતા બતાવે છે.

ચિત્ર નં. ૬. ચિત્રના ઉપરના ભાગમાં સોદાગર, તેનો નોકર તથા મલયાગિરિ છે અને નીચેના ભાગમાં સોદાગરના બે નોકરો તથા માથે ભારી ઉપાડેલી મલયાગિરિ ઊભેલી છે. કથાનો ભાગ નીચેના ચિત્રથી શરૂ થાય છે. મલયાગિરિના માથા ઉપરની ભારીનું મૂલ્ય પૂછતો હોય તેમ સામેનો ઊભેલો માણસ દર્શાવીને ચિત્રકારે સોદાગરનો પહેરેગીર રજૂ કરેલો છે. અને તેની પાછળ ઊભેલો બીજો માણસ પણ સોદાગરનો જ માણસ હોય તેમ લાગે છે. તે માણસો મલયાગિરિને પોતાનો શેઠ ભારી ખરીદવા માટે બોલાવે છે તેમ સમજાવીને લઇ જવાની કોશિશ કરતા હોય તેમ લાગે છે. ચિત્રના ઉપરના ભાગમાં ડાબી તરફ જમીન ઉપર બેસીને સોદાગરની પાસે પોતાની ભારીના પૈસા માગતી હોય તેમ મલયાગિરિને દર્શાવી છે. મલયાગિરિની આગળ સોદા-

ગરનો માણસ ઊભેલો છે, જે કઠિયારણ મલયાગિરિ સાથે ભારીનાં ઠરાવેલાં નાણાં ચૂકવવાનું કહેતો હોય તેમ લાગે છે, અને જમણી બાજૂ બાજોઠ પરના તકિયાને અઢેલીને બેઠેલો સોદાગર મલયાગિરિનું રૂપ જોઈને વિસ્મય પામતો હોય તેમ લાગે છે.

ચિત્ર નં. ૭. ડાબી બાજૂ ઊભો રહેલો પુરુષ તે ચંદનરાજા છે. તે પાણીમાંથી ઊતરીને આનંદપુર શહેરમાં જતો હતો તે વખતે એક યુવાન સ્ત્રીએ તેને આદરમાન આપીને બોલાવ્યો અને દાતણ કરવા માટે તે યુવાન સ્ત્રી જમણા હાથે પકડેલી પાણીની ઝારી તથા ડાબા હાથમાં પકડેલું દાતણ ચંદન રાજાને આપતી હોય તેમ લાગે છે. આ ચિત્રની સ્ત્રીએ પહેરેલી સાડીની ડિઝાઇન આપણને મોગલ સમયનાં વસ્ત્રોની એક ડિઝાઇનનો નમૂનો પૂરો પાડે છે. સ્ત્રીની સામે ઊભેલો ચંદન પોતાના ડાબા હાથને ઊંચો રાખીને તે સ્ત્રીની સાથે વાત કરતો હોય તેમ લાગે છે.

ચિત્ર નં. ૮. ચંદન રાજા તરીકે હાથણી ઉપર બેસીને ચંપકપુર શહેરમાં પ્રવેશ કરતો હોય તેમ લાગે છે. ચંદનરાજા વચમાં બેઠો છે અને પોતાના બંને હાથ લાંબા કરીને પ્રજાના નમસ્કારને ઝીલતો હોય તેમ લાગે છે. ચંદનની પાછળ ડાબા હાથમાં છત્ર પકડીને બેઠેલો છત્રધર નોકર બેઠેલો છે, અને આગળ જમણા હાથમાં અંકુશ પકડીને બેઠેલો હાથી હાંકનાર મહાવત હાથીને હાંકતો બેઠેલો છે.

ચિત્ર નં. ૯. રાત્રિને સમયે ડાબા હાથ તરફ ઊભેલા સાયર અને નીર ભાઈઓ જમણી તરફ ઊભી રહેલી પોતાની માતુશ્રી મલયાગિરિની સાથે સુખદુઃખની વાત કરતા હોય તેમ લાગે છે. આ ચિત્રમાં ચાંદની રાત બતાવવા માટે ચિત્રકારે આકાશમાં કોઈ પણ જાતના તારા વગેરે બતાવ્યા નથી. આ ચિત્ર દસે ચિત્રોમાં શ્રેષ્ઠ હોવાથી મૂળ રંગમાં અત્રે રજૂ કરેલું છે.

ચિત્ર નં. ૧૦. ચિત્રની મધ્યમાં દરબારમાં ચંદનરાજા બેઠેલો છે અને ઘણાં વર્ષોના વિયોગ પછી મળેલ મલયાગિરિ રાણી ચંદનની પાછળ બેઠેલી છે. ચંદન અને મલયાગિરિ બંને જણા તેમની સામે બે હાથની અંજલિ જોડીને બેઠેલા સાયર અને નીર, એ બંને રાજપુત્રોની સાથે હાથ લાંબા કરીને વાતચીત કરતા હોય તેમ બતાવેલા છે. ચિત્રની બાજૂમાં જમણા હાથ તરફ આ પ્રત લખનાર સાધ્વીજીનું નામ તથા તે લખ્યાનો સંવત્ ૧૭૫૮ આપેલો છે. આ પાનાંની માફકજ આ પ્રતના દરેક પાનાની ચારેબાજૂ ફરતી ડિઝાઇન છે.

चन्दनमलयागिरि चउपइ

॥ श्री जिनाय नम ॥

*स्वस्ति श्रीविक्रमपुरे, प्रणमो श्री जगदीस;
तन मन जीवन सुखकरण, पूरण जगत जगीस. ॥ १ ॥

वरदायक वर सरसती, मतिविस्तारण मात;
प्रणमी मनि धरमोदसुं, हरण विघन संघात. ॥ २ ॥
मम उपगारी परमगुरु, गुण अक्षर दातार;
वांदी ताके चरण युग, **भद्रसेन** मुनि सार. ॥ ३ ॥
कहां चंदन कहां मलयागिरी, कहां सायर कहां नीर;
कहि हइ ताकी वारता, सुणउ सवे वरवीर. ॥ ४ ॥
नगर मनोहर कुसुमपुर, तीन भुवन विख्यात;
बाग वाउवारी बहुत, सरगपुरी लघु भ्रात. ॥ ५ ॥
चतुर विचंक्षण लोग सब, भोगी वसई छयल्ल;
ठौरि ठौरि[1] खेलत हसत, गावत करत सयल्ल. ॥ ६ ॥
सीतल जल सरवर भरे, कमल मधुप झणकार;
पणघट पांणी भरणकुं, लाख वहत पनिहार. ॥ ७ ॥
गढ मढ (ठ ?) मंदिर पउर[2] सुद्ध,[3] सैव जैन प्रासाद;
फरकत धज मानुं शिखर पर,[4] करत गगनसुं वाद. ॥ ८ ॥
वीर घंट वाजंत वर, मद मयगल गाजंत;
राजद्वारि झुलंत झुकि, जलद पटल जालंत. ॥ ९ ॥

---

*आ चोपाई बे हस्तप्रतो परथी उतारवामां आवी छे. एक प्रत जे मारा संग्रहनी छे ते संवत १७५८नी सालनी छे अने बीजी क संज्ञावाळा जे पाठांतरो आप्या छे ते बिकानेरनिवासी श्रीयुत अगरचंदजी नाहटानी संवत १७८४नी सालनी छे.

—संपादक

[1] ठउर ठउर क. [2] पोल क. [3] सब क. [4] कमां नथी.

पवनवेग जित पवन जव, चलति पंचगति धार;
तेज तरुण तीखे तुरी, करत हणण हेंखार. ॥ १० ॥

राजत है राजा तिहां, चंदन चंद समान;
न्यायवंत श्री रामसउ, रूप रतन गुणखांण. ॥ ११ ॥

तासु प्रीया मलयागिरी, सीलवती सिर मउर;[५]
रूपवती रति अपछरा, अयन मेनका अउर.[६] ॥ १२ ॥

मृगनयनी चंद्राननी, पिकवयणी मृदुगात;
तनु दमकत घनदामिनी, दसन चंद्रिका भ्रांत. ॥ १३ ॥

अलबेली अलवेल गति, कामकनक गृहवेलि;[७]
जानकि रति पति खेलकुं, विरचिबणायउ[८] खेल. ॥ १४ ॥

प्रेम सरस भीनी रहत, अपने पीउकई संग;
उदय अस्त मन न जानही, करत केलि रति रंग. ॥१५॥

मालतिफूल मिल्यागरी, प्रीत परम मकरंद;
भगन रहत भोगी भमर, चंदन चतुर नरिंद. ॥ १६ ॥

तसु सुत सायर नीर दुय, कुल नभचंद दिनेश;
मानहुं ईस्वर गौरया, गंगा तनुज गणेश. ॥ १७ ॥

इतिश्री चंदनमलयागिरीवार्त्तायां नगरनिवेशन सकल जनानंदन नृपति चंदन राज्ञी मलयागिरि तत्तनय सायर-नीर नाम स्थापनोच्चारण प्रथम कलिका समाप्ता ॥ १ ॥

एक[१] दिन चंदन महलमै,[२] पउढ्यो[३] थउ निशि चयण;[४]
प्रगट होई कुलदेवता, आय[५] कह्यो हित वयण.[६] ॥ १ ॥
अरे हो चंदन जागिहई, कइ सूतउ नांहि न मात;
कहउ क्या आज्ञा दइत हउ, आए हउ कहि वात. ॥ २ ॥

---

[५] मौर क. [६] ओर क. [७] कमां गृहवेल छे. [८] बनायो क.
[१] इक क. [२] महलमई क. [३] पउढयउ क. [४] चईन क. [५] आई क. [६] वईन क.

देवी उवाच–

चंदन तुम्ह जीउ कष्ट हई, दुई सुत तीया समेत;
सावधान तुम्ह करणकूं, हूं आइ इह हेत ॥ ३ ॥
सुनत वेग चिंता वढी, अति अकुलाणउ राय;
चंदन सिरज्यो कष्ट कउ, पड्यो अचिंत्यउ घाउ. ॥ ४ ॥
राजा चंदन दीन हुवई, विनति[7] करै गहि पाउ;
कहि विधि छुटि हुं मात अब, [8]सो कछु हेत वताउ. ॥५॥
फिरि बोली कुलदेवता, तउ जइ[9] दुरित विनास;
राजरिद्धि सुख छंडि कै, जई भजिहउ वनवास. ॥ ६ ॥
राजा मांनी वात सब,[10] कह्यउ प्रीयासुं जाई;
सूते बाळ जगाइ कइ, लीइ गलईसुं लाइ. ॥ ७ ॥
राजा राणी निसह भरी, करि जीयसुं ईकतार;
अपणे मंदिर महल जन, छोरि चले निरधार. ॥ ८ ॥
राति बहुत्त बालक डरत, पावत नांहि न वाट;
सूते द्रुमकी ओटले, तलि न बिछांवण[11] खाट. ॥ ९ ॥
विकसी पियरी पुहपई,[12] रही निशा तमलेस;
वनि वनि चिरिया चुहिचुही, वही वाट विसेस. ॥ १० ॥
तिहां पंथि न च्यारु परे, जहां वसई आई भाग;
कब निकसे कहांकूं वसे,[1] किनहु न पायउ ताग.[2] ॥११॥
भ्रमत भ्रमत आपद सहित, दुख देखत वसिकर्म्म;
आए च्यारुं कनकपुर, कुसलखेम निजधर्म्म. ॥ १२ ॥
तिहां[3] ईकु मसंद पई जई रहे, छारि सकल मनमांन;[4]
टहल दई उनधामको, सिरली चाढि सुजाण. ॥ १३ ॥

---

[7] दिनो क. [8] मो क. [9] जाई क. [10] तब क. [11] बिछुणा क. [12] पुहपही क.
[1] चले क. [2] सो किसहिनपायो भाग क. [3] मूळ प्रतमां नथी. [4] मदमान क.

देउ सेउ चंदन करत, रांणी मंजत थाल;
देखत हउ गति कर्म्मकी, गउ चरावत बाल. ।। १४ ।।

मायंग घरे हरिचंद राइणो पंडवाण वणवासो ।
मुंजस्स भिक्ख भमणं कीरिज्जइ कम्मणा सद्धं[5] ।। १५ ।।

राई करई रंको, रंको पुणि करइ राय सारित्थो;
जंन धरि ज्जई हियए, करेई तं कम्म जीवाणं. ।। १६ ।।
ईक आयो परदेसथी, सउदागर समरथ;
रह्यउ खांचि डेरा तिहां, खाटण लोभ गरथ. ।। १७ ।।
ईक दिन निज पिय पूछि कई, पाय पियाकउ वयण;[6]
जंगल गई मलयागिरी, कोमल कठीया लइण. ।। १८ ।।

वीण वीण वन लक्करी, कीयउ भरोठो मत्थ;
लई आइ मलयागिरी, सउदागर कइ सत्थ. ।। १९ ।।
पक्की जंगल ऊपनी, अरु सूकी द्रुम डाल;
लेहु वीर हो[7] लक्करी, ठाढी करत पुकार. ।। २० ।।
या कोइल कुहकी कहां, किस दरखत किस डाल;
सउदागर आयउ निकस, ख्याली देखण ख्याल. ।। २१ ।।

तइसइभी मलयागिरी, नागरि चतुर सुजाण;
लेहु वीर हो लक्करी, बोली मधुरी वाण. ।। २२ ।।
मोरटेरसी ले गइ, सरल सुहाणइ साद;
मांनहु गिरधरलालकी, व्रज बंसी को नाद. ।। २३ ।।
लागी हइ तनु तीरसी, कीधुं करवतसी धार;
काटि करे(ले)जो ले गइ, सउदागर कउ सार. ।। २४ ।।
प्रगटी वेदन विरहकी मदन मरोरयउ गात;
सउदागर कुं भूल गइ, सब सोदाकी वात. ।। २५ ।।

---

५. 'सच्चं' क. ६. वइन क. ७. ल्यौ हो वीरो क.

बंसी कौन बजाय है, खछरि कहि अउर;
मदके माते बोलि हइ, किस वन कोइल मोर. ॥ २६ ॥
बंसो कोऊन बजाइ हइ, नां कोइल नां मोर;
कुहकत हइ कठियारणी, साहिब चितकी चोर. ॥ २७ ॥
मेरीसुं क्या कहत हो, इहु हइ साचह वात;
अइसी भी कोउ बोलि हइ, मिहरी हुं की जात. ॥ २८ ॥
साहिब देखइही वणइ, कहत न आवत धात;
ऊभतहै सब आननी,[1] उहइ[2] सबनकी भांति.[3] ॥ २९ ॥
रुपरेखा गुण आगरी, ललित सुगति मृदुहास;
तइसी जइसी राखीयइ, आंखिनही कइ पास. ॥ ३० ॥
चित चटपट लागी सुणत, पुरिपुरि निरखत आप;
कठियारी कइ दरसकी, देखणकी भइ चाप. ॥ ३१ ॥
जावउ मेरे यार तुम्ह, लइ आवउ बोलाइ;
राखइगउ कोऊ अऊरही, बिचहीसुं बोराइ.[4] ॥ ३२ ॥
चाकर बंदे हुकमके, हुकम चढायो सीस;
सउदागर के आदमी, तव धाए दसवीस, ॥ ३३ ॥
री कठीयारी आउरी, वेगि भरोठो ल्याउ;
साहिब तोकुं तेरि हई, अउर ठउर मत जाउ. ॥ ३४ ॥
चलि आई मलियागिरी, थउ सउदागर जत्थ;
डारि भरोठउ अरु कह्यउ सिरी रामजी सत्य. ॥ ३५ ॥
अथ आपदा रूप वर्णन—
बांह वलईए काचके, पीतर कउ खग वार;
कर दोऊ कंकण लाखके, गलि चिरमिठि को हार. ॥३६॥
काननि चीरूं काचकी, आननि उपमा चंद;
पहिरण चउसी डंडीयउ, जगि डंडण छवि मंद. ॥ ३७ ॥

---

[1] आनतीय क. [2] उवाहे क. [3] भात. [4] विरंबाई मूळ प्रतमां छे.

पावां पायल भरथकी, तरुआकी अणउट्ट;[5]
कांसी कीजे हरति हर, वर वाजणी सुघट्ट. ॥ ३८ ॥

मगन होई गयो रूपमइं, रंग लागउ चितचोल;
सउदागर बोल्यो तबई, अद्भुत बोल अबोल. ॥ ३९ ॥

आवउ सुंदरि सुगुण हो, बइठउ या तुम्ह ठाम;
हमकुं कहीयइ आपणउ, बाप दीयाको नाम. ॥ ४० ॥

कउण जाति कुल कउण हो, वसते हउ किणदेस;
नीके माणस देखीयत, यउ तुम्ह कइसउ वेस. ॥ ४१ ॥

तब बोली मलयागिरी, सुणि सउदागर सेख;
हम सिरि अईसे दुखके, लिखे विधाता लेख. ॥ ४२ ॥

वहुत भांति सेवे बहुत, मठ मंडपके देव;
साहिब पूरणहारकी, पूरी करी न सेव. ॥ ४३ ॥

दुहु करी हरि पुजे नही, वर तुलछी दल पांन;
भजन न भज्यउ गुसांइयां, ताकउ फल दुख जांन. ॥४४॥

दुखीया माणस जग भर्यउ, गए किते दुख रोइ;
अब जा कोऊ फिरि देखि हई, तउ हमसे दुखी न कोई. ॥४५॥

नाम हमारउ दुखियन, कउण जाति कुल ठउर,
हम साहिब के चोर हां, तुम जन जांणउ अउर. ॥ ४६ ॥

इहां तुम्हकुं आए सुने, कनकसहरमइं अज्ज;
हुं कठियारी काठकुं, आइ वेचण कज्ज. ॥ ४७ ॥

आए सो कीनी भली, खरे हमारे भाग;
हम सब लीनी लक्करी, जो चाहई सो माग. ॥ ४८ ॥

प्रीति क्रियाणउ लक्करी,[1] गांठि हृदयकी खोलि,
करि कछु सउदउ प्रेमकउ, कहि सूरति कउ मोल. ॥४९॥

---

[5] अणवट्ट मूळ प्रतमां छे.   [1] ढोईकै क.

राज्ञी उवाच--

सूरति मोल न समजि हुं, प्रीति न जाणउं तेम;
हम कठियण वेची बहुत, बहु न वेच्या प्रेम. ॥ ५० ॥
गाहा–पिम्मं असरिसरूवं, असरिसयंगं न लक्खियं जाइ ।
असरिस रसं च गहियं, कहियं च न सक्कइ कोइ ॥ ५१ ॥
दिन्नं दिवा बियं वा, कस्सवि न होइत्ति नयं च क्यं ।
पिम्मं हवइ सहा वा, नलब्भए मग्गियं हट्टे ॥ ५२ ॥

सोदागर बोल्यो--
जाण देहु अब इह समइ, प्रीति प्रेमकी वात;
किते कठियाके दइत हउ, टके पांच लहु सात. ॥ ५३ ॥
कठियारण बोली--
साहिब वेगि दिवाइयइ, ढीलन को नहि कांम;
हम घरि खाटचउ खाइयइ, गांठि न दमरी दांम. ॥ ५४ ॥
सउदागर दीने तबइ, गिणि कठियण के दांम;
कठियारी आसीस दइ, भलउ करइ तुम रांम. ॥ ५५ ॥
सोदागर बोल्यो--
री कठियारी सुणत हइ, यउ डेरउ या ठउर;
बहुरि भरोठउ ल्याइयइ, मत कहुं फिरयइ अउर. ॥ ५६ ॥
लोभांणी मलयागिरी, भोरी भोरइ भाव;
नितकी कठिया डारि हइ, वउ फिर देखत दाउ. ॥५७॥
इकु दिन साथ चलाय सब, आप रह्यउ रस हेत;
दांम काज मलयागिरि, आइ कृत संकेत. ॥ ५८ ॥
साहिब दमरइ दीजीयइ, तुम्ह पइ रहइ उधार;
मसकित के हूं मांगि हूं, रोक पइसे च्यार. ॥ ५९ ॥
पिउ पिउ करत मलयागिरी, अरु डारत दगनीर;
घालि वहलमइ ले गयउ, सउदागर वेपीर. ॥ ६० ॥

यूं रूती मलयागिरी, दुखिनी भरि नीसास,
वन मृग पंखी पशुय नर, सब सुणि भए उदास. ॥ ६१ ॥
पिउ विछुरत दगनां मिलत, नींद उचट गइ तास;
सिद्धि बुद्धि सूरति सब गइ, भूख गई गई प्यास. ॥ ६२ ॥
चंदन विरह मलयागिरी, दिन दिन सूकत जात;
ज्युं पावस जलधार विण, वनवेली कुमलात. ॥ ६३ ॥
चंदन चंदन करि रही, चंदनही कउ ध्यान;
युं जोगीसर जोगसूं, लीन रहत इक तांन. ॥ ६४ ॥
सुंदरि सोवत रातकुं, छाती उपर कर लाइ;
हृदयकमल चंदन वसई, कबहुं निकसि न जाइ. ॥ ६५ ॥
चंदन विन मलयागिरी, कइ सइ धरइ जु धीर;
झुरि झुरि सुंदरि अप्पणउ, पंजर कीयो सरीर. ॥ ६६ ॥

सउदागर बोल्यो--

कठियारी क्या झूरि हइ, करि मन दृढ वर मोहि;
पांन फूल विचि राखिहुं, करिहुं सुखिणी तोहि. ॥ ६७ ॥

राणी बोली–

जाऊ हुं मरी हुं जीव थइ, अरु वर तजहुं प्रांण;
इणि भव चंदन पीय विनु, सिर न धरूंगी आंण. ॥६८॥
जिहि मुखि मन रुचि प्रेमसुं, अचयउ रस पीयूष;
तिह मुखि विष क्युं पीजीयइ, जन लागत लख भूख. ॥६९॥
इण नयणां सूंकलप कीय, तृण मिष पियुज कोस;
प्रीतम चंदन विण कहूं, हम न धरूं संतोष. ॥ ७० ॥
जिह रंग जिह रस प्रेमसूं, निरख्यो चंदन पीऊ;
तिह रंग अउर न निरख हूं, जो कोऊ द्यइहम जीऊ. ॥७१॥
अगनमांझि जरिवउ भलउ, भलो ज विषको पांन;
सील खंडिवउ नां भलो, नही कछु सील समांन. ॥ ७२ ॥

अहो वीर मोहि छोर घइ, कहा निपट लइ अंत;
अपणो सील न खंडसुं, जो न कुप्यो किरतंत. ॥ ७३ ॥

॥ इति कलिका द्वितीया समाप्तम् ॥

गलो गली देउल फिरचो, ढुंढी सब वनराय,
पाइ कहूं न मलयागिरी, रचपचि बैठा आय. ॥ १ ॥
चंदन कइ मलयागिरी, थी सुखदुखकी ठांम;
दैव विछोहो पारकइ, कोण अधमकीय कांम. ॥ २ ॥

अथ मातृविरहपीडने बालो उचतु—

विलखत सायर नीर हुई, अरु पूछित विललात;
अजहु न आई कहां गई, तात हमारी मात. ॥ ३ ॥
पूत तम मइया आई है, धीरे रहु टुक वेर;
सायर नीर खरे तहां, रहे मात म गहेर. ॥ ४ ॥
कइसइ सायर नीर दुय, निरख रहे गृह द्वार;
जईसई वरषारितु समई, चातक चूंच पसार. ॥ ५ ॥
अरी हो मइया आवरी, छार सकल जंजाल;
वेर कलेवाकी भइ, कर न हमारी सार. ॥ ६ ॥
मइया मइया करि रहे, साद न घई मईया;
वाछरूआ कइसइ रहइ, गइया विण दइया. ॥ ७ ॥
इक दुख तीयकइ विरहको, देखत नांही नयनां;
इया जु सालइ हृदयमइ, बालक मुखके वयनां. ॥ ८ ॥
रहि न सकत राजा तहां, सालत तिय अहि थांन;
करि कंधई[1] सुत ले चल्यो, चतुर समय कउ जांण. ॥९॥
बहुत भूमि अवगाहि कै, आयो इक वन मज्झ;
वहत नदी असराल तहां, पइसण कुं भयो सज्झ. ॥ १० ॥

---

[1] खांधइ क.

पार उतारी नीर कुं, पइठउ सायर लयण;
नदी वहायो वहि चल्यो,[१] साथ न संबल सयण. ॥ ११ ॥

कहां चंदन कहां मलयागिरि, कहां सायर कहां नीर;
जा जा पडै अवत्थडी, सासा सहै सरीर. ॥ १२ ॥

इति प्रियावियोगादनुपितुस्तटिनीतटस्थबालद्वयवियोगसूचिका
कलिका तृतीया संपूर्ण भूयात् ॥ ३ ॥

इक कठ पटियण पाइ कइ, विलगउ बांह पसारि;
राजा चंदन कुसलसुं, धम्मे धर्यउ लइ पार. ॥ १ ॥

गाहा—पविसह सायर मज्झे, पविसह गिरि कुहर कंदरा मज्झे॥
कम्मसहाय जियाणं, कहम विनहणे इवालग्गं[२] ॥ २ ॥

ताढि गहै आनंदपुर, इक नगर नयण विश्राम;
राजा चंदन पथिकज्युं, उतर्यो एकनि धाम. ॥ ३ ॥

ता घरि घरणी अति निपुन, रसिक छबीली छैल.
अंग अंग योवन प्रबल[३] थिरकि रह्यउ हइ फैल. ॥ ४ ॥

चंदन आवत देखि करि, उठि दीनो सनमान;
उतरउ अपणौ धांम हई, हम तुम्ह एह पिछान. ॥ ५ ॥

भरि पांणी झारी दई, अरु दांतणकी फार;
प्रेम निजर निरखत खरी, सुखतईं घुंघट डार. ॥ ६ ॥

कहउ तौ अपणै हृदय[४] की, हमकुं खरउ विचार;
कहांथी आए हउ बहुरि, कहां कूं चलणहार. ॥ ७ ॥

कहा कहुं तुम्ह होई जउ, कछु कहणइकी वात;
सुंदरि बूझयउ क्या कहई, टुटउ तरुवर पात. ॥ ८ ॥

हम थइ भले जु पंखीयण, जिहिकउ जंगलवास;
इकठे मिलि चूणहिचूगइ,[५] पलक न छंडइ पास. ॥ ९ ॥

---

१ गयौ क. २ कहम विनयणे हिवालग्रं क. ३ नवल क. ४ कहोनां अपणइं हृदयकौ क ५ करइ क.

हम हुंतै वनमृग भले, जु दिन दिन वन विचरंत;
राति राति मिलि अप्पणी, सुख दुःख कथा कहंत. ॥१०॥

हमकुं जैसी रात है तैसें ही दिन जाई;
जोगी भोगी कछु न हम, कहर विजोगी मांहि. ॥ ११ ॥

जोर नहीं जगदीस स्युं, नही करमसु जोर;
कहिकी जोरी जोर हइ, कहिकी दइत हई तोरि. ॥ १२ ॥

इक सुटु रुप विलोक कइ, अरु विरही जन जांण;
सुंदरि मदनातुर भई, बोली तजि कुल कांण. ॥ १३ ॥

तुम्ह परदेसी लोक हो, हउ न किसी कै हाथ;
जउ रहिवउ तउ जनम लगि, हम तुम्ह एको साथ. ॥१४॥

चंदन बोल्यो सुनत हो, सुंदरि कउण विचार;
हम तुम्ह जु रहइ साथ क्युं, सिरि सावत भरतार. ॥ १५ ॥

वातइ अइ सब सहल हइ, जउ तुम्ह जोर्यउ जीउ;
तो तबही ले अप्पणउ, मारूंगी निसि पीउ. ॥ १६ ॥

गाहा—महिला आल कुलहरं, महिला लोयम्मि दुच्चरिय खेत्तं।
महिला दुग्गइ द्वारं, महिला जोणी अणत्थाणं ॥ १७ ॥
रवि चरियं गहचरियं, तारा चरियाण राह चरियं च ।
जाणंति बुद्धिमंता, महिला चरियं न जाणंति ॥ १८ ॥
मच्छमयं जलमग्गो, आगासे पंक्खियाण पयतीरे।
महिलाणहीय मग्गो, तिन्निवि लोए न दीसंति ॥ १९ ॥
अत्थमीए पियसूरे, भमरं ठविऊण नियय कोसम्मि ।
नलिनी उवरि रमंते नाकियुज्जं मयत्थाणं ॥ २० ॥।

तिय वेसास न को करउ, तिया किसीकी नांहि;
जिण निज पियतनु[1] लोचणउ, दीयउ जुं कद्दममांहि ॥ २१ ॥

---

[1] कोक.

वात सुनतही: पापकी, थरहर कंप्यौ अंग;
चरित तीया कउ पायकइ, राजा भयउ विरंग. ॥ २२ ॥
चित चकित[1] सउ हुइ गयो, रह्यो न चंदन रयण;
उठि निकस्यउ उहि धामतइ, राम राम करि वयण.[2] ॥। २३ ॥
चाल्यो चंदन पथिक ज्युं, भजि साहस वरवीर;
मांनहु दुखनि वाण तइ, आवत वाहण तीर.[3] ॥ २४ ॥
दृष्टि पडी चंपकपुरी, दीसण लागे भउन;
प्रिय संगम सूचक भए, सुख संपति के सउन. ॥ २५ ॥
चंदन वंदी सकुन सब, निहुरि निहुरि चिहुं ओर;
करि प्रणामकी विनती, अवनत होइ करि जोर. ॥ २५ ॥
जंगल जीव चिरंजीत हउ, तुम्ह जग मेटण दुःख;
प्राण प्रिया सुत जउ मिलइ, तो लख[4] पाए सुख ॥२७॥
उपवन को सनमुख भए, आवत देखि नरिंद;
बोलि बोलि आसीस दी, डारि डारि खगवृंद. ॥ २८ ॥
सूतउ सरवर पालि उपरि, चंदन जपत अनंत;
आई रह्यो हइ निकटही, आपदही कउ अंत. ॥ २९ ॥
अब उणि नगरी इण समइ, कउण भयउ विरतंत;
राजा मूओ अपूतीयो, दिव्यनि पंच भमंत. ॥ ३० ॥
आए सरवर पाल उपरि, जिहां सूतउ थउ राउ;
पंचदिव्य थिर लगन मइ, परगट भयइ सभाउ. ॥ ३१ ॥
गय गाज्यउ हय हणहण्यउ, गज सिर ढार्यो नीर;
वींजइ चामर बालिका, धर्यौ छत्र सिर धीर. ॥ ३२ ॥
जाग्यउ चंदन चमक कइ, प्रगटयो पुण्य पडूर;
कुंजर कांधइ निज चढयउ, ज्युं उदयाचल सूर. ॥ ३३ ॥

---

[1] विकृत क. [2] भइन क. [3] निकस्यो चारण चीर क.
[4] हम मूळ प्रतमां छे.

वागे वाजे हरख के, गाजे गुहिर विहद्द;
मानहूं भादुं मेहकी, करि डारि ध्वनिरद्द. ॥ ३४ ॥
वेदीयन अरु बंदीयन, रचि रचि गुन अनहद्द;
ऊंची कर भुज दाहिणी, उचरे जय जय सद्द. ॥ ३५ ॥
गृह गृह द्वारि गरी गरी, सजिन वसत धर प्रीत;
गावन लागी कुलवधू, मिलमिल मंगलगीत. ॥ ३६ ॥
चंद्रमुखी मंदिर चढी, लागी पठण आसीस;
इम नगरी कउ तूं धणी, जीवे कोडी वरीस. ॥ ३७ ॥
गावत तांन अनूप सुर, वावत वंसी वीण;
नृत्यति अभिनव नायका, घूमत रसलयलीण. ॥ ३८ ॥
चंदन प्रज परवारसुं, वीजित चिहुं दिसि चौर;
देखत शोभा नगर की, पइठो गढकी पउर. ॥ ३९ ॥
भरि भरि मुगता आंजुरी, हसि हसि उगम उछाह;
विविध वधायो नागरी, चंदन वसुधा नाह. ॥ ४० ॥
चंदन बैठउ तखत सिर, लीनउ परज जुहार;
बहुराए पहिराइ कइ, करि सबकी मनुहार. ॥ ४१ ॥
चंदन की दोही फिरी, देस देस पुर गांम;
वागउ पडहो सुजस को, प्रगटयउ चिहुं दिसि नांम. ॥४२॥

इति श्रीचंदनमलयागिरिवार्तायां राज्यप्राप्तिपूर्वकविपद्विनाशन-
राज्यसंपत्प्रकाशनकलिका चतुर्थी ॥ ४ ॥

राजा विनु मलयागिरी, विनु सायर विनु नीर;
सब सुज दुख करि जानिहै, वढी सवाइ पीर. ॥ १ ॥
निय जन परजन सुभट जन, कविजन किते खवास;
चंदन चितकुं न को चढइ, ज्यु कंमरियां[1] पास. ॥ २ ॥

---

[1] कंबरीया क.

गाहा–जइवि समुद्दो पुण्णो अमुल्ल मुत्ताफलेहिं रयणेहिं ।
तहवि हवइउच्चीइ, निय सुय चंदस्स दंसणओ ॥ ३ ॥

भइ कउण गति होइगी, उहकी सिरजणहार;
एक घर्यो उर पार ले, अउर धर्यो ईन पार. ॥ ४ ॥
मूंइ न जाणुं जीव है, छोरीथी निरधार;
उहि अबला सुख दुःख की, कउन करइ गो सार. ॥ ५ ॥
पिया पियारे बाल विनु, खरे दुःख्यारे प्राण;
चंदन अंग न लगाई है, खांन पांन परिधांन. ॥ ६ ॥

ना जाणुं क्युं रहत है, कउन भांति किहि रुप;
कहा करुं जावुं कहां, युं निसि सोचत भूप. ॥ ७ ॥

गाहा–महुरसरेण झुरंतो, विलवंतो भमरो भमंतोय ।
कडुयं तुंबी कुसुमं, आयासंतो सरइ नलिणिं ॥ ८ ॥
जह बब्बीहो मेहं, चकोर दिट्ठीसु निम्मलं चंदो ।
हंसो जहजल[1] मरियं,[2] समरै मानससरं रम्मं. ॥ ९ ॥
सल्लरिवणं गयंदी, जह झायइ अहय नम्मया कूलं ।
अइदीणो झीणंगो परवस पडीओ मणुस्साणं ॥ १० ॥
तह चंदणोवि राया, पइमासं पक्खगं च पइदीहं ।
पइस्तं संभारइ, जीवीयइठे[3] पीया पुत्ते ॥ ११ ॥

अब सुत सायर नीर को, कहा भयो परबंध;
सुनहो लोगो कांन दे, विछुर्या जो रण संध. ॥ १२ ॥

तब आयो इक साथ उहां, देखत चित्त अनुकूल;
दुह तट दुइ बालक तहां, बंधे तरुकइ मूल. ॥ १३ ॥

सूरति मूरति नान्हरी, कनकवरण मृदु गात;
सुंदर बालक दरस की, भइ सबनकुं जात. ॥ १४ ॥

---

[1] विजय क. [2] भमंतो क. [3] जीवोयठे क.

मुख कुमलांने पुहपज्युं अखीयां टपकत नीर;
अपनी माकूं झूरत है, ज्युं पंजरके कीर. ॥ १५ ॥
पावनकुं पनही नही, नही गात कुं चीर;
नाच्यउ नाटक देव इहां, मानहु अप्प सरीर. ॥ १६ ॥
निरखी बालक दीन तब, सारथपति हुइ दीन;
अपने सुत करि कै ग्रहे, राखत ज्युं जल मीन. ॥ १७ ॥
जब आए योवन समइ, युगलकिसोर कुमार;
डावन लागे सुभट के, तब पांचे हथियार. ॥ १८ ॥
जिह कइ पुरुषाकारसुं होत आन कसवेच;
जांनन लागे कुमर सब, छल बल कल रणपेच. ॥ १९ ॥
विनयवंत विद्या निपुण, रूपवंत गुणगेह;
रहत परस्पर नेह भर, एक जीव दुइ देह. ॥ २० ॥
एक समइ मिलि चिंतीयो अब हसि मांगां सीख;
अपनी खाटी खाइयइ, लहीयइ कर्म्म परीख. ॥ २१ ॥
पर घरि आसा कीजीयइ, सुइयइ पाय पसारि;
भइया इह विध पुरुष कउ, रहत न पुरुषाकार. ॥ २२ ॥
एक सींह अरुया पुरिस, इह दुइ इक सहाउ;
आस पराइ नां करइ क्युं सिर तूटि न जाउ. ॥ २३ ॥
छांने क्युंहि न रहत हइ, इक राजबीज रवितेज;
निकसे सारथवाहस्युं, पाइ विदाहित हेज. ॥ २४ ॥
चलि आए चंपकपुरी, जहां पिताकौ राज;
कोटवाल की चाकरी रहेस ससूल सकाज. ॥ २५ ॥
सोदागरभी सहजमइ, चल आयो उह नयर;
संग लागी मलयागिरी, रहत महलमै गयर. ॥ २६ ॥
भांति भांति[1] कीनउ नई, लइ सउदागर वैस;

---

[1] भांत भांत क.

राजा चंदनकुं मिले, बहिवउ उहि कौ देस. ॥ २७ ॥
देस देस परदेसकी, पाइ रसाल अनूप;
मांगि मांगि कछु मांगि हौ, अतिहि रिझाणो भूप. ॥ २८ ॥
सउदागर तस लीमकी, एक दोय तिहि वार;
साहिब हमकुं दीजीई, अपने चौकीदार. ॥ २९ ॥
कोटवालकुं हुकम कीय, तबही चंदनराय;
कोटवाल कइ संगदए, सायर नीर बुलाई. ॥ ३० ॥
कमर कटारी वांकुरी, अरु वांकी तरवार;
आए सायर नीर तहां, करत हुंस्यार हुंस्यार. ॥ ३१ ॥
जगत पहुरा देत है, कांधइ की समसेर;
साथी सायर नीरके, उठि बोले तिहि वेर. ॥ ३२ ॥
छिटकि रह्यौ हइ चंद्रमा, हसीजु रहि हइ रात;
आज कहो हो सुभट वर, कछुक भलीसी बात. ॥ ३३ ॥
बोलई सायर नीर दो, वात जगतमैं दोइ;
निज परवीतक होत है, कवन कहां तुम्ह ताईं. ॥ ३४ ॥
परवीतक बहुतइ सुणी, कहत जहां तहां लोई;
हमकुं कहीयइ मांडिकइ, ज्युं अपनी वीती होइ. ॥३५॥
कहां कहां वे बंधवा, जु वीती वात होया;
मा सउदागर ले गयो, बाप वह्यो नदीयां. ॥ ३६ ॥
सुतीथी मलयागिरी, सुणि जागी उठि धाइ;
अंगज सायर नीर कइ, लागी उरसुं आई. ॥ ३७ ॥
रूनि भरि भरि धाह दे, कहि कहि दुखके वइन;
फाटत छतीयां सुनत ही, आवत भरि भरि नयन. ॥३८॥
दाधी विरह विजोग की, दुखिनी दुसह बिहाल;
संगम जल सीतल भइ, मिले जु विछुरे बाल. ॥३९॥
बोले अंगज मात जू, सोइ रहउ अजु रात;

लइ सउदागर रायपइ, न्याय करइं प्रात. ॥ ४० ॥
वातभइ सब साथ मइ, चल्यो इहै जप जाप;
बाल विछोही मनुज कइ, मुख देख्यांही पाप. ॥ ४१ ॥
सउदागर मनमइ डर्यो, जइ अब जीवत माल;
नीकइ तेजो बांधीयइ, पांणी पहिली पाल. ॥ ४२ ॥
निकस्यो पहपीरी भइ, और न धर्यो विचार;
संग लई मलयागिरि, पहूंच्यो राजदुवार. ॥ ४३ ॥
खबर जाइ दरबार दी, लइ कीय राय हजूर;
बूज्यौ सउदागर कहै, आयो ऊगत सूर. ॥ ४४ ॥
साहिब एक अनुप हइ, अदभुत वस्तु विसेस;
लइ आगइ मलयागिरी, धरी इह हइ हम पेस. ॥ ४५ ॥
नां जाणुं हइ पदमणी, नां जाणुं रति रंभ;
मइं पाइ वन मज्झमइ, उठी न जाणुं संभ. ॥ ४६ ॥
नयननि तारा फुरतही, तीह पहिचानी राय;
फुरकण लागे अंग सब, हरख उदधि न समाय. ॥ ४७ ॥
रांणी लइ महिलां धरी, चंदन वसुधानाथ;
करिहइ कर्म्मविचारणा, दीयै कपोलनि हाथ ॥ ४८ ॥
एतइ सायर नीर दुइ, काटण विरह जंजाल;
आए चंदन राय पइ, लागे करण पुकार. ॥ ४९ ॥
महाराज चिरंजीत हो, पूरण त्रिभुवन आस;
मात हमारी थाइयइ, सउदागर कइ पास. ॥ ५० ॥
अंगज वाणी सुनतही, प्रगटयो नवल सनेह;
चंदन द्दग सीतल भइ, भइ प्रफुल्लित देह. ॥ ५१ ॥
राय लाय कै आंगुरी, प्रेम रंगजीय मांन;
जहांथी जननी जनमकी, खरे कीए तहां आंन. ॥ ५२ ॥
जाइ मिलइ सुत मातकुं, बार वरस कै अंत;

राय पियारी सुत लखे, लख्यो न राउ महंत. ॥ ५३ ॥

राजा भागो भेद सब, कह्यौ सरुप समूल;
राणी घूंघटपट कीयो, मुरि सुख कै अनुकूल. ॥ ५४ ॥

कुमर पिता पाइ इन परे, नीर लेइ उरि संग;
आंसुअनकी धारण छुटी, मनुह न्हवाए अंग. ॥ ५५ ॥

दुख ज गयो मन सुख भयो, भागो विरह वियोग;
मातपिता सुत मिलतही, भयो अपूरव योग. ॥ ५६ ॥

राजा बोल्यो क्या करुं, सउदागर कू दंड;
राणी बोली छोरि द्यो, हम तुम प्रीति अखंड. ॥ ५७ ॥

सउदागर चाल्यो अवे, राय रहत सुख चइन;
सपरिवार सुख भोगवै, जाणि इंद्र मइ अइन. ॥ ५८ ॥

जाइ लइ फुनि निज पुरी, मिले सज्जन सब लोक;
भद्रसेन कहइ पुण्यतइं, भए सुवंछित भोग. ॥ ५९ ॥

इति श्रीचंदनमलयागिरीवार्त्तायां राजप्राप्तिपूर्वकस्त्रीपुत्रमेलनपूर्वापूर्वसंपत्प्रकासिका कलिका षष्टी (पंचमी) ग्रंथाग्रं ॥ २५० ॥

प्रशस्ति–सर्व साध्वी शिरोमणि प्रवर्तिनी श्री गुणविजयाजी तच्छिष्यणी सौभाग्यविजयाजी तत् शिष्यणी महत्तरा श्री १८० श्री कीर्त्तिविजयाजी लिखितं ॥ श्राबिका सद्दोजी पठनार्थम् ॥ सं. १७५८ वर्षे ॥ *

---

* क. इति श्री चंदनमलयागिरीरी वार्ता संपूर्ण ॥ सं. १७८४ व.

વેદનું અર્થઘટન

[એક ઊડતું અવલોકન*]

શ્રી. ત્રિભુવનદાસ પુ. લુહાર-'સુંદરમ્'

> उत त्वः पश्यन्न ददर्श वाचमुत त्वः शृण्वन्न शृणोत्येनाम् ।
> उतो त्वस्मै तन्वं विसस्रे जायेव पत्य उशती सुवासाः ॥
>
> ઋગ્વેદસંહિતા, ૧૦-૭૧-૪

> એકે લહી વાચ છતાં લહી ના, એકે સુણી તેમ છતાં સુણી ના,
> તેણે વિવૃણ્યું પણ અંગ એકને, પ્રેમાતુરા સ્ત્રી પતિપાસ જેમ
> સુવસ્ત્ર ઢાંકયું નિજ અંગ ખોલે.

વેદો રચાયા હશે ત્યારથી તે આજ સુધી તેમનું સેવન એક કે બીજા હેતુથી થતું આવેલું છે. એના ઉદ્‌ગમ વિશે, એના કાળ વિશે, એના અર્થ વિશે, એના રહસ્ય વિશે એક કરતાં વધારે મતો પ્રચલિત રહ્યા છે. માત્ર એક જ વસ્તુ ઉપર મતભેદને અવકાશ નથી રહ્યો. અને તે છે વેદોનું અત્યારે ઉપલભ્ય સંહિતાબદ્ધ ગ્રંથરૂપ—text. અત્યારની સંહિતાઓ એક વાર નિબંધન પામ્યા પછી, તેમાંના કર્મકાંડની સફળતા માટે મંત્રરૂપની અતિ આવશ્યક શુદ્ધિને કારણે તથા વેદપાઠીઓની પ્રખર સ્મરણશક્તિને બળે તે તેના સંપૂર્ણ રૂપમાં અક્ષરે અક્ષર આજ લગી જળવાઇ રહી છે.[૧] વેદોની ઋચાઓ સંહિતારૂપે એકત્રિત થઈ તે પહેલાં તેમનું સ્વરૂપ અત્યારે મળે છે તે કરતાં જુદું પણ હોવાનો સંભવ છે, તથા તેની સંખ્યા પણ, સંહિતાઓમાં છે તે

---

* **નોંધઃ**—આ લેખ 'આર્ય' માસિકમાં ૧૯૧૫-૧૬માં શ્રી અરવિંદે લખેલી લેખમાળા 'The Secret of the Veda' નાં પહેલાં છ પ્રકરણને આધારે તૈયાર કરવામાં આવેલો છે. બલ્કે આમાંનો મુખ્ય ભાગ એમાંનો ઘણોએક સંકલિત મુક્ત અનુવાદ છે એમ પણ કહી શકાય. આ ઉપરાંત બીજી કેટલીક સામગ્રી પણ આના આધારમાં વાપરેલી છે જે નીચે પ્રમાણે છે. વી. ચંદ્રશેખરમ્‌નો શ્રી અરવિંદ પાઠમંદિરના વાર્ષિકના શ્રી અરવિંદજયંતી અંકમાંનો લેખ 'Shri Aurobindo and the Veda' (૧૯૪૨), અવિનાશચંદ્ર દાસનું 'Rigvedic Culture' (૧૯૨૫), એ. સી. કલેટનનું 'The Rig-Veda and Vedic Religion' (૧૯૧૩). આ ઉપરાંત યાસ્કના નિરુક્તમાંનાં અવતરણો તથા માહિતી તથા શ્રી અરવિંદના દૃષ્ટિબિંદુનું સ્વરૂપ શ્રી અંબાલાલ પુરાણીની પાસેથી તથા તેમની અભ્યાસનોંધો પરથી મળેલાં છે જે માટે તેમનો આભારી છું.

[૧] અત્યારે પણ જીવંત એવી વેદપાઠીઓની હિંદવ્યાપક સંસ્થાની ઘણી હજારો વ્યક્તિઓને કંઠે હજારો પેઢીઓની મૌખિક પરંપરાથી વેદના મંત્રો, તેમના અસલ ક્રમે, પ્રકરણવાર સ્વરાદિકના શુદ્ધ રૂપે ચાલ્યા આવેલા છે. મોટે ભાગે મૌખિક પરંપરાથી ચાલી આવેલી વિદ્યા કે કૃતિમાં વિકૃતિ થવાનો સંભવ

કરતાં ઘણી વિશેષ છે એમ માનવાને પૂરતાં કારણો મળી આવે છે.[૨] અર્થાત્ તે વખતે જ્યારે વિદ્યા કંઠપરંપરાથી સંક્રાન્ત થતી હતી ત્યારે જૂની ઋચાઓનાં નવાંનવાં સંસ્કરણો, નવીનવી ઋચાઓની રચના, તેમ જ જૂનીનો સ્મૃતિમાંથી લોપ એમ બનતું રહેલું હોવું જોઈએ. એવી રીતે આ વિદ્યાનો ક્ષય થતો અટકાવવા માટે તે કાળના વિચારકોને વિદ્યમાન ઋચાઓને કોક સુરક્ષિત રૂપમાં નિબંધન કરવાની જરૂર ઊભી થઈ અને તેમણે તેનું સંકલન કર્યું. એ સંકલન થયા પછી ઋચાઓનું બાહ્ય રૂપ, તેનો ક્રમ, તથા આખી યોજના, અકબંધ જળવાઇ રહી. પણ તેનો અર્થ જળવાઈ રહ્યો નહિ.

વેદના અભ્યાસી પાસે તેના અર્થનો પ્રશ્ન બહુ જટિલ રૂપે ઊભો થાય છે. વેદને અંગે તે પછી જે સાહિત્ય રચાયું છે તેમાંથી એવી પણ સ્થિતિ ઊભી થયેલી જોવા મળે છે કે જે કોઇ પણ વાક્સ્વરૂપની બાબતમાં બનેલી નથી. વેદના મંત્રોનો અર્થ નથી, એવો પણ એક પક્ષ બહુ ગાંભીર્યપૂર્વક યાસ્કના નિરુકતમાં રજૂ કરવામાં આવેલો છે. આ પક્ષ તરફથી પોતાના મંતવ્યના

છે. લહિયાઓને હાથે લખાયેલી પ્રાચીન હસ્તપ્રતોમાં કેટકેટલાં પાઠાન્તરો મળે છે, પણ આ મૌખિક પરંપરામાં આખા હિંદમાં એક અસાધારણ એકવાક્યતા છે. વળી આ વેદપાઠીઓની સ્મૃતિસ્થિત વેદસંહિતાનું પ્રામાણ્ય વેદોની લખાયેલી હસ્તપ્રત જેટલું જ છે. ઋગ્વેદની ૧૦,૫૫૨ જેટલી ઋચાઓમાં માત્ર એક જ પાઠભેદ બધાઓ સ્વીકારે છે, ऋध्रं मंश्चतोर्वरुणस्य बभ्रुं (ઋ. ૭-૪૪-૩) માં मंश्चतो ને બદલે मांश्चतो નો. શ્રીપાદ સાતવળેકરના મત મુજબ તો આ પણ વસ્તુતઃ પાઠભેદ નથી પણ સાનુનાસિક અકારનું વિવૃત અને સંવૃત ભેદથી માત્ર ઉચ્ચારણવૈચિત્ર્ય જ છે. જુઓ, તેમની સંપાદિત 'ઋગ્વેદસંહિતા' (આવૃત્તિ ૨ જી)ની પ્રસ્તાવના તથા નટવરલાલ જેઠાલાલ મહેતાથી સંપાદિત 'વેદામૃત'-માં 'સામવેદની શોધમાં' નામનો લેખ.

[૨] ઋગ્વેદ, કે જે બીજા ત્રણ વેદ કરતાં સૌથી વધુ પ્રાચીન હોવાનું મનાય છે, તેની ઋચાઓનું અત્યારનું રૂપ ઘણું સંસ્કારવાળું છે. એમાં આવેલી ઋચાઓનાં સંસ્કરણો થતાં રહેલાં છે એમ સૂચવતા કેટલાક મંત્રો તેની અંદર જ આવેલા છે. દા. ત.,

यज्ञेनेन्द्रमवसा चक्रे अर्वागैनं सुम्नाय नव्यसे ववृत्याम् ।
यः सोमेभिर्ववृधे पूर्वेभिर्यो मध्यमेभिरुत नूतनेभिः ॥ ३-३२-१३
दिवश्चिदा पूर्व्या जायमाना वि जागृविर्विदथे शस्यमाना ।
भद्रा वस्त्राण्यर्जुना वसाना सेयमस्मे सनजा पित्र्या धीः ॥ ३-३९-२

ઋગ્વેદના આ મંત્રો પહેલાંના મંત્રોનાં રૂપોમાંથી કેટલાંક બ્રાહ્મણગ્રંથોમાં અને સૂત્રોમાં निविद् અને निगद નામથી જળવાઈ રહેલાં છે. ઋગ્વેદના મંત્રોમાં પણ निविद्ने पूर्वा અને पूर्व्या વિશેષણોથી વર્ણવાઇ છે. આ વિષયની વધુ ચર્ચા માટે જુઓ, અવિનાશચંદ્ર દાસનું, Rigvedic Culture પૃ. ૧૬ અને ૪૦.

ઋગ્વેદસંહિતામાંથી સંગ્રહાયેલા મંત્રો કરતાં બીજા વિશેષ મંત્રો વિદ્યમાન હોવા જોઈએ એમ માનવાનો પુરાવો યાસ્કના निरुक्त ના પૂર્વ ભાગ निघण्टु—જેમાં વેદમાં વપરાયેલા શબ્દોનો સંગ્રહ છે—માંથી મળે છે. ડૉ. સ્કોલ્ડની ગણતરી પ્રમાણે निघण्टुમાં ૩૩ શબ્દો એવા છે જે ઋગ્વેદમાં વપરાયેલા મળી આવતા નથી.

સમર્થનમાં જે દલીલો રજૂ કરવામાં આવી છે લગભગ તેવી જ દલીલોનો આશ્રય વેદોના આજના કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ લીધો છે અને પોતાનાં મંતવ્યો તારવ્યાં છે.[3] યાસ્ક પોતે સમર્થ રીતે પેલા પક્ષનો જવાબ આપે છે. તેમ છતાં યાસ્કને પોતાના ગ્રંથમાં આ મંતવ્યની ચર્ચા કરવી પડી તે જ વસ્તુ બતાવી આપે છે કે વેદના મંત્રોના અર્થ વિશે સંદિગ્ધતા તે વખતે વિદ્યાવ્યાસંગીઓની અંદર પણ આવી ચૂકેલી હતી, એટલું જ નહિ પણ "અર્થવન્તઃ એવ મન્ત્રાઃ" એવી પ્રતિજ્ઞા લઈ પ્રવૃત્ત થયેલા યાસ્ક પાસે પણ મંત્રગત શબ્દોનો પૂરેપૂરો અર્થ રહ્યો નથી એ એણે અનવગત તરીકે નોંધેલા શબ્દપ્રયોગો ઉપરથી જણાઈ આવે છે.[4] વેદનો અર્થ કરવાને માટે પ્રાચીન કાળમાં જે કંઈ પ્રયત્નો થયા હતા તેમાંથી યાસ્કનું નિરુકત અને સાયણનું ઋગ્વેદનું ભાષ્ય એ બે અકબંધ રૂપે આજે આપણને પ્રાપ્ત થાય છે. પશ્ચિમના વિદ્વાનો સાયણના ભાષ્યનો આધાર લઈને તેનો અર્થ કરવામાં આગળ વધ્યા છે. એમાંના કેટલાકે સાયણના અર્થને જ છેવટનો ગણી લઈ તે ઉપરથી વેદના દેવો, સમાજ, ધાર્મિક માન્યતાઓ તથા ખુદ વેદના તાત્ત્વિક મૂલ્ય વિશે પોતાની આંકણીઓ કરી છે. પણ વધારે સહૃદય પંડિતોએ એ સ્વીકાર્યું છે કે હજી વેદોનો પૂરેપૂરો અર્થ આપણને સમજાયો નથી.[5] વેદનો અર્થ કેવી રીતે તિરોહિત બન્યો

---

૩. આ પક્ષને કૌત્સ નામની વ્યક્તિના મત તરીકે યાસ્ક રજૂ કરે છે. વેદના મંત્રો અર્થરહિત છે એમ માનવાને નીચેનાં કારણો ઉદાહરણસહિત કૌત્સ આપે છેઃ (૧) સામાન્ય ભાષામાં શબ્દોની જે નિયત આનુપૂર્વી છે તે ઋચાઓમાં નથી, (૨) ઋચાઓમાં વપરાયેલા નિર્જીવ પદાર્થોને લિંગયુક્ત વર્ણવ્યા છે, (૩) અર્થોમાં અનુપપન્નતા-અસંગતિ છે, (૪) મંત્રોમાં વિરોધી અર્થો છે, (૫) કેટલાક દેવોનું સ્વરૂપ આંતરિક વિરોધવાળું વર્ણવાયું છે. (निरुक्त १–४–५) યાસ્ક આ કારણોનો એક પછી એક જવાબ આપે છે જે લંબાણભયે અત્રે ઉતારાય તેમ નથી. પણ યાસ્ક પોત્તાના ટેકારૂપે વેદના પાંચ છ મંત્રો ટાંકે છે જેમાંથી એક અહીં ટાંકીશુંઃ

स्थाणुरयं भारवाहः किलाभूदधीत्य वेदं न विजानाति योर्थम् ।
योर्थज्ञ इत्सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा ॥ (સામવેદ)

કૌત્સની દલીલોની (પહેલી બેને બાદ કરતાં) અક્ષરશઃ પુનરાવૃત્તિ પાશ્ચાત્ય વિદ્વાનોએ વેદના અર્થ સંબંધમાં કરેલી છે. તે માટે જુઓ એ. સી. ક્લેટને તેના The Rig-Veda and Vedic Religion માં આપેલો સાર, પૃ. ૫૧. આ ઉપરાંત તેઓ આથી પણ આગળ વધેલા છે અને વેદના તત્ત્વ સંબંધે બીજાં સ્થૂલબુદ્ધિજન્ય અનુમાનો પણ તારવ્યાં છે. જેમકે 'It is not the rule but the exception to find in this great collection of literature any cry of the soul, any glimpse of a spritual instinct, any grasp of high revelation ! (એજન, પૃ. ૧૫૬)

૪. જુઓ 'નિરુક્ત'નું નૈગમ કાણ્ડ. ટીકાકાર દુર્ગાચાર્ય આવા અનવગત સંસ્કારવાળા શબ્દો દસ પ્રકારના જણાવે છે. તે પરથી જણાય છે કે વેદમંત્રોના અર્થ કેટલી બધી રીતે સંદિગ્ધ બની ગયા હતા.

૫. The Vedas themselves... are as yet imperfectly understood. . . Had it not been for the labours of Indian Etymologists and Grammarians, they woudd have remained a sealed book upto the present time. ... But no etymo-

અને તેને પાછો અનાવૃત કરવાના કેવાકેવા પ્રયત્નો થયા છે તેનું ટૂંકું નિરીક્ષણ અત્રે લક્ષ્યમાં રાખ્યું છે.[૬]

વેદની પ્રાચીન અર્થપ્રણાલિનું તિરોધાન અને લોપ થવું એને માનવજાતિના જીવનચક્રની જ એક ગતિ તરીકે સમજવું જોઇએ. પ્રજાના જીવનમાં સંસ્કારિતાના, તત્ત્વદર્શનના ગાળા વારાફરતી આવ્યે જાય છે. સત્યની તીવ્ર શોધના એક ગાળા પછી પાછો થાકનો ગાળો આવે છે. અને તે દરમિયાન જૂનાં સત્યોનો લોપ થઈ જાય છે. વેદકાળ પછીના આવા એક શિથિલતાના ગાળા પછી

---

logical or philological analysis can help us in thoroughly understanding a passage which contains ideas and sentiments foreign or unfamiliar to us. ... ... It is an undoubted fact that some Vedic texts are yet unintelligible, and, therefore, untranslatable. Pro. Max Muller observes : 'A translation of the Rig-Veda is a task for the next-century.'

લોકમાન્ય ટિળક 'ધી આર્કટિક હોમ ઇન ધ વેદઝ [૧૯૦૩]માં પૃ. ૬ (સંકલિત)

We must not be beguiled by that kind of conservatism which merely salves the conscience into thinking that there is better proof for any latter date (of the vedic period), such as 1500, 1200, or 1000 B. C. rather than the earlier date of 2000 B. C. Once more, frankly, we do not know.

ડૉ. મોરિસ બ્લૂમફીલ્ડ 'Religion of the Veda,' પૃ. ૧૯ (૧૯૦૬). એ. સી. ક્લેટને પોતાના 'The Rig-Veda and Vedic Religion'માં પૃ. ૪૭ ઉપર ટાંકેલું.

There is nothing like finality in views that are mainly based on mere intelligent guesses, surmises and probabililies rather than on positive and incontestible historical proofs, and there should be room enough for a fresh view, based on fresh materials, ...

અવિનાશચંદ્ર દાસ–'Rigvedic Culture' પ્રસ્તાવના પૃ. ૮. (૧૯૨૫)

મૅકસમૂલર અને બ્લૂમફીલ્ડ જેવા વિનમ્ર વેદાભ્યાસીઓ ઉપરાંત વેદ વિશે પોતે રચેલી માન્યતાઓને વળગી રહેનાર અને પૂર્વગ્રહોથી પ્રેરાઈને બીજા મતો પ્રત્યે અસહિષ્ણુતા ધરાવનાર પંડિતો પણ યુરોપમાં છે જેમને ડૉ. અવિનાશચંદ્ર દાસ તાટસ્થ્યરહિત, સંકુચિત દૃષ્ટિવાળા, તથા ખોટા મુદ્દાઓ ઉપર જ નજર ઠેરવી રહેલા તરીકે તથા હિંદના વેદાભ્યાસીઓ ટિળક ઇ૦નાં મહત્ત્વનાં સંશોધનોની જાણીબૂઝીને ઉપેક્ષા કરનાર તરીકે વર્ણવે છે. (જુઓ તેમનું 'Rigvedic Culture. પૃ. ૧૫ અને ૩૬). પશ્ચિમના આ અભ્યાસીઓમાં ભારતની વેદકાલીન તો શું પણ અર્વાચીન જીવતીજાગતી સંસ્કૃતિના રહસ્યને પણ પિછાણવાની સહૃદયતા નથી એનું ઉદાહરણ ઉપર નોંધેલો લેખક કલેટન જ પૂરું પાડે છે. તે પોતે ખ્રિસ્તી સંપ્રદાયનો છે તેમ જ તેને ખ્રિસ્તધર્મનો ઉપદેશ કરવાનો હક છે છતાં પોતાના માત્ર સંશોધનાત્મક પ્રસ્તુત પુસ્તકને અંતે તે હિંદનો મોક્ષ ખ્રિસ્તને શરણે જવાથી જ થશે એ અર્થનો પૅરેગ્રાફ, ઉપસંહારરૂપે મૂકયા વગર રહી શકયો નથી! એમ છતાં કહેવું જોઈશે કે આ નાનકડા પુસ્તકમાં લેખકે પશ્ચિમના વિદ્વાનોનાં સંશોધનનો સમગ્ર ખ્યાલ આવી જાય તેવી રીતે માહિતી પૂરી પાડી છે.

[૬] પદનોંધ જુઓ પછીના પૃષ્ઠ પર.

જ્યારે ફરી પાછા હિંદના ચિંતકો વેદનો અર્થ મેળવવાને પ્રવૃત્ત થયા ત્યારે એ કાર્ય તેમને ઘણું મુશ્કેલ જણાયું. અને તેમને પૂરેપૂરી સફળતા નહિ મળી. તેમની પાસે વેદોના અર્થ સમજવા માટે એક જ મૂળ અસ્તિત્વમાં હતું, વેદને કંઠસ્થ કરનાર તથા તેનો અર્થ ભણાવનાર વેદવિદો અથવા વેદનાં કર્મકાંડો કરાવનાર પુરોહિતો. જોકે મૂળે તો યજ્ઞની ક્રિયા કરાવવી અને વેદ ભણાવવાનું કાર્ય એક જ વ્યક્તિ કરતી હતી. પણ તેમની પાસેનું જ્ઞાન પણ ઝાંખું બનવા લાગ્યું હતું. મોટામોટા પુરોહિતોને પણ પોતે યજ્ઞક્રિયાઓમાં જે મંત્રોનો ઉપયોગ કરતા તેના અર્થની કે શક્તિની બહુ અધૂરી સમજ હતી. કારણ ક્રમેક્રમે વેદના મૂળ રહસ્ય ઉપર સ્થૂલ ફલપ્રધાન યજ્ઞપૂજાનો થર ફરી વળ્યો હતો. આ શિથિલતા પછીના જાગૃતિકાળના ચિંતકોએ વેદના મંત્રો તથા યજ્ઞવિધિનો આધાર લઈ પોતાના અનુભવ અને વિચારોનું ફરી નિબંધન કરવાનો જે યત્ન કર્યો તેણે એકબીજાને પૂરક એવાં બે રૂપો લીધાં. વેદના યજ્ઞવિધિનાં રૂપોનું સંરક્ષણ ‘ બ્રાહ્મણ ’ ગ્રંથોમાં થયું અને વેદના રહસ્યનું ઉદ્ઘાટન ઉપનિષદોમાં થયું.

‘ બ્રાહ્મણો ’માં વેદના યજ્ઞવિધિની વિગતો, તેના ભૌતિક ફલની સિદ્ધિ માટેની શરતો, વિધિનાં જુદાંજુદાં અંગોનો પ્રતીકાત્મક અર્થ અને હેતુ, તેની ક્રિયાઓ, ઉપકરણો, વિધિને માટે મહત્ત્વના મંત્રોનું રહસ્ય, સંદિગ્ધ ઉલ્લેખોનો શક્ય અર્થ, અને પ્રાક્કાલીન કથાઓ તથા પરંપરાઓનાં સ્મરણોને સંરક્ષવાનો તથા તેમને દૃઢ રૂપ આપવાનો પ્રયત્ન છે. ‘ બ્રાહ્મણો ’માં આવેલી ઘણી દંતકથાઓ વેદના મંત્રોનો જે ભાગ સમજાતો ન હતો તેના ખુલાસારૂપે યોજાયેલી સ્પષ્ટ રીતે જણાય છે. કેટલીક જૂના મંત્રદ્રષ્ટાઓ દ્વારા પ્રયોજાયેલી કથા કે દૃષ્ટાંતોના એક ભાગરૂપે હોવાનો સંભવ છે અથવા ઋચાઓ રચાયેલી તે કાળની વાંસ્તવિક ઐતિહાસિક પરિસ્થિતિનાં સ્મરણો તરીકે ચાલી આવેલી હોય એમ પણ બનવા જોગ છે. મૌખિક પરંપરા એ એવી વસ્તુ છે કે જે જૂની વસ્તુને હંમેશાં ઢાંકતી જાય છે. જૂનાં અર્ધલુપ્ત રહસ્યવાળાં પ્રતીકોને સમજાવવાને માટે જે નવાં પ્રતીકો યોજાય છે તેમાંથી જૂનાં પ્રતીકોનું રહસ્ય પ્રકટ થવા કરતાં મોટે ભાગે નવાં પ્રતીકોની સંખ્યામાં જ વધારો થાય છે. તેથી ‘ બ્રાહ્મણ ’ગ્રંથોમાં જોકે કેટલાંક ઘણાં રસિક સૂચનો મળે છે છતાં વેદના અર્થની શોધમાં તેમની મદદ બહુ ઓછી મળે છે. તેમ જ જ્યારે એ ગ્રંથોમાં છૂટીછૂટી ઋચાઓના ચોકસાઈથી શબ્દશઃ અર્થ કરવાના પ્રયત્ન થાય છે ત્યારે પણ તેમને ભરોસાદાર માર્ગદર્શક તરીકે સ્વીકારી શકાય તેમ નથી.

ઉપનિષદોના ઋષિઓએ જુદી પદ્ધતિ અખત્યાર કરી. વેદનાં લુપ્ત થયેલા યા તો લુપ્ત થવા

---

૬. અત્રે વેદાર્થની ચર્ચા પ્રાયઃ ઋગ્વેદના સંબંધમાં કરેલી છે. પાશ્ચાત્ય વિદ્વાનો ચાર વેદોમાં ઋગ્વેદને મુખ્ય તેમ જ સૌથી પ્રાચીન ગણે છે. ભારતીય પરંપરામાં પણ તેનું નામ હમેશાં પહેલું મુકાય છે. બીજા ત્રણ વેદો ઋગ્વેદની ઋચાઓનાં વિશિષ્ટ હેતુપુરસઃકાર થયેલાં નવાં સંકલન જેવા છે. (જુઓ કલેટનનું ‘ The Rig-veda ’ પ્ર૦ ૨.) એટલે વેદના અર્થનો પ્રશ્ન ઋગ્વેદના સંબંધે મુખ્ય રૂપે ઊભો થાય છે. અને તેનો નિર્ણય પ્રથમ જરૂરનો બને છે. અર્વાચીન પંડિતોનું વેદવિષયક જે વિવિધ પ્રકારનું અધ્યયન છે તે પણ મુખ્યત્વે ઋગ્વેદ ઉપર મંડાયેલું છે.

માંડેલા જ્ઞાનને ફરીથી હસ્તગત કરવા માટે તેમણે ધ્યાન અને આધ્યાત્મિક અનુભવનો આશ્રય લીધો અને વેદના જૂના મંત્રોને પોતાની સહજોપલબ્ધિઓના તથા દર્શનના ટેકારૂપે યા તો પ્રામાણ્યરૂપે ઉપયોગ કરવા લાગ્યા; અથવા તો એવું પણ બનતું કે વેદનો શબ્દ માત્ર બીજરૂપે સેવાતો અને તેમાંથી તેમને વિચાર કે દર્શનની પ્રાપ્તિ થતી. એ રીતે જૂના ઋષિઓ સત્યોને નવાં રૂપોમાં નિરૂપવા લાગ્યા. એમણે જે જોયું તેને તેમણે પોતાના યુગને અનુરૂપ વધારે સમજી શકાય એવી વાણીમાં વ્યક્ત કર્યું. એક રીતે કહીએ તો તેમણે વેદનો જે ઉપયોગ કર્યો તે નિઃસ્વાર્થ રૂપનો ન હતો. વેદનાં વાક્યો જે મૂળ સંદર્ભમાં આવેલાં છે તેમાં ચોક્કસ રીતે કયો વિચાર રહેલો છે તથા તેના શબ્દોનો કયો અસંદિગ્ધ હેતુ છે તે શોધી કાઢવા માટે અભ્યાસકની અત્યંત સાવધાનીભરી શોધક વૃત્તિથી તેઓ પ્રવૃત્ત થયા ન હતા. તેઓ શબ્દના સત્ય કરતાં વધારે ઉચ્ચ સત્યના શોધક હતા. અને જે દર્શનની અભિવ્યક્તિ તેઓ ઇચ્છતા હતા તેના સુચક રૂપે જ તેઓ શબ્દોનો પ્રયોગ કરતા હતા. વેદના શબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ શો છે તે તેઓ જાણતા ન હતા અથવા તો તે તરફ તેઓ બેપરવા હતા. ઓમ્ જેવા સમાસિત અવાજો-(component sounds) નો અર્થ કરવામાં તેઓ ઘણીવાર પ્રતીકાત્મક ભાષાનો ઉપયોગ કરતા હતા. આ ભાષા સમજવી ઘણી મુશ્કેલ બને છે. આ કારણે, તેઓ વેદના જે મંત્રોનો ઉપયોગ કરે છે તેનો ચોક્કસ અર્થ નક્કી કરવામાં ‘ બ્રાહ્મણ ’ ગ્રંથો જેટલી જ નહિવત્ મદદ ઉપનિષદોમાંથી મળે છે. જોકે એટલું તો કહેવું જ જોઇશે કે પ્રાચીન ઋષિઓના મુખ્ય વિચારો અને તેમની ચૈતસિક સૃષ્ટિ અંગે તેમાંથી જે પ્રકાશ મળે છે તે ખરેખર અમૂલ્ય છે. ઉપનિષદકારોનું મુખ્ય કાર્ય .વેદનો અર્થ કરવા કરતાં વિશેષ રૂપે વેદાન્તની સ્થાપના કરવાનું રહ્યું છે.

ઉપનિષદકારોએ જે મહાન પ્રવૃત્તિ પ્રારંભી તેને લીધે તે વખતના ચિંતન અને અધ્યાત્મતત્ત્વનું નૂતન અને વધુ ચિરંજીવ શબ્દોમાં વધારે સમર્થ નિરૂપણ બન્યું. વેદ ‘ વેદાન્ત ’માં પરિણમ્યા. એ પ્રવૃત્તિમાં એવાં બે વલણો હતાં જેને લીધે વૈદિક વિચાર અને સંસ્કૃતિનું વિશીર્ણન મંડાયું. પહેલું તો તેણે બાહ્ય કર્મકાંડને, મંત્રની ભૌતિક સ્થૂલ ઉપયોગિતાને ગૌણ કરી નાખી અને કેવલ આધ્યાત્મિક લક્ષ્યને પ્રાધાન્ય આપ્યું. વેદકાલીન દ્રષ્ટાઓએ જીવનના બાહ્ય અને આંતરિક, ભૌતિક અને આધ્યાત્મિક સ્વરૂપ વચ્ચે જે સમતુલા સમન્વય રાખ્યાં હતાં તે ચાલ્યાં ગયાં. એક નવી સમતુલા, નવો સમન્વય ઉત્પન્ન થયો, અને છેવટે તેમાંથી ઐકાન્તિક સંન્યાસવૃત્તિ અને જગતનો ત્યાગ એ તત્ત્વો પ્રકટ થયાં. યજ્ઞ, યજ્ઞનો પ્રતીકાત્મક કર્મકાંડ એ અર્થરહિત અવશેષ જેવા બની ગયા. અને ઘણી વાર બને છે તેમ એ યાંત્રિક અને અર્થરહિત બનવાને લીધે જ, જે લોકો એને વળગી રહ્યા હતા તેમણે તેમાં જે કંઈ બહિરંગી હતું તેનું મહત્ત્વ વધારી મૂક્યું અને તેની ઝીણીઝીણી વિગતોને જડતાથી પકડી રહ્યા. વેદ અને વેદાન્ત વચ્ચે, સિદ્ધાંતમાં ભલે નહિ પણ વ્યવહારરૂપે તો એક મોટો ભેદ ઊભો થયો, જેને એવી રીતે વર્ણવી શકાય કે ‘પુરોહિતના રહ્યા વેદ, અને ઋષિઓનું રહ્યું વેદાન્ત.’

વેદાન્તની પ્રવૃત્તિનું બીજું વલણ વધારે સ્પષ્ટાર્થવતી અને તત્ત્વજ્ઞાનને ઉચિત એવી ભાષાનો

ઉપયોગ કરવા તરફ થયું. એ વલણ પુષ્ટ થતાં વૈદિક કર્મકાંડની ઉપયોગિતા ઓછી થઈ ગઈ, એટલું જ નહિ, વેદનું ગ્રંથરૂપ પણ વિસ્મૃત થવા લાગ્યું. વધારે સ્પષ્ટ અને સીધી ભાષાવાળાં ઉપનિષદોમાંથી જ ભારતીય તત્ત્વવિચારનાં ઝરણોએ મુખ્યત્વે પુષ્ટિ મેળવવા માંડી. અને શિક્ષણના અનિવાર્ય સાધન તરીકે વેદોનું સ્થાન ઓછું થવા લાગતાં, તેમનો અભ્યાસ પહેલાંના જેટલા ઉત્સાહથી અને સૂક્ષ્મતાથી થતો અટકી ગયો.

વેદાન્તથી શરૂ થયેલી ક્રાન્તિ બૌદ્ધમત આવતાં પૂરેપૂરી સિદ્ધ થઈ ગઈ. અને એ પ્રાચીન જગતનાં જે બહિરંગ તત્ત્વો હતાં તેમાંનો અમુક ભપકાદાર ભાગ અને કેટલાક યંત્ર જેવા બની ગયેલા ઉપચારો જ અવશેષરૂપે રહ્યા. બૌદ્ધમતની પ્રતિજ્ઞા વૈદિક યજ્ઞનો નાશ કરવાની અને સાહિત્યની ભાષાને બદલે લોકભાષાની સ્થાપના કરવાની હતી. અને જો કે એની એ પ્રતિજ્ઞાની સિદ્ધિ પુરાણોક્ત ધર્મદ્વારા હિંદુત્વનું પુનરુજ્જીવન થવાને લીધે કેટલીક સદીઓ લગી દૂર ઠેલાઈ છતાં તેથી વેદને પોતાને તો કંઈ જ લાભ ન થયો. નવા ફેલાવા લાગેલા બૌદ્ધધર્મની સામે પોતાનું બળ જમાવવાને માટે જૂના અને પવિત્ર પણ ન સમજાય એવા મંત્રપાઠોને બદલે સહેલી અને અદ્યતન સંસ્કૃત ભાષામાં શાસ્ત્રોની રચના કરવાની જરૂર ઊભી થઈ. અને એ રીતે પુરાણોએ વેદોને જનતા આગળથી દૂર થકેલી દીધા અને નવી ધાર્મિક વિધિઓએ પ્રાચીન ધર્મવિધિઓનું સ્થાન લીધું. જેવી રીતે પહેલાં વેદ ઋષિના હાથમાંથી નીકળી પુરોહિતના હાથમાં જઈ પડ્યા હતા તેવી રીતે હવે તે પુરોહિતના હાથમાંથી નીકળી પંડિતના હાથમાં જઈ પડ્યા. અને ત્યાં રહ્યાંરહ્યાં તેમના અર્થનું તથા તેમની સાચી પુનિતતા તથા ભવ્યતાનું છેલ્લું વિસર્જન થયું.

પણ એવું તો નથી જ બન્યું કે ઇસ્વીસનની પૂર્વે અનેક સદીઓથી પ્રારંભાયેલા આ પંડિતયુગ દરમિયાન વેદોની બધી રીતે દુર્ગતિ જ થતી રહી છે. ઊલટું આ પંડિતોના ઝીણવટભર્યાં અને ખંતીલા શ્રમને લીધે જ તથા તેમની સંરક્ષક પરંપરાને લીધે જ વેદો, એક જીવંત શાસ્ત્રરૂપે મટી ગયેલા હોવા છતાં અણીશુદ્ધ જળવાઈ રહ્યા છે. એ હજાર વર્ષના આ પંડિતયુગે વેદનો અર્થ સમજવામાં મદદરૂપ થાય તેવાં કેટલાંક અમૂલ્ય સાધનો આપણને આપેલાં છે. એ છે પ્રત્યેક અક્ષરમાં, પ્રત્યેક સ્વરભારમાં શુદ્ધ રીતે જળવાઈ રહેલો વેદનો ગ્રંથ, યાસ્કનો શબ્દકોશ અને સાયણનું મહાન ભાષ્ય.

વેદની પાઠશુદ્ધિ[૭] ઉપરાંત તેમાંનાં સૂક્તોની અંદરના શ્લોકોનો ક્રમ, તથા તેની આખી

---

[૭] આ વસ્તુસ્થિતિને યાસ્ક ટેકો આપે છે. નિઘણ્ટુની રચના શા માટે થઇ તે સમજાવતાં તે કહે છે કે પહેલાંના કાળમાં અમુક વ્યક્તિઓએ વિશેષ તપપૂર્વક ધર્મનું સાક્ષાત્ દર્શન કર્યું હતું. અને તેટલા ઉપરથી તે ઋષિ એટલે કે દ્રષ્ટા કહેવાતા હતા. તેમણે પોતાનું એ મંત્રદર્શન બીજી વ્યક્તિઓને ઉપદેશદ્વારા આપ્યું, જેને બળે તેઓ સાક્ષાત્કાર પામી ઋષિત્વ પામ્યા. અર્થાત્ આ બીજા પ્રકારના ઋષિઓની શક્તિ પહેલા પ્રકારના ઋષિઓ—આપમેળે ધર્મદર્શન કરનાર—કરતાં ઓછી હતી અને તેમની પછીની પેઢી એથી પણ ઓછી શક્તિવાળી હતી. તે જોઈને તેમને ખેદ થયો કે જે વિદ્યા આપણે ઉપ-

સંકલના અને યોજના એ પણ અકબંધ રહ્યાં છે. એમાં જો અપવાદો હોય તો તે બહુ થોડા અને અલ્પ મહત્ત્વના છે. જ્યાં જ્યાં સૂક્તોના ક્રમમાં અસંગતિ લાગે છે ત્યાં એનું કારણ એ છે કે એમનો અર્થ આપણે જાણતા નથી. અને એક વાર તેની કૂંચી જડી આવ્યા પછી જણાય છે કે એ સૂક્તોની ભાષા અને લયમાં જેમ સંપૂર્ણ એકસૂત્રતા છે તેમ તેમાં રહેલા વિચારમાં પણ છે. પંડિતયુગે વેદોની આ ભારેમાં ભારે સેવા કરેલી છે. પણ જ્યારે વેદના અર્થની બાબતમાં તેમણે કરેલા પ્રયત્નોની આપણે મદદ લેવા જઈએ છીએ ત્યારે તેમનો અર્થ ઘણા સંકોચ સાથે સ્વીકારવો પડે છે. પંડિતયુગના છેક પ્રારંભકાળમાં પણ વેદનો કર્મકાંડપ્રધાન અર્થ ક્યારનો મધ્યસ્થાને આવી ગયો હતો. વેદના શબ્દો, પંક્તિઓ, તેમાંના ઉલ્લેખોનો અર્થ તથા તેમાંના વિચારચણતરની ચાવી એ ક્યારનાં નાશ પામ્યાં હતાં યા તો ઢંકાઈ ગયાં હતાં. વળી આ વિદ્વદ્વર્ગની પાસે, પૂર્વકાલીન ઋષિઓની તે સહજોપલબ્ધિ તથા આધ્યાત્મિક અનુભવ ન હતાં કે જેને લીધે ગુમ થયેલું રહસ્ય અંશતઃ પણ પાછું મેળવી શકાય.[૮] આવા ક્ષેત્રમાં માત્ર પાંડિત્ય, અને ખાસ કરીને જ્યારે તેની સાથે અભ્યાસપટુ દક્ષ બુદ્ધિનો યોગ થયેલો હોય છે ત્યારે તે જેટલું માર્ગદર્શન આપે છે તેટલું જ તે ફસાવનાર પણ બને છે.

યાસ્કનું ‘ નિરુક્ત ’ એ વેદાર્થ સમજવામાં બહુ મહત્ત્વનું સાધન છે. પણ તેમાં અતિ વિષમ મૂલ્યવાળાં બે તત્ત્વો વચ્ચે વિવેક કરવાની જરૂર રહે છે. નિરુક્તકાર તરીકે જ્યારે યાસ્ક વૈદિક શબ્દોના વિવિધ અર્થો આપે છે ત્યારે તેનું પ્રામાણ્ય ઘણું મહાન છે અને તેમાંથી મળતી મદદ ઘણી કીમતી છે. યાસ્કની પાસે વૈદિક શબ્દોના બધા જ પ્રાચીન અર્થો હતા એવું લાગતું નથી. કારણ કાલક્રમે ઘણા અર્થ લોપ પામ્યા હતા, અને શાસ્ત્રીય ભાષાશાસ્ત્રના અભાવે તેનો પુનરુદ્ધાર થવો શક્ય ન હતો. પરંતુ પરંપરાએ ઘણા અર્થો જાળવ્યા પણ હતા. જ્યાંજ્યાં યાસ્ક આ પરંપરાને જાળવી રાખે છે અને વૈયાકરણીનું બુદ્ધિચાતુર્ય વાપરતો નથી ત્યાંત્યાં તે શબ્દોના જે અર્થ આપે છે તે, જે પાઠસંદર્ભમાં તેનો નિયોગ કરી આપે છે ત્યાં તે હંમેશાં લાગુ પડતા ન હોવા છતાં તેને સાચા ભાષાશાસ્ત્રને બળે શક્ય અર્થ તરીકે :સ્થાપી શકાય છે. પણ શબ્દકોશકાર તરીકે યાસ્કનું જે મહત્ત્વ છે તેટલું વ્યુત્પત્તિશાસ્ત્રી તરીકે તેને આપી શકાય તેમ નથી. હિંદના વિદ્વાનોએ શાસ્ત્રીય વ્યાકરણ જગતમાં સૌથી પહેલાં રચ્યું છે એ ખરું, પણ સાચા ભાષા-

---

દેશથી મેળવી તે પણ આ લોકો ઝીલી શકે તેમ નથી. એટલે તેમના પર કૃપા કરી તેમની શક્તિની મર્યાદા વિચારી તેમને માટે આ નિરુક્ત ઉપરાંત વેદવેદાંગ વગેરે ગ્રંથોની રચના તેમણે કરાવી. (‘ નિરુક્ત ’ ૧-૬-૪. યાસ્કનું ‘ નિરુક્ત ’ તથા તે પર દુર્ગાચાર્યની ટીકામાંથી)

[૮] “ પ્રથમ ભાષ્યકાર યાસ્કની પૂર્વે ખુદ હિંદમાં વેદના અર્થ કરવા વિશે અનેક મતમતાંતરો પ્રચલિત હતા એટલું તો નિર્વિવાદ છે. ‘ નિરુક્ત ’માં પૂર્વાચાર્યોનો—ભાષ્યકારોનો ઉલ્લેખ સ્પષ્ટ છે, એટલું જ નહિ, પરંતુ વેદભાષ્યની જુદીજુદી પ્રણાલીઓ સિદ્ધાન્તભેદ પરત્વે પડેલી તેમનો પણ યાસ્ક સ્વીકાર કરે છે. યાસ્કની પૂર્વે શાકટાયન, ઔદુમ્બર, ચર્મશિરા, નૈયાયિકો, ઐતિહાસિકો, વૈયાકરણો, કર્મકાંડીઓ અને તપસ્વીઓ વગેરે જુદાજુદા સિદ્ધાંત પરત્વે વેદના અર્થ કરનારા ગણો ભારતમાં હતા.” અંબાલાલ પુરાણીકૃત ‘ પથિકનાં પુષ્પો, ’ ગુચ્છ બીજો, પૃ. ૨૫૦ (સંકલિત).

શાસ્ત્રનો આરંભ તો અર્વાચીન સંશોધનવિદ્યાથી જ થાય છે. જૂના વ્યુત્પત્તિશાસ્ત્રીઓથી માંડી ઠેઠ ઓગણીસમી સદી સુધીના, પછી તે હિંદના હો કે યુરોપના, વ્યુત્પત્તિશાસ્ત્રીએ જે માત્ર ચાતુર્યભરી પદ્ધતિ અખત્યાર કરી છે તે ખૂબ તરંગપૂર્ણ અને નિયમ વગરની છે. અને જ્યારે યાસ્ક આ પદ્ધતિને અનુસરે છે ત્યારે તેના અભિપ્રાયો સ્વીકારવા મુશ્કેલ બને છે. વળી તે અમુક મંત્રોનો જે અર્થ આપે છે તે પણ તેની પછીના સાયણના અર્થ કરતાં વિશેષ સ્વીકાર્ય બને તેવો નથી.

હિંદમાં વેદને અંગે જે મૌલિક અને જીવંત અધ્યયનનો યુગ પ્રવર્તેલો તેનો આરંભ યાસ્ક અને બીજા પંડિતોથી થયેલો ગણી શકાય. એ યુગનો અંત સાયણના ભાષ્ય સાથે આવે છે. જે કાળે હિંદની પ્રતિભાએ નવા મૌલિક સર્જન માટે સામગ્રીરૂપે પ્રાગૈતિહાસિક કાલની બધી સમૃદ્ધિનો સંચય કરવા માંડેલો તે કાળના પ્રારંભિક જોમના ગાળામાં 'નિરુક્ત'ની રચના થયેલી છે. તે પછી સદીઓ વીત્યા બાદ જ્યારે મુસલમાનોના વિજયના આઘાતથી હિંદની પ્રાચીન સંસ્કૃતિ છિન્નભિન્ન બની ગઇ અને જુદાજુદા પ્રાદેશિક ટુકડાઓમાં વહેંચાઇ ગઇ, ત્યારે હિંદની વિદ્યાપરંપરાએ દક્ષિણ હિંદમાં છેલ્લો આશ્રય લઈ આ વિજયનગરમ્ના સામ્રાજ્યના ધામમાં પોતાનું કેન્દ્ર સ્થાપિત કર્યું. સાયણનું ભાષ્ય એ આ વિદ્વત્પરંપરાનું લગભગ છેલ્લું મહાન કાર્ય છે. તે પછી વેદના અધ્યયનના પ્રયત્નની જોરદાર અને મૌલિક સરવાણીઓ ફૂટતી રહી છે, નવા પુનઃસર્જન માટે છૂટાછવાયા પ્રયત્નો થતા રહ્યા છે. પરંતુ આના જેવા સર્વગ્રાહી, ધીંગા અને બેનમૂન પ્રકારનું કાર્ય તો ભાગ્યે જ બન્યું છે.

ભૂતકાળના આ મહાન વારસાના મુખ્યમુખ્ય ગુણો તો એકદમ નજરે ચડી આવે એવા છે. સાયણે પોતાના વખતના વિદ્વાનમાં વિદ્વાન પંડિતોની સહાય લઈને રચેલો આ ગ્રંથ પાંડિત્યના વિરાટ શ્રમના સંચય જેવો છે. એ કાળે કોઈ પણ એક વ્યક્તિમાં વિદ્યમાન હોઈ શકે તેના કરતાં વિશેષ વિદ્વત્તાનું આમાં પ્રાકટ્ય છે. તેમ છતાં એની પાછળ કોઈ એક સંકલનકાર હાથ રહેલો દેખાય છે. એની વિગતોમાં ઘણી એક અસંગતિઓ છે, છતાં સમગ્ર રીતે તેમાં એક સુસંગતિ રહેલી છે જ. એનું આયોજન ઘણું વિશાળ છે, છતાં હિંદની રૂઢ ભાષ્યશૈલીમાં મળવી દુર્લભ એવી સરળતા, પ્રાસાદિકતા, લાઘવ અને કલાયુક્ત સૌન્દર્ય એની શૈલીમાં રહેલાં છે. એમાં ક્યાંય પાંડિત્યનું પ્રદર્શન નથી. ગ્રંથનો અર્થ કરતાં મુશ્કેલીઓની સામે જે બથંબથા કરવી પડેલી છે તેને ચતુરાઈથી ઢાંકી દેવામાં આવેલી છે અને એમાં વિશદ વિવેચનશક્તિ તથા સ્વસ્થ છતાં નિરભિમાની પાંડિત્યનું એવું વાતાવરણ છે કે જેની છાપ ગ્રંથકર્તાની સાથે સંમત ન થનાર પર પણ પડ્યા વિના રહેતી નથી. યુરોપના શરૂઆતના વૈદિક અભ્યાસીઓ તો સાયણના આ અર્થઘટનની યુક્તિપુરઃસરતા ઉપર ખાસ મુગ્ધ બની ગયા હતા.

તેમ છતાં, વેદના સ્થૂલ અર્થની બાબતમાં પણ સાયણની પદ્ધતિ સાથે કે તેણે કરેલા નિર્ણયોની સાથે સંમત થતાં ઘણો સંકોચ ઊભો થાય છે. સાયણ પોતાની પદ્ધતિમાં ભાષા અને તેની રચના સાથે બિનજરૂરી અને કદીક તો ન માની શકાય તેટલી છૂટ લે છે, એટલું જ નહિ, પણ સામાન્ય વૈદિક શબ્દોનો તથા નિયત થઈ ચૂકેલાં વૈદિક વિધિવિધાનનો અર્થ કરવામાં તે

આશ્ચર્ય પમાડે તેવી વિસંગતિઓને આવી જવા દે છે. એ વખતે જે સામગ્રીની સાથે તેને કામ લેવાનું હતું તે જોતાં કદાચ ન ટાળી શકાય એવી આ વિગતની ખામીઓ ગણી શકાય. પરંતુ સાયણની પદ્ધતિની મધ્યવર્તી ખામી એ છે કે તે હમેશાં વેદના કર્મકાંડપ્રધાન અર્થને જ છેવટનો ગણે છે અને તે સંકુચિત ઢાંચામાં વેદના અર્થને બળાત્કારે ઘટાવવાનો સતત પ્રયત્ન કર્યાં કરે છે. એમ કરવાથી તે આ પ્રાચીન ગ્રંથનો સ્થૂલ બહિરંગ અર્થ—જે પ્રશ્ન તેના આભ્યંતરિક અર્થ જેટલો જ રસિક વિષય છે—બેસાડવામાં પણ અત્યંત સૂચક અને મહત્ત્વથી ભરેલી ઘણી ચાવીઓ ગુમાવી બેસે છે. સાયણના ભાષ્યમાંથી ઋષિઓ, અને તેમના વિચારો, સંસ્કૃતિ, તથા અભીપ્સાઓ અત્યંત સંકુચિત અને દારિદ્ર્યઉપહત સ્વરૂપે આપણી આગળ રજૂ થાય છે. આ નિરૂપણનો જો સ્વીકાર કરવામાં આવે તો વેદ માટે પ્રાચીન કાલથી જે પૂજ્ય ભાવ પ્રવર્તી રહેલો છે, તેનું જે પ્રામાણ્ય ગણાતું આવેલું છે, તેનું જે અપૌરુષેય દિવ્ય સ્વરૂપ સ્વીકારવામાં આવેલું છે એ બધું બુદ્ધિને માટે સ્વીકારવું દુર્ગમ બને છે. યા તો એ માન્યતાઓનો ખુલાસો માત્ર એક જ રીતે થઈ શકે કે આ બધું શ્રદ્ધાની એક આંધળી અને વિવેકરહિત પરંપરા જ છે, અને એ પરંપરાના ઉદ્‌ગમમાં જ કોઈ ભારે ભૂલ રહેલી છે.

આ ભાષ્યમાં બીજાં દૃષ્ટિબિંદુઓ તથા તત્ત્વો બેશક છે ખરાં, પણ તે ઉપર જણાવેલા પ્રધાન ઝોક આગળ ગૌણ અને વશવર્તી બની ગયેલાં છે. સાયણ અને તેના મદદનીશોને એટલી બધી વિશાળ સામગ્રી સાથે કામ લેવાનું હતું કે જેમાં ઘણીએક વિસંવાદી વિચારસરણીઓ અને ભૂતકાળમાંથી બચેલી પરંપરાઓ હતી. એમાંનાં કેટલાંક તત્ત્વોને તેમણે માત્ર નામનો જ ટેકો આપી ચલાવી લીધું છે. પણ કેટલાંકનો તો ગૌણ રૂપે પણ સ્પષ્ટ સ્વીકાર કર્યા વગર તેમને ચાલ્યું નથી. પૂર્વકાળની અનિશ્ચિત વિચારસરણી અને અંધાધૂંધીમાંથી પણ સાયણે એક દૃઢ આકાર અને અને સંગતિવાળું અર્થરૂપ જે કૌશલથી નિપજાવ્યું તેને લીધે જ એના આ ભાષ્યનું આટલું બધું ગૌરવ થયું છે અને ઘણા કાળથી વિના વિરોધે તેનું પ્રામાણ્ય ટકી રહ્યું છે.

સાયણને જે પહેલા તત્ત્વની સાથે કામ લેવું પડ્યું તે હતું શ્રુતિનો આધ્યાત્મિક, તત્ત્વજ્ઞાનયુક્ત અથવા ચૈતસિક રૂપનો અવશેષ રહેલો અર્થ, જેના ઉપર જ શ્રુતિના પુનિત ગૌરવનો સાચો પાયો રચાયેલો હતો. જેટલા પ્રમાણમાં આ અર્થો પ્રચલિત કે પ્રાચીન રૂઢ વિચારસરણીમાં દાખલ થઈ ચૂક્યા હતા તેટલા પ્રમાણમાં સાયણ તેમનો સ્વીકાર કરે છે. પણ તે તેના ભાષ્યમાં અપવાદરૂપે જ છે, અને એનું પ્રમાણ તથા મહત્ત્વ નજીવાં જ છે. કદીકદી સાયણ એક ઓછા પ્રચલિત એવા ચૈતસિક અર્થતત્ત્વનો અછડતો ઉલ્લેખ કે સ્વીકાર કરે છે ખરો. દા. ત., એ ‘ વૃત્ર ’નો અર્થ મનુષ્યને તેની ઇચ્છાઓ તથા અભીપ્સાઓના વિષયોની પ્રાપ્તિમાં અટકાયત કરનાર ‘આવરણકાર’ તરીકે જણાવે છે; જો કે તે અર્થ તે સ્વીકારતો નથી, કારણ એને મતે તો ‘વૃત્ર’ એટલે શત્રુ અથવા પાણીને વરસતાં રોકનાર સ્થૂલ મેઘ-રાક્ષસ છે અને તેનો પર્જન્યપતિએ વજ્રથી ધ્વંસ કરવાનો છે.

સાયણના ભાષ્યમાં બીજું તત્ત્વ છે કથાઓનું. આ કથાઓને પૌરાણિક કથાઓ પણ કહી

શકાય. સાયણે દેવોને વિશેની કથાઓ યા તો લોકવાર્તાઓ માત્ર તેમના સ્થૂલ રૂપમાં આપેલી છે અને તેના ઊંડા અર્થને તથા પ્રતીકાત્મક સ્વરૂપને તેમાંથી બાતલ રાખ્યું છે.

ત્રીજું તત્ત્વ છે દંતકથાઓનું, ઇતિહાસનું, અને 'બ્રાહ્મણ' ગ્રંથોમાં આવેલી અથવા તો વેદના સંદિગ્ધ ઉલ્લેખોને સમજાવવા માટે પરંપરાથી ચાલી આવેલી પ્રાચીન રાજાઓ તથા ઋષિઓને અંગેની વાર્તાઓનું. સાયણ આ તત્ત્વની સાથે સહેજ સંકોચપૂર્વક કામ લે છે. ઘણીવાર તે સૂક્તોના સાચા અર્થ તરીકે તેમનો સ્વીકાર કરે છે. કદીક તે વિકલ્પ રૂપે તેનો બીજો પ્રચલિત અર્થ પણ આપે છે, જેની સાથે તેને બૌદ્ધિક રીતે વધારે સમભાવ સ્પષ્ટ દેખાય છે. પણ એ બંને પ્રામાણ્યો વચ્ચે તે ઝોલાં ખાતો રહે છે.

આથી પણ વધુ મહત્ત્વનું તત્ત્વ છે વેદનો પ્રકૃતિરૂપાત્મક અર્થ. સાયણે ઇન્દ્ર, મરુતો, ત્રિવિધ અગ્નિ, સૂર્ય, તથા ઉષાનાં દેખીતાં તેમ જ પરંપરાગત પ્રકૃતિગત અર્થસામ્ય આપ્યાં છે, એટલુંજ નહિ, પણ તેણે મિત્રને દિવસ સાથે, વરુણને રાત્રિ સાથે, અર્યમન અને ભગને સૂર્ય સાથે, ઋભુઓને સૂર્યનાં કિરણો સાથે એકરૂપતા આપેલી છે. જેનો યુરોપીય વિદ્વાનોએ અતિ વિસ્તાર કર્યો છે તે વેદની પ્રકૃતિરૂપાત્મક વાદરચનાનાં બીજ અહીં જોવા મળે છે. આ પશ્ચિમના લોકોના જેટલી સ્વતંત્રતા કે પદ્ધતિસરની ઝીણવટ પ્રાચીન હિંદના વિદ્વાનોએ પોતાની વિચારરીતિમાં જો કે અખત્યાર કરી નથી, છતાં સાયણના ભાષ્યમાંના આ તત્ત્વમાંથી જ યુરોપમાં પ્રકટેલા તુલનાત્મક કથાશાસ્ત્રનો જન્મ થયો છે.

સાયણના ભાષ્યમાં આ ચાર તત્ત્વોનું અસ્તિત્વ હોવા છતાં કર્મકાંડપ્રધાન દૃષ્ટિબિંદુ જ વ્યાપક રૂપે રહેલું છે. તેમાંથી આ જ સૂર વારંવાર પ્રકટ્યા કરે છે અને એ સૂરમાં બીજા બધા સૂરો ઢંકાઈ જાય છે. દર્શનોના મત પ્રમાણે વેદનાં સૂક્તો, જ્ઞાનના પરમપ્રામાણ્ય તરીકે સ્વીકારાયેલાં હોવા છતાં, મુખ્યત્વે અને મૂલાધાર રૂપે કર્મકાંડનો જ, કર્મનો જ વિષય રહેલાં છે. અને કર્મ એટલે વૈદિક યજ્ઞોના ક્રિયાવિધિનું અનુશીલન એ જ અર્થ મુખ્યત્વે ગણાતો આવેલો છે. સાયણ હમેશાં આ જ વિચારની આસપાસ ઘૂમ્યા કરે છે. આ જ ઢાળમાં તે વેદની ભાષાને બેસાડે છે; તેના લાક્ષણિક શબ્દસમૂહને તે ક્રિયાવિધિના રહસ્યાર્થમાં--અન્ન, પુરોહિત, દાતા, ધન, સ્તુતિ, પ્રાર્થના, વિધિ, યજ્ઞ આદિ રૂપોમાં જ ઘટાવ્યે જાય છે.

ધન અને અન્ન, સંપત્તિ, બલ, સત્તા, સંતતિ, ચાકરો, સુવર્ણ, અશ્વો, ગાયો, વિજય, શત્રુનો સંહાર અને લૂંટ, હરીફ અને નિંદક વિવેચકનો વિનાશ, આ રીતના અત્યંત અહંકેન્દ્રિત અને ભૌતિક વિષયોને જ યજ્ઞના લક્ષ્યરૂપે નિરૂપવામાં આવે છે. એક પછી એક ઋચાનો અર્થ આ પ્રમાણે જ ઘટાવાતો જોતાં ગીતાના વેદપ્રત્યેના વલણમાં જે પ્રકટ વિસંગતિ દેખાય છે–એક બાજૂ વેદને હંમેશાં દિવ્ય જ્ઞાન રૂપે ગણવાની અને બીજી બાજૂ ઐકાન્તિક વેદવાદના પુરસ્કર્તાઓ, કે જેમની પુષ્પિતા વાણી માત્ર ભૌતિક સંપત્તિ, સત્તા અને આનંદનોજ ઉપદેશ કરી રહી છે તેમને સખત રીતે વખોડી નાખવાની—તેનો મર્મ સમજાતો જાય છે.

સાયણના ભાષ્યનું સૌથી વધુ કમનસીબ પરિણામ આવેલું હોય તો તે આ છે કે વેદના જે કંઈ શક્ય અર્થો છે તેમાંથી આ સૌથી વધુ નિકૃષ્ટ કોટિના અર્થમાં તેને જકડી લઈ તેને જ પ્રામાણ્ય આપવામાં આવેલું છે. વેદના આ કર્મકાંડરૂપી અર્થના પ્રાધાન્યને લીધે તેનો જીવંત ઉપયોગ થતો હિંદમાં ક્યારનો બંધ થઇ ગયો હતો અને ઉપનિષદોના સમસ્ત અર્થની સાચી ચાવી ગુમ થઈ ગઈ હતી. સાયણે આવીને આ જૂની અર્થભૂલ ઉપર છેવટની મહોર મારી આપી અને ઘણી સદીઓ લગી એ મહોર અતૂટ જ રહી. વેદનો અભ્યાસ કરવાને માટે જ્યારે એક બીજી સંસ્કૃતિના યુરોપના વિદ્વાનો પ્રવૃત્ત થયા ત્યારે સાયણના ભાષ્યનાં સૂચનોમાંથી વળી પાછી નવી ભૂલો જન્મી.

ઘણાં સૈકાઓ પછી એક વિદેશીય સંસ્કૃતિના કુતૂહલે સાયણના આ પ્રામાણ્યની મહોરને તોડી આપી. પશ્ચિમના વિદ્વાનોએ અતિ પ્રશંસાપાત્ર મહેનત અને ખંતથી વેદોની હસ્તપ્રતોનું સંપાદન, મુદ્રણ, અનુવાદ અને ઉત્તમ ગ્રંથરૂપે પ્રકાશન કર્યું. વેદને વિશેની આ પ્રાથમિક ભૂમિકા તૈયાર કરીને તેમણે જુદાંજુદાં દૃષ્ટિબિંદુથી વેદનું નિરીક્ષણ કર્યું અને વેદનો રચનાકાળ, તેની સંસ્કૃતિ, સમાજરચના, ધર્મભાવના, જીવનરહસ્ય આદિ બાબતો ઉપર અનેક રીતનાં મંતવ્યો તારવ્યાં. આ વિદ્વાનો ભારે ખંતીલા તેમ જ મહેનતુ હતા, બૌદ્ધિક ગવેષણામાં ભારે હિમ્મતબાજ હતા, કલ્પનાને ચગાવવામાં બહુ દક્ષતાવાળા હતા, તેમ જ તેમના પોતાના જ્ઞાન અને ભાવનાના પ્રકાશ પ્રમાણે ધર્મભીરુ પણ હતા. પરંતુ આ પ્રાચીન કવિઓની વાણીનો મર્મ ઝીલવાની તેમનામાં બહુ ઓછી યોગ્યતા હતી, કારણ કે એ પ્રાચીન માનસ સાથે તેમને કશી જ સહાનુભૂતિ ન હતી. વેદનાં રૂપકો તેમ જ કથાનકોની પાછળ ગુપ્ત રહેલી વિચારસૃષ્ટિનો તાગ મેળવવાને માટે તેમના પોતાના બૌદ્ધિક કે આધ્યાત્મિક વાતાવરણમાંથી તેમને કશી ચાવીઓ મળે તેમ ન હતું. તેમની પ્રવૃત્તિનું પરિણામ એ પ્રકારનું નીવડ્યું છેઃ એક બાજૂ વેદના અર્થઘટનનો પ્રશ્ન વધારે ઝીણવટભરી રીતે સંપૂર્ણ નિઃશેષતાથી કાળજીપૂર્વક અને વધારે સ્વતંત્રતાથી છણાયો અને બીજી બાજૂ તેના દેખીતા સ્થૂલ ભૌતિક અર્થની અત્યંત અતિશયોક્તિ કરી નાખવામાં આવી અને તેના સાચા અને આંતરિક રહસ્યનું સંપૂર્ણ તિરોધાન થયું.

યુરોપના વિદ્વાનોની ગવેષણા પ્રૌઢ રૂપની રહી છે અને તેઓ તત્ત્વાર્થની શોધમાં વધારે નિર્બંધ રહ્યા છે, છતાં તેમણે પોતાનો આધાર હંમેશાં સાયણના ભાષ્યમાં જળવાઇ રહેલાં પરંપરાગત તત્ત્વો ઉપર જ રાખ્યો છે અને આ પ્રશ્નનો સર્વથા સ્વતંત્ર રીતે વિચાર નથી કર્યો. તેમણે સાયણ અને ‘બ્રાહ્મણ’ ગ્રંથોમાં જે જોયું તેનો અર્વાચીન કાળના આધુનિક સિદ્ધાંતો અને જ્ઞાનને આધારે તેમણે આગળ વિકાસ કર્યો છે. ભાષાશાસ્ત્ર, કથાશાસ્ત્ર અને ઇતિહાસને તુલનાત્મક અભ્યાસની પદ્ધતિઓ લાગુ પાડી તેમાંથી ચાતુર્યયુક્ત અનુમાનો તારવીને, દક્ષતાભરી ગવેષણાની મદદ લઇને અત્યારે મળી આવતી હકીકતોનો ખૂબ વિસ્તાર કરીને અને અત્યારે ઉપલભ્ય એવાં છૂટાછવાયાં સૂચનોની એકતા નિપજાવીને તેમણે વૈદિક કથાશાસ્ત્રની, ઇતિહાસની, તેમ જ સંસ્કૃતિની એક સંપૂર્ણ વાદરચના—theory ઊભી કરી છે. એની વિગતો તથા નિઃશેષતા મુગ્ધ કરે તેવી છે.

પરંતુ એની દેખીતી રીતે સુદૃઢ લાગતી ગવેષણાપદ્ધતિની હેઠળ એ હકીકત છુપાઇ રહી છે કે આ ભવ્ય ચણતરના પાયામાં મોટે ભાગે તર્કની અને અનુમાનપરંપરાની રેતી જ રહેલી છે.

વેદના અર્થની આ આધુનિક વાદરચના પોતાનું મંડાણ જે વિચારસરણી પર કરે છે તે આ પ્રમાણે છે. વેદ એ એક પ્રારંભકાળના, પ્રાથમિક દશામાં રહેતા અસંસ્કૃત માનવસમાજની દેવસ્તુતિઓનો સંગ્રહ છે. આ સમાજની નીતિ તથા ધર્મવિષયક માન્યતાઓ અતિ અપક્વ રૂપની હતી. તેની સમાજરચના અતિ અસભ્ય રૂપની હતી અને પોતાની આસપાસના જગત પ્રત્યે તેનું દૃષ્ટિબિંદુ તદ્દન બાલિશ રૂપનું હતું. આ માન્યતા માટે સાયણ જ જવાબદાર છે. જે ક્રિયાવિધિને સાયણે ઈશ્વરીય જ્ઞાનના અંશ તરીકે સ્વીકારી હતી તથા જેમાં કંઈક ગૂઢ સામર્થ્ય રહ્યું છે એમ તે માનતો હતો, તે ક્રિયાવિધિનો અર્થ યુરોપના વિદ્વાનોએ એવો કર્યો કે એ તો માત્ર કલ્પનાથી સર્જેલાં અતિમાનુષ દૈવતો, કે જે તેમની પૂજા કરવાથી પ્રસન્ન થતાં અને ઉપેક્ષા કરવાથી ક્રોધે ભરાતાં—તેમને ખુશ રાખવાને માટે જૂના જંગલી માણસોએ યોજેલા યજ્ઞવિધિઓનું જ એક મોટું બનાવેલું રૂપ છે. સાયણે વેદમાં જે ઐતિહાસિક તત્ત્વનો સ્વીકાર કર્યો છે તેને તેમણે એકદમ ઝડપી લીધું અને સૂક્તોમાં એવા જે કંઇ ઉલ્લેખો આવે છે તેના નવા અર્થો કરીને કે નવી સમજૂતીઓ ઘટાવીને તેનો વિસ્તાર કર્યો અને તે કાળની જંગલી જાતિઓના આરંભકાળના ઇતિહાસ, સંસ્કૃતિ તથા સંસ્થાઓના સ્વરૂપનો નિર્ણય કરવાને માટે તેમાંથી આધાર શોધવાની તેમણે આતુરતાથી પ્રવૃત્તિ આદરી. સાયણના પ્રકૃતિરૂપાત્મક તત્ત્વે તો આથી પણ વધારે મહત્ત્વનો ભાગ ભજવ્યો. વૈદિક દેવોનું તેમનાં બાહ્ય રૂપોમાં પ્રકૃતિનાં કેટલાંક સત્ત્વો સાથે જે દેખીતું સામ્ય છે તે પરથી તેમણે આર્યકથાશાસ્ત્રોનો તુલનાત્મક અભ્યાસ આરંભ્યો. અમુક ગૌણ દેવોનું સૂર્ય-શક્તિઓની સાથે જે આછુંપાતળું સામ્ય છે તેને તેમણે આદિકાળમાં કથાઓ કેવી રીતે રચાતી હશે તેની એક સર્વસામાન્ય ચાવી તરીકે સ્વીકારી લીધું અને અત્યારે તુલનાત્મક કથાશાસ્ત્રમાં સ્વીકારાયેલી સૂર્ય–કથા અને તારક–કથાઓની વિશાળ વાદરચનાઓની સ્થાપના થઈ. આ નવા પ્રકાશ પ્રમાણે વેદનાં સૂક્તો એટલે પ્રકૃતિનું અર્ધું વહેમથી ભરેલું અને અર્ધું કાવ્યમય એવું એક રૂપક છે એવો અર્થ કરવામાં આવે છે. તથા તેમાં થોડું મહત્ત્વનું ખગોલિક તત્ત્વ છે તેમ પણ સ્વીકારવામાં આવે છે. તે પછી બાકીનું જે છે તેમાં થોડોક સમકાલીન ઇતિહાસ છે, અને યજ્ઞની ક્રિયાઓનાં વહેમભરેલાં અને અસંસ્કૃત દશાનાં થોડાંક વિધિવિધાનો છે.

યુરોપીય વિદ્વાનોની વેદને અંગેની આ જે ગવેષણા છે તેને લોકમાનસમાં જે અતિશય પ્રતિષ્ઠા મળી છે તેનું કારણ એ છે કે યુરોપના ભૌતિક વિજ્ઞાનની પ્રગતિ સાથે તે ગવેષણા પણ ભેગાભેગી જોડાઈ ગઈ છે. સત્ય તો એ છે કે પશ્ચિમમાં પ્રવર્તેલા ભૌતિક વિજ્ઞાન અને આ વેદના અભ્યાસની વચ્ચે એક વિશાળ તફાવત રહેલો છે. ભૌતિક વિજ્ઞાન પોતાના આધારોની બહુ ચોકસાઇ રાખે છે, બહુ ધીરેથી અનુમાનો તારવે છે, અને તેના નિર્ણયો બહુ પ્રયોગાત્મક પાકા પાયા પરના હોય છે, જ્યારે વેદના આ વિદ્વાન અભ્યાસકોને આછાપાતળા આધારો ઉપર જ ચણતર કરવાનું રહે છે. છતાં તેમાંથી તેમણે મોટી અને વ્યાપક વાદરચનાઓ ઊભી કરી છે,

અને જ્યાં કશાં નિર્ણયાત્મક સુચનો નથી મળતાં ત્યાં તેઓ છૂટે હાથે તર્ક અને અનુમાનોનો આશ્રય લઈ તેનો ખાડો પૂરી આપે છે.

ટૂંકામાં ભારતીય વૈયાકરણીઓ તથા પંડિતોના વેદાર્થયત્નમાં અને યુરોપના બેશુમાર મહેનત લેનાર વેદાભ્યાસીઓની પ્રવૃત્તિમાં એક સામાન્ય લક્ષણ તો રહ્યું છે. અને તે છે વેદની ઋચાઓના અર્થઘટનમાં અસાધારણ અસંગતિ અને અર્થનું ગહન દારિદ્રય. સ્વાભાવિક રીતે કે પછી કલ્પનાને જોરે છૂટીછૂટી પંક્તિઓનો ઠીકઠીક અર્થ આ લોકો તારવી શકે છે. એવા અર્થવાળો શબ્દસમૂહ અતિશય વિરૂપ રોનકવાળો છે, તેમાં બિનજરૂરી અને આલંકારિક અભિધાનો લદાયેલાં છે, તેમ જ તેમાંની ભભકભરી શબ્દાવલી અને ચિત્રાવલીના હેરત પમાડી નાખે તેવા જથ્થામાંથી બહુ જ ઓછો અર્થ નીકળે છે. એ ક્ષતિઓ હોવા છતાં, એ બધામાંથી કંઈક સમજી શકાય એવી વાક્યરચના પણ આ લોકો ઊભી કરી આપે છે. પરંતુ જ્યારે બધાં સૂક્તોને આ વિદ્વાનોના અર્થ પ્રમાણે સમગ્ર રીતે જોઈએ છીએ ત્યારે તો જાણે તેમના રચનારાઓમાં શૃંખલાબદ્ધ વિચાર કરવાની કે સ્વાભાવિક અને સુસંગત એવી અર્થાભિવ્યક્તિ કરવાની શક્તિ જ ન હતી એવી છાપ પડે છે. ટૂંકાં અને સાદાં સૂક્તોને બાદ કરીએ તો બાકીનાં સૂક્તોની ભાષા જાણે સંદિગ્ધ અથવા કૃત્રિમ રૂપની દેખાય છે, એમાંના વિચારો કાં તો અસંબદ્ધ લાગે છે અથવા તો એનો અર્થ કરનાર તેમને મારી મચડીને બેસાડતો હોય તેવું લાગે છે. ઋચાઓનું ભાષ્ય કરતા આ પંડિતો જાણે મૂળનો અર્થ પ્રકટાવવાને બદલે, કોઈ બનાવટ જ કરી રહ્યા હોય એવું લાગે છે. આપણને લાગે છે કે આ વિદ્વાનો અર્થનો આવિર્ભાવ નથી કરી આપતા, પણ કોઈ બંડખોર સામગ્રીને મારીકૂટીને ગમે તે એક પ્રકારનો ઘાટ અને સંગતિ આપવા મથી રહ્યા છે. એટલે એમના અધ્યયનો વિશે એટલું જ કહી શકાય કે તેમનો આરંભ ઘણો તેજસ્વી છે, છતાં તેનાં પરિણામો હજી કશા નિશ્ચિત રૂપનાં નથી. શાસ્ત્રરચનાના આ પ્રથમ પ્રયત્નો છે. હજી તેમાંથી શાસ્ત્રનું નિર્માણ થવાનું બાકી છે.

એટલે એમના એ પ્રયત્નોની પ્રશસ્યતા સ્વીકાર્યા છતાં વેદના અભ્યાસને માટે ક્ષેત્ર હજી ખુલ્લું રહ્યું છે. વેદને અંગે હજી નવા દૃષ્ટિકોણોથી અભ્યાસને અવકાશ રહ્યો છે. હિંદના વિદ્વાનો તરફથી એવા પાંચ પ્રયત્નો થયેલા છે જેમાંના ત્રણ પશ્ચિમની સંશોધનપદ્ધતિના છે, એક પ્રાચીન ભારતીય પદ્ધતિનો છે અને છેલ્લો એ બંનેના સમન્વયરૂપે છે. લોકમાન્ય ટિળક, ટી. પરમશિવ આયર અને અવિનાશચંદ્ર દાસે પોતાના સંશોધનમાં પાશ્ચાત્ય પદ્ધતિનો આધાર લીધો છે. અને તેમના મહત્ત્વપૂર્ણ અભ્યાસને લીધે વેદના બહિરંગ અર્થને અંગે નવી વાદરચનાઓ ઊભી થવા પામી છે. ટિળકે તેમના 'આર્ક્ટિક હોમ ઇન ધ વેદઝ'માં પશ્ચિમના વિદ્વાનોના સામાન્ય નિર્ણયોનો સ્વીકાર કરીને પોતાની શોધ આગળ ચલાવી છે. વેદની ઉષા અને ગૌનું સ્વરૂપ અને સૂક્તોમાં આવતી ખગૌલિક હકીકતોનો ફરીથી અભ્યાસ આદરી તેમણે એ પ્રતિપાદિત કર્યું છે કે આર્ય જાતિ મૂળે ઉત્તર ધ્રુવપ્રદેશમાંથી હિમ(glacial)યુગના કાળ દરમિયાન નીચેનાં પ્રદેશોમાં ઊતરી આવેલી છે. અને એ માનવાના સબળ પુરાવા તેમણે રજૂ કર્યા છે. આયરે તેથી પણ વધારે હિંમત દર્શાવીને એ પુરવાર કરવાનો યત્ન કર્યો છે કે પૃથ્વીના વિકાસમાં હિમયુગ આવી ગયો

અને તેમાં પૃથ્વી પરનું જીવન લાંબા કાળ લગી મૃતદશામાં રહ્યા પછી તેનો જે નવો જન્મ થયો તે કાળે ભૂસ્તરનું જે સ્વરૂપ હતું તેને જ ઋગ્વેદમાં રૂપક રૂપે નિરૂપેલું છે. આ વિદ્વાનની તમામ દલીલો તથા તેમાંથી નીપજતાં નિગમનો પૂરેપૂરાં સ્વીકારવાં મુશ્કેલ છે છતાં તેમણે વેદમાં અહિવૃત્ર તથા સપ્ત નદીઓના મોક્ષની જે કથાઓ છે તે પર નવો પ્રકાશ નાખ્યો છે. આ પ્રશ્નને અંગે અત્યારે જે વાદરચના પ્રવર્તિત છે, પણ જેને . સૂક્તોની ભાષામાંથી ટેકો મળતો નથી, તે વાદરચના કરતાં તેમનો અર્થ વધારે સુસંગત અને સંભાવ્ય છે. અવિનાશચંદ્ર દાસે તેમના ‘ઋગ્વેદિક ઇન્ડિયા’ માં આર્યજાતિનું મૂળ નિવાસસ્થાન પ્રાચીન સપ્તસિંધુઓ અથવા તો પંજાબમાં હતું, ઋગ્વેદની રચનાનો કાળ પચીસથી ત્રીસ હજાર પૂર્વે હતો અને તે વેળા એક સારા પ્રમાણમાં વિકસેલી સંસ્કૃતિ હયાત હતી એમ વેદની ઋચાઓમાં હિંદની જમીન અને સમુદ્રના ભૌગોલિક ઉલ્લેખો મળે છે તેના આધારે પ્રતિપાદિત કર્યું છે. એ વિદ્વાને તેમના બીજા ગ્રંથ ‘ઋગ્વેદિક કલ્ચર’ માં વેદની સંસ્કૃતિનાં જુદાંજુદાં અંગોનું નિરીક્ષણ કરી તેની સંસ્કૃતિ કઇ કક્ષાએ હતી અને તેનો વિકાસ કેવી રીતે થયો તે નિરૂપ્યું છે. આ ત્રણે વિદ્વાનોના અભ્યાસથી વેદના બહિરંગ અર્થનો નવેસરથી પ્રારંભ મંડાય છે, જેને લીધે આપણને પ્રાચીન આર્યજગતની સાચેસાચી ભૌતિક પરિસ્થિતિ કદાચ ન જડી આવે તોપણ એના ભૌતિક ઉદ્‌ગમનાં મૂળ તો જડી આવશે જ અને અત્યાર લગી જે ઘણું અસ્પષ્ટ રહ્યું છે તે સ્પષ્ટ થશે એમ આશા રહે છે.

વેદના અધ્યયનનો ભારતીય પદ્ધતિ અનુસાર થયેલો ચોથો પ્રયત્ન સ્વામી દયાનંદ સરસ્વતીનો અને ભારતીય તથા પાશ્ચાત્ય બંને પદ્ધતિનો જેમાં સમાવેશ થયો છે તેવો પાંચમો પ્રયત્ન શ્રી અરવિંદ ઘોષનો છે. સ્વામી દયાનંદનો યત્ન ઉપરના ત્રણ કરતાં પહેલાં થયેલો છે, છતાં શ્રી અરવિંદના પ્રયત્નની સાથે તેનો વધારે મેળ ખાય છે. સ્વામી દયાનંદે વેદને ફરીથી જીવંત ધર્મશાસ્ત્ર તરીકે સ્થાપવાનો મહાન પ્રયત્ન કર્યો. નિરુક્તમાં જે થોડુંક ભાષાશાસ્ત્ર હતું તેને તેમણે વિશાળ અર્થમાં ઘટાવીને પોતાના આધારરૂપે લીધું. એ પોતે પણ મહાન સંસ્કૃતજ્ઞ હતા, અને પોતાની સામગ્રીને તેમણે અસાધારણ સામર્થ્ય અને સ્વતંત્રતાથી ઉપયોગમાં લીધી છે. જૂની સંસ્કૃતભાષાનું જે એક ખાસ લક્ષણ છે—જેને સાયણાચાર્યે ‘ધાતૂનામનેકર્થત્વમ્’ તરીકે સુંદર રીતે વર્ણવ્યું છે—તેમાંથી તેમણે ઘણી સર્જનાત્મક રીતે કામ ઉપાડ્યું.

દયાનંદે વેદનો જે અર્થ ઘટાવ્યો તેની પાછળ એ વિચાર રહેલો છે કે વેદોમાં ધાર્મિક, નૈતિક અને ભૌતિક સત્યોનું સંપૂર્ણ પ્રાકટ્ય સમાવિષ્ટ રહેલું છે. વેદની ધાર્મિક શિક્ષા એકેશ્વરવાદની છે અને વેદના દેવો તે એક જ પરમાત્માનાં જુદાંજુદાં રૂપોનાં વર્ણનાત્મક અભિધાનો છે. વળી આ દેવો ઇશ્વરની શક્તિઓ પ્રકૃતિમાં જે રીતે કામ કરતી દેખાય છે તેનાં સૂચક રૂપો પણ છે અને વેદના અર્થની સાચી સમજણ જો મળે તો જે ભૌતિક સત્યોને અર્વાચીન વિજ્ઞાને શોધ્યાં છે તે બધાં પાછાં વેદમાંથી મળી આવે તેમ છે.

એ તો સ્પષ્ટ છે કે આવી વાદરચનાને સિદ્ધ કરવી કઠણ છે. ઋગ્વેદ પોતે પણ સાચે જ

કહે છે કે દેવો એક જ વિશ્વવ્યાપક તત્ત્વ કે જે તેના સત્ય સ્વરૂપે વિશ્વથી પર છે તેનાં વિવધ નામો અને વર્ણનો છે. છતાં સૂક્તોની ભાષા ઉપરથી એમ માનવાની ફરજ પડે છે કે દેવો એ માત્ર એ પરમતત્ત્વનાં માત્ર વિવિધ નામો જ નથી પણ તેનાં વિવિધ રૂપો, શક્તિઓ અને વ્યાક્તત્વો પણ છે. વેદના એકેશ્વરવાદની અંદર એકતત્ત્વવાદ, સર્વેશ્વરવાદ અને બહુદેવવાદ પ્રમાણેનું સૃષ્ટિનું દર્શન પણ સમાવેશ પામેલું છે. અને તેને કોઈ પણ રીતે અર્વાચીન કાળના સાદા અને સરળ ઇશ્વરવાદમાં ઘટાવી શકાય તેમ નથી. મંત્રોને જો બહુ પ્રયત્નપૂર્વક મચડવામાં આવે તો જ આ સંકુલતા ઓછી થઈ શકે.

પ્રાચીનકાળની જાતિઓ અત્યારે સ્વીકારાયું છે તે કરતાં વિશેષ પ્રમાણમાં ભૌતિક શાસ્ત્રોમાં આગળ વધેલી હતી તેનો પણ સ્વીકાર કરી શકાય તેમ છે. હવે આપણને ખબર પડી છે કે, ઇજિપ્ત અને ખાલ્ડિયાના નિવાસીઓએ ઘણી વસ્તુઓ શોધી કાઢી હતી જેને અર્વાચીન વિજ્ઞાને ફરીથી પાછી શોધી છે. પ્રાચીન ભારતવાસીઓ કંઈ નહિ તો અતિ કુશળ ખગોળવેત્તાઓ તથા શરીરચિકિત્સકો તો હતા જ. વળી હિંદનાં ઓષધિશાસ્ત્ર તથા રસાયણશાસ્ત્ર એ પણ વિદેશમાંથી અહીં આવેલાં હોય એવું લાગતું નથી. પરંતુ સ્વામી દયાનંદે જે રીતે સમસ્ત ભૌતિક શાસ્ત્રનો આવિર્ભાવ વેદમાં પ્રતિપાદિત કર્યો છે તેને સાબિત કરવાને ઘણું કામ કરવું પડશે.

શ્રી અરવિંદનો વેદના અર્થઘટનનો પ્રયત્ન એ સૌથી છેલ્લો અને સૌથી વધુ ગંભીર તથા ઘણાં મહાન પરિણામોવાળો છે. તેઓ વેદના અભ્યાસ તરફ જે રીતે વળ્યા છે, તેમાં હિંદના પંડિતો કરતાં પણ જુદી જ ઘટના તેમના વિષયે બનેલી છે. વેદના અધ્યયનની ભારતીય પદ્ધતિ તે પરંપરા અને વ્યાકરણનો આશ્રય લઈ વેદનો અર્થ કરવાની રહી છે. જ્યારે શ્રી અરવિંદ પોતે એ ઉપકરણોનો આશ્રય લીધા વિના સીધી સ્વાનુભૂતિના આધારે વેદની સમીપ પહોંચેલા છે. પોંડિચેરીમાં યોગસાધના કરતાંકરતાં તેમને જે કેટલીક ચૈતસિક અનુભૂતિઓ થવા માંડેલી તેનું આલેખન તેમને યુરોપીય ચિત્તવિદ્યા અથવા તો હિંદનાં યોગદર્શનો કે વેદાન્તમાં થયેલું જણાયું નહિ, પણ વેદના મંત્રોમાં તે જ અનુભૂતિઓ અતિ સ્પષ્ટ અને ચોક્કસ વાણીમાં આલેખાયેલી મળી આવી. તેમણે સાયણના ભાષ્યનો આધાર લીધા વિના જ વેદને મૂળરૂપે જોવા માંડ્યા અને વેદના સંતોના શબ્દોમાંથી તેમની પોતાની અનુભૂતિને સુસંગત એવી અર્થદ્યુતિ પ્રકટવા લાગી. આવી રીતે વેદનો અર્થ તપસ્વી પુરુષોને પ્રત્યક્ષ થઇ શકે છે એવી માન્યતા પણ આપણી સાંસ્કૃતિક પરંપરામાં ચાલા આવેલી છે ખરી.[૯] પણ એ પ્રમાણે વેદનો અર્થ કોઈએ સ્વાનુ-

---

[૯] य एव तु मेधावी स्यात् अन्यजन्मान्तरानुभावितया प्रज्ञया युक्तो यो वा तपस्वी कामं ताभ्यामवैयाकरणाभ्यामपि निर्ब्रूयादेव । न हि तयोरसाध्यं किंचिदस्ति । तपसा हि स्वयमपि वेदार्थः प्रादुर्भवेदेव यथा मन्त्राः प्रादुरभवन् पूर्वेषामृषीणाम् । मेधाव्यपि च स्वयमुत्प्रेक्षितुं शक्नुयात् किमुतोच्यमानमवबोद्धुम् ।

(પણ જે મેધાવી હોય અથવા અન્ય જન્માન્તરમાં અનુભવેલી અથવા પ્રાપ્ત કરેલી પ્રજ્ઞાવાળો તપસ્વી હોય તેમણે વ્યાકરણનો અભ્યાસ ન કર્યો હોય તો પણ તેમને આ ગ્રંથ (નિરુક્ત) ભણાવવો. તેમને

ભૂતિથી પ્રાપ્ત કર્યો હોય એવું જાણમાં નથી. હિંદમાંના વેદાભ્યાસી વિદ્વાનો વેદને અપૌરુષેય, સ્વાનુભૂતિગમ્ય, દર્શનદ્વારા પ્રકટ થયેલા એમ માનતા આવ્યા છે, છતાં તેમના અધ્યયનનો આધાર મૌખિક પરંપરા તથા વ્યાકરણાદિક બૌદ્ધિક શાસ્ત્રો જ રહ્યાં છે. વેદના પાશ્ચાત્ય વિદ્વાનોએ તો વેદકાળના માનવને જ એટલો અસંસ્કૃત કક્ષાનો કલ્પ્યો છે કે જેમાં ચરમ અધ્યાત્મ અનુભવને સ્થાન જ ન હોઈ શકે, ઉપરાંત આવી રીતના ચૈતસિક કે આધ્યાત્મિક અનુભવોની સ્વતંત્ર શક્યતા પણ તેમણે કલ્પી યા સ્વીકારી નથી. બલ્કે વેદના અભ્યાસને માટે એ વિષયને એમણે તદ્દન અપ્રસ્તુત ગણેલો છે. એ રીતે શ્રી અરવિંદની વેદવિષયક પ્રવૃત્તિ માત્ર બૌદ્ધિક અભ્યાસ કરતાં વેદના સાક્ષાત્ અર્થદર્શનની છે, અર્થાત્ વેદના મંત્રદ્રષ્ટાઓની જ કોટિની છે, અને ભારતીય વૈયાકરણીઓની પદ્ધતિઓથી પણ તે ઘણી આગળ વધી ગયેલી એવી પ્રાચીનતમ રૂપની છે એમ કહી શકાય. પરંતુ શ્રી અરવિંદ યોગાભ્યાસી હોવા ઉપરાંત, સંશોધન તેમ જ વિદ્યાધ્યયનની પાશ્ચાત્ય પદ્ધતિઓથી પૂરેપૂરા વાકેફગાર છે. વળી તેઓ એ પદ્ધતિના જે ગુણો છે તે પણ બરાબર પિછાણે છે; એટલે પોતાને થયેલા વેદાર્થનું દર્શન તેઓ માત્ર અનુભૂતિના પ્રામાણ્યથી જ પ્રતિપાદન કરવા માગતા નથી, પરંતુ તેને માટે વેદાર્થની દિશામાં અત્યારલગી જે જે સાધનો અને સામગ્રીઓ વપરાઈ છે તે સૌની મદદથી પૂરી શાસ્ત્રીય રીતે તેની સ્થાપના કરવા તેઓ ઇચ્છે છે. વેદાર્થની દિશામાં અત્યારલગીમાં જે કંઈ યત્નો થયા છે તે બધાની મદદ પણ અનિવાર્ય છે એમ તેઓ સ્વીકારે છે. યાસ્ક અને સાયણમાંથી વેદનાં બહિરંગ પ્રતીકોનું કર્મકાંડવિષયક ચોકઠું તથા પરંપરાથી ઊતરી આવેલા અર્થો અને સમજૂતીઓ, ઉપનિષદોમાંથી ઋષિઓના ચૈતસિક અને આધ્યાત્મિક વિચારોની ચાવીઓ તથા આધ્યાત્મિક અનુભૂતિ અને સહજજ્ઞાનની પદ્ધતિ, યુરોપીય વિદ્વાનો પાસેથી તુલનાત્મક સંશોધનની આલોચક પદ્ધતિ, જે હજી અપૂર્ણ છતાં, જેમાં વિકાસની પારાવાર શક્યતાઓ છે તથા જેમાંથી છેવટે શાસ્ત્રીય નિર્ણયાત્મકતા અને વેદના અધ્યયનમાં જેની ઊણપ રહેલી છે તે બુદ્ધિપ્રતિષ્ઠિત દૃઢ આધાર મળવાની સંપૂર્ણ શક્યતા છે તે, અને દયાનંદમાંથી ઋષિઓની ભાષાના રહસ્યની કૂંચી અને વૈદિક ધર્મના કેન્દ્રસ્થ વિચાર 'એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ'નું પુનઃ ઉદ્ઘોષણ: આ બધાં તત્ત્વોનો ઉપયોગ તેમણે પોતાના અર્થઘટનમાં કર્યો છે. અને એ રીતે તેમની પદ્ધતિમાં ભારતીય અને પાશ્ચાત્ય સંશોધનપદ્ધતિઓનાં બધાં ઉત્તમ તત્ત્વો સમાવિષ્ટ થયાં છે એમ નિઃસંશય કહી શકાય.

વેદનું આમ ઉભયતઃ અધ્યયન કરીને શ્રી અરવિંદે તેના વિશે પોતાનો જે વાદપ્રસ્તાવ (hypothesis) રજૂ કર્યો છે તે ટૂંકામાં આ પ્રમાણે છે. ઋગ્વેદ મનુષ્યજાતિના પ્રારંભિક યુગમાંના વિચારધનનું અવશિષ્ટ રહેલું એક માત્ર ગણનાપાત્ર સાધન છે. એ વખતે સમાજમાં

કશુંયે અસાધ્ય નથી, કારણ કે જેવી રીતે પૂર્વકાળના ઋષિઓને મંત્રો પ્રાદુર્ભૂત થયા હતા તેવી રીતે તપદ્વારા વેદનો અર્થ પોતે પણ પ્રાદુર્ભાવ પામી શકે જ. વળી મેધાવી પણ જાતે વેદાર્થની ઉત્પ્રેક્ષા કરવાની શક્તિવાળો હોય છે તો પછી તેને કોઇ કહેતું હોય તો તે જરૂર સમજી શકે જ.)

દુર્ગાચાર્ય, યાસ્કના 'નિરુક્ત' પરની 'ઋજ્વર્થાખ્યવૃત્તિ'માં ૨-૧-૬.

જે આધ્યાત્મિક અને ચૈતસિક જ્ઞાન હતું તેને સ્થૂલ અને ભૌતિક આકૃતિઓ અને પ્રતીકોના ઓઠા પાછળ ગુપ્ત રાખવામાં આવતું હતું. આવું જ્ઞાન માત્ર દીક્ષિતોને જ આપવામાં આવતું. ગુહ્ય તત્ત્વોના રહસ્યવિદોનો એક મુખ્ય સિદ્ધાંત એ રહ્યો છે કે આત્મજ્ઞાન અને ઈશ્વરજ્ઞાન એ બંને અતિ પવિત્ર અને ગોપ્ય તત્ત્વો છે. તેઓ માનતા હતા કે સામાન્ય પ્રાકૃત માનવને એ જ્ઞાન આપવું અયોગ્ય છે તથા તેને હાનિકારક પણ છે. અથવા તેના હાથમાં એ જ્ઞાન વિકૃત થવાનો અને દુરુપયુક્ત થવાનો સંભવ છે. અને અશુદ્ધ તેમજ અસંસ્કૃત વ્યક્તિના હાથમાં જતાં એ જ્ઞાનની શક્તિ ઘટવાનો સંભવ છે. આ કારણે તેમણે પ્રાકૃત જન માટે એક કાર્યસાધક છતાં અપૂર્ણ એવા બહિરંગ પૂજાવિધિનું નિર્માણ કર્યું અને દીક્ષિત માટે એક ભિન્ન આંતરિક સાધના યોજી અને પોતાના વક્તવ્યને એવા દ્વિઅર્થી શબ્દો તથા પ્રતિરૂપોમાં ગૂંથ્યું કે જેમાંથી દીક્ષિતો માટે આધ્યાત્મિક અર્થ થાય અને સાધારણ જનસમૂહ માટે એક સ્થૂલ અર્થ થાય. વેદની ઋચાઓ આ સિદ્ધાન્ત પ્રમાણે વિચારાયેલી અને રચાયેલી છે. એ ઋચાઓમાંના વિધિઓ અને ક્રિયાઓ બહિરંગ અર્થમાં, તે કાળે જનસાધારણમાં જે સર્વેશ્વરવાદ રૂપની પ્રકૃતિપૂજા પ્રવર્તમાન હતી તેના બાહ્ય કર્મકાંડની વિગતો તરીકે યોજાયેલી છે તથા અંતરંગ અર્થમાં તે વખતે માનવજાતિએ જે ઊંચામાં ઊંચી સિદ્ધિ મેળવી હતી તે આધ્યાત્મિક અનુભવ અને જ્ઞાનની પ્રાપ્તિનાં તથા આત્મવિકાસની એક આંતરિક શિક્ષાવિધિનાં કાર્યસાધક પ્રતીકો તરીકેની છે. આમ એક જ ભાષાને બેવડા અર્થમાં યોજીને એ પ્રકારે તેનો ઉપયોગ વેદકાળના રહસ્યવિદો કરતા આવ્યા છે. અત્યારે સાયણ જે કર્મકાંડપ્રથાનું પ્રતિપાદન કરે છે તેને તેના બાહ્ય સ્વરૂપમાં ભલે સ્વીકારવામાં આવે, તથા યુરોપના વિદ્વાનો તેમાં જે પ્રકૃતિરૂપાત્મક અર્થ ઘટાવે છે તેને તેની સામાન્ય રૂપરેખામાં પણ સ્વીકારી શકાય, છતાં એ બંનેની પાછળ સર્વત્ર વેદનું સાચું અને હજી ગુપ્ત રહેલું એવું રહસ્ય વિદ્યમાન છે—એક ગુપ્ત વાણી 'निण्या वचांसि' છે,[૧૦] જેનો રહસ્યસ્ફોટ માત્ર આત્મશુદ્ધ અને જ્ઞાનપ્રવિષ્ટની આગળ જ કરવામાં આવતો.

વેદમાં આવી રીતે શબ્દનો બેવડો અર્થ તથા એની પાછળ ચૈતસિક યા આધ્યાત્મિક અર્થ રહ્યો છે કે નહિ એનો પુરાવો ચોખ્ખા અને મક્કમરૂપે વેદની ભાષાની અંદરથી મળી આવે તો જ આ રીતના વાદપ્રસ્તાવને પુષ્ટિ મળી શકે. પણ વેદની આ લુપ્ત થઇ ચૂકેલી પ્રાચીન ભાષામાંથી આવો પુરાવો મેળવવો એકદમ સહેલું નથી. છતાં ભાષાશાસ્ત્રના આધારે એનું સંતોષકારક સમાધાન મેળવ્યા પછી જ આ દિશામાં આગળ વધી શકાય.

આ નવી રીતે વેદમંત્રોનો અર્થ ઘટાવવા જતાં બે મુખ્ય મુશ્કેલીઓ ઊભી થાય છે. અને તેનો ઉકેલ ભાષાશાસ્ત્રદ્વારા જ મેળવી શકાય તેમ છે. પહેલી મુશ્કેલી એ કે આ વાદપ્રસ્તાવ માટે વેદમાં નિર્ણીત થઇ ચૂકેલા પારિભાષિક શબ્દો જેવા કે ઊતિ, અવસ્, વયસ્‌ના કેટલાક નવા અર્થો સ્વીકારવાની જરૂર ઊભી થાય છે. એ નવા અર્થોએ બે શરતો પૂરી પાડવી જોઈએ. એક

---

[૧૦] एता विश्वा विदुषे तुभ्यं वेधो नीथान्यग्ने निण्या वचांसि।
निवचना कवये काव्यान्यशंसिषं मतिभिर्विप्र उक्थैः ॥ ઋ. ૪-૩-૧૬.

તો એ કે તે દરેક સંદર્ભમાં લાગુ પડવો જોઈએ, મંત્રના અર્થને વધારે વિશદ કરતો હોવો જોઈએ અને વેદના જેવા દઢ આકારવાળા ગ્રંથમાં એક જ શબ્દના તદ્દન વિભિન્ન એવા અર્થો કરવાની જૂના ભાષ્યકારોને જે જરૂર પડી છે તેમાંથી આપણને મુક્ત કરતો હોવો જોઈએ. અને બીજી શરત, જે પહેલા કરતાં પણ વધારે મહત્ત્વની છે, તે એ કે તેને ભાષાશાસ્ત્રનો આધાર મળવો જોઈએ. એ આધારથી એ સ્પષ્ટ થવું જોઈએ કે એક જ શબ્દના આટલા બધા ભિન્નભિન્ન અર્થો કેવી રીતે થયા, તેવી રીતે આ ચૈતસિક અર્થઘટન પ્રમાણેનો અર્થ તેમાં કેવી રીતે હતો, તેમ જ તેનો જૂના વૈયાકરણીઓદ્વારા તથા તે પછીના સંસ્કૃતમાં જે અર્થ કરાયો તે કેવી રીતે બન્યું. વળી એક બીજી મુશ્કેલી એ છે કે આ ગુહ્ય વિદ્યાની ચાવીરૂપ જે મહત્ત્વના શબ્દો છે તેનો એવડો અર્થ હોવાનું સ્વીકારવાની જરૂર પણ ઊભી થાય છે. આ બે બાબતોનો જો સમાધાનકારક નિર્ણય કરી શકાય તો જ વેદના ચૈતસિક અર્થનો પાયો રચી શકાય.

આ નિર્ણયનો આધાર ભાષાશાસ્ત્ર ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ કઈ રીતે કલ્પે છે તેના ઉપર છે. અત્યારલગી ભાષાશાસ્ત્રે આ દિશામાં કંઈ આધારભૂત થઈ શકે તેવું કાર્ય કર્યું નથી. બલ્કે એક માન્યતા તો એવી પણ છે કે એટલા બધા દૂર ભૂતકાળમાં ભાષા કેવી રીતે વિકસી તેનો સાચો નિર્ણય મેળવવો જ અશક્ય છે. પણ શ્રી અરવિંદ તેને અશક્ય માનતા નથી. જેવી રીતે અર્વાચીન વિજ્ઞાન બધા ભૌતિક પદાર્થોના વિકાસમાં નિયમોનું પ્રવર્તી રહેલું અબાધિત સામ્રાજ્ય શોધી શક્યું છે, તેવી રીતે ભાષાના વિકાસના નિયમો પણ શોધી શકાય તેમ છે. ભાષા જરા સૂક્ષ્મ વસ્તુ છે છતાં તેનો વિકાસ અમુક નિયમ અને ક્રમ પ્રમાણે થયો હોવો જોઈએ. જો તેની જરૂરી ચાવીઓ તથા પૂરતી સામગ્રી ઉપલબ્ધ થાય તો તે વિકાસક્રમના નિયમો મળી આવવા જ જોઈએ. શ્રી અરવિંદ માને છે કે સંસ્કૃત ભાષામાં આ ચાવીઓ મળી શકે તેમ છે તથા તેમાં સંશોધન માટે પૂરતી સામગ્રી પણ પડેલી છે. એ દિશામાં તેમણે જે અમુક નિયમો તારવ્યા છે તેના ઊંડાણમાં અત્રે ન જતાં વેદની ભાષા વિશે તેમનો અભિપ્રાય જોઈ લઈ આગળ વધીશું.

તેઓ કહે છે કે વેદના ઋષિઓ જે આર્યભાષા વાપરતા હતા તેના શબ્દો તે પછીના કાળમાં જે રીતે વિચારનું રૂઢ સાંકેતિક વાહન બનેલા છે તેને બદલે બોલનારના સંવેદનોના ઉદ્‌ગારધ્વનિઓ જેવા હતા. એ ભાષાને જીવનની સાથે વધારે સંબંધ હતો અને એક શબ્દથી બીજા શબ્દમાં અર્થની સંક્રાન્તિ વધારે છૂટથી થતી. શબ્દ વિચારનું સાંકેતિક પ્રતીક નહિ પણ વિચારનો જનક અને આકારદાતા હતો. કેટલાક શબ્દોની અંદર તેના મૂળ ધાતુના અર્થ હજી રણક્યા કરે છે, પોતાના ઇતિહાસથી તે હજી સભાન છે. ઉદાહરણ તરીકે 'અશ્વ' અને 'વૃક' શબ્દ લઈએ. 'અશ્વ'નો સામાન્ય અર્થ ઘોડો છે. પણ તેને પ્રાણના પ્રતિરૂપ તરીકે, જડતત્ત્વ અને ચિત્તને સાંકળનાર અર્ધ ભૌતિક તત્ત્વ તરીકે, શ્વાસોચ્છ્વાસ રૂપે વાપરવામાં આવેલો છે. એના મૂળ ધાતુમાં વેગ, શક્તિ, પ્રાપ્તિ, ઉપભોગ આદિ અર્થો પણ રહેલા છે. અને તેથી આ જીવન–અશ્વના પ્રતિરૂપમાંથી પ્રાણિક શક્તિનાં મુખ્ય મુખ્ય બધાં સૂચનો પ્રકટ થાય છે. વરુ અર્થમાં વપરાતા 'વૃક' નો મૂળ અર્થ ચીરનાર છે, અને તેથી તે વરુને લાગુ પડે છે. આ પ્રમાણે 'ધેનુ'નો મૂળ અર્થ

ઉછેરનાર, પોષનાર છે અને તે પરથી ગાય થાય છે. આવી રીતે વેદની ભાષામાં મૂળ અર્થનું પ્રાધાન્ય રહે છે અને તેમાંથી અન્યત્ર પ્રયુક્ત થતો વિશેષ અર્થ ગૌણ રહે છે. આને લીધે મંત્રના રચનારાઓ આ સામાન્ય શબ્દોને પણ ઘણી મુલાયમતાથી વાપરી શકતા. આ શબ્દોને કોકવાર તે ઘોડો, વરુ કે ગાયનું જ સૂચન કરવા વાપરતા, તો કોકવાર તેના વધુ વ્યાપક મૂળ અર્થમાં વાપરતા. તો કોકવાર આ સ્થૂલ પ્રાણીવિશેષનું પ્રતિરૂપ વીસરી જઈને તેના ચૈતસિક અર્થમાં વાપરતા. જૂની ભાષાની આ ચૈતસિક શક્તિને ધ્યાનમાં રાખી વેદનાં પ્રતીકોની ખાસ આકૃતિઓનો અર્થ સમજવાનો છે, પછી તે ભલે બહુ સાધારણ કે સ્થૂલ હોય. એ જ રીતે 'ઘૃતમ્' 'સોમ' અને બીજા અનેક શબ્દો વપરાયા છે. આમ ભાષાની અંદરથી તેના અર્થનાં મળતાં સ્પષ્ટ સૂચનોને આધારે જ, નહિ કે આપણી પસંદગીઓ પ્રમાણે ગમે ત્યાં ગમે તે કલ્પિત અર્થ ગોઠવી દઈને, વેદના મંત્રોના અર્થ થવા જોઈએ. એમ ન થાય તો આવી વાદરચના ગમે તેટલી દક્ષ અને સંપૂર્ણ હોય તોપણ તેનું આખું ચણતર વાસ્તવિકતા અને ઘનતા વગરનું કેવળ હવામાં જ થયેલું રહેશે.

આમ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વેદના ચોક્કસ થયેલા શબ્દોનો દરેક સંદર્ભમાં સ્વાભાવિક રીતે બેસી જાય તેવો દૃઢ અર્થ નક્કી કર્યા પછી પહેલું કર્તવ્ય એ નક્કી કરવાનું રહે છે કે મંત્રોની અંદરનાં પ્રતીક અને અલંકારો ઉપરાંત, મંત્રોની સ્પષ્ટ ભાષામાં ચૈતસિક વિચારોનું અંતસ્તત્ત્વ એટલા પૂરતા પ્રમાણમાં મળી આવે છે કે નહિ જેને આધારે કહી શકાય કે વેદમાં જંગલી અને પ્રાથમિક દશાના અર્થસંભાર કરતાં કોઈ ઉચ્ચતર કોટિનો અર્થ રહેલો છે. તે પછી બીજું કાર્ય શક્ય હોય ત્યાંલગી સૂત્રોની પોતાની જ આંતરિક સાબિતી ઉપરથી દરેક પ્રતીક અને પ્રતિરૂપનો અર્થ તારવવાનું તથા દરેક દેવનું ચૈતસિક રૂપનું શું સાચું કાર્ય છે તે શોધી કાઢવાનું રહે છે. વેદનો અર્થ કરવા ઇચ્છનારે આ શરતો પૂરી પાડવી જ જોઈએ. કારણ વેદની ભાષા નિર્ણીત અને ચોક્કસ રૂપની છે. વૈદિક ધર્મના જુદાજુદા વિચારો અને તેમાં વારંવાર વપરાતા શબ્દોની અંદર એક સ્પષ્ટ સાતત્યવાળો સંબંધ છે. એટલે જો તેના અર્થઘટનમાં કંઇ અસંગતિ કે અચોક્કસતા રહે તો તેનો અર્થ એટલો જ થાય કે તે અર્થ કરનાર મંત્રોના અર્થના સાચા સંબંધો શોધી શક્યો નથી, નહિ કે વેદની પોતાની જ અંદર એ ખામી રહેલી છે.

આટલું પ્રાથમિક કાર્ય સાવધાની અને ખંતથી કર્યા પછી જો મંત્રોનો અનુવાદ કરીને એમ બતાવી શકાય કે જે અર્થઘટન આપણે ઘટાવ્યું છે તે સહેજ રીતે અને સહેલાઈથી હરકોઈ સંદર્ભમાં લાગુ પડે તેવું છે, પહેલાં જ્યાં કેવળ ગોટાળો જ દેખાતો હતો તેવા ભાગોમાં આ અર્થઘટનથી સ્પષ્ટ સંબદ્ધતા આવે છે, વળી સમસ્ત સૂક્તોમાંથી એક સ્પષ્ટ અને સળંગ અર્થ નીકળે છે, શ્લોકોના ક્રમમાં સુસંબદ્ધ વિચારો તર્કપુરઃસર એક પછી એક ગોઠવાયેલા દેખાય છે, અને સમગ્ર રૂપે એક ગંભીર, સુસંગત અને પ્રાચીન રૂપની તત્ત્વસૃષ્ટિ વેદમાંથી નિષ્પાદિત કરીને શકાય છે, તો આ પ્રમાણેનો વાદપ્રસ્તાવ બીજા પ્રસ્તાવો સાથે ઊભા રહેવાનો હક મેળવે છે, એટલું જ નહિ, બીજા પ્રસ્તાવો જ્યાં તેનાથી વિરુદ્ધ જતા હોય ત્યાં તેમને તે પડકારી શકે છે અને

જ્યાંજ્યાં તેમનાં સંશોધનો સાથે સંમત થવાતું હોય ત્યાં ત્યાં તે તેમની પૂરણી કરી શકે છે.

આ રીતે વેદનો પ્રધાન અર્થ સુક્ષ્મ રહસ્યાત્મક ચૈતસિક તત્ત્વવાળો છે એ પ્રસ્તાવને જો સિદ્ધ કરી શકાય તો તેનાં કેટલાંક અતિ મહત્ત્વનાં પરિણામો આવે તેમ છે. પહેલું તો વેદનાં સૂક્તોની અંદર જે અસંગતિઓ દેખાય છે તે દૂર થઈ જાય તેમ છે. આ અસંગતિ માત્ર આપણને જ દેખાય છે, કારણ કે વેદના અર્થનો દોર તેના અંતરંગ અર્થમાંથી મેળવવાનો છે. એ દોર જડ્યા પછી આ સૂક્તો તર્કબદ્ધ અને સુગ્રથિત તત્ત્વસંભારવાળાં જણાય છે. એ સૂક્તોમાંની એ અર્થાભિવ્યક્તિ આજની અર્વાચીન વિચારપદ્ધતિ કે ભાષારીતિથી ભિન્ન છે છતાં તેની પોતાની શૈલીમાં એ સુસંગત અને દૃઢ રૂપની છે. એમાં શબ્દોના બાહુલ્ય કરતાં કરકસર વધારે જણાય છે, અર્થના દારિદ્ર્ય કરતાં અર્થનો અતિ સંભાર તેમાં માલૂમ પડે છે. વેદ માનવની જંગલી દશાનું ફક્ત રસિક અવશેષ ચિહ્ન મટીને જગતના પ્રાચીન મહત્ત્વના ધર્મગ્રંથોમાં પોતાનું સ્થાન લે છે.

બીજું પરિણામ એ આવે છે કે ઉપનિષદોના જે કેટલાક ભાગો હજી સમજાયા વગરના રહેલા છે અથવા તો ખોટી રીતે સમજાયેલા છે તેનો અર્થબોધ સરળતાથી અને અસરકારક રૂપે થઈ શકે છે અને પુરાણોના ઉદ્‌ગમનો ઘણો ખરો ખુલાસો મળી આવે છે. ત્રીજું પરિણામ એ કે વેદ વિશે વેદોઽખિલો ધર્મમૂલમ્‌માં વ્યક્ત થતી જે પૂજ્ય ભાવયુક્ત ધાર્મિક પરંપરા છે તેને પૂરેપૂરી તર્કપુરઃસરતાથી સમજાવી અને સ્થાપી શકાય છે.[૧૨] અર્વાચીન યુરોપીય વિદ્વાનોના મત પ્રમાણે વેદોમાં કેવળ સ્થૂલ પ્રકૃતિનાં તત્ત્વોની પૂજાનું તત્ત્વ છે. વેદ પછી આવતાં ઉપનિષદોમાં આ પ્રકૃતિસત્ત્વો એકદમ ઊંડા ચૈતસિક ગુણોથી તથા આધ્યાત્મિક તત્ત્વોથી ભરેલાં બની જાય છે. એ રીતે બે વચ્ચે વિકાસની જે કડીની ખોટ છે તે આથી પુરાય છે, એટલું જ નહિ, પણ વેદાન્ત, પુરાણ, તન્ત્ર, દર્શનો અને હિંદના મહાન ધર્મોનાં મૂળ તેના નિરાડંબર સત્ય રૂપમાં વેદની અંદર જણાય છે. આ રીતે હિંદની અંદરના ધર્મોના તુલનાત્મક અભ્યાસનું એક સ્વાભાવિક પ્રસ્થાનબિંદુ પણ પ્રાપ્ત થાય છે.

શ્રી અરવિંદે પોતાની વાદરચનાનો આ રીતે પ્રસ્તાવ અને તેમાંથી નીપજતાં મહત્ત્વનાં પરિણામોનો સંભવ રજૂ કર્યો છે. એમની સ્વાનુભૂતિમાં તો આ વસ્તુ આખી સ્પષ્ટ રૂપે સિદ્ધ જેવી છે છતાં તેને તર્ક અને ગ્રંથના આંતરિક તેમ જ બાહ્ય આધારો ઉપર સુપ્રતિષ્ઠિત એવા એક નિર્ણયાત્મક રૂપે નિઃશેષ રીતે રજૂ કરવા માટે અર્વાચીન સંશોધનપદ્ધતિએ કાર્ય થવું જોઇએ એ જરૂર તેઓ સ્વીકારે છે, અને એ દિશામાં તેમનું કાર્ય આગળ વધી રહ્યું છે. પરંતુ એનું ફળ પ્રસિદ્ધ ન થાય ત્યાંલગી પણ વેદના ગૂઢ રહસ્યની એમની કલ્પના કેવી છે, વેદનાં સૂક્તોનો ચૈતસિક તથા આધ્યાત્મિક અર્થ શો છે, વેદના દેવો–અગ્નિ, ઇન્દ્ર, મરુત, સરસ્વતી, ઉષા, સરમા, આદિમાં ચૈતસિક તત્ત્વો કેવાં છે, તેમજ ઋગ્વેદમાં આવતી દંતકથાઓ—અંગિરસ અને વૃત્રની—

---

[૧૨] આ પરંપરાનો સંકલિત ખ્યાલ મેળવવા જુઓ નટવરલાલ જેઠાલાલ મહેતા દ્વારા સંપાદિત થયેલ 'વેદામૃત' નો 'વેદસ્તુતિ' વિભાગ (પૃ. ૧૪૧) તથા ક્લેટનના The Rig-Veda and Vedic Religion માં Appendix I. પૃ. ૨૪૪.

તેમનું રહસ્ય શું છે એનો ખ્યાલ મેળવવો હોય તો તે તેમની વેદરહસ્ય વિશેની લેખમાળાનાં બીજા પ્રકરણોમાંથી તથા તેમણે વેદનાં પસંદ કરેલાં સૂત્રોના અનુવાદોમાંથી મળી શકે તેમ છે. એમની વિચારસરણીનો સ્વીકાર કરી તેમના શિષ્યમંડળમાંથી નલિનીકાન્ત ગુપ્ત, વી. ચન્દ્રશેખર, તથા અંબાલાલ પુરાણીએ વેદનું અધ્યયન આગળ વધાર્યું છે અને તેનાં પરિણામો છૂટક છૂટક લેખોમાં રજૂ કર્યાં છે જે અભ્યાસીને શ્રી. અરવિંદની દૃષ્ટિ સમજવામાં ઉપયોગી મદદ પૂરી પાડે તેવાં છે.

વેદના અધ્યયનમાં તેના અર્થઘટનનો સાયણ અને દયાનંદ પછી આ ત્રીજો અને અત્યારે તો સૌથી વધુ મહત્ત્વનો પ્રારંભ શ્રી અરવિંદનો છે. વેદના સમગ્ર અધ્યનમાં શ્રી અરવિંદનું કાર્ય અનન્ય કોટિનું છે. એને લીધે વેદના સ્વરૂપની માન્યતામાં આમૂલ પલટો થાય છે અને વેદના સ્વરૂપનું સત્યની વધુ નજીકનું એવું દર્શન પ્રાપ્ત થાય છે. ઓગણીસમી સદીના મધ્યકાળમાં મેક્સમૂલરે જે ભવિષ્ય વાણી ભાખી હતી કે વેદનો અનુવાદ તો આવતી સદીમાં બનશે તે જાણે શ્રી અરવિંદને હાથે મૂર્ત રૂપ લેતી હોય તેમ લાગે છે.

ઈશ્વરાવતારના પ્રકાર

અધ્યા. નાગરદાસ કા. બાંભણિયા

માનસશાસ્ત્રની દષ્ટિએ વિચાર કરિયે તો અવતારનો ખ્યાલ મનુષ્યના મનમાં સહજ છે. જે દુનિયામાં આપણે છિયે તેમાં બધું એવું નથી કે જેનાથી આપણા મનને સંતોષ થાય. દાખલા તરીકે: શિક્ષકો આવા હોવા જોઇયે એવો ખ્યાલ મોટાને મોટાની દષ્ટિએ અને નાનાને નાનાની દષ્ટિએ સૌને હોય છે; પરન્તુ જેને જેવો ખ્યાલ છે તેવો શિક્ષક તેને ક્યાં મળે છે? રાજ્યતન્ત્ર આવું હોવું જોઇયે એવો આપણને ખ્યાલ છે, પરન્તુ તેવું રાજ્યતન્ત્ર ક્યાં છે? આ રીતે જે વ્યક્તિ અથવા તો જે વસ્તુના સમ્પર્કમાં આપણે આવિયે છિયે તે આવી હોય તો સારી એમ આપણે સૌ મનમાં ઇચ્છિયે છિયે, પરન્તુ તે વ્યક્તિ અથવા તે વસ્તુ તેવી ક્યાં હોય છે? આ દુનિયામાં સર્વત્ર અપૂર્ણતા દેખા દઈ રહી છે. આવી અપૂર્ણ અને વધીને કહિયે તો દોષપૂર્ણ, દુનિયા કોઈક સમયે કોઈક સ્થલે એવા પુરુષને જન્મ આપે છે કે જે પુરુષમાં અમુક એક ગુણ અથવા તો એવા અનેક ગુણો એટલા બધા પ્રમાણમાં મળે છે કે તે એક ગુણ અથવા તો તેવા અનેક ગુણોથી આપણને સંતોષ થયા વગર નથી રહેતો. જેવું આપણે ઇચ્છિયે છિયે તેવું આપણને મળ્યું છે એમ આપણે માનિયે છિયે. અને આવા પુરુષ સમ્બન્ધી વિચાર કરતાં અને તે વિચારો વ્યક્ત કરતાં અવતારની ભાવના આગળ આવીને ઊભી રહે છે. જબ્બર વિદ્વાનને આપણે સરસ્વતીનો અવતાર માનિયે છિયે અને તેમ કહિયે છિયે. અત્યન્ત દયાળુ મનોવૃત્તિવાળા પુરુષને આપણે સાક્ષાત્ દયાનું સ્વરૂપ જ માનિયે છિયે અને કહિયે છિયે. અત્યન્ત ધાર્મિક મનોવૃત્તિવાળા પુરુષને આપણે આ તો મૂર્તિમાન્ ધર્મ છે એમ માનિયે છિયે અને કહિયે છિયે. આ આવા પ્રસંગોમાં ઉદ્ભવતી અવતારભાવનાની પાછળ એક બીજો ઊંડો ખ્યાલ પણ મનુષ્યના મનમાં રહેલો છે. જે દુનિયા પર આપણે છિયે તે અપૂર્ણ હોય, પરન્તુ એક એવી દુનિયા છે કે જ્યાં પૂર્ણતાનું સામ્રાજ્ય છે, અને એ દુનિયામાંથી કોઈ એક અથવા તો એવા અનેક ગુણો આપણી દુનિયા પર પૂર્ણ યા પૂર્ણકલ્પ સ્વરૂપે ઊતરી આવે છે. અવતાર શબ્દનો અર્થ ઊતરી આવવું છે. આ આપણી દુનિયાથી પર દુનિયા, તેને પછી આપણે સ્વર્ગ કહિયે, બ્રહ્મલોક કહિયે, કે વૈકુંઠ કહિયે. આ આપણી દુનિયાથી પર દુનિયામાંથી તે ગુણ આપણી આ દુનિયા પર ઊતરી આવે છે, માટે આપણે તે ગુણયુક્ત પુરુષને તે ગુણનો અવતાર કહિયે છિયે.

આ અવતારના ખ્યાલ સાથે ઈશ્વરનો આપણા મનમાં રહેલો જે ખ્યાલ છે તેને જોડિયે, એટલે આપણને ઈશ્વરાવતારની ભાવના પ્રાપ્ત થાય છે. કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સમર્થ, સર્વજ્ઞ, પરમન્યાયી, પરમકૃપાળુ, સર્વસ્વતન્ત્ર, અને સર્વગુણપૂર્ણ આ વિશ્વમાં જે હોય તે ઈશ્વર. અને આપણી દુનિયા ઉપર કોઈ એક વ્યક્તિમાં એક સામટા અનેક ગુણોનું અને અલૌકિક

પ્રતાપનું દર્શન થાય તે વ્યક્તિ ઈશ્વરાવતાર. અને આવા ઈશ્વરાવતારના કેટલા પ્રકારો છે તે સમ્બન્ધી આ લઘુલેખમાં વિવેચન કરવામાં આવ્યું છે. આ વિવેચન શ્રીવલ્લભાચાર્યના મતાનુસાર કરવામાં આવ્યું છે, અને પ્રસંગે પ્રસંગે તેમના ગ્રન્થોનાં અવતરણો ટાંક્યાં છે એટલે શ્રીવલ્લભાચાર્ય અને તેમના ગ્રન્થો સમ્બન્ધી ટૂંક નિરૂપણ અસ્થાને નહિ ગણાય.

શ્રીવલ્લભાચાર્યે ઇસ્વીસનની ચૌદમી સદીના અન્તભાગમાં અને પન્દરમી સદીના આદિભાગમાં ભૂતલને અલંકૃત કરેલું. તે અરસામાં તેઓશ્રીએ નાના મોટા અનેક ગ્રન્થો પ્રકટ કર્યા. તે ગ્રન્થો પૈકી ત્રણ ગ્રન્થો મોટા છે. અને અવતરણો પ્રાયઃ તે મોટા ગ્રન્થોમાંથી લેવામાં આવ્યાં છે. આ ત્રણ ગ્રન્થો પૈકી પ્રથમ ગ્રન્થ તે તત્ત્વદીપનિબન્ધ. આ ગ્રન્થમાં ત્રણ પ્રકરણો છે. પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણ છે. તેમાં પોતાને સમ્મત જે શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ તેનું ટૂંકાણમાં નિરૂપણ છે. બીજું સર્વનિર્ણય પ્રકરણ છે. તેમાં સર્વ શાસ્ત્રો સમ્બન્ધમાં જે પોતાનો મત છે તે ટૂંકમાં દર્શાવ્યો છે. ત્રીજું ભાગવતાર્થ પ્રકરણ છે. તેમાં શ્રીમદ્ભાગવતના સાત અર્થો પૈકી ચાર અર્થોનું ટૂંકમાં નિરૂપણ છે. શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, પદાર્થ, અને અક્ષરાર્થ અવિરુદ્ધ જે અર્થમાં હોય તે ખરો અર્થ. આ સાત અર્થો પૈકી પ્રથમ ચારનું તત્ત્વદીપનિબન્ધમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, અને બાકીના ત્રણ સમ્બન્ધી વિશેષ નિરૂપણ શ્રીમદ્ભાગવત પરની પોતાની સુબોધિની નામની ટીકામાં કરવામાં આવ્યું છે. આ તત્ત્વદીપનિબન્ધ કારિકાત્મક છે. અને કારિકાઓ દુરૂહ છે, એટલે તે કારિકાઓનો અર્થ વિશદ કરવા તેના પર પ્રકાશ નામની ટીકા એઓશ્રીએ લખી છે. આ પ્રકાશ પહેલાં બે પ્રકરણો પર સમ્પૂર્ણ છે, પરન્તુ ત્રીજા પ્રકરણ પર શરૂઆતના અમુક ભાગ ઉપર જ છે. આ પ્રકાશના પ્રારંભના શ્લોકોમાં પોતે અગ્નિનો અવતાર છે એ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યે સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. બીજો ગ્રન્થ અણુભાષ્ય છે. જેમ બ્રહ્મસૂત્રો ઉપર શ્રીશંકરાચાર્યનું શાંકરભાષ્ય, અને શ્રી રામાનુજાચાર્યનું શ્રીભાષ્ય તેમ શ્રીવલ્લભાચાર્યનું અણુભાષ્ય છે. આ બ્રહ્મસૂત્રો ચાર અધ્યાયમાં છે. તેમાં અઢી અધ્યાય ઉપર અણુભાષ્ય શ્રીવલ્લભાચાર્યે લખ્યું છે, અને બાકીના દોઢ અધ્યાય ઉપર એમના પુત્ર શ્રીવિઠ્ઠલેશે લખ્યું છે. આ ગ્રન્થમાં પણ એક સ્થલે શ્રીવલ્લભાચાર્ય શંકરાચાર્ય શંકરનો અવતાર છે અને પોતે અગ્નિનો અવતાર છે એમ નિરૂપણ કરે છે. ત્રીજો ગ્રન્થ તે સુબોધિની તે શ્રીમદ્ભાગવત પરની પોતાની ટીકા છે. તે પ્રથમસ્કન્ધ, દ્વિતીયસ્કન્ધ, તૃતીયસ્કન્ધ, દશમસ્કન્ધ સંપૂર્ણ, અને એકાદશ સ્કન્ધના પ્રથમ ચાર અધ્યાયો પર અત્યારે મળે છે. શ્રીવલ્લભાચાર્યના સિદ્ધાન્તનું વિસ્તારપૂર્વકનું નિરૂપણ આપણને આ ગ્રન્થમાં મળે છે. આ ગ્રન્થના પ્રારમ્ભિક મંગલશ્લોકોમાં પણ એઓ નિરૂપણ કરે છે કે પોતે અગ્નિનો અવતાર છે અને શ્રીમદ્ભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરવા માટે ભગવાને તેમને ભૂતલ પર મોકલેલ છે. નાના ગ્રન્થો પૈકીના એક ગ્રન્થનો આ લઘુલેખમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, તે ગ્રન્થનું નામ શ્રીભગવત્પીઠિકા છે. ભગવદવતાર અને ભગવલ્લીલા એના પ્રકારોનું તે ગ્રન્થમાં ટૂંકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીવલ્લભાચાર્યના ગ્રન્થો સમ્બન્ધી આ ટૂંક નિરૂપણ કર્યા બાદ હું મૂળ વિષય પર આવું છું.

અવતાર એટલે શું ? अवतरणमवतारः । व्यापिवैकुण्ठाद् भगवतः प्रपञ्चे समागमनम् ॥ (શ્રીમદ્‌ભાગ. સુબો. ૧. ૩. ૧ ની ભૂમિકા) આ પંક્તિમાં શ્રીવલ્લભાચાર્ય એવું નિરૂપણ કરે છે કે, વ્યાપિવૈકુંઠમાંથી ભગવાન આ જગતમાં પધારે તેનું નામ અવતાર. अवतरणं वैकुण्ठादत्रागमनम् ॥ (સુબો. ૧૦. ૧. ૨.) આ પંક્તિમાં પણ તે પ્રમાણેનું નિરૂપણ છે. सामान्यतोप्यवतरणं देवतिर्यङ्नरादिषु अलौकिकतेजसः संक्रमणम् ॥ (સુબો. ૧. ૧. ૧૩) આ પંક્તિમાં એવું નિરૂપણ છે કે, દેવ, મનુષ્ય, પશુ વગેરે પૈકી કોઈમાં અલૌકિક તેજનો સંચાર તે અવતાર. પરન્તુ આ પ્રકાર ગૌણ છે. આ ત્રણ પંક્તિઓમાં ‘ અવતાર ’ શબ્દ ક્રિયાવાચી છે. અવતરવાની ક્રિયા તે અવતાર. આ ઉપરાંત અવતાર શબ્દ અવતરેલ વ્યક્તિનો વાચક પણ છે. नृसिंहरामवासुदेवा एते त्रयः अंशावताराः । मत्स्यकूर्मवराहा एते त्रयः कलावताराः । वामनो बुद्धः कल्की एते त्रयः आवेशावताराः ॥ (શ્રીભગવત્પીઠિકા) આ પંક્તિઓમાં ‘ અવતાર ’ શબ્દ વ્યકિતવાચી છે. નૃસિંહ, રામ, અને વાસુદેવ અંશાવતાર છેઃ મત્સ્ય, કૂર્મ, અને વરાહ કલાવતાર છે; અને વામન, બુદ્ધ, અને કલ્કી આવેશાવતાર છે. અહીં નૃસિંહ વગેરે વ્યકિતને અવતાર કહેવામાં આવેલ છે.

શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ પ્રમાણે, એક બ્રહ્મ અથવા ભગવાન અનેક રૂપે થાય છે તેનું નામ સૃષ્ટિ; આ સૃષ્ટિમાં ભગવાન અવતાર લે છે. આ સૃષ્ટિમાં ભગવાન અવતાર લે છે એનો અર્થ એ થાય કે ભગવાનમાં ભગવાન અવતાર લે છે; અને આ તે વળી શું ? એટલે સૃષ્ટિનું પણ ટૂંક નિરૂપણ અહીં આવશ્યક છે. સૃષ્ટિ સમ્બન્ધી ટૂંક નિરૂપણ શ્રી ભગવત્પીઠિકાના પ્રારમ્ભમાં કરવામાં આવેલું છે તે નીચે મુજબ છેઃ—

श्रीपुरुषोत्तमस्य त्रीणि स्वरूपाणि । एकम् आधिभौतिकम्, द्वितीयम् आध्यात्मिकम्, तृतीयम् आधिदैविकम् । आधिभौतिको नारायणो लक्ष्मीपतिः, तत् क्षरस्वरूपम्; आध्यात्मिकं ब्रह्म अक्षरम्; आधिदैविकं पुरुषोत्तमः । सच्चिदानन्दरूपाणि । आधिदैविके पुष्टिः, आध्यात्मिके मर्यादा, आधिभौतिके प्रवाहः ॥

श्रीपुरुषोत्तमस्य सृष्टेरिच्छा यदा जायते तदा रविकाश्मीरयोगे यथा वह्निः प्रजायते तथा कालोक्षराज्जातः सदानन्दकटाक्षतः पृथग् भवति, भ्रुवो रन्ध्रादुत्पद्यते । कालात् प्रकृतिपुरुषौ । प्रकृतेर्गुणात्मको नारायणो लक्ष्मीपतिः । तस्य मनसो विष्णुः । ललाटाद् रुद्रः । नाभिकमलाद् ब्रह्मा जातः । ततः सृष्टिः ॥

આ નિરૂપણને આધારે જરા વિસ્તારપૂર્વક સૃષ્ટિનું નિરૂપણ હું કરું છું. આધિદૈવિક પુરુષોત્તમ મૂલરૂપ છે. તેનું વર્ણન તત્ત્વદીપનિબન્ધના શાસ્ત્રાર્થ પ્રકરણમાં નીચે મુજબ છેઃ—

निर्दोषपूर्णगुणविग्रह आत्मतन्त्रो निश्चेतनात्मकशरीरगुणैश्च हीनः ।
आनन्दमात्रकरपादमुखोदरादिः सर्वत्र च त्रिविधभेदविवर्जितात्मा ॥ (શ્લો. ૪૭)

આ પુરુષોત્તમ દોષરહિત અને ગુણપૂર્ણ છે, સ્વતન્ત્ર છે. મનુષ્યને જેવી રીતે જડ શરીરનાં અવયવો છે તેવી રીતે તેને હોતાં નથી. તેનાં સમગ્ર અવયવો આનન્દરૂપ છે, અને તે સર્વત્ર એકરૂપ છે. આ પુરુષોત્તમનો આનન્દ અગણિત છે. આ પુરુષોત્તમને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઈ ત્યારે તે પોતે અક્ષરરૂપ બન્યા. આ અક્ષર સમ્બન્ધમાં સપ્રકાશ તત્ત્વદીપનિબન્ધના સર્વ-

નિર્ણય પ્રકરણમાં નીચે મુજબ નિરૂપણ છે:—

> प्रकृतिः पुरुषश्चोभौ परमात्माभवत् पुरा । यद्रूपं समधिष्टाय तदक्षरमुदीर्यते ॥ ९८ ॥
> आनन्दांशतिरोभावः सत्त्वमात्रेण तत्र हि ॥

...भगवान् यदा येन रूपेण कार्यं कर्तुमिच्छति तद् रूपमेव व्यापारयति। तत्र ज्ञानेन मोक्षो देय इति यदा विचारयति तदा अक्षरमेव ब्रह्मस्वरूपं पुरुषोत्तमस्याधारभागश्चरणस्थानीयः, तमादौ चतुर्मूर्तीकरोति। अक्षररूपं, कर्मरूपं, कालरूपं, स्वभावरूपं च । तत्र यस्य रूपस्य द्वैरूप्यं भवति प्रकृतिपुरुषभेदेन तदक्षरम् ॥ ९८ ॥ ननु पुरुषोत्तमस्वरूपात् तत्र को विशेष इति चेत् तत्राह। 'आनन्दांशतिरोभावः' इति। अग्रेहमेवं भविष्यामीति इच्छामात्रेणान्तःसमुत्थितसत्त्वेन आनन्दांशस्तिरोहित इव भवति ॥

પુરુષોત્તમને ઇચ્છા થઈ તેટલે અંશે આનન્દ તિરોહિત થયો. અને આ ઇચ્છાયુક્ત ઈષત્તિરોહિતાનન્દ જે પુરુષોત્તમ તે જ અક્ષર. ईषदानन्दतिरोभावेन ब्रह्म अक्षरमुच्यते । प्रकटानन्दः पुरुष इति ॥ (અણુભાષ્ય ૧. ૨. ૨૧) અહીં ધ્યાનમાં રાખવાની વાત એ છે કે પુરુષોત્તમ મૂલસ્વરૂપે આબાદ રહીને અક્ષરરૂપ બન્યા છે. એટલે અક્ષર અને પુરુષોત્તમ બન્ને ભિન્ન પણ ખરાં અને અભિન્ન પણ ખરાં. આ વાત રાજસત્તાના દૃષ્ટાન્તથી સ્પષ્ટ થશે. રાજા પોતાની પૂર્ણ સત્તાનો અંશ બીજી કોઈ વ્યક્તિને સોંપે તેથી તેની પૂર્ણ સત્તામાં કાંઈ ન્યૂનતા આવતી નથી. પુરુષોત્તમના સ્વરૂપની બાબતમાં પણ આમ જ સમજવું. पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते । એ શ્રુતિવાક્ય આ જ વાતનું પ્રતિપાદન કરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પૂર્ણમાંથી પૂર્ણ ઉત્પન્ન થાય છે તોયે પહેલું પૂર્ણ પૂર્ણ જ છે, તેમાં કાંઈ ન્યૂનતા આવતી નથી. જ્ઞાન માટે પણ આ જ પ્રકાર છે.

> अपूर्वः कोपि कोशोयं विद्यते तव भारति । व्ययतो वृद्धिमायाति क्षयमायाति संचयात् ॥

આ સુભાષિતમાં એવું વર્ણન કરવામાં આવ્યું છે કે વિદ્યાધનનો સ્વભાવ વ્યાવહારિક ધનના સ્વભાવથી વિપરીત છે. તે ખરચ્યે વધે છે અને સંઘર્યે ઘટે છે. સુખની બાબતમાંયે આવું જ છે. બીજાને સુખી બનાવ્યાથી પોતાનું સુખ ઘટતું નથી, ઊલટું વધે છે. કવિવર શેકસપિયરનું સુપ્રસિદ્ધ વાક્ય 'It is doubly blessed : It blesseth him that gives and him that takes.' દયાગુણના સમ્બન્ધમાં તે જ વાતનું પ્રતિપાદન કરે છે. જેના પર દયા કરવામાં આવે છે તે પણ સુખી થાય છે, અને જે દયા કરે છે તે પણ સુખી થાય છે. એક દીવાના સ્પર્શથી અનેક દીવા પ્રકટે તેમાં પહેલા દીવાનું કાંઈ ઘટતું નથી. એક ચન્દન વૃક્ષના સમ્પર્કથી અનેક ચન્દન વૃક્ષો થાય છે તેમાં પહેલા ચન્દનવૃક્ષને કાંઈ ખોટ આવતી નથી. ટૂંકમાં, દ્રવ્ય વધાર્યું વધે છે ઘટાડ્યું ઘટે છે, પરન્તુ આત્મગુણ ઘટાડ્યો ઘટતો નથી, તે તો વાવર્યો વધતો જ જાય છે. પુરુષોત્તમ અને અક્ષર સમ્બન્ધમાં આમ જ સમજવાનું છે. જેમ પુરુષોત્તમ અક્ષરરૂપ બન્યા તેમ અક્ષર અક્ષરરૂપે આબાદ રહી કાલરૂપ બન્યું. કાલ કાલસ્વરૂપે આબાદ રહ્યો અને તેમાંથી પ્રકૃતિ અને પુરુષ ઉત્પન્ન થયાં. પ્રકૃતિમાંથી ગુણમય એટલે પ્રકૃતિના ગુણો જે સત્ત્વ, રજસ્, અને તમસ્ તન્મય લક્ષ્મીપતિ નારાયણની ઉત્પત્તિ થઈ. તે લક્ષ્મીપતિ નારાયણના

મનમાંથી સૃષ્ટિનું પાલન કરનાર વિષ્ણુ ઉત્પન્ન થયા, લલાટમાંથી સૃષ્ટિનો સંહાર કરનાર રુદ્ર ઉત્પન્ન થયા, અને નાભિકમલમાંથી સૃષ્ટિને ઉત્પન્ન કરનાર બ્રહ્મા ઉત્પન્ન થયા, અને બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી. આ સૃષ્ટિમાં જીવ અને જડ એ બે જબ્બર પ્રકારો માલૂમ પડે છે. જીવો અક્ષરનો જે ચેતનાંશ પુરુષ તેના અંશો છે, અને જડ સૃષ્ટિ અક્ષરનો જે અચેતનાંશ પ્રકૃતિ તેનું પરિણામ છે. જીવો પણ અનેકવિધ છે અને જડ સૃષ્ટિ પણ અનેક પ્રકારે દેખા દે છે. જીવ ચેતન ભોક્તા છે અને જડ અચેતન ભોગ્ય છે. આ સૃષ્ટિમાં સ્વર્ગ, પાતાલ, ભૂતલાદિ અનેક લોક છે. ભૂતલ કર્મલોક છે, સ્વર્ગાદિ ભોગલોક છે. જીવો સારાં કર્મો કરે છે તો તેઓને સુખપૂર્ણ સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થાય છે. પાપ પુણ્યનો ભોગ પૂરો થયે પાછો અમુક પ્રારબ્ધ કર્મ લઇને જીવ ભૂતલ પર જન્મે છે. ત્યાં પણ સાધારણ સુખદુઃખ તે ભોગવે છે. જીવો બે પ્રકારના છેઃ દૈવી અને આસુરીઃ જગતના કલ્યાણાર્થે જેઓની આન્તર તેમ બાહ્ય પ્રવૃત્તિ છે તે દૈવી જીવો; પોતાનો સ્વાર્થ સાધનારા અથવા તો પોતાના વિનોદાર્થે જગતને ત્રાસ આપનારા આસુરી જીવો છે. આસુરી જીવો અધર્મમાં જ રસ લે છે. કોઇ વખત આસુરી જીવોનું બલ અને તેમનો ત્રાસ એટલો બધો વધી જાય છે કે દૈવી જીવોને તેમનાથી બચવા શું કરવું એ સૂઝતું નથી. ઇશ્વરને શરણે જઇ તેની આગળ પોતાનાં દુઃખ રજૂ કરવાં અને તેની મદદ માગવી એ એક જ તેમની પાસે ઉપાય રહે છે અને તે તેમનો ઉપાય પ્રાયઃ સફલ થાય છે. ઇશ્વર અવતાર લઈ તે આસુરી જીવોનો વિનાશ કરે છે અને દૈવી જીવોનાં દુઃખ દૂર કરે છે. આ પ્રવાહ વહ્યો જાય છે. પરમેશ્વર એક જ જો આ વિશ્વમાં તત્ત્વ છે, તો આવા આસુરી જીવો ક્યાંથી ? તેમને શા માટે સરજે ? અને શા માટે મારે ? વગેરે પ્રશ્નો તત્ત્વચિન્તકને થાય અને એનો જવાબ પણ કાંઇક અંશે મળી શકે છે, તોયે આ ચર્ચા કરવી અહીં અપ્રાસંગિક છે એમ સમજી અને સરજનારે શા માટે સરજ્યું એ સરજનાર જાણે અને એ સરજનાર સ્વતન્ત્ર હોવાથી ફાવે તેમ સરજે તેને કોઇ રોકી શકે નહિ વગેરે વિચાર લાવી એ ચર્ચા હું અહીં કરતો નથી. આ રીતે કારણાવસ્થામાં ભગવાનથી અભિન્ન જે આ સૃષ્ટિ તે કાર્યાવસ્થામાં ભગવાનથી ભિન્ન છે; એટલે ભગવાનના અનેકવિધ અવતારો એ સૃષ્ટિમાં સંભવી શકે છે અને થાય છે પણ.

આ સૃષ્ટિમાં પરમેશ્વર અવતાર લે છે અને તે અવતારના પ્રકારો કેટલા અને એ અવતાર લેવાનાં પ્રયોજન ક્યાં તે હવે જોઇયે.

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् (ભા. ૧. ૩. ૨૮ પૂર્વાર્ધ) એ શ્લોકાર્ધમાં અવતારના ત્રણ પ્રકારનું નિરૂપણ છેઃ અંશાવતાર, કલાવતાર, અને પૂર્ણાવતાર. આ ઉપરાંત બીજા બે પ્રકાર છેઃ આવેશાવતાર અને વિભુતિ. પાંચરાત્ર સિદ્ધાન્તમાં પણ અવતારના પાંચ પ્રકારો સ્વીકારવામાં આવ્યા છે. પણ તે પ્રકારો ઉપર કહ્યા પ્રકારોથી કાંઇક અંશે ભિન્ન અને કાંઇક અંશે મળતા છે. અજ્ઞાતસ્થલવિશેષ નીચેના બે શ્લોકોમાં તે પ્રકારોનું નિરૂપણ છેઃ—

मम प्रकाराः पञ्चेति प्राहुर्वेदान्तपारगाः । परो व्यूहश्च विभवो नियन्ता सर्वदेहिनाम् ॥ १ ॥
अर्चावतारश्च तथा दयालुः पुरुषाकृतिः । इत्येवं पञ्चधा प्राहुर्मां रहस्यविदो जनाः ॥ २ ॥

પર, વ્યૂહ, વિભવ, અન્તર્યામી, અને અર્ચાવતાર આ પ્રમાણે પાંચ પ્રકારોનું આ શ્લોકમાં નિરૂપણ છે. આ વાત સાચી, પરન્તુ પાંચરાત્ર સિદ્ધાન્તનો પર અને શ્રીવલ્લભાચાર્યનો પૂર્ણાવતાર એ બે એક નથી. વ્યૂહ ક્યાંક અંશાવતાર છે અને ક્યાંક કલાવતાર છે. વિભવ પણ ક્યાંક અંશાવતાર અને ક્યાંક કલાવતાર છે. અન્તર્યામી એક તો અપ્રત્યક્ષ છે અને સદા સર્વત્ર વિદ્યમાન છે એટલે તેની અવતારમાં ગણના ન થઈ શકે. અર્ચાવતાર ભક્તવિશેષ પૂરતો જ હોવાથી તેની અવતારમાં પ્રસિદ્ધિ નથી. એક એક પ્રકારનું વિશેષ નિરૂપણ કરું તેની પહેલાં અવતાર લેવાનાં પ્રયોજનોનું જો નિરૂપણ થાય તો અવતારપ્રકારોનું નિરૂપણ એકદમ વિશદ થઇ શકે, કારણ એ કે સર્વ અવતારપ્રકારો સર્વ અવતારપ્રયોજનો સાથે સમ્બન્ધ નથી રાખતા; અમુક અવતારપ્રકારનો અમુક અવાતરપ્રયોજન સાથે જ સમ્બન્ધ હોય છે.

અવતારપ્રયોજનો આ પ્રમાણે છેઃ (૧) અધર્મનાશ અને ધર્મનું સ્થાપન, (૨) ભક્તની કીર્તિ વધારવી, (૩) ભક્તનો મનોરથ પૂરવો, (૪) એવી લીલા કરવી કે જેને સાંભળવાથી અને સંભારવાથી મોક્ષ પ્રાપ્ત થાય, (૫) સાક્ષાત્ સ્વરૂપબળથી જીવોને મોક્ષદાન કરવું, (૬) વિનોદ, અને (૭) ભક્તો સાથે સાક્ષાત્ લીલા કરી પૂર્ણાનન્દનું દાન કરવું. પહેલું પ્રયોજન અધર્મનાશ અને ધર્મનું સ્થાપન એ

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥
(ભ. ગી. ૪. ૭-૮)

એ સુપ્રસિદ્ધ ભગવદ્ગીતા-વાક્યમાં કહેવામાં આવ્યું છે. બીજું પ્રયોજન ભક્તની કીર્તિ વધારવી એ

केचिदाहुरजं जातं पुण्यश्लोकस्य कीर्तये । यदोः प्रियस्यान्ववाये मलयस्येव चन्दनम् ॥
(ભાગ. ૧. ૮. ૩૧)

એ શ્લોકમાં છે. રામે અવતાર લીધો તેથી રઘુનો વંશ પ્રસિદ્ધ થયો અને કૃષ્ણે અવતાર લીધો તેથી યદુકુલ પ્રસિદ્ધ થયું. ત્રીજું પ્રયોજન ભક્તનો મનોરથ પૂર્ણ કરવો એ

अपरे वसुदेवस्य देवक्यां याचितोभ्यगात् । अजस्त्वमस्य क्षेमाय वधाय च सुरद्विषाम् ॥
(ભાગ. ૧. ૮. ૩૨)

એ શ્લોકમાં કહેવામાં આવ્યું છે. વસુદેવે પૂર્વજન્મમાં તપ કરી માગણી કરી એટલે ભગવાન પુત્રરૂપે પ્રકટ્યા. નન્દરાયજીએ પણ પૂર્વજન્મમાં તેવી માગણી કરેલી. ચોથું પ્રયોજન એવી લીલા કરવી કે જેને સાંભળવાથી અને સંભારવાથી જીવો મુક્ત થાય એ

भवेस्मिन् क्लिश्यमानानामविद्याकामकर्मभिः । श्रवणस्मरणार्हाणि करिष्यन्निति केचन ॥
(ભાગ. ૧. ૮. ૩૪)

એ શ્લોકમાં કહેવામાં આવ્યું છે. પાચમું પ્રયોજન સાક્ષાત્ સ્વરૂપબળથી જીવોને મુક્તિ આપવી એ

नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप । अव्ययस्याप्रमेयस्य निर्गुणस्य गुणात्मनः ॥
कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव वा । नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते ॥
(ભાગ. ૧૦. ૨૬. ૧૪–૧૫)

એ શ્લોકમાં કહ્યું છે. પ્રકટ પ્રભુને કોઈ પણ ભાવથી ભજે તેને તે પ્રભુ પોતાના સ્વરૂપબળે મુક્તિ આપે છે. પૂતના, કંસ, શિશુપાલ વગેરેને આ રીતે મુક્તિ મળી છે, નહિતર ભગવાનના વેરીને તે વળી મુક્તિ હોય? ભગવાન અહીં કોઈ અલૌકિક સ્વરૂપે દર્શન આપે છે. કુહાડો ચન્દનને કાપે છે છતાં તે ચન્દન કુહાડાની ધારને સુગન્ધી બનાવે છે. ભગવાનના વિષયમાં પણ આવું જ સમજવું. છઠ્ઠું પ્રયોજન જે વિનોદ તેનું નિરૂપણ

न तेऽभवस्येश भवस्य कारणं विना विनोदं बत तर्कयामहे ।
(ભાગ. ૧૦. ૨. ૩૯ પૂર્વાર્ધ)

એ શ્લોકાર્ધમાં છે. સાતમું પ્રયોજન જે ભક્તોની સાથે સાક્ષાત્ લીલા કરી પૂર્ણાનન્દનું દાન કરવું એનું નિરૂપણ

अनुग्रहाय भक्तानां मानुषं देहमास्थितः । भजते तादृशीः क्रीडा याः श्रुत्वा तत्परो भवेत् ॥
(ભાગ. ૧૦. ૩૦. ૩૭)

એ શ્લોકમાં છે. આ શ્લોકમાં ભગવાનની નામલીલા અને રૂપલીલા બન્નેનું નિરૂપણ છે. ભક્તો પર કૃપા કરી ભક્તસમાન દેહ ધારણ કરી એવી લીલા કરે છે કે જે સાંભળવાથી પણ જીવ પૂર્ણાનન્દનો અનુભવ કરે છે તો પછી જે લીલાનું દર્શન કરે અને તે લીલામાં ભાગ લે તેને પૂર્ણાનન્દનો અનુભવ થાય તેમાં પૂછવાનું શું ?

આ સાત પ્રયોજનો પૈકી છેલ્લાં બે પ્રયોજનો જે વિનોદ અને સાક્ષાત્ લીલા કરી જે ભક્તોને પૂર્ણાનન્દનું દાન તે પૂર્ણાવતાર સાથે સમ્બન્ધ રાખે છે, જ્યારે બાકીનાં પ્રયોજનો અંશાવતાર સાથે સમ્બન્ધ ધરાવે છે. ટૂંકમાં અવતારપ્રકારનું નિરૂપણ કરવું હોય તો તે પ્રકાર બે જ છેઃ એક પૂર્ણાવતાર અને બીજો અંશાવતાર. કોઈ પણ જાતના આવરણ વગર આનન્દઘન પ્રભુ પોતે અવતાર લે તે પૂર્ણાવતાર. આ અવતારને અવતારી પણ કહેવાય છે. પૂર્ણાવતાર અથવા અવતારી એટલે મૂલ સ્વરૂપ કે જેના બીજા બધા અવતારો છે. પૂર્ણાવતાર સિવાયના બાકી બધા અંશાવતાર. કલાવતાર, આવેશાવતાર વગેરે અંશાવતારના અવાન્તર પ્રકારો છે. આ અંશાવતાર અને પૂર્ણાવતાર સમ્બન્ધમાં વિસ્તૃત અને વિશદ નિરૂપણ આપણને 'स्वाध्यायस्य तथात्वेन समाचारेधिकाराच्च सर्ववच्च तन्नियमः ।' (બ્ર. સૂ. ૩. ૩. ૩) પરના અણુભાષ્યમાં પ્રાપ્ત થાય છે, જે નીચે મુજબ છે :

'सत्त्वं यस्य प्रिया मूर्तिः' 'विशुद्धसत्त्वं तव धाम शान्तम्' इत्यादिवाक्यैरप्राकृतो भगवत्स्थानभूतः सत्त्वनामा भगवद्धर्मरूप एव कश्चनास्ति । यादृशेन रूपेण भगवान् कार्यं कर्तुमिच्छति तादृग्रूपं तं प्रकटीकृत्य तस्मिन् स्वयमाविर्भूय अयःपिण्डे वह्निवत् तत्तत्कार्याणि करोति यस्मिन् यस्मिन्नवतारे स सोंश इत्युच्यते ।

तत्र हि विग्रहस्य सत्त्वात्मकत्वेन धर्मरूपत्वात् तत्राविर्भूतस्यैव ब्रह्मत्वात् समुदितस्यावतारत्वेन गणनात् तत्रैकस्यैवांशस्य तद्रूपत्वं तदेवांशत्वम् । यत्राधिष्ठानमनपेक्ष्य स्वयमेव शुद्धं साकारं ब्रह्माविर्भवति भक्तार्थं स स्वयं पूर्णो भगवानुच्यते । एतदेव च श्रैष्ठ्यम् ॥...

प्राकट्यं हि भक्तिनिमित्तकम् । सा तु वहुविधेति तदनुरूपं प्राकट्यमपि तथा । सर्गादिकार्येष्वधिकृतानां भक्तानामितरासक्तिरप्यस्तीत्युपाध्यन्तरितस्नेहवत्त्वाचानन्तरूपत्वेन मत्स्यादिरूपोपि तदर्थं तद्व्यवहित एव प्रकटीभवति । ये तु भगवत्स्वरूपमात्रासक्तास्तदर्थं स्वयमेवातद्व्यवधानेन प्रादुर्भवति ॥

આ બે ખંડો પૈકી પૂર્વખંડનો આશય એ છે કેઃ 'વિશુદ્ધસત્ત્વ' નામનો પ્રકૃતિથી પર કોઈ એક પદાર્થ છે. આ 'વિશુદ્ધસત્ત્વ' નામના પદાર્થનું વર્ણન આ શ્લોકમાં છેઃ

यस्यावयवसंस्थानैः कल्पितो लोकविस्तरः । तद् वै भगवतो रूपं विशुद्धं सत्त्वमूर्जितम् ॥
(ભાગ ૧. ૩. ૩)

પ્રકૃતિથી પર એમ કહેવાનો આશય એ છે કે પ્રકૃતિના ત્રણ ગુણો જે સત્ત્વ, રજસ્ અને અને તમસ્ તે પૈકીનો પ્રથમ જે 'સત્ત્વ' ગુણ તેથી આ 'વિશુદ્ધસત્ત્વ' નામનો પદાર્થ ભિન્ન છે એટલે તે પ્રકૃતિજન્ય નથી. હવે, ભગવાન જ્યારે અમુક અવતાર લેવા માગે છે, દાખલા તરીકે, જ્યારે મત્સ્યાવતાર લેવા માગે છે, ત્યારે તે 'વિશુદ્ધસત્ત્વ' નામના પદાર્થનો એક મત્સ્યાકાર દેહ પ્રકટ કરે છે અને તે દેહમાં પછી પોતે પ્રકટ થાય છે. અગ્નિ જે પ્રકારે લોઢાના ગોળામાં રહી કાર્ય કરે છે તે પ્રકારે દેહમાં રહી કાર્ય કરે છે. આ ભગવાનનો અંશાવતાર. પૂર્ણાવતાર અને અંશાવતારમાં તારતમ્ય એ છે કે: પૂર્ણાવતારમાં દેહાત્મકૃત ભેદ નથી; સમગ્ર સ્વરૂપ આનન્દઘન એકરૂપ છે. અંશાવતારમાં દેહાત્મકૃત ભેદ છે. દેહ 'વિશુદ્ધસત્ત્વ' નામના પદાર્થનો બનેલો હોય છે. માત્ર આત્મા આનન્દરૂપ હોય છે. આ આનન્દ ગણિત યા મર્યાદિત હોય છે. આ અવતારનું કાર્ય પણ મર્યાદિત હોય છે. જે કાર્ય કરવા તે અવતાર થયો હોય છે તેટલા પૂરતું જ પ્રાયઃ તે કાર્ય કરે છે. આથી ઊલટું, પૂર્ણાવતારનો આનન્દ અગણિત હોય છે અને તેનું સામર્થ્ય પણ અપરિમિત હોય છે. અને બીજા ખંડનો આશય એ છે કે: ભગવાન જે અવતાર લે છે તે ભક્તો ખાતર લે છે. બધા ભક્તો એક સરખા નથી હોતા. દૃષ્ટાન્તથી આ વાત વધારે સ્પષ્ટ થશે. રાજાને દીવાન પણ ભજે છે, અને રાણી પણ ભજે છે. દીવાનને રાજ્યવ્યવસ્થા માટે અમુક કાર્ય કરવું આવશ્યક છે, પરન્તુ તે કાર્ય કરવાનું સામર્થ્ય એટલે તે કાર્ય કરવાની સત્તા તેની પાસે નથી. તેને તે સત્તાની જરૂર છે. તે રાજા પાસે આવે છે, રાજા કાં તો પોતે અથવા પોતાના આદમી દ્વારા તે દીવાનને તેમ કરવાની સત્તા આપે છે. પોતાનું કાર્ય કરે છે, અને પાછી મૂંઝ- વણ ઊભી થાય તો વળી રાજા પાસે આવે છે. અને રાજા તેની મૂંઝવણ દૂર કરે છે કે તે પોતાને કામે ચાલ્યો જાય છે. દીવાન રાજાના સ્વરૂપને નથી ભજતો; તે તેનો ધર્મ જે સત્તા તેને ભજે છે. સત્તાની જરૂર જ્યારે પડે ત્યારે પણ તેને પોતાની મતલબનો જ ખ્યાલ હોય છે. કાર્ય બગડશે તો મારું દીવાનપદું જશે એવો તેને મનમાં વિચાર રહે છે માટે કાર્ય સંભાળે છે. રાજા ખાતર હું આ કરું છું અને બરાબર નહિ કરું તો રાજાને હાનિ થશે એ વિચાર તેને

હોતો નથી અને હોય છે તો નહિ જેવો. દીવાનપદું જતું રહેશે એ વિચાર તેને મુખ્ય હોય છે. હવે, રાણી પણ રાજાને ભજે છે. અને અહીં રાણીના પણ જે બે પ્રકાર છે તે ધ્યાનમાં લેવાના છે: એક કામી રાણી અને બીજી પ્રેમી રાણી. કામી રાણી એ કે જેને રાજા દ્વારા પોતાની મનઃકામના પૂર્ણ કરવી એ જ લક્ષ્ય હોય છે. પ્રેમી રાણી એ કે રાજાના સુખમાં સાધનભૂત પોતે કેમ બને એ જેનું લક્ષ્ય હોય. કામી રાણી રાજાના સ્વરૂપને નથી ભજતી, પરન્તુ રાજાના ધર્મને ભજે છે. કામનાપરિપૂરકત્વરૂપ જે રાજાનો ધર્મ તેને તે ભજે છે. પોતાની કામના રાજા પરિપૂર્ણ કરે તેટલા પૂરતી જ તે રાજાને ભજે છે. પ્રેમી રાણીની વાત જુદી જ છે. તેને પોતાના સુખનો સ્વપ્નેય ખ્યાલ નથી હોતો. તેને તો દિવસરાત એ જ વિચાર રહ્યા કરે છે કે હું રાજાને કયે પ્રકારે સુખી બનાવું, હું રાજાના સુખ ખાતર કેમ ખપી જાઉં. હવે, આ ત્રણ વ્યક્તિઓ, દીવાન, કામી રાણી અને પ્રેમી રાણી સાથે રાજા કેવો વ્યવહાર રાખે એનો વિચાર કરિયે. દીવાનને સત્તા આપી દીધી એટલે પત્યું. પછી તે બાબતની રાજાને ચિન્તા નથી કરવાની હોતી. પત્ર દ્વારા કે નોકર દ્વારા દીવાનને સત્તા આપી દે એટલે પછી રાજાને કાંઈ કરવાનું નથી રહેતું. આ કાર્ય પોતે જાતે કરવું પડે એવું કાંઈ નથી, તો પછી પોતે જાતે શા માટે કરે ? કામી રાણીની કામના પરિપૂર્ણ થાય એટલું જ રાજાને લક્ષ્ય રહે છે. તે પરિપૂર્ણ થાય એટલું કર્યા પછી વિશેષ કૃતિમાં તે પ્રવૃત્ત થતો નથી. આ કામનાની પૂર્તિમાં સ્વયં વ્યાપૃત થવું પડે એ વાત સાચી, પરન્તુ એ કામના પરિપૂર્ણ કરવા પૂરતું જ, વધારે નહિ. ટૂંકમાં કહિયે તો તન ઉઘાડું કરવું પડે, પરન્તુ મન ઉઘાડું કરવું નિરર્થક છે. મન તો પ્રેમી રાણી આગળ જ ખુલ્લું કરે. પ્રેમી રાણીને પોતાના સુખની તો પરવા નથી હોતી. રાજા કયે પ્રકારે સુખી રહે તે જ તેનું લક્ષ્ય હોય છે. આવી રાણીના શુદ્ધ પ્રેમને વશ થઇ તેની આગળ મન ખુલ્લું મૂકતાં પણ રાજા સંકોચ પામતો નથી; પ્રેમી રાણીથી રાજા એક વાત પણ છુપાવતો નથી. રાજા પોતાનું સમગ્ર સ્વરૂપ આવી રાણી આગળ પ્રકટ કરે છે. અવતારપરિભાષામાં કહિયે તો રાજાના પૂર્ણાવતારનું દર્શન આવી પ્રેમી રાણીને હોય છે. કામી રાણી અને દીવાનને તો અંશાવતારનાં દર્શન છે. પ્રભુના વિષયમાં પણ આવું જ સમજવું. બ્રહ્માદિ અધિકારી દેવો દીવાન જેવા છે. જ્યારે પોતાનાં સૃષ્ટિઆદિ કાર્યમાં મૂંઝવણ ઊભી થાય છે, ત્યારે પ્રભુને પ્રાર્થના કરે છે. અને પ્રભુ તે મૂંઝવણ દૂર જેટલા પોતાના અંશથી થઈ શકે તેટલો જ અંશ પ્રકટ કરે છે. પ્રભુએ સાક્ષાત્ યા પૂર્ણ સ્વરૂપે પધારવું આવશ્યક નથી. અને આપણે અલ્પજ્ઞાની મનુષ્યો પણ નિરર્થક યા અનાવશ્યક કામ નથી કરતા તો પૂર્ણજ્ઞાની પરમાત્મા અનાવશ્યક કામ શા માટે કરે ? મર્યાદા ભક્તો કામી રાણી જેવા છે. પ્રભુને તેઓ ભજે છે, પરન્તુ પ્રભુથી મળતાં મોક્ષાદિ પ્રાપ્ત કરવા તેઓ પ્રભુને ભજે છે, એટલે પ્રભુ પણ તેઓને માટે મોક્ષદાતૃ સ્વરૂપ પ્રકટ કરે છે, સમગ્ર સ્વરૂપ નહિ. પરન્તુ પ્રેમી રાણી જેવા જે અનુગૃહીત (=પુષ્ટ)ભક્તો એમને તો પ્રભુના જ સુખનો વિચાર હોય છે; પ્રભુ પાસેથી મળતા સુખની લેશ પણ ઇચ્છા તેઓ નથી રાખતા. પ્રેમવશ થઈ જેમ આ પુષ્ટિભક્તો પ્રભુના થઇને રહ્યા છે, તેમ પ્રેમવશ થઈ પ્રભુ પણ તેમનો થઇને રહે છે. પ્રભુ અને ભક્ત વચ્ચેનો આ સમ્બન્ધ શ્રેષ્ઠ છે. પુષ્ટિમાર્ગમાં આ સમ્બન્ધ માટે જ આગ્રહ છે. આવા પુષ્ટિભક્તો ખાતર પ્રભુ સાક્ષાત્ યા પૂર્ણસ્વરૂપે પ્રાકટ્ય લે છે. પરન્તુ

આવા ભક્તો પણ વિરલ અને આવો પૂર્ણાવતાર પણ વિરલ. આ વિવેચનનો ટૂંકો સાર એ કે શુદ્ધ પ્રેમી ભક્તોના મનોરથો પૂર્ણ કરવા, તેમની સેવાનો અંગીકાર કરવા, તેમની સાથે વિહાર કરવા, અને તેમને આનન્દનું દાન કરવા જે પ્રભુનું સ્વરૂપ પ્રકટ થાય છે તે પૂર્ણાવતાર, બાકી બધા અંશાવતાર.

હવે, અંશાવતારનો અવાન્તર પ્રકાર જે કલાવતાર તેનો વિચાર કરિયે. ‘कलाः धर्मावेशिनः’ (સુબો. ૧. ૩. ૨૭) એ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યનું વચન છે. જેમાં ધર્મનો આવેશ હોય તે કલાવતાર. ઈશ્વરના છ ધમો છેઃ

ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥
(વિષ્ણુપુરાણ ૬. ૫. ૭૪)

સમગ્ર સત્તા, પરાક્રમ, કીર્તિ, લક્ષ્મી, જ્ઞાન, અને વૈરાગ્ય એ છ ઈશ્વરના ધર્મો આ શ્લોકમાં ગણાવવામાં આવ્યા છે. કોઈ વ્યક્તિમાં આ છ ગુણો પૈકીનો એક ગુણ પ્રકટ હોય તે કલાવતાર. દાખલા તરીકે, વ્યાસજી એ ભગવાનના જ્ઞાનાવતાર છે. અંશાવતાર અને કલાવતાર વચ્ચે તારતમ્ય એ કે કલાવતારમાં જે ધર્મ પ્રકટ હોય છે તે જ કાર્ય કરે છે, બીજા ધર્મો તિરોહિત રહે છે. અંશાવતારમાં આત્મા ધર્મી એટલે ભગવત્સ્વરૂપ તેનો અંશ હોય છે એટલે ઓછાવત્તા પ્રમાણમાં બીજા ધર્મો પણ દર્શન આપે છે. રામચન્દ્રજી અંશાવતાર છે અને એમનામાં ઉપર ગણાવેલા છએ ધર્મોનું દર્શન થાય છે.

ત્યાર પછી આવેશાવતાર ‘कार्यकाले सङ्क्रमणमावेशः’ (સુબો ૧. ૩. ૬) આ પ્રમાણેનું શ્રી વલ્લભાચાર્યનું વચન છે. ‘सम्बन्धादेवमन्यत्रापि ।’ (બ્ર. સૂ. ૩. ૩. ૨૦) પરના અણુભાષ્યમાં આવેશાવતારનું વર્ણન નીચે પ્રમાણે છેઃ

अथ यत्र कार्यचिकीर्षया. जीवे स्वयमाविशति तदावेशात् तद्धर्मा अपि केचित् तस्मिन्नाविर्भवन्ति ॥

આ પંક્તિમાં એમ કહ્યું છે કે, કોઈ કામ કરવાની ઇચ્છાથી કોઈ જીવમાં પ્રભુ પ્રવેશ કરે છે ત્યારે તે જીવમાં કેટલાક ભગવદ્ધર્મો પણ પ્રકટ થાય છે. આ આવેશાવતારકાર્ય પૂરું થયું એટલે ભગવાન્ અને ભગવાનના ધર્મો તિરોહિત થાય છેઃ જીવ પહેલાં જેવો હતો તેવો થઈ રહે છે. અંશાવતારમાં તેમ કલાવતારમાં આત્મા ભગવદંશ હોય છે; જ્યારે આવેશાવતારમાં આત્મા જીવ હોય છે. કલાવતારમાં આવેશ યાવજ્જીવન હોય છે, જ્યારે આવેશાવતારમાં કાર્ય કરવાનું છે તેટલો વખત જ આવેશ હોય છે. કલાવતારમાં ભગવદ્ધર્મનો આવેશ હોય છે, આવેશાવતારમાં ભગવદ્ધર્મ ઉપરાંત સ્વરૂપનો આવેશ પણ હોઇ શકે. પરશુરામ એ આવેશાવતાર છે. તે એક બ્રાહ્મણ હતા તે ભગવદાવેશથી મહાપરાક્રમી બન્યા, એટલે કે તેમનામાં વીર્ય ગુણ પ્રકટ થયો. રામચન્દ્રજીનું દર્શન થતાં આ આવેશ નિવૃત્ત થયો અને પાછા હતા તેવા થઈ ગયા.

વિભૂતિના બે પ્રકાર છેઃ સામાન્ય અને વિશેષ. સામાન્ય પ્રકારનું નિરૂપણ ભગવદ્ગીતાના દસમા અને શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કન્ધના સોળમા અધ્યાયમાં છે. વિશેષ ગુણનું દર્શન થાય

તે ભગવદ્વિભૂતિ. આ સામાન્ય લક્ષણ. ભગવદ્વિભૂતિ કાંઈ ચેતન હોય એવો કોઈ નિયમ નથી. જે વર્ગમાં શ્રેષ્ઠ તે ભગવદ્વિભૂતિ. ઋતુમાં વસન્ત શ્રેષ્ઠ છે માટે તે વિભૂતિ; અને છેતરવાના ઉપાયોમાં દ્યૂત શ્રેષ્ઠ છે માટે તે પણ વિભૂતિ. અને વિભૂતિનું વિશેષ લક્ષણ 'मन्त्राद्यधिष्ठातृरूपाणि तु विभूतिरूपाणि ।' (અણુભાષ્ય ૩. ૩. ૩) એ પ્રમાણે છે. અમુક મન્ત્ર જપો એટલે અમુક ફલ મળે. આ મન્ત્રજપનું ફલ આપનાર દેવ તે ભગવદ્વિભૂતિ.

ત્યાર પછી વિચાર કરવાનો રહે છે વ્યૂહનો. વ્યૂહસમ્બન્ધી નિરૂપણ શ્રીવલ્લભાચાર્યના પૌત્રના પૌત્ર શ્રીહરિરાયજીએ લખેલા શિક્ષાપત્રમાં મળે છે. તે નીચે મુજબ છેઃ—

> मूलभूतस्यावतारे मूर्तिर्व्यूहोऽभिधीयते । प्रद्युम्नो वासुदेवश्चानिरुद्धोनन्त एव च ॥
> व्यूहं विरच्य यस्तत्र स्थाप्यते प्राप्यते न सः । तथैतैरावृतः कृष्णो नावतारेवगम्यते ॥
> अत एव जना भ्रान्ताः प्राकृतं तं वदन्ति हि । अंशकार्यं मूलरूपे कल्पयन्त्यज्ञतां गताः ॥
> कृष्णस्तु केवलं लीलां करोति रसरूपिणीम् । भूभारहरणं चक्रे कलाभ्यामेव सर्वथा ॥

(શિક્ષાપત્ર ૩૮. ૬–૯)

આ નિરૂપણનો આશય એ છે કે, જ્યારે પ્રભુ પૂર્ણાવતારે પ્રકટ થાય છે ત્યારે મોક્ષદાન, ભૂભારહરણ, વંશવૃદ્ધિ, અને ધર્મરક્ષા આ ચાર કાર્યો કરવા જે સાથેસાથ ચાર અવતાર થાય છે તે વ્યૂહ. મોક્ષદાન એ વાસુદેવ વ્યૂહનું કાર્ય છે. ભૂભારહરણ એ સંકર્ષણવ્યૂહનું કાર્ય છે. વંશવૃદ્ધિ એ પ્રદ્યુમ્નવ્યૂહનું કાર્ય છે, અને ધર્મરક્ષા એ અનિરુદ્ધવ્યૂહનું કાર્ય છે. આ ચાર વ્યૂહથી પર જે કૃષ્ણ તે તો ભક્તોને અલૌકિક આનંદ આપવાનું જ કાર્ય કરે છે, અને પૂર્ણાવતાર છે. માટે જ कृष्णस्तु भगवान् स्वयम् । (ભાગ. ૧–૩–૨૮) એવું વચન છે. આ વ્યૂહો પ્રાયઃ કલાવતારો હોય છે.

અવતાર સમ્બન્ધી આ ટૂંક અને સામાન્ય નિરૂપણ છે. વિશેષ નિરૂપણ સ્થલ, સમય, શક્તિ, અને અભ્યાસની પરિમિતતાને કારણે અહીં શક્ય નથી. છતાંયે તેનું દિગ્દર્શન કરાવવું ઉચિત છે. ભગવાનના જેટલા અવતારો છે એ એક પછી એક લેવા અને ચર્ચવા કે એ કયા પ્રકારના અને શા માટે છે. શ્રીવલ્લભાચાર્યે સુબોધિનીમાં ક્યાંક ક્યાંક વિશેષ નિરૂપણ પણ કરેલું છે. અભ્યાસીને આ વિષય રસપ્રદ થઈ પડે છે. પરન્તુ સામાન્ય વાચકને માટે તો આ ટૂંક નિરૂપણ જ પર્યાપ્ત છે. આ ઉપરાંત ઈશ્વર અને ઈશ્વરના અવતારો સમ્બન્ધી તત્ત્વચિન્તકના મનમાં ઊઠતા પ્રશ્નોનો વિસ્તારપૂર્વક જે વિચાર તેને પણ વિશેષ નિરૂપણમાં સ્થાન હોઈ શકે એટલું જ નહિ, પરન્તુ તે વિષય તો સામાન્ય વાચકને પણ રસપ્રદ થઈ પડે.

હવે, ઉપસંહારમાં એક જ વસ્તુનો નિર્દેશ કરવો બાકી રહે છે. એ એ કે ઈશ્વર અને ઈશ્વરાવતારને વિજ્ઞાનદૃષ્ટિએ કાંઈ સ્થાન ખરું ? બીજી રીતે કહિયે તો, આ વસ્તુ કેવળ શ્રદ્ધાગોચર છે કે યુક્તિગોચર પણ ખરી ? 'વિજ્ઞાન' શબ્દને વિસ્તૃત અર્થમાં લો તો ઈશ્વર. અને ઈશ્વરાવતારને વિજ્ઞાનદૃષ્ટિયે સ્થાન અવશ્ય છે. અબાધિત અનુભવથી જે વસ્તુ સિદ્ધ હોય તે

પછી ભલે સૌ અનુભવી ન શકે તો પણ સાચી છે. કવિતાના રસનો સહૃદય જનો જ આસ્વાદ લઈ શકે છે, સૌ નથી લઈ શકતા. ઈશ્વરના વિષયમાં પણ આવું જ છે. ભક્તિભાવવાળા જનો જ ઈશ્વરના સ્વરૂપનો આસ્વાદ લઈ શકે છે. માટે જ શ્રીવલ્લભાચાર્ય લખે છે કે, ‘ योगजधर्मसाक्षात्कार एव भगवदवतारत्वे प्रमाणम् ’ (સુબો. ૧. ૩. ૪) એટલે કે, યોગ દ્વારા જે સાક્ષાત્કાર થયો છે અને થાય છે તે ઈશ્વર અને ઈશ્વરના અવતારના વિષયમાં પ્રમાણ છે. બાકી આમ જ છે અને આમ ન જ હોઈ શકે એમ કહેવું એ અનન્ત શક્યતાથી પૂર્ણ આ વિશ્વમાં મનુષ્યબુદ્ધિની અણી બુઠ્ઠી કરવા જેવું છે અથવા તેના સર્વતોભદ્ર વિકાસને રોકવા જેવું છે. પછી તો જેને જે રુચે તે ખરું.

શિલ્પ અને ચિત્રકળામાં ચક્ષુનું સ્વરૂપ અને તેના ભેદો

શ્રી. કનૈયાલાલ ભા. દવે

જગતના સૂત્રધાર, અખિલ બ્રહ્માંડના નાયક, અને વિશ્વના સરજનહાર પરમકૃપાળુ પરમાત્માની અકલિત કલા જગતભરમાં વ્યાપ્ત થયેલી છે. સ્થાવર, જંગમ, જડ, ચૈતન્ય, દરેકે દરેક વસ્તુમાં તેણે એટલું સુંદર સંયોજન રચ્યું હોય છે કે, જગતના કલાકારની અદ્ભુત કલાનો ઊંડો અભ્યાસ કરતાં, તેમાંથી રોજ–બરોજ નવાં નવાં સત્યો જાણવા મળે છે. મનુષ્ય તે કલાને પિછાની, તેની અનુકૃતિ ઉપજાવવાનો પ્રયાસ કરે છે, પણ ઈશ્વરનિર્મિત મૌલિકતાનો એક અંશ પણ માનવકૃત પ્રતિકૃતિમાં આવતો નથી. તેની સર્જકશક્તિ એટલી અગાધ છે કે, તેની નિર્માણકલાનાં પરમતત્ત્વો પિછાનવા પણ, મનુષ્ય પાસે પૂરતી સમજશક્તિ હોતી નથી. આજના ભૌતિકવાદમાં કુદરતનિર્મિત સત્ત્વો પાસેથી, જીવનને અનુકૂળ વિવિધ સાધનો ઉત્પન્ન કરવાની શોધો થઇ છે. પણ તાત્ત્વિક દષ્ટિએ તેનો વિચાર કરતાં, એક સાચા યોગીમાં જે પરમશક્તિ સંચાર કરી રહેલી હોય છે, તેની આગળ બુદ્ધિવાદના જોરે તૈયાર થયેલ ભૌતિકવાદની શોધો વામણી લાગે છે. સામાન્ય કીટપતંગથી આરંભી, માનવશરીર પર્યંતની રચના તપાસતાં, તેમાં જગતના કલાકારે એવી અદ્ભુત રચના કરેલી જણાય છે, કે જેના ઉપરથી તેની અગાધ બુદ્ધિમત્તા માટે આશ્ચર્ય અને પ્રેમની લાગણીઓ ઊભરાય છે. માનવશરીરનાં જ વિવિધ અંગો તપાસો, તેનાં આકાર, રચના, અને કાર્ય માટે વિચાર કરો, તો તેમાં છુપાયેલ કાર્યશક્તિ, તેની ઉપયોગિતા, અને ભાવવ્યંજકતા માટે તેના સૂત્રધારે કેટલી ઊંડી વિચારણા કરી હશે, તેનો ખ્યાલ આવી શકતો નથી, દરેકે દરેકે અવયવ જીવનની સાથે એટલો ઘટ્ટ સંબંધ ધરાવે છે કે, તે પૈકી એકાદની ગેરહાજરીથી, જગતના વ્યવહારમાં કેટલીયે મુસ્કેલીઓ ઊભી થાય છે. આવા પ્રત્યેક અવયવની ઊંડી સમાલોચના, તેના શાસ્ત્રીય વિવેચન સહ કરવામાં આવે તો, જગતનિયંતાએ તેમાં સંગ્રહેલ અદ્ભુત શક્તિ, અને કલાનો સાચો સાક્ષાત્કાર જાણવા મળે છે. આવાં વિવિધ અંગો પૈકી, માનવશરીરમાં 'ચક્ષુ' જે સાચું જીવન જીવવાનું પરમ સાધન છે, જેના સિવાયની જિંદગી તદ્દન નિરર્થક અને નીરસ બને છે, તેવા મહત્ત્વના અવયવની તાત્ત્વિક આલોચના અત્રે રજૂ કરવાનો સામાન્ય પ્રયત્ન કર્યો છે. ચક્ષૂ એટલે જોવું એ ધાતુ ઉપરથી ચક્ષુ શબ્દ બનાવવામાં આવ્યો છે. તેનાં લોચન, નયન, નેત્ર, ઈક્ષિણ, ચક્ષુ, દગ, દષ્ટિ વગેરે નામો અમરકોશકારે નોંધ્યાં છે. તેની ઉત્પત્તિ વિશ્વસર્જનની સાથે જ કરવામાં આવી છે. સંસારભરના સૂક્ષ્મમાં સૂક્ષ્મ કીટપતંગથી માંડી, દેવદાનવ પર્યંત સર્વ કોઈમાં ચક્ષુનું સર્જન તો વિશ્વના સર્જનહારે કરેલું જ હોય છે. માનવશરીરનું તો તે મહાન અંગ છે. તેના સિવાયનું જીવન પાંગળું અને પરાવલંબી બને છે. જેટલી જરૂરત જીવનમાં હવા અને પાણીની છે, તેથી પણ વધુ અગત્ય શરીરમાં ચક્ષુની છે. તેની ગેરહાજરીના કારણે જ, અંધ મનુષ્યોની જિંદગી પરાવલંબી, પાળેલા પશુ જેવી બંધિયાર બને છે. ચક્ષુ શબ્દ

વેદમાં અનેક વખત વપરાયેલો મળે છે, જેમાં દરેક સ્થાને તેનો પર્યાય નેત્ર યાને અક્ષિ એવો કરવામાં આવેલ છે. તેના દેવતા ભગવાન ભાસ્કર છે, કારણ તેમની ઉત્પત્તિ વિરાટ્સ્વરૂપના ચક્ષુમાંથી થયાનું વેદ જણાવે છે.¹

ચક્ષુનું મહત્ત્વનું લક્ષણ, તેમાં સમાયેલી અજબ ભાવવ્યંજકતા છે. વાચા સિવાય કેવળ ચક્ષુના આકુંચન, પ્રસારણ અને સંચાલન દ્વારા કાન્ત (શૃંગાર), શાંત, રૌદ્ર, કરુણ, હાસ્ય, ભયાનક, બીભત્સ અને અદ્ભુત વગેરે રસોની નિષ્પત્તિ થઈ શકે છે.² નાટ્યશાસ્ત્રકારે એકંદર છત્રીસ પ્રકારની દષ્ટિઓ જણાવતાં તેનાં (૧) કાન્ત, (૨) ભયાનક, (૩) હાસ્ય, (૪) કરુણ, (૫) અદ્ભુત, (૬) રૌદ્ર, (૭) વીર, (૮) બીભત્સ, (૯) સ્નિગ્ધ, (૧૦) હૃષ્ટ, (૧૧) દીન, (૧૨) ક્રુદ્ધ, (૧૩) દૃપ્ત, (૧૪) ભયાન્વિત, (૧૫) જુગુપ્સિત, (૧૬) વિસ્મય, (૧૭) શૂન્ય, (૧૮) મલિન, (૧૯) શ્રાન્ત, (૨૦) લજ્જા, (૨૧) ગ્લાનિ, (૨૨) શંકિત, (૨૩) વિષણ્ણ, (૨૪) મુકુલ, (૨૫) કુંચિત, (૨૬) અભિતપ્ત, ૨૭ જિહ્મ,(૨૮) લલિત, (૨૯) વિતર્કિત, (૩૦) અર્ધમુકુલ, (૩૧) વિભ્રાન્ત, (૩૨) વિપ્લુત, (૩૩) અકેકર, (૩૪) વિકોશ, (૩૫) ત્રસ્ત અને (૩૬) મદિરા વગેરેનો ઉલ્લેખ કરે છે.³ તદુપરાંત આ બધી દષ્ટિઓ કેવી રીતે ઉપજાવવી, તેની અભિનવ માહિતી પૂરી પાડતાં, પ્રત્યેકનાં જુદાંજુદાં દષ્ટિવિધાનો પણ તેમાં રજૂ કરેલાં છે.⁴ આમ વાણી સિવાય, હૃદયના ભાવોને વ્યક્ત કરવાનું મહાન સામર્થ્ય, ચક્ષુમાં સમાયેલું હોઈ, તેના દ્વારા મનુષ્ય અનેક પ્રકારના ભાવો સંકેતથી વ્યક્ત કરી શકે છે.

ચક્ષુની આટલી પ્રસ્તાવના આપ્યા પછી, તેના શાસ્ત્રીય વિવેચન તરફ દૃષ્ટિપાત કરીશું. વિશ્વના કલાકારની અદ્ભુત શક્તિમાં કેટલીક ચમત્કૃતિઓ પણ ભાસે છે. જેમ દરેક મનુષ્યનાં

---

[1] चंद्रमा मनसो जातश्चक्षोः सूर्योऽअजायत ॥
शुक्लयजुर्वेद, वाजसनेयी संहिता, अ. ३१, मं. १२

[2] कान्ता भयानका हास्या करुणा चाद्भुता तथा ।
रौद्री वीरा बीभत्सा च विज्ञेया रसदृष्टयः ॥ ४१ ॥
भरतनाट्यशास्त्र, अ. ८

[3] स्निग्धा हृष्टा च दीना च क्रुद्धा दृप्ता भयान्विता ।
जुगुप्सिता विस्मिता च स्थायिभावेषु दृष्टयः ॥ ४२ ॥
शून्या च मलिना चैव श्रान्ता लज्जान्विता तथा ।
ग्लाना च शंकिता चैव विषण्णा मुकुला तथा ॥ ४३ ॥
कुंचिता चाभितप्ता च जिह्मा सललिता तथा ।
वितर्कितार्धमुकुला विभ्रान्ता विप्लुता तथा ॥ ४४ ॥
अकेकरा विकोशा च त्रस्ता च मदिरा तथा ।
षट्त्रिंशद्दृष्टयो ह्येतास्तासु नाट्यं प्रतिष्ठितम् ॥ ४५ ॥
भरतनाट्यशास्त्र, अ. ८

[4] એજન, શ્લોક ૪૬ થી ૯૪

મુખ એક સરખાં હોતાં નથી, તેમ ચક્ષુના સર્જનમાં પણ કેટલોક તફાવત જોવામાં આવે છે. કોઈકનાં ચક્ષુ લાંબાં તો કોઇનાં લીંબુની ફાડ જેવાં ગોળ. કોઈનાં સહેજ બહાર નીકળતાં, તો કોઇનાં ઊંડાં પેસી ગયેલાં. આમ દરેક માનવનાં ચક્ષુઓમાં પણ, કેટલીક વિવિધતાઓ દેખાય છે. આવાં બધાં માનવચક્ષુઓનો ઊંડો અભ્યાસ કરી, આપણા પ્રાચીન મહાર્ષિઓએ ચક્ષુઓના કેટલાક પ્રકારો નિયત કર્યા છે, જેના ઉપરથી ચક્ષુ સંબંધી સામાન્ય ખ્યાલ આવી શકે છે. વિષ્ણુધર્મોત્તરકાર નેત્રના પાંચ પ્રકારો નિરૂપતાં, (૧) પદ્મપત્રાભ (કમળપત્રાકૃતિ), (૨) મત્સ્યોદર (મત્સ્યાકૃતિ), (૩) ઉત્પલપત્રાભ (નીલકમલપત્રાકૃતિ), (૪) ચાપાકાર (ધનુષાકૃતિ), અને (૫) શશાકૃતિ (સસલાના ચક્ષુ જેવાં), એવા વિવિધ ભેદો હોવાનું કલ્પે છે.[૫] જ્યારે શ્રી. અવનીંદ્રનાથ ટાગોર કોઇ પ્રાચીન ગ્રંથના આધારે (૧) નાની શફરી માછલી જેવાં મત્સ્યાકાર, (૨) અંજનાકાર, (૩) મૃગનેત્રાકાર, (૪) કમલપત્રાકાર, (૫) કમલદલાકાર અને (૬) પટોલ (પરવળ) જેવા આકારનાં ચક્ષુઓ હોવાનું સૂચવે છે.[૬] બન્ને ગ્રંથકારો કમલ, કમલપત્ર, અને મત્સ્યાકાર ચક્ષુઓના પ્રકારો કબૂલે છે. વિષ્ણુધર્મોત્તરમાં ધનુષાકૃતિ અને શશાકૃતિ એ બે ભેદો નવીન છે, ત્યારે શ્રી. અવનીંદ્રનાથ અંજનાકાર, મૃગનેત્રાકાર, અને પટોલ (પરવળ) આકાર માટેનાં વધુ સૂચનો સૂચવે છે. આ બન્નેના અભિપ્રાયો વિચારતાં, નેત્રના એકંદર જુદાજુદા આઠ પ્રકારો હોવાનું માલૂમ પડે છે. તે સત્યની વધૂ પ્રતીતિ પુરાણો, મહાકાવ્યો, અને પ્રાચીન કવિઓએ રચેલ સંસ્કૃત કાવ્યો, અને નાટકોમાં કરેલ સ્ત્રીપુરુષોનાં અલંકારપ્રચુર વર્ણનોમાંથી થાય છે.[૭] જેમાં નેત્રો

---

૫. चापाकारं भवेन्नेत्रं मत्स्योदरसथापि वा ।
नेत्रमुत्पलपत्राभं पद्मपत्रनिभं तथा ॥ ९ ॥
शशाकृतिर्महाराज पञ्चमं परिकीर्तितम् । (વિષ્ણુધર્મોત્તર, ખંડ ૩, અ. ૩૭)

૬. 'મૉડર્ન રિવ્યૂ' સને ૧૯૧૪ માર્ચ; હિંદુ મૂર્તિવિધાન શીર્ષક, શ્રી અવનીંદ્રનાથ ટાગોરનો લેખ.

૭. (૧) भवति कमलनेत्रा नासिका क्षुद्ररंध्रा ।
अविरलकुचयुग्मा दीर्घकेशी कृशांगी ॥ रतिमंजरी.
(२) प्रवातनीलोत्पलनिर्विशेषमधीरविप्रेक्षितमायताक्ष्या ।
तया गृहीतं तु मृगाङ्गनाभ्यस्ततो गृहीतं तु मृगाङ्गनाभ्यः ॥ ४६ ॥ कुमारसंभव, स. ७
(३) वन्दे मुकुन्दमरविन्ददलायताक्षं कुन्देन्दुशङ्खदशनं शिशुगोपवेशम् ॥ १ ॥ मुकुन्दमाला ॥
(४) नेत्रैरिवोत्पलैः पद्मैर्मुखैरिव सरःश्रियः ।
पदे पदे विभान्ति स्म चक्रवाकैः स्तनैरिव ॥ साहित्यदर्पण, १० परिच्छेद
(५) वरेषु यद्बालमृगाक्षि मन्यते ।
तदस्ति किं व्यस्तमपि त्रिलोचने ॥ ३६ ॥ कुमारसंभव, सर्ग ६
(६) सर्वेऽपि विस्मृतपथं विषयाः प्रयाता विद्याऽपि खेदकलिता विमुखीबभूव ॥
सा केवलं हरिणशावकलोचना मे नैवापयाति हृदयादधिदेवतेव ॥ ३ ॥ भामिनीविलास, ३

માટે ઉપર જણાવેલ વિવિધ ભેદોને અનુરૂપ ઉપમાઓ આપેલી હોય છે, પરંતુ પટોલાકૃતિ ચક્ષુઓની નોંધ, કોઈમાંથી પ્રાપ્ત થતી નથી. પટોલ જેવાં નેત્રો અજંતાની ચિત્રકલામાં દોરાયાં છે, પણ તેને માટે શાસ્ત્રીય ઉલ્લેખો કોઈ ગ્રંથકારે નોંધ્યા નથી. કોઈ પ્રાચીન ગ્રંથના આધારે, અગર પ્રાચીન પરંપરા ઉપરથી તેવાં ચક્ષુઓ અજંતાનાં ચિત્રોમાં દોરાયાં હશે એવું અનુમાન જાય છે, કારણ કે અજંતાની ચિત્રકલા, ભારતીય પ્રાચીન ચિત્રપ્રણાલીનું સાચું પ્રતિબિંબ રજૂ કરતી હોવાથી, તેનું ચિત્રવિધાન શાસ્ત્રીય લક્ષણો અનુસાર કરવામાં આવ્યું હશે તેમાં શક નહિ.

ઉપર જણાવેલ ચક્ષુઓના વિવિધ પ્રકારો કેટલાંક સ્ત્રીપુરુષોમાં હોય છે; પરંતુ તત્સંબંધી ઊંડો અભ્યાસ કરી, દરેક મનુષ્યનાં ચક્ષુનું કલાવિધાન વિચારવા પ્રયત્ન કરવામાં આવે તો જ તે સત્યની સાચી પ્રતીતિ થાય છે. નેત્રના આ બધા પ્રકારો ઉભય સ્ત્રીપુરુષોમાં હોય છે, છતાં સંસ્કૃત કાવ્યો, નાટકો વગેરેમાં મૃગનેત્ર, મત્સ્યાકૃતિ, અને ખંજનાકૃતિનાં ચક્ષુવર્ણનો મોટે ભાગે સ્ત્રીઓ માટે ખાસ વપરાયાં છે. તેવી જ રીતે કમલ અને કમલપત્રાકૃતિના ચક્ષુવર્ણનો મોટે ભાગે પુરુષો માટે વપરાયાની નોંધ મળી આવે છે, જેના આધારે એમ જાણવા મળે છે કે મૃગનેત્ર, મત્સ્યાકૃતિ, અને ખંજનાકૃતિ નેત્રો પ્રભુએ સ્ત્રીઓમાં વધુ પ્રમાણમાં રચ્યાં હશે તેમાં શક નહિ. ચિત્રવિધાનમાં પણ ઉપર જણાવેલ ત્રણ પ્રકારો, સ્ત્રીઓ માટે બનાવવામાં ખાસ નિર્દેશ કર્યો છે, જ્યારે બાકીનાં વિધાનો મૂર્તિવિધાનમાં યોજવાનું જણાવ્યું છે.[૮] વિષ્ણુધર્મોત્તરકાર ફક્ત મત્સ્યાકૃતિ નેત્રો સ્ત્રીઓ માટે બનાવવાનું સૂચવે છે.[૯]

આ બધા ચક્ષુના વિવિધ પ્રકારોમાં કેટલાક વિશિષ્ટ ગુણો અભિપ્રેત થયેલા હોય છે. તેની સામાન્ય પિછાન રજૂ કરતાં, વિષ્ણુધર્મોત્તરમાં જણાવ્યું છે કે ઉત્પલપત્રાકૃતિ નેત્રો શુદ્ધ યાને નિર્વિકારી ભાવના વ્યક્ત કરે છે. પદ્મપત્રાકૃતિ ચક્ષુઓમાંથી ત્રસ્ત (ભયભીત) અને રુદિત (રુદન) ભાવો કેટલીક વખતે જણાય છે, શશાકૃતિ સમાન નેત્રો ક્રોધાવિષ્ટા અને વેદનાથી પિડાતા ભાવોનું સૂચન કરે છે, જ્યારે યોગનિષ્ઠ પુરુષોનાં નેત્રો સ્થિર અને શાંત ભાવ પ્રદર્શિત કરવા ધનાપાકૃતિ સમાન બનાવવાનો તે આદેશ આપે છે.[૧૦] શ્રી અવનીંદ્રનાથ ટાગોર આ સંબંધમાં કેટલીક અનન્ય

---

(૭) सदैव सत्यवचना सिद्धांशकसमुद्भवा ।
सुरम्यनिम्नवदना शफरी चललोचना ॥ ७३ ॥ मानसोल्लास, विंशति, ३ अ. २०

૮. 'The eyes of women are by their very nature restless; but it must not be supposed that it is this characteristic alone, that our art-preceptors have tried to convey, in choosing three such restless animals as the deer, the Khanjan and the Shafari for their similies.' 'Modern Review', March, 1914, p. 262

૯. मत्स्योदराकृति कार्यं नारीणां कामिनां तथा ॥ वि. ध., खंड ३, अ. ३७

૧૦. नेत्रमुत्पलपत्राभं निर्विकारस्य शस्यते ।
त्रस्तस्य रुदतश्चैव पद्मपत्रनिभं भवेत् ॥
क्रुद्धस्य वेदनान्तस्य नेत्रं शशाकृतिर्भवेत् ।
चापाकारं भवेन्नेत्रं योगभूमिनिरीक्षणात् ॥ श्लो. १३-१५, वि.ध., खंड ३, अ.३७

હકીકત ઉમેરતાં કહે છે કે "ખંજનાકૃતિ ચક્ષુઓમાંથી આનંદ ભાવ વ્યક્ત થાય છે, મત્સ્યાકૃતિ નેત્રો અશાંત અને ચપળતાના ગુણો ધરાવે છે, મૃગનેત્રોમાંથી નિર્દોષતા અને ભોળપણું નીતરે છે, કમળપત્રાકૃતિ નેત્રો સ્વસ્થ અને શાંતિના ભાવો પ્રદર્શિત કરે છે, જ્યારે કમળના જેવાં ચક્ષુઓ શાંત નિર્દોષતાનું વાતાવરણ જમાવે છે.[૧૧] આમ ચક્ષુના જુદાજુદા પ્રકારોમાં સ્વતંત્ર ભાવવ્યંજકતા સમાયેલી હોય છે.

મૂર્તિવિધાનમાં નેત્રનું સ્થાન અને તેનું માન શાસ્ત્રવિધાયકોએ નિયત કરેલું છે, જેના ઉપરથી માનવચક્ષુની લંબાઈપહોળાઈનો સામાન્ય ખ્યાલ આવી શકે છે. 'માનસોલ્લાસ'નો કર્તા રાજેન્દ્ર સોમેશ્વર દેવ, નવતાલ પ્રમાણ પ્રતિમાનાં નેત્રોનું માન આપતાં નોંધે છે કે, "નેત્ર અર્ધાંગુલ પ્રમાણ બહાર નીકળતાં, બે અંગુલ લાંબાં, તદર્ધ એટલે એક અંગુલ પહોળાં, તેટલી જ લાંબી અને ત્રણ યવ પહોળાઈવાળી ઉપર નીચે પાંપણો, તેની અંદર પાંચ યવ પ્રમાણ શુક્લ (ધોળો) ભાગ, મધ્યમાં એક યવ પ્રમાણ કૃષ્ણ વર્ણનું વર્તુલ, જેમાં નેત્રની અતુલ શક્તિ દૃષ્ટિ રહેલી હોય છે. નેત્રમૂળમાં કનીનિકા અર્ધાંગુલ પ્રમાણ, તેનો પ્રાંતભાગ રક્ત, આકાર ગોળ, અને મધ્યમાંથી સહેજ ઉન્નત, એવો કમલદલના જેવો નયનનો આકાર બનાવવો.[૧૨] તે જ પ્રમાણે મત્સ્યપુરાણ અને અગ્નિપુરાણના અંગવિન્યાસમાંથી પણ નેત્ર માટે સામાન્ય નોંધો મળી આવે

---

૧૧. 'Thus the Khanjan eyes are characterized by their playful gaity, the safari eyes for their restless mobility, the deer-eyes for their innocent simplicity, the lotus-leaf eyes for their serene peacefulness, and the water lily-eyes for the calm repose of their drooping lids.' 'Modern Review', 1914, p. 262

૧૨. अर्धांगुलप्रमाणौ तौ नेत्रवर्त्मबहिःस्थितौ ।
अर्धांगुलप्रमाणेन नेत्रवर्त्मद्वयं भवेत् ॥ २५७ ॥
निमीलनार्धवर्त्मा च भवेदङ्गुलसम्मितम् ।
त्रियवं पक्ष्मणां दैर्घ्यं सान्द्रिमा वक्रिमा शुभा ॥ २५८ ॥
अर्धाङ्गुलमिते स्यातां नेत्रमूले कनीनिके ।
द्व्यंगुलं नेत्रयोर्दैर्घ्यं विस्तारः स्यात्तदर्धकः ॥ २५९ ॥
एवं पंचयवौ कार्यौ शुक्लभागौ विचक्षणैः ।
तन्मध्ये मेचकं कुर्यान्मण्डलं वर्तुलाकृति ॥ २६० ॥
तच्च पंचयवं प्रोक्तं तन्मध्ये दृष्टिरिष्यते ।
वर्तुला यवमात्रा च पुत्रिका प्रतिविम्बिनी ॥ २६१ ॥
रक्तता प्रान्तयोः शस्ता तीक्ष्णताऽपाङ्गयोः शुभा ।
मध्योन्नतं नेत्रगोलं कर्त्रा कार्यं प्रयत्नतः ॥ २६२ ॥
आकारो नेत्रयोः कार्यो नीलोत्पलदलोपमः ॥
मानसोल्लास विंशतिः ३, अ. १

છે.[૧૩] આ બધી નોંધો સામાન્ય નેત્ર માટે નિરૂપી છે, પણ વિવિધ પ્રકારોના નિયમે તે બધાનાં સ્વતંત્ર માન અને આકારકલ્પનાનાં જુદાંજુદાં વિધાનો હોવાં જોઇએ, એવું અનુમાન જાય છે. વિષ્ણુધર્મોત્તરમાં તેની આકારકલ્પનાઓ રજૂ કરી નથી; પણ તેની લંબાઇનાં માનોની સૂચી આપતાં જણાવ્યું છે કે "મત્સ્યાકૃતિ ૪ યવ, કમલપત્રાકૃતિ ૬ યવ, પદ્મપત્રાકૃતિ ૯ યવ, અને શશાકૃતિ ચક્ષુઓ ૧૦ યવ લંબાઇની બનાવવી."[૧૪] જો કે પુરાણકારે આ માન ચિત્રકલામાં તૈયાર કરવાનાં નેત્રો માટે મૂક્યું છે, છતાં તેનાં શાસ્ત્રીય વિધાનો માનવચક્ષુઓ સાથે કેટલેક અંશે સંબંધ ધરાવે છે. પુરાણકારે તેની લંબાઈના માન સાથે, દરેક પ્રકાર અને તેનાં અલગ અલગ વિધાન રજૂ કરતાં, ચક્ષુના પ્રત્યેક ઉપાંગની ચર્ચા આપી હોત, તો સમસ્ત ચક્ષુવિધાન ઉપર અપૂર્વ પ્રકાશ પડત તેમાં શક નહિ. અજંતાની ચિત્રકલામાં વપરાયેલ પટોલ (પરવળ) જેવાં નેત્રો સંબંધી શાસ્ત્રીય ઉલ્લેખો કોઈ ગ્રંથમાંથી ઉપલબ્ધ થતા નથી. કોઈ વિદ્વાન તત્સંબંધી શાસ્ત્રીય ઉલ્લેખો, તેનાં ઉકત લક્ષણો સહ બહાર મૂકશે, તો આ પ્રકારના નેત્રવિધાન અને તેની રચનાકલા સંબંધી ઉપયોગી હકીકતો બહાર આવશે.

---

૧૩. अक्षिणी द्वयङ्गुलायामे तदर्धे चैव विस्तरे ॥ ३३ ॥
उन्नतोदरमध्ये तु रक्तान्ते शुभलक्षणे ।
तारकार्धविभागेन दृष्टिः स्यात् पंचभागिका ॥ ३४ ॥ मत्स्यपुराण, अ. २५८
(२) द्वयङ्गुलं चाक्षिकोणं च द्वयङ्गुलं चान्तरं तयोः ।
तारानेत्रविभागेन दृक्तरा पंचमांशिका ॥ २९ ॥
त्र्यङ्गुलं नेत्रविस्तारं द्रोणी चार्धांगुला मता ॥ अग्निपुराण, अ. ४४

१४. मत्स्योदराख्यं कथितं तथा यवचतुष्टयम् ।
नेत्रमुत्पलपत्राख्यं प्रमाणात् षड्यवं स्मृतम् ॥ ११ ॥
पद्मपत्रनिभं नेत्रं प्रमाणेन यवा नव ।
शशाकृतिं च विज्ञेयं तथैव च यवा दश ॥ १२ ॥
स्वमानाङ्गुलमानस्य यवमानं प्रकल्पयेत् । विष्णुधर्मोत्तर, खं. ३, अ. ३७

રસના સિદ્ધાન્તના વિવરણમાં સાપેક્ષતા

પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

કલાની ખાતર કલાનો (Art for Art's sake) વાદ આપણે ત્યાં આવ્યો ત્યારે આપણા આલંકારિકોએ આપેલા કાવ્યના વર્ણનમાં એ વાદ અભિપ્રેત છે એમ કંઇક વાજબી રીતે આપણા વિવેચકોને લાગ્યું, કેમકે મમ્મટાચાર્ય ભારતી સરસ્વતીને વંદતાં કહે છે કે એ નિયતિકૃત—નિયમ-રહિતા, હ્લાદૈકમયી અને અનન્યપરતન્ત્રા છે. કાવ્ય અર્થાત્ સર્વ લલિત વાઙ્મય અનન્યપરતન્ત્ર છે એટલે કે "એનું પ્રયોજન, એનાથી પર, એનાથી બહાર નથી. એ કોઈ બીજી વસ્તુને લીધે ઇષ્ટ નથી બનતું, પણ એ પોતે જ ઇષ્ટ છે."[૧] બ્રેડ્લીના શબ્દોમાં કહીએ તો "Its nature is to be not a part, nor yet a copy, of the real world + + but to be a world by itself, independent, complete, autonomous." એબરક્રોમ્બી એ જ વાત કરે છે: "In poetry we live in the world which is immediately and on its own account, without reference to ulterior standards, significant;" અને significant—રહસ્યમય—એટલે વસ્તુતાએ સ્વસંપૂર્ણથી વિશેષ કાંઇ નહિ. આપણું વાસ્તવિક જીવન સાહિત્યની દુનિયાથી બીજી રીતે ભિન્ન હોવા ઉપરાંત પ્રવાહ જેવું છે, તે નિરવધિ પ્રવાહમાં એક બિન્દુથી બીજા બિન્દુ સુધીનો પટ આપણે જોઇ શકીએ અને તેના બધા અંશોમાં સુશ્લિષ્ટતા કે સંવાદ નથી જણાતો. કાવ્યના બધા અંશો કાર્યકારણભાવથી સંકળાયેલા અને પરસ્પર સંવાદ રાખનાર છે. એમાં નિયમ અને વ્યવસ્થા છે, એમાં જાણે ઋત પ્રત્યક્ષ થાય છે. એ જ એનું રહસ્ય છે અને એ જ નિરતિશય આહ્લાદનું કારણ છે.

પણ સાહિત્યકળાની દુનિયાની સ્વાયત્તતા આમાં ઉપરઉપરથી દેખાય છે તેટલી નિરપેક્ષ નથી. ખુદ બ્રેડ્લીએ જ કહ્યું છે તેમ underground connection–અંતઃસ્પર્શી સંબન્ધ–કાવ્ય અને જીવન વચ્ચે પુષ્કળ છે. કેળવણી, વ્યવહારના અનુભવ વગેરેના સંસ્કારથી સિદ્ધ થયેલી વ્યક્તિ બીજી કેળવણી, અનુભવ વગેરેના સંસ્કારોથી સિદ્ધ થયેલી વ્યક્તિના સંપર્કમાં આવે છે અને એ સંપર્કનું વાહન વાણી છે. કવિની ભાષાના જ્ઞાનની અપેક્ષા ઉપરાંત કલ્પનાદ્વારા પણ કાવ્યના અનુભવને પોતાનો કરવાની ભાવકની શક્તિની અપેક્ષા રહે છે. "In poetry we live in the world which is immediately and on its own account + + significant." આમાં આપણી અર્થાત્ ભાવકની સંસ્કારસિદ્ધ કલ્પના કવિના કવિતામાં અવતરેલા અનુભવને કેટલી અનુકૂળ છે એ પ્રશ્ન તો રસાસ્વાદમાં હંમેશનો જ છે.

---

[૧] રામનારાયણ—"સાહિત્યવિમર્શ", પૃ. ૨

સંસ્કારી હિન્દી અને અંગ્રેજી સાહિત્યનો રસિક, મિલ્ટન કરતાં વર્ડ્ઝવર્થમાં ઘણી વખત વધારે રસ લે છે, પેલો વધારે મોટો કવિ છે તેમ જાણે છે છતાં, કારણ કે તેનું અન્તઃકરણ મિલ્ટનને બહુ અનુકૂળ થઈ શકતું નથી. કવિ અને ભાવકની સંસ્કારસંપત્તિ અને સાહિત્યકળાના માધ્યમ ભાષાના ઓછાવત્તા જ્ઞાનમાંથી નીપજતી રસાસ્વાદની સાપેક્ષતા બધા સ્વીકારી શકે એમ છે. આપણા આલંકારિકો ભાવક સહૃદય અને રસિક હોવો જોઈએ એમ કહે છે તેમાં આ સાપેક્ષતા સૂચિત જ છે, જોકે તે સાપેક્ષતાની બધી ફલિતતામાં તે ઊતર્યાં નથી.

यस्तुष्टौ तुष्टिमाप्नोति शोके शोकमुपैति च ।[2]
क्रोधे क्रुद्धो भये भीरुः स श्रेष्ठः प्रेक्षकः स्मृतः ॥

परगतदुःखहर्षादिभावनायामप्यत्यन्तानुकूलान्तःकरणत्वं सत्वम् ।[3]

તાત્પર્ય કે સાહિત્યકળાનો આસ્વાદ ભાવકની કલ્પનાશક્તિ, વેદનાશીલતા (sensibility) અને સમભાવની શક્તિ (sympathy)ની અપેક્ષા સર્વત્ર રાખે છે.

પણ હું કહેવા માગું છું તે આથી વિશેષ છે. બુદ્ધિપ્રામાણ્ય તરફ યુરોપી વિચારની ગતિ ઘણી થઇ છે તેથી યુરોપી વિવેચનમાં " સંસ્કારી અને સહૃદય પુરુષ "થી જે અર્થ ઉદ્દિષ્ટ છે તેનો સાધારણ ખ્યાલ નિશ્ચિત છે. એટલે કે જીવનના મહાપ્રશ્નો સંબન્ધી—ઈશ્વર, આત્માની અમરતા, મોક્ષ, પુરુષાર્થ વિશે—અપેક્ષિત ભાવક સાહિત્યના આસ્વાદ પૂરતું સર્વથા અનુકૂલ ચિત્ત રાખી શકે છે. ભારતીય કાવ્યશાસ્ત્રનો સહૃદય અમુક વિષયમાં કેવલ બુદ્ધિપ્રામાણ્યને અનુકૂલ થાય કે કેમ તે વિશે મને શંકા છે. એટલું તો સ્પષ્ટ છે કે દેશની ફિલસૂફી, નીતિ અને ધર્મની કેટલીક પ્રણાલિકાઓએ આપણા રસવાદમાં પ્રવેશ કર્યો છે અને આ લેખનો મુખ્ય હેતુ તો એ વાત બતાવવાનો છે.

આપણા કાવ્યશાસ્ત્રમાં સહૃદયનું સ્થાન તો ઘણું મોટું છે, રંગદર્શી વિવેચન માગે તેટલું. ઔચિત્ય-અનૌચિત્યની સર્વાંગીણ ચર્ચામાં પણ છેવટનું પ્રમાણ તો સચેતસનો અનુભવ છે. કરુણરસ દુઃખને નિરૂપે છે છતાં સામાજિકને સુખ આપે છે તેનું પ્રમાણ વિચારતાં 'સાહિત્યદર્પણ'કાર વિશ્વનાથ सचेतसामनुभवः प्रमाणं तत्र केवलम् કહી હાથ ધોઇ નાખે છે.

તથાપિ આપણો રસવાદ સચેતસના અનુભવ ઉપર નિર્ભર નથી. તેના અવચ્છેદકો આપણા દાર્શનિક મતો, નૈતિક પ્રણાલીઓ અને ધાર્મિક માન્યતાઓ પૂરા પાડે છે. પ્રકૃતિ પોતામાંથી વિકાસ કરી પુરુષ માટે સુખદુઃખની સામગ્રી ઊભી કરે છે અને પુરુષ પાસે સુખદુઃખ અનુભવાવે છે—આ સાંખ્યમતનું બરાબર પ્રતિબિંબ ભટ્ટનાયકના विभावादिसाधारणीकरणात्मना भावकत्वव्यापारेण भाव्यमानः स्थायी सत्वोद्रेकप्रकाशानन्दमयसंविद्विश्रान्तिसतत्वेन भोगेन भुज्यते એ 'કાવ્યપ્રકાશ'માં દર્શાવેલા મતમાં જણાય છે. [4]વ્યક્તિગત સંબન્ધો તથા દુઃખ અને મોહ આમ તો

---

૨. भावप्रकाश ૩. दशरूपक

૪. પ્રો. હિરિયણ્ણા—"Indian Aesthetics" : પહેલી પ્રાચ્યવિદ્યાપરિષદનો નિબંધસંગ્રહ

છૂટતાં નથી, પણ કલાકારના બિનઅંગત સર્જનમાં થોડો વખત તેમાંથી મુક્તિ મળે છે; રજસ્ અને તમસ્ દબાઈ સુખહેતુ સત્ત્વનો આવિર્ભાવ થાય છે. પ્રો. હિરિયણ્ણા બીજા બે શબ્દો તરફ પણ ધ્યાન ખેંચે છે—સંવિત્ અને વિશ્રાન્તિ, અને સમજાવે છે કે ક્રિયાત્મક ઉત્સાહથી વ્યતિરિક્ત મનની ધ્યાનાત્મક, અનાસક્ત, શમમય, આનન્દમય સ્થિતિમાં કાવ્ય ભાવકને મૂકે છે.

વેદાન્તમતે આ સર્વ પર્યન્તે આત્મા છે; દ્વૈત અને વિસંવાદ તો અજ્ઞાન છે; અને આપણું વ્યક્તિત્વ ભૂલીએ તેટલું આત્માના સાચા આનન્દમય સ્વરૂપની નજીક જવાથી, વિભાવાદિથી અતિરિક્ત અન્ય સર્વનું તિરોધાન થવાથી, બ્રહ્માસ્વાદ જેવો અનુભવ થાય છે. જીવન એ અવિદ્યા—કામ—કર્મમય છે, અને તેમાંથી ક્ષણિક પણ સાચી નિવૃત્તિ કલા આપે છે. કોઈ પણ નિમિત્તે કોઇ પણ કારણે અહંકારનું પડળ આત્મા પરથી જતું રહે તો આત્માની આનન્દમયતા થોડો વખત પણ અનુભવાય; અને એ ક્રિયા કાવ્યાનુભવમાં પ્રવર્તે છે.

આ બેરૂ કલાદૃષ્ટિમાં બહુ ફેર નથી. અહંતામાંથી ઊંચકી લઈ, દુઃખ અને મોહનું જીવન ટાળી સુખાનુભવ કરાવવો, કે સુખદુઃખમોહનું જીવન ટાળી આનન્દાનુભવ કરાવવો, એ કાવ્યનો લગભગ સમાન ધર્મ (function) રહે છે. સાહિત્યકલાનું આ પ્રયોજન હોય, અક્લેશમય સંવિત્ વિશ્રાન્તિની સ્થિતિનું, બ્રહ્માસ્વાદ સહોદર આનન્દાનુભવનું, તો તેની શક્તિ ને શક્તિસીમા કેવી હોઈ શકે એ કલ્પી શકાય છે. આ પ્રયોજનનો સ્વીકાર ભારતીય સાહિત્યને નથી સ્પર્શતો, નથી મર્યાદિત કરતો, એમ નહિ કહી શકાય, કાવ્યપ્રયોજનની વિચારણા એક માર્ગે અને ભારતીય સાહિત્ય બીજે માર્ગે વહ્યાં નથી. આપણા ઉત્તમ સાહિત્યમાં જે અનુભવાય છે તેને એ અનુલક્ષે છે, અને તેનો પ્રપંચ કરી તેને જડતાથી વળગી, કેટલું ય સાહિત્ય લખાયું છે.

યુરોપની ઉત્તમ ટ્રેજેડી, જેના અંતમાં અસ્વસ્થતાની પરાકાષ્ઠા પ્રેક્ષક અનુભવે, તેના જેવું રૌદ્રકરુણાન્ત નાટક સંસ્કૃતમાં નથી, તેના કારણમાં હિન્દુ જીવનદૃષ્ટિ અને તે ઉપર મંડાયેલી હિન્દુ સાહિત્ય-ફિલસૂફી છે, એમ કીથ કહે છે. સત્તા, બુદ્ધિ અને સંકલ્પબળને અંતિમ કક્ષાએ પણ ભિન્નભિન્ન કરતી અગોચર શક્તિઓનો વ્યાપાર હિન્દુ નાટકાદિમાં નિરૂપાતો નથી. અનિવાર્ય વિનાશ સામે નિરર્થક ઝઝૂમતા સજ્જન વીરનું દૃશ્ય સંસ્કૃત નાટકમાં મળી આવતું નથી. જેનો પરાજય ઇષ્ટ માનીએ, છતાં જેનાં બુદ્ધિ ને સંકલ્પબળની વાહવાહ બોલીએ, તેવો દુર્જન નાટકમાં તો કયાંય આગળ પડી આવતો નથી.[૫] એવું નિરૂપણ ક્લેશપર્યવસાયી થાય. સ્થાયિભાવ જાગ્રત કરવાના ઉદ્દેશથી લખાયેલું નાટક ઘણું સંકીર્ણ કે ઘણું યથાર્થદર્શી પણ ન થઈ શકે, કેમકે બુદ્ધિવ્યાપાર, વધી પડતાં, લાગણીના ઉત્કર્ષને બાધક . થાય. પણ આ બીજી વાત રસના સિદ્ધાંતને પરિણામે આવતી સાહિત્યની મર્યાદા ગણી શકાય, રસવાદમાં આવી જતી સાપેક્ષતા ગણી શકાય નહિ. કાવ્યનાટકને અન્તે ભાવકના ચિત્તમાં વૃત્તિઓનું યુદ્ધ જામે, સદસદ્વૃત્તિઓનું મંથન થાય, એ આપણા બ્રહ્માસ્વાદસહોદર રસના વાદને અનિષ્ટ છે. કરુણ બીભત્સ અને ભયાનકનું નિરૂપણ રસના સિદ્ધાન્ત અનુસાર અલૌકિક આનન્દનું કારણ બનવું જોઈએ, તથાપિ

---

[૫] કીથ; “Sanskrit Drama.”

તેમને આપણા સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન મળ્યું નથી તે એ સિદ્ધાન્તમાં પેસી ગયેલી મર્યાદાઓનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

રસસિદ્ધાન્તમાંની સાપેક્ષતાના બીજા નિર્દેશ રસાભાસની આપણા આલંકારિકોની ચર્ચામાંથી મળે છે. તે સાપેક્ષતાઓનો ઉદ્ભવ આપણી ધર્મ અને આચારની પ્રણાલિકાઓમાં છે. અનૌચિત્યથી પ્રવર્તતો 'રસ' તે રસાભાસ. શાસ્ત્ર[૬] અને લોકવ્યવહારને ઓળંગી થયેલું નિરૂપણ તે સામાજિકને અનુચિત. એમ લઈએ કે સહૃદયને અનુચિત લાગે તે અનુચિત, તોપણ સહૃદયને શું અનુચિત લાગવાનો ખૂબ સંભવ હતો તે તો આલંકારિકોએ આપેલા દાખલાઓથી સ્પષ્ટ જણાઇ જાય છે. સામાજિક ખ્યાલોને, ઉચિત અનુચિતના સામાજિક નિશ્ચયોને આપણી રસની ફિલસૂફી વટાવી શકી નથી, એમાં સંશય નથી. ઉપનાયક, મુનિપત્ની કે ગુરુ પ્રતિ રતિ, બહુ નાયક વિશે રતિ, અનુભાવ (response) ન પામતી રતિ, અધમ પાત્ર માટે રતિ શૃંગારમાં અનુચિત છે. આ એક જ વિષયમાં કલાનો પ્રદેશ કેટલો સંકુચિત થઇ ગયો ! રસાભાસની કલ્પનાથી મનુષ્યસ્વભાવના યથાતથ આલેખનની અવગણના થઇ છે, એટલું જ નહિ, અનુભાવ ન પામતી રતિ જેવામાં ભાવમંથનનો ઉત્તમ હૃદયસ્પર્શી પ્રસંગ આવે તે પણ કવિ જતો કરતો જણાય છે. ગુરુ આદિ પ્રતિ રતિ, કોપ, કે હાસને રસાભાસ ગણવામાં ઉચ્ચ નીતિના ખ્યાલને કલામાં ખેંચી આણ્યો છે, તો સમાજના નીચલા થરના પાત્રમાં આલેખાતા શમ કે ઉત્સાહને રસાભાસ ગણવામાં આપણા ધર્મના અસ્પૃશ્યતાના રોગનો ચેપ કલાને લગાડવામાં આવ્યો છે. રસસિદ્ધાન્તના વિવરણમાં કે વિનિયોગમાં હિન્દુ [૭]પંડિત કે કવિ ધર્મની એ વિષકન્યા અસ્પૃશ્યતાની પર જઈ શક્યો નથી એ હકીકત દુઃખદ પણ છે ખરી.

રસસિદ્ધાન્ત તત્ત્વતઃ ખરો છે, પણ તેના શાસ્ત્રમાં ઉપરની, ખાસ કરીને લોકવ્યવહારજન્ય સાપેક્ષતા ને મર્યાદા કેમ પ્રવેશી તેનું નિરાકરણ થઈ શકે ખરું ? એ દ્વારા રસશાસ્ત્રનું શોધન થઈ શકે ખરું ? આ પ્રશ્નના નિરાકરણ માટેની લાંબી ચર્ચા અહીં ઉદ્દિષ્ટ નથી. પણ એ દિશામાં પ્રયત્ન માટે એક વિશિષ્ટ સૂચના કરું છું.

કાવ્યનો રસ સહૃદયથી આસ્વાદ્ય છે. આ સહૃદય વાસના વગરનો યોગી નથી. રસાસ્વાદ માટે વાચક કે પ્રેક્ષકમાં વાસનાની અપેક્ષા આલંકારિકોએ સ્વીકારી છે. અન્તઃકરણની વૃત્તિરૂપ રતિ હાસ વગેરે ભાવો જલદી વિનાશશીલ છે તોપણ સંસ્કારરૂપે ચિરકાલ સ્થાયી છે અને રસની

---

[૬] સામગ્રીના અભાવથી જે રસ પૂરા પ્રકર્ષથી પ્રવર્તતો નથી તેને પણ રસાભાસ કહેવામાં આવે છે, પણ પ્રકર્ષના અભાવથી પ્રવર્તતો 'રસ' નહિ પણ ભાવ યોગ્ય રીતે ગણી શકાશે.

[૭] એકલો જગન્નાથ પંડિત અનૌચિત્યથી પ્રવર્તતા 'રસ'માં કે 'રસાભાસ'માં દોષ જોતો નથી, રસને પ્રતિકૂલ હોય તે જ તેને દોષમય છે. यावता त्वनौचित्येन रसस्य पुष्टिस्तावत्तु न वार्यते, रसप्रतिकूलस्यैव तस्य निषेधत्वात्। સમાજની દૃષ્ટિએ નિષિદ્ધ આલંબનથી પ્રવર્તતો રસ રસાભાસ કહેવાય છે એટલું જ તે કહે છે. એવા રસાભાસનું નિબન્ધન નિષિદ્ધ છે એમ તે કહેતો નથી. જુઓ દે નો 'અલંકારશાસ્ત્રનો ઇતિહાસ.'

પ્રતીતિ થાય છે તે સમયે એનું અનુસન્ધાન થાય છે, માટે એ ભાવ સ્થાયી કહેવાય છે. चित्तवृत्तिरूपस्याशुविनाशित्वेऽपि वासनात्मतया सूक्ष्मरूपेणावस्थानात्स्थायित्वं बोध्यम् ।[૮] મતલબ કે આ વાસના તત્ત્વતઃ સ્વાભાવિક છે. તેથી તેને instinct કહેવામાં બાધ નથી. આલંકારિકોને મતે વાસનાનું સ્વરૂપ કેવું છે તેનો થોડો ખ્યાલ તેમનાં કેટલાંક વિધાનોથી આવે છે. વાસનાથી (કદાચ વાસનાઓને ઉન્નત કરી, શુદ્ધ કરી) પર થયેલા યોગીનો અને શુષ્ક પાંડિત્યથી જડ બનેલા મીમાંસકનો તેમના મનમાં ખ્યાલ છે. આ લોકો કાવ્યનો રસાસ્વાદ કરી શકતા નથી, એમ તેમનું કહેવું છે. न जायते तदास्वादो विना रत्यादिवासनाम् ઉપર ટીકા કરતાં વિશ્વનાથ લખે છેઃ वासना च इदानींतनी प्राक्तनी च रसास्वादहेतुः । વાસના પ્રાક્તન હોય અને ઇદાનીંતન હોય, જન્મદત્ત હોય અને વર્તમાન હોય, તો જ તે રસનો હેતુ બને છે. આ બધા ઉપરથી અનુમાન કરી શકાય કે વાસનાવિરોધ, નિર્વાસનત્વ, વાસનામાં વિકાસ કે વિકાર આપણા કાવ્યશાસ્ત્રીઓની વિચારમર્યાદાની બહાર નથી. વિભાવાદિથી વ્યક્ત થયેલો સ્થાયી ભાવ તે રસ, તેને બદલે વિભાવાદિથી વ્યકત થયેલો સંસ્કારસિદ્ધ સ્થાયિભાવ તે રસ એમ મૂકીએ તો રસસિદ્ધાન્તના વિવરણમાં આવતી સાપેક્ષતાઓ સમજી શકાશે. મૂળે એક જ વાસના પ્રજાપ્રજામાં સંસ્કારસિદ્ધ દશામાં જુદીજુદી સંભવે; નવા વિચારોને કે નવી પરિસ્થિતિને બળે વાસનાનું સંસ્કારસિદ્ધ સ્વરૂપ એક જ પ્રજામાં કાળે કરીને જુદું થાય. આમ સ્વીકારીએ તો જ રસાસ્વાદનું અનુસન્ધાન પ્રજાની સંસ્કૃતિ સાથે થઈ શકે. ખૂબીઓ, ઊણપો અને દોષોવાળી ભારતીય સંસ્કૃતિના અનુસન્ધાન વગર રસવાદનું વિવરણ અને વિનિયોગ સમજી શકાય એમ નથી. આજના સામાજિકનો સંસ્કારસિદ્ધ સ્થાયિભાવ, તેની ઇંદાનીંતન વાસના, નવા વિચાર અને નવી પરિસ્થિતનું પરિણામ છે અને તેથી મમ્મટાદિને જે રસાભાસ લાગે તેમાં આધુનિક સામાજિકને ખરો રસ પણ કદાચ સમજાય.

કાવ્ય, સર્જનાત્મક સાહિત્ય, જેને વિષય કહે છે તે નરી સાદી વાસનાઓ (instincts) નહિ પણ લાગણીઓ એટલે કે વાસનાઓનાં સંસ્કારસિદ્ધ સ્વરૂપ. સંસ્કારસિદ્ધ સ્વરૂપ એટલે વાસનાઓમાં પરિસ્થિતિ અનુસાર ધાર્મિક માન્યતાઓ, નૈતિક પ્રણાલીઓ અને દર્શનાદિના વિચારો ભળતાં ઉદ્‌ભવતાં સંકીર્ણ સ્વરૂપ. આ રીતે નવી કહી શકાય એવી લાગણીઓ, દેશપ્રેમ અને વર્ડ્ઝવર્થ નરસિંહરાવ આદિમાં દેખાતો કુદરતપ્રેમ, આસ્વાદ્ય થાય છે તે સમજી શકાશે.

રસસિદ્ધાંતમાંની સાપેક્ષતા, ત્યારે કેટલીક આપણાં દર્શનો સાથે સિદ્ધાંતની સમાન્તરતાથી, પણ મુખ્યત્વે સંસિદ્ધ સ્થાયિભાવો પરત્વે છે. તેમાં નિત્ય સત્ય એ છે કે સ્થાયિભાવોનાં બીજ, વાસનાઓ છે : વાસનાઓની આસપાસ સ્થાયિભાવો પોતાના દેહ ઘડે છે. બીજું નિત્ય સત્ય છે રસનિષ્પત્તિની આપણા આલંકારિકોની સમજૂતીમાં. ધ્વનિ આત્મસાત્ કરવાની આપણી શક્તિ કે આપણું ભોજકત્વ અલૌકિક રીતે રસાનુભવ કરાવે છે. એટલે કે જેમ સ્વાદ માટે જીભની સ્પર્શ ઉપરાંત જુદી સ્વાદેન્દ્રિય તરીકે શક્તિ છે તેમ રસાનુભવ માટે, જાણે, આપણી રસેન્દ્રિય છે, જે ચિત્તની વિશિષ્ટ શક્તિ ગણી શકાય. ભારતીય વિવેચનમાં 'ઈમેજિનેશન'નું સ્થાન આ રસેન્દ્રિય (કે ભોજકત્વ)

---

[૮] ઝળકીકરની 'કાવ્યપ્રકાશ' પર વૃત્તિ

લઈ શકે. જે શક્તિથી કવિનો અનુભવ વાચક પોતાનો કરે છે તેને 'ઇમેજિનેશન' (કલ્પના) શબ્દ અનુલક્ષે છે; પણ તે અનુભવ વાચકને ઇષ્ટ છે, તેમાં તેને અલૌકિક આનંદ પડે છે તે વાત તેમાં સૂચવાતી નથી. આપણા કાવ્યશાસ્ત્રીઓએ આત્મસાત્ કરતી શક્તિ ઉપર ભાર ન મૂકતાં આનંદ ઉપજાવતી શકિત ઉપર ભાર મૂક્યો છે. સાહિત્યાનુભવમાં કલ્પનાએ આત્મસાત્ કરેલું લાગણીઓને સ્પર્શે છે કે નહિ તે જ મોટી વાત છે; મૂલ્યાંકનમાં, ઉચ્ચાવચના નિર્ણયોમાં તે એક, પણ મહત્ત્વની કસોટી છે. તરેહદાર પણ જડ સાહિત્યસર્જનોથી કેવળ માહિતી, બોધ, આન્વીક્ષિકી કે વાદવકીલાતની કૃતિઓથી કાવ્યપદસૂચિત વાઙ્મયને બચાવવાનું સામર્થ્ય રસસિદ્ધાંતમાં છે.

કુશાનવંશી કનિષ્ક રાજા એક કે બે ?

ડૉ. ત્રિભુવનદાસ લ. શાહ

પ્રાચીન સમયે જેમ પૂર્વ હિંદમાં મગધના અને મધ્યહિંદમાં અવંતીના સામ્રાજ્યની મુખ્યપણે ગણના થતી હતી, તેમ ઉત્તરહિંદમાં મથુરાના સામ્રાજ્યની બોલબાલા ગણાતી હતી. આ મથુરાના સામ્રાજ્ય ઉપર એક સમયે કુશાનવંશી રાજાઓની સત્તા જામી પડી હતી. આ કુશાનવંશનાં આદિ અને અંત ક્યારે થયાં હતાં તે જેમ અદ્યાપિપર્યંત ચોક્કસ કરી શકાયું નથી, તેમ તે વંશમાં કેટલા રાજા થયા તથા તે પ્રત્યેકનો રાજ્યઅમલ કેટલાં વર્ષ ચાલ્યો તે પણ તેટલું જ અચોક્કસ અને અંધારામાં છે. આ સર્વ હકીકત આપણે અત્ર વિચારવા માંગતા નથી. પરંતુ તેમાં થયેલ રાજાઓની જે નામાવલી અત્યારે વધુમતે માન્ય રહેલી છે તેમાં કનિષ્ક નામે એક વ્યક્તિનો સમાવેશ થાય છે. આ કનિષ્કનામધારી એક રાજા થયો કે બે, અને બે થયા હોય તો તે બન્નેનું સ્થાન ક્યાં છે, એટલો જ પ્રશ્ન અત્ર આપણે હાથ ધરવા માંગીએ છીએ.

'અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા'ની ચોથી આવૃત્તિમાં પૃ. ૨૯૩ ઉપર તેના વિદ્વાન કર્તા ડૉ. વિન્સેન્ટ સ્મિથ આ વંશની વંશાવળી નિમ્નલિખિત જણાવે છે. આમાં પ્રથમનાં બે નામો તો સર્વ વિદ્વાનોને મંજૂર જ છે. જે કાંઈ મતફેર છે તે તેમના રાજ્યકાળ વિશે છે. કોઈ પ્રથમને ૪૦ વર્ષ અર્પે છે, તો કોઈ બીજા નંબરનો સમય ૪૦ વર્ષનો જણાવે છે. છતાં આ બન્ને મતવાળાઓ તે બન્નેનો એકંદર સમય તો ૭૦ થી ૭૨ વર્ષનો જ લેખવે છે. અને તે પછીનાં ૧૦ વર્ષનો કાંઈ પત્તો ન લાગવાથી કોરાં રાખે છે. એટલે જો તે દશ વર્ષનો ઉપરના ૭૦-૭૨ માં ઉમેરો કરી વાળવામાં આવે, તો પ્રથમના બે નૃપતિઓનો સમય ૮૦ થી ૮૨ વર્ષનો લેખાશે. ને ખરી રીતે વસ્તુસ્થિતિ પણ તેમ જ છે. પરંતુ તે વિષય આ લેખનો ન હોવાથી આપણે તેમાં ઊતરીશું નહિ. જિજ્ઞાસુ વાંચકને તે માટે 'પ્રાચીન ભારતવર્ષ,' પુ. ૪, પૃ. ૧૩૦ થી વાંચી જવાને ભલામણ કરીશું.

	ઇ. સ.	ઈ. સ	વર્ષ
(૧) કડફસીઝ(પહેલો)આશરે	૪૦	૭૮	૩૮
(૨) કડફસીઝ (બીજો) ,,	૭૮	૧૧૦	૩૨
વચ્ચે ગાળો	૧૧૦	૧૨૦	૧૦
(૩) કનિષ્ક	૧૨૦	૧૬૦	૪૦
(૪) હુવિષ્ક	૧૬૦	૧૮૨	૩૨
(૫) વાસુદેવ	૧૮૨	૨૨૦	૩૮
(૬) અન્ય રાજાઓ	૨૨૦	૨૬૦	૪૦

જે નામો વિશે વિદ્વાનોમાં મતફેર છે તે હવે જ શરૂ થાય છે. આપણે તે તપાસીએ. ઉપર્યુક્ત નામાવલીમાં ડૉ. સ્મિથે નં. ૩-૪-૫ નાં નામો તરીકે કનિષ્ક, હુવિષ્ક અને વાસુદેવને અનુક્રમે જણાવ્યા છે; પણ તેમણે જ રચેલા "મથુરા એન્ડ ઈટ્સ ઍન્ટિક્વિટીઝ" પૃ. ૩માં કેટલુંક વર્ણન લખતાં "and dated in the regual years of the Indo-Scythian rulers, Huvishka Kanishka and Vasudeva ” નો ક્રમ બતાવ્યો છે. મતલબ કે એક વાર કનિષ્કને હુવિષ્કની પૂર્વે મૂકે છે તો બીજીવાર વળી પાછળ મૂકે છે. ત્યારે એક અન્ય ગ્રંથકર્તા (‘હિંદુ હિસ્ટરી.’ ઈ. સ. પૂ. ૩૦૦૦ થી ૧૦૦૦, કલકત્તા, ૧૯૨૦. એ. કે. મજુમદાર) ડૉ. સ્મિથના મત પ્રમાણે નામ મંજૂર તો રાખે છે, પરંતુ probably શબ્દ લખીને પૃ. ૬૫૬ માં પોતાની શંકા વ્યક્ત કરે છે કે “ Kanishka who probably succeeded by one Vasishka, whose name appears from inscription though not verified by a coin. ” આટલું લખીને પાછું હુવિષ્કનું વર્ણન આપતાં બે પૃષ્ઠો ભરે છે ને અંતે પૃ. ૬૫૮માં પોતાનો અભિપ્રાય જણાવતાં લખે છે કે, ‘ Kanishka was succeeded by Jushka, about whom we know very little,’ એટલે કેમ જાણે વાસિષ્કને અને જુષ્કના નામને પોતાના અને ડૉ. સ્મિથના મત પ્રમાણે કનિષ્કની પાછળ ગાદીએ આવનાર હુવિષ્ક સાથે સંબંધ હોય એવી શંકાશીલ માન્યતા રચે છે, પરંતુ તે વિશે કોઈ ચોક્કસ નિર્ણય પોતે બાંધી શકતા નથી.

કાશ્મીર દેશ મથુરા સામ્રાજ્યનું એક મહત્ત્વનું અંગ હોઈ ને, તે દેશના ઇતિહાસલેખકને જેટલી સામગ્રી ઉપલબ્ધ થઈ શકે, તેમ જ જેટલી ઝીણવટથી તેને શોધીને ઉકેલ આપી શકે તેટલી સગવડતા અને સાનુકૂળતા, સકલ ભારતના ઇતિહાસલેખકને સાંપડી ન શકે તે સમજી શકાય તેવું છે. આટલે દરજ્જે કાશ્મીર દેશનો ઐતિહાસિક ગ્રંથ ‘રાજતરંગિણી’ વિશેષ વજનદાર લેખાય. તે ગ્રંથનો અનુવાદ કર્નલ એમ. સ્ટાઈને અંગ્રેજીમાં કરેલ છે. તેના સર્ગ ૧, પારિ. ૭૪, પૃ. ૭૬-માં રાજાની નામાવલી આપતાં, હુવિષ્ક, જુષ્ક અને કનિષ્કનો અનુક્રમ બતાવ્યો છે તથા તે દરેકે પોતાના નામ ઉપરથી સ્વતંત્ર શહેરો વસાવી (મજકૂર પુસ્તક પૃ. ૭૬:— The continued existence of the three places, Kanishkapur, Hushkapur and Jushkapur) કનિષ્કપુર, હુષ્કપુર અને જુષ્કપુર તરીકે ઓળખાવ્યાનું જણાવ્યું છે. એક અન્ય લેખક નામે કાંગડી ગુરુકુળના આચાર્યશ્રી વિદ્યાભૂષણ અલંકાર પોતાના ‘ મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસ’ પૃ. ૬૫૪માં તે જ અનુક્રમ જણાવે છે. મતલબ કે, હુવિષ્કની પાછળ કનિષ્કને મૂકે છે. એટલું જ નહિ, પણ જુષ્ક નામની કોઈ ત્રીજી વ્યક્તિને વચ્ચે ઘુસાડી દે છે. આ જુષ્ક વિશે ઉપરમાં જણાવેલ ‘હિંદુ હિસ્ટરી’ના લેખકે ‘about whom we know very little’ આટલા ઉદ્ગાર કાઢીને જ સંતોષ પકડ્યો છે.

ઉપર્યુક્ત જણાવેલ વિદ્વાનોના મતનું શુદ્ધીકરણ અને એકીકરણ કરીશું તો કનિષ્ક, જુષ્ક અથવા હુવિષ્ક, કનિષ્ક અને વાસુદેવ, એવો ઉપક્રમ બન્યો હોવાનું તારવી શકાય છે. તેમાંયે હુવિષ્ક અને જુષ્ક તે એક જ વ્યક્તિ છે કે ભિન્ન ભિન્ન તે ચોક્કસ થતું નથી. પરંતુ જ્યારે કનિષ્કપુર, હુષ્કપુર અને જુષ્કપુર એમ ત્રણ નગરો વસાવ્યાની હકીકત લક્ષમાં લઈએ છીએ, ત્યારે તેના કર્તા જુષ્ક અને હુવિષ્ક બન્ને ભિન્ન જ વ્યક્તિ હોવાનું પુરવાર થાય છે. એટલે ડૉ. સ્મિથે આપેલી નામાવલીમાં જે નં. ૩, ૪ અને ૫ આંકના ત્રણ રાજાઓ આપ્યા છે તે સ્થાને,

કનિષ્ક, જુષ્ક, હુવિષ્ક, કનિષ્ક અને વાસુદેવ એમ અનુક્રમે પાંચ વ્યક્તિઓ ગોઠવવી પડે છે. છતાં સોએ સો વસા આ પ્રમાણે જ બન્યું હોવું જોઈએ એમ દૃઢતાપૂર્વક તો ન જ કહી શકાય.

ઇતિહાસસર્જનમાં ઉપયોગી થતાં સાહિત્યિક પ્રમાણોનું પરિણામ જાણી ચૂકયા. હવે આ રાજાઓના શિલાલેખ અને સિક્કાઓ મદદગાર થઇ શકે છે કે કેમ તે પણ તપાસી લઇએ. તેમના સિક્કાઓ તો અનેક પ્રાપ્ત થયા છે, પરંતુ તેમાં કેવળ નામનો જ નિર્દેશ થયેલ હોવાથી (જુઓ પ્રા. ભા., પુ. ૨ સિક્કા નં. ૮૬, ૮૭, ૮૮, ૮૯ અને ૯૦) સાહિત્યિક પ્રમાણો ઉપરથી મળેલ માહિતીમાં વિશેષ ઉમેરો થતો નથી એટલે શિલાલેખો ઉપર નજર દોડાવવી રહે છે. તેમાં જ્યાં માત્ર નામનો જ ઉલ્લેખ કરાયો છે તે તો સિક્કાઓની પેઠે છોડી દેવા જ રહે છે; પણ નામ ઉપરાંત, વર્ષનો આંક, બિરુદદર્શક ઉપાધિ કે અન્ય હકીકત જોડેલી હોય છે તેવા જ ઉપયોગી થવાની ગરજ સારે છે. તેવાની સંખ્યા લગભગ ચૌદેકની થવા જાય છે. તે નીચે પ્રમાણે વર્ષોના અનુક્રમ પ્રમાણે ગોઠવ્યા છે; પરંતુ વ્યકિતના નામ પ્રમાણે ગોઠવીએ તો આ પ્રમાણે આવે છે:

(૧) કનિષ્ક-મહારાજાધિરાજ તરીકે વર્ષ ૩, ૯, ૧૮, ૪૧, ૪૧ અને ૬૦

(૨) જુષ્ક મહારાજાધિરાજ તરીકે વર્ષ ૨૪, ૨૮ અને એક અસ્પષ્ટ છે; પરંતુ તે આંક ૨૯ હોવાનું શોધતાં જણાયું છે જ્યારે એક આંક વિનાનો છે.

(૩) હુવિષ્કનો વર્ષ-૩૩નો ઉપાધિવિનાનો અને મહારાજાધિરાજ તરીકે ૫૧ અને ૬૦

(૪) વાસુદેવનો આંક વર્ષ ૯૮

આ પ્રમાણે દર્શાવેલ વર્ષના આંક, સંખ્યાનું તથા તેની સાથે જોડાયેલ રાજાઓનાં નામનું પૃથક્કરણ હવે કરીએ.

સ્થાન	રાજાનું નામ તથા પદવી	વર્ષનો આંક
(૧) સારનાથ	કનિષ્ક—મહારાજાધિરાજનો	૩
(૨) મથુરા	,, ,,	૯
(૩) માણિક્યાલ	,, ,,	૧૮
(૪) આરા	જુષ્ક ,,	(આંક નથી)
(૫) ઇસપ્પુર	,, ,,	૨૪
(૬) સાંચી	(નામ અસ્પષ્ટ છે)	૨૮
(૭) મથુરા	જુષ્ક મહારાજાધિરાજ	૨૯?
(૮) મથુરા	હુવિષ્કનો (ઉપાધિ રહિત)	૩૩
(૯) વરડક	કનિષ્ક મહારાજાધિરાજ	૪૧
(૧૦) આરા	,, ,,	૪૧
(૧૧) વરડક	હુવિષ્ક ,,	૫૧
(૧૨) મથુરા	કનિષ્ક ,,	૬૦
(૧૩) મથુરા	હુવિષ્ક ,,	૬૦
(૧૪) મથુરા	વાસુદેવ	૯૮

(૧) કનિષ્કની સાથે ૩ થી ૬૦, (૨) જુષ્ક સાથે ૨૪ થી ૨૯, (૩) હુવિષ્ક સાથે ૩૩ થી ૬૦, અને (૪) વાસુદેવ સાથે ૯૮ ના આંક જોડાયેલ છે. આ સર્વેમાં વાસુદેવનો આંક ૯૮ તદ્દન

અલગ પડી જાય છે ને કોઇનામાં અંતર્ગત થતો નથી, એટલે તેને સ્વતંત્ર ગણીને આપણી વિચારસરણીમાંથી બાકાત રાખીશું.

કનિષ્ક મહારાજાધિરાજને ફાળે ૩ થી ૬૦ ના આંક છે, જ્યારે જુષ્કના ૨૪ થી ૨૯ અને હુવિષ્કના ૩૩ થી ૬૦ નાં વર્ષો છે. આ ઉપરથી દેખાશે કે જુષ્ક અને હુવિષ્કનાં વર્ષો કનિષ્કની અંદર સમાઇ જાય છે. એટલે જ 'ઑક્સફર્ડ હિસ્ટરી ઑફ ઇન્ડિયા'ના લેખકને પૃ. ૧૩૭ માં ઉચ્ચારવું પડ્યું છે કે " Huvishka's years overlap those of his predecessor from the year 33 to the year 60 of Kanishka's regual era " અને એટલું તો ચોક્કસ કહેવાય જ કે, એક જ પ્રદેશ ઉપર એક જ સમયે મહારાજાધિરાજ કહેવરાવતા બે રાજાઓની સત્તા ન જ હોઇ શકે. આ પ્રમાણે ઊભી થતી ગૂંચનો જો નિકાલ કરી શકાય તો આપણી મુશ્કેલીનો પણ અંત આવી જાય.

ડૉ. સ્ટેન કોનાઉ રચિત " ખરોષ્ઠી ભાષાના શિલાલેખો " નામે પુસ્તકમાં પૃ. ૧૬૨ ઉપર વર્ણિત આરાના શિલાલેખમાં "महाराजस्य राजाधिराजस्य देवपुत्रस्य कैसरस्य वझेष्कस्य पुत्रस्य कनिष्कस्य" આ પ્રમાણે શબ્દો હોવાનું જણાવ્યું છે. જે ઉપરથી સ્પષ્ટ થાય છે કે વઝેષ્કનું બિરુદ 'કૈસર' હતું. વળી તેણે મહારાજાધિરાજ તરીકે રાજ્ય ભોગવ્યું હતું. તેમ જ પોતા માટે देवपुत्रस्य શબ્દ વાપર્યો છે એટલે હિંદી સંસ્કૃતિ પણ અપનાવી લીધી હતી. ઉપરાંત તેના પુત્રનું નામ કનિષ્ક હતું. સારાંશ કે વઝેષ્ક નામનો મથુરા સામ્રાજ્યનો અધિપતિ થઈ ગયો જ હતો અને તેના પુત્રનું નામ કનિષ્ક પણ હતું જ. આ પ્રમાણે એક સ્થિતિ થઈ. બીજી બાજૂ ઇતિહાસ કહે છે કે વીયા કડફસીઝની પાછળ ગાદીએ આવનાર કનિષ્ક તેનો પુત્ર* થતો હતો. આ વીયા કડફસીઝે હિંદમાં પગ મૂક્યો તે પૂર્વે ખોટાન-પામીર અને આસપાસના પ્રદેશ ઉપર રાજ્ય ચલાવતા ચીનાઈ રાજકુટુંબના રાજા સાથે બખડાબખડી કરી હતી, તેમાં પોતે હાર્યો હતો તથા અપમાનિત થયો હતો. પિતાને થયેલ અપમાનનો બદલો વાળવા, કનિષ્કે મથુરામાં રાજગાદી સ્થાપીને સુદૃઢ બન્યા પછી, કાશ્મીર થઈને પેલા ચીનાઇ રાજા ઉપર ચડાઇ કરી તેને જીતી લીધો હતો, એટલું જ નહિ પણ વિશેષમાં તેના બે કુંવરોને બાન તરીકે હિંદમાં મોકલી આપ્યા હતા, અને પોતે વિશેષ ને વિશેષ પ્રદેશ જીતતો ઠેઠ મોંગોલિયા સુધી પહોંચી ગયો હતો. (જુઓ 'હિન્દુ હિસ્ટરી' પૃ. ૬૫૩.)

આ પ્રમાણે પ્રદેશ વિસ્તારવામાં લાંબો કાળ તેને હિંદ બહાર ગાળવો પડ્યો હોય તે સ્વાભાવિક છે. એટલે તેની સાથે ગયેલા લશ્કરી અફસરો કંટાળી ગયા હતા. તેથી કહેવામાં આવે છે કે (જુઓ 'ઑક્સફર્ડ હિસ્ટરી ઑફ ઇન્ડિયા' પૃ. ૧૩૦; પ્રા. ભા., પુ. ૪. પૃ. ૧૫૧)— gradation affirms that he must have been smothered while on his last northern campain by officers, who had grown weary of exile beyond the passes—તેમાંના કોઈકે તેનું ખૂન કરી નાખ્યું હતું. આ કનિષ્કને બે પુત્રો

---

* આની ચર્ચા અત્ર નિરર્થક છે. તે માટે જુઓ પ્રા. ભા, પુ. ૪.

હતા (Ibid p. 130:—Kanishka spent most of his time waging successful wars; whilst absent on his distant expeditions he left the government of the Indian province in the hands of, first of Vasishka apparently his elder, and then of Huvishka apparently his younger son). મોટો વઝેષ્ક (જેનું ટૂંકુ નામ જુષ્ક થાય છે) અને નાનો હુવિષ્ક (જેનું ટૂંકુ નામ હુષ્ક થાય છે). કનિષ્કના મરણ પછી સ્વાભાવિક રીતે જ મોટો પુત્ર વઝેષ્ક મહારાજાધિરાજ બન્યો છે અને મથુરાપતિ થયો છે, જ્યારે નાના હુવિષ્કને પિતાએ સોંપેલ કાશ્મીર પ્રદેશની હકૂમત ઉપર જ કાયમ રાખ્યો હતો. મહારાજા વઝેષ્ક ટૂંક વખત રાજ્ય કરી ત્રણેક વર્ષનો બાળપુત્ર મૂકી મરણ પામ્યો, ત્યારે ભત્રીજાની સગીર અવસ્થામાં કાકા હુવિષ્કે રાજ–કારભાર ચલાવ્યો હતો અને જ્યારે ભત્રીજો યોગ્ય વયનો થયો ત્યારે તેને રાજ્યાસને બેસારી પોતાના અસલ સ્થાનકે (કાશ્મીરમાં) પાછો ફર્યો હતો. મહારાજાધિરાજ બનેલા—આ ભત્રીજા—કનિષ્કે, પોતાની સગીરાવસ્થામાં સારી રીતે રાજ સંભાળ્યાના ઇનામ તરીકે કાકા હુવિષ્કને મહારાજાધિરાજની પદવી અર્પણ કરી કાશ્મીર ઉપર સ્વતંત્રપણે હકૂમત ચલાવવાની રાજાજ્ઞા ફરમાવેલી. આ પ્રમાણે સંક્ષિપ્ત ઇતિહાસ જાણવો. (વિશષ માટે જુઓ 'પ્રાચીન ભારતવર્ષ' પુ. ૪ માં કુશાનવંશની હકીકત.)

બીજી વાતો આપણને સ્પર્શતી ન હોઈને છોડી દઈએ. પરંતુ ઉપર્યુક્ત કથનથી એટલું તો જરૂર સમજી શકાય છે જ કે, વઝેષ્ક મથુરાનો સમ્રાટ બન્યો હતો, તેના પિતાનું નામ જેમ કનિષ્ક હતું તેમ પુત્રનું નામ પણ કનિષ્ક જ હતું, એટલે બે કનિષ્ક હોવાનું પુરવાર થયું ગણાય. તેમાં બીજા કનિષ્કે, પોતે સમ્રાટ બનીને પોતાના કાકા હુવિષ્કે જે નિમકહલાલીથી રાજસેવા બજાવી હતી તેની કદર તરીકે તેને મહારાજાધિરાજની પદવીએ ચડાવ્યો હતો.

આ પરિસ્થિતિ ઉપરમાં જણાવી ગયેલ ૩૩ થી ૬૦ વર્ષના અંતર્ગત થઈ જવાની ગૂંચનો ઉકેલ મળી આવે છે કે કેમ તે તપાસી લઈએ. કનિષ્કનાં વર્ષ ૩ થી ૬૦ છે જ્યારે વઝેષ્કના ૨૪ થી ૨૯ છે, તેમ કનિષ્કનાં વર્ષોમાં ૧૮ થી ૪૧ સુધીનો લાંબો ગાળો પડેલ દેખાય છે; એટલે સંભવિત છે કે, ૨૪ પહેલાંનાં વર્ષો કનિષ્ક પહેલાએ રાજ્ય કર્યું હોય અને તે ઉપરથી વઝેષ્કનું રાજ્ય ૨૪ થી ૨૯ નું તથા ૨૯ થી ૪૧ સુધીનાં બાર વર્ષના ગાળા સુધી વઝેષ્કપુત્ર કનિષ્ક બીજાની સગીરાવસ્થા માની શકાય. હુવિષ્કે જે લેખ ૩૩ માં કોતરાવ્યો તે રિજંટ તરીકેના સમયમાં હોવાથી મહારાજાધિરાજ તરીકે પોતાને ઓળખાવેલ નથી, પરંતુ કનિષ્ક બીજાનો રાજ્યાભિષેક ૪૧ માં થતાં પોતાને મહારાજાધિરાજ તરીકે ઓળખાવે છે તેમ જ કાકા હુવિષ્કનો દરજ્જો પણ વધારી આપવાથી તે પણ પોતાને મહારાજાધિરાજ તરીકે ઓળખાવે છે. ૬૦ વર્ષ પછી હુવિષ્કનો કોઈ લેખ નથી મળતો, એટલે સંભવિત છે કે તે સાલ કે આસપાસના સમયે તેનું મરણ નીપજ્યું હોય. તેને મહારાજાધિરાજ પદ અર્પણ થયું છે, એટલે કદાચ કાશ્મીરના સૂબાપદ ઉપર સ્વતંત્રતાયુક્ત નિયુક્ત પણ કર્યો હોય, અથવા તો જેમ નેપાળપતિ જેવાં જ બિરુદો તેમનો વડો પ્રધાન ભોગવી રહ્યો છે તેમ કનિષ્ક બીજાના સમયે તેના કાકા હુવિષ્ક પણ તેવાં જ

બિરુદ ભોગવતો હોય. આ પાછલી સ્થિતિ હોવાનું વધારે સંભવિત લાગે છે.

સમ્રાટ કનિષ્કનો કોઇ લેખ ૬૦ વર્ષ પછીનો નથી મળતો, તેમ વાસુદેવનો કોઈ લેખ ૯૮ પહેલાંનો નથી મળતો. પરંતુ બીજા કેટલાક સંયોગો ઉપરથી ૯૩ માં કનિષ્ક બીજાનું મરણ નીપજ્યું હોવાનું માની શકાય છે. એટલે તેમની વંશાવલી હવે આ પ્રમાણે નિશ્ચિતપણે ગોઠવી શકાય છે:

	કનિષ્ક સંવતનાં વર્ષ	
કનિષ્ક પહેલો	૧ થી ૨૩ =૨૩	
વઝેષ્ક–જુષ્ક	૨૩ થી ૨૯ = ૬	
કનિષ્ક બીજો		
હુવિષ્કની રિજંસી	૨૯ થી ૪૧=૧૨	૬૪
રાજ્યાભિષેક પછી	૪૧ થી ૯૩=૫૨	
વાસુદેવ	૯૩ થી આગળ	

'બ્રહ્મસૂત્રકાર'ના મતે જગત્પ્રતીતિ

પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ

આપણી ઇન્દ્રિયોને દૃષ્ટિગોચર થતું જગતનું યથાર્થ સ્વરૂપ શું છે, તે ક્યાંથી આવ્યું, તે જે સ્વરૂપે દેખાય છે તે સત્ય છે; કે અસત્ય છે. આ વિષયમાં આ દેશના તથા યુરોપના તત્ત્વજ્ઞાનીઓએ જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓ આપ્યાં છે. તત્ત્વજ્ઞાનના વિષયમાં 'જગત'ના યથાર્થ સ્વરૂપનો કોયડો એ કૂટ બનેલો છે. 'જગત'ને આપણે જોઈએ છીએ, તથા તેમાં આપણે સઘળો વ્યવહાર કરીએ છીએ. તે દિક્-કાલાવચ્છિન્ન દેખાય છે. તેનું આદિકારણ શું હશે ? કેટલાક તેને સત્ય કહે છે, કોઈ તેને અસત્ય કહે છે. આ વિષયમાં જે જે મુખ્ય મતો પ્રવર્તે છે, તેની દૃષ્ટિથી તે તપાસીને આપણે આ લેખમાં બ્રહ્મસૂત્રકાર બાદરાયણ આ વિષયમાં શું કહે છે તે જોઈશું.

પ્રથમ આપણે આ સંબંધી જે જુદાજુદા મતો છે તેમાંથી નીચેના મુખ્ય લઈશું:

(૧) શૂન્યવાદ અગર વિજ્ઞાનવાદ

(૨) આરંભવાદ

(૩) વિવર્તવાદ

(૪) પરિણામવાદ

આમાંનો શૂન્યવાદ તે બૌદ્ધોનો છે. બૌદ્ધોની સૌત્રાન્તિક, વૈજ્ઞાનિક, યોગાચાર અને માધ્યમિક એવી ચાર શાખાઓ છે. તેમાં પહેલા બે સર્વાસ્તિવાદી કહેવાય છે. યોગાચાર મતવાળાઓ વિજ્ઞાનવાદી છે, અને માધ્યમિકો શૂન્યવાદી છે. એ બન્ને જણાઓ જગતને અસત્ય માને છે. શૂન્યવાદીઓ એમ કહે છે કે આ જગતની પીઠમાં, તેની પ્રત્યેક ક્ષણે બદલાતા દેખાવોની પીઠમાં, કોઈ સત્ત્વ જ નથી, અવાચ્ય અને અગમ્ય શૂન્યતા જ છે. શૂન્યવાદને વિશેષરૂપે પ્રસિદ્ધિ આપનાર નાગાર્જુન હતા. તેમના મત પ્રમાણે આ વિશ્વ 'સંવૃત્સત્ય' ઢાંકેલું મધ્યમ સત્ય છે, પરંતુ પરમાર્થ સત્ય નથી. તે મૂળતત્ત્વને શૂન્ય કહે છે. તે ખરી રીતે તો ઉપનિષદના નેતિનેતિને મળતો આવે છે. નાગાર્જુનની માન્યતા પ્રમાણે 'શૂન્ય' એટલે તદ્દન અભાવરૂપે સત્તા વગરનું નહિ. તેના માધ્યમિક શાસ્ત્રના અધ્યાય ૧૩ની કારિકા ૮માં તે એમ જણાવે છે કે જેઓ શૂન્ય દૃષ્ટિને વળગી રહે છે તેઓ અસાધ્ય રોગી છે.[૧] વિજ્ઞાનવાદના સમર્થ પ્રકાશક અશ્વઘોષ છે. તેને મતે જગત એ વિજ્ઞાનમય ભ્રમની પ્રતીતિ માત્ર છે. આપણું મૂળ વિજ્ઞાન જેને તે આલય વિજ્ઞાન કહે છે તે બે કાર્ય કરે છે: એક બાહ્ય વસ્તુનું ભાન કરાવે છે અને પોતે નવું જગત્

---

[૧] शून्यता सर्वदृष्टीनां प्रोक्ता निःसरणं जिनैः ।
येषां तु शून्यता दृष्टिस्तानसाध्यान्बभाषिरे ॥

સર્જે છે. આના મૂળમાં વાસના છે. બાહ્ય જગત વસ્તુતઃ નથી છતાં આલયવિજ્ઞાન વાસનાદ્વારા તેની પ્રતીતિ કરાવે છે. આ બન્ને દૃષ્ટિએ જગત એ અસત્ય છે. બ્રહ્મસૂત્રકારે પોતાના 'બ્રહ્મસૂત્ર' અધ્યાય ૨ ના બીજા પાદના સૂત્ર ૧૮ થી ૩૨ સુધીમાં આનો અસ્વીકાર કરેલો છે. જે અવસ્તુ છે તેનો વ્યવહાર થઈ શકે નહિ. જગતનો વ્યવહાર થાય છે, તેથી જગત અસત્ય કહેવાય નહિ. વળી વસ્તુઓ ક્ષણે ક્ષણે બદલાતી હોય તો આજથી મહિના પહેલાં જોયેલો ઘડો આજે પણ એનો એ છે, અને મહિના પહેલાં એ ઘડાથી જે કામ થતું હતું તે અત્યારે પણ થાય છે. ઘડામાં કોઈ પણ ફેરફાર થયેલો જણાતો નથી. તે ઘડાને અત્યારે પણ આપણે જ્યારે જોઇએ છીએ ત્યારે એમ કહીએ છીએ કે મહિના પહેલાં જોયેલો ઘડો તે જ આ છે. આમ અનુભવ અને અનુસ્મરણથી[2] તે જ છે એવી આપણી પ્રતીતિ થાય છે. જો વસ્તુઓ આ પ્રમાણે ક્ષણેક્ષણે નાશ પામતી હોય તો આપણને તેવી પ્રતીતિ થાય નહિ. આથી આ વાદ ટકી શકતો નથી. મૂળ કારણ શૂન્ય હોય તો તેમાંથી કાર્ય ઉત્પન્ન થઈ શકે નહિ. તો પછી તેને ખપુષ્પ, અગર શશશૃંગ જેવું જ કહેવું જોઇએ. જગત તેવું નથી.[3] કારણના અભાવે કાર્ય ઉત્પન્ન થઈ શકે નહિ, માટે કારણનો સ્વીકાર કરવો જ જોઇએ. મૂળ જો ન હોય તો શાખા ઇત્યાદિ ક્યાંથી હોય ? માટે મૂળનો સ્વીકાર કરવો જ જોઇએ. અને તે ભાવરૂપે હોવો જોઇએ, અભાવરૂપે નહિ. ભાવરૂપ કારણમાંથી જ ભાવરૂપ કાર્યની ઉત્પત્તિ થઈ શકે, અભાવરૂપમાંથી નહિ. જગતની ભાવરૂપે ઉપલબ્ધિ છે અને તેથી કાર્યને પણ સત્ય માનવું જોઇએ, એમ બ્રહ્મસૂત્રકાર કહે છે. કદાચ એમ કહેવામાં આવે કે ઉપલબ્ધિ માત્રથી જ તેને સત્ય કહેતા હો ! તો પછી સ્વપ્નના પદાર્થોની ઉપલબ્ધિ છે છતાં આપણે તેને સત્ય માનતા નથી. આના ઉત્તરમાં આવે છે કે સ્વપ્નના પદાર્થોની સાથે પ્રપંચને સરખાવી શકાય નહિ. બંને વચ્ચે ઘણું જ વૈધર્મ્ય છે. સ્વમના પદાર્થો તે વખતે તથા સ્વપ્નના અંતે પણ મિથ્યા સમજાય છે. જગત વિશેનું જ્ઞાન એવું નથી. જો એમ કહેવામાં આવે કે વાસનાથી બાહ્ય અર્થની પ્રતીતિ થાય છે તો કહેવાનું કે બૌદ્ધમતમાં બાહ્યઅર્થની ઉપલબ્ધિ જ નથી. જેની ઉપલબ્ધિ થતી હોય તેને વાસના ઉત્પન્ન કરે, ન થતી હોય તેની ન જ કરે. આવી ત્રુટિઓ શૂન્યવાદ અગર વિજ્ઞાનવાદમાં બ્રહ્મસૂત્રકાર દર્શાવે છે. તેને શ્રુતિનો કોઈ પણ આધાર નથી.

આરંભવાદ આ નૈયાયિકો તથા વૈશેષિકોનો છે. તેના પ્રવર્તકો ગૌતમ તથા કણાદ છે. તેઓ જગતને પરમાણુજન્ય માને છે. જગતનું ઉપાદાનકારણ (જેમાંથી તે ઉત્પન્ન થાય છે તે કારણ)

---

[2] अनुस्मृतश्च । ब्र. सू. २—२—२७

[3] नासतो दृष्टत्वात् । ब्र. सू. २—२—२६

[4] नाभाव उपलब्धेः ,, २—२—२८

[5] वैधर्म्याच्च न स्वप्नादिवत् ,, २—२—२९ (જુઓ શ્રી વલ્લભાચાર્યનું અણુભાષ્ય) स्वप्नादिषु तदानीमेव स्वप्नान्ते वा वस्तुनोन्यथाभावोपलम्भात् । न तथा जागरिते । वर्षानन्तरमपि दृश्यमानः स्तम्भः स्तम्भ एव ।

પરમાણુ છે અને ઈશ્વર એ નિમિત્તકારણ છે. કાર્ય અને કારણ ઉભયે ભિન્ન છે. આ મતવાળા જગતને અસત્ય માનતા હોવાથી તેઓ અસત્કાર્યવાદી કહેવાય છે. બૌદ્ધો જેમ જગતને અસત્ય માને છે તેમ નૈયાયિકો પણ અસત્ય માને છે. કાર્યાવસ્થા પૂર્વે જગત્ નહોતું. તે નવું જ ઉત્પન્ન થયેલું છે. બૌદ્ધો શૂન્ય અગર વિજ્ઞાનને કારણ માને છે, જ્યારે નૈયાયિકો પરમાણુને માને છે. તે સત્ય, પણ જગત સત્ય નહિ, કારણ કે તે નવું જ સર્જાયેલું છે. તેઓ પોતાના સિદ્ધાન્તને અન્યથાખ્યાતિથી સમજાવે છે. છીપમાં રૂપાની પ્રતીતિનું દૃષ્ટાન્ત આપે છે. છીપને જોતાં તેના ચકચકાટ ધર્મને લીધે પ્રથમ જોયેલા રૂપાનું આપણને સ્મરણ થાય છે; એટલે આપણે તેને રૂપું માની લઈએ છીએ. આ જ્ઞાન અન્યથાજ્ઞાન અગર ભ્રમ છે. આમાં ચક્ષુરિન્દ્રિય છીપને સ્પર્શ કરતી નથી. માત્ર 'આ કાંઈક' છે એવા વિષયને વળગી રહે છે. આમાં રૂપાનો અત્યન્તાભાવ પણ નથી, કારણ કે સત્ય રૂપાનો સદ્ભાવ જગતમાં હોય છે. નૈયાયિકો આ રીતે જગતરૂપી કાર્ય અને તેના કારણ પરમાણુનો સંબંધ બતાવે છે. પરમાણુથી જગતનો આરંભ થાય છે, માટે તે આરંભવાદ કહેવાય છે. આનો મુખ્ય સિદ્ધાંત એ છે કે જગત્ તે અસત્ છે. તેને સિદ્ધ કરવાને ઘટનું દૃષ્ટાંત તેઓ આપે છે. ઘટ એ કાર્ય છે અને મૃત્તિકા એનું કારણ છે. ઘટની ઉત્પત્તિ પહેલાં તે મૃત્તિકામાં નહોતો (પ્રાગભાવ), કુંભારે જ્યારે તેને બનાવ્યો ત્યારે જ તે ઘટને આપણે જોઈ શક્યા, માટે તે કારણાવસ્થામાં નહોતો. વળી તેનો નાશ થવા પછી પણ આપણે તેને જોઈ શકતા નથી (પ્રધ્વંસાભાવ). એથી પણ ઘટ–કાર્ય અસત્ છે. વળી જ્યારે તે નાશ પામે છે ત્યારે આપણે તેને કોઈ સ્થળે તે રૂપે ફરીથી કદી પણ જોઈ શકતા નથી (અત્યન્તાભાવ). માટે પણ તે અસત્ છે. તેમ પટ જેવા પદાર્થમાં તે રહેલો નથી (અન્યોન્યાભાવ). આમ યુક્તિઓથી ઘટ–કાર્ય અસત્ છે એમ સિદ્ધ થાય છે. તે જ રીતે જગત પણ અસત્ છે. આના ઉત્તરમાં સાંખ્યોની તત્ત્વકૌમુદીમાં નીચેની દલીલો કરી છે.

૧. असदकरणात् કારણવ્યાપારની પૂર્વે જો કાર્ય હોય જ નહિ તો ગમે તે ઉપાયે તેની ઉત્પત્તિ સંભવી શકે નહિ. વસ્તુના કારણરૂપમાં જે ન હોય તે કાર્યરૂપે નિપજાવી શકાય નહિ. મૂળના નીલ રંગને હજારો શિલ્પીઓ મથે તોપણ તેને પીળો બનાવી શકે નહિ.[૬] તલમાં તેલ છે તોજ તેને પીલવાથી તેલ કાઢી શકાય છે. જો તેલ ન હોય તો તે કાઢી શકાય નહિ. તેમ ડાંગરમાં ચોખા છે તો જ તેમાંથી ચોખા કાઢી શકાય છે. તેવી જ રીતે જગત કારણની અવસ્થામાં ન હોય તો તેનું અસ્તિત્વ સંભવી શકે નહિ.

૨. उपादानग्रहणात् (उपादानानि कारणानि, तेषां ग्रहणं, कार्येण संबंधः)—કારણ અને કાર્યની વચ્ચે અમુક પ્રકારનો ચોક્કસ સંબંધ છે તેથી અમુક કારણમાંથી જ અમુક કાર્યની ઉત્પત્તિ થાય છે. માટી અને ઘડાનો અમુક પ્રકારનો સંબંધ હોવાથી માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે. તેમ જગત રૂપી કાર્ય તેના કારણ સાથે ચોક્કસ સંબન્ધ ધરાવે છે, તેથી તે સત્ છે.

---

[૬] असत् चेत्कारणव्यापारात्पूर्वं कार्यं नास्य सत्त्वं कर्तुं केनापि शक्यम्, नहि नीलं शिल्पिसहस्रेणापि पीतं कर्तुं शक्यम् વાચસ્પતિ મિશ્રની ટીકા. तत्त्वकौमुदी, का. ९

૩. **सर्वसंभवाभावात्**—સર્વ સંભવના અભાવને લીધે અર્થાત્ ઉપર પ્રમાણે કારણ અને કાર્યનો સંબન્ધ ન હોય તો ગમે તે વસ્તુ ગમે તેમાંથી ઉત્પન્ન થાય. ગાટીમાંથી ઘડો ઉત્પન્ન થવાને બદલે પટ પણ ઉત્પન્ન થાય. પણ આવું બનતું નથી.

૪. **शक्तस्य शक्यकरणात्**—જે કારણ અમુક કાર્ય ઉત્પન્ન કરવાને શક્તિવાળું છે તે જ કારણમાંથી તે કાર્ય ઉત્પન્ન થાય છે. માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે, તેનું કારણ કે માટીમાં તેમ કરવાની શકિત છે. તેવી જ રીતે જગતરૂપી કાર્ય જે કારણમાંથી ઉત્પન્ન થયું છે તે કારણ તેને ઉત્પન્ન કરવાને માટે શકિતવાળું છે. માટે જગત સત્ છે.

૫. **कारणभावात् (कार्यस्य कारणात्मकत्वात्)**-જેને આપણે કાર્ય કહીએ છીએ તે કારણનું રૂપાન્તર રૂપ છે, તેનાથી તે ભિન્ન નથી. આ કાર્ય અને કારણ વચ્ચેનો અભેદ નીચેનાં કારણોથી સિદ્ધ કરી શકાય છે. (૧) પટ અને તન્તુના દૃષ્ટાંતમાં તન્તુઓ કારણ છે, અને પટ કાર્ય છે. તન્તુઓ છે તો પટ છે અને તન્તુઓ ન હોય તો પટ બને નહિ. માટે બંને વચ્ચે અભેદ છે. (૨) ઉપરના દૃષ્ટાન્તમાં પટ તન્તુઓમાં છે. તન્તુઓથી બીજી જગ્યાએ પટ રહેતો નથી. (૩) તન્તુ અને પટની વચ્ચે સંયોગસંબન્ધ કે વિયોગનો સંબન્ધ નથી, પણ તન્તુઓમાં પટ ઓતપ્રોત રહેલો છે. સંયોગસંબંધ એટલે જેમ કૂવો અને ડોલ. કૂવામાં ડોલ પડી હોય તો તે સંયોગસંબન્ધ છે. ડોલને જુદી પાડી શકાય છે, પણ અહીં પટને તન્તુથી જુદો પાડી શકાતો નથી. હિમાલય અને વિન્ધ્ય પર્વત વચ્ચે વિયોગ સંબન્ધ છે, તેથી એક બીજાથી જુદા સ્થળે તેઓ છે. પટ અને તન્તુઓનો તેવો સંબન્ધ નથી, કે જેથી તેઓ જુદા સ્થળે રહે. (૫) વળી તન્તુના કાર્યરૂપ પટમાં તન્તુની જ ગુરુતા છે. જેટલું વજન તન્તુનું છે તેટલું જ પટમાં છે. આ અનુમાનપ્રમાણથી કાર્ય સત્ છે એમ સાંખ્યવાદી કહે છે.

પરિણામવાદ—સાંખ્યવાદી એ સત્કાર્યવાદી ગણાય છે. તે કાર્યને ‘સત્’ માને છે, તેમ કારણને પણ સત્ માને છે. જગત—કાર્યનું કારણ પ્રકૃતિ છે. પ્રકૃતિનું પરિણામ તે જગત, આવો તેમનો મત હોવાથી તે મતને પરિણામવાદ પણ કહે છે. પ્રકૃતિનાં બીજાં નામ અજા, પ્રધાન, તમસ્, માયા, અવિદ્યા વગેરે છે. આ પ્રકૃતિમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો છે. તે ગુણો સામ્યાવસ્થામાંથી જ્યારે વૈષમ્યાવસ્થામાં આવે છે ત્યારે પ્રપંચ ઉત્પન્ન થાય છે. સૌથી પ્રથમ મહત્તત્ત્વ, પછી અહંકાર, તેમાંથી પાંચ તન્માત્રાઓ, દશ જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો, પાંચ મહાભૂતો અને મન એટલાં તત્ત્વો સર્જાય છે, અને પુરુષ (જીવાત્મા) તેનો ભોગ કરે છે. આ સાંખ્યવાદીઓ કાર્ય તથા કારણ ઉભયને સત્ય માને છે. કાર્ય મૂળ કારણમાં હતું તે જ પ્રકટ થયું છે. કાર્ય તે કારણનું પરિણામ છે. જેમ દૂધમાંથી દહીં, માખણ, ઘી વગેરે દ્રવ્યો પરિણામ પામીને ઉત્પન્ન થાય છે તેમ જગત ઉત્પન્ન થયું છે. તેઓ વેદાન્તીઓની માફક બ્રહ્મ કે આત્માને તત્ત્વ માનતા નથી. જગતને સત્યપરિણામ માનવા છતાં તેઓ પ્રકૃતિમાં જ જગતનું કર્તૃત્વ ઘટાવે છે. આથી બ્રહ્મસૂત્રકારે તેના મતનું ખંડન અધ્યાય પહેલાંના પ્રથમ પાદમાં ઈક્ષત્યધિકરણ તથા અધ્યાય બીજાના પ્રથમ પાદમાં કર્યું છે. તેમાં નીચેનાં કારણો આપવામાં આવ્યાં છેઃ

૧. શ્રુતિ[૭]પ્રમાણથી—શબ્દપ્રમાણથી જગતનું ઉપાદાનકારણ તથા નિમિત્તકારણ પ્રકૃતિ હોઈ શકે નહિ, પણ બ્રહ્મ જ હોઈ શકે.

૨. શ્રુતિમાં[૮] ઈક્ષણપૂર્વક જગતનું સર્જન જણાવ્યું છે. આ ઈક્ષણ તે પ્રકૃતિ જે પોતે જડ છે તેનો ધર્મ હોઈ શકે નહિ. ચેતનનો જ તે ધર્મ છે.

૩. 'જગત'નું સર્જન ચેતન જ કરી શકે, કારણ કે કોઈ પણ રચના બુદ્ધિનું પરિણામ છે. અને આ ચેતનનો ધર્મ છે. પ્રકૃતિ જડ હોવાથી તે જગતની રચના કરી શકે નહિ.[૧૦]

૪. પ્રકૃતિને કારણ માનવામાં લોકમાં દૃષ્ટાન્તનો અભાવ છે. જો એમ કહેવામાં આવે કે જેમ તૃણ, પલ્લવ તથા જલ ગાયના ઉદરમાં પોતાની મેળે દૂધના રૂપમાં પરિણમે છે, કારણ કે તેમ થવું તે તેનો સ્વભાવ છે, તેમ જગત એ જડ પ્રકૃતિનું પરિણામ છે. તો કહેવાનું કે એ દૃષ્ટાન્ત બરાબર નથી. જડ પોતે પરિણામ પામી શકતું નથી, ઉપરના દૃષ્ટાન્તમાં ગાયના અમુક ભાગમાં જ દૂધ જોવામાં આવે છે, શીંગડાં વગેરેમાં નહિ. જો તેનો પરિણામ પામવાનો સ્વભાવ હોય તો ગાયના પ્રત્યેક અંગમાં તે જોવામાં આવવો જોઇએ. વળી તૃણ, પલ્લવ અને જલ પોતે જડ છે, તે પોતાની મેળે દૂધ રૂપ થતાં નથી, પણ જો ચેતન ગાય પોતે પ્રવૃત્તિથી તેમને મુખદ્વારા પોતાના ઉદરમાં નાખે છે ત્યારે જ તેનો રસ અમુક સ્થળે ભેગો થાય છે અને તે દૂધના રૂપમાં પરિણમે છે. એટલે અહીં પણ ચેતનના વ્યાપારની જરૂર છે ચેતનના વ્યાપાર સિવાય એકલી જડ પ્રકૃતિ કાર્યને ઉપજાવી શકે નહિ.[૧૧]

૫. યુક્તિથી પણ પ્રકૃતિની કારણતા સિદ્ધ થતી નથી. જો એમ કહેવામાં આવે કે જેમ ગાય વાછરડાને માટે પોતાની મેળે પ્રવૃત્તિ કરે છે, તેમ પ્રકૃતિ પુરુષના ભોગાદિ માટે પ્રવૃત્તિ કરે

---

[૭] इदं सर्वं यदयमात्मा (બૃહદારણ્યકોપનિષદ, ૨–૪–૫-૪–૫–૭). आत्मैवेदं सर्वं (છાંદોગ્યોપનિષદ, ૭–૨૫–૨) स सर्वं भवति (બૃહદારણ્યકોપનિષદ, ૨-૪-૬). स आत्मानꣳ स्वयमकुरुत (તૈત્તિરીયોપનિષદ, ૨–૭) વગેરે.

[૮] सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् (છાં. ૬-૨-૧). इत्युपक्रम्य तदैक्षत बहुस्यां प्रजायेय (છાં. ૬–૨–૩). તેમજ જુઓ ઐતરીયોપનિષદ ૧–૧–૧ તથા ૧–૧–૨, પ્રશ્નોપનિષદ ૬–૩. ત્યાં તેને કર્તૃ કહેલ છે. જ્યાં 'આત્મા' શબ્દનો પ્રયોગ થયો છે ત્યાં તે જીવના અર્થમાં નથી, પણ મુખ્યઆત્મા–બ્રહ્મના અર્થમાં છે.[૯]

[૯] गौणश्चेन्नात्मशब्दात् ब्र. सू. ૧–૧–૧૫.

[૧૦] रचनानुपपत्तेश्च नानुमानम् । ब्र. सू. २–२–१ । (જુઓ અણુભાષ્ય) लोकानां भूर्भुवादीनामचेतनेन केवलेन प्रधानेन रचना नोपपद्यते । रचितत्वादेव न परिणामः ॥ अतश्चेतनकर्तृका रचना नाचेतनेन प्रधानेन कर्तुं शक्या । तस्मात्कारणत्वेन प्रधानं नानुमन्तव्यम् ।

[૧૧] अन्यत्राभावाच्च न तृणादिवत् । ब्र. सू. २–२–५.

છે, તે પણ બરાબર નથી, કારણ કે કોઈ પણ પ્રવૃત્તિ પ્રયોજન વગર હોતી નથી. તે પ્રયોજન પણ પ્રેક્ષાવાળા ચેતનમાં જ હોય છે, અચેતનમાં નથી.[૧૨] કોઈ માણુસ જ્યારે દોહતો હોય ત્યારે વાસણમાં પડતું દૂધ પોતે જ ફીણની રચના કરે છે. તેમ જ નદીનું જલ પોતે જ સ્વતઃ ગતિ કરે છે. તેમાં ચેતનની અપેક્ષા નથી એવું કહેવામાં આવે તો કહેવાનું કે એ પણ બરાબર નથી, કારણ કે પહેલા દૃષ્ટાન્તમાં દૂધનો દોહનાર ત્યાં દોહવાનું કામ કરે છે, એટલે દૂધને બહાર લાવવામાં તે અમુક પ્રવૃત્તિ કરે છે. તેની પ્રવૃત્તિને લીધે જ વાસણમાં દૂધ જેમ પડતું જાય છે તેમ ફીણ રૂપને પરિણામે છે. એટલે ત્યાં ચેતનની અપેક્ષાએ જ જડની પ્રવૃત્તિ છે. બીજા દૃષ્ટાન્તમાં પણ વાયુ વગેરેના સંસર્ગથી ગતિ થાય છે.[૧૩]

૬. પ્રકૃતિ પોતાના સ્વભાવથી જ કાર્યરૂપે (જગદ્રૂપે) ચેતનની અપેક્ષા વગર પરિણમતી હોય, તો પછી તે કાર્ય કર્યે જ જાય, જગતનો કદી પણ અન્ત આવે જ નહિ. પણ જગતની જેમ ઉત્પત્તિ થાય છે, તેમ તેની સ્થિતિ અને લય પણ છે.[૧૪]

આ દૂષણ દૂર કરવાને જો એમ કહેવામાં આવે કે પુરુષની પ્રેરણાથી પ્રકૃતિ જગતને રચે છે, તો તે કથનમાં સાંખ્યવાદીઓનો વદતોવ્યાઘાત દોષ આવે છે. તેઓ પુરુષને વ્યાપારરહિત તથા કર્તૃત્વરહિત માનતા હોવાથી તેનામાં પ્રેરણા કરવાની શક્તિ નથી.[૧૫] તેમ પુરુષ અને પ્રકૃતિ વચ્ચે અંગાંગીનો સંબંધ પણ નથી. તેથી પુરુષની પ્રેરણાએ પ્રકૃતિ વ્યાપાર કરે છે તે બરાબર નથી.[૧૬]

પ્રકૃતિકારણવાદમાં ઉપરની ત્રુટિઓ હોવાથી તે આદરણીય નથી એમ બ્રહ્મસૂત્રકાર પ્રતિપાદન કરે છે.

વિવર્તવાદ—આનું બીજું નામ માયાવાદ છે. તેઓ જગતને વિવર્તરૂપે–ભ્રમરૂપે માને છે. નિર્ગુણ નિરાકાર બ્રહ્મ માયાને લીધે જગદ્રૂપે ભાસે છે. દોરડામાં જેમ છીપનો ભ્રમ થાય છે, તેવી રીતે જગત એ કેવલ ભ્રમ હોઈને મિથ્યા છે. બ્રહ્મસૂત્રના जन्माद्यस्य यतो शास्त्रयोनित्वात् તથા तत्तु समन्वयात् એ સૂત્રોમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્મ જગતનું ઉપાદાન (સમવાયી) કારણ તથા નિમિત્તકારણ છે, પ્રકૃતિ કે જીવ નહિ, એ વાત ખરી. પણ માયાવાદી કહે છે કે તે બ્રહ્મ તે નિર્ગુણ નિરાકાર નહિ, પણ સગુણ–સાકાર, માયાવિશિષ્ટ બ્રહ્મ. એટલે જગતનું કર્તૃત્વ આ માયાવિશિષ્ટ બ્રહ્મનું છે, નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું નથી. જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્મ માયાના સંબંધવાળું હોવાથી તે ગૌણ બ્રહ્મ છે અને તેથી મિથ્યા છે, એટલે તેનું કાર્ય આ જગત પણ મિથ્યા છે—આ વાદનું પણ ખંડન સૂત્રકાર કરે છે. તેની મુખ્ય દલીલો નીચે પ્રમાણે છેઃ

---

[૧૨] अभ्युपगमेप्यर्थाभावात् । ब्र. सू. २-२-६ ।

[૧૩] पयोम्बुवच्चेत्तत्रापि । २-२-३ ।

[૧૪] व्यतिरेकानवस्थितेश्चानपेक्षत्वात् । ब्र. सू. २-२-४.

[૧૫] पुरुषाश्मवदिति चेत्तथापि । ब्र. सू. २-२-७.

[૧૬] अङ्गित्वानुपपत्तेश्च । ब्र. सू. २-२-८ः

૧. બ્રહ્મમાં જગતનો ભાસ માયાને લીધે હોય તો પછી બ્રહ્મ અને માયા એવાં બે જુદાં તત્ત્વો માનવાં પડે. અર્થાત્ દ્વૈતાપત્તિનો દોષ આવે છે. માયાવાદીઓના મતે તો એક જ તત્ત્વ છે.

૨. અનાદિ ભાવરૂપ માયા ભ્રમ ઉત્પન્ન કરે તો ઉપરનો દોષ આવે. જો તેને અભાવરૂપ માનો તો જગતનો ભ્રમ જ સંભવે નહિ.

૩. દોરડામાં સર્પની ભ્રાંતિ થાય છે, એમ કહેવામાં આવે છે, પણ એ દૃષ્ટાન્ત બ્રહ્મમાં થતી જગત્પ્રતીતિમાં બંધબેસતું નથી, કારણ કે દોરડું અને સર્પ બન્ને આકારવાળાં છે, જ્યારે બ્રહ્મ નિરાકાર છે અને તેમાં દેખાતું ભ્રમરૂપ જગત્ સાકાર છે. એટલે નિરાકારમાં સાકારનો ભ્રમ થઈ શકે જ નહિ.

૪. વળી ભ્રાન્તિ તેને જ થાય કે તે જોનારે મૂળ વસ્તુ પ્રથમ જોયેલી હોય. જો સાચો સર્પ કોઈ દિવસે જોયો જ ન હોય તો તેના વિશેની ભ્રાન્તિ જ શી રીતે થાય? તેમ બ્રહ્મમાં જગતની ભ્રાન્તિ કહેનાર માયાવાદીએ સાચું જગત પહેલાં જોયેલું હોવું જ જોઈએ.[૧૭]

ઉપરનાં કારણોથી વિવર્તવાદ સપ્રમાણ ઠરતો નથી.

જગત વિશે ઉપર આપણે ચાર મત જોયા. બૌદ્ધો જગતને નિરાલંબન કહે છે.

આપણા દેશના તત્ત્વજ્ઞાનીઓએ ઉપર પ્રમાણે જગત વિશે જે વિચારો દર્શાવ્યા છે તે વિશે ઔપનિષદ સિદ્ધાન્ત શું છે તે જણાવતા પહેલાં આપણે પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓના આ વિશેના થોડાક વિચારો જોઈએ.

યુરોપના તત્ત્વજ્ઞાનનો ઉદય ગ્રીસમાં સોક્રેટીસના વખતમાં શરૂ થયો એમ કહેવાય છે. પણ તેની પહેલાંના તત્ત્વજ્ઞાનીઓએ પણ આ વિશે વિચાર કરેલો છે. ઈ. સ. પૂર્વે ૭૦૦માં આયોનિયાના ચિન્તકોએ જગત વિષે સૌથી પ્રથમ વિચાર કર્યો, પણ તેમનું દૃષ્ટિબિન્દુ તાત્ત્વિક નહોતું. આ જગત જે દેખાય છે, તે શાનું બનેલું છે એ જ પ્રશ્નમાં તેઓ ગૂંથાયેલા હતા. કોણે સર્જ્યું એ પ્રશ્ન સાથે તેમને કશી નિસ્બત ન હોતી. પછીથી પાયથાગોરાસના સમયમાં Parmemdesને એમ જણાયું કે જગત્ સર્જાયેલું જ નથી, તેથી તેનો નાશ થઈ શકે એમ નથી. તેમાં જે ગતિ તથા ફેરફારો દેખાય છે તે ખોટા છે. જગત સાચું છે; પણ તેમાં જણાતા ફેરફારો તે સાચા નથી. પદાર્થોની ઉત્પત્તિ તથા નાશ તે તો નામ માત્ર છે. (Ex nihils nihil fit) આની સામે Heraclitesએ એવું પ્રતિપાદન કર્યું કે જગત્માં જે અનેક ઘટાપટાદિ પદાર્થો દેખાય છે તે અમુક અમુક નિયમને વશ થઈને નિરન્તર ફેરફાર પામતા જાય છે. જગત્ એટલે ફેરફાર પામતી વસ્તુઓનો પ્રવાહ. આ ફેરફારોની પછવાડે કોઈક તત્ત્વ છે. તે તત્ત્વ સનાતન

---

[૧૭] આ માયાવાદનું વિશેષ ખંડન ભટ્ટભાસ્કરે બ્રહ્મસૂત્ર ઉપરના ભાષ્યમાં વિસ્તારથી કર્યું છે. તેમાં લગભગ ૧૬ દલીલો કરી છે. વળી રામાનુજ ભાષ્યમાં પણ પ્રથમસૂત્રના ભાષ્યમાં તેનું ખંડન કરવામાં આવ્યું છે. શ્રી વિઠ્ઠલેશજીએ પોતાના વિદ્વન્મંડન ગ્રંથમાં ઘણીજ વિદ્વત્તાથી આ મતનુ ખંડન કર્યું છે.

અવિચલ રહે છે. વસ્તુઓનાં બાહ્ય રૂપોમાં ફેરફાર થાય છે, જ્યારે તે મૂળ વસ્તુ કાયમ રહે છે. આથી ફેરફારો મિથ્યા નથી, પણ સત્ય છે. ત્યારપછી પ્લેટોએ એમ કહ્યું કે બાહ્ય પદાર્થોની આપણને જે પ્રતીતિ થાય છે તે ખરી નથી. તે પદાર્થોની પછવાડે અમુક ‘ વિચાર ’ (મન) છે, તેજ સાચું છે. ‘ ઘટ ’ પદાર્થ ખરી રીતે ‘ ઘટ ’ વિષેના વિચારનું બાહ્યરૂપ છે. ઘટરૂપ તે ખરું નથી. તેમ જગત્ બાહ્યરૂપ છે. ઘટરૂપ તે ખરું નથી. તેમ જગત્ એ બાહ્યસ્વરૂપ છે તે ખરું નથી. એરિસ્ટોટલ જગત્‌ને સાચું માને છે. જગત્ જે તત્ત્વોનું બન્યું છે તેને સર્જનાર ઈશ્વર છે એમ એ કહેતો નથી, પણ જગતરૂપ થવામાં જે ગતિની જરૂર છે તે ગતિ આપનાર ઈશ્વર છે. આ પછી સત્તરમી સદીમાં કેટલાક ચિન્તકોએ આ વિષયમાં વિચાર કર્યો છે તેઓમાં Decartes જગતને સત્ય માને છે. તે કહે છે કે જે કંઇ જ્ઞાનનો વિષય થાય તે સત્ય જ હોય. Whatever I apprehend very clearly and distinctly is true. વળી તે કહે છે કે કોઈ પણ સત્તાવાળી વસ્તુ શૂન્યમાંથી ઉત્પન્ન થઈ શકે નહિ, તે કારણથી તથા આ જગતની સત્તા છે તેથી તેનો સર્જક કોઈ હોવો જોઇએ. તે સર્જકને એ ઇશ્વર કહે છે. જગતનું સર્જન કરનાર અને તેની સ્થિતિ ટકાવનાર ઇશ્વર છે. જગતરૂપી પરિણામ એની કૃતિ છે, માટે તે સત્ય છે. હોબ્ઝ પણ જગતને સત્ય માને છે. તે ઇશ્વરને જગતનું આદિ કારણ કહે છે છતાં એમ જણાવે છે કે મનુષ્ય તેનો વિચાર કરી શકે નહિ. સ્પીનોઝા જગતને જ ઇશ્વર કહે છે. જગતનો બનાવનાર જુદો ઈશ્વર છે જ નહિ. જગત્‌થી પર કોઇપણ બીજું તત્ત્વ નથી. વળી આ જગત જેને એ પ્રકૃતિ કહે છે તે સ્થિત્યાત્મક નથી, પણ ગત્યાત્મક છે, તેમાં નિરન્તર ગતિ તથા ફેરફારો થયે જ જાય છે. તે ફેરફારો મિથ્યા નથી. તે ફેરફારોનો નાશ થતો આપણે જોતા હોઇએ છતાં તે નાશ પામતા જ નથી. એક ફૂલને નાશ થયેલું આપણે માનીએ પણ વસ્તુતઃ તે આપણી દૃષ્ટિએ તે રૂપે અદૃશ્ય થયું છે એટલું જ. બાકી બીજા રૂપે તેના મૂળ દ્રવ્ય–પ્રકૃતિમાં તે ભળી જાય છે. મૂળ ભૂતદ્રવ્ય બદલાતું જ નથી. મૂળતત્ત્વ પ્રકૃતિરૂપે એક જ છે. તે અસંખ્ય રૂપો પ્રકટ કરે છે. માટે તે પ્રકૃતિ અગર જગત્ સત્ય છે એવો એનો સિદ્ધાન્ત છે. તેઓ એમ માનતા હતા કે સ્વયંપ્રકાશ આત્મચૈતન્ય એ જ સત્ય છે. તે સિવાયનું તમામ અસત્ય છે. રૂપ નામથી ઓળખાતું કાલાવચ્છિન્ન તથા દિક્‌વડે મર્યાદિત જગત એ સત્ય નથી. ઘટપટાદિ પદાર્થોમાં ચિદ્ આત્મારૂપે પ્રકાશે છે તેને આપણે ઇન્દ્રિયોથી જોઈ શકતા નથી. તેથી તે ચિદ્ આત્માને બદલે નામરૂપની સંજ્ઞાથી ઓળખાતા બાહ્ય ઘટપટાદિને જ જોઇએ છીએ, પણ તે સાચા નથી.

ફિક્ટ (Fichte)ની વિચારસરણીમાં જગત (અચિત્) વ્યાવહારિક દૃષ્ટિએ સત્ય છે પણ પરમાર્થ દૃષ્ટિએ અસત્ય છે.શેલિંગને મતે પ્રમાતા ચિત્ (જીવ) અને અચિત્ (જગત્) બન્ને પૂર્ણ પ્રમાતા–પરમતત્ત્વમાં ગ્રસ્ત થઈ જતાં હોવાથી તે તે રૂપે આભાસમય છે. જ્યારે હેગલ Hegel એમ કહે છે કે આ ચિત્ (જીવ) અને અચિત્ (જગત્)થી પર પૂર્ણ તત્ત્વ (Absolute self) છે. તે પોતાનું મર્યાદીકરણ કરીને વિશ્વરૂપે તથા જીવરૂપે દેખાય છે.

ઓગણીસમી સદીના વિજ્ઞાનવાદીઓ જડ પ્રકૃતિમાંથી જગતની ઉત્પત્તિને માનવા લાગ્યા

ડાર્વિનના મતે જગત જડમાંથી ઉત્ક્રાન્ત પામેલું સ્વરૂપ છે. ઉત્ક્રાન્તિક્રમના નિયમ પ્રમાણે આ જગતમાં ફેરફાર થયે જ જાય છે. જડમાંથી ચેતન ઉત્પન્ન થયું, તેમાંથી વનસ્પતિ, જંતુઓ, પક્ષીઓ, મનુષ્યો વગેરે રૂપો ઉત્ક્રાન્ત થતાં ગયાં. આમ પરિવર્તન થયે જ જાય છે. પરિવર્તન એ સૃષ્ટિનો ક્રમ છે, તે પરિસ્થિતિને તથા કુદરતી પસંદગીના કાનૂનોને અનુસરે છે. અર્થાત્ આ અનેક પ્રકારના ફેરફારોવાળું જગત જડમાંથી ઉત્પન્ન થયેલું છે અને તે સત્ય છે એમ તે માને છે. પણ હમણાં યુરોપમાં જડ ઘાલી બેઠેલા આ વિચારને દૂર કરનાર ફ્રેન્ચ તત્ત્વજ્ઞાની બર્ગસન Bergson કહે છે કે જડમાંથી જગત ઉત્પન્ન થઈ શકે જ નહિ. જગત એ પણ મૂળ પદાર્થમાં ગતિ થઇને સર્જાયેલી વસ્તુ છે. જેમ પાણીનો પ્રવાહ નિરન્તર અસ્ખલિત ગતિએ વહ્યે જ જાય છે, તેમ જગતમાં ચૈતન્યનો પ્રવાહ વહ્યે જ જાય છે, અને નવી નવી વસ્તુઓ સર્જાતી જાય છે. અર્થાત્ જગત એક ચેતનમય અને ગતિશીલ છે. ચૈતન્ય એ જ જગતનો આત્મા. તેને એ elan vital નામ આપે છે. ચૈતન્ય અનંત રૂપ લે છે. તેને તે મહાકાળ–Duration એવું. નામ પણ આપે છે. તે ચૈતન્ય અગળને આગળ વધતું જાય છે, તેનો છેડો નથી, કે મર્યાદા નથી. તેની સર્જનશક્તિ અમેય છે. આથી વેદાન્તીઓના બ્રહ્મતત્ત્વની માફક તેને વિશે આપણે નેતિ નેતિ જ કહી શકીએ. પદાર્થો ગતિમાન હોવા છતાં, તથા ક્ષણે ક્ષણે બદલાતા છતાં બૌદ્ધોની માફક આ જગતને નિરાલમ્બ માનતા નથી, પણ આ જગતનો ચેતનપ્રવાહ અમુક મૂળતત્ત્વમાંથી નીકળે છે, તેને તે ઇશ્વર કહે છે. તે ઈશ્વર જડ પણ નથી, તેમ ચેતન પણ નથી, છતાં તે બન્નેનું આદિમૂળ એ છે. તે બન્નેય તેનામાં અપ્રકટ રીતે રહે છે. જડ તેના નામરૂપના ભેદ વગર, તેમ ચેતન તેના ગુણો રહિત તેનામાં રહેલ છે. જ્યારે જડ પદાર્થો જુદા દેખાય છે ત્યારે જીવનપ્રવાહ તેમાં રૂંધાઈ ગયેલો હોય છે. આમ બર્ગસનના મતે જગતનું મૂળ ચૈતન્ય છે. એ ચૈતન્યનો બહિરાવિષ્કાર એ જગત છે. એટલે તેના મતે જગત સત્ય છે. જગતનો ઉદ્ભવ મૂળકારણ જેને તે ઇશ્વર કહે છે તેમાંથી છે. એ સિદ્ધાન્તની બાબતમાં તે વેદાન્તીઓના બ્રહ્મતત્ત્વને મળતો આવે છે. પણ બર્ગસનના ઈશ્વરની સર્જનલીલામાં કોઇ હેતુ નથી. તે કર્તૃત્વ, સર્વશક્તિમત્તા તથા સર્વજ્ઞતા તેમ જ સ્વતન્ત્રતાના ધર્મોથી રહિત છે.[૧૮] ભેદવાદી વિલિયમ જેમ્સના મતે પણ જગત્ સત્ય છે.

યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં 'જગત' વિશે ઉપર પ્રમાણેના મુખ્ય વિચારો પ્રવર્તે છે.

હવે આપણે આ વિષયમાં ઔપનિષદ સિદ્ધાન્ત શું છે તે જાણવા પ્રયત્ન કરીએ. આ સિદ્ધાન્ત જુદા જુદા ઉપનિષદોમાં આપેલો છે, અને તે બધાના સાર રૂપે બાદરાયણે પોતાનાં બ્રહ્મસૂત્રોમાં રજૂ કર્યો છે. સૂત્રકાર બાદરાયણે પોતાના વિચારને ખણ્ડન મણ્ડન પદ્ધતિએ રજૂ કર્યો છે. પોતાની પહેલાંના આ વિષયના વિચારો–આરંભવાદ, વિવર્તવાદ, પરિણામવાદનું ખંડન કર્યા સિવાય તે પોતાના વિચારને ન્યાય આપી શકે નહિ તેથી તેમનું ખણ્ડન તેમણે અધ્યાય બીજામાં કર્યું છે. તે ચારે વાદો

---

[૧૮] જુઓ પ્રો. રાધાકૃષ્ણનના The Reign of Religion in Contempoary Philosophy નામના પુસ્તકમાં પ્રકરણ ૭ મું (Bergson's Idea of God).

એક કે બીજી રીતે ખામી ભરેલા તેમને જણાયા છે. બૌદ્ધોનો વાદ તો વેદબાહ્ય હોવાથી તેમને બિલકુલ માન્ય નથી, કારણ કે તે મતમાં વૃક્ષ છે પણ વૃક્ષનું બીજ નથી. આરંભવાદમાં બીજ છે (પરમાણુઓ) પણ તેમાંથી ઉત્પન્ન થયેલા વૃક્ષને તેઓ મિથ્યા કહે છે તેથી તેમ જ વિવર્તવાદીઓ પણ વૃક્ષને અજ્ઞાનથી ભ્રમથી કલ્પાયેલું જણાવતા હોવાથી તેમનો મત પણ તેમને ગ્રાહ્ય નથી. સાંખ્યવાદીઓના મતે વૃક્ષ સાચું છે તેમ તેનું બીજ પણ સાચું છે, પણ તેઓ જગતરૂપી વૃક્ષના બીજને પ્રકૃતિ જણાવે છે. પણ તે જડ હોવાથી જગતની રચના તે કરી શકે નહિ. માટે તે મત પણ તેમને સંમત નથી. બ્રહ્મસૂત્રકાર એ જગતને સત્ય માને છે. તે ઉભયલિંગાત્મક–નિરાકારસાકાર, નિર્ગુણસગુણ બ્રહ્મનું જ કાર્ય છે. તે બ્રહ્મ જ તેનું ઉપાદાનકારણ છે તથા નિમિત્તકારણ છે. બ્ર. સૂ. ૧–૧–૧ માં જ બ્રહ્મ વિશેના વિચારની પ્રતિજ્ઞા કર્યા પછી તે સૂત્ર ૨જામાં તેનું કાર્યલક્ષણ આપતાં તે બ્રહ્મ જગતનું કર્તૃ છે એમ ત્યાં જણાવ્યું છે, અને પછીના સૂત્રમાં તેને સમવાયી કારણ કહેલું છે.

બ્રહ્મ એ કારણ અને જગત એ કાર્ય છે. જગતરૂપે એ બ્રહ્મની અમુક અવસ્થા છે. બ્રહ્મના સત્ ચિત્ અને આનન્દ એ ત્રણ ધર્મોમાંથી જગત એ તેના સત્‌ધર્મરૂપે છે. તે કાર્યરૂપે પ્રકટ થયા પહેલાં કારણ–બ્રહ્મમાં સત્ ધર્મરૂપે હતું. असद् वा इदमग्र आसीत् એમાં इदम् કહેતાં આ દૃશ્યમાન જગત પહેલાં અસત્ હતું એમ જે કહેવામાં આવ્યું છે તેનો અર્થ માત્ર એટલો જ કે તે કારણ રૂપમાં હોવાથી કાર્યરૂપે વ્યક્ત નહોતું, એટલે જગત એવો તેના વિશે વ્યવહાર થતો નહોતો. બાકી જગત એ બ્રહ્મના સદ્ ધર્મનો જ આવિર્ભાવ છે, તેનું જ કાર્યાવસ્થારૂપે પરિણામ છે. બ્રહ્મ રૂપના સદંશનો અમુક ફેરફાર તે જગત સાંખ્યવાદીઓ જગતને પરિણામ માને છે એટલે અંશે બ્રહ્મસૂત્રકાર અને સાંખ્યવાદીની એકતા છે. પણ સાંખ્યવાદીઓ જે પરિણામને માને છે તે વિકારવાળો હોવાનું કહે છે, જ્યારે બ્રહ્મસૂત્રકાર વિકાર વગરનો કહે છે. શ્રીવલ્લભાચાર્ય આ મતનું સ્પષ્ટીકરણ પોતાના અણુભાષ્યમાં કરે છે. તેઓ જણાવે છે કે બ્રહ્મસૂત્રકાર જે મતમાં માને છે તે અવિકૃત પરિણામવાદ છે. પરિણામ બે પ્રકારના છે. (૧) વિકારવાળા (૨) વિકાર વગરના. દૂધમાંથી દહીં, વગેરે પરિણામો વિકારવાળાં કહેવાય છે, કારણ કે તે પાછાં મૂળ રૂપને પામી શકતાં નથી. તેનું પાછું દૂધ થઈ શકતું નથી, માટે તે વિકૃત પરિણામ કહેવાય છે. સુવર્ણમાંથી બનાવેલા અલંકારોના ઘાટો તે વિકાર વગરનાં પરિણામો છે, કારણ કે તે અલંકારોને પાછા ઓગાળીને અસલ સોનાના રૂપમાં આપણે ફેરવી શકીએ છીએ, માટે તે અવિકૃત પરિણામ કહેવાય છે. બ્રહ્મસૂત્રકાર આ બીજા મતને માને છે. આ જગત બ્રહ્મનું એવું પરિણામ છે કે તે વિકારરહિત છે, અને તેથી તે લય પછી બ્રહ્મરૂપને પામે છે. ઉત્પત્તિ પહેલાં તે બ્રહ્મ હતું, અને લય પછી પણ બ્રહ્મરૂપ બને છે. તેના મૂળ રૂપમાં કોઈ પણ ફેરફાર નથી, માટે તે જગત સત્ય છે, વિકારવાળું મિથ્યા નથી. एकोऽहं बहुस्याम् એ શ્રુતિવાક્યાનુસાર પોતાની ઇચ્છાથી તેને પ્રકટ કર્યું છે એટલે માયાજન્ય

નથી અગર અવિદ્યાને લીધે ઉત્પન્ન થયેલું નથી. આકાશાદિ ભૂતો તેમાંથી ઉત્પન્ન થયેલાં છે.[૧૯] શ્રુતિઓના વાકયના બળથી–શબ્દપ્રમાણના બલથી બ્રહ્મ જ જગત્નું કર્તૃ હોઈ શકે.[૨૦] સૂત્રકારે ૧–૪–૨૩ માં તે બ્રહ્મ જ નિમિત્તકારણ અને સમવાયી કારણ એમ ઉભય રૂપે છે, એ અર્થ જણાવવાને ત્યાં પ્રકૃતિ શબ્દનો પ્રયોગ કર્યો છે. છાં. ૬–૧–૨ માં જણાવેલી પ્રતિજ્ઞા તથા છાં. ૬–૧–૪ માં આપેલા દષ્ટાન્તથી આ અર્થ જ યુક્ત છે. તૈ. ૨–૬ માં 'તેણે કામના કરી, હું બહુ થાઉં, પ્રજા ઉત્પન્ન કરું.' એ શ્રુતિવચનમાં કામનાપૂર્વક જગત રચ્યાનું કહ્યું છે. આથી બ્રહ્મ જ જગતનું કર્તૃ સમજાય છે. ૧–૪–૨૬ માં તો જગતને આત્મકૃતિનું પરિણામ સ્પષ્ટ કહેલું છે આને તૈ. ૨–૭ નો આધાર મળે છે. અર્થાત્ બ્રહ્મ પોતે જ કર્તૃ છે અને પોતે જ કર્મ છે, અહીં 'પરિણામ' શબ્દ વાપર્યો છે. એટલે સૂત્રકારના મતે જગત એ બ્રહ્મનું પરિણામ છે, બ્રહ્મમાંથી તે પરિણામ પ્રકટ થયેલું હોવાથી તે વિકાર વગરનું છે. અર્થાત્ જગત્નો ખુલાસો કરવાની બાબતમાં તે પોતે અવિકૃત પરિણામવાદને જ સ્વીકારે છે. જગત્ એ બ્રહ્મનું પરિણામ હોવા છતાં મિથ્યા નથી, પણ સત્ય છે. તેની અને બ્રહ્મની વચ્ચે અભિન્નતા છે. આ સિદ્ધાન્ત સૂ. ૨–૧–૧૪ માં વિશેષ સ્પષ્ટ કર્યો છે. આ સૂત્ર છાં. ૬–૧–૧ની वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् એ વાકયને લક્ષ્યમાં રાખીને યોજાયેલું છે. તે વાક્ય છાંદોગ્યોપનિષદ્ના છઠ્ઠા પ્રપાઠકમાં આવે છે, અને ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુને બ્રહ્મનું જ્ઞાન કરાવવાને તે વાકય બોલે છે. આમાં વિકાર શબ્દ આવેલો હોવાથી, કેટલાકો એમ સમઝે છે કે શ્રુતિમાં જગત્ને મિથ્યા કહેલું છે પણ તે અર્થ બરાબર નથી એમ સૂત્રકાર અહીં જણાવે છે. તે શ્રુતિનું તાત્પર્ય બરાબર સમઝવાને આખું વાકય આપણે અહીં ઉતારવું જોઈએ. यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं, स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्. અહીં એ લક્ષ્યમાં રાખવાનું છે કે ઉદ્દાલક શ્વેતકેતુને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરતી વખતે આ કહે છે. તે ઉપદેશ કરતી વખતે બ્રહ્મ અને જગતનો સંબંધ દર્શાવવા તે માટી અને તેમાંથી બનતા ઘાટોનો દાખલો આપે છે. જેમ માટીના પિણ્ડનું જ્ઞાન થાય તો તેથી માટીની જેટલી ચીજો બને છે તે બધાનું જ્ઞાન થાય છે, કારણ કે તે બધામાં માટી છે, તેમ એક બ્રહ્મના વિજ્ઞાનથી તેમાંથી ઉત્પન્ન થતાં કાર્યનું પણ જ્ઞાન થાય છે. આમ કહીને શ્રુતિ કારણ અને કાર્યની અનન્યતા, તથા અભિન્નતા દર્શાવે છે. માટીમાથી ઘડો, કોડિયું એમ અનેક ચીજો બને છે તે જુદાં જુદાં નામથી ઓળખાય છે. આ ભેદો માત્ર વાણીથી થયેલા છે. તે જુદાં જુદાં 'નામો' માં પણ માટી તો છે જ, તેથી માટીના તે ઘાટોનો માટી સાથે અભેદ છે—તેમની અનન્યતા છે. શ્રુતિ માત્ર કારણ અને કાર્યની બ્રહ્મ અને જગતની અનન્યતા જ જણાવે છે, મિથ્યાત્વ નહિ. ઘડો માટીનો વિકાર — અન્યરૂપ

---

[૧૯] कारणत्वेन चाकाशादिषु यथा व्यपदिष्टोक्तेः બ્ર. સૂ. ૧–૪–૧૪ (જુઓ અણુભાષ્યમાં આપેલાં તૈ. २–१, छां. ६–२–३, मुं. ५–१–३, बृ. १–२–५ નાં પ્રમાણ).

[૨૦] ब्र. सू. ૧–૬–૧૯.

છે, કાર્યરૂપે છતાં તે મિથ્યા છે એમ કહેવાનું તાત્પર્ય નથી. જો માટી જ સત્ય અને ઘડો વગેરે મિથ્યા જ છે એમ કહેવાનું તાત્પર્ય હોત તો ત્યાં मृत्तिकेति ન કહેત, તેને બદલે मृत्तिकैव 'માટી જ' એમ કહેત. અહીં मृत्तिका સાથે इति જોડેલો છે. इति પ્રકારનો અર્થ જણાવે છે. એટલે તે કહે છે કે ઘડા વગેરેને માટીના પ્રકારે માટીના રૂપથી જુઓ, કારણ કે તે માટીનું રૂપ સત્ય છે. વળી માટી જ સાચી અને ઘડો વગેરે મિથ્યા એમ જો શ્રુતિને કહેવું હોત તો પછી सत्यम्‌ને બદલે सत्या એવા શબ્દનો પ્રયોગ થાત. આ ઉપરથી એમ સમઝાય છે કે શ્રુતિનું એ તાત્પર્ય નથી. આ શ્રુતિના આધારે જ બાદરાયણ 'બ્રહ્મસૂત્ર'માં અવિકૃતપરિણામવાદ સ્વીકારે છે, અને જગતને સત્ય કહે છે.[૨૨]

---

[૨૧] आत्मकृतेः परिणामात ।

[૨૨] આના વિશેષ વિસ્તાર માટે જુઓ શ્રીવલ્લભાચાર્યનું अणुभाष्य, શ્રી વિઠ્ઠલેશનું विद्वन्मण्डन, શ્રી લાલુભટ્ટનો ख्यातिविवेक, શ્રી ગિરિધરજીનો प्रपञ्चवाद, શ્રી વ્રજરાયનો ब्रह्मवाद, શ્રી પુરુષોત્તમજીનો सृष्टिभेदवाद તથા ख्यातिवाद તથા શ્રી ગિરધરજીનો शुद्धाद्वैतमार्तण्ड ગ્રન્થો.

રામાનુજમતદર્શન

“ ઊર્મિલ ”

પ્રધાન વૈષ્ણવસંપ્રદાયોમાંના આ સંપ્રદાયનું સૈદ્ધાંતિક નામ વિશિષ્ટાદ્વૈતવાદ છે, આ સંપ્રદાય પણ અન્ય વૈદાન્તિક મતોની જેમ પ્રાચીન કાળથી પ્રચલિત છે. બ્રહ્મસૂત્રમાં વિશિષ્ટાદ્વૈતમતના સમર્થક તરીકે આશ્મરથ્યનું નામ મળે છે. પાંચરાત્રમત પણ એક રીતે વિશિષ્ટાદ્વૈતમત સદૃશ છે. એ પાંચરાત્રમતનો ઉલ્લેખ મહાભારતમાં પણ મળે છે. આટલું છતાં ય બ્રહ્મસૂત્રની વિષ્ણુપરક વ્યાખ્યા નવી દૃષ્ટિએ તો દશમી શતાબ્દીથી શરૂ થઈ. શ્રી નાથમુનિ તથા યામુનાચાર્યે પોતાના અલૌકિક પાંડિત્યબળે વિશિષ્ટાદ્વૈતમતને નૂતન પ્રકાશ અર્પ્યો. અને તેમના પછી અગિયારમી શતાબ્દીમાં થયેલા શ્રીમદ્‌રામાનુજાચાર્યજીએ એ પ્રકાશને સમસ્ત દેશમાં પ્રસરાવ્યો. શ્રી રામાનુજાચાર્યજીના એ પ્રચંડ કાર્યના કારણે જ તેઓ મતપ્રવર્તક ગણાયા તેમ વિશિષ્ટાદ્વૈતમત રામાનુજમત નામે પણ ઓળખાયો.

ઉપર જણાવ્યું તેમ યામુનાચાર્ય તેમ રામાનુજાચાર્યનું મતદર્શન એકદમ નવું નથી. એ મતનું શિક્ષણ યા ગ્રહણ ગુરુશિષ્યપરંપરા દ્વારા પ્રાપ્ત થયું હતું. દ્રવિડ દેશમાં મનાય છે કે આ સંપ્રદાયનું બીજ શ્રીલક્ષ્મીજીએ વાવ્યું હતું. આથી આ સંપ્રદાય શ્રીસંપ્રદાય નામે પણ પ્રસિદ્ધ છે. આ સંપ્રદાયની બે પ્રણાલિકા છેઃ એક આલવારોની અને અન્ય આચાર્યોની. આલવારો એ ભક્તિસૃષ્ટિ છે અને આચાર્યો દાર્શનિક છે.

આલવારોની પરંપરા નીચે પ્રમાણે છેઃ

સારયોગી, ભૂતયોગી, મહાયોગી, ભક્તિસાર, ભટ્ટનાથ, ગોદામા, કુલશેખર, યોગિવાહ, શ્રીપાણસ્વામી, ભક્તાંઘ્રિરેણુ, પરાંકુશમુનિ—શઠરિપુ, મધુરકવિ અને પરકાલ.

આ આલવારોનાં તામિલ નામ નીચે પ્રમાણે છે :

પૌયગૈયાલવાર, ભૂતઆલવાર, પૈયાલવાર, તિરુમલ્લી શૈયાલવાર, પેરીઆલવાર, આંદાલ, કુલશેખર આલવાર, તિરુમંગાઈ આલવાર, તિરુપ્પાનાલવાર, નમ્માલવાર મધુર કવિ, અને તોન્ડરડી ખોળિડચા આલવાર.

આ બારમાંના પ્રથમ ત્રણ આલવારો દ્રવિડ પ્રબંધના પ્રવર્તકો છે. તેમનાં જન્મસ્થાન સંભવતઃ કાંચી, તિરુવન્નમલઇ તથા મયલાપુર હતાં. ચતુર્થ આલવાર ભક્તિસાર બ્રહ્મર્ષિ અને વારાંગનાના પુત્ર હતા, અને પ્રથમના ત્રણ આલવારોના અનુગ્રહે આલવાર ભક્ત થયા હતા. પાંચમા ભટ્ટનાથ અને છઠ્ઠાં તેમનાં પુત્રી આંદાલ મહાન ભક્ત હતાં. આંદાલ આલવાર મધુરભાષિણી હોઇ ગોદામા નામે પણ પ્રસિદ્ધ છે. તામિલ ભાષામાં તેમણે સ્તોત્રરત્નાવલી નામક ગ્રંથ રચ્યો છે.

કુલશેખરનો જન્મ મલબારના ચોલપટ્ટન યા તિરુમજિક્કોલમ નામક સ્થાનમાં થયો હોઇ તેઓ મલબારપ્રાંતના ક્ષત્રિય રાજા હતા. તેમણે તામિલ ભાષામાં ‘ પેરુમાલ તિરોમોળિ ’ નામક તથા સંસ્કૃતમાં “ મુકુન્દમાલા ’ નામક ગ્રંથ રચ્યા છે. ભાષા તેમ ભાવસૌન્દર્યના કારણે તેમના ગ્રંથો રસિક સમાજમાં નિતાન્ત પ્રસિદ્ધ છે. તિરુપ્પાનાલવાર બ્રાહ્મણ હોઈ ત્યાગ–તપમય જીવન ગુજારતા હતા. પરાંકુશ મુનિ પાંડયદેશની કુરુકાપુરીમાં પ્રકટયા હોઈ શૂદ્ર હતા. તેમણે ચાર ભક્તિજ્ઞાન પ્રચુરિત ગ્રંથોની રચના કરી છે. તિરુવિરુત્તમ્, તિરુવાશિરિયમ્, પેરિયતિરુવન્દાદિ તથા તિરુવોયમોલિ નામક એ ગ્રંથો સાહિત્યિક સૌંદર્યથી સમન્વિત તેમ આધ્યાત્મિક તત્ત્વોના પ્રદર્શકરૂપ હોઈ વૈષ્ણવોમાં સર્વશ્રેષ્ઠ મનાય છે. વેદાન્તદેશિકે અંતિમ ગ્રંથને ‘ દ્રવિડોપનિષદ્ ’ તરીકે સંબોધી—સમ્માની તેનો સંસ્કૃત ભાષામાં અનુવાદ કર્યો છે. મધુરકવિ પરાંકુશમુનિના શિષ્ય હોઈ તેમણે ગુરુનું પવિત્ર ચરિત્ર લખીને ગુરુભકિતને ઈશ્વરભકિતની સમાન આદરણીય બતાવી છે.

શ્રીપાણસ્વામી કહેવાય છે કે અંત્યજના હાથે ઉછેર પામ્યા હતા. સંપ્રદાયમાં એક સુદૃઢ ભકત તરીકે તેમનું ખૂબ સમ્માન છે. છેલ્લા પરકાલ પણ અછૂત જાતિના હોઈ એક ભયાનક ડાકુ હતા. લૂટફાટથી મળેલું દ્રવ્ય તેઓ મંદિરો બંધાવવામાં વાપરતા. પૂર્વજન્મના સંસ્કારી હોઇ સદ્ગુરુપ્રતાપે હૃદયપલટો થતાં તેઓ એક મહાન ભકત થયા હતા. તેમણે છ પદ્યગ્રંથો નિર્માણ કર્યા હોઇ તે તામિલ ભાષાનાં વેદાંગ મનાય છે. આ આલવારો સાંપ્રદાયિક મંતવ્યે દ્વાપરના અંતમાં અને કલિના પ્રારંભે થયા હતા. પણ પ્રવર્તમાન સંશોધનાનુસાર તેઓ સર્વ ઈ. સ. ના સાતમા સૈકાથી તે નવમા સૈકા સુધીમાં થઇ ગયા છે.

આ સંપ્રદાયમાં એક તરફ ઉપર્યુક્ત આલવારોએ ભકિતગંગા વહાવી છે, જ્યારે બીજી તરફ આચાર્યોએ નિજ દાર્શનિકતાથી મતને સુદૃઢ કર્યો છે. શ્રી નાથમુનિના પૂર્વે આ મતના દ્રવિડાચાર્ય, ગુહદેવ, ટંક, શ્રીવત્સાંક પ્રભૃતિ આચાર્યોનાં નામ મળે છે. યામુનાચાર્યે નિજ “ સિદ્ધિત્રય ” ગ્રંથમાં તેમનો બ્રહ્મસૂત્ર પર ભાષ્યટીકા આદિ કૃતિઓના કર્તા તરીકે ઉલ્લેખ કર્યો છે. રામાનુજાચાર્યે પણ સ્પષ્ટ લખ્યું છે:

भगवद्बोधायनटङ्कद्रमिडगुहदेवकपर्दिभारुचिप्रभृत्यविगीतशिष्टपरिगृहीतपुरातनवेदान्तव्याख्यानसुव्यक्तार्थश्रुतिनिदर्शितोऽयं पन्थाः। (વેદાર્થસંગ્રહ)

અર્થાત્—ભગવાન બોધાયન, ટંક, દ્રમિડ, ગુહદેવ, કપર્દિ, ભારુચિ આદિ શ્રદ્ધેય આચાર્યોદ્વારા સ્વીકૃત પ્રાચીન વેદાન્તવ્યાખ્યાનોથી સુવ્યક્ત થયેલ અર્થવાળી શ્રુતિઓથી આ માર્ગ નિર્દેશ્યો છે.

આ પ્રમાણે આ સંપ્રદાય પણ અન્ય સંપ્રદાયોની જેમ અત્યંત પ્રાચીન છે, પણ તેને નૂતન પ્રતિભાવાન સ્વરૂપ તો શ્રી નાથમુનિ પછી જ મળ્યું છે. શ્રી નાથમુનિ નવમી શતાબ્દીમાં થયા હોઇ તેઓ મહાસમર્થ યોગી, વિદ્વાન તેમ ભકત હતા. તેમનું બીજું નામ શ્રીરંગનાથ હતું. સંપ્રદાયમંતવ્યે તેઓ શઠકોપ સ્વામીનો સાક્ષાત્કાર પામ્યા હોઇ તેમના દ્વારા સહસ્રગીતિ

અને દ્રાવિડ સિદ્ધાંત શીખ્યા હતા. દ્રવિડ દેશમાં પ્રસરેલા આ મતને તેમણે કાશ્મીર સુધી પ્રસરાવ્યો હતો. તેમણે લુપ્તપ્રાય 'તામિલવેદ'નો પુનરુદ્ધાર કર્યો. શ્રીરંગમના પ્રસિદ્ધ મંદિરમાં ભગવાનની સમક્ષ તેને ગાવાની વ્યવસ્થા તથા વૈદિક ગ્રંથોની જેમ જ એ ગ્રંથોનું પણ અધ્યાપન પ્રારંભ્યું. તેમના 'યોગરહસ્ય'નો ઉલ્લેખ વેદાન્તદેશિકે કર્યો છે. તેમનો 'ન્યાયતત્ત્વ' નામક અન્ય ગ્રંથ વિશિષ્ટાદ્વૈતનો પ્રથમ ગ્રંથ હોઈ તેમાં ન્યાયનાં તત્ત્વોનું વિવેચન છે. આ નાથમુનિના પુત્ર ઈશ્વરમુનિના પુત્ર તે સુપ્રસિદ્ધ યામુનાચાર્ય. શ્રી નાથમુનિના શિષ્ય પુંડરિકાક્ષના પ્રધાન શિષ્ય શ્રી રામમિશ્રદ્વારા યામુનાચાર્યે સંપ્રદાયનું રહસ્ય પ્રાપ્ત કર્યું હતું. તેમના સિદ્ધિત્રય, પુરુષનિર્ણય, આગમપ્રામાણ્ય, કાશ્મીર આગમપ્રામાણ્ય, ગીતાર્થસંગ્રહ અને સ્તોત્રરત્ન આદિ ગ્રંથોથી તેમની પ્રબળ વિદ્વત્તા અને અનુપમ ભક્તિ જણાઈ આવે છે.

તેમના પછી આ સંપ્રદાયમાં જે મહાન જ્યોતિર્ધર થયા તે રામાનુજાચાર્ય. આ પ્રતાપી પુરુષની અસાધારણ વિદ્વત્તા અને પ્રબળ પ્રતિભાના કારણે આ સંપ્રદાય એમના સમયથી રામાનુજમતને નામે ઓળખાય છે. તેઓ ઇ. સ. ૧૦૧૭ માં દક્ષિણ ભારતના ભૂતપુરી—વર્તમાન પેરમ્બુધૂરમાં આવિર્ભાવ પામ્યા હોઇ તેમના પિતાનું નામ કેશવ સોમયાજી અને માતાનું નામ કાંતિમતી હતાં. શરૂઆતમાં તેમને યાદવપ્રકાશની પાસે વેદાધ્યયન વાસ્તે મૂકવામાં આવ્યા હતા. પણ ટૂંક સમયમાં જ તેમની જિજ્ઞાસા અને જ્ઞાન એટલાં વિસ્તૃત થઈ ગયાં કે યાદવપ્રકાશ તેમને માટે યોગ્ય નીવડી શક્યા નહિ. એક વખત, सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन એ પદની વ્યાખ્યામાં જ શિષ્ય ગુરુથી મહાન બની ગયા. પરિણામે યાદવપ્રકાશના હૃદયમાં પ્રકટેલા ઈર્ષ્યાગ્નિમાંથી હરકોઈ ઉપાયે બચીને પણ રામાનુજ તેમનાથી છૂટા થઈ ગયા. આ જ યાદવપ્રકાશ પાછળથી તેમના શિષ્ય થયા હતા એમ સાંપ્રદાયિક મંતવ્ય છે.

પછી તો તેમની કીર્તિસુવાસથી આકર્ષાઈ શ્રી યામુનાચાર્યે તેમને બોલાવવા પોતાના શિષ્ય મહાપૂર્ણસ્વામીને મોકલ્યા હતા. પોતાના દેહત્યાગ પહેલાં રામાનુજને મળવાની યામુનાચાર્યને તીવ્ર ઇચ્છા હતી. પણ તેઓ ત્યાં પહોંચે તે પહેલાં જ યામુનાચાર્યનું દેહાવસાન થવાથી તેમની મુલાકાત થઈ શકી નહિ. કહેવાય છે કે યામુનાચાર્યજીની ત્રણ અંતિમ વાંછનાઓ તેમણે બ્રહ્મસૂત્ર પર ભાષ્ય ઇત્યાદિદ્વારા પૂર્ણ કરવાનો સંકલ્પ કરવાથી યામુનાચાર્યના શબની વળી ગયેલી આંગળીઓ સીધી થઈ ગઇ હતી. યામુનાચાર્યજીના પટ્ટશિષ્ટ મહાપૂર્ણસ્વામી પાસે તેમણે સંપ્રદાયની મંત્રદીક્ષા લીધી હતી. આચાર્યના અન્ય શિષ્યોદ્વારા પણ તેમણે સાંપ્રદાયિક જ્ઞાનના અંશો પ્રાપ્ત કર્યા હતા.

બત્રીસમા વર્ષે સંન્યસ્ત લીધા પછી રામાનુજે સંપ્રદાયનું આચાર્યપદ સ્વીકાર્યું હતું. પછી તો તેમની ઉદ્ભટ વિદ્વત્તાથી આકર્ષાઈ અનેક રાજાઓ તથા વિદ્વાનોએ તેમનું શિષ્યત્વ ગ્રહણ કરી તેમનો લાભ લેવા માંડ્યો અને પરિણામે શ્રીસંપ્રદાય ખૂબ વિકસિત થયો. શ્રીયામુનાચાર્યના શિષ્ય ગોષ્ઠિપૂર્ણ સ્વામીએ તેમની વિદ્વત્તા, નિષ્પક્ષપાતપણું, પવિત્રતા તેમ ઔદાર્ય આદિથી મુગ્ધ થઇને વિશિષ્ટાદ્વૈતવાદને રામાનુજદર્શન નામથી પ્રચલિત કર્યો હતો.

આમ સ્વમતને વિસ્તૃત કર્યા પછી એને સુદૃઢ બનાવવા રામાનુજે લેખનપ્રવૃત્તિ શરૂ કરી. સૌથી પ્રથમ તેમણે યામુનાચાર્યની સંકલ્પસિદ્ધિ વાસ્તે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા બ્રહ્મસુત્ર ઉપરની બોધાયનની પ્રાચીન વૃત્તિ કાશ્મીરમાંથી મેળવી તેના પર ભાષ્ય કર્યું. સાંપ્રદાયિક મંતવ્યાનુસાર એ ભાષ્યનું નામ “ શ્રીભાષ્ય ” સાક્ષાત્ શ્રી સરસ્વતીજીએ સૂચવ્યું હતું. એ ભાષ્યથી અતિરિક્ત તેમણે અનેક ગ્રંથો રચ્યા છે. તેમાં વેદાન્તસંગ્રહ, વેદાન્તદીપ, વેદાન્તસાર, વેદાન્તતત્ત્વસાર, ગીતાભાષ્ય, ગદ્યત્રય, ભગવદારાધનાક્રમ, અષ્ટાદશરહસ્ય. કણ્ટકોદ્ધાર, કૂટસન્દોહ, ઈશાવાસ્યોપનિષદ્ભાષ્ય, ગુણરત્નકોષ, ચક્રોલ્લાસ, દિવ્યસૂરિપ્રભાવદીપિકા, દેવતાપારમ્ય, ન્યાયરત્નમાલા, નારાયણમંત્રાર્થ, નિત્યપદ્ધતિ, નિત્યારાધનાવિધિ, ન્યાયપરિશુદ્ધિ, ન્યાયસિદ્ધાંજન, પંચપટલ, પંચરાત્રરક્ષા, પ્રશ્નોપનિપદ્વ્યાખ્યા, મણિદર્પણ, મતિમાનુષ, મુણ્ડકોપનિષદ્વ્યાખ્યા, યોગસૂત્રભાષ્ય, રત્નપ્રદીપ, રત્નપટલ, રામપૂજાપદ્ધતિ, રામાયણવ્યાખ્યા, વાર્તામાલા, વિશિષ્ટાદ્વૈતભાષ્ય, વિષ્ણુસહસ્રાનામભાષ્ય, વેદાર્થસંગ્રહ, શરણાગતિગદ્ય, શ્વેતાશ્વતરોપનિષદ્વ્યાખ્યા, સર્વાર્થસિદ્ધિ, શતદૂષણી આદિ ગ્રંથો તેમની ઉદ્ભટ વિદ્વત્તાનો સ્પષ્ટ પરિચય આપે છે.

સંપ્રદાયની મૂળ પ્રાણાલિકાનુસાર તેમ નિષ્પાપ અને ઔદાર્યહૃદયી હોઈ જાતિભેદને આચાર્યશ્રીએ નિજ જીવનમાં ખાસ સ્થાન આપ્યું નથી. યામુનાચાર્યના જે શિષ્યોદ્વારા આચાર્યશ્રીએ સાંપ્રદાયિક જ્ઞાન મેળવ્યું હતું, તેમાંના એક નિરુકચાયિ ને બીજા શૂદ્ર હતા. આચાર્યશ્રીના શિષ્યોમાં પણ અનેક શૂદ્રો હોઇ તેમાંય ઉરંગવલ્લી દેસર નામના શૂદ્ર શિષ્ય તો તેમના ખાસ પ્રિયજન હતા. ભગવત્પ્રપત્તિથી પરિપૂર્ણ એવા આ જ્યોતિર્ધર ૧૨૦ વર્ષનું દીર્ઘાયુષ વિતાવી સ્વધામ સિધાવ્યા હતા.

તેમના પછી વિશિષ્ટાદ્વૈત સંપ્રદાયમાં દેવરાજાચાર્ય, વરદાચાર્ય, સુદર્શનવ્યાસભટ્ટાચાર્ય નડાહુરમ્મલ, વીરરાઘવદાસાચાર્ય, વાદિહંસામ્બુદાચાર્ય, વેંકટનાથ વેદાન્તાચાર્ય, સુપ્રસિદ્ધ લોકાચાર્ય, મલ્લિકાચાર્ય, અનંતાચાર્ય, મહાચાર્ય, શ્રીનિવાસાચાર્ય આદિ સમર્થ આચાર્યો થઈ ગયા છે. તેમાં દેવરાજાચાર્યે “ બિમ્બતત્ત્વપ્રકાશિકા ” નામક પ્રબંધ રચી અદ્વૈતવાદીઓના પ્રતિબિંબવાદનું ખંડન કર્યું છે. તેરમી શતાબ્દીના વરદાચાર્યે “ તત્ત્વનિર્ણય ” ગ્રંથમાં શ્રીવિષ્ણુને જ પરબ્રહ્મ તરીકે સિદ્ધ કર્યા છે. રામાનુજના શ્રીભાષ્ય ઉપરના તેમ તેમના તથા તેમના પૂર્વેના સાંપ્રદાયિક સિદ્ધાંતગ્રંથો પરના સિદ્ધાંતસમર્થક ગ્રંથોનો ક્રમ સંપ્રદાયમાં ખાસ કરીને નીચે પ્રમાણે સમ્માનિત છે.

પરાશર ભટ્ટકૃત ‘ તત્ત્વરત્નાકર ’, વરદાચાર્યકૃત ‘ ન્યાયસુદર્શન ’ અને ‘ પ્રજ્ઞાપરિત્રાણ, ’ નારાયણકૃત ‘ નીતિમાલા, ’ વરદવિષ્ણુ મિશ્રકૃત ‘ માનમાહાત્મ્યનિર્ણય, ’ વિષ્ણુચિત્તકૃત ‘ સંગતિમાલા, ’ શ્રીરામમિશ્રકૃત ‘ વિવરણ, ’ સુદર્શનાચાર્ય કૃત ‘ શ્રીભાષ્યવ્યાખ્યાશ્રુતપ્રકાશિકા, ’ ‘ શ્રુતદીપિકા ’ અને ‘ તાત્પર્યદીપિકા, ’ વરદગુરુકૃત ‘ તત્ત્વસાર ’ અને ‘ પ્રમેયમાલા, ’ અલ્મેયરામાનુજકૃત “ ન્યાયકુલિશ, ” મેઘનાદારિકૃત “ નયપ્રકાશિકા, ’, પરકાલયતિકૃત ‘ ચિતપ્રકાશિકા ’, શ્રીનિવાસકૃત ‘ યતીન્દ્રમતદીપિકા ’, રંગરામાનુજકૃત ‘ બ્રહ્મસૂત્ર ’, શ્રીભાષ્ય અને ન્યાયસિદ્ધાંજન પરની ટીકાઓ, બૃહદારણ્યક તથા છાંદોગ્ય પર વિશિષ્ટાદ્વૈતી ભાષ્ય તથા

રામાનુજ સિદ્ધાંતસાર નામક પ્રકરણ ગ્રંથ, તેરમી શતાબ્દીના લોકાચાર્યકૃત શ્રી ‘વચનભૂષણ’ અને કવિતાર્કિક સિંહ તથા સર્વતંત્રસ્વતંત્ર એવા વેદાન્તાચાર્ય વેંકટનાથકૃત તત્ત્વટીકા, શતદૂષણી, અધિકરણસારાવલી, તત્ત્વમુક્તાકલાપ, ન્યાયપરિશુદ્ધિ, ન્યાયસિદ્ધાંજન, સેશ્વરમીમાંસા, રહસ્યત્રયસાર, પાંચરાત્રરક્ષા, સચ્ચરિત્રરક્ષા, સ્તોત્રરક્ષા, ગીતાભાષ્ય, તાત્પર્યચંદ્રિકા, દ્રાવિડ પદ્મમાલા, ગીતાર્થસંગ્રહરક્ષા, યાદવાભ્યુદયકાવ્ય, હંસસંદેશ, સંકલ્પસૂર્યોદય, સ્તોત્રસંગ્રહ અને સુભાષિતનીતિ.

શ્રી રામનુજાચાર્યના મૃત્યુ પછી તેરમી શતાબ્દીમાં શ્રીવૈષ્ણવોમાં બે મત ઊઠ્યા હતા. એક પક્ષ તામિલ વેદની જ પ્રામાણિકતા અક્ષુણ્ણભાવે સ્વીકાર કરતો હોઇ સંસ્કૃતમાં નિબદ્ધ ગ્રંથો પર શ્રદ્ધાવાન ન હતો. તામિલ ભાષાના પક્ષપાતી આ મતનું નામ “ટેંકલૈ” છે અને તેના પ્રતિષ્ઠાપક સુપ્રસિદ્ધ શ્રી લોકાચાર્ય હતા. તેમણે ‘શ્રીવચનભૂષણ’ નામક ગ્રંથ લખી તેમાં પોતાના મતનું વિશદ શાસ્ત્રીય વિવેચન કર્યું છે. એથી અતિરિકત જેમાં ‘તત્ત્વત્રય,’ અને ‘તત્ત્વશેખર’ પ્રકાશિત છે એવાં ૧૬ રહસ્યોની રચના કરી છે. શ્રીરંગમમાં યવનો દ્વારા લુટાતા મંદિરની રક્ષા કરતાં આ મહાન પુરુષે પોતાનું જ્વલંત બલિદાન અર્પ્યું હતું. તેમના મતમાં થયેલા ૧૫મી સદીના વરવરમુનિએ લોકાચાર્યના ગ્રંથો પર ટીકાઓ લખી છે તેમ તામિલવેદનાં ભાષ્યોનો પ્રચુર પ્રચાર કર્યો હતો.

અન્ય પક્ષ તામિલ તથા સંસ્કૃત બન્નેને સમાન માનતો હોઇ સંસ્કૃતાભિમાની હતો. તે મતનું નામ ‘વડકલૈ’ છે. એના પ્રતિષ્ઠાપક વિખ્યાત ‘વેદાન્તદેશિક’ હતા. તેઓ અને લોકાચાર્ય સમકાલીન હતા. બન્નેમાં ભાષાભેદની સાથે અઢાર સિદ્ધાંતગત પાર્થક્ય પણ છે. એમાં ‘પ્રમા’ના વિષયક પાર્થક્ય વિશેષ છે.

આ પ્રમાણે વિશિષ્ટાદ્વૈત સંપ્રદાય અનેક વિદ્વત્રત્નોથી પ્રભાન્વિત હોઈ સંપ્રદાયની ગ્રંથસંપત્તિ પણ વિપુલ હતી. હવે એ ગ્રંથરત્નો દ્વારા બદ્ધમૂલ વિશિષ્ટાદ્વૈતસિદ્ધાંતપ્રક્રિયા તરફ સહજ દૃષ્ટિપાત કરી લઈએ.

‘एकमेवाद्वितीयं ब्रह्म’ આદિ શ્રુતિવાક્ય બ્રહ્મના એકત્વનું પ્રતિપાદન કરે છે. શ્રીશંકરાચાર્ય અને શ્રીરામાનુજાચાર્ય બન્નેએ પોતપોતાના અદ્વૈત સિદ્ધાંત-સંપ્રદાય શ્રુતિપ્રામાણ્યથી જ સ્થાપિત કર્યા છે; પણ બન્નેની પ્રક્રિયાઓ વિભિન્ન હતી. શ્રી રામાનુજના મતાનુસાર बृहबृंहि वृद्धौ એ ધાતુની સાથે मनिन् પ્રત્યય થવાથી એ એકમાં ત્રણનો સમાવેશ છે અને એ શ્રુતિ-સ્મૃતિ ઉભયથી પ્રમાણિત છે. “बृहति बृंहयतीति तत्परं ब्रह्म” એવું રહસ્યામ્નાયબ્રાહ્મણનું વચન છે. વિષ્ણુપુરાણમાં પણ એવા અર્થનું પ્રતિપાદક વાક્ય છેઃ बृहत्त्वाद् बृंहणत्वाच्च तद् ब्रह्मेत्यभिधीयते। આ બન્ને વાક્યોથી સ્પષ્ટ થાય છે કે સ્વયં બૃહત થવા અને અન્યને બૃહત કરવામાં જે સમર્થ છે તે એક બ્રહ્મ છે. બ્રહ્મ એક છે અને તેમાં ત્રણ મૌલિક પદાર્થ છેઃ ચિત્—જીવ, અચિત્—જડસમૂહ અને પુરુષોતમ યા ઈશ્વર. સ્થૂલ સૂક્ષ્મ, ચેતનાચેતન વિશિષ્ટ બ્રહ્મ જ ઈશ્વર છે. અનંત જીવ અને જગત તેનું શરીર છે અને તે એવા શરીરના આત્મા છે. જીવ જગતને

મિથ્યા દર્શાવ્યા વિના પણ બ્રહ્મનું એકત્વ રામાનુજમંતવ્યે પ્રમાણિત કરી શકાય છે.

કોઈ પણ વસ્તુના જ્ઞાનને માટે ત્રણ પ્રમાણ મનાય છે: પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ, અર્થાત્ વેદ. રામાનુજાચાર્યના મતાનુસાર યથાવસ્થિત વ્યવહારાનુગુણ જ્ઞાન જ પ્રમા છે. પ્રમાનું કારણ પ્રમાણ એ પ્રકારનું છે: નિર્વિકલ્પ અને સવિકલ્પ. બન્ને વિશિષ્ટવિષયક છે. અવિશિષ્ટવિષયક જ્ઞાનની ઉપલબ્ધિ થઈ શકતી નથી. પ્રત્યક્ષ જ્ઞાનની પ્રક્રિયા આ પ્રકારે છે:

આત્મા મનની સાથે સંયુક્ત થાય છે. આ પ્રકારે જ્ઞાનોદય થાય છે એટલે જ્ઞાન વિષયાવગાહી છે. નિર્વિશેષ વસ્તુનું જ્ઞાન થઈ શકતું નથી. સ્મૃતિ પૃથક્ પ્રમાણ નથી, કેમકે સ્મૃતિ પણ પ્રત્યક્ષની અંતર્ગત છે. પૂર્વાનુભૂત વસ્તુના સંસ્કારથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે. પ્રત્યભિજ્ઞા પણ પ્રત્યક્ષની અંતર્ભુક્ત છે. અભાવ પણ ભાવાન્તરરૂપ હોઈ અભાવનું જ્ઞાન પણ પ્રત્યક્ષની અંતર્ગત છે. પુણ્યવાન પુરુષની પ્રતિભા—યોગજ જ્ઞાન પણ પ્રત્યક્ષની જ અંતર્ગત છે. આચાર્યના મતાનુસાર સર્વ જ્ઞાન સત્ય અને સવિશેષવિષયક છે. નિર્વિશેષ વસ્તુ ગ્રહણ કરવું અસંભવિત છે. ભ્રમનું જ્ઞાન, સ્વપ્નાદિકનું જ્ઞાન સર્વજ્ઞાન છે; તેથી તેમનો સિદ્ધાંત છે કે अतः सर्वं ज्ञानं सत्यं सविशेषविषयं च । વળી કહે છે : अतः सर्वं विज्ञानजातं यथार्थमिति सिद्धम् । ઉપમાન અને અર્થાપત્તિ પણ અનુમાનની અંતર્ગત છે. તેને પૃથક્ પ્રમાણ રૂપે ગ્રહણ કરવાની આવશ્યકતા નથી. આચાર્યના મતાનુસાર અપૌરુષેય અને નિત્ય વેદવાક્ય જ શબ્દપ્રમાણ છે.

જગતમાં એ પ્રકારના જીવ જોવામાં આવે છે: અધિક પ્રાણશક્તિવાળા અને અલ્પપ્રાણશક્તિવાળા. પ્રથમ વર્ગના જંગમ કહેવાય છે અને અન્ય સ્થાવર કહેવાય છે. પ્રત્યેક સત્ વસ્તુ ઉપર્યુક્ત ત્રૈતમાં છે. કોઈ જડ પદાર્થ આત્મા અને ઈશ્વર વિના રહી શકે એમ નથી. કોઇ આત્મા પ્રકૃતિ અને ઈશ્વર વિના રહી શકે એમ નથી. અને ઈશ્વર પણ પ્રત્યેક પદાર્થમાં સ્થિત રહે છે. મનુષ્ય પોતાની બુદ્ધિ અનુસાર પોતાને શરીર સમજે છે, શરીરમાં રહીને તેનું સંચાલન કરનાર ચેતન આત્મા અનુમાને છે કે પછી વેદાન્તની પ્રક્રિયા અનુસાર સત્યનું અનુસંધાન કરી પોતાને આત્માની અંદરના સ્થિત ઈશ્વર કલ્પે છે. મનુષ્યનું જ્ઞાન તેની વિવેકશક્તિની ગહનતા અનુસાર હોય છે. અતઃ સિદ્ધાંત એ છે કે શરીર, શરીરનું ધારણ પોષણ કરનાર આત્મા અને તેનું નિયંત્રણ કરનાર ઈશ્વર એ ત્રણેની સમષ્ટિ જ યથાર્થ અદ્વૈત છે. પ્રત્યેક વસ્તુમાં એ ત્રૈત રહે છે જ. વેદોમાં એના માટે અનેક પ્રમાણ છે. વાસ્તે જગતનો પ્રત્યેક પદાર્થ ત્રૈતાત્મક હોઈ કોઈ પણ પરિસ્થિતિમાં અદ્વિતીય નથી. તાત્પર્ય એ કે વેદાન્તથી પરિણામવાદ પ્રમાણિત થાય છે, વિવર્તવાદ નહિ.

પરિણામવાદનું સ્વરૂપ એ છે કે કારણ જ કાર્ય બની રહે છે. કારણનો ગુણ જ કાર્યનો ગુણ છે. આ જગતરૂપ કાર્યમાં જો આમ આપણને ત્રણ પદાર્થ દૃષ્ટિગોચર થાય તો તેના કારણમાં પણ એ ત્રણ પદાર્થનું હોવું આવશ્યક છે. પરિણામવાદ વેદસંમત છે. જુઓ:

यथा सौम्यैकेन मृत्पिण्डेन विज्ञातेन सर्वं मृन्मयं विज्ञातं भवति ઇત્યાદિ...

હવે પ્રશ્ન એ ઊઠે છે કે જડ પ્રકૃતિ અને આત્મા જ જેનું શરીર છે એ ઈશ્વરમાં પણ શું પરિવર્તન થાય છે? વેદ આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આપે છે. વેદાની નિર્વિકારપરક શ્રુતિઓ બ્રહ્મને અવિકાર્ય બનાવે છે. બ્રહ્મ જ્યારે આ વિવિધ નામરૂપાત્મક જગતના રૂપમાં પરિણત થાય છે, ત્યારે તેમાં ઉપલક દૃષ્ટિએ દેખાતું પરિવર્તન એ તો કેવળ ભગવાનની સમસ્ત સ્થૂલ શરીરોમાં અનુપ્રવિષ્ટ થવાની ઇચ્છા માત્ર છે. એ પરિવર્તન કદાપિ કોઈ પણ દૃષ્ટિએ વિકાર ન કહી શકાય. આચાર્યના મતે કારણાવસ્થ સૂક્ષ્મ અચિદ્‌વિશિષ્ટ બ્રહ્મ કાર્યાવસ્થ સ્થૂલ અચિદ્‌વિશિષ્ટ જગતનું કારણ છે.

જીવસ્વરૂપના સંબંધમાં રામાનુજમત પ્રમાણે જીવાત્મા એ પરમાત્માનો વાસ્તવ અંશ છે તથા અણુ પરિમાણવાળો છે. બ્રહ્મમાં અને જીવમાં સજાતીય અને વિજાતીય ભેદ નથી. સ્વગત ભેદની દૃષ્ટિએ બ્રહ્મ ઈશ્વર છે અને જીવ દાસ છે. જીવ કાર્ય છે અને ઈશ્વર કારણ છે. ઈશ્વર–જીવ બન્ને સ્વયંપ્રકાશ છે, ચેતન અને જ્ઞાનાશ્રય છે, આત્મસ્વરૂપ છે. જીવ દેહેન્દ્રિય, મન, પ્રાણાદિથી ભિન્ન છે. જીવ નિત્ય હોઈ તેનું સ્વરૂપ પણ નિત્ય છે. તે એક નથી પણ અનેક છે. સ્વાભાવિક રૂપમાં જીવ સુખી છે. ઉપાધિવશ બનતાં—અજ્ઞાન બનતાં તેને સંસારભોગ પ્રાપ્ત થાય છે. જીવ જ કર્તા, ભોક્તા, શરીરી અને શરીર છે. રામાનુજમતે બ્રહ્મ સગુણ અને સવિશેષ છે. તેમાં નિકૃષ્ટ કાંઈ પણ નથી. સર્વેશ્વરત્વ, સર્વશેષિત્વ, સર્વકર્મારાધ્યત્વ, સર્વફલપ્રદત્વ, સર્વાધારત્વ, સર્વકાર્યોપાદકત્વ, સમસ્તદ્રવ્યશરીરત્વ આદિ તેનાં લક્ષણ છે. ચિદચિચ્છરીરત્વ પણ તેનું લક્ષણ છે. તે સૂક્ષ્મ ચિદચિદ્વિશેષ રૂપમાં જગતનું ઉપાદાન કારણ છે અને સંકલ્પવિશિષ્ટ રૂપમાં નિમિત્ત કારણ છે. જીવ અને જગત તેનાં શરીર છે. ભગવાન જ આત્મા છે. તેના ગુણોની સંખ્યા નથી. ગુણોમાં તે અદ્વિતીય છે. ઈશ્વર જ સૃષ્ટિકર્તા, હર્તા, કર્મફળપ્રદાતા, નિયંતા, સર્વાન્તર્યામી છે. ભગવાન્ નારાયણ, વિષ્ણુ, વાસુદેવ તેનાં નામો છે. બ્રહ્મ સર્વથા ધ્યાનાદિક વડે ઉપાસ્ય જ છે. ભગવાનની શક્તિ માયા છે. તે સ્વભાવરૂપી છે, કલ્પિત યા અધ્યારોપિત નથી.

શ્રીરામાનુજના મતે જે વ્યક્તિને કર્મના સંબંધમાં જ્ઞાન થઈ ગયું છે, તે બ્રહ્મજિજ્ઞાસાનો આધકારી છે. પ્રથમ કર્મ અને કર્મફળની અનિત્યતા આદિનું જ્ઞાન થાય છે. એ જ્ઞાન થતાં બ્રહ્મજિજ્ઞાસાની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે. શ્રીરામાનુજ બ્રહ્મમીમાંસા અને પૂર્વમીમાંસાને એક જ શાસ્ત્ર માને છે. કર્મ અને જ્ઞાનની આવશ્યકતા બતાવાઈ છે, પણ તે કેવળ પરબ્રહ્મમાં ભક્તિ કેળવવાને માટે જ. 'સાચો વિશિષ્ટાદ્વૈતવાદી તો ભગવાનના દાસત્વની પ્રાપ્તિ જ વાંછશે. વૈકુંઠમાં શ્રી, ભૂ, લીલાદેવીઓની સાથે નારાયણની સેવા કરવી એ જ પરમપુરુષાર્થ કહેવાય છે. પ્રાકૃત દેહ નષ્ટ થઈ જતાં અપ્રાકૃત દેહમાં નારાયણની સમાન ભોગ કરવો એ જ અંતિમ મુક્તિ છે. ભગવાનની સાથેની અભિન્નતા કદી સંભવિત નથી, કેમકે જીવ સ્વરૂપતઃ નિત્ય અણુ છે, નિત્ય દાસ છે, નિત્ય અણુ છે. તે વિભુ કદી બની શકે નહિ. મુક્ત જીવ શ્રી વૈકુંઠધામમાં અપાર કલ્યાણ ગુણનિધિ ભગવાનના ચિદાકાશના રૂપમાં રહીને આનંદાનંદનો અનુભવ કરશે.

મુક્તિના સાધન તરીકે રામાનુજ ધ્યાન ઉપાસનાત્મક ભક્તિને જ દર્શાવે છે. તેઓ કહે છે

કે બ્રહ્માત્મૈકજ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતી નથી, કેમકે જ્યાં બન્ધન પારમાર્થિક છે ત્યાં એ પ્રકારના જ્ઞાનથી તેની નિવૃત્તિ ક્યાંથી થાય ? ભક્તિથી જ ભગવાન પ્રસન્ન થઈ મુક્તિ પ્રદાન કરે છે. ભક્તિ સાધનભક્તિ તથા સાધ્યભક્તિ એમ બે પ્રકારની છે. પ્રપત્તિ પણ બે પ્રકારની છે, એકાન્તી અને પરમકાન્તી. ન્યાસવિદ્યા જ પ્રપત્તિ છે. આનુકૂલ્યનો સંકલ્પ અને પ્રાતિકૂલ્યનું વર્જન પ્રપત્તિ છે. સ્પષ્ટ શબ્દોમાં ભગવાનમાં આત્મસમર્પણ કરવું એ જ પ્રપત્તિ. સર્વ પ્રકારથી ભગવાનનું શરણુ સ્વીકારવું એ પ્રપત્તિનું લક્ષણ છે. આચાર્યશ્રી સ્વયં સ્પષ્ટ પ્રાર્થે છેઃ—

सत्यकाम सत्यसंकल्प परब्रह्मभूत पुरुषोत्तम महाविभूते, श्रीमन्नारायण वैकुण्ठनाथ अपारकारुण्य सौशील्यवत्सभ्योदार्यैश्वर्यसौन्दर्यमहोदधे, अनालोचितविशेषाविशेष लोकशरण्य प्रणतार्तिहर आश्रितवात्सल्यजलधे, अनवरतविदितनिखिलभूतजातयाथात्म्य अशेषचराचरभूतनिखिलनियमाशेषचिदचिद्वस्तुकोषीभूत निखिलजगदाधाराखिलजगत्स्वामिन् अस्मत्स्वामिन् सत्यकाम सत्यसंकल्प सकलेतरविलक्षण अर्थिकलपक आपत्सख, श्रीमन्नारायण अशरणशरण्य, अनन्यशरणं त्वत्पदारविंदयुगलं शरणमहं प्रपद्ये ।”

હે પૂર્ણકામ સત્યસંકલ્પ, પરબ્રહ્મસ્વરૂપ પુરુષોત્તમ ! હે મહાન ઐશ્વર્યયુક્ત શ્રીમન્નારાયણ ! હે વૈકુણ્ઠાધિપતિ ! આપ અપાર કરુણા, સુશીલતા, વત્સલતા, ઉદારતા, ઐશ્વર્ય અને સૌન્દર્ય આદિના મહોદધિ છો. નાના મોટાનો વિચાર ન કરતાં સામાન્યતઃ સર્વ લોકોને આપ શરણ આપો છો. પ્રણત જનોની પીડા હરો છો. શરણાગતોને માટેના આપ વત્સલતાના સમુદ્ર છો. આપ સદાય સમસ્ત ભૂતોની યથાર્થતાના જ્ઞાતા છો. સંપૂર્ણ ચરાચર ભૂતો, સમસ્ત નિયમો તથા સમસ્ત જડચેતન વસ્તુઓના આપ અવયવી છો. સમસ્ત જગતના સ્વામી પરમાધાર છો. આપની કામનાઓ પૂર્ણ અને સંકલ્પ સત્ય છે. આપ સમસ્ત પ્રપંચથી ઇતર અને વિલક્ષણ છો. યાચકોના તો કલ્પવૃક્ષ અને વિપત્તિબદ્ધોના સહાયક છો. આવા અતુલ મહિમાવંત આશ્રયહિતોના આશ્રયી હે શ્રીમન્નારાયણ ! હું આપના ચરણારવિન્દયુગલની શરણમાં જ આવું છું. એના વિના મારું અન્ય શરણ ક્યાંય નથી. ”

કેવી માર્મિક પ્રાર્થના છે ! રામાનુજમતના સમસ્ત વેદાન્તનો સરવાળો રામાનુજની એ પ્રાર્થનામાં સમાઈ ગયો છે. *

ધન્ય શ્રી રામાનુજ.

---

* લેખકના અપ્રકટ 'સિદ્ધાંતદર્શનિકા'માંથી

સ્તુતિકાર માતૃચેટ અને તેમનું અધ્યર્દ્ધશતક

પં૦ સુખલાલજી સંઘવી

અશ્વઘોષ અને કાલિદાસ બન્ને ભારતીય કવિ છે અને બ્રાહ્મણકુલોદ્ભવ છે. તેમાંય અશ્વઘોષ તો કાલિદાસનો માત્ર પૂર્વવર્તી જ નહિ પણ કાલિદાસના કવિત્વનો પ્રેરક સુધ્ધાં છે. તેમ છતાં પહેલેથી આજ લગી કાલિદાસની ખ્યાતિ જેટલી અને જે રીતે ભારતમાં વ્યાપેલી છે તેટલી અને તે રીતે અશ્વઘોષની ખ્યાતિ ભારતમાં પ્રસરી નથી. વિદ્વાન હોય કે માત્ર વિદ્યારસિક હોય પણ ભારતને ખૂણે ખૂણે વસનાર હરકોઈ તેવી વ્યક્તિની જીભે કાલિદાસનું નામ અને તેની કૃતિઓ રમમાણ હશે, જ્યારે અશ્વઘોષના નામ કે તેની કૃતિઓને જાણનાર ભારતમાંથી વિરલ જ મળી આવશે. તેથી ઊલટું ભારતની બહારના ભારતની ચોમેર સંલગ્ન ભારત કરતાંય અતિવિશાલ બૌદ્ધ પ્રદેશોમાં અશ્વઘોષનું નામ અને તેની કૃતિઓ સુપ્રસિદ્ધ છે; જ્યારે ટિબેટ, ચીન, મધ્ય એશિયાની આબાદીઓ અને સિલોન, બ્રહ્મા આદિ પ્રદેશોમાં કાલિદાસ અને તેની કૃતિઓ વિશે જાણનાર વિરલ જ મળી આવશે. આ અન્તરનું શું કારણ એ પ્રશ્નનો ઉત્તર સહજ અને ઇતિહાસસિદ્ધ છે. અશ્વઘોષ બ્રાહ્મણ કવિ છતાં તે બૌદ્ધ ભિક્ષુ થયો ન હોત અને તેણે તથાગતની ગાથા ન ગાતાં બ્રાહ્મણસંસ્કૃતિનો યશોવિસ્તાર કર્યો હોત, તો તેનું સ્થાન ભારતમાં નિઃશંકપણે કાલિદાસના જેવું જ હોત. તેથી ઊલટું કાલિદાસે સુગતસંસ્કૃતિની યશોગાથામાં જ સરસ્વતીને કૃતાર્થ કરી હોત તો ભારતમાં તે ભાગ્યે જ આટલી પ્રસિદ્ધિ પામત.

અશ્વઘોષ અને કાલિદાસની ભારતમાંની ખ્યાતિના અંતર વિશેનું ઉપરનું નિદાન આચાર્ય માતૃચેટને વિશે પૂરેપૂરું લાગુ પડે છે. માતૃચેટ પણ ભારતનો જ સુપુત્ર છે. એટલું જ નહિ પણ તે અશ્વઘોષ અને કાલિદાસની પેઠે તત્કાલીન સમ્રાટ્-માન્ય પણ રહ્યો છે, અને છતાંય આપણા ભારતીઓને માટે માતૃચેટનું નામ અત્યારે છેક જ અપરિચિત થઈ ગયું છે. એની કૃતિ કે કૃતિઓ વાસ્તે તો જાણે કે ભારતના ભંડારોમાં જરા પણ જગ્યા જ ન હોય એમ બન્યું છે, જ્યારે એની કૃતિનાં સીધેસીધાં કે આડકતરાં અનુકરણો બ્રાહ્મણ અને જૈનપરંપરામાં હજી પણ અસ્તિત્વ ધરાવે છે.

છેલ્લાં સો વર્ષમાં થયેલા યુરોપિયન ગવેષકોમાંથી એમ. એ. સ્ટીન મહાશયે ખુટન(Khotan)થી અને એ. ગ્રનવેડેલ તથા એ. વૉન લે કૉગ એ બે મહાશયોએ તુરફાન (Turfan)માંથી ગ્રંથાવશેષો મેળવ્યા ન હોત[૧] અને તે અવશેષોનું પ્રકાશન પ્રો. સિલ્વન્ લેવી વગેરેએ કર્યું ન હોત તો અશ્વઘોષ તેમજ માતૃચેટ વિશે યુરોપમાં તેમ જ ભારતમાં ભાગ્યે જ કોઈ કાંઇ વિશેષ

---

[૧] A History of Indian Literature, Vol IIની પ્રસ્તાવના, પૃ. ૯

જાણવા પામ્યું હોત. અહીં માતૃચેટ અને તેની કૃતિ અધ્યર્દ્ધશતક મુખ્યપણે પ્રસ્તુત છે. તેથી એને વિશે એ નિર્વિવાદપણે કહી શકાય કે માતૃચેટ અને અધ્યર્દ્ધશતક વિશેની અત્યાર લગી જે માહિતી અને સાધનસમ્પત્તિ આપણને પ્રાપ્ત થાય છે, તેનો પ્રધાન યશ ઉપર નિર્દેશેલ સ્ટીન અને લેવી વગેરે મહાશયોને જ ભાગે જાય છે. તેમના પછી તો અનેક યુરોપિયન સ્કૉલરોએ માતૃચેટ અને તેની જુદીજુદી કૃતિઓ વિશે અનેક પ્રયત્નો કર્યા છે અને છેલ્લે ભારતીય વિદ્યાના અધ્યાપક વિન્તર્‌નિત્ઝે પોતાની 'હિસ્ટ્રી ઑફ ઇંડિયન લિટ્રેચર'ના બીજા ભાગમાં માતૃચેટ અને અધ્યર્દ્ધશતક વિશે પર્યાપ્ત માહિતી[૨] આપી છે. આ બધું છતાં જો ભગીરથપ્રયત્ની ભિક્ષુ રાહુલ સાંકૃત્યાયને ૧૯૨૬ની બીજીવારની ટિબેટ યાત્રા વખતે સા-સ્કચા (Sa-skya) નામના ટિબેટન વિહારમાંની પોણો ઇંચ ધૂળથી રંગાયેલ ઉપેક્ષિતપ્રાય ભારતીય જ્ઞાન-સંપત્તિ ઉપર હસ્તસ્પર્શ કર્યો ન હોત, તો આજે જે મૂળ સંસ્કૃત રૂપમાં જ પૂર્ણ અધ્યર્દ્ધશતક આપણને સુલભ થયું છે તે થયું ન હોત અને અધ્યર્દ્ધશતકના ટિબેટન તેમ જ ચાઈનીઝ અનુવાદો ઉપરથી અને તુરફાનમાંથી પ્રાપ્ત થયેલ ખંડિત ભાગોના અપૂર્ણ અનુસંધાન પરથી જ તે વિશે યુરોપિયન સ્કૉલરોએ જે કાંઈ લખ્યું છે તે દ્વારા જ જાણવાનું રહેત. સંસ્કૃતના અભ્યાસી આપણે ભારતીય આજે માતૃચેટની મૂળ સંસ્કૃત કૃતિને વાંચવા સમજવા ને વિચારવા સમર્થ થયા છીએ તેનો એકમાત્ર યશ ભિક્ષુ રાહુલ સાંકૃત્યાયનને જ ભાગે જાય છે.

માતૃચેટનો પરિચય

માતૃચેટનાં જન્મસ્થાન, જાતિ, માતા-પિતા, વિદ્યા અને દીક્ષાગુરુ તેમ જ શિષ્યપરિવાર આદિ વિશે હજી લગી કશું જાણવા મળ્યું નથી. તેમના વિશે અત્યારે જે કાંઈ થોડી માહિતી આપવી શક્ય છે, તે પ્રો. વિન્તર્‌નિત્ઝના લખાણને આધારે જ. તેથી અહીં એ લખાણનો આવશ્યક સારભાગ આપવો પ્રાપ્ત છે.

સમ્રાટ્ કનિષ્ક, જેના દરબારમાં કવિ અશ્વઘોષ હોવાનું મનાય છે, તેણે માતૃચેટને પણ પોતાની રાજસભામાં આવવાનું આમંત્રણ આપ્યું હતું. પરંતુ માતૃચેટે વૃદ્ધત્વને કારણે આવી ન શકવા બદ્દલ ક્ષમા માગવા-પૂર્વક એક પત્ર જવાબમાં કનિષ્કને લખ્યો હતો એ પત્ર ટિબેટન ભાષામાં અનુવાદિત થયેલ મળે છે અને તે 'મહારાજ કણિકાલેખ' નામે સુપ્રસિદ્ધ છે. આ પત્રનું અંગ્રેજી ભાષાન્તર એફ. ડબલ્યુ. થોમસ મહાશયે 'ઇંડિયન એન્ટિકવેરી' (૩૨, ૧૯૦૩ પૃ. ૩૪૫) માં પ્રસિદ્ધ કર્યું છે. આ પત્ર ૮૫ પદ્યોનું એક લઘુકાવ્ય છે. એ પદ્યોમાં બુદ્ધના આદેશ પ્રમાણે નૈતિક જીવન ગાળવાનો ઉપદેશ મુખ્યપણે ગ્રથિત છે, કરુણાથી ઊભરાતાં એ પદ્યોમાં કવિ માતૃચેટ છેવટે સમ્રાટ્ને બહુ જ ઉત્સુકતાથી નમ્ર વિનંતીપૂર્વક કહે છે કે તારે વન્ય પશુઓને અભયદાન આપવું અને શિકાર છોડી દેવો.

સાતમા સૈકામાં જ્યારે ચીની યાત્રી ઈ-ત્સિંગ ભારતમાં પ્રવાસ કરતો હતો, ત્યારે

---

[૨] જુઓ પૃ. ૨૬૯ થી ૨૭૨.

માતૃચેટની પ્રસિદ્ધ કવિ તરીકેની ખ્યાતિ હતી અને તેણે કરેલ બુદ્ધ–સ્તોત્રો જ્યાંત્યાં સર્વત્ર ગવાતાં. તે વખતે ઈ–ત્સિંગે જે એક લોકવાર્તા સાંભળેલી તે માતૃચેટની ખ્યાતિ પુરવાર કરી આપે છે.

એકદા બુદ્ધ ભગવાન જંગલમાંથી પસાર થતા હતા ત્યારે એક બુલબુલે મધુર સ્વરમાં ગાવું શરૂ કર્યું; જાણે કે તે બુદ્ધની જ સ્તુતિ કરતી હોય ! તે ઉપરથી બુદ્ધે શિષ્યોને ભવિષ્યદ્વાણી કરી કહ્યું કે આ બુલબુલ અન્યદા માતૃચેટરૂપે અવતરશે.

માતૃચેટની સૌથી વધારે પ્રસિદ્ધ સ્તુતિઓ બે છેઃ એક ચતુઃશતક જેમાં ચારસો પદ્યો છે અને બીજી સાર્ધશતક જેમાં દોઢસો પદ્યો છે. આ બન્ને સ્તુતિઓના ખંડિત અવશેષો મધ્ય એશિયામાંથી મળેલ લિખિત ગ્રન્થોમાંથી મળી આવ્યા છે. આ સ્તુતિઓ સાદી તેમ જ અનલંકૃત કિન્તુ સુન્દર ભાષામાં રચાયેલ શ્લોકબદ્ધ કૃતિઓ છે અને તે સ્તુતિઓની બાહ્ય આકારથી અસર થાય તે કરતાં તેમાં ગ્રથિત પવિત્ર ભાવોની ધાર્મિકો ઉપર વધારે અસર થતી. આ વિશે ઈ–ત્સિંગ કહે છે કે ભિક્ષુઓની પરિષદમાં માતૃચેટની બન્ને સ્તુતિઓ ગવાતી સાંભળવી એ એક સુખદ પ્રસંગ છે. વધારામાં તે કહે છે કે આ સ્તુતિઓની હૃદયહારિતા સ્વર્ગીય પુષ્પ સમાન છે. અને તે સ્તુતિઓમાં પ્રતિપાદન કરેલ ઉચ્ચ સિદ્ધાન્તો ગૌરવમાં પર્વતનાં ઉન્નત શિખરોની સ્પર્દ્ધા કરનારા છે. ભારતમાં જેઓ સ્તુતિઓ રચે છે તે બધા માતૃચેટને સાહિત્યનો પિતા માની તેનું અનુકરણ કરે છે. અસંગ અને વસુબન્ધુ જેવા બોધિસત્ત્વો પણ માતૃચેટની બહુ પ્રશંસા કરતા. સમગ્ર ભારતમાં બૌદ્ધ ઉપાસક કે ભિક્ષુ થનાર દરેકને પાંચ કે દશ શીલનો પાઠ શીખી લીધા પછી તરત જ માતૃચેટની સ્તુતિઓ શીખવવામાં આવે છે. આ પદ્ધતિ મહાયાન, હીનયાન બન્ને પરંપરાઓમાં પ્રચલિત છે. ઈ–ત્સિંગ એ સ્તુતિઓની પ્રશંસા કરવા પોતાને અસમર્થ માને છે, અને તે ઉમેરે છે કે આ સ્તુતિઓના ઘણા વ્યાખ્યાકારો અને અનુકરણકારો થયા છે, ત્યાં લગી કે છેવટે પ્રસિદ્ધ બૌદ્ધ તાર્કિક દિઙ્નાગે પણ માતૃચેટના સાર્ધશતકગત દરેક શ્લોકની આગળ એક એક શ્લોક રચી એક ત્રણસો શ્લોકનો સંગ્રહ તૈયાર કરેલો જે 'મિશ્રસ્તોત્ર' તરીકે જાણીતો છે. ઇ–ત્સિંગે પોતે સાર્ધશતકનો ચીની ભાષામાં અનુવાદ કરેલો છે અને ટિબેટન ભાષામાં તો માતૃચેટની સાર્ધશતક અને ચતુઃશતક એ બંને કૃતિઓનાં ભાષાંતરો છે. ચતુઃશતકનું નામ ટિબેટન અનુવાદમાં 'વર્ણનાર્હવર્ણન' * એવું છે. અને એ જ નામ મધ્ય એશિયામાંથી પ્રાપ્ત અવશેષની અંતિમ પ્રશસ્તિમાં પણ છે. આ સિવાય માતૃચેટને નામે ટિબેટન ભાષામાં જે બીજી કૃતિઓ ચડેલી છે, તેની યાદી એફ. ડબલ્યુ. થોમસ મહાશયે આપેલી છે.

જોકે ટિબેટન પરમ્પરા માતૃચેટ અને અશ્વઘોષ બન્નેને એક જ દર્શાવે છે છતાં ખરી રીતે એ બન્ને વ્યક્તિઓ ભિન્ન ભિન્ન જ હતી અને માતૃચેટ અશ્વઘોષનો વૃદ્ધ સમકાલીન હતો. ચીની

---

* ટિબેટન ઉપરથી લગભગ અર્ધાં ભાગનું અંગ્રેજી ભાષાંતર એફ. ડબલ્યુ. થૉમસે કર્યું છે અને તે ઈન્ડિઅન એન્ટિક્વેરી ૨૪, ૧૯૦૫, પૃ. ૧૪૫માં પ્રસિદ્ધ થયું છે.

પરંપરા એ બન્નેને જુદાજુદા જ માને છે અને તે જ પરંપરા સાચી છે. આ પરંપરાનું સમર્થન ભિક્ષુ રાહુલજીએ અધ્યર્દ્ધશતકની પ્રસ્તાવનામાં સબળ દલીલોથી કરેલું છે.

અધ્યર્દ્ધશતકનો પરિચય

જે અધ્યર્દ્ધશતકનો પરિચય વાચકોને કરાવવો અહીં ઇષ્ટ છે તે મૂળ સંસ્કૃતમાં જ જર્નલ ઑફ ધી બિહાર એન્ડ ઉડીસા રીસર્ચ સોસાયટી પુસ્તક ૨૩ ખંડ ૪ (૧૯૩૭)માં છપાયેલ છે. એનું સંપાદન શ્રી. કે. પી. જાયસવાલ અને ભિક્ષુ રાહુલજીએ કર્યું છે. આ સંસ્કરણ જે લિખિત પ્રતિને આધારે પ્રસિદ્ધ થયું છે, તે લિખિત પ્રતિ ભિક્ષુ રાહુલજીએ ટિબેટમાંથી મેળવેલી અને તે મૂળે ઈ. ૧૧મા સૈકાના સુનયશ્રીમિત્ર નામક નેપાલી વિદ્વાનની માલિકીની હતી, જેણે નેપાલમાં પાટણ નગરમાં એક વિહાર સ્થાપ્યો હતો અને જે મૂળ સંસ્કૃત ગ્રંથોના ટિબેટન ભાષાન્તરો કરવા ટિબેટમાં ગયો હતો. એ લિખિત પ્રતિ શ્રી રાહુલજીએ પોતાની ત્રીજી ટિબેટ યાત્રામાં મેળવી હતી. આ પ્રતિ ક્યાંથી કેવી રીતે અને કેવા સંજોગોમાં તેમને મળી તેમ જ આ પ્રતિની લંબાઇ-પહોળાઈ વગેરેનું શું સ્વરૂપ છે એનું વર્ણન બહુ જ રોચક છે છતાં અહીં તે જતું કરવું પડે છે, કેમ કે મારો આશય આ સ્થળે મુખ્યપણે અધ્યર્દ્ધશતકના બાહ્ય-આન્તર હાર્દને જ બતાવવાનો છે. પરંતુ જેઓ શોધખોળ અને ભારતીય-વિદ્યા-સંપત્તિમાં રસ ધરાવતા હોય તેઓ પૂર્વોક્ત જર્નલના પુસ્તક નં. ૨૧, ૨૩ અને ૨૪માં પ્રસિદ્ધ થયેલ ટિબેટમાંની શોધ વિશેના શ્રી રાહુલજીના લેખો અવશ્ય વાંચે. તેમાંથી તેઓ બહુ જ નવીન જ્ઞાતવ્ય વસ્તુ મેળવી શકશે.

પ્રસ્તુત અધ્યર્દ્ધશતકનું ટિબેટન ભાષાંતર પણ શ્રી રાહુલજીને પ્રાપ્ત થયેલું. એનું ચીની ભાષાંતર થયેલું છે એ વાત તો પહેલાં કહેવાઈ ગઇ છે. પણ એના તો તોખારિયન ભાષાંતરના અવશેષો સુધ્ધાં પ્રસિદ્ધ થયા છે. આ વિવિધ ભાષાન્તરો એટલું પુરવાર કરવા માટે બસ છે કે અનેક શતાબ્દીઓ લગી પ્રસ્તુત અધ્યર્દ્ધશતકની ખ્યાતિ અને પ્રચાર જુદાજુદા દેશોમાં રહ્યાં છે. એના જન્મસ્થાન ભારતમાંથી એ ભલે અદૃશ્ય થયું હોય, છતાં તે અનેક રૂપોમાં ભારત બહાર પણ આજે વિદ્યમાન છે.

અધ્યર્દ્ધશતકના પર્યાય તરીકે મેં સરલતા ખાતર સાર્ધશતક શબ્દ માતૃચેટના પરિચયમાં વાપર્યો છે. બન્ને શબ્દનો અર્થ એક જ છે અને તે અર્થ એટલે ‘એકસો પચાસ સંખ્યાના શ્લોકોનું સ્તોત્ર’. અધ્યર્દ્ધશતક એ નામનું ટિબેટન ઉપરથી સંસ્કૃત રૂપાન્તર ‘શતપંચાશિકાસ્તોત્ર’ એવું પણ કરવામાં આવ્યું છે. તેમ છતાં એ સ્તોત્રનું અસલ નામ તો અધ્યર્દ્ધશતક જ છે. એમાં ખરી રીતે પદ્યો એકસો પચાસ નહિ પણ એકસો ત્રેપન મળે છે, જે બધાં માતૃચેટરચિત જ ભાસે છે. પચાસ ઉપર ત્રણ પદ્યો વધારે હોવા છતાં તે અર્ધ શબ્દથી સોના અર્ધ તરીકે ગણવામાં આવ્યાં છે. સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે અર્ધ એટલે આખાનો બરાબર અર્ધ ભાગ. પણ અર્ધ શબ્દ આખાના બે સમાન અંશ પૈકી એક અંશની પેઠે તેના નાના મોટા બે અસમાન

અંશ પૈકી કોઈ પણ એક અંશ માટે પણ વપરાય છે.[૩] એટલે પ્રસ્તુત સ્તોત્ર સો ઉપરાંત ત્રેપન શ્લોકપ્રમાણ હોય તોય એનું અધ્યર્દ્ધશતક નામ તદ્દન શાસ્ત્રીય અને યથાર્થ છે.

અધ્યર્દ્ધશતક તેર વિભાગમાં વહેંચાયેલું છે. દરેક વિભાગ એના વિષયાનુરૂપ નામથી અંકિત છે. એ નામ અને વિભાગની રચના મૂળકારની જ હશે. તે વિભાગો નીચે પ્રમાણે છે:—

૧. ઉપોદ્ઘાતસ્તવ
૨. હેતુસ્તવ
૩. નિરુપમસ્તવ
૪. અદ્ભુતસ્તવ
૫. રૂપસ્તવ
૬. કરુણાસ્તવ
૭. વચનસ્તવ
૮. શાસનસ્તવ
૯. પ્રણિધિસ્તવ
૧૦. માર્ગાવતારસ્તવ
૧૧. દુષ્કરસ્તવ
૧૨. કૌશલસ્તવ
૧૩. આનૃણ્યસ્તવ

છેલ્લાં બે પદ્યો વંશસ્થ છંદમાં અને બાકીનાં બધાં અનુષ્ટુપ્‌માં છે. આખા સ્તોત્રનું સંસ્કૃત તદ્દન સરલ, પ્રસન્ન અને નિરાડંબર શૈલીવાળું છે. સ્તુતિકાર માતૃચેટે એટલી નાનકડીશી સ્તુતિમાં બુદ્ધના આધ્યાત્મિક જીવનની શરૂઆતથી તેની પૂર્ણતા સુધીનું સંક્ષિપ્ત કિંતુ પરિપૂર્ણ ચિત્ર એટલી બધી સાદગી, સચ્ચાઇ ને ભાવવાહિતાથી ખેંચ્યું છે કે તે સ્તોત્ર વાંચનાર અને વિચારનાર ક્ષણભર ભૌતિક જગતની ઉપાધિઓ ભૂલી જાય છે.

સ્તુતિ-સ્તોત્રનું પ્રવાહબદ્ધ અને અખંડ વહેણ તો ઓછામાં ઓછું ઋગ્વેદના સમયથી ભારતમાં આજ લગી વહેતું આવ્યું છે. પણ માતૃચેટનું પ્રસ્તુત સ્તોત્ર તેના પૂર્વકાલીન અને ઉત્તરકાલીન સ્તોત્રથી કેટલાક અંશોમાં જુદું પડે છે જે આપણું ખાસ ધ્યાન ખેંચે છે. વેદનાં પ્રાચ્ય સૂક્તો સૂર્ય, ચન્દ્ર, ઉષા આદિ પ્રકૃતિગત અંશોને જ દિવ્યતા અર્પી તેમ જ ઇન્દ્ર, વરુણ આદિ પ્રસિદ્ધ પૌરાણિક દેવ-દેવીઓની ઓજસ્વિની કિન્તુ તત્કાલીન કાંઈક અગમ્ય ભાષામાં ભાવ અને જીવનભરી સ્તુતિઓ કરે છે. પણ તે સૂક્તો ભાગ્યે જ કોઈ ઐતિહાસિક વ્યક્તિને સ્તવે છે. આગળ જતાં સ્તુતિનો પ્રવાહ બીજી દિશામાં પણ વહેવો શરૂ થાય છે. બૌદ્ધ પ્રાચીન પિટકોમાં અને જૈન આગમોમાં સ્તુતિઓ સંસ્કૃત ભાષાનું કલેવર છોડી પ્રાકૃત ભાષાનો આશ્રય લે છે અને સાથે જ તે કાલ્પનિક તેમ જ પૌરાણિક દેવ-દેવીઓનો પ્રદેશ છોડી ઐતિહાસિક વ્યક્તિનો વિષય સ્વીકારે

---

[૩] જુઓ સિદ્ધહેમશબ્દાનુશાસનનું સૂત્ર 'समेंऽशेऽर्धं न वा' (३-१-५४) અને તેની બૃહદ્‌વૃત્તિ.

છે. પાલિ સુત્તો બુદ્ધને સ્તવે છે, જ્યારે જૈન સુત્ત મહાવીરને સ્તવે છે. ભાષા અને વિષયભેદ ઉપરાંત આ પાલિ-પ્રાકૃત સ્તુતિઓનું બીજું પણ એક ખાસ લક્ષણ છે અને તે એ કે એ સ્તુતિઓ તદ્દન સાધારણ બુદ્ધિવાળા માણસથી પણ સમજાય તેવી સહેલી અને નિરાડમ્બરશૈલીમાં મળી આવે છે. માતૃચેટના ઉત્તરવર્તી બ્રાહ્મણપરંપરાના કવિઓ વૈદિક શૈલીમાં સ્તુતિઓ રચે છે. કાલિદાસ જેવા મહાકવિઓ કવિત્વસુલભ કલ્પનાઓ દ્વારા સુપ્રસન્ન અને હૃદયંગમ શબ્દબંધમાં ઇષ્ટદેવને સ્તવે છે તો બાણ-મયૂર આદિ સ્તુતિકારો વ્યાકરણ અને અલંકારશાસ્ત્રના ભારથી લચી જતી એવી શબ્દાડંબરી શૈલીમાં સ્તુતિઓ રચે છે, પણ આ બધા જ કવિઓનું સામાન્ય લક્ષણ એ છે કે તેઓ પોતાના વૈદિક પૂર્વજોના ચાલેલ ચીલે ચાલી પ્રકૃતિગત તેમ જ પૌરાણિક દેવદેવીઓની જ મુખ્યપણે સ્તુતિઓ રચે છે. એમાંથી કોઈની સરસ્વતી ભાગ્યે જ ઐતિહાસિક વ્યક્તિને સ્તવે છે. તેથી ઊલટું માતૃચેટના ઉત્તરવર્તી બૌદ્ધ ને જૈન સ્તુતિકારો પોતાના પૂર્વજોને માર્ગે જ વિચરી બુદ્ધ મહાવીર જેવા ઐતિહાસિક કે પૌરાણિક પણ મનુષ્યની સ્તુતિઓ રચે છે. તેઓ પોતાના પૂર્વજોની અકૃત્રિમ શૈલી છોડી મોટે ભાગે શબ્દ અને અલંકારના આડંબરમાં કવિત્વસુલભ કલ્પનાઓને વણે છે. એટલું જ નહિ પણ તેઓ ઐતિહાસિક માનવજીવનનું ચિત્ર સ્તુતિ દ્વારા રજૂ કરવા પ્રવૃત્ત થયા હોવા છતાં તેમાં એવાં અનેક તત્ત્વોની સેળભેળ કરે છે કે જેથી તે સ્તુત્ય વ્યક્તિનું જીવન શુદ્ધ માનવજીવન ન રહેતાં અર્ધ દૈવીજીવન કે અર્ધ કાલ્પનિક જીવન ભાસવા લાગે છે. પછીના બૌદ્ધ કે જૈન દરેક સ્તુતિકારે મોટા ભાગે પોતાના ઇષ્ટદેવને સ્તવતાં અનેક દૈવી ચમત્કારો અને માનવજીવનને અસુલભ એવી અનેક અતિશયતાઓ વર્ણવી છે. વધારામાં એ સ્તુતિઓ શુદ્ધ વર્ણનાત્મક ન રહેતાં બહુધા ખંડનાત્મક પણ બની ગઈ છે. જાણે પોતાને અમાન્ય એવા સંપ્રદાયોના ઇષ્ટદેવો ઉપર કટાક્ષ-ક્ષેપ કર્યા સિવાય પોતાના ઇષ્ટદેવની સ્તુતિ જ કરવા તેઓ અસમર્થ બની ગયા હોય ! મોટે ભાગે દરેક સંપ્રદાયની સ્તુતિનું સ્વરૂપ એવું બની ગયું છે કે તેનો પાઠ તે સંપ્રદાયના શ્રદ્ધાળુ ભક્ત સિવાય બીજામાં ભાગ્યે જ ભક્તિ જગાડી શકે.

આવી વસ્તુસ્થિતિ છતાં માતૃચેટનું પ્રસ્તુત સ્તોત્ર બ્રાહ્મણ અને શ્રમણ કવિઓની એ અતિશયતાઓથી સર્વથા મુક્ત રહ્યું છે. એમાં માતૃચેટે બુદ્ધના આધ્યાત્મિક જીવનને કવિસુલભ કલ્પનાદ્વારા સરલ અને શિષ્ટ લૌકિક સંસ્કૃતમાં સ્તવ્યું છે. પણ એણે તેમાં દૈવી ચમત્કારો કે વિકસિત માનવતા સાથે જરા પણ અસંગત દેખાય એવી અતિશયતાઓનો આશ્રય લીધો જ નથી. તે સ્વમાન્ય તથાગતને સ્તવે છે, પણ ક્યાંય અન્ય સંપ્રદાયસંમત દેવો કે પુરુષો ઉપર એક પણ કટાક્ષ નથી કરતો. ગમે તેવા વિરોધી સંપ્રદાયના અનુયાયીને પણ માતૃચેટની આ સ્તુતિનો પાઠ તેને વિશે અણગમો ઉત્પન્ન નથી જ કરતો. આ શૈલીદ્વારા જાણે માતૃચેટે એવું તત્ત્વ સ્થાપિત કર્યું લાગે છે કે કોઈ પણ ભક્ત કે સ્તુતિકાર પોતાના ઇષ્ટદેવની ભક્તિ કે સ્તુતિ બીજા કોઈના દોષ જોયા સિવાય અને દૈવી કે અસ્વાભાવિક ચમત્કારોનો આશ્રય લીધા વિના પણ કરી શકે છે.

અહીં ઈ-ત્સિંગના ઉપર આપેલ એ કથન વિશે વિચાર કરવો ઘટે છે કે માતૃચેટની

સ્તુતિઓના ઘણા વ્યાખ્યાકારો અને અનુકરણકારો થયા છે. આજે આપણી સામે માતૃચેટનું સમકાલીન કે ત્યાર પછીનું સમ્પૂર્ણ ભારતીય વાઙ્મય નથી કે જેથી ઈ-ત્સિંગના એ કથનની અક્ષરશઃ પરીક્ષા કરી શકાય. તેમ છતાં જે કાંઈ વાઙ્મયની અસ્તવ્યસ્ત અને અધૂરી જાણ છે, તે ઉપરથી એ તો નિઃશંક કહી શકાય છે કે ઈ-ત્સિંગનું એ કથન નિરાધાર કે માત્ર પ્રશંસા-પૂરતું નથી. માતૃચેટની બે પૈકી પહેલી સ્તુતિ ‘ ચતુઃશતક ’ છે. નાગાર્જુનની ‘ મધ્યમક કારિકા ’ ૪૦૦ શ્લોકપ્રમાણ છે. નાગાર્જુનના શિષ્ય આર્યદેવનું ચતુઃશતક પણ તેટલા જ શ્લોકપ્રમાણ છે. બન્ને ગુરુ–શિષ્ય માતૃચેટના સમીપ ઉત્તરવર્તી છે અને બૌદ્ધ શૂન્યવાદી વિદ્વાનો છે. તેથી એમ કહેવાનું મન થઈ જાય છે કે કદાચ નાગાર્જુન અને આર્યદેવે માતૃચેટના ‘ ચતુઃશતક ’નું અનુકરણ કરી પોતપોતાનાં ચતુઃશતપ્રમાણ પ્રકરણો લખ્યાં. આ પ્રકરણો ઈ-ત્સિંગ પહેલાં રચાયેલ હોઈ તે તેના ધ્યાનમાં હતાં જ અને તેનું ચીની ભાષાન્તર પણ છે જ. ઇ–ત્સિંગે ચતુઃશતકના અનુકરણની વાત કહી છે તે સાધાર લાગે છે. જૈન આચાર્ય હરિભદ્રે પ્રાકૃતમાં વીસ વીશીઓ રચી છે જે ચારસો શ્લોક પ્રમાણ થાય છે. જોકે હરિભદ્ર ઈ–ત્સિંગના ઉત્તરવર્તી હોઈ એ વિંશિકાઓ ઇ-ત્સિંગની જાણમાં ન હોઈ શકે, છતાં એટલું તો ભારતીય વિદ્વાનોની અનુકરણપરંપરા ઉપરથી કહી શકાય કે કદાચ હરિભદ્રની એ રચનામાં પણ માતૃચેટના ચતુઃશતકની સાક્ષાત્ નહિ તો પારમ્પરિક પ્રેરણા હોઈ શકે. માતૃચેટનું બીજું સ્તોત્ર અધ્યર્દ્ધશતક છે. એનું અનુકરણ તો દિઙ્નાગે કર્યું જ છે, અને દિઙ્નાગની એ અનુકૃતિ ટિબેટન ભાષામાં મળે છે. ઈ-ત્સિંગ પહેલાં એ રચાયેલ હોઈ તેની જાણ ઈ-ત્સિંગને હતી જ. દિઙ્ગનાનું સ્થાન ભારતમાં અને ચીનમાં તે કાળે અતિ-ગૌરવપૂર્ણ હતું. દિઙ્નાગ સિવાય બીજા બૌદ્ધ વિદ્વાનોએ પણ અધ્યર્દ્ધશતકનાં અનુકરણો કર્યાં હોય એવો સંભવ છે, કેમકે અસંગ અને વસુબન્ધુ જેવા અસાધારણ વિદ્વાનો પણ માતૃચેટના પ્રશંસક હતા. આગળ વધારે શોધને પરિણામે એવાં અનુકરણો મળી આવે તો નવાઈ નહિ. એ ઉપરાંત જૈન સ્તુતિકારો ઉપર પણ અધ્યર્દ્ધશતકની સાક્ષાત્ કે વંશાનુવંશગત છાયા પડી હોય તેવો વધારે સંભવ લાગે છે. સ્તુતિકાર સિદ્ધસેન દિવાકર દિઙ્નાગના બહુ સમીપવર્તી છે. તેમણે દિઙ્નાગના ‘ન્યાયમુખ’નું અનુકરણ કરી ‘ન્યાયાવતાર’ રચ્યો છે એમ માનવાને આધાર છે. તેમણે દિઙ્નાગની અન્ય કૃતિઓની સાથે દિઙ્નાગનું અધ્યર્દ્ધશતક અને તેના જ મૂળ આદર્શરૂપ માતૃ-ચેટનું અધ્યર્દ્ધશતક જોયું હોય એવો વધારે સંભવ છે. જો એ સંભવ સાચો હોય તો એમ માનવું નિરાધાર નથી કે સિદ્ધસેને રચેલ પાંચ સળંગ બત્રીસ–બત્રીસ શ્લોકની બત્રીશીઓ, જેનું કુલ પ્રમાણ અધ્યર્દ્ધશતકના એકસો ત્રેપન શ્લોક કરતાં માત્ર સાત જ શ્લોક વધારે થાય છે, તેમાં પણ માતૃચેટના પગલે ચાલવાનો પ્રયત્ન છે. સિદ્ધસેન પછી થનાર અને મોટે ભાગે સિદ્ધસેનની સ્તુતિઓનું જ પોતાની ઢબે અનુકરણ કરનાર સ્વામી સમન્તભદ્રના ‘સ્વયમ્ભૂસ્તોત્ર’ની સ્મૃતિ પણ આ સ્થળે અસ્થાને નથી, કેમકે એ સુશ્લિષ્ટ સ્તોત્રમાં પણ અધ્યર્દ્ધશતક કરતાં માત્ર દશ જ શ્લોક ઓછા છે, અર્થાત્ તેની શ્લોકસંખ્યા ૧૪૩ છે. હું ઉપર જણાવી ગયો છું કે પચાસથી થોડા ઓછા કે થોડા વધારે શ્લોકો હોય તો પણ તે શતાર્ધ શાસ્ત્રીય રીતે કહેવાય છે. એટલે કહેવું હોય તો

એમ કહી શકાય કે સિદ્ધસેનના ૧૬૦ અને સમંતભદ્રના ૧૪૩ શ્લોકો એ અધ્યર્દ્ધશતકના ૧૫૩ શ્લોકોની બહુ નજીક છે. આ સિવાય સિદ્ધસેનની સ્તુતિઓમાં કોઈ કોઈ ખાસ એવા શબ્દો અને ભાવો છે કે જે ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે કદાચ સિદ્ધસેને એ શબ્દો કે ભાવો માતૃચેટ અગર તેના અનુકર્તાઓની સામે જ પ્રકટ કર્યાં હોય, જે વિશે આગળ થોડું વિચારીશું.

સિદ્ધસેન અને સમન્તભદ્ર કરતાં પણ આચાર્ય હેમચન્દ્ર આ સ્થળે વિશેષ સ્મરણીય છે. જો કે આચાર્ય હેમચન્દ્ર તો ઈ-ત્સિંગ પછી લગભગ પાંચ શતાબ્દી બાદ થયા છે, છતાં એમનું માત્ર 'વીતરાગસ્તોત્ર' પણ જ્યારે અધ્યર્દ્ધશતક સાથે સરખાવીએ છીએ ત્યારે ઈ-ત્સિંગના અનુકરણ-વિષયક કથન વિશે જરા પણ સંદેહ રહેતો નથી. 'વીતરાગસ્તોત્ર'ના શ્લોકો ૧૮૭ છે. એટલે તે સંખ્યાની દૃષ્ટિએ અધ્યર્દ્ધશતકથી બહુ દૂર છે. અધ્યર્દ્ધશતકના તેર વિભાગો છે, જ્યારે વીતરાગ-સ્તોત્રના વીશ. પણ હેમચંદ્રે 'વીતરાગસ્તોત્ર' કુમારપાલ ભૂપાલને ઉદ્દેશી લખ્યું છે. માતૃચેટનો કનિષ્ક સાથેનો સંબંધ જોતાં એમ થઇ આવે છે કે શું માતૃચેટે પણ સમ્રાટ કનિષ્કને ઉદ્દેશી અધ્યર્દ્ધશતક જેવાં સ્તોત્રો રચ્યાં ન હોય? હેમચંદ્રે કુમારપાલ પાસે શિકાર છોડાવ્યો અને વન્ય પ્રાણીઓને તેને હાથે અભયદાન દેવડાવ્યું એ અમારીઘોષણાની વાત ઇતિહાસવિદિત છે. માતૃ-ચેટે સમ્રાટ કનિષ્કને લખેલ પત્રમાં પણ છેવટે વન્ય પ્રાણીઓને અભયદાન દેવાની અને શિકાર છોડવાની વિનંતી છે. આ સાદૃશ્ય ભલે એક બીજાના ગ્રન્થાનુકરણરૂપે ન હોય, તોય એમાં ધાર્મિક પરંપરાની સમાનતાનો તો પડઘો સ્પષ્ટ છે જ. ગમે તેમ હોય, પણ અધ્યર્દ્ધશતક અને વીતરાગસ્તોત્ર એ બન્નેનો પુનઃ પુનઃ પાઠ કરતાં મન ઉપર એવી છાપ તો પડે જ છે કે હોય ન હોય પણ હેમચંદ્ર સામે અધ્યર્દ્ધશતક કે બીજાં તેવાં જ સ્તોત્રો અવશ્ય હતાં. હેમચંદ્રનું બહુશ્રુતત્વ અને સર્વતોમુખી અવલોકન અને તેનો ગ્રન્થસંગ્રહરસ જોતાં એ કલ્પના સાવ નિર્મૂળ ભાગ્યે જ કહી શકાય. બીજા કોઈની સ્તુતિ કરતાં હેમચંદ્રના વીતરાગસ્તોત્ર સાથે અધ્યર્દ્ધશતકનો કેટલો વધારે બિંબ-પ્રતિબિંબભાવ છે એ જાણવું બહુ રસપ્રદ હોઈ તેની ટૂંકમાં સરખામણી કરવી અનેક દૃષ્ટિએ ઉપયોગી છે.

માતૃચેટે બીજા કોઇમાં દોષનું અસ્તિત્વ બતાવ્યા સિવાય જ બુદ્ધને સ્તવતાં કહ્યું છે કે, જેનામાં કોઈ પણ દોષ છે જ નહિ અને જેનામાં સમગ્ર ગુણો છે જ તેને જ શરણે જવું, તેની જ સ્તુતિ કરવી, તેની જ ઉપાસના કરવી અને તેની જ આજ્ઞામાં રહેવું વાજબી છે—જો બુદ્ધિ હોય તો.[૪]

આ જ ભાવ હેમચંદ્રે સહેજ શૈલીભેદે વર્ણવ્યો છે. બીજામાં સંપૂર્ણ દોષો છે જ્યારે

---

[૪] सर्वदा सर्वथा सर्वे यस्य दोषा न सन्ति ह ।
सर्वे सर्वाभिसारेण यत्र चावस्थिता गुणाः ॥ १ ॥
तमेव शरणं गन्तुं तं स्तोतुं तमुपासितुम् ।
तस्यैव शासने स्थातुं न्याय्यं यद्यस्ति चेतना ॥ २ ॥

તમ વીતરાગમાં બધા ગુણો જ છે. નાથ તરીકે તારો આશ્રય લઇએ છીએ, તને જ સ્તવીએ છીએ, તારી જ ઉપાસના કરીએ છીએ, તારા સિવાય અન્ય કોઈ ત્રાતા નથી.[૫]

માતૃચેટ બુદ્ધ વિશે કહે છે કે આ બુદ્ધને દોષો અને એના બીજસંસ્કારો કશું જ નથી. વળી હે સુગત, તેં દોષો ઉપર એવો સખત પ્રહાર કર્યો છે કે જેથી તેં પોતાના ચિત્તમાં દોષના સંસ્કારોને પણ બાકી રહેવા દીધા નથી.[૬]

આ જ વસ્તુને હેમચંદ્ર ટૂંકમાં વર્ણવે છે કે વીતરાગે સમ્પૂર્ણ ક્લેશ-વૃક્ષોને નિર્મૂળ ઉખાડી નાખ્યાં છે.[૭]

માતૃચેટે મનુષ્યજન્મની અતિદુર્લભતા સૂચવી ક્ષણભંગુર સરસ્વતી—વાક્શક્તિ—ને બુદ્ધની સ્તુતિમાં જ સફળ કરી લેવાની ભાવનાથી કહ્યું છે કે મહાન સમુદ્રમાં છૂટી ફેંકાયેલ ઘોંસરીના કાણાંમાં કાચબાની ડોકનું આપમેળે આવી જવું અતિદુર્લભ છે. તેવો જ અતિદુર્લભ સદ્ધર્મના સંભવવાળો મનુષ્યજન્મ પામી હું ક્ષણિક અને ગમે ત્યારે સવિઘ્ન બની જનાર સરસ્વતીને શા માટે સફળ ન કરું ?[૮]

આ જ ભાવ હેમચંદ્ર અતિટૂંકમાં વીતરાગને સ્તવતાં વર્ણવે છે કે, વીતરાગ વિશે સ્તોત્ર રચી હું સરસ્વતીને પવિત્ર કરીશ. સંસારકાન્તારમાં જન્મધારીઓના જન્મનું ફળ તે તેની સ્તુતિ જ છે.[૯]

માતૃચેટ બુદ્ધને ઉદ્દેશી કહે છે કે તું કોઇની પ્રેરણા વિના જ સ્વયમેવ સાધુ છે; તું નિઃસ્વાર્થ વાત્સલ્યવાળો છે; તું અપરિચિતોનો પણ સખા છે અને તું અસંબંધીઓનો પણ બંધુ છે.[૧૦]

---

५. वीत०—सर्वे सर्वात्मनाऽन्येषु, दोषास्त्वयि पुनर्गुणाः ॥ ११, ८ ॥
त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता किमु ब्रूमः किमु कुर्महे ॥ ६, ५ ॥

६. अध्य०—सवासनाश्च ते दोषा न सन्त्येवास्य तायिनः ॥ ३ ॥
तथा सर्वाभिसारेण दोषेषु प्रहृतं त्वया ।
यथैषामात्मसन्ताने वासनापि न शेषिता ॥ ३१ ॥

७. वीत०—सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः ॥ १, २ ॥

८. अध्य०—सोऽहं प्राप्य मनुष्यत्वं ससद्धर्ममहोत्सवम् ।
महार्णवयुगच्छिद्रकूर्मग्रीवार्पणोपमम् ॥ ५ ॥
अनित्यताव्यनुसृतां कर्मच्छिद्रससंशयाम् ।
आत्तसारां करिष्यामि कथं नैनां सरस्वतीम् ॥ ६ ॥

९. वीत०—तत्र स्तोत्रेण कुर्यां च पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे जन्मिनां जन्मनः फलम् ॥ १, ६ ॥

१०. अध्य०—अव्यापारितसाधुस्त्वं त्वमकारणवत्सलः ।
असंस्तुतसखश्च त्वं, त्वमसम्बन्धबान्धवः ॥ ११ ॥

હેમચંદ્ર શબ્દશઃ એ જ વસ્તુ વીતરાગ વિશે કહે છે.—તું વગર બોલાવ્યે પણ સહાયક છે, તું નિષ્કારણ વત્સલ છે, તું વગર પ્રાર્થનાએ પણ સાધુ છે અને તું સંબંધ વિના પણ સૌનો બંધુ છે.[11]

જાતકોમાં બુદ્ધે અનેક વાર પોતાના શરીરને ભોગે પણ હિંસ્રોના મુખમાંથી પ્રાણીઓ છોડવ્યાની જે વાત છે તેનો સંકેત કરી માતૃચેટે સ્તવ્યું છે કે હે સાધો, તેં પોતાનું માંસ પણ આપ્યું છે તો અન્ય વસ્તુની વાત જ શી? તેં તો પ્રાણોથી પણ પ્રણયીનો સત્કાર કર્યો છે. તેં હિંસ્રોદ્વારા આક્રાન્ત પ્રાણીઓનાં શરીરો પોતાના શરીરથી અને તેમના પ્રાણો પોતાના પ્રાણથી ખરીદી બચાવી લીધાં છે.[12]

બુદ્ધના પ્રાણાર્પણની કરાયેલ સ્તુતિનો જ પરિહાસ કરી હેમચંદ્ર ઇષ્ટદેવને સ્તવે છે. તેણે એક સ્થળે મહાવીરને સ્તવતાં કહ્યું છે કે स्वमांसदानेन वृथा कृपालुः (अयोगव्यवच्छेदद्वात्रिंशिका શ્લો૰ ૬). જ્યારે એ જ પરિહાસ તેણે વીતરાગસ્તોત્રમાં બીજી રીતે મૂક્યો છે જે સ્પષ્ટ બૌદ્ધ જાતકકથા સામે છે. જેમ કે, હે નાથ, પોતાના દેહના દાનથી પણ બીજાઓએ જે સુકૃત ઉપાર્જ્યું નથી તે સુકૃત તો ઉદાસીન એવા તારા પદાસન નીચે આવી પડતું.[13]

હેમચંદ્રે કરેલ આ પરિહાસ જૈન પરંપરામાં સિદ્ધસેન દિવાકર જેટલો તો જૂનો છે જ. દિવાકરે પણ મહાવીરને સ્તવતાં સ્વમાંસદાનથી પરપ્રાણીની રક્ષા કરનારને દયાપાત્ર કહ્યા છે. જેમકે,

> कृपां वहन्तः कृपणेषु जन्तुषु स्वमांसदानेष्वपि मुक्तचेतसः ।
> त्वदीयमप्राप्य कृतार्थ! कौशलं स्वतः कृपां संजनयन्त्यमेधसः ॥
>
> द्वात्रिंशिका १-६

માતૃચેટે નિઃસ્પૃહતા-પ્રકર્ષદ્વારા બુદ્ધની ચિત્તશુદ્ધિ સ્તવતાં કહ્યું છે કે ગુણોમાં પણ તારી આસક્તિ ન હતી, ગુણીઓ ઉપર પણ રાગ ન હતો. તારા સુપ્રસન્ન ચિત્તની પરિશુદ્ધિ આશ્ચર્યજનક છે.[14]

---

[11] वीत०—अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सलः ।
अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ॥ १३, १ ॥

[12] अध्य०—स्वमांसान्यपि दत्तानि वस्तुष्वन्येषु का कथा ।
प्राणैरपि त्वया साधो! मानितः प्रणयी जनः ॥ १२ ॥
स्वैः शरीरैः शरीराणि प्राणैः प्राणाः शरीरिणाम् ।
जिघांसुभिरुपात्तानां क्रीतानि शतशस्त्वया ॥ १३ ॥

[13] वीत०—यद्देहस्यापि दानेन, सुकृतं नार्जितं परैः ।
उदासीनस्य तन्नाथ, पादपीठे तवालुठत् ॥ ११, ५ ॥

[14] अध्य०—गुणेष्वपि न संगोऽभूत् तृष्णा न गुणवत्स्वपि ।
अहो ते सुप्रसन्नस्य सत्त्वस्य परिशुद्धता ॥ ४९ ॥

હેમચંદ્ર પણ બીજા શબ્દોમાં એમ જ સ્તવે છે—તું જ્યારે સુખ-દુઃખ કે સંસાર-મોક્ષ બન્નેમાં ઉદાસીન છે ત્યારે તારામાં વૈરાગ્ય સિદ્ધ જ છે એટલે તું સર્વત્ર જ વિરક્ત છે.[૧૫]

માતૃચેટ બુદ્ધના દેહરૂપને સ્તવતાં કહે છે કે ઉપશાન્ત અને કાન્ત, દીપ્તિવાળું અને છતાં આંજી ન નાખે તેવું, બળશાળી અને છતાં ત્રાસ ન આપે તેવું તારું રૂપ કોને ન આકર્ષે[૧૬] ?

હેમચંદ્રે પણ એ જ ભાવ બીજા શબ્દોમાં સ્તવ્યો છે—હે પ્રભુ, પ્રિયંગુ, સ્ફટિક, સ્વર્ણ આદિ જેવા જુદા જુદા વર્ણના તમારા વગર ધોયે પણ પવિત્ર દેહો કોને આકર્ષતા નથી?[૧૭]

માતૃચેટ બુદ્ધની કરુણા સ્તવતાં કહે છે કે હે નાથ, પરોપકારમાં એકાન્તપણે મગ્ન અને પોતાના આશ્રય-બુદ્ધ-કલેવર પ્રત્યે અત્યંત નિષ્ઠુર એવી કરુણાવિહીન કરુણા ફક્ત તારામાં હતી.[૧૮]

હેમચંદ્ર પણ વીતરાગના વિલક્ષણ ચરિત્રને એ જ રીતે સ્તવે છે—હે નાથ, તેં પોતાના હિંસકો ઉપર પણ ઉપકાર કર્યો છે અને સ્વાશ્રિતોની પણ ઉપેક્ષા કરી છે. તારું ચરિત્ર સહજ રીતે જ આવું વિચિત્ર હોય ત્યાં આક્ષેપને અવકાશ જ ક્યાં છે?[૧૯]

માતૃચેટે બુદ્ધનું શાસન અવગણનાર વિશે જે કહ્યું છે તે જ હેમચંદ્રે બીજી ભંગીમાં વધારે ભારપૂર્વક વીતરાગનું શાસન અવગણનાર વિશે કહ્યું છેઃ—

હે મુનિશ્રેષ્ઠ, આ પ્રકારના કલ્યાણયુક્ત તારા શાસનનો જે અનાદર કરે તે કરતાં બીજું વધારે ભૂંડું શું?[૨૦]

હે વીતરાગ, જે અજ્ઞાનીઓએ તારું શાસન નથી અપનાવ્યું, તેઓના હાથમાંથી ચિન્તામણિ રત્ન જ સરી ગયું છે અને તેઓએ પ્રાપ્ત અમૃતને નિષ્ફળ કર્યું છે.[૨૧]

---

૧૫. वीत०—सुखे दुःखे भवे मोक्षे, यदौदासीन्यमीशिषे ।
तदा वैराग्यमेवेति, कुत्र नासि विरागवान् ॥ १२, ६ ॥

૧૬. अध्य०—उपशान्तं च कान्तं च दीप्तमप्रतिघाति च ।
निभृतं चोर्जितं चेदं रूपं कमिव नाक्षिपेत् ॥ ५२ ॥

૧૭. वीत०—प्रियङ्गुस्फटिकस्वर्ण-पद्मरागाञ्जनप्रभः ।
प्रभो तवाधौतशुचिः कायः कमिव नाक्षिपेत् ॥ २, १ ॥

૧૮. अध्य०—परार्थैकान्तकल्याणि कामं स्वाश्रयनिष्ठुरा ।
त्वय्येव केवलं नाथ करुणाऽकरुणाऽभवत् ॥ ६४ ॥

૧૯. वीत०—हिंसका अप्युपकृता आश्रिता अप्युपेक्षिताः ।
इदं चित्रं चरित्रं ते, के वा पर्यनुयुञ्जताम् ॥ १४, ६ ॥

૨૦. अध्य०—एवं कल्याणकलितं तवेदमृषिपुङ्गव ।
शासनं नाद्रियन्ते यत् किं वैशसतरं ततः ॥ ९१ ॥

૨૧. वीत०—च्युतश्चिन्तामणिः पाणेस्तेषां लब्धा सुधा मुधा ।
यैस्ते शासनसर्वस्वमज्ञानैर्नात्मसात्कृतम् ॥ १५, ३ ॥

માતૃચેટ વિરોધાભાસદ્વારા બુદ્ધની પ્રભુતા બુદ્ધના જીવનમાંથી જ તારવી સ્તવે છે કે હે નાથ, તેં પ્રભુ–સ્વામી છતાં પણ વિનેય–શિષ્યવાત્સલ્યથી સેવા કરી, વિક્ષેપો સહ્યા, એટલું જ નહિ પણ વેશ અને ભાષાનું પરિવર્તન સુધ્ધાં કર્યું. ખરી રીતે હે નાથ, તારા પોતામાં પ્રભુપણું પણ હમેશાં નથી હોતું. તેથી જ તો બધાઓ તને પોતાના સ્વાર્થમાં સેવકની માફક પ્રેરે છે.[૨૨]

હેમચંદ્ર પણ વિરોધાભાસથી છતાં બીજી રીતે જૈન દૃષ્ટિ પ્રમાણે પ્રભુત્વ વર્ણવે છે—હે નાથ, તેં બીજાપ્રભુઓની માફક કોઇને કાંઇ આપ્યું નથી તેમ જ બીજા પ્રભુઓની માફક કોઈની પાસેથી કાંઇ લીધું નથી. અને છતાંય તારામાં પ્રભુત્વ છે. ખરેખર કુશળની કળા અનિવર્ચનીય જ હોય છે.[૨૩]

બુદ્ધે કોઈ પણ સ્થિતિમાં કલ્યાણકરી સ્વપ્રતિપદાનું–મધ્યમપ્રતિપદાનું લંઘન નથી કર્યું એ ગુણની સ્તુતિ માતૃચેટે જેવી શબ્દરચના ને ભંગીતે અવલંબી કરી છે તેવી જ શબ્દરચના અને ભંગીને વધારે પલ્લવિત કરી તેમાં હેમચંદ્રે અતિ ઉદાત્તભાવ ગોઠવ્યો છે.

જ્યાં ત્યાં, અને જે તે રીતે, જેણે કેણે, ભલે તને પ્રેર્યો હોય—તારાથી કામ લીધું હોય છતાં તું તો પોતાના કલ્યાણમાર્ગનું કદી ઉલ્લંઘન કરતો નથી.[૨૪]

જે તે સમ્પ્રદાયમાં, જે તે નામથી અને જે તે પ્રકારે તું જે હો તે હો, પણ જો તું નિર્દોષ છે તો એ બધા રૂપમાં હે ભગવન્, છેવટે તું એક રૂપ જ છે. વાસ્તે તને–વીતરાગને નમસ્કાર હો.[૨૫]

માતૃચેટે બુદ્ધની ઉપકારકતા અલૌકિક રીતે સ્તવી છે કે, હે નાથ, અપકાર કરનાર ઉપર તું જેવો ઉપકારી બન્યો છે તેવો ઉપકારી જગતમાં બીજો કોઈ માણસ પોતાના ઉપકારી પ્રત્યે પણ નથી દેખાતો.[૨૬]

આ જ વસ્તુને હેમચંદ્રની સ્ફુટ વાચા ગ્રથે છે: હે નાથ, બીજાઓ ઉપકારકો પ્રત્યે પણ

---

२२. अध्य०—प्राप्ताः क्षेपा वृता सेवा वेशभाषान्तरं कृतम् ।
नाथ वैनेयवात्सल्यात् प्रभुणापि सता त्वया ॥ ११६ ॥
प्रभुत्वमपि ते नाथ सदा नात्मनि विद्यते ।
वक्तव्य इव सर्वैर्हि स्वैरं स्वार्थे नियुज्यसे ॥ ११७ ॥

२३. वीत०—दत्तं न किञ्चित्कस्मैचिन्नात्तं किंचित्कुतश्चन ।
प्रभुत्वं ते तथाप्येतत्कला कापि विपश्चिताम् ॥ ११, ४ ॥

२४. अध्य०—येन केनचिदेव त्वं यत्र तत्र यथा तथा ।
चोदितः स्वां प्रतिपदं कल्याणीं नातिवर्तसे ॥ ११८ ॥

२५. वीत०—यत्र यत्र समये यथा यथा योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवानेक एव भगवन्नमोस्तु ते ॥ ३१ ॥
अयोगव्यवच्छेदद्वात्रिंशिका

२६. अध्य०—नोपकारपरेऽप्येवमुपकारपरो जनः ।
अपकारपरेऽपि त्वमुपकारपरो यथा ॥ ११९ ॥

એટલો સ્નેહ નથી દાખવતા જેટલો તમે અપકારકો પ્રત્યે પણ ધરાવો છો. ખરેખર તમમાં બધું અલૌકિક છે.[૨૭]

માતૃચેટે બુદ્ધની દુષ્કર કારિતા વિશે કહ્યું છે કે, સમાધિવજ્રથી હાડકાંઓનો ચૂરેચૂરો કરનાર તેં છેવટે પણ દુષ્કર કાર્ય કરવું છોડયું નહિ.[૨૮]

હેમચંદ્રે એ જ ભાવ ભંગ્યન્તરથી સ્તવ્યો છેઃ હે નાથ, તેં પરમસમાધિમાં પોતાની જાતને એવી રીતે પરોવી કે જેથી હું સુખી છું કે નહિ, અગર દુઃખી છું કે નહિ, તેનું તને ભાન સુધ્ધાં ન રહ્યું.[૨૯]

માતૃચેટે બુદ્ધના બધા જ બાહ્ય–આભ્યન્તર ગુણોની અદ્ભુતતા જે શબ્દ અને શૈલીમાં સ્તવી છે લગભગ તે જ શબ્દ અને શૈલીમાં હેમચંદ્રે પણ વીતરાગને અદ્ભુતના સ્વામી તરીકે સ્તવ્યા છે.

દશા, વર્તન, રૂપ અને ગુણો એ બધું આશ્ચર્યકારી છે, કેમકે બુદ્ધની એક પણ બાબત અનદ્ભુત નથી.[૩૦] અધ્ય૦ ૧૪૭

હે ભગવન્, તારો પ્રશમ, રૂપ, સર્વભૂતદયા એ બધું આશ્ચર્યકારી છે, તેથી સંપૂર્ણ આશ્ચર્યના નિધીશ તને નમસ્કાર હો.[૩૧]

માતૃચેટ બુદ્ધનાં વન્દન કરનારાઓને પણ વન્દે છે—હે નાથ, જેઓ પુણ્યસમુદ્ર, રત્નનિધિ, ધર્મરાશિ અને ગુણાકર એવા તને નમે છે, તેઓને નમસ્કાર કરવો એ પણ સુકૃત છે.[૩૨]

હેમચંદ્ર એ જ ભાવ માત્ર શબ્દાન્તરથી સ્તવે છે:—હે નાથ, જેઓએ તારા આજ્ઞામૃતથી પોતાની જાતને સદા સીંચી છે તેઓને નમસ્કાર, તેઓની સામે આ મારી અંજલિ અને તેઓને જ ઉપાસીએ છીએ.[૩૩].

---

२७. वीत०—तथा परे न रज्यन्त उपकारपरे परे ।
यथाऽपकारिणि भवानहो सर्वमलौकिकम् ॥ १४, ५ ॥

२८. अध्य०—यस्त्वं समाधिवज्रेण तिलशोऽस्थीनि चूर्णयन् ।
अतिदुष्करकारित्वमन्तेऽपि न विमुक्तवान् ॥ १४४ ॥

२९. वीत०—तथा समाधौ परमे त्वयात्मा विनिवेशितः ।
सुखी दुःख्यस्मि नास्मीति, यथा न प्रतिपन्नवान् ॥ १८, ७ ॥

३०. अध्य०—अहो स्थितिरहो वृत्तमहोरूपमहो गुणाः ।
न नाम बुद्धधर्माणामस्ति किंचिदनद्भुतम् ॥ १४७ ॥

३१. वीत०—शमोद्भुतोऽद्भुतं रूपं सर्वात्मसु कृपाद्भुता ।
सर्वाद्भुतनिधीशाय तुभ्यं भगवते नमः ॥ १०, ८ ॥

३२. अध्य०—पुण्योदधिं रत्ननिधिं धर्मराशिं गुणाकरम् ।
ये त्वां सत्त्वा नमस्यन्ति तेभ्योऽपि सुकृतं नमः ॥ १४९ ॥

३३. वीत०—तेभ्यो नमोऽञ्जलिरयं, तेषां तान् समुपास्महे ।
त्वच्छासनामृतरसैर्यैरात्माऽसिच्यतान्वहम् ॥ १५, ७ ॥

માતૃચેટ અને હેમચંદ્રની સ્તોત્રગત વધારે તુલનાનો ભાર જિજ્ઞાસુઓ ઉપર મૂકી આ સરખામણીનો ઉપસંહાર માતૃચેટથી બહુ મોડે નહિ થયેલ કાલિદાસ અને સિદ્ધસેનનાં એકાદ બે પદ્યોની સરખામણીથી પૂરો કરું છું. માતૃચેટે સ્તુતિનો ઉપસંહાર કરતાં જે ભાવ પ્રકટ કર્યો છે તે જ ભાવ કાલિદાસ વિષ્ણુની સ્તુતિના ઉપસંહારમાં દેવોના મુખથી પ્રકટ કરે છેઃ—

હે નાથ, તારા ગુણો અક્ષય છે જ્યારે મારી શક્તિ ક્ષયશીલ છે. તેથી લંબાણના ભયને લીધે વિરમું છું, નહિ કે સ્તુતિજન્ય તૃપ્તિને લીધે. અધ્ય. ૧૫૦

હે વિષ્ણો, તારા મહિમાનું કીર્તન કરી વાણી વિરમે છે તે કાં તો શ્રમથી અને કાં તો અશક્તિથી, નહિ કે તારા ગુણોની પરિમિતતાથી. રઘુ. ૧૦-૩૨.

આ સ્થળે બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાની મૌલિક માન્યતાના ભેદ વિશે એક બાબત તરફ ધ્યાન જાય છે. તે એ કે બ્રાહ્મણપરંપરા કોઈ પણ દેવમાં દુષ્ટ કે શત્રુના નાશને સાધુ–પરિત્રાણ જેવા જ ગુણ તરીકે સ્તવે છે, જ્યારે બૌદ્ધ ને જૈન પરંપરા મિત્ર કે શત્રુ સાધુ કે દુષ્ટ બંને ઉપર સમાન ભાવે કરુણા વર્ષાવવી એને જ પ્રકૃષ્ટ માનવીય ગુણ માને છે. આ માન્યતાભેદ ગમે તે બ્રાહ્મણ કવિની સ્તુતિ અને શ્રમણ કવિની સ્તુતિમાં નજરે પડવાનો જ. તેથી અહીં તેવાં ઉદાહરણો નથી તારવતો.

માતૃચેટ બુદ્ધનાં વચનોને સર્વજ્ઞતાનો નિશ્ચય કરાવનાર તરીકે સ્તવે છે, જ્યારે સિદ્ધસેન પણ મહાવીરનાં વચનોને એ જ રીતે સ્તવે છે, અને વધારામાં શરીરના અતિશયને ઉમેરે છે.

"હે નાથ, કયા તારા દ્વેષીને પણ તારા એ પ્રકારના વચનો સાંભળી તારે વિશે સર્વજ્ઞપણાનો નિશ્ચય ન થાય ?"[૩૪]

"હે વીર તારું સ્વભાવથી શ્વેત રુધિરવાળું શરીર અને પરાનુકંપાથી સફળ ભાષણ આ બન્ને તારે વિશે સર્વજ્ઞપણાનો નિશ્ચય જેને ન કરાવે એ માણસ નહિ પણ કોઈ બીજું જ પ્રાણી છે.[૩૫]

કાગળના દુર્ભિક્ષનો ભય ન હોત તો સંપૂર્ણ અધ્યર્દ્ધશતક નહિ તો છેવટે તેનાં કેટલાંક પદ્યો ગુજરાતી અનુવાદ સાથે લેખને અંતે આપત. પણ એ લોભ આ સ્થળે જતો કરવો પડે છે. તેમ છતાં અધ્યર્દ્ધશતકમાં આવતા બે મુદ્દા પરત્વે અહીં વિચાર દર્શાવવો જરૂરી છે, કેમકે તે તુલનાત્મક અને ઐતિહાસિક દૃષ્ટિએ સાહિત્ય તેમ જ સામ્પ્રદાયિક પરંપરાઓનું અધ્યયન

---

[३४] अध्य०—कस्य न स्यादुपश्रुत्य वाक्यान्येवंविधानि ते ।
त्वयि प्रतिहतस्यापि सर्वज्ञ इति निश्चयः ॥ ६८ ॥

[३५] वपुः स्वभावस्थमरक्तशोणितं परानुकम्पासफलं च भाषितम् ।
न यस्य सर्वज्ञविनिश्चयस्त्वयि द्वयं करोत्येतदसौ न मानुषः ॥
द्वात्रिंशिका १—१४

કરવામાં ખાસ ઉપયોગી છે. પહેલો મુદ્દો મનુષ્યજન્મની દુર્લભતા સમજાવતા દૃષ્ટાન્તનો અને બીજો મુદ્દો બુદ્ધને સ્વયંભૂરૂપે નમસ્કાર કરવાને લગતો છે.

માતૃચેટે પ્રારંભમાં જ મનુષ્યજન્મની દુર્લભતા સમજાવવા કહ્યું છે કે—

> सोऽहं प्राप्य मनुष्यत्वं, ससद्धर्म्ममहोत्सवम् ।
> महार्ण्णवयुगच्छिद्रकूर्म्मग्रीवार्पणोपमम् ॥ ५ ॥

આ ઉક્તિમાં જે ઝોંસરાના છેદમાં કાચબાની ડોક પરોવાઈ જવાનો દાખલો આપી માનવજીવનની દુર્લભતા સૂચવી છે, તે દાખલો બૌદ્ધ ગ્રન્થ સૂત્રાલંકારમાં તો છે જ, પણ આ દાખલો પાલિ મજ્ઝિમનિકાયમાં[૩૬] પણ છે. પરંતુ જૈન ગ્રન્થોમાં તો આવાં દશ દૃષ્ટાન્તો પહેલેથી જ પ્રસિદ્ધ છે. ઉત્તરાધ્યયનની નિર્યુક્તિ[૩૭] જે પાંચમી શતાબ્દીથી અર્વાચીન નથી જ તેમાં એ દશે દૃષ્ટાન્તોની યાદી છે. અને આ યાદી જૂની પરંપરાનો સંગ્રહ માત્ર છે. એ પરંપરા કેટલી જૂની છે તે નક્કી કરવું સરલ નથી, પણ બૌદ્ધ ને જૈન પરંપરામાં જે આવા દાખલાઓનું સામ્ય દેખાય છે તે ઉપરથી એટલું તો નક્કી જ છે કે ઉપદેશકો અને વિદ્વાનો આ દેશમાં જ્યાં ત્યાં માનવજીવનની દુર્લભતા સમજાવવા આવાં દૃષ્ટાન્તો યોજી કાઢતા અને તે દ્વારા સાધારણ લોકોમાં આવાં દષ્ટાન્તો રમતાં થઈ જતાં. એક વાર કોઈએ એક દૃષ્ટાન્ત રચ્યું કે પછી તો તે ઉપરથી બીજાઓ તેના જેવાં નવનવ દષ્ટાન્તો રચી કાઢતા. જૈન પરંપરામાં આ જ લગી માત્ર તેવાં દશ દષ્ટાન્તો જ જાણીતાં છે. અને તેનો ઉપયોગ ધાર્મિક પ્રદેશમાં બહુ થાય છે. માતૃચેટે કૂર્મગ્રીવા શબ્દ વાપરી કાચબાની ડોક સૂચવી છે, જ્યારે જૈન ગ્રંથોમાં સમીલા શબ્દ વપરાયેલો છે, જેનો અર્થ છે સાંબેલું અર્થાત્ એક નાનકડો લાકડાનો લાંબો શો ટુકડો. યુગચ્છિદ્ર શબ્દ બન્ને પરંપરાઓના વાઙ્મયમાં સમાન છે. ભાવ એવો છે કે મહાન સમુદ્રને એક છેડે ઝોંસરું તરતું મૂકવામાં આવે અને તદ્દન બીજે છેડે એક નાનકડો પાતળો ડંડીકો, એ બન્ને ક્યારેક અથડાય એ સંભવ જ પહેલાં તો ઓછો અને બહુ લાંબે કાળે તરંગોને કારણે અતિવિશાળ સમુદ્રમાં પણ ક્યારેક ઝોંસરું અને એ લાકડું એક બીજાને અડકી જાય તોય ઝોંસરાના કાણામાં એ દંડીકાનું પરોવાવું અતિ દુઃસંભવ છે. છતાંય દુર્ઘટનાઘટનપટીયસી વિધિલીલા જેમ એ લાકડાને એ છેદમાં ક્યારેક પરોવી દે તેમ આ સંસારભ્રમણમાં માનવયોનિ તેટલે જ લાંબે ગાળે અને તેટલી જ મુશ્કેલીથી સંભવે છે. માતૃચેટે કાણામાં દંડીકાને બદલે કાચબાની ડોક પરોવાવાની વાત કહી છે તેનો ભાવ પણ એ જ છે. બાકીનાં નવ દષ્ટાન્તો પણ એ જ ભાવ ઉપર ઘડાયેલાં છે.

માતૃચેટે स्वयम्भुवे नमस्तेऽस्तु (શ્લો. ૮) શબ્દથી બુદ્ધને નમસ્કાર કર્યો છે. અહીં વિચારવાનું એ પ્રાપ્ત છે કે સ્વયંભૂ શબ્દ બ્રાહ્મણપરંપરા અને તેમાંય ખાસ પૌરાણિક પરંપરાનો છે. તેનો અર્થ તે પરંપરામાં એવો છે કે જે વિષ્ણુના નાભિકમળમાંથી માતાપિતા સિવાય જ

---

[૩૬] જુઓ બાલપંડિત સુત્ત

[૩૭] જુઓ ચતુરંગીયાધ્યયન, ગાથા ૧૬૦, અને તેની 'पाइय' ટીકા.

આપમેળે જન્મ્યો તે બ્રહ્મા–કમલયોનિજ સ્વયંભૂ. બૌદ્ધ અને જૈન પરંપરા આવી કમળમાંથી સ્વયં જન્મની કલ્પનાને માનતી જ નથી. અલબત્ત, એ બન્ને પરંપરામાં **સયંસમ્બુદ્ધ** અને **સમ્માસમ્બુદ્ધ** જેવા શબ્દો છે. પણ તે બન્ને શબ્દોનો અર્થ આપમેળે જ્ઞાનપ્રાપ્તિ એટલો જ છે, નહિ કે આપમેળે જનમવું તે. છેક પ્રાચીન બૌદ્ધ અને જૈન વાઙ્મયમાં પોતપોતાના અભિમત તીર્થંકરો વાસ્તે તેઓએ જિન, સુગત, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ આદિ જેવાં વિશેષણો વાપર્યાં છે, તેમાં ક્યાંય બ્રાહ્મણ અને પૌરાણિક પરંપરાના અભિમત દેવો માટે તે પરંપરામાં વપરાયેલ ખાસ સ્વયંભૂ, વિષ્ણુ, શિવ આદિ વિશેષણો દેખાતાં નથી. તે જ રીતે બૌદ્ધ અને જૈન પરંપરામાં પ્રસિદ્ધ એવાં જિન, સુગત, અર્હન્ આદિ વિશેષણો બ્રાહ્મણપરંપરાના પ્રાચીન ગ્રંથોમાં ક્યાંય દેખાતાં નથી. સામાન્ય રીતે બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાનો આ શબ્દભેદ જૂનો છે. તેથી બૌદ્ધો કે જૈનો બ્રહ્મના વાચક સ્વયંભૂ શબ્દને બુદ્ધ કે જિનમાં ન વાપરે એ સ્વાભાવિક છે.

પૌરાણિક પરંપરામાં સ્વયંભૂનું સ્થાન જાણીતું છે. પાછલા વખતમાં વિષ્ણુ અને શિવની પૂજાપ્રતિષ્ઠા વિશેષ વધી તે પહેલાં ક્યારેક બ્રહ્માની પ્રસિદ્ધિ અને પૂજા વિશેષ હતાં. ક્યારેક સ્વયંભૂ સૃષ્ટિના કર્તા દેવ તરીકે પ્રસિદ્ધ હતો અને આ લોક સ્વયંભૂકૃત મનાતો, જેનો ઉલ્લેખ સૂત્રકૃતાંગ[૩૮] જેવા પ્રાચીન ગ્રંથમાં મળે છે. બૌદ્ધો કે જૈનો જગતને કોઈનું રચેલું ન માનતા હોવાથી તેઓ સૃષ્ટિકર્તા સ્વયંભૂને ન માને અને તેથી એ પૌરાણિક સ્વયંભૂ શબ્દને પોતાના અભિમત સુગત કે જિન વાસ્તે ન વાપરે એ સ્વાભાવિક છે. તેમ છતાં તેઓ એ પૌરાણિક કલ્પનાને નિર્મૂળ અને નિર્યુક્તિક સૂચવવા પોતાના દેવો વાસ્તે સ્વયંસંબુદ્ધ શબ્દ વાપરી એમ સૂચવતા કે આપમેળે જન્મસંભવ નથી પણ આપમેળે જ્ઞાન તો સંભવે છે. માન્યતાની આ પરંપરાનો ભેદ ચાલ્યો આવતો છતાં ક્યારેક એવો સમય આવી ગયો છે કે તે વખતે બૌદ્ધો અને જૈનો બન્નેએ પૌરાણિક સ્વયંભૂ શબ્દને તદ્દન અપનાવી લીધો છે. આગળ જતાં જેમ શિવ, શંકર, મહાદેવ, વિષ્ણુ, પુરુષોત્તમ અને બ્રહ્મા આદિ અનેક વૈદિક અને પૌરાણિક શબ્દોને પોતાના અભિપ્રેત અર્થમાં અપનાવી લેવાની પ્રક્રિયા જૈન અને બૌદ્ધ સ્તુતિપરંપરામાં ચાલી છે, તેમ ક્યારેક પહેલાના સમયમાં સ્વયંભૂ શબ્દને અપનાવી લેવાની પ્રક્રિયા પણ શરૂ થયેલી. આ શરૂઆત પહેલાં કોણે કરી તે તો અજ્ઞાત છે. પણ એટલું તો નક્કી છે કે એ શરૂઆત કોઈ એવા સમય અને દેશના એવા ભાગમાં થઈ છે જે વખતે અને જ્યાં સ્વયંભૂની પૂજા–પ્રતિષ્ઠા બહુ ચાલતી. માતૃચેટ ઈસ્વીસનના પહેલા સૈકાનો કવિ છે. તેણે બુદ્ધ માટે સ્વયંભૂ શબ્દ વાપર્યો છે. તે ઉપર સૂચવેલ પ્રક્રિયાનું જ પરિણામ છે. હજી લગી માતૃચેટ પહેલાના કોઈ જૈન ગ્રન્થમાં મહાવીર આદિ અર્હન્ માટે સ્વયંભૂ શબ્દ વપરાયેલો જણાયો નથી. તેથી ઊલટું નિર્વિવાદ રીતે માતૃચેટ પછીની જૈન કૃતિઓમાં મહાવીર આદિના વિશેષણ તરીકે સ્વયંભૂ શબ્દ વપરાયેલો મળે છે—ખાસ કરી સ્તુતિઓમાં. માતૃચેટે પણ સ્તુતિમાં જ બુદ્ધ માટે એ શબ્દ વાપર્યો છે. માતૃચેટ પછી બીજા બૌદ્ધ સ્તુતિકારો એ શબ્દ વાપરે એ તો

---

૩૮. પ્રથમ શ્રુતસ્કંધ ૧, ૩, ૭

સ્વાભાવિક જ છે. જૈન સ્તુતિકાર સિદ્ધસેન દિવાકર જે ઈ. સ.ના પાંચમા સૈકા લગભગ થયેલ છે તેણે પોતાની બત્રીશીઓમાં મહાવીરની સ્તુતિ તરીકે જે પાંચ બત્રીશીઓ રચી છે, તેનો આરંભ જ '**स्वयम्भुवं भूतसहस्रनेत्रं**' શબ્દથી થાય છે. ત્યારબાદ તો જૈન પરંપરામાં સ્વયંભૂ શબ્દ પુરાતન સ્વયંસંબુદ્ધ શબ્દના જેટલી જ પ્રતિષ્ઠા પામે છે. સ્તુતિકાર સમન્તભદ્રે પણ '**स्वयम्भुवा भूतहितेन भूतले**' શબ્દથી જ સ્તોત્રની શરૂઆત કરી છે. એક વખતે બૌદ્ધ પરંપરામાં એવો પણ યુગ આવ્યો છે, કે જે વખતે સ્વયંભૂચૈત્ય સ્વયંભૂવિહાર અને સ્વયંભૂબુદ્ધની વિશેષ પૂજા શરૂ થઈ હતી. અને તે ઉપર સ્વયંભૂપુરાણ જેવા તીર્થમાહાત્મ્યગ્રંથો પણ રચાયા છે. આ પુરાણ નેપાલમાં આવેલ સ્વયંભૂચૈત્ય અને તેના વિહાર વિશે અદ્ભુત વર્ણન આપે છે, જે બ્રાહ્મણપુરાણોને પણ વટાવી દે તેવું છે. આ બધું એટલું તો સૂચવે છે કે બ્રાહ્મણ અને પુરાણ-પરંપરામાં સ્વયંભૂનું જે સ્થાન હતું તેના આકર્ષણથી બૌદ્ધ અને જૈન સ્તુતિકારોએ પણ સુગત, મહાવીર આદિને વિશે પોતાની ઢબે સ્વયંભૂપણાનો આરોપ કર્યો અને તેઓ પોતે પણ (ભલે બીજી દૃષ્ટિએ) સ્વયંભૂને માને છે એમ પુરવાર કર્યું. આ સ્થળે એ પણ નોંધવું જોઈએ કે એક સ્વયંભૂસમ્પ્રદાય હતો જેના અનુયાયી સ્વાયંભુવ કહેવાતા. પછી તે સમ્પ્રદાય કોઇ સાંખ્ય-યોગની શાખા હોય કે પૌરાણિક પરંપરાનું કોઈ દાર્શનિક રૂપાન્તર હોય, એ વિશે વધારે શોધ થવી બાકી છે.

અથેતિ આ લેખ તૈયાર કરવામાં મારા વિદ્યાર્થી શાન્તિલાલ મણિલાલ જૈને પૂરી મહેનત લીધી છે. તેને તપાસી જઈ તેમાં યોગ્ય ફેરફારનું સૂચન પં. દલસુખ માલવણિયાએ કર્યું છે, તે બદલ હું એ બન્નેનો આભારી છું.

'વેદાંતવાદી' મંડનમિશ્ર*

શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રી

શંકરાચાર્યના જીવનની દંતકથાઓમાં મંડનમિશ્ર સાથેના વાદવિવાદની કથા ઘણી પ્રસિદ્ધ છે. મંડનમિશ્રનું ઘર બતાવતાં કહેલા

स्वतः प्रमाणं परतः प्रमाणं
कीराङ्गना यत्र गिरो गृणन्ति ।
द्वारस्थनीडान्तरसन्निरुद्धा
जानीहि तन्मंडनमिश्रमोकः ॥

ઇત્યાદિ શ્લોકોથી સૂચિત ત્યાંની સ્ત્રીઓનું પાંડિત્ય, મંડનમિશ્રની પત્ની ઉભયભારતીની શંકર અને મંડનના વિવાદમાં કોણ જીત્યું, એનો નિર્ણય આપવા જેટલી યોગ્યતા વગેરે એવા મોહક અંશો એ કથામાં છે કે શિક્ષિત માણસો પણ એ મોહના પ્રવાહમાં તણાઇ જાય તે નવાઈ નહિ. પણ અહીં તો વેદાન્તી ગ્રન્થકાર તરીકે મંડનમિશ્ર વિશે કેટલી સાચી માહિતી હાલમાં આપણી પાસે છે એની જ ટૂંકી નોંધ આપવાનો ઇરાદો છે.

શંકરવિજય[1] આદિ શંકરાચાર્યના ચરિત્ર સંબંધી દંતકથાઓના સંગ્રહરૂપ ગ્રન્થોમાં એવી કથા મળે છે કે શંકરાચાર્ય ધાર્મિક દિગ્વિજય કરવા નીકળ્યા ત્યારે કુમારિલના શિષ્ય મંડનમિશ્ર જેઓ ચુસ્ત કર્મવાદી મીમાંસક હતા એમને વાદવિવાદમાં હરાવ્યા પછી સંન્યાસાશ્રમની દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા અને પૂર્વાશ્રમના મંડનમિશ્ર સંન્યાસી તથા શંકરના શિષ્ય થયા પછી સુરેશ્વર નામથી પ્રખ્યાત થયા. 'નૈષ્કર્મ્યસિદ્ધિ' અને 'બૃહદારણ્યકવાતિક' જેવા ગ્રન્થોના કર્તા તરીકે આ સુરેશ્વર પ્રસિદ્ધ છે.

ઉપરની દંતકથામાં પહેલી શંકા મહીસૂરના પ્રો. હિરિયાન્ને નાખી. તેઓએ ઈ. સ. ૧૯૨૩માં કહ્યું કે મંડનમિશ્રનો 'બ્રહ્મસિદ્ધિ' ગ્રન્થ જે ત્યાં સુધી છપાયો નહોતો પણ જેની હાથપ્રત પોતે જોઈ હતી તેમાંના કેટલાક સિદ્ધાંતો સુરેશ્વરના સિદ્ધાંતોથી એટલા ભિન્ન છે કે સુરેશ્વર અને મંડનમિશ્ર એક વ્યક્તિ હોઈ શકે નહિ, એટલું જ નહિ પણ ઘણું કરી મંડનમિશ્ર શંકરાચાર્ય પહેલાં થઈ ગયા, જ્યારે સુરેશ્વર શંકરાચાર્યના શિષ્ય હતા એમ એ પોતે જ 'નૈષ્કર્મ્યસિદ્ધિ'માં કહે છે.

---

* ભારતીય વિદ્યાભવનના આશ્રય નીચે યુનિવર્સિટીમાં આપેલું વ્યાખ્યાન.

[1] શંકરાચાર્યના ચરિત્રના કહેવાતા લગભગ બારેક ગ્રન્થો મળે છે, જેમાંથી એક 'શંકરવિજય' આનન્દાશ્રમ પૂનામાં અને એક ગોવિન્દાનન્દનો 'શંકરાચાર્યચરિત' કેરલ પબ્લિશિંગ હાઉસ, ત્રીચુર કોચીન સ્ટેટમાં છપાયો છે.

[2] જ. રો. એ. સો. ૧૯૨૩ એપ્રિલ અને ૧૯૨૪ જાન્યુઆરી.

મંડનમિશ્રનો આ 'બ્રહ્મસિદ્ધિ' ગ્રન્થ જૂના વખતમાં ખૂબ પ્રસિદ્ધ હતો. ભામતીકાર વાચસ્પતિમિશ્રે એ ગ્રન્થ ઉપર બ્રહ્મતત્ત્વસમીક્ષા નામની ટીકા લખી હતી જેનો એ વિદ્વાન ભામતીમાં વારંવાર ઉલ્લેખ કરે છે. પણ હજી સુધી એ ટીકા મળી આવી નથી. વળી બ્રહ્મસિદ્ધિ ગ્રન્થનો અદ્વૈતસિદ્ધિકાર મધુસૂદન સરસ્વતીએ सिद्धीनामिष्टनैष्कर्म्यब्रह्मगानामियं क्रमात् । अद्वैतसिद्धिरधुना चतुर्थी समजायत ॥ એ શબ્દોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલો જાણવામાં હોવા છતાં બ્રહ્મસિદ્ધિ ગ્રન્થનો પત્તો નહોતો. અને એ ગ્રન્થના વિષયની માહિતી ન હોવાને પરિણામે કીથ જેવો પ્રાચ્યવિદ્યાવિદ, જૈન લેખક વિદ્યાનંદ મંડનમિશ્રને વેદાંતવાદી કહે છે એ પુરાવાનાં બળથી મંડનમિશ્ર અને સુરેશ્વરને એક માનવાના સંભવને સ્વીકારે છે.[૩]

મંડનમિશ્રના આ 'બ્રહ્મસિદ્ધિ' ગ્રન્થની હાથપ્રતોની શોધ કરતાં મદ્રાસ ગવર્નમેન્ટ ઓરિયેન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાઇબ્રેરીના એ વખતના ક્યુરેટર મહામહોપાધ્યાય એસ. કુપ્પુસ્વામી શાસ્ત્રીને ૧૯૨૦માં પત્તો લાગ્યો. એમણે જ ૧૯૨૨માં એનું સંપાદન આરંભ્યું અને ૧૯૩૩માં મ. ગ. ઓ. મે. માળાના ચોથા મણકા તરીકે છપાઈને એ ગ્રન્થ બહાર પડ્યો.

આ બ્રહ્મસિદ્ધિ ગ્રન્થ અદ્વૈતવેદાંતનો છે એટલે મંડનમિશ્ર અને સુરેશ્વરની એકતા ન સ્વીકારીને પણ એ ગ્રન્થના કર્તૃત્વથી વિદ્યાનંદે કહ્યું છે તેમ મંડનમિશ્રને વેદાંતવાદી કહી શકાય એમ છે. વળી મંડનમિશ્રના વિધિવિવેક, સ્ફોટસિદ્ધિ વગેરે ગ્રન્થો પણ પ્રકટ થયા છે, અને એ ઉપરથી તેઓ મીમાંસક હતા એ તો ઘણા વખતથી ચોક્કસ જાણવામાં છે. પણ અહીં તો વેદાંતના ઇતિહાસમાં મંડનમિશ્રનું સ્થાન ટૂંકામાં અવલોકવાની ઇચ્છા છે. અને સંસ્કૃત સાહિત્યમાં મંડનમિશ્રનું સૌથી મહત્ત્વનું અર્પણ, મારા મતે, વેદાંતનો 'બ્રહ્મસિદ્ધિ' ગ્રન્થ જ છે.

ઉપનિષદોથી અદ્વૈત વેદાંતનો સંપ્રદાય આ દેશમાં ચાલુ થયો હતો. ઔપનિષદ કાળ પછીના કાળમાં અદ્વૈતવેદાંત વિષયક જે વિચારો થયા હશે તેમાંના કેટલાક મહાભારત (ગીતા અને શાન્તિપર્વ)માં મળે છે. પછી બ્રહ્મસૂત્રમાં કાશકૃત્સ્ન, ઔડુલોમિ વગેરેના ભિન્નભિન્ન મતો સંગ્રહાયા છે એ જોતાં અદ્વૈતવાદનો સ્વીકાર કરવા છતાં કેટલીક વીગતોની બાબતમાં ભિન્નભિન્ન મતો ધરાવનારા વેદાન્તીઓ બ્રહ્મસૂત્રકારના સમય પહેલાં હતા એમ દેખાય છે. બ્રહ્મસૂત્ર ઉપર શંકરાચાર્ય પહેલાં પણ એક તો ઉપવર્ષની જેનો સ્પષ્ટ નિર્દેશ શંકરાચાર્યે કર્યો છે[૪] અને બીજી પણ અનેક વ્યાખ્યાઓ હતી એમ શાંકરભાષ્ય તથા રામાનુજભાષ્ય ઉપરથી જણાય છે. સૂત્રકાર પછીનું અને શંકરાચાર્ય પહેલાંનું ગૌડપાદીય કારિકા સિવાય કશું વેદાંતસાહિત્ય ન મળવાથી એ વચલા કાળના વેદાંતીઓમાંથી એક ગૌડપાદાચાર્યનું નામ જ જળવાઈ રહ્યું છે. આનું કારણ એ છે કે ગૌડપાદનો અદ્વૈતવાદ શંકરાચાર્યના વાદને મોટે ભાગે અનુકૂળ છે. શાંકરપરંપરામાં ગૌડપાદને શંકરના પરમગુરુ ગણવામાં આવે છે, એ રૂઢિને કદાચ પ્રમાણ ન ગણવામાં આવે, પણ ભાષ્યમાં શંકર 'સંપ્રદાયવિદ કહે છે' એમ કહીને ગૌડપાદીયકારિકાને ઉતારે છે.[૫] એ પુરાવો નિઃસંદિગ્ધ

---

[૩] કર્મમીમાંસા, ૧૯૨૧ પૃ. ૧૧

[૪] બ્ર. સૂ. શાં. ભા., ૩–૩–૫૩

[૫] બ્ર. સૂ. શાં. ભા., ૧–૪–૧૪

છે. આ રીતે શાંકર અદ્વૈતને અનુકૂળ જે વેદાંતવાદીઓ બ્રહ્મસૂત્ર પછીના કાળમાં થઈ ગયા તેમાં ગૌડપાદ સર્વશ્રેષ્ઠ અને કદાચ શંકરના નજીકના કાળમાં થઈ ગયા, જેમ કાશકૃત્સ્ન બ્રહ્મસૂત્રકાર પહેલાં થઈ ગયા હતા.[૬]

પણ જેમ શંકરને અનુકૂળ કેટલાક વેદાન્તીઓ હતા, તેમ કેટલાક ભિન્નમતના હોવાનો પણ સંભવ છે. અને ભર્તૃપંચનામના કેટલાક મહત્ત્વના સિદ્ધાન્તોની બાબતમાં ભિન્નમત ધરાવનારા એક વેદાન્તીના ગ્રન્થો જૂના વખતના પ્રસિદ્ધ હોય એમ સુરેશ્વરાચાર્યના બૃહદારણ્યકવાર્તિકથી તથા તેની ટીકાઓના ઉલ્લેખોથી જણાય છે.[૭] આ ભિન્નમતની પરંપરા શંકરાચાર્ય પછી કદાચ અલ્પ કાળ સુધી ચાલુ રહી હોય એ સંભવ છે. શ્રીમદ્ભાગવતમાં એવી ભિન્નમતની પરંપરાનો અદ્વૈતવાદ છે એમ હું માનું છું અને મંડનમિશ્રના 'બ્રહ્મસિદ્ધિ' ગ્રન્થમાં પણ શંકરાચાર્યથી થોડા મતભેદ દેખાય છે.

મંડનમિશ્રના મતભેદના મુદ્દાઓ

પ્રો. હિરિયાન્ને જ છેક ઇ. સ. ૧૯૨૩-૨૪માં મંડનમિશ્ર અને સુરેશ્વરાચાર્યની ભિન્નતાના પુરાવા તરીકે નીચેના ચાર મુદ્દાઓ ખાસ નોંધ્યા હતાઃ

(૧) અવિદ્યાના આશ્રય અને વિષયનો પ્રશ્ન;
(૨) શબ્દાદ્વૈત;
(૩) સ્ફોટવાદ; અને
(૪) બ્રહ્મસાક્ષાત્કાર માટે ધ્યાનની જરૂર.

આ ચારમાં 'બ્રહ્મસિદ્ધિ'ના સંપાદક કુપ્પુસ્વામી શાસ્ત્રીએ બીજા નવા મુદ્દાઓ ઉમેર્યા છે. અલબત્ત, બધા સરખા મહત્ત્વના નથી, પણ વેદાંતના ઇતિહાસમાં મંડનમિશ્રનું સ્થાન સમજવા થોડા મહત્ત્વના મુદ્દાઓની નોંધ નીચે કરી છે.

અજ્ઞાનના આશ્રય અને વિષયનો પ્રશ્ન

શાંકર વેદાંતમાં અજ્ઞાન કે અવિદ્યાનું સ્થાન ઘણું મોટું છે, એ પ્રસિદ્ધ છે. શંકરાચાર્યે બ્રહ્મસૂત્રભાષ્યના ઉપોદ્ઘાતમાં જ અવિદ્યાનો પ્રમાણશાસ્ત્રના મૂળને સ્પર્શીને પોતાના વાદમાં અતિશય પરિણામકારક વિચાર કર્યો છે. છતાં શંકરાચાર્યે સ્પષ્ટ શબ્દોમાં અજ્ઞાનનો આશ્રય કોણ અને વિષય કોણ એનો સ્ફોટ કર્યો નથી. પરિણામે આ મુદ્દાની બાબતમાં પાછળના વેદાન્તીઓમાં મતભેદ ઊભો થયો છે.

આ મતભેદ શરૂ કોનાથી થયો એ પ્રશ્ન છે. ભામતીપ્રસ્થાન અને વિવરણપ્રસ્થાન વચ્ચે આ મહત્ત્વનો મતભેદ સંપ્રદાયમાં ગણાય છે. અને વિવરણકાર પ્રકાશાત્મયતીન્દ્ર (ઈ. સ. ૧૨૦૦)[૮]

---

[૬] બ્ર. સૂ. શાં. ભા., ૧-૪-૨૨

[૭] જુઓ 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ', ઉ., પૃ. ૧૭૫

[૮] જુઓ 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ', ઉ., પૃ. ૨૧૭

પહેલાં થયેલા ભામતીકાર વાચસ્પતિમિશ્રે[૯] "પ્રથમ[૧૦] અવિદ્યા જીવને આશ્રયે રહેલી છે અને વિષય તરીકે પરમેશ્વરનો આશ્રય કરે છે" એમ સ્પષ્ટ કહ્યું છે.[૧૦] મૂળ શાંકરભાષ્યમાં "પરમેશ્વરાશ્રયા" એવું વચન છે, તેની સ્પષ્ટતા કરતાં ઉપર પ્રમાણે ખુલાસો વાચસ્પતિએ કર્યો છે. વાચસ્પતિ પહેલાં આવું કથન ફક્ત મંડનમિશ્રનું જ મળે છે. "જીવોની અવિદ્યા છે," એમ એ કહે છે.[૧૧] પણ મંડનમિશ્રને શાંકરપ્રસ્થાનની બહાર ગણીને ઉપલા મતને વેદાંતસંપ્રદાયે ભામતીકારનો મત ગણ્યો છે અને એની વિરુદ્ધનો મત સુરેશ્વરે કહ્યો છે એમ કુપ્પુસ્વામી શાસ્ત્રી કહે છે.[૧૨] પણ એમણે ઉલ્લેખેલ સુરેશ્વરના કથનમાં આશ્રય અને વિષય બ્રહ્મ છે એવો સ્પષ્ટ અર્થ દેખાતો નથી અને વેદાંતના પાછલા ગ્રન્થોમાં એવા સ્પષ્ટ મત માટે સર્વજ્ઞાત્મમુનિના સંક્ષેપ શારીરકનો જ

आश्रयत्वविषयत्वभागिनी
निर्विभागचितिरेव केवला ।
૧-૩૧૯

એ શ્લોક ઉતારેલો વાંચ્યો છે.

હવે ભામતીકારે અવિદ્યાનો આશ્રય જીવ છે એ પોતાનો મત મંડનમિશ્ર પાસેથી લીધો છે, એમ શ્રી સૂર્યનારાયણ શાસ્ત્રી, કુપ્પુસ્વામી વગેરે દ્રાવિડ વિદ્વાનો કહે છે. અને વાચસ્પતિ પહેલાં મંડનમિશ્ર થયા હોવાથી એની ના પડાય એમ નથી. પરંતુ શંકરાચાર્યનાં વચનોના પૂર્વાપર આલોચનમાંથી એ મત નીકળી શકે છે, કોઈ શાંકરસિદ્ધાંત સાથે એને વિરોધ નથી અને બ્ર. સૂ. ૪-૧-૩ ના ભાષ્યમાં શંકર પોતે "અજ્ઞાન કોને છે?" એવા પ્રશ્નના જવાબમાં "જે તું પૂછે છે તેને" એમ કહે છે એમાંથી સ્પષ્ટ અજ્ઞાન અજ્ઞાની જીવને આશ્રિત છે એવો અર્થ નીકળે છે. ટૂંકામાં મારા મતે તો અમલાનન્દ કહે છે તેમ ભાષ્ય અને શ્રુતિનું હૃદય જાણીને વાચસ્પતિએ "જીવમાં રહેલી અવિદ્યાનો વિષય બ્રહ્મ છે" એમ કહેલું છે.[૧૩] મંડનમિશ્રે આ વિચાર વાચસ્પતિ પેઠે જ પણ તેની પહેલાં શ્રુતિ અને ભાષ્ય ઉપરથી લીધો હોવાનો સંભવ છે. વાચસ્પતિ જેવી શ્રદ્ધાથી ભલે નહિ પણ મંડનમિશ્રે શાંકરભાષ્ય જોયું તો છે જ. વળી વાચસ્પતિએ વિચાર કર્યા વગર કેવળ મંડનમિશ્રને અનુસરીને આ મત સ્વીકાર્યો છે એવું માનનાર પંડિતોને એટલું જ પૂછવાનું કે એમ હોય તો બીજી અનેક માન્યતાઓની બાબતમાં આગળ જોઇશું તેમ વાચસ્પતિએ મંડનમિશ્રનું ખંડન કર્યું છે તેનું શું?

---

[૯] વાચસ્પતિમિશ્રે ઈ. સ. ૮૪૧માં એક ગ્રન્થ લખ્યો છે.

[૧૦] બ્ર. સૂ. ૧-૪-૩ ની ભામતી

[૧૧] બ્રહ્મસિદ્ધિ, પૃ. ૧૦

[૧૨] બ્રહ્મસિદ્ધિ ઉપોદ્‌ઘાત, પૃ. ૩૫ તથા ટીપ ૩૩

[૧૩] जीवस्था या अविद्याया विषयं ब्रह्म शुक्तिवत् ।
ऊचे वाचस्पतिर्भाष्यश्रुत्योर्हृदयवेदिता ॥
બ્ર. સૂ. ૧-૪-૧૦ની કલ્પતરુટીકા.

પણ અહીં વિચારણીય મુદ્દો તો જુદો જ છે, અને તે એ કે જો મંડનમિશ્ર અને સુરેશ્વરાચાર્ય દંતકથા કહે છે તેમ એક હોય તો સુરેશ્વરના ગ્રન્થોમાં એ વિચાર મળવો જોઇએ. હવે બ્રહ્મસિદ્ધિમાં શંકર પહેલાંના અદ્વૈતવાદીનો મત અને સુરેશ્વરમાં શાંકર અદ્વૈતનો મત હોવાથી એ એના ગ્રન્થોમાં સિદ્ધાંતભેદ દેખાય એ સ્વાભાવિક છે. એટલે એ કારણથી મંડન અને સુરેશ્વરને ભિન્ન વ્યક્તિ માનવાની જરૂર નથી, એવી પ્રો. સુબ્રહ્મણ્ય શાસ્ત્રીએ 'બ્રહ્મસિદ્ધિ'ના આમુખમાં દલીલ કરી છે. મને તો એ દલીલ પોકળ લાગે છે, કારણ કે મંડનમિશ્ર શંકર પહેલાંના સંપ્રદાયના અદ્વૈતવાદી હોવા છતાં એમણે શાંકરભાષ્ય જોયેલ છે એ નક્કી છે, અને વાચસ્પતિ, અમલાનન્દ વગેરે શાંકર વેદાંતીઓને જે સિદ્ધાન્તનો વાંધો નથી તેનો સુરેશ્વરને શાંકરવેદાંતી તરીકે વાંધો હોવાનું કારણ નથી. એટલે માનવસ્વભાવની સાધારણ દૃષ્ટિથી જોતાં તો પોતે ગૃહસ્થાશ્રમી હતા તે વખતે બધું જોયા પછી બાંધેલા વિચારને જાણે જાણતા જ ન હોય એમ સંન્યાસી થયા પછી એ જ વિષયનો ગ્રંથ લખે,એટલે કે 'બ્રહ્મસિદ્ધિ'ના કર્તા જ 'નૈષ્કર્મ્યસિદ્ધિ'ના કર્તા હોઇ શકે, એ વાત મારી બુદ્ધિને તો સમજાતી નથી.

મંડનમિશ્ર અને સુરેશ્વરની ભિન્નતા સાબિત કરવા માટે આ એક જ દાખલો પૂરતો છે. અને સિદ્ધાંતભેદના બીજા દાખલાઓ જે કુપ્પુસ્વામી શાસ્ત્રીના 'બ્રહ્મસિદ્ધિ'ના ઉપોદ્ઘાતમાંથી નીચે ઉતાર્યા છે તે ઉપરનાને પુષ્ટિ આપીને નિર્ણાયક થાય છે.

સ્ફોટવાદ

મંડનમિશ્ર વૈયાકરણ ભર્તૃહરિના સ્ફોટવાદને તથા શબ્દાદ્વૈતને માને છે. અને તેણે સ્ફોટવાદને સિદ્ધ કરવા માટે 'સ્ફોટસિદ્ધિ' નામનો જુદો ગ્રન્થ લખ્યો છે. હવે મીમાંસકાગ્રણી કુમારિલ સ્ફોટવાદની વિરુદ્ધ છે અને શંકરાચાર્ય પણ સ્ફોટવાદને નથી સ્વીકારતા;[૧૪] સુરેશ્વર સ્વાભાવિક રીતે જ સ્ફોટવાદની ઉપેક્ષા કરે છે અને શબ્દાદ્વૈતને નથી સ્વીકારતા.[૧૫]

જ્ઞાનકર્મસમુચ્ચયવિચાર— મુક્તિ માટે જ્ઞાન એટલું બસ નથી, પણ જ્ઞાન અને કર્મનો સમુચ્ચય આવશ્યક છે એવો વાદ શંકરાચાર્ય પહેલાંથી પ્રસિદ્ધ હતો, એમ શંકરાચાર્યના ગ્રન્થો જોતાં સ્પષ્ટ દેખાય છે: ખાસ કરીતે પૂર્વમીમાંસાના પંડિતો વૈદિક કર્મોની, મુક્તિમાં કોઈક જાતની ઉપયોગિતા સિદ્ધ કરવા મથે એ સ્વાભાવિક છે. વેદોની તથા વૈદિક કર્મોની સામાન્ય લોકોના તથા પંડિતોના માનસ ઉપર જે પ્રબળ પકડ હતી તેનો વિચાર કરવાથી જ શંકરાચાર્યને મોક્ષ માટે બ્રહ્માત્મૈક્ય જ્ઞાન જ પૂરતું છે અને વૈદિક કર્મની એમાં બિલકુલ જરૂર નથી એવું સિદ્ધ કરવા માટે જે ભારે પ્રયત્ન કરવો પડ્યો છે તે સમજી શકાય છે.

હિંસાત્મક વૈદિક કર્મોનો પ્રથમ વિરોધ ઉપનિષત્કાલીન જ્ઞાની ઋષિઓએ કર્યો, પણ એ ઉગ્ર ન હતો. એથી આત્મજ્ઞાન તરફ આકર્ષણ થયું પણ વૈદિક કર્મો ગયાં નહિ. પછી ભગવાન બુદ્ધે ઉગ્ર વિરોધ કર્યો. પરિણામે વૈદિક કર્મો બૌદ્ધ સમાજમાંથી નીકળી ગયાં; પણ બૌદ્ધ ધર્મ

---

[૧૪] જુઓ બ્ર. સૂ., ૧–૩–૨૮

[૧૫] જુઓ 'બ્રહ્મસિદ્ધિ' નો ઉ.,પૃ. ૨૬ તથા ટીપ ૨૦, ૨૧

છૂટો પડી ગયો અને છેવટ તો આ દેશમાંથી લગભગ નીકળી ગયો અને બ્રાહ્મણધર્મમાં વૈદિક કર્મોનું સ્થાન લગભગ પૂર્વવત્ રહ્યું; જોકે અહિંસા આદિ ગુણોને સામાન્ય ધર્મમાં સ્થાન મળ્યું અને એ રીતે બ્રાહ્મણધર્મને નવો સંસ્કાર મળ્યો. અતિ ટૂંકામાં ઉપર દર્શાવેલી ઐતિહાસિક પરિસ્થિતિમાં ઈ. સ. ના પહેલા બીજા શતકથી તે સાતમાઆઠમા શતક સુધીમાં આ દેશમાં અપૂર્વ અને સર્વદેશી વિદ્યોપાસના અને બૌદ્ધ, જૈન તથા બ્રાહ્મણ મતના વિદ્વાનો વચ્ચે કર્મ, જ્ઞાન, ઈશ્વર, પ્રમાણશાસ્ત્ર, મિથ્યાજ્ઞાન વગેરે વિષયો સંબંધે વિદ્યાવૃદ્ધિકર વિવાદ ચાલીને જે બહોળી ગ્રન્થરચના થઈ છે તેનું સમગ્ર દર્શન ઘણું આહ્લાદક છે. આ ઈ. સ. પહેલાબીજા શતકથી ૭ મા ૮ મા શતક સુધીમાં શબર, કુમારિલ જેવા સમર્થ મીમાંસકો પણ થઈ થયા છે અને તેઓએ કર્મકાંડાત્મક પૂર્વમીમાંસાને નવી જ પ્રતિષ્ઠા આપી. ઉપર કહેલા સમય દરમિયાન જ આ દેશમાં અદ્વૈતવાદી વેદાંતીઓની પણ પરંપરા જીવતી હતી એ પહેલાં કહ્યું જ છે. પણ વેદાંતીઓમાં જેમ ગૌડપાદાચાર્ય જેવા કેટલાક દ્વૈતના તથા વૈદિક કર્મના ઉગ્ર વિરોધી હતા, ત્યારે બીજા કોઈક ભર્તૃપ્રપંચ જેવા અમુક અંશમાં ભેદને અવકાશ આપતા હતા, ત્યારે કોઈક કર્મજ્ઞાનના સમુચ્ચયને સ્વીકારતા હતા. અને મંડનમિશ્ર ઘણું કરી પોતાના સંપ્રદાયને અનુસરી અમુક પ્રકારનો સમુચ્ચયવાદ સ્વીકારે છે. મંડનમિશ્ર કહે છે કે[૧૬] “બ્રહ્માત્મભાવનું વેદાંત વચનો વડે જ્ઞાન થયા પછી કેટલાકનું મિથ્યાજ્ઞાન નિવૃત્ત થઇ જાય છે ત્યારે કેટલાકનું મિથ્યાજ્ઞાન કાંઈક અંશે ચાલુ રહે છે અને એ દૂર કરવા માટે જેમ નિદિધ્યાસન આવશ્યક છે તેમ યજ્ઞદાનાદિ કર્મોની પણ જરૂર છે.”

શંકરાચાર્ય કર્મોની આવી આવશ્યકતા માનતા નથી, એ કહેવાની જરૂર નથી. અને પોતાને શંકરના શિષ્ય કહેવરાવનાર સુરેશ્વરાચાર્ય પણ કર્મજ્ઞાનસમુચ્ચયનો ઉગ્ર વિરોધ કરે છે. તેઓ શંકરને અનુસરીને ચિત્તને શુદ્ધ તથા આત્માભિમુખ કરવા માટે જ નિત્ય નૈમિત્તિક કર્મોને આવશ્યક ગણે છે પણ તે પછી જ્ઞાનકર્મનો સમુચ્ચય ઘટતો નથી એમ સ્પષ્ટ કહે છે.

મંડનમિશ્ર કર્મ પેઠે જ ધ્યાન કે ભાવનાને આવશ્યક ગણે છે.[૧૮] જ્યારે સુરેશ્વરાચાર્ય સ્પષ્ટ કહે છે કે ઉપાસના કે ભાવનાની બિલકુલ જરૂર નથી.[૧૯]

જીવન્મુક્તિવિચાર:-આ દેશમાં ધર્મ અને જ્ઞાન બેયનું લક્ષ્ય ત્રણ હજાર વર્ષના લાંબા ઇતિહાસમાં મોક્ષ જ રહ્યું છે. અલબત્ત મોક્ષના સ્વરૂપ વિશે મતભેદ ઘણો છે. વળી સામાન્ય રીતે ધાર્મિક સંપ્રદાયો મરણ પછી સ્વર્ગ અથવા મોક્ષ મળવાની વાત કરે છે, જ્યારે વેદાંત વિદેહમુક્તિ અને જીવન્મુક્તિ બેયને સ્વીકારે છે. ખરી રીતે શંકરાચાર્યના કહેવા પ્રમાણે બ્રહ્માત્મૈક્યસાક્ષાત્કાર થયો કે મુક્તિ જ છે; પછી એ જ્ઞાન પ્રાપ્ત કરનાર વ્યક્તિ આ લોકમાં ગમે તે સ્થિતિમાં

---

[૧૬] જુઓ બ્ર. સિ., પૃ. ૩૫ થી ૩૭

[૧૭] જુઓ નૈષ્કર્મ્યસિદ્ધિ, પૃ. ૩૨ થી ૪૦

[૧૮] બ્ર. સિ., પૃ. ૩૩, ૩૫

[૧૯] નૈષ્કર્મ્યસિદ્ધિ, પૃ. ૪૦

હોય. એ જ્ઞાનીને મુક્તિ માટે મરણ સુધી વાટ જોવાની કે મુક્તિને ક્યાંય શોધવાની જરૂર નથી. આવો જ્ઞાની જ્ઞાન થયા પછી જીવે ત્યાં સુધી જીવન્મુક્ત કહેવાય છે.

હવે મંડનમિશ્રે પણ જીવન્મુક્તિની ચર્ચા કરી છે, પણ એણે શાંકર ભાષ્યના જીવન્મુક્તિનિરૂપણથી કાંઈક મતભેદ પણ દર્શાવ્યો છે.[૨૦] આ વિષયમાં तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्यत्स्ये[૨૧] એ શ્રુતિ અને अनारब्धकार्ये एव तु तदवधेः, भोगेन त्वितरे क्षपयित्वा संपद्यते એ બે સૂત્રોનો[૨૨] આધાર લઈ વિચાર કરવામાં આવ્યો છે, જેનો સાર એવો છે કે

भिद्यते हृदयग्रन्थिच्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे[२३] ॥

એ અને એ મતલબની બીજી શ્રુતિઓ કહે છે તેમ પરાવર પરમાત્માનું દર્શન થતાં સર્વ કર્મો ક્ષીણ થઈ જાય છે એવો સર્વ વેદાન્તીઓનો મત છે. પણ આપણા કર્મવાદ અનુસાર પ્રત્યેક શરીર અમુક કર્મોથી બંધાય છે, અને કર્માનુસાર ચાલે છે. એટલે સર્વ કર્મો જો ક્ષીણ થઇ જાય તો કર્મને આધારે ઊભેલું શરીર તરત પડી જવું જોઈએ. પણ એ સ્થિતિ અનિવાર્ય હોય તો જ્ઞાનની પરંપરા ચાલવાનો જ સંભવ નથી રહેતો. આ મુશ્કેલી પ્રાચીન વેદાન્તીઓના ધ્યાનમાં આવી જ હતી અને બ્રહ્મસૂત્રકાર કહે છે તેમ જે શરીરમાં જ્ઞાન થયું હોય તે શરીરને ટકાવનાર પ્રારબ્ધ કર્મની અસર જ્ઞાનીને માટે પણ રહે છે. બાકીનાં સંચિત જેનું કાર્ય આરંભાયું નથી તે અને ક્રિયમાણ કર્મ જ્ઞાનીને લાગુ નથી પડતાં. શંકરાચાર્ય સૂત્રકારનું આ વલણ સ્વીકારે છે. મંડનમિશ્રને જીવન્મુક્તિ તો કબૂલ છે,[૨૪] પણ એ પ્રારબ્ધકર્મનું જોર કાંઈક ઓછું કરવા માગે છે. એ કહે છે કે[૨૫] “જ્ઞાનથી અવિદ્યા અને કર્મ આરબ્ધ અને અનારબ્ધ બેય ક્ષીણ થયા છતાં થોડો કાળ આરબ્ધ કાર્ય કર્મના સંસ્કાર ટકી રહે ખરા, પણ તે યે શરીરના પડવા સાથે નિવૃત્ત થાય છે; અને મરણ પછી તો બિલકુલ એ સંસ્કાર રહેતા નથી.”

આ પ્રસંગમાં શાંકરભાષ્યની કેટલીક ગૌણ દલીલોનું મંડનમિશ્રે ખંડન કર્યું છે. પણ મુખ્ય તાત્પર્યમાં તેઓ શંકરથી બહુ જુદા પડતા હોય, એમ મને લાગતું નથી. સંસ્કારથી શરીર ટકવાની મંડનમિશ્રની યુક્તિ શાંકર ભાષ્યમાં છે જ.[૨૬]

પણ મંડનમિશ્રે પૂર્વપક્ષની એક દલીલ તરીકે કહ્યું છે કે, “ જો તત્ત્વજ્ઞાન પછી તરત જ દેહ પડી જાય એમ માનવામાં આવે તો સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ગીતામાં આપ્યાં છે તે ઘટે નહિ.”

---

[૨૦] જુઓ બ્ર. સિ., પૃ. ૧૩૦ થી ૧૫૪

[૨૧] છાં., ૬-૧૪-૨

[૨૨] બ્ર. સૂ., ૪-૧૧-૫, અને ૪-૧-૧૯.

[૨૩] મુંડક ઉ., ૨-૨-૮

[૨૪] જુઓ બ્ર. સિ., પૃ. ૧૩૧-૧૩૨

[૨૫] ” ” પૃ. ૧૩૨, ૧૩૩ તથા ઉપોદ્ઘાત પૃ. ૩૮

[૨૬] ” બ્ર. સૂ. ૪-૧-૧૫ ઉપરના ભાષ્યના શબ્દો તથા ૪-૧-૧૬ ની કલ્પતરુ ટીકા.

અને એના જવાબમાં પૂર્વપક્ષની દલીલ આપી છે કે "સ્થિત પ્રજ્ઞને જેની અવિદ્યા તદ્દન ગળી ગઈ છે એવો સિદ્ધ ન ગણવો પણ અમુક અવસ્થાને પ્રાપ્ત થયેલો સાધક ગણવો".[૨૭] હવે મને તો એ જ પ્રકરણનાં પછીનાં વચનોથી લાગે છે કે મંડનમિશ્ર પોતે પણ સ્થિતપ્રજ્ઞને સાધક નહિ પણ સિદ્ધ જ માને છે. પણ પૂર્વપક્ષમાં કહેલા ઉપલા વચને પાછળના વેદાન્તીઓનું ખાસ ધ્યાન ખેંચ્યું છે. અને ભામતીમાં વાચસ્પતિમિશ્ર "સ્થિતપ્રજ્ઞ સાધક નહિ પણ સિદ્ધ" એ શબ્દો વડે મંડનમિશ્રના ઉપલા વચને ઉત્પન્ન કરેલી શંકાને દૂર કરે છે.[૨૮] બધું જોતાં બ્ર. સિ. ના ઉપોદ્‌ઘાતમાં આ મતભેદ ઉપર મ. મ. કુપ્પુસ્વામી શાસ્ત્રીએ જે ભાર મૂક્યો છે તે મને તો વધારે પડતો લાગે છે.

આ જ પ્રકરણમાં બ્ર. સૂ. ના यावदधिकारमवस्थितिराधिकारिकाणाम् (૩. ૩. ૩૨.) એ સૂત્રના ભાષ્યમાં "અન્તરતમ આદિ ઋષિઓએ સમ્યગ્દર્શન થયું હોવા છતાં પરમેશ્વરના નિયોગને અધીન થઈને પરમેશ્વરે જ સોંપેલા અધિકારનો નિર્વાહ કરવા માટે મરણ પછી એક અથવા વધારે નવા દેહો પણ ધારણ કરેલા છે" એમ શંકરે કહેલું છે. શાંકરભાષ્યના શબ્દો જોતાં ઇતિહાસ-પુરાણમાં વ્યાસ, વસિષ્ઠ વગેરે જ્ઞાની ઋષિઓના પુનર્જન્મ વિશે જે કથાઓ મળે છે તેનો વેદાંતના મુક્તિવાદને અનુકૂળ ખુલાસો કરવાનો સૂત્રકારે ઉપર કહેલા સૂત્રમાં પ્રયત્ન કર્યો છે, એવો શંકરાચાર્યનો અભિપ્રાય જણાય છે. સાધારણ રીતે શંકરાચાર્યનું વલણ એમના કેવલાદ્વૈતવાદને બાધક ન હોય એવી બાબતમાં પ્રાચીન શ્રુતપરંપરાને અનુકૂળ રહેવાનું છે.

હવે મંડનમિશ્રે આ આધિકારિકોનો મુદ્દો ચર્ચ્યો જ નથી, પણ જીવન્મુક્તના પ્રકરણમાં વિદ્વાનનું શરીર પડ્યા પછી તેનું કૈવલ્ય ચોક્કસ છે એમ તેઓ કહે છે.[૨૯] અને એ ઉપર ભાર દઈને કુપ્પુસ્વામી શાસ્ત્રી શંકરથી મંડન આ બાબતમાં જુદા પડે છે એવો અર્થ કાઢે છે. મારા મતે તેમનો આ અભિપ્રાય બરાબર નથી. ખરી રીતે મંડનમિશ્રે પ્રસ્તુત વિષયને સ્પર્શ જ નથી કર્યો. એમ તો સુરેશ્વરે પણ એ પ્રશ્ન નથી ચર્ચ્યો. અહીં શંકરાચાર્ય બ્ર. સૂ. ભાષ્યમાં સૂત્રોથી બંધાયેલા છે. સૂત્રમાં જેની ચર્ચા હોય તે સર્વ વિષયો વિશે શંકરને કાંઈક અભિપ્રાય આપવો જ પડે, જ્યારે મંડન અને સુરેશ્વર અમુક મર્યાદિત વિષયની જ ચર્ચા કરે છે. ખરી રીતે "દેહ પડ્યા પછી વિદ્વાનને કૈવલ્ય મળે જ" એ નિશ્ચયમાં મંડનથી શંકર જરાય ઓછા આગ્રહી નથી.[૩૦] પણ ઉપર કહેલ આધિકારિકોને એ નિયમ લાગુ નથી પડતો. તેઓને—વ્યાસવસિષ્ઠાદિ ને કૃષ્ણાદિ અવતારોની કોટિના ગણવા એવો શંકરનો અભિપ્રાય છે.

વેદાંતવાદવિષયક શંકર અને સુરેશ્વરથી મંડનના મતભેદના વધારે મુદ્દાઓને વિસ્તારથી ચર્ચવાની જરૂર નથી. કુપ્પુસ્વામી શાસ્ત્રીએ મતભેદના જે બીજા મુદ્દાઓ નોંધ્યા છે, તેમાંના ઘણા તો અમુક ઉપનિષદ્‌વચનોનો અર્થ શંકરથી મંડને જુદો કર્યો હોવાના છે. આમાં મને કાંઈ

---

૨૭. બ્ર. સિ., પૃ. ૧૩૦, પં. ૧૭ થી ૧૯

૨૮ બ્ર સૂ., ૪–૧–૧૫ ઉપર ભામતી તથા તે ઉપરની કલ્પતરુ જુઓ.

૨૯. બ્ર. સિ., પૃ. ૧૩૨, પં ૯ થી ૧૪

૩૦. [જુઓ ૪–૧–૧૪ ના ભાષ્યનો છેલ્લો ભાગ. મંડને એ કટકાના શબ્દો ઉતાર્યા છે.

મહત્ત્વ લાગતું નથી. ઉપનિષદ્‌વચનોના અર્થની બાબતમાં એવી છૂટ સંપ્રદાયમાન્ય છે.[૩૧]

अविद्यया मृत्युं तीर्त्वा એ ઈશાવાસ્ય ઉ. ની શ્રુતિનો એ ઉપનિષદના શાંકરભાષ્યમાં આપેલા અર્થથી મંડનમિશ્રે જુદો અર્થ આપ્યો છે,[૩૨] એ સાચું છે. પણ એ અર્થભેદ ઉપર ભાર મૂકવામાં કાંઈ તત્ત્વ નથી. ખરી રીતે જે અર્થ મંડને આપ્યો છે તે શંકરના વાદને અનુકૂળ છે, એટલું જ નહિ પણ બ્ર. સૂ. ૧–૧–૪ના ભાષ્યના અન્તમાં આપેલી ગાથાઓનું તાત્પર્ય સમજાવતાં ભામતીકારે એ જુદા અર્થમાં એ મંત્ર ઉતાર્યો છે.

મંડન અને સુરેશ્વર:–શંકરાચાર્યથી ક્યાંક ક્યાંક જુદા પડવાનું મંડનમિશ્રનું વલણ અને ઉપર વિસ્તારથી જોયું તેમ સ્ફોટવાદ તથા જ્ઞાનકર્મસમુચ્ચય જેવા મહત્ત્વના સિદ્ધાન્તોની બાબતમાં મંડનનો શંકર અને સુરેશ્વરથી ભિન્ન મત મંડનમિશ્ર તથા સુરેશ્વરને ભિન્ન .વ્યક્તિ સિદ્ધ કરવા માટે પૂરતો સમર્થ છે. છતાં શ્રુતપરંપરાના બળથી આ સિદ્ધાન્તભેદની અવગણના કરવાનું સુબ્રહ્મણ્ય શાસ્ત્રી આમુખમાં કહે છે. મને તો એમની દલીલ ગળે ઊતરતી નથી. વળી તેઓ મંડનમિશ્રનાં અમુક વચનોનું સુરેશ્વરના બૃહદારણ્યકવાર્તિકનાં અમુક વચનો સાથે મળતાપણું વીગતથી દર્શાવીને એ સામ્યને એ બેની એકતાનું પ્રમાણ ગણે છે. પણ મને એ દલીલ સમર્પક નથી લાગતી. એક લેખકે બીજામાંથી વિચારો અને શબ્દોના ઉતાર્યા કર્યા હોવાનો સંભવ છે. વેદાંતીઓ અથવા આપણા પ્રાચીન દાર્શનિક લેખકો વિરુદ્ધ પક્ષના પણ અનુકૂળ વિચારો અને શબ્દો ઉતારવામાં વાંધો ગણતા નથી અને નામ લીધા વગર ઉતારા કરે છે. અહીં મંડનમિશ્રના બ્ર. સિ. ગ્રન્થમાંથી બહદારણ્યકવાર્તિકમાં ઉતારા થયા હોવાનો સંભવ છે.

પણ મંડનમિશ્ર અને સુરેશ્વરની એકતાની વિરુદ્ધ સિદ્ધાન્તભેદ ઉપરાંત નીચેની બે દલીલો પણ કુપ્પુસ્વામી શાસ્ત્રીએ કરી છે. [૧] સુરેશ્વર पंडितंमन्याः वेदार्थनिश्चिताः महामीमांसका धीराः “સ્વસંપ્રદાય બલના ટેકાથી બોલનારા” એવા આક્ષેપો બૃ. વા. માં જે પ્રતિપક્ષીઓ માટે કરે છે તેમાં મંડનમિશ્ર ઉદ્દિષ્ટ હોવાનું એકાદ સ્થળે ટીકાકાર આનન્દગિરિ કહે છે.[૩૪] [૨] કુપ્પુસ્વામી શાસ્ત્રી કહે છે કે[૩૫] વેદાંતના મળી આવેલા કોઈ પણ પ્રમાણભૂત ગ્રન્થમાં મંડનમિશ્ર અને સુરેશ્વરની એકતા કહી નથી, એટલું જ નહિ પણ અદ્વૈતવાદના તથા દ્વૈતવાદના અનેક ગ્રન્થોમાં બેય લેખકોને ભિન્ન કહેલ છે.

વળી સર્વજ્ઞાત્મમુનિ સ્પષ્ટ શબ્દોમાં મંડનવચનને ‘અન્યથાપ્રસ્થાન’ કહે છે. એટલે કે શંકરપ્રસ્થાનથી મંડનપ્રસ્થાન ભિન્ન છે. અને સુરેશ્વર તો શંકરના અનુયાયી છે એ નિર્વિવાદ છે.

---

૩૧. મંડનમિશ્રે પોતે જ પ્રસ્તુત જ શ્રુતિના બે અર્થ આપ્યા છે. શંકર પણ ઘણીવાર એક કરતાં વધારે અર્થ આપે છે.

૩૨. બ્ર. સિ., પૃ. ૧૩, પં ૭થી ૧૧

૩૩. જુઓ બ્ર. સૂ., ૧–૧–૪ ના ભાષ્યનો અન્તભાગ તથા તે ઉપર ભામતી, નિ. સા. આ., પૃ. ૧૫૫

૩૪. જુઓ બ્ર. સિ. નો ઉપોદ્‌ઘાત, પૃ. ૬૦ તથા તે ઉપરની ૪૧ થી ૪૫ ટીપો.

૩૫. એજન, ઉ. પૃ. ૫૦, ૫૧ તથ. તે ઉપરની ટીપો

મારા મતે ઉપરની બે દલીલો ગમે તેવી બદ્ધમૂલ શ્રુતપરંપરાને ઉખેડી નાખવા માટે સમર્થ છે. પણ એથી આગળ ચાલીને કુપ્પુસ્વામી શાસ્ત્રી નીચેનો પુરાવો ઉમેરે છે. આનન્દાનુભવ નામના ચિત્સુખ પહેલાં થયેલા વેદાન્તી ગ્રન્થકાર ન્યાયરત્નદીપિકામાં વિશ્વરૂપ અને મંડનને એક વાક્યમાં જુદા ગણે છે. અને પછીના વાક્યમાં ગૃહસ્થ વિશ્વરૂપ એ જ સંન્યાસી સુરેશ્વર એમ કહે છે. મતલબ કે મંડન અને સુરેશ્વરને ભિન્ન ગણે છે’[૩૬] એ સ્પષ્ટ છે.

દંતકથાના આગ્રહી સુબ્રહ્મણ્ય શાસ્ત્રી તો મંડનમિશ્ર, ઉમ્બેક, વિશ્વરૂપ અને સુરેશ્વર ચારેયને એક ગણે છે.[૩૭] પણ મારો નિશ્ચય તો કુપ્પુસ્વામી શાસ્ત્રીને અનુસરતો મંડનમિશ્ર અને સુરેશ્વરને જુદા ગણવાનો છે. અલબત્ત સુરેશ્વર અને વિશ્વરૂપ એક હોય એ સંભવ છે.

મંડનમિશ્રનો સમય

દંતકથા પ્રમાણે તો મંડનમિશ્ર શંકરાચાર્યના સમકાલીન અને પાછળથી સુરેશ્વરરૂપે શિષ્ય એટલે એનો સમય થોડાં વર્ષો પહેલાં તો શંકરાચાર્યના સમયથી નિશ્ચિત હતો. પણ ‘બ્રહ્મસિદ્ધિ’માં શંકરથી ભિન્ન વિચારો છે, માટે ‘શંકરવિજય’ની દંતકથામાંથી વિશ્વાસ ચલિત થતાં મંડનમિશ્રના સમય માટે પણ શંકા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. અને ‘બ્રહ્મસિદ્ધિ’ છપાયા પહેલાં જેઓએ એ ગ્રન્થનું સંપૂર્ણ અવલોકન કર્યું નહોતું તેઓની માન્યતા એવી થઈ હતી કે શંકરાચાર્યથી ભિન્ન વેદાન્તમત દર્શાવનાર મંડનમિશ્ર શંકર પહેલાં અને એના બીજા ગ્રન્થોમાં કુમારિલમાંથી ઉતારા કરનાર કુમારિલ પછી થયા હોવા જોઇએ. આ વિચારશ્રેણીને અનુસરી શ્રી. પી. વી. કાણેએ કુમારિલને ઈ. સ. ૬૧૦ થી ૭૦૦ વચ્ચે, મંડનમિશ્રની સાહિત્યપ્રવૃત્તિને ૬૯૦ થી ૭૧૦ વચ્ચે, ઉમ્બેકની ૭૦૦ થી ૭૩૦ વચ્ચે અને શંકરના શિષ્ય સુરેશ્વરની ઇ. સ. ૮૦૦થી ૮૪૦ વચ્ચે મૂકેલ છે.[૩૭] જ્યારે શ્રી. રામસ્વામી શાસ્ત્રીએ ‘તત્ત્વબિંદુ’ના ઉપોદ્‌ઘાતમાં મંડનમિશ્રને ઈ. સ. ૬૮૦ થી ૭૫૦માં મૂકેલ છે.[૩૮] કીથ મંડનમિશ્ર અને સુરેશ્વરની ભિન્નતાના ઉપર નોંધેલા પુરાવા પ્રકટ થયા પહેલાં કહે છે કે કુમારિલ ઇ. સ. ૭૦૦ પહેલાં નહિ અને મંડનમિશ્ર તે પછી.[૩૯]

અહીં સ્પષ્ટતા ખાતર કુમારિલના સમયના નિર્ણય માટે જે પુરાવો ઘણાં વર્ષો પહેલાં પ્રાચ્યતત્ત્વવિદ કે. બી. પાઠકે આપ્યો છે અને પાછળના બધા તદ્વિદોએ સ્વીકાર્યો છે તે ટૂંકામાં નોંધવો જોઇએ.[૪૦] ચિનાઇ સાધનો ઉપરથી એ વિદ્વાને દર્શાવ્યું છે કે સાતમા શતકના પાછલા ભાગમાં આ દેશમાં મુસાફરી કરનાર ચિનાઇ પ્રવાસી ઇત્સીંગ કહે છે કે ‘વાક્યપદીય’ના કર્તા ભર્તૃહરિ ઈ. સ. ૬૫૦ માં મરણ પામ્યા હતા. હવે એ વિદ્વાને વિસ્તારથી બતાવ્યું છે તેમ કુમારિલે ‘વાક્યપદીય’માંથી ઉતારો કર્યો છે તથા તેનું ખંડન કર્યું છે. કુમારિલે કરેલું ભર્તૃહરિનું ખંડન

---

[૩૬] જુઓ બ્ર. સિ. નો ઉપોદ્‌ઘાત પૃ. ૫૧ તથા ટીપ ૧૪૮નું किं च प्रसिद्धप्रभावैर्विश्वरूपप्रभाकरमंडनवाचस्पतिसुचरितमिश्रैः એ ન્યાય-ર.દી. નું વચન.

તથા ટીપ ૧૫૦માં ઉતારેલું વચન.

[૩૭] પી૦ વી૦ કાણેનું હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર ૧૯૩૦, પૃ.૨૫૨ થી ૨૬૪

[૩૮] વાચસ્પતિમિશ્રનું તત્ત્વબિન્દુ, અનામલ્લઈ યુનિવર્સિટી સીરીઝ ૧૯૩૫ નો ઉપોદ્‌ઘાત

જોતાં પાઠક કહે છે તેમ કુમારિલના વખતમાં ભર્તૃહરિ વૈયાકરણ તરીકે ખૂબ પ્રખ્યાત હોવા જોઇએ. અને એક ગ્રન્થકારને પ્રખ્યાતિ મળતાં થોડાં વર્ષો લાગે એ જોતાં કુમારિલનો સમય ઇ. સ. ૭૦૦ પહેલાં માનવો મુશ્કેલ છે. વળી એ જ વિદ્વાને પહેલવહેલું દર્શાવ્યું છે તેમ શંકરાચાર્યે કુમારિલના તન્ત્રવાર્તિકમાંથી ઉતારો કરીને તેનું ખંડન કર્યું છે. ટૂંકામાં ભર્તૃહરિ પછી કુમારિલ અને તે પછી શંકરાચાર્ય એવો પૌર્વાપર્ય ક્રમ દેખાય છે. અને કુમારિલની પ્રસિદ્ધિ માટે થોડો કાળ જોઈએ એ જોતાં આઠમા શતકના પાછલા ભાગથી પહેલાં ન હોય. બીજી તરફથી શંકરના પ્રસિદ્ધ ટીકાકાર વાચસ્પતિમિશ્રે ઇ. સ. ૮૪૧ માં એક ગ્રન્થ લખ્યો છે, એટલે તે પહેલાં અને શંકરમંદારસૌરભ આદિ શંકરચરિત્રના કોઇ કોઇ ગ્રન્થોમાં કલિ સંવત ૩૮૮૯ની સાલ આપી છે.[41] એટલે કે ઇ. સ. ૭૮૮ એ ઉપરના પૌર્વાપર્યના નિર્ણયને અનુકૂળ છે એમ શ્રી૰ પાઠક કહે છે[42] અને ઇ. સ. આઠમા શતકનો પાછલો ભાગ એ શંકરનો સમય પ્રાચ્યવિદોમાં બહુમાન્ય થયો છે એમ કહી શકાય.[43]

હવે ‘બ્રહ્મસિદ્ધિ’ વાંચતાં સ્પષ્ટ દેખાય છે કે મંડનમિશ્રને શંકરના સિદ્ધાન્તની ખબર છે, એટલું જ નહિ પણ બ્રહ્મસૂત્રના શંકરભાષ્યમાંથી કેટલાંક વાકયો મંડનમિશ્રે ઉતાર્યાં છે અને પછી તેનું ખંડન કર્યું છે,[44] એટલે મંડનમિશ્ર શંકર પછી કદાચ તરતમાં થયા છે, કારણ કે ટીકાકારના કહેવા પ્રમાણે સુરેશ્વરે એના વિચારોનું ખંડન કર્યું છે, અને વાચસ્પતિમિશ્રે તો બ્ર. સિ. ઉપર ટીકા લખી હતી અને બ્ર. સિ. માંથી ભામતીમાં ઉતારા પણ કર્યા છે એટલે મંડનમિશ્રની સાહિત્યપ્રવૃત્તિનો સમય શંકર પછી અને વાચસ્પતિ પહેલાં અર્થાત્ ઈ. સ. ૮૧૦ થી ૮૩૦ વચ્ચે કે એટલામાં હોવામાં શંકાનું કારણ નથી. જૈન ગ્રંથકાર વિદ્યાનંદ જેનો સમય ઇ. સ. ૮૩૮ માં પાઠકે જ નક્કી કર્યો છે તેઓએ મંડનમિશ્રનો ઉલ્લેખ કર્યો છે એ વિશેષ

---

૩૯. કીથનું કર્મમીમાંસા, પૃ. ૧૧

૪૦. જ. બો. બ્રે. રો. એ. સો. ગ્રં. ૧૮, પૃ.૨૧૩.

૪૧ प्रासूततिष्यशरदामतियातवत्या-
मेकादशाधिकशतोनचतुःसहस्र्याम्

તથા શંકરદિગ્વિજય (આ. સં. સી)નો ઉપોદ્ઘાત પૃ. ૪–૫માં શંકરચરિત્રના કહેવાતા ગ્રંથોમાં કરેલા બીજા ઉતારાઓ પણ જુઓ.

૪૨. જુઓ ઈ. એ. ગ્રં. ૧૧ (પૃ. ૧૭૪)માં પાઠકનો લેખ.

૪૩. બ્ર. સિ.ના ઉપોદ્ઘાતમાં દ્રાવિડ પંડિતોમાં સામાન્ય એવા દંતકથાને પકડી રાખવાના આગ્રહથી મ. મ. કુપ્પુસ્વામી શાસ્ત્રીએ ધર્મકીર્તિ, ભર્તૃહરિ, શંકરાચાર્ય, કુમારિલ, પદ્મપાદ, સુરેશ્વર, પ્રભાકર, અને મંડનમિશ્ર બધાને ૬૦૦ થી ૭૦૦ના ગાળામાં સમાવી દીધા છે. (જુઓ ઉ. પૃ. ૫૮) ભર્તૃહરિનો ઇત્સીંગની નોંધથી નિશ્ચિત સમય છૂટકો ન હોવાથી કબૂલ રાખે છે. પણ ગ્રન્થોમાં દેખાતા ક્રમને અવગણીને દંતકથાનો આવો સખ્ત આગ્રહ રાખવામાં ઐતિહાસિક દૃષ્ટિ મને તો દેખાતી નથી.

૪૪. બ્ર. સૂ. શાંકરભાષ્ય ભામતી, કલ્પતરુ, પરિમલ સાથે (નિ. આ.) પૃ. ૧૫૦થી ૧૫૩માંથી અમુક વાકયો બ્ર. સિ. પૃ. ૩૪ માં ઉતાર્યાં છે.

પુરાવો છે,[૪૫] કુમારિલ અને શંકરના સમયનિર્ણયમાં પણ અકલંક, વિદ્યાનંદ, પ્રભાચન્દ્ર વગેરે જૈન ગ્રન્થકારોનો પુરાવો ઘણો નિર્ણાયક છે.[૪૬]

મંડનમિશ્રનું વેદાંતના ઇતિહાસમાં સ્થાન

મંડનમિશ્રે ભાવનાવિવેક, વિધિવિવેક અને સ્ફોટસિદ્ધિ જેવાં મીમાંસાવિષયક ગ્રન્થો લખ્યા છે. પણ મીમાંસક તરીકે મંડનમિશ્રનું સ્થાન ક્યાં છે એ પ્રશ્નને બાજૂ ઉપર રાખીને વેદાંતના ઇતિહાસમાં એનું સ્થાન અને તે પણ કેવળ ‘બ્રહ્મસિદ્ધિ’ને ધ્યાનમાં રાખીને એના અર્પણનું મૂલ્ય ટૂંકામાં અવલોકીએ. “ જેને ગાડે બેઠા તેનાં ગીત ગાવાં ” એ સામાન્ય ધોરણને અનુસરી દ્રાવિડ પંડિતોએ—ખાસ કરીને કુપ્પુસ્વામી શાસ્ત્રીએ મંડનમિશ્રની અદ્વૈતસિદ્ધાન્તના પ્રશ્નોની બાબતમાં પ્રમાણ તરીકે શંકર જેટલી ઉચ્ચ અને અગત્યની પ્રતિષ્ઠા હતી એમ કહ્યું છે.[૪૭] વળી તેઓ કહે છે કે વેદાંત સંપ્રદાયમાં ભામતીપ્રસ્થાનની જે વિશેષતાઓ ગણાય છે તે ખરી રીતે મંડનમિશ્રનો વારસો છે. [૪૮] મને આ બેય કથનોમાં અતિપ્રશંસા દેખાય છે. મંડનમિશ્રના ગ્રન્થો જાણીતા હોય એ સ્વાભાવિક છે. અને એ કારણથી કોઈ ગ્રન્થકારો ખંડન માટે એના ગ્રન્થોમાંથી ઉતારા કરે પણ ખરા. પણ એમાંથી કુપ્પુસ્વામી શાસ્ત્રીએ કાઢ્યો છે એટલો બધો અર્થ નીકળી શકે નહિ. [૪૯].

બીજું મંડનમિશ્રે અદ્વૈતવાદ અને તે પણ શંકરને માન્ય અદ્વૈતવાદ સ્વીકાર્યા છતાં કોઇકોઈ બાબતમાં શંકરથી જુદો મત દર્શાવ્યો પણ ખરો છે; પણ અદ્વૈતવાદની પરંપરા શંકર પહેલાંની છે અને શંકરના સમયમાં એ પ્રાચીનતર પરંપરાના કોઈ વેદાન્તીઓ ગ્રન્થો લખે તો એમાં શંકરથી મતભેદ હોવો સ્વાભાવિક છે. પણ અહીં મુશ્કેલી તો એ છે કે ઉપર કહેલ પ્રાચીનતર પંરપરાના ગ્રન્થો ઉપલબ્ધ ન હોવાથી મંડનમિશ્ર જેણે શંકરના ગ્રન્થો જોયા છે તેણે કેટલું શંકરમાંથી સ્વીકાર્યું છે અને કેટલું એનું પોતાનું કે ભિન્નપરંપરાપ્રાપ્ત છે એ જાણવાનું કાંઈ સાધન નથી. ભામતી પ્રસ્થાન અથવા ખરી રીતે વાચસ્પતિમિશ્ર મંડનમિશ્રના કાંઈક ઋણી હોવાના સંભવની ના પડાય એમ નથી. મિશ્રાન્ત નામ હોવાથી મંડનમિશ્ર મૈથિલ હોવાનો સંભવ છે. અને સ્વભૂમિના વિદ્વાન તરફ વાચસ્પતિમિશ્ર આકર્ષાયા હોય એ સંભવ છે, મંડનમિશ્રના બે ગ્રન્થો ઉપર વાચસ્પતિમિશ્રે ટીકા લખી છે, એટલું જ નહિ પણ મંડનમિશ્રને આચાર્ય કહીને એમના તરફ ખૂબ માનદૃષ્ટિ બતાવી છે. છતાં વાચસ્પતિપ્રસ્થાનની બધી વિશેષતામાં મંડનમિશ્રનો વારસો છે એવું તો મને દેખાતું નથી. એક જ બાબત ‘ અજ્ઞાનનો આશ્રય જીવ છે’ એ વાચસ્પતિના સિદ્ધાન્તનું મૂળ

---

[૪૫] જ. બો. બ્રે. રો. એ. સો. ગ્ર. ૧૮, પૃ. ૨૨૭

[૪૬] એજન પૃ. ૨–૧૩ ઉપરનો પાઠકનો લેખ.

[૪૭] બ્રહ્મસિદ્ધિનો ઉ., પૃ. ૫૯

[૪૮] એજન, પૃ. ૭૫

[૪૯] કુપ્પુસ્વામી શાસ્ત્રીએ એપેન્ડિક્સ ૫ માં પ્રકરણપઞ્ચિકા વગેરેમાંથી જે ઉતારા આપ્યા છે તે જોવાથી એમના દાવાનું પોકળપણું દેખાશે.

‘બ્રહ્મસિદ્ધિ’માં બતાવવી શકાય છે. પણ ઉપર એ પ્રશ્નનો સવિસ્તર વિચાર કર્યો છે અને શંકરમાંથી વાચસ્પતિ અને કદાચ મંડનમિશ્રને પણ એ વિચાર મળ્યો હોવાનો સંભવ છે. બીજી બાબતમાં તો મંડનમિશ્ર તરફ માન હોવા છતાં શંકર તરફ વાચસ્પતિને ઘણું વધારે માન છે, અને શંકરથી જુદાં પડતાં ‘બ્રહ્મસિદ્ધિ’નાં વચનોને ઉતારીને તેનું વાચસ્પતિએ ખંડન કર્યું છે.[૫૦] મંડનમિશ્રના સ્ફોટવાદનું પણ ખંડન તત્ત્વબિન્દુમાં કર્યું છે.

મંડનમિશ્રે અદ્વૈત વેદાંત સાથે વૈયાકરણ ભર્તૃહરિના કેટલાક સિદ્ધાન્તો, ન્યાયશાસ્ત્રના અમુક સિદ્ધાન્તો અને પૂર્વમીમાંસાની અમુક માન્યતાઓનો મેળ સાધવાનો ‘બ્રહ્મસિદ્ધિ’માં પ્રયાસ કર્યો છે. અને એ એની વિશેષતા છે એમ કહી શકાય. પણ શંકરના પ્રખર પ્રકાશમાં મંડનમિશ્ર ઝાંખા પડી ગયા. ‘બ્રહ્મસિદ્ધિ’ ગ્રન્થનો પ્રચાર લગભગ લુપ્ત થઈ ગયો. દ્રવિડદેશમાં એની હાથપ્રત જળવાઈ રહી એને સદ્‌ભાગ્ય જ ગણવું પડશે, કારણ કે દાર્શનિક દૃષ્ટિથી કે સંસ્કૃત દૃષ્ટિથી શંકર સાથે એને સરખાવી જ ન શકાય. પણ કેટલીક અવાંતર દલીલો માટે ગ્રન્થ વાંચવા જેવો છે અને વેદાંતના ઇતિહાસ ઉપર એમાંથી કેટલુંક અજવાળું જરૂર પડે છે.

---

[૫૦] ભામતી (નિ. પ્રે ક. ૫. વાળી આવૃત્તિ પૃ. ૫૨-૫૩)માં મંડનમિશ્રના યજ્ઞાદિ કર્મથી સમુચ્ચિત બ્રહ્મોપાસના મોક્ષ આપે છે એ મતની દલીલો બ્રહ્મસિદ્ધિ પૃ. ૨૭ થી ૩૬ અને ૧૫૪ વગેરેમાંથી ખેંચી લઈ તેનું (પૃ. ૫૪, ૫૫માં) અને બ્ર. સિ. પૃ. ૧૨-૧૩ તથા પૃ. ૩૫માંથી શબ્દો જ ઉતારીને (પૃ. ૫૮માં) તેનું ખંડન કર્યું છે. વળી બ્ર. સિ. પૃ. ૧૩૦-૧૩-૧નાં વચનોને વાચસ્પતિએ બ્ર. સૂ. ૪-૧-૧૫ની ટીકામાં પૂર્વપક્ષ તરીકે ઉતારી તેનું ખંડન કર્યું છે.

નાગરજ્ઞાતિભૂષણ

પંડિત કવિ નાનાક

શ્રી. રામલાલ ચૂનીલાલ મોદી

ઉપક્રમ

આચાર્ય આનંદશંકરભાઇની સમકક્ષ વિદ્વત્તા અને સમૃદ્ધિવાળા બે નાગર બ્રાહ્મણો મધ્યકાલીન ગુજરાતમાં થયા છે; એક 'કીર્તિકૌમુદી'નો કર્તા સોમેશ્વરદેવ અને બીજા પંડિત નાનાક. પરન્તુ સોમેશ્વર જેટલો જાણીતો છે, તેટલો નાનાક નથી, કારણ કે સોમેશ્વરના રચેલા કેટલાક ગ્રન્થો અને શિલાલેખોની પ્રશસ્તિઓ મળી આવે છે, તેમ જ તેના પૂર્વજો ચૌલુક્ય રાજાઓના પુરોહિતો હોવાથી અને તે જાતે મહામાત્ય વસ્તુપાલનો આશ્રિત કવિ હોવાથી, તેના વિશે ઇતિહાસના પ્રબન્ધોમાં ઘણા ઉલ્લેખો થયેલા જોવામાં આવે છે; પરંતુ નાનાક સંબંધી 'ચતુર્વિંશતિપ્રબંધ'માં સહેજ ઉલ્લેખ હોવા ઉપરાંત બીજું કાંઈ સૂચન કોઈ ગ્રંથમાં મળતું નથી, તેમ જ તેનો રચેલો કોઇ ગ્રંથ પણ મળ્યો નથી. તેણે પ્રભાસપાટણમાં સરસ્વતીસદન બંધાવ્યું હતું, તેની વગર સંવતની[1] પ્રશસ્તિનો શિલાલેખ અને બીજી સંવત ૧૩૨૮ની પ્રશસ્તિનો શિલાલેખ એમ બે મળી આવ્યા છે. તે ઉપરથી તેના સંબંધી કેટલીક હકીકત જાણવા મળે છે.

જ્ઞાતિ અને કુલ

નાનાકનું કુલ આનંદપુર અથવા નગર (હાલના વડનગર)માં રહેતું હતું. તેની જ્ઞાતિ નાગર બ્રાહ્મણની હતી અને તેનું ગોત્ર કાપિષ્ઠલ[2] હતું. તેનો મૂળ પુરુષ સોમેશ્વર હતો. સોમેશ્વરનો જન્મ વડનગર અને વિસનગરની વચ્ચે આવેલા ગુંજા ગામમાં થયો હતો. આ ગુંજા ગામ વૈજવાપ ગોત્રના બ્રાહ્મણોની માલેકીનું હતું, અને તે કોઈ ચૌલુક્ય રાજાએ (કદાચ મૂલરાજે) એ ગોત્રના કોઈ બ્રાહ્મણની દીવાનગીરી(શ્રીકરણવ્યાપર)થી પ્રસન્ન થઈ ઇનામ તરીકે આપેલું હતું. સોમેશ્વર વડનગરનો વતની હોવા છતાં, જન્મ ગુંજામાં થયો હતો, તેથી હું ધારું છું કે તે ગામમાં તેનું

---

[1] ગુ. ઐ. લે. ભા. ૩ પૃ. ૬૭ ઉપર આ પ્રશસ્તિ આપી છે, તેમાં તેનું વર્ષ નથી, પરન્તુ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી ગુ. મ. રા. ઇ. ભા. ૨, પૃ. ૪૦૭માં નોંધે છે કે તે સં. ૧૩૨૦ની છે. પરંતુ Important Inscriptions from the Baroda State એ પુસ્તકમાં આ શિલાલેખોની જે પ્રતિકૃતિઓ છપાઈ છે, ત્યાં પહેલીમાં સંવત આપ્યો નથી.

[2] બંને પ્રશસ્તિમાં (પહેલીનો શ્લોક ૯ અને બીજીનો શ્લોક ૧) નાનાકનું ગામ કાપિષ્ઠલ જણાવ્યું છે, છતાં શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી તેનું ગોત્ર વૈજવાપ જણાવે છે, તે યોગ્ય નથી, તેમ જ તેઓ ગુંજામાં સોમેશ્વર રહેતો હતો એમ લખે છે, તે પણ ખરોબર નથી. ગુંજામાં તો તેનો માત્ર જન્મ થયો હતો.

મોસાળ હશે. સોમેશ્વર પોતે ઉપાધ્યાય હતો અને વિદ્યાર્થીઓને વેદશાસ્ત્રનું શિક્ષણ આપતો હતો. તેને સીતા નામની સુશીલ અને સુશિક્ષિત પત્ની હતી અને આમટ નામનો પુત્ર હતો. આમટ યજ્ઞયાગાદિક કર્મમાં કુશલ હતો. તેને પ્રશસ્તિ અં. ૨ માં દીક્ષિત કહ્યો છે, તેથી તેણે જાતે પણ કોઈ યજ્ઞ કર્યો હશે એમ લાગે છે. તેને સકલગુણવતી સજ્જની નામની પત્ની હતી. તેનાથી તેને બ્રહ્મા જેવો વિદ્વાન ગોવિન્દ નામનો પુત્ર થયો હતો. આ ગોવિન્દ તે આપણા ચરિતનાયકનો પિતા. ગોવિન્દને બે સ્ત્રીઓ હતી. તેમાં પહેલીનું નામ લાછી અને બીજી પત્નીનું નામ સૂહવા હતું. બંને પતિપત્નીએ દેહશુદ્ધિ માટે નર્મદા નદીમાં સ્નાન કર્યું હતું. ગોવિન્દે સંસારનો ત્યાગ કરી સંન્યસ્ત ગ્રહણ કર્યું હતું. ગોવિન્દને ત્રણ પુત્રો હતા. સૌથી મોટો પુરુષોત્તમ વિષ્ણુના જેવો પ્રતાપી હતો. ફેર માત્ર એટલો કે વિષ્ણુની નાભિમાં બ્રહ્માનો વાસ હતો, જ્યારે પુરુષોત્તમના મુખમાં બ્રહ્માનો વાસ હતો, અર્થાત્ વેદ તેના મુખપાઠે હતા. સૌથી નાના પુત્રનું નામ મલ્હણ હતું. તેણે કાશીની યાત્રા કરી હતી. તેને સાંગ ઋગ્વેદ કંઠાગ્રે હતો.

અભ્યાસ અને વિદ્વત્તા

નાનાક ગોવિન્દનો વચલો પુત્ર હતો.[3] તેની બાલ્યાવસ્થા કેવી વીતી હતી તે જાણવામાં નથી, પરન્તુ તેના અભ્યાસ અને વિદ્વત્તાની વીગત પ્રશસ્તિઓમાં જણાવેલી છે. તેણે કાતંત્ર-વ્યાકરણનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. તે કાવ્ય, નાટક અને અલંકારશાસ્ત્રમાં નિપુણ હતો. તે આખા ઋગ્વેદનો જ્ઞાતા હતો અને રામાયણ, મહાભારત, પુરાણો અને સ્મૃતિઓમાં પારંગત હતો. તેનામાં કવિત્વશકિત પણ હતી, કેમકે પ્રશસ્તિકાર જણાવે છે કે (અંક ૧, શ્લો. ૨૦) પ્રાચીન કવિઓએ કરેલા શબ્દોના વ્યયથી કંટાળી વાગ્દેવતાએ તેના મુખમાં નિવાસ કર્યો હતો. જોકે તેનું રચેલું કોઇ કાવ્ય મળ્યું નથી, પરન્તુ વિસલદેવની રાજસભામાં અમરસૂરિની કવિત્વ-શકિતની પરીક્ષા જે પરીક્ષકોએ લીધી હતી તેમાં નાનાક પણ હતો, એમ ચ. વિં. પ્ર. ના અમરસૂરિપ્રબન્ધમાં જણાવ્યું છે. गीतं न गायतितरां युवतिर्निशासु નું ચરણ નાનાકે પાદપૂર્તિ માટે અમરસૂરિને આપ્યું હતું. વળી, વંથળીમાંથી મળી આવેલી અપૂર્ણ પ્રશસ્તિ નાનાકની રચના હશે એમ મારું માનવું છે. તે પ્રશસ્તિ અપૂર્ણ હોવાથી પ્રશસ્તિ રચનારનું નામ તો નથી, પણ તે આનંદપુરનો હતો, તેનું ગોત્ર કાપિષ્ઠલ હતું અને તેના પિતાનું નામ ગોવિન્દ હતું, એ હકીકત તો તેમાં જળવાઈ રહી છે.[4] આ પ્રમાણે તેની કવિત્વશકિતનો થોડોક પુરાવો મળે છે ખરો. નાનાકે વિસલદેવની રાજસભામાં વેદાદિશાસ્ત્રોમાં પરીક્ષા પણ આપી હતી એમ પ્રશસ્તિકાર કહે છે.

---

[3] શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી (ગુ. મ. રા. ઇ., ભા. ૨, પૃ. ૪૦૭) મલ્હણને ગોવિંદનો વચલો પુત્ર અને નાનાકને સૌથી નાનો પુત્ર જણાવે છે, પણ પ્રશસ્તિ અં. ૧ માં મલ્હણને कनिष्ठ (શ્લોક ૨૦) અને નાનાકને कनीयान् (શ્લો. ૨૧) કહ્યો છે.

[4] वंशे कपिष्ठलमुनेरवनीवतंसरत्नं वनीपकवनीनवनीरवाहः ।
भूजानिपूजितपदः पदमिंदिराया गोविंद इत्यजनि कोविदसार्वभौमः ॥ ४४ ॥
श्रीसिंधुरानन्दपुरद्विजस्य तस्यांगजन्मा...(ગુ. ઐ. લે. ભા. ૩, અં. ૨૨૫)

ચારિત્ર્ય અને સામાજિક પદવી

તેનામાં આટલી વિદ્વત્તા હતી, એટલું જ નહિ, પણ તે રાજનીતિમાં નિપુણ હતો, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ હતો, જિતેન્દ્રિય હતો, ઉજ્જ્વલ આચરણવાળો હતો અને નાગરજ્ઞાતિના ભૂષણરૂપ હતો. તે ઉપરાંત તે કાવ્યાનંદમાં રસિક હતો. આથી તે શ્રૌત અને સ્માર્ત બંને સંપ્રદાયના બ્રાહ્મણોના સમાજને શોભાવનારો હતો, એટલું જ નહિ, પણ ત્રણે વર્ણના લોકોમાં આગેવાન થયો હતો. આટલી યોગ્યતાને લીધે વિસલદેવ રાજાએ પણ તેના પગ ધોઈને તેને દાન આપ્યું હતું.

સમૃદ્ધિ અને ઉદારતા

જેમ આચાર્ય આનન્દશંકરભાઈમાં શ્રી અને સરસ્વતીનો સંગમ થયો હતો, તેમ નાનાકમાં પણ લક્ષ્મી અને શારદાનો વિરોધ શમ્યો હતો, એમ પ્રશસ્તિ(અં. ૨)કાર જણાવે છે. અર્થાત્ તેની વિદ્વત્તા જેવી અગાધ હતી, તેવી તેની સમૃદ્ધિ પણ વિપુલ હતી. આ સમૃદ્ધિ વિસલદેવની કૃપાથી પ્રાપ્ત થઈ હતી. જ્યારે વિસલદેવ સોમનાથની યાત્રાએ ગયો હતો, ત્યારે નાનાકને સાથે લઈ ગયો હતો અને ત્યાં પોતે બંધાવેલી વિસલબ્રહ્મપુરીમાં એક હવેલી આપી પ્રભાસમાં કાયમનો વસાવ્યો હતો. અને સોમેશ્વરની પૂજાનું કાર્ય સોંપી બગસરા ગામ જિવાઈમાં આપ્યું હતું. આના બદલામાં વિસલદેવને તે જીવતો હતો ત્યારે શાસ્ત્રપુરાણોની કથાઓ કહી સંભળાવતો અને તેના મરણ પછી પર્વે પર્વે તેનું શ્રાદ્ધ સરાવતો હતો. વળી સોમદેવની પૂજાથી પ્રસન્ન થઈને સોમનાથના મઠપતિ વીરભદ્રે તેને માંગરોળ ગામની ઊપજનો સાતમો ભાગ બાંધી આપ્યો હતો. આથી નાનાકની સમૃદ્ધિ વધી ગઈ હતી. આ સમૃદ્ધિનો તે સદુપયોગ કરતો હતો. પ્રશસ્તિકાર કહે છે કે તેણે ઘણા મહાયજ્ઞો કર્યા હતા, તે ઉદાર બુદ્ધિનો હતો, અતિથિઓનો સારો સત્કાર કરતો, તેના ઘેરથી કોઈ અભ્યાગત ખાલી હાથે પાછો જતો નહિ, તે સૌ બ્રાહ્મણોને નિત્ય બ્રહ્મભોજન કરાવતો[૫] અને પોતાનાં સુપાત્ર સગાંવહાલાં અને મિત્રમંડળીને છૂટે હાથે દ્રવ્યની સહાય આપતો. તેણે ઘણાં સાર્વજનિક કાર્યો પણ કર્યાં હતાં. તેણે પ્રભાસમાં સમુદ્રના કિનારે સારસ્વત સદન બંધાવ્યું હતું. આ કદાચ પાઠશાળા માટેનું મકાન હશે. આથી પ્રશસ્તિકાર યોગ્ય જ કહે છે કે આટલી યોગ્યતાવાળો નાગરભૂષણ નાનાક કોનો મિત્ર ન હોય ?

પત્ની અને પુત્ર

નાનાકને લક્ષ્મી નામની પત્ની હતી. તે મધુરભાષિણી અને ઉભય કુલના ભૂષણરૂપ હતી. તેને ગંગાધર નામનો પુત્ર હતો, પરન્તુ તેની યોગ્યતા વિશે પ્રશસ્તિકાર કંઈ જણાવતો નથી, પણ આશીર્વાદ આપે છે કે તે રાજનીતિમાં કુશળ થાઓ અને પોતાના સુચરિતથી કુલને પાવન કરો. એ ઉપરથી જણાય છે કે પ્રશસ્તિ રચાયાને સમયે ગંગાધરની ઉમર નાની હશે. નાનાકના કુટુંબનું શું થયું તે જાણવામાં આવ્યું નથી. છેલ્લી પ્રશસ્તિ રચાયા કેડે પચીસેક વર્ષ પછી અલાઉદ્દીન ખૂનીના લશ્કરે (સં. ૧૩૫૬) સોમનાથ ઉપર ચઢાઈ કરી હતી, તે વખતે આ કુટુંબનો નાશ થયો હોય અગર તો ભાગીને બીજે જઈ વસ્યું હોય.

---

[૫] આ સો બ્રાહ્મણો તે તેના સરસ્વતીસદન (પાઠશાળા)ના વિદ્યાર્થીઓ કદાચ હશે,

વડનગરો કે વિસનગરો ?

જેમ અત્યારે બ્રાહ્મણોમાં નાગરજ્ઞાતિ ઉચ્ચ મનાય છે, તેમ તે કાળે પણ મનાતું હતું, એમ દ્વયાશ્રય કાવ્ય ઉપરથી જણાય છે (સ. ૧૯, શ્લો. ૬૦ અને તે ઉપરની ટીકા) ને નાનાકની પ્રશસ્તિ અં. ૧, શ્લો. ૩૨માં પણ ગર્વપૂર્વક લખ્યું છે કે मानुष्यैर्द्विजता दुरासदतरा तत्राप्यसौ नागरज्ञातिः ख्यातिमती. નાનાક નાગર બ્રાહ્મણ હતો એમાં શંકા નથી, પરન્તુ તે વડનગરો કે વિસનગરો નાગર હતો, તે સંબંધી મતભેદ છે.[૬] તેના પૂર્વજો વડનગરા હોવાથી તે વડનગરો નાગર હોવાનો વિશેષ સંભવ છે. છતાં પણ ચ. વિ. પ્ર. માં તેને विसलनगरीय કહ્યો છે, તેથી કેટલાક તેને વિસનગરો પણ ગણે છે. જો નાનાકના કાળમાં નાગરમાં ભેદ પડ્યા હોય, તો તે વડનગરો હોઈ શકે, કારણ કે ચ. વિ. પ્ર. માં તેને વિસનગરનો રહેવાસી કહ્યો છે, કંઈ વિસનગરો નાગર કહ્યો નથી. પણ હું ધારું છું કે તેના સમયમાં વિસનગર તાજું જ વસેલું હોવાથી તે સમયે એ ભેદ સ્પષ્ટ પડ્યા નહિ હોય. કેટલાક વિદ્વાનો વિસનગર અજમેરના ચૌહાણ રાજા વિસલદેવે વસાવ્યાનું માને છે, પણ તેને માટે કોઈ આધાર નથી. એવું કહેવાય છે કે મહમ્મદ ગિજનીએ સોમનાથ ઉપર ચઢાઈ કરી, ત્યારે તેના સામે ઘણા રાજાઓ થયા હતા. તેમાં પાટણનો ભીમદેવ પહેલો સામેલ નહિ થવાથી અજમેરના વિસલદેવે ગુજરાત ઉપર ચઢાઈ કરી ભીમને હરાવ્યો અને પોતાની ચઢાઈના સ્મારકરૂપે તેણે વિસનગર વસાવ્યું.[૭] આમાં ઐતિહાસિક તથ્ય નથી, કારણ કે ભીમદેવ મહમ્મદની સામે લઢ્યો હતો એમ મુસલમાન લેખક લખે છે. વળી વિસલદેવ ચૌહાણે ગુજરાત ઉપર ચઢાઈ કર્યાનો પણ કોઈ સ્થળે ઉલ્લેખ નથી. આ વિસલદેવ (વિગ્રહરાજ ત્રીજો) ભીમનો સમકાલીન નહોતો, પણ તેના પુત્ર કર્ણદેવનો સમકાલીન હતો. કર્ણના સમયમાં પણ તેણે ગુજરાત ઉપર ચઢાઈ કરી હોય તેવું જણાતું નથી. વળી સિદ્ધરાજના સમય પહેલાં વિસનગર શત્રુરાજાએ વસાવ્યું હોય તો સિદ્ધરાજ શત્રુના કાયમના સ્મારક જેવા તે નગરનો નાશ કર્યા વિના રહે નહિ. વિસનગરનો ઉલ્લેખ દ્વયા. કાવ્ય કે ચૌદમી શતાબ્દી પહેલાના કોઈ ઉત્કીર્ણ લેખમાં કે ગ્રંથપુષ્પિકા (Colophon)માં જોવામાં આવતો નથી. આથી ચૌહાણ

---

[૬] શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી કૃત ગુ. મ. કા.' રા. ભા. ૨, પૃ. ૪૦૭, ટિ. ૨. શ્રી. દુર્ગાશંકરભાઈ તેને વડનગરો નાગર ગણે છે, તેનું કારણ પુછાવતાં તેમણે જણાવ્યું હતું કે તેનું ગોત્ર "વૈજવાપ" હતું અને તે માત્ર વડનગરા નાગરોમાં જ હોય છે, પરન્તુ બંને પ્રશસ્તિઓમાં તેનું ગોત્ર "કાપિષ્ઠલ" જણાવેલું છે. 'વૈજવાપ' ગોત્ર તો ગુંજાના ઇનામદાર નાગરોનું હતું એ સ્પષ્ટ છે. તેના પૂર્વજો વડનગરના હતા તેથી તે કાળે જો નાગરોમાં જ્ઞાતિભેદ પડ્યા હોય, તો તેને વડનગરો ગણી શકાય ખરો.

[૭] શ્રી. મહાસુખરામભાઈ કૃત 'વીસનગર' પૃ. ૫-૬. તથા શ્રી. વિશ્વેશ્વરનાથ રેઉ કૃત भारतके प्राचीन राजवंश भा. ૧ પૃ. ૨૩૫ તથા ૨૪૬, શ્રી. મહાસુખભાઈએ કોઈ પ્રમાણ આપ્યું નથી. શ્રી. રેઉ 'ફિરિસ્તા'નો આધાર ટાંકે છે, પણ તે મુસલમાનો સાથેના વિસલદેવના યુદ્ધ સંબંધી છે કે વિસલનગર વસાવ્યા સંબંધી છે તે સ્પષ્ટ નથી. વળી તેઓ 'વીસલનગર' કહેતા નથી, પણ 'વીસલપુર' લખે છે, તે બીજું પણ ગામ હોય. તેમ જ તેઓ વિસલદેવ ત્રીજા અને ચોથા બંનેએ વિસલપુર વસાવ્યાનું લખે છે, તો કઈ વાત ખરી માનવી? વિસનગર વિસલદેવ વાઘેલાએ વસાવ્યાનો સ્પષ્ટ પુરાવો છે.

વિસલદેવે તે વસાવ્યું હોય તેમ જણાતું નથી. પરંતુ તે વાઘેલા વિસલદેવે વસાવ્યું હશે એમ લાગે છે. તેણે પોતાના નામથી પ્રભાસમાં (વિસલબ્રહ્મપુરી) વસાવી હતી એમ નાનાકની પ્રશસ્તિમાં ઉલ્લેખ છે. આ પ્રમાણે તેણે વડનગર પાસે વિસલનગર વસાવ્યું હોય તો તેમાં આશ્ચર્ય નથી. વિસલના નામનાં બીજાં ગામો પણ ગુજરાત કાઠિયાવાડમાં છે, જેવાં કે વિસલવાસણા, વિસાવદર (विसलपद्र), વગેરે. આ પ્રમાણે નાનાકના સમયમાં તાજા વસેલા ગામ ઉપરથી નાગરોમાં ભેદ તે કાળે પડ્યા નહિ હોય, પણ પાછળથી પડ્યા હશે, એમ મને લાગે છે. જો તે ભેદ તે સમયે જ પડ્યા હોય તો તે વડનગરો નાગર હોવો જોઈએ. ચ. વિ પ્ર. માં તેને વિસનગરનો રહેવાશી કહ્યો છે તે ખોટું છે, કેમકે પ્રશસ્તિઓમાં તો તેના પૂર્વજો વડનગરના હતા અને તે પોતે પ્રભાસમાં રહેતો એમ સ્પષ્ટ ઉલ્લેખો છે, તેમાં વિસનગરનું નામ સુધ્ધાં નથી.

ઉપસંહાર

ખરેખર નાગરજ્ઞાતિભૂષણ પંડિત કવિ નાનાક ગુજરાતનો સત્પુત્ર હતો. મહાન ગુજરાતીઓની નામાવલિમાં તેનું નામ અગ્રપંક્તિ શોભાવે એવું છે. પ્રશસ્તિકારની સાથે આપણે પણ તેના વિશે કહી શકીએ કે

मुखे यदीये विमलं कवित्वं बुद्धौ च तत्त्वं हृदि यस्य सत्त्वम्।
करे सदा दानमथावदानं पादे च सारस्वततीर्थयानम् ॥१४॥
काव्येषु नव्येषु ददाति कर्णं प्राप्नोति यः संसदि साधुवर्णम् ।
विभूषणं यस्य सदा सुवर्णं प्राप्तं तु पात्रे न मुखं विवर्णम् ॥२९॥

હર્ષગણિકૃત वस्तुपालचरित्र માં છે જુઓ પ્રસ્તાવ ૮ (રચ્યા સંવત ૧૪૯૭)

निजनाम्ना निवेश्योर्व्यां नगरं मंत्रिणा नवम् ।
श्रीविशलनृपोऽनैकधर्मस्थानमनोहरम् ॥४७॥
अकम्पधर्मवप्रेभ्यो विप्रेभ्यो वासहेतवे ।
परितो द्वादशग्रामाभिरामं सुकृती ददौ ॥४८॥
सत्यशौचदयानिष्ठा विशिष्टाचारतत्परा ।
वसन्ति ब्राह्मणास्तत्र पवित्रा वेदपाठतः ॥४९॥
नरेन्द्रशासनप्राप्तस्थानाच्छादनभोजनाः ।
षट्कर्मनिरता नित्यं निश्चिन्ता निष्परिग्रहाः ॥५१॥
प्रासादं ब्रह्मणस्तत्र जगत्सौन्दर्यजित्वरम् ।
गजवाजिनरोदाररचनाराजितं किल ॥५२॥

આ ઉપરથી જણાશે કે વિસનગર વિસલદેવે વસાવ્યું હતું, એટલું જ નહિ, પણ તેમાં બ્રહ્માનું ભવ્યમંદિર બંધાવ્યું હતું અને બ્રાહ્મણોને તેના ફરતાં બાર ગામ દાનમાં આપ્યા હતાં.

અર્થ-જેના મુખમાં નિર્મળ કવિત્વ છે, બુદ્ધિમાં તત્ત્વજ્ઞાન છે, હાથમાં હંમેશાં દાનની વસ્તુ છે અને પગમાં સરસ્વતી તીર્થની યાત્રાનું ચિહ્ન છે. જે નવાં કાવ્યો સાંભળે છે, સભામાં સત્પુરુષનું માન મેળવે છે, સદા સોનાનાં આભૂષણો ધારણ કરે છે અને સુપાત્ર મનુષ્યના સામે પોતાનું મુખ બગાડતો નથી.[૭]

આચાર્યશ્રી આનન્દશંકરભાઈની વિદ્યાર્થિદશા

આચાર્યશ્રી ગુજરાત કોલેજ છોડીને બનારસ સધાવ્યા ત્યારે એમને આપવાનું માનપત્ર ઘડવાનું હતું એને અંગે એમના વિદ્યાર્થિજીવન વિશે મને જે થોડુંક જાણવા મળ્યું હતું તેની આ પ્રસંગે નોંધ કરું તો કદાચ અનુચિત નહિ ગણાય.

આનન્દશંકરભાઇ પ્રવેશિકા(મેટ્રિક્યુલેશન) માં બેઠા ત્યારે સંસ્કૃતમાં એમનો પહેલો નંબર આવ્યો હતો અને જગન્નાથ શંકર શેઠ શિષ્યવૃત્તિ એમને મળવી જોઈતી હતી, પણ પરીક્ષકોએ જોયું તો પોતે ગુજરાતી હતા, અને ગુજરાતીને શિષ્યવૃત્તિનું કાંઇ કામ નહિ એમ કરીને તેઓએ પહેલી ને બીજી બેય શિષ્યવૃત્તિ દક્ષિણીને આપી દીધી. આ વાત ગુજરાત કોલેજમાં શ્રી ઢેકને કરીને એક અધ્યાપક હતા તેમણે આનન્દશંકરભાઇને કરી હતી.

બીજું, પોતે એફ. એ. માં બેઠા ત્યારે પણ સંસ્કૃતમાં પહેલો નંબર આવ્યો હતો, પણ દૈવયોગે ત્યારે પોતે બીજા એક વિષયમાં નીકળી ગયા, એટલે સંસ્કૃતનો પહેલો નંબર નકામો ગયો.

બી. એ. તથા એમ. એ. માં પોતે 'ત્રીજા' વર્ગમાં જ પાસ થયા.

આમ આનન્દશંકરભાઇની વિદ્યાર્થિ-કારકિર્દી જોઇએ છીએ તો એમાં કાંઇ વિશિષ્ટતા દેખાતી નથી, તોપણ વિદ્યાની અનન્ય તથા તેજસ્વી ઉપાસના પોતે કરી એવી બહુ ઓછા કરી ગયા છે ને કરશે.

આ ઉપર સામાન્ય પંક્તિના વિદ્યાર્થીઓએ આ બોધ લેવાનો છે, કે પરીક્ષામાં ઊંચો આંક ભલે ન આવે, તોપણ જીવનમાં ઊંચો આંક મેળવવા એ પ્રયત્ન કરે તો કોઈ એને રોકી ન શકે. અને 'તેજસ્વી' વિદ્યાર્થીઓએ એમ શીખવાનું છે, કે દુનિયામાં પડ્યા પછી તેઓ લોકહિતાર્થે કાંઇ પ્રવૃત્તિ કરી જાય તો તો ઠીક છે, નહિ તો ઉજ્જવલ વિદ્યાર્થિ-કારકિર્દીનું મૂલ્ય અતિઅલ્પ છે.

પૂના
સં. ૧૯૯૮ આશ્વિન વદિ ૬
શુક્રવાર

દેસાઈ વાલજી ગોવિન્દજી

---

[૭] બીજી પ્રશસ્તિ સરસ્વતી સરોવર સંબંધી છે, એમ અત્યાર સુધી ધારવામાં આવતું હતું, પણ Important Inscriptions from the Baroda State એ પુસ્તકમાં આપેલી પ્રતિકૃતિ ઉપરથી જણાય છે કે મૂળ પાઠ સરઃ નથી પણ સદઃ છે, તેથી બંને પ્રશસ્તિઓ સરસ્વતી સદન સંબંધી પ્રશસ્તિ ઘણા કવિઓ પાસે રચાવી હશે તેમાંથી બે કવિઓની સારી લાગવાથી, બંને શિલામાં કોતરાવી હશે એમ હું માનું છું, તેથી પહેલીમાં રચનાકાળ આપ્યો નથી, પણ બંને એક જ સમયની છે.

"હાં રે કોઈ માધવ લ્યો !"

ડૉ. મંજુલાલ ર. મજમૂદાર

મનુષ્યને જે વસ્તુનું અહોરાત્ર ચિંતન થયા કરતું હોય, તેનું મન પણ તેના–મય, તન્મય થઈ જાય છે, એવો સ્વાભાવિક અનુભવ છે. તે ઉપરથી તત્ત્વજ્ઞાનીઓએ એક 'લૌકિક ન્યાય'—લોક-કહેવત પ્રચલિત કરી છે : એનું નામ कीटभ्रमरीन्याय : કીડાને ભમરી વારંવાર આવીને ડંખ મારી જાય ત્યારે કીડાને જે દુ:ખનો અનુભવ થાય છે તેનું તેને પ્રતિપળે સ્મરણ રહ્યા કરે છે : અને 'ઓ ભમરી આવી ! ઓ ભમરી આવી !' એવું અખંડ રટણ એને રહ્યા કરે છે. આવા સતત રટણને પરિણામે, કહેવાય છે કે, કીડો, કીડો મટી જઈ, ભમરી બની જાય છે : તેની કાયાપલટ થઈ જાય છે.

આવી જ રીતે જીવાત્માને જો પરમાત્માનું સતત સ્મરણ રહ્યા કરે, તો તે પરમાત્મસ્વરૂપ બની જાય છે. તેથી જ શ્રુતિવાક્ય છે કે यो यः स्मरति स एव सः । ब्रह्मविद् ब्रह्मैव भवति । જે જેનું સ્મરણ કરે છે તે તેવો બની જાય છે. બ્રહ્મને જાણનાર, બ્રહ્મને જાણ્યા પછી, પોતે સાક્ષાત્ બ્રહ્મરૂપ બની જાય છે.

મનુષ્યનું આન્તર મન જે વસ્તુમાં લીન હોય છે તે વસ્તુના વિચાર તેના મનમાં ઘોળાયા કરે છે : બાહ્ય મન અને શરીર, બાહ્ય વ્યાપારોમાં રોકાવા છતાં, તેના વિચાર તેના આન્તર મનનો કબજો લઈ લે છે. અને પરિણામે બહારના વ્યાપારમાં તેની એકાગ્રતા રહેતી નથી. 'શૂન્યમનસ્ક' એવો શબ્દ એને માટે પ્રચલિત છે. 'વેણી ગૂંથી ને માંહી ફૂલ હું તો ભૂલી'—એવા પ્રકારની નાયિકાની ભુલકણી પ્રવૃત્તિને તેની સખી મીઠો ઉપાલંભ આપતાં પૂછે છે : 'ભૂલ્યું ભુલાય એમ કેમ ? અલબેલડી !' —આ પ્રશ્નનો ઉત્તર બાહ્ય વ્યાપારમાં દેખાતા તેના મનના ખાલીપણામાંથી મળી રહે છે.

શ્રુતિરૂપા ગોપીઓ જ્યારે ગોકુલવૃંદાવનની વ્રજભૂમિમાં આહીરજીવન ગાળે છે, ત્યારે તેમનું અખંડ ધ્યાન બાલલીલાવતારી શ્રીકૃષ્ણમાં જ રહે છે : તેનું સુંદર વર્ણન 'હરિવંશ'માં તથા 'શ્રીમદ્‌ભાગવત'ના 'દશમસ્કંધ'માં આપેલું છે. લોકદૃષ્ટિએ બાહ્ય વ્યાપારમાં રોકાયેલાં રહેવા છતાં, તેમનાં વત્સલ મન સનાતન–બાલક એવા શ્રીકૃષ્ણનાં ચરિત્રસંકીર્તનમાં જ રચ્યાં-પચ્યાં રહે છે. વૃત્તિઓરૂપી ભ્રમર, બીજા વિષયો (પદાર્થો તથા પ્રદેશો)માં ભ્રમણ કરવાને લીધે 'ગુણગુણ' અવાજ કર્યા કરે છે અને ઠરી ઠામ બેસી શકતો નથી. પરંતુ એને જ્યારે પોતાનું વંશરંધ્ર (વાંસમાં કોરેલું ઘર) મળી આવે છે ત્યારે એનો બધો ગણગણાટ શમી જાય છે; અને આત્મા સાથે તે લયલીન—એકાકાર બની જાય છે : ગોપીઓનાં મન પણ જ્યારે બાલકૃષ્ણના વિચારોથી સભર ભર્યાં હોય છે ત્યારે એમનાં મનમાં બીજા વિચારો માટે બિલકુલ જગા રહેતી નથી :

ઊલટું, મનમાં ઘોળાતા વિચારો ઊભરાઈ, છલકાઈને બહારના વિચારોને અને વ્યવહારોને પણ ભીંજવી દે છે : તેને તેવો રંગ ચઢાવે છે.

મહી વેચવા જતી વ્રજની ગોપી મહી વેચવાના બાહ્ય વ્યાપારની સાથે, મનમાં અખંડ સ્મરાયા કરતા બાલકૃષ્ણનું નામ કેવી રીતે ભૂલથી જોડી દે છે અને તેથી સહૃદયીને કેટલી રમૂજ ઉત્પન્ન કરે છે—એ કથાપ્રસંગે કેટલાંક ખૂબ સુંદર ગીતો આપણને આપ્યાં છે. લગભગ તેરમા શતકમાં થઈ ગયેલા બિલ્વમંગળ સ્વામી—લીલાશુકે श्रीकृष्णकर्णामृतમાં આ સંબંધી એક સંસ્કૃત મુક્તક રચ્યું છે:—

विक्रेतुकामा किल गोपकन्या
मुरारिपादार्पितचित्तवृत्तिः ।
दध्यादिकं मोहवशादवोचद्
'गोविंद-दामोदर-माधवे'ति ॥ —आश्वास २, श्लो. ५६.

એક બીજા કવિએ આ જ વિચારને આર્યાછંદમાં ગૂંથ્યો છે :—

'नन्दसुतं क्रीणीत 'त्यभिदधति दुग्धविक्रये गोष्ठे ।
धन्या वनिता वन्या विक्रीणातीव या कृष्णम् ॥

—આવી રીતે ભાનભૂલેલી શૂન્ય મનવાળી અને તેથી ભુલકણી બનેલી ગોપીને આપણે 'ઘેલી' કે 'ભોળી' એવું નામ આપવા પ્રેરાઇએ છીએ. પરંતુ અહીં ધ્વનિત કરેલી ઘેલછા કે તેનું ભોળપણ — જેને બિલ્વમંગલ સ્વામી 'મોહ' (બેભાનપણું) કહે છે, તેને તેના સાદા અર્થમાં સમજવાનાં છે. અનહદ ભક્તિની દૃષ્ટિએ કે અનન્ય સ્નેહની દૃષ્ટિએ ગોપીની ઘેલછા અને ભુલકણાપણું ભક્ત હૃદયને આનંદિત કરે છે, અને સહૃદયીને તેના સદોદિત સ્મરણ માટે ધન્યવાદ ઉચ્ચરાવે છે.

નરસિંહ મહેતાએ બે જુદાં પદમાં આ પ્રસંગને ગાયો છે. 'શૃંગારમાળામાં'માં ગૂંથાયેલું પદ ૮૧મું * વિશેષ પ્રસિદ્ધ નથી :

"ધરણીધરશું લાગ્યું, માહારું ધ્યાન રે :
મહીડું વીસરી ગયું : 'લ્યો કોઈ કહાન રે'—ધરણીવર શું૦
ચાલી ચાલી ગોવાલણી, ગૈ નગર મોઝાર રે :
મટુકીમાં બેઠા, શ્રી દેવ મોરાર રે—ધરણીધર શું૦
લોક કહે : 'ગોવાલણી, ઘેલી થઈ રે :
વેચે છે કાહાન અને માથે છે મહી રે !'—ધરણીધર શું૦
નરસૈંયાચો સ્વામી, ભેટશું ધીર રે :
આપ-સરીખડી વાહાલે, કીધી આહીર રે—ધરણીધર શું૦ *

પોતાની વૈખરી વાણીનું ઉચ્ચારણ અને પોતાનું આન્તર મન—તે વચ્ચેના વિરોધનું પૃથક્કરણ ગોપી પોતે જ કરવા માંડે છે : "હું મહી વેચવા નીકળી છું અને 'કહાન લ્યો' એમ કેમ કહું છું ?"—એ પોતાને પ્રશ્ન કરે છે. એનું આન્તર મન એની ગૂંચ ઉકેલી આપે છે : "ધરણીધર શું લાગ્યું માહારું ધ્યાન રે : તેથી, મહીડું વેચવા નીકળી છું એ વાત હું ભૂલી ગઈ, અને

---

* 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ', પૃ. ૨૮૮

મારાથી 'લ્યો રે કોઈ કહાન !' એમ બોલાઈ ગયું." બાહ્ય જગતમાં જ રાચનારી લોકદષ્ટિને ત્યારે બીજા જ પ્રકારનો વિરોધ દેખાય છે. લોક કહે છે : "આ શું ? વેચે છે કહાન, અને માથે છે મહી રે ! ખરેખર ગોવાલણી ઘેલી થઈ છે !' દુનિયાનાં ઊંધાં ચશ્માને આમ જ ડાહ્યાં પણ દીવાનાં લાગે છે.

આ એવડા વિરોધનો ઉકેલ પ્રભુ લાવી દે છે; ગોપીની ચોખ્ખી ભૂલ—ચોખ્ખી શરતચૂકને પ્રભુ સુધારી લે છે. ભક્તોના ભાવને પ્રભુ કેવા અધીન બને છે અને દુનિયામાં તે ભાવનાનો કેવો સાક્ષાત્કાર કરી બતાવે છે—તે અનેક ભક્તોની ભીડપ્રસંગે પ્રભુએ કરી બતાવેલું છે. અહીં તેથી જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ મટુકીમાં આવીને બેસે છે ! કોઈ પૂછશે : 'ખરેખર, પ્રભુ ક્યાં વસે છે ?' તેને ઉત્તર છે : 'જ્યાં ભક્તો એમનું સ્મરણ કરે છે ત્યાં.' પોતે શ્રીમુખે કહ્યું છેઃ—

'नाऽहं वसामि वैकुण्ठे योगिनां हृदये न च ।
मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ॥'

સાક્ષાત્કાર થયા પછી ગોપીરૂપી વૃત્તિને પ્રભુએ આત્મામાં લીન કરી દીધી—'આપ સરીખડી વાહાલે કીધી આહીર રે' : એટલે પછી કોઇને કંઈ કહેવા-સાંભળવાપણું રહ્યું જ નહિ—केन कं पश्येत् જેવો પ્રશ્ન રહ્યો નહિ.

ઉપરના પદના કેન્દ્રભૂત વિચારને નરસિંહ મહેતાએ એક બીજા પદમાં જરા વધારે તાદશતાથી વર્ણવ્યો છે; અને એમાં કંઈક કથાતત્ત્વ પણ ભેળવ્યું છે. 'ગોપી કહાનને વેચે છે કે મહીને વેચે છે ?' તે સંબંધી લોકોનો ભ્રમ દૂર થયો કે નહિ તે ઉપરના પદમાં કહેવાયું નથી : આ અંગને નીચેના પદમાં પ્રાધાન્ય અપાયું છેઃ—

"ભોળી રે ભરવાડણ હરિને, વેચવા ચાલી :
સોળ સહસ્ર ગોપીનો વાહાલો, મટુકીમાં ઘાલી—ભોળી૦
અનાથના નાથને વેચે, આહીરની નારી :
શેરીએ શેરીએ સાદ પાડે : 'લ્યો કોઈ મોરારિ !'—ભોળી૦
મટુકી ઉતારી, માંહી મોરલી વાગી :
વ્રજનારીને સહેજે જોતાં, મૂરછા લાગી—ભોળી૦
બ્રહ્માદિક ઇન્દ્રાદિક સરખા; કૌતુક એ પેખે;
ચૌદ લોકના નાથને, કાંઇ મટુકીમાં દેખે—ભોળી૦
ગોવાલણીના ભાગ્યે પ્રગટ્યા, અંતરજામી :
દાસલડાને લાડ લડાવે, નરસૈંનો સ્વામી—ભોળી૦"

ભક્તાધીન ભગવાન જેવા ભાવે સ્મરાય છે તેવા ભાવે ભક્ત સમક્ષ પ્રત્યક્ષ થાય છે. महतो महीयान् ઇશ્વર अणोरणीयान् બને છે—ચૌદ લોકના નાથ ગોપીની નાની સરખી મટુકીમાં સમાઈ જાય છે; અને તેવા સૂક્ષ્મ સ્વરૂપે ભકતોને કૌતુકભર્યું દર્શન દે છે. અંતર્યામી ભગવાન આ રીતે ભકતોના ભાવનું લાલન કરે છે, તેનું સુંદર દષ્ટાંત અહીં આપ્યું છે.

મૂલ ભાગવતમાંના કથાપ્રસંગનો અંકુર અને બિલ્વમંગલ સ્વામીના રચેલા મુક્તકમાંનો

સૂક્ષ્મ ભાવ નરસિંહ મહેતાએ એ જુદાં પદમાં ગૂંથ્યો છે. એ પદોમાં, ગોપીઓની આસક્તિ અને અનુરક્તિને પરિણામે જે રમૂજ થઈ તેનાં હુલામણાં ભક્તકવિએ ગાયાં છે; છતાં એમાંનું કથાતત્ત્વ આછું અને ઓછું સ્પષ્ટ છે.

નરસિંહ મહેતાનાં અનુગામી મીરાંબાઇએ એ જ પ્રસંગમાંથી એક સુંદર ઊર્મિગીત ઉપજાવ્યું છે. એમાં કથાપ્રસંગનો ઉકેલ વર્ણનાત્મક શૈલીમાં નહિ પરંતુ સીધી સંવાદાત્મક શૈલીમાં કર્યો છે. અને અહીં જ નરસિંહ મહેતાની પુરુષસુલભ સરલતા અને મીરાંબાઇની સ્ત્રીસહજ ભાવોર્મિની સાહજિકતા વચ્ચેનો ભેદ આપણે જોઈ શકીએ છીએ. તેમના ગીતનો ઉપાડ જ કવિત્વમય અને કુતૂહલપ્રેરક છે :

“ હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો ! ”

—આવા ઉપાડથી જાગ્રત થયેલું કુતૂહલ પછીની લીંટીઓથી શાંત થાય છે. ‘ કોઈ માધવ લ્યો !’ એવું કોણ બોલે છે? ક્યારે બોલે છે? શું કામ બોલે છે?—બધા પ્રશ્નોનો તુરત ઉત્તર મળે છે. આખા ગીતનો ઉત્તરાર્ધ આવા પ્રશ્નોના સમાધાન માટે જ યોજાયો છે :

“ વેચંતી વ્રજનારી રે : હાં રે કોઈ૦ ”
માધવને મટુકીમાં ઘાલી :
ગોપી લટકે મટકે ચાલી—હાં રે કોઈ૦

ગામના લોક ગોપીનો ટહુકો સાંભળી તેને સામો પ્રશ્ન કરે છે :—

“ હાં રે ગોપી ! ઘેલું શું બોલતી જાયે ?
માધવ મટુકીમાં ના સમાયે !”—હાં રે કોઈ૦

માધવના રણરણથી જેનું મન સભર ભરેલું છે તેવી ગોપી જરાયે સંકોચ કે સંભ્રમ વગર ઉત્તર દે છે કે :

“ નવ માનો તો જુઓ ઉતારી— ”

—અને ખરેખાત, ભક્તની લાજ રાખનાર ભગવાન—જેના તરફ લોકો આશ્ચર્યવત્ જોઇ રહે છે તે જ કંઇ આશ્ચર્ય જેવું કરી બતાવે છે : અને ‘ તુલસીને પત્રે તોળાનાર ’ પ્રભુ ભક્તને સાચી પાડે છે:

“ માંહી જુવે તો કુંજવિહારી !”—હાં રે કોઇ૦

આમ ને આમ,

વૃંદાવનમાં તે જાતાં દાહાડી :
વાહાલો ગૌ ચારે છે ગિરિધારી—હાં રે કોઇ૦

ગોપી ચાલી વૃન્દાવનમાટે
સૌ વ્રજની ગોપીઓ સાથે--હાં રે કોઇ૦

મીરાંકે પ્રભુ ગિરધર નાગર :
જેનાં ચરણકમળ સુખસાગર—હાં રે કોઈ૦ ”

‘ હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો !’ — એ ટહુકાના ભણકારા આજે પણ પ્રાચીન વ્રજભૂમિમાં અને ગોકુલવૃન્દાવનની ગલીએ ગલીએ ભાવિક યાત્રાવાસીને સંભળાય છે : સામાન્ય પ્રવાસીને તેવું કંઈ થતું નથી.

આઇનસ્ટાઈનનો સાપેક્ષતાવાદ

શુદ્ધ ભૌતિક શાસ્ત્રની દૃષ્ટિએ એ વાદનો પ્રાથમિક ગાણિતિક પાયો

શ્રી. અંબાલાલ બા. પુરાણી

[ગણિતનાં કેટલાંક મૌલિક તત્ત્વોના જ્ઞાન વિના આઈનસ્ટાઈનના સાપેક્ષતાવાદનો અભ્યાસ શક્ય નથી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આઈનસ્ટાઇનનું પોતાના પ્રતિભાબળે ઉપજાવેલું ટેન્સોર્સનું ગણિત તો ઘણું દુર્ગમ્ય હોઈ મારા જેવા માટે તો તે ગજાબહાર છે. છતાં, આઈનસ્ટાઈનનો સાપેક્ષતાવાદ સમજવામાં મદદભૂત થાય એવો ગણિતનો પ્રાથમિક ભાગ અહીં આપવાનો પ્રયત્ન કર્યો છે, જેથી જિજ્ઞાસુ તેના અભ્યાસ પ્રત્યે આકર્ષાય અને સામાન્ય વાચક આઈનસ્ટાઈનના અસલ વાદને કાંઈક ઠીક સમજે.]

ભૌતિક શાસ્ત્રોના વિકાસની રૂપરેખા

અહીં આપણે પદાર્થના સ્વરૂપમાં જ્ઞાનની શોધખોળ કરતાં પરિણામે જે મહાન સામાજિક, ઔદ્યોગિક અને વ્યવહારની સરળતાસાધક પરિણામો માનવજાતિમાં ઉદ્ભવ્યાં છે તેના વિકાસને ગૌણ ગણીને બાજૂએ મૂકીને કેવળ પદાર્થતત્ત્વના શુદ્ધ જ્ઞાનના વિકાસની રૂપરેખા રજૂ કરીશું.

સત્તરમી સદીમાં કાર્ય–કારણનો સિદ્ધાંત ભૌતિક શાસ્ત્રના અબાધિત નિયમ તરીકે સ્વીકારાયો. ગેલીલિયો અને ન્યૂટન તેના પ્રતિભાશાળી શોધકો હતા. ત્યારથી ભૌતિક જગતની એક જડ યંત્ર તરીકે સમજૂતી આપવાના પ્રયત્નો શરૂ થયા અને તે છેક ઓગણસમી સદી સુધી ચાલ્યા. જડ જગતની નિર્જીવ, એટલે જીવનહીન, અચેતન, યંત્ર તરીકે સમજૂતી આપવાનો પ્રયત્ન કરતાં મહાન ભૌતિક શાસ્ત્રવેત્તાઓએ ધાર્યું કે આખરી પૃથક્કરણમાં જીવન પણ પાર્થિવ તત્ત્વોનો સમૂહ, તેમનું જ કાર્ય હોવું જોઈએ. એટલે જીવન પણ છેવટે યાંત્રિક,—જડ તત્ત્વનો જ આવિર્ભાવ છે. એમને પૂછો કે ન્યૂટનની પ્રતિભામાં અને એક યંત્રના કાર્યમાં કશો જ ફેર નહિ ? તો તેઓ કહે કે "ફેર માત્ર સંકુલતાનો." આ વિચાર પ્રમાણે તો માનવની સ્વતંત્રસંકલ્પશક્તિને સ્થાન જ નથી.

ઓગણીસમી સદીની આખરમાં રાસાયનિક તત્ત્વોના અણુ પરમાણુઓનાં સૂક્ષ્મતર સ્વરૂપો શોધાયાં, વિદ્યુદણુ(Electrone)નું અસ્તિત્વ સ્વીકારાયું, અને તેજ, ઉષ્ણતા વગેરેના પ્રસરણ-(Radiation) નો સૂક્ષ્મ અભ્યાસ આરંભાયો. સાથે સાથે રશ્મિલ તત્ત્વ (Radium)ના વિવિધ પ્રકારના આલ્ફા, બીટા, ગેમા વગેરે રશ્મિઓની અને રશ્મિદાયક પ્રવૃત્તિની શોધ મદામ અને મોં. કુરીએ કરી, તેનાંથી પણ પદાર્થતત્ત્વના અંતિમ બંધારણ ઉપર અસાધારણ પ્રકાશ પડ્યો. મેક્સ પ્લેન્ક નામના જર્મન શોધકે પ્રસર (Radiation)ની સમજૂતી આપતાં એવો વાદ રજૂ કર્યો કે વિદ્યુદણુઓમાં જે શક્તિનું પ્રસરણ થાય છે તે ધીમે ધીમે ચઢતા માત્રાની પેઠે

નહિ પરંતુ એક પગથિયેથી બીજે કૂદકો મારતી ક્રિયા પેઠે થાય છે. એના વાદને 'ક્વૉન્ટમ વાદ' કહેવાય છે. એ વાદને પરિણામે જગતના પદાર્થતત્ત્વની અંતિમ રચનામાંથી કેવળ યાંત્રિકતાનો ખ્યાલ દૂર કરવાની ફરજ પડી. એણે સિદ્ધ કર્યું કે પ્રકૃતિની ગતિ ઘણા સૂક્ષ્મ પરિમાણવાળા આંચકાઓ વડે યા તો કૂદકાઓ વડે થાય છે; એ સૂક્ષ્મ આચકાનું માપ "એચ" સર્વ પદાર્થના અંતિમ પરમાણુઓ માટે અવિકારી છે.

આમ પ્રકૃતિની ક્રિયાઓમાં સળંગતા—સાતત્ય હતાં તેને ઠેકાણે Discontinuity—વિચ્છેદતા તૂટકતા આવી. આઇનસ્ટાઈને આગળ જઈને એમ પણ બતાવ્યું કે કાર્યકારણનો નિયમ પણ ભૌતિક જગતમાં અબાધિત નથી એમ મૅક્સ પ્લૅન્કની શોધ સિદ્ધ કરે છે અને અબાધિત કાર્યકારણને ઠેકાણે કેવળ સંભાવ્યતા જ સ્થાપન થઈ શકે છે! ઉદાહરણ તરીક રશ્મિતત્ત્વ—Radium ધાતુ—ના એક પરમાણુનું વિભાજન થઈને સીસાના અને હીલિયમના પરમાણુમાં તે રૂપાંતર પામે છે. હવે તમે રેડિયમ ધાતુના પાંચ હજાર અણુઓ લો તેમાંથી કયો પરમાણુ વિનાશ પામીને સીસાના અને હીલિયમના પરમાણુઓમાં રૂપાંતર પામશે તે કહેવું આજના ભૌતિક શાસ્ત્ર માટે અસંભવિત છે. અલબત્ત, શક્યતા કે સંભાવ્યતા એવી છે કે વર્ષને અંતે બે પરમાણુઓ વિલય પામી જશે અને બાકીના એમ ને એમ રહેશે. પૂર્ણાંક તરીકે જ આ વિલય થાય છે; અપૂર્ણાંક તરીકે કદી થતો જોવામાં આવતો નથી; પરંતુ કયા બે પરમાણુઓનો, એ પ્રશ્નનો ઉત્તર આપી શકાય તેમ નથી.

વળી વધુ ચોંકાવનાર હકીકત તો એ જડી આવી કે રેડિયમ ધાતુનો પરમાણુ આપોઆપ વિભક્ત થાય છે અને એ વિભાજનની ક્રિયાની ગતિ ઉપર કોઇ પણ પ્રકારે—ભૌતિક શાસ્ત્રની કોઇ પણ જાણીતી શક્તિ વડે,—રસાયનકાર્ય વડે, વિદ્યુત વડે, લોહચુંબક કે કોઇ પણ શક્તિના પ્રયોગ વડે—કશી પણ અસર ઉત્પન્ન કરી શકાતી નથી!

આ પ્રકારની અશક્તિ અને કયા વિદ્યુદણુઓ વિભાજન પામશે એનો નિશ્ચય કરવાની અસંભવિતતાને પરિણામે કાર્યકારણતાનો નિયમ કંઇક અંશે હચમચી ગયો. એટલે જીવનમાં પણ યાંત્રિક નિયતિવશતાને બદલે માનવની સંકલ્પશક્તિની સ્વતંત્રતા શક્યતા તરીકે સ્વીકારાવા લાગી.

પદાર્થ-તત્ત્વના અંતિમ સ્વરૂપનું અન્વેષણ કરતાં આખરે ભૌતિકશાસ્ત્ર તેજ આગળ આવીને અટક્યું. તેજના બંધારણનો વર્ષોથી અભ્યાસ કરીને પ્રયોગો વડે વારાફરતી તે સૂક્ષ્માતિસૂક્ષ્મ અણુઓનો પ્રક્ષેપ અને વળી પાછો ઊર્મિનો વિલાસ યાને ઊર્મિમાળાનો પ્રસાર મનાયો. આખરી નિર્ણય અત્યારે એવો લાગે છે કે તેજનું સ્વરૂપ સ્થૂળ પદાર્થતત્ત્વના સૂક્ષ્મવિદ્યુદણુઓથી પણ ઝીણાં એવાં "ફોટોન"નો પ્રક્ષેપ છે, કારણ કે તેજમાં રશ્મિઓની ગતિમાં પૂર્ણાંક વડે જ વૃદ્ધિક્ષય થાય છે. વળી તે ઊર્મિસ્વરૂપ પણ છે, કારણ કે પાણીનાં મોજાંની પેઠે તેજમાં રશ્મિને અવરોધ નડતાં તે અવરોધ આજુબાજુ ફરી વળે છે! અને શ્વેત તેજનાં રશ્મિને કાચના પડેલમાં થઇને પસાર કરતાં સાત રંગના વિવિધ આંદોલનવાળાં મોજાંઓમાં તેનું પૃથક્કરણ થઈ જાય છે. આમ તેજ અણ્વાત્મક છે અને ઊર્મિસ્વરૂપ પણ છે.

લગભગ બે સદીઓ પૂર્વે ભૌતિકશાસ્ત્રવેત્તાઓને સર્વવ્યાપી, આકાશતત્ત્વનું અસ્તિત્વ સ્વીકારવાની ફરજ પડી હતી, કારણ કે તે વિના એકબીજાથી દૂર આવેલા પદાર્થોનાં પરસ્પર કાર્યપ્રતિકાર્યની સમજૂતી આપવી અશક્ય હતી. તેજના કે ઉષ્માના પ્રસરણ માટે જ કેવળ નહિ, વિદ્યુત અને લોહચુંબકનાં કાર્યો માટે પણ આકાશતત્ત્વ આવશ્યક હતું. અને બે દૂર રહેલા પદાર્થો વચ્ચે કાર્ય કરતું ગુરુત્વાકર્ષણ પણ આકાશતત્ત્વ વિના કેવી રીતે સંભવિત બને? આ અન્વેષકોને જણાયું કે ગુરુત્વાકર્ષણની અને રશ્મિલના અણુના વિભાજનના પરિણામે થતા રશ્મિવિકીરણની સમજૂતી માટે આકાશતત્ત્વનું અસ્તિત્વ આવશ્યક છે, પરંતુ બીજી બધી ઘટનાઓ તો એવા આકાશતત્ત્વ વિના પણ સમજાવી શકાય તેવી છે.

આખરે એ આકાશતત્ત્વના ગુણોનો અભ્યાસ કરવા માટે માઇકેલસન અને મોર્લી નામના બે અન્વેષકોએ પચાસ વર્ષ પૂર્વે પ્રયોગોની યોજના કરી જે દ્વારા આકાશતત્ત્વમાં ફરતી પૃથ્વીની ગતિ ઉપર થતી એની અસરનું માપ કાઢી શકાય. પ્રયોગની યોજના એટલી તો સૂક્ષ્મગ્રાહી હતી કે ધારેલી અસરનો એકસોમો ભાગ પણ તે દર્શાવી શકે. પરંતુ ઘણા પ્રયોગોને અંતે પૃથ્વીની ગતિના વેગ ઉપર આકાશતત્ત્વમાં ગતિ કરવાને પરિણામે વિરોધની કાંઈ પણ અસર માલૂમ જ પડી નહિ. આમ પરિણામ તો અભાવાત્મક આવ્યું.

એની સમજૂતી લોરેન્સ અને ફીટઝીરોલ્ડ નામના બે ભૌતિક વિદ્યાવિશારદોએ એવી આપી કે આકાશતત્ત્વમાં ગતિ કરતો પદાર્થ પોતાની ગતિની દિશામાં સંકોચાતો હોવો જોઇએ, તેથી આપણે તે માપી શકતા નથી.

આઇનસ્ટાઇને ૧૯૦૫ની સાલમાં જાહેર કર્યું કે પ્રકૃતિ યાને કુદરતનું બંધારણ જ એવું છે કે તેમાં કોઇ પણ પ્રયોગ વડે આપણે નિરપેક્ષ ગતિને જાણી શકીએ તેમ છે જ નહિ. આનો અર્થ એવો પણ થયો કે પ્રકૃતિમાં આકાશતત્ત્વ જેવું કોઇ સર્વવ્યાપી, સર્વેને માટે સમાન એવું, માધ્યમ નથી જેને આપણે પરિમાણ—મંડળ તરીકે (યાને પરિમાણો માપવાના ચોકઠા તરીકે) વાપરી શકીએ. મર્યાદિત સાપેક્ષતાનો આ સિદ્ધાંત આપણને પ્રથમ દૃષ્ટિએ ન સમજાય તેવો લાગવાનો સંભવ છે. એકાદ ઉદાહરણ આપીને તે સ્પષ્ટ કરીશું. ધારો કે તમે નદીમાં કે સમુદ્રમાં એક વહાણને લંગર નાંખીને પડેલું જુઓ છો. બીજે દિવસે પણ તમે તેને ત્યાં જ જુઓ છો. એટલે સ્વાભાવિક રીતે જ તમે એમ ધારશો કે વહાણ એક જ જગાએ—ગતિ વિના—સ્થિર ઊભું છે. પરંતુ આઇનસ્ટાઇન કહે છે કે એ ખ્યાલ પૃથ્વીપૂરતો જ સાચો છે, એટલે કે તમારું પરિમાણ માપવાનું મંડળ પૃથ્વી હોય તો તમે એને સ્થિર ગણશો, પરંતુ તમે સૂર્યને તમારાં પરિમાણનું ધોરણ બનાવો તો ? તો તમને પૃથ્વી અને એમાં રહેલું તમારું વહાણ પણ દર સેકન્ડે લગભગ ૧૮ માઇલની ઝડપે ગતિ કરી રહેલાં જણાશે. વળી આખી સૂર્યમાળાને લઇને સૂર્ય અવકાશમાં પ્રચંડ ગતિથી ખસે છે, એટલે વહાણ કે પૃથ્વી કોઇ પણ અવકાશમાં સ્થિર છે એમ કહી શકાય નહિ. આમ ગતિમાત્ર સાપેક્ષ લાગે છે.

છેલ્લાં ચાળીશેક વર્ષમાં ભૌતિક શાસ્ત્રના ક્ષેત્રમાં ગણિતશાસ્ત્રનો પ્રભાવ ઘણો વધ્યો છે; અને તેમ થવાનાં કારણો પણ હતાં: અત્યારસુધી ભૌતિક અન્વેષણ કરનારાઓ સ્થળ એટલે પોતાની આજુબાજુ આવી રહેલું, દૂર સુધી પસરી રહેલું, કોઇ તત્ત્વ એમ માનતા; અને કાળને, બીજા સામાન્ય માણસો પેઠે, તેઓ પોતાની પાસે થઇને વહી જતા કોઇ તત્ત્વ તરીકે ગણતા. મતલબ કે, સ્થળ યાને દિશા અને કાળ બન્ને એકબીજાથી ભિન્ન અને નિરપેક્ષ એટલે કે અવિકારી ગણાતાં. કોઇ પણ પદાર્થનું માપ જાણવા માટે જો તે સીધી લીટીમાં હોય તો લંબાઇ, જો તે એક સમતલમાં આવી રહેલ હોય તો લંબાઇ અને પહોળાઇ, જો પરસ્પર કાટખૂણે આવી રહેલ ત્રણ સમતળમાં હોય તો લંબાઇ પહોળાઇ તથા ઊંચાઇ વગેરે નક્કી કરવી પડે છે. આઇનસ્ટાઇન જે પરિમાણનું ધોરણ સ્થાપન કરે છે, તેમાં લંબાઈ પહોળાઇ ઊંચાઇ ઉપરાંત કાળને પણ ચોથા પરિમાણ તરીકે ઉમેરીને એ ચારેને અવિભાજ્ય ગણવામાં આવે છે. દિશા અને કાળને આપણે ભૌતિક પદાર્થોનાં પરિમાણમાં જુદા પાડી શકીએ તેમ નથી, એમ તેનું કહેવું છે. પૃથ્વી—ખરું જોતાં આખું પાર્થિવ વિશ્વ—કેવળ દિશામાં નહિ પરંતુ દિક્ અને કાળ એ બન્નેના અવિભાજ્ય સ્વરૂપના બનેલા Continuumમાં—અતૂટ પટમાં ગતિ કરી રહેલ છે. એને માટે સર જેમ્સ જીન્સ ક્રિકેટના મેદાનનું ઉદાહરણ આપે છે. ક્રિકેટનું મેદાન એ સ્થળ-કાળનો પટ. એમાં ગતિ કરતા દડાને જમણા, ડાબા કે આગળપાછળના ખ્યાલોનો કાંઇ પણ સંબંધ નથી હોતો. એ મેદાનમાં ખાડાટેકરાઓ હોય તો દડો ગતિ કરતાં ઊંચોનીચો જશે. તમે કહેશો કે એમ થવાનું કારણ ગુરુત્વાકર્ષણનું બળ છે. આઇનસ્ટાઇન કહે છે કે મેદાનના પટનો એ અનિવાર્ય ગુણ છે, દડાને ખેંચનાર કોઈ બળની કલ્પના કરવાની જરૂર નથી.

તો પછી પેલા ઇથર—આકાશતત્ત્વનું શું? તે છે કે નથી? તેનું અસ્તિત્વ વાસ્તવિક છે કે નહિ? આઇનસ્ટાઈન એનો ઉત્તર એવો આપે છે કે પ્રકૃતિમાં જેમ સ્થળ અને કાળ એવાં બે તત્ત્વોને ભૌતિક પરિમાણ જાણવા માટે જુદાં પાડી શકાય તેમ નથી, તેમ આકાશતત્ત્વનું અસ્તિત્વ પણ જાણી શકાય તેમ નથી. હું જેને સ્થળકાળનો સંયુક્ત અતૂટ પટ ગણું છું, તેને તમે "આકાશ-તત્ત્વ" કહો કે "સ્થળ" કહો તો કાંઈ વાંધો નથી. એની વાસ્તવિકતા કે અવાસ્તવિકતા વિશે આપણે કાંઇ કહેતા નથી. ઉપયોગી હોવાથી આપણે એ પટનો સ્વીકાર કરીએ છીએ. એટલે કે એ પરિમાણમંડળનો પટ આપણી બુદ્ધિની પેદાશ છે, પ્રકૃતિમાં આવી રહેલ કોઈ નક્કર કે સ્થૂળ પદાર્થ નથી. પણ આપણે પૂછીએ કે, "એમ નહિ—તમે ભૌતિક જગતની ઘટનાઓને સમજાવવાનો દાવો કરો છો, તો આ નવી રીતે સૂર્યમાંથી તેજ પૃથ્વી ઉપર કેવી રીતે આવે છે તે સમજાવો." આધુનિક ભૌતિકશાસ્ત્ર એના ઉત્તરમાં એમ કહે છે કે શક્તિ વહે છે, પ્રસરે છે તે આપણે જાણીએ છીએ, પરંતુ તે એક અણુ—એક બિંદુથી અન્ય બિંદુએ ગતિ કરે છે એ અર્થમાં નહિ. એટલેકે સૂર્યમાંથી નીકળેલું તેજનું એક રશ્મિ મુસાફરી કરતું પૃથ્વી ઉપર પહોંચે છે એમ નથી. સૂર્યમાંથી પ્રસરતો ક્ષોભ--જેને આપણે તેજ કહીએ છીએ—તે ક્ષોભ જ પૃથ્વીને પહોંચે છે. અને આગળ વધીને પૂછીએ કે, "શક્તિ વહે છે એમ કહીએ છીએ તેમાં 'શક્તિ' એટલે શું સમજવું?" તો આધુનિક ભૌતિક વિજ્ઞાન કહે છે કે શક્તિ પણ એક ઉપ-

યોગી વિચાર કે ખ્યાલ છે. વિશ્વમાં વિસ્તરી રહેલ સ્થળકાળનાં ચાર પરિમાણોના બનેલા અતૂટ પટમાં જસતના પતરા ઉપર જેમ સળ પડેલા હોય છે તેમ જે સળો પડે છે, જે ક્ષોભો થાય છે, જે (Distortions) વિકૃતિ થાય છે, તેના સાતત્યને આપણે શક્તિ કહીએ છીએ. ગુરુત્વાકર્ષણનો જે નિયમ ન્યૂટને શોધી કાઢ્યો તે ફક્ત ગતિમાન પદાર્થમાં થતા ગતિના પ્રવેગની સમજૂતી આપે છે. પરંતુ એ સમજૂતી આપતાં ન્યૂટને પદાર્થમાત્રમાંથી ચારે બાજૂ પ્રસરતા ગુરુત્વાકર્ષણના બળની જે કલ્પના કરી તે અનિવાર્ય નથી. આઇનસ્ટાઇન કહે છે કે લંબાઈ×પહોળાઇ×ઊંચાઇ×કાલ એ ચાર પરિમાણોના બનેલા અતૂટ પટમાં ક્ષોભ થાય છે એમ કહીને આપણે પડતા ફળની કે ગતિમાન ગ્રહોની ગતિની સમજૂતી ઊલટી વધારે સારી રીતે આપી શકીએ છીએ.

એણે આપેલી સમજૂતીને પ્રયોગાત્મક સાબિતીઓનો ટેકો પણ મળેલો છે.

પરિમાણો માપવાની પદ્ધતિઓ

૧. એક સપાટીવાળા સમતલમાં આવેલ કોઈ બિંદુની સ્થિતિ ओ, એટલે કે તેના સ્થાનાંક નક્કી કરવા માટે આપણે સામાન્ય રીતે 'ओ' બિંદુ સ્થિર કલ્પીને अेक्ष નામે કોઈ લીટી દોરીએ છીએ. પછી ओ બિંદુને અજાણ્યા સ્થાનાંકવાળા બિંદુ પી ને આપણે લીટીથી જોડીએ છીએ. હવે પી ના સ્થાનાંક નક્કી કરવા માટે अेक्ष ओ पी ખૂણાનું માપ અને ओ पी લીટીની લંબાઈ જાણવી જોઈએ. (જુઓ આકૃતિ ૧.)



આકૃતિ-૧ લી

૨. પરંતુ સપાટ પ્રદેશમાં આવી રહેલ કોઈ પણ બિંદુની કે વસ્તુની સ્થિતિ દર્શાવવી હોય તો સામાન્ય રીતે કાર્ટેઝિયન સ્થાનાંકની પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવે છે. अेक्ष ओ अेक्ष અને વાઇ ओ વાઇ બન્ને કાટખૂણે મળે છે. अे$_1$ બિંદુની સ્થિતિ નક્કી કરવા માટે अे$_1$ ઉપરથી ओ अेक्ष, ઉપર એક લંબ દોરવામાં આવે છે; તથા अे$_1$ ઉપરથી ओ વાઇ ઉપર अे$_1$ સી$_1$ લંબ દોરવામાં આવે છે. આ બન્નેનાં માપ વડે अे$_1$ બિંદુની સ્થિતિ નિશ્ચિત થાય છે.

તે જ પ્રમાણે अे$_2$ બિંદુની સ્થિતિ પણ ओ બી$_2$ અને ओ સી$_2$ એ બેના માપ વડે જાણી શકાય.

હવે આપણે એ$_{૧}$ અને એ$_{૨}$ વચ્ચેનું અંતર "એલ" માપવું હોય તો

ओ અક્ષના ઉપર એ$_{૧}$નું અંતર = અક્ષ$_{૧}$ = ओ बी$_{૧}$ લેવાથી
અને ओ वाइના ઉપર તેનું અંતર = वाइ$_{૧}$ = ओ सी$_{૧}$ લેવાથી
તે જ પ્રમાણે એ$_{૨}$ની સ્થિતિનાં માપ અક્ષ$_{૨}$ = ओ बी$_{૨}$ અને
वाइ$_{૨}$ = ओ सी$_{૨}$ લેવાથી

જાણી શકાય છે.

હવે એ$_{૧}$ અને એ$_{૨}$ વચ્ચેનું અંતર એલ, કાઢવા માટે :—

(એ$_{૧}$.એ$_{૨}$)^{2} = (એ$_{૧}$ ડી)^{2} + (એ$_{૨}$ ડી)^{2} (એ$_{૧}$ ડી એ$_{૨}$ કાટખૂણાવાળો ત્રિકોણ હોવાથી)

એટલે એલ^{2} = (અક્ષ$_{૨}$ − અક્ષ$_{૧}$)^{2} + (वाइ$_{૨}$ − वाइ$_{૧}$)^{2}

બે પરિમાણવાળા પદાર્થોની સ્થિતિ આ પદ્ધતિએ નક્કી કરી શકાય છે. (જુઓ આકૃતિ ૨ જી)



આકૃતિ.૨

૩. હવે ત્રણ પરિમાણુમંડળમાં રહેલું કોઈ બિંદુ કે પદાર્થ કલ્પીએ, તો તેની સ્થિતિ નક્કી કરવા માટે સપાટ પ્રદેશ નહિ પણ ઘન પદાર્થ યા તો અધ્ધર દિશામાં વિસ્તરતો પ્રદેશ આપણે માપવો પડશે.

એટલે કે પરસ્પર કાટખૂણે મળનારાં ત્રણ સમતલો આપણે લેવાં પડશે, અને એ ત્રણેનાં એટલે કે લંબાઈ પહોળાઈ અને ઊંચાઈનાં, માપ આપણે જાણવાં જોઈએ. ત્રણે સમતલોની રેખાઓ ओ નામના મૂલબિંદુએ એકબીજાને મળે છે એટલે ओ અક્ષ, ओ वाइ અને ओ झेड એ ત્રણનું પરિમાણુમંડળ બનેલું છે. (જુઓ આકૃતિ ૩ જી)



આકૃતિ.૩

હવે એ$_{૧}$ બિંદુની સ્થિતિ કે સ્થાનાંક નક્કી કરવા માટે પ્રથમ તો ઓ એક્ષ$_{૧}$ અને ઓ વાઇ$_{૧}$ બન્ને અંતરો નક્કી કરી તેઓ જ્યાં મળે છે તે બિંદુ એમ$_{૧}$ શોધી કાઢવું જોઈએ. પછી એમ$_{૧}$ ને કાટખૂણે લંબ દોરી એ$_{૧}$નું ઝેડની સપાટીમાં સ્થાન નક્કી કરવામાં આવે છે, એટલે કે એમ$_{૧}$ ઝેડ$_{૧}$. આમ એક્ષ$_{૧}$, વાઇ$_{૧}$ અને ઝેડ$_{૧}$ જાણવાથી એ$_{૧}$ ના સ્થાનાંક નક્કી થઈ શકે છે.

તે જ પ્રમાણે બીજું કોઈ બિંદુ એ$_{૨}$ લઈએ તો તેના સ્થાનાંક પણ એક્ષ$_{૨}$ વાઇ$_{૨}$ અને ઝેડ$_{૧}$ જાણવાથી નક્કી થઈ શકે.

એ બન્ને વચ્ચેનું અંતર એલ કાઢવા માટેઃ—

$$(\text{એલ})^{\text{૨}} = (\text{એક્ષ}_{\text{૨}} - \text{એક્ષ}_{\text{૧}})^{\text{૨}} + (\text{વાઇ}_{\text{૨}} - \text{વાઇ}_{\text{૧}})^{\text{૨}} + (\text{ઝેડ}_{\text{૨}} - \text{ઝેડ}_{\text{૧}})^{\text{૨}}$$

એ સમીકરણનો ઉપયોગ કરી શકાય છે

પરિમાણમંડળના સ્થાનાંકોનું રૂપાંતર

ધારો કે, એક પરિમાણ-મંડળ એસમાં આવેલા કોઈ એક બિંદુના સ્થાનાંકો—ઓ એક્ષ વાઇ ઝેડ આપણે જાણીએ છીએ તો બીજા કોઈ પણ પરિમાણ મંડળ એસ' માં ઓ' એક્ષ', વાઇ' ઝેડ'ની સંખ્યામાં તે જ બિંદુનાં પરિમાણો નક્કી કરી શકીએ ખરા ?

આ બીજું પરિમાણ-મંડળ—યાને ચોકઠું—પહેલાની સરખામણીમાં સીધી લીટીમાં અને સમાન વેગ વી પૂર્વક ગતિ કરતું હોય તો આપણે તે બિંદુના સ્થાનાંકો જાણી શકીએ છીએ.

સરળતા ખાતર એમ ધારો કે એક્ષની ધરી એક્ષ', વાઈ અને વાઇ' અને ઝેડ અને ઝેડ' ત્રણે સમાન્તર છે અને ઓ અને ઓ' એ બે મૂળબિંદુઓ ટી કાલ સુધી છૂટા પડે છે અને એક પરિમાણમંડળ વી વેગપૂર્વક ગતિ કરે છે તો ગતિને અંતે ઓ એક્ષ ધરી ઉપરના પરિમાણમાં ફેર પડશે તે આ પ્રમાણેઃ—

એક્ષ' = એક્ષ – વી ટી બાકીનાં પરિમાણો
વાઇ = વાઇ' અને ઝેડ=ઝેડ' એ પ્રમાણે સમાન જ રહેશે.

આ પ્રમાણે એક પરિમાણમંડળના બિંદુના સ્થાનાંકનું અન્ય પરિમાણમંડળનાં સ્થાનાંકોમાં રૂપાંતર સાધી શકાય છે. (જુઓ આકૃતિ ૪ થી). આને ગેલીલિયોની પદ્ધતિ કહે છે અને તેનો પાયો ન્યૂટનના સ્થલકાળના ખ્યાલો ઉપર રહેલો છે.



આકૃતિ. ૪

અત્યાર સુધીની પરિમાણપદ્ધતિઓ સુપ્રચલિત છે. હવે આપણે કેટલાક પ્રયોગો અને તેનાં પરિણામો નોંધીશું અને તે ઉપરથી પરિમાણપદ્ધતિમાં આવશ્યક ફેરફાર કયા છે તેનો વિચાર કરીશું.

૧. તેજની ગતિની નિરપેક્ષતા—

તેજની ગતિની નિરપેક્ષતા નિરપેક્ષ ગતિની શોધ જોડે સંકળાયેલ છે. તે આ રીતે:— સૂર્ય, ગ્રહો, ઉપગ્રહો અને તારાઓમાંથી જે તેજ પૃથ્વી ઉપર આવે છે તે વચલા ખાલી અંતરાળ પ્રદેશમાં પ્રસરી રહેલ આકાશતત્ત્વને (ઈથરને) આભારી છે એમ મનાતું. એ આકાશતત્ત્વ કોઈએ જોયું નથી. પરંતુ એ આકાશતત્ત્વ અર્ધું પદાર્થતત્ત્વ જેવું પાર્થિવ ગણાય છે અને તે સર્વવ્યાપી છે. તે પદાર્થોની આરપાર જાય છે અને ખાલી જગાને વ્યાપીને રહે છે. તેજનું મોજું એ આકાશતત્ત્વમાં ગતિ કરે છે.

હવે એને મધ્યબિંદુ લઈને ૩,૦૦,૦૦૦ કીલોમીટર જેટલી ત્રિજ્યા લઈને એક વર્તુળ દોરો. ૩,૦૦,૦૦૦ કીલોમીટર એટલે ૧,૮૬,૦૦૦ માઈલ; એ મહાન અંતર તેજનું રશ્મિ એક સેકન્ડમાં વટાવે છે.

વર્તુળના કેન્દ્ર એ ઉપર એક દ્રષ્ટા કલ્પો અને તે તેજના રશ્મિની ગતિની દિશામાં વી વેગથી ગતિ કરીને એક ક્ષણ પછી વી બિંદુએ પહોંચે છે. તો એ વી = વી જેટલું અંતર તે એક

ક્ષણમાં કાપશે. તેજનું મોજું તો એક ક્ષણને અંતે એથી ડી સુધી પહોંચી જશે. (જુઓ આકૃતિ ૫). એટલે બી ડી = સી − વી; એમાં સી તેજની ગતિનું સૂચક ગણવાનું.



આકૃતિ.૫

સામી બાજૂએ ગણીએ તો બી इ = સી + વી.

અને બી સીં = $\sqrt{\text{સી}^{૨} - \text{વી}^{૨}}$ – (પાયથેગોરાસના સિદ્ધાંત પ્રમાણે)—

હવે આ બી સી એટલે ગતિ ને લંબની દિશામાં આવેલું અંતર નિશ્ચિતપણે માપી શકાશે, કારણ કે તેજની ગતિ સી સર્વ દિશામાં સમાન રહે છે, અને વી ગતિ પણ નિશ્ચિત છે.

માઈકેલસન મોર્લીનો પ્રયોગ

આકાશતત્ત્વમાં પૃથ્વીની ગતિને પરિણામે તેના વેગમાં ફેર પડવો જોઈએ, એ ધારણા સિદ્ધ કરવા માટે આ પ્રયોગ કરવામાં આવ્યો હતો.

યોજના એવી હતી કે પૃથ્વી જે દિશામાં ગતિ કરે છે તે દિશામાં તેજનું એક રશ્મિ મોકલવું અને પૃથ્વીની ગતિની દિશાને કાટખૂણે પણ એક રશ્મિ એકીવખતે રવાના કરવું. એ બે રશ્મિઓને એક બિંદુએ ભેગાં કરવાં. આમ કરવાથી તે બે રશ્મિઓના પાછા ફરવાના સમયમાં ફેર પડવો જોઈએ, કારણ કે તેજના રશ્મિની દિશામાં પૃથ્વી પોતે ગતિ કરતી હોવાથી એ રશ્મિને પાછા ફરતાં ઓછો સમય લાગવો જોઈએ.

એસની દિશામાંથી તેજનાં રશ્મિઓ આવે છે અને ओ બિંદુ આગળ એ નામના અડધા પારો લગાડેલા અરીસાને તે ૪૫° ને ખૂણે અથડાઇને કેટલાંક સીધેસીધાં અમ$_{૧}$ બિંદુએ રહેલી આરસીમાં પરાવર્તન પામે છે અને એ અરીસામાં અથડાઈને પરાવર્તન પામી ત્યાંથી એલ તરફ ગતિ કરે છે. એસથી એ બિંદુ સુધી આવેલાં કેટલાંક રશ્મિઓ પરાવર્તન પામીને એમ$_{૨}$, બિંદુએ મૂકેલા અરીસામાં પરાવર્તન પામી પાછાં ફરશે અને ओ બિંદુમાંથી પસાર થઈ એલમાં પ્રવેશ કરશે.

હવે તેજનાં બે રશ્મિઓનો માર્ગ આ પ્રમાણે છે:—

(૧) એસ ઓ એમ$_{૧}$ એલ—(૨) એસ ઓ એમ$_{૨}$ એલ. (જુઓ આકૃતિ ૬ઠ્ઠી)



[આકૃતિ ૬]

હવે એક જ સ્થળેથી નીકળતાં તેજરશ્મિઓ પરાવર્તન પામીને એકબીજાને અથડાય ત્યારે તેમનો માર્ગ અસમાન હોય તો, તેજના રશ્મિપટમાં કાળા કાળા પટાઓ દેખાય છે, કારણ કે તેજનાં રશ્મિઓમાંના કેટલાંક પરસ્પર અથડાઇને પોતપોતાની અસર નષ્ટ કરે છે. (જુઓ આકૃતિ ૭.)



આકૃતિ ૭

આકૃતિ ૫ માં ઓ એમ$_{૧}$ = એલ′ અંતર પૃથ્વીની ગતિને સમાંતર છે, અને ઓ એમ$_{૨}$ = એલ પૃથ્વીની ગતિને કાટખૂણે છે. હવે તેજના રશ્મિને એમ જઈને પાછા ફરતાં ટી$_{૧}$ સમય લાગે છે એમ ધારીએ તો :—

$$\text{ટી}_{૧} = \frac{\text{એલ}'}{\text{સી} - \text{વી}} + \frac{\text{એલ}'}{\text{સી} + \text{વી}}$$

એ જ પ્રમાણે એમ$_{૨}$ જઈને પાછા ફરતાં ટી$_{૨}$ સમય લાગે તો

$$\text{ટી}_{૨} = \frac{\text{૨ એલ}}{\sqrt{\text{સી}^{૨} - \text{વી}^{૨}}}$$

આ બન્ને અંતરો અેલ' અને અેલ માઇકેલસને સરખાં જ લીધાં હતાં અને તેણે ધાર્યું હતું કે પૃથ્વી ઓ અમ$_{૧}$ની દિશામાં ગતિ કરતી હોવાથી એ માર્ગે તેજનું રશ્મિ જલદી પાછું ફરવું જોઇએ અને ઓ અમ$_{૨}$ને માર્ગે તેને મોડું થવું જોઇએ.

પરંતુ પ્રયોગને અંતે તેણે શું જોયું ? કે બન્ને તેજનાં રશ્મિઓ એકીવખતે જ પાછાં ફરે છે; અને તેજપટમાં કાળા પટાઓ દેખાતા જ નથી. એટલે કે, ટી$_{૧}$ અને ટી$_{૨}$ બન્ને સરખાં છે. પરિણામે પૃથ્વી આકાશતત્ત્વમાં ગતિ કરતી જણાતી નથી.

હવે આપણે ટી$_{૧}$ = ટી$_{૨}$ લઇએ તો ઉપર આવેલા સમીકરણમાં

$$\frac{\text{अेल}'}{\text{अेल}} = \sqrt{१ - \frac{\text{वी}_२}{\text{सी}_२}}\ \text{થાય.}$$

આ મૂલ્ય પ્રમાણે તો આપણે આકાશતત્ત્વમાં પૃથ્વીની ગતિ કદી પણ જાણી શકીએ તેમ નથી, એ સ્પષ્ટ થાય છે. (કારણ કે પૃથ્વીની ગતિ વીના વર્ગને તેજના રશ્મિની ગતિ સીના વર્ગથી ભાગીએ અને તેને એકમાંથી બાદ કરી તેનું વર્ગમૂળ કાઢીએ તો શૂન્યપ્રાય જ મૂલ્ય આવે; સી = એક સેકન્ડમાં ૧,૮૬,૦૦૦ માઇલ.)

ફીટઝીરેલ્ડ અને લોરેન્સનું સમીકરણ

માઇકેલસનના પ્રયોગના પરિણામ ઉપર લોરેન્સ અને ફીટઝીરેલ્ડે નવું સમીકરણ શોધ્યું તે આ પ્રમાણેઃ—

એમણે એવી દલીલ કરી કે માઇકેલસનના પ્રયોગમાં તેજનું રશ્મિ પોતાની ગતિની દિશામાં અને કાટખૂણે સરખી ઝડપે ગતિ કરે છે, પરંતુ ખરું જોતાં એ બેમાં ફેર પડવો જોઇએ. આપણને તે ફેર નથી માલૂમ પડતો, કારણ કે એ બે બાજૂઓમાંની એક (ગતિની દિશાવાળી) સંકોચાતી હોવી જોઇએ.

એટલે સ્થિર પૃથ્વીની કોઇ લંબાઇ અેલ લઇએ અને જ્યારે વી ગતિપૂર્વક તે ગતિમાન થાય તે લંબાઇ સંકોચાઇને અેલ' થાય છે એમ કલ્પીએ તોઃ—

$$\text{अेल} = \text{अेल}' \sqrt{१ - \frac{\text{वी}^२}{\text{सी}^२}}$$ એમાં સી = તેજના રશ્મિની

ગતિ = ૧,૮૬,૦૦૦ માઇલ દરસેકંડે, એટલે

$$\frac{\text{अेल}'}{\text{अेल}} = \sqrt{१ - \frac{\text{वी}^२}{\text{सी}^२}}$$ એ લંબાઇનું પ્રમાણ થાય જે ઉપરથી આપણે તેજની ગતિની દિશામાં થતો પદાર્થોનો સંકોચ શોધી કાઢી શકીએ. પરંતુ તેજની ગતિને કાટખૂણે આવી રહેલા પદાર્થોની લંબાઇમાં કશો ફેર પડતો નથી.

આ સમીકરણમાં લંબાઇનો જે ફેર યાને સંકોચ છે તે થોડી ઝડપે ગતિ કરનારા પદાર્થો માટે તો નહિ જેવો જ હશે, એટલે આપણે તેની અવગણના કરીએ તોપણ ચાલે, કારણ કે પૃથ્વી

ઉપરની ગતિઓ સામાન્ય રીતે તેજના પ્રચંડ ગતિવેગની—એક સેકન્ડના ૧,૮૬,૦૦૦ માઇલની—સરખામણીમાં નહિ જેવી જ હોય છે; એટલે આપણને એ ફેરફાર દેખાઈ આવતો નથી.

પરંતુ વધારે ને વધારે વેગવાન પદાર્થ બનતો જાય અને જો કોઇ પદાર્થ તેજના જેટલી જ ગતિ મેળવે તો ઉપરના સમીકરણમાં વી = સી થાય. પરિણામેઃ—

$$\frac{\text{એલ}'}{\text{એલ}} = \sqrt{૧ - \frac{\text{વી}^{૨}}{\text{સી}^{૨}}} \text{ એ સમીકરણમાં } \sqrt{૧ - \frac{\text{વી}^{૨}}{\text{સી}^{૨}}} = ૦ \text{ બને}$$

એટલે એવા પદાર્થનાં બધાં પરિમાણો એ જ પરિમાણમંડળમાં જઇ પડશે. એટલે કે સઘળા જ પદાર્થો—માપવાનો ગજ પણ—સરખા જ પ્રમાણમાં સંકોચાશે, જેથી કરીને એ નિરપેક્ષ ગતિ દ્રષ્ટાને માલૂમ જ નહિ પડી શકે!

ખરું જોતાં લોરેન્સ ફીટઝીરોલ્ડની આ સમજૂતી ન્યૂટનના સ્થલ અને કાલની નિરપેક્ષતાના ખ્યાલનું રક્ષણ કરવાની ગરજ સારે છે. પરંતુ શા માટે એમ ધારવું કે પદાર્થમાત્ર ગતિની દિશામાં સંકોચાય છે? શા માટે એમ નહિ કે સ્થળનો જ તે એક ગુણ છે?

આઈનસ્ટાઇને આપેલી સમજૂતી આપણે આગળ જોઈશું; પરંતુ તે પહેલાં તેણે કાલના પરિમાણની સાપેક્ષતા સાબિત કરી તે જોઈએ :—

કાલમાનની સાપેક્ષતા

કાલનું માપ એટલે શું? સમકાલીનતા. "ગાડી આઠ વાગ્યે ઊપડે છે" એટલે? આઠના આંકડા ઉપર ઘડિયાળના કાંટાની આવવાની ક્રિયા અને ગાડી ઊપડવાની ક્રિયા બન્ને એકીવખતે—યુગપદ—થાય છે.

પાસેપાસેના પદાર્થોમાં આ સમકાલીનતાની ખાતરી રાખી શકાય, પરંતુ દૂર અંતરે આવેલા પદાર્થો માટે તેની ખાતરી નહિ રાખી શકાય એમ આઈનસ્ટાઈને બતાવ્યું છે. બે ઘટનાઓ એકીવખતે બને છે એમ ખાત્રીથી કહેવું અસંભવિત છે. તમે કહેશો કે "હું મારી નજરે જોઉં તોપણ?"—"હા, તોપણ."—

ધારો કે એક ઘણી લાંબી આગગાડી વી ગતિએ પાટા ઉપર ચાલે છે. હવે ગાડીમાં બેઠેલા ઉતારુઓ ગાડીને પોતાનાં પરિમાણોના મંડળ તરીકે–સર્વ પરિમાણોનાં ધોરણ તરીકે– ગણશે. બધી ઘટનાઓને તેઓ આગગાડી જોડે યોજીને જાણશે અને જોશે. રસ્તા ઉપર બનતી બધી ઘટનાઓ આગગાડીના દૃષ્ટિબિંદુથી પણ બનશે. સમકાલીનતાનો અર્થ એ છે કે રસ્તાને સ્થિર પરિમાણ–મંડલ તરીકે લઈને કાલ માપો કે આગગાડીને પરિમાણમંડલ તરીકે કલ્પીને કાલનું માપ કાઢો, તો એ બન્ને એક જ આવશે.

રસ્તાને સ્થિર ગણતાં તેના ઉપર આવેલાં એ અને બી એ બે બિંદુએ તેજનો ચમકાર એકીવખતે થાય છે એમ આપણે કહીએ ત્યારે એનો અર્થ એ થાય છે કે એ અને બી એ બેની બરાબર મધ્યમાં આવેલ બિંદુ એમ આગળ તે બન્ને એકીવખતે પહોંચશે અને દેખાશે.

રસ્તા ઉપર બનતી એ ઘટના ગાડીનાં બે બિંદુઓ અે અને વી ઉપર પણ, ગાડી સ્થિર હોય તો, દેખાશે. (જુઓ આકૃતિ ૮ મી). અેમ' એ ગાડીના અે વી અંતરનું મધ્યબિંદુ છે એમ ધારો.



આકૃતિ ૮.

હવે ધારો કે આગગાડી વી વેગપૂર્વક ગતિ કરે છે. તો, જ્યારે અે અને બી ઉપર તેજનો ચમકાર થાય છે (બંદૂકના ફૂટવાને લીધે કે બીજી રીતે) ત્યારે અેમ અને અેમ' બન્ને એક જ હશે. પરંતુ તુરત જ અેમ' બિંદુ ગાડી સાથે વી વેગપૂર્વક ગતિમાન બનશે. એટલે કે દ્રષ્ટા ગાડીમાં ન હોત તો અેમ બિંદુ ઉપર જ રહેત, અને અે તથા બી બન્ને બાજૂથી આવતા તેજના રશ્મિને એકીવખતે જોઈ શકત. પરંતુ ગાડી સાથે તે ગતિમાન હોવાથી તે અે થી દૂર અને બી ની તરફ જતો હશે. પરિણામે, બી થી આવતું તેજનું રશ્મિ તેને પહેલું અને અે થી આવતું જરા મોડું દેખાશે. એટલે તે અેને પાછળની, અને બીને આગળ બનતી ઘટના તરીકે ગણશે.

ફલિત એ થયું કે રસ્તા ઉપર બનતી ઘટનાઓ ગાડીમાં ગતિ કરતા દ્રષ્ટા માટે એકીવખતે બનતી નથી; એટલે કે, પ્રત્યેક પરિમાણમંડળનું કાળમાન જુદું હોય છે. સર્વ ઘટનાઓ માટે નિરપેક્ષ એવું કાળમાન છે જ નહિ. આમ ભૌતિકશાસ્ત્રમાં સ્વીકારાયેલો કાલની નિરપેક્ષતાનો ખ્યાલ મૂકી દેવો પડ્યો.

આ વસ્તુને ગણિતમાં રજૂ કરવાની એક રીત આ પ્રમાણે છેઃ—

અેસ નામનું એક પરિમાણમંડલ સ્થિર છે. એમાં અે બિંદુ એ એક ઘડિયાળ છે જે તે પરિમાણમંડળ માટે અવિકારી છે. બીજા કોઈ બિંદુ બી ઉપર પહેલા બિંદુ અેની ઘડિયાળ સાથે મેળવેલું ઘડિયાળ છે.

તેજનું એક રશ્મિ અેથી બી અને બીથી અે જતાંઆવતાં સરખો **સમય** લેશે, કારણ કે તેજની ગતિ **સર્વ** દિશામાં સમાન છે.

અે બિંદુએથી તેજના એક રશ્મિને રવાના કરો; એથી નીકળતાં $\text{ટી}_{\text{अ}}$ સમય છે, અને બીને પહોંચે છે ત્યારે ટિ બી સમય છે. હવે બી બિંદુ આગળ એક અરીસો રાખીને ત્યાંથી અે તરફ એ રશ્મિને પરાવર્તન પમાડો. જ્યારે તે એ બિંદુને પહોંચે છે ત્યારે $\text{ટી}'_{\text{अ}}$ કાલ છે એમ ધારો.

આપણે પ્રયોગના આરંભમાં અે અને બીની ઘડિયાળોને સમાન—બરાબર—મૂકી છે, એટલે

$$\text{ટી બી} - \text{ટી}_{\text{अ}} = \text{ટી}'_{\text{अ}} - \text{ટી બી}$$

અથવા $$\text{ટીબી} = \frac{\text{ટી}_{\text{अ}} + \text{ટી}'_{\text{अ}}}{૨}$$

વળી આપણે આ સમીકરણ ઉપરથી એ પણ કહી શકીએ કે—

$\dfrac{\text{अब (અંતર)}}{\text{टीबी} - \text{टी}_{\text{अ}}} = \text{सी}$; અર્થાત્ अ અને बी એ બિંદુએ રહેલી ઘડિયાળો સમાન કાલ દર્શાવે એટલા માટે એ બન્ને વચ્ચેના અંતરને બન્ને ઘડિયાળના કાળાંતરથી ભાગીએ તો તેજના રશ્મિની ગતિ सी આવવી જોઈએ.

આનો અર્થ હવે સ્પષ્ટ કરતાં જણાશે કે એ જુદાંજુદાં બિંદુઓએ બનતી ઘટના સમકાલીન છે એમ ત્યારે જ કહી શકાય જ્યારે એ બિંદુઓ એક જ પરિમાણમંડળમાં આવેલાં હોય, અથવા તો સીધી લીટીમાં સમાન વેગપૂર્વક ગતિ કરી રહેલ પરિમાણમંડલમાં હોય.

પરંતુ અસમાન વેગપૂર્વક, એટલે કે પરસ્પર સાપેક્ષ, ગતિ કરનાર પરિમાણમંડળોની ઘટનાઓનો કાલ સમકાલીન છે એમ કહેવું અસંભવિત છે.

તેજના રશ્મિની ગતિ પૃથ્વી ઉપર નિરપેક્ષ છે, અવિકારી છે, એ પ્રયોગાત્મક ઘટનાને લઈને આપણે પ્રશ્ન વિચારવાનો તે એ છે કે એક ગતિમાન અને એક સ્થિર એવાં બે પરિમાણ-મંડલોમાંના એકમાં બનતી ઘટનાનાં પરિમાણો—દિશાનાં અને કાલનાં જાણીતાં હોય તો તેમને બીજા પરિમાણમંડલના માનસમૂહમાં ફેરવી શકાય કે નહિ? અલબત્ત, આ રૂપાંતરમાં એક શરત આપણે પાળવાની તે એ કે તેજનાં રશ્મિની ગતિ એ બન્ને પરિમાણમંડળમાં અવિકારી રહેશે, કારણ કે પૃથ્વી ઉપર તે નિરપેક્ષ માલૂમ પડી છે.

ઉપર આગગાડી અને રસ્તાનું ઉદાહરણ લઇએ. એમાં રસ્તો એટલે ધારો કે के પરિમાણ-મંડળ અને આગગાડી તે के' એવું ગતિમાન પરિમાણમંડળ છે.

હવે के પરિમાણમંડળમાં બનતી કોઈ પણ ઘટનાના સ્થાનાંક નક્કી કરવા માટે ત્રણ પરસ્પર કાટખૂણે મળતાં સમતલો अक्ष, वाइ અને झेडનાં માપ અને टी નામે કાલમાન જાણવું જોઈએ—એ અગાઉ અપાઈ ચૂકેલ સમજૂતી વડે સમજી શકાય તેવું છે.

હવે એ જ ઘટનાનાં પરિમાણો के' નામના પરિમાણમંડળમાં अक्ष', वाइ', झेड' તથા टी' છે એમ ધારો (જુઓ આકૃતિ ૮).

આ બન્ને વચ્ચે કશો સંબંધ નથી. હવે પ્રશ્ન એ છે કે આ બન્ને વચ્ચે સંબંધ સ્થાપન કરવો હોય તો કેવી રીતે થઈ શકે?—તેજના રશ્મિની ગતિ આ બન્ને માટે અધિકારી રહે છે એ આપણી ગણતરીમાં આપણે ધ્યાનમાં રાખવાનું છે. એ રીતે ગણતાં:—

$$\text{अक्ष}' = \frac{\text{अक्ष} - \text{वी टी}}{\sqrt{\text{१} - \dfrac{\text{वी}^{\text{२}}}{\text{सी}^{\text{२}}}}} \quad \text{वाइ} = \text{वाइ}'; \; \text{झेड}' = \text{झेड}'.$$

$$\text{અને टी}' = \frac{\text{टी} - \dfrac{\text{वी}}{\text{सी}^{\text{२}}}\,\text{अक्ष}}{\sqrt{\text{१} - \dfrac{\text{वी}^{\text{२}}}{\text{सी}^{\text{२}}}}}$$

એ પ્રમાણે એકનાં પરિમાણો બીજામાં રૂપાંતર પામશે.

આઇનસ્ટાઈને આ પ્રમાણે ફીટઝીરેલ્ડ અને લોરેન્સના સમીકરણની સમજૂતી ગતિમાન પદાર્થની બાજૂ સંકોચાય છે એમ ધાર્યા વિના, કેવળ પરિમાણમંડળમાં કાલમાનને દાખલ કરીને આપી શકે છે.

ઉપર જણાવેલાં બન્ને પરિમાણમંડલોમાં તેજના રશ્મિની ગતિ કેવી સમાન રહે છે તે જોઈએ.

ઉપરના પરિમાણમંડળમાં એક્ષની બાજૂએ તેજનું રશ્મિ સી ગતિથી પ્રેરાય તો એક્ષ = સી ટી થાય.

હવે એક્ષનું એ મૂલ્ય આપણે બીજા પરિમાણમંડળ (के') માં મૂકીએ તો—

$$\text{એક્ષ}' = \frac{(\text{સી} - \text{વી})\ \text{ટી}}{\sqrt{\text{૧} - \frac{\text{વી}^{\text{૨}}}{\text{સી}^{\text{૨}}}}} \quad \text{આવશે અને}$$

$$\text{ટી}' = \frac{\left(\text{૧} - \frac{\text{વી}}{\text{સી}}\right)\text{ટી}}{\sqrt{\text{૧} - \frac{\text{વી}^{\text{૨}}}{\text{સી}^{\text{૨}}}}}$$

એટલે, એક્ષ' = સી ટી' અર્થાત્ તેજના રશ્મિની ગતિ के' માં નિશ્ચિત થાય છે અને તે સી — અવિકારી—રહે છે.

ઉપરનું આગગાડી અને રસ્તાનું ઉદાહરણ લઈને આપણે બે પરસ્પર અસમાન ગતિ કરી રહેલા પરિમાણમંડળને આઈનસ્ટાઈનની ગણતરી (કાળમાન અને સ્થળમાન) લાગુ પાડીએ.

ધારો કે એ દૃષ્ટાંતમાં આગગાડી વી માઈલની ઝડપે ગતિ કરે છે તેને એક દ્રષ્ટા રસ્તા પર ઊભો રહીને જુએ છે.

હવે ગાડીની અંદર મુસાફરી કરતો એક માણસ (અંદર ને અંદર) વી' માઈલની ઝડપે ગતિ કરે છે એમ કલ્પો.

તો, ગાડીમાં ચાલતા માણસની ગતિ રસ્તે ઊભેલા દ્રષ્ટાને કેટલી લાગશે ?—

પ્રથમ દૃષ્ટિએ તો વી + વી' બેની ગતિનો સરવાળો એમ માનવાને આપણે લલચાઈશું, પરંતુ એ ગણતરી સાચી નથી.

લોરેન્સના સમીકરણનો અને આઈનસ્ટાઇને આપેલી પરિમાણના રૂપાંતરની પદ્ધતિનો ઉપયોગ કરતાં આપણને જણાશે કે આગગાડી અને રસ્તા ઉપરનો દ્રષ્ટા તથા આગગાડી અને તેની અંદરનો માણસ એ બન્ને જુદાંજુદાં પરિમાણમંડળ—એક એસ અને બીજી એસ'—છે, એમ ધારવું જોઈએ.

હવે રસ્તા ઉપરના માણસને આગગાડીમાં ચાલતા માણસની ગતિ વી'' લાગે છે એમ ધારીએ તો, આપણે એસ, અને એસ' એ બે જુદી પરિમાણપદ્ધતિમાંથી એકના પરિમાણનું

બીજાના પરિમાણમાં રૂપાંતર કરવા માટે લોરેન્સના સમીકરણનો ઉપયોગ કરવો પ્રાપ્ત થાય છે. એટલે

$\text{વી}'' = \dfrac{\text{વી} + \text{વી}'}{\text{૧} - \dfrac{\text{વી}\;\text{વી}'}{\text{સી}^{\text{૨}}}}$, એ પ્રમાણે આવશે.

લંબાઈ વગેરે દિશાનાં પરિમાણોની સાપેક્ષતા

આગળ આપણે કાલમાનની સાપેક્ષતા તો જોઈ ગયા. તે ઉપરાંત પણ સ્થિર અને ગતિમાન પરિમાણમંડળની અંદરનાં ઘડિયાળોની ગતિમાં ફેર પડે છે.

હવે લંબાઈ વગેરે સ્થળનાં પરિમાણમાં થતો વિકાર નક્કી કરવા માટે એક મીટર લંબાઇનો લાકડાનો મીટર લો. અને સરળતાને ખાતર કે' નામના પરિમાણમંડળમાં એક્ષ' બિંદુ ઉપર તેને એવી રીતે મૂકો કે એક્ષ' = ૦ થાય. હવે એ મીટરનો બીજો છેડો એક્ષ' = ૧ સુધી લંબાયેલો હશે.

હવે કે નામના બીજા ગતિમાન પરિમાણમંડળમાં એ મીટરની લંબાઈ કેટલી હશે એ પ્રશ્ન આપણે વિચારવાનો છે.

એની લંબાઈ નક્કી કરવા માટે આપણે ટી સમયે કે નામના પરિમાણમંડળમાં તેની સ્થિતિ—(સ્થાનાંક) જાણવી જોઈએ.

હવે જો ટી = ૦ લઈએ તો એક્ષ $= \text{૦} \times \sqrt{\text{૧} - \dfrac{\text{વા}^{\text{૨}}}{\text{સી}^{\text{૨}}}}$. એક્ષ = મીટરના આરંભનું બિંદુ.

અને એક્ષ એક મીટરને અંતે આવતું છેવટનું બિંદુ;—

$$\text{એક્ષ} = \text{૧}. \times \sqrt{\text{૧} - \frac{\text{વી}^{\text{૨}}}{\text{સી}^{\text{૨}}}}$$

એટલેકે એ અંતર $= \sqrt{\text{૧} - \dfrac{\text{વી}^{\text{૨}}}{\text{સી}^{\text{૨}}}}$ થાય છે. હવે વી = ૦ હોય તો એ અંતર = ૧ આવે.

પરંતુ કે નામના પરિમાણમંડળમાં એ મીટર વી વેગપૂર્વક ગતિ કરે છે એમ ધારીએ તો,

તેની લંબાઈ $= \sqrt{\text{૧} - \dfrac{\text{સી}^{\text{૨}}}{\text{વી}^{\text{૨}}}}$ આવશે.

આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે જેમ વી વેગ વધતો જશે, તેમ તેમ એ મીટર વધારે ટૂંકો બનતો જશે.

ફ્રીઝો નામના શોધકે સન ૧૮૫૧માં જુદાજુદા પદાર્થોમાં તેજની ગતિ નક્કી કરવા માટે પ્રયોગો કરીને તેનાં પરિણામો ગણિતના એક સમીકરણમાં રજૂ કર્યાં હતાં.

સ્થિર અને ગતિમાન પદાર્થમાં તેજનાં રશ્મિની ગતિ ફ્રેઝનેમે પ્રથમ શોધી કાઢી હતી

અને ફીઝોએ એ શોધની ખાતરી કરી હતી. સ્થિર પાણીમાં અને ગતિમાન પાણીમાં તેજનાં રશ્મિની ગતિનું સમીકરણ નક્કી કરવામાં આવ્યું હતું.

આઇનસ્ટાઇને આકાશતત્ત્વ કે એવા બીજા કોઇ પણ તત્ત્વનું અસ્તિત્વ સ્વીકાર્યા વિના કેવળ નવી પરિમાણપદ્ધતિ વડે એ જ સમીકરણ સાધી બતાવ્યું.

એણે ગતિમાન પાણીને એક પરિમાણમંડળ તરીકે એસ'—લીધું અને દ્રષ્ટાને એણે બીજું પરિમાણમંડળ કલ્પ્યો—એસ પાણીની ગતિ વી હોય તો, પાણીમાં તેજના રશ્મિની ગતિ વી' લેતાં,

$\text{वी}' = \frac{\text{सी}}{\text{अेन}}$ એ પ્રયોગને અંતે નક્કી થયેલ સમીકરણ હોઇ તે માપી શકાય છે.

હવે બહાર ઊભા રહેલા દ્રષ્ટાને સાપેક્ષ એ રશ્મિની ગતિ વી'' લઇએ તો આગળના સમીકરણ પ્રમાણે (જુઓ પાનું ૪૧૦)

$$\text{वी}'' = \frac{\text{वी} + \text{वी}'}{\text{१} + \frac{\text{वी वी}'}{\text{सी}^{\text{२}}}} = \frac{\text{वी} + \frac{\text{सी}}{\text{अेन}}}{\text{१} + \frac{\text{वी}}{\text{सी अेन}}} = \frac{\text{सी}}{\text{अेन}} + \text{वी}\left(\text{१} - \frac{\text{१}}{\text{अेन}^{\text{२}}}\right) \text{ (લગભગ)}$$

ફીઝોએ પ્રયોગોને પરિણામે શોધેલું સમીકરણ તે એ જ.

લોરેન્સ અને ફીટઝીરોલ્ડે પોતાનું સમીકરણ મેક્સવેલના વિદ્યુત અને ચુંબક-શક્તિને લગતા પ્રયોગો ઉપરથી સાધ્યું હતું; ફીઝોએ તેજના રશ્મિની ગતિના પ્રયોગો પર પોતાનું સમીકરણ રચ્યું હતું. આઇનસ્ટાઇને એ ત્રણે ભૌતિક શાસ્ત્રોના નિયમોને એકરાશમાં પોતાની પરિમાણપદ્ધતિની નવીનતાને પરિણામે આણ્યા અને તેણે સિદ્ધ કરી બતાવ્યું કે દરેક ભૌતિક ક્ષેત્રના નિયમો કોઇ પણ પરિમાણમંડળથી સ્વતંત્ર રીતે દર્શાવી શકાય છે.

મર્યાદિત સાપેક્ષતાનો નિયમ

માઇકેલસનના પ્રયોગના અભાવાત્મક પરિણામને લઇને તથા પરિમાણમંડળમાં કાલમાનની આવશ્યકતા સ્વીકારીને તથા તેજના રશ્મિની ગતિ અવિકારી હોવાને પરિણામે ભૌતિક પ્રયોગાત્મક શાસ્ત્રોમાં જે નવું દૃષ્ટિબિંદુ સ્વીકારવાની ફરજ ઊભી થઇ તેને આઇનસ્ટાઇને શરૂઆતમાં મર્યાદિત સાપેક્ષતાના નિયમનું નામ આપ્યું.

એ નિયમ આ પ્રમાણે છેઃ—

સતત, એકસરખી ગતિ કરતા કોઇ પણ પરિમાણમંડળમાં કાર્ય કરી રહેલા ભૌતિક પ્રકૃતિના નિયમો સદાય એકસરખા જ રહે છે; અને બીજા એવા સ્થિર કે ગતિમાન પરિમાણમંડળને પણ તે નિયમો સરખા જ માલુમ પડે છે.

(આ પ્રમાણે ન હોય તો આપણે સ્વીકારવું જ પડે કે આપણા પરિમાણમંડળમાંનું કોઇ એક પ્રકૃતિને વધારે અનુકૂળ આવે છે અને બાકીનાં પ્રતિકૂળ છે. ખરું જોતાં, સર્વે પરિમાણ

મંડળો આપણી—માનવની સગવડ માટે છે, તેને ઉપયોગી છે.)

ઉપરનો નિયમ બીજી રીતે મૂકીએ તો એમ કહી શકાય કે પ્રકૃતિના સર્વસામાન્ય નિયમો લોરેન્સના પરિમાણમંડલના રૂપાંતરથી અવિકારી રહે છે.

ઉપરના મર્યાદિત સાપેક્ષતાના સિદ્ધાંત ઉપરથી કેટલાંક સત્યો આપણે તારવી શકીશું :—

૧. કાલમાન અવિકારી નથી; તે પરિમાણમંડળ અને ગતિ સાપેક્ષ છે.

૨. દિશા, એટલે કે સ્થળના અંતરનું માપ, પણ સાપેક્ષ છે.

૩. પદાર્થનું વજન પણ સાપેક્ષ છે;—ગતિ સાપેક્ષ છે.

૪. આકાશતત્ત્વ (ઈથર) જેવું કોઈ તત્ત્વ હોય એમ પ્રયોગો ઉપરથી સાબિત કરી શકાતું નથી.

૫. ગુરુત્વાકર્ષણ જેવું અનંત વેગપૂર્વક (ગમે તેટલે અંતરે) અનંત અંતરે કાર્ય કરનારું બળ હોય એમ માનવાને કારણ નથી.

૬. તેજની ગતિ પૃથ્વી ઉપર સર્વ દિશામાં અવિકારી રહે છે, અને તેજ આપનાર પદાર્થ ગતિમાન હોય કે સ્થિર હોય તેની એ ગતિની ઉપર કાંઇ અસર નથી. પૃથ્વી ઉપરનો કોઈ પદાર્થ તેજની ગતિથી વધારે ઝડપે ગતિ કરી શકે એ શક્ય નથી.

૭. અત્યાર સુધી સ્થલને આપણે લંબાઈ પહોળાઈ અને ઊંચાઈનાં ત્રણ પરિમાણોના બનેલા અતૂટ પટ જેવું ગણતા હતા, એને બદલે હવે ચાર પરિમાણમંડળમાં આપણે પદાર્થની પરિસ્થિતિ નિશ્ચિત કરવી જોઈએ, કારણ કે વાસ્તવિક સ્થળ એ કે ત્રણ દિશામાનનું નહિ પરંતુ ચાર પરિમાણોનું બનેલું છે એમ માનવું વધારે સયુક્તિક લાગે છે.

એટલે આપણે "બિંદુઓ" કે "પદાર્થો" નહિ પરંતુ "ઘટના" વિશે જ પરિમાણો નક્કી કરવાં જોઈએ.

આમ કાલ અને દિશાને જુદાંજુદાં ગણવાની અને જુદાંજુદાં માપવાની ભૂલ કરવી ન જોઈએ એમ આઇનસ્ટાઇનનો સિદ્ધાંત સ્પષ્ટપણે પ્રતિપાદિત કરે છે. લોરેન્સનું સમીકરણ સ્પષ્ટપણે સ્થલ-કાલના અવિભાજ્ય પરિમાણ-મંડળનો સ્વીકાર આવશ્યક બનાવે છે.

સાપેક્ષતાનો સામાન્ય નિયમ

ઉપર આપણે સાપેક્ષતાનો મર્યાદિત નિયમ આઇનસ્ટાઇને જાહેર કર્યો તે જોયું. એ નિયમ 'મર્યાદિત' કહેવાય છે, કારણ કે તે "સીધી લીટીમાં અને એકસરખા વેગે ગતિ કરનાર" પદાર્થોને લાગુ પડે છે.

ત્યાર પછી આઇનસ્ટાઇને અસમાન વેગે ગતિ કરનાર સર્વે પદાર્થોને એ નિયમ લાગુ કર્યો તે આ પ્રમાણે :—

"પરિમાણમંડળ ગમે તે હોય, અને તેમની ગતિ ગમે તેટલી હોય, પરંતુ પ્રકૃતિના નિયમોને વ્યક્ત કરવા પૂરતાં એ પરિમાણમંડળો સમાન છે."

ગુરુત્વાકર્ષણ અને સાપેક્ષતાનો સામાન્ય નિયમ

ન્યૂટને ગતિના નિયમો સ્થાપિત કર્યા તેમાં પદાર્થની જડતાનો નિયમ એવો છે કે કોઇ પણ પદાર્થ સ્થિર હોય, કે સમાન વેગે સીધી લીટીમાં ગતિ કરતો હોય, તો તે પોતાની સ્થિતિમાં (સ્થિર કે ગતિમાન ચાલુ જ રહે છે,—સિવાય કે કોઈ બીજું બળ (યાને શક્તિ) વચમાં આવીને તેમાં ફેરફાર કરે.

સર્વ પદાર્થો ઉપર એક બળ સતત કાર્ય કર્યા જ કરતું તેણે માન્યું તે ગુરુત્વાકર્ષણ. ગતિમાન પદાર્થો ધીમા પડી અટકી જાય છે તે એ બળને લઇને; અને સ્થિર પદાર્થોનું વજન આપણને લાગે છે તે પણ એને લીધે.

આ ગુરુત્વાકર્ષણનું બળ પદાર્થમાત્રના ઉપર સમાનપણે કાર્ય કરે છે, પરિણામે સ્થલનાં સર્વે બિંદુઓ ઉપર એ બળ હાજર છે એમ કલ્પવું વધારે યથાર્થ ગણાય. ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો તે આ પ્રમાણે રજૂ થયો છે:—

ગુરુત્વાકર્ષણનું બળ વસ્તુઓમાં રહેલ પદાર્થના જથા ઉપર આધાર રાખે છે અને એમની વચ્ચેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં તેમાં ફેરફાર થાય છે. ગણિતની પરિભાષામાં—

$$\left(\text{अेफ} = \text{जी}\ \frac{\text{अेम} \times \text{अेम}'}{\text{आर}^2}\right)$$

$$\text{अेफ} = \text{जी} \times \frac{\text{अेम} \times \text{अेम}'}{\text{आर}^2}$$

અહીં જી એટલે ગુરુત્વાકર્ષણનો અવિકારી સંખ્યાગુણક ગણવાનો છે.

આઇનસ્ટાઇને પ્રથમ તો ઘણાં વર્ષોથી ભૌતિક શાસ્ત્રોમાં અણઉકેલાયેલો પ્રશ્ન લીધો તે પદાર્થની જડતા અને તેનામાં રહેલ પદાર્થના વજનનો હતો. કોઇ રીતે આ બેને જુદાં પાડી શકાતાં નહિ અને તેમના સ્વરૂપ વિશે કાંઇ ચોક્કસ નિર્ણય પણ બાંધી શકાતો નહિ.

આઇનસ્ટાઇને એનો અભ્યાસ કરી બતાવ્યું કે તે બે જુદાં છે જ નહિ. એણે પ્રશ્ન એ પૂછ્યો કે ગુરુત્વાકર્ષણનું બળ શક્તિ ઉપર કાર્ય કરે છે કે નહિ? આખરે, ભૌતિકશાસ્ત્ર જેને પદાર્થતત્ત્વ કહે છે તે શક્યાત્મજ છે ને! પદાર્થમાં ધારો કે અચેતન જડ કેવળ પદાર્થતત્ત્વનો એક અંશ છે, અને વજન જેને લીધે લાગે છે તે ગુરુત્વાકર્ષણનું બળ–પદાર્થના એ ભાગથી જુદું જ બળ છે. હવે આ બે જુદાં છે?—-આઇનસ્ટાઇન કહે છે કે ના.

રેડિયમ નામની ધાતુમાંથી સતત રશ્મિઉત્સાહ થયા જ કરે છે અને પરિણામે હીલિયમ અને સીસાના પરમાણુઓમાં રેડિયમનો પરમાણુ વિભાજન પામે છે એ સુવિદિત છે. હવે વિભાજનને અંતે રેડિયમનો વિભાજન પામેલો પરમાણુ અને હીલિયમ નવા સીસાના પરમાણુનો સરવાળો પદાર્થરૂપે સમાન થાય. પરંતુ રેડિયમના પરમાણુમાંથી શક્તિ ઓછી થવાને પરિણામે તેનો જડ જથો શક્તિ ઉપર આધાર રાખતો હોવાથી, ઓછો—થશે.

આઇનસ્ટાઇન કહે છે કે એ માન્યતા તર્કસંમત નથી અને પ્રયોગથી પણ એને ટેકો મળતો નથી. ખરું જોતાં પદાર્થતત્ત્વ—Matter—આખરે તો શક્યાત્મક હોવાથી શક્તિ કે બળનું પણ વજન તો હોવું જોઇએ, અને એમ જો હોય તો ગતિ કરતું તેજનું રશ્મિ (જ્યોતિની શક્તિ) ન્યૂટન જેને ગુરુત્વાકર્ષણ કહે છે તેની અસરને અધીન હોવું જોઇએ અને પોતાના સીધી રેખાના માર્ગમાંથી વાંકું વળવું જોઇએ.

આ ગણતરી ઉપર આઇનસ્ટાઇને કરેલી ભવિષ્યવાણી સાચી પડી હતી તે આગળ જોઇશું.

ત્યારે પ્રશ્ન થશે કે તેજનાં રશ્મિ જો ગુરુત્વાકર્ષણને અધીન હોય તો તેજનાં રશ્મિની ગતિ સર્વ દિશામાં સમાન અને અવિકારી કેવી રીતે હોઇ શકે? આઇનસ્ટાઇને મર્યાદિત સાપેક્ષતામાં તો તેજના રશ્મિની ગતિને, પૃથ્વીપૂરતી, અવિકારી તરીકે સ્વીકારી છે તેનું શું?

આઇનસ્ટાઇને તેજના રશ્મિની ગતિને પૃથ્વીને માટે અવિકારી તરીકે સ્વીકારી છે, સર્વત્ર નહિ. અને જ્યારે એણે પ્રતિપાદન કર્યું કે તેજ પાર્થિવ હોવાથી તે પણ અન્ય સર્વ પદાર્થોની પેઠે ગુરુત્વાકર્ષણના નિયમને અધીન હોવું જોઇએ, ત્યારે એણે એ પણ સ્વીકાર્યું કે તેજની ગતિ મહાન અંતરો માટે અવિકારી કે સમાન ન હોઇ શકે, કારણ કે તેને ગોળ વળાંક લેવાની ફરજ પડે છે.

ન્યૂટન અને એની પછીના શોધકો કાળ અને સ્થળનાં પરિમાણોને અવિકારી, નિરપેક્ષ તરીકે સ્વીકારતા આવ્યા છે. તેઓ માનતા કે ગેલીલિયન સ્થાનાંકની પદ્ધતિ—એટલે યુક્લિડની-ભૂમિતિ—આપણા પાર્થિવ વિશ્વને લાગુ નથી પડતી, કારણ કે ગુરુત્વાકર્ષણનું બળ સર્વ પદાર્થો ઉપર કાર્ય કરે છે અને એને પરિણામે આપણને સર્વત્ર અસમાન વેગપૂર્વક ગતિ કરી રહેલ પદાર્થોના સ્થાનાંક જાણવાની ફરજ પડે છે.

આઇનસ્ટાઈન કહે છે કે "તો પછી એમ શા માટે નહિ કે આ પાર્થિવ જગતમાં યુક્લિડની ભૂમિતિ—ગેલીલિયન પરિમાણમંડળ—મળવું જ અશક્ય છે? ગુરુત્વાકર્ષણ જેવું બહારનું કોઈ બળ પદાર્થો ઉપર કાર્ય કરે છે એમ માનવાને બદલે પદાર્થમાત્રમાં રહેલ જડતાની શક્તિ જ ગુરુત્વાકર્ષણ છે એમ માનવું વધારે યથાર્થ લાગે છે."

નવા પરિમાણમંડળની યોજના

આઇનસ્ટાઇને ગુરુત્વાકર્ષણનો આખો પ્રશ્ન અસમાન વેગપૂર્વક ગતિ કરી રહેલ પદાર્થોના સ્થાનાંક નક્કી કરવા માટેનો પ્રશ્ન બનાવ્યો.

એણે વિદ્યુતશક્તિના કાર્યક્ષેત્રનાં સમીકરણ—જેના ઉપર લોરેન્સનું સમીકરણ આધાર રાખે છે, તથા જે મૅક્સવેલ નામના પ્રખ્યાત શોધકના પ્રયોગો ઉપર પ્રતિષ્ઠિત છે તેનું ઉદાહરણ લીધું. અને વિદ્યુતશક્તિ કાર્ય કરે છે તેમાં પણ પદાર્થો પાસે પાસે આવતાં આકર્ષણ કે વિકર્ષણનું બળ વધતું જાય છે અને દૂર જતાં ઓછું થતું જાય છે એટલે એ વિદ્યુત-શક્તિના ક્ષેત્રનો અભ્યાસ કરવાથી અને એમાં અમુક સ્થળે કાર્ય કરી રહેલ વિદ્યુત-શક્તિનું માન—માપ—કાઢવાની યોજના કરવાથી પ્રશ્ન સફળ બને છે તે દર્શાવ્યું.

એ જ પ્રમાણે લોહચુંબકની શક્તિના ક્ષેત્રમાં પણ પ્રશ્ન અસમાનપણે કાર્ય કરી રહેલ આકર્ષણ કે વિકર્ષણની શક્તિના અભ્યાસનો બને છે.

એક ધાતુની સપાટ લોઢી લઇને તેનાં જુદાંજુદાં બિંદુએ જુદુંજુદું ઉષ્મામાન (Temperature) કલ્પીએ તોપણ પ્રશ્ન લગભગ ગુરુત્વાકર્ષણ જેવો જ બને છે;—જુદાંજુદાં ઉષ્મામાન આપવાની પદ્ધતિપૂરતો.

એટલે પદાર્થ શા માટે નીચે પડે છે? એના જવાબમાં "પૃથ્વી તેને આકર્ષે છે" એમ કહેવાને બદલે આઇનસ્ટાઇન કહે છે કે સ્થલમાં જુદાજુદા બિંદુએ અસમાન વેગપૂર્વક ગતિ કરી રહેલા પદાર્થોના અભ્યાસનો એ પ્રશ્ન છે. વિદ્યુત કે લોહચુંબક શક્તિ કરતાં ગુરુત્વાકર્ષણની શક્તિમાં ભેદ એ છે કે એ શક્તિ પદાર્થોની સ્થિતિથી સ્વતંત્ર હોઈ સર્વત્ર કાર્ય કરે છે. ગુરુત્વાકર્ષણમાં એક પીછું કે સીસાનો દડો બન્ને સમાનપણે વધતા વેગપૂર્વક પૃથ્વી ઉપર પડે છે. આમ ગતિની વૃદ્ધિ પદાર્થના વજનથી સ્વતંત્ર છે. આ વેગની વૃદ્ધિ **પ્રયોગસિદ્ધ** છે એ ધ્યાનમાં રાખવાનું છે. એટલે

ગુરુત્વાકર્ષણનું બળ = પદાર્થનું વજન × ગુરુત્વાકર્ષણનું વિશિષ્ટ પરિમાણ, આમાં પદાર્થનું વજન તો તેનો અવિભાજ્ય ગુણ હોઈ હમેશાં જાણી શકાય તેમ હોય છે.

$$\text{હવે ગતિની વૃદ્ધિ} = \frac{\text{પદાર્થનું વજન}}{\text{પદાર્થનો જથો}} \times \text{ગુરુત્વાકર્ષણનું વિશિષ્ટ પરિમાણ.}$$

આપણે જાણીએ છીએ કે **એક જ બિંદુએ પડતા સર્વ પદાર્થોના** પતનની ગતિમાં સમાન વૃદ્ધિ થાય છે

$$\text{એટલે } \frac{\text{પદાર્થનું વજન}}{\text{પદાર્થનો(જડ)}} = \text{એ પ્રમાણ સર્વ પદાર્થો માટે સમાન છે, એટલે કે તે અવિકારી સંખ્યા છે!}$$

ઉપરના સમીકરણમાં ૧ ને આપણે મૂકીશું તો જણાશે કેઃ—

$$\text{ગતિની વૃદ્ધિ} = ૧ = \frac{\text{પદાર્થનું વજન}}{\text{પદાર્થનો (જડ)}} \times \text{ગુરુત્વાકર્ષણનું વિશિષ્ટ પરિમાણ, એટલે કે પદાર્થનું}$$

વજન = પદાર્થનો (જડ) જથો.

ટૂંકામાં પદાર્થની અંદર રહેલ જડ વસ્તુતત્ત્વને આપણે એના વજનથી જ જાણી શકીએ તેમ છીએ. અને વજન એ જો ગુરુત્વાકર્ષણને આભારી હોય—(ન્યૂટન એમ માને છે)—તો ગુરુત્વાકર્ષણ પદાર્થનો, કે જે સ્થળમાં પદાર્થ આવી રહ્યો છે તે સ્થળનો જ એક ગુણ હોવો જોઇએ એમ આઇનસ્ટાઇન કહે છે.

ગૉઝના સ્થાનાંકો

બે પતરાંનાં કે પૂઠાંનાં ગોળ સપાટ ચક્રો ધારો; તેમાંનું એક પોતાની ધરી ઉપર ગોળગોળ ફરે છે એમ કલ્પો. ગતિમાન ચક્ર ઉપરના કેન્દ્ર સિવાયના કોઈ પણ બિંદુએ રહેલો માનવ કેન્દ્રથી દૂર ફેંકતા બળનો અનુભવ કરશે. એ હકીકત સ્થિર ચક્રવાળા માનવને ગુરુત્વાકર્ષણ જેવી જ લાગશે.

એમાં એક જ સમય દર્શાવતાં બે ઘડિયાળો એક કેન્દ્રમાં અને એક અમુક અંતરે (आर)

મૂકીશું તો આગળ આપણે જોઇ ગયા છીએ કે કેન્દ્ર સ્થિર હોવાને લીધે ત્યાં સૂકેલી ઘડિયાળનો કાળ ગેલીલિયન = સ્થિર પરિમાણુમંડળનો કાલ—હશે, જ્યારે ગતિમાન બિંદુએ મૂકેલી ઘડિયાળનો સમય ઓછો થશે—ખરું જોતાં, પ્રત્યેક બિંદુનો પોતાનો વિશિષ્ટ સમય હશે, એટલે કે આખા ચક્રનો એક જ સમય નહિ હોય.

એ જ પ્રમાણે કેન્દ્રમાં એક છેડો મૂકીને માપવાનો ફૂટ ત્રિજ્યાની સીધી લીટીમાં મૂકીશું તો આપણે જાણીએ છીએ કે ગતિની દિશામાં રહેલો ફૂટનો છેડો સંકોચાય છે. એટલે, ગતિમાન ચક્રમાં ચક્રનો ઘેરાવો દર્શાવતી અવિકારી સંખ્યા π — पाइ —૩.૧૪૧૬ થી ઓછી થશે. $\left(\frac{\text{પરીધ}}{\text{વ્યાસ}} = \pi\right)$

ગોઝ નામના ગણિતશાસ્ત્રીએ સ્થાપિત કર્યું કે કોઇ પણ ગોળ સપાટી પર—ઘનગોળાની સપાટી પર તથા ગતિમાન ચક્રના ઉપર આવેલા કોઇ પણ બિંદુની સ્થિતિ—યાને સ્થાનાંક—નક્કી કરવા માટે યુક્લિડની ભૂમિતિમાં આવતી સીધી રેખાઓનો આશ્રય નહિ લઇ શકાય. એવા ઘન ઉપરની રેખાઓ કમાન પેઠે ગોળ—વળેલી હશે, એટલે બિંદુની સ્થિતિ નક્કી કરવા માટે કાર્ટેઝિયન પદ્ધતિ નહિ ચાલે.

એવી ગોળ વળેલ સપાટીની ભૂમિતિ ગોઝે નિર્માણ કરી છે. એણે બે દિશામાનો લીધાં—જે આપણી પૃથ્વીના માપમાં અક્ષાંશ અને રેખાંશ થાય છે. ઈંડાના જેવા આકારની સપાટી, ટેકરીની કે ઊંડી ખીણની સપાટીના બિંદુઓના સ્થાનાંક નક્કી કરવા માટે યુક્લિડની ભૂમિતિ નહિ ચાલે, એટલે ગોઝે ગણિત કરી બતાવ્યું છે.

આઇનસ્ટાઇને ગોઝની પદ્ધતિનાં બે દિશામાનને બદલે ચાર પરિમાણો—લંબાઈ—પહોળાઈ, ઉંચાઈ × કાળ—લીધાં અને એનાં સમીકરણોનો ઉપયોગ કર્યો (જુઓ આકૃતિ ૯). આઈનસ્ટાઇન



આકૃતિ. ૯

તો સ્થળને—દિશાને સપાટ નહિ પરંતુ ગોળ વળેલી માને છે, એટલે ગોઝની પદ્ધતિ એને ઘણી ઉપયોગી થઈ પડી, કારણ કે ગોઝે પોતાનું ઘનગોળનું ગણિત કોઈ પણ પ્રકારના પરિમાણમંડળથી સ્વતંત્રપણે ઉપજાવ્યું છે.

એક સપાટી ઉપર ગમે તે જાતની કમાનો દોરો—કોઈ પણ ઘનગોળ પદાર્થ ઉપરની રેખાઓ એ કમાનો જેવી જ હશે. હવે એ પ્રત્યેક કમાનને કાપે એવી બીજી પણ કેટલીક કમાનો દોરો. એક એક્ષ$_{૧}$ અને બીજી એક્ષ$_{૨}$ છે. એ બે કમાનો વચ્ચે બીજી પણ અનેક કમાનો કલ્પી શકાશે અને એ રીતે કોઇ પણ બિંદુનાં પરિમાણો એ બે કમાનો પરની તેની સ્થિતિ વડે નક્કી કરી શકાશે.

ગોઝની પરિમાણપદ્ધતિ બરાબર સમજવા માટે (આકૃતિ ૮ જુઓ) એક્ષ$_{૧}$ નામની કમાનો દોરો; પ્રત્યેક કમાનને એક્ષ$_{૧}$ = ૧; એક્ષ$_{૧}$ = ૨; એક્ષ$_{૧}$ = ૩ તથા એને મળતી એટલે કે કાપતી, એક્ષ$_{૨}$ નામની બીજી કમાનો પણ દોરો—જેનું 'મૂલ્યાંકન એક્ષ$_{૨}$ = ૧; એક્ષ$_{૨}$ = ૨; એક્ષ$_{૨}$ = ૩ એ પ્રમાણે ધારો.

હવે એક્ષ$_{૧}$ = ૧ અને એક્ષ$_{૧}$ = ૨ એ બે કમાનોની વચ્ચે અનેક સૂક્ષ્મ બીજી કમાનો કલ્પી શકાશે અને પ્રત્યેક કમાન ઉપર આવેલા કોઇ પણ બિંદુની સ્થિતિ એક્ષ$_{૧}$ = ૧ અને એક્ષ$_{૧}$ = ૨ એ બેની વચ્ચે હોવાથી તેનું મૂલ્યાંકન આપણે ચોકસાઈપૂર્વક કરી શકીશું. એ જ પ્રમાણે એક્ષ$_{૨}$ = ૧ એક્ષ$_{૨}$ = ૨ ની પ્રત્યેક કમાન ઉપર આવેલ કોઇપણ બિંદુની સ્થિતિ અને તેનાં પરિમાણો આપણે બરાબર જાણી શકીશું.

હવે એક્ષ$_{૧}$ અને એક્ષ$_{૨}$ ના સ્થાનાંકવાળું એક બિંદુ પી કલ્પો, અને તેમાંથી ઘણું જ નજીક—એ જ કમાન ઉપર એક બીજું બિંદુ પી' ધારો, જેના સ્થાનાંક એક્ષ$_{૧}$ + ડી એક્ષ$_{૧}$ અને એક્ષ$_{૨}$ + ડી એક્ષ$_{૨}$ છે. (પીનાં સ્થાનાંક એક્ષ$_{૧}$ અને એક્ષ$_{૨}$ છે.) આવાં તદ્દન નજીકનાં બિંદુઓનાં પરિમાણ ગોઝની પદ્ધતિમાં આવે છે.

આ છેક નજીકનાં બિંદુનો ખ્યાલ બરાબર આવે એટલા માટે આપણે એક બીજી આકૃતિનો આશ્રય લઇએ (આકૃતિ ૧૦ જુઓ). એમાં પી નામના કોઇ બિંદુની ખૂબ નજીક એક બીજું બિંદુ લઇશું તો એના ઉપર દોરાયેલો લંબ એ બિંદુ સાથે મળી જશે અને એ બિંદુથી પસાર થતી કમાન ત્યાંથી પસાર થતી સીધી લીટી જેવી જ લાગશે—જે લીટી ખરું જોતાં કમાનને કાટખૂણે પસાર થતી હોય છે.



આકૃતિ ૧૦

યુકિલડની જ ભૂમિતિનો આશ્રય લઇને ડી' એલ' અંતર (પી' અને પી વચ્ચેનો) આપણે જાણી શકીએ છીએ. ઉપર પ્રમાણે સ્થાનાંક એક્ષ$_{૧}$ અને એક્ષ$_{૨}$ તથા એક્ષ$_{૧}$ + ડી એક્ષ$_{૧}$; એક્ષ$_{૨}$ + ડી એક્ષ$_{૨}$ હોય તો—

$$(\text{ડી એલ})^{૨} = \text{જી}_{૧૧}\ \text{ડી એક્ષ}_{૧૨} + \text{જી}_{૧૨}\ \text{ડી એક્ષ}_{૧}\ \text{ડી એક્ષ}_{૨} + \text{જી}_{૨૧}\ \text{ડી એક્ષ}_{૨}\ \text{ડી એક્ષ}_{૧} + \text{જી}_{૨૨}\ \text{ડી એક્ષ}_{૨૨}$$

($जी_{૨૧} = जी_{૧૨}$ યુક્લિડની ભૂમિતિ પ્રમાણે જુઓ કોઇ પણ પુસ્તક.)

जी એટલે $अेक्ष_{૧}$ અને $अेक्ष_{૨}$ નાં વિકારી પરિમાણો જે માપીને જાણી શકાય છે.

હવે એક ઘન ગોળાની ઉપસેલી સપાટી લઇશું તો આ पी અને पी' ની સ્થિતિ ગમે તે

· पी'
દિશામાં માપી શકાશે, એટલે કે पी · पी'' એ પ્રમાણે ગોળ સપાટી ઉપરનાં કોઇપણ पी
· पी'''

નજીકના બિંદુને આપણે पी' તરીકે લઇ શકીશું. આમ સ્થાનાંકથી સ્વતંત્રપણે આપણે એવા છેક નજીકના બિંદુનાં પરિમાણો સ્થિર કરી શકીશું.

વિશ્વની ઘટનાઓ વચ્ચે નિરપેક્ષ અંતર યાને ગાળો

આગળ આપણે જોઇ ગયા છીએ કે કાલ અને દિશામાન બન્ને સાપેક્ષ છે તથા એ બન્નેનાં પરિમાણો જુદાં પાડી શકાય એવું ભૌતિક વિશ્વનું બંધારણ નથી, એટલે દિશા–કાલનું બનેલું પરિમાણમંડળ ભૌતિકશાસ્ત્રોને માટે સ્વીકારવું આવશ્યક બને છે. ત્રણ દિશાનાં અને ચોથા કાલનું બનેલું આ પરિમાણમંડળ આઇનસ્ટાઇને વિકસાવ્યું છે.

એમાં પહેલાંની ભૂમિતિમાં, કે પરિમાણ–મંડલમાં, જેને "બિંદુ" તરીકે સ્વીકારવામાં આવતું તેને "ઘટના" કહેવી પ્રાપ્ત થાય છે. પ્રત્યેક "બિંદુ," પ્રત્યેક પદાર્થ, દિશા–કાળમાં હોવાને કારણે "ઘટના" છે, અને એના અસ્તિત્વનું સાતત્ય "વિશ્વની રેખા" ઉપર આવી રહેલું ગણાય છે.

આઇનસ્ટાઇને ગણિતની મદદથી અને પ્રયોગોને આધારે બતાવ્યું કે વિશ્વની કોઇ પણ બે ઘટનાઓ વચ્ચેનો ગાળો અવિકારી–નિરપેક્ષ છે. સામાન્ય ભાષામાં મૂકીએ તો તેજના રશ્મિની ગતિના વર્ગને બે ઘટનાઓ વચ્ચે જે કાળક્ષેપ થાય, તેથી ગુણીએ અને તેમાંથી એ બે ઘટનાઓ વચ્ચેના અંતરનો વર્ગ બાદ કરીએ તો જે સંખ્યા પ્રાપ્ત થાય છે તે પરિમાણમંડળથી સ્વતંત્ર છે. ગણિતની પરિભાષામાં—

$अेस^{૨} = सी^{૨}टी^{૨} - अेल^{૨}$, એમાં अेल એ બે ઘટનાઓ વચ્ચેનું દિશાનું અંતર અને टी એ તે બે વચ્ચેનું કાળનું અંતર. सी તેજના રશ્મીની ગતિ, એનું એ સમીકરણ આ રીતે પણ રજૂ કરી શકાય:

$$अेस^{૨} = सी^{૨} (टी_{૨} - टी_{૧})^{૨} - (अेक्ष_{૨} - अेक्ष_{૧})^{૨} - (वाइ_{૨} - वाइ_{૧})^{૨} - (झेड_{૨} - झेड_{૧})^{૨}.$$

ન્યૂટનની પદ્ધતિમાં કાલ અને દિશાને અવિકારી—અને નિરપેક્ષ તરીકે સ્વીકારવામાં આવે છે, જ્યારે આઇનસ્ટાઇનના સાપેક્ષતાવાદમાં કાળ – દિશાના બનેલા પરિમાણમંડળમાં બે ઘટનાઓ વચ્ચેનો ગાળો અવિકારી માલૂમ પડ્યો છે.

ઉપરના સમીકરણમાં કાલ એટલે टी = ૦ હોય તો अेल પણ લગભગ શૂન્ય જ થશે: अेल ઘણો જ નાનો—અલ્પતમ થશે.

હવે अेस એટલે ઘટનાઓ વચ્ચેનો ગાળો જો શૂન્ય હોય, એટલે—अेस = ૦ તો अेल = सी टी

થશે. હવે એ જ ઘટનાઓમાં એલ અને ટી બન્ને શૂન્ય હોય, એલ = ૦; ટી = ૦ તો, બીજાં બધાં પરિમાણમંડળોમાં પણ તેઓ શૂન્ય જ થશે; બે ઘટનાઓ વચ્ચે કાલાંતર શૂન્ય અને દિશાનો અંતર પણ શૂન્ય ક્યારે હોય છે? સામાન્ય રીતે એક જ પદાર્થ(રૂપી ઘટના)માં એ શરતો પૂરી પડે છે.

વિશ્વરેખાઓ

ઘટનાના સાતત્યવાળો અનુક્રમ તે પદાર્થ અને તેનું અસ્તિત્વ પદાર્થ એટલે અનેક સ્થૂળ અણુપરમાણુઓની આકૃતિની સ્થિરતાની બનેલી તથા વજન વગેરે ગુણોવાળી એક ઘટના તે પ્રતિક્ષણ કાયમ રહે તેને આપણે પદાર્થનું અસ્તિત્વ કહીએ છીએ.

દિશા–કાળના પરિમાણમંડળમાં એવી ઘટનાનું સમગ્ર સ્વરૂપ એકત્ર લઇને તેના સાતત્યને વિશ્વરેખા કહેવામાં આવે છે. ભૂમિતિમાં જેમ બિંદુની શ્રેણીને રેખા કહેવામાં આવે છે તે જ પ્રમાણે. આ વિશ્વરેખા સીધી નહિ પરંતુ કમાન જેવી હોય છે તે આપણે ગોઝના સ્થાનાંકમા જોયું છે.



આકૃતિ ૧૧

હવે ભૂમિતિમાં કમાનનું માપ કાઢવા માટે નીચે પ્રમાણે પદ્ધતિ જાણીતી છે. अक्ष કમાન છે. તેને अव, बक, कड, વગેરે ઘણીનાની જ્યા-(chord) માં વિભક્ત કરો; એ પ્રત્યેક ટુકડો જેમ નાનો તેમ સીધી લીટીની વધારે સમીપ જશે. અને છેક નાનો લઈશું તો તે સીધી લીટી જ હશે. એવા અનેક નાના સીધી લીટીના બનેલા ટુકડાઓનો સરવાળો કરીશું તો આખી કમાનનું માપ આવશે. (જુઓ આકૃતિ ૧૧.)

ગણિતની પરિભાષામાં આ બાબતઃ કમાન યાને ચાપ अक्ष = अक्ष डी एल (અહીં डी एल એટલે એક નાની જ્યાની લંબાઈ.) એ રીતે રજૂ કરવામાં આવે છે.

હવે ચાર દિશામાનવાળા—દિશાકાળના—પરિમાણમંડળમાં એ જ પદ્ધતિ લાગુ કરીશું તો આઈનસ્ટાઇનની રેખાઓ ઉપર આવેલી ઘટનાના સ્થાનાંક તથા તે વિશ્વરેખાનું માપ આપણે જાણી શકીશું. અલબત્ત, એ માપ સાધારણ લંબાઈ કે પહોળાઈ જેવું નહિ જ હોય, પરંતુ તે એવું હશે કે ગમે તે પરિમાણમંડળ સ્વીકારવામાં આવે તોપણ ભૌતિક જગતના નિયમની વ્યાખ્યામાં કશોય ફેર નહિ પડે.

આઈનસ્ટાઈન પૂર્વેના સ્થળના અને કાલના ખ્યાલોને આગ્રહપૂર્વક વળગી રહેવા જતાં અનિયમિત ગતિમાન પદાર્થોના પરિમાણમાં ઘણી મુસ્કેલીઓ આવે છે. એટલે જ ગોઝની પદ્ધતિને વધારે વિશાળ રૂપ આપીને આઈનસ્ટાઈને તેનો ઉપયોગ કર્યો છે, જેથી એ બધી મુસ્કેલીઓ નડે નહિ. अक्ष$_1$ અને अक्ष$_2$ એમ બે દિશામાનોને બદલે ચાર લેવાથી अक्ष$_1$ अक्ष$_2$ अक्ष$_3$,

અક્ષ$_{૧}$ અક્ષ$_{૨}$ અક્ષ$_{૪}$, અક્ષ$_{૧}$ અક્ષ$_{૩}$ અક્ષ$_{૪}$, અક્ષ$_{૨}$ અક્ષ$_{૩}$ અક્ષ$_{૪}$ એ પ્રમાણે પ્રત્યેક બિંદુએ કે ઘટનાને ચાર પરિમાણમંડળ મળશે.

ગુરુત્વાકર્ષણની સમજતી—સાપેક્ષતા પ્રમાણે

વિશ્વમાં જ્યાં જ્યાં પદાર્થતત્ત્વ છે ત્યાં ત્યાં સર્વ પદાર્થો સમાનપણે વૃદ્ધિ પામતા વેગથી પડે છે—વજન જુદાંજુદાં હોય તોપણ. એટલે ગુરુત્વાકર્ષણના અભ્યાસ માટે પદાર્થના વજન ઉપર કે જડતા ઉપર ધ્યાન આપવાને બદલે તેના ગતિમાનપણા ઉપર જ મુખ્યત્વે ધ્યાન આપવું જોઇએ. એ ગતિમાનપણા માટે વિશ્વરેખા ઉપર તેની સ્થિતિ જાણવી જોઈએ. એ રેખા તેના ઉપર આવેલા સર્વ પદાર્થો માટે સમાન છે. એટલે ખરું જોતાં ગુરુત્વાકર્ષણને વિશ્વરચનાનો જ એક ગુણ માનવો પ્રાપ્ત થાય છે—પદાર્થો વચ્ચે આકર્પણ કરાવનાર કોઈ વિશિષ્ટ બળ નથી.

વિશ્વની ભૌમિતિક રચના પદાર્થતત્ત્વની વધારે સાચી રીતે શક્તિની હાજરી સાથે અવિભક્ત પણે જોડાયેલી છે. એટલે આપણે વિશ્વની ભૌમિતિક રચનાને અને પદાર્થતત્ત્વને—કે શક્તિને જુદાં પાડી શકીએ તેમ નથી. વિશ્વભૂમિતિ ગોળાટવાળી છે અને એ ગોળાટ પ્રત્યેક ઘટનાને અને વિશ્વરેખાને—વૃદ્ધિમાન વેગનો દેખાવ આપે છે.

આઈનસ્ટાઈનનું વિશ્વ:—દિશાનો વળાટ

આઈનસ્ટાઈને પોતાનો સાપેક્ષતાવાદ વધારે સ્પષ્ટ કરવા માટે જુદીજુદી બાજૂએથી ગણિતશાસ્ત્રનો આધાર લઇને જૂના વિચારો રજૂ કર્યા છે. તેમાંનો એક કાળ=દિશારૂપી અતૂટ પટનો વળાટ છે. એક ઘનગોળાની સપાટી જેમ મર્યાદિત હોવા છતાં કોઇ જગાએ એનો છેડો આવતો ન હોવાથી અમર્યાદિત પણ ગણી શકાય, તેમ વિશ્વની દિશા મર્યાદિત હોઇ અમર્યાદિત છે.

દિશાના વળાટનો ખ્યાલ બરાબર આવે તેટલા માટે પ્રથમ એક વળેલી સપાટી કલ્પો. એવા ગોળાકારની ઉપર રહેનારાં પ્રાણીઓને ધારો કે ત્રણ દિશામાનનું ભાન નથી. હવે (જુઓ આકૃતિ ૧૨.) એમાં પી બિંદુને કાટખૂણે પી ટી નામનો લંબ દોરો. પી વર્તુળના પ્રત્યેક બિંદુએ રહેનાર પ્રાણી તે બિંદુને અને લંબને એક જ ગણશે (પી ટી). એમ ગણીને તે પોતાનું વિશ્વ અનંત હોઈ અનંતમાં વિસ્તરી રહ્યું છે એમ પણ માનશે. પોતાની સપાટી ઉપરના કોઇ પણ બે બિંદુઓ વચ્ચેના ટૂંકામાં ટૂંકા અંતરને તે "સીધી લીટી" કહેશે.



આકૃતિ ૧૨

હવે પી બિંદુથી સમાન અંતરે રેખા દોરતાં વર્તુળ થશે. અને જો તેની ત્રિજ્યા બહુ નાની હશે તો પરીધ/વ્યાસ એ પ્રમાણે એટલેકે $\pi = ૩\cdot૧૪૧૬$ આવશે.

પરંતુ પી પી$_{૧}$, પી પી$_{૨}$ જેવી મોટી ત્રિજ્યાઓ લઇને જો તે વર્તુળો દોરશે તો પી પી$_{૧}$ વગેરેને સીધી લીટી તરીકે ગણશે. પરંતુ ખરું જોતાં એ ત્રિજ્યાઓ એક વિશાળ વર્તુળની કમાનો જ હશે. તે પ્રાણીને જણાશે કે પરીઘ/વ્યાસનું પ્રમાણ π જેમ જેમ ત્રિજ્યા વધતી જાય છે તેમ તેમ ઓછું થતું જાય છે. અને જ્યારે ત્રિજ્યા ઘટતાં ઘટતાં પાછી પી' બિંદુએ વર્તુળની સામી બાજૂએ પહોંચશે ત્યારે તેને તે પાછું બરાબર થઇ જતું લાગશે.

ગણિતવેત્તા હશે તે તો જાણશે કે એ સપાટી ગોળાટવાળી છે અને તેના નિયમ પણ તે તારવી શકશે અને તે સપાટી મર્યાદિત છતાં અમર્યાદિત છે એમ સમજી શકશે.

આ ઉદાહરણમાં હવે કાળને ઉમેરશો તો ઘન ગોળાકાર દિશાનો કાંઇક ખ્યાલ આવશે. આઇનસ્ટાઇનના કલ્પેલા વિશ્વમાં દિશામાં વળાટ છે, પરંતુ કાળ સીધી લીટીમાં ગતિ કરતો કલ્પાયો છે. એટલે કાળ અને દિશા બન્નેને ભેગાં રજૂ કરવા માટે એક સીલિંડર—ગોળનળાકારનું ઉદાહરણ વધારે બંધબેસતું છે, જેમાં ગોળાકાર ઘનસપાટી દિશા સૂચવે છે અને સીધી લીટી—ઊભી લીટી—કાળ દર્શાવે છે.

ટેન્સોર્સ

આઇનસ્ટાઇનના સાપેક્ષતાવાદનો યથાર્થ ખ્યાલ આવે તેટલા માટે ટેન્સોર્સનું ગણિત આવશ્યક છે. એ ગણિતનો આશ્રય લઇને તેણે સાપેક્ષતાવાદનો વિકાસ કરી તેનાં જુદાંજુદાં શક્ય ક્ષેત્રોમાં તેને લાગુ કર્યો છે તથા પ્રયોગાત્મક સાબિતીઓની પણ ભવિષ્યવાણી કરેલી છે.

આ ગણિત રીમેન અને ક્રીસ્ટોફેલ નામના બે મહાન ગણિતશાસ્ત્રવિદોએ પ્રથમ વિકસાવ્યું હતું અને રીકી અને લેવી—સીવીટાએ તેનો આગળ પ્રયોગ કરીને આઇનસ્ટાઇન માટે ક્ષેત્ર તૈયાર કર્યું હતું.

ટેન્સોર એટલે શું ?

" Tensors are expressions which seem to include intrinsic qualities of the continuum, and may be applied in the form of groups ascertained in referance to it.

The theory of how to find mathematical expressions of a character so general that they can be used in equations descriptive of intervals in such a fashion that the equations remain true, however the co-ordinates to which they relate vary in datails is called the theory of Tensors."

Lord Haldane's Reign of Relativity

A tensor is an ensemble of the magnitudes of the same nature, inseparable from one another which are called the " Components of Tensor."

Jean Becqurel

ટેન્સોર એટલે દિશાના અતૂટ પટના પોતાના ગુણોનો સમુચ્ચય વ્યક્ત કરનાર ગાણિતિક સમીકરણ. એ સમીકરણમાં એક કરતાં વધારે પરિમાણમંડળનાં મૂલ્યોનો સમાવેશ એવી રીતે કરવામાં આવે છે કે પરિમાણમંડળના સ્થાનાંકો ગમે તેટલા બદલાય તોપણ તે સમીકરણ અવિકારી રહે છે.

આપણે આઇનસ્ટાઇનના ગુરુત્વાકર્ષણના વાદમાં જોયું છે કે બે ઘટનાઓ વચ્ચેનું અંતર તેના સ્થાનાંક નિશ્ચિત કરવાના પરિમાણ–મંડળથી સ્વતંત્ર છે. એટલેકે અક્ષ$_૧$, અક્ષ$_૨$ અક્ષ$_૩$, અક્ષ$_૪$ એ સ્થાનાંક હોય તોઃ—

ઘટનાઓ વચ્ચેનું અંતરઃ ડી એસ^૨ = જી$_{૧૧}$ ડી અક્ષ$_૧{}^૨$+જી$_{૧૨}$ ડી અક્ષ$_૧$ ડી અક્ષ$_૨$+જી$_{૪૪}$ ડી અક્ષ$_૪{}^૨$ આ સમીકરણ સ્થાનાંકોથી સ્વતંત્ર છે.

જ્યારે કોઇ પણ ટેન્સોરના અવયવી ભાગો એક પરિમાણમંડળમાં શૂન્ય બરાબર થાય, ત્યારે અન્ય પરિમાણ–મંડળમાં પણ તે શૂન્ય જ હશે. આઇનસ્ટાઇને સાપેક્ષતાનો જે નિયમ જાહેર કર્યો છે તેના પરિણામ તરીકે કહી શકાય કે પ્રકૃતિના સર્વે નિયમો પરિમાણમંડળથી સ્વતંત્ર એવા ટેન્સરના સમીકરણમાં વ્યક્ત થવા જોઇએ. ગુરુત્વાકર્ષણ, વિદ્યુત, ઉષ્મા, વગેરેના નિયમો આ ટેન્સરનાં ગાણિતિક સમીકરણોમાં વ્યક્ત કરવામાં આઇનસ્ટાઇન ફતેહમંદ થયો છે.

સાપેક્ષતાની પ્રયોગાત્મક સાબિતીઓ

ભૌતિક શાસ્ત્ર પ્રયોગાત્મક છે એટલે ગમે તેવી પ્રતીતિજનક લાગે એવી વિચારપદ્ધતિને છેવટે તો પ્રયોગની વ્યવહારુ કસોટીમાંથી પસાર થવું જ પડે છે.

આઇનસ્ટાઇનની વિચાર–પદ્ધતિનો એટલે કે સાપેક્ષતાનો કળશ પ્રયોગાત્મક સાબિતીઓ વડે જ ચઢ્યો. પોતાની નવી શોધનો આધાર લઇને એણે કેટલીક આગાહીઓ કરી જે પાછળથી સાચી નીવડી. ઉપરાંત, એની પૂર્વેના શોધકો જે ઘટનાઓની સમજૂતી આપવામાં નિષ્ફળ ગયેલા તેની સમજૂતી આઇનસ્ટાઇને આપી અને તે ગણિતથી સાબિત કરી શકાય એવી રીતે આપીઃ

૧. તેજની ગતિ પૃથ્વીની સપાટી ઉપર અવિકારી અને નિરપેક્ષ છે અને પૃથ્વી ઉપરના કોઇ પણ પદાર્થની ગતિ તેજના રશ્મિની ગતિથી વધારે હોઇ શકે નહિ એ વિધાનનો પુરાવો જ્યારે રેડિયમ તત્ત્વની શોધ થઇ ત્યારે મળી આવ્યો.

રેડિયમનો પરમાણુ પ્રતિક્ષણ વિભાજન પામે છે અને તેમાંથી આલ્ફા, બીટા અને ગેમા એમ ત્રણ પ્રકારનાં રશ્મિઓ પ્રસરે છે. એમાંનાં બીટા નામનાં રશ્મિઓ સૌથી વધારે ગતિવાળાં જણાય છે. પરંતુ તેમની ગતિ માપતાં તેજના રશ્મિની ગતિ કરતાં કાંઇક ઓછી માલૂમ પડી છે.—(અલબત્ત, તે ગતિ લગભગ તેજના રશ્મિની ગતિને પહોંચી જાય છે.)

૨. ગતિને પરિણામે પદાર્થના વજનમાં ફેર પડે છે એ બાબત પણ બીટા રશ્મિ અને "કેથોક" રશ્મિની ગતિનો અભ્યાસ કરીને તેના વજનમાં પડતો ફેર પણ પુરવાર કરવામાં આવ્યો છે.

વધારે પ્રતીતિજનક પુરાવાઓ નીચે પ્રમાણે હતાઃ

૧. તેજ પદાર્થતત્ત્વનો—પદાર્થજન્ય શક્તિનો—આવિર્ભાવ હોવાથી તેનું વજન હોવું જોઇએ એવું આઇનસ્ટાઇને પ્રતિપાદન કર્યું તે તો આપણે આગળ જોઈ ગયા છીએ. એ વિચારની સાબિતી પૃથ્વી ઉપર કે પૃથ્વીથી થોડે દૂર એવા નજીકના અંતરમાં પ્રયોગો કરીને થઈ શકે નહિ, કારણ કે તેજના રશ્મિની ગતિ ઘણી ઝડપી છે: એક સેકન્ડના ૧,૮૬,૦૦૦ માઈલ.

તેજનું વજન છે એ પુરવાર કરવા માટે એણે પ્રથમ તો એમ જાહેર કર્યું કે તે ગુરુત્વાકર્ષણને અધીન હોવું જોઇએ. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ પણ એના પર અસર ઉત્પન્ન કરે એટલું બળવાન નથી. પરંતુ સૂર્ય જેવા મહાન ગોળાની નજીકમાં થઈને તેજનું રશ્મિ પસાર થાય તો તેના માર્ગમાંથી તે ચલિત થવું જોઈએ. એ કેટલું થવું જોઇએ તેની પણ એણે ગણતરી કરી. જ્યારે ૧૯૦૫માં સૂર્યનું ખગ્રાસ ગ્રહણ થયું ત્યારે જ એ ગણતરીની સચ્ચાઇ પુરવાર કરવાની તક મળી. અને ખગોળશાસ્ત્રવેત્તાઓની બે જુદીજુદી ટોળીઓએ એ સૂર્યગ્રહણનો પ્રસંગ સાધીને દૂર આવેલા સ્થિર તારાના તેજના રશ્મિનું અવલોકન કર્યું; અને તેને પરિણામે આઈનસ્ટાઇને આગળથી કરેલી ગણતરી સાચી ઠરી અને તારાના તેજનાં રશ્મિ સૂર્ય આગળથી પસાર થતાં દૂર જતાં એટલે કે જાણે કે પ્રત્યાકર્ષણ પામતાં હોય એમ જણાયું. આ ગણતરી ૧૦૭ સેકન્ડ જેટલી નાની સરખી હતી ! એ ગણતરીનું સૂક્ષ્મત્વ કલ્પવા માટે ૧૭ યાર્ડને અંતરે એક વાળ મૂકીએ તો કાંઇક ખ્યાલ આવે. (જુઓ આકૃતિ ૧૩.)


આકૃતિ. ૧૩

૨. બીજી સાબિતી. બુધના ગ્રહની ગતિમાં જણાતી અનિયમિતતાની સમજૂતી અને તેની સાચી ગણતરી કરવાની પદ્ધતિ આઈનસ્ટાઇને આપી તે છે.

બુધનો ગ્રહ લંબગોળ જેવા વર્તુળમાં ગતિ કરે છે, પરંતુ તેની ગતિમાં અનિયમિતતા જણાતી જેની સમજૂતી ન્યૂટનના ગુરુત્વાકર્ષણની ગણતરી વડે કે વાદ વડે આપી શકાતી નહિ. બુધની લંબગોળાકાર ગતિ કક્ષાની રેખામાં ૪૫ સેકન્ડ જેટલી ભૂલ એક સૈકામાં જણાતી આવી છે.

બુધના ગ્રહનો લંબગોળાકાર (Elliptical) માર્ગ છે. ,તેના એ વ્યાસોમાંનો (લંબાઈવાળો વ્યાસ જેને–Perihelian–કહેવામાં આવે છે ને જ્યારે સૂર્યની સમીપ જતો ત્યારે દર સો વર્ષે ૪૫ સેકન્ડ જેટલો તે પોતાના માર્ગથી ખસતો જણાતો. ૪૫ સેકન્ડ તે વર્તુળના ૩૬૦°અંશના પ્રત્યેક અંશની ૬૦ મિનિટોમાંની એક મિનિટની ૬૦” સેકન્ડમાંથી ૪૫” સેકન્ડ એમ ગણવાની.

આઈનસ્ટાઇને સાપેક્ષતાનો આશ્રય લઈને ગણતરી કરી બતાવ્યું કે લંબગોળાકાર વર્તુળ સ્થિર નથી હોતું પરંતુ તે પોતાની ગતિની કક્ષામાં ગોળગોળ ફરે છે; અને એને લઈ ને બુધના ગ્રહમાં અનિયમિતતા દેખાય છે તે ખરું જોતાં એ લંબગોળાકાર વર્તુળને સ્થિર કલ્પવામાં આવે છે તેને આભારી છે.

૩. રશ્મિનું પૃથક્કરણ કરનાર યંત્ર—સ્પેકટ્રોસ્કોપ જુદાજુદા બળતા પદાર્થોમાં રહેલાં તત્ત્વોની જુદાજુદા રંગની જ્યોતિરેખાઓનાં માપ દર્શાવે છે. તે ઉપરથી બળતા પદાર્થની અંદર કયાં કયાં તત્ત્વો રહેલાં છે તે નક્કી કરી શકાય છે.

આઈનસ્ટાઈને આગળ સિદ્ધ કરેલું છે કે ગતિમાન અને સ્થિર પદાર્થના ઉપરનાં ઘડિયાળો એક જ કાળ દર્શાવતાં નથી. એણે એ પણ પ્રતિપાદન કર્યું કે પૃથ્વી જેવા ગ્રહમાં ગુરુત્વાકર્ષણનું બળ ઘણું અલ્પ અને સૂર્યમાં તે ઘણું મહાન હોવાને કારણે સૂર્ય ઉપરનું ઘડિયાળ—કાલમાન—પૃથ્વી ઉપરના ઘડિયાળ—કાલમાન—કરતાં ધીમું ચાલશે.

સૂર્યના તેજમાં કોઈ તત્ત્વની જ્યોતિ બળતી હોય તો આપણને અહીં તે લાલ રંગની રેખા તરફ બળતી દેખાશે. એટલે કે કોઇ પણ પ્રયોગશાળામાં એ જ તત્ત્વ બાળવાને પરિણામે તેની રેખા સ્પેકટ્રોસ્કોપમાં જ્યાં દેખાશે તેની સરખામણીમાં સૂર્ય ઉપરથી આવતી એ જ તત્ત્વની જ્યોતીરેખા લાલરંગની રેખાની વધારે નજીક દેખાશે.

આ ગણતરી પણ ઘણી સૂક્ષ્મ પરિમાણ જેટલી છે, પરંતુ તે પણ પ્રયોગથી સાબિત થઇ છે.

આમ જુદાજુદા પ્રયોગો વડે સાપેક્ષતાવાદ કસોટીમાંથી સફળતાપૂર્વક પસાર થયો છે.

સંદર્ભગ્રંથો

1 "Lorentz, Einstein, Milikowski"—Das Relativitsprinze.
2 The Theory of Relativity–Restricted and Generalized —by A. Einstein.
3 Le temps l'espece et la Causaliti daus la Physique —by P. Lengevin
4 Le principle de Relativiti, Bulletin de la Societi' deo Electrician —by P. Lengevin.
5 As Eddington–Report on the Relativity theory of Gravitation (1920)
6 ,, (2) Space–time and Gravitation.
7 De sitter–On Einstein Theory of Gravitation and its astronomical Consequences
8 Monthly Notices–Oct. 1916, Dec. 1916, Nov. 1918
9 Charles Bacquarrel–Le principle de Relativiti' et Catheorie or La Gravitation : (1922)

गुजरात से मिले हुए प्रतिहारों तथा राजपूताना से मिले हुए सोलंकियों के दानपत्र और शिलालेख

महामहोपाध्याय रायबहादुर साहित्यवाचस्पति डाक्टर गौरीशंकर हीराचंद ओझा,
डी० लिट्०, अजमेर

प्राचीन काल में "गुर्जर" नामक एक राजवंश था, जिसके मूलपुरुष के नाम से उसके वंशधर "गुर्जर" कहलाये और उनके अधीन का देश गुर्जर देश अथवा गुर्जरत्रा (गुर्जरों से रक्षित देश) नाम से प्रसिद्ध हुआ। प्राचीन काल में वह देश बड़ा विस्तृत था और वर्तमान जोधपुर राज्य के सारे उत्तर–पूर्वी भाग से लगाकर भड़ोच राज्य (गुजरात में) तक उसका विस्तार था। इस समस्त गुर्जर देश की प्राचीन राजधानी भीनमाल (श्रीमाल) थी, जो जोधपुर राज्य के दक्षिणी विभाग में है। गुर्जरो से भीनमाल का राज्य चावड़ावंशियो ने लिया और उनसे रघुवंशी प्रतिहारों ने।

उनकी वंशावली नागभट से आरंभ होती है। उसकी तीन पीढ़ी बाद नागभट (दूसरा) हुआ, जिसने चक्रायुध को परास्त कर कन्नोज का राज्य छीना और उसी के समय से गुर्ज्जर देश के इन प्रतिहारों की राजधानी कन्नोज हुई, जिससे उन्हें कन्नोज के प्रतिहार भी कहते हैं। उसके पुत्र भोजदेव की ग्वालियर की बृहत् प्रशस्ति से पाया जाता है कि उस (नागभट, दूसरा) ने आन्ध्र, सैंधव, विदर्भ (बरार) आदि के समान आनर्त (दक्षिणी काठियावाड़) को भी विजय किया था[1]। कन्नोज के इन प्रतिहारों के अब तक गुजरात से निम्नलिखित चार दानपत्र और एक शिलालेख मिला है

१—हांसोट (भड़ोच जिला, बम्बई अहाता) से मिला हुआ वि. सं. ८१३ (ई. स. ७५६) का चौहान राजा (भर्तृवड्ड भर्तृवृद्ध) दूसरे का दानपत्र। ३६ पंक्तियों का यह दानपत्र दो पत्रों पर खुदा हुआ है। इससे पाया जाता है कि चौहान वंश में महेश्वरदाम

---

(१) आर्कियालॉजिकल सर्वे ऑव् इंडिया; ई. स. १९०३–४ कि रिपोर्ट पृ. २८१।

हुआ, जिसका पुत्र सीमदाम था। भीमदाम का पुत्र भर्तृवड्ड प्रथम और पौत्र हरदाम हुआ। हरदाम का पुत्र धुभटदेव और उस (धुभटदेव) का पुत्र भर्तृवड्ड (दूसरा) था, जिसने भृगुकच्छ (भड़ोच) में रहते समय सूर्यग्रहण के अवसर पर अक्रूरेश्वर ज़िले के अन्तर्गत अर्जुनदेवी गांव का एक चतुर्थांश सौज्ञपद्र (!) के निवासी कौण्डिन्य गोत्र के ब्राह्मण तावी के पुत्र भट्ट बूट को, एक चतुर्थांश वरमेकी (?) गांव के त्रिवेदी ब्राह्मण चर्मशर्मा (?) के पुत्र जब (?) को तथा (शेषांश) सैाज्ञपद्र के निवासी ब्राह्मण भट्ठुल को दान मे दिया। इस दानपंत्र के अंतिम भाग में लिखा है कि जिस समय यह लिखा गया उस समय वहां (प्रतिहार) नागावलोक (नागभट प्रथम) का राज्य था[1]। इससे निश्चित है कि भड़ोच के चौहान कन्नोज के प्रतिहारों के सामंत थे।

२—बिना संवत् का काठियावाड़ से मिला हुआ प्रतिहार राजा भोजदेव का शिलालेख। इससे निश्चित है कि उक्त राजा का अधिकार काठियावाड़ पर हो गया था[2]।

३—वलभी संवत् ५७४ (वि. सं. ९५०=ई. स. ८९४) का महासामंत चैालुक्य (सोलंकी) बलवर्मा का ऊना (जूनागढ़ राज्य, दक्षिणी काठियावाड़) का दानपत्र। यह दानपत्र तांबे के दो पत्रों पर खुदा हुआ है और इसमें ३६ पंक्तियां हैं। इससे पाया जाता कि परम भट्टारक महाराजाधिराज परमेश्वर महेन्द्रायुधदेव के महासामंत अवनिवर्मा (प्रथम) के पुत्र चौलुक्य बलवर्मा ने नक्शिसपुर में रहते समय माघ सुदि ६ (ता. १७ जनवरी ८९४) को वहांकी चौरासी का जयपुर गांव कणवीरिका नदी के तट पर स्थित तरुणादित्यदेव के सूर्य-मंदिर को दान दिया[3]।

इस दानपत्र में आया हुआ महेन्द्रायुधदेव कन्नोज का प्रतिहार राजा महेन्द्रपाल (प्रथम) था।

४—वि० सं. ८५६ (ई. स. ८९९) का उपर्युक्त ऊना गांव का अवनिवर्मा (द्वितीय) का दानपत्र। यह दानपत्र तीन पत्रों पर खुदा हुआ है, जिनमें से दूसरा

---

(१) एपिग्राफिया इंडिका; जिल्द १२, पृ २०२-४।
(२) नागरी प्रचारिणी पत्रिका; भाग ९, पृ. ३२५।
(३) एपिग्राफिया इंडिका; जिल्द ९, पृष्ठ ४।

पत्रा दोनों तरफ खुदा है, शेष दोनों केवल एक ही तरफ। सब मिलाकर इसमें ६८ पंक्तियां हैं। इससे पाया जाता है कि चौलुक्य (सोलंकी) वंश में कल्ल और महल्ल नामक दो बड़े राजा हुए। कल्ल के पौत्र (नाम अस्पष्ट है, संभवतः बाहुक धवल) ने धर्म नाम के किसी राजा को परास्त किया, अनेक बड़े राजाओं को जीता और कर्णाट (दक्षिण के राठोड़ों) की सेना को हराया। उसका पुत्र अवनिवर्मा (प्रथम) हुआ, जिसके पुत्र बलवर्मा ने वीषढ़ को हराकर उसके दो नगारे छीन लिए और जज्जप को मारकर पृथ्वी को हूणों से मुक्त किया। उसका पुत्र अवनिवर्मा (द्वितीय) हुआ, जिसने यक्षदामकी सेनाको हराया, अपने राज्य पर आक्रमण करनेवाले राजाओं को परास्त किया तथा धरणीवराह को भगाया। इसी अवनिवर्मा (द्वितीय) ने, जो परमभट्टारक महाराजाधिराज परमेश्वर भोजदेव के, उत्तराधिकारी परमभट्टारक महाराजाधिराज परमेश्वर महेन्द्रपालदेव का सामंत था, धीइक की अनुमति से सौराष्ट्र मंडल (सोरठ, काठियावाड़) के अन्तर्गत नक्शिसपुर की चौरासी का अंबुलक (अंबुलक) गांव जयपुर गांव के निकट कड़वीरिका के तट पर स्थित तरुणादित्य के मंदिर को दान दिया[1]।

इस दानपत्र में आया हुआ महेन्द्रपालदेव ऊपर के दानपत्र में आया हुआ प्रतिहार महेन्द्रायुध ही है। धीइक प्रतिहारों की तरफ से नियुक्त काठियावाड़ का शासक होना चाहिये।

५—हड्डाला (पूर्वी काठियावाड़) से मिला हुआ शक संवत् ८३६ (वि. सं. ९७१) पौष सुदि ४ (ई. स. ९१४ ता. २३ डिसंबर) का चाप (चावड़ा) वंशी धरणीवराह का दानपत्र। ५२ पंक्तियों का यह दानपत्र दो पत्रों पर खुदा हुआ है। इससे पाया जाता है कि चाप (चावड़ा) वंश में विक्रमार्क नामका राजा हुआ, जिसका पुत्र अड्डक था। अड्डक का पुत्र पुलकेशो और पुलकेशी का ध्रुवभट हुआ। ध्रुवभट का छोटा भाई धरणीवराह था, जो महीपालदेवका सामंत था और वर्द्धमान में रहकर अड्डणक देश पर राज्य करता था। उसने उत्तरायण पर्व के अवसर पर अर्मदक के वंश के

---

(१) एपिग्राफिया इंडिका; जिल्द ९, पृष्ठ ६–१०।

देवाचार्य के पुत्र महेश्वराचार्य को कंथिका की स्थली से मिला हुआ विकल गांव दानमें दिया[1] ।

उक्त दानपत्र में आये हुए महीपालदेवको, जिसका सामंत धरणीवराह था, पहले विद्वानों ने गिरनार–जूनागढ़ के चूड़ासमा का वंशधर मानलिया था, पर अब निश्चित प्रमाणों से यह सिद्ध हो गया है कि वह कन्नोज के प्रतिहार राजा नागभट के वंशज महेन्द्रपालदेव का पुत्र महीपालदेव था ।

कन्नोज के प्रतिहार–साम्राज्य की अवनति के समय प्रतिहारों के सामंत चौहान, सोलंकी आदि स्वतंत्र बन बैठे और वे अपने अपने राज्यों का विस्तार करने लगे । सांभर के चौहानों की एक शाखा ने मारवाड़ की तरफ नाडोल तक अधिकार कर लिया । सोलंकियों ने चावड़ों का अनहिलवाड़ का राज्य अधीन कर उत्तर की तरफ पैर बढ़ाये और मारवाड़ के दक्षिण तक जा पहुंचे । अनहिलवाड़ में राज्य स्थापित करनेवाले इस सोलंकी वंशकी वंशावली मूलराज से प्रारंभ होती है । मूलराज के पूर्वजोंका राज्य पहले कहां था, इसका ठीक ठीक पता नहीं चलता । वि. सं १०४३ माघ वदि ३० (ई. स. ९८७, ता. २ जानवरी) रविवार के दानपत्र में वह अपने को महाराजाधिराज श्रीराजिका पुत्र लिखता है[2] । मेरुतुंगाचार्य ने वि. सं. १३६१ (ई. स. १३०४) में प्रबन्धचिन्तामणि की रचना की । उसमें मूलराज के प्रबंध में वह लिखता है कि भूयराज (भूयडदेव) के वंशज मुंजालदेव के तीन पुत्र राज, बीज और दंडक हुए। सोमेश्वर (सोमनाथ, दक्षिणी काठियावाड़) की यात्रा से लौटते हुए ये तीनों कार्पटिक[3] वेष में अणहिलपुर (अणहिलवाडा) पहुंचे । वहां के राजा सामंतसिंह ने राज की योग्यता का परिचय पाकर अपनी बहिन लीलावती का विवाह उसके साथ कर दिया । कुछ समय बाद वह गर्भवती हुई और अकाल ही में उसकी मृत्यु हो गई। तब मंत्रियों ने उसका पेट चीरकर गर्भस्थ बालक को निकाला । मूल नक्षत्र और अप्राकृतिक रीति से जन्म होने के कारण उसका नाम मूलराज रक्खा

---

(१) इंडियन एन्टिक्वेरी; जिल्द १२, पृ. १९०–९५ ।

(२) वही; जिल्द ६, पृ. १९१ ।

(३) " बॉम्बे गैजेटियर "में कार्पटिकका अर्थ कापड़ी (जिखरी) किया है (जि. १, खंड १, पृ. १५६), जो ठीक नहीं है । कार्पटिक से कावर लेकर चलेनवाले यात्री का आशय है ।

गया। वह जन्म से ही बड़ा होनहार था। अपने पराक्रम से उसने अपने मामा के राज्य की बड़ी वृद्धि की। पीछे से अपने मामा को मारकर[1] वह स्वयं उसके राज्य का स्वामी बन गया[2]। जिनमंडनगणि के वि. सं. १४९२ (ई. स. १४३५) में रचे हुए "कुमारपालप्रबन्ध" में भी बहुधा इसी कथा की पुनरावृत्ति की है[3]।

उपर्युक्त ग्रंथों में आये हुए राज, बीज और दंडक नाम तो ठीक है[4], परन्तु उनमें दी हुई मूलराज के सम्बन्ध की अन्य बातें कल्पना मात्र है। सामंतसिंह का, जिसे अन्य स्थल पर भूभटदेव भी लिखा मिलता है, राज्य केवल सात वर्ष तक रहा था। ऐसी दशा[5] में अनहिलवाड़ा पहुंचते पर राजि के साथ सामंतसिंह की बहिन का विवाह होना, उस (बहिन) के मरने पर उसका पेट चीरकर मूलराज का निकाला जाना, मूलराज का अपने मामा का राज्य-विस्तार करना और फिर अपने मामा को मारकर उसका सारा राज्य स्वयं हड़प लेना कैसे संभव हो सकता है?

उपर्युक्त पुस्तकों में आया हुआ राज तथा मूलराज के वि. सं. १०४३ के दानपत्र में दिया हुआ उसका पिता महाराजाधिराज श्रीराजि एक ही व्यक्ति जान पड़ते हैं। ऐसी दशा में मूलराज भूयराज (भूयगड़देव) का वंशज ठहरता है। भूयड़, भूयग अथवा भूवड़, भूभट के प्राकृत रूप हैं। भूभट अवनिवर्मा का पर्याय है, जो कन्नोज के प्रतिहारों का सामंत था और काठियावाड़ में राज्य करता था। "प्रबंधचिंतामणि" से

---

[1] (१) मामा को मारकर राज्य लेना कोई आश्चर्य की बात नहीं है। राजपूताने में पिता, भाई, जामाता आदि को मारकर राज्य हस्तगत करने के कई उदाहरण मिलते हैं।

[2] (२) पृष्ठ ३८-९ (ई. स. १८८८ का संस्करण)।

[3] (३) पत्र २-३ (वि. सं. १९७१)।

[4] (४) दंडक का नाम हेमचन्द्र-रचित "द्वयाश्रय महाकाव्य" मैं भी मिलता है (सर्ग ३, श्लोक ९९), जो वि. सं. १२०० से भी पूर्व का है। "प्रबंधचिन्तामणि" से पीछे के वने हुए ग्रन्थों में राज, बीज और दंडक के पूर्वजों की शृंखला में भूयड़राज, कर्णादित्य, चन्द्रादित्य तथा समादित्य नाम दिये हैं। इनमें भूयड़राज के अतिरिक्त अन्य नाम कल्पित प्रतीत होते हैं।

[5] (५) जिनमंडनगणि-रचित "कुमारपालप्रबन्ध," पत्र २, रत्नमाल, पृष्ठ २२। "प्रबंधचिंतामणि" की किसी किसी प्रति में उसका २७ वर्ष राज्य करना लिखा है (हिन्दी प्रबन्धचिन्तामणि [मुनि जिनविजयजी संपादित] पृष्ठ १८), जो ठीक नहीं प्रतीत होता।

लगभग ७५ वर्ष पूर्व बने हुए अरिसिंहविरचित "सुकृतसंकीर्तन" नामक ग्रन्थ में मूलराज के सम्बन्ध में लिखा है कि वह अपनी भक्ति के कारण प्रति सोमवार को सोमनाथ के दर्शनार्थ जाया करता था[1]। अवनिवर्मा (द्वितीय) के जिन दानपत्रों का उल्लेख ऊपर आया है वे ऊना ग्राम से मिले हैं, जो दक्षिणी काठियावाड़ के अन्तर्गत जूनागढ़ राज्य में सोमनाथ के निकट ही है। इससे तो यही प्रकट होता है कि मूलराज सोरठ की सोलंकी शाखा के अवनिवर्मा अर्थात् भूभटदेव अथवा भूयगड़देव का वंशज था। अवनिवर्मा (द्वितीय) का समय वि. सं. ९५६ और मूलराज का वि. सं. ९९८ से १०४२ तक मिलता है। इस पर विचार करने से भी हमारे अनुमान की पुष्टि होती है। मूलराज के ऊपर आये हुए दानपत्र में उसके पिता श्रीराजिको महाराजाधिराज लिखा है, जिससे स्पष्ट है कि वह किसी बड़े राजा का सामंत और छोटे-बड़े प्रदेश का स्वामी रहा होगा, जो सोमनाथ के निकट ही होना चाहिये।

काठियावाड़ के इन सोलंकी राजाओं के समय के राजपूताना से अबतक निम्नलिखित शिलालेख और दानपत्र मिल चुके हैं—

१. वि. सं. १०५१ माघ सुदि १५ (ई. स. ९९५, ता. १९ जनवरी) का परमभट्टारक महाराजाधिराज परमेश्वर मूलराज का जोधपुर राज्य के सांचोर ज़िले के बालेरा ग्राम से मिला हुआ दानपत्र। यह दानपत्र तांबे के दो पत्रों के एक ही तरफ खुदा हुआ है और इसमें २१ पंक्तियां हैं। इससे पाया जाता है कि उक्त तिथि को अणहिलपाटक (अनहिलवाड़ा, पाटण) में रहते समय परमभट्टारक महाराजाधिराज परमेश्वर मूलराजने सत्यपुरमंडल का वरणक ग्राम कान्यकुब्ज से आये हुए दुर्लभाचार्य के पुत्र दीर्घाचार्य को दान में दिया[2]।

इस दानपत्र में आया हुआ सत्यपुरमंडल जोधपुर राज्य का वर्तमान सांचोर ज़िला है।

---

(१) पदेऽथ तस्याजनि भागिनेयः चौलुक्यवंशार्णवपूर्णचन्द्रः। श्रीमूलराजः………………
…………॥१॥……॥२॥ सुव्यक्तभक्तिः प्रतिसोमवारं यः सोमनाथं प्रणिपत्य वीरः॥ ३ ॥
द्वितीय सर्ग।

(२) एपिग्राफिया इंडिका; जिल्द १०, पृष्ठ ७८-९।

भीमदेव का कोई दानपत्र अथवा शिलालेख नहीं मिला है। उसके समय का एक लेख आबू के विमलशाह के मंदिर की एक मूर्ति पर खुदा है, जो वि. सं. ११२९ (ई. स. १०६२) का है। उससे पाया जाता है कि उक्त राजा भीमदेव के मंत्री शांति (सम्पत्कर, सांतू) की स्त्री शिवदेवी ने अपने दो पुत्रों नीन्न (नीना) और गीगा के कल्याण के लिए यह मूर्ति[1] स्थापित की[2]।

भीमदेव (प्रथम) के मंत्री विमलशाह के बनवाये हुए विमलवसति (विमलवसही) नामक जैनमन्दिर के जीर्णोद्धार की वि. सं. १३७८ ज्येष्ठ सुदि ९ (ई. स. १३२२, ता. २५ मई) सोमवार की प्रशस्ति में भीमदेव (प्रथम) का कुछ हाल मिलता है। उससे पाया जाता है कि चन्द्रावती के राजा धन्धु (धन्धुक, धन्धुराज) ने उसकी सेवा स्वीकार न की और धारा के स्वामी राजा भोज के पास चला गया। इस पर राजा भीम (भीमदेव) ने विमल (विमलशाह) को आबू का दंडपति नियत किया। इसने वि. सं. १०८८ (ई. स. १०३१) में आबू पहाड़ पर आदिनाथ (विमलवसही) का मन्दिर बनवाया[3]।

सोलंकी राजा सिद्धराज जयसिंह का लेख[4] है। वि. सं. ११८६ (चैत्रादि ११८७) आषाढ सुदि १५ (ई. स. ११३०, ता. २३ जून) का यह लेख भीनमाल के निकट गौतम तालाव के पास से मिला है।

वि. सं. १२०० (ई. स. ११४३) का बाली से मिला हुआ सोलंकी राजा सिद्धराज जयसिंह के समय का शिलालेख। इससे पाया जाता है कि उक्त संवत् में महाराजाधिराज जयसिंह का सामंत आश्वाक था, जिसकी राणीकी जीविका मैं वालाही ग्राम था। उस समय पाल्हा के पुत्र वोपणवस्थमन ने बहुघृण देवी के उत्सव के निमित्त चार द्रम्म

---

(१) यह मूर्ति विमलशाह के मंदिर की तेरहवीं देवकुलिका में स्थापित है।

(२) अर्बुद-प्राचीन-जैन-लेख-सन्दोह; भाग २, पृष्ठ ३७, लेख संख्या ९३। इसमें 'सोमभूपाल' छपा है, जो ठीक नहीं है। मूल पाठ 'भीम भूपाल' है।

(३) मूल लेख की नकल से।

(४) मेरा जोधपुर राज्य का इतिहास; खंड १, पृष्ठ ५३।

दान दिये। आगे चलकर उसी व्यक्ति-द्वारा कुछ अन्य लोगों, कुओं आदिको एक-एक द्रम्म दिये जाने का उल्लेख है[१]।

इस लेख में दिया हुआ वालही ग्राम जोधपुर राज्य का वर्तमान बाली है और बहुघृण देवी बहुगुणदेवी अथवा बोलमाता, जिसके मन्दिर में यह लेख खुदा है।

सांभर के उमरशाह-नामक कुएं में से मिला हुआ सोलंकियों का एक शिलालेख। यह लेख दो काले पत्थरों पर खुदा हुआ है और बहुत बिगड़ी हुई दशा में है। इसमें सोलंकी राजा मूलराज की राज्य-प्राप्ति का समय वि. सं. ९९८[२] (ई. स. ९४२) दिया है और इससे पाया जाता है कि मूलराज का पुत्र चामुंडराज हुआ, चामुंडराज का वल्लभराज, वल्लभराज का उत्तराधिकारी दुर्लभराज, दुर्लभराज का भीमदेव, भीमदेव का पुत्र कर्णदेव तथा कर्णदेव का जयसिंह हुआ[३]। इसके आगे का भाग बहुत बिगड़ गया है, जिससे यह निश्चित रूप से नहीं कहा जा सकता कि यह लेख सिद्धराज जयसिंह के समय का है अथवा उसके उत्तराधिकारी कुमारपाल के समय का।

इस लेख में एक स्थल पर "शाकंभरी" शब्द आया है जो सांभर का सूचक है।

बांसवाड़ा राज्य के तलवाड़ा नामक ग्राम के निकट ही गदाधर का जीर्ण मन्दिर है। इसके सभामंडप में एक गणपति की मूर्ति रक्खी हुई है, जिसके आसन पर बारीक अक्षरों में खुदा हुआ सात पंक्तियों का गुजरात के सोलंकी राजा सिद्धराज जयसिंह का लेख है, जिसका कितना एक अंश प्रतिदिन जल चढ़ने से बिगड़ गया है, फिर भी उसका आशय स्पष्ट है। उससे पाया जाता है कि सोलंकी वंशी राजा कर्ण के पुत्र जयसिंह ने, जो 'सिद्धराज' कहलाता था, नरवर्मा (मालवे का परमार राजा) को जीतकर यहां गणपति का मंदिर बनवाया[४]। इसमें कोई संवत् नहीं दिया है और न यह पता चलता है कि

---

(१) एपिग्राफिया इंडिका; जिल्द ११, पृष्ठ ३३।

(२) यही संवत् "कुमारपालप्रबन्ध" (पत्र ३) में भी मिलता है। पहले मैंने दूसरे ग्रंथो के आधार पर मूलराज की राज्यप्राप्ति का समय वि. सं. १०१७ माना था, पर अब उपर्युक्त शिलालेख के मिल जाने से इस विषय में कोई सन्देह नहीं रह जाता।

(३) इंडियन एन्टिक्वेरी; जिल्द ५८; पृष्ठ २३५।

(४) मेरा बांसवाड़ा राज्य का इतिहास; पृष्ठ १४-६।

गणपति का वह मन्दिर कौनसा था; परन्तु यह निश्चित है कि यह मूर्ति उसी गणपति के मन्दिर से लाकर यहां रक्खी गई है।

चौलुक्य (सोलंकी) कुमारपाल का वि. सं. १२०७ (ई. स. ११५०) का चित्तौड़गढ़ का शिलालेख। यह लेख २८ पंक्तियों का है। इससे पाया जाता है चौलुक्य वंश में मूलराज हुआ, जिसका वंशज सिद्धराज जयसिंह था। उसका उत्तराधिकारी कुमारपालदेव हुआ। शाकंभरी (सांभर) के शासक को परास्तकर और सपादलक्षदेश को उजाड़कर वह शालीपुर (शालेरा, उदयपुर राज्य के चित्तौड़ के निकट) नामक स्थान में पहुंचा। वहां अपना डेरा रखकर वह चित्रकूट पर्वत (वर्तमान चितौड़गढ़) देखने गया और वहां के समिद्धेश्वर के मंदिर को उसने एक गांव भेंट किया[1]।

वि. सं. १२०९ माघ वदि १४ (ई. स. ११५२ ता. २७ डिसंबर) शनिवार का सोलंकी राजा कुमारपाल के समय का उसके सामंत आल्हणदेव का किराडू का शिलालेख। यह लेख २१ पंक्तियोंका है। इससे पाया जाता है कि उक्त समय में जब कि कुमारपाल राज्य करता था तथा श्रीकरण[2] आदि समस्त मुद्राएं महादेव करता था, उसकी कृपा से किरातकूप, लाठहूद और शिवा का राज्य पानेवाले महाराज श्री आल्हणदेव ने शिवरात्रि के पर्व पर अपने अधीनस्थ उक्त नगरों के महाजनों, तंबोलियों आदि में यह आज्ञा प्रचारित की कि प्रत्येक मास की दोनों पक्षों की अष्टमी, एकादशी एवं चतुर्दशी तिथियों को कोई भी व्यक्ति जीवहत्या न करे और न दूसरों को करने दे। इसके विपरीत यदि कोई जीवहत्या का पाप करेगा तो यदि वह साधारण व्यक्ति हुआ तो उसपर पांच द्रम्म और यदि राजा से सम्बन्ध रखनेवाला कोई व्यक्ति हुआ तो उसपर एक द्रम्म दंड किया जायगा[3]।

वि. सं. १२०९ (चैत्रादि १२१०) द्वितीय ज्येष्ठ वदि ४ (ई. स. १९५३, ता. १३ मई) का पालीसे मिला हुआ सोलंकी राजा कुमारपाल के समय का शिलालेख[4]।

---

(१) एपिग्राफिया इंडिका; जिल्द २, पृष्ठ ४२२–२४।

(२) राज्य की अनेक मुद्राओं में एक में "श्री" खुदा रहता था, जिसके लगाने को "श्रीकरण" कहते थे। यह मुद्रा मुख्य मानी जाती थी। उदयपुर राज्य में प्राचीन प्रथा के अनुसार अन्य मुद्राओं के अतिरिक्त एक मुद्रा में "श्री" भी रहता है, जो रुपयों के सम्बन्ध के कागजों पर लगाई जाती है।

(३) एकाग्राफिया इंडिका; जिल्द ११, पृष्ठ ४४–६।

(४) मेरा जोधपुर राज्य का इतिहास; खंड १, पृष्ठ ५७।

यह लेख बहुत बिगड़ी हुई दशामें है।

वि. सं. १२९० (चैत्रादि १२११) ज्येष्ठ सुदि ६ (ई. स. ११५४, ता. २० मई) गुरुवार का सोलंकी राजा कुमारपाल के समय का भाटूंद से मिला हुआ शिलालेख। यह लेख भी बहुत बिगड़ी हुई दशा में है। इसमें कुमारपाल के नाडोल के दंडनायक (हाकिम) श्रीवैजाक का उल्लेख है। एक स्थल पर "भट्टपद्रनगर" दिया है, जो भाटूंद का सूचक है[१]।

कार्तिकादि वि. सं. १२१२ (चैत्रादि वि. सं. १२१३) श्रावण सुदि ५ (ई. स. ११५६, ता. २४ जुलाई) सोमवार का सोलंकी राजा कुमारपाल का नानाणा से मिला हुआ दानपत्र। यह दो पत्रों पर खुदा हुआ है और इसमें ३२ पंक्तियां हैं। इसमें मूलराज से लगाकर कुमारपालदेव तक की इन सोलंकी राजाओंकी वंशावली दी है और कुमारपालदेव के विषय में लिखा है कि उसने अणहिलपाटक (अनहिलवाड़ा, पाटण) में रहते समय नाडूलीय चौहान कुंतपाल के वंश की पुत्री लाखणदेवी के बनवाये हुए लाखणेश्वर के मंदिर को, जो त्रिपुरुषदेव के मंदिर के अन्तर्गत है, नाडूल की मंडपिका से एक द्रम्म प्रतिदिन दान दिया[२]।

वि. सं. १२१३ मार्गशीर्ष वदि १० (ई. स. ११५६, ता. ९ नवंबर) शुक्रवार का नाडोल से मिला हुआ सोलंकी कुमारपाल के समयका शिलालेख। इससे पाया जाता है कि उक्त संवत् में, जब कि कुमारपालदेव का राज्य था और उसका मंत्री वहड़देव श्री-करण आदि समस्त मुद्रा करता था, उसके सामंत महामांडलिक प्रतापसिंह ने, जो वोणाना जाति के योगराज का पौत्र और वस्तराज का पुत्र था, बदरी की मंडपिका की आय से एक रुपया प्रतिदिन नदूलडागिका के महावीर तथा अरिष्टनेमी और लवंदड़ी के अजित स्वामीदेव के मन्दिरों को दान दिया[३]।

इस दानपत्र में दिया हुआ 'नदूलडागिका' नाडलाई और 'बदरी' बोर्ली, जो नाडलाई से आठ मील उत्तरमें है।

---

(१) वही; खंड १, पृष्ठ ६१-२।
(२) मूल दानपत्र की छाप से।
(३) इंडियन एन्टीक्वेरी; जिल्द ४१, पत्र २०३।

वि. सं. १२१६ श्रावण वदि १ (ई. स. ११५९, ता. ३ जुलाई) शुक्रवार का बालीसे मिला हुआ सोलंकी राजा कुमारपालदेवके समय का शिलालेख। यह वहां के माता के मंदिर के एक स्तंभ पर खुदा हुआ है और इसमें उसके दंडनायक वैजल का उल्लेख है[1]।

वि. सं. १२१८ आश्विन सुदि १ (ई. स. ११६१, ता. २१ सितंबर) गुरुवार का किराडू से मिला हुआ सोलंकी राजा कुमारपालदेव के समय का शिलालेख। यह लेख वहांके शिवमंदिर से मिला है। यह बहुत बिगड़ी हुई दशा में है और इसका लगभग एक-तिहाई हिस्सा नष्ट हो गया हे। इसके प्रारंभिक अंश में आबू के अग्निवंशी परमारों की उत्पलराज से लगाकर कृष्णराज (द्वितीय) तक वंशावली दी है, परन्तु बीच-बीच में कुछ नाम नष्ट हो गये हैं। इसके आगे कृष्णराज (द्वितीय) के छोटे पुत्र सोच्छराज के वंशजों का हाल है। इससे पाया जाता है कि सोच्छराज का पुत्र उदयराज हुआ, जिसने चोड़, गौड़, करणाट और मालवा तक प्रभुत्व स्थापित किया[2]। उसका पुत्र सोमेश्वर हुआ, जिसने सोलंकी राजा सिद्धराज जयसिंह की कृपा से अपना गया हुआ राज्य प्राप्त किया। वि. सं. १२०५ (ई. स. ११४८) में सोलंकी कुमारपालदेव के समय उसने मन्दिर की प्रतिष्ठा की और वह किराटकूप (किराडू) तथा शिवकूप की रक्षा करता रहा। वि. सं. १२१८ (ई. स. ११६१) में उसने जज्जक[3] नाम के राजा से तणुकोट्ट (तन्नोट) और नवसर (नौसर, जोधपुर राज्य) के क़िले छीन लिये तथा दंड में उससे १७९० घोड़ों और मयूर

---

(१) मेरा जोधपुर राज्य का इतिहास; खंड १, पृष्ठ ५८।

(२) परमार सोलंकियों के सामंत थे और उन्हीं के शामिल रहकर इन स्थानों की लडाइयों में लड़े होंगे।

(३) यह जैसलमेर नगर के संस्थापक भाटी जैसल का दूसरा नाम होना चाहिये। प्राचीन ख्यातों आदि में वि. सं. १२१२ में जैसलमेर नगर का जैसल-द्वारा बसाया जाना लिखा मिलता है। वि. सं. १२१८ में उसका विद्यमान रहना संभव है। तणुकोट्ट (तन्नोट) जैसलमेर से अनुमान ७५ मील उत्तर-पश्चिम में है और वह जैसलमेर राज्य की पुरानी राजधानी थी। नवसर, वर्तमान नौसर है, जो जोधपुर राज्य के फलोदी परगने में है। इससे प्रकट है कि उस समय जैसलमेर राज्य का विस्तार बहुत बड़ा था और जोधपुर राज्य का फलोदी परगना भी जैसलमेर राज्य का अन्तर्गत था। इतना ही नहीं, किन्तु जोधपुर राज्य के उत्तर में स्थित बीकानेर राज्य का दक्षिण का बहुतसा अंश भी जैसलमेर के भाटियों के अधीन था। जब राव बीका ने कोड़मदेसर में गढ़ बनाया

आदि ८ हाथी लिये। फिर उसको सोलंकी राजा (कुमारपालदेव) की अधीनता स्वीकार कराकर उसने उसका राज्य उसे वापस दिलादिया।

वि. सं. १२२१ (ई.स. ११६४) का जालोर का सोलंकी राजा कुमारपाल का शिलालेख। यह लेख वहांकी पुरानी मस्जिद में लगा है। इससे पाया जाता है कि उक्त संवत् में गुर्जरदेश के स्वामी कुमारपालदेवने प्रभुदेवसूरी से ज्ञान प्राप्तकर जाबालिपुर में कंचनगिरि (सौनलगढ़) के गढ़ पर पार्श्वनाथ का मंदिर बनवाया, जो 'कुंवरविहार' कहलाता है[1]। इस लेख में दिया हुआ जाबालिपुर जोधपुर राज्य का वर्तमान जालोर परगना है।

वि. सं. १२२८ मार्गशीर्ष सुदि १३ सोमवार का नारलाई का सोलंकी राजा कुमारपालदेव के समय का शिलालेख। इससे पाया जाता है कि उक्त संवत में श्री कुमारपालदेव के राज्यकाल में नाडूल्य में केल्हण तथा वोरिपद्यक में राणा लखमण का राज्य था और सोनाणा का ठाकुर अगसीह था। इस कार्य में सूत्रधार महिदरा और इन्दराक ने उसकी सहायता की[2]।

इस लेख में दिया हुआ नाडूल्य नाडोल, सोनाणा उसी नामका ग्राम और वोरिपद्यक संभवत: बौर्ली है, जो सभी जोधपुर राज्य में हैं।

बिना संवत् का सोलंकी राजा कुमारपाल का चितौड़गढ़ का शिलालेख। यह बड़ा शिलालेख चितौड़ के क़िले पर एक खेत में पड़ा हुआ मुझे मिला था। खेतवाला खरीफ के मौसिम में खेत की रक्षा के लिए उस पर सोया बैठा करता था, जिससे उसके कई अक्षर घिस गये हैं, तोभी अधिकांश भाग सुरक्षित है। मैंने इस लेख को उदयपुर के विक्टोरिया हॉल म्यूजियम में रखवाया, जहां अब तक यह सुरक्षित है।

सोलंकीवश में मूलराज हुआ। उसका पुत्र चामुंड, चामुंड का वल्लभराज, वल्लभराज का दुर्लभराज, दुर्लभराज का भीमदेव और भीमदेव का कर्णदेव हुआ। कर्णदेव ने सूदकूप नाम के घाट में मालवें के सुभटों को मारा। उसका पुत्र सिद्धराज जयसिंहदेव

तो भाटियों ने उसे नष्ट कर दिया जिससे उसको ओर उत्तर में जाकर बीकानेर नगर को अपनी राजधानी बनाना पड़ा। भाटियों का प्रभुत्व उस समय बहुत बढ़ा हुआ था। जज्जक से १७०० घोड़े और आठ हाथी दंड लेना भी उक्त राज्य का विशाल होना प्रकट करता है।

(१) मूल लेख की छाप से।

(२) एपिग्राफिया इन्डिका; जिल्द ११, पृष्ठ ४८।

हुआ, जिसने धारा नगरी में भोज के वंश का उच्छेद किया। पुत्रप्राप्ति के लिए वह पैदल सोमनाथ गया और देवताने भी उसकी भक्ति से प्रसन्न होकर कहा कि भीमदेव का पुत्र क्षेमराज, क्षेमराज का देवप्रसाद, देवप्रसाद का त्रिभुवनपाल और त्रिभुवनपाल का कुमारपाल है (जो तेरे पीछे राजा होगा)। कुमारपालने जांगलदेश के वीरों को स्वर्ग पहुंचाया तथा उसकी सेनाने बहुत से विरोधी राजाओं की पृथ्वी अपने अधीन की। उस (कुमारपाल) ने शाकंभरी देश को जीता। वह दिग्विजय करता हुआ चितौड़ में पहुंचा। वह दान, शौर्य, संयम, सत्यता तथा देवताओं, ब्राह्मणों ओर गुरुओं की भक्ति के लिए प्रसिद्ध हुआ। वहां (चित्तौड़ में) रहते समय उसने अपने अमात्य (मंत्री) पद पर मधुसूदन के पुत्र सोमेश्वर को नियत किया। उसने वहां (चित्तौड़ में) वराह का मन्दिर बनवाया और उसके निर्वाह के लिए दान दिये[1]।

बिना संवत् का जोधपुर राज्य के रतनगढ़ ताल्लुके से मिला हुआ सोलंकी राजा कुमारपाल का शिलालेख। इससे पाया जाता है कि अमावास्या के पर्व पर पुनपाक्ष की स्त्री गिरिजादेवी ने समस्त प्राणियों को अभयदान दिया[2]।

सोलंकी राजा भीमदेव (दूसरा) के समय का वि. सं. १२३५ कार्तिक सुदि १३ (ई. स. ११७८ ता. २६ अक्टोबर) का किराडू से मिला हुआ शिलालेख। इससे पाया जाता है कि महाराजपुत्र मदन ब्रह्मदेव उसका सामंत था[3]।

वि. सं. १२४२ कार्तिक सुदि १५ (ई. स. ११८५ ता. ९ नवंबर) रविवार का वीरपुर (डूंगरपुर राज्य में) से मिला हुआ सोलंकी राजा भीमदेव (द्वितीय) के समय का दानपत्र। यह दानपत्र तांबे के दो पत्रों के एक ही तरफ खुदा हुआ है और इसमें कुल बयालीस पंक्तियां हैं। इससे पायाजाता है कि परमभट्टारक महाराजाधिराज परमेश्वर सोलंकी भीमदेव (द्वितीय) के राज्यकाल में, जब कि महामात्य (प्रधान मंत्री) देवधर श्रीकरण आदि समस्त मुद्रा करता था, उसके सामंत गुहिलदत्त (गुहिलोत) वंशी भर्तृपट्टाभिधान (उपनाम) वाले महाराजाधिराज विजयपाल के पुत्र महाराजाधिराज अमृतपालदेव का

---

(१) मूललेख की छाप से।

(२) भावनगर इंस्क्रिपशन्स; पृष्ठ २०६।

(३) मूललेख की छाप से।

वागड़ (डूंगरपुर और बांसवाड़ा राज्यों का सम्मिलित नाम) वटपद्रक मंडल (वड़ोदा) पर राज्य था। उस (अमृतपालदेव) ने सूर्यग्रहण के पर्वपर भारद्वाज गोत्र के रायकवाल जाति के ब्राह्मण यज्ञकर्त्ता ठाकुर शोभा के पुत्र मदन को षड्पंचाशतमंडल (छप्पन, उदयपुर राज्य) के गातोड़ ग्राम का ल्हसाड़िया नाम का एक रहट, बाहर की दो हलवाह भूमि तथा धान (चावल) का खेत दान दिया। दानपत्र के अंत में महाराजा अमृतपालदेव, महाराजकुमार सोमेश्वर तथा पुरोहित पाल्हा पालापक के हस्ताक्षर हैं[1]।

वि. सं. १२५३ (ई. स. ११९६) का बड़ादीवड़ा (डूंगरपुर राज्य) से मिला हुआ सोलंकी राजा भीमदेव (द्वितीय) के समय का लेख। यह वहां के शिवमंदिर की एक मूर्त्ति के आसन पर खुदा है। इससे पाया जाता है कि महाराजा भीमदेव के राज्यसमय उव्वणक (दीवड़ा) गांव में श्री नित्यप्रमोदित देव के मंदिर में महंतम एल्हा के पुत्र वैजा ने मूर्त्ति स्थापित करवाई[2]।

वि. सं. १२६३ श्रावण सुदि २ (ई. स. १२०६ ता. ९ जुलाई) रविवार का आहाड़ (उदयपुर राज्य, मेवाड़ की प्राचीन राजधानियों में से एक) से मिला हुआ सोलंकी राजा भीमदेव (द्वितीय) का दानपत्र। यह दानपत्र तांबे के दो पत्रोंपर खुदा हुआ है और इसमें ३८ पंक्तियां हैं। इसके प्रारंभ में मूलराज से लगाकर भीमदेव (द्वितीय) तक सोलंकी नरेशों की वंशावली दी है। इससे पाया जाता है कि भीमदेव (द्वितीय) ने नवति (नाउटी, उदयपुर राज्य) के कृष्णात्रेय गोत्रीय रायकवाल जाति के ब्राह्मण बीहड़ के पुत्र रविदेव को अपने राज्य के मेदपाट (मेवाड़) मंडल के अन्तर्गत आहाड़ में (वभाउवा नाम का) रहट और कुएं से संयुक्त कउवा का खेत दान में दिया और यह आज्ञा दी कि उस कुएं के संयुक्त खेत से हरफसल में पैदा होनेवाले अन्न का नवां भाग आहाड़ के श्री भायलस्वामिदेव के मन्दिर को दिया जाय। दानपत्र के अन्त में भीमदेव (द्वितीय) का हस्ताक्षर और एक कटार का चिह्न है[3]।

कार्तिकादि वि. सं. १२६५ (चैत्रादि १२६६) वैशाख सुदि १५ (ई. स. १२०९,

---

(१) मूल दानपत्र की छाप से।

(२) मूललेख की छाप से।

(३) सातवीं बड़ोदा ओरिएन्टल कान्ग्रेस की रिपोर्ट; पृष्ठ ६४५-८।

ता. २१ अप्रेल) मंगलवार का सोलंकी राजा भीमदेव (द्वितीय) के समय का कनखल (आबू) का शिलालेख। इसके प्रारंभिक अंश में लिखा है कि उज्जैन के शैव मठ के तपस्वी केदारराशिने, जो तापस की शिष्यपरम्परा में था, अचलगढ़ (आबू) के कनखल नामक तीर्थ में, कोटेश्वर आदि के मन्दिरों का जीर्णोद्धार करने के अतिरिक्त शूलपाणि (शिव) के दो नये मन्दिर और कनखलशंभु के मन्दिर के सभामंडप में स्तंभो की एक पंक्ति बनवाई। इसके अंतिम अंश से पाया जाता है कि उस समय परमभट्टारक महाराजाधिराज परमेश्वर सोलंकी भीमदेव (द्वितीय) का राज्य था और महंतम ठामू श्रीकरण आदि समस्त मुद्रा करता था। चन्द्रावती का धारावर्ष उस (भीमदेव, द्वितीय) का सामंत और कुमार प्रह्लादन उस धारावर्ष का युवराज था[1]।

वि. सं. १२८३ (ई. स. १२२६) का नाणा (जोधपुर राज्य) से मिला हुआ सोलंकी राजा भीमदेव (द्वितीय) के समय का शिलालेख। यह उक्त गांव के नीलकंठ महादेव के भीतर लगा है और मारवाड़ी भाषा में है। इसमें उक्त मंदिर के जीर्णोद्धार किये जाने का उल्लेख है[2]।

वि. सं. १२८७ फाल्गुण वदि ३ (ई. स. १२३१, फरवरी) रविवार का सोलंकी राजा भीमदेव (द्वितीय) का आबू में तेजपाल द्वारा बनवाये हुए लूणवसही नामक नेमिनाथ के जैनमंदिर का शिलालेख। इसके प्रारंभिक अंश में तेजपाल के पूर्वजोंकी चंडप से पूरी वंशावली दी है। इसके बाद अर्बुद (आबू) का वर्णन और चन्द्रावती के परमारों की धूमराज के वंशज रामदेव से लगाकर कृष्णराजदेव तक की वंशावली दी है। इसमें कई महत्त्वपूर्ण ऐतहासिक घटनाओंका उल्लेख है, और इससे पाया जाता है कि तेजपाल ने उक्त मंदिर अपनी पत्नी अनुपमादेवी और पुत्र लावण्यसिंह (लूणसिंह) के कल्याणार्थ बनवाया था[3]।

उक्त संवत् का सोलंकी राजा भीमदेव (द्वितीय) के समय का आबू का दूसरा शिलालेख। इसमें भी तेजपाल द्वारा नेमिनाथ के मंदिर के बनवाये जाने का वर्णन और

---

(१) इंडियन एन्टिक्वेरी; जिल्द ११, पृ. २२१।

(२) मेरा जोधपुर राज्य का इतिहास; खंड १, पृष्ठ ५९।

(३) एपिग्राफिया इंडिका; जिल्द ८, पृष्ठ २०८-१०।

उसके सम्बन्ध में मनाये जानेवाले उत्सवों की निश्चित तिथियां तथा कार्यक्रम दिया है[१]।

अंतिम दोनों शिलालेखों में दिया हुआ तेजपाल सोलंकी राजा भीमदेव (द्वितीय) के पोरवाड़ जाति के मंत्री वस्तुपाल का छोटाभाई था।

वि. सं. १३०० (ई. स. १२६३) के आस-पास सोलंकियों की बघेला शाखा के वीरधवल के पुत्र वीसलदेव ने गुजरान के अंतिम सोलंकी राजा त्रिभुवनपाल से गुजरात का राज्य छीन लिया। उसके वंशवालों के दो शिलालेख अब तक राजपूताना से मिले हैं।

१-वि. सं. १३२० (ई. स. १२६३) का अजारी गांव (सिरोही राज्य) से मिला हुआ बघेला अर्जुनदेव का शिलालेख। यह वहां के गोपालजी के मंदिर के फर्श में लगा हुआ है। इसके अनुसार उसके समय तक आबू के परमार किसी प्रकार गुजरात के सोलंकियों के अधीन थे[२]।

२-वि. सं. १३५० माघ सुदि १ (ई. स. १२९३, ता. २९ दिसंबर) मंगलवार आबू से मिला हुआ बघेला सारंगदेव का शिलालेख। यह वहां के विमलशाह के मंदिर में लगा हुआ है। इससे पाया जाता है कि उस समय अणहिलपाटक में परमेश्वर परमभट्टारक अभिनव सिद्धराज उपनामवाले महाराजा सारंगदेव का राज्य था और मुख्य अमात्य वाघूप श्रीकरण आदि समस्त मुद्रा व्यापार करता था। उस (सारंगदेव) की कृपा पर निर्भर रहनेवाले (सामंत) महारावल वीसलदेवने, जो अष्टादश शत मंडल, चन्द्रावती नगरी और अर्बुद भूमि पर राज्य करता था, विमलवसही और लूणवसही मन्दिरों की पूजा तथा निर्वाह के लिए कर लगाने की व्यवस्था की और यह आज्ञा जारी की कि यात्रियोंसे मुंडक, चौकी, रखवाली आदि किसी प्रकार का कर न लिया जावे तथा चन्द्रावती का महारावल अथवा, उसका कोई भी अधिकारी महन्त (मन्दिरों का) व कोतवाल यात्रियों से कुछ न ले और कल्याणक (पंचकल्याण) आदि के उत्सवें पर जो संघ आवे उनके चौकी-पहरे का प्रबंध करें; एवं आबू से लौटने तक किसी की कोई वस्तु चोरी जावे तो आबू का स्वामी (ठाकुर) उसकी क्षति-पूर्ति करे[३]।

---

(१) वही; जिल्द ८, पृष्ठ २१९-२२१।

(२) मूललेख की छाप से।

(३) मूललेख की छाप से।

सम्मानित आचार्य ध्रुवकी झलक

आचार्य आनन्दशंकर ध्रुव सन् १९२९ में बनारस हिन्दू विश्वविद्यालयकी सेवा करने प्रिन्सिपल के रूप में पधारे। मैं अपने सहयोगी अध्यापक हरिराम दीक्षित के साथ उनका दर्शन करने 'अजमतगढ़ पैलेस' गया। अहमदाबादी पगड़ी धारण किये हुए वे पूरे पण्डित नजर आये। विशाल मस्तक, उन्नत ललाट रोली के तिलकके कारण विशेष दमक रहा था। उनके जेब में दो तीन फाउन्टेनपेन उनके सुलेखक होने का परिचय दे रही थी। संयोगवश हम दोनोंका थोड़े ही समय में परिचय हो गया।

महाभारतके शान्तिपर्व में वेदान्ती के लक्षण इस प्रकार वर्णित हैं :

निर्ममश्चानहङ्कारो निर्द्वन्द्वश्छिन्नसंशयः ।
नैव क्रुध्यति न द्वेष्टि नानृता भाषते गिरः ॥
आक्रुष्टस्ताडितश्चैव मैत्रेण ध्याति नाशुभम् ।
वाग्दण्डकर्ममनसां त्रयाणां च निवर्तकः ॥
समः सर्वेषु भूतेषु ब्रह्माणमभिवर्तते ।
नैवेच्छति न चानिच्छो यात्रामात्रव्यवस्थितः ॥

आचार्य ध्रुव ऐसे समय में काशी विश्वविद्यालय की सेवा करने आये जब वहां का वातावरण विशुद्ध नहीं था। महत्त्वशाली प्रत्येक कार्य में, आरंभ में कठिनाइयाँ रहती ही हैं, परन्तु यहां कठिनाइयां अधिक थी। आरंभ में आचार्य आनन्दशंकरजी सेन्ट्रल हिन्दू कॉलेजके प्रिन्सिपल हो कर आये। आप में वे गुण यथेष्ट मात्रा में थे जिनका उपर उद्धरण दिया गया है। उनमें न अहंकार रहा, न द्वेष, न क्रोध रहा, न वाणीकी कठोरता। वह सबके प्रति समान व्यवहार करने लगे। मेघाच्छन्न आकाश निर्मल हो उठा। उनके विशाल पाण्डित्य और अद्भुत ज्ञान का श्रद्धेय पूज्यपाद मालवीजीने पूरा लाभ उठाया। जिस डिपार्टमेन्ट में मतभेद होता—आचार्य ध्रुव उसके 'प्रधान' बना दिये जाते। अतएव आचार्य आनन्दशंकरजी यद्यपि सेन्ट्रल हिन्दू कॉलेज (Arts College) के प्रिन्सिपल रहे पर वास्तव में उनको युनिवर्सिटी—प्रिन्सिपल

कहना अधिक न्यायसंगत होगा। आर्ट्स, सायन्स, लॉ आदि कॉलेजके प्रिन्सिपल का कार्य भी उनको ही करना पड़ता रहा। उनके रिटायर होनेके बाद अलग अलग प्रिन्सिपल नियुक्त करने पड़े। उनके कार्योंकी चर्चा एकबार सन् १९२० में स्वनामधन्य डाक्तर भगवानदास एम. ए., डी. लिट्.ने बनारस हिन्दू युनिवर्सिटीके कोर्टको मिटिंग में की थी। आपने कहा था: "As regards the present incumbent of the office, undoubtedly he is the gentlest of gentlemen, a most learned scholar, a very able professor, a hard working officer, and a distinct and great influence for good, amongst the staff and the students. He has to discharge (a) the duties of principal of a college of over 60 staff members, 1100 students, and six or seven hostels holding over 400 boarders, and (b) the duties of University Professor of Sanskrit and also, at the same time, (c) the duties of Pro-Vice chancellor of six colleges, as general disciplinarian, Secretary of court and of council, and right hand man of the V. C. in respect of endless details of office and other work." हिन्दू विश्वविद्यालय उन्नति करता हो गया और आचार्य ध्रुव के बिदा होने के पूर्व उसमें प्राय: तीन सहस्र विद्यार्थी अध्ययन करते रहे। कभी कभी उनको चाह पीने या भोजन करने के लिये भी अवकाश कम मिलता रहा परन्तु उनके धार्मिक कृत्य, उनके अध्ययन, उनकी साहित्यक प्रवृत्तियें में कोइ विक्षेप नहीं पड़ सकता था। उनके बिस्तरे के चारों ओर नयी नयी पुस्तकों, मैगजीनों और आलोचनात्मक नये ग्रंथो का ढेर देखा जाता: था। अनेकबार ऐसा भी देखा गया कि आज जो विशिष्ट ग्रंथ बिदेश से उनको मिला-कल किसी व्याख्यान में उसके उद्धरण उन्होने उपस्थित किये।'वसन्त' कें अंतिम पृष्ठ पर जो अनूठे, भावपूर्ण, एवं मर्मस्पर्शी उद्धरण अंग्रेज विद्वानोंके छापे जाते थे वे उनके विशाल ज्ञान के परिचायक हैं।

अनेकवार उनसे हिन्दी साहित्यकी चर्चा होती। गुजराती साहित्य के संबन्ध में और हिन्दी साहित्यकी अनूठी बातें गुजराती भाषा में लिखने के लिए वे सदा प्रोत्साहित करते रहते। "क० दलपतराम डाह्याभाई," "गुजराती साहित्यके तीन अपूर्व न," "कनैयालाल मा० मुन्शी," "रमणलाल व० देसाई" आदि लेख जब हिन्दी में प्रकाशित हुए तो उन्होने गुजराती भाषा और लिपि में लिखने की आज्ञा दी। मैं युक्त-प्रान्तवासी कैसे शुद्ध भाषा लिख सकूंगा-यही सोचता था। परन्तु उन्हो ने इतना वात्सल्यभाव दिखलाया कि लेख लिख आने

पर स्वयं उसको उचित संशोधन करके अपने 'वसन्त' (ज्येष्ठ १९९१) में उसे स्थान दिया। उत्तर भारतीय गुजराती भाषाभाषी गुजरातकी साहित्यिक प्रवृत्तियों में विशेष रस लेवे–इस ओर उनका सदा ध्यान रहा है। उन्हीके अनुग्रह से मुझे और सहयोगी अध्यापक हरिराम दीक्षित को उनके आफ़िस से " वसन्त " पत्रिका निश्शुल्क मिलती रही।

पं. सीताराम चतुर्वेदी एम. ए. के आग्रह से "गुजराती साहित्य के तीन अपूर्व ध्रुव " तथा " मोतीलाल रविशंकर घोड़ा " शीर्षक लेख लिखे गए। श्री. हरिलाल हर्षद ध्रुव ओर केशव हर्षद ध्रुव के साथ अपना नाम देखकर वे यही कहते थे कि श्री. केशवभाई का जीवन धन्य है कि उनको अभी भी साहित्यसेवाका पूरा समय मिलता ह। उनको (आ० ध्रुव को) विश्वविद्यालय की झंझिरों से थोड़ा ही अवकाश मिलता था। यह बात उनको असर कर रही थी। उनकी इच्छा रही कि जब अवकाश ग्रहण कर गुजरात लौटूंगा तो अपना सब समय गुजराती साहित्यकी सेवा में लगाऊँगा और मातृभाषा के ऋण से मुक्त होनेका यत्न करूंगा।

उनको मैं ने चिन्तित बेचैन देखा था उस समय जब महात्मा गांधीजी ने अछूतों के लिए यरवाड़ा जेलमें अनशन किया था। आचार्य ध्रुव स्वयं कट्टर सनातन धर्मावलम्बी थे। वे नित्य सन्ध्या के उपरान्त देवपूजा भी करते रहै। परन्तु उनका मत उदार रहा। वास्तव में महात्मा गांधीजी के कथनानुसार वे प्राचीन और अर्वाचीन मतों के बीच सेतुरूप रहै। यरवाड़ा जेल में अछूतो के सम्बंध में जो विचारविनिमय हुआ था–उसके डा. ध्रुव स्वयं संयोजक रहै। उनकी लिखी "स्पर्श्यास्पर्श्यविचार " नाम्नी मीमांसा, प्रत्येक सनातन आर्यधर्म के अनुयायियोंके लिये संग्रहणीय है।

आचार्य ध्रुवजी में परस्पर विरोधी तत्त्वों के समन्वय की अनूठी शक्ति थी. इसीसे उनके विरोधी भी उनके मित्र बन जाते थे। और यही उनको सफलता का मुख्य रहस्य था। उनके शब्द नये तुले होते थे और जब कभी किसी विषय में अपना मत प्रकट करते तो प्रमाणों की धारा उनका अनुगमन करती थी। वे संस्कृत, अंग्रेजी और गुजराती भाषाओं के पण्डित थे–इतनाही नहीं–वे इतिहास, अर्थशास्त्र, दर्शनशास्त्र, वेदान्त, और हिन्दीभाषा के भी पूर्ण पण्डित थे। उनके गीताविषयक प्रवचन श्रोताओं को मुग्ध कर दिया करतेथे। उनके अनेक गीता–प्रवचन "सनातनधर्म" साप्ताहिक में प्रकाशित हुए हैं।

आचार्य ध्रुवने कभी अपने भारतीय वेष में परिवर्तन नहीं किया । उनके रहते अनेक गवर्नर, गवर्नर जनरल, यहां तक कि प्रिन्स ऑफ वेल्स तथा ड्यूक ऑफ कनाट आदि विश्वविद्यालय में आये परन्तु उनकी धोती ओर पगड़ी सदा उनके कटर आर्य होने का परिचय देती रही। काशी से संबन्ध होन के बाद उनकी समस्त भारत में विशिष्ट ख्याति हो गयी थी । इन्टर युनिवर्सिटीबोर्ड के वे सम्मानित कर्णधार रहे ।

हिन्दू विश्वविद्यालयने उनकी विद्वत्ता पर रीझकर उनको डी. लि्. की उपाधि से विभूषित किया था।

बनारस हिन्दू विश्वविद्यालय के निर्माता और पोषकों में जिनका नाम स्वर्णाक्षरों में लिखा जावैगा--उनमें आचार्य आनन्दशंकर ध्रुव अवश्य ऊंचा स्थान ग्रहण करैंगे।

उनके निधन से आन्तर्राष्ट्रीयख्यातिप्राप्त विद्वानरत्न का स्थान रिक्त हो गया है। परमात्मा उनको शान्ति देवे ।

द्विवेदी सांवलजी नागर [साहित्यभूषण]

सभासद् गुज० वर्ना० सोसायटी, अमदावाद, तथा नागरी
प्रचारिणी सभा, काशी, अध्यापक, सेन्ट्रल हिन्दू स्कूल

आचार्य ! आपका यह प्रयाण

पल पल प्रकाश का संजीवन ।
अरुणोदय की हँसती चितवन ।
मधुपों का यह गुंजन नर्तन ।
सब छोड़ चले अब किस वन में ?
जीवन प्रभात के इस क्षण में ।

सूना प्रभात सूना जीवन ।
सूने सोर जगती के मन ।
गुरुवर ! अब जीवन है बेमन ।
मनमें उठता यह संघर्षन ।
कैसे हो अब पथ का दर्शन ?

नवयुवक–कुसुम सुरभित होगे ।
उन्मत्त–विहग–कलरव होगे ।
पूरव–पश्चिम सुखमय होगे ।
पर कसक हाय–लगता है बाण ।
आचार्य ! आपका यह प्रयाण ॥

रचयिता–**बलदेवराम दीक्षित,** काशी

आचार्य-स्मृतिः ।

आनन्दकाननं रम्यं ज्ञानगन्धप्रसारकम् ॥
आनन्दमूर्तेर्देवस्य प्रियं विश्वेश्वरस्य च ॥ १ ॥
आनन्ददानशीलस्य विश्वनिःश्रेयसे सदा ॥
आनन्दशंकरो ह्यत्र बभूवाध्यापकोऽधिपः ॥ २ ॥
विमदो मोदयुक्तश्च मारमोहविवर्जितः ॥
प्रेरितो मोहनेनैव मारमोहनभारभृत् ॥ ३ ॥
आनन्दे शंकरे सौम्ये भागीरथ्यास्तटे स्थिते ॥
विश्वविद्यालये जातोऽध्यक्षो खे हि यथा ध्रुवः ॥ ४ ॥
चालयन्स्वगणान्सम्यक् स्वकर्मणि ह्यतन्द्रितः ॥
शमयंस्तेषु संभूतान्पारस्परिकविग्रहान् ॥ ५ ॥
प्रसादयंस्तान्वाण्यापि हितसत्यविशिष्टया ।
भृता चिरं धुरा गुर्वी मालवीयस्य धीमतः ॥ ६ ॥
प्राच्यप्रतीच्यविद्यासु परिशीलनधीपरः ॥
दर्शयन्गौरवं प्राच्यं प्रागल्भ्यं ज्ञानधर्मयोः ॥ ७ ॥
परंपरागतं धर्मं स्वकुलाचरणं मुदा ॥
परिसेवमानोऽरुचद् यथा ऋक्षगतो ध्रुवः ॥ ८ ॥
एवं प्रवर्तयंश्चक्रं विश्वविद्यालयात्मकम् ॥
लब्ध्वा श्रेयोगणान्दत्वा गीतासारं विधार्य च ॥ ९ ॥
कर्मण्यसंगं कृष्णोक्तं बापूभाईसुतो ध्रुवः ॥
प्राप्तकालो ध्रुव इव जहाराध्रुवसम्पदः ॥ १० ॥
द्वौ पुत्रौ कन्यके द्वे च तथान्यान्स्वजनान्बहून् ।
शिष्यांस्त्यजन्गुणोपेतान्ध्रुवो ध्रुवपदं गतः ॥ ११ ॥
इत्यस्मिन्नध्रुवे लोके ध्रुवस्मरणलिप्सया ॥
'हरिणा' स्मारितं ह्येतद्ध्रुवाङ्कस्थानवाञ्छया ॥ १२ ॥

हरिराम मणिराम दीक्षित बी. ए., ए. टी. सी.
अध्यापक-सेन्ट्रल हिन्दू स्कूल, काशी

पुस्तकालय
गुरुकुल कांगड़ी

आचार्य-स्मरणम् ।

आधारः सर्वविद्यानां बृहस्पतिरिवापरः ।
जयति सुधियां श्रेष्ठ आनन्दशङ्करो ध्रुवः ॥ १ ॥

श्रुति-स्मृति-पुराण-ज्ञो न्यायसिद्धान्तकोविदः ।
सांख्यविद्योगशास्त्रज्ञो वेदान्तेषु बहुश्रुतः ॥ २ ॥

मीमांसाशास्त्रनिष्णातश्चार्हतमतपारगः ।
सम्बुद्धागमवागीशः साहित्यैकधुरन्धरः ॥ ३ ॥

आनन्दशङ्करो विप्रो बापूभाईसुतः सुधीः ।
ध्रुववंशावतंसोऽयमाचार्यो विदितो भुवि ॥ ४ ॥

चारुचारित्र्यसंदीप्तो विद्यारत्नसमुज्ज्वलः ।
व्यवहारपटुर्धीमान् राजनीतिविशारदः ॥ ५ ॥

कविर्वाग्मी मनीषी च शान्तो दान्तो दृढव्रतः ।
विनेता देशिता चैव धार्मिको देशप्रेमिकः ॥ ६ ॥

विश्वविद्यालयस्यास्य कुलाधिपतिना स्वयम् ।
आध्यक्ष्ये स्थापितो मान्ये मालवीयमनस्विना ॥ ७ ॥

आजीवनं समभ्यस्ता निष्ठया विधिनाखिलाः ।
प्राचीना नूतना विद्याः प्राच्यपाश्चात्यदेशजाः ॥ ८ ॥

प्रायच्छदर्थिने सोऽयं विश्वविद्यालयः स्थितः ।
गिरा मधुरया तुष्यन्नानन्दशङ्करः कृती ॥ ९ ॥

पुण्ये वाराणसीधाम्नि श्रद्धया वसता चिरम् ।
विधिना चरितो धर्मः ऋषिप्रोक्तः सनातनः ॥ १० ॥

अभ्युदयं परं लब्ध्वा निःश्रेयसकृते कृती ।
विषयान्सकलांस्त्यक्त्वा मायया कल्पितांस्तदा ॥ ११ ॥

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।
इति मत्वा तथा ध्यात्वा शंकरः शङ्करोऽभवत् ॥ १२ ॥

आचार्यस्मरणं पुण्यं छात्रोपकृतये मया ।
तनोतु विदुषां मोदं कृतं सत्यांशुशर्मणा ॥ १३ ॥

सत्यांशुमोहन मुखोपाध्याय, एम. ए., एल. टी.
प्रोफेसर, टीचर्स ट्रेनिंग कॉलेज, काशी विश्वविद्यालय।